શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ ૬

પૂર : ૧૫,૧૬



શ્રીસ્વામિનારાયણ મંદિર - ગઢપુરધામ

INDEX





ભાગ-૬

(પૂર - ૧૫, ૧૬)

INDEX

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૧,અષાઢ સુદ.૧૫ ગુરુપૂર્ણિમા, ૩૧/૭/૨૦૧૫

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૫૦૦

પડતર કિંમત : ₹ ૧૬૦/-

ISBN : 978-93-83456-29-1



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઇન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

INDEX

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **છઠ્ઠા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.




ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી



શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

પ્રસ્તાવના

શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સદ્ગ્રંથ આપણા બંને લોક સુધારે છે. જીવન જીવતા પણ શીખવાડે છે અને મરતા પણ શીખવાડે છે.

ડ્રાઈવરો હંમેશાં રસ્તા સારા અને પહોળા હોય એવું ઈચ્છે છે. યાત્રિકો ઉતારા સારા અને મોટા મળે એવું ઈચ્છે છે. પરંતુ પરમેશ્વર આપણા દિલ સારા અને મન મોટા બને એવું ઈચ્છે છે.

સહુ પ્રત્યે કરુણા વહાવી શકીએ એવા મોટમના બનવાની સર્વોત્તમ સમજણ આ સાગર ગ્રંથની ચોપાઈઓમાં સમાયેલી છે. જેથી આપણે સહુને સમાવી શકીએ.

માટે જ કહી શકાય કે, જેમ ગાયોમાં કામધેનુ શ્રેષ્ઠ છે, નદીઓમાં ગંગાજી શ્રેષ્ઠ છે; તેમ સંપ્રદાયમાં સર્જાયેલા અનેક ગ્રંથો પૈકી **શ્રીહરિચરિત્રામૃતસાગર** પણ અતિ શ્રેષ્ઠ અને સર્વાંગી સદ્ગ્રંથ છે. જેમ સર્વે ઔષધિઓમાં સંજીવની શ્રેષ્ઠ છે અને તેમાં મરેલાને પણ જીવતા કરવાની શક્તિ છે, તેમ આ ગ્રંથમાં પણ વિષય, વાસના અને વિકારથી નિર્જીવ થયેલા જીવાત્માઓને ચેતનવંતા બનાવવાની અમોઘ શક્તિ સમાયેલી છે.

આ ગ્રંથમાં આવતા પ્રસંગે-પ્રસંગે શ્રીહરિએ કહેલા ઉપદેશ વાક્યો અમૃતથી પણ અધિકા છે. આવો શ્રેષ્ઠ ગ્રંથ મહામુક્ત સદ્. શ્રીઆધારાનંદસ્વામી કેમ રચી શક્યા હશે ? આનો ઉત્તર આપતા ખુદ સ્વામી જ આ ભાગના '૧૬' મા પૂરના પ્રારંભમાં કહે છે...

હે ધર્મકુમાર શ્રીહરિ ! આ વખતે જે આપે ચરિત્રો કર્યાં છે, તેને હું આપની સહાયતાથી જ લખું છું. આપનાં ચરિત્રો કહેવા-લખવામાં આપ જ મને નવી ને નવી શ્રદ્ધા આપો છો. હું જ્યારે વિચારીને જોઉં છું ત્યારે મને એમ જણાય છે કે, આ આપનો જ પ્રતાપ છે. હવે હું આપની મૂર્તિ ઉરમાં ધારીને સોળમાં પૂરને લખવાનો આરંભ કરું છું, તો આપ જ મારા હૃદયમાં નિવાસ કરીને રહો. જ્યાં આપ નિવાસ કરો છો ત્યાં બધી જાતનાં મંગળ રહે છે, અમંગળનો નાશ થાય છે અને બધાં વિઘ્નોનો પણ નાશ થાય છે.

આ રીતે જે ગ્રંથ રચનામાં સ્વયં ભગવાન જ સહાય કરતા હોય, નવી શ્રદ્ધા આપતા હોય અને કર્તા બનીને ક્રિયા કરતા હોય તે ગ્રંથ અતિ અદ્ભુત, અનુપમ અને અનેકનો તારણહાર બને તે સહજ સ્વભાવિક છે. આવા સદ્ગ્રંથનું પઠન-પાઠન, શ્રવણ, મનન કરી આપણે જીવન જીવવાની સાચી કળા શીખીએ.

આ છઠ્ઠા ભાગમાં પૂર ૧૫ અને ૧૬ નો સમાવેશ કરેલો છે. એનો સંશોધિત ગુજરાતી અનુવાદનો વિશેષતઃ લાભ લઈ આપણા જીવનને ધન્યભાગી બનાવીએ. એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી પ્રાણજીવનદાસના
ભાવભીના જય સ્વામિનારાયણ



INDEX

ગ્રંથસાર

સ્થાવર જંગમ, ચેતન-અચેતન વસ્તુ પદાર્થમાત્રના અંતર્યામી, શાસ્તા, પ્રેરક, પ્રવર્તક અને સર્વ કર્મના ફળપ્રદાતા, આવા પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રીહરિ લીલામાત્રમાં જ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરે છે. તેમજ તેને ઉત્પન્ન કર્યા પછી તેઓ તેમાં નિયામકપણે અનુપ્રવેશ કરીને રહ્યા છે. વળી, જ્યારે વિશેષ જરૂર જણાય છે ત્યારે **'यदा यदा हि धर्मस्य..। तदात्मानं सृजाम्यहं॥'** આવા ગીતાના વાક્ય પ્રમાણે તે ભગવાન પુરુષોત્તમ લીલા કરવા અને અધમોનો ઉદ્ધાર કરવા મનુષ્યરૂપે પ્રગટ થાય છે. તેવો સમગ્ર શાસ્ત્રોનો સિદ્ધાંત છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ તે સિદ્ધાંત પ્રમાણે આ ભૂમિ ઉપર પકટ્યા હતા. તેમણે અદ્‌ભુત મનુષ્યલીલાઓ કરીને અનેક મુમુક્ષુઓનો ઉદ્ધાર કર્યો છે. તેમજ બીજા પણ અસંખ્ય અધમ જીવોનો ઉદ્ધાર કરીને શરણાગત પ્રતિપાલક, અધમોદ્ધારક તથા પતિતજનપાવન એવા પોતાના સદ્‌ગુણોને પ્રસિદ્ધ, સાર્થક કર્યા છે. તે શ્રીહરિની દિવ્યલીલાઓની સાથે અદ્‌ભુત મનુષ્યલીલાઓને સદ્‌ગુરુ શ્રીસિદ્ધાનંદસ્વામી(આધારાનંદસ્વામી) એ પોતાના અનુપમ અને સર્વોત્તમ શ્રીહરિચરિત્રામૃતસાગર નામે શ્રીહરિનાં વિશાળ ચરિત્ર કાવ્યમાં લખ્યાં છે. તેને આપ સહુ શ્રીહરિના પ્યારા સંતો તથા હરિભક્તો ઘણા જ શ્રદ્ધાપૂર્ણ આદરભાવથી વાંચો છો, સાંભળો છો. ખરેખર, શ્રીહરિનાં ચરિત્રોનું ચિંતન, ધ્યાન, સ્મરણ જીવનાં કલ્યાણ માટેનું સર્વોત્તમ સાધન છે. શ્રીહરિચરિત્રામૃતસાગરનો આ છઠ્ઠો ભાગ(પૂર ૧૫, ૧૬) સમસ્ત સત્સંગ સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યો છે.

પંદરમા પૂરમાં તવરાના મેળાના દિવસોમાં શ્રીહરિ ગઢપુરમાં હતા. તે પછી કાઠી દરબારોને સાથે લઈને કરિયાણા અને ગોંડળ તથા સોરઠ તરફ થઈને પાછા હાલારમાં મોડા તથા કાલાવડ ગામ પધાર્યા છે. ઓગણોતેરા કાળની પૂર્વ સૂચનાના રૂપમાં હરિભક્તોને પશુ ઓછા રાખવાની ભલામણ કરતા હતા. કાલાવડના જાદવજી ખત્રીએ રંગીને આપેલો રેંટો સ્વીકારીને તેને રાજી કર્યા. ઝાલાવાડના હરિભક્તોને દર્શન અને સેવાનું સુખ આપતાં શ્રીહરિ હળવદ ગયા. ત્યાં સહુને સત્સંગનો મહિમા કહ્યો. પછી તે પ્રદેશમાં ફરતા શ્રીહરિએ આવનારા દુષ્કાળના ચિહ્નોને મનુષ્યભાવે જોયા. પછી શ્રીહરિ વઢવાણ, લીંબલી આવ્યા. રૂડા સિંધવના ખેતરમાં વરસાદ કર્યો. પછી ભક્તોના ગામોમાં વિચરતા પ્રભુ નાગડકા અને બોટાદ થઈને ગઢપુર આવ્યા. તે સમયના ઓગણોતેરા દુષ્કાળની ભીષણતા કહીને દુષ્કાળમાં જીવા ખાચરને આશ્વાસન આપીને શ્રીહરિએ તેમની લાજ રાખી. ગંગાધર શાસ્ત્રી દ્વારા એભલ ખાચરનું ગરાસ અંગેનું દુઃખ ટાળ્યું. મહાપ્રભુ પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં તેમણે ચિત્તભ્રમ થઈ ગયેલા રતા બશિયાની સાથે ભાઈબંધીની લીલા કરી છે.

'જ્યાં સુધી નિષ્કપટપણું રહેશે ત્યાં સુધી સત્સંગની શુદ્ધિ રહેશે.' એમ કહીને ઘણી સારી વાતો કહી છે. તેમજ અલૈયા ખાચર આગળ છક વગરની નમ્રતાને વખાણી છે. પછી શ્રીહરિ ઝીંઝાવદર, કારિયાણી થઈને કુંડળ પધાર્યા છે. ત્યાં શ્રીહરિના એકાંતિક આશ્રિત રાયબાએ શ્રીહરિની પ્રાર્થના કરીને સંતોના 'ખટરસ ત્યાગ'ના નિયમોને છોડાવ્યા છે. પછી શ્રીહરિએ ગીતાનું રહસ્ય કહીને સંતોને મિષ્ટાન્ન જમાડ્યું. અને શ્રીહરિ ગઢપુરમાં રહ્યા, ફૂલદોલનો ઉત્સવ કર્યો. 'અન્યના દોષ દેખાય તે જ માયા છે.' એમ કહીને જીવા ખાચરે શ્રીહરિની વિવેકભરી પ્રાર્થના કરી છે. પછી શ્રીહરિએ એભલ ખાચર અને જીવા ખાચર બંનેના દરબારગઢમાં રંગક્રીડા કરીને ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું. તેમજ ઉન્મત્તગંગાનો મહિમા

કહ્યો છે. સાંજે ધૂન બોલીને ભગવાનનાં નામનો મહિમા કહ્યો. ફૂલદોલના ઉત્સવ પછી સંતોને ફરવા મોકલતી વખતે મુમુક્ષુઓને જે ઉપદેશ કરવાનો હોય છે, તેની રીત શીખવી. પછી ગઢપુરમાં રહીને ગીતા અને ભાગવત આદિ પુરાણોને સાંભળ્યા છે.

પછી દૂર ઝાડીમાં ગયેલા સંતોની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ વરસાદ કરાવ્યો. ઝાડીમાંથી સંતો વડોદરા આવ્યા અને વિશ્વામિત્રીના પુલ ઉપર રહ્યા. આસુરી વેરાગીઓએ ઉપદ્રવ કરીને સંતોના વિરુદ્ધ ફરિયાદ કરી. પછી અંગ્રેજ અધિકારીએ તપાસ કરીને વેરાગીને દોષિત કહ્યા અને સંતોના શુભ વર્તનને જોઈને તે ખુશી થયા. તેમજ તેમનો પક્ષ રાખ્યો. પછી અતિવૃષ્ટિથી ઘેલા નદીમાં પૂર આવ્યું ત્યારે જીવા ખાચરની પ્રાર્થનાથી શ્રીહરિએ નદીનું પૂર ઊતાર્યું. પછી સંતો સત્સંગનો પ્રચાર કરવા ગયા. તેમાં સ્વરૂપાનંદસ્વામી જગન્નાથપુરી ગયા તથા નિર્માનાનંદસ્વામી પૂના ગયા. બાપુ ગોખલેની વિચક્ષણતા તથા તેનો શ્રીહરિના ઉપર લખેલો પત્ર કહ્યો છે.

તે પછી શ્રીહરિએ **જાળિયામાં મંદવાડ** ગ્રહણ કર્યો, તે લીલા કહી છે. ત્યારબાદ ગઢપુરના દરબાર એલભ ખાચર અક્ષરવાસી થયાની વિગત સ્વામીએ ઘણી સરસ લખી છે. શ્રીહરિએ દાદા ખાચરની પાસે તેમના પિતાનું કારજ કરાવ્યું છે. વળી, શ્રીહરિએ માંડવધારમાં ગોવાળિયા કાઠીઓને કાઢી મૂકીને હરિભક્ત કણબીને વસાવ્યા. આ અરસામાં શ્રીહરિએ માણકી વછેરી ખરીદી. પછી પોતે વડતાલમાં ફૂલદોલ નિમિત્તે રંગોત્સવ કરવા પધાર્યા. અને ચરોતરની પ્રશંસા કરી. પછી શ્રીહરિ ગઢપુર પધાર્યા અને સ્ત્રી-પુરુષના નિકટના સહવાસને સભામાં અધઃપતનનું કારણ કહ્યું.

તે પછી સ્વરૂપાનંદસ્વામીની માંદગી અને શ્રીહરિનાં સ્વરૂપ સંબંધનો મહિમા કહ્યો છે. પછી શ્રીહરિ વડતાલ પધાર્યા છે અને ત્યાં સંતોના બે પક્ષ

કરીને **'ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય છે'** એવી પરસ્પર ચર્ચા કરાવી. સત્સંગમાં વિચરતા શ્રીહરિ ડાકોર વગેરે ગામોમાં થઈને મોટેરા આવ્યા. ત્યાંથી ઉત્તર ગુજરાતના ગામોમાં વિચરતા શ્રીહરિ કરજીસણ આવ્યા. ત્યાં જન્માષ્ટમી કરીને શ્રીહરિ જેતલપુર પધાર્યા. ત્યાં સહુને દર્શન અને સેવા વગેરેનું સુખ આપીને શ્રીહરિ ફરતાં ફરતાં બોટાદ આવ્યા. ત્યાંથી શ્રીહરિ ગઢપુર આવ્યા અને ભેખધારીઓની ખામી બતાવી. ગઢપુરમાં મુકતમુનિના અસંતોષ પ્રસંગે **શ્રીહરિનાં ચરિત્રોનું ગૌરવ** અને **ભાવનાની સ્થિતિ** કહી. પછી શ્રીહરિએ ત્યાં પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય કહ્યો. પછી સંતોને પ્રેમથી જમાડ્યા અને ખરી સમજણ કહી. કપિલાછઠ્ઠ નિમિત્તે સંતોને શ્રીહરિએ રમાડ્યા, જમાડ્યા અને ફરવા મોકલ્યા.

ભક્તોનાં કલ્યાણ માટે વિચરણ કરતાં શ્રીહરિ ગઢપુરથી નીકળીને અનુક્રમે મોરજ ગામ આવ્યા. ત્યાંથી ફરતાં ફરતાં વડતાલ આવ્યા અને ત્યાં દિવાળીનો ઉત્સવ કર્યો. વડતાલમાં ભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની આગળ નૃત્ય કર્યું. વડતાલમાં નાના સંતો પાસે પ્રશ્નોત્તર કરાવ્યા. એક દિવસ બામરોલી તખા પગીને ત્યાં પધાર્યા અને લીલા કરી. બુદ્ધિની શુદ્ધિ કરાવનારા સત્સંગનું ગૌરવ કહ્યું. વડતાલથી શ્રીહરિ ગઢપુર આવ્યા અને ત્યાં રહીને જ વસંતોત્સવ કર્યો. શ્રીહરિ આ વખતે વડતાલથી ગઢપુર આવ્યા ત્યારે ડભાણના જગન્નાથ વિપ્ર(શુકમુનિ) ને પત્ર વગેરે લખવા પોતાની સાથે કાયમ રાખ્યા. એક પત્રમાં તો ભાઈ રામદાસજીસ્વામી આદિ ઘણા જ વર્ણી, સંતો, સંન્યાસી(પરમહંસો)ના નામ લખ્યાં અને તેમને મરીચ્યાદિ ઋષિઓનાં રૂપમાં જણાવ્યા છે. પછી તરંગ ૭૩થી લગભગ આ પંદરમું પૂર પુરું થાય ત્યાં સુધી ૨૮ તરંગોમાં વિવિધ પ્રકારનાં પત્રો લખાવ્યાં છે. અને બધા પત્રોમાં વિવિધ પ્રકારનાં ધર્મ, જ્ઞાન, યોગ, ભકિત આદિના રહસ્યરૂપ સિદ્ધાંત, અનેક કલ્યાણકારી વિષયોનું નિરૂપણ કર્યું છે. તેમજ યમયાતનાનું ઘણું જ વિસ્તૃત વર્ણન

લખાવ્યું છે, તે એટલી બધી બાબતોનું વિશ્લેષણ કર્યું છે કે, આગળ ગ્રંથ વાંચો ત્યારે જ સંતોષ થાય તેમ છે. આ રીતે આ ગ્રંથના **પંદરમા પૂરના ૧૦૧ તરંગ** પૂરા થાય છે.

તે પછી **સોળમા પૂરમાં** મંગલાચરણ પછી ગઢપુરમાં હુતાશનીનો ઉત્સવ કરવાનો નિર્ણય કરીને તેની પૂર્વ તૈયારી કરી સંતો અને હરિભક્તોને પત્ર લખ્યા. ખૂબ જ ઉત્સાહપૂર્વક બંને દરબારગઢમાં શ્રીહરિ રંગ અને ગુલાલથી રમ્યા. પછી સંતોને જમાડ્યા, સહુને વળાવ્યા અને સંતોને ભેટ્યા. ચરોતર-ગુજરાતના હરિભક્તોના સંઘને વળાવવા અને તેમની રક્ષા કરવા ભાલ સુધી ગયા. **ખરડમાં તળાવને કાંઠે ચારસો સંતોને ત્રણ મણ ખીચડીમાં આઠ નવ મણ ઘી પીરસીને પ્રેમથી જમાડ્યા**. પછી ત્યાંથી શ્રીહરિ પાછા વળ્યા. ગઢપુર આવતાં રસ્તામાં સુંદરિયાણા ગામ આવ્યા. ત્યાંના હેમરાજશા શેઠના પરિવારના સત્સંગની દૃઢતા કહી અને તેમની નાતનો દ્વેષ પણ કહ્યો છે. ત્યાંથી સારીંગપુરમાં રંગપંચમી કરી, બોટાદ થઈને નાગડકા આવ્યા અને ત્યાંથી પછી ગઢપુર આવ્યા અને ત્યાં રહ્યા. દાદા ખાચરના દરબારમાં રહીને રોજ પુરાણોની કથા કરાવતા હતા. તેમાં દરબાર જીવા ખાચરે શ્રીહરિની પ્રાર્થના કરીને પછી પોતાની સમજણ તથા શ્રીહરિનું પુરુષોત્તમપણું કહ્યું છે.

શ્રીહરિએ ગઢપુરમાં સભામાં આત્યંતિક પ્રલય પછી જે સૃષ્ટિ થાય છે, તેની ઘણા જ વિસ્તારથી વિગતવાર વાત કહી છે. પ્રાકૃત અને વૈકૃત સર્ગ, અવતારો, ભાગવતના વિવિધ પ્રશ્નો અને તેના ઉત્તર પણ કહ્યા. તે પછી વૃંદાવનમાં ગયેલા સુખાનંદસ્વામીને મળેલા જે એક બંગાળી ધનાઢ્ય કાયસ્થ ભક્ત લાલાબાબુ હતા, તેની ઘણી સારી વાત કહી છે. અને તે પ્રસંગે સુખાનંદસ્વામીના અક્ષરવાસ પછી શેઠે મોકલેલું અત્તર લઈને સ્વામીના ભત્રીજાઓ વડતાલ આવ્યા અને તે અત્તર આપ્યું, ત્યારે શ્રીહરિએ તે અત્તર સંતોની નાસિકા ઉપર ચરચીને કહ્યું કે, 'હવે તમારી

લાજ-આબરૂ વધી છે.' મુક્તાનંદસ્વામીના મસ્તક ઉપર કેવડાંની ટોપી પહેરાવીને શ્રીહરિએ ઘણો જ રાજીપો દર્શાવ્યો છે.

શ્રીહરિએ તે સમયે વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી કર્યો અને પછી ગઢપુર આવીને રહ્યા. પછી અદ્‌ભુત લીલા કરનારા લીલારસિક શ્રીહરિ અચાનક ઉદાસ થઈને જેતલપુર ચાલ્યા આવ્યા. પાછળથી દાદા ખાચરની માતા સુરબાઈ અને જીવુબા તથા કેટલાક દરબારો શ્રીહરિને ઉદાસ થયા જાણીને જેતલપુર આવ્યા. ઘણી પ્રાર્થના કરીને મનનો ખેદ જણાવ્યો. ત્યારે શ્રીહરિએ રાજી થઈને ગઢપુર આવવાનું સ્વીકાર્યું. પછી ગઢપુર આવ્યા ત્યારે ઘણા સંતો અને હરિભક્તોએ શ્રીહરિની ઉદાસીનતા અંગે થયેલું દુઃખ વ્યકત કર્યું. ભાઈ રામદાસજીએ શ્રીહરિને લાગણીભર્યા વાસ્તવિક શબ્દ કહ્યા. ત્યારે શ્રીહરિની ઉદાસીનતા ટળી અને શ્રીહરિ પ્રસન્ન થયા. ઉદાસીનતા ટળી તેથી સહુ રાજી થયા.

પછી શ્રીહરિ સંતોને સાથે લઈને ડભાણ થઈને વડતાલ આવ્યા અને ત્યાં **ધરમપુરના રાણી કુશળકુંવરબાઈનો પત્ર** ધરમપુર તેડાવવા બાબતનો આવ્યો, તેથી શ્રીહરિ ધરમપુર જવા નીકળ્યા. રાણીની ઈચ્છા મુજબ બધા સંતો, ઘણા હરિભક્તો અને જીવુબા આદિ ત્યાગી બાઈઓને પણ ત્યાં આવવાનું કહ્યું હતું. તેથી સહુ ધરમપુર જવા નીકળ્યા. કેટલાક તો ભાવનગર અને તળાજાથી સમુદ્રમાર્ગે નવસારી થઈને ધરમપુર જવા નીકળ્યા. ઘણા ગામોમાં રોકાતાં રોકાતાં શ્રીહરિ સુરત-ઉધના ગયા. અને ત્યાંથી ચીખલી થઈને જંગલને માર્ગે ધરમપુર પહોંચ્યા. ઘણા મોટા સંતો અને હરિભક્તો સાથે હતા. ત્યાંના રાજા વિજયદેવે શ્રીહરિનું સામૈયું કર્યું. હાથીની અંબાડીમાં બેસાડીને રાજમહેલમાં ઊતારો આપ્યો. રાણી કુશળકુંવરબાઈ વાંસદા ગયા હતા, ત્યાંથી ઉતાવળા આવ્યા. શ્રીહરિ ત્યાં **એક માસ** સુધી રોકાયા. રાણીએ ઘણા જ ભકિતભાવથી શ્રીહરિની સેવા કરી.

શ્રીહરિ અઠવાડિયે એકવાર હાથી ઉપર બેસીને સવારી સાથે હનુમાનજીનાં દર્શન કરવાં જતાં હતાં. ત્યાં સુંદર જરિયાની મુકુટ પણ ધારણ કર્યો હતો. શ્રીહરિએ રાજગાયકોનું અને સંતોનું ગાન સાંભળ્યું. વચ્ચે ત્રણ દિવસ વાંસદા ગયા. ત્યાંના રાજા રાયસિંહજીએ શ્રીહરિને ખૂબ જ માન્યા, પૂજ્યા અને જમાડ્યા. તેમનો ભક્તિભાવ જોઈને શ્રીહરિએ ચરણારવિંદ છાપી દીધાં. શ્રીહરિ પછી પાછા ધરમપુર આવ્યા. રાણીએ પોતાનું રાજ્ય શ્રીહરિને અર્પણ કરવાનું વિચાર્યું હતું. તે જાણીને શ્રીહરિ નારાજ થઈ ગયા. પછી રાણીએ માફી માગી. શ્રીહરિએ તેમને નિર્મળ અને એકાગ્રમનથી ધ્યાન કરવાનું શીખવ્યું. ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો. રાજાની પ્રાર્થનાથી આદિવાસી પ્રજાનું કલ્યાણ કરવાનું શ્રીહરિએ તેમને વચન આપ્યું. શ્રીહરિએ રાજાને વ્રતમાન-નિયમોની ભલામણ કરીને ત્યાંથી વિદાય લીધી. જે રસ્તે ગયા હતા તે રસ્તે જ પાછા આવ્યા.

આગળ ચાલતા નર્મદા અને મહી નદીને ઊતરીને બામણગામ આવ્યા. ત્યાંથી વડતાલ આવ્યા. વડતાલથી ગોરાડ, પીપળી અને ગાંફ થઈને કુંડળ આવ્યા. કુંડળમાં બધા કાઠી દરબારો ભેળા મળીને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તે દિવસોમાં શ્રીહરિ પોતે જે ધરમપુર જઈ આવ્યા હતા, તેની બધી વાતો કહેતા હતા. રાણીની ઊંચી ભક્તિભાવના અને ત્યાંનું રાજ્ય, પોતાની જે સેવા કરી, તેવી બધી ઘણી જ વાતો કહેતા હતા. શ્રીહરિ કુંડળથી કારિયાણી આવ્યા. ત્યાંથી ઝીંઝાવદર આવ્યા. ત્યાં શ્રીહરિ અને બધા કાઠી દરબારોએ પરસ્પર નિશ્છળપણે વાતો કરી. પછી શ્રીહરિ ત્યાંથી ગઢપુર જવા નીકળ્યા અને રસ્તામાં ઉગામેડીમાં રોકાયા. ત્યાંથી શ્રીહરિ ગઢપુર પધાર્યા અને સહુ ભક્તોએ શ્રીહરિનું સામૈયું કર્યું.

ગઢપુરમાં રહેલા શ્રીહરિ પોતાના સિદ્ધાંતની તથા નિર્માનીપણા વગેરેની વાતો કરતા. ગુજરાતમાં અંગ્રેજી શાસન જેમ જેમ થવા લાગ્યું

તેમ તેમ શ્રીહરિ પ્રસંગે પ્રસંગે અંગ્રેજોની નીતિની ઘણી જ પ્રશંસા કરતા. અને તેની શાસનપદ્ધતિ તથા રહેણી-કહેણીનાં પણ ઘણા જ વખાણ કરતાં હતાં. શ્રીહરિએ સભામાં **સાચી સમજણને સુદર્શનચક્ર** ગણાવ્યું હતું. પછી વડતાલના હરિભક્તો પત્ર લઈને આવવાથી શ્રીહરિ વડતાલમાં ફૂલદોલનો ઉત્સવ કરવા ગયા. સંતોને તથા બધા હરિભક્તોને તેડાવ્યા. સમૈયાની ઘણી તૈયારી કરાવી. ત્યાં સંતો અને હરિભક્તો પુષ્કળ આવ્યા. શ્રીહરિ ગઢપુરથી ભાલ બારામાં થઈને પીપળાવ આવ્યા. ભક્તોએ ઘણી સેવા કરી. વડતાલના ભક્તો સામે આવ્યા. ધામધૂમથી વડતાલમાં પધાર્યા. સહુને બ્રહ્મભાવે ભગવાનની ભક્તિ કરવાની રહસ્યમય વાત સમજાવી. શ્રીહરિએ **'સંતોને ભેટવું, પીરસવું** અને **ભક્તોને અંતકાળે તેડવા જવું'** તેવા પોતાના ત્રણ નિયમ પ્રસિદ્ધ કર્યા. વડતાલ ગામથી પૂર્વમાં આંબલે સભા કરતા હતા. સહુને દાસભાવની ભક્તિ કરવાનું કહેતા અને ઉત્સવમાં આવેલા ભક્તોની ચોકી કરવાનું કામ બધા મુખ્ય મુખ્ય પગીઓને સોંપ્યું.

સમૈયો ઘણો જ અદ્ભુત થયો. હરિભક્તોએ અપૂર્વ ઉત્સાહથી શ્રીહરિની પૂજા કરી. નિષ્કુળાનંદસ્વામીએ બાર બારણાઓનો અદ્ભુત હિંડોળો બનાવ્યો. અને તેના ઉપર બેસીને, ઊભા રહીને શ્રીહરિ ઝૂલ્યા. ભક્તોએ અદ્ભુત મૂર્તિનાં દર્શન કર્યાં. ભક્તોનો ઉત્સાહ, સદ્ભાવ, શોભા અને પૂજન વગેરે કોઈએ ક્યારેય દેખ્યું ન હોય તેવું અદ્ભુત થયું હતું. સહુ સંત-હરિભક્તોએ પૂજા કરી, સંતોને સેવ જમાડી. પછી શામળ શાહના જેવો વેષ રચીને જીવોના બધા કર્મના ખાતા બંધ કર્યા હોય, તેવા નટવર શ્રીહરિએ સંત-હરિભક્તોની સાથે દિવ્ય રંગક્રીડા કરી. શ્રીહરિએ સત્સંગનું મહત્ત્વ કહીને ઉપદેશ કરવાની રીત સંતોને શીખવી. વળી, ધીરજ, મનન અને નીતિપ્રધાન વર્તનનું મહત્ત્વ સમજાવ્યું. આ રીતે વડતાલના ફૂલદોલના અપૂર્વ ઉત્સવની ઉજ્જવળ વાત કહેતા **સોળમા પૂરના ૭૦ તરંગની** વાત

પૂરી થાય છે. અહીં તો આ બધી વાત સંક્ષેપથી કહી છે. વિશેષ વિગત તો આપ સહુ ગ્રંથ વાંચશો ત્યારે આપને સમજાશે.

સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીએ રચેલા આ ગ્રંથના ગુજરાતી અનુવાદને આપણા સંપૂર્ણ સત્સંગમાં ત્યાગી, ગૃહી સમસ્ત શ્રીહરિના પ્યારા ભક્તો તરફથી ઘણો જ આદરભાવપૂર્ણ આવકાર મળ્યો છે, તે પ્રત્યક્ષ અનુભવાય છે. તે સહુની સત્સંગ અને શ્રીહરિના પ્રત્યે રહેલી શ્રદ્ધાપૂર્ણ લાગણીને આભારી છે.

શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર ગાંધીનગરના પ્રમુખ પૂ. શા.શ્રીહરિપ્રકાશસ્વામીનો અનુપમ ઉત્સાહ, કાર્યશક્તિ અને સૂઝબૂઝને લીધે જ આવા વિરાટકાય ગ્રંથનું વ્યવસ્થિત પ્રકાશનકાર્ય શરૂ થયું છે, એટલે પ્રકાશનના નિર્મળ યશના ભાગીદાર ઉપર્યુક્ત પૂ.શાસ્ત્રી સ્વામી જ છે.

વળી, આ ગ્રંથને સત્સંગમાં વધારેમાં વધારે પ્રસિદ્ધ કરવામાં અને તેનો પ્રચાર કરવામાં પૂજ્યપાદ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીજી(કુંડળધામ)નો પ્રયત્ન મન, કર્મ, વચનથી સહુથી વિશેષ રહ્યો છે. છેલ્લા થોડા મહિનાથી મારું સ્વાસ્થ્ય કથળ્યું છે, તેથી અનુવાદ લખવામાં થોડી મુશ્કેલી ઊભી થઈ હતી, પણ ઉપર્યુક્ત પૂજ્યપાદ સ્વામીજીને જાણ થતાં તેમણે મને પ્રબળ આશ્વાસન સાથે કુંડળ બોલાવી લીધો છે. અને આ ગ્રંથના ભાગ ૧ થી ૫ સુધીમાં જે કામ કર્યું તેના કરતાં બમણી ત્વરિત ગતિથી અનુવાદકાર્ય શરૂ રહ્યું છે. બે મહિને જે કામ કદાચ ન થઈ શકે તેટલું કામ છેલ્લા એક માસમાં થયું છે. અને તે કામ પ્રસ્તુતગ્રંથનો આ છઠ્ઠો ભાગ છે. તે આ ગ્રંથ તૈયાર કરવામાં પૂજ્યપાદ સ્વામીજીના બુદ્ધિમાન, કાર્યકુશળ, ઉત્સાહી અને નિર્માની એવા સંતો, પાર્ષદો અને મુમુક્ષુ શિષ્યોએ અથાગ પરિશ્રમ કરીને કોમ્પ્યુટર દ્વારા ઘણું વ્યવસ્થિત સુંદર કામ કર્યું છે. એટલે પૂજ્યપાદ સ્વામીજી અને તેમના શિષ્યમંડળનો હું અધિકાધિક આભાર માનું છું.

ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને મારા ગુરુજનોના અનવધિક શુભાશીર્વાદથી જ આવા અપ્રતિમ ગ્રંથનું સંપાદનકાર્ય તથા અનુવાદકાર્ય હું કરી રહ્યો છું, તેને દરિયાવ દિલના આપ સહુ સંતો તથા હરિભક્તો જાણો છો. તેથી અનુવાદમાં ક્યાંય ક્ષતિ રહી ગઈ હોય તો હંસના નીર-ક્ષીર ન્યાયે મને ક્ષમા આપજો.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ




INDEX

અનુક્રમણિકા

પૂર-૧૫

પૂર-૧૬

INDEX



आज्ञा
उपासना
कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा
श्रीस्वामिनारायण मंदिर
कुंडलधाम



મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત
શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુક્રમણિકા

પૂર - ૧૫

પૂર - ૧૬



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૫

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર પંદરમું : તરંગ - ૧

શ્રીહરિ ગઢપુરથી ગોંડલ પધાર્યા

दोहा : श्रीसहजानंद स्वामी हि, अक्षरपति अविनाश;
श्रीभक्तिधर्म के लाल ही, मम उर करहु निवास...०१

तुमारे अनुग्रह करीके, तुमारे चरित्र अनूप;
सार सार में लिखत हुँ, मन करीके तद्रूप...०२

चित्त बुद्धि अहंकार ही, चरित्र लिखत हे जब;
हो जावत तद्रूप ही, ईत उत जात न तब...०३

एक एक अक्षर प्रती, नई नई श्रद्धा देत;
आयुष्य नये देत हो, विघ्न आवत हर लेत...०४

જે અક્ષરધામના અધિપતિ, અવિનાશી તથા ભક્તિ અને ધર્મના પુત્ર છે તે શ્રીસહજાનંદસ્વામી મારા હૃદયમાં નિવાસ કરો. ૧. આપના અનુગ્રહથી જ આપના અનુપમ ચરિત્રમાં મનને તદાકારે કરીને સાર સાર રૂપમાં હું લખું છું. ૨. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંતઃકરણ ચરિત્ર લખતી વખતે તદાકાર થઈ જાય છે. અને તે વખતે તે અંતઃકરણ

આમતેમ જાતા નથી. ૩. ચરિત્રના લખાતા એક એક અક્ષરમાં આપ નવી નવી શ્રદ્ધા આપો છો, નવું જીવન આપો છો અને આવતા વિઘ્નોનું નિવારણ કરો છો. ૪. આપ જ મારા લેખનકાર્યની રક્ષા કરવા માટે અને વિઘ્નના નિવારણ માટે ગણપતિજી અને હનુમાનજીને દિનરાત મારી પાસે રાખો છો. ૫. શ્વાસ અને ઉચ્છ્‌વાસની વચ્ચે જીવન રહ્યું છે; તેને ગદા તથા ચક્રને ધારણ કરી રહેલા આપ પ્રભુ વિઘ્નોથી બચાવી લો છો. ૬. આપના સંપૂર્ણ ચરિત્રોને લખાવવા તે આપના હાથમાં છે. તેમાં મારું કાંઈ ચાલતું નથી. આપ જેમ ચાહો તેમ કરો. ૭.

આપની જેટલી મરજી હશે તેટલું જ જીવથી બની શકે છે. અપાર બાબત હોવા છતાં આપની મરજીથી અધિક તલ જેટલું પણ બની શક્તું નથી. ૮. હે હરિ ! આપની વાતો જેટલી કાનથી સંભળાય છે તે જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીથી બચાવી લે છે. ૯. જે નરનારીઓ આપના ચરિત્રોને સાંભળે છે તેને ભવભટકણ આવતું નથી. આપ તથા આપના સંતોના યોગથી પશુ, પંખી, વૃક્ષ ઇત્યાદિ અને ભૂત-પ્રેત આદિ અગણિત જીવોનો ભવસંકટરૂપી રોગ ટળી જાય છે; તેવી આપના ચરિત્રની વાત છે. તેને કહેતા તથા સાંભળતા તૃપ્તિ થાતી નથી. ૧૦-૧૧. હે હરિ ! આપના ચરિત્રની વાત સિવાય બીજી પાતાળથી લઈને પ્રકૃત્તિપુરુષના લોક સુધીની વાતો જીવને સંસૃતિ કરાવનારી છે. ૧૨.

વિક્રમ સંવત્ ઓગણીસો ઓગણીસના કાર્તિક સુદિ લાભપાંચમને દિવસ આ પંદરમા પૂરનો પ્રારંભ કરું છું. તેમાં મુક્તાનંદસ્વામીના પ્રત્યે અત્યંત સર્વોચ્ચ શ્રીહરિનાં રસરૂપ ચરિત્રો અંગે પ્રશ્ન થયો જે, જે મનુષ્ય એ ચરિત્રને સાંભળે છે તે સંસારરૂપી સાગરને તરી જાય છે. ૧૩-૧૪. તેથી વિચક્ષણ આચાર્યવર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજે દરબાર દાદાખાચરને સાથે રાખીને મુક્તાનંદસ્વામીને પ્રસન્ન મુખથી પૂછ્યું, ૧૫. હે મુક્તાનંદસ્વામી ! આપે કહ્યું, શ્રીહરિ તવરાના મેળામાં ગયા ન હતા પણ ગઢપુરમાં જ રહ્યા હતા, તો તે પછી ગઢપુરથી કયાં ગયા ? અને જ્યાં જ્યાં ગયા હોય તે બધું મને કહો. ૧૬.

શ્રીહરિએ આ ભૂમિનો ત્યાગ કર્યો છે, અર્થાત્ અંતર્ધાન થયા છે. તો હવે મહાભાગ્યશાળી આપ પણ નહિ રહો. આપના સમાન અન્ય કોઈ શ્રદ્ધાવાન નથી. કારણ કે તમારામાં અત્યંત માહાત્મ્ય રહ્યું છે. ૧૭. માહાત્મ્ય અને શ્રદ્ધા વગરનો કોઈ મનુષ્ય શ્રીહરિનાં ચરિત્ર કહે તો તેમાં રસ આવતો નથી અને જો હરિચરિત્રમાં સ્વાદ ન આવે તો તેમાં પરમાનંદ આવતો નથી. ૧૮.

चोपाई :

परमानंद आये विन जनही, रस उपजत नहि कबहु श्रवनही;
चरित्र कहत तुम जिहाँ लगहू, त्रप्ति न होवत हम तिहाँ लगहू...१९
चरित्र कहे ओर संत अपारा, तुमारी छटा न आव हि लगारा;
बाध निरबाध न जानत जेहा, रुचि करत नहि चरित्र एहा...२०

અને વળી, પરમાનંદ આવ્યા સિવાય ચરિત્ર સાંભળવામાં ક્યારેય રસ ઊપજતો નથી. આપ જ્યાં સુધી શ્રીહરિચરિત્રને કહો છો ત્યાં સુધી અમને તૃપ્તિ થતી નથી. ૧૯. બીજા સંતો અપાર શ્રીહરિચરિત્રને કહે છે પણ તેમાં આપના જેવી છટા લગાર પણ આવતી નથી. જે મનુષ્ય બાધ અને નિર્બાધતાને સમજતા નથી, તેના કહેલા શ્રીહરિચરિત્રમાં પણ રુચિ થતી નથી. ૨૦. જ્યારે બાધ અને નિર્બાધતાને સમજે છે ત્યારે મનુષ્યમાત્રને શ્રીહરિચરિત્ર પ્રિય લાગે છે. જે સંતમાં જેટલી મોટપ હોય તેટલા તેના કહેલા શ્રીહરિચરિત્ર પ્રિય લાગે છે. ૨૧. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની જેટલી કાંઈ વાતો કહેવાય છે, તે વાતો જે વક્તા સંતમાં જેટલી મોટપ દેખાય તેટલી રુચિ શ્રોતાને ઉપજાવે છે. ૨૨.

ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીઅયોધ્યાપ્રસાદજીના પ્રત્યે હેતથી કહ્યું, ‘વાત બે પ્રકારની છે : એક લૌકિક અને બીજી અલૌકિક. અને તે બન્ને વાતોની સમજણ પણ અલગ-અલગ છે. ૨૩. અને આપે કહ્યું એ રીતે તે બધી લૌકિક વાત કહેવામાં વિવેક પણ ઘણો દેખાય છે. પરંતુ જેને જ્યાં સુધી લૌકિક મતિ રહે છે તેને ત્યાં સુધી તમે કહ્યું તેમ તે વાત સાચી જણાય છે. ૨૪. પણ વાસ્તવમાં તો અલૌકિક વાતની સમજણ જુદી જ છે. તેને

ખોળીએ તોપણ અલૌકિક સમજણવાળા થોડા જ મળે છે. આપણા સત્સંગમાં પર્વતભાઈ અને સદ્‌ગુરુ રામદાસભાઈ, દાદા ખાચર, જીવુબાઈ, રાજબાઈ અને ગંગામા-ગંગાબાઈ વગેરે અલૌકિક સમજણવાળા હતા.' ૨૫-૨૬.

❋ અલૌકિક સમજણવાળો જ સત્સંગી છે :

ત્યારે અયોધ્યાપ્રસાદજીએ કહ્યું, 'હે મુક્તાનંદસ્વામી ! જેમ આપે કહ્યું તેમ જેટલા સંતો, વર્ણીઓ, પાર્ષદો અને હરિભક્તો અલૌકિક સમજણવાળા છે, ૨૭.

दोहा : अलौकिक आये समझ जो, अलौकिक देखत तेह;
लोकिक रहे समझ जेहि, समझत हि नहि एह...२८

सोरठा : मरत जिहाँ लग जेऊ, सत्संगको रंग अधिक;
चढत हि चढत रहेऊ, अलोकिक समझ कहत तेहि...२९

તેમાં અલૌકિક સમજણ આવી હોય છે. તેથી તેઓ બધાને અલૌકિક દેખે છે પણ જેને લૌકિક સમજણ રહે છે તે કાંઈ સમજતા જ નથી. ૨૮. મરતા સુધી જેને સત્સંગનો રંગ અધિક અધિક ચઢતો જ રહે તેની સમજણ અલૌકિક કહેવાય છે. ૨૯. અને ક્યારેક સત્સંગનો રંગ ચઢતો દેખાય ને ક્યારેક ચઢતો ન દેખાય તે હરિભક્તની સમજણ લૌકિક કહેવાય છે. આ વાત સત્સંગીની કહી છે. ૩૦. સત્સંગ સિવાયના જે લોકો છે તે બધા લૌકિક કહેવાય છે. પરંતુ હે મુનિવર્ય ! તે લૌકિક સમજણવાળા તથા અલૌકિક સમજણવાળા તે બંનેને મનમાં અતિ રુચિ કરે તેવી આપની વાતો છે. તેથી હે સ્વામી ! આપ પ્રેમથી શ્રીહરિચરિત્રની વાત કહો.'

પછી મુક્તાનંસ્વામીએ જે હરિચરિત્રની વાત કહી તેને હું (સિદ્ધાનંદમુનિ) કહું છું કે, જે તવરાના મેળા પછીની હતી. ૩૧-૩૨. જ્યારે અધિક વૈશાખ પૂરો થયો ત્યારે બીજો વૈશાખ માસ બેઠો અને તેમાં સર્વ સુખનું મૂળ જગદ્‌વંદ્ય શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ગઢપુરથી ચાલ્યા. ૩૩. દરબાર અલૈયા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, માતરા ધાધલ અને રાઠોડ ધાધલ, એ બધા ઘોડેસવાર સાથે હતા. અન્ય કોઈ પાર્ષદ સાથે લીધા ન હતા. સેવામાં નિપુણ

મુકુંદાનંદવર્ણીને સાથે લીધા હતા. ૩૪. **માંડવધાર** થઈને **વાવડી** ગામ આવ્યા. પછી ત્યાંથી **કરિયાણા** આવ્યા. ત્યાંના દરબારો હરિભક્ત હતા. ૩૫. શ્રીહરિ તેમને ભવન જઈને ઊતર્યા. દરબારે રસોઈ કરાવી. રસોઈમાં રસ-રોટલી કર્યા હતા. સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ તે જમ્યા. ૩૬.

કરિયાણામાં એક રાત રહીને શ્રીહરિ ચાલ્યા, તે **રાયપર** ગામ આવ્યા. ત્યાં રાજગર હરિભક્ત હતા. ભક્તપતિ શ્રીહરિએ તેમને દર્શન દીધાં. ૩૭. પછી ત્યાંથી **પીપળિયા** ગામ આવ્યા. ત્યાં લોહાણા હરિભક્ત હતા તેમણે રસોઈ કરાવી, પછી શ્રીહરિ જમ્યા અને તેને સુખ આપ્યું. ૩૮. જમ્યા પછી ત્યાંથી પણ ચાલ્યા તે **નવાગામ** પ્રત્યે આવ્યા. ત્યાં લોહાણા કાનજી ભક્તને બોલાવીને દર્શન દીધાં. ૩૯. સુખધામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **બંધિયા** ગામમાં રાત રહ્યા. પછી ત્યાંથી શ્યામસુંદર **ગોંડલ** આવ્યા અને ગોંડલ નરેશના બગીચામાં ઊતર્યા. ૪૦. ત્યાં હરિભક્તોએ રસ-રોટલીની રસોઈ કરાવી. તેને શ્રીહરિ જમ્યા અને તે પછી ત્યાંથી ચાલતા થયા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરથી વિચરણ કરતાં ગોંડલ પધાર્યા' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥

પૂર પંદરમું : તરંગ - ૨

શ્રીહરિ હાલાર દેશમાં મોડા અને કાલાવડ ગામમાં વિચર્યા

શ્રીહરિ જેતપુર આવ્યા. ત્યાં ભાણા કાપડિયા નામે કણબી હરિભક્તને ઘેર બે દિવસ રહ્યા. ૧. જેતપુરના બધા વૈરાગીઓને શ્રીહરિએ શીરા-પૂરીની રસોઈ કરાવીને એક દિવસ જમાડ્યા. પછી ત્યાંથી શ્રીહરિ ચાલી નીકળ્યા. ૨. શ્રીહરિ **જમનાવડ** ગામ આવ્યા અને ત્યાં દાદાભાઈને ભવન ઘણા પ્રેમથી બે દિવસ રહ્યા. ૩. દરબાર દાદાભાઈની પાસે પચીશ ઘોડા હતા. શ્રીહરિએ તે વેચાવી દીધા. પછી **ધોરાજી** ગામ આવ્યા. ૪. બે-ત્રણ દિવસ ત્યાં રહ્યા.

સોરઠના જે હરિભક્તો ત્યાં આવ્યા તેમને અંતર્યામી સહજાનંદસ્વામી શ્રીહરિએ રાજી થઈને દર્શન દીધાં. ૫.

જ્યારે ત્યાંથી ચાલ્યા એટલે પ્યારા શ્રીહરિ **વડા** ગામ આવ્યા. ત્યાં લાખાજી નામે ક્ષત્રિય પાકા હરિભક્ત રહેતા હતા. ૬. તેને ઘેર શ્રીહરિ આવ્યા અને ત્યાં બે દિવસ રહ્યા. શ્રીહરિની સાથે રહેલા વર્ણી રસોઈ બનાવતા હતા. છેલછબીલા નટવર શ્રીહરિને પ્રથમ જમાડતા. ૭. ત્યાર પછી સાથે જે કાઠી હરિભક્તો હતા તેમને જમાડતા. પછી તેમને જમાડીને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને આવીને અશ્વ ઉપર બેઠા, ૮. ત્યાં વાળાક દેશના બે હરિભક્ત શ્રીહરિના દર્શન કરવા આવ્યા. આવીને તેમણે દંડવત્-પ્રણામ કર્યા અને છાતી ઉપર ચરણકમળ ચાંપ્યા. ૯. તેઓ કરિયાણા ગામથી ચાલ્યા હતા. અહીં આવતા ભેળા થયા. ગામેગામ પૂછતાં પૂછતાં આ સ્થળે શ્રીહરિ તેમને મળી ગયા. ૧૦. પછી સહજાનંદસ્વામી ગામની બહાર આવ્યા અને નદીમાં અશ્વને પાણી પાયું. વાળાકના જે બે હરિભક્ત આવ્યા હતા તેમને શ્રીહરિએ પાછા ઘેર મોકલ્યા. ૧૧.

તે પછી ત્યાંથી અશ્વને દોડાવ્યા અને **મોડા** ગામ આવ્યા. ત્યાં રણમલજી(અક્ષરાનંદસ્વામી) નામે ક્ષત્રિય હરિભક્ત રહેતા હતા. ૧૨. શ્રીહરિ તેમને ઘેર આવ્યા પણ તેઓ ઘેર હાજર ન હતા. ઘરના આંગણામાં ત્રણ ચાર ભેંશો બાંધેલી હતી. ૧૩. શ્રીહરિએ તે ભેંશોને છોડાવીને ડેલી બહાર કાઢી મૂકી અને ત્યાં ચોકમાં અશ્વોને બંધાવ્યા અને તેમના ઘરે ઉતારા કર્યા. ૧૪. મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને પલંગ બિછાવી દીધો. ભક્તપતિ શ્રીહરિ તે પલંગ પર બેઠા. ૧૫. દરબાર રણમલજી ગામમાં આવ્યા ત્યારે ગામલોકોએ તે ખબર આપ્યા અને કહ્યું કે, 'તમારી બધી ભેંશોને સ્વામિનારાયણે આવીને છોડાવી મૂકી છે. ૧૬. અને તેમની સાથે જે અશ્વ છે તેને ચોક વચ્ચે બંધાવી દીધા છે.' તે સાંભળીને દરબાર રણમલજી રાજી થયા. ઘેર આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૧૭. પછી તેમણે રસોઈ કરાવી. અને તે રસોઈને ઘનશ્યામ શ્રીહરિ જમ્યા. તેઓ સાકર નાંખીને મનમાન્યું દૂધ લાવ્યા હતા. ૧૮.

પછી શ્રીહરિએ કાઠી દરબારોને જમાડ્યા અને ત્યાં બે ચાર દિવસ રહ્યા. ત્યાં બાજુમાં કાલાવડ નામે ગામ હતું. ત્યાંના ખત્રી હરિભક્ત શ્રીહરિ પાસે આવ્યા. ૧૯. તે ખત્રીનું જાદવભાઈ નામ હતું. તે શ્રીહરિના દર્શન કરવા આવ્યા હતા. તેણે હરખભેર શ્રીહરિને કહ્યું, આપ સુખદાયક શ્રીહરિ મારે ગામ પધારો. ૨૦. ત્યારે શ્રીહરિએ કહ્યું, જો કાઠી હરિભક્તો કહે તો અમે તમારે ગામ આવીએ. કાઠી ભક્તોમાં અલૈયા ખાચર મુખ્ય હતા એટલે જાદવજી ખત્રીએ તેમને પૂછ્યું. ૨૧. ત્યારે અલૈયા ખાચરે તેમને કહ્યું, 'અમે કહીએ તેમ જો અત્યારે તમે કરો તો અમે તમારે ગામ આવીએ અને હું જઈને શ્રીહરિવરને વાત કહું.' ૨૨.

ત્યારે જાદવજી ખત્રીએ કહ્યું, 'જેમ આપ કહો તેમ હું અતિ પ્રેમથી કરીશ.' ત્યારે અલૈયા ખાચરે તેમને કહ્યું, અમને સૌને સારું એક એક ભારે ધોતિયું સંભારીને તમારે આપવું પડશે. ૨૩. તેની ખાસી કિંમત અમે આપશું. તમે મનમાં નારાજ થશો નહીં. જ્યારે ડભાણમાં યજ્ઞ થયો ત્યારે તમે શ્રીહરિને માટે રેંટો રંગીને આપ્યો હતો. ૨૪. તમારા જેવો કોઈને રંગ ચઢાવતા આવડતું નથી. ખત્રીઓ તો અપાર છે, પણ રંગ બાબતમાં તમે સૌથી પ્રસિદ્ધ છો. ૨૫. ત્યારે જાદવજી ખત્રીએ કહ્યું, 'જો આપ શ્રીહરિને મારે ઘેર લાવો તો જેવા કહેશો તેવા ધોતિયા અમે મફત આપશું.' ૨૬.

ત્યારે અલૈયા ખાચર તત્કાળ શ્રીહરિની પાસે જઈને બોલ્યા, આપ તો ભક્તજનપ્રતિપાલક છો એટલે આપ કાલાવડ ગામ સુધી પધારો. ૨૭. ડભાણના યજ્ઞમાં જેણે રેંટો રંગી આપ્યો હતો તેને ઘેર અવશ્ય જાવું જોઈએ. તે સારા મોટા હરિભક્ત છે. આપ ફરીને ક્યારે આવશો ? ૨૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, આપણે સવારે ચાલશું. તમે જેમ કહો છો તેમ અમારે કરવું છે. તે વાત સાંભળીને જાદવજી ખત્રી અત્યંત રાજી થયા. તેના હૃદયમાં હરખ ઊભરાયો. ૨૯. ત્યારે ભક્તપતિ શ્રીહરિએ દરબાર રણમલજીને કહ્યું, તમારે અમારી સાથે ચાલવાનું છે. ગઢપુરના દરબાર જીવા ખાચરે વાંગળી ઘોડી ચઢવા માટે આપી છે. ૩૦.

તેનું કાઠું તમારા દરવાજામાં પેસતા તૂટી ગયું છે. કાલાવડમાં ઘણા સારા રૂપેરી કાઠાં બને છે. ૩૧. ભારેમાં ભારે જે કાઠું હોય તેને તમે સાથે આવીને અપાવો. ત્યારે દરબાર રણમલજીએ કહ્યું, આપ જે કાઠું લાવો તેની કિંમત હું આપીશ. ૩૨. શ્રીહરિએ દરબાર રણમલજીને કહ્યું, તમારી પાસે જેટલી ભેંશો છે તે બધી વેચી નાખો. તમે પંડોપંડ એકલા જ રહો છો. તમારે પુત્ર અને પત્ની તો છે નહીં. ૩૩. વ્યવહારમાંથી નિવૃત્તિ લઈને ભગવાનનું ભજન કરો. સંસારની ઉપાધિ છોડી દો. પછી તેમણે શ્રીહરિએ કહેલી વાતને સ્વીકારી લીધી અને પછી સવારમાં જ શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૩૪. જાદવજી ખત્રીને ગામ **કાલાવડ** આવ્યા. ત્યાં એક દિવસ અને એક રાત રહ્યા. તેણે ઘણી સારી રસોઈ કરાવી અને તે વખતે શ્રીહરિને જમાડ્યા. ૩૫. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તે બધાને પ્રેમભાવથી જમાડ્યા. પછી શ્રીહરિની પૂજા કરી. આ રીતે દિવ્ય લાભ લીધો. ૩૬.

જેટલા કાઠી હરિભક્ત હતા તે બધાને ઘણા આદરભાવથી એક એક ધોતિયું આપ્યું. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ૩૭. સરસ રૂપેરી કાઠું લાવીને દરબાર રણમલજીએ શ્રીહરિને આપ્યું. પછી શ્રીહરિ ત્યાંથી **મોડા** ગામ આવ્યા. તે જેઠ માસના દિવસો હતા. ૩૮. શ્રીહરિએ ભીમ એકાદશી ત્યાં કરી. પછી થોડો સમય ગુપ્ત રહેવાના આશયથી બધા કાઠી હરિભક્તોને રજા આપી. ૩૯. મુકુંદાનંદ વર્ણી, ઉમાભાઈ અને નાથજીભાઈ એ ત્રણને જ શ્રીહરિએ સાથે રાખ્યા હતા. શ્રીહરિ જ્યાં જાય ત્યાં તેઓ સાથે રહેતા. ૪૦. આખો જેઠ મહિનો શ્રીહરિ હાલાર દેશમાં રહ્યા. વદ પક્ષના ઉત્સાહભર્યા દિવસોમાં લોકોને ખુશી કરે તેવો વરસાદ થયો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિ હાલાર દેશમાં મોડા અને કાલાવડ ગામમાં વિચર્યા' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર પંદરમું : તરંગ - ૩

હળવદમાં શ્રીહરિએ સત્સંગમાં પ્રગટનો મહિમા કહ્યો

વરસાદ થયો ત્યારે ખેડૂતોએ કપાસ અને અનાજ વગેરે વાવી દીધું. પછી શ્રીહરિ હાલારમાંથી ચાલી નીકળ્યા. ત્રણ જણ જ સાથે લીધા હતા. ૧. શ્રીહરિ **વાંકાનેર** ગામ આવ્યા અને ત્યાં એક રાત રહ્યા. તે ગામમાં જીવરામ નામે એક વિપ્ર પ્રસિદ્ધ સત્સંગી હતા. ૨. તેને ઘેર શ્રીહરિ રાત રહ્યા. વિપ્રે વિવિધ પ્રકારના ભોજન બનાવીને શ્રીહરિને જમાડ્યા અને પછી પૂજા કરી. ૩. પછી ત્યાંથી જ્યારે ચાલ્યા ત્યારે અષાઢ માસ બેસી ગયો હતો. તે દિવસોમાં શ્રીહરિએ ઝાલાવાડ પ્રદેશમાં વિચરણ કર્યું. ૪. ઝાલાવાડમાં **હળવદ** નામે ગામ કહેવાય છે. ત્યાં ઘનશ્યામ શ્રીહરિ આવ્યા. અને વિપ્ર નારાયણજી નામે હરિભક્તના ભવનમાં રહ્યા. ૫. ગામમાં બીજા હરિભક્ત વિપ્રો ઘણા હતા. સહુએ તે વખતે શ્રીહરિનાં દર્શન કર્યાં. શિવરામ જાની, શંભુ શુક્લ અને વિપ્ર મહાદેવ આદિ તેમના નામ હતા. ૬. તે સિવાયની હરિભક્ત સ્ત્રીઓ ઘણી હતી. તેના નામો ગણતા પાર આવે નહીં. બધા જ વિપ્રો હરિભક્ત હતા. તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. ૭.

એક ખત્રી નારાણભાઇ હરિભક્ત હતા. પત્ની અને પુત્રે સહિત તે સત્સંગી હતા. તેણે યજ્ઞમાં ઘણા પ્રેમથી કેટલાક ધનનું દાન આપ્યું હતું. ૮. એક રણછોડ નામે વણિક હરિભક્ત હતા. તેના ઘરમાં બધા જ સત્સંગી હતા. સૌ હરિભક્તોએ રસોઈ કરાવીને ઘણા જ પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. ૯. સહુએ શ્રદ્ધાભાવથી શ્રીહરિની પૂજા કરી. તે બધા હરિભકતોને શ્રીહરિની ઉપર પૂરો પ્રેમભાવ હતો. પછી હરિભક્તોના જે નિયમ-ધર્મ છે, તેને શ્રીહરિવર સૌની આગળ કહેતા હતા. ૧૦. જે જે ગામમાં હરિભક્તો રહેતા હતા ત્યાં બધે જ શ્રીહરિ જતા હતા. કોઈપણ બાઈ-ભાઈ હરિભક્ત થયા હોય, તેમને શ્રીહરિ પાળવા માટેના નિયમ કહેતા રહેતા. ૧૧. હરિભક્ત સિવાયના જે નરનારી લોકો હોય તેમની આગળ પણ શ્રીહરિ કેટલીક સદ્‌વર્તનની રીત કહેતા હતા અને હરિભક્ત વિધવા સ્ત્રીઓના વર્તનની વાત પણ કહેતા હતા. ૧૨.

❋ નિયમમાં રહે તે સુખી રહે :

જેનો જે ધર્મ હોય તે નિયમ વિના ક્યારેય રહેતો નથી. નિયમ વિનાનો જે ધર્મ છે તે તો નામમાત્ર કહેવાય છે. ૧૩. અમને તો એવું દેખાય છે કે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને જેટલી શુભ વાત કહેવાય છે તે નિયમ વિના ક્યારેય ટકતી નથી. ૧૪. નિયમ વિનાની જેટલી વાત છે તે તો લખાણ વિનાના વેપાર જેવી છે. માટે નિયમથી લાભ અને અનિયમથી ગેરલાભ કહેવાય છે તે વાતને એવી રીતે દેખવી. ૧૫. જે લોકો નિયમ વિનાની જેટલી વાત કરે છે, તેઓ અત્યંત દુઃખી થાય છે; એવું બુદ્ધિશાળી માણસને દેખાય છે. ૧૬.

ચોપાઈ :

सुख होवन हित हरिजन जितने, नियम रखना दृढ कर तितने;
नियममें सुख साधन जितना, भर रहे हे अनंत हि तितना...१७
अपार सुख लेवन हि हीता, नियम राह देखाई दीता;
संत हरिजन वचन हमारे, जो जो नियम रखत जन सारे...१८
ताके उद्धार होवन तामें, लेश संदेह न रखना यामें;
संत हरिजन कहावत जेता, रुचि बात कि रहे पृथक हि तेता...१९

જેટલા હરિભક્તો છે તેમણે સુખી થવા માટે નિયમોને દૃઢ કરીને રાખવા. દૃઢતાથી પાળેલા નિયમોમાં જે કાંઈ સુખ-સંપત્તિ છે તે અનંત રૂપમાં ભરી પડી છે. ૧૭. અપાર સુખ મેળવવા માટે તો અમને દૃઢ નિયમોનો માર્ગ દેખાય છે. **જે સંતો અને હરિભક્તો અમારા વચનથી જે જે નિયમોને રાખે છે તેમનો ઉદ્ધાર થવામાં લેશમાત્ર પણ સંદેહ રાખવો નહિ.** જે સંતો અને હરિભક્તો કહેવાય છે તેઓની વાત અંગેની રુચિ અલગ અલગ રહે છે. ૧૮-૧૯.

❋ શ્રોતા-વક્તાની રુચિની એકતા :

વક્તા અને શ્રોતા, તે બંનેની રુચિ મળતી આવે; એવી વાતો દુર્લભ કહેવાય છે. વક્તા અને શ્રોતા તે બંનેની રુચિ એક ન હોય તો રુચિ મળ્યા વિનાની અનેક વાત કરવામાં આવે તે લાભકારી નથી થતી. ૨૦. જેમ રોગ

અલગ હોય અને તેને ઔષધ બીજું આપવામાં આવે તો તેનાથી લેશમાત્ર પણ રોગ મટતો નથી. તેમ વક્તા અને શ્રોતાની રુચિ મળ્યા વગરની વાત પણ એવી જ છે. તેને મુખથી કઈ રીતે કહી શકાય ? ૨૧. **જેને જ્ઞાનમાં રુચિ હોય છે તે જ્ઞાનને સર્વોપરિ દેખાડે છે. અને જે વૈરાગ્યવાળો હોય છે તે વૈરાગ્યને સર્વોપરિ દેખાડે છે. ધર્મમાં રુચિવાળો ધર્મને સર્વોત્તમ દેખાડે છે અને ભક્તિમાં રુચિવાળો ભક્તિને જ સહુથી ઊંચી દેખાડે છે. ૨૨-૨૩.** વક્તાના મનમાં જેવી રુચિ હોય તે પ્રમાણે શ્રોતાને કરવા ચાહે છે. જે વક્તા છે તે સોની જેવો છે અને શ્રોતા સુવર્ણ કહેવાય છે. ૨૪. સોનીની જેવી રુચિ હોય અને જેવી કુશળતા હોય તેવો તે સોનામાં ઘાટ બનાવે છે; એવી જ રીત વક્તા અને શ્રોતાની છે. ૨૫.

दोहा : जेसी करत हरि वारता, तेसी न कोई आत;
सोनार के सोनार हरि, अलोकीक यह वात...२६

सोरठा : अठार रहे पुरान, स्मृति रहे अठार जोउ;
जो जो भये विद्वान, ग्रंथ करे तेहि रुचि सम...२७

શ્રીહરિ જેવી વાત કહેતા તેવી વાત બીજા કોઈને કહેતા આવડે નહિ. શ્રીહરિ તો સોનીના પણ સ્રષ્ટા સોની છે. આ વાત ઘણી અલૌકિક છે. ૨૬. અઢાર પુરાણ, અઢાર સ્મૃતિઓ તથા જે જે પૂર્વે વિદ્વાન થયા તેમના લખેલા ગ્રંથો તેમની તેમની રુચિ પ્રમાણેના છે. તેમાં કહેલી વિવિધ પ્રકારની વાતો શ્રોતાની રુચિ પ્રમાણે કહેવામાં આવી છે. પરંતુ તે બીજાને દેખવામાં આવતું નથી. જેમ વનમાં રહેલા વિવિધ પ્રકારના વૃક્ષો હોય છે, ૨૭-૨૮. તે ઘાટા વનના વૃક્ષો વચ્ચે જે કોઈ પણ મનુષ્ય જાય તેનું માથું ફર્યા વિના ક્યારેય રહે નહીં અર્થાત્ તે ભૂલો પડે. એવી જ વાત બધા ગ્રંથોની બાબતમાં છે. ૨૯.

ઘાટા વનમાં ભોમિયા સિવાયનો ગયેલો મનુષ્ય ક્યારેય વનના છેડાને પામતો નથી. તે રીતે જ શાસ્ત્રોમાં પણ જે લેખકની જેવી રુચિ હોય તે પ્રમાણે બધું ગ્રંથમાં લખેલું હોય છે. ૩૦. શાસ્ત્રના વિવિધ પ્રકારના શબ્દોને જોઈને કેટલાક તો પંડિત હોવા છતા નાસ્તિક થઈ જાય છે. જ્યારે કોઈને

મહાન સાગર તરવો હોય તો તે ક્યારેય આપબળથી તરી શક્તો નથી. ૩૧. ચાહે તેવો તરવૈયો હોય પણ આપબળથી સમુદ્રને તરવા જાય તો કોઈ ડૂબ્યા વિના રહેતો નથી અને પાંખવાળા પંખીઓ જેવા છે તે પણ જો પાંખબળથી સમુદ્રને ઉલ્લંઘવા ચાહે તો તે પણ ડૂબી મરે છે. ૩૨. જે કોઈ સિદ્ધગતિને પામેલા હોય છે તેઓ અગાધ સાગરને ઉલ્લંઘી શકે છે. અમે વન અને પર્વતો ઉપર ફરી વળ્યા છીએ, પણ એવા સિદ્ધો અત્યારે ક્યાંય નથી. ૩૩. આપણા સત્સંગમાં એક સંતદાસસ્વામી જ અમારી પાસે એવા સિદ્ધ થયા છે અને સચ્ચિદાનંદસ્વામી પણ એવા સિદ્ધ થયા છે કે જેને કોઈ આવરણ બાધ કરતું નથી. ૩૪.

જે સદ્‌ગુરુ રામાનંદસ્વામી અમારા ગુરુ કહેવાય છે તે ઘણા મોટા સિદ્ધ હતા. તેમને કોઈ આવરણ ક્યારેય રોકી શક્તું નહિ. ૩૫. તે રીતે જ આત્માનંદસ્વામી પણ એક પરમ વિવેકી સિદ્ધ થઈ ગયા છે. તેઓ રામાનંદ સ્વામીને મળ્યા હતા. તે વાત અમને સ્વામીએ કહી હતી. ૩૬. શુકદેવ, સનકાદિકો અને નારદજી તથા બદ્રિકાશ્રમવાસી બધા મુનિઓ સિદ્ધ છે અને ધ્યાનના અભ્યાસી છે. ૩૭. વળી, શ્વેતદ્વીપ ધામમાં જેટલા નિરન્નમુક્તો છે તે બધા સિદ્ધ છે. તેઓ ક્યારેય અન્ન જમતા નથી. ૩૮.

सोरठा : जेते बेठत नाव, सिंधु तरत हि सहज तेहि;
सत्संग नाव रहाव, तारत हे भवसिंधु यह...३९
ग्रंथ हि जितने जोउ, तीर्थ व्रत जज्ञ तप तेउ;
सत्संग करत में सोउ, आई गये साधन सब हि...४०

જે લોકો વહાણમાં બેસે છે તેઓ સહેજે જ સાગરના પારને પામે છે, તેમ **આપણો સત્સંગ છે તે મોટું વહાણ છે જે, સંસારસાગરમાંથી તારે છે. ૩૯. જેટલા ગ્રંથો છે, જેટલા તીર્થ, વ્રત, યજ્ઞ અને તપ વગેરે બધા જ સાધનો એક સત્સંગ કરવામાં આવી જાય છે.** ૪૦. જેટલી શુભ અને સદ્‌વાર્તાઓ છે, તે બધી શુભ અને સન્માર્ગ કહેવાય છે અને તેનું નામ જ સત્સંગ કહેવાય છે. તે સત્સંગને માર્ગે જે ચાલે છે તે હરિભક્ત છે. ૪૧. સાચા શુભમાર્ગે ચાલવામાં વિવિધ પ્રકારના બધાં જ સુખ રહ્યાં છે.

તેમાં ક્યારેય લેશમાત્ર પણ દુઃખ રહેતું નથી અને ક્યારેય અંતઃકલેશ થાતો નથી. ૪૨.

ભગવાનના જેટલા ધામો કહેવાય છે તે ઉપર કહેલા બધા શુભ સન્માર્ગમાં રહ્યા છે. ભગવાન તથા સંતો પણ શુભ સન્માર્ગમાં રહ્યા છે. ૪૩. **જે શુભ સન્માર્ગમાં ચાલે છે અને જે શુભ સદ્‌વાર્તા કરે છે, તે બધા સંત-હરિભક્ત કહેવાય છે. શુભ સારી વાતો કરે પણ અશુભ માર્ગે ચાલતા દેખ્યામાં આવે તેને તો કુસંગનો પણ કુસંગ કહેવાય અને તે જ્યારે મૃત્યુ પામે ત્યારે જમપુરીમાં જાય છે. વળી, જે શુભ સદ્‌વાર્તા કરવામાં શરમાય નહિ અને અન્યને પણ શુભ સન્માર્ગમાં ચલાવે છે એવા મનુષ્ય સાચા ભગવાનના ભક્ત છે અને તેનું મન પ્રગટ ભગવાનનાં સ્વરૂપમાં રાચે છે, લાગે છે. જેને પ્રગટ હરિનો નિશ્ચય છે અને પ્રગટ હરિરૂપ શુભ માર્ગ પર જે નિષ્કપટ થઈને ચાલે છે, ૪૪-૪૬.**

તેવા સંતો-ભક્તોનો સમાગમ મન-કર્મ-વચનથી કરવો. જેને પ્રગટ પ્રભુનો નિશ્ચય ન હોય તેનું શુભ આચરણ પણ કેવુંક રહે. ૪૭. પરોક્ષ ભગવાનનો નિશ્ચય રાખી સમાગમ કરનારો કોઈ સારી યોનિમાં જન્મ પામે છે, પણ તેનો જન્મમરણથી છૂટકારો ક્યારેય થાતો નથી. ખરેખર **જેને પ્રગટ ભગવાનનો નિશ્ચય છે તે જ મોક્ષ માટેનો મુખ્ય શુભ માર્ગ કહેવાય છે.** ૪૮.

❋ ભગવાનના પ્રગટપણાની રીતિ :

दोहा : श्रीहरि को प्रगट निश्चय, हरि प्रगट जब जाहि;
कहत हें हरिजन तितने, कहावत हे ताहि...४९
जो जो समय भगवान जो, प्रगट होत जेहि वार;
प्रगट हरि सो जानना, बात कहे निरधार...५०
भगवान प्रगट जिहाँ लगहु, फेर होव हि तिहा लग;
प्रगट हरि तेही रहत हि, समर्थ हि तारन जग...५१

જેને પ્રત્યક્ષ ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય હોય અને ભગવાનનું સ્વરૂપ પણ જેને પ્રત્યક્ષ જણાતું હોય તે બધાને હરિભક્ત કહે છે અને તે જ સાચા ભક્ત કહેવાય છે. ૪૯. જે જે સમયમાં ભગવાન જેવાં રૂપમાં

પ્રગટ થાય છે એ ભગવાનને પ્રગટ-પ્રત્યક્ષ સમજવા. આ નિશ્ચિત વાત કહી છે. ૫૦. આ સમયે પ્રગટ થયેલા ભગવાન ત્યાં સુધી પ્રગટ કહેવાય છે કે જ્યાં સુધી ફરીવાર ન અવતરે અને તે પ્રગટ ભગવાન સમસ્ત સંસારનો ઉદ્ધાર કરવામાં સમર્થ રહે છે. ૫૧. તે પ્રગટ ભગવાન આચાર્ય, સંતો અને હરિભક્તો દ્વારા જીવોના ઉદ્ધાર કરે છે. આ વાત ચોક્કસ કહું છું. ૫૨. શ્રીહરિ સત્સંગમાં જ્યાં જ્યાં વિચરણ કરતા હતા ત્યાં ત્યાં ઉપર કહી તેવી વાત કહેતા હતા. અને આવી વાતને જે મુમુક્ષુઓ સાંભળતા હતા તેઓ ધન્ય ભાગ્યશાળી થયા હતા. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'હળવદમાં શ્રીહરિએ સત્સંગમાં પ્રગટનો મહિમા કહ્યો' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર પંદરમું : તરંગ - ૪

શ્રીહરિ લીંબલીથી ખોલડિયાદ પધાર્યા

શ્રીહરિ હળવદથી ચાલ્યા તે **મેંથાણ** ગામ આવ્યા. ત્યાં ઘણા હરખથી નિયમની એકાદશી(અષાઢ સુદ-૧૧) કરી. ૧. ત્યાં પૂંજાજી જાલા નામે ક્ષત્રિય હરિભક્તને ઘેર શ્રીહરિ રહ્યા. ગામના જેટલા હરિભક્ત હતા તેમણે શ્રીહરિની ઘણી સેવા કરી. ૨. મેંથાણમાં શ્રીહરિ દશ દિવસ રહ્યા અને ત્યાં વર્ષનો ભાવ જોયો અર્થાત્ આ વર્ષ કેવું થશે તે જોયું. જ્યારે વર્ષના ચિહ્ન ખરાબ દેખાયા ત્યારે શ્રીહરિએ દેશમાં ફરવાનું છોડી દીધું. ૩. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **વઢવાણ** આવ્યા. ત્યાં બેચરજી નામે વિપ્રને ઘેર રહ્યા. ૪. વઢવાણમાં જે હરિભક્ત હતા તે સૌએ શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિ ત્યાં ત્રણ વખત ક્રમથી આવ્યા અને હરિભક્તોના મનોભાવને પૂરા કર્યાં. ૫. ત્યાં એક, બે કે ત્રણ દિવસ પ્રેમભાવથી રહ્યા હતા. પછી ઘનશ્યામ શ્રીહરિ વઢવાણથી નીકળીને **લીંબલી** ગામ આવ્યા. ૬. ત્યાં મૂળજી શેઠ નામે હરિભક્ત હતા. તેને ભવન શ્રીહરિ ઊતર્યા. તે ગામમાં જે બીજા હરિભક્તો હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૭.

લીંબલીના હરિભક્તોને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું, એટલે ઘણીવાર શ્રીહરિની તેમણે સેવા પૂજા કરી હતી. શ્રીહરિ ચાર-પાંચ વખત આવ્યા ત્યારે મૂળજી શેઠને ઘેર આવીને રહ્યાં હતાં. ૮. સુખધામ શ્રીહરિ વ્યવહાર સંબંધી જે કાંઈ કામ હોય તે મૂળજી શેઠને પૂછીને કરતા હતા. મૂળજી શેઠમાં આવી રૂડી બુદ્ધિ હતી અને તે ઘણા સારા પાકા હરિભક્ત હતા. ૯. **ભગવાન શ્રીહરિના અનેક મનુષ્યચરિત્ર દેખીને પણ તેમની બુદ્ધિ-સમજણ એકસરખી રહેતી હતી. ભગવાનના મનુષ્યચરિત્ર દેખ્યા પછી પણ એકસરખી સમજણ રહે એવા સત્સંગી મોટા મોટા હરિભક્તોમાં પણ ઠેકઠેકાણે હોતા નથી. કેટલાક અપાર બુદ્ધિમાન હોય છે અને કોઈક અઢાર પુરાણ, ચાર વેદ, છ શાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને ચોસઠ વિદ્યાઓ, એ બધા ગ્રંથોને સંપૂર્ણપણે ભણેલા હોય છે. ૧૦-૧૨.** અને કેટલાક તો મોટા મોટા રાજાઓના પણ કારભારને સંભાળતા હોય છે અને તે કાર્યભારની બાધ ન આવે એવી વ્યવસ્થા કરતા હતા. ૧૩.

આમ, બુદ્ધિમાનોની આવી વાતો તો ઘણી હોય છે. પરંતુ આવું તો ઘણા લોકો કરતા હોય છે. માટે તે બધી બાબતો અગાધ ન કહેવાય. ૧૪. કેટલાક અત્યંત જ્ઞાની, ધ્યાની, ધર્મનિષ્ઠ, વૈરાગ્યવાન અને અપાર ભક્તિમાન થાય છે. પરંતુ જેનું ચિત્ત શ્રીહરિના મનુષ્યચરિત્ર દેખ્યા પછી તલ જેટલું પણ ભ્રમે નહિ, આવો ભક્ત હરિજનોમાં અત્યંત દુર્લભ છે. ૧૫-૧૬. **કેટલાક લોકો અપાર આત્મનિષ્ઠાવાળા હોય અને તેમાં ઘણી મોટાઈ હોય છે અને તેમની આત્મનિષ્ઠા, ધર્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા, એ ઘણી હોય, છતાં લોક અને શાસ્ત્રની રીતે જ્યારે તેના અપાર વખાણ થતાં હોય છે ત્યારે તે તેને ગમતું હોય છે. કેટલાક લોકો તો પોતાની કીર્તિ કરાવવા માટે જ પોતાનાં ધન અને પ્રાણને પણ અર્પણ કરી દે છે. ૧૭-૧૮.** કીર્તિ કરાવવા માટે તો કેટલાક લોકો ઘણા કઠણ તપ કરે છે. કેટલાક લોકો વર્ષોવર્ષ ચાંદ્રાયણ આદિ વ્રત પણ કરે છે. ૧૯.

યશ માટે થઈને કેટલાક તો એક માસ કે ચાર માસ સુધી રતીભાર પણ અન્ન કે ફળ ખાતા નથી. કેટલાક તો યશ માટે બાર માસ સુધી લગાર પણ

અન્ન કે ફળ ખાતા નથી. ૨૦. કેટલાક લોકો બાર વર્ષ પર્યંત અન્ન ખાતા નથી અને બાર વર્ષ પર્યંત ઊંચા હાથ રાખીને તપ કરે છે. હજારો લોકો કીર્તિ માટે જીવનભર વાયુ ભક્ષણ કરીને રહે છે. ૨૧. કેટલાક લોકો કીર્તિ માટે થઈને વહેતા જળપ્રવાહમાં પડીને ડૂબે છે. કેટલાક ભૈરવજપ ખાય છે અને કેટલાક સળગતાં અગ્નિમાં પ્રવેશે છે. તેઓ એ બધું કરવામાં ક્યારેય મનમાં લેશમાત્ર પણ ખચકાતા નથી. ૨૨. કેટલાક લોકો તો બાર વર્ષ પર્યંત પંચાગ્નિ તાપતા રહે છે. કેટલાક લોકો પગપાળા તીર્થયાત્રા કરે છે અને કેટલાક તો એકવાર જ ખાય છે. ૨૩. આવા બધા ઘણા કઠણ સાધનોને કેટલાક લોકો કરતા રહે છે. જીવ જેમાં રુચિ કરે છે તેને તે કરવું જરાય કઠણ પડતું નથી. ૨૪.

❋ મોક્ષ પામવો એ જ દુર્લભ છે :

दोहा : जो जो साधन ताहि में, जिहाँ लग रुचि न होत;
तिहाँ लग परत कठिन सो, रुचि से सुगम होत...२५
जीय को मोक्ष जिहाँ, रुचि करना मन ताहि;
कठिन परत अति ताहिमें, एसी बात रहाहि...२६

જે જે સાધનમાં જ્યાં સુધી રુચિ નથી થતી ત્યાં સુધી તે સાધન કરવું કઠણ પડે છે, પણ જો તેમાં રુચિ હોય તો તે સાધન સુગમ થઈ જાય છે. ૨૫. જેનાથી જીવનો મોક્ષ થાય તેવા સાધન કરવાની મનમાં રુચિ કરવી જોઈએ. પણ ખરી હકિકત એ છે કે, જીવને મોક્ષની બાબતમાં રુચિ કરવી તે અત્યંત કઠણ પડે છે. ૨૬.

सोरठा : दुर्लभ में है दुर्लभ, मोक्ष होवन की बात जो;
और सब बात सुलभ, जन कु होवत जीय महीं...२७
हरि के मनुष्य चरीत, देखी न होवे मोह कबु;
कोउ जन होत खचित, सब देश में एक मिलत जन...२८

લોકોને મનમાં એવું હોય છે કે, મોક્ષની બાબત અત્યંત દુર્લભ છે અને બીજી બધી બાબતો સરળ-સુલભ છે. તેથી મોક્ષમાં રુચિ કરતા નથી. ૨૭. અને ભગવાનના મનુષ્યચરિત્ર દેખીને પણ જેને ક્યારેય મોહ ન થાય એવો પાકો ભક્ત તો આખા દેશમાં કોઈ એકાદ જ મળે છે. ૨૮. શ્રીહરિ લીંબલી

ગામથી ચાલ્યા તે **ખોલડિયાદ** ગામ આવ્યા. ગામમાં જેટલા હરિભક્તના ઘર હતા તે સૌને ઘણે રાજીપે દર્શન દીધાં. હરિભક્તોએ સરસ રસોઈ કરાવી. ધર્મના દુલારા શ્રીહરિ તે જમીને તરત ગામ બહાર તળાવ કાંઠે આવ્યા. ૨૯-૩૦. ત્યાં કાંઠે વડ, પીપળો અને પીપરના ઘણા વૃક્ષો હતા. એક પીપરની નીચે વેદિકા હતી. શ્રીહરિ ઘણા પ્રેમથી તે વેદિકા ઉપર બેઠા. ૩૧. ત્યાં શ્રીહરિ ચાર ઘડી(૧.૩૬ કલાક) બેઠા. હરિભક્તોને રાજી કર્યા. તે ગામમાં સિંધવ અટકના નાડોદા રાજપૂત હરિભક્ત મુખ્ય હતા. ૩૨. ગામમાં તેનું જ મુખ્ય ચલણ હતું. તેમના જેવા બીજા કોઈ ગણાતા નહીં. અડાલજા અટકના કણબી મૂળજીભાઈ ગામમાં મુખી હતા. ૩૩. અડાલજા મૂળજીભાઈ હરિભક્તોને જોઈને તેના ઉપર ઘણો સ્નેહભાવ રાખતા. અને આપણા સત્સંગના સંતોને દેખીને તેમના દિલમાં ઘણો જ પ્રેમ વધતો હતો. ૩૪. જગતના ધર્મભ્રષ્ટ સાધુઓને દેખીને તેઓ ક્યારેય પગે લાગતા નહિ, પણ તેઓએ જ્યારે શ્રીહરિનાં દર્શન કર્યા ત્યારે તત્કાળ જ સત્સંગના વ્રતમાન નિયમોને ધારણ કર્યાં. ૩૫.

તેમણે શ્રીહરિની ઘણી પૂજા અને સેવા કરી. તેમણે સિંધવ હરિભક્તોની સમાન લાભ લીધો. દુદાભાઈ નામે મૂળજી પટેલના એક ભાઈ હતા. તે પણ પાકા હરિભક્ત થયા. ૩૬. અને મૂળજી પટેલના ડુંગરભાઈ નામે એક પુત્ર હતા. તેઓ શ્રીહરિ ઉપર હેત રાખનારા સારા હરિભક્ત થયા અને ભગુભાઈ નામે ડુંગર પટેલના પુત્ર હતા. તે પણ ઘણા સારા હરિભક્ત થયા. તેમણે સંતોની ઘણી સેવા કરી હતી. ૩૭-૩૮. સિંધવ હરિભક્તો જેવી ભાવનાથી સંતોની સેવા કરતા હતા, તેવી ભાવનાથી ડુંગર પટેલનો પરિવાર પણ સેવા કરતો હતો. ૩૯. સિંધવ રજપૂત હરિભક્તોના પુત્ર અને પૌત્રો ઘણા સારા હરિભક્તો હતાં. તેઓના ભાગ્ય ઉદય થયા હતા તેથી તેમને સત્સંગ મુખ્ય રહ્યો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિ લીંબલીથી ખોલડિયાદ પધાર્યા' એ નામે ચોથો તરંગ સમાપ્ત ।।૪।।



પૂર પંદરમું : તરંગ - ૫

સિંધવ પરિવારનો સત્સંગ અને શ્રીહરિ ગુંદિયાળા પધાર્યા

જેટલા સિંધવ હરિભક્ત હતા તેમણે બે હાથ જોડીને શ્રીહરિને વિનંતિ કરીને કહ્યું, પ્રભુ, આપ અમારા ગામમાં એક રાત રહો. પછી સવારે ઊઠીને ચાલજો. ૧. હરિભક્તોએ ઘણી તાણ કરી પણ શ્રીહરિએ કહ્યું, અમે રોકાશું નહીં. ગુંદિયાળા ગામમાં અમે રહેવાનું નક્કી કર્યું છે. ૨. હરખાભાઈ, રાજાભાઈ, રામાભાઈ અને નારાયણભાઈ એ ચાર સગાભાઈ સિંધવના પુત્ર હતા અને બધા જ સારા હરિભક્ત હતા. ૩. તેમના જેટલા પુત્ર થયા તે બધા જ સારા હરિભક્ત થયા. તેમણે મળની જેમ બધા જ કુસંગનો ત્યાગ કર્યો હતો. ૪. સગાભાઈ સિંધવના નાનાભાઈ જીવાભાઈ સિંધવ હતા. તેમને સાત પુત્ર હતા. બધા જ હરિભક્ત થયા. તેમના નામ કહું છું. ૫.

ઘેલાભાઈ, હમીરભાઈ, ખેંગારભાઈ, દાનાભાઈ, નરસિંહભાઈ, દલાભાઈ અને સૌથી નાના ગણેશભાઈ હતા. તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યા. ૬. તે બધાના જે પુત્ર થયા તે સહુ પણ પછી હરિભક્ત થયા હતા. જીવા સિંધવથી નાના તેમના ભાઈ અજા સિંધવ હતા. તેના બન્ને પુત્ર હરિભક્ત હતા. તેના નામ હવે કહું છું. તેમના નામ રૂડાભાઈ અને મૂળાભાઈ હતા. તેમણે જગતની નાશવંત વસ્તુઓને હરામ કરી દીધી હતી. ૭-૮. તે બન્નેના જે પુત્રો હતા તે બધા સારા હરિભક્ત થયા હતા. ત્યાં એક મેમકા નામે ગામ છે. તેમાં એક સુતાર હરિભક્ત રહેતા હતા.

चोपाई :

गुजेर सोउ सुतार रहाये, हंसराज ताके नाम कहाये;
भिमजी ताके रहे जो ताता, फूलबाई कर रहायेउ माता...१०

તેઓ ગુર્જર સુતાર કહેવાતા. **તેમનું નામ હંસરાજભાઈ અને તેમની પત્નીનું નામ મણિબા હતું. (તેમના પુત્ર આ ગ્રંથના લેખક વિરજીભાઈ જેઓ આધારાનંદસ્વામી નામે સંત થયા.)** હંસરાજભાઈના પિતા ભીમજીભાઈ અને માતા ફૂલબાઈ હતા. ૯-૧૦. **વિક્રમ સંવત્ ૧૮૬૦ નું ઘણું સારું વર્ષ હતું. વૈશાખ સુદિ પાંચમની તિથિએ તે સિંધવ પરિવારે હંસરાજભાઈને**

આદરભાવથી ખોલડિયાદમાં રાખ્યા. ત્યાં તેમણે ૧૮૬૧ માં કેટલાકને સત્સંગ કરાવ્યો અને સિંધવપરિવારને જ્યારે હંસરાજભાઈનો જોગ થયો ત્યારે તે બધા હરિભક્ત થયા. ૧૧-૧૨. વિક્રમ સંવત્ ૧૮૬૨ માં વૈશાખ માસમાં શ્રીહરિ જ્યારે ખોલડિયાદ આવ્યા તે દિ' ગણેશચોથ હતી અને ત્યારે જીવા સિંધવને ઘેર રાત રહ્યા હતા. તેમણે ઘણા પ્રેમભાવથી શ્રીહરિને થાળ જમાડ્યો હતો અને વળતે દિવસ સવારમાં ત્યાંથી ચાલતા થયા. ૧૩-૧૪.

હવે ૧૮૬૯ ની વાત જે બાકી હતી તે કહું છું. જ્યારે દિવસ ચાર ઘડી બાકી હતો ત્યારે તૈયાર થયેલા શ્રીહરિ ચાલતા થયા. ૧૫. તે સમયે રૂડા સિંધવ પોતાની ઘોડી લાવ્યા. શ્રીહરિ તેના ઉપર બેઠા. અંગ ઉપર શ્વેત ધોતી પહેરી હતી. ૧૬. અને મસ્તક ઉપર શ્વેત રૂમાલ બાંધ્યો હતો. અને ધર્મના લાલે શ્વેત ચાદર ઓઢી હતી. તેઓ ગુંદિયાળા ગામના માર્ગે ચાલ્યા. સાથે એક રૂડા સિંધવને લીધા હતા. ૧૭. સૌ હરિભક્તો શ્રીહરિને પગે લાગ્યા. પછી શ્રીહરિ ચાલતા થયા. રસ્તે ચાલતા રૂડા સિંધવનું બાજરીનું ખેતર આવ્યું. ૧૮. રૂડા સિંધવે તે ખેતર શ્રીહરિને બતાવ્યું અને કહ્યું, 'અત્યારે બાજરી સુકાય છે. ગયે વર્ષે તીડ ઘણા આવ્યા હતા. અને બધુ પાકેલું અન્ન ખાઈ ગયા હતા. ૧૯. હવે જો વરસાદ નહિ થાય તો એક દુષ્કાળના ઉપર બીજો દુષ્કાળ કહેવાશે. જમીનમાં જેટલી જુવારની ખાણો હતી તે બધી ગયા વર્ષમાં ખાધી. ૨૦. ચાલીસ વર્ષથી ખાણોમાં જે જુવાર સાચવી હતી તે અત્યાર સુધી સૌએ ખાધી. પૈસા દેતા પણ ખાણની જુવાર જેવું અનાજ મળતું નથી. હવે ગરીબ લોકો કઈ રીતે જીવશે ? ૨૧. આજ તો માણસ માણસને ખાવા લાગ્યા છે. માગવા છતાં કોઈ ઘરેથી અન્ન મળતું નથી.

મારવાડ દેશના બધા લોકો અતિ રંક થઈ ગયા છે. તેમાંથી કેટલાક લોકો અહીં આવ્યા છે. ૨૨. ઝાલાવાડમાં જે જે ગામની નજીક નદી નથી હોતી અને ક્યારેય કૂવા કરાવ્યા નથી હોતા ત્યાં હમણાં અમે તે મારવાડી લોકો પાસે કૂવા કરાવીએ છીએ. ૨૩. આ દશ-વીશ કોશના વિસ્તારમાં કૂવામાં કડવું પાણી થયું છે. અહિયા બધા જ ગામ આવી રીતના છે. હવે અમારો નિર્વાહ તો આપ જેવા કરશે.' ૨૪. ત્યારે શ્રીહરિ બોલ્યા, બધું પરમેશ્વરનું

ધાર્યું થાય છે. જેટલા ભૂવાઓ અને પાખંડીઓ છે, તેના તમાશાને લોકો જુએ છે. ૨૫. અમને તો એવું જણાય છે કે લોકો ભૂવા અને પાખંડીઓનું જ્યાં સુધી માન રાખશે ત્યાં સુધી ઈન્દ્ર વરસાદ વરસાવશે નહિ. ૨૬. **જગતમાં પરમેશ્વરનું ધાર્યું થાય છે. ભૂવા અને પાખંડીઓનું કાંઈ ચાલતું નથી. લોકો તેને બરાબર તપાસીને જોતા નથી, તેથી તેઓ દુઃખી થાય છે. ૨૭.** આટલી વાત કહીને શ્રીહરિએ રૂડા સિંધવના ખેતરમાં જઈને ઘોડીને દોડાવી. પછી ત્યાંથી **ગુંદિયાળા** ગામ આવ્યા. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સિંધવ પરિવારનો સત્સંગ અને શ્રીહરિ ગુંદિયાળા પધાર્યા' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર પંદરમું : તરંગ - ૬

શ્રીહરિ નાગડકા અને બોટાદ થઈને ગઢપુરમાં રહ્યા

❋ ખોલડિયાદમાં રૂડા સિંધવના ખેતરમાં વરસાદ :

ગુંદિયાળા ગામમાં પચાણભાઈ નામે એક ચારણ હરિભક્ત રહેતા હતા. જે ઘણા શૂરવીરતાના અંગવાળા હતા. ૧. **શ્રીહરિ તેને ઘેર રાત રહ્યા. તેણે થાળ કરાવ્યો. તેને સત્સંગી જાણીને શ્રીહરિ તે થાળ જમ્યા. ૨. ત્યાં એક રાત રહ્યા. જ્યારે અધરાત થઈ ત્યારે એક રૂડા સિંધવના જ ખેતરમાં ભરપૂર વરસાદ થયો. ૩. દેશમાં ક્યાંય વરસાદ નહિ છતાં રૂડા ભક્તના ખેતરના વરસાદથી લોકોને ઘણું આશ્ચર્ય થયું. પછી શ્રીહરિ ત્યાંથી સવારે ચાલ્યા. રૂડાભક્ત સાથે હતા. ૪. ટુવા, વસતડી** અને **ચોકડી** ગામમાં સુખધામ શ્રીહરિ આવ્યા. રસ્તામાં કોઈ દેવીના સમાન સ્ત્રી મળી. દેખાવમાં તો તે અન્ય મનુષ્યના સમાન હતી. ૫.

શ્રીહરિ તેની વાસ્તવિક ગતિ-સ્થિતિને જાણતા હતા. એટલે તેની બધી જ વાત પૂછી. શ્રીહરિ ઘણી રીતે રમૂજ કરીને બોલતા કે, જેનાથી તે દેવીને શ્રીહરિનાં સ્વરૂપમાં સ્નેહ થાય. ૬. શ્રીહરિ જ્યારે ચોકડી ગામની નજીક

આવ્યા ત્યારે તે દેવતાઈ બાઈ અદૃશ્ય થઈ ગઈ. જે દેવતાઈ સ્ત્રી હતી તે ગામની અધિષ્ઠાત્રી દેવી હતી. ૭. બીજા લોકો તો એમ સમજતા કે, આ તો કોઈ ગામની સામાન્ય સ્ત્રી છે. શ્રીહરિ તેની સાથે રમૂજ કેમ કરતા હશે ? પણ શ્રીહરિ કોઈ અલૌકિક બાબત સિવાય કોઈ સ્ત્રીની સાથે રમૂજ કરતા નહિ. ૮. **કોઈ ચાહે તેવી રૂપાળી માયિક સ્ત્રીઓ હોય તો તેને પિશાચ અને ડાકણ કરતાં પણ વધારે ખરાબમાં ખરાબ દેખતા. ૯.**

પાતાળથી લઈને દેવલોક પર્યંતના જે લોકો માયિક પંચવિષયના સુખમાં સાર માને છે તેની સાથે શ્રીહરિ સ્વપ્નમાં પણ મહોબત રાખતા નહિ. ૧૦. તેવા વિષયી લોકોના ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને શ્રીહરિ અત્યંત અજ્ઞાનભર્યા જાણતા હતા. આવા વિષયી લોકોની વસ્તુઓને શ્રીહરિ સ્વીકારતા નહિ. ૧૧. શ્રીહરિની રીત સદાય આવી એકસરખી હતી. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ શુદ્ધમાં પણ અત્યંત શુદ્ધ દિવ્ય છે. શ્રીહરિ ચોકડી ગામથી ચાલીને **ભનીજડા** ગામ આવ્યા. ૧૨. તે પછી શ્રીહરિ **નાગડકા** ગામ આવ્યા. અને ત્યાં સુરા ખાચરના દરબારમાં આવ્યા. ૧૩. અષાઢ માસ પુરો થયો ત્યાં સુધી પોતાના ભક્ત સુરા ખાચરને સ્વસ્વરૂપનું સુખ આપવા માટે નાગડકામાં રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા. ૧૪. **બોટાદ** પુરમાં આવ્યા. હમીર ખાચરના દરબારમાં શ્રીહરિ ઊતર્યા. ત્યાં એક શ્રાવણ માસ સુધી રહ્યા. ૧૫. બોટાદમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. શ્રીહરિએ મસ્તક ઉપર બે માસથી કેશ રાખેલા હતા. ૧૬. ત્યાં દરબાર હમીર ખાચરે શ્રીહરિને વારંવાર વિનંતી કરી, ત્યારે શ્રીહરિએ માથાના કેશ ઉતરાવ્યા. પણ તે પછીએ મસ્તક ઉપર કેશ વધાર્યા હતા. ૧૭.

જ્યારે ભાદરવો માસ બેઠો ત્યારે શ્રીહરિ **ગઢપુર** આવ્યા. શ્રીહરિ સંધ્યા સમયે આવ્યા હતા અને નિલકંઠ મહાદેવના મંદિરમાં બેસી રહ્યા હતા. ૧૮. પછી દરબાર એભલ ખાચરને ખબર આપ્યા કે, આ દેશના (ભાવનગરના) રાજા અત્યારે ગઢપુરમાં રહ્યા છે, માટે જેમ તમે કહો તે રીતે અમે આવીએ. જે ઉપાય તમે બતાવો તેમ અમે કરશું. ૧૯. પછી એભલ ખાચરે એક ઉપાય બતાવ્યો અને તે રીતે શ્રીહરિએ કર્યું. દેવતાઓને અમૃતપાન કરાવવા માટે

ભગવાને મોહિનીરૂપ ધાર્યું હતું. ૨૦. **તેવું રૂપ ધારણ કર્યું કહેતાં સ્ત્રીનો વેશ ધાર્યો. અને દરબાર એભલ ખાચરને વશ થઈને રહ્યા. શ્રીહરિ ભક્તને વશ રહે છે. કેમ જે, ભક્તોને માટે જ શ્રીહરિએ મનુષ્ય તન ધારણ કર્યું છે. ૨૧.** શ્રીહરિ ભક્તજનોના મનને રાજી રાખવા માટે ભૂમિ ઉપર વિચરણ કરે છે અને ભક્ત સિવાયના તો જે રાજાઓ અને અતિ ધનાઢ્ય લોકો હોય તોપણ તેમના ઘરને શ્રીહરિ સ્મશાન સમાન માને છે. ૨૨.

✵ ભક્તની વિશેષતા :

चोपाई :

जिहाँ लग जग सुख में बंधाई, जो जो जन रहायेउ ताई;
हरि भजवे मन होत न कबही, राज पाये तोउ रंक रहे तबही...२३
ज्ञानी भक्त भगवानके जेते, समझत एसे रहत हि तेते;
भगवान कु भजत जन जेता, बाई भाई कहावत तेता...२४

दोहा : तन करी रहे रंक तोउ, इन्द्र भव विधि हि जेहि;
आपसे अधिक अति महा, मानत भयेउ तेहि...२५
इहाँ को सुख रहे जितनो, पलक में होत नास;
सुख में दुःख रहे कितने, करत नहि जन तपास...२६

જ્યાં સુધી મનુષ્ય જગતના પંચવિષયના સુખમાં બંધાઈને રહે છે ત્યાં સુધી તેને ભગવાનનું ભજન કરવાનું ક્યારેય મન થાતું નથી. રાજ્યને પામે તોપણ તે હરિવિમુખ રાંક જ રહે છે. ૨૩. જે ભગવાનનાં જ્ઞાની ભક્તો છે તેઓ આવું સમજે છે કે, જે કોઈ નરનારી ભગવાનનું ભજન કરે છે તેઓ દેહે કરીને ભલે રાંક હોય, છતાં ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવો પણ પોતાથી તે ભક્તને અતિ અધિક અને મહાન માને છે. ૨૪-૨૫. આ દુનિયામાં જેટલા સુખ છે તે બધા એક પલકવારમાં નાશ પામે છે. અને ભૌતિક સુખમાં પણ કેટલાયે દુઃખ રહ્યા છે. છતાં માણસ આવી બાબતમાં તપાસ કરતો નથી. ૨૬.

અજ્ઞાની મનુષ્ય સંસારનાં અલ્પ સુખમાં અંધધંધ થઈ બંધાઈને પડ્યો રહે છે. કોઈ દુઃખને સંભારતો નથી અને તેથી ભગવાનનું ભજન પણ

કરતો નથી. ૨૭. મનુષ્ય દેહને પામીને ભગવાનનું ભજન કરવું તે જ પોતાનું મુખ્ય કામ છે, એમ ભગવાનનો ભક્ત સમજે છે. અને તેથી જ તે તત્પર થઈને ભગવાનનું ભજન કરે છે. ૨૮. **ભગવાનનું ભજન કરવામાં જેવી મોટપ છે તેવી મોટપ રાજામાં તથા દેવમાં નથી. આવી બાબતને જે વિચારે છે તેને ભગવાન અતિશય પ્યારા લાગે છે. ૨૯. જેને ભગવાન ઉપર પ્રેમ રહે છે તેણે અનંત બ્રહ્માંડોને જીતી લીધા છે. અને તેણે બધા જ બ્રહ્માંડોની સમૃદ્ધિને વગર જીતે જીતી લીધી છે. ૩૦.** માયિક પંચવિષયના સુખોનો ત્યાગ કરીને જેને ભગવાનના ચરણમાં પ્રેમ થાય છે તેની પ્રશંસા મોટા દેવતાઓ પણ કરે છે. ૩૧. બ્રાહ્મણથી લઈને ચંડાળ પર્યંત બધા જ મનુષ્યોને ભગવાનનું ભજન કરવાનો અધિકાર છે; એમ મોક્ષનું પ્રતિપાદન કરનારા શાસ્ત્ર સ્પષ્ટપણે કહે છે. ૩૨.

શ્રીહરિ દરબાર એભલ ખાચરના ભવનમાં પધાર્યા ત્યારે દીવાઓ કર્યા. શ્રીહરિએ જે મોહિનીરૂપ ધારણ કર્યું હતું તેને દરબાર એભલ ખાચરે જોયું. ૩૩. પછી ભક્તમનરંજન દીનદયાળુ શ્રીહરિએ તત્કાળ તે રૂપને બીજા મનુષ્ય ન જાણે તે રીતે અદૃશ્ય કર્યું. પછી તો શ્રીહરિની જેવી મરજી દેખી તે રીતે દરબાર એભલ ખાચરે શ્રીહરિને રાખ્યા. જેવી મરજી હોય તેમ ત્યારે કરતા. એભલ ખાચર મહારાજની મરજી પારખવામાં અત્યંત ચતુર હતા. અને તેને લીધે શ્રીહરિ તેના ઉપર ભરપૂર પ્રેમ રાખતા હતા. ૩૪-૩૫.

ગોલોક અને વૈકુંઠ ધામમાં રાધા, લક્ષ્મી અને લલીતા જેવી અનંત સખીઓ, જેવી પ્રેમભાવનાથી ભગવાનની સેવા અને પૂજા કરી રહ્યા છે તે રીતે જ દરબાર એભલ ખાચરનો બધો જ પરિવાર સર્વોત્તમ ભક્તિભાવ દિલમાં લાવીને સતત શ્રીહરિની સેવા કરતો હતો. ૩૬-૩૭. દરબાર એભલ ખાચરનો બધો જ પરિવાર પરમદેવ(મુક્ત) હતો. ૩૮. **તેમણે સત્સંગ કરીને બંધનકારી સાંસારિક બધા જ સુખોનો ઊલટીના અન્નની જેમ ત્યાગ કર્યો હતો. ૩૯. તે બધો એભલ ખાચરનો પરિવાર રાત-દિવસ કથા, કીર્તન, ભજન, સ્મરણ અને ભગવાનનું ધ્યાન કરતો હતો અને અતિશય શ્રદ્ધાભાવથી પૂજા અને સેવા કરતો હતો. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિ નાગડકા અને બોટાદ થઈને ગઢપુરમાં રહ્યા' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥

પૂર પંદરમું : તરંગ - ૭

ઓગણતેરા કાળની ભીષણતા અને માનની કુટીલતા કહી

ખેતરમાં રહેલી મોલાત ઘૂંટણ સુધી આવી હતી. પરંતુ ફરીવાર વરસાદ નહિ થવાથી તે બધી મોલાત સૂકાઈ ગઈ હતી. ૧. દિવસે બપોર સુધી વાદળાની ઘટા છવાયેલી રહેતી હતી. માનો કે હમણાં જ વરસાદ આવશે એવું લાગતું. પરંતુ વરસાદનો એક છાંટો પણ પડતો નહિ. ૨. દિવસે વાદળાઓ રહેતા. બપોર સુધી સૂર્ય દેખાતો નહિ, પણ રાત્રે તો શરદઋતુની જેમ આકાશ સ્વચ્છ રહેતું હતું. ૩. મોલાત હતી તે બધી શ્રાવણ માસમાં જ સૂકાઈ ગઈ. અનાજ ઘણું મોંઘુ થયું. ધન આપવા છતાં અન્ન મળતું નહિ. ૪. સોનું, ચાંદી, હીરા અને સાચા મોતી કરતાં પણ અનાજ દુર્લભ થયું. પશુ, વાહન, મનુષ્ય અને સારા સારા કિંમતી વસ્ત્ર કરતાં પણ અનાજ અત્યંત દુર્લભ થયું. આખા દેશમાં ખોળવા છતાં પણ થોડુંએ અન્ન મળતું નહિ.

મારવાડમાં તો સંવત્ ૧૮૬૩ થી કેટલાય દુષ્કાળ પડ્યા હતા. ૫-૬. ત્યાંના મોટા મોટા જમીનદારો પણ રાંક થઈ ગયા હતા. અને વગર પગારે અમને નોકર રાખો એમ કહેતા હતા. ૭. તેઓ કહેતા કે, તમારી નજરમાં જે આવે તે અમને અન્ન આપજો. સડી ગયેલું, ઊતરી ગયેલું કે જેવું હોય તેવું અન્ન અમને આપજો. ૮. લૂખું કે કોરું અન્ન અમને એક વખત જ આપજો. જેમ તેમ કરીને અમને નભાવી લો. છતાં પણ તે ભૂખ્યાને કોઈ રાખતા નહિ અને એવું તેમને અન્ન અતિ દુર્લભ થયું હતું. ૯. તે લોકોને ખડધાન-મોથ કે થેગ પણ ખાવા મળતી નહિ. તેમના શરીર પર વસ્ત્ર જૂના થઈ ગયા હતા. અને કેટલાક તો વગર વસ્ત્રે ફરતાં રહેતા હતા. ૧૦. **જ્યાં કૂવા હતા ત્યાં કોશ હાંકવાની તૈયારી કરી પરંતુ કૂવામાં પૂરતું પાણી ન હતું. કોઈ** જગ્યાએ

પશુઓને ઘાસ મળતું નહિ તેથી તે ભૂખ્યા પશુઓ મરી જતા હતા. ૧૧. ગામેગામ અપાર પશુઓ મરવા લાગ્યા અને અનાજ વિના અપાર મઉ(ભૂખ્યા અને દુઃખી લોકોના ટોળા) મરવા લાગ્યા. મનુષ્ય મનુષ્યને ખાવા લાગ્યા. શ્રીહરિએ આવી પરિસ્થિતિ તે વખતે સાંભળી. ૧૨.

આવા વિષમ સમયને જોઈને શ્રીહરિના દિલમાં અત્યંત દયા આવી. અને તેથી જનરક્ષક, ભક્તપ્રતિપાલક શ્રીહરિ સ્વયં ગુપ્ત રહેવા લાગ્યા. ૧૩. શ્રીહરિ દરબાર એભલ ખાચર પાસે રોજ ખીચડી કરાવીને રાતે એક વખત ભૂખ્યાઓને અપાવતા હતા. ૧૪. જ્યાં જ્યાં દુકાનોમાં કે બજારમાં રંકજનો ભૂખ્યા બેઠા હોય ત્યાં તેમને એક એક શેર ખીચડી અપાવતા હતા. ૧૫. રાતે મશાલ કરીને રંકજનોને ખીચડી આપતા એટલે તે રંકલોકો માતા-પિતાની પાસેથી લે તેમ અતિ પ્રસન્ન મનથી તે અન્નને અતિશય માનીને લેતા હતા. ૧૬.

જે કાઠી લોકો ભૂખે મરતા હતા તે બધા જીવા ખાચરના દરબારમાં ઘણા નિર્વાહ કરવા આવ્યા હતા. ૧૭. જીવા ખાચર પાસે પણ અન્નનો કાંઈ સંગ્રહ રહ્યો નહિ. તેઓ તો ઘણા આબરુદાર હતા એટલે કોઈને ક્યારેય ના કહી શકતા નહિ. ૧૮. પછી શ્રીહરિએ તેમને બોલાવીને પૂછ્યું કે, તમારા ઘરમાં અનાજ કેટલું રહ્યું છે ? ત્યારે દરબાર જીવા ખાચરે હાથ જોડીને કહ્યું, હવે તો અમારી લાજ આપને રાખવાની છે. ૧૯. મેં મરવાનો નિશ્ચય કર્યો છે એ વાત આપને છેલ્લીવાર કહી દીધી છે એમ જાણો.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે ચિંતા કરશો નહિ, અમે તમારી મદદમાં છીએ. ૨૦. તમે જે રીતે અન્ન આપો છો તે રીતે આપતા રહો. જ્યારે અન્ન ખૂટી જાય ત્યારે અમને કહેજો. જીવા ખાચરને આમ કહ્યા પછી શ્રીહરિએ નિષ્કામવૃત્તિવાળા નિષ્કુળાનંદસ્વામી અને પરમહંસાનંદસ્વામી એ બન્નેને પોતાની સમીપે બોલાવ્યા. પછી તે બન્ને મુનિઓને આજ્ઞા કરી કે, તમારે બન્નેએ અમારા વચન પ્રમાણે કુશળતાથી કરવું. ૨૧-૨૨. તમારે બન્નેએ એક વર્ષ સુધી જીવા ખાચરની પાસે રહેવું. તેમણે સંતોને માટે જે જાયગા

બાંધી છે, તેમાં જઈને તમે રહો. ૨૩. તમારે ગામમાં જઈને તપાસ કરી ત્રણ વર્ણમાં ભિક્ષા માંગવી. અને તે ભિક્ષાન્ન તમારે જમવું. તે પછી વધેલું પ્રસાદીનું જે અન્ન હોય તે દરબાર જીવા ખાચરે રોજ લેવું; આવા વચન શ્રીહરિએ કહ્યા. ૨૪-૨૫.

દશ-બાર જણ રોજ જમી શકે એટલું તે પ્રસાદીનું અન્ન થતું. તેને જીવા ખાચર પોતાના બધા કુટુંબ સાથે રોજ ભાવથી જમતા હતા. ૨૬. પછી શ્રીહરિએ કારિયાણીના દરબાર વસ્તા ખાચરને પોતાની પાસે બોલાવ્યા અને તેમને કંઈક કહ્યું. ૨૭. શ્રીહરિએ જેમ કહ્યું તે રીતે વસ્તા ખાચરે કર્યું. અને પછી શ્રીહરિએ અતિ મનમાં પ્રેમ લાવીને અલૈયા ખાચરને કહ્યું પણ તે સાંભળતા જ રહ્યા. ૨૮.

તેણે સાંભળ્યા પછી શ્રીહરિને ઉત્તર ન આપ્યો. યોગ્ય સમયે તે શ્રીહરિને રાજી કરી શક્યા નહિ. જો કે શ્રીહરિને સૌથી વધારે અલૈયા ખાચરનો વિશ્વાસ હતો. ૨૯. તે દિવસ સુધી શ્રીહરિએ મુક્તાનંદસ્વામી કરતાં પણ અલૈયા ખાચરને વધારે મહત્ત્વ આપ્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણે જે રીતે અર્જુનનું મહત્ત્વ રાખ્યું હતું તે રીતે જ શ્રીહરિએ અલૈયા ખાચરનું અધિક માન રાખ્યું હતું. તેથી જ અલૈયા ખાચરના મનમાં તેનું વધારે માન રહ્યું હતું. ૩૦.

✵ માનની દુષ્ટતા :

જ્યારે રાધિકાજીને માન આવ્યું ત્યારે તે શ્રીકૃષ્ણ ભગવાન પાસે માન રાખવા લાગ્યા. પછી દોષનું બધું જ લશ્કર તે માનની સહાય કરવા રાધિકાજીમાં આવ્યું. ૩૧. **માન દોષ આવ્યા પછી તે દોષમાં પણ અનેક ગુણ લેવા લાગ્યા. પછી નિર્દોષમાં રહેલા અપાર ગુણોમાં ઘણા દોષ દેખવા લાગ્યા. ૩૨.** દોષના લશ્કરના ગુણોને એક ભગવાન જ જાણે છે અને બીજા સુબુદ્ધિવાળા જે સંતજનો હોય છે તે જાણે છે. પણ કુબુદ્ધિ સંત તેને જાણી શક્તા નથી. ૩૩. જે સંત દુર્બુદ્ધિવાળા છે તે નિર્દોષ વ્યક્તિમાં પણ અત્યંત દોષ દેખાડે છે. વાતમાં જેવો પેચ રહ્યો છે તેવો પેચ બીજી કોઈ વસ્તુમાં હોતો નથી. ૩૪.

※ સરળતા એટલી સાધુતા :

चोपाई :

बात के पेच न जानत जितना, सरल बुद्धि संत रहे तितना;
सरल बुद्धि रहे जिहाँ लगहू, संतता जानहु तिहाँ लगहु...३५
पेच कर बात करे जितना, कुटील असाधु जानना तितना;
भगवान मीले को फल इतनो, सरलता जेती पावे तितनो...३६

જે જેટલા વાતના પેચને નથી જાણતા તે સંત તેટલા સરળ બુદ્ધિના છે. જ્યાં સુધી સરળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમાં સાધુતા રહી છે, તેમ જાણવું. ૩૫. પેચ કરીને જેટલી વાત કરવામાં આવે છે તેટલી તેમાં કુટિલતા અને અસાધુતા છે એમ જાણવું. **જેટલી સરળતા પ્રાપ્ત થાય તેટલું ભગવાનના મેળાપનું ફળ છે.** ૩૬.

दोहा : भगवान मिले तो कहा, सिखे न सरलता जोउ;
दीन दीन जो सरलता, सिखना फल हे सोउ...३७
जिहाँ लग शिखे न सरलता, संत भये का होइ;
हरिजन हि भये तो कहा, जन ठगन हे दोइ...३८

જો જીવનમાં સરળતા ન શીખ્યા તો ભગવાન મળ્યાનું ફળ શું ? એટલે દિન-પ્રતિદિન સરળતા શીખવી; એ ભગવાન મળ્યાનું ફળ છે. ૩૭. જ્યાં સુધી સરળતા ન શિખાય ત્યાં સુધી સાધુ થયા તોપણ શું ? અને હરિભક્ત થયાથી પણ શું થયું ? તે બંને જણ માણસને ઠગનારા જ છે. ૩૮. **જેમાં સરળતા છે તેમાં ભગવાન પ્રગટ વસી રહ્યા છે. અને જેમાં સરળતા ન હોય ત્યાં અધર્મસર્ગના દોષો રહે છે.** ૩૯. જે આત્મદર્શી છે તેને આ વાત સમજાય છે પણ જે દેહદર્શી છે તેને સમજાતી નથી. તેને તો નીરમાં પણ સ્થળ દેખાય છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ઓગણતેરા કાળની ભીષણતા અને માનની કુટિલતા કહી' એ નામે સાતમો તરંગ સમાપ્ત ।।૭।।



પૂર પંદરમું : તરંગ - ૮

નિષ્કપટતાથી ગંગાધર શાસ્ત્રી પર શ્રીહરિનો રાજીપો

दोहा : सरल स्वभाव जीतनेइ, आत्मदर्शी होत;
सरल स्वभाव न तीतने, देहदर्शी उद्योत...०१
धर्म भक्ति वैराग्य अरु, शुद्ध ज्ञान ही जोउ;
सरल स्वभाव जो ताहिमें, निवास करत हे सोउ...०२

सोरठा : सरल स्वभाव न जाहि, ज्ञान भक्ति धर्म वैराग हि;
वरतन में अति ताहि, देखावत जन ठगन हित...०३

જેટલા મનુષ્ય સ્વભાવથી સરલ હોય છે તે આત્મદર્શી થાય છે. અને જે સ્વભાવથી સરલ નથી હોતા તે મનુષ્ય દેહદર્શી-દેહાભિમાની થાય છે. ૧. જે સ્વભાવથી સરલ હોય છે તે મનુષ્યમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને શુદ્ધ જ્ઞાન નિવાસ કરીને રહે છે. ૨. સ્વભાવથી જે સરલ નથી તેના ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન વર્તનમાં ભલે અતિશય દેખાતા હોય પણ તે લોકોને ઠગવા માટેના હોય છે.૩. જે મનુષ્યો સરલ નથી હોતા તેઓ પોતાની કીર્તિ વધારવા માટે જેટલા કઠણ કહેવાય છે તેવા સાધનોને કરે છે. ૪. દરબાર વસ્તા ખાચર સ્વભાવથી સરલ હતા, એટલે જેમ શ્રીહરિએ કહ્યું તેમ તેમણે તરત કર્યું. દુષ્કાળમાં તેમણે શ્રીહરિની પૂજા કરી અને એક હજાર રૂપિયા શ્રીહરિ આગળ ધરી દીધા. ૫.

તે સમયે ગઢપુરના દરબાર જીવા ખાચર શ્રીહરિની પાસે આવીને બેઠા હતા. શ્રીહરિએ તે બધા રૂપિયા ઘણા હેતથી જીવા ખાચરને તરત આપી દીધા. ૬. તે સિવાયના કેટલાક રૂપિયા જ્યારે શ્રીહરિની પૂજામાં આવ્યા ત્યારે સુખદાયક શ્યામસુંદર શ્રીહરિએ જીવા ખાચરને બોલાવીને તે રૂપિયા આપી દીધા. ૭. કરિયાણા ગામમાં જે ખાચર કાઠી દરબારો બધા સત્સંગી હતા, શ્રીહરિએ તેમને એભલ ખાચરના કેટલાક રૂપિયા દુષ્કાળ સમયમાં અપાવ્યા હતા. ૮. આ રીતે શ્રીહરિએ દુષ્કાળના સમયમાં ઘણા પ્રેમથી દરબાર જીવા ખાચરને સહાયતા કરી હતી. જ્યારે અનાજ ખૂટતું ત્યારે અનાજ અપાવતા, તે સિવાય બીજી પણ મદદ કરાવતા હતા. ૯. **બધી જ**

વાત શ્રીહરિના હાથમાં છે. શ્રીહરિ કરે અને કહે તે શું ન થાય ? આવી સહાયતાથી શ્રીહરિના ઉપર ભક્તોને જે અપાર હેત થયું હતું તે મુખથી કહી શકાતું નથી. ૧૦. દરબાર જીવા ખાચરને ઘેર જીવન નિર્વાહ માટે જેટલા કાઠી આવતા હતા તે બધાને સત્સંગમાં જ્યાં સંતો રહેતા હતા ત્યાં નિર્વાહ માટે શ્રીહરિ મોકલતા હતા. ૧૧. શ્રીહરિએ દરબાર જીવા ખાચરની જેટલી સંભાળ રાખી હતી તે બધી ગ્રંથમાં લખી શકાતી નથી. શ્રીહરિ જ્યારે ઝાલાવાડ દેશમાં ફરીને ગઢપુર પાછા આવ્યા તે વાત હવે કહું છું. ૧૨.

જળઝીલણી એકાદશી, વામન દ્વાદશી, દશેરા, શરદપૂનમ, દિવાળી, અન્નકોટ, ૧૩. પ્રબોધની એકાદશી, વસંતપંચમી અને શિવરાત્રી આટલા ઉત્સવો શ્રીહરિએ ગઢપુરમાં રહીને કર્યા. ૧૪. શ્રીહરિ ભાદરવા માસમાં જ્યારે ગઢપુર આવ્યા ત્યારે એક મોટા શાસ્ત્રી આવ્યા હતા. તે વાત કહેવાની રહી ગઈ છે એટલે હવે કહું છું. ૧૫. તે ગંગાધર નામે શાસ્ત્રી વડોદરામાં રહેતા હતા. તેઓ ગાયકવાડ અને અંગ્રેજોનું કામ કરતા હતા. ૧૬. તેઓ ગાયકવાડ અને અંગ્રેજ બન્ને રાજાના કારભારી હોવા છતાં અંગ્રેજના મુખ્ય કારભારી હતા. તે જ્યારે ગઢપુર આવ્યા ત્યારે દરબાર એભલ ખાચરને ગરાસ નિમીત્તનું દુઃખ આવ્યું હતું તે બધું તેમણે સાંભળ્યું. શ્રીહરિની ઈચ્છાથી અહીં આવીને તેમણે તે બધું દુઃખ દૂર કર્યું.

જ્યારે કોઈ હરિભક્તને કાંઈપણ દુઃખ આવે છે ત્યારે શ્રીહરિ હરકોઈ દ્વારા તે દુઃખને ટાળે છે. ૧૭-૧૮. ભગવાન ભક્તોને જે દુઃખ ટાળી સુખ કરે છે તેને કોઈ જાણી શકતું નથી. અનાદી કાળથી ભગવાનની એવી રીત રહી છે. ધર્મકુમાર શ્રીહરિ દર વર્ષે ઈન્દ્રના દ્વારા વરસાદ કરાવે છે. ૧૯. તે શ્રીહરિની જ્યારે મરજી ન હોય ત્યારે ઈન્દ્ર વરસાદ વરસાવતા નથી. ભવ અને બ્રહ્માદિક જે દેવો છે તે પણ શ્રીહરિની મરજી પ્રમાણે વર્તે છે. ૨૦. જો કોઈ રાજા અને મનુષ્ય શ્રીહરિની મરજીથી વિરુદ્ધ વર્તતા હોય તો તેમને શ્રીહરિ હરકોઈ દ્વારા કષ્ટ પ્રાપ્ત કરાવે છે. ૨૧. શ્રીહરિ લેશમાત્ર પણ દોષને પોતાને શીર લેતા નથી. પોતે સદા નિર્દોષ રહે છે. સ્વયં કર્તા

હોવા છતાં નિર્દોષ રહેવું એવું કામ ભગવાન સિવાય બીજા કોઈને આવડે નહિ, તે જાણી રાખવું. ૨૨.

આ બ્રહ્માંડના જે પંચમહાભૂતો છે તે પણ શ્રીહરિનું ભજન કરીને નિર્દોષ થયા છે. અને તેનાથી તેને કોઈ વિકાર લાગતો નથી, પણ તેઓ સદા અવિકારી રહે છે. ૨૩. ભગવાનની ઉપાસના કરવાથી નિર્લેપતા-નિર્દોષતા ગુણ પ્રાપ્ત થાય છે. તો પછી ભગવાન અત્યંત નિર્લેપ રહે જ. ભગવાન સિવાય બધું જ અધૂરું-અપૂર્ણ છે. ૨૪. તે ગંગાધર શાસ્ત્રીએ આવીને દરબાર એભલ ખાચરને જે દુઃખ હતું અને ભાયાતોના વારસાનો જે કલેશ હતો તેને પણ આધારભૂત ચોક્કસ લેખ કરાવીને ટાળી દીધો હતો. ૨૫. તે લેખ પાકો કરાવ્યો અને અંગ્રેજ રાજ્યમાં પણ પ્રમાણભૂત કરાવ્યો. પછી દરબાર એભલ ખાચરે ગંગાધર શાસ્ત્રીને એક અમૂલ્ય રજાઈ ભેટ આપી. ૨૬. દરબાર એભલ ખાચરના કષ્ટ નિવારણની વાત જ્યારે શ્રીહરિએ સાંભળી ત્યારે તે ગંગાધર શાસ્ત્રી ઉપર ઘણું રાજી થયા. ૨૭.

ઠાકોર આતાભાઈના પાટવી કુંવર રાજકોટ ગયા હતા. ત્યારે ત્યાં આવેલા અંગ્રેજ બાકર સાહેબે તે પાટવી કુંવરને લેણ-દેણના નિમિત્તે અટકમાં રાખ્યા હતા. તે બાબત માટે ઠાકોર આતાભાઈ ગંગાધર શાસ્ત્રીને મળવા ગઢપુર આવ્યા હતા. ૨૮-૨૯. ગંગાધર શાસ્ત્રી તે વખતે દસ-બાર દિવસ ગઢપુરમાં રહ્યા અને તે રકમની લેણ-દેણ બાબતનો નિકાલ કરીને પાટવી કુંવરને તત્કાળ છૂટા કરાવ્યા. ૩૦. ગંગાધર શાસ્ત્રીએ આ રીતે મોટા મોટા રાજાઓના પણ જે કામ કર્યા હતા તેમાં તેણે ક્યારેય કોઈની લાંચ લીધી ન હતી. તેથી શ્રીહરિ તેમના ઉપર રાજી થયા હતા. ૩૧. કોઈ મનુષ્યમાં સારો એકાદ પણ ધર્મનો ગુણ હોય તો શ્રીહરિ તેના ઉપર ઘણું રાજી થતા હતા. આ રીતે શ્રીહરિ ધર્મના ઉપર અપરંપાર હેત રાખતા હતા. ૩૨.

✻ નિષ્કપટી હોય તે જ ભક્ત છે :

चोपाई :

निष्कपट धर्म देखत जाके, श्रीहरि देखिके तबहि ताके;
प्रसन्न होत लगत न वारा, कपटी पर रिजवे करत विचारा...३३

जो जो साधन कहावत तामें, निष्कपटता देखत हि जामें;
एक साधन पर अपार जोऊ, हरि रीजत ततकाल हि सोऊ...३४
निष्कपटता सरलता जेसे, जो जो गुन होय जन में तेसे;
ता पर हरि की प्रसन्नता जेती, होवत हे ततकाल हि तेती...३५

શ્રીહરિ જેમાં નિષ્કપટધર્મ દેખતાં તેના ઉપર તરત જ પ્રસન્ન થતા હતા. કાંઈ વાર લાગતી નહિ, પણ કપટી ઉપર રાજીપો પ્રગટ કરતાં ખચકાતાં હતા. ૩૩. જે જે ઉત્તમ સાધનો કહેવાય છે તેમાં જ્યાં નિષ્કપટતાને શ્રીહરિ દેખતાં ત્યાં તે એક સાધનના કારણે જ શ્રીહરિ તત્કાળ ઘણું ઘણું રીઝતા હતા. ૩૪. મનુષ્યમાં નિષ્કપટતા અને સરળતા જેવા જે જે ગુણ હોય તેને દેખીને તેટલો તેના ઉપર શ્રીહરિનો તત્કાળ રાજીપો થતો હતો. ૩૫.

કેટલીયે વખત મેં મારી આ આંખે પ્રત્યક્ષ જોયું છે કે, **કપટી મનુષ્ય કરોડો સાધન કરે તોપણ તેના ઉપર શ્રીહરિજી મહારાજ ક્યારેય રાજી થતા નહિ.** ૩૬.જે મનુષ્ય કપટી હોય અને કુટીલ હોય તે ઉપરથી ભલે અપાર સરળતાને દેખાડતા હોય છતાં તેઓ છેવટે અપાર દુઃખી થાય છે. ૩૭. યથાર્થ વાતને તો એક શ્રીહરિ જ જાણે છે. બીજા તો જ્યાં સુધી રજોગુણ અને તમોગુણ હોય છે, ત્યાં સુધી યથાર્થ વાતને દેખી શકતા નથી. ૩૮. આ શરીર રજોગુણ અને તમોગુણ પ્રધાન છે. તેથી જીવ જ્યાં સુધી દેહરૂપે રહે છે ત્યાં સુધી તે મનુષ્યનાં વચન રજ અને તમરૂપી ઝેરથી ભળેલા રહે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'નિષ્કપટતાથી ગંગાધર શાસ્ત્રી પર શ્રીહરિનો રાજીપો થયો' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર પંદરમું : તરંગ - ૯

માનવજીવનની અસારતા અને સત્સંગની શ્રેષ્ઠતા

જ્યારે ચોક્કસ ઉપાય મળી જાય ત્યારે ઝેરના ગુણોને પણ તરત જ ફેરવી શકાય છે. તેમાં કાંઈ વાર લાગતી નથી. ૧. જે બાબતના જેટલા કામ હોય છે તેટલા તેના ઉપાય પણ હોય છે. કામ અને ઉપાયના મેળ વિના બીજા કોઈ ઉપાયથી કાર્ય સિદ્ધ થતું નથી. ૨. જ્યાં જેવું કામ હોય ત્યાં તેવો ઉપાય એક વખત સુખધામ શ્રીહરિ કરતા હોય છે. ૩. જેનાથી જે કામ થતું હોય તેનાથી જ તે કામ સુધરી શકે છે. યોગ્ય ઉપાયરૂપ સાધન વિના ક્યારેય કોઈ કામ સુધરતું નથી. ૪.

☼ પ્રત્યક્ષથી જ મોક્ષ :

चोपाई :

मोक्षको काम जीतनो जोऊ, प्रत्यक्ष हरि से होवत सोऊ;
प्रत्यक्ष हरि से मोक्ष होवत जेसा, ओर कोइसे न होवत तेसा...०५
ओर से होवे मोक्ष हि जबहु, हरि कु भजे नहीं कोउ तबहू;
मोक्ष करनको काम जेहू, हरि आप में रखे हे तेहू...०६
मोक्ष करनको वचन जेही, जो जनकु हरि देवत तेही;
हरि के वचन से जन जेहा, कोटि जनके मोक्ष करे तेहा...०७

મોક્ષરૂપી પુરુષાર્થનું કામ જે છે તે પ્રત્યક્ષ શ્રીહરિથી જ થાય છે. પ્રત્યક્ષ શ્રીહરિથી મોક્ષરૂપી પુરુષાર્થ જેવો સિદ્ધ થાય છે તેવો અન્ય કોઈ ઉપાયથી થાતો નથી. ૫. ભગવાન સિવાય બીજા દ્વારા જો મોક્ષ થઈ શકતો હોય તો કોઈ ભગવાનને ભજે જ નહિ. વાસ્તવમાં મોક્ષ કરવાનું જે કામ છે તેને શ્રીહરિએ પોતાના હાથમાં જ રાખ્યું છે. ૬. શ્રીહરિ જે પોતાના ભક્તજનને અન્ય જીવોનો મોક્ષ કરવાનું વચન આપે તો શ્રીહરિનાં વચનથી જ તે ભક્તજન કરોડો જીવોનો મોક્ષ કરી શકે છે. ૭.

શ્રીહરિના વચનમાં ઘણું ભારે સામર્થ્ય રહ્યું છે, જો વિચાર કરીએ તો દેખ્યામાં આવે છે; આવા વિચાર વિનાના જે તુચ્છ લોકો હોય છે તેઓ તો જમપૂરીમાં ઘણો જ માર ખાય છે. ૮. શુભ વિચાર વગરના જેટલા લોકો છે

તે બધા જન્મ-મરણના દુ:ખને પામે છે અને વારંવાર લખચોરાશીમાં ભટકતા રહીને તેમાં દુ:ખને પામે છે. ૯. આવા વિચારો જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી જીવને અનંત દુ:ખ અનેક કલ્પ સુધી વેઠવું પડે છે. શુભ સદ્‌વિચાર વિના સુખ મળતું નથી. ૧૦. મનુષ્યને શુભ વિચાર કર્યા સિવાય ક્યારેય સત્સંગનો યોગ થતો નથી. **જે રાજ્યસંપત્તિ, ધનસંપત્તિ અને દેવતાઈ સંપત્તિ કહેવાય છે તથા તે સિવાય પણ જે જે અધિક ભૌતિક સંપત્તિ છે તે બધી ભગવાનના ભજનમાં વિઘ્નકારી છે, એમ કહ્યું છે. જે ભક્તને દિવ્ય સુખ પ્રાપ્ત થયું હોય તે ભક્ત તો ઉપર કહેલી રાજ્ય આદિકની બધી સંપત્તિને નરકમાં પણ અત્યંત ઘોર નરક કહે છે.** ૧૧-૧૨.

જેટલું દિવ્ય સુખ છે તે જ ખરું સુખ કહેવાય છે. તે સિવાયનું જે સુખ છે તે તો અંતે દુ:ખરૂપ જ દેખાય છે. ૧૩. જે આવી સમજણનો જેટલો વિચાર કરે છે તેનો તેટલો જીવનકાળ સફળ ગયો જાણવો અને તે વિનાનો જીવનકાળ અસાર અને નિરર્થક ગયો કહેવાય. ૧૪. જેને નિરર્થક અને અસાર સુખ કહ્યું છે તેમાં જ ચૌદે લોકના બધા લોકો રાત-દિવસ સાર માનીને લાગ્યા રહે છે. થોડીવાર પણ જંપતા નથી. ૧૫. જે મનુષ્ય નિરર્થક સુખમાં પણ સાર માનીને લાગ્યો રહે છે તેને જ્યાં સુધી સારરૂપ સુખનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી તે ઘણો જ હેરાન થાય છે. ૧૬. મનુષ્યને અસાર પદાર્થમાં જ્યાં સુધી સાર દેખાય છે ત્યાં સુધી તે અસાર માર્ગનો ત્યાગ કરતો નથી, પણ વિષ્ઠાના ગીંગાની જેમ તેમાં લાગ્યો રહે છે. ૧૭. મનુષ્યને જ્યાં સુધી સત્સંગનો જોગ નથી થાતો ત્યાં સુધી તે અસાર વસ્તુમાં પણ અપાર સાર માનતા-મનાવતા રહે છે. ૧૮.

કોઈ મનુષ્ય ચાહે તેવી વિશાળ બુદ્ધિવાળો હોય કે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ચલાવતો હોય, ભૂમિ ઉપરના જેટલા ધન, પશુ, વાહન, સ્ત્રી, ઘરેણાં અને વસ્ત્રો તથા ભૌતિક પંચવિષયના પદાર્થમાત્ર પોતાના કબજામાં રાખતો હોય, ભૂમિ ઉપરના મનુષ્યમાત્ર જેની આજ્ઞામાં રહેતા હોય, છતાં તે જ્યારે સુષુપ્તિ અવસ્થામાં જાય છે ત્યારે તેને ઉપર ગણાવેલી એકપણ વસ્તુ નજરે ચઢતી નથી અને તે એકપણ વસ્તુની સ્મૃતિ પણ રહેતી નથી.

રોજ સુષુપ્તિ અવસ્થામાં તેના માટે તે વસ્તુમાત્રનો અત્યંત પ્રલય થઈ જાય છે. ૧૯-૨૧. મનુષ્યના અર્ધા આયુષ્યને તો સુષુપ્તિ અવસ્થા હરી લે છે, નાશ કરી દે છે. તેના દિવસ-રાત, પખવાડિયું, માસ અને વર્ષ આકાશમાં ચાલતા વાદળાની જેમ ચાલ્યા જાય છે. ૨૨.

જેટલો સમય જાય છે તેટલી આવરદા ઓછી થાય છે, પણ મનુષ્ય પોતાને હું મોટો થયો, તેમ નિત્ય માને છે અને તેનાથી હરખાય છે. પણ આવરદાનો નાશ થયો તેને દેખતો નથી. ૨૩. મનુષ્ય મોહથી, અજ્ઞાનથી નવી-નવી આશાઓને કરતો રહે છે અને જિંદગીનો નાશ કરે છે. આ રીતે અનંત દેહનો નાશ થવા છતાં મોહ અને અજ્ઞાન તો તેવાને તેવા જ રહે છે તેનો નાશ થતો નથી. ૨૪. સત્સંગના જોગ વિના મનુષ્યના અપાર મોહ અને અજ્ઞાન દિન-પ્રતિદિન અધિક વધતાં જ રહે છે. અને તેને લીધે તેનો સંસારથી ઉદ્ધાર થતો નથી. ૨૫. મનુષ્ય મોહ અને અજ્ઞાનને શત્રુના રૂપમાં ઓળખતો નથી, પરંતુ તેને પરમમિત્ર માને છે. અને તેથી જ તેને લગાર પણ દૂર કરતો નથી. ૨૬. સત્સંગના યોગ વિના જીવ જેટલા જેટલા સંસારસાગરમાં ડૂબાડનારા છે તે બધાને મિત્ર કરીને માને છે. ૨૭. પૂર્વે પ્રહ્લાદજી અને પ્રિયવ્રતના જેવા જે મોટા મોટા રાજાઓ થયા હતા. તેમણે અનુપમ સત્સંગ કર્યો હતો અને ભૌતિક સુખોને મળ જેવા માન્યા હતા. ૨૮. જે લોકો કેવળ નામમાત્રનો જ સત્સંગ કરે છે અને જેને સત્સંગની ખરી સમજણ નથી તેઓ સત્સંગ કરવા છતાં ઘટી જાય છે. ૨૯.

सत्संग की समझ हे एसी, ओर कोउ समज नहीं तेसी;
अमृत आगे रस ही अपारा, अमृत से सार न लगत लगारा...३०

સત્સંગની જેવી સમજણ છે તેવી બીજી કોઈ સમજણ નથી. બીજા અનેક પ્રકારના રસ હોય પણ તે અમૃતની તુલનામાં લગાર પણ સારરૂપ જણાતા નથી. ૩૦. ગરુડ અને વિમાન જેવા જે વાહનો છે તેની તુલનામાં બીજા બધા વાહન ક્યારેય સર્વોત્તમ દેખાતા નથી. તે રીતે જ સત્સંગની સમજણ આગળ બીજી કોઈ સમજણ ઉત્તમ લાગતી નથી. ૩૧. સોનું, હીરા, માણેક અને મોતી બીજી બધી જ ધાતુઓમાં સર્વોત્તમ ગણાય છે. તે

રીતે જ બીજી બધી સમજણ કરતાં સત્સંગ સર્વોત્તમ રહ્યો છે અને તેનું મૂલ્ય અત્યંત અધિક કહેવાય છે. ૩૨. જે વસ્તુ સર્વોત્તમ હોય છે તેની વાત પણ સર્વોત્તમ કહેવાય છે અને તેની સમજણ પણ સર્વોત્તમ હોય છે. જેને જેવી સમજણ હોય તેમાં તેવા ગુણ આવે છે અને ગુણે કરીને તે મનુષ્ય ઉત્તમ દેખાય છે. ૩૩. જેમાં જેટલો સર્વોચ્ચ ગુણ હોય છે તે તેટલું દેખ્યામાં આવે છે અને તે ગુણ તેની તેટલી મોટાઈ પણ દેખાડી દે છે. પોતામાં રહેલો ગુણ તે સિવાયના બીજા ગુણોને પણ દાખલ થવાનું દ્વાર બને છે. ૩૪.

समझ रहाये जाकु जितना, सत्संग ताहि जानना तितना;
घर में संपत जाकु जेसी, बडता ताकि कहावत तेसी...३५

सत्संग करन कि हे यह रीता, समझ में आवत तिमि करीता;
सत्संग को महिमा हि जोऊ, पार न पावत ताको कोऊ...३६

સંસાર વ્યવહારમાં જેનાં ઘરમાં જેટલી વધારે સંપત્તિ હોય તેટલી તેને મોટાઈ કહેવાય છે, તે રીતે જ જેમાં જેટલી સર્વોત્તમ સમજણ હોય છે તેટલો તેનો સત્સંગ શ્રેષ્ઠ જાણવો. ૩૫. સત્સંગ કરવાની આ એક રીત છે અને તે રીતથી જ સત્સંગ સમજાય છે. સત્સંગનો જે અપાર મહિમા છે, તેના પારને કોઈ પામતો નથી. ૩૬. કદાચ કોઈ અમાપ આકાશનો પાર પામે, તેમજ સમુદ્રની ગંભીરતાને માપે, ભૂમિના રજકણ અને વરસાદના બિંદુઓનો કોઈ માપ કરે, આ બધી જે અમાપ વસ્તુ છે તેના કરતાં પણ સત્સંગ અધિક વિશેષ છે. જેનામાં જેવી બુદ્ધિ હોય તેવો તે સાર દેખે છે. ૩૭-૩૮. જેટલી અલૌકિક બાબત છે તે બધી સત્સંગમાં રહી છે. સત્સંગ સાક્ષાત્ મોક્ષ કરનારો છે, તે માયિક મનુષ્યને દેખાતો નથી. ૩૯. જે માયિક મનુષ્ય છે તેની બધી સમજણ પણ માયિક જ હોય છે. જમીન ઉપર ચાલનારાને આકાશમાં ગતિ કરનારાનું કાંઈ જ્ઞાન હોતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'માનવજીવનની અસારતા અને સત્સંગની શ્રેષ્ઠતા કહી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર પંદરમું : તરંગ - ૧૦

મનોનિગ્રહની આવશ્યકતા અને સત્સંગનો મહિમા

જેટલું દિવ્ય સુખ છે તે સત્સંગમાં રહ્યું છે, તે અલૌકિક સમજણ વિના દેખાતું નથી. ૧. તુચ્છ માણસના સહવાસથી તુચ્છ સમજણ આવે છે અને તેથી અજ્ઞાની મનુષ્યને સત્સંગ પૂરેપૂરો સમજાતો નથી અને તેથી તેનું અંગ પણ વૃદ્ધિ પામતું નથી. ૨. સત્સંગ તો કલ્પતરુ અને ચિંતામણિના સમાન છે. જેવું તેનું મહત્ત્વ સમજાય તેવું તે ફળ આપે છે. ૩. જેવી સમજણ હોય તેવું ફળ આપે છે. સત્સંગ તો અનેક સૂર્યના જેવો શુદ્ધ છે. ૪.

चोपाई :

अमायिक मोक्ष की बात जितनी, सत्संग में भरपुर हे तितनी;
सत्संग विन मोक्ष की बाता, कोउ ठोर न आत देखाता...०५
भगवान धरत अवतार हि जेता, सत्संग पुर में रहत हि तेता;
अवतार के चरित्र हि जितना, सत्संग में रहाये तितना...०६
श्रेष्ठ में श्रेष्ठ बात जेती, सत्संग में रहाये तेती;
तीर्थ व्रत उत्तम हि जो जेते, सत्संग में रहाये तेते...०७

જેટલી દિવ્ય મોક્ષની વાત છે તે બધી સત્સંગમાં ભરપૂર રહી છે. સત્સંગ સિવાય બીજે કોઈ ઠેકાણે મોક્ષની વાત દેખાતી નથી. ૫. ભગવાન જેટલા અવતાર ધારે છે તે સત્સંગરૂપી નગરમાં રહે છે અને અવતારના જે ચરિત્રો છે તે બધા પણ સત્સંગમાં રહે છે. ૬. શ્રેષ્ઠમાં પણ જે વાત અતિશ્રેષ્ઠ છે તે બધી સત્સંગમાં રહી છે. જે સર્વોત્તમ તીર્થ અને વ્રત છે તે બધા પણ સત્સંગમાં રહ્યા છે. ૭.

સત્સંગ વિનાની જે વાત છે તે બધી ઉલટીના અન્ન જેવી છે. નૌકા અને પુલ વિના તો સમુદ્રમાં ડુબવાનું જ રહે છે. ૮. સત્સંગ અનુપમ નાવ અને પુલરૂપ રહ્યો છે. સંસારરૂપી સાગર તરવા માટે સત્સંગ સિવાય બીજો કોઈ ચોક્કસ ઉપાય નથી. ૯. **જે જે મુમુક્ષુઓ છે તે બધા ભવસાગરને તરવા માટે ઉપાયો કરતા હોય છે. તેથી જ તેઓ ઘણા હેતથી સત્સંગરૂપી નૌકામાં આવીને બેસે છે. ૧૦.**

જે વિષયી જીવ છે તે માછલાની જેમ સંસારસાગરમાં ડૂબ્યા રહે છે. તેને કાળરૂપી માછીમાર કોઈ ન દેખે તે રીતે આવીને વેગથી તેનું ગળું દબાવી દે છે. પછી તેનો કોઈ ઉપાય ચાલતો નથી. બધા કુટુંબીઓ ભેળા થઈને હાયવોય કરે છે અને રડે છે. ૧૧-૧૨. થોડા દિવસ પછી તેને કોઈ સંભારતું પણ નથી. કારણ કે બધા જ સંબંધ સ્વાર્થના જ રહ્યા છે. ૧૩. આખા સંસારનો સંબંધ એવો જ છે. કોઈ સંબંધીઓ પરલોકમાં સહાય કરતા નથી. ૧૪. પરલોકમાં એક સત્સંગ જ આવીને સહાય કરે છે. અને ત્યારે જ તે સત્સંગનો અત્યંત મહિમા જાણે છે. ૧૫. મનુષ્ય સત્સંગ કરતા તેમાં જેટલી કસર રાખે છે તેની તો પછીથી ખબર પડે છે, ત્યારે મનમાં ઘણો પશ્ચાતાપ કરે છે. ૧૬. પ્રહ્લાદના જેવા મહાપુરુષો સત્સંગ કરવામાં કોઈ જાતની કસર રાખતા નથી. વિશાળ બુદ્ધિના તે ભક્તો ક્યારેય પોતાના શરીરનું જતન નથી કરતા. ૧૭. તેઓ પોતાના દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણને સત્સંગને માર્ગે ચલાવતા હતા. તેઓ સત્સંગને જ સર્વોત્તમ અપાર વિષય માનતા હતા. ૧૮. **તેમને ભૌતિક બધા વિષયો તો સત્સંગરૂપી વિષયની સરખામણીમાં નરકમાં પણ અત્યંત અધમ નરકરૂપ દેખાતા હતા. અનંત કોટિ બ્રહ્માંડના જેટલા ઉત્તમ વિષયો કહેવાય છે તેને પણ સત્સંગરૂપી વિષયની આગળ નર્કથી પણ વધારે ઉતરતા દેખતા હતા. ભગવાનની મૂર્તિ સિવાય અન્ય પદાર્થોમાં તે ભક્તને ક્યાંય લેશમાત્ર પણ સારપ્ય મનાતી ન હતી. ૧૯-૨૦.**

સત્સંગમાં જેવી મોટાઈ રહી છે તેવી મોટાઈ અન્ય કોઈમાં રહી નથી. જે જે લોકો અત્યંત રસજ્ઞ છે તે બધાને એક સત્સંગમાં જ રસ દેખાય છે. ૨૧. જ્યાં સુધી સત્સંગમાં રસ દેખાતો નથી ત્યાં સુધી તે હરિભક્ત થયો હોય તોપણ સત્સંગ બાબતમાં તે બાળબુદ્ધિ છે, તેથી જ તેને સત્સંગમાં રસ દેખાતો નથી. ૨૨. જેને સત્સંગમાં રસ નથી જણાતો તે પોતે નીરસ રહે છે અને નામમાત્રથી જ સત્સંગી કહેવાય છે. જે સત્સંગનો બાળક છે તેને ક્યારેય જન્મ-મરણ રહેતું નથી. ૨૩. તે ક્યારેય જમપુરી અને લખચોરાશીમાં ભટકતો નથી, તે નિશ્ચિત છે અને કાળ તથા માયા તેને ક્યારેય પજવતા નથી અને ભગવાન તેને દિવ્ય ભોગ આપે છે. ૨૪. અને તેને ગોલોક

તથા વૈકુંઠ ધામના અપાર ભોગ આપે છે કે, જેને નિર્વાસનિક ભક્તજનો અસારરૂપ માને છે. ૨૫. જે બાળક હોય, રોગી હોય, અંધ હોય અને જેનું ચિત્ત ભ્રમી ગયું હોય તેની સહાયતા તેના માતા-પિતા કરે છે. ૨૬. પણ મા-બાપ સિવાયના જે ભાઈ તથા ભોજાઈ વગેરે છે તે ક્યારેય રોગી વગેરેની સહાય કરતા નથી. પણ રાત-દિવસ તેનો અત્યંત અનાદર કરતા રહે છે. ૨૭. ઊઠતાં, બેસતાં, રહેતાં, ખાતાં, પીતાં અને વસ્ત્ર પહેરતાં ઈત્યાદિકમાં તે ભાઈ વગેરે સંબંધીઓ જેટલી વાત કરે છે તેમાં ઘણો જ અનાદર રહ્યો હોય છે. ૨૮. જે બાળક, અંધ, રોગી અને ચિત્તભ્રમવાળો હોય છે તેની જે સેવા કરે છે તેને જ તે ગાળો દે છે અને પોતાની મનધારી ક્રિયા કરે છે. ૨૯.

જે લોકો મનની ધારી ક્રિયા કરતા હોય છે તેને તો બાળક અને ચિત્તભ્રમવાળો કહેવો જોઈએ એટલે જ્યારે કોઈ શુભ-સારું કામ કરવાનું હોય ત્યારે તેને કોઈ ક્યારેય પૂછતા નથી. ૩૦. આવા મનધાર્યું કરનારા લોકો જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તેને કોઈ અધિકાર આપતા નથી અને તેવા મનધાર્યું કરનારાને મનમાં ક્યારેય કોઈ અધિકારનો ખપ રહેતો નથી. ૩૧. **કેમ જે, મનનું ધાર્યું કરનારા પોતાના મનનું ધાર્યું થાય તેને જ સૌથી મોટો અધિકાર માને છે. પરંતુ જે બુદ્ધિશાળી માણસ છે તે તેને બુદ્ધિહીન અને અતિતુચ્છ ગણે છે. ૩૨.** પણ જે બુદ્ધિહીન છે તે બુદ્ધિશાળીને પણ અત્યંત તુચ્છ ગણે છે. આ દુનિયામાં જેટલા દેહધારી કહેવાય છે તે બધા આ રીતે જ વર્તતા હોય છે. ૩૩. ભગવાન, સંતો અને જે હરિભક્તો છે તે મનુષ્યદેહે કરીને દિવ્યભાવ દેખાડતા નથી એટલે સંસારી લોકોના મનમાં ભગવાન, સંતો અને હરિભક્તો પ્રત્યે અરુચિ રહે છે. ૩૪.

શાસ્ત્રમાં કહેલા વિધિ-નિષેધ અને લોકવ્યવહારની મર્યાદાથી જે વિરુદ્ધ વર્તે છે તેમને ભગવાન, સંતો અને સદ્‌બુદ્ધિવાળો રાજા વિધિ-નિષેધના શાસ્ત્રને અનુસારે શિક્ષા-દંડ કરે છે. જો શિક્ષા કરવામાં ન આવે તો મનુષ્ય પશુની રીતે વર્તવા લાગે એવું દેખાય છે. ૩૫-૩૬. જે આલોક અને પરલોકમાં ક્યારેય દુઃખી ન થવાય એવું વર્તન કરે છે તે જ ખરો મનુષ્ય કહેવાય છે. ૩૭.

પણ આલોક અને પરલોકમાં અપાર દુ:ખ આવે એવું જે વર્તન કરે છે તેને ગમાર-મૂર્ખ પશુ કહેવાય છે. ૩૮. રતા બસિયા નામે જે એક કાઠી હતા તે રાજબાઈના કાંઈક સંબંધમાં થતા હતા. ૩૯. દુષ્કાળના સમયમાં તે આ રતા બસિયા દરબાર જીવા ખાચરના ઘેર રહ્યા હતા તેને ચિત્તભ્રમ થઈ ગયું હતું, છતાં શ્રીહરિએ તેને સત્સંગી કર્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'મનોનિગ્રહની આવશ્યકતા અને સત્સંગનો મહિમા કહ્યો' એ નામે દશમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર પંદરમું : તરંગ - ૧૧

રતા બસિયા નિમિત્તે સાચી મિત્રતા કહી

શ્રીહરિ રતા બસિયા સાથે રમૂજ કરતા. પોતાના ભાઈબંધ માનીને આશ્ચર્યકારી વાતો કરતા. ૧. શ્રીહરિ જ્યારે તેને દેખતા ત્યારે ખૂબ જ પ્રસન્ન થતા. ભાઈબંધ ! આવો અમારી પાસે બેસો. ૨. શ્રીહરિ જ્યારે જ્યારે તેને દેખતા ત્યારે આ પ્રમાણે બોલતા. પોતાના મુખ ઉપર રૂમાલ રાખીને સ્વયં હસવા લાગતા. ૩. શું ભોજન કર્યું ? ભુખ્યા હોવ તો હું જમાડું. શ્રીહરિ તે વખતે આવા ઘણા વચન બોલતા. ૪. તે સમયે રતા બસિયાની ઉંમર લગભગ અઢાર વર્ષની હતી. તે અત્યંત ગોરા વર્ણના હતા. જોવામાં જ કોઈ રાજપુરૂષ જેવા દેખાતા. ૫. શ્રીહરિ જ્યારે બજારે ચાલતા ત્યારે ઘણીવાર પોતાનો એક હાથ તેના ખભા ઉપર રાખીને ચાલતા. તે વાત ઘણી આશ્ચર્યકારી બનતી હતી. ૬. ઘણા મોટા મોટા સંતો હતા તેના કરતાં પણ ઝાઝો લાભ રતા બસિયા લેતા. શ્રીહરિ જ્યારે થાળ જમતા હોય ત્યારે રતા બસિયાને જો આવતા દેખે તો તત્કાળ તેને બોલાવીને દયાળુ શ્રીહરિ તેને કાંઈક જમાડતા. રતા બસિયાના મનમાં કોઈપણ ઈચ્છા રહેતી નહિ. ૭-૮. શ્રીહરિ તેને વારેવારે કહેતા, તારે લગાર પણ જેની ઈચ્છા હોય તે અમારી પાસે આવીને તરત કહેવું. કારણ કે, અમે તારા ભાઈબંધ છીએ ને ! ૯.

चोपाई :

तब बोलत तुम हो भगवाना, तुमसे अधिक कोउ न रहाना;
तुमसे अधिक हि देखहि जबऊ, माग हि तुमसे जो हम तबऊ...१०
तुमारे शरन हम भये जे दिनसे, तृष्णा सब हि गये तेहि दिनसे;
अनंत कोटि ब्रह्मांड ताके, तुम मिले भूपति जो वाके...११

ત્યારે રતા બસિયા બોલતા, મહારાજ ! આપ તો ભગવાન છો. આપ મને મળ્યા છો. હવે આપનાથી કોઈ શ્રેષ્ઠ વસ્તુ નથી. આપનાથી કોઈ જ્યારે શ્રેષ્ઠ વસ્તુ દેખીશ ત્યારે આપની પાસે માંગીશ. ૧૦. જે દિવસથી હું આપને શરણે આવ્યો છું તે દિવસથી મારી બધી તૃષ્ણા નાશ પામી છે. આપ તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છો, તે મને મળ્યા છો. ૧૧. અત્યારે મને અપાર સુખ, સંપત્તિ મળ્યા છે. જે અપાર દુઃખ હતું તે બધું નાશ પામ્યું છે. હવે જો હું માગું તો ભિખારી રહું. ત્યારે શ્રીહરિ કહે, હવે તું મારો ખરો પાકો ભાઈબંધ છો. ૧૨. અમને આવા ભાઈબંધ ક્યારેય મળ્યા નથી. આવા ભક્તજનો ઉપર અમને ઘણો પ્રેમ થાય છે. ૧૩. હું રોજ કહું છું, તું માગજે. જે માગીશ તે અમે તને આપશું, છતાં તું ક્યારેય માગતો નથી અને હંમેશાં શાંત જ રહે છે. ૧૪. શ્રીહરિ કહે, તે ક્યારેય માગતો નથી, છતાં અમે ક્યારેક કપડાં આપીએ છીએ. કારણ કે, અમે તેને ભાઈબંધ કર્યો છે. કેમ કે, સૌ કોઈ ભાઈબંધનું રાખતા હોય છે. ૧૫.

ભુવાનાદીન નામે એક વિપ્ર અને દીનાસિંઘ નામે એક ક્ષત્રિય, તે બંને અયોધ્યાપુરમાં હતા. ૧૬. અમે જ્યારે અયોધ્યાપુરમાં રહેતા હતા ત્યારે તે બંનેને મિત્ર કર્યા હતા. તે બંને મિત્રના સમાન નગરમાં બીજો કોઈ શૂરવીર ન હતો. અયોધ્યાપુરીમાં અને અયોધ્યાપ્રદેશમાં જેટલા શૂરવીર પુરૂષ હતા તે બધા આ બંનેથી ડરતા હતા; તેમની એવી પ્રસિદ્ધિ હતી. તે બંનેને અમારા ઉપર ઘણું હેત હતું. ૧૭-૧૮. તે દિવસમાં એકવાર તો અમને મળતા. જે દિવસ અમને થોડીવાર પણ ન દેખે, તે દિવસ તેમને સુખ-મજા ન રહેતી. તેનું મન અત્યંત અકળાતું હતું. ૧૯. તે રોજ બરફી અને પેંડા ખાતા હતા, પણ અમને આપ્યા વિના તે બરફી-પેંડા તેમને ઝેર જેવા દેખાતા. અમને

આપ્યા સિવાય તે ક્યારેય ખાતા નહિ. અને જ્યારે અમને આપે ત્યારે તેમને ઘણો આનંદ થાતો હતો. ૨૦. બંને અયોધ્યાપુરીમાં રહેતા હતા. અને તે અમારા ઉપર ઘણું હેત રાખતા હતા. તેઓ બંને લગભગ પચ્ચીસ વર્ષના થયા હતા. છતાં તેણે સ્ત્રીમાત્રને માતા સમાન માની હતી. તેઓ ક્યારેય સ્ત્રીનો પ્રસંગ રાખતા નહિ અને સ્ત્રીપ્રસંગનો લગારેય સંકલ્પ પણ કરતા નહિ. તેમણે ભૂમિ ઉપર એક પણ સ્ત્રી નથી એવી મનમાં ટેક રાખી હતી. ૨૧-૨૨. બંનેની રુચિ એકસરખી હતી. સરખી રુચિ સિવાય હેત નભે નહીં. કોઈપણ રાજાના નોકર થઈને રહેવું નહિ એવું માનતા. વળી, તેમને ગામ કે ગરાસ ઉપર કોઈ લાલસા હતી નહિ. ૨૩. નગરની બજારમાં જે દુકાનો હતી, તેની રાતે ચોકી કરતા હતા. ચોકી ન હોય તો જે લૂંટારાઓ ફરતા હતા, તેઓ દુકાનોને લૂંટ્યા વિના રહેતા જ નહિ. ૨૪. તે લૂંટારાઓ હજારો રૂપિયાનો માલ લઈ જતા હતા. કોઈક તો સોનું અને ચાંદી સિવાયના રૂપિયા લેતા નહિ. ૨૫. અને કોઈક તો તાંબા અને પિત્તળના વાસણોને પણ ઉઠાવી જતા. જ્યારે ભુવાનાદીન અને દીનાસિંઘ બંને ચોકી કરતા હોય, ત્યારે કોઈ ચોર-લૂંટારા ત્યાં ફરકતા જ નહિ. ૨૬.

તે બંનેને મરવાની બીક લેશમાત્ર પણ હતી નહિ. તેઓ બધી મલ્લવિદ્યાને જાણતા હતા. ભયાનક વેષ રાખતા કે જેને દેખીને લોકો ડરી જતા. ૨૭. તે બંનેની પાસે કોઈ આવીને સ્ત્રી બાબતની વાત કહે તો સાંભળતાની સાથે તરત જ તેને ત્યાંથી ઉઠાડી મૂકતા. ૨૮. જે કોઈ સ્થળે સ્ત્રીના વેષમાં નાચ થતો હોય અથવા કોઈ ભેખધારી કાન-ગોપીનો વેષ ધારીને ઉત્સવ કરતા હોય. ૨૯. જેમાં કોઈપણ સ્ત્રીનો પ્રસંગ દેખાતો હોય તો તે બંને તેની પાસે ક્યારેય જાતા નહિ. સાંજે અને સવારે સાથે રહીને બંને સરજુ નદીમાં સ્નાન કરવા જતા હતા. ૩૦. તેઓ સ્ત્રીને દેખીને દૂર ચાલતા. બંને પરિપૂર્ણ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. પરસ્પર ઘણું હેત હોવા છતાં બંને ક્યારેય એક પથારીમાં સૂતા નહિ. ૩૧. જ્યારે તેમને જેટલું ધન જોઈતું હોય ત્યારે વગર કહ્યે શાહુકારો ધન આપતા હતા. તેઓ પ્રયોજન વિના પોતા પાસે એક પૈસા જેટલું પણ ક્યારેય ધન રાખતા નહિ. ૩૨.

તે બંને પરસ્પરની કોઈપણ વાતમાં લેશમાત્ર પણ ચોરી રાખતા નહિ. નિષ્કપટ વ્યક્તિમાં જ્યારે કપટ પેસે છે, ત્યારે એકબીજાના મન-બુદ્ધિ એક સરખા રહેતા નથી. ૩૩. નારદ અને પર્વતને જેવું થયું એવું કપટ તરત જ કરાવે છે. સ્ત્રી, ધન, ખાન-પાન, વસ્ત્ર, ઘરેણાં, વાહન ઈત્યાદિક, ૩૪. ચાહે તેવા હોય અર્થાત્ શ્રીકૃષ્ણના મોટા ભાઈ બળદેવજી જેવા નિષ્કપટ હોય, તોપણ તેમને કપટ કરાવી મનભેદ કરાવે છે. તેઓ બંને ઘણા ઘણા અરસપરસ શુદ્ધ હેતવાળા હતા, છતાં તે પદાર્થને કારણે મતભેદ થયો અને તેને કારણે બેમાંથી એકેયના હાથમાં મણી આવ્યો નહિ. ૩૫. શ્રીકૃષ્ણના મનમાં કપટ ન હતું, છતાં મણીના પ્રસંગથી બળદેવજીને શ્રીકૃષ્ણમાં કપટ દેખાયું. જેટલા જેટલા મનગમતા પદાર્થો છે તેમાં એટલો અપ્રિય ગુણ રહ્યો છે. ૩૬. શાસ્ત્રોમાં ઠેકઠેકાણે આવી વાતો લખી હોય છે અને મનુષ્ય અનંત વાર તે સાંભળે છે, છતાં તે વાત યોગ્ય સમયે કામ આવતી નથી. ૩૭. જે જેટલો સમય જ્ઞાનરૂપી દરવાજે રહે છે તે તેટલો સમય શુદ્ધ રહે છે અને જેટલો તેનાથી દૂર રહે છે તેટલો તે માર ખાય છે. ૩૮. **જ્યારે હરિભક્તોમાં પરસ્પર નિષ્કપટતાનો ગુણ દેખાય છે ત્યારે પહેલા તો ઘણું હેત થાય છે. ૩૯. પછી જ્યાં સુધી નિષ્કપટતારૂપી ગુણ દેખાય છે ત્યાં સુધી હેત ઘટતું નથી, પરંતુ તે દિન-પ્રતિદિન વધતું જ રહે છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'રતા બસિયાના નિમિત્તે સાચી મિત્રતા કહી' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર પંદરમું : તરંગ - ૧૨

શ્રીહરિની વાતોની વિશેષતા

दोहा : निष्कपट अमृत ताहि में, कपटरूप विष मिलत;
अमृत होय जावत विष हि, विषरूप फल खीलत...०१
संप्रदाय शुद्ध जितना, प्रथम सो तामांहिं;
वरतन करे निष्कपट हि, श्रीहरि कहत रहाहिं...०२

નિષ્કપટતા અમૃત છે. તેમાં કપટરૂપી ઝેર મળે તો અમૃત પણ ઝેર થઈ જાય છે અને તેનું ઝેરરૂપ ફળ આવે છે. ૧. શ્રીહરિ એવું કહેતા હતા કે, જેટલા શુદ્ધ સંપ્રદાયો હોય છે તે પ્રથમ તો નિષ્કપટ વર્તન જ કરે છે. (પરંતુ પછીથી તેમાં કપટરૂપી ઝેર ભળે છે.) ૨. બહુનામી સહજાનંદસ્વામી શ્રીહરિ બુદ્ધિમાન હરિભક્તોના પ્રત્યે પ્રસન્ન મનથી નિરંતર એવી વાતો કહેતા હતા. ૩. શ્રીહરિ જ્યારે વાતો કરતા હતા ત્યારે પ્રસંગમાંથી પ્રસંગ ચાલ્યા જ કરતા અર્થાત્ એક વાતમાંથી બીજી વાત વળી તેમાંથી ત્રીજી એમ સતત નવી નવી વાતોનો પ્રવાહ ચાલ્યા જ કરતો હતો. તેથી નિજાશ્રિત શ્રોતાઓને નવો નવો રસ આવ્યા કરતો હતો અને સત્સંગમાં નવો નવો રંગ રહેતો હતો. ૪. શ્રીહરિ એટલી બધી રસમય વાતો કરતા, માનો તેનો અગાધ સમુદ્ર ભર્યો ન હોય ! શ્રોતાની જેવી બુદ્ધિ અને શ્રદ્ધા-ભાવ હોય તે રીતે શ્રીહરિ વાતો કહેતા હતા. ૫. વક્તાનું નિશાન શ્રોતા જ હોય છે. જેવું નિશાન હોય તેવી વાતો થાય છે. શ્રોતારૂપી નિશાન સિવાય વાતનો પ્રસંગ ક્યારેય અખંડ ચાલતો નથી. ૬.

મલબાર(કેરલ) રાજ્યમાં બધી ઋતુઓમાં વરસાદ થાય છે. કેટલાક દેશોમાં ચાર માસ સુધી ઉનાળો અને ચાર માસ સુધી ઠંડીનો કાળ રહે છે. ૭. અને કેટલાક દેશમાં ઉનાળામાં પણ ઠંડી પડે છે અને ક્યાંક ચોમાસામાં ગરમી પડે છે. જેવો દેશ હોય તેવો ત્યાં સમય ફરતો રહે છે, એમાં કોઈ સંદેહ નથી. ૮. ભૂમિ ઉપરના નવ ખંડોમાં પણ નવ પ્રકારનો સમય બદલાતો રહે છે. અને તેને અનુસારે આપણે જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે અન્ય કોઈ ખંડમાં રાત હોય છે. ૯. શાસ્ત્ર દ્વારાએ કેટલીક અલગ-અલગ વાતોનું પણ જ્ઞાન થાય છે. મોક્ષ સિવાયની બીજી બધી જુદી જુદી અપાર વાતો છે. તેનો કહેતા પાર આવે તેમ નથી. ૧૦. તે બધી વાતો જાણવાથી ક્યારેય મોક્ષ થાતો નથી. ઉલ્ટું અમૂલ્ય મનુષ્ય શરીર નિરર્થક ખોવાય છે. અપાર વાતોનું ફળ એટલું જ છે કે, મોક્ષ બાબતની વાતોમાં ચાલવું. ૧૧.

વૃક્ષમાં મૂળ, શાખા, પાંદડાં અને ફૂલ અનંત દેખાય છે, પણ ફળ તો જે રીતે પછીથી આવે છે તે સૌને પ્રગટ દેખાય છે. ૧૨. અને ગાયો આદિક

સારા પશુઓથી દૂધરૂપી ફળ મળે છે. અને દૂધરૂપી ફળના લોભથી જ લોકો ઘણા પશુઓને પાળે છે. ૧૩. દૂધરૂપ જે ફળ તેનાથી દહીંરૂપ ફળ મળે છે. તેનો સ્વાદ દૂધથી કોઈ જુદો જ દેખાય છે, તે દેખવામાં આવે છે. ૧૪. દહીંરૂપી ફળમાંથી અમૂલ્ય માખણરૂપી ફળ થાય છે, જેની બરાબરી કોઈ કરી શકતું નથી અને માખણમાંથી ઘી થાય છે. ૧૫. ઘીને લીધે ભોજનમાં ઘણો સ્વાદ આવે છે. જ્યારે મનુષ્ય ઘીવાળું ભોજન ખાય છે ત્યારે તેનું મન પ્રસન્ન થાય છે. ૧૬. **શ્રીહરિ જે જે વાતો કહેતા હતા, તેમાં મોક્ષરૂપી ફળ દેખાડતા. જે વાતમાં મોક્ષરૂપી ફળ ન હોય તે વાતો ઝાંઝવાના જળ જેવી નિરર્થક કહેવાય. ૧૭.**

શ્રીહરિ જેટલી વાત કહેતા તેમાં એક મોક્ષ સિવાય બીજું કોઈ ફળ ન રહેતું. વારેવારે વાત કરતા તેમાં અતિ ઘણો ચમત્કાર રહેતો હતો. ૧૮. શ્રીહરિ જે વાત કરતા તેને મૂર્તિમાન હોય તેમ પ્રત્યક્ષ દેખાડતા. એક તલભાર પણ અજાણ્યું ન રહેતું. **નખથી શિખા પર્યંતની જે ભગવાનની મૂર્તિ છે, તે જ પ્રત્યક્ષ મોક્ષ કહેવાય છે.** ૧૯. તે મોક્ષ પામ્યા વિના મોક્ષની વાતોને માયિક માણસ કહી શકતો નથી. માયિક માણસ તો માયિક જ વાતો પોતાને મુખે કરે છે. ૨૦. ઐશ્વર્ય વગરના જે ઈશ્વર તે તો વાત કરવામાં દેખાય આવે છે. પરમેશ્વરનું ચાલવું, બેસવું, ખાવું, પીવું, બોલવું ઈત્યાદિક જે જે ક્રિયાઓ હોય છે તેમાં એકપણ ક્રિયા ઐશ્વર્ય વિનાની હોતી નથી. ઐશ્વર્ય ગુણને લીધે જ તે પરમેશ્વર કહેવાય છે. ગુણ કોઈને ઢાંકી રાખતા નથી. ૨૧-૨૨. આ પૃથ્વી ઉપર અનેક રાજાઓ છે, તેનો કહ્યે પાર આવતો નથી. જે રાજામાં જેટલો નીતિનો ગુણ હોય છે, તેટલું તેમાં દૈવત દેખાય છે. ૨૩.

જે રાજામાં જેટલું દૈવત હોય તેટલો તેનો હુકમ ચાલે છે. પોતાના સામર્થ્યથી અધિક હુકમ કરવા જાય તો તેનો હુકમ કોઈ સ્વીકારતું નથી. જે બુદ્ધિમાન રાજા છે તે પોતાના દૈવત પ્રમાણે બળ કરે છે. ૨૪. જે રાજા પોતાના સામર્થ્ય પ્રમાણે ચાલે અને તેટલું જ સામર્થ્ય બીજાને દેખાડે તે સમજુ છે. જે પોતાના સામર્થ્યથી અધિક કામ કરે છે તેને તેટલું દુઃખ આવે છે. ૨૫. શેષજી ઘણા સમર્થ છે, તે આખા બ્રહ્માંડનો ભાર પોતાના મસ્તકે ધારી

રહ્યા છે એવું તેમાં અપાર સામર્થ્ય છે. ૨૬. જેમાં જેટલું સામર્થ્ય રહ્યું હોય તે તેમાં રહેલા ગુણો દેખાડી દે છે. સોનામાં જેવું દૈવત-સામર્થ્ય રહ્યું હોય છે તેને અગ્નિ બતાવી દે છે. ૨૭.

રૂપિયાની જે કિંમત હોય છે તેને સાચો પારખું કહી બતાવે છે અને ઝવેરી હીરા તથા મોતીની કિંમત કહી બતાવે છે. ૨૮. સાચા પારસમણિ, કલ્પતરુ અને ચિંતામણિમાં જેવા પ્રકારનું દૈવત રહ્યું હોય છે તેને તેના ગુણો તત્કાળ બતાવી દે છે. ૨૯. ભગવાન, સંત, ગુરુ અને હરિભક્ત, તેમાં જેમાં જેવું દૈવત રહ્યું હોય તેને તેના ગુણ છુપાવી રાખતા નથી. ૩૦. બગલામાં અને હંસમાં જે દૈવત રહ્યું હોય તેને તેના ગુણ ને ચારો બતાવી દે છે. એ રીતે સંત અને અસંત, એ બે તેના વર્તનમાં જ તરત દેખાઈ આવે છે. ૩૧. સંત અને અસંતનું જે વર્તન છે તે તો શાસ્ત્રોમાં ઠેકઠેકાણે અપરંપાર લખી રાખ્યું છે. દેખવામાત્રથી જ તે તરત કહી બતાવે છે. ૩૨.

જેને મોક્ષનો ખપ હોય છે તેને મોક્ષરૂપી સંત રુચે છે. આ બ્રહ્માંડમાં જે જીવ છે તે બધાને વિષય ઉપર જ તાન રહે છે. ૩૩. અને તે જીવોને તેવા વિષયી ગુરુ જો મળી જાય તો તરત જ તે તેના વચનને માને છે. આવા ગુરુઓ તો ઘેર ઘેર લાંબે રાગે ગાતા દેખાય છે. ૩૪. મિથ્યા ગુરુઓનું એ ફળ છે કે, આવા દુષ્કાળો પડે છે. નિજભક્તજન પ્રતિપાલક શ્રીહરિ આવી વાતો કરતા હતા. ૩૫. જ્યારે હુતાશની નજીક આવી ત્યારે સંતો દેશમાં ફરતા હતા, મુનિપતિ શ્રીહરિએ હૃદયમાં અત્યંત દયા કરીને બધા સંતોને ગઢપુર બોલાવ્યા. ૩૬. સંતોની સન્મુખ જવા માટે શ્રીહરિ તૈયાર થયા. શ્રીહરિનું મુખારવિંદ અત્યંત પ્રસન્ન હતું અને મૂર્તિ ઘણી મનમોહક હતી. ૩૭. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. બીજા દસ બાર અશ્વ પણ હતા. મનમાં ઘણો હરખ હતો. ત્યાંથી શ્રીહરિ **ઝીંઝાવદર** આવ્યા. ૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિની વાતોની વિશેષતા કહી' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર પંદરમું : તરંગ - ૧૩

શ્રીહરિએ છક વગરની નમ્રતા વખાણી

શ્રીહરિ અલૈયા ખાચરને ભવન એક રાત રહ્યા. તેમણે વાત ઘણી કરી, પણ તેનું અંતર ચોરાતું હતું. તેઓ પોતાનામાં અપાર સમજણ માનતા હતા, પણ અંતરનો સૂર્ય અસ્ત થઈ ગયો હતો, તેથી કોઈ સારું દેખાતું નહિ. ૧-૨.

✵ અનુભવી શ્રેષ્ઠ જ્ઞાની :

શ્રીહરિ અલૈયા ખાચરને કહેવા લાગ્યા કે, જ્યાં સુધી હરિભક્તના હૃદયમાં પ્રેમનો રસ રહે છે ત્યાં સુધી જ પ્રેમરસરૂપ સૂર્યના પ્રકાશથી તે ભક્ત સર્વોત્તમ રહે છે. ૩. શરીરમાં અપાર રોગ હોવા છતાં તે પ્રગટ દેખાતો નથી. તે રીતે જ અંતરની ગતિ પણ એવી છે કે, જે લગારેય દેખાતી નથી. ૪. **મનુષ્ય જેવી ક્રિયા કરે છે તેવું તેનું અંતર થાય છે. કારણ કે, અંતર ક્રિયાને આધિન રહ્યું છે અને ક્રિયા પ્રેમરસને આધિન રહી છે. ૫.** પ્રેમરસનું દ્વાર નેત્ર અને શ્રોત્ર છે તેને જે જ્ઞાની છે તેઓ જાણે છે. જે અંતરવૃત્તિ રાખે છે તેને આ અનુભવની વાત દેખાય છે. ૬.

चोपाई :

अनुभव विन ज्ञानी जेता, अंध जन सम देखात तेता;
लौकिक में अनुभव न जाही, कोटिपति कहावत ताही...०७
दिवाला कोउ दिन ही तेहु, देखाये विन नहि रहे एहु;
चक्रवृत्ति महाभूप रहेऊ, लश्कर अपार रहेउ जेऊ...०८
तोपके रहे न वार पारा, बुद्धिवंत हि रहेउ अपारा;
व्यसन वश न होत जिहाँ लगही, निजके हक चलत तिहाँ लगही...०९

જે અનુભવ વગરના જ્ઞાની છે તે અંધના જેવા દેખાય છે. લોકવ્યવહારમાં જેને અનુભવ નથી, તે કરોડપતિ કહેવાતો હોય તોપણ તે કોઈક દિવસ દેવાળું કાઢ્યા વિના નહિ રહે. કોઈ મોટો ચક્રવર્તી રાજા હોય તેની પાસે લશ્કર પણ અપાર હોય, ૭-૮. તોપોનો પણ કોઈ પાર ન હોય

અને ઘણો તે બુદ્ધિમાન હોય છતાં જ્યાં સુધી તે રાજામાં વ્યસન નથી હોતા ત્યાં સુધી તેનો હુકમ બરાબર ચાલે છે. ૯.

છતાં જેટલા બિનઅનુભવી રાજાઓ છે, તેઓ વ્યસન વિના રહી શકતા નથી. વ્યસનમાં એવું ફળ રહ્યું છે કે, રાજાના રાજપાટ વગેરે જતા રહે. ૧૦. તે વ્યસની રાજા ગમે તેટલું આત્મબળ રાખે છતાં પણ તે રાજ્યને ખોયા સિવાય રહેતો નથી; આવું અનુભવ જ્ઞાનને આધારે દેખાય છે. એટલા માટે અનુભવને ચિંતામણી કહેવાય છે. ૧૧. જેટલા રાજાઓ અનુભવરહિત છે તેને અમે રાજાના રૂપમાં કાયમ દેખતા નથી. તે રીતે જ અનુભવ વગરના જે ગુરુ અને સંત છે તે પણ અમને નામમાત્રના જ દેખાય છે. ૧૨. અમે રાત-દિવસ બધા સંતો અને હરિભક્તોનું હિત વિચારતા રહીએ છીએ, પણ તેઓ પોતાનું હિત યથાર્થ સમજતા નથી. ૧૩. અનુભવ વગરના જેટલા બુદ્ધિશાળી છે તેની બુદ્ધિ પણ ક્યારેય ફર્યા વિનાની રહેતી નથી. ૧૪. અને જેની બુદ્ધિ ફરી જાય છે તેને હિતનું કાર્ય પણ અણહિત જેવું જોવામાં આવે છે. આ વાત વજ્રની ભૂમિમાં વજ્રની ખીલી જેવી છે. ૧૫.

દસ મસ્તકવાળા રાવણ જેવો હોય તોપણ બુદ્ધિ ફરે ત્યારે પશ્ચિમને પૂર્વ કહે છે. તે સમયે જો કોઈમાં લગાર પણ વિશ્વાસ હોય તો એ જ કામ લાગે છે. ૧૬. દેશ-કાળની વિષમતાથી કોઈ એક માણસનું માથું ફરી શકે છે. પરંતુ એકસાથે દસ કે વીશ માણસના માથા ક્યારેય ફરતા નથી. માટે તે સમયે અનુભવીઓનો અનુભવ મુખ્યપણે માનવો અને એક પોતાનો જ દોષ લે ત્યારે તે સાચો વિચક્ષણ કહેવાય. ૧૭-૧૮. **જ્યારે બધામાં જ દોષ દેખાય ત્યારે તે દોષ જોનારાને કોઈ બુદ્ધિમાન કહેતા નથી. કારણ કે, બુદ્ધિમાનો અંતરમાં એવું વિચારે છે કે, કોઈ એકની સમજણ પ્રમાણભૂત કહી ન શકાય. ૧૯.**

જે બાબતમાં કોઈપણ જાતનો દોષ ન આવે એ રીતે પોતાના અનુભવથી જે કહે તેવી વાત ભલે એકની જ કહેલી હોય તોપણ તેને બુદ્ધિમાન લોકો પ્રમાણભૂત માને છે. ૨૦. ચાહે તેવી વાત બનાવીને કરવામાં આવે, પણ જો તે બુદ્ધિમાનની બુદ્ધિમાં બંધ ન બેસે તો તેને કોઈ પ્રમાણભૂત માનતા નથી. ખોટું મમત્વ કરવાથી શું થાય ? ૨૧. સુજ્ઞ મનુષ્યો બુદ્ધિશાળી લોકો પ્રમાણ

કરે એવું મમત્વ કરે છે. શ્રીહરિએ આવી ઘણી વાતો કહી ત્યારે અલૈયા ખાચરને મનમાં સુખ-શાંતિ થઈ. ૨૨. અલૈયા ખાચરે પોતાનો દૃઢ નિશ્ચય દેખાડવા માટે હોકાના વ્યસનનો ત્યાગ કર્યો હતો. બીજી બાબતોમાં પણ જેટલો ત્યાગ કરતા તેમાં તે ક્યારેય ફરીથી બંધાતા નહિ. ૨૩. સંતોમાં તથા હરિભક્તોમાં જેવી વિશેષ બુદ્ધિ દેખાય તેને અલૈયા ખાચર બોલવા ઉપરથી ઓળખી લેતા હતા અને તેની સાથે તેટલી જ સમજીને વાત કરતા હતા. ૨૪. અને અલૈયા ખાચર પોતાની બુદ્ધિને દબાવે એવા કોઈ બુદ્ધિશાળી સંત દેખાય, તો તરત જ તેઓ તેમના દાસ થઈ જતા અને મનમાં અત્યંત પ્રસન્ન થતા. ૨૫. પછી તેઓ જ્યારે શ્રીહરિની પાસે આવતા ત્યારે તે બુદ્ધિશાળી સંતના ઘણા વખાણ કરતા. પણ પોતાની બુદ્ધિને ન દબાવી શકે એવા કોઈ સંત હોય તો તેને દેખીને ખુશી થતા નહિ. ૨૬.

કોઈ અલ્પબુદ્ધિના સંત કે હરિભક્ત દેખ્યામાં આવે તો તેને વાત કરવામાં તે દબાવતા રહેતા હતા. ૨૭. તેઓ શ્રીહરિની સાથે જેવી રીતે રહ્યા હોય તેવી શ્રીહરિના નિશ્ચયની વાત કરતા રહેતા, પણ તેને પહેલાના જેવો હવે નિષ્ઠાનો કેફ રહ્યો ન હતો. ૨૮. શ્રીહરિ એમ કહેતા કે, કોઈ સંત કે હરિભક્તમાં વાત-વાતમાં છક-મદ દેખાય ત્યારે અમને તેની તરફનો ડર રહે છે. ૨૯. ભક્તિ, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાન એનો જેટલો વધારે પડતો મદ રહે છે તેટલું તેમાં અમને વિઘ્ન દેખાય છે. કોઈ પણ બાબતનો છક તે મોટપને રહેવા દેતો નથી. ૩૦. વસ્ત્ર અને ઘરેણાં પહેર્યા વિનાનો માણસ સભા વચ્ચે જેવો શોભે છે તેવો જ છકવાળો માણસ અમને જણાય છે. તેની સમાજ વચ્ચે શોભા રહેતી નથી. ૩૧. ચક્રવર્તી રાજા હોય તોપણ જેટલો તેને છક-ગર્વ હોય છે તેટલો તે શોભતો નથી. જેટલો છક હોય તેટલી તે તુચ્છતા બતાવે છે. કેફનો પણ જે કેફ તેને છક કહેવાય છે. ૩૨.

❋ જે જેટલો નમ્ર તે તેટલો મહાન :

ચોપાઈ :

नमनता तितनी मोटप तामें, नमनता विन मोटप न यामें;
अनंत विद्या शिखना ताके, नमनता तेतो फल हे वाके...३३

मोटप विन मोटप हे भारी, नमनता जितनी जेहि धारी;
वसन भूषन महा धरे जोऊ, नमनता तिनसे शोभित तोऊ...३४
अपर गुन शिखे वार न पारा, नमनता न आयेउ लगारा;
तिहाँ लग गुन एक न आये, गुन ही तितनो विष ही पाये...३५

જે વ્યક્તિમાં જેટલી નમ્રતા હોય છે તેટલી તેમાં મોટપ આવે છે. નમ્રતા વિના મોટપ આવતી નથી. અનેક પ્રકારની વિદ્યાઓ શિખ્યા પછી પણ તેનું ફળ તો નમ્રતા જ છે. ૩૩. જેમાં જેટલી વધારે નમ્રતા હોય છે તેમાં વગર મોટપે પણ ઘણી મોટપ રહી છે. ઘણા સારા વસ્ત્ર અને ઘરેણાં પહેરવા છતાં મનુષ્ય નમ્રતાથી જ શોભે છે. ૩૪. બીજા ગુણો અપરંપાર શીખે પણ તેમાં જો લગારેય નમ્રતા ન આવી હોય તો માનો તેમાં ત્યાં સુધી એક પણ ગુણ આવ્યો નથી. અરે ! નમ્રતા વિના તો જેટલા ગુણ શીખ્યા છે તે બધા ઝેરરૂપ છે. ૩૫.

પારસમણિ અને ચિંતામણિ જેવો બીજો કોઈ નિધિ નથી, તેને પામ્યો હોય તથા બધી પ્રકારની રિદ્ધિ-સિદ્ધિને પામ્યો હોય, વળી તેને ક્યારેક દેવો, દાનવો અને મનુષ્યો નમતા હોય એટલી મોટપને પામ્યો હોય, પરંતુ જ્યાં સુધી નમ્રતા આવી નથી ત્યાં સુધી એક પણ મોટપ પ્રાપ્ત કરી નથી. નમ્રતા વિનાની પ્રાપ્ત કરેલી બધી મોટપ ઝેરરૂપ છે. ૩૬-૩૭. સૌથી સારા અપરંપાર ભોજન બનાવ્યા હોય, પણ જો તેમાં એક ઝેર ભળ્યું હોય તો તે બધા ભોજન ઝેરરૂપ થઈ જાય છે. ૩૮. જેટલો છક રહે છે તેટલું તેમાં ઝેર દેખાય છે. અને જેટલી નમ્રતા રહે છે તેટલા તેમાં બધી વિદ્યા અને બધા ગુણો આવ્યા છે એમ જાણવું. ૩૯. જેટલી મોટપ છે તે બધી નમ્રતામાં આવી જાય છે. માટે સૌ સંતો અને હરિભક્તોએ સત્સંગ કરીને નમ્રતા શીખવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ છક વગરની નમ્રતા વખાણી' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર પંદરમું : તરંગ - ૧૪

અલૈયા ખાચરે પોતાનું જીવન વૃત્તાંત કહ્યું

શ્રીહરિએ જેટલી વાત કરી તે બધી અમૃત કરતાં પણ અધિક મહત્વપૂર્ણ હતી, તેનું જે પાન કરે તેનો બધો અસાધ્ય ભવરોગ તરત મટી જાય છે. ૧. ભગવાને જ્યારે જ્યારે અવતાર ધર્યા ત્યારે ત્યારે જે જે લોકો તેમના શરણાગત થયા, તેમના સંસારરૂપી રોગને ટાળ્યા છે. ૨. પછી દરબાર અલૈયા ખાચરે ઘણા પ્રેમભાવથી રસોઈ કરાવીને શ્રીહરિને જમાડ્યા. મનમાં ઘણો આનંદ થયો. અને પછી શ્રીહરિની આગળ એમણે કહ્યું, મહારાજ ! તમે તો અમારા માતા-પિતા છો અને અમે આપના બાળક છીએ. જ્યાં સુધી અમારામાં બાળબુદ્ધિ રહી છે ત્યાં સુધી અમારામાં અગણિત દોષો રહ્યા છે, જે કહી શકાય એમ નથી. ૩-૪.

❋ મરજીમાં રહે તે સુખી :

चोपाई :

तुमारी मरजी रहेउ जेसी, ब्रह्मांड में कोईकी न एसी;
तुमारी मरजी पर जन जेते, चलत सुखी अति होवत तेते...०५
सुखी भयेउ अपरंपारा, सुखी होव हि किन निरधारा;
तुमारी मरजी लोपत जितना, लोप हि जन जो जो अब तितना...०६

આપની આજ્ઞા-મરજી જેવી બ્રહ્માંડમાં બીજા કોઈની આજ્ઞા-મરજી મહત્વપૂર્ણ નથી હોતી. જે લોકો આપની આજ્ઞા-મરજી પ્રમાણે ચાલે છે તેઓ અત્યંત સુખી થાય છે. ૫. જેણે આપની મરજી પાળી છે તેઓ અપરંપાર સુખી થયા છે. અમે સુખી થવાનો આ નિર્ધાર કર્યો છે. જે લોકો આપની મરજીને લોપે છે અને હવે પછી આપની મરજીને લોપશે તેમજ પહેલા પણ જેણે આપની આજ્ઞા-મરજીને લોપી છે તે બધા ભૂતકાળમાં અત્યંત દુઃખી થયા છે, અત્યારે દુઃખી થાય છે અને ભવિષ્યમાં પણ દુઃખી થશે. જે પૂરી રીતે કહી શકાતું નથી. ૬-૭. જ્યાં સુધી આપની મરજીને લોપતા રહે છે ત્યાં સુધી તે ઘણી બાળબુદ્ધિવાળા છે. કોઈ રાજકુમાર મૂર્ખ હોય તોપણ માતા-પિતા વિના બીજા કોઈનો ક્યારેય થતો નથી. માણસમાં જ્યાં સુધી

બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તે સ્વભાવને આધીન રહે છે. ૮-૯. જ્યાં સુધી માણસને સુખ કે દુઃખની કાંઈ ગમ હોતી નથી, ત્યાં સુધી માનો તે નિર્ભય થઈ મોહનિદ્રામાં સૂતો છે. ૧૦. જે મોહનિદ્રાથી જાગ્યા છે તેઓને જ સાચા સુખ અને દુઃખની બધી ગમ છે. સંસારના માર્ગમાં ચાલવામાં કોઈ બાળક દેખાતા નથી. ૧૧.

આપની મરજીમાં જેટલું ચલાય તેટલો લાભમાં પણ પરમ લાભ છે. આપની મરજીમાં ચાલ્યા વિના ક્યારેય આ ભવભ્રમણનો અંત આવશે નહીં. ૧૨. તો હે ધર્મકુમાર ! હવે આપ જે રીતે અમારા ઉપર ખૂબ જ રાજી રહો તે રીતે અમારે મન, કર્મ અને વચનથી રહેવું છે. ૧૩. અમારા જે કાંઈ ગામ, ગરાસ અને ધન-સંપત્તિ છે તે બધુ મેં ચોસઠની સાલથી ભાઈઓને સોંપી દીધું છે. તેને પરમ ચતુર એવા આપ જાણો જ છો. ૧૪. મારા ભાઈઓ મને અન્ન અને વસ્ત્ર, બંને આપે છે અને મારો નિભાવ કરે છે. કારણ કે, મેં ધન અને સ્ત્રીને હરામ કર્યા છે. ૧૫. મારા જે ભાઈઓ છે તે બધા ક્યારેક હું કહું તેમ કરે છે અને ક્યારેક હું કહું તેમ નથી કરતા. ૧૬. આપને માટે જે કાંઈ જેટલું જોઈએ તેને હું માગું ત્યારે ભાઈઓ તેટલું આપે છે. તમારા સિવાય બીજા સગા-સંબંધિઓ આવે ત્યારે તેમને ભોજન સિવાય ક્યારેય વધારે કાંઈ આપતા નથી. ૧૭. સગા-સંબંધિઓને પણ ભોજન એક-બે દિવસ આપે છે. ત્રીજે દિવસ તો તેમને પણ વળાવી દે છે. કોઈ સગા અફીણ કે તમાકુ માગતા નથી અને કદાચ માગે તો તેમને આપતા પણ નથી. ૧૮. અને તેમને કહે છે કે, અમે તમારે ત્યાં મહેમાન થઈએ ત્યારે તમે પણ ક્યારેય અફીણ-તમાકુ અમને આપશો નહિ. માટે જેને ફક્ત ભોજન જ જોઈતું હોય તેમણે અમારે ઘેર આવવું. ૧૯. અમે કોઈને ઝેર આપતા નથી અને કોઈની પાસેથી લેતા પણ નથી; અમારી આવી રીત છે. માટે સૌએ પોતપોતાની રીત રાખવી. એમાં જ સૌનું ખરું હિત રહ્યું છે. ૨૦.

વળી, જેટલી માગણ જાતિ કહેવાય છે, તે કોઈ અમારે ઘેર આવતા નથી. અજાણતા કોઈ આવી જાય તો તેને અમે ગામમાં ઉતારીએ છીએ ૨૧.

તે માગણ લોકો સાંજ સુધી માગતા રહે છે તોય મારા ભાઈઓ તેને ક્યારેય સાંભળતા નથી. જ્યારે સાંજ પડે છે ત્યારે નોકરને બોલાવીને અમે કહી દઈએ છીએ કે, તમે તે માગણને કહી દ્યો કે, ૨૨. ગામમાં લોકોને ઘેર જાઓ. જે હાજર હોય તે આપશે અને તમે જમજ્યો એટલે એકવાર આવેલો માગણ ફરીને આવતો નથી. માગણના ઘોડાને ક્યારેય ઘાસ આપતા નથી. તે ભૂખ્યા જ રહે છે. ૨૩. આથી માગણ લોકો ફરીવાર ક્યારેય ગામમાં આવતા નથી. ભાઈઓની આવી રીત રહી છે. મને ખાવા બાબતમાં પણ પૂછતા નથી એટલે હું તેમની પાસે માગીને ખાવ છું. ૨૪. પણ આપ અને સંતો જ્યારે આવો છો ત્યારે અહિંયા ગમે તેટલા દિવસ રહો, અમારા ભાઈઓ ઉદાર રહે છે. એક તલભાર પણ સંકોચ રાખતા નથી. ૨૫. ભાઈઓ જ્યારે આપને દેખે છે, ત્યારે તેઓ પુત્રના વિવાહ કરતાં પણ વધારે રાજી થાય છે. ૨૬. અને કહે છે કે, અમારા ગામ, ગરાસ અને ધન-સંપત્તિ, તે બધું આપના પ્રતાપથી જ છે. તેથી આપના સિવાય બીજાને રંચમાત્ર પણ આપતા નથી. ૨૭.

પછી શ્રીહરિએ જેઠસૂર નામે અલૈયા ખાચરના ભાઈને બોલાવ્યા અને હસતે મુખે તેમને પૂછ્યું. ૨૮. દરબાર, તમારું અંગ કેવું છે ? નિષ્કપટ થઈને તમે કહો; અમે ઉમંગથી પૂછીએ છીએ. જ્યારે તમે કહો ત્યારે અમને વિશ્વાસ આવે. ૨૯. ભાઈ પોતાના ભાઈના વખાણ કરે પણ તેનાથી ખરી હકીક્ત જણાતી નથી. ત્યારે જેઠસૂર ખાચર બે હાથે જોડીને બોલ્યા, મહારાજ ! અમે જ્યારથી આપનું શરણ લીધું છે ત્યારથી પોતાની પત્ની સિવાયની જગતમાં જેટલી સ્ત્રી કહેવાય છે તે બધીને મા, બહેન અને દીકરી જેવી કરી છે. માંસ અને દારૂ છોડી દીધો છે. ૩૦-૩૧. જેટલી ચોરી કહેવાય છે, તે બધાનો અમે ત્યાગ કરી દીધો છે. મહારાજ ! આપ અને સંતોની આગળ અમે સત્ય વચન કહીએ છીએ. ૩૨. દુનિયાના લોકોની આગળ તો દુનિયાની રીતે અમે બોલીએ છીએ. કારણ કે, ચુનાની ગાર(પ્લાસ્ટર)માં રેતી એકરસ થઈને રહે તો જ શોભે છે. ૩૩. ચાંદીની ગારમાં ચાંદીની રેતી અતિશય શોભે છે અને સોનાની ગારમાં સોનાને તેવી રીતે મેળવે તો અતિશય શોભે છે. ૩૪. પણ

છાણની ગારમાં સોનું અને ચાંદી ક્યારેય સારા લાગતા નથી. આપ કહો તો છાણની ગારમાં ચાંદી અને સોનું મેળવીએ. અર્થાત્ કુપાત્ર મહેમાનને કે માંગણને આપીએ. ૩૫. આપના વચન તો અમારા માટે હીરા-મોતીના જેવા છે. આપ જેમ કહો તેમ અમારે કરવું છે, પણ ઘર છોડવું તે અમને કઠણ દેખાય છે. મેં મારું અંગ આપની આગળ કહ્યું. ૩૬.

પછી શ્રીહરિએ કહ્યું, તમે સાચી વાત કહી છે. તમારા ઉપર અમે રાજી છીએ. હવે તમારી સાથે કોઈ અંતરાય રહ્યો નથી. પ્રસંગ થયા સિવાય ખબર પડતી નથી. ૩૭. પછી શ્રીહરિ સવારના પહોરમાં ચાલતા થયા. સુંદર અશ્વ ઉપર સવાર થયા. તેની અપાર શોભા થઈ. ૩૮. સુખધામ ઘનશ્યામ શ્રીહરિ **કારિયાણી** ગામ આવ્યા અને દરબાર વસ્તા ખાચરને ભવન ઊતર્યા. ૩૯. **શ્રીહરિએ મસ્તક ઉપર કેશ રાખ્યા હતા. પ્રભુ સોનેરી દાંતાનો દાંતિયો મુકુંદાનંદ વર્ણી પાસે રખાવતા હતા. ૪૦. અને મુકુંદાનંદ વર્ણી રોજ શ્રીહરિના કેશ ઓળતા હતા. અત્યંત કાળા કેશ ચમકતા હતા. ૪૧.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'અલૈયા ખાચરે પોતાનું જીવન વૃત્તાંત કહ્યું' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર પંદરમું : તરંગ - ૧૫

ખટરસવ્રતને છોડાવીને શુભ વર્તનની રીત કહી

શ્રીહરિ કારિયાણીમાં વસ્તા ખાચરના ભવનમાં પાંચ દિવસ રહ્યા ત્યારે સંતો કુંડળમાં આવ્યા છે; એમ કોઈએ શ્રીહરિને કહ્યું. ૧. તે સાંભળતા જ શ્રીહરિ તે વખતે **કુંડળ** ગામ આવ્યા. સહુ સંતોને મળ્યા અને સહુના હૃદયમાં આનંદ છવાઈ ગયો. ૨.

सोरठा : क्रष तन भयेउ संत, खटरस के नियम रहेउ;
राईबाई तब अतंत, संत कु देखि दुःखि भयेउ...०३

તે સમયે ખટરસ ત્યાગના નિયમ ચાલતા હતા. તેથી સંતોના શરીર

કૃષ થઈ ગયા હતા. સંતોના શરીરને દુર્બળ દેખીને રાઈબા મનમાં ઘણું દુઃખી થયા. ૩. પછી તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, આપે સંતોને ઘણું કષ્ટ આપ્યું છે માટે ખટરસ સિવાય ધ્યાન અને નામ-રટણ જેવા બીજા કોઈ નિયમ રખાવો. ૪. **સંતોને માટે તો ઈન્દ્ર ભૂમિ ઉપર વરસાદ કરે છે. અને સંતોની પાછળ બીજા મનુષ્યો અને પશુઓ ઘણો આનંદ માણે છે. ૫. ઈન્દ્રને સંતો ઉપર ઘણું હેત છે એટલે દર વર્ષે વરસાદ કરે છે. આપ સંતોને જેવી રીતે વર્તાવો છો તેવું બધા લોકોને કષ્ટરૂપ ફળ થાય છે.** ૬. આપ સંતોને જેવું ઘી જમાડો તેવો વરસાદ ઈન્દ્ર કરે છે અને ઈન્દ્ર જો વરસાદ ન કરે તો અમે તેના જામીન થઈએ છીએ. ૭.

પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને કહ્યું, તમે સહુ સંતો રસવાળું ભોજન લ્યો. તમે નહિ જમો તોપણ અમે જમાડશું. હવે આ બાબતમાં તમારે બીજો કોઈ હઠાગ્રહ કરવો નહિ. ૮. અમારી જેવી મરજી હોય તે પ્રમાણે તમારે કરવું. અમારા વચનનું ઉલ્લંઘન કરવું નહિ. અમે તમારા સૌ સંતોના ઉપર ઘણું રાજી થયા છીએ. અત્યાર સુધી અમે જેમ કહ્યું તેમ તમે કર્યું છે. ૯. હવે અમે જમાડીએ ત્યારે તમારે તે જમવું. તે સિવાય બીજી રસોઈ લેવી નહિ. કોઈ ઘી, ગોળ કે સાકર લાવીને મૂકે તોપણ તે ક્યારેય લેવા નહિ. ૧૦. ખબર વિના ઝોળીમાં જે કાંઈ ભોજન આવે તે તમારે મેળાવી, ગોળા કરીને જમવું, પણ અલગ-અલગ ભોજન કરવું નહિ. ૧૧. ઝોળી માગ્યા સિવાય કોઈ સાધુઓને માટે દૂધ-દહીં લાવે અને ઝોળીના સમય સિવાય કોઈ કંદ-ફળ ઇત્યાદિક વસ્તુ લાવે તો તેને ત્યાગીએ ક્યારેય અડવું નહિ. ૧૨. જે ત્યાગી સંતો છે તેમણે ઝોળીના સમય સિવાયની જે કોઈ ખાવાની વસ્તુ મળે તેને ભૂલથી પણ ખાવી નહિ. ૧૩.

આખો દિવસ અને આખી રાત જેને ખાવાનો નિયમ નથી તે તો પશુનો ધર્મ કહેવાય છે. રાત-દિન ખાધા કરવું તે ત્યાગીનો ધર્મ નથી. ૧૪. ખાઈને તરત જ કથા-વાર્તા કર્યા સિવાય આસન ઉપર જઈને સૂઈ જવું તે ત્યાગીનો ધર્મ નથી. ૧૫. જે પશુ અને પંખીઓ છે તેઓ તો અપાર અજ્ઞાની છે, છતાં તેઓ ક્યારેય દિવસે સૂતા નથી; એવી તેમને ટેક છે. ૧૬. આ પૃથ્વીનું રાજ્ય

ચલાવવામાં જેના મનમાં ઘણું મમત્વ રહેતું હોય તેવા રાજા ક્યારેય દિવસે સૂતા નથી. અને જે રાજા દિવસે સૂઈ જાય છે તેનું રાજ્ય રહેતું નથી. ૧૭. પૃથ્વીનો રાજા થઈને જે વ્યસન રાખે છે કે નશો કરે છે તેને સ્વતંત્રતાવાળું રાજ્ય રહેતું નથી. પછી તે રાજાને પરાધીન થઈને નિર્વાહ કરવો પડે છે. ૧૮. રાજાએ કરવાનું જે કર્તવ્ય છે તે બધું રાજનીતિમાં કહ્યું છે. જે રાજા રાજનીતિમાં તત્પર થઈને રહે છે. તે રાજા રાજ્ય અને સંપત્તિને ભોગવે છે. ૧૯. રાજનીતિ વગરના જે રાજાઓ છે તેઓ તો નામમાત્રના જ રાજા કહેવાય છે. નીતિ ભણવાથી જ રાજા કહેવાતો નથી, પણ નીતિમાં કહ્યા પ્રમાણે જે વર્તે-વર્તાવે છે તે રાજા કહેવાય છે. ૨૦.

રાજાને પોતાની બુદ્ધિમાં અત્યંત પ્રતાપ હોવો જોઈએ. અને રાજાએ આવી રહેલા સમયનો અગાઉથી વિચાર કરવો જોઈએ. ૨૧. રાજાએ એક વાત યાદ રાખવી જોઈએ કે, કોઈપણ બાબતમાં લેશમાત્ર પણ પ્રમાદ રાખવો નહિ. અને જે બાબત કરવાની હોય તે બધાને સંપૂર્ણ યાદ રાખવું. ૨૨. **પરસ્પર અનુસંધાન રાખ્યા સિવાય જે કામ કરે છે તે રાજાને અંધ કહી શકાય છે. અંધના રાજ્યમાં બધું અંધ જ કહેવાય છે. અને પૂર્વાપરના અનુસંધાન વિનાનો રાજા ક્યારેય રાજ્યનું સુખ પામતો નથી. ૨૩. રાજા થવાથી કાંઈ રાજા નથી થઈ જવાતું. તેમાં રાજાના લક્ષણ હોવા જોઈએ. લક્ષણ વિનાનો રાજા તો જીવ વિનાના મડદા જેવો છે. ૨૪.** રાજાના જે લક્ષણો કહ્યા છે તે એકની પણ જે રાજાને ગમ નથી તેવા લક્ષણ વિનાના રાજાને તો ચિત્રામણના રાજા જેવો દેખવો. ૨૫.

※ લક્ષણ હોય તેને સંત કહેવાય :

दोहा : भूप से गुरु संत जो, अतिशय अधिक कहात;
भूप पूजत गुरु संतको, लछन बिन न सोहात...२६
गुरु में गुरु ताहिके, लछन जेते रहाय;
ताकी कछु तेहि गम नहि, गुरु भये गुरु न ताय...२७

રાજા કરતાં પણ જે ગુરુ અને સંત છે તે તો ઘણા અધિક કહેવાય છે.

કારણ કે, રાજા પણ ગુરુ અને સંતની પૂજા કરે છે. એટલે તે ગુરુ અને સંત લક્ષણ વગરના હોય તો શોભતા નથી. ૨૬. ગુરુમાં ગુરુપણાના જેટલા લક્ષણ હોવા જોઈએ તેની જેને ગમ નથી તે ભલે ગુરુ થયા હોય પણ વાસ્તવમાં તે ગુરુ નથી. ૨૭.

सोरठा : संत में संतके जोउ, लछन चहिये तिस विध;
लछन बिन संत न होउ, त्यागी भये भये कहा?...२८
प्रत्यक्ष हि भगवान, मिले बडी हे बात यह;
एसे नहि जन आन, लछन चहिये अधिक तेहु...२९

તે જ રીતે સાધુમાં સાધુતાના લક્ષણ હોવા જોઈએ. સાધુતાના લક્ષણ વિના સાધુ નથી થવાતું. ત્યાગી થયા તો શું થયું ? ૨૮. **આજે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે એ મોટી વાત છે. આવો સમાજ બીજે ક્યાંય નથી, પણ સૌમાં સારા લક્ષણો વિશેષ હોવા જોઈએ. ૨૯.** પશુ, પંખી અને વૃક્ષ ઈત્યાદિક છે તેમાં પણ સારા લક્ષણ જોવાય છે. અત્યારે જે પરમ અનુપમ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે, તે મોટા રાજાઓના પણ મહારાજાધિરાજ છે. જેટલા દેવો કહેવાય છે, તે બધા તેમનામાં આવી ગયા છે. તે ભગવાનને સહુ કોઈ પૂજે છે, સત્કાર કરે છે. કોઈ તેમનો અનાદર કરતા નથી. ૩૦-૩૧. **જેમાં શુભ ગુણ રહ્યા હોય છે તેમાં પૂજ્યભાવ રહે છે. તે સૌને પ્રત્યક્ષ દેખાય છે. તેટલા માટે જે શુભ ગુણ છે તેને દીન-પ્રતિદિન શીખવા જોઈએ. ૩૨.** અમે શાસ્ત્રોમાં જેટલા શુભ સદ્‌ગુણો સાંભળ્યા છે તે બધાને અમે લખાવીને, તેનો અપાર સંગ્રહ કરી રાખ્યો છે. ૩૩. તેમાંથી કોઈ પણ એક સારો સદ્‌ગુણ પ્રાપ્ત કરવામાં આવે તો મોટા બધા રાજાઓ પણ તેના પગમાં પડે તો સામાન્ય માણસો તે ગુણવાનના પગમાં પડે એમાં કોઈ અતિ આશ્ચર્યની વાત ન કહેવાય. ૩૪.

ગૌહત્યાના જેવું કોઈ મોટું પાપ નથી. ચાહે તેવા ઉપાય કરે, છતાં તે પાપથી છૂટાતું નથી. દુનિયામાં ચંડાળથી કોઈ વધારે અધમ નથી. છતાં તે ચંડાળ પણ ગૌહત્યાથી ડરે છે. ૩૫. કદાચ કોઈ માણસ એક ગૌહત્યા કરે તો તે હત્યારાનું મુખ કોઈ દેખતા નથી. ગૌહત્યા કરનારાને મરે ત્યાં

સુધી કોઈ અન્ન-જળ આપતા નથી અને તેની સાથે કોઈ સ્નેહ રાખતા નથી. ૩૬. ગાયને મારવાનું આટલું બધું પાપ કહ્યું છે, તે અગણિત પાપ કહી શકાતું નથી. હવે અત્યારે ઇન્દ્ર વરસાદ કરતો નથી, તેથી અપાર ગાયો મરી ગઈ છે. ૩૭. જે મૃત્યુદેવ યમરાજ છે તે મૂર્તિમાન રહ્યા છે. આ બ્રહ્માંડમાં જેટલા પ્રાણી છે તે બધાના પ્રાણોને તે યમરાજ હરી લે છે. ૩૮. આવા તો અગણિત બ્રહ્માંડો છે, તેમાં અપાર પ્રાણીઓ રહ્યા છે. તે બધાના પ્રાણને યમરાજ લઈ લે છે, છતાં તેને લગારેય પાપ લાગતું નથી. ૩૯. ભગવાન તો નિર્લેપ છે. તેમના વચન પણ તેમના જેવા નિર્લેપ છે. **મનુષ્ય જ્યાં સુધી ભગવાનના આજ્ઞા-વચનમાં રહે ત્યાં સુધી વચનમાં રહેનારાને પણ કોઈ બાધ લાગતો નથી. ૪૦.** અર્જુન ક્ષત્રિય હતા. તેણે પોતાના બધા કુળવંશોનો નાશ કર્યો હતો, છતાં તેને પાપ લાગ્યું ન હતું. ગીતાના જ્ઞાનથી તે સર્વોત્તમ થયા હતા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ખટરસવ્રતને છોડાવીને શુભ વર્તનની રીત કહી' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર પંદરમું : તરંગ - ૧૬

ગીતાનું રહસ્ય કહીને શ્રીહરિએ સંતોને મિષ્ટાન્ન જમાડ્યાં

જે સંપૂર્ણ ગીતાને કંઠસ્થ કરીને રોજ પાઠ કરે તેને જેટલો પાઠ કરે એટલું ફળ થાય છે. ૧. તે ફળ પામવાથી વિશેષ શું થાય ? ગીતાનો રહસ્યરૂપ રસ પ્રાપ્ત જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેમાં સ્વાદ આવતો નથી. ૨. ગીતારૂપી ફળમાં રહસ્યરૂપ રસ એટલો જ છે કે, વ્યક્તિએ ક્યારેય ધર્મ વિરુદ્ધ આચરણ ન કરવું. ૩. જેને ભગવાન મળ્યા હોય તેણે તે ભગવાન જેમ કહે તેમ તે ધર્મનો વિચાર કરીને તરત જ કરવું. ૪. જે દ્રોણાચાર્ય હતા, તેના પુત્રનું નામ અશ્વત્થામા હતું. તેને દુર્યોધને શીખવાડ્યું કે, પાંડવોના જે પાંચ પુત્રો છે તે બધા પાંડવોના સમાન જ બળવાળા છે. તેઓ અમને

ચોક્કસ મારશે. તે જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી અમને ઊંઘ આવતી નથી. ૫-૬. અમને ખાતાં-પીતાં પણ દુઃખ ટળતું નથી. માટે તેમને તમે કોઈ વાતે મારો. તમે તો ગુરુ દ્રોણાચાર્યના પુત્ર કહેવાઓ છો અને જાતિએ કરીને વિપ્ર છો. ૭. અમારું આટલું કામ જો તમે કરશો, તો તમને અમે કહેશો તેટલો ગામ-ગરાસ વગેરે આપશું. તેઓ તમારો વિશ્વાસ કરશે, માટે તે પાંડવોના પુત્રોનું શિરચ્છેદન કરો. ૮.

ત્યારે અશ્વત્થામાએ મધરાતે છાની રીતે આવીને પાંચેય પાંડુપુત્રના મસ્તક કાપી નાખ્યાં. જ્યારે દ્રોપદીએ પુત્રોનું શિરચ્છેદન જોયું, ત્યારે તે રડવા લાગ્યાં. ૯. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું, તમારા ગુરુપુત્ર અશ્વત્થામા સિવાય આવું અધર્મનું કાર્ય કોઈ કરે નહિ. હવે તમે ચાલો. આપણે તેને જઈને મારીએ. ૧૦. આમ કહીને અર્જુન તથા શ્રીકૃષ્ણ ભગવાન અશ્વત્થામાની પાછળ પડ્યા. માર્ગમાં આગળ જતા અશ્વત્થામા મળ્યા. તેને પકડી બંને હાથે બાંધી લીધો. ૧૧. તેને બાંધીને દ્રોપદીની આગળ લાવ્યા. દ્રોપદીએ અશ્વત્થામાને જોયો ત્યારે તેના મનમાં દયા આવી. ગુરુ દ્રોણના એક જ પુત્ર છે અને તે પણ જાતિએ કરીને બ્રાહ્મણ છે. ૧૨. દ્રોપદીએ કહ્યું, અશ્વત્થામા મારવા યોગ્ય નથી, તેને છોડી મૂકો. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અને ભીમે કહ્યું, આને મારવામાં કોઈ પાપ લાગે તેમ નથી. ૧૩. તેણે સૂતેલા બાળકોને છાની રીતે આવીને માર્યા છે માટે હાલમાં તેના જેવો જગતમાં બીજો કોઈ પાપી નથી. ૧૪.અત્યારે આને તો મારી જ નાખવો જોઈએ. જો છોડી દઈશું તો ફરી આવીને આ આવું જ પાપ કરશે. તેના દિલમાં જરાય દયા નથી. ૧૫.

ક્ષત્રિયના દિલમાં દયા રહે છે, પણ લોભી બ્રાહ્મણના દિલમાં દયા રહેતી નથી. કારણ કે, લોભ તેના ચિત્તને ફેરવી દે છે. એટલે લોભી બ્રાહ્મણને ધર્મની મર્યાદા રહેતી નથી. ૧૬. જેમાં ધર્મ રહ્યો હોય એવા માણસનો લોભ રાખવો તેને જ અલોભ કહેવાય છે. (આ અશ્વત્થામાનો લોભ રાખવો જોઈએ નહીં. આને તો મારી જ નાખવો જોઈએ.) તેમ છતાં જેવો સમય હોય તેવો ધર્મ કહ્યો છે. ૧૭. અત્યારે અધર્મી પકડાય ગયો છે માટે સમય દેખીને તેને દંડ દેવો જ જોઈએ અને સમયને અનુસારે દંડ દેવો તેને જ મહાન ધર્મ કહ્યો છે. ૧૮.

સચ્છૂદ્ર અને અસચ્છૂદ્ર સુધીના જે લોકો વર્ણાશ્રમધર્મમાં રહ્યા છે તેમને ધર્મમાં ચાલવાની રીત કહી છે અને તેનાથી પણ ઊતરતા જે લોકો હોય તે પણ ધર્મને પાળે છે, તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. ૧૯. ઊતરતા લોકો જે ધર્મ રાખે છે, તે ઘણી આશ્ચર્યની વાત કહેવાય છે. તેવા લોકોનો ઉદ્ધાર ભગવાન અવશ્ય કરે છે. તેમાં લગાર પણ ફેર નથી. ૨૦.

ગુરુપુત્ર અશ્વત્થામા મારવાને લાયક હતો. ભગવાને અર્જુનને કહ્યું, છતાં તેણે વિપ્ર અશ્વત્થામાને માર્યો નહિ તે ખરેખર આશ્ચર્યની વાત કહેવાય છે. ૨૧. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનની સામે અપાર ગુરુજનો અને બંધુજનો યુદ્ધ કરવા માટે જે સમયે આવ્યા ત્યારે ભગવાને જે પ્રમાણે વચન કહ્યા તે પ્રમાણે અર્જુને ધર્મનો વિચાર કર્યો. ૨૨. **ગીતાનું પરમ રહસ્ય એ છે કે, “જેવી ભગવાનની આજ્ઞા હોય તે પ્રમાણે કરવું.”** ગીતાને ભણે અને આવું રહસ્ય જે ન સમજે તે પાપકર્મ કરતા લેશમાત્ર પણ ડરતા નથી. ૨૩. જે ગીતાના રહસ્યને ન પામ્યો હોય તેવા જ્ઞાનીને પાપી કહેવો અને ખરો આત્મજ્ઞાની તો તેને જાણવો કે, જે પાપમાર્ગમાં ક્યારેય ચાલતો નથી. ૨૪. વેદ અને પુરાણોનું એ જ રહસ્ય છે કે, “ક્યારેય પાપકર્મ કરવું નહિ.” જેના દિલમાં આવી વાત ન સમજાણી હોય તેને વેદ અને પુરાણોને ભણવાથી શું થયું ? ૨૫. પાપ કરવામાં જ્યાં સુધી બુદ્ધિ રહે છે ત્યાં સુધી તેની સમજણમાં ફરક રહે છે. ભણીને પણ અપાર અજ્ઞાની રહે છે તેને જમપુરીમાં ઘણો જ માર ખાવો પડે છે. ૨૬.

ભગવાનના અપાર અવતારો થાય છે તે સહુનો એક જ નિરધાર છે કે, “મનુષ્યોને પાપથી છોડાવવા.” ૨૭. **જેટલા ભગવાનના આજ્ઞા-વચન છે તે બધા મૂર્તિમાન ધર્મ છે. અને ભગવાનની મરજી પ્રમાણે જે ચાલવું તે મૂર્તિમાન ભક્તિ છે એમ જાણવું. ૨૮.** ભગવાન સિવાયની બીજી બધી વસ્તુમાત્રને જે અસાર-તુચ્છ જોવી તેનું નામ જ્ઞાન કહેવાય છે. અને ભગવાન સિવાય અન્ય વસ્તુ-પદાર્થમાં આસક્ત ન થવું તેને વૈરાગ્ય કહેવાય છે. ૨૯.

શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને આટલી વાત જ્યારે કહી ત્યારે સહુના હૃદયમાં આનંદ સમાતો ન હતો. તે પછી બધા સંતો બોલ્યા. ૩૦. મહારાજ ! શાસ્ત્રના વચનનો બાધ કે નિર્બાધ તેને આપ જાણો. અમારે ઠરવાનું ઠેકાણું

તો આપ એક જ છો. અમે અંધ છીએ અને આપ અમારા નેત્ર છો. આપ જે કહો તે વચનને અમારે માનવા છે. ૩૧. અત્યાર સુધી અમે અજ્ઞાનને વશ થઈને અનંત જન્મ ખોયા છે. હવે આપ મળ્યા છો, એટલે આ શરીર અમે આપને અર્પણ કરી દીધું છે. ૩૨. હવે આપ ચાહે તેમ અમને વર્તાવો. એમાં અમારો કોઈ દાવો નથી.

ત્યારે શ્રીહરિએ તરત જ શીરો બનાવડાવ્યો અને બધા સંતોને ઘણા પ્રેમથી જમાડ્યો. ૩૩. શ્રીહરિ કુંડળમાં બે દિવસ રહ્યા. તેનાથી રાયબા ખૂબ જ રાજી થયા. તેમણે એક દિવસ શ્રીહરિવર અને સંતોને પાકી રસોઈ કરાવીને જમાડ્યા. ૩૪. એક દિવસ દરબાર અમરા પટગીરે પણ પાકી રસોઈ કરાવીને શ્રીહરિ તથા સહુ સંતોને જમાડ્યા. પછી રંગભીના શ્રીહરિ સહુ સંતોને સાથે લઈને કુંડળથી ચાલતા થયા. ૩૫. **કારિયાણી**માં આવીને એક રાત રહ્યા. પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. ત્યાં દરબાર અલૈયા ખાચરે રસોઈ કરાવી. ૩૬. સુખકારી શ્યામસુંદર શ્રીહરિને રાજી કરવા માટે તેમણે પાકી રસોઈ કરાવી હતી અને ઘણા જ પ્રેમથી સારી રીતે શ્રીહરિ અને સંતોને જમાડ્યા. ૩૭. ત્યાંથી ચાલેલા શ્રીહરિ અને સંતો **ગઢપુર** આવ્યા. સંતોના મંડળ જેટલા આવતા તે બધા જીવા ખાચરના દરબારમાં ઊતરતા હતા. જીવા ખાચરના ભવનની પાછળના ભાગમાં જે અપાર જગ્યા હતી તેમાં સહુ સંતો સમાઈ ગયા હતા. ૩૮-૩૯. દરબાર જીવા ખાચર, તેમના ભાઈ મૂળુ ખાચર અને તે બંનેના પુત્રો રાત-દિવસ સંતોની સેવામાં હાજર રહેતા હતા. ૪૦. શ્રીહરિ દરબાર એભલ ખાચરના રાજદ્વારમાં ઊતર્યા હતા. કારણ કે, પોતે અતિ ભક્તાધીન હતા. ૪૧. દુષ્કાળ ઘણો ભયંકર હતો. તેથી દેશેદેશમાં જે સમર્થ હરિભક્તો હતા તે યોગ્ય રીતે ગઢપુર આવતા રહેતા હતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ગીતાનું રહસ્ય કહીને શ્રીહરિએ સંતોને મિષ્ટાન્ન જમાડ્યાં' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર પંદરમું : તરંગ - ૧૭

ફૂલદોલના ઉત્સવમાં હરિભક્તો ગઢપુર આવ્યા

શ્રીહરિ ગઢપુરમાં ફૂલદોલનો ઉત્સવ કરતા હતા તેમાં દેશ-દેશાવરના હરિભક્તો આવ્યા. જેમ કે, ગુજરાત, દંઢાવ્ય, વઢિયાર(કડી મહેસાણા પાસેનો ઉ.ગુ.નો પ્રદેશ), ચુંવાળ, ઝાલાવાડ, ચરોતર, વાકળ, કાનમ ઈત્યાદિ પ્રદેશોના હરિભક્તો ઉત્સવમાં આવ્યા. ૧-૩. સુરતના હરિભક્તો નાવમાં બેસીને આવ્યા અર્થાત્ સુરતથી નાવમાં ભાવનગર અને ત્યાંથી ગઢપુર આવ્યા. અને બધા એક એક મણ ગુલાલ પણ સાથે લેતા આવ્યા. ૪. બારા, ભાલ, નળકાંઠા, જતવાડ, મચ્છુકાંઠા, વાગડ અને કચ્છ દેશના હરિભક્તો પણ આવ્યા. ૫-૬. હાલાર, સોરઠ, દિવબંદર, ઊનાપ્રદેશ, વાળાક દેશ અને ગોહિલવાડ પ્રદેશના હરિભક્તો પણ ઉત્સવ ઉપર ઘણા ઉત્સાહથી આવ્યા. ૭-૮. તેમજ કાઠિયાવાડના બધા હરિભક્તો પણ ઉત્સવ પર આવ્યા. એકાદશીના દિવસથી હરિભક્તો આવતા હતા. ૯. સુખકારી શ્રીહરિએ હુતાશની અને ફૂલદોલનો ઘણો ભારે ઉત્સવ શરૂ કર્યો. શ્રીહરિની વાત તો ઘણી આશ્ચર્યભરી છે. તેમાં બીજા કોઈને ગમ પડતી નહિ. ૧૦.

જીવા ખાચર અને એભલ ખાચર બંનેના દરબારગઢમાં બે વખત રંગલહેરી શ્રીહરિ સભા કરતા હતા. ઓગણોતેરા કાળના દુષ્કાળનો સમય હતો. શ્રીહરિની ભવ્ય-દિવ્ય મૂર્તિના બત્રીસ વર્ષ પૂરા થયા હતા, પણ તે કોઈને ક્યારેય જણાતા નહિ. ૧૧-૧૨. **શ્રીહરિનું સ્વરૂપ અત્યંત મનોહર હતું. તેની શોભા કહી શકાતી નથી. જેટલા ભક્તજનો તે સ્વરૂપના દર્શન કરતા હતા, તેમને તૃપ્તિ થતી ન હતી. ૧૩.** પહેલા ત્રણમાસના માથાના કેશ બોટાદમાં ઊતાર્યા હતા અને પછીના છ માસના કેશ રાખ્યા હતા તે દરબાર એભલ ખાચરના ભવનમાં ઊતરાવ્યા હતા. ફરીને કેશ રાખ્યા ન હતા. શ્રીહરિ આવા બધા ચરિત્ર કરતા હતા. ૧૪-૧૫. હરિભક્તો ગઢપુરમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ શ્રીહરિને માટે થાળ કરાવીને અતિ ભાવથી જમાડતા. ૧૬. જે દેશના જે હરિભક્તો હતા, તે બધા ભેળામળીને શ્રીહરિ ના કહે છતાં સંતોને ઘણી રસોઈઓ આપતા હતા. ૧૭. રોજ એક-બે

દેશના હરિભક્તો શ્રીહરિની પૂજા કરતા હતા. શ્રીહરિ ગઢપુરમાં સતત રહ્યા હતા તેથી ત્યાં દુષ્કાળ દેખાતો નહિ. ૧૮. કાઠિયાવાડ દેશ, વાળાક દેશ, ગોહિલવાડ, સોરઠ દેશ અને સરધાર તથા રાજકોટ સુધી અને ગોંડળ વગેરે પ્રદેશના ગામોગામમમાં વાડીઓમાં કૂવા હતા, તેથી સૌએ કૂવાના પાણીથી ઘઉં કર્યા હતા. તેનાથી લોકોને અનાજ મળ્યું હતું. ૧૯-૨૦.

ચરોતર અને ગુજરાત પ્રદેશમાં પણ દુષ્કાળ હોવા છતાં કૂવાઓને લીધે ઘણું અનાજ પાક્યું. દુષ્કાળને લીધે અનાજ મોંઘું હતું એટલું કઠણ પડ્યું હતું. ૨૧. વાકળ, કાનમ, સુરત પ્રદેશ અને કોંકણ(સહ્યાદ્રિ પર્વતથી પશ્ચિમ સમુદ્ર કાંઠાનો) પ્રદેશ તેમજ પૂના પ્રદેશમાં પણ અનાજ પાક્યું હતું. મારવાડ દેશમાં સાત વર્ષ સુધી ક્યારેય વરસાદ થયો ન હતો, તેથી દેશના બધા લોકો ત્યાંથી ભાગી ગયા હતા અને ઉપર કહ્યા તે બધા દેશમાં મારવાડના લોકો ઘેર ઘેર ત્રણ વર્ષ સુધી માગતા ફરતા હતા. ૨૨-૨૩. વઢિયાર, ચૂંવાળ, જતવાડ, ઝાલાવાડ, કચ્છ, હાલાર, સોરઠ અને કાઠિયાવાડ દેશમાં એક જ વાર વરસાદ થયો. ફરીને થોડો પણ વરસાદ ન થયો તેથી દુષ્કાળનું નામ પડ્યું હતું, પણ કુવાના પિયતથી તો અપાર અનાજ થયું હતું. ૨૪-૨૫. શ્રીહરિ સાંજે અને સવારે એમ બે વાર સૌને દર્શન આપતા હતા અને બધા હરિભક્તોની સાથે સંતોની સભા થતી હતી. ૨૬. સંતો વાજિંત્રો વગાડીને વસંત, ધુમાર અને હોરીના પદ ગાતા હતા અને રોજ મહાન ઉત્સવ થતો હતો. ૨૭. બંને દરબારગઢમાં અનુપમ રંગમંડપ કર્યા હતા. તેની શોભા કહી શકાતી નથી. મંડપની વચ્ચે સુંદર સિંહાસન પણ કર્યું હતું. ૨૮. એભલ ખાચરના દરબારમાં સવારથી બપોર સુધી શ્રીહરિ સભા કરતા હતા અને ત્યાં મહાન ઉત્સવ થતો હતો. ૨૯.

કેટલાક હરિભક્તો ગુલાલ લાવીને શ્રીહરિની આગળ મૂકતા, ત્યારે અંતર્યામી શ્રીસહજાનંદસ્વામી ગુલાલની પોશ ભરી ભરીને ઉડાડતા હતા. ૩૦. સંતો અને હરિભક્તોની સભાને શ્રીહરિ ગુલાલથી ભરી દેતા હતા. દરબારગઢમાં રહેલો મંડપ અને બધી ભૂમિ ગુલાલ ગુલાલ થઈ જતી હતી. ૩૧. શ્રીહરિ રોજ બપોર પછીના સમયમાં સંતો અને હરિભક્તોને સાથે

લઈને ઉન્મત્તગંગા-ઘેલા નદીમાં ખળખળિયાને નજીક રહેલા ધરામાં સ્નાન કરતા હતા. ૩૨. ઉન્મત્તગંગાનો ધરો રંગમય થઈ જતો અને તેથી તેની ઘણી શોભા દેખાતી. ગંગામાં જે સંતો નાતા હતા તે વસંત અને હોરીના પદ ગાતા હતા. ૩૩. સંતોની સાથે શ્રીહરિ પણ વસંત અને હોરીના પદ ગાતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી, આ ત્રણ કવિઓએ રચેલા ઘણા પદો સવાર-સાંજ ગવાતા હતા. શ્રીહરિની સુંદર મૂર્તિ જેવી હતી તેવું તેનું વર્ણન તે પદોમાં રહ્યું હતું. ૩૪-૩૫.

શ્રીહરિ જે રીતે ચરિત્રો કરતા તે રીત પદમાં કહી હતી. સંતકવિઓ શ્રીહરિના જેવા ચરિત્રોને દેખતા તે બધાને પદમાં ગૂંથી લેતા હતા. ૩૬. **વિદ્વાન સંતોએ ઘણા પ્રબંધો અને અપાર ગ્રંથો રચ્યા છે. તેને જે કાન દઈને સાંભળે તેને ક્યારેય જમપુરીનો માર ખાવો ન પડે. ૩૭. તે ગ્રંથોમાં રચેલા શ્રીહરિના સ્વરૂપ અને ઉપદેશના પદો અમૃત કરતાં પણ અધિક સ્વાદુ છે. એમાં પ્રેમથી ભક્તિરસ પાર વગરનો ભર્યો છે. ૩૮.** કેટલાક પદ્યગ્રંથો નાના-મોટા પાત્ર જેવા છે. કેટલાક ગ્રંથો સરોવર જેવા છે તો કેટલાક નદી અને વિશાળ સાગર જેવા છે. ૩૯. જે પદ્યગ્રંથો કર્યા તેમાં શ્રીહરિની જેવી મૂર્તિ હતી તેવી દેખાડી હતી. તે ગ્રંથો જોવાથી શ્રીહરિના બધા ચરિત્ર જાણી શકાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ફૂલદોલના ઉત્સવમાં હરિભક્તો ગઢપુર આવ્યા' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર પંદરમું : તરંગ - ૧૮

જીવા ખાચરની વિવેકભરી પ્રાર્થના

શ્રીહરિ રોજ ઉન્મત્તગંગા-ઘેલા નદીમાં સંતો અને હરિભક્તોની સાથે એક-બે કલાક સ્નાન કરતા હતા. ૧. દરબાર એભલ ખાચરના પુત્ર ઉત્તમ રાજા નામે હતા. તેઓ રોજ શ્રીહરિની સાથે સ્નાન કરતા અને શ્રીહરિને પરમ સુખધામ માનતા હતા. ૨. શ્રીહરિ જ્યારે નાવા પધારે ત્યારે દરબાર જીવા ખાચરને ખબર આપતા, તેથી તેઓ પોતાના પુત્રને સાથે લઈને નાવા

આવતા. ૩. શ્રીહરિની સાથે નાતા નાતા તેઓ વાતનો મરમ કરતા હતા અને તેનાથી વાતનો રંગ જામતો રહેતો. શ્રીહરિની સાથે રહેલા સહુને નિરંતર એક આનંદરૂપી રસ રસ ને રસ જ ભર્યો રહેતો હતો. ૪. જીવા ખાચર શ્રીહરિ આગળ હાથ જોડીને બોલતા કે, મહારાજ ! અમારી બુદ્ધિ તો અતિ થોડી છે અને આપ તો અનાદિ એક ભગવાન છો. કોઈ વાત આપનાથી અજાણી નથી. ૫.

નદીના પ્રવાહની જેમ જન્મ-મરણનો અથાગ પ્રવાહ વહી રહ્યો છે. જે પ્રવાહમાં અનંત બ્રહ્માંડો જેવા પણ ખેંચાઈ જાય છે, તેનો પણ પાર આવતો નથી, ૬. તેમાં અમારા જેવા સામાન્ય માણસની શું ગણતરી ? આપ મળ્યા એટલે અમે કાંઈક ગણતરીમાં આવ્યા છીએ. આપ કરો તે શું ન થાય ? છતાં આપ પોતાના પ્રતાપને છુપાવી રહ્યા છો. ૭. આપને તો કાંઈ જ કરવાનું નથી. આપ તો મુમુક્ષુઓનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છો. સંસારની નદી તો મહાસાગર કહેવાય છે. અપાર લોકો તેમાં ડૂબી રહ્યા છે. ૮. તે સાગરમાં વારેવારે નિરંતર અનંત દુઃખને મનુષ્ય પામે છે, છતાં તેને લેશમાત્ર તે દેખતા નથી. કારણ કે, તે અજ્ઞાનના અંધારારૂપી સુષુપ્તિમાં પડેલા છે. ૯.

❋ સત્સંગનો પ્રતાપ :

મહારાજ ! આપ અને આપના સંતો જ્યાં સુધી મળ્યા ન હોય ત્યાં સુધી ચાહે તેવા બુદ્ધિશાળી આ બ્રહ્માંડના રાજા કહેવાતા હોય, તોપણ અજ્ઞાનરૂપી સુષુપ્તિમાં તેઓ સદા ડૂબી રહ્યા છે. ભલે તે પોતાના મનમાં બહુ બુદ્ધિમાન માનતા હોય, પણ તેના સુખનું કાંઈ ઠેકાણું મળતું નથી. ૧૦-૧૧. જ્યારે તે લોકો આપને સુખરૂપ જાણશે, ત્યારે સંસારરૂપી સાગર જેવી નદીને તરશે. આપના સત્સંગનો પ્રતાપ મને આ રીતનો દેખાયો છે. ૧૨. છતાં પણ અમે જેટલો સમય આપના જોગમાં નથી રહેતા તેટલી વાર અમને લેશમાત્ર પણ સત્સંગ રહેતો નથી, પરંતુ અપાર અજ્ઞાન રહે છે. ૧૩.

दोहा : हमारे जीय ताहिके, उद्धार रहे तव हाथ;
अज्ञान तुम हि लोपत नहि, सब कारन तुम नाथ...१४

હે નાથ ! અમારા જીવનો ઉદ્ધાર આપના હાથમાં છે. આપને કોઈપણ જાતનું અજ્ઞાન લોપી શકતું નથી. આપ તો સહુનું કારણ છો. ૧૪. પર્વત અને નારદ એ બંને ઋષિઓ હતા. તેમાં નારદ તો ભગવાનનું મન કહેવાતા અને તેઓ જ્ઞાનની તો ખાણ હતા. ૧૫. છતાં તેણે અંબરીષ રાજાની પુત્રી જયંતીને દેખી, ત્યારે તેને જેટલું આત્મજ્ઞાનનું સ્મરણ હતું તે બધું નાશ પામ્યું. કારણ કે, જ્ઞાન કરતાં પણ માયાનું બળ અધિક જણાય છે. ૧૬. શિવજીના જેવા કોઈ સમર્થ કહેવાય નહિ, તે તો જ્ઞાનની મૂર્તિ કહેવાય. શુકજી, સનકાદિકો અને નારદજી એ બધા રોજ તેની પાસે આવીને જ્ઞાન-વાર્તા સાંભળતા હતા. ૧૭. જેટલી જાતનું અજ્ઞાન કહેવાતું હતું તેને તેઓ મૂર્તિમાન દેખાડતા હતા. શિવની બુદ્ધિમાં કોઈપણ પ્રકારનું અજ્ઞાન અજાણ્યું ન હતું; એવા તે નિશ્ચિત સમર્થ હતા. ૧૮. પરંતુ તેમણે જ્યારે મોહિનીનું રૂપ જોયું, ત્યારે તેમને પોતાના શરીરનું લગાર પણ ભાન રહ્યું નહિ. એક વિષયી માણસની જેવા વિપરીત થઈ ગયા. શિવજીના જેવું બીજો કોઈ માણસ કરે નહિ. ૧૯.

મહારાજ, આપની માયાના પારને કોઈ પામી શકે તેમ નથી. બ્રહ્માજી કરતાં કોઈ વધારે સમર્થ નથી. તે તો દેવોના પણ આરાધ્ય દેવ છે. ૨૦. જેટલા શક્તિશાળી દેવતાઓ કહેવાય છે તે બધા બ્રહ્માજીને નમસ્કાર કરે છે. દેવો અને દૈત્ય વગેરે જે છે તે બધા બ્રહ્માના વચનને ક્યારેય લોપતા નથી. ૨૧. બ્રહ્મા જ્યારે પ્રાર્થના કરે છે ત્યારે ભગવાન પણ તે પ્રાર્થનાને સાંભળે છે અને તે બ્રહ્માજી જેમ કહે છે તેમ ભગવાન ભૂમિ ઉપર આવીને કરે છે. ૨૨. ભગવાન બ્રહ્માજીની પ્રાર્થના પ્રમાણે કામ કરે છે. તેની વધારે પડતી વાત શું કરવી ?! બ્રહ્મા જેવા સમર્થ છે તેવા તો બીજા કોઈ દેવ સમર્થ નથી. ૨૩. બ્રહ્માજીની પુત્રી સરસ્વતી અત્યંત રૂપાળા હતા. કારણ કે, હે હરિ ! રૂપનું પણ રૂપ એવી તમારી માયા ઘણી ભારે છે. તે રૂપાળી પુત્રીને બ્રહ્માએ દેખી. ૨૪. ત્યારે બ્રહ્માને જેટલું વિધિ-નિષેધનું જ્ઞાન હતું તેની સ્મૃતિ નાશ પામી. એટલું બધું તેમને અજ્ઞાનનું અંધારું વ્યાપી ગયું. ૨૫. બ્રહ્મા રૂપના પાશમાં બંધાઈ ગયા અને તે રૂપને અનુરૂપ થઈ ગયા. તેમણે બધી જ મર્યાદા તોડી નાખી. આપની માયા જ સર્વ-સમર્થ છે. ૨૬.

શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજી, બંને અત્યંત નિર્દોષ હતા. છતાં બળદેવજીના મનમાં શ્રીકૃષ્ણના ઉપર અત્યંત નારાજગી થઈ. ૨૭. બળદેવજીને સ્યમંતક મણિરૂપી માયા નડી અને નિર્દોષ શ્રીકૃષ્ણમાં દોષબુદ્ધિ થઈ. મહારાજ ! આપની દયા સિવાય કોઈ માયાના પારને પામતા નથી. ૨૮. તે આપની માયા જીવને પળે પળે ઠગી રહી છે. હે હરિ ! તે માયા હવે અમારાથી ક્યારેય જીતી શકાય તેમ નથી. ૨૯. અમે આપને આધીન થયા છીએ, એટલે આપ અમને માયાથી ઉગારી લેજ્યો. જોકે, અમે એભલ ખાચર અને દાદા ખાચર જેવા આધીન ભક્ત થયા નથી. ૩૦.

❋ એભલ પરિવારના સદ્‌ગુણો :

એભલ ખાચર અને દાદા ખાચર બંને આપ જેમ કહો છો તે રીતે તત્કાળ જ વર્તવા લાગે છે. એભલ ખાચરનો જે પરિવાર છે, તે બધો જ ભક્તશિરોમણી છે. ૩૧. તેમણે બધા જ વ્યસન અને કેફનો ત્યાગ કર્યો છે. તેમને એક આપમાં જ પ્રેમ છે. તેમણે બીજો બધો લોક-વ્યવહાર તોડી નાખ્યો છે. કેવળ એક આપની સાથે જ પ્રીતિ જોડી છે. ૩૨. અમારી કાઠી જ્ઞાતિમાં તેમના જેવા કોઈ ભક્ત થયા નથી અને હવે પછી પણ તેવા ભક્ત કોઈ થશે નહિ. તે પરિવાર જ એવો ઉત્તમ ભક્ત થયો છે. ૩૩.

તેઓ જેવા ભક્ત છે તેવા જ તમે ભગવાન તેમને મળ્યા છો. આવા ભક્ત પુરુષના પુણ્ય પ્રતાપથી આપે અમને પણ નિષ્પાપ કર્યા છે. ૩૪. **અમને જે આપનું સુખ મળે છે તે એભલ ખાચરના પરિવારના પુણ્ય પ્રતાપથી મળે છે. અમારા જેટલા કાઠી કહેવાય છે, ખાચર, વાળા અને ખુમાણ તે રીતે જ કેટલાક આડા કાઠી પણ છે, જેનો ગણતા પાર આવે નહિ. તેમાંથી જેને સત્સંગ થયો તે ઘણા ઉચ્ચ કોટિના થયા છે. ૩૫-૩૬.**

હવે પછી પણ જે કાઠીઓ સત્સંગ કરશે તે પણ દરબાર એભલ ખાચરના પુણ્ય-પ્રતાપથી જ કરશે; એમ અમે માનીએ છીએ. ૩૭. જે કાઠી અને કોળી છે તે તો દૈત્યના પરિવાર જેવા કહેવાય. મનુષ્યને મારી નાખવામાં તેમને તલભાર પણ દયા આવતી નથી. ૩૮. ગામોગામ જઈને મનુષ્યને લૂંટે છે. ગાયો અને ભેંશોને ઘેરીને લઈ આવે છે, પણ મનમાં

તેનો ત્રાસ થતો નથી. ૩૯. બીજાના બધા બળદોને પણ લઈ આવે છે. જે મોટા રાજાઓ હોય છે તેમને કાંઈક ભાગ આપી દે છે અને તેથી નિર્ભયપણે લોકોને તે લૂંટતા ફરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'જીવા ખાચરની વિવેકભરી પ્રાર્થના' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥

પૂર પંદરમું : તરંગ - ૧૯

લોભ અને દોષદષ્ટિના અભાવનું પ્રતિપાદન

શ્રીહરિએ ત્યારે જીવા ખાચર આગળ કહ્યું, દરબાર, તમે મારી વાત સાંભળો. લોકો જેટલી અનીતિ કરે છે તેટલા વધુ દુઃખી રહે છે. ૧. જે કાંઈ દુઃખ કહેવાય છે તે સર્વે અનીતિમાં રહ્યા છે અને જે કાંઈ સુખ કહેવાય છે તે સર્વે નીતિમાં રહ્યાં છે. ૨. જે શાહુકારો નીતિને માર્ગે ચાલે છે, તે સુખી દેખાય છે અને કમાય કમાયને કરોડોપતિ રહ્યા છે. ૩. જેટલા કાંઈ પણ જીવન ઉપયોગી પદાર્થ હોય છે અને તેની જેને જરૂર પડે છે તે બધા શાહુકારની દુકાનેથી મળે છે, પણ ચોરના ઘરમાંથી ક્યારેય મળતા નથી. ૪. જે લોકો જેટલી અનીતિ કરે છે તેને જીવનમાં અન્ન તથા વસ્ત્ર મળતા નથી. નીતિના જે ગ્રંથો કહેવાય છે તે સમાજને અનીતિ કરતા રોકે છે. ૫. પ્રજાનું પાલન કરનારા જે રાજા હોય તેને પહેલા નીતિ ભણવાનું કહ્યું છે. જ્યારે રાજા નીતિના માર્ગે ચાલે ત્યારે જ તે પ્રજાને પણ નીતિ શિખવાડી શકે. ૬. રાજામાં જેવા ગુણ હોય છે, તેવા જ ગુણ પ્રજામાં પણ આવે છે. જેવું ઝાડ હોય તેવા ફળ દેખાય છે અને જેવા ફળ હોય તેવો તેમાં રસ રહ્યો હોય છે. ૭.

પશુઓના સમુદાયમાં પણ તે તે જાતના પશુઓના ગુણ જોવામાં આવે છે અને પંખીઓમાં પણ પંખીની જાતિના ગુણ આંખે દેખાય છે. ૮. તે રીતે જ મનુષ્યમાં જે ગુણ દેખાય છે, તે બધા સંગે કરીને આવતા હોય તેમ દેખાય છે અને જેવો સંગ થાય તેવું તેને ફળ મળે છે અને બુદ્ધિ પણ તેવી જ થઈ

જાય છે. ૯. અને મનુષ્યમાં જેવી બુદ્ધિ હોય તેવું તે દેખે છે, બોલે છે, ખાય-પીવે છે અને વસ્ત્ર-ઘરેણાં ઈત્યાદિકને પહેરે છે. ૧૦. મનુષ્ય ક્રિયા કરે છે તેમાં તેની જેવી રુચિ હોય તે પ્રત્યક્ષ દેખાય છે. વ્યક્તિને જેવા ગુરુ મળે છે, તે ગુરુના તેવા ગુણ તેમાં આવે છે. ૧૧. મનુષ્યને લોભનું બંધન ઘણું મોટું છે. બધા જ નરનારીઓ લોભથી બંધાય જાય છે. આ દુનિયામાં લોભમાં ન બંધાય એવા કોઈ નથી. તે લોભ પણ અનંત પ્રકારનો છે. ૧૨.

જીવને સંસારનું બંધન કરે એવી જાતનો લોભ અપાર છે અને સંસારના બધા બંધનને તોડાવે એવો મોક્ષ સંબંધી લોભ પણ ઘણો છે. ૧૩. માયિક ગુરુઓ જીવોને સંસારના બંધનમાં બાંધે એવા હોય છે, પણ સંસારનું બંધન કાપે એને જ સાચા ગુરુ કહેવાય છે. ૧૪. સંસારના બંધનને કાપે એવા સાચા ગુરુના જ્ઞાન વિના સંસારનું બંધન દૂર થતું નથી અને સાચા જ્ઞાન વિના તો ચિંતામણીરૂપ શરીરને ખોઈ બેસે છે અને ખોટા ગુરુને લીધે સંસારના બંધનને તે મહાનિધિ માને છે. ૧૫. સંસારને બંધન જાણ્યા વિના તો ચક્રવર્તી રાજા થવાથી પણ શું ? જે મોટા હોય છે તેને મોટા બંધન થાય છે. કોઈ દેવ થાય તો તેને અધિક બંધન થાય છે. ૧૬.

चोपाई :

निरबंध रहे ज्ञान हि जेता, सिखे में नहीं आये तेता;
बंधन में जन रहे तिहाँ लगहू, अति दुःख पावत इहाँ लगहू...१७
ब्रह्मांड के अधिकार पाये, माया के बंधन तोउ रहाये;
मोक्ष रूपनिधि जिहाँ लगही, पाये नहीं जन तिहाँ लगही...१८
जन्म मरन को डर ही ताकू, शिर पर रहे तिहाँ लग वाकू;
भव बंधन कहावत हे ताही, साचे गुरु विन गम न रहाही...१९

જ્યાં સુધી બંધનથી છોડાવનાર નિર્બંધનજ્ઞાન શીખવામાં આવતું નથી ત્યાં સુધી માણસ બંધનમાં રહે છે અને અત્યંત દુઃખને પામે છે. ૧૭. ભલે બ્રહ્માંડનો અધિકાર મળે તોપણ માયાનું બંધન તો રહે જ છે. જ્યાં સુધી મોક્ષરૂપી નિધિ પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી જીવના માથા ઉપર જન્મ અને મૃત્યુનો ભય તો રહે જ છે અને જે સંસારનું બંધન કહેવાય છે, તેનું જ્ઞાન

સાચા ગુરુ મળ્યા સિવાય થતું નથી. ૧૮-૧૯. આવી કેટલીક વાતોને કહીને શ્રીહરિ લોકોના અજ્ઞાનને ટાળતા હતા. શ્રીહરિ અજ્ઞાનને ટાળીને જ્ઞાન આપતા હતા. ભગવાન તો અત્યંત સમર્થ છે. ૨૦. શ્રીહરિ જ્યારે ઉન્મત્તગંગામાં સ્નાન કરી લેતા હતા, ત્યારે જીવા ખાચર શ્રીહરિને પોતાના દરબારમાં ઘણા પ્રેમભાવથી પધરાવતા હતા. તે સમયે બધા સંતો અને હરિભક્તો સાથે રહેતા હતા. ૨૧.

જીવા ખાચરના ભવન ઊંચી ઉભણીવાળા હતા અને તેની ઓસરીમાં પલંગ બિછાવતા હતા. સુંદર ભાત ભાતના સોનેરી પલંગ ઘણા સુંદર હતા. ૨૨.શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બિરાજમાન થતા. દિવસનો પાછલો એક પહોર બાકી હોય ત્યારે ઓસરીની આગળના ચોકમાં સંતો અને હરિભક્તોની એક સરસ સભા થતી હતી. ૨૩. સંતો ક્યારેક ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા, ક્યારેક સરોદ અને સિતાર પણ વગાડતા અને કોઈ વખતે દોકડ અને તાલ પણ વગાડતા હતા અને વસંતના પદ ગાતા હતા. ૨૪. સંતો ધુમાર અને હોરીના પદ ગાતા રહેતા હતા. તેને સાંભળતા ભક્તજનો ક્યારેય તૃપ્ત થતા નહિ, થાકતા નહિ. ૨૫.

સાંજે જ્યારે મશાલો થાતી ત્યારે સંતો 'નારાયણધૂન' મુખથી ખૂબ જ બોલતા હતા અને બધા હરિભક્તો ધૂન બોલતા હતા. ૨૬. તે બધા હાથની તાળી વગાડીને શ્રીહરિની સાથે ધૂન કરતા હતા અને તેની શોભા કહી શકાતી નથી. તે વખતે દેવતાઓ પણ દર્શન કરવા આવતા હતા. ૨૭. ધૂન કરી રહ્યા પછી તે સમયે શ્રીહરિ સભામાં જ્ઞાન-વાર્તા કરતા હતા. ક્યારેય ન સાંભળી હોય એવી વાત શ્રીહરિ ત્યારે કરતા હતા. ૨૮. જે શ્રીહરિની જ્ઞાન-વાર્તા સાંભળતા હતા તે તરત જ સંસારના અપાર દુઃખના પારને પામી જતા હતા. એક પહોર રાત જાય ત્યાં સુધી શ્રીહરિ વાત કરતા હતા. ૨૯. અને શ્રીહરિ કહેતા કે, બધા જ નરનારી હરિભક્તો અમારી આ વાતને યાદ રાખજ્યો. કેમ કે, વાતને યાદ રાખ્યા સિવાય હરિભક્તને સત્સંગનું અંગ વૃદ્ધિ પામતું નથી. ૩૦. જે રીતે ધર્મ, ભક્તિ ઇત્યાદિકમાં પોતાનું અંગ વૃદ્ધિ પામે તે રીતે અમારી વાતને તત્પર થઈને યાદ રાખવી,

પણ કોઈ પ્રકારની ગાફલતા રાખવી નહિ. ૩૧. જે લોકો જેટલા ગાફલ રહે છે, તે કાયમ તેવા ને તેવા રહે છે અને તે લોકો પછીથી બોલે છે, અમે હરિભક્ત થયા છતાં સત્સંગમાં કંઈ દેખાયું નહિ. ૩૨.જે જેવી વાતને ધારે છે, યાદ રાખે છે, તેનો સત્સંગ તેવો રહે છે. અને કેટલાક લોકો તો અમારી વાત શીખીને સત્સંગના દ્રોહી થાય છે. ૩૩. જે કૃતઘ્નીઓમાં પણ અતિશય કૃતઘ્ની હોય એવા લોકોને જાણી લેવા જોઈએ. જેઓ મુખથી સંતો અને હરિભક્તોમાં દોષ દેખાડે છે એ જ કૃતઘ્નીમાં અતિ કૃતઘ્ની છે. ૩૪.

चोपाई :

जेसो दोष देखावत ताही, तेसो दोष लगत हे वाही;
सत्संग के नियम रखत जेते, अनल सम शुद्ध रहेउ तेते...३५

અને સંતો-હરિભક્તોમાં જેવો દોષ દેખાડે તેવો દોષ તેને પોતાને લાગે છે. કેમ જે, જે સત્સંગના નિયમોને દઢપણે રાખે છે તેવા ભક્તો તો અગ્નિના સમાન શુદ્ધ હોય છે. ૩૫.

दोहा : अनल में परत हि जितने, भस्म होत ततकाल;
दोष कहेत हे तिनके, तेसे होत हि हाल...३६
संत अरु हरिजन तिनके, अंतरजामी होत;
नास होवत जिय तिनके, तन दुःख होत बोत...३७

જે આગમાં પડે છે, તે તત્કાળ ભસ્મ થઈ જાય છે. તેમ જે સંત-હરિભક્તના દોષને કહે છે, તે પણ તત્કાળ ભસ્મ થઈ જાય છે. ૩૬. **સંતો-હરિભક્તોમાં રહેલા અંતર્યામી ભગવાન સંતો-ભક્તોમાં દોષ જોનારા ઉપર નારાજ થાય છે. તેથી તેના જીવનો નાશ થઈ જાય છે અને તેને શરીરમાં ઘણું જ દુઃખ થાય છે.** ૩૭. દોષ જોનારો જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી વગર અગ્નિએ બળે છે. તેના હ્રદયમાં પળવાર પણ સુખ રહેતું નથી. તેના શરીરમાં નિરંતર બળતરા થાય છે. ૩૮. અથવા તો દોષ જોનારાના શરીરમાં કોઈ મોટો ભયંકર દીર્ઘ રોગ થાય છે. તેથી તે રાત-દિવસ રડ્યા કરે છે અને તેને લેશમાત્ર પણ આત્મવિચાર રહેતો નથી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'લોભ અને દોષદષ્ટિના અભાવનું પ્રતિપાદન કર્યું' એ નામે ઓગણીસમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર પંદરમું : તરંગ - ૨૦

બંને દરબારગઢમાં રંગક્રીડાની તૈયારી

જ્યારે એક પહોર રાત જાતી ત્યારે શ્રીહરિ જીવા ખાચરના દરબારમાંથી ચાલતા. આગળ રાજબજારમાં ઢોલ અને તાંસા વાગતાં રહેતાં. ૧. તીખા સ્વરની શરણાઈ પણ વાગતી હતી. આગળ દસ-બાર જેટલી મશાલો થતી અને શ્રીહરિ અશ્વ ઉપર બેસતા. નગરજનો તે શોભાને દેખતા હતા. ૨. નાગાજણ નામે રાવળ આગળના ભાગમાં રવાજ નામનું વાજિંત્ર વગાડતો હતો. અત્યંત ઉમંગથી હોરીના પદ ગાતો રહેતો. ૩. નાગાજણના ભાણેજ લક્ષ્મણ અને નાગદાન નામે હતા. બીજા સંબંધીઓ પણ હતા. તે બધા તાલ બજાવીને નાચતા હતા. ૪.

❋ મૂર્તિવર્ણન :

નાગાજણ ઘણા સારા હરિભક્ત હતા. શ્રીહરિ તેના ઉપર ઘણીવાર રાજી થયા હતા. શ્રીહરિએ અપાર ફૂલના હાર પહેર્યા હતા. કાનમાં ગુચ્છ અને મસ્તક ઉપર તોરા ધાર્યા હતા. ૫. બંને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા હતા. ફૂલોની પહોંચી ધારી હતી અને જાત જાતના ચિત્ર-વિચિત્ર રંગદાર કેટલાક જરીમય રેશમી વસ્ત્ર પહેર્યા હતા અને ભાત ભાતના ચિત્ર-વિચિત્ર સોનાના આભૂષણ બધા અંગ ઉપર શોભી રહ્યા હતા. ૬-૭. લલાટમાં કેસરયુક્ત ચંદનની સુંદર અર્ચા કરી હતી અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. આ રીતે શ્રીહરિ અલૌકિક શોભાને ધારી લેતા. ૮.

શ્રીહરિની આવી મૂર્તિના દર્શન કરતા ભક્તજનો તૃપ્ત થાતા નહિ. બધા ભક્તજનો શ્રીહરિની પાછળ ચાલતા અને ગામના નરનારીઓ બજારમાં બંને બાજુએ ભીડમાં, મનમાં અત્યંત ઉમંગથી ઊભા રહેતા હતા. ૯. સહુ

શ્રીહરિને હાથ જોડી રહ્યા હતા. આ શોભા ચંદ્ર અને ચકોરના સ્નેહના જેવી બની રહી હતી. રાજમાર્ગમાં જ્યાં સુધી જીવા ખાચરની હદ રહેતી, ત્યાં સુધી ચિત્ર-વિચિત્ર પ્રકારના દીવાઓની શોભા અપરંપાર કરાયેલી હતી. બજારમાં જેટલી વણિકની દુકાનો હતી તેને પણ દુકાનદારોએ ઘણા ભાવથી વિવિધ રંગ બનાવીને જુદી જુદી રીતે શોભાડી હતી. બજારમાં ફૂલવાળા કેળના સ્તંભ રોપાવ્યા હતા. ૧૦-૧૨. દરબાર જીવા ખાચર દિન-પ્રતિદિન બજારમાં નવીન શોભા કરાવતા હતા કે એવી શોભા બીજે ક્યાંય હતી નહિ. ૧૩.

દરબાર એભલ ખાચર પણ બજારમાં પોતાની પાકી હદ જ્યાં આવે ત્યાંથી જીવા ખાચર કરતાં પણ વધારે દીવા કરાવતા હતા. ૧૪. તેઓ ફળેલી કેળના સ્તંભોને લાવીને રોપાવતા. ફૂલના કુંડાઓને મૂકીને જે શોભા કરતા, તે કહી શકાતી નથી. ૧૫. જેટલી દુકાનો હતી તેને પણ વિવિધ રીતે શણગારતા હતા. લોકો જે શણગાર કરે તેમાંથી શ્રીહરિના ઉપર હેત દેખાતું હતું. ૧૬.

❋ વ્યક્તિ નેણ અને વેણથી ઓળખાય છે :

चोपाई :

जापर जिनकु हित रहे जेसा, नेन बेन में देखात तेसा;
नेन बेन कबु रखे न छिपाई, चाय तेसे चतुर जो रहाई...१७
सेवा करे में हित रहे जेसे, तन में सरलता देखावत तेसे;
भोजन हि जेवावना तामें, जो जो पदारथ देना यामें...१८

જેને જેના ઉપર જેટલું હેત હોય તે આંખમાં અને વેણમાં દેખાય આવે છે. ચાહે તેવો ચતુર મનુષ્ય હોય તોપણ તેના નેણ અને વેણ અંદરનું બધું જ કહી દે છે, કાંઈ છૂપાવી રાખતા નથી. ૧૭. જેને સેવા કરવામાં જેવું હેત હોય તે પોતાના શરીરમાં તેવી સરળતા દેખાડે છે. ભોજન જમાડતી વખતે જે જે પદાર્થ પીરસે તેમાં જેવી ઉદારતા હોય તે પણ હેત જણાવી દે છે. ત્યારે તે કોઈ રીતે છુપાવ્યું છુપાતું નથી. આ રીતે સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં આવીને પોઢી રહેતા હતા. ૧૮-૧૯.

શ્રીહરિ કોઈ વખતે જીવા ખાચરના દરબારગઢમાં પણ રાત રહી જાતા હતા. જેવી શ્રીહરિની મરજી હતી તે પ્રમાણે બંને દરબારગઢમાં શ્રીહરિને માટે સુંદર પ્રકારે અનુપમ મંદિર કર્યા હતા. ફૂલદોલ, રામનવમી, જન્માષ્ટમી અને દિવાળી, ૨૦-૨૧. આટલા ઉત્સવના દિવસોમાં શ્રીહરિ ક્યારેય ગુપ્ત રહેતા નહિ. તે સિવાયના દિવસોમાં ક્યારેક ગુપ્ત રહેતા અને ક્યારેક પ્રગટ રહેતા. ૨૨. હુતાશનીના દિવસોમાં દરબાર એભલ ખાચરે ચોકમાં કરેલા રંગમંડપમાં રંગના હોજ કરાવ્યા હતા. ૨૩. તેમના મનમાં ધ્યાન કરવાને માટે શ્રીહરિવર અને સંતોને રંગે રમાડવા એવો ભાવ હતો. ૨૪.

એભલ ખાચરે શ્રીહરિને કહ્યું, અમે સંતો સાથે આપને ઉમંગથી રંગે રમાડવા માટે પિચકારીઓ કરાવીએ છીએ. ૨૫. મહામુનિઓની સાથે આપ રંગે કઈ રીતે રમો છો ! એ જોવાની ઈચ્છા છે; માટે આપ ઉત્સાહથી રંગક્રીડા કરો. તેના અમે સહુ એકવાર દર્શન કરીએ. ૨૬. આ વખતે જે ભક્તજનના ઉપર આપના હાથનો રંગ પડશે તે ભક્તજન દેવતાઓ કરતાં પણ ઉત્તમ થઈ જાશે. ૨૭. આ માનવદેહ જે કહેવાય છે, તેને પડતા તો એક પળનો પણ વિલંબ રહેતો નથી, પણ આ દેહથી જ્યાં સુધી આપની રંગક્રીડા દેખી નથી હોતી ત્યાં સુધી તેને આપનો રંગ લાગતો નથી. ૨૮.

જેણે એકવાર પણ આપના દર્શન નથી કર્યાં અને સંતો અને હરિભક્તોનો સત્સંગ એકવાર પણ કર્યો નથી, વળી આપના સંતોને જેણે ક્યારેય જમાડ્યા કે પૂજ્યા નથી તેવા મનુષ્યને કરોડોની સંપત્તિ મળે તે પણ ન મળ્યા બરાબર છે અને તેને રાજ્ય મળે તોપણ તે ન મળ્યા બરાબર છે. ૨૯-૩૦. તેને મનુષ્ય શરીર મળ્યું તે ન મળ્યા બરાબર છે. સત્સંગ કર્યા વિનાનો તેનો બધો જ પુરુષાર્થ વૃથા કહેવાય છે. **મનુષ્ય શરીર મળ્યાનું ફળ એટલું જ છે કે, "સત્સંગ કરવો."** ૩૧. સત્સંગ કર્યા પછી શરીર જાય કે ઘણું દીર્ઘજીવી થાય, અગણિત ધન મળે કે ધનનો નાશ થાય, તેની ચિંતા મનમાંથી છોડી દેવી જોઈએ. ૩૨. રાજ્ય રહો કે અત્યારે જ નાશ પામો, તેનો અમે ક્યારેય શોક કરતા નથી. જે પરમ વિચારવાળા હોય તેને સત્સંગનો પ્રતાપ અપાર દેખાય છે. ૩૩. સત્સંગનો જેવો પ્રતાપ છે, તેને

તેવા રૂપમાં જે આદરભાવથી સમજે છે તે મનુષ્ય તેવો થઈ જાય છે; એવો સત્સંગનો પ્રતાપ છે. ૩૪.

ધર્મકુમાર શ્રીહરિએ દરબાર એભલ ખાચરની ઘણી ઊંચી સમજણ દેખી. પછી તેમને રંગ કરવાની આજ્ઞા દીધી અને તે પછી દરબારે ઘણો જ રંગ કરાવ્યો. ૩૫. જેટલા સંતો અને હરિભક્તો હતા, તેટલી પિચકારીઓ બનાવડાવી. બધા હરિભક્તો ગુલાલ લાવ્યા હતા અને દરબાર પણ ઘણો ગુલાલ લાવ્યા. ૩૬. કસ્તૂરી, કેસર, પતંગ અને જાવકના રંગ (લાખનો, અળતાનો, પોથીનો અથવા લાલ રંગ)ના મોટા માટલાઓ ભરાવ્યા. તે રીતે જ કેસુડાના રંગના હોજ ભર્યા. તેને જોવા માટે શ્રીહરિ આવ્યા. ૩૭. તે સમયે દરબાર જીવા ખાચર શ્રીહરિની સાથે હતા. હોજને દેખીને તો તેઓ દંગ થઈ ગયા. પછી જીવા ખાચરે શ્રીહરિને કહ્યું, આ એભલ ખાચરના હોજને જોઈને અમે પણ હોજ કરાવીએ. પછી આપ સંત અને હરિભક્તની ફોજ લઈને તેની સાથે ખૂબ રંગક્રીડા કરજો. ૩૮-૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'બંને દરબારગઢમાં રંગક્રીડાની તૈયારી કરી' એ નામે વીસમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર પંદરમું : તરંગ - ૨૧

એભલ ખાચરના દરબારમાં શ્રીહરિની રંગક્રીડા

હુતાશનીનો દિવસ આવ્યો ત્યારે અનેક પ્રકારના વાજીંત્રો વાગવા લાગ્યા. સંતો વસંત, હોરી અને ધુમારના પદો બોલતા હતા. ૧. સંતોની સભાની વચ્ચે જે અનુપમ એક સિંહાસન હતું, તેના ઉપર મહારાજાધિરાજ શ્રીહરિ આવીને બેઠા. ૨. તે વખતે ગામેગામના હરિભક્તો આવીને ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૩. તે હરિભક્તો મોટા મોટા વાસણમાં ખારેક અને ખજૂર ભરીને લાવતા. તેમજ શ્રીફળ અને સાકરના હારડા પણ ઘણા જ લાવતા. ૪. બબ્બે સેરવાળા તે હારને શ્રીહરિ કંઠમાં પહેરી લેતા. કેસર અને

કસુંબી રંગે રંગેલા વિચિત્ર પ્રકારના વસ્ત્રને શ્રીહરિએ ધારણ કરેલા હતા. ૫. શ્રીહરિએ મસ્તક ઉપર પાઘ, સુરવાળ વગેરે બીજા બધા વસ્ત્ર અને હાથમાં રાખેલો રૂમાલ એ બધા જ વાસંતી હતા. ૬. વાસંતી વસ્ત્રથી કમર કસી હતી અને ખભા ઉપર વાસંતી દુપટ્ટો શોભતો હતો અને રંગબેરંગી ફૂલના હાર, તોરા અને બાજુબંધ ધારણ કર્યા હતા. ૭. ફૂલના ગુચ્છ, ગજરા, પોંચી, ફૂલની છડી, ફૂલના પંખા અને પછેડી; એની શોભા અનહદ હતી. ૮

શ્રીહરિએ ભક્તના ચિત્ત ચોરે તેવા કપૂરના હાર, બાજુબંધ અને તોરા અંગ ઉપર ધાર્યા હતા. જ્યારે પુષ્પના હારનો વજન વધારે થઈ જતો હતો, ત્યારે પરમ દયાળુ શ્રીહરિ તત્કાળ જ તે હારને ઉતારીને સંતો તથા હરિભક્તોને આપી દેતા હતા. એટલે તે સંતો અને હરિભક્તોની સભા ફૂલવાડીના જેવી શોભતી હતી. ૯-૧૦. તે સભાની શોભા એટલી વિવિધ પ્રકારની હતી કે, તેનું વર્ણન કરતા આવડતું નથી. જે બાબત અમાપ હોય છે, તેનું માપ કહી શકાતું નથી. ૧૧. જેની જેટલી બુદ્ધિ હોય છે, તેટલું તેના માપમાં આવે છે. આ તો હુતાશનીના દિવસની વાત કહી. હવે ફૂલદોલની વાત કહું છું. ૧૨.

ફૂલદોલનો દિવસ હતો, ત્યારે સુરતના હરિભક્તોએ વિવિધ પ્રકારની રસોઈ કરાવી હતી; તેને શ્રીહરિ જમ્યા. ૧૩. સૌ સંતોને જમાડ્યા અને હરિભક્તો પણ જમી આવ્યા. પછી અત્યંત પ્રસન્ન રહેતા શ્રીહરિ રંગ રમવા માટે તૈયાર થયા. ૧૪. તે સમયે શ્રીહરિએ નટવરના જેવો વેશ કર્યો હતો અને કોઈ અદ્‌ભુત રીતની શોભા મૂર્તિ ઉપર ધારણ કરી હતી. નટના કરતાં પણ વધારે શ્રીહરિએ છટા ધારણ કરી હતી. ૧૫. પોતાના ભક્તજનોને સુખ દેવાને માટે ગોલોક ધામમાં જે મૂર્તિ રહી છે અને જે સ્વરૂપે વૃંદાવનમાં રાસ કર્યો હતો તથા વૃંદાવનમાં રંગક્રીડા કરી હતી, તેવી મનમોહક કિશોરમૂર્તિ શ્રીહરિએ ધારી હતી. તે સમયે ત્યાં નિરંતર વસંતઋતુ રહી હતી અને બધી જ બાબત અલૌકિક દેખાતી હતી. ૧૬-૧૭.

કામવાસનાના જેટલા ભાવો છે, તે ગોલોકમાં નથી. તે ધામના સુખની આગળ તો અહીંના જે કામ-સુખ છે તે ઊલટીનું અન્ન અને મળના જેવા છે.

ગોલોકમાં તો અપાર સુખ રહ્યું છે અને જેને કામમાં સુખ દેખાય છે, તે તો પશુ-પક્ષીના જેવી સમજણવાળા છે. ૧૮-૧૯. આ બ્રહ્માંડમાં જે જીવો ભટકે છે, તેમાં જ કામવાસના રહી છે. પાતાળથી લઈને બ્રહ્માના લોક સુધી ભટકેલા જીવો કામમાં સુખ દેખે છે. **જીવ જ્યાં સુધી લૂખી માયિક ભાવનાવાળા છે, ત્યાં સુધી તેને માયિક શરીર રહે છે અને કામવાસનામાં જ્યાં સુધી સુખબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને માયિક મતિ રહે છે.** ૨૦-૨૧.

❋ સાચા સંત-ભક્તનું લક્ષણ :

चोपाई :

नकि संत नकि हरिजन हि ताकी, समज रहे अलौकिक वाकी;
काम के सुख कहावत जितना, उलक मल सम देखात तितना...२२
एसी समझ रहे दृढ हि जाहि, नकी संत नकी हरिजन ताहि;
एसे संत हि हरिजन संगा, हरि रमत हि हित करी के रंगा...२३

જે પાકા નિષ્કામી સંત અને હરિભક્ત છે તેમની સમજણ અલૌકિક હોય છે. તેઓ તો જેટલા કામભોગના સુખ છે તેને ઊલટીનું અન્ન અને મળના સમાન દેખે છે. ૨૨. જે આવી દૃઢ સમજણવાળા પાકા સંતો અને હરિભક્તો છે, તેમની સાથે શ્રીહરિ હેત કરીને રંગક્રીડા કરે છે. ૨૩. કેસુડાના રંગથી ભરેલો એક હોજ હતો તે સંતોને આપ્યો અને બીજો તેવો એક હોજ શ્રીહરિએ રાખ્યો. ૨૪. જેટલા હરિભક્તો હતા, તે બધાને શ્રીહરિએ બોલાવ્યા અને તેમને પોતાની સાથે રાખ્યા. સૌના હાથમાં પિચકારીઓ અપાવી. ૨૫. સહુ સંતોએ પણ પિચકારીઓ લીધી. તેમાં રંગ ભરીને સહુ ઊભા રહ્યા. હરિભક્તો પણ બધા રંગ ભરીને ઊભા હતા, તે સહુ હરખથી હોરી ગાતા હતા. ૨૬.

તે સમયે ઢોલ, તાંસા, મોટા ત્રંબાળું, નોબત, શરણાઈ, તુરાઈ અને રણશીંગા જેવા વાજિંત્ર વાગતાં હતાં. ૨૭. અને જુંજારુ નામના વાજીંત્રો પણ ઘણા ઉત્સાહથી વગાડાતા હતા. તે સાંભળીને બધા પુરજનો ત્યાં આવ્યા. ૨૮. ગઢપુરની ચારેબાજુ દસ-દસ કોષ સુધીના લોકો આ રંગક્રીડાને જોવા માટે આવ્યા હતા. ત્યાં કોઈ ઊભાય સમાતા નહિ. ૨૯. જ્યારે શ્રીહરિએ

નેત્રકમળથી સાન કરી, ત્યારે બંને બાજુથી અપાર રંગની પિચકારીઓ છૂટવા લાગી. ૩૦. જ્યારે એકધારી પિચકારીઓ ચાલવા લાગી ત્યારે રંગથી રમનારા બધા જ ભીંજાઈ ગયા. એક કલાક સુધી રંગની અત્યંત ઝડી મચી રહી. ૩૧. રંગનું પાણી એટલું ઉડાડ્યું કે, તેમાં પરસ્પર કોઈને કોઈ દેખતા ન હતા. બંને હોજમાં ભરેલો રંગ તરત જ ખાલી થઈ ગયો. ૩૨. શ્રીહરિ અને સંતના આ રંગખેલને જોઈને દરબાર એભલ ખાચર તો અત્યંત વિસ્મિત થઈ ગયા. એભલ ખાચરના ભવનો વચ્ચે જે ચોક હતો અને ચોકના મધ્યે જે લીંબડો હતો, તે બધા રંગથી રંગાઈ ગયા. તેની શોભા કહી જાતી નથી. રંગનું જે પાણી હતું, તે બધું બજારમાં થઈને ઉન્મત્તગંગામાં ભળી ગયું. ગંગા રંગથી રંગાઈ ગઈ. બજારમાં જે રંગનો પ્રવાહ ચાલતો હતો તેને ભક્તજનો પ્રસાદીનો જાણી માથે ચડાવતા હતા. ૩૩-૩૫.

શ્રીહરિ જ્યારે રંગ ઉડાડી રહ્યા, તે પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. ગુલાલની એવી ધૂમ મચાવી કે, માનો કોઈ મોટી આંધી ન આવી હોય ! ૩૬. ભક્તોમાં કોઈ કોઈને દેખતા નહિ. બધાના શરીર ગુલાલમય થઈ ગયા હતા. જમીન અને આકાશ જે કહેવાય છે, તે બધા ગુલાલ અને રંગથી રંગાઈ ગયા હતા. ૩૭. ભવનોનો ચોક અને બધી બજાર, તેમાં રંગ અને ગુલાલનો ઘણો કીચડ થઈ ગયો; આટલી બધી રંગની ધૂમ મચાવી હતી. ૩૮. જે સૂર્ય, ચંદ્ર અને તારાઓનું બધું તેજ હતું, તે પણ રંગ અને ગુલાલથી લાલ લાલ થઈ ગયું હતું અને તેની શોભા અત્યંત થઈ હતી. ૩૯. સ્વર્ગમાં જે મોટા મોટા દેવતાઓ રહે છે અને તે સિવાયના કેટલાક બીજા જે દેવો કહેવાય છે, તે બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા હતા. ૪૦. જે બધા દેવ-ગાંધર્વો હતા, તે વિવિધ પ્રકારના વાજીંત્રોને વગાડતા હતા અને જેટલી અપ્સરાઓ હતી, તે બધી આવીને નૃત્ય કરતી હતી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'એભલ ખાચરના દરબારમાં શ્રીહરિની રંગક્રીડા કહી' એ નામે એકવીસમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર પંદરમું : તરંગ - ૨૨

ભાઈસ્વામીએ આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામીની રુચિ કહી

આગળ કહ્યા પ્રમાણે શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં ઘણા ઉત્સાહથી અપાર રંગે રમ્યા. તેનો કહ્યે પાર આવતો નથી. ૧. ધર્મકુમાર શ્રીહરિ જેટલો રંગ અને ગુલાલ હતો તેનાથી રમી રહ્યા, પછી ગઢપુરની બજારે ચાલ્યા. તે સમયે પ્રેમીભક્તો જે ગુલાલ લાવ્યા હતા, તેને શ્રીહરિ ઉડાડતા ચાલતા હતા. સાથે સહુ સંતો અને હરિભક્તો પણ હતા. ૨-૩. શ્રીહરિએ બોકાની વાળી હતી. બધા જ અંગ લાલ થઈ ગયા હતા. મધ્યાહ્ન સમય થયો હતો. દરબાર જીવા ખાચર અને શ્રીહરિ સાથે ચાલતા હતા. ૪. ત્યારે દરબાર જીવા ખાચરે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, પ્રભુ ! અમે રંગ ઘણો તૈયાર કર્યો છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, તો પછી ચાલો અમે આવીએ. અમારે આવવામાં કોઈ વિલંબ નથી. ૫.

અમે તો હરિભક્તોના બધા જ મનોરથોને પૂર્ણ કરવા આવ્યા છીએ; આટલું કહીને શ્રીહરિ જીવા ખાચરની રાજબજારમાં ચાલ્યા. ૬. શ્રીહરિ ગુલાલની ડમરી ચડાવતા ચાલ્યા. પ્રભુએ અપરંપાર શોભા ધારી હતી. તે સમયે માનો મૂર્તિમાન વસંત આવ્યો હોય તેવી શોભા થઈ હતી. ૭. જેટલા ઢોલ અને તાંસા હતા, તે બધા બજારમાં આગળ વાગતા હતા. બજારમાં જેટલી દુકાનો હતી, તે બધી ગુલાલમય કરી દીધી. ૮. શ્રીહરિ જીવા ખાચરના રાજદરબારમાં પ્રેમથી આવ્યા. ત્યાં રંગના બે હોજ ભરેલા હતા. તરત જ શ્રીહરિ તે રંગ ઉડાડવા લાગ્યા. ૯. સહુના હાથમાં પીચકારીઓ હતી. તેમાં રંગ ભરી ભરીને હેલી મચાવી. રંગ અને ગુલાલથી ખેલ ઘણો કર્યો. ભવનો અને ચોકને રંગ રંગ કરી દીધા. ૧૦. શ્રીહરિએ સંતો અને હરિભક્તોની સાથે રંગક્રીડા ઘણી કરી; આવી રંગક્રીડા ક્યારેય કરી નથી. રંગક્રીડાથી સંતો અને હરિભક્તોને રાજી કરી દીધા. ૧૧.

સદ્‌ગુરુ ભાઈરામદાસજી સંત આત્માનંદસ્વામી વખતના કહેવાતા. તેમને શ્રીહરિના ઉપર અત્યંત હેત હતું એટલે તેઓ બે હાથ જોડીને

બોલ્યા. ૧૨. તેમણે કહ્યું, આત્માનંદસ્વામીની સાથે હું અને રામાનંદસ્વામી ત્રણ વર્ષ સતત રહ્યા હતા. ૧૩. દિવાળી, અન્નકોટ, વસંતપંચમી, હુતાશની, ફૂલદોલ, રામનવમી અને જન્માષ્ટમી બધા વ્રતોત્સવ અમે સાથે કર્યા, પરંતુ આત્માનંદ સ્વામીને વધારે રુચિ તો ધ્યાનમાં રહેતી હતી. તેમને ધ્યાનના સિવાય બીજી બાબતમાં રુચિ રહેતી નહિ, તેમ અમે જોયું હતું. ૧૪-૧૫.

✻ આત્માનંદસ્વામીની સમજણ :

તેઓ સૌથી વધારે આત્મસાક્ષાત્કાર કરાવતા હતા. આત્મા સિવાય કાંઈ અધિક નથી, એવી તેમની સમજણ હતી. એવી સમજણ વિનાની બીજી સમજણમાં શું ? એવું તેઓ માનતા. ૧૬. તેઓ ઘણી બધી વાતો કરીને આત્માને સત્યરૂપ દેખાડતા. આત્મા જ સહુનું કારણ છે એમ કહેતા અને આત્માથી કાંઈ જ અધિક નથી એમ પણ કહેતા. ૧૭. **અને જે પરમાત્મા કહેવાય છે તેને પણ તેઓ આત્માના રૂપમાં કહેતા. જે કોઈ દિવ્ય કે અદિવ્ય દેહ છે, તે બધા આત્માના જ ઉપકરણ છે; એમ કહેતા. ૧૮.**

આત્મા અતિ સમર્થ હોવા છતાં દિવ્ય કે અદિવ્ય દેહ ધાર્યા વિના કાંઈ કરવા સમર્થ નથી થતો. આત્મામાં તો એક ચૈતન્યરૂપી ગુણ રહ્યો છે. ૧૯. આત્મા ઇન્દ્રિય-અંતઃકરણ વગર અરૂપ કહેવાય છે. તે અરૂપ હોવા છતાં તેમાં અનેક રૂપ રહ્યા છે. આવી ઈશ્વરની યોગમાયાના પારને કોઈ પામતો નથી. ૨૦. તે અપાર આત્માનો જે મનુષ્ય પાર લે છે, તે તેમાં ડૂબી જાય છે. ભવ અને બ્રહ્માના જેવા પણ જો તેમાં ડૂબી જતા હોય તો બીજા મનુષ્યના તો શા લેખા ? ૨૧. તેઓ કહેતા કે, આત્મા સંબંધી વિચાર કરતાં કરતાં તેમાં સામર્થ્ય આવે છે. સદ્‌ગુરુ અને તેના જે વચન છે, તે બધા પરમાત્મરૂપ છે. ૨૨.

✻ વિષયથી છૂટવાનો ઉપાય :

चोपाई :

विषय को चिंतवन जिहाँ लगही, जीय करत रहत तिहाँ लगही;
प्राकृत भाव रहत तिहाँ लगहू, संसृति तेति मिटत नहि कबहू...२३

विषय जो जो कहावत जेता, उलक मल सम देखेउ तेता;
प्राकृत बंधन से छूटे तेहा, पर जन के मोक्ष करतहि एहा...२४

જીવ જ્યાં સુધી માયિક પંચવિષયોનું ચિંતવન કરતો રહે છે ત્યાં સુધી તેમાં પ્રાકૃત ભાવ રહે છે અને તેથી ક્યારેય તેની સંસૃતિ મટતી નથી. ૨૩. જેટલા માયિક પંચવિષય કહેવાય છે તેને જે ઊલટીનું અન્ન અને મળના સમાન દેખે છે, તેના માયાના બંધન છૂટી જાય છે અને તે પોતા સિવાય બીજાનો પણ મોક્ષ કરી શકે છે. ૨૪. હે બહુનામી ! આત્માનંદસ્વામી ઉપર કહી તેવી સમજણને સૌથી મોટો ઉત્સવ માનતા હતા. ૨૫. તેઓ કહેતા કે, આવી સમજણમાં જ જે વેદ અને પુરાણો છે તે બધા વગર ભણે આવી જાય છે. ૨૬. કરોડો જન્મ સુધી વેદ અને પુરાણોને ભણવામાં આવે, છતાં જ્યાં સુધી પંચવિષયનું ચિંતવન થાય છે ત્યાં સુધી તે કંઈ જ ભણ્યો નથી. ૨૭. જે સત્પુરુષો છે તેનું જે વર્તન છે તેને કોઈ કળી શકતા નથી. સત્પુરુષ તો વિષયને નીરસ કરાવી દે છે. ૨૮. માયિક પંચવિષય એક પ્રકારનું શલ્ય(બાણના ફળા જેવું કોઈ અસ્ત્ર) છે કે, તે લોઢાના શલ્ય કરતાં પણ અધિક ઘાતક છે. વિષયરૂપી શલ્યને મનુષ્ય સુખરૂપ માને છે તેણે કરીને તે સંસારરૂપી સાગરમાં ભટકે છે. ૨૯. વિષયના સુખને જ્યારે મનુષ્ય દુઃખરૂપ જાણે છે ત્યારે ચોક્કસ તે વિષયનો ત્યાગ કરે છે અને પછી તેમાં ક્યારેય આસક્ત થતો નથી. ૩૦. **જ્યાં સુધી મનુષ્યને વિષયમાં આસક્તિ રહે છે ત્યાં સુધી તેને સંસારનું ભટકણ રહે છે.** આત્મતત્વ સિવાય બધું જ્યારે અસત્ય દેખાય છે, તેણે કરીને તે સત્પુરુષને જાણી શકે છે. ૩૧.

❋ રામાનંદસ્વામીની સમજણ :

આત્માનંદસ્વામી છ ચક્ર સુધીના જ્ઞાનની વાત કહેતા હતા અને જે શ્રીરામાનંદસ્વામી હતા તેમને શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં અધિક તાન રહેતું હતું. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રસન્ન કરવા માટે તેમના ઉત્સવો કરતા હતા અને ધ્યાનમાં તેમની સેવા કરતા હતા. ૩૨-૩૩.

श्रीकृष्ण की सेवा में ताकू, अधिक रहे रुचि जो वाकू;
आत्मारूप आपको मानी, कृष्ण की सेवा करत सुखदानी...३४

कृष्ण की सेवा करना तामें, साधन सब जो माने यामें;
आत्मारुप होई सेवा करना, विषय के संबंध सब परहरना...३५

તેમને શ્રીકૃષ્ણ ભગવાનની સેવામાં વધારે રુચિ રહેતી હતી. પોતાને આત્મસ્વરૂપ માનીને શ્રીકૃષ્ણ ભગવાનની સુખદાયક સેવા કરતા હતા. ૩૪. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવામાં બધા જ સાધનને પૂર્ણ માનતા હતા. આત્મસત્તારૂપે થઈને સેવા કરવી અને વિષયના બધા જ સંબંધનો ત્યાગ કરવો; એવું તેઓ માનતા હતા. ૩૫. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ચાર સાધનના જ તેઓ દિનપ્રતિદિન વિષયી રહેતા હતા. જેટલા માયિક પંચવિષયો કહેવાય છે, તેને દિનપ્રતિદિન તજી દેવા; તેવું માનતા હતા. ૩૬.

જે સત્સંગ કરવામાં આવે છે તેનું રહસ્યરૂપ ફળ ઉપર કહ્યું તે જ છે અને **ભગવાન સિવાય અન્ય પદાર્થમાં જેટલો પ્રેમ રહે છે તેટલી સત્સંગ કરવામાં કસર રહે છે એમ જાણવું. ૩૭.** રામાનંદસ્વામી એમ કહેતા કે, ભગવાનના સ્વરૂપમાં જેને અખંડ પ્રીતિ રહે છે, તેનો સત્સંગ પરિપૂર્ણ છે. પછી ભાઈરામદાસજીસ્વામીએ શ્રીહરિને કહ્યું કે, હે નાથ ! જન્મથી લઈને આજ સુધીના આપ જે ચરિત્ર કરો છો, તેમાં મનુષ્યને વિષયના સંબંધથી છોડાવવાનું જ આપને એક તાન રહે છે. ૩૮-૩૯. આપ જે દિવસથી સત્સંગમાં આવ્યા છો ત્યારથી અત્યાર સુધી વરસમાં કોઈ બે-ત્રણ પ્રકરણ ફેરવતા રહો છો. ૪૦. જીવના બંધનને આપ દેખો છો. જીવ તે પોતાના બંધનને ક્યારેય દેખતો નથી. તેથી બધા જીવો બેફામ વર્તે છે અને કોઈક ચેતાવે તોપણ બેફામ રહે છે. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ભાઈ રામદાસસ્વામીએ આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામીની રુચિ કહી' એ નામે બાવીસમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર પંદરમું : તરંગ - ૨૩

દેવોની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ નમ્રતાની વિશેષતા કહી

શ્રીહરિ ગઢપુરમાં જીવા ખાચરના દરબારમાં ખૂબ રંગે રમ્યા તેથી તેના ચોકમાં રંગનો ઘણો કીચડ થઈ ગયો હતો. ૧. ગઢપુરની રાજબજારમાં પણ રંગનો ઘણો કીચડ થયો. રંગનું પાણી હતું તે બધું ઉન્મત્તગંગામાં જઈ પહોંચ્યું. ૨. શ્રીહરિ એક પહોર સુધી ખૂબ રંગે રમ્યા તેની અતિ અદ્‌ભુત શોભા બની. આવી શોભા ક્યારેય જોવામાં આવી ન હતી. ૩. શ્રીહરિ જ્યારે રંગક્રીડા કરી રહ્યા ત્યારે જે દેવો હતા તે બધા આવ્યા. તેમણે કેસર ચંદન અને ફૂલોની ઝડી વરસાવી. ૪. તેઓ બધા મુખથી ‘જય જય’ ‘જય જય’ આવું બોલતા હતા અને વિવિધ પ્રકારના વાજીંત્રો વગાડતા હતા. જે મોટા મોટા દેવો હતા તેઓ તો શ્રીહરિની આગળ નાચવા લાગ્યા. ૫. અને મોટા મોટા દેવોની જે સ્ત્રીઓ હતી તે પણ તે વખતે સુંદર ગાન કરવા લાગી. તે વખતે દેવતાઓએ જે ગાન કર્યું તેને અત્યારે સંક્ષેપમાં કહું છું. ૬.

વિરાટના જેટલું આયુષ્ય હોય તોપણ પૂરેપૂરા તે ચરિત્ર તો ક્યારેય કહી શકાય તેમ નથી. આ વખતે તો શ્રીહરિએ એક જ દિવસમાં તેટલા અપાર ચરિત્ર કર્યા છે. ૭. દેવતાઓએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, “હે નાથ ! અમને આપના ચરણમાં નિવાસ આપજો. મહારાજ ! આ ભૂમિ ઉપર વારે વારે આપના અવતારો અપાર થાય છે. ૮. જે અવતારમાં જેટલું ઐશ્વર્ય હોય તે પ્રમાણે તેઓ ચરિત્ર કરે છે. તે અવતારના જેટલા ચરિત્રો છે તે બધા પણ યથાર્થરૂપમાં મુખથી કહી શકાતા નથી, તો આપના ચરિત્રો તો ક્યાંથી કહી શકાય ? ૯. અમે બધા દેવતાઓ તો આપની આગળ જડ જેવા દેખાઈએ છીએ. સૂર્યની આગળ અનંત દીવાઓ અને કરોડો મશાલ જો કરવામાં આવે અને તે બધાનું તેજ જેવું દેખાય, એવા અમે તમારી આગળ રહ્યા છીએ. જે લોકો આપના મહિમાને નથી જાણતા તે બધા અજ્ઞાનરૂપી રાત્રીમાં રહ્યા છે. ૧૦-૧૧.

❋ પ્રત્યક્ષના જ્ઞાનની શ્રેષ્ઠતા :

चोपाई :

बडे बडे जो करत व्यवहारा, तोउ अज्ञान निशि रहे सारा;
जोग जज्ञ तप करत हि केते, तीर्थ व्रत अपार जो तेते...१२

दोहा : प्रत्यक्ष तुमार ज्ञान ही, भये न जिहाँ लग जोउ;
अज्ञान ही निशि घोर में, तिहाँ लग रहे सोउ...१३
प्रत्यक्ष तुमारे दरशहि, किये नहि एक वेर;
विधि सम पायेउ सुख ही, पाये इतनो झेर...१४

જે લોકો મોટા મોટા દેશના વહિવટ કરે છે, છતાં પણ તે બધા અજ્ઞાનરૂપી રાતમાં પડ્યા છે. યોગ, યજ્ઞ, તપ, તીર્થ અને વ્રત એ બધા અપાર સાધનોને કેટલાક કરે છે. પણ તેમને આપના સ્વરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન જ્યાં સુધી નથી થયું ત્યાં સુધી તે ઘોર અજ્ઞાનની રાતમાં પડ્યા છે. ૧૨-૧૩. જો એકવાર પણ આપના પ્રત્યક્ષ દર્શન ન કર્યા હોય તો બ્રહ્માના જેવું મળેલું જે સુખ છે તે પણ એટલું ઝેર જ પ્રાપ્ત થયું કહેવાય. ૧૪. **જો એકવાર આપની પ્રત્યક્ષ ઓળખાણ થઈ હોય અને પ્રત્યક્ષ દર્શન થયા હોય તો બધું અજ્ઞાનનું અંધારું દૂર થઈ જાય છે. ૧૫. જે ભક્તને આપના દર્શન રાત-દિવસ પ્રાપ્ત થયા હોય, તેને બધું જ પ્રાપ્ત થયું છે અને તેના અજ્ઞાનના બધાં જ બંધન છૂટી ગયા છે. ૧૬.** જે મનુષ્ય આપની મરજી પ્રમાણે પ્રેમથી વર્તે છે તો ભલે તેનો જન્મ નીચ યોનિમાં થયો હોય છતાં તે અક્ષરધામથી અધિક છે. ૧૭. આપની મરજી લોપીને કદાચ કોઈ અક્ષરધામને પામે, તોપણ તે અત્યંત ન્યૂન જ રહે છે એમ જ્ઞાનદષ્ટિથી દેખ્યામાં આવે છે. ૧૮.

જ્ઞાનદષ્ટિ પ્રાપ્ત થયા સિવાય બધાને આવી વાત ક્યારેય સમજાતી નથી. આપ આ બ્રહ્માંડમાં પધાર્યા છો, તે આપના સ્વરૂપનું જેને જ્ઞાન થયું છે તેના ભાગ્યનો કોઈ પાર નથી. તેનો અપાર ભાગ્યોદય થયો છે. આપની વાતમાં અપાર કેફ રહ્યો છે. તે કેફવાળી વાતનું જે લગાર પણ પાન કરે છે, તો તેને તત્કાળ સમાધિ થઈ જાય છે. કોઈ વાર લાગતી નથી અને તેને

આખા બ્રહ્માંડનું રાજ્ય પ્રાપ્ત થયું હોય તોપણ તે એક પળવારમાં જ તે રાજ્યને છોડી દે છે. ૧૯-૨૧. જે તમારી વાતમાં ચિત્ત પરોવે છે તે ફરી બ્રહ્માંડની રાજ્યસમૃદ્ધિ સામું જોતો પણ નથી. માટે અમે ડરના માર્યા આપના દર્શનનો ત્યાગ કરીને સ્વર્ગમાં ચાલ્યા જઈએ છીએ. ૨૨. આપનો જે યથાર્થ મહિમા છે તે બધો કોઈથી કહી શકાતો નથી. જે અલ્પબુદ્ધિના મનુષ્યો છે તે આપના ચરિત્રોને દેખે ત્યારે મનફાવે તેમ બોલે છે, પરંતુ દેવતાઓ આપના એ અપરાધને લગાર પણ સહન કરતા નથી અને જે જે વર્ષમાં અલ્પવૃષ્ટિ કે અતિવૃષ્ટિ ઈત્યાદિક થાય છે તથા મરકી વગેરે રોગો વારંવાર આવે છે તે રૂપી અનેક આશ્ચર્યો તે અપરાધીઓને દેખાડે છે. ૨૩-૨૫.

ક્યારેક દેવતાઓ પણ આપના અધિક સામર્થ્યને પ્રગટ કરવા માટે જ્યારે (જીવસૃષ્ટિનો) અપરાધ કરે છે (તેમાં હરિ-હરિજન પણ ક્યારેક હેરાન થતા હોય) ત્યારે તે તેટલા ફજેત થાય છે. ૨૬. હવે અમારાથી આપનો અને આપના ભક્તનો ક્યારેય અપરાધ ન થાય એવું અમે અત્યારે આપની પાસે માંગીએ છીએ, તો આપ પ્રસન્ન થઈને એ વર આપો.” ૨૭. ત્યારે ધર્મકુમાર શ્રીહરિ દેવતાઓના અધિક વિનયભાવને દેખીને તે દેવતાઓના પ્રત્યે અમૃતના સમાન વચન બોલ્યા, ૨૮. જે કામ, ક્રોધ અને લોભ આદિક અંતઃશત્રુઓ છે તે અસુરોમાં પણ સૌથી મોટા અસુર છે અને જે રાજસ તથા તામસ ગુણ છે તેના સરદાર છે. ૨૯. તે રાજસ-તામસ ગુણમાં એવા અવગુણો રહ્યા છે કે, તે જેનો તેનો અપરાધ કરાવે છે, છતાં અપરાધ કર્યા પછી જે નમી જાય છે તેને મનુષ્યોમાં દેવ સમાન જાણવા. ૩૦.

चोपाई :

अपराध करीके नमत न जाहि, असुर के असुर जानना ताहि;
धर्म भक्ति वैराग हि ज्ञाना, निरंतर करत रहत हि ध्याना...३१

અપરાધ કર્યા પછી પણ જે નમતા નથી તેને અસુરોમાં પણ મોટા અસુર જાણવા. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન અને ભગવદ્ધ્યાન આટલા કાર્ય નિરંતર કરતા રહે. ૩૧. દિવસમાં પાંચ વખત ગદ્‌ગદ્ કંઠ થઈને શાસ્ત્રની કથાને સાંભળતો રહે અને તે શાસ્ત્રની વાતનો નિરંતર અભ્યાસ કરતો

રહે. ૩૨. અને શાસ્ત્રની જે સાર સારભૂત વાત હોય તે બધીને કંઠે કરી રાખે. રામદાસજીસ્વામી અને મુક્તાનંદસ્વામી જેવા સંતનો સમાગમ રાખે. ૩૩.

संत हरिजन कु नमत न जितने, सत्संग में असुर हे तितने;
संत हरिजन कु नमत जेता, संत हरिजन देखत हम तेता...३४
धर्म भक्ति ज्ञान वैरागा, नमत ताको करत न त्यागा;
तत्व तत्व ही जितनी बाता, नमत ताकु त्याग करी न जाता...३५

છતાં જે સંતો અને હરિભક્તોને નમતા નથી તે બધા સત્સંગમાં હોય તોપણ અસુર છે. જે સંતો-હરિભક્તોને નમતા રહે છે તેને જ અમે સંત અને હરિભક્ત દેખીએ છીએ. તે બધાને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન જેવા સદ્‌ગુણો નમતા રહે છે અર્થાત્ તેમાં આવે છે અને ક્યારેય તેનો ત્યાગ કરતા નથી અને સાર સારભૂત જે શાસ્ત્રની વાત છે તે પણ જે નમતો રહે છે તેનો ક્યારેય ત્યાગ કરીને જતી નથી. ૩૪-૩૫.

જે સંત અને હરિભક્તને નમતો રહે છે, તેમાં ધ્યાન, ધારણા અને સમાધિ જેવા સદ્‌ગુણો આવીને રહે છે. મોટા સંતો અને હરિભક્તોનો નિત્ય સમાગમ કર્યો હોય અને વળી નમ્રતાવાળો હોય તો તેમાં એક પણ દોષ ક્યારેય રહેતો નથી અને જે સંત-હરિભક્તને નમતો નથી તેમાં બધા દોષ આવીને રહે છે. ૩૬-૩૭. શ્રીહરિની આવી વાત સાંભળીને તે બધા મોટા મોટા દેવો વારંવાર શ્રીહરિને ખૂબ જ નમસ્કાર કરવા લાગ્યા અને દિલમાં અત્યંત આનંદ પામ્યા. ૩૮. તે બધા દેવતાઓ રંગનો જે પ્રસાદીનો કીચડ હતો, તેને આવી પ્રસાદી દુર્લભ છે એમ માનીને પોત પોતના વિમાનમાં લઈને ચાલતા થયા. ૩૯. પછી સંત અને હરિભક્તને સાથે લઈને શ્રીહરિ બજારમાં ચાલ્યા ત્યારે ઉમંગથી ગુલાલને ઉડાડતા હતા. બધા જ રંગથી ભીંજાયેલા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'દેવોની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ નમ્રતાની વિશેષતા કહી' એ નામે ત્રેવીસમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર પંદરમું : તરંગ - ૨૪

ઉન્મત્તગંગાનો મહિમા કહ્યો

શ્રીહરિ જ્યારે ગઢપુરની બજારમાં ચાલ્યા તે વખતે આવીને અપાર શોભા બની હતી. ૧. આ વખતે જેવી શોભા આવીને બની હતી, તે મુખથી કહી શકાતી નથી. કારણ કે, તે સર્વ શોભા કરતાં પણ અધિક હતી. ૨. બ્રહ્માંડો અગણિત છે અને અક્ષરધામ પણ અપાર છે. તેનો કોઈ પાર પામી શકાતો નથી. એટલી જ તેની શોભા પણ કહી છે. ૩. તેની શોભા કરતાં પણ તે વખતે અપાર શોભા બની હતી. કોઈ તેનો પાર ન પામે માટે તે શોભાને સર્વ શોભાની સીમા કહી છે. ૪. રંગથી શોભા અપાર બની હતી. રંગે રમેલા ભક્તજનોના કેટલાય સમુદાય હતા, તે બધા ઉન્મત્તગંગામાં સ્નાન કરવા આવ્યા, ત્યારે ઉન્મત્તગંગા પણ અત્યંત શોભવા લાગી. ૫. સોનાના નવા ઘરેણાઓથી જેવી અપાર શોભા થાય છે તેના કરતાં પણ વધારે ગંગાની શોભા રંગે રમેલા શ્રીહરિ અને સંતો-ભક્તો આવવાથી થઈ હતી અને ઉન્મત્તગંગા પણ ઘણો હર્ષ પામી હતી. ૬.

શ્રીહરિએ પહેરેલા બધા વસ્ત્ર રંગથી રસબસ થઈ ગયા હતા. શ્રીહરિની મૂર્તિ નખથી શીખા પર્યંત રંગથી રંગાયેલી હતી. તેને દેખીને કરોડો કામદેવ પણ ઝાંખા પડી જતા હતા. ૭. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા ખૂબ જ રંગથી ભરાયેલા હતા. પછી શ્રીહરિ સંતો અને હરિભક્તોની સાથે આવીને હરખભેર ગંગામાં સ્નાન કરવા લાગ્યા. ૮. શ્રીહરિએ જ્યાં સ્નાન કર્યું ત્યાંથી આરંભીને સમુદ્ર સુધીનું ઉન્મત્તગંગાનું જળ બધું રંગ રંગ થઈ ગયું હતું. ૯. જેટલી નદીઓ સમુદ્રમાં મળેલી હતી તે પણ બધી ઉન્મત્તગંગાના જળથી રંગ રંગ થઈ ગઈ હતી. બધી ગંગાઓ ઉન્મત્તગંગાનો અત્યંત યશ મુખથી ગાતી હતી. ૧૦.

❋ શ્રીહરિની સર્વોપરિતા :

चोपाई :

सर्वोपरि भगवान जो रहेऊ, जिनसे अधिक नहि रहे केऊ;
प्रगट भये सो कोशल देशा, जाके पार न लहत हि सुरेशा...१२

અઠ્યાવિશમા આ કળિયુગમાં શાલીવાન શકનો આ અઢારમો સૈકો સૌથી શ્રેષ્ઠ કહેવાય છે. ૧૧. ભગવાન શ્રીસ્વામિનારાયણ સર્વોપરિ છે. તેમનાથી અધિક કોઈપણ નથી. તેઓ કૌશલ દેશમાં પ્રગટ થયા. જેમના સ્વરૂપ, ગુણ અને ઐશ્વર્ય ઇત્યાદિકનો દેવતાઓ પણ પાર પામી શકતા નથી. ૧૨. જે જે સર્વોત્તમ પર્વત, વન અને તીર્થ હતા તે બધામાં શ્રીહરિએ જઈને સહુને દર્શન આપ્યા હતા. ૧૩. કળિયુગમાં અતિ મંદમતિના જે નર-નારી મનુષ્ય છે એ બધાનો મોક્ષ કરવાનું દિલમાં ધારીને શ્રીહરિ ગઢપુરમાં આવીને રહ્યા. ગઢપુરના જેટલું બીજા કોઈ સ્થાનમાં રહ્યા નહિ. ૧૪-૧૫. આ ભારત દેશમાં ઘણા મોટા મોટા તીર્થધામો છે, પણ શ્રીહરિએ ગઢપુર ધામને બધા ધામોથી શ્રેષ્ઠ કર્યું છે. ૧૬.

ગઢપુરમાં શ્રીહરિએ રહીને વારંવાર અનેક ઉત્સવ કર્યા છે અને સંતો તથા હરિભક્તોએ પણ વારંવાર ગઢપુરમાં આવીને પોતાના મોક્ષને માટે શ્રીહરિની ઘણી જ પૂજા કરી છે; એવો લાભ કોઈએ લીધો ન હતો. આ વખતે ઉન્મત્તગંગા જેટલી શ્રેષ્ઠ બની છે તેટલી હવે બીજી કોઈ નદી ક્યારેય શ્રેષ્ઠ થશે નહીં. ૧૭-૧૮. સમુદ્રમાં મળેલી ગંગા અને બીજી પણ બધી નદીઓ એમ કહેતી કે, આ વખતે ઉન્મત્તગંગાએ શ્રીહરિનો ઘણો જ લાભ લીધો છે. ૧૯. બીજી બધી પણ ઊંચા કુળમાં ઊપજેલી ઘણી બધી નદીઓ છે કે, જેની વેદ અને પુરાણોમાં અનંત યુગોથી કીર્તિ ચાલી આવે છે, પરંતુ આ ઉન્મત્તગંગાએ બધી નદીઓ કરતાં પોતાની કીર્તિ વધારી છે. ૨૦. તેની કરોડગણી કીર્તિ વધી છે માટે તે ઉન્મત્તગંગા ધન્ય ભાગ્યશાળી થઈ છે. જે રીતે શ્રીહરિ મહાન સમર્થ છે તે રીતે જ તેમણે આ ઉન્મત્તગંગાની કીર્તિ વધારી છે. ૨૧.

सब कारन से कहा न होई, धारत तेसे होवत सोई;
धारत नहि जिहाँ लग मन तेहा, सामृथ तिहाँ लग न देखात एहा...२२

સહુના કારણ એવા ભગવાન સ્વામિનારાયણથી શું ન થાય ? તેઓ તો જેવું ધારે તેવું થાય. જ્યાં સુધી તે ધારતા નથી ત્યાં સુધી તેમનું સામર્થ્ય દેખાતું નથી. ૨૨.

જ્યારે આવશ્યક કામ આવે ત્યારે શ્રીહરિ સામર્થ્ય દેખાડે છે. સામર્થ્ય દેખાડવામાં શ્રીહરિને જરાય વિલંબ લાગતો નથી. ૨૩. અન્ય દેવતાઓ અને મનુષ્યોમાં જે કાંઈ સામર્થ્ય દેખાય છે તે બધું શ્રીહરિનું જ સામર્થ્ય છે અર્થાત્ શ્રીહરિએ જ તેમને આપેલું છે; એવા શ્રીહરિ મહાન સમર્થ છે. ૨૪. જે સર્વ-સમર્થ હોય છે તે અણું જેવા અલ્પને પણ મેરુથીયે અધિક કરે છે અને મેરુ જેવા મહાનને પણ તરત જ અત્યંત અલ્પ કરી દે છે. ૨૫. વેદો અને પુરાણોના કારણરૂપ આવા શ્રીહરિ જેને અધિક કરવા ચાહે તે અધિક થઈ જાય છે. ૨૬. જે અલ્પ મનુષ્ય હોય તેને શ્રીહરિ જો મહાન કરવા ચાહતા હોય તો તે ઘણો મહાન થાય છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી. પણ મૂઢ મનુષ્યને તેની ગમ પડતી નથી. ૨૭. ભાગીરથી ગંગા ઈત્યાદિક બધી નદીઓ પ્રસન્ન મનથી ઉન્મત્તગંગાની મહત્તાની પરસ્પર વાત કરતી હતી. ૨૮. હવે હું શ્રીહરિની લીલાની વાત કહું છું. તેને સાંભળીને હરિભક્તને સુખ અને શાંતિ થાય છે, પણ જે હરિભક્ત ન હોય તેની સમજમાં તે વાત આવશે નહીં. ૨૯.

❋ પ્રગટના નિશ્ચયની શ્રેષ્ઠતા :

ચોપાઈ :

प्रगट हरि को निश्चे होय जेहू, अमृत बात लग हि अति तेहू;
प्रगट हरि को निश्चे जाकू, स्वाद आवहि बात में ताकू...३०
प्रगट हरि के निश्चे न जाहि, एसे जन जेते जो रहाहि;
ताकु स्वाद न आवहि लेशा, मृतिका के कच्चे पात्र हे तेसा...३१

જેને પ્રગટ શ્રીહરિનો નિશ્ચય હોય તેને શ્રીહરિની લીલાની વાતો અમૃતના જેવી અત્યંત મીઠી લાગે છે અને જેને પ્રગટ શ્રીહરિનો નિશ્ચય હોય છે તેને આવી લીલાની વાતોમાં ઘણો સ્વાદ આવે છે. ૩૦. જેને પ્રગટ શ્રીહરિનો નિશ્ચય ન હોય એવા મનુષ્યોને શ્રીહરિની લીલાની વાતોમાં લેશમાત્ર પણ સ્વાદ આવતો નથી. તે તો માટીના કાચા વાસણ જેવા છે. ૩૧.

જ્યાં સુધી મનુષ્ય પ્રગટ શ્રીહરિના શરણમાં નથી આવતો ત્યાં સુધી તે મનુષ્યની બુદ્ધિ પ્રગટ શ્રીહરિથી અત્યંત વિપરીત રહે છે. ૩૨. જેને જેટલું માયાનું આવરણ રહે છે તેટલો તે માયિક પદાર્થોમાં અવરાઈ જાય છે અને તે જેટલા જપ, તપ, તીર્થ, વ્રત અને યોગ કરે છે, તેનાથી પણ તેને સંસારના સંકટરૂપી રોગ મટતો નથી. ૩૩.

*** સત્સંગ ચિંતામણિથી પણ શ્રેષ્ઠ છે :**

કોઈ મનુષ્ય વેદ અને પુરાણાદિ અપાર શાસ્ત્રને ભણે છતાં પણ તેનું ભવભટકણ લગારેય મટતું નથી. સત્સંગ સિવાયની આ ભૂમિ ઉપર જેટલી ચતુરતા-કળાઓ હોય તે બધીને શીખે, છતાં તેનું ભવભટકણ ક્યારેય મટતું નથી; એ વાત ચોક્કસ સમજી રાખવી. મોક્ષના કારણભૂત જે ગુણો છે તે સત્સંગ વિના ક્યારેય આવતા નથી. ૩૪-૩૫. કલ્પવૃક્ષ અને ચિંતામણિ કરતાં પણ સત્સંગનો પ્રતાપ અપરંપાર અધિક છે. સત્સંગના સમાન અન્ય કોઈ સારરૂપ વસ્તુ નથી. ૩૬.

મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી માનો તેણે કંઈ જ કર્યું નથી. તેને તો અપાર સમૃદ્ધિ મળે છતાં તે ગરીબનો ગરીબ જ રહે છે. ૩૭. જેટલા બ્રહ્માંડો છે તે બધા કાળનું ચવાણું છે, પણ જે સત્સંગ કરે છે તેને કાળ બચાવી લે છે. ૩૮. શ્રીહરિ જ્યારે જ્યારે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જતા હતા ત્યારે ત્યારે હરિભક્તોને તે સમયના સ્વરૂપનું ધ્યાન કરવા માટે જળક્રીડા કરતા હતા. ૩૯. શ્રીહરિની જળક્રીડા એવી છે કે, જે કોઈ મનુષ્યે એકાદ વખત પણ તે જળક્રીડાના દર્શન કર્યા હોય તો તેના કાળ અને કર્મના બધા ભયનો નાશ થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ઉન્મત્તગંગાનો મહિમા કહ્યો' એ નામે ચોવીસમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર પંદરમું : તરંગ - ૨૫

નારાયણ નામનો મહિમા કહ્યો

શ્રીહરિ ઉન્મત્તગંગાના જળમાં સ્નાન કરીને જ્યારે ઘણા તૃપ્ત થયા ત્યારે બહાર નીકળ્યા અને બધાં સોનેરી વસ્ત્ર પહેર્યા તેમજ સોનાના આભૂષણો પહેર્યા. ૧. પછી ગુલાબના સુગંધી હાર પહેર્યા અને ગુલાબના બે ગુચ્છ કાન ઉપર ધારણ કર્યા. તેની ઘણી સુંદર શોભા થઈ. ૨. તેમજ ગુલાબના તોરાઓ સોનેરી પાઘમાં લટકાવ્યા. બંને ભૂજાઓ ઉપર ફૂલના બાજુ અને ફૂલની પોંચીઓ ધારણ કરી. ૩. મોતી જડીત છડી ડાબા હાથમાં ધારણ કરી. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો જે ઘણો સોહામણો લાગતો હતો. ૪. હિરકોરનો સુંદર રૂમાલ પ્યારા શ્રીહરિએ હાથમાં રાખ્યો હતો અને નાન ખાચર નામે જે કાઠી હરિભક્ત હતા તે શ્રીહરિના અશ્વને સંભાળતા હતા. ૫. તે સોનેરી સાજથી અશ્વને શણગારીને લાવ્યા, પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર સેવકે ધાર્યું હતું અને સોનાની દાંડીવાળા બે ચામર બંને બાજુ ઢળી રહ્યાં હતાં. ૬. ચોપદાર હાથમાં સુંદર સોનેરી છડી લઈને આગળ ચાલી છડી પોકારતો હતો અને સંતો તથા હરિભક્તો હતા તે હોરીના પદોને મુખથી ગાતા હતા. ૭.

જેમ જેમ ભક્તો શ્રીહરિને દેખતા હતા તેમ તેમ તેમના મનમાં હરખ વધતો હતો. નદીમાં આવેલું પૂર જે રીતે ચડતું હોય તેમ ભક્તોનો હર્ષ શ્રીહરિને દેખી ચઢતો દેખાતો હતો. ૮. આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજીંત્રો વાગતા હતા. તેના શબ્દથી આકાશ ભરાઈ ગયું હતું. વિવિધ પ્રકારના સુંદર નિશાનો આગળ ફરકતા હતા, તેની શોભા કહી શકાતી નથી. ૯. જ્યારે શ્રીહરિ ઉન્મત્તગંગાથી બહાર નીકળવા ચાલ્યા ત્યારે તે ગંગામાં જે પથ્થર હતા તે બધા માનો શ્રીહરિનાં સૌંદર્યને જોવા માટે ચલાયમાન થઈ ગયા. ૧૦. નદીને કિનારે રહેલા પશુ, પંખી અને બધા વૃક્ષો તે શ્રીહરિની શોભાને દેખીને મનમાં ખૂબ જ આનંદ પામ્યા અને પોતાના આ વખતના જન્મને સફળ માનવા લાગ્યા. ૧૧. બહુનામી શ્રીસહજાનંદસ્વામી

ઉન્મત્તગંગાથી ચાલીને જ્યારે ગઢપુર ગામમાં પ્રવેશ્યા ત્યારે રાજમાર્ગમાં સહુ લોકોને દર્શન દેતા હતા. ૧૨.

શ્રીહરિ પહેલા જીવા ખાચરના દરબારમાં પધાર્યા અને ત્યાં અદ્ભુત સભા કરી. સભામાં શ્રીહરિનાં દર્શન કરનારાને તૃપ્તિ થતી નહોતી. ૧૩. દરબારગઢમાં ચારેબાજુ ભવન હતા. વચ્ચે ચોક હતો અને તે ચોકમાં ઘણો અનુપમ રંગમંડપ કર્યો હતો. ૧૪. જે સંતો અને હરિભક્તો હતા તે બધા રંગમંડપમાં બેઠા. કેટલાક સંતો ઝાંઝ અને મૃદંગ લઈને કીર્તનગાન કરવા લાગ્યા. ૧૫. શ્રીહરિ અદ્ભુત ભાતના ફૂલના હિંડોળા ઉપર બેઠા. તે સમયની શોભા એવી બની હતી કે, જે મુખથી કહી શકાતી નથી. ૧૬. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અપાર મશાલો પ્રગટી. તેમાં લાધાભાઈ, સાંગાભાઈ, દેવજી અને દેવજીનો ભાઈ ગોવિંદ અને સુરતના હરખાભાઈ, તેના પુત્ર ગોવિંદભાઈ, ઉમેદભાઈ, ઉજમભાઈ અને દીવ ગામના હરિભાઈ, ૧૭-૧૮. કારિયાણીના કાનજી અને જસમત, એ બધા વાળંદ હરિભક્ત હતા. તે સિવાયના પણ કેટલાક હરિભક્ત વાળંદ જે જે ગામથી આવ્યા હતા તે બધા સંધ્યા સમયે શ્રીહરિની આગળ આવીને કાયમ મશાલો કરતા હતા.

જે સંતો અને હરિભક્તો હતા તે બધા તે સમયે સંધ્યા આરતી બોલવા લાગ્યા. ૧૯-૨૦. સ્વામિનારાયણ નામની ધૂનને સર્વોપરિ ધૂન કહેવાય છે. શ્રીહરિ ઊભા થઈને સુંદર સ્વરે ધૂન બોલાવતા હતા. ૨૧. બંને હાથથી તાળી પાડીને શ્રીહરિ ઘણા પ્રેમમગ્ન થઈ જતા હતા અને પ્યારથી પોતે મુખકમળથી ધૂન બોલતા હતા. ૨૨. અપાર હરિભક્તો ધૂન કરતા હતા, છતાં શ્રીહરિના જેવાં લટકાં કોઈને આવડતા નહિ. શ્રીહરિ કોઈ ભાતના લટકાં કરતાં હતા. તે લટકાઓમાં અદ્ભુત શોભા દેખાતી હતી. ૨૩. લટકા સાથેની શ્રીહરિની ધૂનને જોઈને ભક્તજનોને દેહનું ભાન રહેતું ન હતું. શ્રીહરિએ તે દિવસે એવી ધૂન કરાવી કે, પહેલા તેવી ધૂન ક્યારેય સાંભળી કે દેખી ન હતી. ૨૪.

❋ મંત્ર મહિમા :

શ્રીહરિએ જ્યારે 'નારાયણ' આવા નામની ધૂન કરી લીધી, પછી નારાયણ નામનો અપાર મહિમા કહ્યો. ૨૫. અજામિલ મહાન પાપી હતો. એવો બીજો કોઈ પાપી ન હતો, છતાં નારાયણ નામના ઉચ્ચારથી તેનો ઉદ્ધાર થયો હતો. ૨૬.

सोरठा : श्रीनारायण नाम, अपार रहे प्रताप यह;
पुरण मनोरथ काम, कलि में महा मंत्र रहे...२७
अनेक जन्म के पाप, नारायण एक नाम कर;
होवत जन निष्पाप, एसो नहीं नाम कोउ...२८

શ્રીનારાયણ આવું જે નામ છે, તેનો અપાર પ્રતાપ રહ્યો છે. તે કળિયુગમાં બધા જ મનોરથોને પૂર્ણ કરનારો મહામંત્ર છે. ૨૭. નારાયણ આવા એક નામના પ્રતાપથી મનુષ્યના અનેક જન્મનાં પાપ નાશ પામે છે અને મનુષ્ય નિષ્પાપ થાય છે. નારાયણ જેવું બીજું કોઈ નામ નથી. ૨૮.

चोपाई :

जिह्वा से करी वारमवारा, नारायण नाम करना उचारा;
उठत बेठत चलत ता मांहीं, काम काज करत जो रहाही...२९
खावत पिवत सुवत में जबहू, नारायण नाम लेना तबहू;
संत अरु हरिजन भये जितना, नारायण नाम लेना तितना...३०

મનુષ્યે ઊઠતાં, બેસતાં, ચાલતાં અને કોઈપણ કામકાજ કરતાં જીભથી વારંવાર 'નારાયણ' આવું નામ ઉચ્ચારવું. ૨૯. ખાતાં, પીતાં અને સુતાં હોઈએ ત્યારે પણ 'નારાયણ' આવું નામ લેવું. જે કોઈ સંત અને હરિભક્ત હોય તે સહુએ 'નારાયણ' આવા નામનું ભજન કરવું. ૩૦. આવો અમૂલ્ય મનુષ્યદેહ મળ્યા પછી પણ જે કોઈ 'નારાયણ' એવું નામ લેતો નથી અને રાત-દિવસ બીજી અપાર વાતો કરતાં મૃત્યુપર્યંત સંતોષ પામતો નથી, તેના જેવો બીજો કોઈ અધમ નથી. અને આવો જે મનુષ્ય છે તેને અનંત જન્મ સુધી જમપુરીમાં અને લખચોરાશીમાં અપાર દુઃખ ભોગવવા પડે છે. કારણ

કે, 'નારાયણ' નામ સિવાયની બીજી જેટલી વાતો છે તે જીવને એક રતીભાર પણ મદદ કરતી નથી. ૩૧-૩૩.

મનુષ્યને ક્યારેક અનંતકોટિ બ્રહ્માંડના વૈભવો ભોગવવા મળે છે. તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી, પણ ખરું આશ્ચર્યકારી તો 'નારાયણ' નામ જ છે. ૩૪. જ્યાં સુધી મનુષ્યની માયિક મતિ હોય ત્યાં સુધી નારાયણ એવું નામ લેવામાં તેને આશ્ચર્ય દેખાતું નથી. જ્યાં સુધી મનુષ્યની માયિકબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેનું અલૌકિક ફળ આલોકમાં નથી દેખાતું. ૩૫. પણ જ્યારે મનુષ્યમાં અલૌકિકબુદ્ધિ થાય છે ત્યારે તેનું ફળ દેખાય છે. મનુષ્ય જેવો અભ્યાસ કરે છે તેવો તેના અંતરમાં પ્રકાશ થાય છે. ૩૬. પણ ભાગ્યહીન મનુષ્યને જે ભજનનું કામ અવશ્યપણે કરવાનું છે તેમાં લેશમાત્ર ભાવ નથી. તેમાં તે કાંઈ લાભ માનતો નથી, ઊલ્ટાનું તેને ભગવદ્‌વિમુખ બાબતોમાં જ તાન રહે છે. ૩૭. મનુષ્યને જેવું તાન હોય છે તેવું ફળ મળે છે; એ વાત લેશમાત્ર પણ ખોટી નથી. જો લોકોને દેખાડવાનું જ તાન હોય તો તેના ફળરૂપે ક્લેશ જ મળે છે. ૩૮.

सोरठा : जितनी मोटप जाहि, तिनसे अतिशय अधिक हि;
अपराध करत रहाहि, ताकि गम न परत कब ही...३९
संत हरिजन सम जोउ, मोटप नहि ब्रह्मांड महिं;
मोटप न देखावत सोउ, सत्संग रात दिन करत...४०

તેને જેટલી મોટપ મળી હોય તેના કરતાં તે ઘણો વધારે અપરાધ કરતો રહે છે, તેની તેને ક્યારેય ગમ પડતી નથી. ૩૯. આ બ્રહ્માંડમાં સંત અને હરિભક્તના સમાન અન્ય કોઈ મોટપ નથી. તેઓ મોટપ દેખાડ્યા સિવાય જ રાત-દિવસ સત્સંગ કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'નારાયણ નામનો મહિમા કહ્યો' એ નામે પચ્ચીસમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર પંદરમું : તરંગ - ૨૬

શ્રીહરિએ સંતોને ઉપદેશની રીત શીખવી

શ્રીહરિને સંતો અને હરિભક્તના ઉપર જેવું હેત હતું તેવી વાતો અત્યંત કૃપાએ સહિત કરતા હતા. ૧. સહેજે વાત થાય એના કરતાં કૃપાની વાત કાંઈક જુદી જ હોય છે. શ્રીહરિની સહજ વાતો પણ વેદથી અધિક હોય છે તો કૃપા કરી હેતે સહિત કરેલી વાતની મહત્તા તો કહેવી જ શું ? ૨. શ્રીહરિની કહેલી વાતનો અપાર મહિમા રહેલો છે. તેમની વાત જેવો બીજા કોઈમાં સાર રહ્યો નથી, પણ શ્રીહરિની વાત સમજવી કઠણ છે. ૩. જે જે વાતનો મનમાં ખપ ઉદય થાય છે ત્યારે તેના માટે કોઈપણ ઉદ્યમ કરવો કઠણ રહેતો નથી. ૪. પછી શ્રીહરિએ ફૂલદોલ ઉપર આવેલા દેશ દેશના બધા હરિભક્તોને ઘેર જવાની આજ્ઞા કરી અને સંતોને ગઢપુરમાં આવ્યા તેને જ્યારે દસ દિવસ થયા ત્યારે સહુને ભેટીને રજા આપી. ૫. સંતો જ્યારે સત્સંગમાં ફરવા નીકળ્યા ત્યારે તેમને વળાવવા માટે શ્રીહરિ સાથે ચાલ્યા. ગઢપુરથી નીકળી એક રાત **ઝીંઝાવદર**માં રહ્યા ને પછીની એક રાત **કારિયાણી**માં રહ્યા ને પછી **કુંડળ** ગામમાં આવ્યા. ૬. શ્રીહરિ દેશકાળની વાત કરવાની બાબતમાં સહુ સંતોને નિત્ય શીખવતા હતા. શ્રીહરિએ ભાઈ રામદાસસ્વામીને ઘણા પ્રેમથી હિતકારી વાત કહી. ૭.

શ્રીહરિએ કહ્યું, જે કોઈ પણ બાઈ ભાઈ હરિભક્ત અન્ન વિના દુઃખી દેખાય તેની તમારે આદરભાવથી સંભાળ રખાવવી. ૮. અમારા જાણ્યામાં આવશે તેની સંભાળ અમે રખાવીશું અને તમને પણ જેની ખબર પડે તે હરિભક્તોની સંભાળ રાખજો. ૯. **ગરીબ ભગવાનના ભક્તની સંભાળ રાખવાથી ભગવાન રાજી થાય છે** અને તમારા જેવી સંભાળ બીજો કોઈ રાખી શકવા સમર્થ નથી. ૧૦. બધા હરિભક્તો જેવા આદરભાવથી અમારા વચનને માને છે તે જ રીતે તમારા વચનને પણ તે હરિભક્તો માને છે. ૧૧. ભાલ દેશથી લઈને દ્વારકા સુધી તેમજ હાલાર, સોરઠ, વાળાંક, ગોહિલવાડ, કાઠિયાવાડ, ઝાલાવાડ, જતવાડ, ચૂંવાળ અને વઢિયારમાં હરિભક્તો અન્ન

વિના દુઃખી છે; એવું અમે સાંભળ્યું છે, તો જેટલી બની શકે તેટલી તેમની સેવા-સંભાળ તમારે રખાવવી. ૧૨-૧૪. ભાદર નદીથી લઈને પાવાગઢના પર્વત સુધી અને મુંબઈથી લઈને સિદ્ધપુર ક્ષેત્ર સુધી અનાજ વિના જે હરિભક્ત દુઃખી હોય તેની તમારે સંભાવના કરવી. કારણ કે, તમે તે બધી સંભાવના રાખવા-રખાવવા અતિ સમર્થ છો. ૧૫-૧૬.

શ્રીહરિના આવા આજ્ઞા-વચનને સાંભળીને સ્વામી ભાઈરામદાસજીએ ઘણા આદરભાવથી તે વચનને માથે ચડાવ્યા. તે જોઈને શ્રીહરિ ભાઈસ્વામી ઉપર રાજી થયા. ૧૭. પછી શ્રીહરિ ત્યાં કુંડળમાં સહુ સંતોને ભેટ્યા અને ત્યાંથી સહુને રજા આપી. દેશ-કાળરૂપ શ્રીહરિની શક્તિ ઘણી બળવાન છે. ૧૮. શ્રીહરિ કહે, દેશ-કાળ બળવાન છે. તે ધારે તેમ થાય છે. હવે જ્યારે દેશ-કાળ ભેળા કરાવે ત્યારે ફરીને મળશું. ૧૯. દેશ-કાળની સ્થિતિ તો એવી છે કે, કેટલાક ફરીને મળે ને કેટલાક ફરીને ન પણ મળે. દેશ-કાળ એકસરખી સ્થિતિ રહેવા દેતા નથી, પરંતુ ભગવાન અને ભગવાનના અવતાર દેશ-કાળ કરતાં પણ સમર્થ હોય છે. ૨૦. ભગવાન દેશ-કાળનું જેટલું ચાલવા દે તેટલું તેનું સામર્થ્ય ચાલે છે. તોપણ ભગવાન જ્યારે કૃપા કરીને મનુષ્યદેહ ધારણ કરે છે ત્યારે, ૨૧. ભગવાન દેશ-કાળની મરજી જોઈને ચાલે છે. તે ક્યારેય તેમની મરજીને લોપતા નથી. કારણ કે, જે ભગવાનના ચરિત્ર છે તે તો દિવ્ય અને અદિવ્ય બંને પ્રકારના હોય છે. ૨૨.

❋ ચરિત્રમહિમા

चोपाई :

ताके गान करत जन जेता, गदगद कंठ होईके तेता;
दिव्य गति सद्य पावत ताई, चरित्र में इतनो दैवत रहाई...२३
भगवान के चरित्र हि जेते, कोटि कोटि कल्प लगत हि तेते;
नवीन हि नवीन सदा रहाते, जीर्ण कब ही न होउ जाते...२४

ભગવાનના જે દિવ્ય અને અદિવ્ય ચરિત્ર છે તેમાં એટલું દૈવત રહ્યું છે કે, જે મનુષ્ય ગદ્‌ગદ કંઠ થઈને તેમનું ગાન કરે છે તે તત્કાળ

જ દિવ્યગતિને પામે છે. ૨૩. ભગવાનના જે ચરિત્ર છે તે કરોડો કલ્પ જાય તોપણ સદાયે નવીનના નવીન જ રહે છે. તે ક્યારેય જીર્ણ થઈ જતા નથી. ૨૪. જે મનુષ્ય ભગવાનના ચરિત્રને જૂના થયા માને છે તેને તો અત્યંત તુચ્છ અને પ્રાકૃત મતિવાળો જાણવો. ૨૫. અને જે મનુષ્ય કરોડો કલ્પ સુધી ભગવાનના ચરિત્રને નવીનના નવીન જ દેખે છે તે મનુષ્ય પરમ પવિત્ર છે. ૨૬.

✷ જેવી મતિ તેવી ગતિ :

જે પ્રાકૃત માણસ હોય છે તે નવીન ચરિત્ર વિના કોઈ દિવસ માનતા નથી. જો નવીન ચરિત્ર હોય તો જ માને છે. પ્રાકૃત માણસ ભગવાનના ચરિત્રને પણ પ્રાકૃત જ કહે છે. ૨૭. અને તેવા જે દેહાત્માભિમાની મનુષ્ય છે તે આ બ્રહ્માંડમાં જ રહેશે, તેમાં તલભાર પણ સંદેહ નથી. કારણ કે, “જેવી મતિ હોય તેવી ગતિ થાય છે.” ૨૮.

ચોપાઈ :

प्राकृत मति रहे जिहाँ लगहू, सत्संग लेश न किन तिहाँ लगहू;
प्राकृत मति से करीके जेहा, प्राकृत भोग प्राप्त होत तेहा...२९

प्राकृत संत प्राकृत हरिजन की, बात में रीत देखावना इनकी;
प्राकृत समझ रहाये जेता, प्राकृत संत रु हरिजन तेता...३०

જ્યાં સુધી માયિકબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેણે લેશમાત્ર સત્સંગ કર્યો નથી અને તે માયિકબુદ્ધિએ કરીને તો માયિક ભોગ જ પ્રાપ્ત થાય છે. ૨૯. જે માયિકબુદ્ધિવાળા સંતો અને હરિભક્તો છે એમની રીત વાતમાં કહી દેખાડવી. જેની સમજણ જેટલી પ્રાકૃત રહે છે તેટલા તે સંત-હરિભક્તને પ્રાકૃત જાણવા. ૩૦.

अप्राकृत समझ रहाये जितना, एसे संत रु हरिजन तितना;
अप्राकृत करी देखावना ताई, समझ तेसे जन सो कहाई...३१

अभ्यास करत जन जेसी रीता, होइ जावत हे तेहि तेसी रीता;
अभ्यास तेसे गुन आवत तामें, रती भर नहि जूठ हे यामें...३२

જે સંત-હરિભક્તની સમજણ અપ્રાકૃત કે'તા દિવ્યભાવવાળી છે તેને તેટલા અપ્રાકૃત માનવા, દેખાડવા. જેની જેવી સમજણ હોય તેવા તે કહેવાય છે. ૩૧. જે મનુષ્ય જેવી રીતે અભ્યાસ કરે છે તે તેવી રીતનો થઈ જાય છે. જેવો અભ્યાસ હોય તેવા ગુણ તેમાં આવે છે. આ બાબતમાં એક રતીભાર પણ અસત્ય નથી. ૩૨. આ બ્રહ્માંડ અને દેહ સંબંધી કેટલાય વિષયો અપાર કહેવાય છે, તે બધાને જીવ અનંત જન્મથી ભોગવતો રહ્યો છે, છતાં આજ સુધી તે ભોગોનો પાર આવ્યો નથી. ૩૩. વિષયને માટે તો આ જીવ કેટલું દુઃખ પામ્યો છે, તેનો કેતા પાર આવતો નથી. જીવ જન્મ-મરણ અને લખચોરાશી તેનું ઘણું દુઃખ વારંવાર પામ્યો છે. ૩૪.

આ જીવ કેટલીકવાર જમપુરીમાં અપાર દુઃખ પામ્યો છે તે મુખથી કહી શકાતું નથી અને વારંવાર અપાર દેહને પામ્યો છે અને તે દેહમાં અનેક પ્રકારના રોગ પણ થયા છે. ૩૫. જે કોઈપણ જાતના જે જે દુઃખ કહેવાય છે તે બધાનું કારણ માયિક પંચવિષય જ છે. એટલા માટે જેનાથી પંચવિષયમાં અરુચિ થાય એવી વાત સંતજનોએ નિત્ય કરવી. ૩૬. વિષયોનું બંધન મહાન વિકટ છે. તે બંધન શસ્ત્રથી કપાતું નથી, પણ જ્ઞાનરૂપી શસ્ત્ર હોય તો તત્કાળ તે વિષયબંધન કાપી શકાય છે. ૩૭. જ્ઞાન જ્ઞાન એમ કહ્યા કરીએ પણ હરેક જ્ઞાનમાં વિવેક મુખ્ય રહ્યો છે. વિવેક વગરના જ્ઞાનમાં તો અપાર દુઃખ ભર્યું છે. ૩૮. જે વૈદ્ય હોય છે તે પહેલા તો નાડીની પરીક્ષા કરીને તેની ગતિથી રોગ સાધ્ય છે કે અસાધ્ય છે તે જુવે છે. ૩૯. રોગ સાધ્ય છે કે અસાધ્ય છે તેને જાણ્યા વિના ખરો વૈદ્ય ઔષધ આપતો નથી અને જાણ્યા પછી ઔષધ આપે છે તો દર્દી તરત જ નીરોગી થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ સંતોને ઉપદેશની રીત શીખવી' એ નામે છવ્વીસમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર પંદરમું : તરંગ - ૨૭

શ્રીજીમહારાજે સદ્ધર્મમાર્ગ સ્થાપ્યો

સંતો ગુજરાત તરફ ચાલ્યા અને શ્રીહરિ **ગઢપુર** પાછા આવ્યા. પછી ઘણા દિવસ સુધી ગુપ્તપણે રહ્યા. મનમાં ઘણા પ્રસન્ન રહેતા હતા. ૧. શ્રીહરિએ ગઢપુરમાં જ રામનવમી, નૃસિંહ ચતુર્દશી, ભીમ એકાદશી વગેરે ઉત્સવો કર્યા અને સહુને દિવ્ય સુખ આપ્યું. ૨. શ્રીહરિએ તે દિવસોમાં ઘણા બુદ્ધિશાળી પ્રાગજી દવે નામે વિદ્વાન વિપ્ર હતા, તેની પાસે ભાગવત પુરાણ, ભગવદ્ ગીતા, મત્સ્ય પુરાણ, કૂર્મ પુરાણ અને બધી સ્મૃતિઓ સભામાં વંચાવી. વળી, વાલ્મીકિ રામાયણ અને તુલસી રામાયણ પણ વંચાવ્યા. ૩-૪. તે પુરાણી રામાનંદસ્વામી છતાના હતા અને ભાઈરામદાસજીસ્વામી આત્માનંદમુનિ છતાના હતા. ૫.

સંન્યાસી દેવાનંદસ્વામી, સેવાનંદસ્વામી, શ્રીધરાનંદસ્વામી, મુકુંદાનંદ વર્ણી, મુક્તાનંદસ્વામી, ૬. આનંદાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, વ્રજવાસી ભજનાનંદસ્વામી જે શાંત સ્વભાવના હતા, ૭. નિર્વૃતાનંદસ્વામી, સાંખ્યાનંદસ્વામી, વ્રજાનંદસ્વામી, અષ્ટવક્રાનંદસ્વામી, સુખાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, સજ્જનાનંદસ્વામી, સત્યાનંદસ્વામી, ઉજાસાનંદસ્વામી, ૮. કલ્યાણાનંદસ્વામી, ભાગેશ્વરાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી, ઈત્યાદિક પચાસ જેટલા સંતો અને એક હજાર જેટલા હરિભક્તો, ૯. તે બધા રામાનંદસ્વામી છતાના કહેવાય છે અને ઓગણોતેરાકાળ સુધી તે બધા હતા. તે પછી વર્ષોવર્ષ એક-બે સંત જે ભગવાનનું દિવ્યધામ કહેવાય છે તેમાં અત્યંત પ્રસન્ન મને દેહત્યાગ કરીને જાતા હતા. જ્યારે માયિક દેહનો ત્યાગ કરતા હતા ત્યારે મહાન દિવ્ય દેહને પામતા હતા. ૧૦-૧૧.

જેમાં લેશમાત્ર પણ દુઃખ રહેતું નથી, એવા દેહને અભૌતિક-દિવ્ય દેહ કહેવાય છે અને તે ધામ પણ અભૌતિક-દિવ્ય રહ્યું છે. જેની કોઈ ઉપમા આપી શકાતી નથી. ૧૨. ધર્મના લાલ શ્રીહરિએ રામાનંદસ્વામીના સ્વધામ ગયા પછી તરત જ અપાર સંત કર્યા હતા. ૧૩. અને હરિભક્તો પણ અનંત

કર્યા હતા. જેનો ગણતા કોઈ પાર આવતો નથી. બાઈ-ભાઈ બધા મનુષ્યો ઘણા શ્રદ્ધાભાવથી સત્સંગ ધારી રહ્યા હતા. ૧૪. આ ભૂમિ ઉપર ઠેક ઠેકાણે અપાર મતપંથો હતા. તેમાંના મોટા ભાગના મતપંથોએ વર્ણ અને આશ્રમના ધર્મનો ત્યાગ કરી દીધો હતો. ૧૫. તેમણે ભક્તિ અને જ્ઞાનનો તો માત્ર આભાસ રાખ્યો હતો, વૈરાગ્યનો તો નાશ કર્યો હતો અને બધાય વ્યસન ભરપૂર રાખ્યા હતા. ૧૬. જેટલા મતપંથો કહેવાય છે તે બધા પ્રાયઃ વ્યસનોને વિષે બંધાઈ ગયા હતા અને વ્યસનોને તેઓ પોતાના પરમ ઈષ્ટ કરીને માનતા હતા. ૧૭. પહેલા તો ગુરુઓ વ્યસની થઈ ગયા અને ગુરુની રીત દેખીને તે પ્રમાણે શિષ્યો ચાલ્યા. જેટલા ગુરુઓ હતા તે બધા પોતપોતાના શિષ્યોની સાથે રાત-દિવસ વ્યસનમાં બંધાઈ ગયા હતા. જીવને તત્કાળ બંધનથી છોડાવે એવો મતપંથમાં કોઈ ગુરુ રહ્યો ન હતો. ૧૮-૧૯.

જેટલા ગુરુ અને શિષ્યો કહેવાતા હતા તે બધા મૃત્યુ પછી જમપુરીમાં ગયા. તેમને જમપુરીથી છોડાવવાને માટે શ્રીહરિના મનમાં અત્યંત દયા આવી. ૨૦. જે માર્ગે આગળ ચાલતા ક્યારેય જમપુરીમાં જવું ન પડે, વળી જે માર્ગ નિર્ભય હોય અને જેમાં અપાર સુખ રહ્યું હોય, ૨૧. અને જે માર્ગે ચાલતા જીવને જેટલા બંધન હોય તે બધા છુટી જાય, જે માર્ગ બધા સચ્છાસ્ત્રના જે શુભ વચનો છે તે પ્રમાણેનો હોય, વળી જે માર્ગે શુકદેવજી, નારદ અને સનકાદિક જેવા સંતો ચાલ્યા હોય, ૨૨-૨૩. જે માર્ગે પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા અપાર રાજાઓ ચાલ્યા હોય અને અવતારોના પણ ભક્તો જે માર્ગે ચાલ્યા હોય, એવો જે સનાતન માર્ગ કે જેમાં મોક્ષ તત્કાળ થતો હોય, જેમાં જન્મ, મરણ અને લખચોરાશી ક્યારેય આવતા ન હોય, ૨૪-૨૫. તેમજ જે કાંઈપણ દુઃખ કહેવાય છે તે જેમાં લેશ પણ ન હોય આવો સન્માર્ગ જોઈ વિચારીને શ્રીહરિએ ચલાવ્યો. ૨૬.

જેટલા સત્ય-અસત્યના વિવેકવાળા બુદ્ધિમાન લોકો હોય છે તે ધર્મમાર્ગની શુદ્ધરીતિને જુવે છે એટલે તેઓ પણ શ્રીહરિના સન્માર્ગને પ્રમાણભૂત કરવા લાગ્યા. ૨૭. શ્રીહરિના તે સદ્ધર્મમાર્ગને દેખીને જેમાં રાત-દિવસ અજ્ઞાનનું અંધારું ભર્યું હોય એવા અન્ય મતપંથો હતા તેની ક્યાંય

ગણતરી રહી નહિ. ૨૮. સદ્‌ગ્રંથમાં કહેલા જે ધર્મપરક અને મોક્ષપરક વચન હતા તેનું પ્રતિપાદન કરનાર મોક્ષમાર્ગ શ્રીહરિએ ચલાવ્યો. ૨૯. જે ધર્મ અને મોક્ષનું પ્રતિપાદન ન કરે તે મત પાખંડમાર્ગ કહેવાય છે. જેની બુદ્ધિ મોક્ષ અને ધર્મપરાયણ રહે તેને અધર્મ ક્યારેય ગમતો નથી. ૩૦. જેટલા નીતિના વચનો છે તેને સત્ય વચન કહેવાય છે અને જેને તેવા સત્ય વચનો રુચે છે તે જ સાચા મનુષ્ય કહેવાય છે. ૩૧.

જેને સત્ય સિદ્ધાંત પર મમત્વ હતું અને અસત્ય મત પર જેને અરુચિ હતી એવા લોકોની જ્યારે સભા થતી, તેમાં શ્રીહરિના સદ્ધર્મમાર્ગનું પ્રતિપાદન થતું હતું. ૩૨. જે સર્વોપરિ મત છે તે સહુને માટે આદરપાત્ર અને પૂજ્ય છે અને જે ધર્મહીન મત છે તે અનાદરને પાત્ર છે. અનાદરને પાત્ર મતમાં બંધાઈને રહેલા જે નરનારીઓ છે તે બધા છતે દેહે જ અગાઉથી જ જમપુરીમાં પડ્યા છે. મર્યા પછી તે જમપુરીમાં જાય તેમાં કોઈ વિલંબ નથી. એમ બધા સત્પુરૂષો કહે છે. ૩૩-૩૪. અને જે સર્વોપરિ સન્માર્ગમાં જોડાયેલા છે તેનું ભાગ્ય તો મુખથી કહી શકાતું નથી. તેઓ છતે દેહે જ સુખમય એવું ભગવાનનું ધામ તેને પામી ચૂક્યા છે. ૩૫. મર્યા પછી તેને ભગવાનના ધામમાં જવું એવું નથી; એમ સત્પુરૂષો કહે છે. જે સત્ય વાત છે તે ક્યારેય ખોટી થતી નથી. બુદ્ધિમાન મનુષ્યો મનમાં આવું જાણે છે. ૩૬.

✷ વિશ્વાસ એ જ કલ્યાણ :

दोहा : सतपुरुष के बचन में, विस्वास जाकु आय;
चलत जो तेहि मग महिं, मोक्ष होत ही ताय...३७
सत्पुरुष के वचन में, विश्वास न आवत जेहु;
मोक्ष न ताके होत कबु, जमपुर जावत तेहु...३८

જે મનુષ્યને સત્પુરૂષના વચનમાં વિશ્વાસ આવે છે અને તેથી જે સદ્ધર્મ માર્ગમાં ચાલે છે તેનો મોક્ષ અવશ્ય થાય છે. ૩૭. અને જેને સત્પુરુષના વચનમાં વિશ્વાસ નથી આવતો તેનો ક્યારેય મોક્ષ થતો નથી, પરંતુ તે જમપુરીમાં જાય છે. ૩૮.

सोरठा : सत्पुरुष भगवान, ताकि समझ एक रहेऊ;
निश्चे होत कल्यान, ताके वचन जो पान करत...३९
असत पुरुषके वचन, मुमुक्षु कु हे विष तेहि;
तामें न देत कबु मन, मोक्ष को रहे खप जेहि...४०

સત્પુરૂષ અને ભગવાન, એ બંનેની સમજણ એકસરખી છે. તેમના વચનામૃતનું જે પાન કરે છે તેનો મોક્ષ નિશ્ચિત થાય છે. ૩૯. જેને મોક્ષનો ખપ હોય, આવા મુમુક્ષુને માટે અસત્પુરુષના વચન તો ઝેરના સમાન છે. માટે મુમુક્ષુએ તેવા વચનમાં ક્યારેય ધ્યાન દેવું નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીજીમહારાજે સદ્ધર્મમાર્ગ સ્થાપ્યો' એ નામે સત્તાવીસમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર પંદરમું : તરંગ - ૨૮

સંતોની પ્રાર્થનાથી શ્રીહરિએ વરસાદ કર્યો

શ્રીહરિએ જેઠ મહિનાના વદ પક્ષમાં સંતોના ઉપર એક પત્ર જે લખ્યો તેની હવે વાત કહું છું. પત્રમાં લખ્યું કે, અષાઢ સુદિ પાંચમની રાતે જો વીજળી થાય તો ગુજરાતમાં રહેવું; એવી અમારી આજ્ઞા છે. જો પાંચમની રાતે વીજળી ન થાય તો વિચક્ષણ સંતોએ અમારું વચન માથે ચડાવીને પૂર્વ દિશા તરફ ચાલવું. ૧-૩. જ્યારે સંતો પાસે પત્ર આવ્યો ત્યારે સંતોએ વાંચીને તે માથે ચડાવ્યો. બધા સંતો વીજળી થાય છે કે નથી થતી એમ જોઈ જ રહ્યા. ૪. પાંચમની રાતે થોડી વીજળી થઈ હતી, તે કોઈને દેખાણી નહિ. પછી ભાઈ રામદાસસ્વામીની આજ્ઞા લઈને સંતો ત્યાંથી પૂર્વ દિશા તરફ ચાલ્યા. ૫. ભાઈસ્વામીએ સંતોને કહ્યું, જ્યારે ઝાડી પ્રદેશમાં વરસાદ થાય ત્યારે તમારે તત્કાળ પાછા આવવું. તમારે અમારું આટલું વચન પાળવું. ૬. શ્રીહરિની જે મરજી છે તેને જોઈ વિચારીને હું કહું છું. પછી સંતો તત્કાળ ચાલતા થયા. ડભોઈની આગળ ત્રણ દિવસ સુધી ચાલ્યા. ૭.

સંતોને ત્રણ દિવસના ઉપવાસ થયા. જ્યારે અન્ન ખાવા ન મળ્યું ત્યારે મનમાં ઉદાસ થયા. ત્યારે શ્રીહરિએ વણિકનો વેષ લીધો અને સંતોની પાસે આવીને એમ કહ્યું, "આપ જેટલા સંતો છો તે બધા માટે બ્રાહ્મણને બોલાવીને હું રસોઈ કરાવું છું." પછી હરખભર્યા મનથી તેણે રસોઈ કરાવી. ૮-૯. રસોઈમાં અમૃતના જેવું ઘી પુષ્કળ નખાવ્યું અને ત્રણ દિવસથી જે સંતો ભૂખ્યા હતા તેમને ઘણા ભાવથી જમાડ્યા. ૧૦. સંતોએ વણિકને પૂછ્યું, તમારું નામ શું છે ? અને કયે ગામ રહો છો ? અમે ત્રણ દિવસથી ભૂખ્યા હતા તે તમે આવીને અમને જમાડ્યા. ૧૧. ભગવાન તમારા હૃદયમાં વસ્યા અને તમારામાં રહીને રસોઈ અપાવી. આ ઝાડી પ્રદેશમાં અનાજ વિના સંતોને મરી જાતા કાંઈ વાર લાગત નહિ. ૧૨. અમારે ઝાડી પ્રદેશ ઉલ્લંઘીને જાવું છે. ભગવાન કરશે તેમ થશે. અમારા ગુરુની આજ્ઞા પ્રમાણે અમે રહીએ છીએ. ૧૩. વરસાદ થાય તે પછી અમે તત્કાળ પાછા વળશું. તે સિવાય અમે પાછા ફરશું નહિ. તે અમારી વાત તમને કહી. ૧૪.

સંતો જે રીતે વર્તતા હતા તે બધી રીત વણિક આગળ નિષ્કપટભાવે કહી. ત્યારે તે વણિક પણ ઘણા પ્રેમભાવથી તે વાતને સાંભળતા રહ્યા. ૧૫. ત્યારે વણિકે કહ્યું, તમારા જેવા સંતો મેં ક્યાંય જોયા નથી. હું આજ ખૂબ રાજી થયો છું. મારું નામ દયાળજી છે. ૧૬. મારું ગામ અહીંથી ઘણું દૂર છે. હું વેપાર કરવા આવ્યો હતો. મને તમારા લગારેક દર્શન થયા એ જ વેપારમાં ઘણો લાભ થયો છે. ૧૭.

❋ સંતમાં શ્રીહરિ સાક્ષાત્ રહ્યા છે :

चोपाई :

तुम जेसे संतमंडल मांहि, साक्षात श्रीभगवान रहाहि;
तुम धारो दिल में ही जेसे, भगवान करे विन रहे न तेसे...१८

दुनियादार हम कहावत जेते, संतकु जानत समरथ तेते;
तुम धारो बरसात हि जबहू, ततकाल तेहि आवे अबहू...१९

તમારા જેવા સંતમંડળમાં સાક્ષાત્ ભગવાન રહ્યા હોય છે. તમે મનમાં જે ધારો તેને ભગવાન કર્યા વિના રહેતા નથી. અમે તો દુનિયાદારી(સંસારી)

જીવ છીએ અને તમારા જેવા સંતોને સમર્થ પુરુષ માનીએ છીએ. તમે જો મનમાં ધારશો તો હવે તત્કાળ વરસાદ થાશે. ૧૮-૧૯.

ભગવાન તમારે વશ છે, એ સત્ય વાત હું કહું છું. ભગવાન સંતોની અરજી સાંભળે છે. માટે આ રાતમાં જ વરસાદ આવી શકે છે. ૨૦. વરસાદ થાય તેમાં તમને ઘણું પુણ્ય મળશે. અનેક જીવોને જીવન મળશે. જે સ્વયં પુણ્યવાન છે એવા તમારે કોઈ પુણ્યની આશા નથી, પરંતુ અમારા જેવાને માટે વરસાદ થાય એવો સંકલ્પ કરવો જોઈએ. ૨૧. સંતોને શેઠના ઉપર દયા આવી અને ભગવાનની પ્રાર્થના કરી, "શેઠનો ભાવ નિષ્કપટ છે અને તેણે અમને સંકટના સમયમાં રસોઈ કરીને જમાડ્યા છે. ૨૨. તો હે અંતર્યામી પ્રભુ ! આપ વરસાદ કરો. અમારી આટલી પ્રાર્થનાને આપ સાંભળો." આટલી પ્રાર્થના કરીને સંતો સૂતા. કૃપાળુ ભગવાને તે પ્રાર્થનાને તત્કાળ સાંભળી. ૨૩.

જ્યારે મધરાત થઈ ત્યારે અપાર ગાજવીજ સાથે પુષ્કળ વરસાદ થયો. બધી નદીઓ અને સરોવર ઊભરાઈને ચાલ્યા. ૨૪. ભૂમિ ઉપરના સહુ લોકોને ઘણો આનંદ થયો જે, મુખે યથાર્થ કહી શકાતો નથી. જાણે માનો સહુ નવો જન્મ પામ્યા હોય એવું પ્રત્યક્ષ દેખાયું. ૨૫. સંતો વાતો કરતા હતા કે, શેઠનો ભાવ જોઈને ભગવાને વરસાદ કર્યો. તે ઘણું સારું થયું. ૨૬. હવે રામદાસજીસ્વામીએ જેમ કહ્યું છે તે રીતે બધું કરવું છે. માટે આપણે પાછા વળીએ. **વચનમાં જ બધું સુખ રહ્યું છે.** ૨૭. જ્યારે સવાર થયું ત્યારે સહુ સંતો પાછા વળ્યા અને વડોદરા શહેર આવ્યા અને ત્યાં સહુએ પુલ ઉપર ઉતારો કર્યો. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સંતોની પ્રાર્થનાથી શ્રીહરિએ વરસાદ કર્યો' એ નામે અઠ્યાવીસમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર પંદરમું : તરંગ - ૨૯

ભાઈસ્વામીના વચનથી સંતો વિશ્વામિત્રીના પુલ ઉપર રહ્યા

ભાઈ રામદાસજીસ્વામી ઈટોલા ગામમાં હતા. ત્યાં બે સંતોએ જઈને વરસાદની વાત કહી. ૧. વરસાદ થયો તે પછી સંતો પાછા વળ્યા છે અને બધા વડોદરાના પુલ ઉપર આવીને ઉતર્યા છે. ૨. સંતો કહે છે કે, હવે આપ જેમ કહો તેમ અમે કરીએ. આપ સંતોના સાચા મિત્ર છો. ભગવાન પણ આપના વચનને માને છે. ૩. આપના કહેવાથી વરસાદ થયો છે અને બધા લોકો ખુશી થયા છે. વરસાદ ન થયો હોત તો લોકો ઘણા દુઃખી થાત અને મહાન પ્રલય જેવું થઈ જાત. ૪. ત્યારે રામદાસસ્વામીએ વાત કહી, “વરસાદ ભગવાનના ભક્તોને માટે આવે છે. પાપી લોકોને માટે ક્યારેય આવતો નથી. સહુએ આ વાતને નિશ્ચિત સમજવી. ૫. દુનિયામાં જે દુઃખ આવે છે તે પાપી લોકોને લીધે આવે છે. તે પાપીઓની આંખો તમારા જેવા સંતોને દેખીને પ્રસન્ન થાતી નથી. ૬. તમારું અહિત કરવામાં તેની આંખો ખીલે છે. અમારા દેખવામાં તો એવું આવે છે કે, તે પાપી લોકો સિંહ અને સર્પ કરતાં પણ વધારે ખતરનાક છે. ૭.

અત્યારે વર્ણ અને આશ્રમનો કોઈ ભેદ રહ્યો નથી. તે નીચ લોકો તમને સંતોને પીડે છે અને રાત-દિવસ દુર્વચનો બોલીને તમારો દ્રોહ કરી રહ્યા છે. ૮. જે ગૌહત્યારા કહેવાય છે તેના કરતાં પણ એ પાપી લોકો કરોડગણા અધમ છે. અને ગૌહત્યારા સિંહના જેવા ક્રૂર માણસો પણ જો તમને જોઈને રાજી થઈ જાય છે, ૯. તો તેમને પૃથ્વીના રાજ્યના જેવી સમૃદ્ધિ તત્કાળ પ્રાપ્ત થાય છે. અને જો તમારો સત્કાર કરે તો તેમાં તો એનાથી પણ અધિક ફળને પામે છે. ૧૦. સંતો, હવે અનાજ પાકે ત્યાં સુધી તમારે વડોદરામાં પુલ ઉપર રહેવું. ભગવાન અંતર્યામી છે. તેઓ તમને અનાજ આપતા રહેશે. ૧૧. તમારે ક્યારેય કોઈની પાસે માંગવું નહિ. તે વિશ્વંભર પ્રભુ બધું પહોંચાડશે. જે કરોડપતિ ધનવાન છે તે બધા તમને ક્યારેય માનશે નહિ; એમ તમારે જાણી રાખવું. ૧૨. ધનપતિઓનું

ધન અધર્મોથી મળ્યું હોય છે. તે અધર્મના દ્વારાએ જ બધું નાશ પામશે. એ નિશ્ચિત છે. તેમાં કોઈ સંશય નથી. ૧૩.

અને એવા જ ગુરુઓને જે મળતિયા રહ્યા હોય છે તે બધા નિર્વંશ થઈને ખતમ થઈ જશે. ૧૪. જેણે પાપનું ધન ભેળું કર્યું હોય તે નિર્વંશ થઈ જાય છે; એવું પ્રત્યક્ષ દેખાય છે, છતાં તે વાત તે ક્યારેય માનતા નથી. ૧૫. જે ગૃહસ્થ આચાર્યગુરુઓ હોય, વર્ણાશ્રમી ધનાઢ્ય હોય અને રાજાઓ હોય તે ભગવાનને માટે શું દશમો ભાગ કાઢે છે ? ૧૬. ભગવાનને માટે ધન આપ્યા સિવાય તે ધન શુદ્ધ થાતું નથી. લોભી માણસ લોભે કરીને અંતે ધનને ખોવે છે. વિધિએ તેના ભાગ્યમાં જે લખ્યું હોય તેને ભગવાન પ્રમાણ કરીને થવા દે છે. ૧૭. ભગવાનના બધા સંતો આવું કહે છે અને અમે તો તે જોઈને કહીએ છીએ. શહેરના લોકો તમારી પાસે ઉત્સાહથી જો વાતો સાંભળવા આવે તો તેની આગળ સંત અને અસંતની વિગતથી વાત કરવી. વાણીમાં અમૃત રાખવું. અમૃત રાખ્યા વિનાની વાત ઝેર જેવી થઈ જાય છે. ૧૮-૧૯. વાતનું ઝેર થઈ જાય તો તે ફરી અમૃત થાતું નથી; આવું અમને દેખાય છે અને ઝેરનું અમૃત કરવું તેવું તો ભગવાનને જ આવડે છે. ૨૦. અને ભગવાન જેને દૈવત આપે છે તેને ઝેરનું અમૃત કરતા આવડે છે. તેમાં કંઈ વાર લાગતી નથી." એમ રામદાસજીસ્વામીએ કહ્યું. ૨૧.

પછી તે સંતો રજા લઈને પાછા વડોદરામાં પુલ ઉપર આવ્યા. ભાઈસ્વામીએ જે વાત કહી હતી તે સહુને સંભળાવી. તે વાત સાંભળીને સહુ સંતો પ્રસન્ન થયા અને પુલ ઉપર જ આનંદથી રહ્યા. ૨૨. બધા સંતો સભામાં ભેળા રહેતા અને સહુ વર્તનની એકસમાન રીતને અનુસરતા હતા. વિશ્વામિત્રી નામે નદીના પુલ ઉપર બધા સંતો બેઠા હતા. ૨૩. તે વખતે ફતેસિંહ ગાયકવાડ રાજ્ય ઉપર હતા અને અંગ્રજોએ ત્યાં પોતાનો કેમ્પ જમાવ્યો હતો. સયાજીરાવ ગાયકવાડ તે સમયે નાના હતા. તેમની લગભગ અઢાર વર્ષની ઉંમર હતી. ૨૪. તેઓ જ્યાં સંત બેઠા હતા ત્યાં દિવસે બે ઘડી આવતા હતા. સંતોને પગે લાગીને ત્યાં અશ્વ ફેરવતા હતા.૨૫.

એક અશ્વ લાવતા, સાથે બે ચાર પાયદળના માણસો લાવતા હતા. રોજ ચોક્કસ સમયે અશ્વને દોડાવવા આવતા. ૨૬. જ્યારે તેઓ રોજ આવતા ત્યારે સંતો હરિભક્તોને પૂછતા કે, રોજ આ કોણ આવે છે ? અમે તેને ઓળખતા નથી. કોઈ પ્રભાવશાળી સરદાર જણાય છે. ૨૭. તે સરદાર પ્રદક્ષિણાને નિમિત્તે સંતોની ચારેબાજુ ફરતા અને તરત શહેરમાં ચાલ્યા જતા. તેને મનમાં રાજ્ય કરવાની ઘણી ઉમેદ હતી. ૨૮.

❋ સંતનો પ્રતાપ :

જ્યારે ફતેસિંહરાવે દેહત્યાગ કર્યો ત્યારે સયાજીરાવ(બીજા) તરત જ ગાયકવાડની રાજગાદી ઉપર બેઠા અને તે નિમિત્તે તોપના અવાજ થયા. સયાજીરાવનો મનોરથ શ્રીહરિએ પૂર્ણ કર્યો. ૨૯.

ચોપાઈ :

बडे संत के करी प्रतापा, तरत जन हो जात निष्पापा;
साचे संत प्रताप जितना, भगवान के समझत तितना...३०
प्रताप संत में होवे अपारा, हरिके देखत बुद्धि हि वारा;
आपमें प्रताप देखत जेते, मलिन संत अति जानना तेते...३१

મોટા સંતોના પ્રતાપથી મનુષ્ય તત્કાળ નિષ્પાપ થઈ જાય છે. અને સાચા સંતો તે પ્રતાપને ભગવાનનો પ્રતાપ છે એમ સમજે છે. ૩૦. સંતોમાં અપાર પ્રતાપ રહ્યો હોય છે, પણ બુદ્ધિવાળા સંતો તે પ્રતાપને ભગવાનનો પ્રતાપ માનતા. જે સંત પોતામાં પ્રતાપ માને છે તેને અતિ મલિન જાણવા. ૩૧. **જે બુદ્ધિવાળા સંતો હોય છે તે પોતાના વચનથી મરેલાને જીવતા કરે, કેટલાય લોકોને દીકરા ન હોય તો દીકરા આપે. એવો પ્રતાપ પોતાના વચનમાં જણાય તોપણ તે પોતાના મુખથી ‘તે પ્રતાપ શ્રીહરિનો જ છે’ એમ કહે છે. ૩૨.** સંતોમાં કોઈ પણ બાબતનો લેશમાત્ર ગર્વ હોતો નથી, એવી સંતોની સનાતન રીતિ છે. તેઓ બીજા નાના સંતના પણ દાસ થઈને રહે છે અને તેમનાં મન, વચન અને ક્રિયા પણ એવા જ રાખે છે. ૩૩.

સંપૂર્ણ બ્રહ્માંડના બધા લોકો અને બધા દેવતાઓ આવીને સંતની ભાવથી પૂજા કરે, તોપણ તે સંતોમાં ક્યારેય ગર્વ દેખાતો નથી. ૩૪. આવા સંતો

મનમાં જે સંકલ્પો કરે છે તે ચોક્કસ થયા વિના રહેતું નથી; આવા સંતોને કોઈ ઓળખી શકતા નથી અને દંભીનું માથું તો રોજ ફરતું જ રહે છે. ૩૫. લોકો તેવા દંભીની આગળ બધી ભેટની સામગ્રીઓ ઉપરા ઉપરી લાવીને મૂકે છે. મેના, સુખપાલ, બગી, હાથી અને સારા અશ્વ તેમાં તે દંભીને સાચા સંત જાણીને અત્યંત ભાવથી બેસાડે છે, પણ નજીકમાં જ સાચા સંતો રહેતા હોય તેમને તે લોકો ઓળખી શકતા નથી. ૩૬-૩૭.

❊ રાજીપાનું તાન રાખવું :

दोहा : साचे संत प्रसन्न होत हि, जनके देख हि भाव;
मन में खेद न पाव हि, प्रबल रहे ठेराव...३८

सोरठा : पिंड ब्रह्मांड से पर, वरतन निश दिन रहेउ;
दुःख ताप गये तर, पिंड ब्रह्मांड में दुःख रहे...३९
हरिके जेते संत, एसी बात में प्रीत जेहि;
समझ पाये बलवंत, ताप में देखात न जरत तन...४०

સાચા સંતો મનુષ્યના હૃદયના ભાવને જોઈને પ્રસન્ન થાય છે, પણ ક્યારેય મનમાં ખેદ પામતા નથી; એવો તેમણે દૃઢ નિશ્ચય કરી રાખ્યો હોય છે. ૩૮. સાચા સંતોનું વર્તન રાત-દિવસ પિંડ અને બ્રહ્માંડથી પર હોય છે અને તેઓ તે સ્થિતિથી દુઃખ અને સંતાપને તરી ગયા હોય છે. કારણ કે, પિંડ અને બ્રહ્માંડમાં જ દુઃખ રહ્યા છે. ૩૯. શ્રીહરિના જે સંતોને આવી સ્થિતિની બાબતમાં પ્રેમ હોય છે તેઓ તો બળવાન સમજણને પામ્યા છે. તેથી તે બળવાન સંતો ત્રિવિધ તાપમાં ક્યારેય પીડા પામતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ભાઈસ્વામીના વચનથી સંતો વિશ્વામિત્રીના પુલ ઉપર રહ્યા' એ નામે ઓગનત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર પંદરમું : તરંગ - ૩૦

પુલ ઉપર રહેલા સંતોથી વિરુદ્ધ વેરાગીઓની ફરિયાદ

વડોદરામાં ફતાજી, હિરાજી અને મોતીભાઈ નામે ત્રણ સલાટ હતા. તેઓ તે પુલનું કામ કરતા હતા. તે વખતે તેઓ નવા સત્સંગી થયા હતા. ૧. તેઓ સંતોની અલૌકિક રીત દેખીને ઘણા ખુશ થયા. તે સમયે સંતો પાસે અગણિત ભાવિકજનો આવતા હતા. ૨. મોટા મોટા શાહુકારો સંતોને લાગઠ રસોઈ આપવા લાગ્યા અને ચંદન તથા પુષ્પોથી પૂજવા લાગ્યા. ૩. તે શાહુકારો સંતોને પોતાને ઘેર પધરાવતા અને પાટલા ઉપર બેસાડતા, તેમજ સંતદીઠ એક એક અગરબત્તીનો ધૂપ કરતા હતા. ૪. દૂધપાક, લાડુ, પૂરી, ભજિયાં, વડાં, ભાત ભાતના શાક, રાઈતું, કેટલીક પ્રકારના અથાણાં, પાપડ, કઢી અને જાત જાતની વડીઓ, ૫. પત્રાવળા-પડિયામાં હરખથી અલગ અલગ પીરસતા અને તે શાહુકારો ક્યારેક બરફીની રસોઈ પણ કરાવતા હતા. ૬.

અને કોઈ દિવસ બાસુંદીની રસોઈ બનાવતા, ક્યારેક શિખંડની રસોઈ કરાવતા, ક્યારેક જલેબી, મોતીચૂર, ખાજા, કેળા-રોટલી એમ ફરતી ફરતી બધી રસોઈ કરાવતા હતા. ૭-૮. એક દિવસ સૂતરફેણીની રસોઈ બનાવી. શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે સંતો કરતા હતા. જ્યારે જમતા ત્યારે બધી રસોઈ એક પાત્રમાં ભેળી કરી દેતા અને તેમાં જળ નાંખી એકરસ કરી દેતા અને બધી રસોઈને નિરસ કરી દેતા. બધું જ્યારે ઔષધ જેવું થઈ જાય ત્યારે સંતો જમતા હતા. તેનાથી રસના ઈન્દ્રિય દુઃખ પામતી હતી. ૯-૧૦.

તે જ રીતે ઈન્દ્રિયોના જે વિષયો છે તેને સમજણપૂર્વક વિવેક રાખી ગ્રહણ કરતા હતા. **સંતો શ્રીહરિની આજ્ઞા પ્રમાણે આહાર લેતા હતા. ક્યારેય વચનથી બહાર વર્તતા નહિ. ૧૧. સંતો જેટલી દેહની ક્રિયા કરતા હતા તેપણ શ્રીહરિની આજ્ઞામાં રહીને જ કરતા હતા. શ્રીહરિના વચનમાં અપરંપાર પ્રતાપ રહ્યો છે. ૧૨.** કોઈ મનુષ્ય રાજાની આજ્ઞા યથાર્થ રીતે પાળતો હોય તો ભલે તે અત્યંત નીચ હોય, છતાં રાજાની આજ્ઞા પાળવાથી ઊંચો બની

જાય છે. ૧૩. રાજા જેવા એક સામાન્ય જીવનો જો આટલો પ્રતાપ રહ્યો હોય તો શ્રીહરિ તો મહારાજાધિરાજ છે. તેમાં તો અમાપ પ્રતાપ રહે જ. તેમાં શું કહેવું ? ૧૪.

મનુષ્ય વેદ અને પુરાણોને ભણે તોપણ તેની બુદ્ધિ તો મોક્ષના માર્ગમાં અત્યંત ટૂંકી પડે છે. ૧૫. કોઈ સંસારનો ત્યાગ કરીને વનમાં જઈને બેસે, કોઈક અનેક તીર્થ કરે, તેમજ કોઈક અષ્ટાંગ યોગને શીખે, છતાં તેને જ્યાં સુધી સત્સંગનો યોગ નથી થયો ત્યાં સુધી તે પશુ કરતાં પણ અત્યંત હીન પશુ રહે છે. આ બધું પ્રત્યક્ષ દેખાય છે. ૧૬-૧૭. જ્યારે મનુષ્ય સત્સંગ કરે છે ત્યારે તેને આ બાબત દેખાય છે. ભલે કોઈ અપાર બુદ્ધિમાન દેખાતો હોય, તોપણ સત્સંગ વિના તેને આ વાત સમજાતી નથી. ૧૮. **સત્સંગની વાત ઘણી અલૌકિક છે. એ લૌકિકબુદ્ધિથી સમજાતી નથી. અલૌકિક રીતે જો સત્સંગ કરવામાં આવે તો મનુષ્યની બુદ્ધિ અત્યંત પરમ પવિત્ર થઈ જાય છે. ૧૯. જે મનુષ્ય નિષ્કપટ થઈને પોતાના તન, મન અને ધન સત્સંગમાં અર્પણ કરતો નથી અને જેનો આત્મા સત્સંગમાં લીન થતો નથી, તે સત્સંગ કરે તોપણ તેની બુદ્ધિ મલિન રહે છે. ૨૦.**

ગીંગાની ગોળીની જેમ જ્યાં સુધી વિષય વાસના લાગી રહે ત્યાં સુધી કુસંગ રહે જ છે; એમાં સત્સંગનો કોઈ દોષ નથી. કારણ કે તેનો આત્મા જ સ્વયં દોષપૂર્ણ રહ્યો છે. ૨૧. વિશ્વામિત્રી નદીને દક્ષિણ કાંઠે માર્ગ ઉપર સંતો પૂર્વ દિશા તરફ રહ્યા હતા અને પશ્ચિમ દિશામાં માર્ગ ઉપર વેરાગીઓની જગ્યા હતી. ૨૨. સંતો તો મેદાનમાં રાત-દિવસ સભા કરીને બેસતા હતા. ઘણો વરસાદ પડે તોપણ પ્રસન્ન મનથી તે મેદાનમાં જ બેસી રહેતા. ૨૩. અધરાત થાય ત્યાં સુધી સંતો કથા અને ભજન-કીર્તન કરતા રહેતા. કેટલાક ધ્યાનમાં બેસતા અને કેટલાક સંતો ધ્યાન કરીને સૂઈ જતા. ૨૪. મોટા વેરાગીના શિષ્ય વેરાગી ઘણા હતા. તે છાની રીતે રાતે આવીને દૂરથી ઈંટના રોડા ફેંકતા હતા. ૨૫. જ્યારે સંતો સૂતા હોય ત્યારે રોજ રાતે તેમના ઉપર ઈંટના રોડાનો વરસાદ કરતા હતા છતાં સંતો ક્ષમા ધારી રાખતા હતા. ૨૬. પછી વેરાગીઓના જે મહંત હતા, તેમણે અંગ્રેજ અધિકારીની પાસે જઈને

નિઃસ્પૃહી સાધુઓની વિરુદ્ધ ફરિયાદ કરી. ૨૭. આ વડોદરા નગરમાં જે અતિત સાધુઓ આવે છે તે બે-ત્રણ દિવસ રહીને પછી તરત ચાલ્યા જાય છે. ૨૮. અત્યારે પુલ ઉપર જે સાધુ રહ્યા છે તે કંઠી, તિલક અને શિખા રાખતા નથી. કોઈની પાસે માળા પણ નથી. તેઓ આવો સંપ્રદાય ચલાવે છે. ૨૯. આજ સુધી આવો કોઈ સંપ્રદાય થયો નથી. જે જે મત ચાલ્યા છે તે બધા સંપ્રદાયોની અંદરના જ છે. ૩૦.

જે સ્વામિનારાયણ કહેવાય છે તેણે સંપ્રદાય ચલાવ્યો છે. તેના જે સાધુઓ છે તે બધા પરમહંસ નામથી કહેવાય છે. ૩૧. તે સંતો પોતાની પાસે એક કંથા અને કટવેડો(કમરે વિંટાતો હાથ પનાનો કપડાનો ટૂકડો) રાખે છે. તેમના મનમાં મરવાનો પણ ભય નથી. અમારા ડરાવ્યા તે લેશમાત્ર પણ ડરતા નથી અને ઉન્મત્ત જેવા થઈને તે ફરે છે. ૩૨. તેઓ કોઈ રાજાનો પણ ભય રાખતા નથી. નિર્ભય રીતે ફરતા રહે છે. તે તમારા કહ્યા સિવાય અહીંયાથી ક્યારેય જાશે નહિ. ૩૩. માટે આપ આવીને તે સાધુઓને અહીંથી ચાલ્યા જવાની રજા આપો; એટલી અમારી આપ મદદ કરો. જે તેમને નજર ભરીને દેખે છે તે કોઈ તેમને કાંઈ કહી શકતા નથી. ૩૪. તેઓ પૂજા, સેવા કાંઈ રાખતા નથી. અઘોરીની જેમ ફરતા રહે છે. તેમની પાસે કોઈ મોટી જગ્યા નથી અને જગ્યા વિના ત્યાગી ક્યાંય પોસાતા નથી. ૩૫.

જ્યાં સુધી તેઓ ચાર સંપ્રદાય (૧-શ્રીસંપ્રદાય, ૨-બ્રાહ્મસંપ્રદાય, ૩-રુદ્રસંપ્રદાય અને ૪-સનતકુમારસંપ્રદાય)માં ભળશે નહીં ત્યાં સુધી સંપ્રદાયના જે સાધુઓ છે તે ક્યારેય તેમને નમશે નહિ. ૩૬. જે જે સંપ્રદાય છે તે બધાનું મૂળ બ્રાહ્મણ છે અને બ્રાહ્મણ સિવાયની અન્ય વ્યક્તિ અમૂલ્ય સંપ્રદાયનું મૂળ થઈ શકે નહિ. ૩૭. ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાં કોઈ આચાર્ય જન્મ્યા નથી. તેમાં તો ઉદ્ધવજી જેવા મોટા મોટા ભક્ત થયા છે. ૩૮. જ્ઞાનના આચાર્ય તો યવન સુધીના થયા હોય છે. પણ તેમને ભક્તિ અને ધર્મના ઉપદેશનો અધિકાર નથી હોતો. ૩૯. **તેનું એ પ્રમાણ છે જે, ભક્તિ અને ધર્મ, એ બેના વિના ભગવાન પ્રત્યક્ષ રહેતા નથી. કેમ જે, શુદ્ધ ચિહ્નથી સંપ્રદાયનો પરિચય રહ્યો છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'પુલ ઉપર રહેલા સંતોથી વિરુદ્ધ વેરાગીઓની ફરિયાદ' એ નામે ત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૦॥

પૂર પંદરમું : તરંગ - ૩૧

ખુશ થયેલા સાહેબ સંતો પુલ ઉપર રહે, એમ સંમત થયા

ફરીને વેરાગીઓ કહેવા લાગ્યા, ભગવાન તો સદા એક જ છે. તે ભક્તનું હિત કરવા માટે અનેક મૂર્તિઓ ધરે છે અને અપાર ચરિત્રો કરે છે. ૧. હરિમાં અનંત યોગકળાઓ અને અપાર ઐશ્વર્યો રહ્યા છે. તેનું અનેક શિવ, બ્રહ્મા અને શેષજી વર્ણન કરે, છતાં તેનો કોઈ પાર પામી શકતા નથી. ૨. ભગવાન ધામમાં અખંડ રહે છે અને ધામમાં રહ્યા થકા જ અહીં દેખાય છે; એવી એમાં કળા રહી છે. તેની મુમુક્ષુ વિના બીજા કોઈને ખબર પડતી નથી. ૩. જ્યાં જેવું કાર્ય હોય ત્યાં ભગવાન તેવું રૂપ અને નામ ધારણ કરે છે. તે અનંત મૂર્તિઓને ધારણ કરે છે, છતાં ભગવાન એક જ છે. ૪.

❋ જેવો ભાવ હોય તેવું કાર્ય :

चोपाई :

भक्त कु जेसी रुचि रहाये, हरिके मंदिर तेसे कराये;
रुचि तेसी मूर्ति बनवाई, धाम में मूर्ति जो रहाई...०५
यह मूर्ति में स्थापत ताई, अंतरजामी जानत हि सदाई;
भक्त मनोरथ धारत जेसे, पूरे करत तिस विध तेसे...०६

ભક્તને જેવી રુચિ હતી તે પ્રમાણે તેણે ભગવાનના મંદિર કરાવ્યા છે અને જે મૂર્તિ ધામમાં રહી છે તે મૂર્તિને પોતાની રુચિ પ્રમાણે કરાવીને, ૫. તેની સ્થાપના કરે છે. અને સ્થાપેલી તે મૂર્તિમાં ભગવાનને સ્થાપિત કરે છે અને તેમને ભક્ત સદાય અંતર્યામી જાણે છે. કેમ જે, ભક્ત જેવા મનોરથ કરે છે તેવા મનોરથોને તે મૂર્તિરૂપ ભગવાન પૂર્ણ કરે છે. ૬. ભગવાન રામ-કૃષ્ણાદિ રૂપે જે પ્રગટ થયા હતા તેમની મૂર્તિઓ પણ પ્રગટ રહી છે, તે રીતે

જ જે શાલગ્રામ અને બાલમુકુંદની મૂર્તિ છે એને પણ ભક્તો પ્રત્યક્ષ મૂર્તિ માને છે. ૭. આવા જેટલા સંપ્રદાયો છે તે બધા શુદ્ધ સંપ્રદાય કહેવાય છે. પ્રત્યક્ષ ભગવાનની જે ઉપાસના, તે જેમાં ન હોય તે સિવાયના બીજા જેટલા મત કહેવાય છે તેને મોટા આચાર્યો પાખંડ ધર્મ કહે છે. જેવો યુગ હોય તેવા ગુણ લોકોમાં મુખ્યપણે નિવાસ કરીને રહે છે. ૮-૯. **પ્રત્યક્ષ ભગવાન મળ્યા સિવાય કળિયુગમાં ક્યારેય સંપૂર્ણ ધર્મ રહેતો નથી. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ચાર ગુણ જેમાં રહે છે તે સંપ્રદાયમાં મુખ્ય પૂજ્ય માનવામાં આવે છે અને તેવા સંપ્રદાયના અમે દાસ છીએ. જેને ભગવાનનો ખપ છે એવા અમે બધા વેરાગી કહેવાઈએ છીએ. ૧૦-૧૧.**

પેટ ભરવાની રીત તો જુદી જ છે. જન્મ, મૃત્યુ અને જમપુરીથી જે ડરતા નથી તે ભેખ લીધો હોવા છતાં પશુના જેવા જ રહે છે અને તે મૃત્યુ પછી લખચોરાશીના દુઃખોને ભોગવે છે. ૧૨. ત્યારે અંગ્રેજ અધિકારીએ વેરાગીને કહ્યું, અમે પાસે જઈને નજરે દેખીને તપાસ કરીએ, પછી તે વાતને માનીએ. ૧૩. અહીંના તમારા બધા લોકો જે હોય છે તે પૂરી તપાસ કર્યા સિવાય જ વાત કરે છે. ૧૪. નજરે પ્રત્યક્ષ જોયા સિવાય અને સાહેબ(ભગવાન)નો ડર રાખ્યા સિવાય જે બુદ્ધિહીન મનુષ્યો છે તે નિર્ભયતાથી વાતો કરે છે. ૧૫. સાહેબ ભલે દેખાતા નથી પરંતુ તે પાસે રહીને બધી વાત દેખે છે, સાંભળે છે. અને લોકો જેવી વાતો કરે છે તેને પણ તે તરત લખી રાખે છે અર્થાત્ જાણી રાખે છે. ૧૬. ભગવાન લોકો જે વાતો કરતા હોય તેને મોઢે જ સત્ય વાત કબૂલ કરાવે છે. જ્યારે કોઈ પણ બાબતની તપાસ કરાવે છે ત્યારે તેનું ખરાપણાનું જ્ઞાન થાય છે. ૧૭.

પછી ગુનાની બાબતમાં પૂરી સજા કરે છે. તેને કેદખાનામાં પૂરી દે છે. વાસ્તવમાં ભગવાન સજા બીજા દ્વારાએ કરાવે છે. પોતે તો નિર્દોષ રહે છે. ૧૮. જેવો દોષ હોય તેવી સજા રોગાદિ દ્વારા અને માણસ દ્વારા કરાવે છે. અત્યારે તમે જે ફરિયાદ કરવા આવ્યા છો તેને અમે આવીને નજરે દેખશું. ૧૯. અમે નજરે જોઈને તપાસ કરશું. પાખંડ તો અમારાથી ડરે છે. જેટલા ચોર, વ્યભિચારી, પાખંડી, કિમીયાગર અને ઠગારા છે તે બધાની તપાસ કરીને અમે

તેનો નાશ કરીએ છીએ. તેમાં અમને કોઈ પ્રયાસ પડતો નથી. એમ કહીને સાહેબે વેરાગીઓને ત્યાંથી જવા માટે રજા આપી દીધી. ૨૦-૨૧.

લશ્કરની એક નાની ટૂકડી લઈને સાહેબ તૈયાર થયા. જ્યારે દિવસ બે ઘડી(૪૮ મિનિટ) બાકી હતો ત્યારે સંતો સભા કરીને બેઠા હતા. ૨૨. ત્યારે સાહેબ અશ્વ ઉપર બેઠા અને પલટન લઈને સંતો પાસે આવ્યા. બધા સંતોની ચારેબાજુ ઊભા રહ્યા, પણ તેનાથી કોઈ સંતોને ભય લાગ્યો નહિ. ૨૩. ફરતા ઊભા રહીને કવચની જેમ સંતોને ઘેરી લીધા. તે વખતે નવીન પડઘમ નામના વાજિંત્ર વાગતા. વચ્ચે બસો જેટલા સંતો સ્થિરતાથી બેઠા હતા. સાહેબ તે સંતોને ધીરજથી જોઈ રહ્યા હતા. ૨૪. કોઈ સંતો પાસે ધારદાર હથિયાર, ચીપિયો કે સોટી પણ ન હતા. કોઈ હોકો કે તમાકુ પીતા ન હતા અને તેમની પાસે એક પણ ધાતુપાત્ર ન જોયું. ૨૫. અંગ્રેજ અધિકારીએ સંતોના નેત્રને અત્યંત નિર્મળ દેખ્યા. સંતોના કોઈ પણ અંગમાં વિકાર ન દેખ્યો અને દૃષ્ટિ કરતા જ સંતો ઉપર મનમાં ઘણો પ્રેમ થયો. ૨૬. બધા સંતો પલાંઠી વાળીને બેઠા હતા. બધા અંગો સરળ હતા. અંદર અને બહારથી સ્વચ્છ દેખાતા હતા અને તેમની વૃત્તિ એકાગ્ર હતી. ૨૭. વેરાગીઓએ કહ્યું હતું કે, ભેખધારી મઉ(ભૂખે મરતા કંગાળ લોકોની ટોળી) એક હજાર પુલ ઉપર ઊતર્યા છે અને તે બધા દગાબાજ છે. ૨૮.

તે સમયે બેઠેલા સંતોની પાસે અંગ્રેજ સાહેબે આવીને પૂછ્યું, તમે અહીં કેટલા રહ્યાં છો ? તમારામાં મોટા કોણ છે ? ત્યારે સંતોએ કહ્યું, અમારામાં શીલગુણ સંપન્ન વ્યાપકાનંદસ્વામી મોટા છે અને અમે સંતો બસો જેટલા છીએ. ૨૯-૩૦. ત્યારે સાહેબે સંતોને કહ્યું, તમારામાંથી ચાર સંતો સવારે અમારી ઓફિસે આવજ્યો; આટલું કહીને સાહેબ તરત જ પાછા ફર્યા. પછી તરત જ સવારમાં ચાર સંતો સાહેબની ઓફિસે ગયા. ૩૧. પંજાબ પ્રદેશના જે અખંડાનંદસ્વામી હતા તે પૂર્વ ભારતની બોલીમાં નિષ્ણાત હતા અને અંગ્રેજ સાહેબને તે બોલી ઘણી સારી લાગતી હતી. ૩૨. બીજા નિષ્કુળાનંદસ્વામી, વિચક્ષણ શાંતાનંદસ્વામી અને ધીરજવાળા અને દેશમાં ફરનારા એવા શ્રીગુરુચરણરતાનંદસ્વામીને સાથે લીધા. ૩૩. અંગ્રેજ સાહેબે તે ચાર સંતોને

ઘણા પ્રતાપી જોયા એટલે તેમને ખુરશી ઉપર બેસાડ્યા. વારાફરતી સંતોને દેખતા દેખતા સાહેબ મનમાં ઘણું રાજી થયા. ૩૪.

તે પછી સાહેબે વેરાગીઓને તરત બોલાવ્યા. તેમાં એકલા મહંત આવ્યા. તેને બેસવા માટે સાહેબે ખુરશી ન આપી. તેથી તે સાહેબની સામે ઊભા રહ્યાં. ૩૫. સાહેબે પહેલા તે ચારેય સંતોના નામ લખ્યા. નામ લખતા બહુ ખુશી થઈ ગયા અને તમારા નામ ઘણા કઠણ છે એમ કહ્યું. ૩૬. હવે તમને જેણે સાધુ કર્યા છે તેનું નામ પણ લખાવો એમ કહ્યું. ત્યારે મુનિઓએ શ્રીસહજાનંદસ્વામી એવું નામ લખાવ્યું. ૩૭. સાહેબે કહ્યું, તેમના ગુરુનું નામ અને તેમની જન્મભૂમિ લખાવો. સાહેબ જેમ કહેતા ગયા તેમ સંતો લખાવતા ગયા. ૩૮. નિર્માની, નિઃસ્પૃહી, નિષ્કામી, નિર્લોભી અને નિઃસ્વાદી એવા ગુરુના ગુણોને ક્ષોભ પામ્યા સિવાય લખાવ્યા. ૩૯. સંતોએ ધન અને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ ગુરુ રાખે છે એમ પણ લખાવ્યું. ત્યારે સાહેબ બોલ્યા, ૪૦. તમારો ધર્મ સાચો છે અને તમારા ગુરુ પણ સાચા છે. તમને જે ખોટા કહે છે તેઓ જ બધા ખોટા છે. ૪૧. જ્યાં સુધી તમારી મરજી હોય ત્યાં સુધી પુલ ઉપર સુખેથી રહો. તેમાં અમારી ખુશી છે અને અમે તમને પાસે આવી, તપાસીને પૂરી રીતે દેખ્યા છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ખુશ થયેલા સાહેબ સંતો પુલ ઉપર રહે એમ સંમત થયા' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર પંદરમું : તરંગ - ૩૨

અંગ્રેજ સાહેબે નિર્દોષ સંતોનો પક્ષ રાખ્યો

અંગ્રેજ સાહેબની ઓફિસેથી સંતો જ્યારે ચાલ્યા ત્યારે સંતોની રીત ભાતને સંભારીને સાહેબ ફરીથી બોલ્યા, ૧. જે દિવસે ગામમાંથી કોઈ રસોઈ ન આવે ત્યારે હું અમારા મોદીને કહી રાખું છું, તે તમને સીધું આપશે. ૨. મોદી વણિક હતા. સાહેબે તેને બોલાવીને કહ્યું, તમારે રોજ આ સંતો પાસે જઈને પૂછવું. ૩. પછી સાહેબે વેરાગી મહંતને કહ્યું, તમે જેને મઉ

કહ્યા હતા તે તો અસલ સંત છે. ૪. તમે પોતાને સમજ્યા વિના મનધાર્યા અસલ સંત માની બેઠા છો. જ્યારે અમે તપાસ કરીને જોયું ત્યારે ખરી વાત દેખાઈ છે. ૫. જ્યારે અમે ખરી રીત દેખી ત્યારે તમે જ મઉ દેખાયા છો. તમારામાં એક પણ નીતિ નથી. તમે સ્ત્રીઓની સાથે બોલો છો. ત્યાગીની આવી રીત દેખાતી નથી. ૬. તમે આઠ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કેટલા રાખો છો ? તમે તો સ્ત્રીમાં આસક્ત છો. તમારે માટે ધાતુનો ત્યાગ કહ્યો છે. તે ત્યાગને તમે કેટલા પાળો છો ? ૭. ચારેય સંપ્રદાયના જે મહંતો હોવ છો તે બધા અમારી પાસે આવીને જે ધન ન રાખતા હો તે બોલો. ૮.

શ્રીસહજાનંદસ્વામીના સાધુના સમાન જેનું વર્તન ન હોય તે તો નામમાત્રના સાધુ દેખાય છે. કારણ કે, તેમાં સાધુનો એક પણ ગુણ નથી હોતો. ૯. અમારા દેખવામાં જેવું આવ્યું તેવું અમે કહીએ છીએ. જેમાં જેવી નીતિ રહી હોય તેને તેવી નીતિ દેખાય આવે છે. ૧૦.

❋ નીતિની મહત્તા :

चोपाई :

नीति तेसो दैवत हि तामें, देखे में प्रगट आवत हे यामें;
नीतिरुप भगवान रहाये, अनीतिरुप अधर्म कहाये...११
नीतिरुप संप्रदा जाकी, निश्चे रहे भगवान ताकी;
अनीतिरुप संप्रदा जेती, निश्चे रहेउ अधर्मकी तेती...१२

જેમાં જેવી નીતિ હોય તેમાં તેવું દૈવત હોય છે એવું આ બાબતમાં પ્રત્યક્ષ દેખાય છે. ભગવાન તો નીતિરૂપ છે અને અધર્મ તો અનીતિરૂપ કહેવાય છે. ૧૧. જેનો સંપ્રદાય નીતિયુક્ત રહ્યો છે તે સંપ્રદાય નિશ્ચિત ભગવાનનો છે અને જે સંપ્રદાયમાં અનીતિ રહી છે, તેમાં નિશ્ચિત અધર્મ રહ્યો છે. ૧૨. અમે જે નિર્ણય કર્યો છે તેને બ્રહ્મા સુધી કોઈ ફેરવી શકે નહિ. બ્રહ્માએ જેટલી નીતિ નથી પાળી તેને શાસ્ત્રમાં અનીતિ લખી છે. ૧૩. જેટલા ઋષિમુનિઓ અને દેવતાઓ છે તે કોઈ બ્રહ્માથી મોટા નથી. તેમાં જે અનીતિને માર્ગે ચાલ્યા છે તે બધું શાસ્ત્રમાં લખ્યું છે. ૧૪. નીતિયુક્ત મનુષ્ય અનીતિવાળાને પોતાની શુદ્ધિથી ફજેત કર્યા કરે છે, છતાં અનીતિવાળો

અત્યંત નિર્લજ્જ થઈને નીતિમાર્ગે ચાલતો નથી. ૧૫. નશો કરાવનારા જેટલા વ્યસન છે તે, ગંજીફાથી જુગાર રમવો અને ગાળો બોલવી આવી અનીતિ અધર્મ કહેવાય છે. ૧૬.

અંગ્રેજ સાહેબે આટલી વાત કહી અને પછી વેરાગીને કહ્યું કે તમને સમજાતું નથી, તમે તો વગર નમાવે નમી ગયેલા જ છો. ૧૭. નાક વગરનો માણસ જેવો શોભે તેવો ધર્મ વિનાનો સંપ્રદાય શોભે છે. એક નકટાને બીજા નકટાઓ પરસ્પર મળીને વખાણ કરે છે. ૧૮. એક નકટાને બીજા જે નકટાઓ છે તે આવીને પગે લાગે છે. નકટા ગુરુના બીજા અપાર નકટાઓ શિષ્ય થાય છે. ૧૯. જે મતમાં ચોરી અને વ્યભિચાર થતો હોય તે મત નકટો કહેવાય છે. વર્ણાશ્રમી થઈને પણ જેટલા મદિરા અને માંસનું ભક્ષણ કરે છે તે પણ નકટા છે. ૨૦.

અરે વેરાગી ! અમે તમને જે પૂછીએ છીએ તેનો ઉત્તર તમે આપો. ત્યારે વેરાગીએ કહ્યું, આ કળિયુગમાં તો ભગવાનના નામ કીર્તનથી વિશેષ કોઈ સાધન હોતું નથી. ૨૧. ભગવાનના નામ કીર્તનરૂપી એક જ સાધન બીજા બધા સાધનોથી અધિક છે. ભગવાનનું નામ કીર્તન અગ્નિ સમાન છે અને બધા પાપ દારૂના જેવા છે. ૨૨. તલ જેટલા અગ્નિથી પણ અપાર દારૂનો ઢગલો બળી જાય છે. ત્યારે અંગ્રેજ સાહેબે કહ્યું, જો દારૂ સૂકો હોય તો એક પળવારમાં ઊડી જાય છે. ૨૩. પણ દારૂમાં પાણી અને કીચડ નાખી એકરસ કર્યો હોય તો તે અગ્નિથી સળગી ઊડતો નથી. કુસંગરૂપ કળિયુગ કીચડના પાણી જેવો છે અને તેમાં ભળેલું પાપ તે દારૂના જેવું છે. ૨૪. તે પાપ ભગવાનના નામથી ઊડી જાય એવું અમને માન્યામાં આવતું નથી. જે અજાણતા મનથી પાપ થયું હોય તે ભગવાનના નામ કીર્તનથી બળી શકે છે. ૨૫. અમને આટલી વાત માન્યામાં આવે છે. વધારે મનાતી નથી. જેને અનીતિના માર્ગે ચાલવું હોય તે પોતાને રુચે તેમ કહે છે. ૨૬.

જે અધર્મથી ડરે છે તેટલા જ મનુષ્ય કહેવાય છે અને જે અધર્મનો ભય રાખતા નથી તે તો પશુ ગણાય છે. ૨૭. જેમાં ધર્મ ન હોય એવો સંપ્રદાય કે મત જે હોય તે ભલે ઊજળો ગણાતો હોય, છતાં તેને ઝેર

ભળેલા દૂધ જેવો જાણવો. ૨૮. તે ઝેર ભળેલા ઊજળા દૂધને વગર સમજે જે પીવે છે તે મર્યા વિના રહેતા નથી; એવી જ મત અને સંપ્રદાયની બાબત છે. ૨૯.

જેટલા અંગ્રેજ સાહેબો વિશાળ બુદ્ધિવાળા હતા તે બધા ક્યારેય ઉદ્ધતા ભરી વાત કરતા નહિ. જે દેશમાં જેટલી ઉત્તમ બાબત હોય અને જેટલી સુખ કરે તેવી વાત હોય અને જેનાથી આલોક અને પરલોકમાં મનુષ્ય અતિ સુખી થાય એવી વાત હોય તેના ઉપર તેને રાત-દિવસ તાન રહેતું હતું. તેમના દિલમાં બુદ્ધિનું અભિમાન રહેતું નહિ. ૩૦-૩૧. તેઓ કોઈ વાતનો ગર્વ દેખાડતા નહિ. જે મોટપ હોય તેને તો તેઓ છુપાવતા હતા. પ્રજામાં કોઈ અબૂજ માણસ વગર સમજે કડવું વચન જો બોલે તો પોતાની ઘણી મોટાઈનો વિચાર કરીને તે લોકોને તલભાર પણ દુઃખ દેતા નહિ.

કદાચ કોઈ જાણી જોઈને ઉદ્ધતાઈ કરે અને અપરાધ કરે તો પછી તે અપરાધી પોતાનો પુત્ર, નોકર કે કોઈ પ્રજાજન હોય તો ક્યારેય તેમાં પક્ષપાત કરતા નહિ. બધા જ ધર્મથી આ નિષ્પક્ષપાતરૂપી ધર્મ અંગ્રેજોમાં વધારે મુખ્ય દેખાતો હતો. ૩૨-૩૪. એટલો ધર્મ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તેના દિલમાં ભગવાન રહે છે. તેઓ ધર્મમાં રહેતા હતા એવું દેખાતું અને તેને લીધે તેમણે દિન-પ્રતિદિન પોતાનું રાજ્ય જમાવ્યું હતું. ૩૫. ધર્મવાળા નિર્દોષ વ્યક્તિનો કોઈ જાણી જોઈને અપરાધ કરે તો ભગવાન તે અપરાધીના મૂળને પલકવારમાં છેદી નાંખે છે. ૩૬.

ભગવાનમાં જે કળાઓ રહી છે તેના પારને બ્રહ્મા જેવા પણ પામી શકતા નથી. ૩૭. ત્યારે વેરાગીએ સાહેબની આગળ હાથ જોડીને કહ્યું, આપ જે વાતને પ્રમાણરૂપ માનો છો તે વાત બધે જ પ્રમાણભૂત થાય છે. ૩૮. અને આપ જે વાતને કાપી નાખો છો તે કોઈથી સાચી કરી શકાતી નથી. આપની તપાસ જોતા એમ લાગે છે કે આપની બુદ્ધિ અપાર છે. ૩૯. આટલું બોલીને તે વેરાગી મહંત પોતાને મૂકામે આવ્યા. તેની વાતની કોઈ અસર થઈ નહિ એટલે તે ગુપચુપ બેસી રહ્યા. ૪૦. શ્રીહરિ ગઢપુરમાં જન્માષ્ટમી સુધી રહ્યા હતા. એ પછીની વાત જે છે તે તમને સંક્ષેપથી કહું છું. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'અંગ્રેજ સાહેબે નિર્દોષ સંતોનો પક્ષ રાખ્યો' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥

પૂર પંદરમું : તરંગ - ૩૩

અતિવૃષ્ટિ, ઘેલાના પૂરને ઊતાર્યું, સંતોને પરદેશમાં મોકલ્યા

શ્રીહરિ ગઢપુરમાં હતા ત્યારે અષાઢ માસમાં એટલો બધો વરસાદ થયો કે, જે કહી શકાતું નથી. ૧. નાની-મોટી જેટલી નદીઓ હતી, તેમાં ગંગા નદી જેવું પૂર આવ્યું અને તેનાથી કેટલાક ગામો તણાઈ ગયા. ૨. નદીને કિનારે જેટલા ગામ હતા તે બધા ગામ પૂરની ઝપટમાં આવી ગયા. પૂરના પાણીએ તે ગામોને ડૂબાડી દીધા. પાણીની રેલ ત્રણ દિવસ સુધી રહી. ૩. તે પાણીની રેલમાં કેટલાક મનુષ્ય તથા ગાય, ભેંશ અને બકરાં વગેરે પશુ તણાઈ ગયા. તેનો કહ્યે પાર આવતો નથી. ૪.

ઘર ઉપરના જે છાપરાઓ હતા તે એવા ને એવા પૂરમાં તણાયા અને તેના ઉપર બેઠેલા મનુષ્યો પણ તેની સાથે તણાયા. ૫. પૂરમાં તણાતા લોકો રડતા હતા, છતાં ત્યાં તેને મદદ કોણ કરે ? કેટલાક લોકો તો વૃક્ષ ઉપર ચઢી ગયા હતા અને ત્રણ દિવસ સુધી તે વૃક્ષ ઉપર જ રહ્યા. ૬. તે બધા ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહ્યાં. એમને જે દુઃખ થયું તે મુખે કહી શકાતુ નથી. મોટા મોટા સાપ, મોટા નાગ એ ઝાડ સાથે આવીને લપટાઈ ગયા હતા. ૭.

ત્રણ દિવસ પછી જ્યારે પાણીની રેલ ઊતરી ત્યારે લોકો જે ઝાડ ઉપર ચડ્યા હતા તે ધીરે ધીરે ઊતર્યા, પણ ઘરમાં જે કાંઈ અનાજ હતું તે બધું રેલમાં તણાઈ ગયું હતું. ૮. કોઈને ત્યાં કાંઈક અનાજ બચ્યું હતું તે બધું સડી ગયું. કારણ કે ત્રણ દિવસ તે પાણીમાં રહ્યું હતું. આવો દૈવનો અત્યંત કોપ થયો. આવી વાત ક્યારેય કાને સાંભળી ન હતી. ૯. તે સમયે ગઢપુરમાં જે ઉન્મત્તગંગા નદી છે તેમાં પણ ઘણું જ પૂર આવ્યું હતું અને તે પૂરનું પાણી ગામની ચારેબાજુ ફરી વળ્યું હતું. ૧૦. પાણીની રેલ

જ્યારે ગામમાં આવી ત્યારે ડરેલા લોકો પહાડ પર દોડીને ચઢી ગયા. ત્યારે દરબાર જીવા ખાચર શ્રીહરિની પાસે આવ્યા અને ગદ્‌ગદ કંઠથી વિનંતિના શબ્દો કહ્યા. ૧૧.

મહારાજ ! બધી ભૂમિ પાણીમાં ડૂબી ગઈ છે. આવું પૂર અમે ક્યારેય દેખ્યું નથી. વગર મોતે મોત આવ્યું છે. હે હરિ ! આ વખતે તો આપ જ અમને બચાવી લો. ૧૨. અત્યારે આપના સિવાય કોઈ મોતથી બચાવનારું નથી. આપને અત્યંત સમર્થ જાણીને શરણે આવ્યા છીએ. ૧૩. અમને આપનો દૃઢ વિશ્વાસ છે. આપ જે ધારો તે થશે. આપે બધું જ ગોકુળ બચાવ્યું હતું, તે જ આપ અત્યારે પ્રગટ્યા છો. ૧૪. આખું બ્રહ્માંડ જ્યારે પાણીથી ભરાઈ ગયું હતું ત્યારે સત્યવ્રત રાજાને આપે મત્સ્યરૂપે બચાવી લીધાં હતાં. તે રીતે જ માર્કંડેય ઋષિને બચાવ્યાં હતાં. ૧૫.

આપ પરમેશ્વર છો. ઐશ્વર્ય માત્ર આપના હાથમાં રહ્યું છે. હું ખોટું બોલતો નથી. આપના ચરણમાં મસ્તક નમાવીને કહું છું. ૧૬. હે નાથ ! આપ નદીના કિનારે આવો અને નદીના પૂરને દર્શન દ્યો. શ્રીહરિ પોતાનું ભક્તવત્સલ અને ભક્તાધીન એવું બિરુદ દિલમાં વિચારીને, ૧૭. તત્કાળ દરબાર જીવા ખાચરની સાથે ઉન્મત્તગંગાએ ઉમંગભેર આવ્યા અને જીવા ખાચરને કહીને હાથમાં શ્રીફળ અને ચૂંદડી લેવરાવ્યા. ૧૮. શ્રીહરિએ જોયું, નદીમાં મોટા હાથીના જેવા પથ્થર હતા, તેને પણ નદીના પ્રવાહે ઊલટ-સૂલટ કરી દીધાં હતાં; એવું અથાગ પૂર હતું. તેથી ગઢપુરના લોકોના ઉપર શ્રીહરિને ઘણી દયા આવી. ૧૯. આવા નદીના પૂરમાં શ્રીહરિએ ચરણારવિંદ રાખ્યા અને પછી જીવા ખાચરને કહ્યું કે, તમે શ્રીફળ અને ચૂંદડી જે લાવ્યા છો તે નદીના પૂરમાં ફેંકી દો. ૨૦. શ્રીહરિના વચન પ્રમાણે જીવા ખાચરે તે ચૂંદડી અને શ્રીફળ નદીના પૂરમાં ફેંકી દીધાં. પછી ગામમાં જે પાણીની રેલ આવી હતી તે તત્કાળ જ હટી ગઈ. ૨૧.

પાણી ઊતરી ગયું તે નિમિત્તે ગામલોકોએ વધાઈની સાકર લાવી શ્રીહરિની પ્રસાદી કરાવી ઘેર ઘેર જઈને વહેંચી અને સહુના મનમાં ઘણો જ આનંદ થયો. ૨૨. સહુ એમ કહેતા કે, આજ શ્રીહરિએ આપણને અથાગ

પૂરમાંથી સૌને બચાવી લીધા છે અને નવો જન્મ આપ્યો છે. જો આ વખતે શ્રીહરિએ ન બચાવ્યા હોત તો આપણું મોત આવેલું જ હતું; એમાં કોઈ ફેર નથી. ૨૩. તે પછી શ્રીહરિ ક્યારેક ગુપ્તપણે રહેતા અને ક્યારેક પ્રગટ રહેતા. જ્યારે જન્માષ્ટમી આવી ત્યારે આસપાસના નજીકના ગામમાં રહેલા સંતો અને હરિભક્તો શ્રીહરિની મરજી દેખીને ગઢપુર આવ્યા. સહુએ શ્રીહરિના ચરણનો સ્પર્શ કર્યો અને ચરણારવિંદને હૃદયમાં લીધા. ૨૪-૨૫. જેટલા હરિભક્તો આવ્યા હતા તેમણે શ્રીહરિની પૂજા કરી અને જન્માષ્ટમી કરીને સહુ ગઢપુરથી ચાલ્યા ગયા. ૨૬.

તે સમયે ગુણાતીતાનંદસ્વામી અને વિરક્તાનંદસ્વામી તેમને બોલાવીને શ્રીહરિએ દીક્ષા આપી અને તેઓ મહામુનિ થયા. ૨૭. સમાધિનિષ્ઠ સંત સ્વરૂપાનંદસ્વામી હતા. તેમને વૌઠાના સમૈયા વખતે કાશી મોકલ્યા હતા. ૨૮. નિર્માનાનંદમુનિ જે સારંગપુરના હતા, તેમને પણ વૌઠાથી જ શ્રીહરિએ પૂના શહેર મોકલ્યા હતા. ૨૯. ઝાલાવાડના (મેથાણ ગામના) પૂર્ણાનંદસ્વામી અતિશય બુદ્ધિશાળી હતા અને (રામગ્રી ગામના) નરનારાયણાનંદસ્વામી પણ મહાન બુદ્ધિશાળી હતા. ૩૦. તેઓ અદ્‌ભુતાનંદસ્વામીની જેમ કોઈ બંધનમાં આવે તેમ ન હતા. તેમને એક ચાદરનો ખલકો(પહેરેલું ખૂલતું એક વસ્ત્ર) ગળામાં પહેરાવી દીધો. ૩૧. દક્ષિણ દેશમાં વર્તવાની રીત પ્રેમથી શ્રીહરિએ શિખવાડી અને એક એક પાણી ગળણું આપ્યું. પછી પરદેશ જાવાનું કહ્યું. ૩૨. વળી, કહ્યું કે કોપીન વગર તમારે અલફીભર રહેવું અને સનકાદિકોની જેમ ફરવું. પાણી પીવા માટેનું પાત્ર મળે તોપણ પાસે રાખવું નહિ. ૩૩. અવધૂત ગીતા અને મણિરત્નમાળા, બંને કંઠસ્થ કરવી. તેમાં વિશાળ ગુણ રહ્યાં છે. જે પરદેશ જનારા સંત હતા તેમને શ્રીહરિ ભેટ્યા અને કહ્યું, અમે તમારી સાથે જ રહ્યાં છીએ. ૩૪.

❋ સંતો સાથે શ્રીહરિ :

चोपाई :

तुमसे पल हम रहहि न दूरा, मन में तुम मानना जरूरा;
युँ कहि मुनि कु कोल हि दीने, बचन शिर चढाई मुनि लीने...३५

અમે તમારાથી એક પળવાર પણ દૂર નથી, એમ તમે મનમાં ચોક્કસ માનજો. આમ કહીને તે સંતોને કોલ આપ્યો અને સંતોએ તે વચનને મસ્તકે ચડાવ્યું. ૩૫. શ્રીહરિ **વડતાલ** સુધી તે મુનિઓની સાથે આનંદ કરતાં કરતાં ઉમંગથી આવ્યા. વડતાલમાં બે-ત્રણ દિવસ સાથે રાખ્યા. પછી તે સંતોને જવાની રજા આપી. ૩૬. જે સંતને જે દેશમાં જવાનું કહ્યું હતું તે વિચક્ષણ સંતો તે રીતે ચાલી નીકળ્યા. શ્રીહરિએ તેમને જે વચનો કહ્યાં હતાં, તેને તે સંતો પરસ્પર સંભારતા હતા. ૩૭.

સંતો એકબીજાને કહેતા કે, પરદેશમાં જઈને બરાબર ધર્મ પાળીને આવજો અને ત્યારે જ તમારી ખરી મોટપ કહેવાશે. ૩૮. પરદેશમાં રહેવું આગમાં રહ્યાં જેવું છે. તે આગમાં બચવું કઠણ છે. તેથી ભગવાનના ખપ સિવાય ક્યારેય બચાય નહિ. ૩૯. જે ત્યાગી પરદેશમાં ફરવા જાય છે તેને ત્યાં જ્યારે વિષયનો જોગ થાય છે ત્યારે તેમનો ધર્મ રહેતો નથી. ૪૦. હંમેશાં બે સંતોએ સાથે રહેવું અને બે જણના સાથે રહેવાથી મન કાયમ શુદ્ધ રહે છે. એકલા રહેવાથી જે ધર્મનો નિશ્ચય કર્યો હોય છે તે તૂટી જાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'અતિવૃષ્ટિ, ઘેલાના પૂરને ઊતાર્યું, સંતોને દૂર પરદેશમાં મોકલ્યા' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર પંદરમું : તરંગ - ૩૪

સ્વરૂપાનંદસ્વામી અને નિર્માનાનંદસ્વામીનો સત્સંગ પ્રચાર

સ્વરૂપાનંદસ્વામી જગન્નાથપુરી સુધી ગયા અને જગદ્વંદ્ય તે મુનિએ લોકોની આગળ સત્સંગની વાત કરી. ૧. ઝાડી પ્રદેશથી જગન્નાથપુરી સુધી વચ્ચેના કેટલાક દેશોમાં ફર્યા. ત્યાં જેટલાં મનુષ્યો હતાં તે બધાને પશુના જેવા વર્તનવાળા દેખ્યા. ૨. ત્યાં કોઈ એક ગામમાં બ્રાહ્મણનો ઘણો ગુણવાન પુત્ર હતો તે મરણ પામ્યો અને તેથી તે બ્રાહ્મણ રુદન કરતો હતો. ૩. વિપ્રને રુદન કરતા જોઈને સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું, અરે શા માટે ખેદ કરે છે ?

તમારો પુત્ર મર્યો નથી. ૪. સ્વામી શ્રીહરિના પ્રતાપથી વિપ્રના મૃતપુત્રને દેહમાં લાવ્યા. તેથી વિપ્ર મહાઆશ્ચર્ય પામ્યો. ૫. તે નગરના રાજાએ આ વાત સાંભળી ત્યારે બોલ્યા, આ તો કોઈ મોટા સિદ્ધ છે. આવા સિદ્ધ રાજદરબારમાં શોભે. હું આવા સિદ્ધ ખોળું છું પણ ખોળવા છતાં આવા સિદ્ધ મળતા નથી. ૬.

જ્યારે સ્વરૂપાનંદસ્વામીએ તે વાત જાણી ત્યારે ત્યાંથી છાની રીતે ચાલી નીકળ્યા. રાજાએ તે સાંભળ્યું કે સંત ચાલ્યા ગયા છે, એટલે તેણે સંતની પાછળ ખોળવા કેટલાક ઘોડેસવારને મોકલ્યા. ૭. બધી દિશાઓમાં ઘોડેસવારો દૂર દસ-દસ કોશ સુધી ખોળતાં રહ્યાં, પરંતુ શ્રીહરિએ તરત જ મુનિની રક્ષા કરવા માટે વાદળા સાથે પવનની આંધી કરી દીધી અને તેમાં વરસાદની જડી વરસાવી. પરસ્પર પાસે રહેલાને પણ ન દેખે એટલો બધો પુષ્કળ વરસાદ થયો. ૮-૯.

❋ પ્રતાપસિંહ રાજાને સ્વરૂપાનંદસ્વામીનું મિલન :

શ્રીહરિએ આ રીતે સ્વામીની રક્ષા કરી અને મોટા વિઘ્નથી બચાવી લીધા. પછી જ્યારે તે સ્વરૂપાનંદસ્વામી જગન્નાથપુરી પહોંચ્યા ત્યારે ત્યાં પ્રતાપસિંહ નામે અતિ મુમુક્ષુ એક રાજા મળ્યા. જે ગુજરાત પ્રદેશના રાજા હતા અને તીર્થ કરતાં કરતાં ત્યાં આવ્યા હતા. ૧૦-૧૧. સ્વામી અને રાજા બંને ભગવાનની ઈચ્છાથી જગન્નાથપુરીમાં ભેળા થયા. રાજાએ મુનિને ઘણા પ્રતાપી જાણ્યા. પછી તેમણે તેમને અનુપમ પ્રશ્ન પૂછ્યા. ૧૨. તેમણે પૂછ્યું કે, મને અત્યારે ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ મળે તેવો ઉપાય બતાવો. તમે કહેશો તેમ હું ઉપાય કરીશ. ૧૩.

दोहा : प्रगट मिले विन जीय में, शांति न होत लगार;
जगन्नाथ लग आये हम, शांति न भये तिलभार...१४

પ્રત્યક્ષ ભગવાન મળ્યા સિવાય જીવમાં લગારેય શાંતિ થાય નહીં. જગન્નાથપુરી સુધી હું આવ્યો છું, છતાં મને તલભાર પણ શાંતિ થઈ નથી. ૧૪. હું દ્વારકામાં પણ ગયો છું અને ત્યાં કેટલાક માસ રહ્યો છું. પણ ત્યાં

મને પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થયાં નથી. પછી ત્યાં શાંતિ ન થઈ એટલે હું ત્યાંથી ચાલતો થયો. ૧૫. પછી હું ગોકુળ, વૃંદાવન અને મથુરામાં રહ્યો. ત્યાં પણ મને મનમાં ક્યારેય શાંતિ ન થઈ. પછી હું અયોધ્યાપુરીમાં આવીને રહ્યો. ૧૬. અયોધ્યામાં પણ પ્રગટ ભગવાનનાં દર્શન થયાં નહીં એટલે પછી હું ત્યાંથી ચાલતો થયો અને બદરીનાથનું જે મંદિર છે ત્યાં જઈને હું રહ્યો. ૧૭. ત્યાં પણ મને પ્રગટ ભગવાનનાં દર્શન થયાં નહીં એટલે હું ત્યાંથી પણ ચાલતો થયો અને પછી કેટલાક મહિના મનમાં ઉત્સાહ રાખીને પુલહાશ્રમમાં રહ્યો. ૧૮.

ત્યાં પણ પ્રગટ ભગવાનનાં દર્શન એકવાર પણ ન થયાં. મારા મનમાં પ્રગટ પ્રભુના દર્શનની ઘણી ઈચ્છા હતી. તેથી કાશી, પ્રયાગ અને કપિલાશ્રમમાં હું ઘણા દિવસ રહ્યો. ૧૯. પ્રગટ ભગવાનને મેળવાવે એવા કોઈ જોગી પણ મને ન મળ્યા. તેથી હું જગન્નાથપુરી આવ્યો. અહીંયાં પણ મને ભગવાનનાં સાક્ષાત્ દર્શન ન થયાં, તેથી મનમાં એકદમ અકળાયો છું. ૨૦. અહીંયાં ભગવાનને હૃદયમાં ધારીને જ્યારે મેં બહુ બહુ પ્રાર્થના કરી ત્યારે આજે મને આપનાં દર્શન થયાં છે અને તેનાથી મને હૃદયમાં શાંતિ થઈ છે. ૨૧. આપના મળવાથી મને તીર્થમાં આસ્થા આવી છે. આપ મને તીર્થના પ્રતાપથી જ મળ્યા છો. આપના જેવા સંત મળી ગયા તે તીર્થનું મૂર્તિમાન ફળ છે. ૨૨.

❋ સત્પુરુષથી જ રહસ્ય સમજાય :

चोपाई :

तीर्थ धातु आदिक मूर्ति ताकि, मुख से न बोले रीत हे याकी;
बोले विन अंतर शांति कबही, मुमुक्षु कु नहीं होवत सबही...२३
वेद पुराण कहावत जेते, तुम जेसे संत मिले बिन तेते;
रहस्य हे तिमि कबु न देख आवे, सिद्धांत के ग्रंथ अपार पढावे...२४

તીર્થમાં રહેલી ભગવાનની ધાતુ આદિ પ્રતિમા મુખથી બોલે નહિ તે તેમની રીત છે અને તે પ્રતિમાના બોલ્યા સિવાય મુમુક્ષુને અંતરમાં પૂરી શાંતિ થાતી નથી. ૨૩. આપના સમાન સંત મળ્યા સિવાય જે વેદ અને

પુરાણો કહેવાય છે તેને ભણે તથા અપાર સિદ્ધાંતના ગ્રંથો ભણે છતાં તેનું યથાર્થ રહસ્ય ક્યારેય સમજાતું નથી. ૨૪.

दोहा : सत्पुरुष के द्वार से, मोक्ष कि जितनी बात;
समझ में आत प्रगट हि, संशे न लेश रहात...२५
तीर्थ वेद पुराण में, प्रगट भगवान रहेउ;
सत्पुरुष के द्वार विना, कबु न देख आवे तेउ...२६

અને મોક્ષની જેટલી વાત છે તે પણ સત્પુરુષ દ્વારા જ સાક્ષાત્ સમજાય છે અને તેમાં લેશમાત્ર સંશય રહેતો નથી. ૨૫. તીર્થ, વેદ અને પુરાણોમાં ભગવાન પ્રગટ રહ્યાં છે પરંતુ સત્પુરુષ મળ્યા વિના તે ક્યારેય દેખાતા નથી. ૨૬. કોઈ મનુષ્ય જીંદગીભર બધાં જ તીર્થોની યાત્રા કરે અને વેદ તથા પુરાણોને વાંચતો-ભણતો રહે, પણ તેને ભગવાનનાં પ્રગટ દર્શન થતાં નથી. ૨૭. હે મુનિવર્ય ! આપ મને મળ્યા ત્યારે મને તે ખબર પડી છે કે પ્રગટ ભગવાનની જે રીત છે તે સત્પુરુષ મળ્યા સિવાય કોઈને નિશ્ચિતરૂપમાં સમજાતી નથી. ૨૮.

સ્વરૂપાનંદસ્વામીએ રાજાને મુમુક્ષુ જાણ્યા ત્યારે તેઓ ઘણા જ પ્રસન્ન થયા. અંતર્યામી ભગવાન શ્રીસહજાનંદસ્વામીએ આ એક જ રાજાને માટે ઘણા હેતથી મને અહીં આવવાની આજ્ઞા કરી છે. આવા મુમુક્ષુ રાજા મળ્યા એટલે મારો આ બધો ફેરો સફળ થયો છે અને મનમાં અત્યંત શાંતિ થઈ છે. ૨૯-૩૦. તે પ્રતાપસિંહ રાજા અને સ્વરૂપાનંદસ્વામીને જ્યારે મનમાં શાંતિ થઈ ત્યારે શ્રીજગન્નાથ ભગવાનનાં મંદિરમાં દર્શને ગયાં અને જે રીતે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા તે રીતની બધી વાત કરી. ૩૧. પછી ભગવાને પહેલા જેટલા અવતાર લીધા હતા તે બધી રીત પણ સમજાવી. જ્યારે તેમની વાત રાજાને ગમી અને સ્વામીના વચનમાં જ્યારે વિશ્વાસ આવ્યો ત્યારે, ૩૨. તે વાતો દ્વારા પ્રગટ ભગવાન સ્વામિનારાયણના આ અવતારનો અન્ય અવતારો કરતાં કરોડો પ્રકારે અધિક પ્રતાપ દેખાયો. પછી શ્રીહરિ સત્સંગમાં જે રીતે વિચરણ કરતા હતા તે રીતે ધ્યાનમાં પ્રગટ શ્રીહરિનાં દર્શન કરાવ્યા. ૩૩. ત્યારે તે રાજાને મનમાં ઘણી શાંતિ થઈ

અને પછી સ્વામીની સાથે ચાલ્યા. જ્યારે ગઢપુરમાં આવ્યા ત્યારે શ્રીહરિનાં પ્રગટ દર્શન કર્યાં. ૩૪.

❋ નિર્માનાનંદસ્વામીએ પૂનામાં સત્સંગ કરાવ્યો :

જે નિર્માનાનંદસ્વામી પૂના ગયા હતા તેમની વાત હવે કહું છું. પેશવા બાજીરાવના એક મુખ્ય દિવાન કહેવાતા હતા. ૩૫. તેમનું નામ બાપુગોખલે હતું. તેઓ સારા ભક્તિવાળા હતા. નિર્માનાનંદસ્વામી બાપુગોખલેના બાગમાં રહ્યા. ૩૬.

(**બાપુ ગોખલે કોણ હતા ?** તો, કોંકણ પ્રાંતમાં રાજાપુર મહાલમાં વિરદાવણ નજીક તળેખાંજણ નામનું એક ગામ હતું. તે ગામમાં પૂર્વે બલ્લાવપંત ગોખલે નામના એક બ્રાહ્મણ રહેતા હતા. તેમનો ધંધો વડીલોપાર્જિત જમીનની ખેડ કરવાનો હતો. તેમને બે પુત્રો હતા. (૧) મોટા ધોંડોપંત (૨) નાના ગણેશપંત. તેમાં ગણેશ પંતને બે પુત્રો હતા. (૧) મોટા આપાપંત (૨) નાના બાપુપંત ગોખલે.

તેમાં ગણેશપંતના મોટાભાઈ ધોંડોપંત નાના ફડનવીસના પિતરાઈ ભાઈ ગંગાધરપંત જે કોંકણમાં વિજયદુર્ગમાં સૂબા હતા, તેમના હાથ નીચે કામ કરતા હતા. વિજયદુર્ગમાં ગંગાધરપંતના શાસનમાં વર્ષોવર્ષ બંડ(બળવો) થતાં. લૂંટફાટ, મારામારીથી પ્રજા ત્રાસી ગઈ હતી. ધોંડોપંતે આ બંડ શમાવી દીધું તેથી તે પેશ્વાના માનીતા બન્યા, નાના ફડનવીસની પ્રીતિના પણ પાત્ર બન્યા. ત્યારબાદ તેમણે પૂનામાં પોતાનો વસવાટ ફેરવી નાખ્યો. પછી ધોંડાપંતના ભાઈના પુત્ર આપા તથા બાપુભાઈ ગોખલેને તેમની હોશિયારી, બહાદુરી અને વાક્ચાતુરીથી સરદારનો હોદ્દો પેશ્વાએ આપ્યો. પાલખી, નગારાં, નિશાન પણ સન્માનમાં આપ્યાં.

કર્ણાટકના કિતૂરકર દેસાઈએ બળવો કર્યો, તેને બાપુ ગોખલેએ શૂરવીરતાથી દબાવી દીધો, તેથી પેશ્વાએ તેમને કર્ણાટકમાં રહેવાનો આજ્ઞાપત્ર આપ્યો. છતાં તેમનું મુખ્ય મથક તો પૂના જ રહ્યું. પછી તો બાપુ ગોખલેની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઇ કે લોર્ડ વેલેસ્લીએ ટીપુ સુલતાનને શિકસ્ત આપવા પેશ્વા સરકારને વિનંતી કરીને બાપુ ગોખલેની મદદ લીધી હતી.

(બાપુ ગોખલે વાંચે ચરિત્ર, લેખક : શંકર તુકારામ શાલિગ્રામ, એપ્રિલ ઈ.સ. ૧૮૮૨-આવૃત્તિ બીજી)

શ્રીહરિ વનવિચરણ કરતા સં. ૧૮૫૫ ના અષાઢ માસમાં પંઢરપુર થઈ પુના પધાર્યા હતા અને આ બાપુભાઈ ગોખલેની મુમુક્ષુતા અને ભક્તિ જોઈને એક માસ તેમના બગીચામાં રોકાયા હતા. આ વાત હ.ચ.સા. ૨/૪૯-૫૦ માં વિસ્તારથી લખેલી છે. તે સમયે બાપુ ગોખલેના આગ્રહથી નીલકંઠવર્ણી બે-ત્રણ વખત તેમને ઘેર પણ ગયા હતા. અને તેમની ફૂલવાડીમાં તેમની પાસે આવતા અનેક મુમુક્ષુઓને નીલકંઠવર્ણીએ ભક્તિમાર્ગે વાળ્યા હતા.

તે સમયે બાપુભાઈ ગોખલેનો બાગ હતો એ જગ્યાએ અત્યારે તો મકાનો બંધાઈ ગયાં છે. પણ અસલ બાપુ ગોખલેનો બાગ અહીં હતો તેવું ત્યાં રહેનારાઓ કહે છે. બાપુ ગોખલેએ બંધાવેલ રામજી મંદિર પણ ત્યાં હાલ મોજૂદ છે. આ જગ્યાને અત્યારે 'બારા હનુમાન'ની જગ્યા કહે છે. અહીં રામજી મંદિરની બાજુમાં જ ગોળાકારમાં હનુમાનજીની બાર મૂર્તિઓ પધરાવેલી છે તેથી તે'બારા હનુમાન'ની જગ્યા કહેવાય છે. આ બાપુભાઈ ગોખલેની બગીચાની જગ્યામાં ત્યાંના માળીની રજા લઈને નિર્માનાનંદસ્વામી ઉતર્યા.)

બાપુગોખલે રોજ બાગમાં આવતા હતા. એક દિવસ તેમણે નિર્માનાનંદસ્વામીનાં દર્શન કર્યાં. ૩૭. સ્વામીનાં દર્શન કરતાની સાથે ભગવાનની ઈચ્છાથી તેમને સ્વામીના ઉપર ઘણું હેત થયું અને બંગલો ઉતરવા માટે આપ્યો. ૩૮. બાગમાં જ વિઠોબા ભગવાનનું મંદિર હતું. તેના જે પૂજારી બ્રાહ્મણ હતા તે કાયમ ભગવાનને માટે થાળ કરતા હતા અને દેવને થાળ ધરાવીને સ્વામી જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ રોજ જમાડતા હતા. સ્વામી એક વખત જમતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સ્વરૂપાનંદસ્વામી અને નિર્માનાનંદસ્વામીનો સત્સંગ પ્રચાર' એ નામે ચોત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર પંદરમું : તરંગ - ૩૫

બાપુ ગોખલેની વિચક્ષણતાની વાત

બાપુ ગોખલેએ નિર્માનાનંદસ્વામીનાં કઠિન વ્રતમાન જોયાં અને પછી તેમની અલૌકિક વાત સાંભળીને તેમને ઓળખી લીધા કે, આ સાચા સંત છે. ૧. દીવાન બાપુપંત ગોખલે મરાઠી બ્રાહ્મણ હતા. તે સત્સંગી થયા અને તેણે સત્સંગના બધાં વ્રતમાન અને નિયમો ધારી લીધાં. ૨. દક્ષિણ પ્રદેશમાં તુકારામ નામે ભગવાનના ભક્ત થયા હતા. જોકે તેઓ બ્રાહ્મણ ન હતા, છતાં તેમને બ્રાહ્મણો માનતા હતા. ૩. આપણા સત્સંગમાં પણ તેના કેટલાક અભંગો જોવા-સાંભળવા મળે છે. ગોખલેએ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કર્યો હતો. ૪. દક્ષિણમાં વિઠોબા અને રૂકમાઈ(રુકિમણી)નું ભજન લોકો રાત-દિવસ કરે છે અને ત્યાંના ગામેગામ વિઠોબા અને રૂકમાઈનું મંદિર મુખ્યપણે હોય છે. ઘેર ઘેર ગણપતિને પધરાવાય છે અને બ્રાહ્મણ સિવાયના વર્ણના બધાં લોકો શિવ અને શક્તિના ઉપાસકો હતા. ૫-૬. તે બધાં જાહેરમાં નિર્દય થઈને માંસ ખાતાં હતાં અને કેટલાક દારૂ પીતાં હતાં અને વ્યભિચાર ન કરવો એવો નિયમ કોઈને ન હતો. ૭.

જે પ્રદેશમાં બધાં વર્ણના લોકો માંસ, મદિરા, ચોરી અને વ્યભિચાર કરતાં હોય એવા પ્રદેશમાં સત્સંગનો પાશ લેશમાત્ર પણ લાગતો નથી. ૮. જેને પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો ખપ ઉદય થાય છે, તેવાં જેટલાં લોકો સત્સંગ કરતાં હતાં તેઓ દારૂ, માંસ, વ્યભિચારાદિ ત્યાગને મુખ્યપણે કરીને રાખતાં. ૯. બ્રાહ્મણથી લઈને ચંડાળ પર્યંતના જે લોકોને ખપ ઉદય થાય છે તે સત્સંગના માર્ગે ચાલે છે અને તેનાથી તે પાપથી છૂટી જાય છે. ૧૦.

✻ સત્સંગનો પ્રતાપ :

યવન અને વેશ્યા જેવા જેટલા લોકો હોય તે બધા નખથી શિખા પર્યંત પાપના સાગરમાં રાત-દિવસ ડૂબ્યા રહે છે. ૧૧. એવા માણસો પણ સત્સંગના માર્ગ ઉપર જ્યારે તત્પર થઈને ચાલે છે ત્યારે બ્રાહ્મણ અને દેવ કરતાં પણ શુદ્ધ થઈ જાય છે. પછી તે દેવતાઓને માટે પણ પૂજ્ય બને છે. ૧૨.

दोहा : मनुष्य जाति तिनसे जोउ, पशु पंखी तरु जाति;
धातु पथ्थर कि जाति जोउ, सबसे नीच कहाति...१३
सत्संग के जोग करहि, देव हि पूजत ताय;
सबसे प्रताप अधिक हि अति, सत्संग के रहाय...१४

પશુ, પંખી, વૃક્ષ તથા ધાતુ-પથ્થરની જાતી એ બધા મનુષ્ય જાતિ કરતાં ઊતરતા કહેવાય છે, છતાં પશુઓમાં હનુમાનજી, પંખીમાં ગરુડજી, વૃક્ષમાં પીપળો અને તુલસી અને ધાતુ-પથ્થરની મૂર્તિ, એ બધા સત્સંગના જોગે કરીને દેવતાઓ માટે પણ પૂજનીય થયા છે. માટે સત્સંગનો પ્રતાપ સૌથી અત્યંત અધિક રહ્યો છે. ૧૩-૧૪. દેહની રીત જુદી છે અને વર્તનની રીત જુદી છે અને જ્ઞાનની રીત પણ જુદી જુદી છે. જોર કરવા છતાં પણ તે એકરૂપ મળતી નથી. ૧૫. ધૂળધોયાને ધૂળ ધોઈને જ્યારે ધાતુ મળે છે ત્યારે તેઓ તેને પોતાની ઇચ્છા પ્રમાણે ધૂળથી અલગ કરે છે. ૧૬. વર્ણાશ્રમના જેવી કેટલીક વાતો અલગ હોય ત્યારે તેમાં વધારે શોભા આવે છે અને દેહ તથા જીવના જેવી કેટલીક વાતો બંને ભેળા હોય ત્યારે અતિશય શોભે છે. ૧૭. કેટલીક વાતોમાં દેહ, જીવ અને સદ્‌બુદ્ધિની જેમ ત્રણ બાબત ભેળી હોય ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે અને કેટલીક બાબતોમાં તો દહીં તથા ઘીની જેમ અલગ કર્યા સિવાય કાર્યની સિદ્ધિ ક્યારેય થાતી નથી. ૧૮.

શેરડી, તલ અને ઔષધની જેમ કેટલીક વસ્તુને પીલ્યા સિવાય અતિ બુદ્ધિમાન હોય તોપણ કાર્યની સિદ્ધિ ક્યારેય કરી શકતો નથી. રીત સિવાયના બીજા માર્ગમાં કોઈ મન પરોવતું નથી. ૧૯. જે જે બાબત હોય તે બધાને સિદ્ધ કરવાના માર્ગ અનાદિકાળથી રહ્યા જ છે. બાબત કાંઈ અલગ જ હોય અને તેનો ઉપાય કાંઈ અલગ જ કરીએ તો થોડી પણ કાર્યની સિદ્ધિ ક્યારેય થતી નથી. ૨૦. દીવાનની એટલી રૂડી બુદ્ધિ હતી કે ત્યારે તેણે તરત જ સત્સંગ સ્વીકારી લીધો અર્થાત્ બ્રાહ્મણ હોવા છતાં તેનું માન નહિ રાખીને સત્સંગ સ્વીકારી લીધો. કેમ જે, વર્ણાશ્રમનો જે મારગ છે એ બધો લૌકિક વ્યવહારમાં છે, સત્સંગ તો અલૌકિક છે. ૨૧. લૌકિક વ્યવહાર તો સમાજમાં અપકીર્તિ ન કરાવે એટલું જ ફળ ધરાવે છે. માટે તે રીતે કરીને-સમજીને

વિચક્ષણ દીવાને અલૌકિક મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ સત્સંગ કરીને કરી લીધી. ૨૨. ચાર વર્ણમાં વાળંદ ઊતરતી જાતીનો કહેવાય છે, છતાં બ્રાહ્મણ અને રાજાના મસ્તકનું મુંડન કરવા ત્રીજે-ચોથે દિવસે વારંવાર આવે છે. ૨૩. મોટા મુનિઓ અને જે પરમેશ્વર કહેવાય છે એનું પણ મુંડન કરવા આવે છે, તે સહુનું મુંડન કરે ત્યારે તેમના મસ્તક ઉપર પણ હાથ મૂકે છે. કેમ જે, મસ્તક ઉપર હાથ મૂક્યા સિવાય મુંડન થાય નહિ. ૨૪.

જે કોઈ પણ કામ કરવાનું હોય તે જેનાથી સાધી શકાતું હોય તે તેનાથી સિદ્ધ કરીને મનુષ્ય ખુશી થાય છે. ૨૫. વ્યવહાર માર્ગમાં ચંડાળ સુધીના માણસનું પણ કામ પડે છે. એટલે જેનાથી જે કામ થતું હોય તે કરવું પડે એવું દેખાય છે. ૨૬. તેવી જ રીતે મોક્ષની બાબતમાં છે. માટે જેનાથી મોક્ષ મળે તેની પાસેથી ગ્રહણ કરી લે તે સૌથી ડાહ્યો માણસ કહેવાય છે. ૨૭. શ્રીકૃષ્ણ ભગવાન ક્ષત્રિય કુળમાં પ્રગટ્યા, છતાં કેટલાક વર્ષ પર્યંત ગોવાળને ઘેર રહ્યા અને ગોવાળને ત્યાં ખાન-પાન વગેરે કરતા; એ વાત પ્રસિદ્ધ છે. ૨૮. ભગવાને મત્સ્ય અને કચ્છ અવતાર જ્યારે ધારણ કર્યો ત્યારે તે શરીરને અનુરૂપ જ ખાન-પાન કર્યાં હતાં, તે અનુભવથી પ્રત્યક્ષ જાણી શકાય છે. એમાં એક રતીભાર પણ ફેર નથી. ૨૯. વરાહ અને નૃસિંહ અવતાર જ્યારે ધારણ કર્યો ત્યારે તેઓ તેમની રીતે આહાર કરતા. વામન અને પરશુરામ એ બે અવતાર વિપ્રના રૂપમાં ધાર્યા હતા. તેઓ પણ તેને અનુરૂપ વર્ત્યા હતા. ૩૦.

ભગવાન રામચંદ્રજી સૂર્યવંશી ક્ષત્રિય જાતિમાં પ્રગટ્યા હતા. તેઓ બાર વર્ષ સુધી વનમાં રહ્યાં અને લક્ષ્મણજી અને સીતાજી તેમની સાથે હતા. જે વખતે જેવાં જંગલી ફળ મળ્યાં, તેનો તેઓ આહાર કરતાં હતાં. આ બધું વિચારતા સામાન્ય મનુષ્યે જેમ ભગવાન કરે તેમ ભૂલમાં પણ ક્યારેય કરવું નહિ. ૩૧-૩૨. વ્યાસ આદિક કવિઓએ પોત પોતાના ગ્રંથમાં મનુષ્યનું કલ્યાણ કરવા માટે ઉપાય લખ્યા છે, પણ મનુષ્યની બુદ્ધિ અલ્પ છે. ૩૩. તેથી પોતાની મનગમતી રુચિમાં જેટલી વાત આવે તેને તરત જ ગ્રહણ કરી લે છે. પણ ભવિષ્યમાં કેવું દુઃખ આવશે ? એવું ક્યારેય વિચારીને જોતાં નથી. ૩૪.

चोपाई :

भगवान सम समर्थ न कोई, धारे तेसे पलक में होई;
जड ताकु चैतन कर देऊ, चैतन कु जड करत दिये तेऊ...३५
अनंत कोटि ब्रह्मांड जेता, स्थावर जंगम तामें तेता;
नित प्रलय करत रहे वाके, नित उत्पत्ति करत रहे ताके...३६

ભગવાનના સમાન કોઈ સમર્થ નથી. તેઓ જે ધારે તે એક પળવારમાં કરે છે. જડને ચેતન કરી દે છે અને ચેતનને જડ પણ કરી દે છે. ૩૫. જે અનંતકોટિ બ્રહ્માંડો છે તે બધામાં સ્થાવર અને જંગમ સૃષ્ટિ રહી છે. ભગવાન તેમાં નિત્ય પ્રલય કરતાં રહે છે અને નિત્ય ઉત્પતિ પણ કરતાં રહે છે. ૩૬. ભગવાનનાં એવા નિત્ય નવા ચરિત્રો હોય છે કે ભવ, બ્રહ્મા અને અક્ષર જેવા પણ તેનો પાર લઈ શકતા નથી. ભગવાનનો એવો અપાર મહિમા રહ્યો છે. ૩૭. ભગવાનના આવા મહિમાને નહિ જાણનારા લોકો ભગવાન કરે તેમ કરે છે, પણ કહે તેમ કરતા નથી. ૩૮. જે લોકો ભગવાન કહે તેમ નથી કરતા તે અતિ બુદ્ધિશાળી હોય તોપણ તે ભગવાનના ચોર કહેવાય છે. ૩૯. ભગવાન જેટલા લૌકિક ચરિત્ર કરે છે, તેને અલૌકિક સમજીને સંભારવા તથા તેનું ધ્યાન કરવું. ૪૦. પણ તે ચરિત્ર પ્રમાણે આચરણ કરવું નહિ. તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું. આજ્ઞામાં યોગ્ય, અયોગ્ય ભાવનાનો બધો ત્યાગ કરવો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'બાપુ ગોખલેની વિચક્ષણતાની વાત કહી' એ નામે પાત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર પંદરમું : તરંગ - ૩૬

બાપુ ગોખલેનો શ્રીહરિ ઉપર પત્ર

નિર્માનાનંદસ્વામી છ માસ સુધી પૂનામાં બાપુ ગોખલે દીવાનની આગળ સત્સંગની વાત કરતાં હતાં. ૧. બીજા અપાર લોકો તે સત્સંગની વાતને સાંભળતાં હતાં, પણ તેમના હૃદયમાં મોક્ષનું બીજ ન હતું અને મોક્ષનું બીજ નહિ હોવાથી તે કોઈને સત્સંગ થયો નહિ. ૨. ધર્મના નિયમોને પાળ્યા

સિવાય લોકો ઘેર ઘેર ભક્તિ કરતાં દેખાતાં, પણ તેઓ બધા વિષયમાં ડૂબેલા હતા. એટલે જેમ હાથી સ્નાન કરી પોતા ઉપર પાછી ધૂડ નાખે તેમ તેમની ભક્તિ નિરર્થક હતી. ૩. બધા લોકો રાત દિવસ વિષયોને માટે ઉદ્યમ-ધંધો કરે છે અને દેશ પરદેશમાં પણ કમાણી માટે જાય છે. ૪. પણ વિષયોનો ત્યાગ કરવા માટે કોઈ મનુષ્ય ઉદ્યમ કરતો નથી. પોતાના આત્મા કરતાં પણ મનુષ્યને વિષય વધારે ગમે છે અને તેથી જ તે બધા લોકો વિષયમાં બંધાયેલા રહે છે. ૫.

પાતાળથી લઈને પ્રકૃતિના લોક સુધી બધાં લોકો વિષયમાં રસબસ થઈ ગયાં છે. ભગવાનનાં સુખની આગળ તો તે પંચવિષયના સુખ તુચ્છથી પણ અત્યંત તુચ્છ છે, પણ ભગવાનની માયાને લીધે તે વિષય દુર્લભથી પણ અત્યંત દુર્લભ લાગે છે. તેથી જ તેનો પાશ જીવમાં ગરી ગયો છે. ૬-૭. મનુષ્ય માયિક પંચવિષયના સુખને માટે સહજ રીતે કરોડો વાર માથું કપાવે છે, પણ કોઈ મનુષ્ય ભગવાનને માટે એકવાર પણ માથું કપાવતો નથી. ૮. જીવને દેહ અને દૈહિક પદાર્થમાં જેવું મમત્વ હોય છે તેવું મમત્વ ભગવાનમાં દેખાતું નથી, તે વર્તન ઉપરથી દેખાય છે. કારણ કે વર્તન એક પ્રકારનું નેત્ર કહેવાય છે. ૯. આવી વાતનો દીવાનને અનુભવ થયો. કારણ કે સત્સંગ થયા પછી ભક્તના અંતરમાં અનુભવ પ્રગટ થાય છે. ૧૦.

❋ સાચી સમજણનું ફળ :

चोपाई :

संसार अरु विषय पर दोरा, जन कु दिन दिन रहे बहोरा;
सत्संग जन कु होत जबहू, सत्संग कर समझ आत तबहू...११
संसार विषय पर दोर हे जेही, भगवान पर दोर करत तेही;
संसार विषय के बंधन जेता, सुलट समझ कर छूटत तेता...१२

મનુષ્ય સંસાર અને માયિક પંચવિષય માટે દિનપ્રતિદિન ઘણી જ દોડા દોડ કરતો રહે છે. જ્યારે તેને સત્સંગ થાય છે ત્યારે સત્સંગથી તેને ઘણી સમજણ આવે છે. ૧૧. સત્સંગની સમજણ આવ્યા પછી મનુષ્ય સંસારના વિષય ઉપર જેવો દોડતો હોય તેવો જ ભગવાનના માર્ગ ઉપર દોડવા લાગે છે.

પછી તે સવળી સમજણને કારણે તેના સંસાર અને વિષયોનાં બંધનો છૂટી જાય છે. ૧૨. તે દીવાન બાપુભાઈ ગોખલેને જ્યારે સવળી સમજણ પ્રાપ્ત થઈ ત્યારે નિર્માનાનંદમુનિ તરત વિચારીને પુનાથી ચાલતા થયા અને ગઢપુર આવ્યા. ૧૩. જ્યારે સ્વામી ગઢપુર આવ્યા ત્યારે શ્રીહરિએ અતિ પ્રસન્ન થઈને દર્શન આપ્યા અને હસતે મુખે બોલાવ્યા. પછી ત્યાંના બધાં સમાચાર પૂછ્યા. ૧૪. દીવાને સુશોભિત સોનેરી અક્ષરોમાં જે પત્ર લખી આપ્યો હતો તે નિર્માનાનંદસ્વામીએ શ્રીહરિના હાથમાં આપ્યો. તેને શ્રીહરિએ તે વખતે વાંચ્યો. ૧૫. તેમાં લખ્યું હતું કે, ‘હે હરિ ! આપે ઘણી કૃપા કરીને નિર્માનાનંદસ્વામીને અહીં મોકલ્યા હતા. તેમણે ઘણા હેતથી અમને મોક્ષની રીત સમજાવી છે. વર્ણાશ્રમરૂપી ઘણી ઘાટી ઝાડી છે. તેમાં અમે બધાં દક્ષિણના વિપ્રો વધારે બંધાઈ રહ્યા છીએ. ૧૬-૧૭. **શાસ્ત્રની રીતે જીવને જે બંધન થાય છે તે શાસ્ત્ર વિના છૂટતું નથી. જે જે શાસ્ત્ર કહેવાય છે તેના રચયિતા તો આપના મુનિઓના જેવા જ મુનિઓ હતા. ૧૮.**

આપના આ સંત તો મૂર્તિમાન શાસ્ત્ર છે; એવું અમને દેખાયું છે..! અમારા મનની જે જે વાત હતી તેને આ સંત વગર પૂછ્યે કહેતા હતા. ૧૯. આપના નિર્માનાનંદસ્વામીએ ઘણા પ્રેમથી અમને વર્ણાશ્રમની શુદ્ધ રીતિ બતાવી છે. વર્ણ અને આશ્રમના જેટલાં બંધન હતાં તે બધાને એમણે છોડાવી દીધાં છે. ૨૦. અમારા દક્ષિણ દેશના જે વિપ્રો છે તે ક્યારેય બંધનથી છૂટે તેમ નથી અને બંધન છૂટ્યા સિવાય મોક્ષ થતો નથી. અમારામાં તો મોક્ષની રીતિને કોઈ જાણતા નથી. ૨૧. મનમાન્યા સાંસારિક વિષયસુખ મળે તેને અમે મોક્ષ માનીએ છીએ. અમારા લોકો કહે છે કે, પરલોક કોણ જોઈ આવ્યો છે ? એવી નાસ્તિક બુદ્ધિવાળા છે. ૨૨. સહુ શાસ્ત્રોને વાંચે છે અને સાંભળે છે તોપણ કોઈને પંચવિષયની અરુચિ થતી નથી. સહુને દિનપ્રતિદિન પંચવિષય ઉપર તાન રહે છે. વિષય સુખ જે ભોગવીએ છીએ તેને ભગવાન તો દેખે જ છે. ૨૩. જીવને જન્મ-મરણ, જમપુરી અને વારંવાર લખચોરાશીમાં ફરવું, તેમાં જેટલું દુઃખ રહ્યું છે તે બધું શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે લખેલું છે. ૨૪. દેવ દુર્લભ મનુષ્યજન્મને પામીને જે લોકો ધર્મમાં વર્તતા

નથી અને ભગવાનનું ભજન કરતાં નથી તેણે તો મનુષ્યશરીર નિરર્થક ખોયું છે. ૨૫.

જે ભગવાનનું ભજન નથી કરતાં એવા મોટા મોટા ચક્રવર્તી રાજાઓને, તથા ઈન્દ્ર અને બ્રહ્મા સુધીના દેવતાઓને પણ શાસ્ત્ર અને સંતો અત્યંત ધિક્કારે છે. ૨૬. ધર્મનો ત્યાગ કરીને જે ભજન કરે છે તેના ઉપર ભગવાન ખુશી થતા નથી અને તેને વચનદ્રોહી કહેવાય છે, પછી અંતે તે ઘણા દુઃખી થાય છે. ૨૭. જે કોઈ મનુષ્ય રાજાનો નોકર હોય કે પછી રાજાની પ્રજા હોય, પણ તે જો રાજાના આજ્ઞા-વચનને નથી માનતા તો તે દુઃખી થાય છે. ૨૮. વળી, જે રાજાની રાણી હોય કે રાજાના પુત્ર હોય, પણ જો તે રાજાના આજ્ઞા-વચનનો ત્યાગ કરીને ચાલે તો તેનાં ઉપર બુદ્ધિમાન રાજા ક્યારેય પ્રસન્ન થતા નથી; એવું અમે સાંભળ્યું છે. જેટલો જેમાં દોષ દેખાય તે રીતે રાજા તેને કેદ કરી બંધીખાનામાં નાખે છે. ૨૯-૩૦. દોષિતને કેદખાનારૂપી દંડ કર્યા વિના રાજાનું રાજ્ય ક્યારેય રહે નહિ. નીતિ ભગવાનની રાણી કહેવાય છે અને અનીતિ અધર્મની રાણી છે. ૩૧.

નીતિના ઘરમાં જેટલું સુખ રહે છે તે બધું જે મનુષ્ય નીતિના વચનમાં ચાલે છે તેમને નીતિ જ પ્રસન્ન થઈને આપે છે. તે બાબત સહુને દેખાય છે. ૩૨. અને જે મનુષ્ય અનીતિમાં ચાલે છે તેને અનીતિના ઘરમાં જે અનેક દુઃખ દેનારું તુચ્છ સુખ હોય છે, તે અનીતિ પ્રસન્ન થઈને તેને ઘણું આપે છે. તે સહુને પ્રગટ દેખાય છે. ૩૩. આવા અનીતિમાં ચાલનારા મનુષ્યને વશ કરવા તથા દંડ કરવા માટે સુજ્ઞ રાજાઓએ અનેક પ્રકારનાં ઉપાયો રચ્યાં છે. જેમ કે, કિલ્લો, ખાઈ, તોપ, કરોડોનું લશ્કર અને કેટલીક પ્રકારનાં શસ્ત્રો અને કેટલીક બાબતની દેખાતી પરેજીઓ-કેદખાનું, છતાં જે મનુષ્ય બીજા મનુષ્યને મારી નાખે છે તો તેને દંડ દેવા માટે ફાંસી દેતા કાંઈ વિલંબ કરતા નથી. ૩૪-૩૫. મનુષ્યને નીતિમાં વર્તાવવાને માટે ધર્મશાસ્ત્રમાં અપાર નિયમો લખ્યા છે, છતાં ગમાર મનુષ્ય નિયમોને લોપીને ચાલે છે. જે નિયમોને લોપીને ચાલે છે તે તો પોતે જ પોતાના નાક-કાન કપાવે છે. ૩૬.

સમાજને નીતિમાર્ગમાં ચલાવવાને માટે તો ગુરુઓ અને રાજાઓ કર્યા છે, પણ જે ગુરુ અને રાજા થઈને અનીતિ ચલાવે છે તેને ગુરુ અને રાજા કહેવાય નહિ. ૩૭. બાપુભાઈ ગોખલે લખે છે કે, સ્વામીનો સત્સંગ કર્યા પછી અમને આટલી વાત જોવામાં આવી છે. અમે હવે તરત આપનાં દર્શનની ઈચ્છા રાખીએ છીએ. ૩૮. અમારા આ ક્ષણભંગુર શરીરનો એક પળવારનો પણ નિરધાર નથી. અમે સંસારરૂપી સાગરમાં ડૂબી રહ્યા છીએ. પરંતુ આપે અત્યારે અમારો ઉદ્ધાર કર્યો છે. ૩૯. દેશી રાજાઓના જેટલા રાજ્ય છે તે બધા અનીતિમાં ડૂબ્યા છે, તેથી આજકાલમાં જ કોઈ મોટું અનિષ્ટ થવા બેઠું છે. તેમાં કાંઈ વિલંબ જણાતો નથી. ૪૦. અમને સત્સંગ મળ્યો છે એટલે તે સત્સંગના પ્રતાપથી અમારો રંગ રહે તે રીતે અમને આપ પોતાની પાસે હવે રાખજો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'બાપુ ગોખલેનો શ્રીહરિ ઉપર પત્ર' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર પંદરમું : તરંગ - ૩૭

શ્રીહરિએ જાળિયામાં મંદવાડ ગ્રહણ કર્યો

શ્રીહરિએ બાપુ ગોખલેનો પત્ર વાંચ્યો અને પછી બોલ્યા કે, પેશ્વાના દીવાનમાં અપાર બુદ્ધિ રહી છે. ૧. શ્રીહરિ કહે છે કે, જે મરાઠા બ્રાહ્મણો છે, તેમને સત્સંગ ક્યારેય ન થાય. કેમ જે, સત્સંગની રીત બીજી છે અને તે બ્રાહ્મણોની રીત બીજી છે. ૨. જેટલા મરાઠા બ્રાહ્મણ છે તે કોઈ શક્તિના ઉપાસક નથી. અને તે બહુધા માંસ, દારૂ ખાતાં પીતાં નથી, પણ પ્રાયઃ એક બે બટકી(રખાત) રાખતા હોય છે. ૩. તેઓ ક્યારેય પ્રસિદ્ધ રીતે ચોરી કરતા નહિ અને ભગવાનથી ડરતા નહિ. પરંતુ બુદ્ધિની કરામતથી બધા જ ચોરી કરતા અને અપાર દુઃખને પામતાં હતાં. ૪.

હવે જે સંતો બુરાનપુર ગયા હતા તેની વાત કહું છું. તેમાં પૂર્ણાનંદસ્વામી નામે સંત મુખ્ય હતા, તેમણે બુરાનપુરમાં કેટલાક લોકોમાં સત્સંગ કરાવ્યો

હતો. ૫. શ્રીહરિના વચનથી તેઓ લોકોને ધ્યાનમાં બેસાડતા અને જેમને ભગવાનનાં ગોલોક તથા અક્ષરધામ દેખાડતાં હતાં, તેઓ હરિભક્ત થયા હતા. ૬. અને તેઓ દિવ્યધામને દેખીને ઘણા બધા સુદૃઢ સત્સંગી થયા. અને મતપંથમાં જે બંધાઈ રહેલા હતા તેણે મિથ્યા ગુરુઓનો ત્યાગ કરી દીધો. ૭. પ્રેમાનંદસ્વામી અને બીજા નિર્વિકારાનંદસ્વામી, તે બંને અગાઉ બુરાનપુર ગયા હતા. તે અલગ અલગ રહેતા હતા. નિર્વિકારાનંદસ્વામી પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતા. ૮. તેઓ સહજ સ્વભાવે તમોગુણી અને મનમુખી હતા. જ્યારે તેમને ક્રોધનો વેગ આવે ત્યારે ધીરજથી સહન કરી શકતા નહિ. ૯. ક્રોધવશ થઈને તેઓ ન બોલવાનાં વચનો બોલી નાખતાં અને જ્યારે ક્રોધ ઊતરી જાય ત્યારે રંક થઈ જતા હતા. તેમનાથી બધા જ લોકો ડરતા રહેતા. ૧૦. નિર્વિકારાનંદસ્વામી કાશીમાં ભણીને પુરાણી થયા હતા. તેમને શ્લોક બોલવાની છટા સારી હતી. શહેરમાં જેટલા પંડિત અને પુરાણીઓ હતા તે બધા તેમની આગળ મસ્તક નમાવતાં હતાં. ૧૧.

જેટલા બ્રહ્મચારી અને સંન્યાસીઓ તે નગરમાં હતા તે બધા તેમનાથી ડરીને થરથર કંપતા હતા. પરોક્ષ સંપ્રદાયની સાથે રહીને પણ સત્સંગની વાતો કરવામાં તે કોઈથી દબાતા નહિ. ૧૨. તેઓ કેટલાક નર-નારીઓને ખાનગીમાં સત્સંગનાં નિયમ પણ ધરાવતાં હતાં અને સત્સંગના ઉપર તેમને હેત હતું. ૧૩. પ્રેમાનંદસ્વામી નિર્વિકારાનંદસ્વામીનો ક્યારેય વિશ્વાસ કરતા નહિ, પણ બંને સંતો પરસ્પર હેત રાખતાં હતાં. ૧૪. બંને સત્સંગ સમુદાયથી બહાર રહીને સ્ત્રીઓ સાથે બોલતા હતા. કેટલાકને તો તેઓ સત્સંગ જ સારરૂપ છે એમ બતાવતા હતા. ૧૫. જ્યારે પૂર્ણાનંદસ્વામી વગેરે સંતો બુરાનપુરમાં આવ્યા ત્યારે પ્રેમાનંદસ્વામી ત્યાંથી ચાલતા થયા અને ગઢપુર આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિએ હૃદયમાં અતિ દયા લાવીને પોતાની સમીપે રાખ્યા. ૧૬-૧૭.

❋ પ્રેમાનંદસ્વામીનાં ગુણો ને પ્રસન્નતા :

પ્રેમાનંદસ્વામી બુરાનપુર ગાન શીખીને આવ્યા. સુખાનંદમુનિએ તેમને સિતાર શીખવાડ્યો. સુખાનંદસ્વામી ઉજ્જૈનના નાગર બ્રાહ્મણ હતા. ૧૮.

તેમણે ઉજ્જૈન જઈને શુદ્ધ અંગવાળો સત્સંગ કરાવ્યો હતો. સવાર સાંજ પ્રેમાનંદસ્વામીને અને તેમને શ્રીહરિ ગાન કરવા બોલાવતા હતા. તેમનો હૃદયનો ભાવ અને અંતરની વાતને શ્રીહરિ જાણતા હતા. પ્રેમાનંદસ્વામી જે રાગ શીખીને આવ્યા હતા તે બધા શ્રીહરિ આગળ નિત્ય ગાતા હતા. ૧૯-૨૦.

श्रीहरि कु रिझावने हीता, गान सिखेते करीके प्रीता;
श्रीहरि कु रिझायेउ बहु वेरी, कहत बात मुख से न बनेरी...२१
बहु वेर हरि रिझी के ताही, जेंवकर थाल दियेउ वाही;
रिझीके वसन श्रीहरि केरा, विविध देत भये वेर वेरा...२२

પ્રેમાનંદસ્વામીએ શ્રીહરિને રાજી કરવા માટે પ્રેમથી સંગીત શીખ્યું હતું. તેમણે સંગીતથી શ્રીહરિને ઘણીવાર રાજી કર્યા હતા. તે વાત મુખથી કહી શકાતી નથી. ૨૧. શ્રીહરિ પ્રેમાનંદસ્વામી ઉપર ઘણીવાર રાજી થયા છે, જમીને તેમને થાળની પ્રસાદી આપી છે અને પ્રસન્ન થઈને વારંવાર પ્રસાદીનાં વિવિધ પ્રકારનાં વસ્ત્ર પણ આપ્યાં છે. ૨૨. **બીજી પણ જાત જાતની પ્રસાદી પ્રેમાનંદસ્વામીને જે આપી હતી તે કહી શકાતી નથી. શ્રીહરિની પ્રસન્નતા સમજીને સ્વામી પ્રેમથી કીર્તનગાન કરતા હતા. ૨૩. પોતે જેટલા કીર્તન રચતા તેને શ્રીહરિની આગળ તે સમયે ગાતા હતા. તેમના એકે એક કીર્તન ઉપર શ્રીહરિ તેટલી વખત રાજી થયા હતા. ૨૪.** અષાઢ સુદ પડવે સં.૧૮૭૦ ની સાલ બેઠી. પછી જ્યારે ભાદરવો માસ બેઠો ત્યારે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા અને સોરઠના હરિભક્તોને ગામેગામ દર્શન આપ્યા. ૨૫.

પછી શ્રાદ્ધપક્ષમાં **જાળિયા** ગામમાં આવીને શ્રીહરિએ તાવ સ્વીકાર્યો. ત્યાંના હરિભક્તો હિરાભાઈ ઠક્કર વગેરે કુશળ હતા. ૨૬. ત્યાંના હિરા ઠક્કરે પોતાના ઘરની પાસે જ સંતોને માટે મંદિર બનાવ્યું હતું. તેમાં શ્રીહરિ ઊતર્યા. ૨૭. જે શ્રીહરિ પાસે સેવક રહેતા હતા તેને શ્રીહરિ અપશબ્દ કહ્યા સિવાય બોલાવતા નહિ. પાર્ષદ ભગુજી શ્રીહરિના તે ચરિત્રને મનુષ્યલીલા જાણતા રહ્યા હતા. ૨૮. અને મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની સેવામાં રહ્યા હતા, તે પણ શ્રીહરિ જે બોલતા તેને ચરિત્ર કરીને માનતા હતા. ૨૯.

હીરા ઠક્કર ઘણા ભારે હરિભક્ત હતા. તેમનો સત્સંગ સુદૃઢ હતો.

શ્રીહરિના મનુષ્યચરિત્રોમાં તેમને ક્યારેય મોહ થાતો નહિ. ૩૦. શ્રીહરિ ત્યાં પંદર દિવસ રહ્યા. બોલીમાં કેટલાક મનુષ્યચરિત્ર દેખાડ્યાં. કારણ કે તે સમયે મનમાં જેવો સંકલ્પ થતો તેવું તરત જ શ્રીહરિ બોલવા લાગતા હતા. ૩૧. ચાહે તેવા દૃઢ નિશ્ચયવાળા હરિભક્ત હોય તોપણ આવા મનુષ્યચરિત્ર દેખીને લગાર પણ નિશ્ચય રહે નહિ. શ્રીહરિએ તો ત્યાં એવાં મનુષ્યચરિત્ર કર્યા કે શ્રીહરિ રખાવે તો જ નિશ્ચય રહે. ૩૨. આ સમયમાં ક્યારેક કોઈક અજાણ્યો માણસ પાસે આવે ત્યારે શ્રીહરિ મનુષ્યચરિત્રને છુપાવી રાખતા. પોતે આટલું વિવેક જ્ઞાન રાખતા હતા કે, પોતાના મનુષ્યચરિત્રને બીજો જાણી શકે નહિ. ૩૩. કોઈ અજાણ્યો માણસ જ્યારે ન હોય ત્યારે શ્રીહરિ તરત જ કાંઈક ને કાંઈક બોલવા લાગતા. સામાન્ય માણસને ક્યારેય સત્સંગ ન રહે એવા શબ્દો તે વખતે શ્રીહરિ બોલતા હતા. ૩૪.

શ્રીહરિ તે વખતે સેવકને એમ કહેતા કે, તમે કોઈ અમારું લેશમાત્ર પણ માનતા નથી. તેથી તમારો ક્યારેય મોક્ષ નહિ થાય, પણ તમે જમપુરીમાં જાશો. ૩૫. અમારું વચન માને એવો અમારી પાસે અત્યારે કોઈ સેવક નથી. સોમલા ખાચર, સુરા ખાચર અને અલૈયા ખાચર અમે કહીએ તેમ કરે તેવા છે. ૩૬. તેમને અમારા ઉપર ઘણું હેત છે. અમને રાજી કરવા માટે તો રાજકુમારોએ પણ ઘરનો ત્યાગ કરી દીધો. તેમાં વાર લાગી નહિ. ૩૭. જ્યારે બધા દેશમાં ઉપદ્રવ થયો ત્યારે અમે ભુજમાં જઈને રહ્યા. પછી ત્યાં પણ અતિ ઉપાધી થઈ; એવો ત્યારે સમય હતો. ૩૮. જે લોકો સત્સંગ કરતા હતા તેના બધા કુટુંબીઓ અમારા ઉપર વેરભાવ રાખતા હતા. ૩૯. અધર્મ માર્ગને છોડાવીને અમે મનુષ્યોને ધર્મમાર્ગમાં ચલાવતા હતા, તોપણ અસુર લોકો અમારા સંતોને ઠેર ઠેર ઘણું જ દુઃખ દેતા હતા. ૪૦. અંગ્રેજો સિવાય કોઈ દેશી રાજાઓ સાધુઓની રક્ષા કરતા નથી. તેઓ નીતિમાં હોશિયાર છે. કારણ કે, નીતિ વિના ક્યારેય રાજ્ય રહેતું નથી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ જાળિયામાં મંદવાડ ગ્રહણ કરવારૂપ મનુષ્યચરિત્ર કર્યું' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥

પૂર પંદરમું : તરંગ - ૩૮

સાલેમાળમાં લૂંટારું કાઠીસવારોને શ્રીહરિએ ભગાડ્યા

જાળિયામાં શ્રીહરિએ વિચાર કર્યો કે, સંતો અને હરિભક્તોને આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી વારે વારે સંભારવા લાયક મારા ચરિત્ર સિવાય બીજું કાંઈ નથી. ૧. આ દુનિયામાં જેટલી પ્રકારનાં સુખ કહેવાય છે તે બધાનો સાર મારાં ચરિત્રો છે; એમ જાણીને સર્વે સંતો અને હરિભક્તો મારા ચરિત્રોમાં પ્રેમ રાખે છે. ૨. મનમાં આવું વિચારીને શરીર રહે તેમ ન હતું છતાં પણ આ વેળાએ શ્રીહરિએ શરીર રાખ્યું. બધું જ શ્રીહરિના સંકલ્પમાં રહ્યું છે. ૩. સંતો-ભક્તોને સુખ થાય એમ પોતે સંકલ્પ કર્યો અને પછી શરીરમાં રહેવા લાગ્યા. ઘણા સમયથી ક્યારેય અન્ન ખાધું ન હતું પરંતુ તે દિવસે રસોઈ કરાવીને જમ્યા. ૪. શરીરમાં જે પ્રકારનો જ્વર વગેરે રહ્યા હતા તે બધા રજા લઈને ચાલ્યા ગયા. શ્રીહરિએ પોતાના શરીરમાં જે જ્વર રાખ્યો હતો તે તો કાળ જ્વર હતો. ૫. દુષ્કાળ ઊતર્યા બાદ દેશે દેશમાં, ગામે ગામ, ઘેર ઘેર અને ઠેકઠેકાણે જેણે જેણે નવું અન્ન ખાધું તે બધાને તેવો જ્વર આવ્યો હતો. ૬. બે-ત્રણ દિવસ તાવ રહેતો અને લોકો તરત મરવા લાગતા હતા. દસ જણને તાવ આવતો હોય તો તેમાંથી એક-બે જણ જ જીવતા હતા અને કેટલાક ઘરમાં તો એક પણ મનુષ્ય બચતો નહિ. ૭.

શ્રીહરિનું કાળચક્ર કોપાયમાન થઈને આ ભૂમિ ઉપર ફરી રહ્યું હતું. તેથી ત્યારે આખા આસો માસમાં બધે હાહાકાર થઈ ગયો. ૮. શ્રીહરિએ બે-ત્રણ દિવસ અન્ન જમવામાં લીધું ત્યારે કાંઈક બોલવાની શક્તિ આવી. પછી ગઢપુર જવા ચાલ્યા, પણ અશ્વ કે રથમાં લગારે બેસી શકતા નહિ. ૯. ડોળી કરી તેમાં શ્રીહરિ સૂઈ રહેતા. હરિભક્તોએ ડોળી ખભે ઉપાડી હતી. પછી શ્રીહરિ **ઉપલેટા** આવ્યા અને ત્યાં ફૂલવાડીમાં ઊતર્યા. ૧૦. બાગમાં આંબલીના ઝાડ હતા. તેના ઉપર કાતરા દેખાયા. તેને ઊતરાવીને શ્રીહરિ તે કાતરાને ખૂબ જમ્યા. પછી તેનાથી બધો રોગ ચાલ્યો ગયો. ૧૧.

શ્રીહરિ જ્યારે **ગોંડલ**માં આવ્યા ત્યારે ત્યાં બધા કાઠી આવ્યા. તેમાં સોમલા ખાચર, માતરા ધાધલ, દેહા ખાચર, રાઠોડ ધાધલ ઈત્યાદિક

હતા. ૧૨. **મહાન ભાગ્યશાળી બંધિયાના દરબાર મૂળુભાઈ અને ડોસા વણિકે આ દિવસોમાં દેહનો ત્યાગ કરી દીધો હતો. ૧૩. જે ભોજા ચારણે માંચા ખાચરને સત્સંગ કરાવ્યો હતો તેનું પણ આ દિવસોમાં મૃત્યુ થયું હતું. ૧૪.** જ્યારે લોકોએ શ્રીહરિને બધાના મૃત્યુની વાત કહી ત્યારે શ્રીહરિએ કહ્યું, સૌને મરવાનું જ છે. મરણ નજરે નથી દેખાતું પણ અનિવાર્ય મૃત્યુ ફરવાનું નથી. ૧૫. પછી શ્રીહરિ ગોંડલથી અશ્વ ઉપર બેસીને ચાલ્યા. અને **બંધિયા**માં થાળ જમ્યા. પછી **પીપળિયા** ગામ આવ્યા. ૧૬.

પીપળિયા ગામમાં એક રાત રહ્યા. હરિભક્તોએ ત્યાં ઘણી સેવા કરી. હરિભક્તોમાં લખમણ ઠક્કર અને કાનજી અને હિમાભાઈ નામે બે તેના ભત્રીજા હતા. ૧૭. બધા હરિભક્તો એકસરખી ભાવનાવાળા હતા. શ્રીહરિ અને સંતો ઉપર તેમને ઘણો પ્રેમ હતો. તે પછી ત્યાંથી ગાડામાં બેઠા અને બહુનામી, સર્વેના સ્વામી શ્રીહરિ **રાયપર** ગામ આવ્યા. ૧૮. રાયપરમાં રાજગર હરિભક્ત હતા. તેને ઘેર આવીને ઊતર્યા. ત્યાં એક રાત રહીને તે રાજગરના ગાડામાં બેસીને ચાલ્યા. ૧૯. **કરિયાણા** આવીને થાળ જમ્યા. પછી તરત ત્યાંથી ચાલ્યા. ઘોડેસવારો અને પાર્ષદો બધા પાછળ રહી ગયા હતા. ૨૦. સાલેમાળ પહાડને નજીક જ્યારે આવ્યા ત્યારે ત્યાં બે કાઠી ઘોડેસવારો (જેઠો ગોવાળિયો, મેરામણ ગોવાળિયો) મળ્યા. તેઓ રસ્તે નીકળનારા સર્વે મનુષ્યોને લૂંટતા ફરતા હતા. ૨૧. ચાલ્યા આવતા ગાડાને જોઈને તે બન્ને ઘોડેસવાર દોડીને આવ્યા. તેના હાથમાં ભાલાઓ હતા. બન્નેએ બોકાની વાળી હતી. કેવળ બે આંખો ખુલ્લી હતી. ૨૨. ત્રિકમ રાજગર શ્રીહરિનું ગાડું હાંકતા હતા. દૂરથી ઘોડેસવારોને આવતા દેખ્યા ત્યારે તેણે શ્રીહરિને કહ્યું. ૨૩.

આ લૂંટારા ઘોડેસવારો આવે છે. માટે તમે સાવધાન રહેજો. જે કાઠી જાતિના હોય છે તે રાજગરને દેખીને ક્યારેય તેની લાજ લેતા નથી; આવી તેમની રીત છે. પણ કાઠી સિવાયના બીજા ઘોડેસવારો હશે તો તે ઉપર કહી તેવી રીતને રાખતા નથી. ૨૪-૨૫. આપને અહીંયાં કાંઈ બોલવાનું નથી. હું તેનો જવાબ આપી દઈશ. મારી લાજ તો આપના જ હાથમાં છે. કારણ કે,

આપ તો પરમેશ્વર છો. ૨૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, જે શૂરવીરોનું આજ કામ પડ્યું ત્યારે તે બધા ધીર વીરો પાછળ રહી ગયા. સાથે આવ્યા છતાં તેઓ કામ લાગ્યા નહિ. ૨૭. તેઓ પછીથી આવીને શું મોઢું દેખાડશે..? આ વાત તેની બુદ્ધિમાં ન આવી. દૈવની ઈચ્છા હશે તેમ થશે. ૨૮.

આટલી વાત કરતા હતા તેવામાં તે બે ઘોડેસવારોએ આવીને ગાડાને ઘેરી લીધું. ત્યારે ત્રિકમભાઈએ કહ્યું, હું રાજગર છું અને આ ગાડું મારું છે અને તમે લૂંટશો તો હું અહીં મરી જઈશ; એ વાત તમને ચોક્કસ કહું છું. ત્યારે કાઠીઓએ કહ્યું, આ ગાડામાં કોણ બેઠું છે ? તે અમને કહો. ૨૯-૩૦. તેની પાસેથી અમારે ખર્ચી લેવી છે. અમને ઘણી આશા રહી છે. સ્વામિનારાયણ જાણીને તો અમે દોડીને આવ્યા છીએ. પણ ખાલી હાથે રહેવું પડશે. ૩૧. **તે સાંભળીને તે વખતે તત્કાળ જ શ્રીહરિ ઢાલ-તલવાર લઈને નીચે કૂદી પડ્યા. તલવાર ખેંચીને ઊભા રહ્યા ને બોલ્યા, આવો હવે હું ખર્ચી આપું છું. ૩૨.** ત્યારે કાઠીઓને ઘણો ભય લાગ્યો અને તે વખતે તેઓ દોડીને દૂર જતા રહ્યા. પ્રાણ બચાવીને ભાગી ગયા. શ્રીહરિએ કહ્યું, અમે તમને મોઢે માંગી ખર્ચી આપશું. તમે જેને સ્વામિનારાયણ કહો છો તે અમે અત્યારે આ રહ્યા..!! કાઠીઓએ કહ્યું, અમે બંદૂક લાવ્યા નથી, નહીં તો ખર્ચી લીધા વિના ખાલી હાથે જઈએ નહિ. ૩૩-૩૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, બંદૂક જેટલી જોઈએ તેટલી અમારી સાથે તૈયાર છે, તે પાછળ આવે છે. કાઠી સવારો પાછળ ચાલ્યા આવે છે, તેની પાસેથી તમને ખર્ચી તરત અપાવશું. ૩૫. ખર્ચી બધી તેમની પાસે રહી છે. જો લેવી હોય તો તે કાઠીઓને આવવા દો. જેટલી કહેશો તેટલી ખર્ચી અપાવશું. આવો સમય ફરીવાર ક્યારેય નહિ આવે. ૩૬. પછી તે બન્ને કાઠીઓ દૂરથી જ માથું નમાવીને તત્કાળ ચાલ્યા ને એમ બોલ્યા કે, ખર્ચી આપવાનું કહો છો પરંતુ તમે તો દેવના પણ દેવ છો. ૩૭. પછી તે બન્ને ઘોડેસવારો જ્યારે દૂર ગયા ત્યારે પાછળ રહેલા કાઠી ઘોડેસવારો આવ્યા. શ્રીહરિ તે બધાને ખૂબ બોલ્યા કે, હવે તમારું કાંઈ કામ નથી. ૩૮. સમય આવ્યો ત્યારે તમે કામ ન આવ્યા, હવે તમારું શું કામ છે ? અહીંયાં લૂંટારાઓ આવ્યા હતા,

પણ અમે જ્યારે બોલ્યા ત્યારે લાજ બચી છે. ૩૯. જો અમને કાંઈક થઈ ગયું હોત તો તમે લોકોને નાક શું બતાવેત? આવું શ્રીહરિએ ઘણું કહ્યું ત્યારે સૌ કાઠી ઘોડેસવારોએ કહ્યું, મહારાજ ! અમે ભૂલી ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સાલેમાળમાં લૂંટારું કાઠીસવારોને શ્રીહરિએ ભગાડ્યા' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર પંદરમું : તરંગ - ૩૯

શ્રીહરિ ગઢપુરમાં રહ્યા અને એભલ ખાચરે દેહત્યાગ કર્યો

ત્યારે સોમલા ખાચરે શ્રીહરિને કહ્યું, અમને તો ફટકાર છે..! પરંતુ હે હરિ ! તે ઘોડેસવારો કેટલા હતા ? ૧. કેવા રંગના તેના અશ્વ હતા ? તે કઈ દિશામાં ગયા છે ? તે કહો. અમે તે ઘોડેસવારોની પાછળ જઈએ. નહિ તો અમારી લાજ નહિ રહે. ૨. ત્યારે શ્રીહરિ કહે, એકવાર ગયેલી લાજ ફરી આવે નહિ. હવે તે કામ નહિ સુધરે. લાજ રાખ્યાનો સમય ચાલ્યો ગયો છે. ૩. શ્રીહરિ કહે, ઘોડેસવાર બે હતા. એમ કહીને અશ્વના રંગ કહ્યા. ત્યારે સોમલા ખાચરે તેને તે વખતે ઓળખી લીધા. તેણે કહ્યું, અમને પણ તે સામા મળ્યા હતા. ૪. હવે આપ કહો તો અમે તે બન્નેને પકડી લાવીએ. તેઓ તો અમારા કાઠી જ હતા. તેઓ ઘણા પાકા ચોર છે. ભગુજીથી બહુ ડરે છે. ૫.

શ્રીહરિ કહે, ભગુજી શું કરશે ? કોઈક દિવસ ક્યારેક કોઈનું માથું કાપશે. શાહુકાર માણસ સમય વિના ક્યારેય પણ તુચ્છ વચન બોલતા નથી. ૬. તેઓ તો પેચમાં લાવીને તે અન્યાયીને ખબર ન પડે તેવી રીતે તેની રિદ્ધિ-સિદ્ધિને રૂની જેમ ઊડાવી દે તેવા છે. ૭. બુદ્ધિશાળીની આગળ કરોડોનું લશ્કર અને કરોડો તોપો પણ ખોટી પડી જાય છે. બુદ્ધિમાન પહેલા કળી શકાતા નથી. તેની બુદ્ધિમાં છૂપો પેચ રહ્યો હોય છે. ૮. તેના કરેલા પેચ દેખ્યામાં આવતા નથી. અને જો પેચ દેખાઈ જાય તો તેમાં બુદ્ધિ

ગણાય નહિ. કાળ, ઉત્પત્તિ અને સર્વનાશ કરે છે, છતાં કાળનો પ્રયાસ કોઈને પ્રત્યક્ષ દેખાતો નથી. ૯. કાળ, ભાગ્ય અને સમર્થ બુદ્ધિશાળી, બધાની એકસરખી રીત છે. કરોડો મનુષ્યોમાં કોઈક જ તેને ઓળખી શકે છે; એવો તે ત્રણેમાં વિવેક રહ્યો છે. ૧૦. ધર્મકુમાર શ્રીહરિ આવી વાતો કહેતા કહેતા **ગઢપુર** આવ્યા. બધા ગઢપુરવાસી હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં ચરણોમાં મસ્તક ઝૂકાવ્યા. ૧૧.

સહુ શ્રીફળ અને ફૂલના હાર લાવ્યા હતા. શ્રીફળ આગળ મૂકીને ફૂલહાર ધરાવ્યા. દરબાર એભલ ખાચર અને જીવા ખાચર, બન્ને શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૧૨. બન્ને શ્રીહરિના ચરણમાં પડ્યા. પછી હાથ જોડીને બોલ્યા, મહારાજ! આપ ભલે પધાર્યા. આપને તાવ ઘણો આવ્યો, શરીર બધું સુકાઈ ગયું છે. અમે આવવાનું પ્રયાણ કરતા હતા ત્યાં તો સુખદાયક આપ પધાર્યા. ૧૩-૧૪. આપ તો અંતર્યામી છો એટલે સહુના અંતરની વાતને જાણો છો. અમે આપને નિત્ય બહુ ચાહીએ છીએ. આપે તો ભક્તને માટે જ અવતાર લીધો છે. ૧૫. જ્યારે આવી વાત કરી રહ્યા ત્યારે તે બન્નેએ ફૂલના હાર પહેરાવ્યા અને દરબારોએ કહ્યું, મહારાજ ! આપ ચાલો. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૬. તે વખતે સંધ્યા સમય થયો હતો. તરત મશાલો પ્રગટાવી દીધી. ગામમાં જેટલા વાજિંત્રવાળા હતા, તે બધાને બોલાવ્યા અને તે વગાડવા લાગ્યા. ૧૭. પછી અંતર્યામી પ્રભુ સહજાનંદસ્વામી રાજબજારે ચાલ્યા. પહેલા જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા અને સહુને દર્શન આપ્યાં. ૧૮.

શ્રીહરિની પ્રત્યેક ભુવનમાં પધરામણી કરી અને સોનાના ફૂલથી વધાવ્યા. પછી શ્રીહરિ એભલ ખાચરના દરબારગઢમાં આવ્યા. ૧૯. દરબાર એભલ ખાચરની પુત્રીઓ ઇત્યાદિક હરિભક્ત જે બાઈઓ હતી તેમણે શ્રીહરિને સોનાના ફૂલોથી ઘણા ભાવપૂર્વક વધાવ્યા. ૨૦. દરબાર એભલ ખાચરે શ્રીહરિની રુચિ પ્રમાણે તેમને રહેવા માટે એક સારું મંદિર(અક્ષરઓરડી) બનાવી દીધું હતું. તેમાં શ્રીહરિ આવીને રહ્યા અને ત્યાં કથા, કીર્તન આદિક કરાવતા હતા. ૨૧. માલજી કાણકિયા નામે એક

વણિક અમરેલીમાં રહેતા હતા. તે પાકા હરિભક્ત હતા. તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુર આવ્યા. ૨૨. શ્રીહરિએ તેને એભલ ખાચરના કામદાર કરવા માટે ગઢપુરમાં રાખ્યા અને તેને રહેવા માટે દરબારની પાટીમાં મકાન અપાવ્યું. ૨૩. કરશનજી, અમરશી અને પીતાંબર એ ત્રણ માલજી કાણકિયાના પુત્ર હતા. ત્રણેય સારા હરિભક્ત હતા. તેઓ દરબાર એભલ ખાચરનો કારભાર કરતા હતા. ૨૪.

દિવાળી અને અન્નકૂટને આડા જ્યારે દસ દિવસ રહ્યા ત્યારે ગુજરાતમાં ફરતા સંતોને ગઢપુર બોલાવવા માટે શ્રીહરિએ પત્ર લખ્યો. ૨૫. વડોદરાના પુલ ઉપર જે સંતો રહેતા હતા અને કાનમ પ્રદેશમાં જે ફરતા હતા તથા તે સિવાયના પણ બીજા જે સંતો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે ચાલ્યા. તે વખતે સંતોના મહંત વ્યાપકાનંદ મુનિ બિમારીને કારણે દુઃખી હતા. તેઓ ત્યાં રહ્યા. ૨૬-૨૭. વ્યાપકાનંદસ્વામીને ઘણો તાવ આવ્યો એટલે તેમને વચ્ચે વનમાં જ છોડી દીધા.

(એક માધવાનંદસ્વામીને સેવામાં રાખ્યા. તેમને પણ એવો સંકલ્પ થયો જે, 'સર્વે મહારાજનાં દર્શન કરશે ને મને દર્શન નહીં થાય.' એવો સંકલ્પ થયો. તેને વ્યાપકાનંદસ્વામીએ અંતરજામીપણે જાણ્યો. પછી માધવાનંદસ્વામીને કહે જે, 'તમને જાવાનો સંકલ્પ થાય છે ?' ત્યારે માધવાનંદસ્વામી કહે જે, 'હા.' ત્યારે વ્યાપકાનંદસ્વામી કહે જે, 'તમે ચાલ્યા જાવ, હું છઉં ને મહારાજ છે.' એવું સાંભળીને માધવાનંદસ્વામી પણ તેમને એકલા મેલીને ચાલ્યા.) એક પણ સંત સાથે રોકાયા નહિ. પછી તે બધા સંતો બોચાસણ ગામ આવ્યા. ૨૮. ભાઈરામદાસસ્વામી બોચાસણમાં હતા. તેમણે સંતોમાં વ્યાપકાનંદ સ્વામીને દેખ્યા નહિ. ત્યારે તેમણે સંતોને કહ્યું, તમારા મહંતને મૂકી દઈને તમે બધા કેમ આવ્યા છો ? ૨૯. મોટા સંતને મૂકીને તમે બધા ચાલ્યા આવ્યા ? એક પણ સંત તેમની સાથે રહ્યા નહિ ? હવે તમે જઈને દર્શન કોના કરશો ? તમને મનમાં આવો પણ વિચાર ન આવ્યો ? ૩૦.

તમારા આ દોષને લીધે તમને હવે શ્રીજી મહારાજનાં દર્શન ક્યારેય નહિ થાય. હું તો લૂલો છું એટલે હવે ગાડા સિવાય ક્યારેય દર્શન કરવા

આવી શકું તેમ નથી. ૩૧. જ્યારે શ્રીહરિની મરજી હશે ત્યારે તેઓ અહીંયાં આવીને દર્શન આપશે. ભાઈરામદાસજીસ્વામીએ આટલું સ્પષ્ટ કહ્યું છતાં સંતોમાં કોઈ તેમના મર્મને સમજી શક્યા નહિ. ૩૨. પછી સહુ સંતો કારિયાણી ગામ સુધી સાથે આવ્યા.

(સંતો ગઢપુર તરફ ગયા. પછી તરત ભાઈરામદાસસ્વામી તપાસ કરીને વ્યાપકાનંદસ્વામીને પોતાની પાસે લઈ આવ્યા અને સેવા કરી પ્રસન્ન કર્યા. પરંતુ વ્યાપકાનંદસ્વામીને અસાધ્ય રોગ હોવાથી તેઓશ્રી બોચાસણ ગામમાં આસો મહિનામાં દેહ તજીને અક્ષરવાસી થયા. તે સર્વે સંત મળીને ગઢડામાં આવ્યા. મહારાજ અક્ષરઓરડીમાં વિરાજતા હતા. તે સમે કોઈએ મહારાજને કહ્યું જે, ‘સાધુ દર્શને આવે ?’ ત્યારે મહારાજ કહે જે, ‘વ્યાપકાનંદસ્વામીને માંદા એકલા મેલીને એ અમારાં દર્શન સારુ આવ્યા છે ને દર્શન કરીને મુને રાજી કરવો છે, તે હું એમ રાજી નહીં થાઉં ને દર્શન નહીં દઉં.)

તે સમયે દરબાર એભલ ખાચર દેહનો ત્યાગ કરે તેટલા બધા બીમાર થઈ ગયા હતા. ૩૩. જે સંતો આવ્યા હતા તેમને શ્રીહરિએ એવું કહી મોકલ્યું કે, હે સંતો ! તમે જેટલા આવ્યા છો તે બધા અત્યારે પાછા જાઓ. હવે ફરી હુતાસણીના સમૈયામાં તમને વડતાલમાં અમારાં દર્શન થાશે. એમ કહી સહુ સંતોને પાછા જવા કહ્યું તેથી સંતો પાછા ગયા. પછી તે સમયે ગઢપુરમાં દિવાળી અને અન્નકૂટના ઉત્સવ પૂરા થયા. ૩૪-૩૫.

(પછી મહારાજ એભલ ખાચરને જોવા ગયા. ત્યારે તે કહે જે, “સર્વ પરમહંસને બોલાવો મારે અંત અવસ્થા છે.” પછી મુક્તાનંદસ્વામી વિગેરે સર્વેને બોલાવ્યા ને મહારાજ બેઠા હતા. પછી મહારાજની પૂજા કરી ને સર્વ પરમહંસ તથા બ્રહ્મચારીની પૂજા કરી. તે વખતમાં મૂળુ ખાચર તથા જીવો ખાચર ત્યાં આવ્યા. તે અભયરાજાને જોઈ કહે જે, “આ ઉત્તમરાજાની કાંઈ ભલામણ (અમને) કરવી છે ?” ત્યારે તે બોલ્યા જે, “ઉત્તમરાજાનું તો સુદામાવાળું થઈ ગયું છે. ને અનંત બ્રહ્માંડના પતિ સ્વામિનારાયણને તેનું કાંડું સોંપ્યું છે. હવે પરલા(જેની માથે કાળનો ભય છે તેવા નમાલા) જીવને

શું ભલામણ કરવી ?" એમ કહી કહે જે, "આત્માને એક ભગવાન સિવાય બીજું કોઈ સંબંધી નથી." પછી સાખી કહી દેખાડી કે -

'किस्का बेटा, किस्की वउ, आप सवारथे मळिया सउ'

તે સાંભળી મહારાજે તેમનાં ઘણાં વખાણ કર્યાં. પછી અભય રાજાએ ખાટલા પરથી હેઠા ઊતરી પલોંઠી વાળી, મહારાજનું ધ્યાન કર્યું.)

અને (સં.૧૮૭૦ કારતક વદ-૫, તા.૧૩/૧૧/૧૮૧૩, શનિવારના દિવસે) દરબાર એભલ ખાચરે દેહત્યાગ કર્યો. મહાન ભાગ્યશાળી તે દરબાર ભગવાન શ્રીહરિની પાસે અક્ષરધામમાં બેઠા. ૩૬. તે સમયે એભલ ખાચરના એક જ પુત્ર દાદાખાચરની ઉંમર ૧૪ (૧૬?) વર્ષની હતી. શ્રીહરિએ તેમને રાજગાદી ઉપર બેસાડ્યા. ૩૭. પછી એભલ ખાચરનું ખર્ચ-કાર્ય શ્રીહરિએ શરૂ કર્યું ત્યારે હોંશિયાર લાધા ઠક્કર અને હરજી ઠક્કર બન્ને આવ્યા. ૩૮. અને ઝાલાવાડમાં લીંબલી ગામમાં રહેતા મૂળજી શેઠ પણ આવ્યા. એ બધા સારા હરિભક્ત હતા. અને પાકા મુત્સદ્દી હતા. ૩૯. રસોઈ કરવામાં હોંશિયાર એવા સુરતના હરિભક્તોને પ્રસન્ન મનવાળા શ્રીહરિએ પત્ર લખીને બોલાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરમાં રહ્યા અને એભલ ખાચરે દેહત્યાગ કર્યો' એ નામે ઓગણચાલીસમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર પંદરમું : તરંગ - ૪૦

શ્રીહરિએ એભલ ખાચરનું કારજ કરાવ્યું

તે હરિભક્તો ભાવનગર જઈને હજાર મણ સાકર, હજાર મણ ઘી અને હજાર મણ ઘઉંનો લોટ લાવ્યા. ૧. તે જ રીતે એક હજાર મણ મેંદો અને હજાર મણ મગ લીધા. તેનાં ગાડાં ભરાવ્યાં. ૨. કરશનજી અને અમરશી ઠક્કર સામાન લેવા ગયા હતા. તેઓ તરત લઈને પાછા આવ્યા. ગામના કંદોઈને બોલાવ્યા. ૩. મેંદો કરાવીને તરત જ ખાજા કરાવ્યા. રાત-દિવસ

કામ ચાલતું હતું. ભણનારા સંતોને બોલાવી લીધા. ૪. આનંદાનંદસ્વામી સંતોમાં મુખ્ય હતા. તેઓ ત્યાં હાજર રહેતા. શ્રીહરિએ ભગા શેઠને પત્ર લખીને બોલાવી લીધા. ૫. જે હરિભક્તોને એભલ ખાચરના કારજનું કામ સુધારવા ઉપર તાન હતું. એવા જે શાણા હરિભક્તો હતા એની પરીક્ષા કરીને શ્રીહરિએ નામ લખ્યા. પછી શ્રીઘનશ્યામ પ્રભુએ જુદાં જુદાં કામ ઉપર સહુને રાખ્યા હતા. ૬. જે વધારે સાવધાન હતા તેને કામ ઉપર રાખ્યા. ગાફલ માણસની સાથે શ્રીહરિને બનતું નહિ. જ્યાં મીઠાઈ વગેરે બનતું હતું ત્યાં શ્રીહરિ વારેવારે ફરીને આવતા. બધા જ લોકોની સંભાળ રાખતા. ૭.

કારજને દિવસ જે કાઠીઓ હતા તે બધા અશ્વ ઉપર અને કેટલાક ગાડામાં બેસીને આવ્યા. ગળ્યા અને મોળા બન્ને પ્રકારનાં ખાજા કર્યાં હતાં. જેમ મહેમાનો આવતા હતા તેમ જમાડતા હતા. ૮. સવારથી મધરાત સુધી જમાડતા રહ્યા, એક પળવાર પણ ખાલી જતી નહિ. જે કોઈપણ આવીને બેસતા તેને જમાડતા, કોઈને પણ રોકતા નહિ.૯. અને જે બ્રાહ્મણો આવ્યા તેમને સાકરનાં પાકાં સીધાં અપાવ્યાં. અને તે બધા બ્રાહ્મણોને બોલાવીને એક એક રૂપિયો દક્ષિણા આપી. ૧૦. જે જે કાઠીઓ જમવા આવ્યા હતા તે બધાને ભાતાં પણ બંધાવ્યા. દાદા ખાચરના જે ગરાસના ગામ હતા તે બધા ગામોને ધૂમાડાબંધ જમાડ્યા. ૧૧. ગઢપુર આખા ગામને ધૂમાડાબંધ જમાડ્યું. જમીને લોકો પ્રસન્ન થયા. ભાવનગરના ઠાકોર વિજયસિંહના જે પાટવીકુંવર હતા, તેનું હૂલામણાનું નામ દાદાકુંવર હતું. મૂળ નામ ભાવસિંહ હતું, તે પણ આવ્યા. સાથે હાથી, અશ્વ, રથ, સુખપાલ અને પદાતિઓને પણ લાવ્યા હતા. ૧૨-૧૩. તે સહુને જમાડ્યા. બીજે દિવસ પણ જમાડ્યા. દાદા કુંવરે શ્રીહરિનાં ઘણાં ભાવથી દર્શન કર્યાં. ૧૪.

(તે વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીના ઉત્તર તરફના બારણા પાસેનો ખંડ છે, ત્યાં ઢોલિયા ઉપર કિનખાબના ગાદીતકિયા નંખાવી બિરાજમાન થયા હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને સંધ્યા વખત થઈ હતી અને મશાલો આગળ બળતી હતી. અને પરમહંસ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને

બેઠી હતી. તે વખત ભાવનગરના ઠાકોર વજેસિંહજીના મોટા દીકરા ભાવસંગજી કે જે 'દાદભા'ના નામે ઓળખાતા. તે મહારાજને ખુમાણો તથા ચેલા ખાચર વિગેરે સાથીઓ સહિત પગે લાગવા આવ્યા. પછી પગે લાગી મહારાજની આગળ બેસવાનું કરતા હતા. ત્યારે મહારાજે ઢોલિયા પર બેસવાનું કહ્યું ને તાણ કરી. ત્યારે તે કહે જે, **"હે મહારાજ ! અમે તો જીવ છીએ અને તમે તો પરમેશ્વર છો. તે તમારા સ્થાનક ઉપર મારાથી બેસાય નહિ. કેમ જે, તમે તો પરમેશ્વર છો."** પછી મહારાજે તેને રેશમનો ચાકળો નાંખી દીધો, તે ઉપર બેઠા.

તે વખત તેમની પાસે હજૂરમાં મારવાડમાંથી આવેલા એક રાઠોડ રાજવંશી ગરાસિયા નારસંગજી કરીને હતા. તે પણ દરબારના પછવાડે બેઠા હતા. પછી મહારાજે સર્વેની ખબર પૂછી સત્કાર કર્યો. પછી ઠાકોર ભાવસિંહજી બોલ્યા કે, "પરમહંસો ગાવણું ગાય તો સારું. મને આપના સંતોનું સંગીત-ગાન સાંભળવાની ઇચ્છા છે." પછી મહારાજે સંતોને આજ્ઞા કરી તેથી પરમહંસો ગાવા લાગ્યા. **જ્યારે બરાબર ગાવણું જામ્યું તે વખત ચાર મુખવાળા બ્રહ્મા, અને ચાર ભુજાવાળા વિષ્ણુ અને ચાર ભુજાવાળા શંકર સભાને વિશે આવીને નૃત્ય કરતા હતા, તે બંનેએ ભાળ્યા.** એટલે એ દરબાર ભાવસિંહજી નારસંગને કહે જે, "આ સાધુ લોકો આવો વેશ લાવે છે ?"

ત્યારે નારસંગજી બોલ્યા જે, "ના." પછી તે ભાવસિંહજી-દાદાકુંવરે ઊઠી સભાના મધ્યે ઊભા રહી તપાસ કરીને જોયું. ને નારસંગજીએ પણ ઊભા થઈને તપાસ કરીને જોયું. પછી મહારાજ પાસે આવીને બેઠા. અને બીજા માણસોને પૂછ્યું કે, "અમને આવું દેખાયું તે શું છે ? તમે કોઈ સાધુ-સંતો આવો વેશ લાવો છો ?" ત્યારે બીજા કહે કે, "અમારે દેખવામાં જ આવતું નથી." તેથી તે બંને મહા વિસ્મય પામ્યા. અને ઘડીક થયું ત્યાં તો કાંઈ જણાણું નહિ. પછી સભા ઊઠવાનો વખત થયો. તે વખત મહારાજને હાથ જોડી તે કહે જે, **"હે મહારાજ ! આપનો આ દિવ્ય પ્રતાપ જોઈને હું તો આપને સનાતન પરમેશ્વર નારાયણ સમજું છું, છતાં ભાવનગરના રાજા અમારા પિતા(વજેસિંહજી) અને ત્યાંના માણસો તરેવારના ક્રૂરતાભર્યાં વર્તન કરી પોતાનો મોક્ષ બગાડી રહ્યા છે.**

અને મારાથી વર્તમાન તો પળશે તેટલાં પાળીશ, પણ તમે તો સાક્ષાત્ ભગવાન છો, માટે મારી અંતકાળ વખત સહાય કરજો." મહારાજ કહે, "સારું." એમ કહી તેમના માથે હાથ મૂક્યો.

તે જ વખત નારસંગજી કહે જે, **"રાજા સાહેબ, હવે રામ રામ છે. અમે તો સંસારનો ત્યાગ કરી ત્યાગી થશું અને તમે મારા ખરા મિત્ર ને ખરા ખાવિંદ હો તો રાજી થઈ રજા આપી મારું કાંડું ભગવાનને સોંપો."** પછી રાજાએ તેમ કર્યું. અને તે જ વખત નારસંગજી રાઠોડ ત્યાગી થયા. પછી મહારાજે તેમને ઉત્તમરાજાના એક કારખાનાના કારભારી ઠરાવ્યા. તેમની પાસે કેટલાક રૂપિયા તથા કેટલાક હથિયારો તથા કેટલાક ઘરેણાં હતાં. તે સર્વે મહારાજને અર્પણ કર્યું. અને જેવી પરમહંસની દશા(સ્થિતિ) હોય તેવી જ સ્થિતિને તે પામ્યા. અને ધોળા લૂગડાં પહેરી ત્યાગી થઈ હંમેશાં નિર્બંધપણે રહ્યા.)

પછી શ્રીહરિએ કુંવરને બોલાવીને કહ્યું, તમે તો ટીલાયત(પાટવી કુંવર) છો. તપ વિના ક્યારેય રાજ્ય મળે નહિ. ૧૫. તેમજ તપ વિના સત્પુરુષનો જોગ પણ ક્યારેય થાય નહિ અને અપાર પુણ્યથી જાતજાતના ભોગ સુખો મળે છે. ૧૬. જે જે શુભ બાબત હોય છે તે બધી પુણ્ય સિવાય મળતી નથી. રાજા થયા પછી પણ પુણ્ય સિવાય સાત્વિકગુણ આવતો નથી. ૧૭. જે સાત્વિક તપ કરે છે તેમાં સાત્વિકગુણ આવે છે અને જે રાજસ તપ કરે છે તેમાં રાજસગુણ આવે છે. ૧૮. અને જે લોકો તમોગુણ પ્રધાન તપ કરે છે તેમાં તમોગુણ આવીને રહે છે. તમોગુણીને સર્પ, સિંહ, વાઘ, વીંછી ઈત્યાદિક દેહ પ્રાપ્ત થાય છે. ૧૯. જીવ જે જે યોનીમાં જાય છે ત્યાં તમોગુણ મુખ્ય દેખાય છે. તેથી કોઈ જીવને તેમાં ક્યારેય શાંતિ મળતી નથી. તે તો બધાને ઉદ્વેગ કરાવે છે. ૨૦.

સાત્વિક તપથી જીવ સાત્વિક યોનીને પામે છે અને બીજા સહુને સુખી કરે છે તેથી પોતે પણ કાયમ સુખી રહે છે. ૨૧. જીવને રાજસ તપથી રાજસ યોનીની પ્રાપ્તિ થાય છે. ત્રણ પ્રકારનાં ગુણમાં મનુષ્ય જેવી રુચિ કરે છે તેવાં ગુણવાળા સુખ તેને મળે છે. તે ગુણો એકબીજા મિશ્રિત પણ કહેવાય છે. તેમાં

જે મુખ્ય ગુણ હોય તેવા સુખ-દુઃખ મળે છે. ૨૨-૨૩. મનુષ્ય જેવા ગુણવાળું તપ કરે છે તેવી તેને યોની પ્રાપ્ત થાય છે. અગણિત બ્રહ્માંડ ભરાય તેટલી બાબત ગુણમાં રહેલી છે. ૨૪. આ ગુણના જ્ઞાનનો લેશ પણ મનુષ્યને પ્રાપ્ત થયો હોય તો સત્સંગ વિનાનું જે સુખ છે તે બધું તેને ઝેર જેવું દેખાય છે. ૨૫. મનુષ્યને જ્યાં સુધી અજ્ઞાન અને મોહ રહે છે ત્યાં સુધી સત્સંગ પ્રાપ્ત થતો નથી. ૨૬. સત્સંગ અને પરમાત્મા, તે સત્વ, રજ અને તમ ત્રણ ગુણથી પર છે અને સત્સંગ તથા પરમાત્મા સિવાય જે કોઈપણ પદાર્થ છે તે બધાં ત્રણ ગુણમાં રહ્યા છે. ૨૭. બ્રહ્માંડોમાં જેટલાં સુખ રહ્યાં છે તે બધાં ત્રણ ગુણમય છે. અને તે ગુણોમાં ઉત્પત્તિ અને નાશ રહેલા છે. ૨૮.

❋ સદ્‌વિચારનું કારણ સત્સંગ છે :

જ્યાં સુધી એ ત્રણ ગુણમય દેહમાં જેની સ્થિતિ હોય છે, ત્યાં સુધી તેને કાળ દેખાય છે. માટે જેમાં કાળનો ડર ન હોય એવા ત્રિગુણાતીત સુખનો વિચાર કરવો જોઈએ. ૨૯. અનંત પ્રકારે વિચારીને આવા મોટા મોટા વિચાર કરનારા વિચારકો ઘણા હોવા છતાં પણ ત્રણ ગુણથી પર મહાન જે વિચાર છે તે ક્યારેય સત્સંગ વિના પ્રાપ્ત થતો નથી, એ નક્કી નિરધાર છે. ૩૦.

चोपाई :

सत्संग बिन विचार जितना, भव भटकन तामें रहे तितना;
प्रह्लाद प्रियव्रत जैसे भूपा, सत्संग करत भये अनूपा...३१
बडे बडे भूप भये ताके, सत्संग प्रथम रहाये वाके;
बडे भूप के सत्संग रहाये, अनंत जुग से चलेउ आये...३२

સત્સંગ સિવાયના જેટલા વિચારો છે, તેમાં તેટલું સંસારનું ભટકણ રહ્યું છે. એટલે પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા રાજાઓએ અનુપમ સત્સંગ કર્યો છે. ૩૧. પૂર્વે જે મોટા મોટા રાજાઓ થયા છે તેના જીવનમાં પ્રથમથી સત્સંગ રહ્યો છે. એટલે મોટા રાજાઓમાં સત્સંગ રહે છે, આ બાબત અનંત યુગોથી ચાલી આવે છે. ૩૨. મનુષ્યને જ્યાં સુધી સત્સંગ નથી થતો ત્યાં સુધી તેને દુઃખ છૂટતું નથી. દુઃખોમાં જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરી મુખ્ય

રહ્યા છે. એ દુઃખોને ગણતાં પાર આવે નહિ, એટલાં બધાં અપાર દુઃખ છે. મનુષ્ય અને દેવના શરીરમાં લેશમાત્ર પણ સુખ દેખાતું નથી. ૩૩-૩૪.

જે ભગવાનથી વિમુખ જીવ છે તેને લેશ સુખ-ભોગમાં તેની પાછળ રહેલા અનેક દુઃખ દેખાતા નથી. બુદ્ધિશાળી રાજા નીતિને અનુસારે કાયદાઓને ચલાવે છે. ૩૫. રાજ્યની પ્રજા હોય તે જેટલા કાયદાનો ભંગ કરે છે તેટલું તેને અપાર દુઃખ થાય છે. એ બધા લોકોને દેખાય છે. ૩૬. **બ્રહ્માંડમાં રાજ્ય અને સુખ, સંપત્તિ જેટલા રહ્યા છે તે બધા કાળને આધીન છે; એમ દેખાય છે. ૩૭. ભગવાનની માયા અપાર છે. સર્વે જન તેના બંધનમાં છે. અરે ! દેવતાઓ જે કહેવાય છે તે પણ માયામાં બંધાયેલા રહે છે. ૩૮.** વળી શ્રીહરિ કહે, અગણિત પાપના યોગે કરીને તેને પોતાનું બંધન દેખાતું નથી. જ્યાં સુધી માણસને પશુબુદ્ધિ હોય છે ત્યાં સુધી બંધનમાં પણ સુખ દેખાય છે. ૩૯. ત્યારે ભાવગનર નરેશના રાજકુમાર હાથ જોડીને બોલ્યા, મહારાજ ! તમે સત્ય વાત કહો છો. તમે જ લોકોનો ઉદ્ધાર કરનારા છો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ ગઢપુરમાં એભલ ખાચરનું કારજ કરાવ્યું' એ નામે ચાલીમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર પંદરમું : તરંગ - ૪૧

માંડવધારમાં કણબી હરિભક્ત આવ્યા અને કાઠીઓની સ્થિતિ કહી

દરબાર એભલ ખાચરના પુત્ર દાદા ખાચર નામે હતા. તે સમયે તેમને શરીરમાં અતિશય જ્વર આવ્યો. માનો તેમનું શરીર નહિ રહે ! ૧. તેમને બે માતાઓ હતી, ચાર બહેનો અને એક ફઈબા હતા. તે સહુએ શ્રીહરિ આગળ દુઃખભરે સ્વરે પોકાર કરી કહ્યું, ૨. અમારે દાદા ખાચર એક પુત્ર છે તે જ્યાં સુધી બેઠો છે ત્યાં સુધી અમારે આ ગામ ગરાસ છે, છતાં અમે બધા એક ચિત્તથી પ્રભુ ભજન કરી શકીએ છીએ. ૩. ત્યારે

શ્રીહરિએ કહ્યું, એક દાદા ખાચર છે તેને લીધે અમે અહીંયાં ટકીને રહ્યા છીએ અને તેઓ જ્યાં સુધી બેઠા છે ત્યાં સુધી ગરાસના તે બીજા ભાગના ધણી છે. ૪. આ ગામમાં અમે ઘણું રહ્યાં છીએ. આટલું બીજા કોઈ ગામમાં ટક્યા નથી. અમારો જે ગામમાં જન્મ થયો હતો તેનું નામ છપૈયા છે. ૫. તે ગામ અમારા મામાનું હતું. ત્યાં અમારા પિતાને રાખવાને માટે મામાએ ઘર આપ્યું હતું અને અમારો જન્મ ત્યાં થયો હતો. ૬. છપૈયામાં અમે પાંચ વર્ષ સુધી જન્મ પછી રહ્યા છીએ. અમારા પિતાને તે સ્થળમાં પછીથી ઘણા ઉપદ્રવો નડ્યા. ૭.

તેથી મહાન ભાગ્યશાળી અમારા પિતાજી છપૈયાનો ત્યાગ કરીને અયોધ્યાપુરીમાં રહ્યા હતા. જ્યારે અમારી આઠ વર્ષની ઉંમર થઈ ત્યારે અમને ત્યાં જનોઈ અપાવી હતી. ૮. છ વર્ષ સુધી અયોધ્યામાં રહ્યા પછી જ્યારે અમારા માતા અને પિતા, તે બંનેએ દેહનો ત્યાગ કર્યો. ત્યારે રામપ્રતાપજી નામે અમારા મોટા ભાઈએ માતા-પિતાનું કારજ કર્યું હતું. ૯. જ્યારે મોટા ભાઈએ અમારા વિવાહ કરવાનું મનમાં ધાર્યું અને તે વાતની અમને જ્યારે ખબર પડી ત્યારે અમે ઘરનો ત્યાગ કરી દીધો. ૧૦. પછી અમે તીર્થ કરતાં કરતાં આ પ્રદેશમાં આવ્યા અને સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી અમારે મન ગમી ગયા અને તે વખતે જ અમે સત્સંગમાં ટકી ગયા. પછી તો રામાનંદસ્વામી ધામમાં ગયા. ૧૧. અમે કેટલાક વર્ષ સોરઠ અને કચ્છ દેશમાં રહ્યા. તે પછી ગઢપુરમાં એભલ ખાચરનો ભાવ દેખીને રહી ગયા છીએ. ૧૨. તે એભલ ખાચર ધામમાં ગયા તેમના આ દાદા ખાચર એક જ પુત્ર છે, તેના સંબંધે કરીને અમે ટક્યા છીએ. ૧૩.

કાળ દ્વારાએ જગતમાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. તે કાળ પણ અમારી આજ્ઞામાં રહે છે. તેમાં લગાર પણ ખોટું નથી. ૧૪. **અમારી મરજી લોપીને કોઈ એક તલભાર જેટલું વર્તે છે તો તેના ઉપર અમારું કાળચક્ર અત્યંત કોપ કરે છે. ૧૫.** જ્યાં લેશમાત્ર પણ સત્સંગ નથી ત્યાં મૃત્યુ, તથા અપાર રોગાદિકનાં દુઃખો, ભૂત-પ્રેતાદિક અને મેલા મંત્રો વગેરે અપાર દુઃખો રહ્યા છે. ૧૬. જેટલા દેહધારીઓ કહેવાય છે તેનાં ઉપર

અપાર વિઘ્નો રહ્યાં છે. તેનો ગણતા પાર ન આવે, છતાં જીવને લગાર પણ દેખાતા નથી. ૧૭.

❋ સત્સંગની વિશેષતા :

चोपाई :

सत्संग होत न जिहाँ लगहू, विघ्न अपार रहत तिहाँ लगहू;
सत्संग होवत जेहि वारा, विघ्नसे छूट रहत तेहि वारा...१८
हरिजन जो होवत हे तिनसे, जेते विघ्न बलि जाक्वत ईनसे;
हनुमंत पशु बंदर रहे जाति, सत्संग कर बडि भइ ख्याति...१९

જ્યાં સુધી સત્સંગ નથી થતો ત્યાં સુધી અપાર વિઘ્નો રહે છે. જે સમયે સત્સંગ થાય છે તે સમયે વિઘ્નોથી છૂટકારો મળે છે. ૧૮. જે ભગવાનના ભક્ત હોય છે તેનાથી બધાં જ વિઘ્નો બળીને નષ્ટ થઈ જાય છે. હનુમાનજી તો પશુજાતિના વાનર કહેવાય છે, છતાં સત્સંગે કરીને તેમની ઘણી પ્રસિદ્ધિ થઈ છે. ૧૯. જ્યાં હનુમાનજીનું નામ સંભળાય છે તે ઠેકાણે વિઘ્નોનો નાશ થઈ જાય છે; આવી વાત જગતમાં પ્રસિદ્ધ છે, એમાં લવલેશ પણ વાત ગુપ્ત નથી. ૨૦. જો સત્સંગનો યોગ રાખે તો મનુષ્યમાં પશુ કરતાં પણ પ્રતાપ વધારે આવે છે. તે બાબત ભગવાનથી જે વિમુખ હોય તેને દેખાતી નથી. ૨૧. હરિભક્તનો પ્રતાપ દેખીને બધી જ જાતના ભય દૂર રહે છે, પણ હરિભક્તમાં જેટલી સમજણ નથી હોતી તેટલા તે અંતરમાં દુઃખી થાય છે. ૨૨. ભૂત-પ્રેત આદિકનું જે દુઃખ છે તે તો અણસમજણમાં રહ્યું છે. માટે મહાન ભાગ્યશાળી ભગવાનના ભક્તે તેવી અણસમજણનો ત્યાગ કરી દેવો. ૨૩.

આમને આમ વાતો કરતા જ્યારે દસ-બાર દિવસ ગયા ત્યારે દાદા ખાચરને તાવ ઊતરી ગયો. પછી શ્રીહરિ એક દિવસ મધ્યરાત્રિએ ગાડા ઉપર બેઠા. ૨૪. પછી તત્કાળ **માંડવધાર** ગયા. સાથે કોઈ પાળા લીધા ન હતા. માંડવધાર દાદા ખાચરનું ગામ હતું. તેમાં કેટલાક ગોવાળિયા કાઠી રહેતા હતા. ૨૫. ગામની બધી ઉપજને તે કાઠીઓ લઈ જતા હતા. શ્રીહરિએ માંડવધાર જઈને તેમને ડરાવ્યા એટલે તેઓએ તરત જ ગામ છોડી દીધું. ૨૬. ઘોર રાત હતી ત્યારે શ્રીહરિએ ભયાનક અવાજ કર્યો. માનો કોઈ મોટું

લશ્કર આવ્યું હોય..! તેથી તે કાઠીઓ તરત ભાગી ગયા. ૨૭. જેટલી કાઠી બાઈઓ હતી તે બધી ભયને લીધે અત્યંત ધ્રૂજવા લાગી. તેથી શ્રીહરિએ તેના ઉપર દયા કરી. ૨૮. અને બોલ્યા કે તમે કોઈ ડરશો નહિ. જે સ્વામિનારાયણ કહેવાય છે તે અમે તમારે ઘેર આવ્યા છીએ. ૨૯.

ત્યારે તે બાઈઓના મનમાં શાંતિ થઈ. તેમનો બધો જ ઉદ્વેગ તરત નાશ પામ્યો. તેમણે શ્રીહરિને પલંગ બિછાવી દીધો. પછી સુખદાયક શ્રીહરિ પ્રસન્ન થઈને તેના ઉપર બેઠા. ૩૦. તે બધી બાઈઓ ટોળું વળીને બેઠી અને શ્રીહરિને હાથ જોડીને વિનંતિ કરવા લાગી, આપ તો દાદા ખાચરના નાથ છો માટે હવે અમારા પણ નાથ કહેવાઓ. ૩૧. આમ કહીને તે બધી બાઈઓએ જેના મનમાં જેવો ભાવ હતો તેણે તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. પછી ધર્મકુમાર શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **ગઢપુર**માં પાછા આવ્યા. ૩૨. તે પછી દિનપ્રતિદિન કાઠીઓને શ્રીહરિનો ઘણો ભય લાગવા લાગ્યો અને વગર કહ્યે તેમણે માંડવધાર ગામ છોડી દીધું. પછી ત્યાં ઘણા ભાગ્યશાળી કણબી હરિભક્તો આવ્યા. ૩૩. ઝાલાવાડી કણબી કારિયાણીમાં આવીને રહ્યા હતા. તેઓ શ્રીહરિને રાજી કરવા માટે માંડવધાર ગામમાં આવીને વસ્યા. ૩૪.

દરબાર એભલ ખાચર અને જીવા ખાચરના ગામોમાં બાબા સાહેબના લશ્કરનો ભય રહ્યા કરતો હતો, એટલે ભાવનગરના મોટા રાજાની સાથે ભાગ નક્કી કરીને અમુક વર્ષ સુધી તે લખી આપ્યો. ૩૫. મોટા રાજાના જે કારભારી હતા તેને પરમેશ્વરનો ભય હતો નહિ, એટલે તેણે રાજા સાથે થયેલા અમુક અવધિ સુધીના કરારને ગુપ્ત કરી દીધો અને સંપૂર્ણ ભાગ પ્રગટ કરી દીધો. અર્થાત્ આખા ગામને પોતાનું કરી લીધું. ૩૬. અપાર વિશ્વાસઘાત કરીને કારભારીએ અનેક ગામો મોટા રાજાના કરી લીધા અને જે કાઠી લોકો હતા તેમને પણ પોતાના રાજાને આધીન કરી લીધા. ૩૭. કાઠીઓને મનમાં અફીણ ઘણું પ્રિય હતું અને મોટા રાજા ઘણા વિચક્ષણ હતા. તેથી તેઓ કાઠીઓને અફીણ ખૂબ જ પાતા રહેતા. અફીણ મળવાથી કાઠીઓ ખૂબ જ પ્રસન્ન રહેતા. પોતાના ગામ અને ગરાસને ગણ્યા સિવાય પ્રેમથી લખાણ કરી દેતા હતા. ૩૮-૩૯. પોતે જે ધાડ(મેલિકાર) પાડતા

તેમાં ગામ-ગરાસ કરતાં પણ વધારે લાભ માન્યો હતો. કારણ કે તેમની બુદ્ધિ ઘણી તુચ્છ હતી. ૪૦. સૌના દેશકાળ એકસરખા ક્યારેય રહેતા નથી. તે ફરી જાય છે, પણ જે ભક્તોએ સત્સંગ કર્યો તેઓ આ સંસારને જીતી ગયા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'માંડવધારમાં કણબી હરિભક્ત આવ્યા અને કાઠીઓની સ્થિતિ કહી' એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર પંદરમું : તરંગ - ૪૨

શ્રીહરિએ માણકી વછેરી ખરીદી તથા વડતાલ ઉત્સવમાં પધાર્યા

શ્રીહરિએ દાદા ખાચરને ભણાવવા માટે વઢવાણના બેચરજી નામે વિપ્રને ગઢપુરમાં રાખ્યા. ૧. તેઓ જ્યારે ભણાવવા લાગ્યા ત્યારે બુદ્ધિ માન દાદા ખાચરે પહેલા બધા આંક-ઘડિયા કંઠસ્થ કરી લીધા. ૨. બેચર વિપ્રને ગાન ઉપર વધારે રુચિ હતી. તેથી તેઓ પગમાં ઘૂઘરા બંધાવીને દાદા ખાચરને નૃત્ય શીખવવા લાગ્યા. ૩. ઓરડાના બારણા બંધ કર્યા હતા, પણ તેના સાંધામાંથી શ્રીહરિએ તે જોઈ લીધું. પછી તરત શ્રીહરિ બોલ્યા, 'તમે આ શું ભણાવો અને શીખવાડો છો ?' ૪. પછી શ્રીહરિએ બેચરજી વિપ્રને રજા આપી દીધી અને બીજા નરોત્તમ નામના એક સુરતના કાયસ્થ હરિભક્ત શિક્ષક હતા, તેને ગઢપુરધામમાં બોલાવી લીધા. ૫. અને દાદા ખાચરને તેમની પાસે ભણાવ્યા. આ રીતે દાદા ખાચરને દસ્તાવેજ અને પત્ર વગેરેની રીત ભણાવી દીધી. ઘોડાની જાતમાં માણકી જાતિ ઘણી ઉત્તમ કહેવાય છે. ૬.

કરિયાણા ગામના કોઈ એક કાઠી જીવા ખાચરના દરબારમાં માણકી જાતની વછેરી લઈને આવ્યા. તે વછેરી રૂપ અને શીલની સીમા જેવી હતી. ૭. કોઈ રાજાને ઘેર આવી વછેરી હતી નહિ. તેવી વછેરીને તેમણે ચડાવ કરી. પછી દરબાર જીવા ખાચરે તે કાઠીને કહ્યું, આ ઘોડી તારે ઘેર નહિ

સચવાય. ૮. જ્યારે કોઈ મોટો દીવાન કે રાજા સાંભળશે ત્યારે તને ઘેરીને તારી ઘોડીને ખૂંચવી લેશે. માટે આ માણકી ઘોડી મને આપીશ તો તું ઊગરી જઈશ. હું તને તારા હિતની વાત બતાવું છું. ૯. કાઠીને જીવા ખાચરનો ઘણો વિશ્વાસ હતો તેથી તે અતિ રાજી થયો. પછી જીવા ખાચરે શ્રીહરિને પોતાના દરબારમાં બોલાવ્યા અને વછેરીને નજરે દેખાડી. ૧૦. શ્રીહરિએ તે વછેરી ઉપર બેસીને દોડાવી જોઈ. વછેરી જેવી ચાહતા હતા તેવી હતી એટલે કાઠીએ જેટલી કિંમત માગી તેટલી શ્રીહરિએ તેને અપાવી. ૧૧. અને ઉપરથી એક અમૂલ્ય રેંટો પણ આપ્યો. આમ કાઠીને ઘણો રાજી કર્યો. પછી બહુનામી શ્રીહરિ તે વછેરી ઉપર બેસીને દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૧૨.

શ્રીહરિ સારામાં સારો જે ખોરાક ગણાતો તે વછેરીને ખવરાવતા હતા અને રોજ તેને દોડાવતા હતા. ૧૩. રાત બે ઘડી જ્યારે બાકી રહેતી ત્યારે શ્રીહરિ ઊઠતા હતા અને તે સમયે સેવક સોનેરી પલાણ સજીને વછેરીને લાવતા હતા. ૧૪. શ્રીહરિ પણ કમર કસી, બોકાની બાંધીને પછી વછેરીના ઉપર ઘણા જ ભાવથી તરત બેસતા હતા. ૧૫. મોતી જડેલી એક સોનેરી અનુપમ છડી હાથમાં લેતા. આમ રાજાધિરાજ શ્રીહરિ નિત્ય અપાર ચરિત્ર કરતાં હતાં. ૧૬.

શ્રીહરિએ ગઢપુરમાં રહીને વસંતપંચમી અને ફૂલદોલનો ઉત્સવ કર્યો. પછી જે કાઠી હરિભક્ત હતા તેમને ગઢપુરમાં બોલાવ્યા. ૧૭. તે સહુની મોટી સવારી લઈને સુખકારી શ્રીહરિ **વડતાલ** આવ્યા. ત્યાં વાસણ સુતાર નામે વૈશ્ય પાકા હરિભક્ત હતા. તેને ઘેર સુખદાયક શ્રીહરિ અધરાતે આવ્યા અને ઉતારો કર્યો. તે વાસણ સુતારના જે ભાઈઓ હતા, તે બધા પાકા હરિભક્ત હતા. ૧૮-૧૯. તેની પત્ની અને પુત્રો પણ સારા હરિભક્ત હતા. તેઓ સત્સંગ ઉપર ઘણો ભાવ દેખાડતા. જેને આંખોમાં પ્રેમભાવ અને ઉત્સાહ ન હોય ત્યાં શ્રીહરિ એક દિવસ પણ રહેતા નહિ. ૨૦. પ્રેમભાવ અને ઉત્સાહમાં અનેક પ્રકારો રહ્યા હોય છે. જ્યાં જેવું કામ પડે ત્યાં તેવો પ્રેમભાવ અને ઉત્સાહ દેખાડતા. ૨૧. ચાહે તેવા બુદ્ધિશાળી

હોય તોપણ કામ પડ્યા સિવાય તે ખરેખર જોઈ શકાતા નથી. એક વખત કામમાં આવે તેટલું જોવાથી તેની ખરી પરીક્ષા ક્યારેય થતી નથી. (વાસણ સુતારના પરિવારના પ્રેમભાવને શ્રીહરિએ અનેકવાર તપાસ્યો હતો.) ૨૨. લાગ લાગઠ બાર-તેર વર્ષ સુધી વરસમાં બે-ત્રણ વખત દસ-બાર દિવસ સુધી શ્રીહરિ આવીને વાસણ સુતારને ઘેર રહેતા હતા. ૨૩.

હરિભક્તનું જેવું હૃદય હોય તે દેખાયા વિના ક્યારેય રહેતું નથી. મોક્ષદાતા કોઈ સંત હોય તે વારેવારે ગામમાં આવીને રહે ત્યારે હરિભક્તના હૃદયમાં જે ભાવ અને ઉત્સાહ હોય તે દેખાયા વિના ક્યારેય છાનો રહેતો નથી. ૨૪-૨૫. મનુષ્યની જીવે ત્યાં સુધી એકસરખી ભાવના ક્યારેય રહેતી નથી. દેશકાળ ભાવનાને ફેરવી દે છે, તે પ્રત્યક્ષ દેખાય છે. ૨૬.

सोरठा : जीवत लग ही एक, मति रहे हरिजन की जेहि;
विघ्न आवे अनेक, भाव उछाह अधिक रहे...२७
अक्षरधाम ताके, हरिजन कु देखना तेहि;
मोटप रहे अति वाके, संत कि मोटप रहे जिमि...२८

જે હરિભક્તને અનેક પ્રકારનાં વિઘ્ન આવે, છતાં પણ એકસરખી ભાવના રહે અને ઘણો ઉત્સાહ રહે ત્યારે તે હરિભક્તને તો અક્ષરધામના મુક્ત જ જાણવા. તેની મોટાઈ તો સંતોની મોટાઈ જેવી ઘણી મહાન છે. ૨૭-૨૮. **જેમાં જેટલું નિર્માનીપણું અને સહનશક્તિ હોય તે હરિભક્ત તેટલો ઘણો બુદ્ધિશાળી ગણાય છે.** પ્રહ્લાદજી ત્રિલોકીના રાજા હતા. છતાં ઘણા જ અનુપમ બુદ્ધિમાન હતા. ૨૯. ત્રિલોકીમાં જે કાંઈ ધન-સંપત્તિ હતી તે બધી પ્રહ્લાદજીની હતી, પણ તેણે તેનાથી ભગવાનમાં વધારે સુખ દેખ્યું. તેથી માયિક પંચવિષયનાં સુખ અતિ લૂખાં લાગ્યાં. ૩૦. કોઈ રાજાની જ્યારે આવી સમજણ હોય ત્યારે તેને હકીકતમાં બુદ્ધિશાળી કહેવાય છે. આવા રાજાને વર્તનમાં તો દેવતાઓ કરતાં પણ અધિક અને અનુપમ જાણવા. ૩૧.

જ્યાં સુધી રાજાને ભગવાનમાં ભક્તિ-ભાવના ન હોય ત્યાં સુધી તે રાજાને પ્રાકૃત માનવો. તેવો રાજા તો બે દિવસ રાજ્યસત્તા ઉપર રહીને માટીમાં માટી થઈને મળી જાય છે. ૩૨. પણ પ્રહ્લાદ જેવા મહાન રાજાની

અપાર કીર્તિ કલ્પપર્યંત સદા રહે છે. કરોડો વાર પ્રલય થાય તોપણ તેની કીર્તિ દિનપ્રતિદિન વધતી જાય છે. ૩૩. એવા બુદ્ધિશાળી જે રાજાઓ છે તે જ ખરેખર રાજા કહેવાય છે. આવી ભાવના વિનાના જે રાજાઓ છે તેઓ તો જીવે ત્યાં સુધીના જ રાજા છે. ૩૪. અને તેનો કાયદો ને હુકમ તેનું શરીર રહે ત્યાં સુધી રહે છે એવું દેખ્યામાં આવે છે. કેમ જે, જેને ભગવાનમાં ભક્તિ-ભાવના નથી તે બધા રાજાઓ તો વ્યવહારિક રાજા કહેવાય છે. ૩૫.

બુદ્ધિમાન રાજા ન્યાયરૂપ ધર્મમાં સ્થિતિ રાખે છે અને જે રાજા તથા દીવાન બુદ્ધિહીન હોય છે, તેઓ તો અત્યંત અધિક ધનના લોભથી ન્યાયની જગ્યાએ અન્યાય કરતા રહે છે, અને તેઓ લેશ પણ ભગવાનનો ડર રાખતા નથી અને હંમેશાં અધર્મ જ કરતા રહે છે. ૩૬-૩૭. ભગવાનનો ડર જે રાજા નથી રાખતા તે મરીને જમપુરીમાં જાય છે અને જેટલું અધર્મમાર્ગમાં ચાલ્યા હોય તેટલો તેઓ ત્યાં માર ખાય છે. ૩૮. જેઓ તુચ્છ બુદ્ધિવાળા રાજાઓ છે તે શરીર, ધન અને રાજ્યના મદથી અધર્મમાં ચાલ્યા વિના રહેતા નથી, એ વાત નિશ્ચિત છે. ૩૯. શરીર, ધન અને રાજ્યનો મદ ધર્મરાજાની આગળ ટકી શકતો નથી. એક નક્કી હદ કરીને તેઓ બોલે છે, અર્થાત્ કપટ રાખીને વાત કરવા જાય છે છતાં ધર્મરાજ આગળ બધા અન્યાયને કબૂલ કરવા પડે છે. ૪૦. સર્પ જ્યારે ચાલે છે ત્યારે શરીરને વાંકુ-ચૂકું રાખીને ચાલે છે, પણ જ્યારે દરમાં જાય છે ત્યારે અંગ સીધું કરીને જાય છે. તેમ તેવા રાજાઓ ધર્મરાજા આગળ સીધા ચાલે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ માણકી વછેરી ખરીદી તથા વડતાલ ઉત્સવમાં પધાર્યા' એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર પંદરમું : તરંગ - ૪૩

શ્રીહરિએ વડતાલમાં આવીને રંગોત્સવ કર્યો

સમગ્ર દેશના હરિભક્તોના સંઘ શ્રીહરિના પહેલા વડતાલમાં આવી ગયા હતા. તેની ગણતરી થઈ શકતી નથી. ૧. જેટલા સંતો હતા તે બધા ભેળામળીને આવ્યા હતા. શ્રીહરિએ સવારમાં જ ઘણું હેત કરીને સહુને દર્શન દીધાં. ૨. વડતાલના હરિભક્ત જોબનપગી હતા તેની મેડીના ગોખમાં શ્રીહરિ સહુને દર્શન દેવાને માટે આવીને બેઠાં. ૩. મેડીની આગળ વિશાળ ચોક હતો. તેમાં જેટલા હરિભક્તો અને સંતો હતા તે આવ્યા અને તેની સભા થઈ. ૪.

સહુ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બે હાથ જોડીને બોલ્યા કે, અમે તો બધા ફૂલદોલના દિવસે જ અહીંયાં આવી ગયા હતા. ૫. આપ અહીં પધારશો એવી વાત સાંભળી હતી અને આવીને ફૂલદોલને દિવસ રંગ ઉડાડશો એવું ધાર્યું હતું, પણ આપના હાથનો રંગ તો ઘણો દુર્લભ છે. એ કાંઈ બીજા રંગ જેવો ન કહેવાય. ૬. અનંત બ્રહ્માંડમાં જેટલા રંગો રહ્યા છે તે બધા રંગો આપના રંગની સમાન અમે અત્યારે નજરે દેખતા નથી. ૭. ભવ અને બ્રહ્મા જેવા દેવતાઓને પણ આપનો રંગ મળવો દુર્લભ છે અને અક્ષરધામમાં જે મુક્ત રહ્યા છે તેમને પણ આપના હાથનો રંગ દુર્લભ છે, ૮. તો બીજા ધામની તો વાત જ શું કહેવી ? કેમ જે, આપનો તો રંગ જ એવો છે. અને જેને તે આપનો રંગ લાગી જાય છે તે અન્ય કોઈને આપના સમાન દેખતા નથી. ૯.

અનંત બ્રહ્માંડોનાં જેટલાં સુખ કહેવાય છે તે બધાં સુખ આપના રંગથી રંગાયેલા સંતો-ભક્તોને કાકવિષ્ઠા સમાન દેખાય છે; એવો તમારો રંગ દુર્લભ અમે જાણીએ છીએ. ૧૦. આપનો રંગ જેને લાગ્યો નથી તે બધા આ બ્રહ્માંડમાં વિષયના રંગને દુર્લભ દેખીને બંધાઈ રહ્યા છે અને જન્મ-મરણને ભોગવતા રહે છે. ૧૧. વિષયી લોકો આપના રંગ વિના વારંવાર જમપુરી અને લખચોરાશીમાં જાતા-આવતા રહે છે. કેમ જે, આપના સિવાયના બીજા જે જગતના રંગ છે તે બધા એવા જ છે. ૧૨. ઉપર કહેલા

સંત અને હરિભક્તોનાં વચન વેદમાં પ્રમાણભૂત થાય એવાં હતાં. કેમ જે, હરિભક્તની વાતનું આ (ઉપરોક્ત) તાન હતું. એટલે તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. ૧૩.

કારણ કે, શ્રીહરિ સંબંધી વાતના (આવા માહાત્મ્યસભર) તાનને જે ભક્તજન જાણે છે તેને બધા ગ્રંથો દુર્લભથી પણ અતિશય દુર્લભ હરિભક્ત કહે છે. ૧૪. શ્રીહરિના સંબંધવાળી જે કાંઈ પણ વાત કહેવાય છે તેનાથી સંસારના બંધન છૂટી જાય છે, કોઈને બંધન રહેતું નથી; એવી તે વાત અદ્‌ભુત સામર્થ્યયુક્ત છે. ૧૫. જેને સત્સંગ થયો નથી એવા લોકો તો બ્રહ્માના જેવા વિચક્ષણ હોય તોપણ તેઓ સંસારના બંધનને ઓળખતા નથી. ૧૬. મનુષ્ય જ્યાં સુધી ભવબંધનને ઓળખતો નથી ત્યાં સુધી તે આ સંસારમાં ભટકતો રહે છે અને જેટલી સ્થાવર-જંગમ યોનિઓ છે તેમાં વારંવાર ફરતો રહે છે. ૧૭.

તેને કરોડો કલ્પ સુધી ગણીએ તોપણ તેનો પાર આવતો નથી. જેટલા જીવો સત્સંગ વિના રહ્યા છે એટલા જીવો ભવબંધનમાં બંધાઈ રહે છે. ૧૮. તે બધા સંતો અને હરિભક્તોના હૃદયને અત્યંત શુદ્ધ દેખીને પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા કે, તો હવે તમે બધા રંગ બનાવો. ૧૯. તમને સહુને રંગમાં ભીંજવવાનો અમે મનમાં સંકલ્પ કર્યો હતો. એટલા માટે તો અમે ગઢપુરથી દોડીને અહીંયાં આવ્યા છીએ. માટે રંગ તૈયાર કરવામાં હવે વિલંબ કરશો નહિ. ૨૦.

પછી સંતો અને હરિભક્તોએ કેસુડા અને પતંગનો રંગ બનાવ્યો. તાંબાં અને પિત્તળનાં મોટાં મોટાં પાત્ર ભરી લીધાં, જેનો ગણતા પાર પામી શકાતો નથી. ૨૧. જોબનપગીના ઘરના મેડીના માળમાં જેટલો સમાયો તેટલો રંગ શ્રીહરિએ મંગાવ્યો અને પિચકારીઓ તો સંતો તથા હરિભક્તોએ અગાઉથી બનાવી રાખી હતી. ૨૨. તે ભક્તોએ કેટલાક મણ ગુલાલ મગાવી રાખ્યો હતો. બધું શ્રીહરિની આગળ લાવીને મૂક્યું. શ્રીહરિએ કમર કસીને માથે બોકાની વાળી લીધી. શ્રીહરિની તરુણ કિશોર છબી અતિ નવીન લાગતી હતી. ૨૩. (સં.૧૮૭૦ ફાગણ વદ-૫ તા.૧૧-૩-૧૮૧૪ને બુધવારના દિવસે) શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં.

સંતો વસંત, ધુમાર અને હોરીના વિવિધ પદો ગાતા હતા. ૨૪. પછી સહુ સંતો અને હરિભક્તો પિચકારીમાં ભરી ભરીને શ્રીહરિ ઉપર રંગ ઉડાડવા લાગ્યા. ૨૫. શ્રીહરિ તાંબાની કુંડીમાં ભરી ભરીને રંગ ઉડાડતા હતા. તે સમયે રંગની અત્યંત ઝડી મચી ગઈ. સહુના મનમાં ઘણો ઉમંગ ભર્યો હતો. ૨૬. જેટલો રંગ તૈયાર કર્યો હતો તે બધો શ્રીહરિએ ઉત્સાહ સભર ભાવથી ઉડાડી દીધો. પછી જે ગુલાલ હતો તેને ઉડાડવા લાગ્યા. ૨૭.

મકાનો અને ચોક રંગ તથા ગુલાલે કરીને રંગાઈ ગયા અને તેનો કીચડ બન્યો. તેથી તેની અત્યંત શોભા બની હતી. ૨૮. રંગનો થયેલો આ કીચડ તેને હરિભક્તો અલૌકિક જાણીને ઘણા હેતથી લેવા લાગ્યા. તે વખતે શ્રીહરિની આ જે રંગલીલા હતી તેને જોવા માટે દેવતાઓ બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તે વિમાનોથી બધું આકાશ છવાઈ ગયું. દેવો વાજિંત્રો વગાડતા હતા અને તેઓ પણ કેસરનો રંગ અને ફૂલની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૯-૩૦. દેવોની જે અપ્સરાઓ કહેવાતી હતી તે બધી ત્યાં નૃત્ય અને ગાન કરવા લાગી. જ્યારે આ રીતે શ્રીહરિ રંગે રમી રહ્યા તે પછી તત્કાળ નારાયણધૂન કરવા લાગ્યા. કૃપાળુ શ્રીહરિ રંગથી રસબસ ભર્યા હતા. બધા સંતો તથા હરિભક્તો પણ રંગથી ભર્યા હતા. જ્યારે ધૂન પૂરી થઈ ત્યારે શ્રીહરિ સ્નાન કરવા માટે ચાલ્યા. ૩૧-૩૨.

જોબનપગીના ભાઈ સુંદરપગી હતા. સુખના ધામ શ્રીહરિ તેના કૂવે નાહ્યા. બધા સંતો અને હરિભક્તો બીજા કૂવાઓ ઉપર ગયા અને ત્યાં સહુએ સ્નાન કર્યું. ૩૩. સહુ સંત-હરિભક્તો ગામમાં શ્રીહરિની ભેળા થઈને આવ્યા. બધા સંતો મુખથી વસંતના પદ ગાતા હતા. ત્યારે શ્રીહરિએ આવીને પ્રથમ ભોજન કર્યું અને તે પછી સંતોની પંગત કરાવી. ૩૪. સુખદાયક શ્યામ શ્રીહરિ સંતોની પંગતમાં ઘણા જ હેતથી લાડુ પીરસવા લાગ્યા. શ્રીહરિને પંગતમાં પીરસવામાં ઘણો ઉત્સાહ હતો. તેથી ઘણી શીઘ્રતાથી પંગતમાં ફરતા હતા. ૩૫. **સંતો લાડુ જમતા હતા તેમાં તેમને કોઈને લાડુ જમવાનો નિયમ રહ્યો નહિ. તેઓને શ્રીહરિની મૂર્તિમાં લક્ષ થયો હતો. તેથી શ્રીહરિના મનમાં ઘણું આશ્ચર્ય થયું.** ૩૬. બધા સંતો પોતાના નિયમિત

આહાર કરતાં ત્રણગણું વધારે જમ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આ સંતોમાં મુક્તોએ પ્રવેશ કર્યો છે.' ૩૭. પછી બીજે દિવસે શ્રીહરિએ વડતાલ ગામની બહાર સભા કરવાનું મનમાં ધાર્યું. તેથી સંતોએ આંબાની ડાળ સાથે તૈયાર કરીને એક સારો હિંડોળો બાંધ્યો. ૩૮. હિંડોળો બનાવનાર સંતનું અમૂલ્ય નામ નિષ્કુળાનંદમુનિ હતું. તેઓ અનુપમ બુદ્ધિમાન હતા. તેમણે બનાવેલા હિંડોળે આવીને શ્રીહરિ બેઠા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ વડતાલમાં આવીને રંગોત્સવ કર્યો' એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ।।૪૩।।



પૂર પંદરમું : તરંગ - ૪૪

સંતો તથા ભક્તોએ શ્રીહરિની પૂજા કરી

શ્રીહરિ જ્યારે તે હિંડોળામાં બેઠા ત્યારે સંતો અને હરિભક્તોની સભા થઈ. તેમાં સંતો કીર્તન ગાવા લાગ્યા. ૧. પછી ભાઈરામદાસસ્વામીએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, મહારાજ ! અમારે આપની પૂજા કરવાની ઈચ્છા છે તો અમને રજા આપો. ૨. હર એક સમૈયામાં બધા સંતોને એક વખત રાજી થઈને પૂજા કરવાની આપે આજ્ઞા કરવી જોઈએ. ૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'શિયાળા સિવાયના સમૈયામાં સહુ સંતોએ અમને પૂછીને એક દિવસ અમારી પૂજા કરવી. ૪. સહુ સંતોને કહી દેવું કે, અમારી પૂજા કરવાને માટે કોઈએ કેસરયુક્ત ચંદન કે ફૂલના હાર કોઈ હરિભક્તની પાસે મગાવીને ક્યારેય પૂજા ન કરવી. નિર્લોભપણાનો નિયમ દૃઢ કરીને પાળવો. અમારે માટે થઈને ક્યારેય નિર્લોભપણાના નિયમનો ભંગ કરવો નહિ. ૫-૬.

કોઈ સંતોએ અમારે માટે થઈને મેવા, ફળ, વસ્ત્ર, ઘરેણાં આદિક બધું ક્યારેય હરિભક્તની પાસે જિંદગીભર માગવું નહિ. ૭. જે કોઈ પણ સંતને અમારી પૂજા કરવાની હોય ત્યારે ઘણા ઉત્સાહથી આનંદાનંદમુનિની પાસે જાવું અને જે જે વસ્તુ જોઈએ તે નિર્માની થઈને માગવી. કોઈ વખતે

માગેલી વસ્તુ મળે કે ન મળે, તે બાબતમાં શોક ન કરવો. ૮-૯. સંતોએ પદાર્થ સંબંધી ક્યારેય શોક કરવો નહિ અને સારી રીતે નિર્લોભપણાનો નિયમ પાળવો. **અમારા વચનોને જે પાળે છે તેને અમારી પૂજા કરે તેથી પણ અમે અધિક પૂજા કરી છે, એમ વિશેષ તેને રાત્રી-દિવસ માનીએ છીએ; અમારી આવી સમજણ છે.** તમે જે બધા સંતો, વર્ણી અને પાર્ષદ આદિક કહેવાઓ છો તેઓ સત્સંગને માટે જે સેવા કરો છો તે સેવાને હું મારી સેવા માનું છું અને જે લોકને ઠગવા માટે ત્યાગ, ધ્યાન અને કથા-વાર્તા કરે તેને અમે સેવા માનતા નથી. ૧૦-૧૨. તે દંભથી લોકોને ઠગે છે તેની તેમને ખબર નથી. અંતે તો તે વિમુખ થઈ જશે. તે વાત નિશ્ચિત છે. ૧૩.

જેવા બહાર દેખાતા હોય એવા જ હૃદયથી જે શુદ્ધ હોય તે સાચા સંત છે. એવા સંતોના ઉપર અમે દિનપ્રતિદિન વિશેષ રાજી રહીએ છીએ. ૧૪. જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો નિષ્કપટ રહે છે તેઓ અમારી સેવા નિરંતર કરે છે એમ અમે માનીએ છીએ.' ૧૫. શ્રીહરિએ આટલી વાત કરીને સહુને પૂજા કરવા માટે આજ્ઞા કરી. તે પછી સહુ સંતો, વર્ણી અને પાર્ષદો પૂજા કરવા આવ્યા. ૧૬. શ્રીહરિએ કહ્યું, તમે સહુ એક એક જણ આવીને પૂજા કરો. ત્યારે શ્રીહરિએ જે વચન કહ્યું તે પ્રમાણે સહુ સંતો પૂજા કરવા લાગ્યા. ૧૭.

❋ પ્રસન્નતા એ જ પ્રાપ્તિ :

चोपाई :

तेही कर हरि प्रसन्न रहाते, प्रसन्नता में अति सुख आते;
हरि प्रसन्न तिमि जो करना, बचन बार कबु पग न धरना...१८
सब शास्त्र के रहस्य जितना, जाने में सब आये तितना;
बचन बार पग धरत जितने, रहस्य जाने में फरक रहे तितने...१९

તેનાથી શ્રીહરિ રાજી હતા અને રાજીપામાં જ ઘણું સુખ આવે છે. શ્રીહરિ રાજી હોય તેમ જ કરવું. વચનની બહાર ક્યારેય પગલું મૂકવું નહિ. ૧૮. **બધા શાસ્ત્રોનું આટલું જ રહસ્ય છે અને અમને આટલું જ**

સમજવામાં આવ્યું છે કે, જે લોકો શ્રીહરિનાં વચનની બહાર પગલું મૂકે છે તેટલું તેને પ્રગટ ભગવાનના રહસ્યને જાણવામાં ફરક રહ્યો છે. ૧૯. અને જેટલો રહસ્ય સમજવામાં ફરક રહે છે તેટલો મોક્ષને સમજવામાં ફરક રહે છે. આ વાત પ્રસિદ્ધ દેખાય છે. જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો હતા તે બધા આવી સમજણવાળા હતા. ૨૦.

કેસરયુક્ત ચંદનના બે કટોરા ભરીને શ્રીહરિની આગળ મૂકી રાખ્યા હતા. સહુ સંતો વિચારીને પહેલા શ્રીહરિના લલાટમાં પૂજા કરતા હતા અને પછી ચરણકમળની પૂજા કરતા હતા. કેસરચંદન ચરણ ઉપર ચર્ચીને સંતો હરખભેર તે ચરણને છાતી ઉપર ચાંપતા હતા. ૨૧-૨૨. સંતો સોળે ચિહ્ને સહિત ચરણારવિંદ છાતિમાં દેખાય તે રીતે ચાંપતા હતા. શ્રીહરિ જ્યારે જ્યારે સમૈયો કરતા હતા ત્યારે સંતોને ભેટતા અને છાતીમાં ચરણ દેતા હતા. ૨૩. અને તેટલી વખત પૂજા કરવા દેતા. તેમજ પ્રસાદીના ઘણા થાળ આપતા હતા અને પ્રસાદીનાં ફૂલના હાર પણ વારંવાર આપતાં હતાં. તેનો ગણવાથી પણ કોઈ આંક આવતો નહિ. વાત બધી લખી શકાય તેમ નથી. ૨૪.

કેટલાક સંતોને પ્રસાદીનાં વસ્ત્રો પણ આપતાં અને બીજી પણ કેટલીક પ્રસાદીની અપાર વસ્તુઓ આપી હતી. ૨૫. શ્રીહરિ સંતોને પ્રસાદી જે આપતા હતા તેનું રહસ્ય એટલું તેમણે મનમાં ધાર્યું હતું કે સંતોને વારંવાર શ્રીહરિની મૂર્તિ સાંભરે. ૨૬. સંતો પૂજા કરી રહ્યા તે પછી હરિભક્તો પૂજા કરવા આવ્યા. તેઓ વસ્ત્ર અને ઘરેણાં જે લાવ્યાં હતાં તેનો પાર લઈ શકાતો નથી. ૨૭. તેઓ જે ફૂલના હાર, બાજુબંધ અને તોરા લાવ્યા હતા, તેનો ગણવાથી પાર આવતો ન હતો. આટલા બધા લોકોએ પૂજા કરી હતી. ૨૮. જ્યારે સંત-હરિભક્તો બધા પૂજા કરી રહ્યા ત્યારે અગરબત્તીનો ધૂપ કર્યો હતો અને કપૂરની આરતી કરી હતી; તેનો સુંગધ સભામાં વ્યાપી ગયો હતો. ૨૯. જ્યારે આરતી થઈ ત્યારે જેટલા વાજિંત્ર કહેવાય છે તે બધા વાગતા હતા અને ભક્તજનો 'જય જય' 'જય જય' આવા શબ્દોને બોલતા હતા. સહુના અંતરમાં અતિશય ઉત્સાહ ભર્યો હતો. ૩૦.

❋ દિવ્યભાવની દઢતાના ઉપાય :

ચોપાઈ :

संत संत की पूजा जोउ, करत भये तब परस्पर सोउ;
शुक नारद सनकादिक ईनसे, अधिक मोटप देखत भये तिनसे...३१
आपसे ओर संत हि ताकि, अधिक मोटप कहत भये वाकि;
आप में दोष रहाये जितना, मायिक तनके संबंध कर तितना...३२

તે સમયે સંતોમાં પણ સહુ સંતો પરસ્પર એકબીજાની પૂજા કરતા હતા. કેમ જે, તે સંતો શુકદેવજી, નારદજી અને સનકાદિકો કરતાં પણ એકબીજાની મોટપ અધિક દેખતા હતા. ૩૧. સંતો પોતાના કરતાં બીજા સંતોની મોટાઈ અધિક કહેતા હતા અને પોતામાં જે કાંઈ દોષ હોય તે તો માયિક શરીરના સંબંધથી છે એમ માનતા. ૩૨. સંતો દોષોને તો અસુરના રૂપમાં દેખતા અને એક જીવાત્માને જ શુદ્ધરૂપે દેખતા હતા. તથા પોતા સિવાય બીજા સંતોના શરીરને તો દિવ્યભાવથી દેખતા હતા. ૩૩. જે રીતે સંતો ભગવાનના ગુણ ગાતા હતા તે રીતે જ સંતોના પણ ગુણ ગાતા હતા. સંતોની જીભ એવી અમૃત સરખી હતી કે, તે હંમેશાં પૂજાને યોગ્ય લાગતી. ૩૪.

જેને સંતના ઉપર અત્યંત હેત રહ્યું હોય તો કદાચ સંતોમાં દોષ હોય તોપણ તેને ગુણ કરીને ગાય છે. અને જો સંતોના ઉપર હેત ન હોય તો તેમાં અપાર ગુણ રહ્યા હોય, તોપણ તે ગુણોનો ત્યાગ કરીને કેવળ દોષને જ ગ્રહણ કરે છે; આવા અભાગિયા સભા વચ્ચે સંતોના દોષને જાહેર કરે છે. કેમ જે, તેની જીભમાં અભાવરૂપી ઝેર આવીને વસ્યું છે. ૩૫-૩૬. કોઈ મનુષ્ય જાહેરમાં બીજાના દોષોને દેખાડનારી વાત કહે છે તો તે વાત કપડાં કે ઘરેણાં પહેર્યા વિનાના નગ્ન માણસ જેવી દેખાય છે. ૩૭. કેટલાંક વચન આંધળાં છે, કેટલાંક વચન બહેરાં છે, કેટલાંક વચન મૂંગાં છે અને કેટલાંક વચન ઝેર ભરેલાં છે. અર્થાત્ જે ગુણોને જોયા વિના કેવળ દોષોને કહે છે, તે આંધળાં વચન જાણવાં. જે ગુણોને સાંભળ્યા વિના બીજાના કેવળ દોષોને કહે છે, તે બહેરાં વચન જાણવાં. જે બીજાના ગુણોને કહ્યા સિવાય કેવળ દોષોને જ કહે છે તે મૂંગાં વચન જાણવાં. અને જે રાગ-દ્વેષથી

અભાવવર્ધક વચનો બોલે છે તે ઝેર ભરેલાં વચન જાણવાં. ૩૮. કેટલાંક વચન કડવાશરૂપી ઝેર ભરેલાં હોય છે અને કેટલાકનાં વચન તો અગ્નિની જેમ બીજાને બાળે એવાં ઘણાં તીખાં હોય છે. ૩૯. કેટલાંક તો શસ્ત્રની જેમ કાપનારાં, પશુનાં જેવાં મૂર્ખતાં ભરેલાં અને પંખીનાં જેવાં અજ્ઞાન ભરેલાં વચન હોય છે. આમ, વચન વચનમાં ઘણો ભેદ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સંતો તથા ભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર પંદરમું : તરંગ - ૪૫

શ્રીહરિએ વડતાલમાં હિંડોળા પ્રસંગે ચરોતરની ઉત્તમતા કહી

⁕ પ્રિય અને હિતકારી વાણી એ જ ઔષધ છે :

दोहा : वचन रहे अमृत कीतने, अंध बिन हे अनंत;
बधीर बिन रहे अपार हि, जानत भये संत...०१
मुंगे बिन वचन हे कीतने, कटुक बिन हे केते;
संत उचरत शुद्ध वचन हि, विचार करी मन तेते...०२

કેટલાક સંતોના વચન અમૃત જેવાં હતાં. વળી આંખે દેખીને સત્ય વચન બોલનારાં અનંત સંતો હતાં. સત્ય વાત સાંભળ્યા પછી બોલનારા પણ અપાર સંતો હતા. ૧. અન્યના સદ્‌ગુણની બાબતમાં મૌન રહ્યા સિવાય પ્રિય વચન બોલનારાં અને કેટલાક સંતો કડવાશ વિના મધુરાં વચન બોલનારાં હતાં. તે સંતો મનમાં વિચાર કરીને શુદ્ધ વચન બોલતાં હતાં. ૨.

सोरठा : प्रिय वचन जो उचरत, अप्रिय न उचरत कबही;
संत हि ताको कहत, अप्रिय उचरत असाधु यह...०३
अप्रिय में प्रिय जोउ, केते वचन उषध सम;
जानत सुज्ञ जन सोउ, असाध्य कु न देख परत...०४

જે પ્રિય વચનને બોલે છે અને ક્યારેય અપ્રિય વચન બોલતાં નથી તેને સંત કહેવાય છે. અને જે અપ્રિય વચન બોલે છે તેને અસાધુ કહેવાય છે. ૩. કેટલાક સુજ્ઞ સંતો અપ્રિય વચનોમાં પણ પ્રિય ઔષધની જેમ બોલી જાણતા હતા, તે ડાહ્યો માણસ જાણે છે. પરંતુ જેને અસાધ્ય એવો અજ્ઞાનરૂપી રોગ થયો છે તેને દેખાતું નથી. ૪.

કેટલાક હરિભક્તો તે સભામાં બેઠેલા સંતો, વર્ણી અને પાર્ષદોની ચંદન, ફૂલના હાર અને વસ્ત્રોથી ઘણી સારી પૂજા કરતા હતા. ૫. હરિભક્તો જ્યાં સુધી સત્સંગ કરે છે ત્યાં સુધી તેમની સદ્‌ભાવના એકસરખી રહે છે. પણ જ્યારે તેઓ કુસંગનો જોગ કરે છે ત્યારે તરત જ તેમની ભાવના ફરી જાય છે. ૬. લીલાગર ભાંગ અને દારૂને પીવાથી એક પળવારમાં મન ફરી જાય છે તેમ કુસંગમાં લીલાગર ભાંગ અને દારૂના જેવો ગુણ રહ્યો છે. ૭. જે પાકા હરિભક્તો છે તે તો તેને દેખતા રહે છે અને સદા કુસંગથી દૂર ભાગતા ફરે છે. માણસ જ્યારે ઝેર પીવે છે ત્યારે તેના ગુણ તરત જ દેખાય છે. કુસંગ ઝેર સમાન છે. ૮. જે શુભ વાત છે તે સત્સંગ કહેવાય છે અને જે અશુભ વાત છે તે કુસંગ કહેવાય છે. શુભ વાતમાં મળે તેવી અપાર વાતો સત્સંગમાં રહી છે.૯.

શાસ્ત્રના સારભૂત જે વાત છે તેને સત્સંગ કહેવાય છે. અને અસાર વાતને કુસંગ કહેવાય છે. જે વાતને સાંભળવાથી જેટલું સુખ થાય છે, તેટલો તે સત્સંગ કહેવાય છે. ૧૦. અને જેટલી વાત ઉદ્વેગ અને અસુખ કરે તેટલી વાતને પ્રત્યક્ષ કુસંગ જાણવો. જેટલી વાતમાં નીતિ રહી હોય છે તેટલી વાતમાં સત્સંગ જાણવો. ૧૧. જે વાતમાં જેટલી અનીતિ દેખાય છે તે વાતમાં તેટલો કુસંગ કહેવાય છે. તપાસ કર્યા વિના મનુષ્યને તરત જે મારી નાખવો, તેનું નામ કુસંગ અને અધર્મ કહેવાય છે. અને જે વિચાર કરવો તે ધર્મ છે અને તે સત્સંગથી મળે છે. ૧૨-૧૩. સત્સંગ અને કુસંગના દ્વાર બે પ્રકારના છે. સત્સંગનું દ્વાર ઉચ્ચ છે. અને કુસંગનું દ્વાર ઘણું નીચ છે. ૧૪.

જે હરિભક્તો હતા તે શ્રીહરિ જેમ રાજી થાય તેમ કરતા હતા. અને તેથી જ તે હરિભક્તોની મોટાઈ છે. ૧૫. **જેનાથી શ્રીહરિ રાજી થાય તેના**

સમાન બીજું કોઈ સાધન નથી. શ્રીહરિને રાજી કરવા તે જ પરમ રહસ્ય છે, તેના જેવું બીજું કોઈ રહસ્ય નથી. ૧૬. જ્યારે શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા તે વખતે અત્યંત શોભા થઈ રહી હતી. કેટલાક ફૂલના હારને છાતી ઉપર જે પહેર્યા હતા, તે ઘણા સોહામણા લાગતા હતા. ૧૭. કેટલાક ફૂલના હાર પાઘ ઉપર બન્ને બાજું લટકી રહ્યા હતા અને પાઘ ઉપર કેટલાક તોરા લટકતા હતા. તેમાંથી સારો સુગંધ પ્રસરી રહ્યો હતો. ૧૮. બન્ને ભૂજાઓ ઉપર અને ચરણમાં કેટલાક ફૂલના હાર બાંધ્યા હતા. શ્રીહરિ હિંડોળા ઉપર ઊભા રહ્યા ત્યારે સુંદર નટવર છબી ઘણી અદ્‌ભુત બની હતી. ૧૯.

અનંત બ્રહ્માંડોની જે અધિક શોભાઓ હતી તેના કરતાં પણ અપાર અધિક શોભાને શ્રીહરિ પોતાની મૂર્તિમાં દેખાડતા હતા. ૨૦. શ્રીહરિમાં એવી અનંત કળાઓ હતી, જેનો કોઈ પાર પામતા નથી. અપાર ફૂલના હારોથી હિંડોળો રમણીય બન્યો હતો. ૨૧. હિંડોળાની ઉપર સોનાના સુશોભીત કળશ સ્થાપેલા હતા. અને જ્યારે હિંડોળો ચાલતો હતો ત્યારે હિંડોળામાં રહેલા ઘૂઘરા ઘમકતા હતા. ૨૨. હિંડોળાની ચારેબાજુ મોતીના તોરણ બાંધ્યા હતા તે ઝગમગ ઝગમગ ચમકી રહ્યા હતા. આ વખતે શ્રીહરિ વડતાલમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ આવીને હિંડોળા ઉપર બેસતા હતા. ૨૩. હિંડોળાની ચારેબાજુ કમાનવાળા બારણા હતા, ઉપર છજા હતા અને સુશોભિત ઘૂમટી અને ચારેય બાજું પડદા પણ સુંદર સુશોભિત હતા. ૨૪. સોનાનો વરખ લગાવેલા લીંબુના ગુચ્છ બનાવીને હિંડોળામાં લટકાવ્યા હતા. તેની અદ્‌ભુત શોભા કહી જાતી નથી. ૨૫. નાની નાની કેરીઓના ગુચ્છ કરી તેને સોનાનો વરખ લગાવ્યો હતો. અને કેટલીક કેરીઓને રૂપાનો વરખ લગાવીને હિંડોળે લટકાવી હતી. ૨૬. સોનાના કમળને આકારે સૂર્યમુખી કરીને બધા બારણાઓમાં બબ્બે લગાવી હતી. ૨૭. તે હિંડોળાના સ્થંભ સોનેરી અને અનુપમ હતા. તે બધા સ્થંભોની અદ્‌ભુત શોભા બની હતી. ૨૮.

બ્રહ્માંડમાં રહેલા સાત દ્વીપોમાં જંબુદ્વીપ મધ્યે છે અને જંબુદ્વીપમાં નવ ખંડ છે, તેમાં ભરતખંડ ઉત્તમ છે. ૨૯. ભગવાનના જેટલા અવતારો છે તે બધા આ ભરતખંડમાં થાય છે. આ ખંડ અવતાર વિના ખાલી રહેતો નથી

માટે ભરતખંડ બીજા સહુ ખંડ કરતાં ઉત્તમ કહેવાય છે. ૩૦. પાપ અને પુણ્યની રીત ભરતખંડમાં રહી છે. વેદ, પુરાણો અને સ્મૃતિઓ એ બધાં જે શાસ્ત્રો છે તે આ ભરતખંડમાં રહ્યા છે. ૩૧. વેદ અને પુરાણોમાં વર્ણાશ્રમના જે ધર્મ છે તેને સ્મૃતિરૂપ ધર્મ ગ્રંથમાં બ્રહ્મા અને મનુ આદિકે પ્રતિપાદન કર્યા છે. ૩૨. જેટલા મોટા મોટા ઋષિઓ કહેવાતા હતા, તેમણે સ્મૃતિઓમાં વર્ણાશ્રમના ધર્મનું પ્રતિપાદન કર્યું છે. જે લોકો વર્ણાશ્રમના ધર્મનો ત્યાગ કરીને ચાલે છે તે માનો યવનની જાતીને ધરી રહ્યા છે. ૩૩.

વેદોએ કહેલ ધર્મમર્યાદામાં જે વર્તે છે તે બધા હિંદુ કહેવાય છે. અને જે તે ધર્મમર્યાદાનો ત્યાગ કરીને રહ્યા છે તે બધા યવન કહેવાય છે. અને તેવું કુરાન બનાવેલું છે કે, યવનોની રુચિ જે પ્રમાણે હોય તે પ્રમાણે ચાલી શકે. ૩૪. હિંદુની વાણી ઉત્તમ છે, તે બીજા અન્ય કોઈ દેશમાં બદલાતી નથી. તે વાણીનું નામ ગિર્વાણ(સંસ્કૃત) કહેવાય છે. તે વાણી બ્રહ્માના લોક સુધી રહી છે. ૩૫. ભરતખંડમાં ગુજરાતના જેવો બીજો કોઈ પવિત્ર દેશ નથી. અને ગુજરાતમાં પણ જે ચરોતર પ્રદેશ છે તે અત્યંત પવિત્ર રહ્યો છે. ૩૬. કારણ કે, શ્રીહરિએ વારે વારે ચરોતરમાં આવીને સર્વોત્તમ ઉત્સવ કર્યા છે. વડતાલ જેવા જ બીજા ગામ છે તેને ઉત્સવો કરીને અતિશય ઉત્તમ કરી દીધા છે. ૩૭. શ્રીહરિ, સંતો અને હરિભક્તોનું જ્યાં વધારે વિચરણ થયું છે તેવા સ્થાનમાં બીજાં બધાં તીર્થધામો આવીને નિરંતર રહ્યાં છે. ૩૮. શ્રીહરિ, શ્રીહરિના સંતો અને હરિભક્તો યથાર્થ ધર્મને રાખે છે તેથી ત્યાં બધાં તીર્થધામો રહ્યાં છે. ૩૯. જ્યાં ધર્મ-મર્યાદા નથી એવાં બીજાં સ્થળો તો નામમાત્રનાં તીર્થધામ રહ્યાં છે, આ વાત ચોક્કસ છે આવું શ્રીહરિ વારેવારે બોલ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ વડતાલમાં હિંડોળા ઉત્સવ પ્રસંગે ચરોતરની ઉત્તમતા કહી' એ નામે પીસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર પંદરમું : તરંગ - ૪૬

સ્ત્રી-પુરુષનો નજીકનો સંપર્ક અધઃપતનનું કારણ છે

શ્રીહરિએ વડતાલમાં પાંચ-છ દિવસ સુધી અનુપમ ઉત્સવ કર્યો. સંતોને તથા હરિભક્તોને અપાર સુખ આપ્યું. ૧. સંતોના તથા હરિભક્તોના અંતરમાં જેવી અભિલાષાઓ હતી તે બધી શ્રીહરિએ પૂરી કરી. અને સહુને અલૌકિક લાભ દીધો. ૨. અલૌકિક એવા અક્ષરધામમાંથી આવીને શ્રીહરિએ આ પ્રસંગે વડતાલ ધામમાં અલૌકિક વાતો કરી. કારણ કે ત્યાં સહુ સંતો અલૌકિક રહ્યા હતા અને સર્વે હરિભક્તો પણ અલૌકિક હતા. ૩. શ્રીહરિએ આ વખતે વડતાલ આવીને વારંવાર જે અલૌકિક ઉત્સવ કર્યા, તે દિનપ્રતિદિન એક એક ઉત્સવથી મહત્વપૂર્ણ હતા. ૪. આ બ્રહ્માંડમાં જેટલા સર્વોત્તમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ કહેવાય છે તે બધાથી અધિક અને અપાર સર્વોત્તમ ચરિત્ર શ્રીહરિ આ વખતે કરતા હતા અને તેમાં ભક્તોને અનંત સુખ આપતા હતા. જે રીતે શ્રીહરિ સુખ આપતા હતા તે રીતે તો કહી શકાતું નથી. ૫-૬.

❋ અલૌકિક દષ્ટિવાળા અલૌકિક સુખ પામે :

चोपाई :

अलोकिक सुख अलोकिक नेना, जथार्थ देखे में आवत एना;
अलोकिक दृग बिन देखे न आते, विधि जेसे बुद्धिवंत देखाते...०७
सत्संग की बात रहे जेती, अलोकिक रहाये सब तेती;
वेद पुरान की बात हे जितनी, अलोकिक रहाये जो तितनी...०८

શ્રીહરિ સંબંધી અલૌકિક સુખ તો અલૌકિક દષ્ટિથી યથાર્થરૂપમાં દેખાય છે. અલૌકિક દષ્ટિ પ્રાપ્ત થયા સિવાય બ્રહ્મા જેવા બુદ્ધિમાન દેખાતા હોય છતાં પણ તે સુખ દેખાતું નથી. ૭. સત્સંગની જેટલી વાત છે તે બધી અલૌકિક છે. અને વેદો તથા પુરાણોની જે વાતો છે તે વાતો પણ અલૌકિક છે. ૮. તે સિવાયના જે જે સિદ્ધાંતના ગ્રંથો કહેવાય છે તેને ઘણા પંડિતો અને પુરાણીઓ ભણે છે, પરંતુ તેઓ જ્યાં સુધી માયિક શરીર અને માયિક

વિષયમાં બંધાયેલા રહે છે ત્યાં સુધી તે જેમ જેમ ગ્રંથ ભણે છે તેમ તેમ અત્યંત નાસ્તિક થઈ જાય છે. **જીવ ગમે તેટલું ભણે છતાં જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેની મતિ માયિક રહે છે.** ૯-૧૦. જેની જેવી મતિ છે, તે તેવી વાત કરે છે અને જેવી મતિ હોય છે તેવી તેની સમજણ હોય છે. પછી શ્રીહરિ જ્યારે વડતાલથી ચાલ્યા તે **ગઢપુર** આવ્યા. ૧૧. શ્રીહરિ ગઢપુરમાં ત્રણ મહિના રહ્યા અને ગઢપુરના લોકોને અત્યંત સુખ આપ્યું. રામનવમીનો ઉત્સવ પણ ગઢપુરમાં જ કર્યો. ૧૨.

કારિયાણીના હરિભક્ત કણબીઓને શ્રીહરિએ માંડવધાર ગામમાં વસાવ્યા હતા. ૧૩. જ્યારે તે ગામમાં કણબી આવ્યા ત્યારે ગોવાળિયા કાઠીઓએ તે ગામ ખાલી કરી દીધું. પછી બીજા પણ કણબી આવીને રહ્યા. ૧૪. દરબાર સુરા ખાચરના લોયા ગામમાં પણ હરિભક્ત કણબીઓને શ્રીહરિએ વસાવ્યા હતા. ૧૫. ગઢપુરમાં પણ દાદા ખાચરની ખેતી કરવા માટે શ્રીહરિના દર્શનના લોભથી ઘણાં કણબી હરિભક્તો રહ્યાં હતાં. ૧૬. ઉકાભાઈ અને હરજીભાઈ એ નામે બે ભાઈ કચ્છ દેશમાં માનકૂવા ગામના હતા. તે પોતાનું ગામ છોડીને શ્રીહરિની પાસે ગઢપુર આવ્યા. ૧૭.

(ગઢપુરને વિશે અક્ષરઓરડીથી ઉતરાદી તરફના ખૂણે એક જાંબુડાનું ઝાડ હતુ. એક વખત એ જાંબુડા નીચે મહારાજ પાટ ઉપર વિરાજમાન હતા. તે વખત અભયરાજા, ઉત્તમરાજાને ઘરખેડ કરાવી આપવાનું પ્રકરણ ચાલતું હતું. તે વખત કચ્છ દેશના ત્રણ ભક્ત હરજીભાઈ, ઉકોભાઈ ને તેમની દીકરી રામબાઈ એ ત્રણ ત્યાગી થાવા અહીં આવ્યાં હતાં. તે મહારાજને પગે લાગી દંડવત કરી સામા ઊભા રહ્યાં. તે વખત નરોનારાયણાનંદ સાધુ ત્યાં આવ્યા હતા. પછી મહારાજે પૂછ્યું કે, “હે હરિભગત ! તમે કેમ આવ્યા છો ?” ત્યારે તેઓ કહે જે, “અમારે ત્રણે જણાને ત્યાગી થાવું છે.” એમ કહી પોતાની પાસે ત્રણ હજાર ચાંદીની કોરીઓ હતી, તે મહારાજના ચરણમાં મૂકી. અને સંધ મલક(સિંધ દેશ)ની ભારે લોબડી(બારીક ઉનની કામળી) તારે જુક્ત

મહારાજને ઓઢાડી મહારાજની પૂજા કરી. પછી મહારાજ બોલ્યા કે, "તમારે સાધક થાવું છે કે સિદ્ધ થાવું છે ? અને જો સાધક થાવું હોય તો નરોનારાયણસ્વામીના મંડળમાં જાઓ ને તત્કાળ સિદ્ધ થાવું હોય તો અમારી આજ્ઞા પ્રમાણે કરો."

પછી હરજીભાઈ હાથ જોડીને કહે જે, "હે મહારાજ ! અશલના ઓઠાવાલું કરવું છે.(અર્થાત્ સાધન અવસ્થા મહેનતવાળી છે અને સહુ સિદ્ધ દશાને ઉત્તમ કહે છે.) અને લાખના સ્વપ્ના કરતાં રોકડો ત્રાંબિયો સારો. માટે સિદ્ધ થાવું છે." પછી મહારાજ કહે જે, "તમે જીવુબાઈના ખેડના કારભારી થાઓ ને આ તમારી દીકરી રામબાઈ તેને સાંખ્યજોગી કરશું ને તે જીવુબાઈની સેવામાં રહે." પછી તેઓ કહે જે, "જેવી આપની આજ્ઞા હશે તેમ કરશું." પછી એ બંનેને પાળા કર્યા અને રામબાઈને સાંખ્યજોગી કર્યા.

❋ મહારાજના વચને તત્કાળ સિદ્ધદશા પામ્યા :

પછી તે જ વખત મહારાજ માણકી ઘોડીએ ચડી લક્ષ્મીબાગનો આદર કરવા તે બંને પાળા સાથે લક્ષ્મીબાગમાં ગયા. ને હરજીભાઈ તથા ઉકાભાઈને કહે જે, "તમે સાંતી હાંકો." ત્યારે તેણે સાંતી હાંકવા માંડ્યું. તેથી તેમને પાધરું જ અક્ષરધામ સમાધિએ કરીને દેખાવા માંડ્યું. ને જાગ્યા ત્યારથી સર્વ ક્રિયાને વિશે અખંડ મહારાજની મૂર્તિ નજર આગળ પ્રત્યક્ષ દેખાવા માંડી. પછી કહે જે, "હે મહારાજ ! અમે તો કૃતાર્થ થયા છીએ ને સિદ્ધદશાને પામ્યા છીએ."

પછી તે ભગતો તથા મહારાજ પાછા દરબારમાં પધાર્યા અને ત્યાં અક્ષરઓરડી પાસે જાંબુડા હેઠળ વિરાજમાન થયા. ને સચ્ચિદાનંદસ્વામીએ જેમ મહારાજની પૂજા કરી હતી, તે પ્રમાણે જ તે બંને ભગતો પાસે જીવુબાઈએ મહારાજની પૂજા કરાવી. પછી સર્વ પરમહંસ તથા સર્વ સાંખ્યજોગી તથા કર્મયોગી હરિભગતને જમાડ્યા ને

મહારાજનો થાળ કરાવ્યો. ને મહારાજે જમીને પ્રસાદી હરજીભાઈ તથા ઉકાભાઈને આપી ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. એવું તે સ્થાનને વિશે અદ્‌ભુત ચરિત્ર કર્યું.)

તે સિવાયના રામજી નામના બે હરિભક્તો પણ ખેતીનું કામ કરવા માટે ગઢપુર રહ્યા હતા. તે સિવાયના બીજા પણ કેટલાક હરિભક્તો ખેતીનું કામ કરવા રહ્યા હતા. ૧૮.

चोपाई :

श्रीहरि के दर्शन जो ताके, एक यह लोभ रहाये वाके;
श्रीहरि कु प्रसन्न करन मन मांही, अभिलाख निशदीन रहाही...१९
वैकुंठ अरु गोलोक तामें, अनंत सुखमय श्रीहरि यामें;
अनंत एश्वर्यवंत रहाये, अक्षरधाम के धामी कहाये...२०

જે હરિભક્તો ગઢપુરમાં ખેતી કરવા રહ્યા હતા તેમને શ્રીહરિના દર્શનનો જ એક લોભ રહેતો હતો. અને મનમાં રાત-દિવસ શ્રીહરિને પ્રસન્ન કરવાની અભિલાષા રહ્યા કરતી હતી. ૧૯. **વૈકુંઠ અને ગોલોક ધામમાં અનંત સુખમય સ્વરૂપે ભગવાન રહ્યા છે, તે ભગવાન અનંત ઐશ્વર્યવાળા છે અને અક્ષરધામના ધામી કહેવાય છે. જેનાં સુખનો ક્યારેય નાશ ન થાય એવા જે અવિનાશી શ્રીહરિ કહેવાય છે, તેમને રાજી કરવા માટે આ સર્વે હરિભક્તો મન, કર્મ, વચને નિષ્કપટભાવે રહેતા હતા. ૨૦-૨૧.** સત્સંગમાં જેટલી સત્સંગી હરિભક્ત સ્ત્રીઓ હતી તેમણે પોતાના સંબંધીઓનો અને સાંસારિક સુખનો ત્યાગ કર્યો હતો. અને પોતાના ધર્મને દઢ રાખવા માટે જીવુબા અને રાજબા પાસે ગઢપુરમાં આવીને રહી હતી અને જે મોટી બાઈઓ કહેવાતી હતી, તેમની સેવા કરતી હતી. ૨૨-૨૩.

બાઈઓની સેવા બાઈઓ કરતી હતી અને તે પુરુષના સંબંધથી ડરતી રહેતી. સાપ, સિંહ અને વીંછીની જેમ રાત્રી-દિવસ પુરુષોના સ્પર્શનો ડર રાખતી હતી. ૨૪. તે એવો ડર રાખતી હતી કે, જેનાથી પુરુષમાં અરુચિ રહે અને સત્સંગ સિવાયની ચારે વર્ણની જેટલી સ્ત્રીઓ છે તે પરપુરુષ સાથે

સંબંધ રાખે, તેની સાથે બોલે અને દેખે, તેને લીધે તેનો ધર્મ ક્યારેય રહેતો નહિ. આવી વાત બ્રહ્માજીએ પણ કહી છે. ૨૫-૨૬.

❋ સ્ત્રી-પુરુષની મર્યાદાની આવશ્યક્તા :

પિતા, ભાઈ અને પુત્રના સમાન બીજો કોઈ નિર્દોષ સંબંધ નથી, છતાં તેની સાથે પણ એકાંતમાં ન રહે તો જ ધર્મ રહી શકે છે. ૨૭. પુરુષ ઘીના ઘડા સમાન છે, સ્ત્રી અગ્નિના સમાન છે. આ બન્નેનો એકદમ નજીક સંબંધ રહે તો જેમ ઘી પીગળી જાય છે, તેમ તેનો ધર્મ ક્યારેય રહેતો નથી. ૨૮.

મેરુના જેવડો દારૂનો ઢગલો હોય અને તલના જેટલો અગ્નિનો તણખો હોય તે બન્નેનો અજાણે સંબંધ થાય, તોપણ દારૂ સળગ્યા સિવાયનો રહે નહિ. ૨૯.આવી વાત તો ઘણી છે, કહેતાં પાર આવતો નથી. જ્યાં સુધી સ્ત્રી-પુરુષનો એકાંતમાં સંબંધ ન થાય ત્યાં સુધી તે બન્નેનો ધર્મ દૃઢ રહે છે. ૩૦. ગીતામાં અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને પણ આવી વાત કહી છે,

ગૃહસ્થ સિવાયનો જે ત્યાગી હોય તે વૃદ્ધ કે રોગી હોય, તોપણ ભૂલથી પણ નારીનો સંબંધ રાખે તો તેનું મન નિશ્ચય વિષયમાં ખેંચાઈ જાય છે. ચ્યવન, સૌભરી, ઋષ્યશૃંગ, નારદ અને પર્વત તે બધા મહા સમર્થ ઋષિઓ હતા છતાં તેમનું ચિત્ત સ્ત્રીમાં બંધાઈ ગયું. બ્રહ્માથી કોઈ સમર્થ કહેવાય નહિ. તેઓ તો વિરાટનારાયણના પુત્ર છે. ૩૧-૩૩. તે બ્રહ્માની પુત્રી સરસ્વતી સૌંદર્યની સીમારૂપ હતી. તે પુત્રીનું રૂપ જોઈને બ્રહ્માની સદ્‌બુદ્ધિ નો તરત નાશ થયો. ૩૪. વેદ, સ્મૃતિ અને પુરાણ, એના સ્મરણનો પણ તરત નાશ થયો. બુદ્ધિરૂપી દૃષ્ટિ અંધ થઈ ગઈ. પછી એમને કોઈની લગાર પણ મર્યાદા ન રહી. ૩૫.

પુત્રીની સાથે કામભોગ કરવાનો મનમાં નિશ્ચય કર્યો. ત્યારે પુત્રી સરસ્વતી હરણી થઈને ભાગી પણ બ્રહ્મા તો હરણ થઈને તેની પાછળ પડ્યા. ૩૬. બ્રહ્માને જ્યારે આ ભૂલનું ભાન થયું એટલે તત્કાળ જ તેણે તે શરીર છોડી દીધું. સ્ત્રી વિષયનું આકર્ષણ કેન્દ્ર છે. ૩૭. ત્યાગી સ્ત્રી અને પુરુષ બન્ને પરસ્પર વિચાર કરીને રૂપની આસક્તિનો ત્યાગ કરે છે અર્થાત્ રૂપ જોવાનો ત્યાગ કરે છે. ૩૮. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ જે વિષયો

રહ્યા છે તેને દેખીને ત્યાગી તેમાં આસક્તિ ન રાખે, તેનાથી ડરીને દૂર રહે. ૩૯. આ રીતે ડરીને જ્યાં સુધી સ્ત્રી અને પુરુષ પરસ્પરના સંપર્કથી દૂર રહે ત્યાં સુધી આખા બ્રહ્માંડમાં તે ધન્ય ધન્ય કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સ્ત્રી-પુરુષનો નજીકનો સંપર્ક અધઃપતનનું કારણ છે' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર પંદરમું : તરંગ - ૪૭

સ્વરૂપાનંદસ્વામીની બિમારી અને શ્રીહરિના સંબંધનો મહિમા

મોટા વ્યાપકાનંદસ્વામી આસો માસમાં બોચાસણ ગામમાં દેહત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. ૧. આ બાજુ શ્રીહરિ વડતાલ રંગોત્સવ કરીને જ્યારે ગઢપુર આવ્યા ત્યારે સ્વરૂપાનંદસ્વામી શરીરમાં ઘણા બીમાર હતા. ૨. દરબાર જીવા ખાચરે સંતોને માટે જે જગ્યા બાંધી હતી ત્યાં સ્વરૂપાનંદસ્વામીનો ઉતારો હતો. શ્રીહરિ રોજ અધરાત થતી ત્યારે તેમને જોવા માટે ત્યાં આવતા. ૩. શ્રીહરિ જામનગરના ગુઢા રંગનો સરસ રેંટો પહેરતા અને બધાં વસ્ત્ર અત્તરની સુગંધીથી ભરી દેતા. ૪. કસુંબી રંગનો સૂરવાળ પહેરતા. બુરાનપુરનો છટાદાર સોનેરી કોરનો અમૂલ્ય રેંટો મસ્તકે બાંધતા. ૫. તે રેંટાના છેડાઓ સુશોભિત હતા અને તેમાં સુંદર સોનાના તાર હતા. તેનાથી ભારે બે છોગાં ધારણ કરતાં અને કમર ઉપર ગુઢો રેંટો બાંધતા. ૬. તેની મોટી સોનેરી કોર હતી. વળી હાથમાં સોનેરી ઢાલ અને તલવારને ધારણ કરતા. કોઈએ ક્યાંય દેખ્યો ન હોય એવો શ્રીહરિનો વેષ અતિશય રમણીય લાગતો હતો. ૭.

ખોલેલા સિંહના મુખવાળા સોનેરી પ્રકારના અને ભુજમાં કરાવેલા, એવા અત્યંત ચમકતા સોહામણા સોનાનાં કડાઓ બન્ને હાથમાં ધારેલાં હતાં. ૮. દેદિપ્યમાન સોનાના વેઢ બન્ને હાથની આંગળિયોમાં ધારણ કરતા, પીળાં વસ્ત્રની બોકાની બાંધતાં અને આવીને ગાદી તકિયા ઉપર બેસતા. ૯. શ્રીહરિને

સ્વરૂપાનંદસ્વામી ઉપર જેવું હેત હતું, તેવાં દર્શન વૈશાખ અને જેઠ બે મહિના સુધી આવીને નિત્ય દેતાં હતાં. ૧૦. ભગુજી અને જેહાજી બધા પાર્ષદોમાં શૂરવીર હતા એટલે શ્રીહરિ તેમને નિત્ય સાથે લાવતા. તેનાથી સંતને રાહત રહેતી હતી. ૧૧. શ્રીહરિ ત્યાં બેઠા પછી ચાર ઘડી સુધી નિત્ય નવી નવી વાતો કહેતા. ક્યારેક મોટા આત્માનંદસ્વામીની ચમત્કારી વાતો કહેતા. ૧૨.

શ્રીહરિ અત્યંત આશ્ચર્યકારી ષટ્ચક્રની વાતો કહેતા. જ્યારે શ્રીહરિ વાતો કહેતા ત્યારે સ્વામી સતત સાંભળતા, છતાં તેમને તૃપ્તિ થતી જ નહિ. ૧૩. જ્યારે અરુણોદય થાય ત્યારે પાર્ષદો શ્રીહરિને સુચવતા, પછી શ્રીહરિ તરત જ ત્યાંથી ચાલી નીકળતા અને આવીને પલંગ ઉપર સૂતા. ૧૪. કોઈક દિવસ આવીને વાતો કરતા તો કોઈ દિવસ પ્રેમાનંદસ્વામીની પાસે નવાં કીર્તન ગવડાવતાં. ૧૫. સ્વામી જ્યારે સિતાર વગાડીને નવાં કીર્તન ગાતાં હોય ત્યારે શ્રીહરિ એકાગ્ર મનથી તે કીર્તનને સાંભળતાં હતાં. ૧૬. બહુનામી શ્રીહરિ કોઈક દિવસ સ્વરૂપાનંદસ્વામીની આગળ ઉત્સાહભેર રામાનંદસ્વામીની વાતો હોય તે કહેતા. ૧૭.

કોઈક દિવસે તો પોતે ઘેર રહેતા ત્યારે જે રીતે હરતા ફરતા, તે બધી અલૌકિક વાતો જેમ યાદ આવે તેમ કહેતા. ૧૮. કોઈ દિવસ તો પોતે અયોધ્યાપુરીમાં રહીને જેવાં ચરિત્રો કર્યાં હતાં, તેને યથાર્થ કરીને કહેતાં. ક્યારેક તો ક્યારેય સાંભળ્યા ન હોય તેવાં ચરિત્રો કહેતાં. ૧૯. ક્યારેક તો પોતે વનમાં જેવી રીતે વિચરતા હતા તેની તેવી રીતે વાતો કરતા હતા અને ક્યારેક તો કોઈ દિવસ ન કરી હોય તેવી વાત સંભારીને કહેતા. ૨૦. ક્યારેક તો કોઈએ ન સાંભળી હોય એવી વાતો ત્યાં શ્રીહરિ કરતા અને જ્યાં સુધી વાતો કરતા ત્યાં સુધી દર્શન આપતાં હતાં. ૨૧. જ્યાં સુધી કીર્તનો ગવાતાં હોય ત્યાં સુધી સ્વરૂપાનંદસ્વામીના હૃદયમાં અપાર શાંતિ રહેતી હતી. એક રતીભાર પણ દુઃખ લગારેય રહેતું નહિ. ૨૨. શ્રીહરિ વાતો કરતા જ્યારે બંધ થઈ જાય ત્યારે સ્વરૂપાનંદસ્વામીનું બધું શરીર બળવા લાગતું. સેવા કરનારા સંતો, તેમના શરીર ઉપર પાણી છાંટતા અને દ્રાક્ષ તથા સાકરનું પાણી રોજ પાતા. ૨૩.

મલિયાગર ચંદન કહેવાય છે તે ઘણું શીતળ હોય છે. શ્રીહરિ તે ચંદન રોજ પોતાને હાથે ઉતારતા અને કટોરો ભરીને તે ચંદનનો લેપ સ્વામીને શરીરે કરતા. ૨૪. જેટલી ઠંડક કહેવાય તેના બધા ઉપાયો કરતા છતાં સ્વામીની ગરમીમાં એક રતીભાર પણ ફેર પડતો નહિ.

(**તેનું કારણ શું હતું ?** તો, એકવાર શ્રીહરિ કારિયાણીમાં હતા. ત્યાં ઘણા સંતો બિમાર પડ્યા. તે સમયે ત્યાં મંદિર ન હતું. તેથી મહારાજે માંદા સંતોની સગવડતા માટે વસ્તા ખાચરને પ્રેરણા કરી નાનું દવાખાનું કરાવ્યું. સંતોને ત્યાં રાખ્યા. પછી મહારાજ સંતોની ખબર કાઢવા ગયા. સ્વરૂપાનંદસ્વામી સાથે હતા. ખબર કાઢી મહારાજ કહે, “સ્વામી ! માંદા સંતોને મોટું દુઃખ છે.” ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે, “આકાશકું ક્યું ચુવા કાટતા હે ? આત્મા તો આકાશ જેવો નિર્લેપ છે. માટે મહાપુરુષો બ્રહ્મરૂપ હો જાઓ.” માંદા સંતોને આશ્વાસન આપવાને બદલે આત્મનિષ્ઠાની ખુમારીમાં સ્વામીને સંતો ગૌણ થઈ ગયા. તે શ્રીહરિને ગમ્યું ન હતું.)

પછી એક દિવસ શ્રીહરિએ આવીને સ્વામીને કહ્યું, તમારામાં તો સામર્થ્ય ઘણું રહ્યું છે. ૨૫. તમે તો ત્રણેય અવસ્થામાં દેહમાં રહેતા જ નથી એવા તમે મોટા સિદ્ધ છો. હવે આ વાતમાં શું છે ? ૨૬.

☀ સ્વરૂપાનંદસ્વામીની પ્રાર્થના :

ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું, આપે મને સિદ્ધપણાના અભિમાનરૂપ વિઘ્નથી બચાવ્યો છે. આપ તો મહા સમર્થ ભગવાન છો. ૨૭. **આપ જે રીતે કરો તે રીતે બધું થાય છે. આપ તો સિદ્ધોના પણ નિધિ છો, તે અત્યારે મને યથાર્થરૂપમાં દેખાયું છે. ૨૮. જો આપ ભૂલને ન ઓળખાવો તો મનુષ્ય કે દેવ, કોઈને પોતાની ભૂલ દેખાતી નથી. અત્યારે અક્ષરધામ સુધી કોઈ આપને તુલ્ય નથી. ૨૯.**

चोपाई :

जीय के तन नहि कोउ काला, एसे देखे में आये कृपाला;
जेसे तन में रखे तुमही, अब लग रहत आयेउ हमही...३०

जेसे तन में रखोगे अबही, तेसे तन में रहेगे तबही;
तुमारी यह मूर्ति ताकी, विस्मृति न कबहु होवे वाकी...३१

હે કૃપાળુ ! હવે મને એવું દેખાયું છે કે, જીવને પોતાનું આ શરીર કોઈ કાળે નથી. છતાં આપે જેવા શરીરમાં મને રાખ્યો તેવા આ નાશવંત શરીરમાં આજ દિન સુધી હું રહેતો આવ્યો છું. ૩૦. હવે પછી પણ જેવા શરીરમાં આપ મને રાખશો તેવા શરીરમાં હું રહીશ. પણ તે તે શરીરમાં રહ્યા પછી આપની આ મૂર્તિનું મને ક્યારેય વિસ્મરણ ન થાય; એવી કૃપા કરો. ૩૧. હે મહારાજ ! આપે જે આ વખતે ચરિત્રો કર્યા છે, તે બધા મેં દેખ્યા છે. તો હવે પછી તે ચરિત્રો ભૂલાય નહિ, એવી માંગણી હું હાથ જોડીને કરું છું. ૩૨.

तुमारे भक्त के द्रोह न होई, अजान में कोउ तन में जोई;
तुमारी सेवा में मति मोरी, नित रहे इतनो वर दियोरी...३३
धाम में जाना हे हाथ तुमारे, यामें नहीं कछु जोर हमारे;
तुम दिये तिहाँ लग रहे जोरा, खिंच लिये जोर अब रहे कोरा...३४

અજાણતા પણ કોઈ પણ શરીરમાંય આપના કોઈ ભક્તનો દ્રોહ થાય નહિ અને કાયમ આપની સેવા કરવામાં મારી મતિ નિત્ય રહે; આટલું હું માગું છું તો આપ કૃપા કરીને આપો. ૩૩. ધામમાં જવું તે પણ આપના હાથમાં છે, તેમાં કાંઈ મારું બળ ચાલતું નથી. જ્યાં સુધી આપે આપ્યું ત્યાં સુધી જોર રહ્યું, તે જોર આપે ખેંચી લીધું એટલે હવે હું કોરો થઈ ગયો છું. ૩૪. પછી શ્રીહરિએ કહ્યું, હે મુનિ ! હવે હું જે તમને કહું છું તે પ્રમાણે કરો. જીવા ખાચર અને દાદા ખાચર, તેમના દરબારમાં જે ઓરડાઓ તથા બન્ને દરબારગઢ છે તેમાં અમે ખૂબ રંગે રમ્યા છીએ તે તમે વારેવારે દેખ્યું છે.

વળી સંતો અને હરિભક્તોની જે સભાઓ થઈ છે, તે પણ તમે બધી દેખી છે. ૩૫-૩૬. માટે જે સભા મધ્યે અમે બેઠા હોઈએ તેવું તમારા ચિત્તમાં તે બધાનું સ્મરણ કરો. પછી સ્વરૂપાનંદસ્વામીએ શ્રીહરિના કહ્યા મુજબનું જ્યારે ચિંતવન કર્યું ત્યારે તેમના હૃદયમાં શાંતિ થઈ ગઈ અને હૃદયમાં શાંતિ થતાં જ શરીરમાં સુખ થઈ ગયું. ૩૭. પછી સ્વરૂપાનંદસ્વામીએ માયિક

શરીર તત્કાળ છોડી દીધું. અક્ષરધામમાં ગયા. બધા સંતો આ બાબતને દેખતા હતા. ૩૮.

(આ વાત વર્ણવતા વચ.ગ.મ.૩૫માં શ્રીજીમહારાજ કહે છે, “અમારા સર્વે ચરિત્રો, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે. આવી રીતે અમે સ્વરૂપાનંદસ્વામીને વાત કરી હતી. તે વાર્તાને અંતરમાં ધારી ત્યારે તેમના દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતું તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમ શાંતિ થઈ. પણ એ ઘણાય આત્માને દેખતા, તોપણ તેણે કરીને કાંઈ સિદ્ધિ થઈ નહીં.” માટે સુખિયા થાવું હોય તો અખંડ શ્રીહરિનું સ્મરણ, શ્રીહરિનાં ચરિત્રો સંભારવા. અને શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં ખબરદાર થઈને વર્તવું. પછી શ્રીજીમહારાજે વિમાન આકારે સુંદર પાલખી બનાવી. ભક્તિબાગમાં ઉન્મત્તગંગાને કિનારે સહુ ગાજતે-વાજતે ગયા. ત્યાં સ્વરૂપાનંદસ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો.

જ્યારે સ્વરૂપાનંદસ્વામીનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો ત્યારે મહારાજ એમ બોલ્યા હતા જે, “આ સ્વરૂપાનંદસ્વામી નૃસિંહજી ભગવાનનો અવતાર હતા. અનેક સદ્‌ગુણોની ખાણરૂપ હતા. તેમના દ્વારા અમે અનંત આત્માઓનો ઉદ્ધાર કર્યો છે. સ્વામી દ્વારા અમે યમપુરી દૂધે ધોઈ હતી.” આમ અનેક રીતે સ્વામીના સદ્‌ગુણોને બિરદાવ્યા. પછી કહે, “જાતે દહાડે અહીં નારસિંહી શીલા કહેવાશે. પાછલા દિવસે બદરિકાશ્રમમાં રહેલ નારસિંહી શીલાનું જેવું માહાત્મ્ય છે તેવું જ આ સ્થળનું માહાત્મ્ય થશે.” આમ, તેમના મહિમાની વાર્તા કહી હતી. પછી સહુ દરબારગઢમાં પધાર્યા.)

નિષ્કુળાનંદસ્વામી અને પરમહંસાનંદસ્વામી, તે બંનેએ સ્વરૂપાનંદસ્વામીની સેવા કરી હતી. તેથી શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા હતા. ૩૯.

❋ માંદા સંતની સેવાની મહત્તા :

શ્રીહરિ વારે વારે ઉત્સવમાં સંત-હરિભક્તની આગળ કહેતા હતા કે, બીમાર સંત, વર્ણી કે પાર્ષદ, તેમની જે હેતથી સેવા કરે છે તે મારી જ સેવા કરે છે એમ જાણવું. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સ્વરૂપાનંદસ્વામીની બીમારી અને શ્રીહરિના સંબંધનો મહિમા કહ્યો' એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર પંદરમું : તરંગ - ૪૮

રઘુવીરજી મહારાજનો અક્ષરવાસ અને ગ્રંથ તથા શ્રીહરિનું સર્વોપરિપણું

શ્રીહરિએ સંતો,વર્ણી અને પાર્ષદોના પ્રત્યે જે ફરીવાર વાત કરી હતી તે વાત હવે હું કહું છું. આ વાત મોક્ષદાયક રહી છે. ૧. આપણા સત્સંગમાં જે સંતો, વર્ણી અને પાર્ષદો રહ્યા છે તે બધા અલૌકિક છે. ૨.

❋ સત્સંગ સ્વીકાર્યો તે સર્વે દિવ્ય છે :

સોરઠા : માયિક તન કર જોડ, માયિક દેખે આત તેહિ;
માયિક ન દેખના સોડ, સત્સંગ કે જોગ કર હિ...૦૩
સત્સંગ હિ જેતેઉ, કરત ભયે જન હિ જેહિ;
અલૌકિક રહે તેઉ, સમઝના દૃઢ એસે મન...૦૪

માયિક શરીરના યોગથી ભલે તે માયિક દેખાય છે, પણ સત્સંગના યોગે કરીને તેમને માયિક જોવા નહિ. ૩. જે મનુષ્યો સત્સંગ કરી રહ્યા છે તે બધા અલૌકિક છે એમ મનમાં દઢ સમજવું. ૪. **સંતો અને હરિભક્તોને જેવા માનવામાં આવે છે તે માનનારો તેવો થઈ જાય છે.** બીમાર સંત, વર્ણી અને પાર્ષદો જે છે તેમની સેવા અલૌકિક ભાવે કરવી; સત્સંગની આ એક રીત છે. તે સેવાથી કોઈ એવા અલૌકિક પદાર્થ મળે છે કે જેનો કોઈ દિવસ લગારેય નાશ થતો નથી. ૫-૬. પરંતુ માયિક પદાર્થના લોભથી બીમાર સંત વગેરેની જે સેવા કરવામાં આવે તેને માયિકમતિ સમજવી અને તેનું ફળ પણ માયિક જ મળે છે. ૭. અને પદાર્થના લોભથી જે સેવા કરવામાં આવે છે તેનાથી ભગવાન તથા સંતો અલૌકિક ફળ આપે એવા ક્યારેય પ્રસન્ન થાતા નથી. **ભગવાન અને સંતોનાં વચન પદાર્થ કરતાં વધારે મહત્ત્વનાં છે.** ૮.

ભગવાન અને સંતોના મહત્ત્વપૂર્ણ વચનોને કાને સાંભળતાની સાથે જ અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે તેવું પદાર્થોના લોભથી થાતું નથી. ૯. ઇચ્છિત પદાર્થ જો ન મળે તો તરત જ કલેશ થાય છે. **માયિક પદાર્થ મળવાથી જ્યાં સુધી આનંદ થાય છે ત્યાં સુધી સેવા કરનારાની બુદ્ધિ અતિ તુચ્છ જાણવી અને તે ત્યાં સુધી સાચી દિશા પામ્યો નથી. પદાર્થોના લોભથી જે સત્સંગ રાખે છે તે સત્સંગ મૂળ વિનાનો છે. ૧૦-૧૧.**

જ્યાં સુધી મનનું ધાર્યું થાય છે ત્યાં સુધી તેણે અહીંના બધા દિવસો વ્યર્થ ખોયા છે. કેમ જે, જ્યારે ધાર્યા પદાર્થ ન મળે ત્યારે તત્કાળ તે વિમુખ થઈ જાય છે. ૧૨. જે સંત, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો માયિક પદાર્થના લોભને કારણે વિમુખ થાય છે તેને સત્સંગ પદાર્થને લીધે છે, પણ ભગવાનને લીધે નથી. તેના જીવમાં મોક્ષનો ખપ નથી, એ વાત નક્કી છે. ૧૩-૧૪. પદાર્થના લોભી મનુષ્યો સત્સંગમાં રહ્યા છે છતાં તેના મનમાં જેવો ભાવ હોય તેવા પદાર્થ તેને મળે છે. ૧૫. ભગવાન તો કલ્પવૃક્ષ જેવા છે. સત્સંગમાં રહીને જે જેવું ચિંતવે છે તેને તેવું સત્સંગમાં રહીને જો શરીર છૂટે તો મળે છે. ૧૬.

❋ ગુણ-અવગુણ લેવાનું ફળ :

ચોપાઈ :

सत्संग करी सत्संग सुँ बारा, दोष कर कोउ होवत न्यारा;
आप में माने दोष जो जाई, सत्संग के गुन गावे ताई...१७
अंत समे भगवान हि ताको, मोक्ष करत हे फेर न वाको;
भगवान संत में कल्पे दोषा, जमकिंकर तापर करत रोषा...१८
चोरासी फेरी के एक वेरी, सत्संग जोग करावत फेरी;
मोक्ष ताके करत भगवाना, बरद कर श्रीहरि रखत ताना...१९

સત્સંગ સ્વીકાર્યા પછી પણ જો કોઈ દોષને લીધે સત્સંગ બહાર નીકળી જાય, છતાં પણ પોતામાં દોષને દેખે અને સત્સંગના ગુણ ગાય, તો તેના અંત સમયે ભગવાન તેનો મોક્ષ કરે છે; એમાં કોઈ ફેર નથી. પણ જે ભગવાન અને સંતમાં દોષ જુવે છે (તે સત્સંગમાં રહ્યો હોય તોય) તેના

ઉપર જમના દૂતો રોષ રાખે છે અને શ્રીહરિ તેને એકવાર લખચોરાશીમાં ભટકાવીને ફરીવાર સત્સંગનો જોગ કરાવી દે છે અને તે સમયે તેનો મોક્ષ થાય છે. કારણ કે ભગવાન શ્રીહરિને પોતાના બિરૂદ ઉપર તાન છે. ૧૭-૧૯. પહેલા ઘણા શુદ્ધ-પવિત્રપણે રહીને સત્સંગ કર્યો હોય, ત્યારે ભગવાન અને સત્સંગને માટે જાણે-અજાણ્યે જે કાંઈ અણુંના જેટલું પણ પુન્યકર્મ કર્યું હોય, તો ભગવાન તેને મેરુના જેટલું વિશાળ સુખ આપે છે. અનંત કલ્પો વિતી જાય તોપણ ભગવાન જીવે કરેલા સત્કર્મને ક્યારેય ભૂલતા નથી. ૨૦-૨૧. અને તેને લીધે જ ભગવાનનું નામ જ્ઞાનમૂર્તિ છે. એટલા માટે જ મુમુક્ષુઓ ગામેગામ તેમનું ભજન કરે છે. સત્સંગ કર્યા સિવાય ક્યારેય તત્કાળ મોક્ષ થતો નથી. ૨૨.

❋ સત્સંગનો પ્રતાપ :

આ દુનિયામાં મોક્ષનું દ્વાર તો અચળ અને અખંડ એક સત્સંગ જ છે. સત્સંગ સિવાયના અપાર સાધનો છે. જેનો ગણતા પાર આવતો નથી. ૨૩. પણ તે સાધનોમાં એક પણ સાધન મોક્ષનું દ્વાર બનતું નથી. માયિક દ્વાર તો અનેક છે. પરંતુ તે માયિક અનેક દ્વારોમાં મનુષ્યોને કાળનો ભય ક્યારેય મટતો નથી. ૨૪. **જ્યાં સુધી મનુષ્ય સત્સંગથી દૂર ફરતો રહે છે ત્યાં સુધી તેને જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીના ફેરા રહે છે. ૨૫. મનુષ્ય જ્યારે સત્સંગ કરે છે ત્યારે સત્સંગ સિવાયના જે કોઈપણ બીજા સાધન કહેવાય છે તેમાંથી એક પણ સાધન સત્સંગથી બહાર રહેતું નથી; એવો સત્સંગ ઉદાર છે. ૨૬.**

વેદ અને પુરાણો કહે છે કે, કોઈપણ સાધન સત્સંગથી વધારે મહત્ત્વનું નથી. સત્સંગ સિવાયની બીજી જે વાતો છે તેનાથી મોક્ષ થતો નથી. ૨૭. શ્રીહરિ સંતો ઉપર હેત કરીને વારંવાર આવી વાતો કહેતા હતા. તેમાંથી મારે કેટલીક લખવી. ૨૮. કરોડો બાબતમાંથી કોઈ એક વાતને યાદ કરીને લખું છું. તે વાતો તો અનેક છે અને આયુષ્યનો કોઈ નિર્ધાર નથી. ૨૯. એક પળવારનો પણ નિર્ધાર ન હોય તેવું આ શરીર રહ્યું છે. આયુષ્ય તો ધર્મકુમાર શ્રીહરિના હાથમાં રહ્યું છે. ૩૦. **શ્રીહરિ મનમાં જેવું ધારશે તેવો**

હવે આ ગ્રંથ થાશે. આ પંદરમાં પૂરમાં એકતાળીશ તરંગ જ્યારે લખાયા ત્યારે આચાર્ય રઘુવીરજી મહારાજ અક્ષરવાસી થયા. જે દિવસથી આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો હતો તે દિવસથી તેઓ મને રોજ પૂછતા કે, 'કેટલી વાત લખાણી ? આ ગ્રંથના કેટલાક પાનાં તેમને માટે નિત્ય નવીન રહેતાં હતાં. પ્રારંભના પાંચ પૂરોની કથા રઘુવીરજી મહારાજે કરાવીને સાંભળી હતી. ૩૧-૩૩.

વાતના પ્રસંગોમાં જેમાં ઘણી સમજણ રહી હોય એવા પૂરોને વંચાવીને તેઓ પ્રસન્ન થતા અને પછી એવું બોલતા, ૩૪. સત્સંગમાં જેટલી શ્રેષ્ઠ શ્રેષ્ઠ વાતો છે તે બધી જ આ ગ્રંથના આ પૂરોમાં આવી ગઈ છે, અને શ્રીહરિ જે રીતે ચરિત્ર કરતાં તથા જે રીતે વાતો કરતા હતા, વળી સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો તેમજ કોઈપણ બાઈ-ભાઈ સત્સંગના આશ્રિતોને વર્તાવ્યા હતા, તે બધું આ ગ્રંથમાં તેવું જ લખાય છે. ૩૫-૩૬.

✵ ગ્રંથ તથા શ્રીહરિની સર્વોપરિતા :

चोपाई :

सर्वोपरि यह भये अवतारा, एसे अवतार न भये कोउ वारा;
सर्वोपरि जो चरित्र कर ताही, सत्संग में जन बोलत रहाही...३७
सर्वोपरी ग्रंथ विन ताके, प्रमान कबहु न होवत वाके;
लक्ष श्लोक होवे जिहाँ लगहू, ओर अवतार सम तिहाँ लगहू...३८

આ અવતાર સર્વોપરિ થયો છે. આવો અવતાર ક્યારેય થયો નથી. શ્રીહરિનાં ચરિત્ર પણ સર્વોપરિ છે; એમ આપણા સત્સંગમાં સહુ ભક્તજનો બોલતા. ૩૭. પરંતુ સર્વોપરિ ગ્રંથ સિવાય ઉપર કહેલી બાબતનું પ્રમાણપણું ક્યારેય ન થાય. જ્યાં સુધી આ ગ્રંથના એક લાખ શ્લોક થાય ત્યાં સુધી આ ગ્રંથ અન્ય અવતારોના જેવો છે. ૩૮. જ્યારે આ ગ્રંથ એક લાખ શ્લોકથી ઉપર જાશે ત્યારે શ્રીહરિનો અવતાર સર્વોપરિ કહેવાશે. ૩૯. સર્વોપરિ ગ્રંથ સિવાય અન્ય મતના લોકો ક્યારેય ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે તે વાતને કબૂલ ન કરે. કારણ કે તે બધામાં લૌકિક બુદ્ધિ રહી છે. ૪૦. જે લૌકિક મનુષ્યો છે તે આ સર્વોપરિ ગ્રંથને જોઈને મનમાં આશ્ચર્ય પામે

છે અને શ્રીહરિને બીજા બધા અવતારો કરતાં પર કહે છે. ૪૧. મોક્ષના ખપ સિવાયના મનુષ્યને સત્સંગના નિયમ પાળવા કઠણ લાગે છે. માણસ ઘણો ચતુર હોય તોપણ સત્સંગના નિયમ વિના ચિંતામણિ જેવા મનુષ્યદેહને વ્યર્થ ખોઈ નાખે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'રઘુવીરજી મહારાજનો અક્ષરવાસ અને ગ્રંથ તથા શ્રીહરિનું સર્વોપરિપણું કહ્યું' એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ।।૪૮।।



પૂર પંદરમું : તરંગ - ૪૯

શ્રીહરિએ વડતાલમાં કૃપાસાધ્ય અને ક્રિયાસાધ્ય પક્ષની ચર્ચા કરાવી

જ્યારે શ્રીહરિવર ગઢપુરથી ચાલ્યા ત્યારે ચરોતર અને ગુજરાતમાં ફરવાનો નિરધાર કર્યો. ૧. ઘણા પાર્ષદોને સાથે લીધા હતા. તેમાં ભગુજી મુખ્ય હતા. શ્રીહરિ **ઝીંઝાવદર** થઈને **કારિયાણી**માં આવીને રહ્યાં. ૨. પછી ત્યાંથી શ્રીહરિ **કુંડળ, પોલારપુર, ભીમનાથ,** ઝીંઝર થઈને **રોજકા** ગામ આવ્યા. ૩. ત્યાંથી **ખસતા** અને **પચ્છમ** ગામ થઈને **કમિયાળા** આવ્યા. પછી ભોગાવો નદી ઊતર્યા. ૪. ત્યાંથી **ભોળાદ** થઈને જ્યારે આગળ ચાલ્યા ત્યારે **નાનીબોરુ** ગામ આવ્યા. જે ગામમાં હરિભક્તો આવતા તેમને તે સ્થળે શ્રીહરિ દર્શન આપતાં હતાં. ૫. કુંડળમાં અને પચ્છમમાં એક એક રાત રહ્યા હતા. મુકુંદ વર્ણી રસોઈ બનાવતા. હરિભક્તોને જેવો પ્રેમભાવ હોય તે રીતે શ્રીહરિ થાળ જમતા. ૬. **મોટીબોરુ** અને **વારણા** થઈને **વટામણ** ગામ આવ્યા. પછી સાબરમતી નદી ઊતરીને **ગલિયાણા** ગામ આવ્યા. ૭. તે પછી **વરસડા** અને **ખાનપર** આવ્યા અને પછી **મોરજ** જઈને રાત રહ્યા. પછી બહુનામી શ્રીહરિ **નાર** અને **સોજીત્રા** થઈને **ચાંગા** ગામ આવ્યા. ૮.

તે પછી શ્રીહરિ **સંજાયા** ગામ આવ્યા અને ત્યાંથી **બામરોલી** ગામ આવ્યા. ત્યાંના તખાપગીને દયા કરીને દર્શન દીધાં. ૯. પછી ભક્તપતિ

ભગવાન **ડભાણ** ગામ આવ્યા. સાથે દસ-બાર પાર્ષદો હતા. ત્યાંથી ભક્તજન પ્રતિપાલક દયાળુ શ્રીહરિ **નડિયાદ** થઈને **ઉમરેઠ** આવ્યા. ૧૦. રસ્તામાં **મોરજ** ગામ આવ્યું ત્યારથી કેરીઓ આવવા લાગી હતી. કેરી આંબાનું સરસ ફળ કહેવાય. તેને શ્રીહરિ નિત્ય જમતા હતા. ૧૧. શ્રીહરિ અતિ પ્રસન્ન થઈને રોજ રસ-રોટલીની રસોઈ જમતા હતા. રસમાં સુંદર સાકર અને શુદ્ધ ઘી નાખીને જમતાં હતાં. ૧૨. શ્રીહરિ વર્ણી અને પાર્ષદોને અપાર કેરીઓ આપતા હતા. એક રાત ઉમરેઠમાં રહ્યા પછી ત્યાંથી ચાલતા થયા. ૧૩.

શ્રીહરિ **વડતાલ**માં આવ્યા અને સર્વે સંતોને ત્યાં બોલાવ્યા. પછી અતિ આનંદ પામીને શ્રીહરિએ બે ચાર દિવસ સુધી સંતોને દર્શન આપ્યાં. ૧૪. શ્રીહરિએ સંતોની સભાના બે પક્ષ કર્યા. પછી વેદો જેને નેતિ નેતિ કરીને ગાય છે એવાં શ્રીહરિએ કહ્યું કે, ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય છે? એવા બે પક્ષ કરીને તેની દિશ પણ સમજાવી. પછી સંતોને કહ્યું, હવે તમે પરસ્પર પ્રશ્નોત્તરી કરીને કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય પક્ષને સિદ્ધ કરો. ૧૫-૧૬. તેમાં એક પક્ષના જે સંતો હતા તેમણે શ્રીહરિને રાજી કરવા માટે ભગવાન કૃપાસાધ્ય છે એવો પક્ષ લીધો અને બીજા પક્ષના સંતોએ ભગવાન ક્રિયાસાધ્ય છે એવો પક્ષ લીધો. જે રમતા(સતત સત્સંગ પ્રચાર માટે ગામડે ફરનારા) સંતો હતા તેઓ ભાઈ રામદાસજીસ્વામીના પક્ષમાં રહ્યા અને સંસ્કૃત ભણનારા જે સંતો હતા તે મુક્તાનંદસ્વામીના પક્ષમાં રહ્યા. ૧૭-૧૮.

ભાઈ રામદાસજીસ્વામીએ કહ્યું, અમે તો ભગવાનને કૃપાસાધ્ય કહીએ છીએ. કૃપાળુ ભગવાન સ્વેચ્છાથી દયા કરી સત્સંગમાં આવીને રહ્યા છે. ૧૯. પોતાની ઇચ્છાથી જ ધર્મદેવના ઘેરે પ્રગટ થયા છે. ચિંતામણિ જેવા કોઈ સાધને કરીને ભગવાન કોઈને મળ્યા એવું સાંભળ્યું નથી; માટે ભગવાન કૃપાસાધ્ય છે. ૨૦. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, "આ ભરતખંડમાં જ્યારે અધર્મ અત્યંત વ્યાપી જાય છે ત્યારે ભક્તજનો અપાર અધર્મને દેખીને ભગવાનની આગળ પોકાર કરે છે. ૨૧. ભક્તજનોના તે પોકારને સાંભળીને ભગવાન તરત આવે છે. આવી વાત પુરાણોમાં છે. જ્યારે ગજેન્દ્રે પોકાર કર્યો ત્યારે ભગવાને તેને ઝૂડના મુખથી છોડાવ્યો હતો. ૨૨. અને અજામિલના જેવો

કોઈ પાપી નહિ. તેનો ક્યારેય મોક્ષ થાય નહિ. તેના પૂર્વના સાધનોને લીધે તેને ઘેર સંતો આવ્યા હતા. ૨૩. જ્યારે સંતોનાં દર્શન થયાં ત્યારે તેનું હૃદય અત્યંત શુદ્ધ થયું અને તેણે હાથ જોડીને પૂછ્યું, મારા સમાન કોઈ પાપી નથી. ૨૪.

કોઈ અધમોમાં પણ અત્યંત અધમ હોય તેનો ઉદ્ધાર થાય એવો કોઈ સુગમ ઉપાય હોય તો આપ મને બતાવો. આપ સહેજે મારે આંગણે પધાર્યા છો. ૨૫. ત્યારે સંતોએ કહ્યું, કરોડો પાપનો તત્કાળ નાશ થાય એવું એક વિશાળ સાધન તો 'નારાયણ' નામ જ છે. ૨૬. નારાયણ નામ કળિયુગમાં પ્રધાન સાધન છે. તે નારાયણ નામનું કીર્તન કરવું, તે સર્વ સાધનમાં અતિશય સર્વોત્તમ સાધન છે. ૨૭. બીજા બધાં સાધનો એક 'નારાયણ' નામમાં નિવાસ કરીને રહ્યાં છે. તમારે તે નારાયણ નામ સતત યાદ કરી રાખવું. ૨૮. જેમ પગ વિના ચલાતું નથી, તેમ સાધન વિના ભગવાન મળતા નથી. હાથ વિના જો ક્રિયા થતી હોય તો સાધન વિના ભગવાન મળે. ૨૯.

આંખો વિના જો કોઈ રૂપને દેખે તો સાધન વિના ભગવાન પ્રસન્ન થાય. કાન વિના કોઈ શબ્દને સાંભળે તો મનુષ્યના ઉપર સાધન વિના ભગવાનની પ્રસન્નતા થાય. ૩૦. કોઈ નાક વિના ગંધને લઈ શકે તો સાધન વિના ભગવાનની પ્રસન્નતા મળી શકે. અને જીભ વિના રસ ચાખી શકે તો સાધન વિના ભગવાનની પ્રાપ્તિ થઇ શકે. ૩૧. જેમ મન વિના ક્યારેય સંકલ્પ-વિકલ્પરૂપી ઘાટ ઉઠતા નથી, તેમજ ચિત્ત વિના ચિંતવન અને બુદ્ધિ વિના નિશ્ચય ક્યારેય થતા નથી. અહંકાર વિના અહં-મમત્વ વગેરે અંતઃકરણમાં ક્યારેય થતા નથી. વળી, જીવ વિના દેહના હાથ-પગ આદિક તમામ ઇન્દ્રિયોની ક્રિયા બંધ થઈ જાય છે, તેમ ક્રિયા વિના ભગવાન મળતા નથી; માટે ભગવાન ક્રિયાસાધ્ય છે. ૩૨-૩૩. જીવના શ્રોત્ર આદિ સાધન રહ્યાં છે. તે સાધન વિના કોઈ ક્રિયા સિદ્ધ નથી કરાતી. એટલા માટે ભગવાન સાધનસાધ્ય છે." ત્યારે શ્રીહરિ બોલ્યા, મુક્તાનંદસ્વામીનો પક્ષ અત્યારે તો બળવાન થયો છે. ૩૪.

ત્યારે ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા, કૃપાસાધ્યના જેવો કોઈ પક્ષ નથી. આમ કહીને ભાઈસ્વામી કેટલીયે વાતોને ઉદાહરણમાં લાવ્યા. ચાર દિવસ સુધી આ ચર્ચા ચાલી. ૩૫.

(તેમાં રામદાસભાઈએ કહ્યું, વેદોમાં આવે છે કે, **नायमात्मा प्रवचनेन लभ्यः** આ મંત્રમાં કહ્યું છે કે, **यमेवैष वृणुते तेनैव लभ्यः** માટે પ્રભુની કૃપાથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. તેની સામે મુક્તાનંદસ્વામીના ક્રિયાસાધ્ય પક્ષે પોતાની દલીલ આપી કે, તે જ મંત્રના ભાષ્યમાં તેનો જવાબ છે કે, ભગવાન કૃપા કોના ઉપર કરે છે ? તો, જે ભક્ત ભગવાનને અતિશય વ્હાલા કરે છે તેને જ વરવા માટે પ્રભુ પસંદ કરે છે.

એમ પરસ્પર ચર્ચા કરે, એકબીજામાં આશંકા ધરે;
સુણી સંવાદ જનનો જીવન, કરે પડકારા થાય પ્રસન્ન.)

કોઈ વખતે શ્રીહરિ કહેતા, ભગવાન કૃપાસાધ્ય છે, એ પક્ષ ઘણો બળવાન છે અને ક્યારેક કહેતા ક્રિયાસાધ્ય પક્ષ બળવાન રહ્યો છે. આ રીતે પ્રશ્ન-ઉત્તર કરાવ્યા હતા. ૩૬. શુકજી, સનકાદિક, વ્યાસ અને નારદજી જેવા સંતો અને જે કોઈ ધર્મનિષ્ઠ ઋષિઓ, તેનાં વચન બળવાન છે. ૩૭. બ્રહ્મા, ભવ, સ્વાયંભુવ મનુ, ઉત્તાનપાદ, ધ્રુવ, અંબરીષ અને પૃથુ ભગવાન, ઈત્યાદિકનાં વચન પણ બળવાન છે. ૩૮. ઋષભદેવ, ભરતજી તથા પ્રહ્લાદજીનાં વચન પણ બળવાન છે. માટે પ્રશ્ન-ઉત્તર કરવામાં તેમનાં વચનનું ધ્યાન રાખવું. ૩૯. આ વાતને યથાર્થ સમજવી હોય તો પૂર્વે કહ્યાં તે વચનો ઉપર સુરત રાખવી જોઈએ. તે સિવાય ક્યારેય યથાર્થ ઉત્તર થતો નથી. ખરેખર તો તમને પ્રશ્નમાં શંકા-આક્ષેપ કરતા આવડતું નથી; આ હકીકત વાત છે. ૪૦.

(પછી સંતોએ મધ્યસ્થી શ્રીહરિને નિર્ણય આપવા પ્રાર્થના કરી. શ્રીહરિ કહે, "સંતો ! અમે અમારી કૃપાથી જ આ લોકમાં પ્રગટ થયા છીએ. અને અમારી કૃપાથી જ જીવને મળીએ છીએ. પરંતુ જે જીવ અમને મેળવવાનો જ ધ્યેય રાખીને અમારા સંતની શરણાગતિ લે છે તેનાં ઉપર અમે કૃપા કરીએ છીએ. તેથી અમને પ્રાપ્ત કરવા માટે કૃપા અને ક્રિયા બન્નેની જરૂર

છે. એટલે કે એકાંતિક સંતને સેવવારૂપી ક્રિયાથી અમારી કૃપા મળે છે અને તે કૃપાથી અમારી પ્રાપ્તિ થાય છે.

હા, ઘણી વાર અમે કૃપાપ્રધાન થઈયે છીએ ખરા. પરંતુ જ્યારે આવો નિર્ણય કરવાનો હોય ત્યારે પૂર્વાપરના અનેક પ્રસંગો તથા મોટા પુરુષોના વચનોને ધ્યાનમાં રાખવા જોઈએ. બીજું કે, અમે કૃપા કરીએ પણ જો જીવ અમને રાજી કરવા કાંઈ પુરુષાર્થ જ ન કરે તો તે કૃપા નિષ્ફળ જાય છે. તેમજ જીવ ગમે તેટલાં સાધન કરે પણ અમારી કૃપા ન થાય તો તેનાં સર્વે સાધન નિષ્ફળ જાય છે. માટે અમારી પ્રસન્નતાને અર્થે જે પ્રયત્ન કરશે તે અમારી કૃપાથી જ અમને પામશે.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ વડતાલમાં કૃપાસાધ્ય અને ક્રિયાસાધ્ય પક્ષની ચર્ચા કરાવી' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર પંદરમું : તરંગ - ૫૦

ચરોતરમાં વડતાલ, ડાકોર વગેરે ગામ જઈને શ્રીહરિ મોટેરા પધાર્યા

શ્રીહરિ વડતાલ ધામથી **ડાકોર** પધાર્યા અને ત્યાં રણછોડજીની મૂર્તિનાં દર્શન કર્યાં. ૧. ત્યાંના પૂજારીઓને ધન ઉપર તાન હતું એટલે શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, અમને કાંઈક દાન આપો. ૨. આપ દેવાધિદેવ છો અને બ્રાહ્મણોને વધારે માનો છો. વળી, અમે રણછોડજીની સેવા કરીએ છીએ. માટે અમને લાડુ કરાવીને જમાડો. ૩. આપે જે બ્રાહ્મણો કહેવાય છે તે બધાને મોટા કરી બતાવ્યા છે અત્યારે લોકો અમને જે માને છે તે આપનો પ્રતાપ છે. ૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, જે બ્રાહ્મણના ધર્મને પાળે છે તે જ ખરેખર બ્રાહ્મણ છે. ધર્મને પાળ્યા વિના તો બ્રાહ્મણ નામમાત્રના જ કહેવાય છે. ૫.

ભગવાનની જે પૂજા કરવી તેનાથી બીજો કોઈ મોટો લાભ નથી. ભગવાન તો અંતર્યામી છે. જેવો ભાવ હોય તેને તે દેખે છે. ૬. અને જેવો ભાવ હોય

તેવું ફળ ભગવાન આપે છે. તમે ભગવાનમાં દૃઢ વિશ્વાસ રાખો. ભગવાનને મનમાં કોઈપણ જાતના વ્યસન કે કુફેલ ક્યારેય ગમતા નથી. ૭.

☀ તીર્થમાં કરેલું પાપ વજ્રલેપ થાય છે :

चोपाई :

भगवान के मंदिर जो तामें, जितने करत कुफेल हि यामें;
वज्रलेप लगत तेहि पापा, दुःख होत पीछे ताहि अमापा...०८
भगवान के दर्शन हि ताके, फल कहे हे अपार हि वाके;
भगवान के मंदिर में जितना, अपराध किये हे कहो तितना...०९

ભગવાનના મંદિરમાં જેટલા કુફેલ કરવામાં આવે છે તેનું પાપ વજ્રલેપ થઈ જાય છે. પછીથી તેનું અમાપ દુ:ખ ભોગવવું પડે છે. ૮. ભગવાનના દર્શનનું ફળ તો અપાર છે. ભગવાનના મંદિરમાં જેટલા અપરાધ કર્યા હોય તે બધા કહો. ૯. પૂજારી થઈને અપરાધને ન ઓળખે તે પૂજારી અપરાધ કર્યા વિના છૂપા રહેતા નથી. અમે આ સત્ય વાત કહીએ છીએ. અપરાધના ગ્રંથમાં તે બધું લખ્યું છે. ૧૦. જે અપરાધો થતા હોય અને તેનું જે પ્રાયશ્ચિત કરવું પડતું હોય તે બધું તમે પૂજારી અમને સંભળાવો. પછી અમે તમને દાન આપીએ. તમારામાં જે સાચા પૂજારી હોય તે બોલો. ૧૧. **પૂજામાં થતા અપરાધોને જાણ્યા સિવાય જે કોઈ પણ પૂજારી પૂજા કરતા હોય છે. જેમ કે બ્રાહ્મણ, વર્ણી, વૈરાગી અને ગોસ્વામીના લાલજી સુધી,** તેઓ બધા ભગવાનના મોટા ચોર છે. જે લોકો અપરાધને જાણે છે તે લોકો કુમાર્ગે ચાલતા નથી. ૧૨-૧૩. મંદિરમાં ભગવાનની મૂર્તિઓ હોય છે, પણ જ્યાં અપરાધો ઘણા થતા હોય છે તે અપરાધોને દેખીને તે મૂર્તિમાં ભગવાન રહેતા નથી. ૧૪.

☀ રામ ત્યાં કામ નહિ કામ ત્યાં નહિ રામ :

सोरठा : काम तिहाँ नहि राम, राम तिहाँ नहि काम कबु;
रवि रजनी एक ठाम, रहत नहि हे भेगे दोउ...१५
सत्संग बिन हि जेते, जन कहावत नारी नर;
अज्ञान तममय तेते, काम कु मानत मोक्षपद...१६

જ્યાં કામ હોય ત્યાં રામ ન રહે અને જ્યાં રામ રહેતા હોય ત્યાં ક્યારેય કામ ન હોય. ક્યારેય રાત અને દિવસ એકસાથે ભેળા રહેતા નથી. ૧૫. સત્સંગ વિનાના જે કોઈ નર-નારીઓ છે તે બધા અજ્ઞાનના અંધારામાં પડ્યા છે. પછી તે કામને મોક્ષપદ માને છે. ૧૬. અજ્ઞાની સ્ત્રી-પુરૂષો હોય છે તેઓ માયિક પંચવિષયને વારંવાર માગે છે, પણ તેમાં આવનારા દુઃખોને લગારેય દેખતા નથી. ૧૭.

વિષયથી પણ શ્રેષ્ઠ કોઈ મોક્ષપદ છે તેને તેઓ માનતા નથી. બધાને પંચવિષય તરફ જ દોડ રહી છે. લોકો અપાર તીર્થ, વ્રત અને દાન, પુન્ય કરે છે. તે રીતે જ અપાર યજ્ઞયાગ કરે છે. ૧૮. કેટલાક રોજ લાખો બ્રાહ્મણોને જમાડે છે અને તેને લાખો ગાયોનાં દાન આપે છે. રૂપિયાનાં પણ દાન આપે છે. ૧૯. લાખો અશ્વ અને લાખો હાથીઓનું પણ દાન કેટલાંક કરતાં હોય છે. કોઈ મોટા મોટા ચાંદીના જેવા મંદિર બનાવડાવે છે. ૨૦. અને તેમાં અત્યંત સુંદર ભગવાનની મૂર્તિ પધરાવે છે. મંદિરની સેવા માટે ગામ-ગરાસ જેવી આજીવિકા કરી આપે છે. કેટલાક બ્રહ્મભોજન કરાવે છે. ૨૧. કેટલાક રથ અને મ્યાના દાનમાં આપે છે. આટલું દાન પુન્ય કરવા છતાં પણ લોકોને વિષય તરફ દોડ રહે છે. **જ્યાં સુધી માયિક પંચવિષય તરફ દોડ રહે છે ત્યાં સુધી તે લોકો અજ્ઞાનના અંધારામાં પડ્યા છે. ૨૨. અને જ્યાં સુધી અજ્ઞાનનું અંધારું રહેશે ત્યાં સુધી તેને જન્મ-મરણ રહેશે. જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી જીવને જમપુરી અને લખચોરાશી રહે છે. ૨૩.** સાક્ષાત્ શ્રીહરિએ પૂજારીની આગળ આટલી વાત કરી પછી તેમને દાન આપ્યા અને પછી ડાકોરથી ચાલતા થયા.

(તે મહારાજ ઉમરેઠ જવા નીકળ્યા. રસ્તામાં સંતો શાસ્ત્રાર્થની રમુજ કરવા લાગ્યા. સત્યાનંદસ્વામી આત્માનંદસ્વામીને કહે, તમારે તો ભગવાન કૃપાસાધ્ય છે, માટે ચાલ્યા વિના જ ઉમરેઠ અવાશે. તો ચાલો છો કેમ? આત્માનંદસ્વામી કહે, પ્રભુએ કૃપા કરીને પગ દીધા છે માટે ચાલીએ છીએ. થોડી વાર પછી વરસાદ શરૂ થયો ત્યારે આત્માનંદસ્વામી રાણ નીચે ઊભા રહ્યા. તેથી સત્યાનંદસ્વામી કહે, તમને કૃપાસાધ્ય ભગવાન પલળવા દેશે

નહિ માટે વૃક્ષની ઓથે કેમ ઊભા ? ત્યારે આત્માનંદસ્વામી કહે, પ્રભુએ કૃપા કરી આવાં ઝાડ કર્યા છે તેનો ઉપયોગ કરીએ છીએ. મહારાજ આ જવાબ સાંભળી ખૂબ હસ્યા. એમ વિનોદ કરતા થકા)

તે **ઉમરેઠ** ગામમાં આવ્યા. ૨૪. તે દિવસોમાં વાદળાઓની ઘટાઓ આકાશમાં ચડી અને ગાજવીજની સાથે એકધારો વરસાદ વરસવા લાગ્યો. મોરના ટહુકા સંભળાતા હતા. ૨૫. આવી સ્થિતિમાં પણ દયાળુ શ્રીહરિ ગામેગામ ફરીને હરિભક્તોને દર્શન દેતાં હતાં. પછી કરુણાભર્યા કૃપાળુ શ્રીહરિ ફરીવાર **વડતાલ** આવ્યા. ૨૬. પછી એક દિવસ **વલાસણ** ગામના પાટીદારના ફળીમાં વિપ્ર પાસે રસોઈ કરાવી અને શ્રીહરિની ત્યાં પધરામણી કરી. ૨૭. લાડુ બહુ સારા કર્યા હતા, તેને શ્રીહરિ જમ્યા. તે પછી શ્રીહરિએ સંતોને પંગતમાં પીરસીને જમાડ્યા. ૨૮. ત્યાં એક ઝાડની ડાળીએ પલંગ બાંધીને સુંદર હિંડોળો કર્યો હતો. શ્રીહરિ આવીને તે હિંડોળે બેઠા અને ભક્તજનોને દર્શન દીધાં. ૨૯. પછી ત્યાં સર્વે સંતોની સભા થઈ અને ભક્તજનોએ શ્રીહરિની ઘણી પૂજા કરી. જેણે રસોઈ આપી હતી તેનું નામ ધારાળા જાલમસિંઘ હતું. ૩૦.

વલાસણ ગામ બારોટનું ગણાય છે. બધા બારોટ ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમને બોલાવીને પાસે બેસાડ્યા. સહુને સત્સંગ ઉપર આદરભાવ હતો. ૩૧. સહુએ શ્રીહરિના ચરણોમાં મસ્તક નમાવ્યું અને હાથ જોડીને વિનંતિ કરી, અમે જેવા તેવા હોઈએ તોપણ આપના છીએ. માટે હવે આપ અમારો મોક્ષ કરજો. ૩૨. જે મોક્ષના દાતા કહેવાય છે તે આપ અહીંયાં સામે ચાલીને પધાર્યા છો. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, તમારો જેવો ભાવ હશે તેવું ફળ તમને મળશે; અમારું આ વચન છે. ૩૩.

चोपाई :

कल्पवृक्ष चिंतामणि जेसे, भगवान संत रहाये तेसे;
ताकु देखत हे जेसी रीता, फल होवत हे तेसी रीता...३४

ભગવાન અને સંત કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવા છે એટલે તેમને જેવી ભાવનાથી જોવામાં આવે છે તેવું ફળ તેઓ પામે છે. ૩૪. ત્યાં જેટલા

પાટીદારો હતા તે બધા ફૂલના હાર લાવ્યા અને શ્રીહરિને પહેરાવ્યા. સહુએ હાથ જોડીને મસ્તક નમાવ્યા. ૩૫. **પછી તેઓ શ્રીહરિની આગળ બોલ્યા, આપની અને સંતોની સેવા કરવામાં દિનપ્રતિદિન શ્રદ્ધાભાવ રહે, અમને તે સેવા કરવામાં ક્યારેય અભાવ ન આવે; એવો આશીર્વાદ આપ અમને આપો. ૩૬.** શ્રીહરિ વલાસણ ગામનાં બધાં ભાવિકોને દર્શન આપીને પાછા **વડતાલ** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને પછી ત્યાંથી ચાલી નીકળ્યા. ૩૭.

પછી શ્રીહરિ **જેતલપુર** આવ્યા. ત્યાં બે દિવસ રહ્યા. પછી જ્યારે ત્યાંથી ચાલતા થયા ત્યારે કોઈને વાત કરી નહિ. ૩૮. **પીરાણા** થઈને **મોટેરા** ગામ આવીને રહ્યા. પાર્ષદ ભગુજી પાછળ પાછળ થોડા દૂર ચાલતા હતા. ૩૯. મોટેરામાં ભગુજી શ્રીહરિની સાથે થયા. તેઓ શ્રીહરિની મરજીને જાણતા હતા. તેમને જોઈને ઘનશ્યામ પ્રભુ ઘણું રાજી થયા અને ત્યાં બધા સંતો પણ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ચરોતરમાં વડતાલ, ડાકોર વગેરે ગામ જઈને શ્રીહરિ મોટેરા પધાર્યા' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ।।૫૦।।



પૂર પંદરમું : તરંગ - ૫૧

કરજીસણમાં શ્રીહરિના ઉપદેશની વિશેષતા

શ્રીહરિ મોટેરામાં રહ્યા હતા ત્યારે અમદાવાદના નથુ ભટ્ટ અને હિરાચંદ ચોક્સી વગેરે જે મુખ્ય હરિભક્તો હતા, તે બધા ત્યાં આવ્યા. ૧. સહુએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિનાં દર્શન કર્યાં અને ફૂલના હાર પહેરાવ્યા તેમજ જે મેવા તથા મીઠાઈ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધર્યા. ૨. હરિભક્તોનો ભાવ જોઈને તે બધી વસ્તુઓ શ્રીહરિ જમ્યા અને પ્રસન્ન મુખે સંતોને અને પાર્ષદોને પ્રસાદી આપી. ૩. શ્રીહરિ મોટેરામાં એક દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલી નીકળ્યા. **અડાલજ** અને **ઓળા** થઈ **વડુ** ગામ આવ્યા, ત્યાં એક રાત રહ્યાં. ૪. તે પછી શ્રીહરિ **કરજીસણ** ગામ આવ્યા. ત્યાં ભટ્ટ

નાનાભાઈ વિપ્ર રહેતા હતા અને ગોવિંદજી નામે પાટીદાર હરિભક્ત પણ ત્યાં રહેતા હતા. ૫.

તે સહુએ વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવીને ઘણા પ્રેમભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. આસપાસના ગામના જે હરિભક્તો હતા તે પણ જાણ થતાં સહુ ત્યાં શ્રીહરિનાં દર્શન કરવાં આવ્યાં. ૬. તે સમયે સહુ સંતો પણ ત્યાં આવ્યા. તે શોભાનું વર્ણન કહી શકાતું નથી. શ્રીહરિ સ્વયં રોજ રોજ નવી નવી વાતો સભામાં કહેતા હતા. ૭. રોજ સંતો અને હરિભક્તો સભામાં આવીને શ્રીહરિએ કહેલી વાતો સાંભળતા અને સાંભળ્યા પછી પરસ્પર કહીને તે વાતોનું મનન કરતા હતા. કોઈ દિવસ ન સાંભળી હોય એવી વાતો શ્રીહરિ ત્યાં સભામાં કરતા હતા. ૮.

જોકે સોનું એક જ પ્રકારનું હોય છે, પણ કારીગર તેમાં અનેક પ્રકારના ઘાટ ઘડે છે અને જેવો ઘાટ ઘડે તેવું તેનું નામ પાડે છે, તે રીતે જ શ્રીહરિ જીવના કલ્યાણની વાતને વિવિધ પ્રકારે કરતા હતા. ૯. ભક્તજનો શ્રીહરિની વાતોને જેમ જેમ સાંભળતા હતા તેમ તેમ ઉત્સાહ અત્યંત વધતો રહેતો અને મનમાં દિનપ્રતિદિન શ્રીહરિ પ્રત્યે પ્રેમભાવ વધતો હતો. કામવિષયમાં જે દોષ રહ્યા છે તે સહુને શ્રીહરિ સભામાં દેખાડતા હતા. ૧૦. શ્રીહરિ જે વિષયમાં દોષ દેખાડતા હતા ત્યારે સાંભળનારાને તે વિષયમાં પ્રેમ રહેતો નહિ. એવી તો અનેક વાતો કરતા હતા અને જીવમાં જે દોષ રહેતા હોય તેને વાતોમાં દેખાડતા હતા. ૧૧. જીવના મનની વૃત્તિ ક્યારેય ભગવાનમાં ચોંટે નહિ એવું હોય, તોપણ શ્રીહરિ સહુની મનોવૃત્તિ જે રીતે ભગવાનમાં ચોંટે એવી વાત કરતા હતા. ૧૨. સાંભળેલી વાતોનું મનન કરવામાં જેટલો પ્રમાદ રહે છે તેટલા પ્રમાણમાં મનોવૃત્તિ ભગવાનના સ્વરૂપમાં ચોંટતી નથી. ૧૩. હરિસ્મૃતિની વાતો સર્વ વેદો પ્રમાણ કરે છે. સર્વ સ્મૃતિઓ અને બધા પુરાણો પણ પ્રમાણ કરે છે. તથા બુદ્ધિમાન લોકો પણ તેની પ્રશંસા કરે છે. ૧૪.

શ્રીહરિની જેટલી વાતો છે અને તેમનાં જેટલાં ચરિત્રો છે તે બધાં ભક્તોની વૃત્તિ ભગવાનમાં જ રહે એવાં સાક્ષાત હતાં. તે શ્રીહરિ સ્વધામ પધાર્યા

પછી આવી વાતો અને આવાં ચરિત્રો ક્યાંય કોઈમાંય દેખાતાં નથી. કેમ જે, ભગવાન જેવું તો કોઈથી થાય નહિ. ૧૫. જેણે જેણે જેટલી શ્રીહરિના મુખની વાત સાંભળી છે અને જેટલાં ચરિત્રોને દેખ્યા છે તે ભક્તજનો ખરેખર ધન્ય ધન્ય છે. આવા ભાગ્યશાળી લોકો ફરીવાર ક્યારેય નહિ મળે. ૧૬.

※ ભગવાનની વાતની વિશેષતા :

શ્રીહરિ જ્યારે જે રીતની વાત કહેતા હતા, ત્યારે તરત જ ભક્તજનો તે પ્રમાણે વર્તવા લાગતા હતા. કારણ કે તાજી રસોઈ જો તરત જમવામાં આવે તો તેનો જેવો સ્વાદ હોય છે તેવો સ્વાદ પછીથી આવતો નથી. ૧૭. નવાં ઘરેણાં, નવાં વસ્ત્રો તથા નવાં રંગ અને રાગાદિ જે કાંઈ પણ નવીન બાબત હોય તેમાં મનુષ્યનું ચિત્ત તરત ચોંટી જાય છે. ૧૮.

ચોપાઈ :

हरि की बात नई देखे जबहू, चित्त चोंटे बिन रहे न तबहू;
रुप रस गंध शब्द रहे जेता, स्परश तुच्छ मायिक रहे तेता...१९
जीवत लग भोगवत रहाये, मन कबु तोउ तृप्ति न पाये;
भूत होईके मन रहे जामें, भोगवत भये प्रवेश करी तामें...२०

જ્યારે શ્રીહરિની કહેલી નવીન વાતને દેખતા-સાંભળતા ત્યારે તેમાં ચિત્ત ચોંટ્યા વિના રહેતું નહિ. મનુષ્યો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા તુચ્છ માયિક પંચવિષયોને જીંદગીભર ભોગવતા રહે છે, છતાં તે પંચવિષયથી મનને ક્યારેય તૃપ્તિ થાતી નથી. મરતી વખતે જે વિષયમાં મન રહી ગયું હોય તો તે વિષયને ભૂત થઈ કોઈમાં પ્રવેશ કરીને પણ ભોગવે છે. ૧૯-૨૦.

एसे हरि की बात में चोंटावे, आवागमन फेर कबु न रहावे;
चोंटने में कसर रहत जितना, हरिजन न्युन रहत हे तितना...२१
सत्संग में चित्त मिलत न जितनो, माया के आधीन हे तितनो;
चित्त न मिलत हे जितनो जाई, शोभा लहत न तितनी ताई...२२

તો પછી આવા અલૌકિક શ્રીહરિમાં ચિત્ત ચોંટી જાય એમાં શું કહેવું? શ્રીહરિની આવી વાતમાં જેનું ચિત્ત ચોંટી જતું હોય તેને ક્યારેય આ સંસારમાં

ફરીને આવવું જવું પડતું નથી. ચિત્ત ચોંટાડવામાં જેટલી કસર રહે છે તેટલી ખામી હરિભક્તમાં રહે છે. ૨૧. મનુષ્યનું મન જેટલું સત્સંગમાં ભળી જતું નથી તેટલો તે માયાને આધીન રહે છે અને જેટલું ચિત્ત સત્સંગમાં મળતું નથી તેટલું તેનું જીવન શોભતું નથી. ૨૨.

❋ શુદ્ધ જ્ઞાન માટે સત્સંગની અનિવાર્યતા :

પછી તેનું ચિત્ત સત્સંગના રસ અને રંગ વિનાનું રહેતું હોય છે, તેને હું દેખીને આ વાત ચોક્કસપણે કહું છું. ગીંગો નાકમાં જ્યાં સુધી વિષ્ઠાની ગોળી રાખે છે ત્યાં સુધી તેને પુષ્પના સર્વોત્તમ સુગંધનો સ્વાદ આવતો નથી. પણ પાણીથી જ્યારે તે ગોળી ધોવાય જાય છે, તે પછી તે ક્યારેય વિષ્ઠાની ગોળીનો સ્વાદ ફરી લેતો નથી. ૨૩-૨૪. જેટલા માયિક પંચવિષય કહેવાય છે તે બધા ગીંગાની વિષ્ઠાની ગોળી જેવા છે. એટલા માટે તે માયિક પંચવિષયનો ત્યાગ કરવો આવશ્યક છે. ૨૫.

શ્રીહરિએ કરજીસણમાં હિંડોળા ઉપર બેસીને ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરી હતી અને આગળના ભાગમાં સંતો અને હરિભક્તોની સભા બેઠી હતી. ૨૬. ગામથી પૂર્વમાં એક વિશાળ વડલાનું ઝાડ હતું. તેની ડાળીએ હિંડોળો બાંધેલો હતો. તે ઘણો સુંદર લાગતો હતો. ૨૭. તેના ઉપર બેસી શ્રીહરિ વાતો કરી રહ્યા ત્યારે સંતોએ ગરબીનાં કીર્તનો ગાયાં, તેનાથી બધું વન ગાજી રહ્યું હતું. પછી સંતોએ આરતી અને 'નારાયણ' ધૂન કરી. ત્યાં સુધી શ્રીહરિ હિંડોળા ઉપર બેસી રહ્યા. ૨૮. જ્યારે ધૂન પૂરી થઈ રહી ત્યારે સુખકારી શ્રીહરિ ગામમાં પધાર્યા. કેટલાક હરિભક્તો રસોઈ આપતા હતા. તેથી શ્રીહરિ સંતોને જમાડતા રહેતા. ૨૯. આસપાસના ગામના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિને એક-બે દિવસ પોતાને ગામ પધરાવીને ત્યાં રસોઈ જમાડતા હતા. ૩૦. તે પ્રદેશમાં મુખ્યપણે કરીને કડવા પાટીદારોની વસ્તી હતી. તેમાં કેટલાક અમીન કહેવાતા હતા. તે લોકો સત્સંગ સ્વીકારતા ખચકાતા હતા. ૩૧. તેમના જૂના ગુરુઓ અને બ્રાહ્મણો અટકાવતા હતા, તોપણ જે બુદ્ધિમાન હતા તેઓએ ઘણા હેતથી સત્સંગ સ્વીકાર્યો અને પાખંડી ગુરુઓનો ત્યાગ કરી દીધો. ૩૨. જેમાં એક પણ ધર્મ-નિયમ ન હોય અને અંદર અનેક વ્યસન

ભરેલા હોય, જેમનું ચિત્ત રાત-દિવસ ઈન્દ્રિયોનું પોષણ કરવામાં જ તત્પર રહેતું હોય, ૩૩. તેવા ગુરુઓ કે વિપ્રો કથા, વાર્તા અને કીર્તન કરે તેમાં પણ ઈન્દ્રિય પોષણનું જ તાન રહ્યું હોય છે. જગતમાં જે સ્ત્રીઓ કહેવાય છે તેને ખુશી કરવામાં જ તેઓ તત્પર રહેતા હોય છે. ૩૪.

તે ગુરુ અને કથા કરનાર વિપ્રો બોલતા કે તમે બધી બાઈઓ રાધિકાજી, લક્ષ્મીજી, સીતાજી અને પાર્વતીના જેવી છો. અમે તો વારંવાર તમારા જેવી સ્ત્રીઓને પેટ અવતાર લેવાનું ઈશ્વર પાસે માગીએ છીએ. ૩૫. ભગવાનથી કોઈ વધારે સમર્થ નથી. બધું બ્રહ્માંડ પણ ભગવાનને વશ છે. તે ભગવાન પણ તમારે પેટ વારંવાર અનેક અવતાર ધારણ કરે છે. ૩૬. તમારા ઉદરમાં આવ્યા સિવાય કોઈ વ્યક્તિ હોય એવું અમે દેખતા નથી. ભગવાન નારાયણની નાભીમાંથી બ્રહ્મા પ્રગટ થયા હતા એમ કહેવાય છે. ૩૭. તેને પણ પુત્રીના અપાર રૂપને દેખીને મનમાં લગારેય ધીરજ રહી નહિ. બ્રહ્મા પોતે વેદોના કર્તા કહેવાય છે, છતાં તેણે બધી મર્યાદા છોડી દીધી. ૩૮. જે દેવો અને સિદ્ધો છે તથા શ્રેષ્ઠ મનુષ્ય છે તે બધા બ્રહ્માની આગળ તો મેરુની આગળ તુલ(હળવા રૂ)ના જેવા છે. ૩૯. પાખંડી ગુરુઓ સ્ત્રીઓની આગળ આવાં અનેક પ્રકારનાં વચનો બોલતાં હતાં. ૪૦. જે પાખંડી ગુરુઓ અને વિપ્રો છે તેને વ્યસન, ફેલ, સ્ત્રી અને રસાસ્વાદ, એ ચારમાં વધારે તાન રહે છે. ૪૧. પરંતુ જેને સન્માર્ગે ચાલવાનું ગમે છે તેને ક્યારેય અસત્ માર્ગે ચાલવું ગમતું નથી અને તેને જ સત્સંગ થાય છે. પણ જેમ ચોરને સૂર્યના ઉપર વેરભાવ રહે છે તેમ પાંખડીઓને સાચા સત્સંગ ઉપર સહજ વેરભાવ રહે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કરજીસણમાં શ્રીહરિના ઉપદેશની વિશેષતા કહી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર પંદરમું : તરંગ - ૫૨

શ્રીહરિ કરજીસણમાં જન્માષ્ટમી કરી જેતલપુર પધાર્યા

કરજીસણમાં હરિભક્તો શ્રીહરિને ઘેર ઘેર પધરાવતા અને ઘણું હેત લાવીને શ્રીહરિની વિવિધ પ્રકારે પૂજા કરતા હતા. ૧. જેને જેવો ભાવ હોય તે પ્રકારે બધાં હરિભક્તો શ્રીહરિની પૂજા કરતા હતા અને હેતથી આરતી ઉતારતા હતા. ૨. તે હરિભક્તો જે રીતે ભાવથી શ્રીહરિની પૂજા કરતા અને જમાડતા હતા તે રીતે જ સંતોને પણ ઘણા ભાવથી પૂજતા અને જમાડતા હતા. ૩. ત્યાં શ્રીહરિએ જન્માષ્ટમીને દિવસ સારો ઉત્સવ કર્યો અને નિપૂણ એવા સહુ હરિભક્તોએ અધિક ભાવનાથી શ્રીહરિની પૂજા કરી. ૪. જ્યારે મધરાતે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ થયો ત્યારે ઢોલ, તાંસા, નોબત, ભુંગળ, ભેરી અને રણશિંગી, એ બધા વાજિંત્રો વાગવા લાગ્યા. વળી, બંદૂકોના અવાજ પણ થયા. જે સંતો ગાન કરવામાં વિચક્ષણ હતા તે બધા ઝાંઝ અને મૃદંગ લઈને અનુપમ ગાન સાથે ઉત્સવ કરવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ અદ્‌ભુત મનોહર રૂપ ધારણ કર્યું હતું. જે શરીર ઉપર વસ્ત્ર આભૂષણો પહેર્યા હતા તે બધા સોનાના હતા. ૫-૭.

તે સમયે અપાર મશાલો પ્રગટી હતી. બધા ભાવિક લોકો 'જય જય' 'જય જય' એવો પોકાર કરતા હતા. પૂર્વે ગોકુળમાં જેવો ઉત્સવ થયો હતો તેવો ઉત્સવ અહીંયાં કર્યો હતો. ૮. હરિભક્તોને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું એટલે દહીં અને દૂધને ભેળા કરી એમાં સાકર મેળવીને રાખી મૂકી હતી. તેનાથી શ્રીહરિના ચરણ ધોયા. ૯. ભટ્ટ નાનાભાઈ અને પટેલ ગોવિંદભાઈ, તે બંનેએ પંજરી કરાવી હતી. તેમણે કેસર-ચંદનથી શ્રીહરિની પૂજા કરી અને પંચામૃતથી ચરણ ધોયા. ૧૦. પછી ફૂલના બાજુબંધ, તોરા અને અપાર હાર ધરાવ્યા. જેટલા મેવા અને મીઠાઈ લાવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળ ધર્યા. ૧૧. શ્રીહરિની આગળ કેટલાયે શ્રીફળ ધર્યા, તેનો ગણતા પાર આવતો નથી. તે વખતે ઘણો ગુલાલ લાવીને ઉડાડ્યો. તેથી બધી સત્સંગસભા રંગ રંગ થઈ ગઈ. ૧૨. સૂર્યોદય થયો ત્યાં સુધી શ્રીહરિની પૂજા ચાલતી રહી.

કામ, ક્રોધ અને લોભ આદિ અંતઃશત્રુઓનો પરાભવ કરવા માટે, તેમજ જન્મ મરણ, જમપુરી અને લખચોરાશીના અપાર દુઃખોનો નાશ કરવા માટે, સદ્‌બુદ્ધિવાળા બધા નર-નારીઓએ સત્સંગ સ્વીકાર્યો અને સહુના સારભૂત વ્રતમાન નિયમોને ધાર્યા. કેમ જે, સત્સંગ કરવાથી તરત જ સંસારના દુઃખોનો પાર આવે છે એમ દેખાયું. ૧૩-૧૫. જેને મોક્ષનો ખપ ન હોય તે નર-નારીઓ સત્સંગને સ્વીકારતા નહિ અને તેઓ ફેલ તથા વ્યસનોમાં ડૂબેલા રહેતા. ૧૬. અને તે જાતના જ તેમના ગુરુઓ હતા. તે બંનેની રુચિ એક થઈ ગઈ. તેથી તેમના ભવબંધન ક્યારેય છૂટતા નથી. પછી તે ગુરુ-શિષ્ય બંને મરીને જમપુરીમાં જાય છે. ૧૭. આવા લોકો ચોરી કરતા અને પરસ્ત્રીનો છાની રીતે સંગ કરતા. જ્યારે તે જાહેર થઈ જતું ત્યારે તેઓ નાક-કાન કપાવતા હતા. ૧૮. તે નકટાઓ સંતો અને હરિભક્તોને દેખીને મશ્કરી કરવામાં લેશમાત્ર પણ શરમાતા નહિ. આવા નિર્લજ્જો તેનું ફળ પણ તેવું જ પામે છે. ૧૯.

❋ સંતો-ભક્તોને નમવાની મહત્તા :

चोपाई :

कामी क्रोधी लोभी अपारा, नारी नर तेहि जेहि लगारा;
संत हरिजन के गुन मुख गावे, आपमें दोष तितनो देखावे...२०
कोउ दिन तेसे सत्संग करही, यामें फेर कबहू न परही;
संत हरिजन के गुन हे एसे, पाप अपार जरि जावे तेसे...२१
संत हरिजन कु एक वारा, पाप छुटने करीके विचारा;
कर जोरीके शिर नमावे, अन्न जल भाव करीके देवावे...२२

જે નર-નારીઓ અપાર કામી, ક્રોધી અને લોભી હોવા છતાં પણ લગાર જેટલોય સંતો અને હરિભક્તોનો મુખથી ગુણ ગાય છે અને પોતામાં જો દોષ દેખે છે, ૨૦. તો કોઈક દિવસ તેઓ સત્સંગ કરશે. તેમાં કંઈ ફેર નહિ પડે. **સંતો અને હરિભક્તોના ગુણ તો એવા છે કે, તે ગુણ ગાનારાના અપાર પાપ હોય તો પણ બળી જાય છે. ૨૧.** કોઈ મનુષ્ય પાપથી છૂટવાનો વિચાર કરીને સંતો તથા હરિભક્તો આગળ હાથ જોડીને એકવાર માથું નમાવે,

તથા આદરભાવથી તેમને અન્ન-જળ અપાવે; તે સત્સંગ થવાનું બીજ છે. અને સંતો-હરિભક્તોનો દ્રોહ છે તે પુણ્યબીજ બાળી નાંખે છે. જ્યારે લોકો આવી વાતને સાંભળે છે ત્યારે તે મનુષ્યો સદ્‌બુદ્ધિને પામે છે. ૨૨-૨૩.

આવી વાત સાંભળવા છતાં જેની બુદ્ધિ સુધરે નહિ તેના સમાન બીજો કોઈ અધમ નથી. આવો મનુષ્ય મર્યા પછી પશુ, પંખી અને કોઈ જંતુના જન્મને પામે છે. ૨૪. જેઓ સત્સંગનો દ્રોહ કરે છે તેઓ વૃક્ષ, ઘાસ અથવા પથ્થરના જન્મને પામે છે. પોતે સાક્ષાત્‌ અંતર્યામી ભગવાન હોવાથી શ્રીહરિ આવી તો ઘણી વાતો કરતા હતા. ૨૫.

શ્રીહરિ ક્યારેક લોકોના હૃદયને દેખીને વાતો કરતા હતા. આ બાબતની લખ્યા વિના કોઈને ખબર પડે નહિ. તે ખબર પડે એટલા માટે જ હું લખું છું. ૨૬. શ્રીહરિનાં જે વચનો છે તેમાં બધાં વેદો અને પુરાણો સાક્ષી પૂરે છે. એવી બધી વાતો રહી છે. ૨૭. શ્રીહરિના સ્વરૂપનું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તેને આ બધું જાણ્યામાં આવે છે. તે પણ જ્યારે વિચારીને જુવે છે ત્યારે ખબર પડે છે. વિચાર વિના તો ક્યારેય દેખાતું નથી. ૨૮. જીવનાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર નેત્ર છે. તે અંતઃકરણરૂપી નેત્ર દ્વારા જીવ સત્ય-અસત્યનો વિચાર કરે છે. ૨૯. **જે મનુષ્ય મોક્ષને માર્ગે નથી ચાલતા તે બધા અસજ્જન કહેવાય છે અને તે અસજ્જનોને ફરીવાર જ્યાં જન્મ લે છે ત્યાં તેનું અસત્‌ ફળ તેને ભોગવવું જ પડે છે. ૩૦.** જે મોક્ષભાગી મુમુક્ષુઓ છે તેને શ્રીહરિ પોકાર કરીને કહે છે. પોકાર કરવા છતાં જે ચેતતા નથી તેને જેટલી જાતનાં દુઃખો કહેવાય છે તે બધાં વારંવાર પ્રાપ્ત થાય છે; એમ શ્રીહરિ વારંવાર બોલતા હતા. એટલી વાત કરીને રંગભીના શ્રીહરિએ સંતો અને હરિભક્તોને જવાની રજા આપી. પછી પોતે ગુપ્ત રહ્યા. ૩૧-૩૨.

પછી કરજીસણથી પ્યારા ઘનશ્યામ શ્રીહરિ **નારદીપુર** આવ્યા અને ત્યાંથી **મેઉ** તથા **લાંગણોજ**માં આવીને રહ્યા. હરિભક્તોને ગામેગામ જઈને સહુના બધા મનોરથ પૂર્ણ કર્યા. ૩૩. ત્યાંથી શ્રીહરિ **જેતલપુર** આવીને રહ્યા. તે સમયે શ્રીહરિએ અંગ ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. કંઠમાં

ફૂલના હાર અને હાથમાં ફૂલના કંકણ ધાર્યા હતા. ૩૪. તેમજ ફૂલના સુંદર ગજરા અને બાજુ પણ પહેર્યા હતા. શ્રીહરિ સવારના પહોરમાં જેતલપુરમાં આવ્યા અને નિર્માની ભક્તોને દર્શન દાન આપ્યું. ૩૫. દર્શન દઈને વાત કરવાં લાગ્યાં. વાતમાં સહુને ભગવાનનું સાકાર સ્વરૂપ સમજાવ્યું. દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી શ્રીહરિ વાત કરતા રહ્યા. ૩૬. મહોલની આગળ જે આસોપાલવનાં વૃક્ષ છે ત્યાં સંતોની સભા થઈ હતી. ત્યાં તો શ્રીહરિએ કેટલીએ વાર બેઠક કરેલી છે. ૩૭. તે સ્થળે બધા સંતો અને હરિભક્તોએ કેટલીએ વાર શ્રીહરિની પૂજા કરી હતી. તે બધું કહી શકાતું નથી. ૩૮. તે સ્થળે શ્રીહરિ સંતોને કેટલીએ વાર ભેટ્યા છે. અપાર વાતો કરી છે અને ત્યાં વાજિંત્રો પણ વગાડ્યા છે. વળી, સંત-હરિભક્તોને શુદ્ધ કરવાને માટે ત્યાં શ્રીહરિએ કેટલીએ વાર વિવિધ પ્રકારનાં પ્રકરણો ફેરવ્યા છે અને કીર્તનો પણ ગવરાવ્યાં છે. ૩૯-૪૦. તે સ્થળે વારંવાર સંતોની પંગત કરીને લાડુ પીરસ્યા છે અને ત્યાં યજ્ઞકુંડ કરાવીને અગ્નિમાં ઘી પણ ઘણું હોમાવ્યું છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ કરજીસણમાં જન્માષ્ટમી કરી જેતલપુર પધાર્યા' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર પંદરમું : તરંગ - ૫૩

જેતલપુરમાં ભક્તોને સુખ આપીને ફરતા ફરતા બોટાદ આવ્યા

જેતલપુર ગામમાં એક વિપ્ર સાંખ્યયોગી (ગંગામા) બાઈ રહેતા હતા. તેમણે શ્રીહરિ અને સંતોને માટે રસોઈ તૈયાર કરી. ૧. જ્યારે લાડુ તૈયાર થયા ત્યારે નાનાભાઈ ભટ્ટ બોલાવવા આવ્યા. તેથી શ્રીહરિ ચાલતા થયા. ૨. તે વખતે શ્રીહરિનાં અંગ ઉપર મસ્તકથી ચરણ સુધી કેસરયુક્ત સુંદર ચંદન ચર્ચેલું હતું. અને અપાર ફૂલહાર પહેર્યા હતા. ૩. ફૂલના કેટલાક હાર પહેર્યા હતા. કેટલાક તોરાઓ પાઘ ઉપર લટકી રહ્યા હતા. અને

ફૂલના ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા. ૪. ફૂલના બાજુબંધ અને પોંચી ભુજા ઉપર પહેર્યા હતા. હાથમાં ફૂલનો ગજરો શોભી રહ્યો હતો. અને શ્રીહરિ 'નારાયણધૂન' બોલાવતા ચાલવા લાગ્યા. સાથે રહેલા સંતો પણ બધા સાથે ચાલતા થયા, ૫. અને ધૂન ઝીલતા હાથની તાળીઓ બજાવવા લાગ્યા. તેને લીધે વન અને આકાશ ગાજી રહ્યું હતું. મુનિઓના રાજા શ્રીહરિ ધૂન કરતાં કરતાં કોટની પાસે આવી પહોંચ્યા. ૬.

શ્રીહરિનાં મુખારવિંદ ઉપર પરસેવાના બિંદુ મોતીના જેવા આવી ગયા હતા. તે વખતે સેવકજન પંખો લઈ પવન નાખવા આવ્યા, ત્યારે પ્રભુએ તેને તરત બંધ કરાવી દીધા. ૭. પછી પાર્ષદ ભગુજી તડકો દેખીને છત્ર લઈને આવ્યા. જ્યારે આવીને શ્રીહરિના મસ્તક ઉપર છત્ર રાખ્યું, ત્યારે બે-ત્રણ વખત છત્ર રાખવાની ના કહી. ૮. ભગુજી નિરંતર શ્રીહરિની સાથે રહેતા હતા, તેથી કદાચ શ્રીહરિ ખીજાય તોપણ તે ડરતા નહીં. નિગમ આગમને માટે પણ અગમ્ય એવા પરમેશ્વર શ્રીહરિથી બીજા બધા તો થરથર કંપતા હતા. ૯. કોટના બુરજના અગ્નિ ખૂણાની નજીક જ્યારે આવ્યા ત્યારે શ્રીહરિએ જોરથી ભગુજી પાસેથી છત્ર ખૂંચવી લીધું અને ત્યાંજ બુરજની ઉપર પછાડ્યું. ૧૦. છત્રમાં પીત્તળના સળિયા હતા, તે બધા તરત જ જુદા જુદા થઈ ગયા. છત્રનો લાલ રંગ હતો અને ઉપર સોનાનો કળશ હતો, તે પણ ઊડી ગયો.૧૧. શ્રીહરિનાં એક ચરિત્રમાં અપાર હેતું રહ્યાં હોય છે. બધાને તે બાબતનો મર્મ જાણવામાં આવતો નથી. તે મર્મનું ફળ તો ક્યારેક જ જાણ્યામાં આવે છે. ૧૨. **પ્રત્યેક હરિચરિત્રનું ફળ આવ્યા સિવાય રહેતું નથી. પણ તે અગાઉ દેખાતું નથી. શ્રીહરિનાં ચરિત્ર એવાં છે કે, કોઈ ચરિત્ર નિષ્ફળ હોતું નથી. ૧૩.**

શ્રીહરિ જ્યારે જણાવે છે ત્યારે તે ચરિત્રનો મર્મ સમજાય છે. જણાવ્યા સિવાય કોઈને ક્યારેય સમજાતો નથી; શ્રીહરિની એવી આશ્ચર્યકારી બાબતો હોય છે. (તે વખતે શ્રીહરિના પ્યારા સંતો ભૂજમાં ભિક્ષાવૃત્તિ કરવા નીકળ્યા હતા. પગરખાં નહિ પહેરવાનું પ્રકરણ હતું. અતિશય તાપ પડતો હતો. તેથી સંતોના ચરણ બહુ જ દાઝતા હતા. ને ફરફોલા પડતા હતા. તેને

અંતર્યામીપણે જાણીને પોતાની માથે છત્ર રાખવા દીધું નહિ. પરાણે રાખ્યું તો ખીજાઈને તોડી નાંખ્યું.) ૧૪. **સહુ ધૂન કરતાં કરતાં ચાલતાં હતાં. તે પૂર્વે કહેલા વિપ્ર ગંગામાને ઘેર આવ્યા. તેમણે શ્રીહરિને પ્રથમ જમાડ્યા અને પછી સંતોની પંગત કરી. ૧૫. ઘરનો ચોક ઘણો નાનો હતો. તે ચોકમાં સંતો બેઠા ન સમાયા. શ્રીહરિ હસતાં હસતાં ગલોટિયું ખાઈ ગયા પછી સંતોને કહ્યું, હવે તમે ઊભા રહો. ૧૬.** શ્રીહરિ કહે, જમવાનું જ કામ છે ને ! દેશકાળ પ્રમાણે રહેવું જોઈએ. પછી શાક અને લાડુ જે હતા તે મેળાવી દઈને તેના ગોળા કર્યા. ૧૭. શ્રીહરિએ બેઠેલા અને ઊભેલા સંતોને એક એક ગોળો પ્રસન્ન મનથી પીરસી દીધો. શ્રીહરિનાં ચરિત્ર સાથેની સંતોની પંગતની આ શોભા જોઈને, બ્રહ્મા જેવા દેવતાઓ પણ કેટલીક વાર ભૂલા પડી ગયા હતા. શ્રીહરિનાં આવાં અજોડ ચરિત્ર હતાં. ૧૮-૧૯. જ્યારે સહુ સંતો જમી રહ્યા, ત્યારે સહુએ ચોકમાં હાથ ધોયા. પછી નાનાભાઈ ભટ્ટે કેસરયુક્ત અનુપમ ચંદન લઈને શ્રીહરિને ચર્ચ્યું. ૨૦. ફૂલના હાર અને તોરાઓ ધરાવ્યા. ફૂલના બાજુબંધ બાંધ્યા. પછી અગરબત્તીનો ધૂપ કરી આરતી ઉતારી. તે પછી સર્વે સંતોની પૂજા કરી. ૨૧.

શ્રીહરિ જે રીતે થાળ જમવા આવ્યા હતા, તે રીતે જ પાછા ધૂન બોલતાં-બોલતાં ચાલતાં થયાં અને મહોલમાં આવી થોડીવાર પોઢી ગયા. પછી જાગીને ત્યાંના દેવસરોવરમાં સ્નાન કર્યું. ૨૨. શ્રીહરિ મહોલના પહેલે કઠોડેથી ઘણીવાર કૂદીને દેવસરોવરમાં નાવા પડ્યા હતા. પૂર્વે જેમ કાલીયનાગનું દમન કરવા માટે યમુનાજીના ધરામાં શ્રીકૃષ્ણ કૂદી પડ્યા હતા. ૨૩. તે રીતે જ શ્રીહરિ સરોવરમાં કૂદીને પડતા હતા અને સંતોને આનંદ વધારતા હતા. સંતો અને હરિભક્તો શ્રીહરિની સાથે નાતા હતા. તેનાથી રોજરોજ સત્સંગનો રંગ વધતો રહેતો હતો. ૨૪. શ્રીહરિ ભીમ એકાદશી ઉપર જેતલપુરમાં કેટલીય વાર આવ્યા હતા અને હરિભક્તોના બોલાવ્યા વિના પણ જેતલપુરમાં કેટલીય વાર આવ્યા હતા. ૨૫.

જે જે પ્રદેશમાં શ્રેષ્ઠ શ્રેષ્ઠ હરિભક્તોના ગામ હતા, ત્યાં શ્રીહરિ આ રીતે વગર તેડાવ્યે જતા હતા. ૨૬. પછી તે સરોવરને પશ્ચિમ કિનારે એક

કૂવો હતો. અને ત્યાં ઘણા વૃક્ષો હતા. તે કૂવામાં શ્રીહરિએ નાહીને ત્યાં કેટલીય વાર સભા કરી હતી. ૨૭. જ્યારે શ્રીહરિ ત્યાં સભા કરતા ત્યારે ત્યાં ઘણી વાતો કરતા. બહું કીર્તન ગવડાવતાં અને હરિભક્તો શ્રીહરિની અખંડ પૂજા કરતા રહેતા. ૨૮. તે બાગમાં જ્યાં એક બોરસલીનું ઝાડ હતું. તેના થડની ચારેય બાજુ વેદિકા હતી. શ્રીહરિ ત્યાં જઈને તેના ઉપર બેઠા. ૨૯. શ્રીહરિએ તે સ્થળે કેટલીય વાર સભા કરી છે અને તે બોરસલીના ફૂલના હાર, તોરા, બાજુબંધ અને ગજરાઓ વારંવાર ઘણા પહેર્યા હતા. ૩૦. તે બાગમાં જાત જાતના જે જે ફૂલો થતા હતા, તેના હાર, તોરા વગેરે ઘણા વર્ષ સુધી શ્રીહરિએ અંગ ઉપર ધાર્યા હતા. અને તે ફૂલ વગેરેનાં મુખથી ઘણાં વખાણ કરતાં હતાં. ૩૧. તે બાગમાં ઘણાં ઉત્તમ દાડમ આ સમયમાં પાકતાં હતાં. તે અત્યંત રસવાળા સુંદર દાડમને શ્રીહરિ વારંવાર જમતા હતા. ૩૨.

પછી શ્રીહરિ જેતલપુર ગામમાં આવ્યા. ત્યાં સહુની આગળ એક વાત કહી કે, ‘ક્યાં સામાન્ય માણસ અને ક્યાં ભગવાન..!! આમ સમજીને લોકો સંકોચ પામતા રહે છે. પણ ભગવાનની સાથે પિતા, ગુરુ અને સગા સંબંધીના જેવો સંબંધ બાંધવો. આમ કહીને શ્રીહરિ ઊભા થયા અને બધા સંતોને ભાવથી ભેટ્યા. ૩૩-૩૪. **સંતોને ભેટતી વખતે શ્રીહરિ મર્મ કરીને હસતા હતા. કેમ જે, સંતો અતિ પ્રેમને કારણે દેહનું ભાન પણ ભૂલી ગયા હતા. શ્રીહરિ આ રીતે પરમ પવિત્ર અલૌકિક લીલા કરતા હતા. ૩૫.** શ્રીહરિ સંતો અને હરિભક્તોને અપાર સુખ આપીને જ્યારે ત્યાંથી ચાલતા થયા, ત્યારે પહેલા **ધોળકા** આવ્યા અને ત્યાંથી **જવારજ** આવ્યા. ત્યાં એક રાત રહ્યા. ૩૬.

જવારજમાં એક આધાર નામના બારોટ હરિભક્ત હતા. તે સાંખ્યયોગીના નિયમ પાળતા હતા. અને તેણે ભગવાનની ઘણી સેવા કરી હતી. ૩૭. તેઓ શ્રીહરિની સાથે ઘણીવાર ફરેલા છે અને ઘણો અનુપમ લાભ લીધો છે. તે પછી સુખધામ શ્રીહરિ જવારજથી **બળોલ** ગામ આવ્યા. અને ત્યાં આખો દિવસ રહ્યા. ૩૮. જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે

શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. સહુએ પાત્રમાં પાણી ભરી લીધું. પછી ત્યાંથી આગળ રણમાં પ્રવેશ કર્યો. ૩૯. શ્રીહરિ **ખડોળ/લ** ગામમાં આવીને રાત રહ્યા. ત્યાંના હરિભક્તોએ ઘણું સુખ લીધું કે જે મુખથી કહી શકાતું નથી. ૪૦. ત્યાંથી ચાલીને **સુંદરિયાણા** ગામ આવ્યા. પછી ત્યાંથી ભક્તોના આધારભૂત શ્રીહરિ **નાગડકા** ગામ આવ્યા. ૪૧. **પછી ત્યાંથી બોટાદ આવ્યા. ત્યાં દાહા ખાચરની માતાએ શ્રીહરિને યાદ કરતા કરતા તત્કાળ દેહનો ત્યાગ કર્યો. ૪૨. તેનો દેહ જ્યારે ચિતામાં બળતો હતો, ત્યારે શ્રીહરિ ત્યાં આવીને બેઠા અને મુખથી ભાગવતમાં કહેલી વેદસ્તુતિને બોલવા લાગ્યા. ૪૩.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'જેતલપુરમાં ભક્તોને સુખ આપીને ફરતા ફરતા બોટાદ આવ્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ।।૫૩।।



પૂર પંદરમું : તરંગ - ૫૪

શ્રીહરિએ વર્ણાશ્રમના ધર્મ કહેતા ભેખધારીઓની ખામી બતાવી

જ્યારે દાહા ખાચરની માતાનો દેહ બળી રહ્યો ત્યારે શ્રીહરિએ નદીએ જઈને સ્નાન કર્યું. પછી બોટાદ ગામમાં રાત રોકાયા. ૧. પછી ત્યાંથી **સારંગપુર** થઈને **ગઢપુર** પધાર્યા. ત્યારે દરબાર દાદા ખાચર શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમનાં મનમાં ઘણો હરખ હતો. ૨. ગઢપુર ગામના જેટલા હરિભક્તો હતા તેઓ બધા સન્મુખ આવ્યા. બધા ચરણમાં પડ્યા અને શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. ૩. દરબાર જીવા ખાચર પણ ભાવથી સામે આવ્યા અને શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. તેમના હૃદયમાં ઘણો સ્નેહ ભર્યો હતો. ૪. પછી શ્રીહરિ ગામમાં આવ્યા ત્યારે આગળ વાજિંત્રો વાગતા હતા. દાદા ખાચરના દરબારગઢમાં આવ્યા. બધા જ ગઢપુરવાસીઓએ શ્રીહરિનાં દર્શન કર્યા. ૫. સંતના મંડળોમાં જે મહંત કહેવાતા હતા અને જ્ઞાનવાર્તા સમજી શકે એવા હતા, તેમના નામ લખીને શ્રીહરિએ બોલાવ્યા. ૬.

શ્રીહરિએ તે બધા સંતોને એકાંતિક સુખ આપવાની કૃપા કરી હતી જે મોટા સંતોને બોલાવ્યા હતા તે આવ્યા. તેઓ સાથે એક એક સેવક

પણ લાવ્યા. ૭. જીવા ખાચરે સહુ સંતો ઉતારા કરે તે માટે ઉન્મત્તગંગાને નજીક એક જગ્યા બાંધી હતી. ત્યાં બધા સંતો આવીને ઊતર્યા હતા. ૮. જીવા ખાચરના દરબારમાં બન્ને બાજુ ઓસરી અને બન્ને બાજુ ચોક હતા, તે ઓરડાની નજીક આ સંતોને ઊતરવાની જગ્યા હતી. ૯. સંતો ત્યાં સવારે અને સાંજે કથા, વાર્તા, કીર્તન, આરતી અને 'નારાયણધૂન' કરતા રહેતા. અને શ્રીહરિ ત્યાં વારેવારે આવતા હતા. ૧૦. આવીને શ્રીહરિ પોતે જેટલા અવતારો ધર્યા હતા, તેના રહસ્યની અદ્‌ભુત વાતો નિત્ય કહેતા હતા. તે સાંભળીને સંતોને આશ્ચર્ય થાતું હતું. ૧૧. કોઈ કાર્યને નિમીતે જ્યારે ભગવાન પ્રગટ થતા ત્યારે તે કાર્યને અનુરૂપ શરીરને ધારણ કરતા. અને તેવું સામર્થ્ય દેખાડતા. પછી જ્યારે તે કાર્ય પૂરું થાય ત્યારે તે શરીરને અદૃશ્ય કરી દેતા હતા. ૧૨.

વ્યાસ આદિક મુનિઓએ તે તે અવતારનાં ચરિત્રો જેમ હતાં તેમ લખ્યાં છે, પણ તે ભગવાન જ્યારે પ્રગટ હોય છે ત્યારે લોકો તેમને ઓળખતા નથી; ભગવાનમાં આવી કળા રહી હોય છે. ૧૩. દુનિયામાં કોઈ ક્યારેય જાણે નહિ તેવી રીતે શ્રીહરિ બધા કામો કરે-કરાવે છે. ભગવાનમાં જે આવી કળાઓ રહી છે, તે તો બુદ્ધિમાનને પણ પૂરી દેખાતી નથી. ૧૪.

✵ બુદ્ધિથી પ્રભુ પકડાતા નથી :

दोहा : बुद्धिवंत रहत सुत सब, हरि कि माया माँही;
हरि कि बात जितनी जोउ, हरि के हाथ रहाँही...१५
बुद्धिवंत के माप में, अब लग आये नाहि;
आवनहार न कबहि यह, निश्चे बात कहाहि...१६

બધા બુદ્ધિશાળી લોકો પણ ભગવાનની માયામાં સૂતા રહે છે. કારણ કે, ભગવાનની જે બાબત છે તે કેવળ તેમના હાથમાં જ છે. ૧૫. ભગવાનની બાબત આજ સુધી બુદ્ધિમાનના માપમાં આવી નથી. અને હવે પછી ક્યારેય આવશે પણ નહીં; એ વાત નિશ્ચિત કહેવાય છે. ૧૬. ભગવાનનો અવતાર કઈ રીતે થાય છે ? અને એ ભગવાન કઈ રીતે અદૃશ્ય થાય છે ? તેવી બાબતમાં ઘણા બુદ્ધિશાળીઓ પણ યથાર્થ રીતે કાંઈ કહી શકતા નથી. ૧૭.

ભગવાન જ્યાં સુધી પ્રગટ તન રાખે છે તે પણ તેમનાં સ્વરૂપનું જ્ઞાન બુદ્ધિશાળીને પણ થતું નથી. વળી ભગવાન તો કાષ્ઠમાં રહેલા અગ્નિની જેમ સહુમાં એકરસ થઈને રહ્યા છે. ૧૮.

આકાશમાં એક પણ વાદળું હોય નહિ, છતાં ભગવાનની ઈચ્છાથી એક પળવારમાં અનેક વાદળાં થઈ જાય છે. તેના અનંત આકારો થાય છે અને તે વાદળામાં ભાતભાતના અપાર રંગ થાય છે. ૧૯. વાદળાઓમાં ગર્જના સાથે વીજળી ચમકે છે, પાણી દેખાતું નથી છતાં પાણીને વરસાવે છે. અને ક્યારેક અપાર કરાઓને પણ વરસાવે છે. આ કઈ રીતે થઈ રહ્યું છે ? એને બધા લોકો સમજી શકતા નથી. ૨૦. ભગવાનમાં એવી કળાઓ રહી છે કે, તેઓ તે કળાથી સ્થાવર-જંગમ સૃષ્ટિના શરીરોને તે તેની અવધિ પ્રમાણે નિરંતર વધારતા રહે છે પણ તે કોઈને દેખ્યામાં આવતું નથી. ૨૧. **ભગવાનમાં જે સામર્થ્ય રહ્યું છે તે બીજા કોઈ સિદ્ધો કે દેવોમાં નથી. જેમાં જેટલું આશ્ચર્યકારી સામર્થ્ય દેખાય છે, તે પણ ભગવાનની ઈચ્છાએ કરીને તે સામર્થ્ય દેખાય છે. જેટલી શુભ બાબત થતી દેખાય છે તે પણ ભગવાનની ઈચ્છાથી જ જાણવી. ૨૨-૨૩.** અને જે કાંઈપણ અશુભ બાબત હોય છે, તે ભગવાનથી વિમુખના કર્મની હોય છે. જે ભગવાનના ભક્તો કહેવાય છે તે આવી સમજણવાળા હોય છે. ૨૪.

❋ નિર્દોષબુદ્ધિ જે રાખે તે નિર્દોષ થાય છે :

ચોપાઈ :

भगवान ताकु जो जन जेहा, निर्दोष जितना समझत तेहा;
निर्दोष तितना होवत ताही, यामें रति नहि जूठ कहाही...२५
अपार ग्रंथ यह भूमि परही, रहाये हे सब तरे तरही;
तरे तरे सिद्धांत रहाये, अवतार जेसे तेसे कहाये...२६

જે મનુષ્ય ભગવાનને જેટલા નિર્દોષ સમજે છે, તેટલો તે સમજનારો નિર્દોષ થાય છે, તેમાં રતીભાર પણ અસત્ય નથી. ૨૫. આ ભૂમિ ઉપર જાત જાતનાં અનેક શાસ્ત્ર રહ્યાં છે અને તે સહુમાં જાતજાતના સિદ્ધાંતો કહ્યા છે. અને જેવા અવતારો થાય છે તે વાત પણ કહી હોય છે. ૨૬. ભરતખંડમાં

માનવસમાજમાં મુખ્ય વર્ણ અને આશ્રમ કહ્યા છે. અને વેદ અને પુરાણોમાં તે વર્ણ અને આશ્રમ બન્નેના ધર્મ કહ્યા છે. ૨૭. તે વર્ણમાં ચાર મુખ્ય છે અને આશ્રમમાં પણ ચાર મુખ્ય છે. ચાર વર્ણમાં પણ અઢાર વર્ણોના લોકો છે અને તેમાં પણ અપાર ભેદો છે. ૨૮. વેદમાં બ્રહ્મચારીના કેટલાક ભેદ કહ્યા છે અને ગૃહસ્થના પણ કેટલાક ભેદ કહ્યા છે તેમજ વાનપ્રસ્થના પણ ઘણા ભેદ કહ્યા છે. ૨૯. વળી સંન્યાસીના પણ કેટલાક ભેદ કહ્યા છે. જ્યારે જેવો યુગ હોય ત્યારે તેના તેવા ધર્મો ગ્રંથો કહે છે. ૩૦.

જે વૈષ્ણવ પરમહંસ સંતો છે તેને અતિ આશ્રમી કહેવાય છે. વર્ણી, વાનપ્રસ્થ અને સંન્યાસીને પરમહંસ કહેવાય છે. અને જે વૈષ્ણવ સંત કહેવાય છે, તે ધન અને સ્ત્રીનો ત્યાગ રાખે છે. જેટલાં ઘર અને સંબંધીનો ત્યાગ કરે છે તે બધાને ભેખધારી કહેવાય છે. ૩૧-૩૨. જે ભેખધારી ધન, સ્ત્રી અને વાહન પોતાના કરીને રાખતા હોય, પોતાને માટે કોઈ આશ્રમ બાંધતા હોય, તો તેને ત્યાગ માર્ગથી ભ્રષ્ટ થયા જાણવા. કેમ જે, તે ભગવાનના રહેતા નથી. ૩૩.

ત્યાગી થઈને જેઓ પોતાને માટે ગામ તથા ગરાસને રાખે છે. પોતાને માટે બાગ-બગીચાઓ કરાવે છે અને એકપણ વ્યસન રાખે રખાવે છે, ૩૪. તથા જે શસ્ત્ર કહેવાતું હોય તે પોતાનું કરીને રાખતા હોય અને કોઈપણ પ્રકારનો નશો કરતા હોય, મોઢેથી ગાળો બોલતા હોય, નિર્લોભ, નિર્માન, નિષ્કામ, નિસ્પૃહ અને નિઃસ્વાદ એ પાંચ નિયમને જે ન પાળતા હોય અને જે ભગવાનને આધીન ન રહેતા, ઈન્દ્રિઓને આધીન રહેતા હોય. ૩૫-૩૬. વળી, જે લોકો કથા, કીર્તન, ભજન, ભગવાનનું ધ્યાન અને સ્મરણ ન કરતા હોય અને ભગવાનનાં સ્વરૂપને નિરાકાર કહેતા હોય. ૩૭. તથા જે કોઈ એક જીવને ભગવાન કહેતા હોય; આવા બધા ભેખધારીઓ પાખંડી છે, તેને જો રાજા કેદ કરે તો તેમાં તે રાજાને કોઈપણ જાતનો દોષ લાગતો નથી. ૩૮. અને જે તોફાનીઓ છે, જે ફેલી, ઢોંગી, કીમિયાગરો, મંત્ર-જંત્ર કરવાવાળા અને ધૂણનારા ભુવાઓ તથા એવી રીતના જે હોય છે તે બધાને પાખંડી કહેવાય છે. પરંતુ યથાર્થ રાજા થયા વિના એ બધાને કોઈ

કેદ કરતું નથી. ૩૯-૪૦. જે ગૃહસ્થ હોય છે તે પોતાને યોગ્ય ધન, સ્ત્રી, ગામ, ગરાસ અને બીજા કોઈ પદાર્થ તેને રાખતા હોય તો તેને તેનો બાધ નથી. ૪૧. ગૃહસ્થાશ્રમી ઉપર કહેલા પદાર્થનો શરીરથી સંબંધ રાખે પણ આત્મદૃષ્ટિએ ત્યાગીની જેમ જ રહે; આવા નિર્બંધ ગૃહસ્થો સર્વે જનકરાજાની સમાન રહ્યા છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ વર્ણાશ્રમના ધર્મ કહેતા ભેખધારીઓની ખામી બતાવી' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ।।૫૪।।



પૂર પંદરમું : તરંગ - ૫૫

સાર-અસારનો વિવેક કહીને કર્મફળની અનિવાર્યતા કહી

પછી શ્રીહરિએ સંતોની આગળ જે વાત કહી તે હું કહું છું, જેને કાનથી સાંભળનારો મનુષ્ય ક્યારેય જમપુરીમાં જતો નથી. ૧. જેને મનમાં ભગવાનને રાજી કરવા માટેની ભાવના હોય એવો જ્યારે રાજા થાય છે, ત્યારે ધર્મના પગ ટકે છે. ૨. જે ધર્મના સત્યાદિક પગની રક્ષા કરનારો રાજા છે તેની કીર્તિ ક્યારેય આ દુનિયામાંથી નષ્ટ થતી નથી, તે નિશ્ચિત છે. કારણ કે જ્યાં ધર્મ હોય છે ત્યાં કીર્તિ રહે છે. ૩. ધર્મનો ત્યાગ કરીને જેટલી કીર્તિ મેળવવામાં આવે છે, તેને દુર્ભાગ્ય કહેવામાં આવે છે. અને તે કીર્તિ અધર્મરૂપ કહેવાય છે. ૪. અધર્મથી મેળવેલી જેટલી કીર્તિ છે, તે અધર્મરૂપ કહેવાય છે. જેમ કે, હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ બન્ને કશ્યપ પ્રજાપતિના પુત્ર હતા. તે છઠ્ઠા મનવંતરના સત્યયુગમાં થયા હતા. તે બન્નેમાં અપાર પરાક્રમ હતું પણ તેઓ પરમેશ્વરની નીતિથી બહાર વર્ત્યા હતા. ૫-૬. તે બન્નેના તે સમયના પરાક્રમને અધર્મરૂપ લખાયા છે. હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદજી થયા. તેઓ પરમેશ્વરની કહેલી નીતિ ઉપર ચાલ્યા. ૭. તેનું બધું પરાક્રમ ધર્મરૂપ લખાયું છે અને પ્રહ્લાદજીના પુત્ર વિરોચન થયા. તે અધર્મના માર્ગે રૂચી રાખીને ચાલ્યો. ૮. તેનું જેટલું પરાક્રમ હતું તે બધું અધર્મરૂપ લખાયું. અને વિરોચનના પુત્ર બલિ કહેવાયા. તેણે બધા દેવતાઓને જીતી લીધા. ૯.

બલિ ભગવાનની આગળ દીન-આધીન થઈને રહ્યા તો બલિરાજાના દ્વાર પર આજ સુધી ભગવાન નિવાસ કરીને રહ્યા છે. હવે તેની કીર્તિનો ક્યારેય નાશ નહિ થાય. ૧૦. આવી કીર્તિ જેણે સંપાદન કરી હોય તેનાથી અધિક ઉત્તમ કોઈ રાજા નથી. જેણે ભગવાનને વશ કર્યા હોય, તેની બુદ્ધિ તો બ્રહ્મા કરતાં પણ વધારે કહેવાય. ૧૧.

❋ મર્યાદા સહુને આદરણિય છે :

જ્યારે ભક્ત ભગવાનને વશ થાય છે ત્યારે ભગવાન પણ તે ભક્તને વશ થાય છે. ભગવાનની બાંધેલી જે મર્યાદા છે, તે સર્વોપરી કહેવાય છે. ૧૨. અને ભગવાનની કહેલી મર્યાદા તો વેદ, પુરાણો અને જેટલી સ્મૃતિઓ છે તે બધાને, તેમજ પાતાળથી લઈને અક્ષરપર્યંત સહુને આદરણીય છે. ૧૩. જેમાં કોઈપણ જાતનો દોષ ન હોય એવો જે ધર્મ તે જેને માટે પાળવાનો કહ્યો હોય તેણે પાળવો. જે નિર્દોષ ધર્મ કહ્યો હોય તેને મનુષ્યએ હંમેશાં પાળવો. ૧૪. જે કોઈપણ બાબત હોય તેની પહેલા તપાસ કરવી. અને તે બાબતમાં સાર કે અસારને દેખીને તેનો સાક્ષાત્ અનુભવ કરવો. ૧૫.

સર્વોત્તમ સાર જો સમજી સ્વીકારવામાં આવે તો તે સમજનારાની કીર્તિ રોજરોજ વધે છે અને અસાર બાબતને જો સ્વીકારે તો રોજરોજ તેની અપાર અપકીર્તિ વધતી રહે છે. ૧૬. જેટલી સારરૂપ બાબત કહેવાતી હોય છે, તેનો વિચાર કરીને તે પ્રમાણે વર્તવું. અને જેટલી સારી કીર્તિ કહેવાય છે તે બધી સારરૂપ બાબતથી પમાય છે. ૧૭. મનુષ્ય અસાર બાબતથી રાત-દિવસ અપકીર્તિને પામતો રહે છે. અમૃતનો જે સાગર છે તે સારભૂત વાતમાં રહ્યો છે. ૧૮. સારભૂત વાતથી જેટલાં બ્રહ્માંડો છે, તે બધાં જીતાય જાય છે. અને જેટલા સરસ શબ્દો કહેવાય છે તે બધા પણ સારભૂત વાતમાં રહ્યા હોય છે. ૧૯. જેટલા સારામાં સારા સ્પર્શ છે તે બધા સારી વાતમાં રહ્યા છે. તેમ જ સારામાં સારા જે રૂપ, રસ અને ગંધ છે તે બધા પણ સરસમાં સરસ સારભૂત વાતમાં રહ્યા છે. ૨૦-૨૧. જે કાંઈ સુખ શાંતિ કહેવાય છે તે બધી સારભૂત વાતમાં રહે છે. અને તે સારભૂત વાતમાં સારું સર્વોત્તમ ધામ પણ રહે છે કે જેને તેજોમય સ્થાન કહેવાય છે. ૨૨.

સારભૂત સરસ વાતથી કોઈ અધિક નથી. જગતમાં તો બીજી વાતો અનંત ભરી છે. પરંતુ બીજી બધી સારભૂત વાતોનો પણ સાર તો એક સત્સંગ જ છે. ૨૩. ભગવાન, ભગવાનનું ધામ અને તે ધામમાં જેટલી વસ્તુઓ કહેવાય છે તેનાથી વિશેષ મહત્ત્વની વસ્તુ અન્ય કોઈ કહેવાતી નથી, તે વિચાર કરીને અમે અનુભવ્યું છે. ૨૪. અસારભૂત જે વાતો છે તેનાથી જેને અસાર કહેવાય છે, એવી બધી બાબતોને મનુષ્ય વારંવાર પામ્યા કરે છે. ૨૫. અસારભૂત વાત(કુસંગ)ના જોગથી બ્રહ્માંડનાં જે કોઈ સુખ મળ્યા હોય તે બધાનો નાશ થઈ જાય છે. અને જેટલાં દુઃખ છે તે બધાને પામે છે. ૨૬. શબ્દમાં અસારરૂપ કુસંગ છે તે ખરાબ વાતોથી આપણામાં આવે છે. તેમજ અસાર સ્પર્શ પણ અસાર વાતોથી આવે છે તથા અસાર રૂપ, રસ અને ગંધ પણ ખરાબ વાતોથી જ જીવનમાં પ્રવેશે છે. જે અસાર કહેતા ખરાબ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ગ્રહણ કરે તો તેમાં રહેલા બધા જ દોષો તે સ્વીકારનારામાં ભળી જાય છે અને જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં પણ તેને તેવા ખરાબ વિષય મળે છે. ૨૭-૨૯.

આ દુનિયામાં માણસ જેવું કર્મ કરે છે તેવું ફળ તેને મળે છે આ ભરતખંડમાં જે રહે છે તે મનુષ્યની જાતિ કહેવાય છે. ૩૦. જેને પાપ અને પુણ્યનું જ્ઞાન છે તે બધા મનુષ્ય જાતિ કહેવાય છે. પણ જે પશુ, પંખી અને માછલા આદિકને મારીને ખાય છે, ૩૧. તેના સાક્ષી પરમેશ્વર અને જે તે દેવ આદિક છે તે બધા તેની પાસે જ રહ્યા છે. તેઓ તેનો તલ તલ જેટલો હિસાબ રાખે છે. ભૂલથી એક પણ દિવસ લખાયા વગરનો જાતો નથી. ૩૨. આ લોકમાં મનુષ્યો જેને જે રીતે મારે છે તે મારેલો જીવ જ્યાં જાય છે ત્યાં તેવા ને તેવા હથિયારો લઈને પોતાને મારનારને મારવા માટે તૈયાર રહે છે. મારનારો જ્યારે મરે છે ત્યારે તેને મારીને પૂર્વે મરેલા જે જીવ હોય છે તે તેને ખાય છે. ૩૩. વર્તમાન જીવનમાં કોઈ જીવને ચાહે તેટલા મારે, તે જીવને મારવાના પાપનો બોજ મારનારને માથે રહે છે. જીવને મારીને જે અહીં જેવો ખુશી થાય છે, તેવા જ તેને મારીને તેઓ ત્યાં અતિશય ખુશી થાય છે. ૩૪. અને જે રીતે આંહીં જેટલા જીવને મારે છે તેણે મારેલા બધા

જીવ તે મારનારને તે રીતે જ મારીને ખાય છે. અને તેના પછી તે તેવા જ ખુશી થાય છે. તે પોતાનું પૂરું વેર લે છે. ૩૫.

પરમેશ્વરે બાંધેલી મર્યાદાને લોપીને જે મનુષ્ય વર્તતો હોય છે તેના જીવને અંતે જમદૂત આવીને તેને જમપુરીમાં લઈ જાય છે. ૩૬. અને પરમેશ્વરે બાંધેલી મર્યાદામાં જેઓ જેટલું વર્તે છે તેને તેટલું ધર્મરાજ પણ પૂજે છે અને 'ધન્ય ધન્ય' એમ કહે છે. ૩૭. જે પ્રજા, રાજા, દેવ કે બ્રહ્મા જેવા હોય પણ જેટલું ધર્મમાં રહે છે તેટલું તેને ધર્મરાજ પૂજે છે. ૩૮. પરમેશ્વરે બાંધેલી જે વર્તનની મર્યાદા છે તે મૂર્તિમાન ધર્મ છે અને વર્તનમાં જે પ્રમાદ રાખે છે તેટલો તે ધર્મને લોપે છે. ૩૯. મનુષ્ય જેટલો ધર્મનો લોપ કરે છે, તેના ઉપર પરમેશ્વર તેટલો કોપ કરે છે અને તેને જાત જાતના રોગ દ્વારા દંડ દે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સાર-અસારનો વિવેક કહીને કર્મફળની અનિવાર્યતા કહી' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ।।૫૫।।



પૂર પંદરમું : તરંગ - ૫૬

મુક્તમુનિની વાતથી ઉદાસ થયેલા શ્રીહરિને નિત્યમુનિએ રાજી કર્યા

દાદા ખાચરના દરબારમાં શ્રીહરિનું ભવન હતું. તે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડામાં શ્રીહરિ બેઠા હતા. ૧. જ્યારે અધરાત ગઈ અને ચંદ્રનું અજવાળું થયું ત્યારે નિત્યાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી આ બે સંતો જ શ્રીહરિની પાસે બેઠા હતા. ૨. શ્રીહરિની મરજી જાણીને મુક્તાનંદસ્વામીએ બે હાથ જોડ્યા અને ગદ્‌ગદ કંઠ થઈને બોલ્યા, ૩. મહારાજ ! મારા મનમાં અપાર શાંતિ રહે અને ક્યારેય અશાંતિ ન થાય એવો સારમાં સારરૂપ જે ઉપાય હોય તે મને કહો. હું તે પ્રમાણે કરીશ. ૪. શ્રીહરિ તેમની વાત સાંભળીને મનમાં ઘણું હસ્યા અને દૈવની માયાના બળને જોયું કે અપાર શાંતિનો સાગર પ્રાપ્ત થયો છે, છતાં સ્વામી કોરા

રહ્યા છે. ૫. તે સાંભળીને શ્રીહરિ બોલ્યા, શું તમે મનમાં ઘણા ઉદાસ થઈ ગયા છો ? સહુને શાંતિ થાય એટલા માટે તો અમે સત્સંગમાં ટક્યા છીએ. અમારે બીજું સત્સંગમાં કોઈ કામ નથી. ૬.

અમે જે જે વાત કરીએ છીએ તેમાં અમારું તાન શાંતિ કરાવવા માટેનું જ હોય છે. ધ્યાન, ધારણા અને સમાધિ વગેરે અમે ભક્તોને વારંવાર અપાર કરાવીએ છીએ, ૭. કેટલાક ભગવાનનાં ધામ અને લોક દેખાડીએ છીએ. કોઈ આશ્ચર્યકારી બાબત બાકી રાખતા નથી. ખાતાં, પીતાં, ચાલતાં અમે જે કાંઈ કરીએ છીએ તે શાંતિ માટે કરીએ છીએ અને વારંવાર જે સમૈયા કરીએ છીએ, ૮. તથા ઘરેણાં અને વસ્ત્ર અમે જે ધારીએ છીએ, તે બધામાં સહુ સંતો-ભક્તોને શાંતિ કરવાનું જ તાન રહે છે. અમે વારંવાર જમાડીએ છીએ તથા ભેટીએ છીએ અને જે ઘણી પૂજા કરાવીએ છીએ, તે રાત-દિવસ શાંતિ કરાવવાને માટે છે. અમે બધી ક્રિયાઓ ભક્તજનના અંતરને ઠારવા માટે કરીએ છીએ. આપણા આખા સત્સંગમાં આ મુક્તાનંદસ્વામીના જેવી કોઈની સમજણ નથી. ૯-૧૦. **આવા સમજણવાળા સંતના અંતરમાં પણ આજ સુધી જો શાંતિ ન થઈ, માટે બીજા ભક્તની તો હવે વાત નથી કહેવી; આવું વિચારતા શ્રીહરિના દિલમાં ચેન પડ્યું નહિ. ૧૧. અને શ્રીહરિ મનમાં અત્યંત ઉદાસ થઈ ગયા કે અમારો બધો પરિશ્રમ નષ્ટ થઈ ગયો. અમે અત્યારે જે દયા કરી છે તેવી દયા કોઈ વખતે કરી નથી. ૧૨.**

❋ શ્રીહરિ અને સંતનો મહિમા :

दोहा : जन्म मरण चोरासीके, जमपूरीके अपार;
दुःख दिये सब मेटीके, भय न रहेउ लगार...१३
संत हरिजन के बचन से, सत्संग करत जेह;
गमे तेसे अधम जन, धाम में जावत तेह...१४

અમે જીવનાં જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીનાં બધાં અપાર દુઃખો ટાળી દીધાં છે, તેનો લગાર પણ ભય રહેવા દીધો નથી. ૧૩. સંતો અને હરિભક્તોના વચનથી જે સત્સંગી થાય છે તે ગમે તેવો અધમ માણસ હોય, તોપણ ભગવાનના ધામમાં જાય છે. ૧૪.

सोरठा : अनंत भये अवतार, अनंत सामृथी करे तेहि;
एक एक संत द्वार, सामृथ हम देखाये अब...१५
आश्रित जन हि ताकू, अंत समे संत वचन कर;
मूर्ति मनोहर वाकू, दरशन देवत आई तब...१६

ભગવાનના અનંત અવતારો થયા અને તેમણે અનંત સામર્થ્ય બતાવ્યું હતું, તેવું સામર્થ્ય તો અમે અત્યારે આ એક એક સંત દ્વારાએ દેખાડ્યું છે. ૧૫. અમે સંતોનાં વચને નિજાશ્રિતોને મનોહર મૂર્તિ ધરી અંત સમયે આવીને દર્શન દઈએ છીએ. ૧૬. ઊંચ-નીચ જાતિના જે કોઈપણ હરિભક્ત હોય તે બધા જીવ સત્સંગ કરીને અત્યારે અત્યંત શુદ્ધ થઈ જાય છે. ૧૭. ચાહે તેવું મેલું વસ્ત્ર હોય, પણ તે પાણીમાં ધોવાથી તત્કાળ શુદ્ધ થઈ જાય છે. તે રીતે જ અત્યારે સત્સંગના જોગથી લોકો શુદ્ધ થઈ જાય છે, કાંઈ વાર લાગતી નથી, ૧૮. ગળી જેવો કોઈ રંગ કપડામાં લાગ્યો હોય તો તેને પાણીથી ધોવે છતાં પણ તે રંગની અસર જાતી નથી; એવી તે રંગમાં અતિ મલિનતા રહી છે, ૧૯.

चोपाई :

एसे पाप रहाये केते, सत्संग के जोगकर तेते;
नाश होई जावत वचन हमारे, प्रसिद्ध देखेमें आय अब वारे...२०
हमारे मुखसे बडता हमारी, केना जोग्य नहि कोउ वारी
हम मुख न बोलत जिहाँ लगहि, जन शांति न होत तिहाँ लगहि...२१

ગળીના રંગની જેમ કોઈ રીતે ટળે નહિ એવાં પાપ હોય, તોપણ જો તે સત્સંગનો યોગ રાખે તો અમારાં વચને તેનોય નાશ થઈ જાય છે. તેવું આ વખતે પ્રસિદ્ધ જોવામાં આવે છે. ૨૦. અમારે મુખે અમારી મોટાઈ કહેવી યોગ્ય નથી, છતાં અમે જ્યાં સુધી અમારા મુખથી નહિ બોલીએ ત્યાં સુધી ભક્તજનને શાંતિ નહિ થાય. ૨૧. અત્યારે જે હરિભક્ત થયા છે તે બધા અમને પરમેશ્વર માને છે અને સર્વ શાસ્ત્રમાત્રનું જે રહસ્ય છે તે અમારા વચનમાં આવી જાય છે તેમ માને છે. ૨૨. અમારા વચનની અને શાસ્ત્રોની એકતાને બધા ભક્તો માને છે. જીવ શરીરમાં જેમ એકરસ થઈને રહ્યો છે

તેમ બધાં શાસ્ત્રો અમારા વચનમાં એકરસ થઈને રહ્યાં છે. ૨૩. તે સમયે શ્રીહરિને ઉદાસ દેખીને નિત્યાનંદસ્વામી બોલ્યા. તેઓ બોલવામાં અતિશય ચતુર હતા. તેમણે વાત કરતા તે પ્રસંગ ફેરવી નાખ્યો. ૨૪.

તેમણે કહ્યું, હે હરિ ! મુક્તાનંદસ્વામી જે વાતને કહે છે તેને હું જેમ સમજ્યો છું તેમ કહું છું. માટે આપ તેને કૃપા કરીને સાંભળો. ૨૫. મુક્તાનંદસ્વામીની આગળ તો અમે બાળક છીએ. તેમની સમજણ અપાર છે અને તેઓ રસાળ વાતો કહે છે. ૨૬. **જે સવળી વાત હતી તે આપના ધ્યાનમાં અવળી દેખાઈ લાગે છે. હું તો તે વાતને સવળી સમજુ છું, તે હવે કહું છું. ૨૭. મુક્તાનંદસ્વામી તો એમ કહેતા હતા કે, હે પ્રભુ ! આપની વાત સાંભળીને તો મને અપાર શાંતિ થઈ છે. હવે પછી પણ તે શાંતિ સદા રહે તેવી વાત કહો. ૨૮.** આપની વાત સિવાય બીજી વાતમાં તો અશાંતિ ઘણી થઈ જાય છે. માટે અમને દેહ રહે ત્યાં સુધી બીજી વાતમાં સદા અરુચિ રહે એવી કૃપા કરો. ૨૯. આપને અતિ પ્રસન્ન કરવા માટે સ્વામી તમને આવું કહે છે. ત્યારે શ્રીહરિ બોલ્યા, તમે બરાબર વાત કરી. જો અત્યારે તમે આવી વાત ન કહી હોત તો અમે તમારો સહુનો ત્યાગ કરીને બદરિકાશ્રમમાં ચાલ્યા જાત. કેમ જે, તે ધામ પ્રત્યે અમને પ્રેમ છે. માટે અમે મનમાં એવો નિશ્ચય કર્યો હતો. તેટલી વારમાં તો તમે આ બધું બોલ્યા. ૩૦-૩૧.

હવે અમારો જીવ સ્થિર થઈને બેઠો છે. તલભાર પણ ઉદાસીનતા રહી નથી. જો તમે આટલું ન બોલ્યા હોત તો સવારમાં તમે કોઈ અમને દેખત નહિ. ૩૨. મુનિરાજ, હવે તમારે નિરંતર અમારી પાસે રહેવું. અમારી પાસે કોઈ વિપરીત વાત આવે છે ત્યારે અમે વારંવાર ઉદાસ થઈ જઈએ છીએ. ૩૩. વિપરીત વાતને સવળી કરી દે એવા ચતુર તો કોઈક જ આદમી હોય..! એવા તો દરબાર જીવા ખાચર છે. તે અમારા દેખવામાં આવ્યા છે. ૩૪. તેઓ સંસારમાં રાત-દિવસ લોભાયેલા રહે છે. તેમને કથામાં લેશમાત્ર પણ પ્રેમ નથી અને જેને કથામાં પ્રેમ ન દેખાય તે અમને બહુ પ્રિય લાગતા નથી. ૩૫.

✵ શ્રીહરિનું ગમતું તથા નિર્દોષ થવાનો ઉપાય :

चोपाई :

कथा बात कीर्तन हरि के, करत वखान करत हम ईनके;
अनंत जुगसे संसार तामें, मन यह चोंट रये हे यामें...३६
मनकु उखेडन करे अभ्यासा, एसे देखी हम होत हुलासा;
जियकु करने काम हे जेतो, तत्पर होई करे जो तेतो...३७

ભગવાનની કથા, વાર્તા અને કીર્તન જે કરે છે તેનાં અમે વખાણ કરીએ છીએ. આ જીવને અનંત યુગથી સંસારમાં મન ચોંટી રહ્યું છે. તે મનને સંસારમાંથી ઉખેડવાનો જે અભ્યાસ કરે છે તેને દેખીને અમે પ્રસન્ન થઈએ છીએ. કેમ જે, જીવને આટલું જ કામ કરવાનું છે તેને તે તત્પર થઈને કરે છે. ૩૬-૩૭. અમને તેના ઉપર રોજ રોજ વધારે હેત થાય છે અને જેને અમે સંસારમાં લોભાયેલો દેખીએ છીએ તેનાથી અમે અમારું ચિત્ત તોડી નાખીએ છીએ.૩૮. હરિભક્ત થવા છતાં સંસાર અને શરીર ઉપર જ્યાં સુધી દોડ રહે છે ત્યાં સુધી તેને અમે બાળકના જેવો માનીએ છીએ. ૩૯.

જ્યાં સુધી મોહ રહે છે ત્યાં સુધી તેમાં વિઘ્ન રહ્યું છે; આવી જેને સમજણ હોય ત્યાં સુધી તેને સત્સંગ રહે છે. ૪૦. જે સંતોને નિર્દોષ દેખે છે અને હરિભક્તોને નિર્દોષ કહે છે તેના ઉપર અમને ઘણું જ હેત થાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'મુક્તમુનિની વાતથી ઉદાસ થયેલા શ્રીહરિને નિત્યમુનિએ રાજી કર્યા' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર પંદરમું : તરંગ - ૫૭

હરિચરિત્રનું ગૌરવ અને ભાવનાને અનુરૂપ તેનું ફળ

પછી શ્રીહરિ પ્રસન્ન થઈને અંતરમાં રાત-દિવસ અપાર શાંતિ રહે એવી વાતને કહેવા લાગ્યા. ૧. સત્સંગની સનાતન રીત, સંતોની સનાતન રીત અને હરિભક્તોની સનાતન રીત જ્યારે થોડી પણ ન રહી, ૨. શુદ્ધ

ધર્મની રીત અને શુદ્ધ વર્ણાશ્રમની પણ રીત જ્યારે ન રહી અને જ્યારે મોક્ષ લુપ્ત થઈ ગયો તે વખતે મરીચ્યાદિક ઋષિઓ અમારી પાસે આવ્યા. ૩. બંને હાથ જોડીને તે ઋષિઓએ અમારી સ્તુતિ કરી અને અમને ઉપર કહી તે સનાતન ધર્મના નાશની ચિંતા વ્યક્ત કરી. તે વખતે ધર્મદેવ પણ તેમની સાથે હતા. ૪. ભરતખંડની જેટલી ધર્મની રીત છે તેનો લોપ થઈ ગયો છે; એમ તેમણે કહ્યું. ત્યારે અમે મનમાં વિચાર્યું કે, આ ઋષિઓ ક્યારેય અમારી પાસે આવ્યા નથી. પછી ભરતખંડમાં હવે અમે પ્રગટ થશું, એવો તેમને કોલ આપ્યો. ૫.

ધર્મવંશના ધર્માદિક ગુણોને પ્રસિદ્ધ કરવા અને તેમાં આચાર્ય સ્થાપવા માટે અમે કોશળ દેશમાં ધર્મદેવને ઘેર આવીને પ્રગટ થયા. ૬. હરેક બ્રહ્માંડમાં કેટલાએ બ્રહ્માઓ રહ્યા છે, તેમાંથી ભગવાનની યોગકળાના પારને યથાર્થ રીતે કોઈ પામી શકતા નથી. ૭. એક કન્હીરામ નામે વિપ્ર હતા. તે વિપ્રને ઘેર એક બ્રહ્મા આવીને બાળશર્માના રૂપમાં પ્રગટ થયા. તે બાળશર્માને ઘેર ધર્મદેવ પુત્રના રૂપમાં પ્રગટ થયા. તે ઘણી આશ્ચર્યકારી વાત છે. ૮. મોટાની વાત મોટી હોય છે. તે બ્રહ્માની પણ કલ્પનામાં ન આવે. મનુષ્ય જેમ જેમ કલ્પના કરવા જાય છે તેમ તેમ મોટાનું મહત્ત્વ વધતું જાય છે અર્થાત્ તેનો પાર પામતા નથી. ૯. અપારનો પાર કોઈ લઈ શકે નહીં. અત્યારે તેનો પાર પામવા જે જાય તેની બાળબુદ્ધિ રહી છે; એવું અમને દેખવામાં આવે છે. ૧૦. જેમાં બધી જ જાતના આશ્ચર્ય રહ્યા છે, તેનાથી કોઈ અધિક કહેવાતું નથી. એ રીતે સ્પષ્ટ વાત કહેવાય છે, છતાં અંતરમાં અશાંતિ રહે છે. ૧૧.

મને જેવો ઉત્તર આવડે છે તેવો મેં યથાર્થ રૂપમાં કહ્યો. હવે નિત્યાનંદસ્વામી શાંતિની વાત બતાવશે. ૧૨. આમ કહીને શ્રીહરિએ બંને સંતોને રજા આપી. અને પોતે પોઢી ગયા. પછી નિત્યાનંદમુનિએ મુક્તાનંદસ્વામીને શાંતિની વાત બતાવતા કહ્યું કે, ૧૩. હે સ્વામી ! આપણને શ્રીહરિ પ્રત્યક્ષ મળ્યા છે માટે તેમનાં જેટલાં ચરિત્રો છે તે બધાં રાત-દિવસ સંભારવાં તે જ એક શાંતિનો ઉપાય છે. ૧૪. ચરિત્રો સિવાય

બીજી અપાર બાબતોને જે શીખી રાખવી તે બધું તો અશાંતિમય છે, એમ નારદમુનિએ વ્યાસજીની આગળ કહ્યું છે. ૧૫. આપને માટે તો ધર્મકુમાર શ્રીહરિ આ વખતે ધર્મદેવના ઘરનો ત્યાગ કરીને સત્સંગમાં આવ્યા છે અને અધિક અધિક ઉત્તમ ચરિત્ર કરે છે. ૧૬. નિત્યાનંદસ્વામીનાં વચન સાંભળીને મુક્તાનંદસ્વામીના દિલમાં તે વાતની ઘેડ બેસી ગઈ. અને પછી શ્રીહરિનાં ચરિત્ર સંભારવા લાગ્યા, તેથી દિલમાં અપાર શાંતિ થઈ. ૧૭.

✵ મુક્તાનંદસ્વામીની સ્થિતિ :

चोपाई :

तनकी स्मृति नहीं रहाते, चरित्ररस जब पान कराते;
जो सुनत यह करावत पाना, चरित्र उपर रखे गुदराना...१८
चरित्र बिन बात कहावत जेती, त्याग कर दीने सबहि तेती;
चरित्र कि पुष्टि करे जो एसी, बात ग्रहण करत भये तेसी...१९
श्रद्धा जीयमें बहुत रहाये, हरि देखके अपार रिजाये;
बात करत भये श्रीहरि तबहू, एसी सुने नहि श्रवन कबहू...२०

જ્યારે સ્વામી ચરિત્રરસનું પાન કરતા હોય ત્યારે તેમને શરીરનું પણ ભાન રહેતું નહિ. જો કોઈ શ્રીહરિનાં ચરિત્રોને સાંભળનાર હોય તો તેઓ તેનું રસપાન કરાવતા. તેમના જીવનનો નિર્વાહ શ્રીહરિનાં ચરિત્ર ઉપર જ હતો. ૧૮. શ્રીહરિનાં ચરિત્ર સિવાયની જે કોઈપણ બાબત હોય તે બધી મુક્તાનંદસ્વામીએ છોડી દીધી હતી. અને તેઓ શ્રીહરિચરિત્રની પુષ્ટિ કરે એવી બધી જે વાતો હોય તેનો સંગ્રહ કરી લેતા હતા. ૧૯. મુક્તમુનિને ચરિત્રોમાં બહુ જ શ્રદ્ધા હતી. તેને જોઈને શ્રીહરિ અપાર રાજી થયા અને પછી ક્યારેય કાને સાંભળી ન હોય એવી અનેક વાતો કરવા લાગ્યા. ૨૦. પછી શ્રીહરિએ જેવો અત્યારે પોતાનો મત હતો તેવી યથાર્થ રીતે વાત કરી.

તે સાંભળીને મુક્તાનંદસ્વામી હાથ જોડીને કહે, નાથ ! તમે મારી વિનંતિ સાંભળો. ૨૧. હે મહારાજ ! જેને તમને રાજી કરવાનું જ એક તાન હોય તે જ્યારે તમને પ્રશ્ન પૂછે ત્યારે જેવી તમારી મરજી હોય એમ પ્રસન્ન

થઈને કહેવું. ૨૨. **આપનાં વચન કરતાં હું બીજા કોઈ સાધનને અધિક માનતો નથી. જેની રુચિમાં જેવું સમજાય તેવું તે અન્ય કોઈ સાધનને અધિક કહે છે. ૨૩.** પણ તે બાબતમાં ક્યારેય શાંતિ થતી નથી. સર્વ સાધનનું મૂળ અત્યારે આપ પ્રગટ મળ્યા છો. આપની મૂર્તિ અને આપનાં ચરિત્રોમાં જ શાંતિ છે. છતાં આપની જ્યારે જે રીતની મરજી હોય તે પ્રમાણે અમારે મનમાં અત્યંત પ્રસન્ન અને તત્પર થઈને કરવું છે. મેં મનમાં તપાસ કર્યો છે કે, આપની મૂર્તિ અને ચરિત્ર તે જ લાભમાં પણ લાભ છે. ૨૪-૨૫. **માટે હે મહારાજ ! આપના અપાર આજ્ઞા વચનો છે. અમારે માટે તે બધા જ મુખ્ય રહે અને જે સમયે આપની જેવી મરજી હોય તે વખતે તે વચન જ અમારે પ્રધાન રહે, એવી કૃપા કરો. ૨૬.** આપ અને આપનાં જે જે સમય પર કહેલાં વચન છે તે, તે સમય પ્રમાણે મુખ્ય જ છે; એમ અમે સમજીએ છીએ. ૨૭.

અત્યારે અમારી દૃષ્ટિગોચર આપની જે આ મૂર્તિ છે તે જ ધામમાં પણ અખંડ બિરાજે છે. આપમાં તો ભારે યોગકળાઓ રહી છે, તે આવતી-જતી દેખાય છે અર્થાત્ ક્યારેક દેખાડો છો અને ક્યારેક નથી દેખાડતા. ૨૮. ધામનું સ્વરૂપ અને આ સ્વરૂપ, તે બેમાં અધિક-ન્યૂન ભાવને કહેનારા શબ્દ જ્યારે અમે સાંભળીએ છીએ ત્યારે અમારા અંતરમાં અતિ ઉતાપ થાય છે. ૨૯. કેટલાકની તો રુચિ તે બંને સ્વરૂપમાં અધિક-ન્યૂન ભાવવાળી દેખાય છે. તેથી તેમને તે બંને રૂપ એક કહેવામાં સુખ રહેતું નથી.

ત્યારે શ્રીહરિએ કહ્યું, જેની જેવી સમજણ હોય તેનો તેવો મોક્ષ થાય છે. ૩૦. જે ભક્ત આ મૂર્તિમાં જેટલી ન્યૂનતા કહે છે તેને તેટલું ન્યૂન ધામ પ્રાપ્ત થાય છે. જે ભક્ત મૂર્તિને માયિક કહે છે તે ભક્ત માયિક જ રહે છે. ૩૧. જે લોકો મૂર્તિને માનતા નથી અને તેજને જ મુખ્ય માને છે તે લોકો જ્યારે દેહને પામે છે ત્યારે હાથ, પગ, મુખ, નેત્ર, નાક અને કાન જેને ન હોય, એવા દેહને જ વારંવાર પામે છે. અને આ રીતે અનંત જન્મ ગયા પછી આવા જોગમાં જે દિવસ આવશે ત્યારે તે જ ક્ષણે મનુષ્ય જેવા સાકાર શરીરને પામશે. ૩૨-૩૩.

તે જન્મમાં પણ જેને જેવો જોગ મળે છે તે તેવા શરીરને પામે છે અને જેવી વાતોનું તે શ્રવણ કરે છે, તેનું શરીર પણ તેવું થઈ જાય છે. ૩૪. કેટલાક તો ભૂત અને પ્રેતના દેહને પામે છે, એવું નજરમાં દેખાય છે. પશુ, પંખી, વૃક્ષ, વેલી અને ઘાસ આદિક અપાર અને અનંત પ્રકારનાં શરીર રહ્યાં છે. જે મનુષ્ય પોતાના મનમાં જેવી રુચિ રાખે છે તેવા પ્રકારના શરીરને તે પામે છે. જે જીવને જેવા શબ્દ ઉપર રુચિ હોય છે તેવા શરીરને તે પામે છે. ૩૫-૩૬. તેમજ જેવા સ્પર્શમાં અને જેવા રૂપમાં જેને જેવી રુચિ હોય તેવા શરીરને તે પામે છે; એવી આ વાત છે. ૩૭. જેવા રસમાં રુચિ હોય અને જેવા ગંધમાં જે રીતે તે લોભાતો હોય તેવા શરીરને તે જીવ પામે છે. ૩૮. જે જીવ સત્સંગમાં લોભાતો નથી અને જ્યાં ત્યાં વિષયના પદાર્થમાં લોભાય છે, તો તે જીવ પહેલા તો જમપુરીમાં જાય છે અને પછી લખચોરાસીમાં વિવિધ પ્રકારના શરીરને ધારણ કરે છે. ૩૯. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, હે અંતર્યામી શ્રીહરિ ! પહેલા રામાનંદસ્વામી જેવી વાતો કરતા હતા તેનાથી પણ અધિક વાતો આપ કરતા રહો છો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિચરિત્રનું ગૌરવ અને ભાવનાને અનુરૂપ તેનું ફળ કહ્યું' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર પંદરમું : તરંગ - ૫૮

ગઢપુરમાં શ્રીહરિએ પોતાનો હૃદ્ગત અભિપ્રાય કહ્યો

दोहा : अक्षरधाम के धामी जो, प्रगट मिले जब जाहि;
वेद पुरान साधन सब, आई रहे ता मांहि...०२

સાક્ષાત્ સર્વેશ્વર શ્રીસહજાનંદસ્વામી આગળ મુક્તાનંદસ્વામી વાત કરી રહ્યા. તે પછી શ્રીહરિ બોલ્યા, જ્યારે અક્ષરધામના ધામી જેને પ્રગટ મળે છે ત્યારે તેમાં વેદો, પુરાણો અને તેમાં કહેલા બધાં જ સાધન આવી જાય છે. ૧-૨. તે પરમેશ્વર મળ્યા પછી જે કરવાનું રહે છે તેની વાત હવે હું કહું છું. હે મુનિવર્ય ! તમે તત્પર થઈને સાંભળો. સાંભળ્યા પછી તેનું નિરંતર

મનન કરજ્યો. ૩. **અમારો જે સિદ્ધાંત છે તે પ્રમાણે તમારે સહુએ સમજવું. હવે જે હું કહું છું તે સાધન માત્રના સારરૂપ છે. તે વિનાના સાધન તો નિરજીવ છે. ૪. ગુરુ, સંતો અને જે હરિભક્તો છે તેમને પ્રગટ ભગવાનને ભજવા જોઈએ. જે જે ચેતનો(જીવો) છે તે બધા એક એકથી અધિક રહ્યા છે. પ.** માટે બધા જ ચેતનોને એક સમાન સમજવા નહિ. જેમ તારાઓ કરતાં ચંદ્રમા અધિક તેજસ્વી છે અને ચંદ્ર કરતાં પણ સૂર્ય અધિક તેજસ્વી દેખાય છે. તેમ ચેતનોમાં આવો ભેદ રહ્યો છે. ૬.

પશુ કરતાં મનુષ્યમાં અધિક જ્ઞાન રહ્યું છે અને મનુષ્ય કરતાં દેવમાં અધિક જ્ઞાન છે અને દેવ કરતાં ઈશ્વર અધિક જ્ઞાનયુક્ત છે અને ઈશ્વર કરતાં પણ જે પરમેશ્વર છે, તે તો ઘણા અધિક સમર્થ રહ્યા છે. વળી, સંત અને અસંતમાં પણ અપાર ભેદ રહ્યા છે. ૭-૮. જેટલો ગંગાજળ અને મદિરામાં ભેદ છે તેટલો ભેદ સંતમાં અને અસંતમાં રહ્યો છે. જે જીવને જ્યારે જ્યારે પ્રગટ ભગવાન મળે છે ત્યારે તે ભગવાનનું જે ભજન કરતા રહે છે, ૯. તે બધા જીવો હરિભક્ત કહેવાય છે. તે હરિભક્તને તુલ્ય બીજા મનુષ્ય કહેવાતા નથી. બીજા મનુષ્યો ચાહે તેટલાં સાધન કરે તોપણ તે માયિક જ કહેવાય છે. ૧૦. ભગવાન મળે કે પ્રગટ ભગવાનને મળેલા સંત મળે અથવા તેવા સંતને મળેલા કોઈ મળે, તેમના એક એકના સંબંધથી મનુષ્યો નિશ્ચિતપણે ભગવાનનો આશ્રય કરે, તો તેથી અપાર લોકો સંસારસાગરને તરી જાય છે. તેવા ભકતોએ મેં જે સુંદર લીલા પ્રગટ કરી છે, તેને હરખભર કહેવી અને સાંભળવી. ૧૧-૧૨. મારા આશ્રિતનો જ્યારે અંત સમય આવશે ત્યારે હું રથ, અશ્વ અથવા વિમાન લઈને તેને મારા ધામમાં લઈ જઈશ. ૧૩.

☀ દાસત્વનું મહત્ત્વ :

दोहा : दास के दास होईके, करना नित सत्संग;
भक्ति प्रमान करहि तब, कीर्ति बढही अभंग...१४

માટે દાસના પણ દાસ થઈને નિત્ય સત્સંગ કરવો. અને આવી રીતે દાસ થઈને જે ભક્તિ કરશે તેની ભક્તિ હું પ્રમાણ કરીશ, તેના રંગમાં રાચીશ. તેથી તેની અખંડ કીર્તિ વધશે. ૧૪.

सोरठा : मम मूर्ति मम धाम, मेरे संत हरिजन तेहि;
जपत जो मेरे नाम, गुणातीत हि रहे एहि...१५
ताकु जो असत कहत, असत कर जानत हि जेहू;
ते जन जब ही मरत, जम जोरे ले जात पकड...१६

જે મારી મૂર્તિ, મારું ધામ, મારા સંતો, મારા હરિભક્તો અને મારા નામનો જપ કરે છે તે બધા જ ગુણાતીત રહ્યા છે. ૧૫. તે મારા સંબંધ પામેલા સર્વેને જે અસત્ય કહે છે અથવા તો મિથ્યા સમજે છે, તે મનુષ્ય જ્યારે મરણ પામે છે ત્યારે તેને જમદૂતો જોરે કરીને પકડી જાય છે. ૧૬. અને ચંડાળ જેમ મરેલા કૂતરાને ખેંચી જાય છે તેમ તે જીવને જમદૂત ઊંધે માથે ખેંચી જાય છે. હું મારા દિલમાં જે વાતને ધારું છું એ અસત્ય વાત પણ સત્ય થઈ જાય છે. ૧૭.

✻ શ્રીહરિની સર્વોપરિતા :

चोपाई :
मेरे गुन कहावत हि जितने, सामृथी जुत गवावत तितने;
मेरी दृष्टि करीके जोऊ, समय पर ब्रह्मांड यह सोऊ...१८
उपजत लीन हि होई जाते, कोउ के तरक में यह न आते;
सत्संग तामें रहत सदाई, हरिजन पर हि राचत रहाई...१९

મારાં જેટલાં ગુણ કહેવાય છે તે બધાંને જે સામર્થ્ય યુક્ત ગવરાવે છે તે મારાં ધામને પામશે. વળી મારી દષ્ટિથી યોગ્ય સમયે આ બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે અને લીન થઈ જાય છે. તે કોઈની કલ્પનામાં પણ આવતું નથી. સત્સંગમાં હું સદા રહું છું અને હરિભક્તોના ઉપર જ હું રાચતો રહું છું. ૧૮-૧૯.

હું હરિભક્તોના પ્રેમના રંગથી વારંવાર રંગાયેલો રહું છું. જે કોઈ મનુષ્ય મારા હરિભક્તોનો દ્રોહ કરે છે તે બધા મરીને જમના કિંકર થાય છે. ૨૦. આ બ્રહ્માંડમાં હું અખંડ નિવાસ કરીને રહ્યો છું. વળી કોઈ યોગી, રાજા અને બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને વારંવાર વિચરણ કરતો રહું છું. ૨૧. મારી જે પ્રકારની રીત છે તે બધી મેં તમને પ્રેમથી કહી દીધી છે. જે માણસ

મારી આવી રીતને સમજીને મારું ભજન કરશે તેને જેટલું મારા સ્વરૂપમાં સુખ છે તે નિશ્ચિત પ્રાપ્ત થશે.

જ્યારે શ્રીહરિએ આવી વાત કરી ત્યારે તે વાત સાંભળીને સંતો અને હરિભક્તો ખૂબ ખૂબ પ્રસન્ન થયા. ૨૨-૨૩. શ્રીહરિએ આવું તો અપાર સુખ આપ્યું છે. પછી શ્રીહરિની મરજી જોઈને બધા હરિભક્તો તત્કાળ શ્રીહરિની આજ્ઞા લઈને વિવિધ પ્રકારની રસોઈ આપવા લાગ્યા. તે રસોઈ શ્રાદ્ધપક્ષથી લઈને દશેરા સુધી એકતાર ચાલી હતી. ૨૪-૨૫.શ્રીહરિ બધા સંતોને રોજ રોજ જમાડતા હતા. સંતો ઉપર શ્રીહરિની અપાર પ્રસન્નતા રહી હતી, તેનો કહ્યે પાર આવતો નથી. ૨૬. શ્રીહરિ ભોજન પીરસતા ત્યારે નવી નવી રમૂજ કરતા હતા. શ્રીહરિનાં બધાં અંગ ઉપર કેસરયુક્ત ચંદન ચર્ચ્યું હતું. ૨૭. કંઠમાં ફૂલના હાર પહેર્યા હતા, મસ્તકે ફૂલની ટોપી ધારી હતી, હાથ ઉપર બાજુ અને પોંચી ધાર્યા હતા. તે વખતે બધાં જ અંગો અત્તરથી ભરેલા હતા. ૨૮.

ધર્મકુમાર શ્રીહરિએ ત્યારે નવો રંગેલો ગૂઢો રેંટો પહેર્યો હતો અને રૂમાલથી કમર કસી લીધી હતી. ફૂલના ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા. ૨૯. પાઘમાં ફૂલના તોરા લટકતા હતા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. કેસરયુક્ત ચંદનથી બંને ચરણ સુંદર સુશોભિત રીતે ચર્ચ્યા હતા. ૩૦. સંતો જમતા જમતા દૃષ્ટિથી શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરતા હતા અને મૂર્તિનું ચિંતવન કરતા સંતો જમતા હતા ત્યારે જમવા બાબતની કોઈ સ્મૃતિ રહેતી ન હતી. ૩૧. સંતો જમતા હતા ત્યારે શું શું ભોજન જમ્યા ? તેની કાંઈ પણ સ્મૃતિ રહેતી નહિ. સંતોને અપાર સુખ દેવાને માટે શ્રીહરિ વિવિધ પ્રકારનાં આભૂષણો અને વસ્ત્રો ધારણ કરતાં હતાં. ૩૨.

શ્રીહરિ રોજ રોજ નવાં નવાં વસ્ત્ર ઈત્યાદિકને ધારણ કરતાં. તેનાથી અલૌકિક મૂર્તિ ભક્તજનોના મનને હરતી હતી. શ્રીહરિની છબી અત્યંત છટાદાર હતી. તેમજ ચાલ અલૌકિક અને નેત્ર પ્યારા લાગતા હતા. ૩૩. શ્રીહરિની જેટલી વાતો હતી તે બધી અલૌકિક દેખાતી હતી. જેને ક્યારેક એકવાર પણ શ્રીહરિની છબીનાં દર્શન થયાં હોય તો તે છબી તેના જીવમાં

ચોંટી રહેતી હતી અને જિંદગીભર તે છબીને તે ભૂલી શક્તો નહિ અને શ્રીહરિની વાત પણ બધી એવી હતી. તેને જે જેટલી અંગીકાર કરતા હતા તેને તે વાત પણ જીવમાં ચોંટી જતી હતી. ૩૪-૩૫.

ભરતખંડમાં જે જે સર્વોત્તમ ભોજનના નામ કહેવાય છે તે બધાને શ્રીહરિ જમતા હતા અને સંતોને જમાડ્યા હતા. તેનો લખતા પાર આવતો નથી. ૩૬. ભક્તોએ આ વખતે શ્રીહરિને અને સંતોને જમાડ્યા અને ઘણીવાર પૂજા કરી; એવો લાભ બીજા કોઈ ભક્તોને મળ્યો ન હતો. ૩૭. આવા ભક્તજનને ધન્ય ધન્ય છે. તેના જેવા બીજા કોઈ નથી. જેણે ઉત્સવ કરાવ્યા તેને પણ ધન્ય છે. તેમણે પોતાનો જન્મ સફળ કરી લીધો છે. ૩૮. કોઈ મનુષ્ય અનેક જન્મ સુધી અપાર તીર્થ અને વ્રતોને કરે, ઘણો યોગ સાધે અને યજ્ઞ કરે, તેમજ અપાર દાન પુણ્ય કરે, તેથી પણ જેણે એક જ વાર શ્રીહરિ અને સંતોને જમાડ્યા હોય, ભક્તિભાવથી પૂજ્યા હોય અને સમજણપૂર્વક દર્શન કર્યા હોય, તો તેનું પુણ્ય ઉપર કહેલા તીર્થ ઇત્યાદિકથી ઘણું અધિક છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ગઢપુરમાં શ્રીહરિએ પોતાનો હૃદ્‌ગત અભિપ્રાય કહ્યો' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ।।૫૮।।

પૂર પંદરમું : તરંગ - ૫૯

વિવિધ પ્રકારનાં ભોજન પીરસીને શ્રીહરિએ સાચી સમજણ કહી

ઘનશ્યામ શ્રીહરિએ સંતોને મિષ્ટાન ઇત્યાદિક ભોજન અને શાકભાજી તથા ફરસાણ વગેરે જે રીતે જમાડ્યા હતા તેના થોડાક નામ હવે કહું છું. ૧. શ્રીહરિના ભવનની આગળ ચોકમાં વાદળી ચડી આવે ત્યારે ક્યારેક ક્યારેક ધીમાં ધીમાં છાંટા પડતા, તેથી તે ચોક ભીંજાયેલો રહેતો. ૨. સર્વ ઈશ્વરોના પણ અધીશ્વર એવા શ્રીહરિએ ચોકમાં વીસ-બાવીસ જેટલી પાટો ઢાળી દેવડાવી અને તેના ઉપર સંતોને બેસાડ્યા. ૩. દરેક ચોકી ઉપર ચાર-ચાર સંતોને બેસાડ્યા અને વચ્ચે જુદાં-જુદાં પાત્ર મૂકવાની જગ્યા રાખી

હતી. ૪. **શ્રીહરિ બધાં ભોજનો અને વ્યંજનોને ઓરડાની અંદર જ મૂકાવી રાખતાં હતાં. સંતોની નજર ન પડે અને ખબર ન પડે એ રીતે ભોજનોને ઢાંકી રખાવતા હતા. ૫. જો અગાઉથી ભોજનની ખબર પડી જાય તો જમવામાં પૂરી શ્રદ્ધા અને ઉત્સાહ રહે નહિ. સંતો વધારે જમે એવું શ્રીહરિના મનમાં ભાવ અને તાન રહેતું હતું. ૬.**

તે વખતે પ્યારા શ્રીહરિએ સુંદર રેશમી સુરવાળ પહેર્યો હતો. વળી ઝાળીવાળા રેશમની મનોહર નાડી બાંધી હતી. ૭. સોનેરી તારવાળા દોરાઓથી નાડીને બંને છેડે પીપર વગેરે ગૂંથેલા હતા અને તેમાં ગોખરું ઘાટની રમણીય સુંદર ગાંઠ કરાવી હતી અને સોનેરી ફૂમકાં લટકતાં હતાં. ૮. મનમોહક સુંદર ગુંઢા રંગનો રેંટો સુરવાળની ઉપર ઉત્સાહથી બાંધ્યો હતો અને શ્રીહરિની ગોળ ગંભીર નમતી નાભી દર્શન કરનારા ભક્તના મનની પીડાને હરતી હતી. ૯. જરિયાની વસ્ત્રનો પટકો મસ્તક ઉપર બાંધ્યો હતો. તે પટકા ઉપર મોતીના તોરા લટકતા હતા અને મોતીના છોગા અને કલગી શોભી રહ્યાં હતાં. મોતીના બે ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા. મોતીની પહોંચી અને મોતીના બાજુબંધ હાથે પહેરી લીધા હતા. ૧૦-૧૧. ચરણમાં ચાખડીઓ પહેરી લીધી. તે સમયે મૂર્તિની એટલી સુંદર શોભા બની હતી, જે મુખથી કહી શકાતી નથી. તેજાના નાખીને મોતૈયા અને સેવૈયા(બુંદીના) લાડુ બનાવ્યા હતા. ચારોલી, બદામ, એલચી, દ્રાક્ષ, ટોપરું, દળેલી સાકર અને ખસખસ તેમાં નાખી હતી. ૧૨-૧૩. પીસ્તા, પરદેશી મગ વગેરે મશાલા જેમાં નાખ્યા છે એવો શીરો અને દૂધપાક કર્યો હતો. તેમાં કેટલીએ જાતની સુંગધ રહી હતી. ૧૪.

લાખણસાઈ લાડુ ઘણા ઊજળા બનાવ્યા હતા. બધી પ્રકારના લાડુ સાકર નાખીને કર્યા હતા. મગદળ અને સેવદળ વગેરે કર્યા હતા. ૧૫. દળના લાડુ, ગળ્યા મોળા ખાજા, ખુરમો વગેરે જાત જાતનાં ભોજનો બનાવ્યાં હતાં. ૧૬. જલેબી, ઘેબર, બરફી, પેંડા, પતાસા, સાટા, મરકી(અડદના લોટની જલેબી), મૈશુબ, સુતરફેણી, ગણગણ ગાંઠિયા વગેરે સુખદાયક ભોજન બનાવ્યાં હતાં. ૧૭. એલચીના દાણા નાખેલા ગુંદવડા, ગુલાબપાક,

ગુંદરપાક અને સાકરિયા ચણા બનાવ્યા હતા. ટોપરાપાક, સક્કરપારા, સરસ સુંગધીદાર સેવ, કેસરિયો બીરંજ, સાકરનો શીરો તથા હરિસો શ્રીહરિએ બનાવડાવ્યું હતું. ૧૮-૧૯. ઘણું ઘી નાખેલી લાપસી, સુંગધીદાર કંસાર, ખીર, મેંદાના લોટની રોટલી અને સુંદર પૂરી બનાવી હતી. પાપડ, પૂડલા, માલપૂડા, મિશ્રી મેળવેલું સરસ માખણ, શીખંડ, બાંસુદી, સાબુડી વગેરે અનેક પ્રકારનાં ભોજન બનાવ્યાં હતાં. ૨૦-૨૧. ભાત અને અપાર દૂધ, દહીં તૈયાર કરી રાખ્યા હતા. ગાંઠિયા, કળી, ફૂલવડી તથા વિવિધ પ્રકારના ભજિયા બનાવ્યા હતા. ૨૨. દહીંથરા, મરિયા ચણા, મઠિયા, ફાફડી, સુરણ, અળવી અને રતાળુ વગેરે ઘીમાં તળીને રાખ્યા હતા. ૨૩.

પરવળ, રીંગણા, વાલોળ, કંકોડા, કારેલા વગેરે તળીને શાક કર્યું હતું. ગલકા, તુરિયા, ચોળાફળી, દૂધી, ડોડી, ગુવાર વગેરેનાં શાક કર્યાં હતાં. ૨૪. ઘીમાં તળેલો ભીંડો, વડી નાખેલી કઢી, વિવિધ પ્રકારનાં રાયતા, અનેક પ્રકારનાં અથાણાં બનાવ્યાં હતાં. ૨૫. કેરી, લીંબુ, આદુ, ખારેક, દ્રાક્ષ, કોઠીંબાની કાચરી, ગરમર વગેરે તૈયાર હતા. ૨૬. જેટલી પ્રકારનાં ભોજન બનાવ્યાં હતાં તે બધાં જ ભોજન શ્રીહરિએ સંતોને પીરસ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે શ્રીહરિ સંતોને કહે, હવે તમે જમો. ૨૭. વળી, સંતોને કહ્યું, અમે પીરસવા આવીએ ત્યારે કોઈએ મુખથી ના કહેવી નહીં. આજ અમે તમારો ત્યાગ દેખીને ઘણું રાજી થયા છીએ. ૨૮.

❋ મનધાર્યું મૂકી મરજીમાં રહેવું :

બીજાનું કહેલું વચન પાળવું તે સૌથી કઠિન બાબત છે અને પોતાનું ધાર્યું કરવામાં તો માણસને મૃત્યુ થાય ત્યાં સુધી મહેનત કરવી તલભાર પણ કઠણ પડતી નથી. ૨૯.

चोपाई :

प्रारब्ध करी दुःख हि जितनो, सहन होत अनंत वेर तितनो;
ब्रह्मांड में प्रवेश करे जेहा, एक जिय ताके हे तेहा...३०
ब्रह्मांड के बोज रहे जेता, सहज धरी रये हे तेता;
अक्षररूप देह में जोऊ, एक एक रोम में सोऊ...३१

अनंतकोटि ब्रह्मांड रहेऊ, ताके बोज हि जितना तेऊ;
धर रहे कठिन नहि तेहू, आश्चर्य बात रहाये एहू...३२

પ્રારબ્ધનું જે દુઃખ આવે તે તો અનંતવાર સહન કરવું પડે છે. બ્રહ્માંડમાં જે એક જીવ પ્રવેશ કરે છે તે પોતાનું ધાર્યું થાય છે તેથી આખા બ્રહ્માંડનો ભાર પણ સહજ રીતે ધારણ કરે છે. અક્ષરરૂપ દેહમાં જે જીવ રહ્યો છે તેના એક એક રૂવાડામાં અનંતકોટિ બ્રહ્માંડ રહ્યા છે, તે બધાનો જેટલો બોજ છે તે ધારવો પણ તેને કઠણ પડતો નથી; એ એક આશ્ચર્યની વાત છે. ૩૦-૩૨. **આ એક જ શરીરમાં લૌકિક અને અલૌકિક એવી અપાર સમજણ રહી છે. તેમાં જે લૌકિક સમજણ છે તે માયિક સમજણ કહેવાય છે. ૩૩. અને જેટલી અલૌકિક સમજણ છે તેને અમાયિક કહેવાય છે. માણસ જેવો અભ્યાસ કરે છે તે રીતે એકસાથે લૌકિક અને અલૌકિક બંને પ્રકારની સમજણ કાયમ રહે છે. ૩૪.**

※ અભ્યાસની અનિવાર્યતા :

જેવો અભ્યાસ રાખે છે તેવું તેને જ્ઞાન થાય છે, આ વાત સનાતન સત્ય છે. કેટલાક લોકો તો પશુ અને પંખીની બોલીનો અભ્યાસ કરીને તેવું પણ બોલે છે. ૩૫. લોખંડ ધાતુ અત્યંત કઠણ કહેવાય છે. એમાં ચેતન નથી, પણ તેને જેવો યોગ થાય છે તેવે આકારે તે બની જાય છે. ૩૬. જ્ઞાન જ્યારે પ્રગટે છે ત્યારે જે વસ્તુ જેવાના જોગમાં આવે છે તેવી તે થઈ જાય છે. ૩૭. જેટલા જ્ઞાની લોકો છે તે સર્વે સૂર્યના જેવા છે અને અજ્ઞાની લોકો તો ગાઢ અંધકાર જેવા છે. ૩૮. જેને સત્સંગ નથી એવા અજ્ઞાની તો ગાઢ અંધારા જેવા માયિક છે અને તેને વારંવાર અપાર દુઃખ આવે છે. ૩૯. જેને સત્સંગ થયો છે તે જ અમાયિક-અલૌકિક થયા છે. તેનું અજ્ઞાનરૂપી અંધારું ગયું હોવાથી તેઓ મોક્ષમાર્ગ ઉપર સતત ચાલતા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'વિવિધ પ્રકારનાં ભોજન પીરસીને શ્રીહરિએ સાચી સમજણ કહી' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર પંદરમું : તરંગ - ૬૦

શ્રીહરિની પીરસણ લીલા

જે સંતનો જેટલો આહાર હતો તે પ્રમાણે તેઓ ભોજન જમ્યા અને તે પછી બંધ થયા. ૧. ત્યારે શ્રીહરિવરે સંતોને કહ્યું, 'તમે કાંઈ જમ્યા નહિ. કેટલાએ હરિભક્તોએ ભોજન તૈયાર કરવામાં ઘણી મહેનત કરી છે. ૨. ત્યારે બ્રહ્માનંદસ્વામી ગીતાનો શ્લોક બોલ્યા કે, **युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु** આહાર, વિહાર અને ક્રિયા નિયમિત જ કરવી જોઈએ. ૩. જગતમાં જે વધારે પડતો આહાર લે છે અને કોઈ જાતનો યોગ્ય વિચાર નથી કરતા તેઓ કાં તો મરે છે અથવા તેને રોગ થાય છે. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમારે સંતોને તો કાંઈ ઘરબાર નથી. ગામ ગરાસ પણ લગારેય નથી. તમે તો શરીરનું મમત્વ પણ છોડી દીધું છે. એક ભગવાનમાં જ પ્રેમ રાખ્યો છે. ૫. જેને ભગવાનની પ્રાપ્તિ નથી થઈ એવા જેટલા યોગીઓ છે તેને ઉદ્દેશીને ગીતામાં આ વાત કરી છે; એવું અમે સમજીએ છીએ. ૬. મારવું કે જીવાડવું જેના હાથમાં છે, તમને તેનો યોગ થયો છે, છતાં પણ તમે દેહનું મમત્વ રાખો છો આ વાત કોઈ જ્ઞાની સંતની ન કહેવાય. ૭. તમે સંતોએ જેટલો વધારે ત્યાગ રાખ્યો છે તેટલું અમારે અધિક સુખ આપવું છે; અમે અત્યારે એવો સંકલ્પ કર્યો છે. જેને જેટલો ખપ હશે તેટલા સંતોમાં ઠરીને રહેશે. ૮.

ખપ ન હોય અને તમે કરોડો ઉપાય કરીને રાખવા પ્રયત્ન કરો તોપણ તે ચાલ્યા જાય. જ્યાં સુધી જેને સત્સંગનો ખપ હશે ત્યાં સુધી તે અપાર દુઃખ પડશે તોપણ સત્સંગમાં પડ્યો રહેશે; તે અમે ચોક્કસ વાત કહીએ છીએ. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, હે મહારાજ ! હવે તો આપ મળ્યા છો એટલે બધું જ દુઃખ ચાલ્યું ગયું છે. ૯-૧૦.

❋ અલૌકિકભાવનું નામ જ સત્સંગ :

ભગવાનના ધામમાં જેવું અપાર સુખ રહ્યું છે તેવું સુખ અત્યારે સત્સંગમાં રહ્યું છે. તે સર્વેને પ્રગટ દેખાઈ આવે છે. ૧૧. છતાં આ યોગમાં

પણ જેની બુદ્ધિ ફરી જાય છે તે વાત આશ્ચર્યકારી દેખાય છે. મનુષ્યને જ્યાં સુધી અલૌકિકભાવ રહે છે ત્યાં સુધી તે સત્સંગમાં ટકી રહે છે અને જ્યારે લૌકિકભાવ આવે છે ત્યારે તેની બુદ્ધિ વિપરીત થઈ જાય છે. ૧૨-૧૩. વિપરીત બુદ્ધિ ન થાય અને અલૌકિક બુદ્ધિ રહે એ રીતે સત્સંગ કરવો જોઈએ. તો જ તેનો સત્સંગમાં પગ ટકે છે. ૧૪.

सोरठा : तन में सु जेहि वार, जीय एक जावत रहत जब;
सब हि भये नकार, इंद्रि अतःकरन अंग तेहि...१५
अलोकिक जनकु भाव, जिहाँ लग हि रहत जेहि;
भाव हि जीय रहाव, भाव गये यह जिय गयेउ...१६

આ શરીરમાંથી જ્યારે જીવ ચાલ્યો જાય છે ત્યારે તેના ઈન્દ્રિય અંતઃકરણરૂપી સર્વે અંગો નકાર-શબતુલ્ય થઈ જાય છે. ૧૫. અલૌકિકભાવ સત્સંગનો પ્રાણ છે. મનુષ્યને જ્યાં સુધી અલૌકિકભાવ રહે છે ત્યાં સુધી જ તેમાં જીવ કહેવાય છે. અલૌકિકભાવ ગયો એટલે જીવ પણ ગયો જ છે. ૧૬.

બ્રહ્માનંદસ્વામીની વાત સાંભળીને શ્રીહરિવર બોલ્યા, તમારા ઉપર અમને અતિશય ભાવ છે. તે ભાવ તમને દેખાતો નથી. ૧૭. અમારો જો ભાવ તમને દેખાતો હોય તો તમે જમતી વખતે લગાર પણ ના ન કહો. જ્યારે જે જે સમૈયા થાય છે ત્યારે જે ભાવિક ભક્તજનો છે તે ભોજનના થાળ ભરીને નિત્ય લાવે છે. તેનો કોઈ નિયમ રહેતો નથી. પછી અમને જરાય ભૂખ ન હોવા છતાં પણ અમે પ્રેમથી જમીએ છીએ. ૧૮-૧૯. વારેવારે જે જમવું તે અતિશય કઠિન વાત છે. છતાંય જ્યાં સુધી સમૈયો રહે છે ત્યાં સુધી અમે નિરંતર જમીએ છીએ. ૨૦. થોડી થોડીવારમાં જમવું તે કઠિન વાત છે. તે વાત બીજાને દેખવામાં આવતી નથી. અમે તો હરિભક્તની જ્યારે શ્રદ્ધાને દેખીએ છીએ ત્યારે અમારામાં શ્રદ્ધા રહે છે. ૨૧. વળી સંધ્યા સમયે ફરીને તમને જમાડવાનો અમારો ભાવ છે. એમ કહીને શ્રીહરિએ દૂધ અને દહીંનું ઘણું પાન કરાવીને સંતોને જમાડ્યા. ૨૨.

❋ શ્રીહરિની સર્વોપરિતા :

चोपाई :

जेंवावत एसे देखे न केहा, भगवान केते भयेउ तेहा;
सर्वोपरि अवतार रहे तेहू, अलौकिक रीत से करिके तेहू...२३
बुद्धिवंत कु देखेमें आते, तेहि करी सर्वोपरि कहाते;
जामें प्रताप देखावत जेसा, अवतार जो कहावत तेसा...२४

ભગવાનના કેટલાએ અવતારો થઈ ગયા, પણ આ રીતે જમાડતા કોઈને દેખ્યા નથી. શ્રીહરિનો આ અવતાર તો સર્વોપરિ છે તેથી તેમણે તો અલૌકિક રીત કરી છે. ૨૩. જે બુદ્ધિશાળી હોય તેને દેખવામાં આવે છે તેથી તેઓ શ્રીહરિને સર્વોપરિ કહે છે. જે અવતારમાં જેવો પ્રતાપ બતાવે છે તે અવતાર તેવો કહેવાય છે. ૨૪. ચંદ્રમાં વધતું ઘટતું તેજ દેખવામાં આવે છે અને સૂર્યમાં તો પ્રકાશ અત્યંત રહે છે. તે સહુને પ્રત્યક્ષ દેખાય છે. ૨૫. જેમ સૂર્યના સમાન બીજું કોઈ તેજ નથી તેમ જ આ શ્રીહરિ સમાન બીજો કોઈ અવતાર નથી; આવું બુદ્ધિમાનો કહે છે, પણ ગમાર આંધળાને દેખાતું નથી. ૨૬. જે જન્માંધ છે, તેને માટે તો સૂર્ય અને ચંદ્રમા જિંદગીભર એકસરખા રહે છે અને ઘુવડને તો ચંદ્રમા જ અધિક જણાય છે. તેમ અજ્ઞાનીને અવતાર-અવતારી સમાન મનાય છે. અને ઘુવડ જેવાને તો અવતાર જ અવતારી મનાય છે. ૨૭.

જે સંતો દહીં અને દૂધ લેવાની મુખથી ના કહેતા હતા તેના માથા ઉપર શ્રીહરિ તે વખતે દૂધ અને દહીં રેડી દઈને હસતા હતા. ૨૮. શ્રીહરિ રોજ રોજ આવી રીતની લીલાઓને કરતા હતા. જ્યારે દહીં અને દૂધ પીરસતા હોય ત્યારે શ્રીહરિનું મુખારવિંદ અત્યંત પ્રસન્ન રહેતું હતું. ૨૯. શ્રીહરિ આ રીતે પીરસીને દૂધ, દહીં અને ઘીનો કીચડ મચાવતા હતા. દહીં, દૂધ, ઘી અને સાકરને પીરસતા જ્યારે કીચડ થઈ જતો ત્યારે શ્રીહરિ ખૂબ રાજી થતા હતા. શ્રીહરિને દહીં, દૂધ અને ઘી ઉપર ખૂબ પ્રેમ હતો. આ દિવસોમાં ઘણી કિંમતી કિંમતી ભોજનોની રસોઈઓ ચાલતી હતી. ૩૦-૩૧. બધી રસોઈઓમાં દહીં અને દૂધ મુખ્ય રહેતું હતું અને દહીં, દૂધના

ઉપર શ્રીહરિનો વધારે ભાવ દેખીને, દહીં, દૂધ મુખ્ય રહે એવા ભોજનની રસોઈ હરિભક્તો વધારે કરાવતા હતા. ૩૨. જ્યારે દાદા ખાચર રસોઈ આપતા ત્યારે જીવા ખાચર પણ રસોઈ આપતા હતા. એમ બંનેના દરબારમાં વારંવાર સંતો જમ્યા છે. ૩૩.

❋ દાસમાં હરિનો વાસ :

આ રીતે શ્રીહરિ રોજ રોજ પીરસતા રહેતા અને દરબારોનો જેવો ભાવ હોય તેમ કરતા. જેમાં ભક્તિભાવ અને સંતોના પ્રત્યે દાસભાવ હોય તે દેશકાળે કરીને ક્યારેય નાશ પામતો નહિ. ૩૪. ભક્તિભાવ અને દાસભાવવાળા ભક્તો સત્સંગમાં જેટલા હતા તેને ચોક્કસ કરીને શ્રીહરિ જાણી રાખતા અને જે હરિભક્તને જેટલો દાસભાવ હોય, શ્રીહરિ તેની સાથે તેટલો પ્રેમ રાખતા હતા. ૩૫. જેનામાં જેટલો ભક્તિભાવ દેખાય અને જેટલું જેનું અંતઃકરણ શુદ્ધ દેખાય તેના ઉપર અંતર્યામી ભગવાન શ્રીહરિ તેવું તાન રાખતા હતા. ૩૬. ભક્તિ આદિ જેમાં જેટલા ઉત્તમ ગુણો રહ્યા હોય તેમાં નિષ્કટપણું હોય તો તે અમૃત છે અને કપટ રાખે તો તે ઝેર છે. ૩૭. જેનામાં કપટરૂપી ઝેર દેખાય તેનો શ્રીહરિ ત્યાગ કરતા હતા અને નિષ્કપટતારૂપી અમૃત જેટલું દેખાય તેટલો તેના ઉપર પ્રેમ રાખતા. ૩૮. શ્રીહરિની સમાન બીજા કોઈ પણ આ રીતે ભક્તમાં કપટ કે નિષ્કપટભાવ દેખતા નહિ અને શ્રીહરિ તો વિચાર કરીને ભવ, બ્રહ્મા અને અક્ષર સુધી બધાની ભાવનાને દેખતા હતા. ૩૯. બ્રહ્માંડના ગર્ભોદક જેવા મહાનીરની આગળ સરોવર કે સમુદ્રો કાંઈ અધિક લાગે નહિ. શ્રીહરિ તો તે મહાનીરના સમાન ઘણા વિશાળ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિની પીરસણ લીલા કહી' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર પંદરમું : તરંગ - ૬૧

કપિલાછઠમાં સંતોને રમાડ્યા, જમાડ્યા અને ફરવા મોકલ્યા

સંતો જ્યારે પૂરેપૂરું જમી લેતા તે વખતે શ્રીહરિ દૂધ અને સાકર લઈને ઘણા હેતથી પીરસતા હતા. ૧. ના... ના... એમ કહીને જે સંતો પોતાના પાત્રને દૂર જો લઈ લેતા તો ત્યારે બળવંત શ્રીહરિ તે સંતના મસ્તક ઉપર દૂધ રેડી દેતા હતા. ૨. સંતોના કંઠ સુધી દૂધ આવી જાય ત્યાં સુધી શ્રીહરિ પરાણે ઘણું દૂધ પીરસતા હતા. પછી સંતો હાથ ધોતા હતા. ૩. શ્યામસુંદર સુખકારી શ્રીહરિ લવિંગ, સોપારી, તજ અને એલચીનો મુખવાસ સંતોને આપતા હતા અને તે પછી ઘેલા નદીએ જઈને સ્નાન કરતા હતા. ૪. શ્રીહરિ જ્યારે ચાર ઘડી સુધી સ્નાન કરી રહે ત્યારે ગરબીનાં કીર્તનો ગવડાવતાં અને કોઈ વખતે તો સંતોની પાસે હાથથી પાણી છંટાવતા હતા. ૫. જે જેટલું ભોજન કર્યા હોય તે બધું આ રીતે સ્નાન કરવાથી પચી જાતું હતું. તેથી જ્યારે સંધ્યા સમય થતો ત્યારે તે સહુ સંતોને ફરીવાર જમવાનો ભાવ થાતો હતો. ૬.

સાંજ વખતે જે સંતને જેટલી રુચિ હોય તેટલું તેમને જમાડતા. જે સંતો હતા તેમણે સોપારીની વિંટી બનાવીને શ્રીહરિની જેટલી આંગળીઓ હતી તેમાં ધરાવી. કારણ કે સંતો શ્રીહરિમાં પ્રેમરસ થઈ ગયા હતા. બાજરી, જુવાર અને મકાઈના દાણાના સંતો સારા હાર બનાવતા હતા. ૭-૮. શ્રીહરિ જ્યારે સભા કરતા ત્યારે સંતો તે હાર ધરાવતા હતા. અને કેટલાક સંતો ટોપરાના છીણના હાર, બાજુ અને તોરા ઘણા પ્રેમથી બનાવતા હતા. ૯. કેટલાક સંતો સોપારીના બેરખા બનાવીને શ્રીહરિની પાસે આવીને ધરાવતા હતા. શ્રીહરિ જ્યારે સભામાંથી ઊઠતા ત્યારે જેણે તે હાર વગેરે બનાવ્યા હોય તેમને તે પ્રસાદીના રૂપમાં આપી દેતા હતા. ૧૦. સંતો પણ તે વસ્તુને પ્રસાદીની જાણી રાખી મૂકતા હતા. કેટલીક વખત બીજા ભક્તને પણ તે પ્રસાદી આપતા હતા. સંતોએ પહેલા જેટલું કષ્ટ સહન કર્યું હતું, તેનાથી અપાર લાભ લીધો હતો. ૧૧.

એક દિવસ રંગભીના શ્રીહરિ વસ્ત્ર અને આભૂષણો પહેરીને સભામાં બેઠા હતા. તે વખતે સંતોને કહ્યું, બધા ઊભા થઈને ફરતા ફરતા ગરબી ગાઓ. ૧૨. તે વખતે સંતો ઊભા થઈને ફરવા લાગ્યા ત્યારે શ્રીહરિ પણ સંતોની સાથે ફરવા લાગ્યા. તે વખતે અપાર શોભા બની હતી. ૧૩. વિવિધ પ્રકારનાં સુંદર વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ આ રીતે ચાર ઘડી ફર્યા. ૧૪. શ્રીહરિ જ્યારે ફરવા લાગ્યા ત્યારે જેને રંગ કહેવાય છે તે બરાબરનો જામ્યો અને શોભાનો રસ પણ જામ્યો હતો. ૧૫. બીજે દિવસે હરિભક્તો વિવિધ પ્રકારની પૂજા લાવ્યા અને પ્રસન્ન મનથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૧૬. શ્રીહરિ જમતા, હસતા અને કોઈ ખેલ કરતા હોય ત્યારે તેમાં ઘણી રમૂજ કરતા હતા અને એ રમૂજ કરતા તેમાં જ દિવસ વિતી જતો; આવી રમૂજ કરતાં કરતાં કપિલાછઠનો દિવસ આવ્યો. ૧૭. તે દિવસે પ્રસન્ન મનથી શ્રીહરિએ અલૌકિક સભા કરી. તેમાં દેશદેશના હરિભક્તો આવ્યા. તેનો કોઈ પાર ન રહ્યો. ૧૮.

તે સહુ ભક્તોને શ્રીહરિએ દર્શન દીધાં. જે આવ્યા હતા તેણે શ્રીહરિનો અલૌકિક લાભ લીધો. તે દિવસે શ્રીહરિએ વસ્ત્ર અને આભૂષણો સોનાના પહેર્યાં હતાં. ૧૯. જેમણે તે મનોહર મૂર્તિનાં દર્શન કર્યા તે ભક્તોને અત્યંત આનંદ થયો. પછી બધા સંતો અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ ઉન્મત્તગંગાએ નાવા ગયા. ૨૦. આગળના ભાગમાં ઢોલ, ત્રાંસાં, પડઘમ અને તે સિવાયનાં બીજાં વાજિંત્રો પણ વાગતાં હતાં. સંતો ગરબી ગાતા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ૨૧. ઘોડાને જેટલાં સોનાનાં ઘરેણાં હતાં તે બધાં પહેરાવ્યાં હતાં. જરિયાની છત્ર શ્રીહરિના મસ્તક ઉપર રાખ્યું હતું અને બંને પડખે બે ચામર ઢળતાં હતાં. ૨૨. આગળના ભાગમાં ચોપદાર છડી બોલતો હતો. તેની આગળ બંદૂકો ફૂટતી હતી. જરિયાની નિશાન, પતાકાઓ અને ભાલાઓ આગળના ભાગમાં મતવાલા થઈને શોભતા હતા. ૨૩. તે દિવસે બધો રાજમાર્ગ સારી રીતે સુશોભીત બનાવ્યો હતો.

શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરી રહ્યા એટલે તરત ગામમાં પાછા પધાર્યા હતા. ૨૪. હરિભક્તોએ વિવિધ પ્રકારનાં ભોજન તૈયાર કરાવ્યાં હતાં.

શ્રીહરિ મનમાં ઘણો પ્યાર રાખીને તે ભોજન જમ્યાં. ૨૫. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતોની પંક્તિ કરાવી અને જે ભોજન હતાં તે ઘણાં ભાવથી શ્રીહરિએ પીરસ્યાં. ૨૬. વારંવાર રમૂજ કરીને શ્રીહરિ સંતોને ઘણો આગ્રહ કરીને બહુ પ્રકારે પીરસતા હતા. સંતો ના...ના...કહેતા તોપણ આપતા. ૨૭. સંતો જમી રહ્યા પછી જ્યારે સંધ્યા વખત થયો તે વખતે નારાયણધૂન કરી અને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. ૨૮. શ્રીહરિએ સંતોને કહ્યું, હવે તમે ગોળ ગોળ ફરીને સુંદર ગરબી બોલો. સંતો બધા ઊઠ્યા અને પછી બધા ફરવા લાગ્યા. વિવિધ પ્રકારનાં વાજાં વાગતાં હતાં. ૨૯. એટલું સરસ ગાન કરતાં કે તેનો રંગ અત્યંત જામતો. અને તે રાત્રીએ એક પળવારની જેમ સવાર થઈ ગયું તેની ખબર ન રહી; એવો રંગ જામ્યો હતો. ૩૦. જે રીતે સંતોને શ્રીહરિ જમાડતા તે રીતે જ રમાડ્યા. સંતો-હરિભક્તોને જે સુખ આપ્યું તે કહી શકાતું નથી. આ રીતે સુખકારી શ્રીહરિએ સં. ૧૮૭૧ ભાદરવા વદી કપિલાછઠનો ભારે સમૈયો કર્યો. ૩૧.

ગઢપુરની આ લીલા મેં ઘણા સંક્ષેપથી કહી છે. અનેક જન્મ પર્યંત કહીએ તોપણ આ લીલાને યથાર્થ રૂપમાં ક્યારેય કહી શકીએ નહિ. ૩૨. જે કોઈ ભક્ત મહિમાભાવથી આ વાતને સાંભળે, તો તેનો તરત જ મોક્ષ થાય. બધા મનોવાંછિત સુખને પામે અને તેનાં સમગ્ર દુઃખો બળી જાય છે. ૩૩. આવી અલૌકિક લીલાઓ જ્યારે થઈ રહી પછી શ્રીહરિએ સંતોને જવાની રજા આપી, તેથી સંતો ગુજરાતમાં ગયા. પછી સંતો તે લીલાને નિત્ય કહેતા હતા. ૩૪. **સંતો પોતપોતાના મંડળમાં ગયા અને ત્યાં શ્રીહરિએ જે રીતે સુખ આપ્યું હતું તે બીજા સંતોની આગળ તેવા રૂપમાં કહ્યું. ૩૫. તે સંતો ખાતાં, પીતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં અને ચાલતાં શ્રીહરિની લીલાનું રાત-દિવસ મનન કરતા. તેથી તેમને સ્વપ્નમાં પણ તેવી રીતે તે લીલાની ઘણી લગન લાગેલી રહેતી હતી. ૩૬.** શ્રીહરિએ વિવિધ પ્રકારની જે જે લીલા કરી હતી તેને સંતો યાદ રાખતા હતા. ૩૭.

પછી તે લીલા સંભારીને સંતો જ્યારે ધ્યાનમાં બેસતા ત્યારે તેમાં શ્રીહરિની મૂર્તિને દેખીને પ્રસન્ન થતા. જેવાં સાક્ષાત્ દર્શન થતાં હોય તેમ

તેઓ હૃદયમાં શ્રીહરિને જોતા હતા. ૩૮. સંતો શ્રીહરિનાં જેવાં દર્શન થયાં હોય તેવું અનેક પ્રકારે ધ્યાન કરતાં. જેનો કોઈ રીતે પાર ન આવે એવાં ચરિત્રો આ વખતે જોયાં હતાં. ૩૯. તે સંતોને લીલાનું ચિંતવન કર્યા વિના અને લીલાને કહ્યા વિના એક પળ કે ક્ષણ વીતતો નહિ. આ લીલાનું ચિંતન અને કથન સિવાય કોઈ બીજી બાબત તેમને અધિક દેખાતી નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કપિલાછઠમાં સંતોને રમાડ્યા, જમાડ્યા અને ફરવા મોકલ્યા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર પંદરમું : તરંગ - ૬૨

સત્સંગમાં વિચરતા શ્રીહરિ ગઢપુરથી નીકળી મોરજ આવ્યા

અન્નકોટના ઉત્સવ ઉપર વડતાલ જવા માટે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. ત્યારે સુંદર અશ્વ ઉપર બેઠા હતા અને તેની ઘણી શોભા થઈ હતી. ૧. જે કાઠી દરબારો અને બીજા હરિભક્તો હતા, તેઓ પણ બધા શ્રીહરિની સાથે અશ્વ ઉપર બેસીને ચાલ્યા. ૨. શ્રીહરિની સવારી સર્વોત્તમ થઈ હતી. ઘોડાઓની ઘુમર શોભી રહી હતી. સુખકારી શ્રીહરિ કુંડળમાં અમરા પટગરના ભવને પધાર્યા. ૩. ત્યાં એક રાત રહ્યા. કુંડળના ભક્તોએ બહુ સેવા કરી. તેમના મનમાં આનંદ સમાતો ન હતો. કારણ કે, ભગવાન પોતાને ભવન પધાર્યા હતા. ૪. ભક્તો શ્રીહરિ જે રીતે રાજી થાય તે રીતે તત્પર થઈને સેવા કરતા હતા.

પછી પ્રાણઆધાર શ્રીહરિ કુંડળથી ચાલતા થયા અને **પચ્છમ** ગામ આવ્યા. ૫. તે ગામમાં કણબી જ્ઞાતિના જેરાજ અને દેવજી નામે બે ભાઈ સત્સંગી હતા. તેને ઘેર આવીને શ્રીહરિ રહ્યા. ૬. તે બંનેએ શ્રીહરિની ઘણી સેવા કરી અને અલૌકિક લાભ લીધો. તે સિવાય એક ઉદ્ધવજી નામે વિપ્ર હતા, તેણે પણ શ્રીહરિની સેવા કરી હતી. ૭. કેટલાક વિપ્રો હરિભક્ત હતા, તેમણે બધાં વ્યસન અને ફેલ છોડી દીધાં હતાં. તેમને સત્સંગ સિવાયના

બીજા મતમાં જે લોકો હતા તે ફેલી અને તોફાની દેખાતા હતા. ૮. જે ફેલી અને તોફાની દેખાતા તેનો તેઓ દૂરથી જ ત્યાગ કરી દેતા. કેમ જે, જેટલા વિપ્રો ફેલી, વ્યસની અને તોફાની હતા તે બધા સંતો અને હરિભક્તોનો રાત-દિવસ દ્રોહ કરતા હતા. બીજા લોકો આગળ તે દ્રોહીઓ જેવું વાતોમાં દ્વેષનું બીજ વાવતા તેવું પચ્છમના હરિભક્તો સંતોને કહેતા હતા. ૯-૧૦. દ્રોહ કરનારાઓ તો મરીને જે ફળ પામતા તે તેઓની જીવિત દશામાં જ દેખાતું હતું. જે રૂડી બુદ્ધિવાળા વિપ્રો હતા તે સત્સંગી થતા હતા અને કુબુદ્ધિવાળા તો કાયમ કુસંગી રહેતા હતા. ૧૧. તે કુસંગીઓ જેટલું કુસંગનું ફળ છે તે બધું નિરંતર પામતા હતા. જેમાં લેશમાત્ર પણ દુઃખ ન હોય તેવું સત્સંગનું ફળ કહેવાય છે. ૧૨.

ભગવાન અને સત્સંગના યોગનું બીજું ફળ એ રહ્યું છે કે, તેઓ રૂડી બુદ્ધિ પામે છે. તે લોકોને દુઃખનો લેશ પણ રહેતો નહિ; એમ વેદો અને પુરાણો કહે છે. ૧૩. શ્રીહરિ જ્યારે પચ્છમથી ચાલ્યા ત્યારે **મોટીબોરુ** ગામ આવ્યા. ત્યાં રાઘવજી નામે વણિક હરિભક્ત રહેતા હતા. ૧૪. તેમણે કેટલીએ વાર રસોઈ જમાડી હતી. તે દિવસે પણ ઘણી સારી રસોઈ બનાવીને તરત શ્રીહરિને જમાડ્યા. ૧૫. તેણે વારંવાર શ્રીહરિની સેવા કરીને રાજી કર્યા હતા. તેણે મોક્ષનો માર્ગ જાણી લીધો અને કુસંગનો માર્ગ છોડી દીધો. ૧૬. તેમના વંશજ અને કુટુંબીઓમાં જે રૂડી બુદ્ધિવાળા હતા તેઓ બધા મોક્ષમાર્ગે ચાલ્યા અને સંતોની સેવા કરતા રહ્યા.૧૭. મોટીબોરુથી શ્રીહરિ ચાલ્યા તે સાબરમતી નદી ઊતર્યા અને નદીમાં સ્નાન કરીને ચાલ્યા તે **વરસડા** થઈને **ખાનપુર** ગામ આવ્યા. ૧૮.

માર્ગમાં જે જે ગામ આવતા તેમાં હરિભક્તો રહ્યા હતા. જ્યારે શ્રીહરિ તે ગામ આવતા કે ત્યાંથી જતા ત્યારે તે બધાં હરિભક્તો ઘણાં ભાવથી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૧૯. શ્રીહરિ જ્યાં ઊતરતા કે રાત રહેતા ત્યાં તે હરિભક્તો વારંવાર ઘણી સેવા કરતા અને તે ભક્તોએ જે સેવા કરી છે તે બધી સેવા લખી શકાતી નથી. ૨૦. **સંતો જે વસ્ત્ર પહેરતાં તે બધાં હરિભક્તોનાં આપેલાં હતાં અને સંતોને રહેવા માટે જેટલા મંદિરો છે તે પણ**

હરિભક્તોએ જ બનાવેલા છે. ૨૧. શ્રીહરિ જે વસ્ત્ર કે ઘરેણાં પહેરતાં અને અશ્વ કે હાથી ઉપર બેસતા, જે કોઈ પણ નામથી કહેવાતા યત્કિંચિત પદાર્થ હોય તે બધા જ હરિભક્તોના હતા. ૨૨. જે મોટા મંદિરો દેખાય છે તેમાં રોજીંદો જે ખર્ચ થાય છે તે બધી હરિભક્તોની સેવા છે; એમ બુદ્ધિમાનોને દેખાય છે. ૨૩. જે **સંતો સત્સંગમાં નિયમોથી યુક્ત રહે છે તે ભગવાનના સંબંધ વિનાનું જે સુખ છે તેને માયાનું બંધન દેખે છે. ૨૪.**

❋ નિર્દંભ અને નિષ્કપટ રહેવું :

જેની આવી સમજણ હોય અને નિષ્કપટ હૃદય હોય તેવા સત્સંગમાં રહેલા સંત મુક્ત કહેવાય છે. ૨૫. ભગવાનનું ભજન, ધ્યાન, ધારણા અને સમાધિ કહેવાય છે અને નિયમ-ધર્મ, કથા-વાર્તા અને કીર્તન છે તે બધાં ઘરેણાઓનું પણ ઘરેણું છે. તેથી કોઈ અધિક નથી. તેમાં નિષ્કપટપણું તે કાન છે અને નિર્દંભપણું તે નાક છે. ૨૬-૨૭. જે સંત અને હરિભક્ત નામ ધારણ કરતા હોય તે જો દંભ અને કપટ કરે છે તો તે નાક, કાન વિનાના છે. ૨૮.

चोपाई :

नाक अरु कान रखिके जेहा, संत हरिजन वरतत जो तेहा;
मनुष्य सम इहाँ देखे आते, देवन से यह अधिक रहाते...२९
निर्दंभ कपट रहित संत जेते, साचे संत कहावत तेते;
साचे संत के करी विश्वासा, अपार जन भयेउ हरि दासा...३०

જે સંત અને હરિભક્તો નિષ્કપટપણું અને નિર્દંભપણારૂપ કાન, નાકને રાખીને વર્તે છે તે આ દુનિયામાં મનુષ્ય જેવા દેખાતા હોય, તોપણ દેવતાઓ કરતાં તે મહાન છે. ૨૯. જે સંત નિર્દંભ અને નિષ્કપટપણે વર્તે છે તે જ સાચા સંત કહેવાય છે. અને એવા સંતનો વિશ્વાસ કરીને અપાર લોકો હરિભક્ત થયા હતા. ૩૦. **હરિભક્તોના સત્સંગનું મૂળ સાચા સંતો છે અને સાચા સંતોનું મૂળ તો ભગવાન છે; આવી જે વાત તે અમૂલ્ય છે. ૩૧.** જેટલા રાજાઓ અને જે દેવો છે તે સર્વનું મૂળ ભગવાન શ્રીહરિ

રહ્યા છે અને શ્રીહરિની સેવા કરવાથી દેવ કે રાજાનું પદ મળે છે. ૩૨. જ્યારે ભગવાન વરસાદ કરે છે ત્યારે બધાને સર્વ રીતે સુખ, સંપત્તિ મળે છે. જેની સમજણ અલૌકિક હોય તે આવી સીધી સાદી રીતને સમજે છે. ૩૩. અને જે લોકો કુબુદ્ધિવાળા છે તે તો સહુનું કારણ ભગવાન છે એમ સમજતા નથી. જેને જેવા ગુરુ મળે છે અને જેને જેવી સંગત મળે છે તેનું અંતઃકરણ તેવું થઈ જાય છે અને તેવી જીવમાં રુચિ થાય છે. પછી તેને બ્રહ્મા જેવા સમજાવવા આવે, છતાં પણ તેઓ સન્માર્ગમાં ક્યારેય ચાલતા નથી. ૩૪-૩૫.

અનાદિકાળથી માયાના જે જીવ છે તે માયાની સન્મુખ દોડી રહ્યા છે. તેઓની ભગવાન અને ભગવાનના સંતના યોગ વિના શુભમાર્ગ ઉપર રુચિ ક્યારેય થતી નથી. ૩૬. એટલા માટે તો નિર્દોષ એવા ભગવાન શ્રીહરિ મનુષ્યના દોષને ગણતા નથી અને અનંત મનુષ્યોને સંસારથી તારવા માટે પ્રગટ થાય છે. ૩૭. ભગવાનની આજ્ઞાથી નિર્દોષ એવા સંતો-મુક્તો તેમની સાથે ધામોધામથી આવે છે અને અપાર મનુષ્યોના મનને શુદ્ધ કરીને તેમનો ઉદ્ધાર કરે છે. ૩૮.

કૃપાળુ શ્રીહરિ ખાનપુરથી તત્કાળ ચાલ્યા અને **મોરજ**માં આવીને ગોકુળદાસ ગઢવીને ઘેર રહ્યા. તેઓ ચારણ જાતિના હતા. તેમણે પત્નીનો પણ ત્યાગ કર્યો હતો અને પોતાનું ધન તથા જમીન આ બધું શ્રીહરિની સેવામાં લગાવી દીધું હતું. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સત્સંગમાં વિચરતા શ્રીહરિ ગઢપુરથી નીકળી મોરજ આવ્યા' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર પંદરમું : તરંગ - ૬૩

દિવાળીનો ઉત્સવ અને દેવોએ કરેલી સ્તુતિ

જ્યારે શ્રીહરિ મોરજથી ચાલ્યા તે વડતાલ આવ્યા. પછી શ્રીહરિએ બધા સંતોને બોલાવ્યા. તેથી સંતો તત્કાળ ત્યાં આવ્યા. ૧. બધા સંતો શ્રીહરિનાં દર્શન કરીને પગે લાગ્યાં. હૃદયમાં ઉત્સાહ રાખીને સંતો શ્રીહરિના ચરણ તથા બધા અંગોને દબાવવા લાગ્યા. ૨. સંતોએ શ્રીહરિના અંગને દબાવીને બધો થાક ઉતારી દીધો. તેથી પ્રસન્ન થયેલા બળવંત શ્રીહરિએ સંતોની છાતીમાં ચરણ ચાંપ્યા. ૩. બધા સંતોએ શ્રીહરિના ચરણ ધોયા, પછી તે પ્રસાદીના જળનું પાન કર્યું. સંતોનું અપાર હેત દેખીને શ્રીહરિ પ્રસન્ન થયા. ૪. દયાળુ શ્રીહરિએ બોરીના કાપડનો સુંદર ચોફાળ ઓઢ્યો હતો અને પાટ ઉપર બેઠા. પછી અપાર અમૃતભરી દૃષ્ટિથી શ્રીહરિએ તે સમયે સંતો સામે જોયું. ૫.

ભયહારી શ્રીહરિ પછી બોલ્યા, અહીંયાં તો ઘણી સંકડાશ છે. ગામની બહાર જઈએ તો બધા હરિભક્તોને દર્શનનું સુખ આવે. ૬. તળાવથી પૂર્વ દિશાએ જ્યારે ગયા ત્યારે ત્યાં એક સારો આંબો દેખ્યો. તેની ઘણી વિશાળ છાંયા હતી. કૃપાળુ શ્રીહરિ તે આંબાની નીચે પાટ ઉપર જઈને બેઠા. ૭. આંબાની ડાળે પલંગનો સુંદર હિંડોળો બાંધી દીધો અને તેના ઉપર રેશમના ગાદી તકિયા મૂક્યા. તેની રમણીય શોભા થઈ હતી. ૮. શ્રીહરિ તે હિંડોળા ઉપર જઈને બેઠા. ત્યાં સંતો તથા હરિભક્તોની સભા ભરાઈ. પહેલા જે શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા, તે પછીથી હિંડોળા ઉપર બેઠા. ૯. સંતો તથા હરિભક્તોની સભા થઈ. સહુ શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. જેટલાં હરિભક્તો ઘણાં પ્રેમથી દર્શન કરવાં માટે આવ્યાં હતાં તે બધાં આવીને શ્રીહરિને ફૂલના હાર પહેરાવતાં અને પત્ર ફળાદિ આગળ મૂકતા. પછી શ્રીહરિને પગે લાગતા હતા. મુખારવિંદ જોઈને તેમનાં હૃદયમાં આનંદ થતો હતો. ૧૦-૧૧. જેટલા ભક્તો આવતા તે બધા વારેવારે સ્તુતિ કરીને એવું બોલતા કે, ભગવાન ! આપ ભલે પધાર્યા. આપે અમને દયા કરીને દર્શન આપ્યાં છે ! ૧૨.

દિવસનો મધ્યાહ્ન થયો ત્યારે જમવાનો સમય થયો. એટલામાં ગામમાંથી હરિભક્તો આવ્યા. તેમને શ્રીહરિએ કહ્યું, હવે રસોઈને કેટલીવાર છે ? ૧૩. ત્યારે ભક્તજનોએ કહ્યું, રસોઈ તૈયાર જ છે. અમે બોલાવવા જ આવ્યા છીએ, તો આપ ધર્મકુમાર જમવા ચાલો. ૧૪. પછી શ્રીહરિ સંતોને સાથે લઈને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા અને ઉમંગથી થાળ જમ્યા. પછી સંતોની પંગત કરાવી. ૧૫. જેટલાં ભોજન કર્યા હતાં તે બધાંને શ્રીહરિ જમ્યાં અને અતિ ઉમંગભર્યા પોતે પીરસવા લાગ્યા. પ્રસન્ન મન થઈને પંગતમાં વારંવાર ફર્યા. ૧૬. સંતો જે વખતે જમતા હતા તે વખતે શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. સંતો જમી રહ્યા પછી તરત આંબલે આવ્યા અને ત્યાં સુંદર સભા કરાવી. ૧૭. શ્રીહરિ આવીને જ્યારે હિંડોળા ઉપર બેઠા ત્યારે ભક્તજનો 'જય જય' 'જય જય' એવું બોલતા હતા. જ્યારે પ્રશ્નોત્તર થયા ત્યારે પ્રભુ પાટ ઉપર આવીને બેઠા. ૧૮.

શ્રીહરિ, સંતો અને હરિભક્તો ઉપર પ્રસન્ન થઈને તેમને અતિશય સુખ આપતાં હતાં. આ વેળાએ સંતોએ જેવું સુખ લીધું તેવું સુખ કોઈ વખતે બીજાને મળ્યું ન હતું. ૧૯. અને હરિભક્તોએ જે સુખ લીધું હતું એવું સુખ તેમણે બીજે કોઈ વખત સાંભળ્યું ન હતું. આ દિવાળીનો દિવસ હતો. જ્યારે સંધ્યા સમય થયો, ૨૦. ત્યારે કોઈએ ક્યારેય દેખી ન હોય તેવી વિચિત્ર પ્રકારે દીપમાળા બનાવી હતી. જ્યાં સુધી સભા ચાલુ હતી ત્યાં સુધીમાં દીપમાળાના અલગ અલગ ખંડ કર્યા હતા. ૨૧. બધા જ ખંડ કમાનવાળા બનાવ્યા હતા અને તેમાં દીવાઓના સાત માળ કર્યા હતા. બબ્બે ગોખની વચ્ચે એક એક દ્વાર કર્યા હતા. ચારેબાજુથી તે દ્વાર જોનારાને ઘણા પ્યારા લાગતા હતા. ૨૨. બબ્બે દીવા મૂકીને સુંદર ઝાડ બનાવ્યા હતા. દીપમાળાની ચારેબાજુ તેને જ્યારે પ્રગટાવ્યા ત્યારે તે ઘણા શોભતા હતા. ૨૩. દીપમાળાની વચ્ચે પાટ રાખી હતી. શ્રીહરિ આવીને તે પાટ ઉપર બેઠા. તે સમયે શ્રીહરિએ જે સોનાનાં ઘરેણાં અને સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં તે ઘણાં ઝગમગાટ કરી રહ્યાં હતાં. ૨૪.

શ્રીહરિની ચારેબાજુ સંતો અને હરિભક્તોની સભા થઈ હતી. તે ઘણી અદ્‌ભુત રીતે શોભી રહી હતી. ૨૫. તે વખતે ગાનકળાના નિષ્ણાત બુદ્ધિમાન સંતો ઝાંઝ, મૃદંગ લઈને દિવાળીના ઉત્સવના પદો ગાતા હતા. ૨૬. મુક્તાનંદસ્વામીના પદો ઘણા સુંદર હતા. મુનિ જ્યારે એ પદને મુખથી ગાતા હતા ત્યારે શ્રીહરિ વચ્ચે વચ્ચે તાન તોડતા હતા. ૨૭. તે વખતે બીજા જે અપાર વાજિંત્રો વાગી રહ્યાં હતાં, તેના શબ્દ ત્રિલોકીમાં પહોંચ્યા, તેથી સંપૂર્ણ આકાશ ગાજી રહ્યું હતું. ૨૮. તે વાજિંત્રોના ધ્વનિને સાંભળીને મોટા મોટા દેવો જે કહેવાય છે તે બધાં શ્રીહરિનાં દર્શન કરવાં માટે તે સ્થળે આવ્યાં અને તેમના હૃદયમાં ઘણો જ આનંદ હતો. ૨૯. દેવતાઓ કેસરયુક્ત ચંદન અને પુષ્પોની વૃષ્ટિ પ્રસન્ન મનથી કરતા હતા અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને ‘જય જય’ ‘જય જય’ એમ શબ્દો બોલતાં હતાં. ૩૦. તેઓ હાથ જોડીને સ્તુતિ કરતા અને કહેતા કે, આપ આ રીતે જે દર્શન આપો છો તે આ વખતે આપે ઘણી મોટી કૃપા કરી છે. આપે અનંત નર-નારીઓનો ઉદ્ધાર કર્યો છે. ૩૧.

આપ અત્યારે જે ચરિત્રોને કરો છો તેવાં ચરિત્ર અમે ક્યારેય સાંભળ્યા નથી. અત્યારે આપ અલૌકિક ધર્મની પરમ પવિત્ર રીતને પ્રગટ કરી રહ્યા છો. ૩૨. અત્યારે જે કોઈ પણ બાબત કહેવાય છે તે બધી આપ અલૌકિક રીતે પ્રગટ કરી રહ્યા છો. જોકે કળિયુગનું બળ અપાર છે, પરંતુ તેનું બળ અત્યારે આપની આગળ લગાર પણ ચાલતું નથી. ૩૩. જેટલા અધર્મવંશના મોટા મોટા કામ, ક્રોધાદિક અંતઃશત્રુઓ છે, તેનું જે કાંઈ પણ બળ કહેવાય છે, તેને છોડીને અત્યારે તેઓ ચૂપચાપ બેસી રહ્યા છે. ૩૪. મોટા મોટા દેવો અને મોટા અસુરો, તેના મસ્તકને પણ કામ, ક્રોધાદિકે તોડી નાખ્યા હતા. તેવા તે કામ, ક્રોધાદિકને આ વખતે આપે હઠાવી દીધા છે. ૩૫. જે કામ, ક્રોધાદિકને શસ્ત્ર દ્વારાએ ક્યારેય છેદી શકાતા નથી, છતાં તેમાં શસ્ત્રોનું બધું બળ રહ્યું છે, તેમણે મોટા મોટા સિદ્ધોને પણ હરાવી દીધા હતા, એવાં તે બળવાન છે. ૩૬.

જ્યારથી આપ પ્રગટ થયા છો ત્યારથી અત્યાર સુધી આપ અધર્મની સાથે લડાઈ કરતા રહ્યા છો. અને તેના અતિશય બળનો આપ ભંગ કરી રહ્યા છો. ૩૭. સંપૂર્ણ ત્રિલોકીમાં અધર્મે બધાને વશ કરી લીધા હતા. તેના જેટલા દરવાજાઓ છે તે બધાને આપે અત્યારે બંધ કરી દીધા છે. ૩૮. અને જે તમોએ બાંધેલા ધર્મના દ્વારને તોડીને આગળ જાય છે તો તરત જ અધર્મ તેને ગળી જાય છે; આવું દેખાય છે અને અમે તો જેવું દેખાય છે તેવું કહીએ છીએ. ૩૯. આ રીતે દેવતાઓએ અપાર સ્તુતિ કરી. તે થોડી લખાણી છે. બધી સ્તુતિનો લખે ક્યારેય પાર આવતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'દિવાળીનો ઉત્સવ અને દેવોએ કરેલી સ્તુતિ કહી' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર પંદરમું : તરંગ - ૬૪

સત્સંગના યોગ સિવાય વિષમ દેશકાળથી બુદ્ધિ ફરી જાય છે

શ્રીહરિ જ્યાં સુધી દીપમાળાની વચ્ચે બેઠા ત્યાં સુધી બધાં દેવતાઓ દર્શન કરતાં રહ્યાં. ૧. જેટલા દેવગાંધર્વો દેવતાઓની સાથે આવ્યા હતા તે બધાં વાજિંત્ર વગાડીને ગાન કરતાં હતાં. ૨. જેટલી વિમાનમાં આવેલી અપ્સરાઓ હતી તે બધી શ્રીહરિને રાજી કરવા માટે તે વખતે નૃત્ય કરવા લાગી. ૩. જેમાં જેટલા વધારે ગુણ હોય તે બધા ભગવાનને અર્પણ કરવા, તે જ સેવા પૂજા છે; એમ શ્રીહરિ માનતા હતા. ૪. વેદ અને પુરાણોમાં જેટલા પવિત્ર શુભ સાધનો કહ્યા છે. જેમ કે યોગ, યજ્ઞ, તીર્થ, બધા વ્રત, ભજન, સ્મરણ, તપ, દાન, પૂર્તકર્મ અને શ્રેષ્ઠ ગુણ, તે બધા ભગવાનને અર્પણ કરવા. તો કોઈ પણ સાધન પાછળ રહી ન જાય. ગુણ અર્પણ કરવામાં બધાં સાધનો આવી જાય છે. ૫-૬.

ભગવાનના સંબંધ વિનાના ઘણાં મોટાં સાધનો હોય તોપણ તે નિર્જીવ કહેવાય છે; એવી શુદ્ધ રીતની વાત કહેવાય છે. ૭. આવું સમજીને સંતો

ગરબી ગાવા માટે ઉઠ્યા. ગોળાકારે ફરીને જ્યારે સંતો ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ તેમને દેખતા રહ્યા. ૮. પછી સંતો અને હરિભક્તોને પ્રસન્ન કરવા માટે શ્રીહરિ સંતોની વચ્ચે ફરવા લાગ્યા. ફરતાં ફરતાં હાથનાં લટકાં કરતાં હતાં, તેનાથી જોનારા ભક્તજનોના મનને ખેંચતા હતા. ૯. જેટલી હરિભક્ત સુવાસિની બાઈઓ હતી તે બધી સંતો જે રાસ સાથે ગરબી ગાતા હતા, તેનાથી દૂર ગઈ. તેઓ પૂરી મર્યાદામાં રહેતા હતા. ૧૦. તે સ્ત્રીઓ શ્રીહરિની મર્યાદા રાખીને રાત-દિવસ ભગવાનની ભક્તિ કરતી હતી. પછી હાથમાં કુંભ લઈને ફરતી તે સ્ત્રીઓ અલૌકિક રાસ રમવા લાગી. ૧૧. શ્રીહરિની મૂર્તિને સંભારીને ઘણી ભારે ગરબી બોલવા લાગી. તે સમયે ગોલોકમાં જેવી ભગવાનની મૂર્તિ છે, તે મૂર્તિ તે સ્ત્રીઓને મધ્યે પ્રગટ થઈ. ૧૨. તે હરિભક્ત સ્ત્રીઓ સિવાય તે મૂર્તિનાં બીજાં કોઈને દર્શન થાતાં નહિ. ભગવાને તેમને એવાં દર્શન આપ્યાં કે, મસ્તક ઉપર મોરમુકુટ ધારણ કર્યો હતો. મુખ ઉપર મુરલી રાખીને વગાડતા હતા. ૧૩. ત્યારે તે હરિભક્ત સ્ત્રીઓને આ દુનિયાની કશી સ્મૃતિ રહી નહિ. માનો, તે દિવ્ય વૃંદાવનમાં આવી હોય એવું લાગ્યું. ૧૪. નુપૂરના ઘૂઘરાઓ પગમાં એકતાર વાગ્યા કરતા હતા. ફરતા ફરતા જ્યારે સવાર થયું ત્યારે તેમને તે મૂર્તિ દેખાણી નહિ. ૧૫.

એક પહોર રાત્રી બાકી રહી ત્યાં સુધી સંતો શ્રીહરિ ફરતા ફરી ગરબી ગાતા રહ્યા. પછી દરેક સંતોને શ્રીહરિ ભાવથી ભેટ્યા. ૧૬. જ્યારે રાત ચાર ઘડી(૧.૩૬ કલાક) બાકી રહી ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. પછી પલંગ ઉપર પોઢી ગયા. ૧૭.સવાર થયું ત્યારે સંતો સ્નાન કરીને આવ્યા અને શ્રીહરિની માનસીપૂજા કરી રહ્યા. પછી શ્રીહરિનાં ચરણારવિંદનાં ઘણાં ભક્તિભાવથી દર્શન કર્યાં. ૧૮. દરેક સંતો અને વર્ણીઓ પરસ્પર એકબીજાને મસ્તક નમાવી, હાથ જોડી બેસીને પગે લાગતા હતા. પગે લાગ્યા સિવાય ક્યારેય કોઈ બાકી રહેતા નહિ. ૧૯. નાના-મોટા સંતો અને વર્ણીને પગે લાગવાનો નિયમ હતો. જેમને મોક્ષનો ખપ હતો એવા તેઓ શ્રીહરિને પગે લાગ્યા સિવાય કોઈ જમતા નહિ. ૨૦.

જેના હૃદયમાં મોક્ષનો ખપ ન હોય તેને પવિત્ર સંતો દેખી લેતા. પછી મુખથી વાત કરીને તેમને સંતોની પુનીત રીત દેખાડી દેતા હતા. ૨૧. વાત કરવા છતાં જેનામાં સમજણ ન આવતી તેવા ત્યાગી અને ગૃહસ્થોને તેટલો મોક્ષનો ખપ નથી, એમ તે પવિત્ર સંતો નિશ્ચિત વાત કહેતા. ૨૨. જ્યાં સુધી તે સત્સંગમાં નભે ત્યાં સુધી જે રીતે બીમાર માણસ અનાજ છોડીને દુઃખી રહે છે તે રીતે પવિત્ર સંતો તેને દેખતા હતા, પણ અંતરમાં તેનો રતી જેટલો પણ ભાર આવતો નહિ. ૨૩. જેના જીવમાં જેટલો સત્સંગ હોય તેને મોટા સંતો ક્યારેય બતાવ્યા સિવાય રહેતા નહિ. જે ઝાડમાં જેવો રસ રહ્યો હોય તેનાં ફળ તેની મીઠાશને કહી દે છે. ૨૪. માણસમાં જેવી બુદ્ધિ રહી હોય તે તેની ચેષ્ટામાં દેખાઈ આવે છે અને ચેષ્ટા ઉપરથી માણસને જે ઓળખી લેવો, એવી સમજણ બધા મનુષ્યમાં હોતી નથી. ૨૫.અગ્નિમાં તપાવ્યા સિવાય સોનાની યથાર્થ કસોટી થતી નથી. પણ તેવા પારખનારા ઘેર ઘેર હોતા નથી તેમ મનુષ્યને ઓળખનાર પણ બધા હોતા નથી. એવી આ વાત છે. ૨૬. તે રીતે જ હીરા, માણેક અને મોતીની એવી ઘણી વાત છે. તેની ખરી પરીક્ષા કરીને નિર્ધાર કરનાર તો કોઈક જ મનુષ્ય મળે છે. ૨૭.

❋ સંતો-ભક્તોની મહાનતા :

सोरठा : संत ही अरु हरिजन, सत्संग के संबंध कर;
मोटप ताकि देखन, मायिक जन कु न देख परत...२८
संत हरिजन ताकी, मोटप हे अपार करहि;
तुलता न आत वाकी, यह ब्रह्मांड में रहे जोउ...२९

સંતો અને હરિભક્તોની સત્સંગના સંબંધથી કેવી મોટપ છે એ દેખવાનું કામ માયિક મનુષ્યને ફાવતું નથી. ૨૮. સંતો અને હરિભક્તોની અપાર મોટપ રહી છે. આ બ્રહ્માંડમાં જે રહ્યા છે તે કોઈ એની તુલનામાં આવી શકતા નથી. ૨૯. તે સંત-હરિભક્તોની જે મોટપ છે તે ભગવાન અને સત્સંગના સંબંધે કરીને છે, અને તે સંબંધ પણ મન, કર્મ અને વચને કરીને કરવો; તો તે પૂરો સંબંધ કહેવાય છે. ૩૦. સત્સંગનો પૂરો સંબંધ થયા સિવાય જે

અધૂરો સંબંધ છે તેમાં અધિક ન્યૂન ભાવ રહે છે. આ પ્રકારની વાતને તો જે વિચક્ષણ સંતો કહેવાય છે, તે પૂરી રીતે કરતા હતા. ૩૧.

चोपाई :

जाकु बुद्धि खप रहेउ जितना, ताकु सत्संग रहाये तितना;
बुद्धि खप बिन सत्संग जितनो, देखेमें डोल देखात तितनो...३२
पाये बिन हि भुवन जो जेसे, सत्संग ताके रहे तेसे;
संत सतशास्त्र के नित्य अभ्यासा, ताके सत्संग होत न नासा...३३

જેની બુદ્ધિમાં જેટલો ખપ હોય તેને તેટલો સત્સંગ રહે છે અને બુદ્ધિમાં ખપ વગરનો જે સત્સંગ છે તે તો દેખવામાં ઉપરનો ડોળ જ દેખાય છે. ૩૨. પાકા પાયા વિનાના મકાનના જેવો તેનો સત્સંગ કહેવાય છે. જેને સંતસમાગમ અને સચ્છાસ્ત્રનો અભ્યાસ નિત્ય રહેતો હોય તેના સત્સંગનો ક્યારેય નાશ થતો નથી. ૩૩.સંતોની સભામાં બેસીને જે નિત્ય અભ્યાસ કરવો તે સત્સંગનું ઊંડું મૂળ કહેવાય છે, પણ એકલા બેસીને જે અભ્યાસ કરવો તેને મૂળ કહેવાતું નથી. ૩૪. એકાંતમાં બેસીને ધ્યાન, સ્મરણ અને કથા-વાર્તાને કોઈ કરે છે તો તે એકાંત ભાવમાં દંભ, કપટ, છળ અને માયા રહે છે. ૩૫. એકાંતમાં રહેવા છતાં એક જ સરખી મતિ રહે એવા તો એક ભગવાન જ છે. તે સિવાયના મુક્ત હોય તોપણ તેની મતિ ફરી જાય છે. તેટલો એકાંતમાં દોષ રહ્યો છે. ૩૬.

જે સ્વતંત્ર વર્તે છે તેની બુદ્ધિ અપક્વ હોય છે અને તે અપક્વ બુદ્ધિ ક્યારેય ફર્યા વિના રહેતી નથી; એમ વેદ અને પુરાણોમાં કહ્યું છે. ૩૭. બ્રહ્મા, ભવ, નારદ, ઈન્દ્ર, દક્ષ પ્રજાપતિ, લક્ષ્મણ અને ભરતજી ઈત્યાદિકની બુદ્ધિ પણ ફરી ગઈ હતી. ૩૮. દારૂ અને લીલાગર ભાંગથી વધારે અન્ય કોઈ પદાર્થમાં ઝાઝો કેફ રહ્યો હોય તેમ દેખવામાં આવતું નથી. ૩૯. શુભ દેશકાળ હોય તો મનુષ્યની બુદ્ધિ અત્યંત શુભ થઈ જાય છે અને અશુભ દેશકાળને યોગે કરીને બુદ્ધિ ઘણી અશુભ થઈ જાય છે. ૪૦. ભગવાન બળદેવજી ઘણા સમર્થ હતા, પણ સ્યમંતકમણિએ તેમની બુદ્ધિ ફેરવી નાખી પછી તેઓ મિથિલા જઈને રહ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સત્સંગના યોગ સિવાય વિષમ દેશકાળથી બુદ્ધિ ફરી જાય છે' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥

પૂર પંદરમું : તરંગ - ૬૫

ભક્તોએ પૂજા અને સ્તુતિ કરી, પછી મુક્તમુનિએ નૃત્ય કર્યું

દેશ દેશના હરિભક્તો વડતાલમાં અપાર આવવા લાગ્યા. તે વખતે વિવિધ પ્રકારનો અન્નકોટ પણ ઘણો કરાવ્યો હતો. ૧. સંતોએ ચોકમાં સુંદર રંગોળી પૂરી અને કેળના સ્તંભોથી સારો બાગ બનાવ્યો, તેની શોભા કહી જાતી નથી. ૨. અન્નકોટમાં જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાને પ્રસન્ન થયેલા શ્રીહરિ ભાવથી જમ્યા. ૩. તે પછી શ્રીહરિએ મનમાં ઘણું હેત લાવીને સહુ સંતોને પીરસીને જમાડ્યા. એમ સંતોએ અલૌકિક લાભ લીધો. ૪. જે હરિભક્તોએ ભેળા મળીને અન્નકોટ કરાવ્યો હતો તે હરિભક્તો સુરતના હતા. તેઓ વિવિધ પ્રકારની પૂજા લાવ્યા હતા. ૫. તેઓ જાત જાતનાં વસ્ત્ર અને આભૂષણ લાવ્યાં હતાં, તેનો ગણતા પાર આવતો નથી. જે ભક્તને જેવો ભાવ હતો તેવાં તેઓ વસ્ત્ર અને આભૂષણો લાવ્યાં હતાં. ૬.

ત્યાં એક અનુપમ પાટ ઢાળીને બિછાવી હતી. શ્રીહરિ તે સમયે તે પાટ ઉપર બેઠા. તેમની આગળ સંતો અને વર્ણીની સભા થઈ. શ્રીહરિના જે પાર્ષદો હતા, ૦૭ તેમજ શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તે બધા શ્રીહરિની પાસે બેઠા. દેશોદેશના જે હરિભક્તો દર્શન કરવાં આવ્યાં હતાં તે બધા સંતોની સભાને ફરતા વિંટળાઈને ઘાટા બેઠા. સાંજ સમયે મોટી સભા થઈ. ત્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો હતો. ૮-૯. તે સમયે ઢોલ, ત્રાસ, પડઘમ અને ભેરી ઘણો ઊંચો ધ્વનિ કરી રહ્યા હતા અને હરિભક્તો શ્રીહરિને વસ્ત્ર તથા આભૂષણો પહેરાવીને મનમાં ઘણા રાજી થતા હતા. ૧૦. કેસરયુક્ત ચંદનથી ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ધૂપ અને દીપ કરીને આરતી કરી. પછી છાતીમાં શ્રીહરિના ચરણકમળ લીધા. ૧૧.

※ શરણાગતિની શ્રેષ્ઠતા :

चोपाई :

जाको जेसे आई जोऊ, स्तुति करत भये सब हि सोऊ;
तन में सुँ जिय निकसे जबहू, एसी सभा सहित हरि तबहू...१२

दोहा : दर्शन देना आई कर, मोक्ष करन तुम आय;
स्मृति रहत नहि जीय कू, शरन तव भये रहाय...१३
श्रीहरि कहे हरिजन जो, जेते शरन भयेउ;
स्मृति रहो न रहो यह, हम संत पास रहे तेउ...१४

પછી જેને જેવી આવડી તે બધાએ તેવી સ્તુતિ કરી અને બોલ્યા કે, જ્યારે અમારા શરીરમાંથી આત્મા નીકળે ત્યારે હે હરિ ! આપ આવી સભાએ સહિત આવીને અમને દર્શન આપજો. આપ તો જીવોનો મોક્ષ કરવા પધાર્યા છો. જીવને અંતસમયે તે સ્મૃતિ રહેતી નથી. અમે તો આપને શરણે આવ્યા છીએ. ૧૨-૧૩.

ત્યારે શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યું, 'જે અમારે શરણે આવેલા છે તેને અંતસમયે અમારી સ્મૃતિ રહે કે ન રહે, છતાં અમે અને સંતો તેમની પાસે જ રહ્યા છીએ. ૧૪. અમે તો આવી સભાએ સહિત તે ભક્તની સન્મુખના સન્મુખ જ છીએ, પણ જે સત્સંગથી વિમુખ હોય, તેની સમીપે ક્યારેય રહેતા નથી. ૧૫. જે કાયમ સંતો અને હરિભક્તોનો દ્રોહ કરતો રહે છે અને આદરભાવથી તેમની સામે ક્યારેય દેખતો નથી, તે સત્સંગથી વિમુખ કહેવાય છે. ૧૬. સંત અને હરિજનને જોઈને જેના નેત્ર અતિ હરખાતા નથી અને જે સંતોનો દ્રોહ કરે છે, તે લોકોને તો આસુરી અને જંગલી જાનવર જેવા જાણવા. ૧૭. જે સાચા સંતો અને હરિભક્તો છે તેમણે તો બધી જ નિંદિત વાતોનો અને બધા જ નિંદિત માર્ગનો ત્યાગ કરી દીધો હોય છે. ૧૮.

જેને દેખીને ભગવાન, વેદો અને પુરાણો પ્રસન્ન થાય છે તે અનિંદિત અને નિર્ભય માર્ગ છે અને જે સંતો અને હરિભક્તો છે તે નિરંતર એવા નિર્ભય માર્ગ પર ચાલે છે. જેની એવી બુદ્ધિ અને સમજણ હોય છે તેને

અંતર્યામી ભગવાન દેવથી પણ અધિક કહે છે. ૧૯-૨૦. પછી ભગવાન તેને અંતસમયે સંતો અને હરિભક્તોની સમીપમાં નિવાસ આપે છે. જેમાં આવી શુદ્ધ રીતિની સમજણ હોય છે તેમાં જ મોક્ષરૂપ સાધન રહ્યું છે. ૨૧. શ્રીહરિએ કહેલી આ રીતની વાતને સાંભળીને બધા હરિભક્તો અત્યંત પ્રસન્ન થયા અને તે પછી સહુ હરિભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોની અત્યંત હરખભેર પૂજા કરી. ૨૨. પછી દિવાળીને દિવસ અમદાવાદના હરિભક્તોએ દીપમાળા પુરાવી તથા શ્રીહરિ અને સંતોને જમાડ્યા. ૨૩. ત્યાંના હિરાચંદ ચોક્સી અને નથુ ભટ્ટ વગેરે જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિ અને સહુ સંતની પૂજા કરી. તે સિવાય બીજા જે જે ગામના હરિભક્તો આવ્યા હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૨૪.

એક દિવસ શ્રીહરિએ જોબનપગીની મેડીએ પ્રસન્ન થઈને સંત-હરિભક્તોની સભા કરાવી. ૨૫. જ્યારે અધરાત ગઈ ત્યારે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને કહ્યું, ‘તમે દોકડ અને સરોદ વગાડીને કીર્તનગાન કરો. પછી પગમાં ઘૂઘરા બાંધીને જેને નૃત્ય કરતા આવડતું હોય તેઓ અમને નૃત્ય દેખાડો. હું જોઉં કે તમે કેવું નૃત્ય કરો છો ? ૨૬-૨૭. તે વખતે સંતોએ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે વાજિંત્ર વગાડીને કીર્તનગાન કર્યું અને જેને નૃત્ય આવડતું હતું તે સંત નૃત્ય કરવા લાગ્યા. ૨૮.

પછી પ્રેમાનંદસ્વામીએ પગે ઘૂઘરા બાંધીને પ્રથમ નૃત્ય શરૂ કર્યું. તે દેખીને સુખદાયક શ્રીહરિ ઘણું રાજી થયા. ૨૯. પછી મુક્તાનંદસ્વામીએ પગમાં ઘૂઘરાઓ બાંધ્યા. શ્રીહરિએ તે વખતે જે એક ભારે માંયલો સોનેરી રેંટો ઓઢ્યો હતો, ૩૦.

❋ મુક્તાનંદસ્વામીની નૃત્યકળા :

તે મુક્તાનંદસ્વામીને ઓઢાડી દીધો. પછી સ્વામી નૃત્ય કરવા લાગ્યા. ત્યારે તેઓ નૃત્યની રીતથી ચરણ મૂકવા લાગ્યા. તે જોઈને અનંતકોટિ બ્રહ્માંડના પતિ શ્રીહરિ અપરંપાર રાજી થયા અને તે સમયે મધુર વચન બોલ્યા કે, નરતક લોકોના જેટલા નૃત્ય છે તે બધા નૃત્યો મુક્તાનંદસ્વામીના નૃત્યની આગળ સૂર્યની આગળ તારાની જેમ ફિકા લાગે છે.

એક દિવસ શ્રીહરિએ આંબલે આવીને સભા કરી અને ત્યાં પાટ ઉપર બેઠા. ૩૧-૩૩. ત્યારે સંતોએ તથા વર્ણીઓએ શ્રીહરિની ચંદન અને પુષ્પ લઈને પૂજા કરી. જ્યારે આરતી અને નારાયણધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ વાતો કરવા લાગ્યા. ૩૪. શ્રીહરિએ પહેલા હરિભક્તોના વર્તનની વાત કહી અને તે પછી સધવા અને વિધવા સ્ત્રીઓના વર્તનની વાત કહી. ૩૫.

શ્રીહરિ કળિયુગનો ક્યારેય પ્રવેશ ન થાય એવી વાતો હંમેશાં કરતા હતા. કુસંગમાં કળિયુગનું જોર રહે છે, પણ જ્યાં સંતો અને હરિભક્તો રહેતા હોય તે સ્થળે નિયમોનો કોટ દેખીને કળિયુગ થરથર કાંપતો રહે છે. જેમાં નિયમની કસર દેખાય છે તેને તાકીને કળયુગ દેખતો રહે છે. ૩૬-૩૭. **જેના વર્તનમાં કસરરૂપ બારી જેટલી રહેતી હોય છે તેટલો મોક્ષરૂપ જે લાભ મળવાનો હોય તેને તે ખુએ છે. ૩૮.** હરિભક્તોના ગામેગામ જેટલા સંતો રાત-દિવસ ફરતા હતા તેઓ બધે જ કળિયુગનું રૂપ દેખાડી દેતા હતા. ૩૯. જેટલી માયા હોય છે તેટલાં રૂપ કળિયુગ ધારણ કરે છે. તેને સંત અને સત્સંગી સિવાય કોઈ જાણી શકતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ભક્તોએ પૂજા અને સ્તુતિ કરી, પછી મુક્તમુનિએ નૃત્ય કર્યું ' એ નામે પાસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર પંદરમું : તરંગ - ૬૬

વડતાલમાં નાના સંતો પાસે શ્રીહરિએ પ્રશ્નોત્તર કરાવ્યા

સત્સંગ અને મોક્ષમાર્ગનાં પગથિયાં ઉપર મુમુક્ષુઓ દિનપ્રતિદિન અધિક ચઢતાં રહે, એવું શ્રીહરિને તાન હતું. ૧. એટલે જેવું તાન રહેતું તેવી વાત શ્રીહરિ સંતોની આગળ કહેતા. વાત કરતાં કરતાં અધરાત થઈ ગઈ પછી સર્વે સંતો સૂવા લાગ્યા. ૨. ત્યારે શ્રીહરિએ કહ્યું, થોડા સંતો જ જાગે છે, ઝાઝા સંતો મારી વાત સાંભળ્યા વિના કોરા રહી ગયા છે. મારા કહેલા વિચારો તેના તન-મનમાં ઊતર્યા નથી. ૩. મોક્ષની જેટલી

વાત છે, તે મોક્ષના તાનની વાતોમાં રહી છે. જે આ વાતનો અભ્યાસ રાખે છે તેને તે પ્રત્યક્ષ દેખાય છે. ૪. **જેટલું અવિનાશી સુખ કહેવાય છે તે ભગવાન શ્રીહરિની વાતમાં છે. તેમ જે નિરંતર દેખતા રહે છે, તેની સમજણ અલૌકિક છે. ૫.**

દેશકાળની વિષમતામાં પણ જેની સમજણ ક્યારેય ન ફરે તેવી હોય તે શ્રેષ્ઠ ભક્ત છે. તેને કોઈ વખતે ભગવાન અને મોટા સંતનો જોગ ન રહે તોપણ જેણે વાતનો જેટલો ખપ રાખ્યો હોય, તે વાત તેને તેટલી મદદ કરે છે. અમે જે વાત કહીએ છીએ તે બધી અલૌકિક છે. ૬-૭. જેને લૌકિક સુખમાં મતિ રહે છે તે તેના એક પણ કામમાં ઉપયોગી થાતી નથી. ચિંતામણિ કરતાં રાજાનું પદ કોઈ વધારે દેખાતું નથી. ૮. ઈન્દ્ર અને બ્રહ્માના પદ કરતાં પણ ચિંતામણિનું મહત્ત્વ વધારે રહ્યું છે, પણ જેને તેની ઓળખાણ નથી હોતી તેને ચિંતામણિ પણ સામાન્ય પથ્થર જેવી જ લાગે છે. ૯. આટલી વાત કરીને કૃપાળુ શ્રીહરિ સંતોને ભેટ્યા અને શ્રીહરિ પૂરમાં આવીને સૂઈ ગયા અને જે સુવા જતા રહ્યા હતા તે ભેટ્યા વિનાના રહી ગયા. ૧૦. જે સંતો રાતે ભેટ્યા વગરના રહી ગયા તેઓ જ્યારે સવારે જાગ્યા ત્યારે તેમના હૃદયમાં અત્યંત બળતરા થવા લાગી, પણ ગયો અવસર તેમને આવ્યો નહિ. ૧૧.

સવારના પહોરમાં શ્રીહરિ સંતોના મંદિરમાં આવીને બેઠા ત્યારે બધા સંતો આવ્યા અને સભા થઈ. જે સંતો નાની ઉંમરના હતા તેમને શ્રીહરિએ આગળ બોલાવ્યા. તેમને પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરાવ્યા. પછી શ્રીહરિએ તે બધાને વારાફરતી એક-એક પ્રશ્ન પૂછ્યો. ૧૨-૧૩. આ બ્રહ્માંડમાં જે યત્કિંચિત પદાર્થ છે તેમાં બધાના નામ અને જાતિ રહી છે. તે નામ અને જાતિ વિના કોઈ પણ રહ્યું નથી. ૧૪. જાગૃત અવસ્થામાં નામ, જાતિનું જેવું દૃઢ જ્ઞાન રહે છે તેવું સ્વપ્નમાં પણ દેખાય છે. તે સિવાયનું ઊલ્ટું જ્ઞાન દેખાતું નથી. ૧૫. સંતો અને ભગવાનનો તેવી રીતનો દૃઢ નિશ્ચય તો કેટલાક બુદ્ધિમાનને પણ કાયમ લેશમાત્ર રહેતો નથી અને માયિક પદાર્થનો નિશ્ચય જાતો નથી અને દિવ્ય પદાર્થનો નિશ્ચય જાતો રહે છે; એવું કેટલાકમાં દેખાય છે. તે

શાથી છે ? તેનો ઉત્તર કરો. ૧૬-૧૭. જેની સમજણમાં જેવું આવ્યું હોય તેનો તમે તેવો ઉત્તર કરો. ઉત્તર આપવામાં જેની જેવી બુદ્ધિ હોય છે તેવી પ્રગટ દેખવામાં આવે છે. ૧૮. સોનું જેવું શુદ્ધ હોય છે તેને અગ્નિમાં તપાવવાથી તેવું દેખાય છે અને કુંભારના માટીના જે નાના-મોટા પાત્ર હોય છે તે અગ્નિમાં પકાવ્યા વિનાના ક્યારેય પાકા થતા નથી. અંદરના ભાગમાં કોઈ સામે આધાર રાખીને તેને જ્યારે ઘડે છે ત્યારે તે મનધાર્યું પાત્ર થાય છે. તેમ પ્રશ્નોત્તર વિના પક્વતા થાતી નથી. ૧૯-૨૦.

❋ શ્રીજી અને સંત ચિંતામણિ તુલ્ય છે :

चोपाई :

छोटे संत जितने रहेऊ, मिलिकर उत्तर करत भयेऊ;
मायिक जिय रहे सदाई, संत भगवान के जोग से ताई...२१
अमायिक सुनत भये बाता, अमायिक में मन बंध जाता;
कल्पतरु चिंतामणि जेसा, भगवान संत रहाये तेसा...२२
अलौकिक भाव जिहाँ लगहू, दोनुं में रहत तिहाँ लगहू;
निश्चे अधिक रहत हे तेहू, बात तेसी करत रहे एहू...२३

પછી જે નાના સંતો હતા તે મળીને ઉત્તર કરવા લાગ્યા કે, જે માયિક જીવ સદાય સંતો અને ભગવાનના જોગમાં રહે છે ત્યારે તે દિવ્ય વાતોને સાંભળે છે, ત્યારે તેનું મન તે દિવ્ય વાતોમાં બંધાઈ જાય છે. ભગવાન અને સંતો તો કલ્પતરુ અને ચિંતામણિના જેવા હોય છે. ૨૧-૨૨.

તે બંનેમાં જ્યાં સુધી દિવ્યભાવ રહે છે ત્યાં સુધી તેનો નિશ્ચય વધારે રહે છે અને તેવી જ નિશ્ચયની વાત કરતા રહે છે. ૨૩. પરંતુ કાયમ સાથે રહેતા-રહેતા સમજણનું માન આવે છે. પછી પહેલા તો મોટાની સાથે સમાનભાવ આવી જાય છે તેથી તે લૌકિકના જેવા દેખાવા લાગે છે. ૨૪. જ્યારે તેની બુદ્ધિ લૌકિક થઈ જાય છે ત્યારે તે અપરાધથી તે ફરીને કૂતરાનો કૂતરો થઈને રહે છે. તે ઉત્તર સાંભળીને શ્રીહરિ નાના સંતો ઉપર પ્રસન્ન થયા અને ફરીવાર પ્રશ્ન પૂછ્યો. ૨૫.

ભગવાન તથા સંતની ભેળા કાયમ રહેતા હોઈએ છતાં ક્યારેય મતિ ફરે નહિ તેનો ઉપાય શું છે ? તે કહો. ૨૬. વૈકુંઠ અને ગોલોક જેવા ધામમાં પણ વ્યક્તિની સદ્‌બુદ્ધિ ફરી જાય છે અને તે દિવ્ય ધામોમાં સદ્‌બુદ્ધિ વિના એક પળ પણ ટકી શકાતું નથી. ૨૭. જ્યાં સુધી સદ્‌બુદ્ધિ રહે છે ત્યાં સુધી તે વ્યક્તિ દિવ્ય ધામમાં રહી શકે છે પરંતુ જ્યાં સુધી કુબુદ્ધિ ન આવી હોય ત્યાં સુધી જ તે ત્યાં દિવ્યરૂપે રહી શકે છે. ૨૮. સત્સંગમાં ક્યારેય તેવી કુબુદ્ધિ ન આવે તેનો ઉપાય દિલમાં વિચાર કરીને પછી તેનો તમે ઉત્તર કરો. ૨૯. ત્યારે તે નાના સંતોએ શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર કર્યો. ભગવાન તથા સંતોની સાથે કાયમ રહેતા હોઈએ ત્યારે તેમના ગમતામાં રહીએ તો તેવી સદ્‌બુદ્ધિ રહે છે. ભગવાન તથા સંત પોતાને વખાણે છતાં પણ મનમાં અતિ ડરતા રહે અને સંતોની સાથે ક્યારેય બરોબરિયાપણું કરે નહીં. ૩૦-૩૧. કથા, વાર્તા, કીર્તન, ગાવું, વગાડવું, ધ્યાન, સ્મરણ અને સમાધિ જેવા ગુણો પણ બુદ્ધિવંત સંતો, ભગવાન, સંત અને સત્સંગથી જ મળેલા છે એમ સમજે. ૩૨.

પોતાનો દેહ અને જીવ આદિ જે જે નામ ધારી હોય તે બધુ ભગવાન અને સંતને અર્પણ કરે અને મુખથી પણ એમ જ બોલે કે આ બધુ ભગવાન અને સંતોનું છે. ૩૩. ખાલી મોઢે બોલવું તે સમય આવે કાંઈ ઉપયોગમાં આવતું નથી. કથન માત્ર બોલવું તે તો વિઘ્ન કરાવનારું છે. (વાસ્તવિક સમર્પણ જોઈએ.) ભગવાન અને સંત પોતાને ગમે તેવી મોટી પદવી આપે અને મોટા મોટા રાજાઓ તથા પ્રજા આવીને પગમાં પડે, છતાં જે સંતો અને હરિભક્તોનો દાસ થઈને રહે છે તેને તે ગુણો ક્યારેય બાધ કરતા નથી. ૩૪-૩૫. આવા જે સંતો અને હરિભક્તો છે તેને સદ્‌બુદ્ધિવાળા કહેવાય છે. વળી, સત્સંગથી તો ઘણા લોકો અપાર મોટપને પામ્યા છે. ૩૬.

પરંતુ સત્સંગથી મોટપ પામ્યા છીએ તેવી જો સ્મૃતિ ન રહે તો ભગવાન તો બધુ જુવે છે. પછી ભગવાન તેને અતિ ઊંચો ચઢાવીને નીચો પાડે છે તેની તેને ખબર પડતી નથી. ૩૭. ભગવાન તથા સંતો જ્યારે કોઈની કુબુદ્ધિ ને દેખે છે ત્યારે તેઓ તેને હર કોઈ પ્રકારે પછાડી દે છે. ૩૮. સત્સંગ

કરતાં કરતાં જેનામાં કુબુદ્ધિ આવે છે તે સંતો અને હરિભક્તોનો દ્રોહ તે વખતે જ કરવા લાગે છે. ૩૯. પછી તે ભગવાનનો યુક્તિએ કરીને દ્રોહ કરે છે એટલે તેની બુદ્ધિ મોરકળાના જેવી દેખાય આવે છે. ૪૦. આ ઉત્તર સાંભળીને શ્રીહરિ બોલ્યા, સંતો નાના છે, પણ સારી દિશા ઉપર બોલે છે. બધી વાતોનું પ્રમાણ રાખે છે. સંતોએ આવો ઉત્તર કર્યો છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'વડતાલમાં નાના સંતો પાસે શ્રીહરિએ પ્રશ્નોત્તર કરાવ્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર પંદરમું : તરંગ - ૬૭

શ્રીહરિ બામરોલીમાં લીલા કરી વડતાલ પધાર્યા

સં.૧૮૭૧ ના દિવસે અન્નકોટ કરીને બીજે દિવસે શ્રીહરિ બધી સવારી સાથે **બામરોલી** ગામ આવ્યા. તેની ઘણી શોભા થઈ હતી. ૧. જેટલાં સોનાનાં ઘરેણાં અને સોનેરી વસ્ત્રો હતાં, તે બધાને પ્રસન્ન મનથી શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ધારણ કર્યા. ૨. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું. જેટલા સંતો અને હરિભક્તો હતા, તે બધા સાથે રહ્યા હતા. ૩. તખાપગી ઘણા સારા હરિભક્ત હતા. તેમણે મનના ઘણા પ્રેમભાવથી શ્રીહરિ અને સંતોને માટે રસોઈ કરાવી હતી. ૪. વજેરામ નામના વિપ્ર ઘણા સારા શુદ્ધ હરિભક્ત હતા અને તેના સંબંધીઓ પણ જે હરિભક્ત હતા, તે બધા રસોઈ બનાવવા માટે આવ્યા હતા. ૫. જ્યાં તખાપગીના ખેતરમાં રાયણ હતી ત્યાં સંત-હરિભક્તની સભા થઈ. શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા અને સંતોએ કીર્તનોની રમઝટ બોલાવી. ૬.

શ્રીહરિ જેટલીવાર વડતાલ પધારતા તેટલીવાર બામરોલી પણ આવતા હતા અને તખાપગીના જેટલા સગાઓ હતા, તે બધા પણ સત્સંગી કહેવાતા હતા. ૭. **જેટલી જગ્યામાં તેમના ઘર હતા, ત્યાં બધે શ્રીહરિ તે વખતે ફર્યા. ત્યારે જે બાઈ-ભાઈ હરિભક્ત હતા, તેમણે શ્રીહરિનાં દર્શન કર્યા અને માનો**

પોતાના પ્રાણ પણ અર્પણ કર્યા. તેમના ઘરમાં જે કાંઈ પણ સારી સારી વસ્તુઓ હતી, તે બધી તેઓ શ્રીહરિને અર્પણ કરતા. તેમને શ્રીહરિના ઉપર ઘણો જ ભાવ હતો અને તે ભાવનાને લઈને શ્રીહરિ ત્યાં વારંવાર આવતા હતા. ૮-૯. જેના હૃદયમાં જેવી ભાવના રહેતી તેને શ્રીહરિ તે રીતે લાડ લડાવતા હતા. પછી શ્રીહરિએ શીરા-પૂરીની રસોઈ તૈયાર કરાવી. ૧૦. તેમણે જે જે ભોજન કરાવ્યા હતા, તેને શ્રીહરિ પહેલા આવીને જમ્યા. પછી સંતોને જમવા બેસાડ્યા અને પોતે શ્રીહરિ પીરસવા આવ્યા. ૧૧.

શ્રીહરિ પંગતમાં પાંચ વાર ફર્યા. પછી જ્યારે કોઈ કાંઈ લેતા નહિ ત્યારે પીરસવાનું બંધ કર્યું અને તે સિવાય શ્રીહરિની સાથે રહેનારા પાર્ષદો અને કાઠી દરબાર હરિભક્તો જે હતા, તે બધાને પંગતમાં બેસાડ્યા અને વારંવાર સંભારીને પીરસ્યું. પછી હિંડોળા ઉપર જઈને બેઠા. ત્યારે ભક્તોએ બહુ પ્રકારે પૂજા કરી. ૧૨-૧૩. કેસરયુક્ત ચંદનનો કટોરો ભરીને લાવ્યા. બહુ પ્રકારના ફૂલના હારો લાવ્યા. પછી સહુએ શ્રીહરિની પૂજા કરી. ૧૪. તખાપગી હતા, તેમણે પહેલા મનમાં જેવી ભાવના હતી તેવા ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧૫. પહેલા શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને લલાટના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૧૬. મોગરાના મોટા મોટા હાર ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. ફૂલના બાજુ અને પોંચીઓ ભુજાઓ ઉપર બાંધી દીધા. ૧૭. ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા, પાઘમાં તોરા ધરાવ્યા અને હાથમાં ફૂલની છડી આપી. ૧૮. કેસરયુક્ત ચંદન ચરણો ઉપર ખૂબ જ ચરચ્યું. પછી તેને હરખ ભર્યે હૈયે ઘણા પ્રેમથી છાતીમાં લીધા. બાવાજી આદિક તખાપગીના પુત્રો હતા તથા તેમના ભાઈઓ હતા, તે સહુએ પણ શ્રીહરિની તેવી જ રીતે પૂજા કરી. પછી જ્યારે આરતી કરી ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં રહ્યાં. ૧૯-૨૦.

પછી બીજાનું હિત કરનારા એવા ભાઈ રામદાસજીસ્વામી આદિક ઘણા સંતો હતા, તેમની પણ અતિ ભાવથી પૂજા કરી. ૨૧. અને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. પ્રથમ શ્રીહરિને મસ્તકે ફેંટો બંધાવ્યો. પછી પ્રભુને ઘેર ઘેર પધરાવ્યા અને સહુએ સોના-રૂપાના ફૂલથી વધાવ્યા. ૨૨. જગતના પ્રતિપાળ

એવા શ્રીહરિને મોતીઓના થાળ ભરી ભરીને વધાવ્યા. સુખદાયી શ્રીહરિ પછી અશ્વ ઉપર બેઠા અને ત્યાં સહુ ભક્તોના ધ્યાન માટે ઘોડી ખેલાવી. ૨૩. અલબેલા શ્રીહરિએ ઝડપથી માણકી ઘોડીને ખેલાવી અને તેથી ઘણી શોભા થઈ હતી. આકાશમાંથી જેમ તારો ખરે તેમ પ્યારા શ્રીહરિએ ઘોડીને દોડાવી હતી. ૨૪.

પછી શ્રીહરિ ધીરે ધીરે ચાલીને **વડતાલ** આવ્યા. આંબલીના છાંયે સંતોની સભા કરી. ૨૫. તે સમયે ત્યાં ફૂલના હાર લઈને ઘણા હરિભક્તો આવ્યા. તે સહુએ એકતારમાં ઊભા રહીને શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. ૨૬. હરિભક્તો વિવિધ પ્રકારનાં પકવાનોના થાળ ભરી ભરીને લાવ્યા. તે વખતે એવી શોભા થઈ હતી કે, તેને વર્ણવી શકાતી નથી. ૨૭. અનેક પ્રકારનાં રમકડાઓ પકવાનમાંથી કરેલાં હતાં, તેને શ્રીહરિએ જોયાં. પછી જેના ઉપર શ્રીહરિને હેત હતું, તેવા ભક્તોને તે બધાં રમકડાં પ્રસાદીરૂપે ભેટ આપ્યાં. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિ બામરોલીમાં લીલા કરી વડતાલ પધાર્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર પંદરમું : તરંગ - ૬૮

બુદ્ધિની શુદ્ધિ કરાવનાર સત્સંગનું ગૌરવ

હરિભક્તો ના... ના... એમ કહીને આડો હાથ રાખતા હતા, છતાં પણ શ્રીહરિ બહુ હેત દેખાડીને સહુને પકવાન પીરસતા હતા. ૧. તે જોઈને હરિભક્તો ખૂબ હાસ્ય કરતા હતા. એવી શ્રીહરિ રોજ રોજ અપાર લીલાઓ કરતા હતા. જેનો કહેતા પાર આવતો નથી. ૨. સહુને ગમે એવી વાતો લખું છું. કેમ જે, જગતમાં અપાર લોકો હોય છે તે સહુની એક રુચિ હોતી નથી. ૩. એકની એક કોઈ વાત ક્યારેય ગમતી નથી, તે પણ મેં તપાસીને જોયું છે એટલે તે બાબતમાં કોઈ ફરક નથી. ૪. હરિભક્તોના મનમાં જે

રીતે ચોંટી જાય તેવી લીલા શ્રીહરિ કરતા હતા. જે જે ઉત્તમ રસરૂપ હોય છે તેની જ આ શ્રીહરિની મૂર્તિ છે. ૫. શ્રીહરિનાં એક એક અંગમાં જે રસ અને રૂપ રહ્યાં છે તેવાં બીજે કોઈ લોકમાં રસ કે રૂપ રહ્યાં નથી. ૬.

જેની જેવી ભાવના હતી, તેને શ્રીહરિની મૂર્તિ તેવી દેખાતી હતી; આવા રસરૂપ મૂર્તિ સુખધામ શ્રીહરિ, વડતાલ ફરતા રહેલા હરિભક્તોના જે ગામ હતા ત્યાં એક એક દિવસ વિચર્યા. ૭. ભક્તો ઘણા ભાવથી શ્રીહરિને પધરાવતા હતા અને સહુ અલૌકિક લાભ લેતા હતા. પૂજા કરતા અને ઘણી સારી રસોઈ કરાવીને વારંવાર શ્રીહરિને જમાડતા હતા. ૮. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણી અને પાર્ષદો રહ્યા હતા, તે સહુને પણ હરિભક્તો ઘણી ભાવનાથી જમાડતા અને પૂજતા હતા. ભક્તોને સંતો વગેરેના ઉપર ખૂબ જ હેત હતું. ૯. હરિભક્તોએ જે લાભ લીધો તેને વારંવાર હું બહુ લખતો નથી. આ વખતે ભક્તોએ એટલો બધો લાભ લીધો કે કોઈ વાર શ્રીહરિએ આટલો લાભ દીધો નહિ હોય. ૧૦. **આ વખતે ભક્તોને લાભ આપવો છે, એમ શ્રીહરિએ મનમાં ધાર્યું હતું અને તેથી જ તે સહુ હરિભક્તોને ઘણો જ લાભ આપતા હતા. ૧૧.**

હરિભક્તોને જે લાભ આપ્યો, તેમાં જે મનુષ્યો અત્યારે લાભ ન લઈ શક્યા તેના સમાન બીજા કોઈ અભાગિયા નથી. ખરેખર આ વાત સત્ય જ હતી. ૧૨. સત્સંગ કર્યો હોવા છતાં પણ આવી બાબતને જે જાણતો નથી તે દિલ્લી જેવા શહેરમાં જઈને પણ ભાડભુંજાનું કામ કરનારા જેવો છે. ૧૩. **સત્સંગની બધી જ વાતો ઘણી અલૌકિક છે. એ દિવ્ય વાતોને જે લૌકિક જેવી દેખે છે, તેની તો બુદ્ધિ ફરી ગઈ છે. ૧૪.**

❋ જ્યાં સત્સંગ ત્યાં શ્રીહરિ :

સત્સંગ સિવાયના જેટલા લોકો છે તે પણ જો સત્સંગના જેવું કાંઈ નથી અથવા તો જેટલું સત્સંગ સિવાયનું છે તે કોઈ સત્સંગ સમાન નથી; એમ જે સમજે છે તેટલા વાસ્તવમાં મનુષ્ય શરીરને પામ્યા છે. ૧૫. મનુષ્ય શરીરને પામીને કોઈ ધનાઢ્ય થાય તોએ શું ? કદાચ કોઈ રાજા થાય તોપણ શું ? તે રાજ્યપદ કે ધનાઢ્યપણું સત્સંગ વિના વ્યર્થ છે. ૧૬. અપાર યજ્ઞ, દાન,

તપ અને વ્રતને કોઈ વારંવાર કરે અને તેનાથી ઈન્દ્ર કે બ્રહ્માના લોકમાં જાય તોપણ તેમાં કોઈ આશ્ચર્ય નથી. ૧૭. દેવ થવું તે કોઈ આશ્ચર્યની વાત નથી. સામાન્ય મનુષ્યની દોડ તો દેવલોક સુધીની જ હોય છે. જ્યાં સુધી સત્સંગી થવાયું નથી ત્યાં સુધી મનુષ્યે કાંઈ જ કર્યું નથી. ૧૮.

चोपाई :

सत्संग की रहे मोटप एसी, सत्संग करे न जाने तेसी;
चिंतामणि पाये कंगाल रहेऊ, चिंतामणि के कहा दोष रयेऊ...१९
सत्संग तिहाँ भगवान रहाये, सत्संग हरि के धाम कहाये;
जिय बिन देह कहावत जीतना, चैतन एक दिन रहे न तितना...२०

સત્સંગની તો આવી મોટપ છે ! તેમાં સત્સંગી થવા છતાં પણ આવી મોટપને જે ન જાણે તે તો ચિંતામણિ મળ્યા છતાં કંગાળ રહે તેના જેવો છે; એમાં ચિંતામણિનો કોઈ દોષ નથી. ૧૯. **જ્યાં સત્સંગ હોય છે ત્યાં જ ભગવાન રહે છે અને સત્સંગ ભગવાનનું ધામ કહેવાય છે.** જીવ વિનાના જે દેહ છે તેમાં એક દિવસ પણ ચૈતન્ય રહેતું નથી. ૨૦. તેમ જ ભગવાન સિવાયના સત્સંગમાં અલૌકિક વાત રહેતી નથી; આવું જે લોકો સમજે છે, તેટલા લોકો જ મનુષ્ય શરીરને પામ્યા છે. ૨૧. વેદ, પુરાણ અને બધી વિદ્યાઓના સિદ્ધાંતને જે લોકો સમજે છે તે વગર ભણે ભણેલા જ છે, એમ બુદ્ધિમાન લોકો માને છે. ૨૨. મનુષ્ય શરીર, ધન-સંપત્તિ, બુદ્ધિ અને ભણવાની બધી વિદ્યાઓ, તીર્થ, વ્રત, દાન, યોગ અને યજ્ઞ, આ બધું પાર વગરનું કહેવાય છે. ૨૩.

ઉપર કહેલા બધાનું એટલું જ ફળ છે કે, સત્સંગ સ્વીકારવો. જે સત્સંગ સ્વીકારતા નથી એ લોકોનો મનુષ્ય જન્મ પણ વ્યર્થ છે. ૨૪. વેદ, પુરાણ, યોગ અને યજ્ઞાદિકને કર્યા હોય, તો પણ સત્સંગ કર્યા વિના તેનો મનુષ્ય જન્મ વ્યર્થ છે. ૨૫. આવો સત્સંગ મળ્યા પછી પણ જેની બાળકના જેવી બુદ્ધિ હોય, તે તો ચિંતામણિને ફેંકી દઈને ઝેરના ફળને ખાય છે. ૨૬. શ્રીહરિ સંતો અને હરિભક્તોની આગળ વારંવાર સત્સંગની નવીન નવીન વાતો કહેતા હતા. ૨૭. શ્રીહરિના મુખથી કહેવાયેલી વાતને વારંવાર સાંભળ્યા

પછી તેનું ફરી ફરીને જે રોજ મનન કરે છે તેમાં તેટલી વાત ટકી રહે છે. ૨૮. શ્રીહરિ રાત-દિવસ સત્સંગની વિવિધ પ્રકારની અપાર વાતોને કહેતા હતા અને તેમાં વેદ, પુરાણ અને સ્મૃતિઓનું જે રહસ્ય હોય છે, તે બધું રહસ્ય એક એક વાતમાં લાવતા હતા અને જે મોક્ષભાગી મનુષ્યો હતા તે રોજ તેવા રહસ્ય ભરેલી વાતનું પાન કરતા રહેતા હતા. ૨૯-૩૦.

શ્રીહરિની જેટલી અલૌકિક વાતો છે તેને જે ભક્તજન પ્રત્યક્ષરૂપ જાણે છે, તે અલૌકિક ધામને પામે છે અને ત્યાં અલૌકિક સુખને મેળવે છે. ૩૧. શ્રીહરિની વાતને મનુષ્ય જેવી રીતે સમજે છે તેવું તે ધામનું સુખ પામે છે. શ્રીહરિની વાત જ એવી છે કે, જેવું પાત્ર હોય તેને તેવું ફળ આપે છે. ૩૨. શ્રીહરિની વાતો અને ચરિત્રો તો સહુથી અધિક છે. પણ પાત્રની તારતમ્યતાથી સમજણ અને એનું ફળ તેવા રૂપમાં મળે છે. શ્રીહરિનાં ચરિત્રો, વાતો અને સત્સંગ એવાં છે કે, જેવાં તેને સમજીએ તેવો મોક્ષ આપે. ૩૩. મનુષ્યને જ્યારે ભગવાન શ્રીહરિની મૂર્તિનાં દર્શન થાય છે ત્યારે તરત જ તેનાં બધાં પાપ બળી જાય છે. શ્રીહરિની મૂર્તિમાં એવો જે પ્રતાપ રહ્યો છે તેને ગમાર લોકો સમજી શકતા નથી. ૩૪. જે ગમાર લોકો ભરતખંડમાં મનુષ્યદેહને પામે છે અને તે જ્યાં સુધી સત્સંગને નથી સ્વીકારતા ત્યાં સુધી તે પોતાના શરીર અને ધનને નિરર્થક રીતે ખોઈ નાખે છે. ૩૫.

જે બાઈ-ભાઈ મનુષ્યો આવી સમજણને ધારે છે તેઓ ક્યારેક સત્સંગ કરીને તેનો મનુષ્યજન્મ સફળ કરશે જ. ૩૬. સત્સંગના માર્ગ ઉપર જે ચાલે છે તે તો શુદ્ધ સમજણવાળા છે. જ્યાં સુધી શુદ્ધ સમજણ આવી નથી ત્યાં સુધીના તેમના બધા મનુષ્યજન્મ વ્યર્થ ગયા જાણવા. ૩૭. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેની બુદ્ધિ અત્યંત વિપરીત રહે છે. ૩૮. કોઈ વેદ, પુરાણો અને બધી સ્મૃતિઓને ભણે, યોગ, યજ્ઞ અને દાન કરે, છતાં પણ સત્સંગ વિના તેની બુદ્ધિ વધારે વિપરીત રહે છે. ૩૯. જેણે સત્સંગ સ્વીકાર્યો હોય, તે પણ વિપરીત બુદ્ધિવાળાને ન ઓળખે તો તેની મતિને તે ફેરવી નાખે છે અને વેદ, પુરાણ સુદ્ધાના પણ તે વિપરીત અર્થ કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'બુદ્ધિની શુદ્ધિ કરાવનાર સત્સંગનું ગૌરવ કહ્યું' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર પંદરમું : તરંગ - ૬૯

શ્રીહરિએ ગઢપુરમાં વસંતોત્સવ કર્યો

શ્રીહરિ સંતો અને હરિભક્તોને અપાર સુખ આપી વડતાલથી **ગઢપુર** આવ્યા. ત્યારે ગઢપુરના ભક્તોએ જય જયકાર કર્યો. ૧. ગઢપુર આવીને હરિભક્તોને ઘણા પ્રેમરસપૂર્વક દિવાળી અને અન્નકોટના ઉત્સવની વાત કરી. ૨. **શ્રીહરિએ રાજી થઈને ગુજરાતના હરિભક્તોનો જે પ્રેમભાવ હતો તે બધી વાત કાઠિયાવાડના ભક્તોને વિસ્તારીને કહી. ૩. ગુજરાતના હરિભક્તોના પ્રેમભાવની વાત સાંભળીને ગઢપુરના બધા હરિભક્તો મનમાં હરખાઈને બોલ્યા કે, મહારાજ ! ગુજરાતની વાત તો ઘણી મહાન છે. ૪.** ગુજરાતમાં તો ફળ, ફૂલ અને વિવિધ પ્રકારના મેવાઓ અપાર થાય છે. ગામેગામ આંબાઓના ઘાટાં વન રહ્યાં છે. ૫. ગુજરાતની ભૂમિમાં છાંયા વિના ખાલી ભાગ લગારેય નથી. તે તો વૃંદાવનથી પણ વધારે પ્રિય ભાગ છે. શ્રેષ્ઠ શ્રેષ્ઠ વૃક્ષો ગુજરાતમાં રહ્યાં છે. ૬. આ દેશમાં તો ગામોગામ પહાડોની શોભા રહી છે અને નદીઓ હોય છે, તેનાથી દેશ શોભી રહ્યો છે. ૭.

મહારાજ, હવે જ્યારે હુતાશની આવે ત્યારે આપ ગઢપુરમાં સારો ઉત્સવ કરો. ત્યારે શ્રીહરિએ કહ્યું, હવે તો વસંતપંચમી નજીક આવી રહી છે. ૮. આવી રીતની સહુ વાતો કરતા હતા ત્યાં થોડા દિવસમાં વસંતપંચમી આવી ગઈ. ત્યારે દરબાર દાદા ખાચરે વસંત ઉત્સવનો બધો વિધિ કરાવ્યો. ૯. દાદા ખાચર અને જીવા ખાચરે અનુપમ રીતે વસંતનું પૂજન કરાવ્યું. તે સમયે ગઢપુરમાં જે સંતો હાજર હતા, તેઓ ઝાંઝ, મૃદંગ વગાડીને વસંત વધાઈના પદ પ્રેમરસથી તરબોળ થઈને ગાવા લાગ્યા અને ધુમાર તથા હોરીના પદ પણ ગાવા લાગ્યા. વસંત પૂજનનો કુંભ બનાવ્યો. ૧૦-૧૧. જીવા ખાચરે જે મંદિર કર્યું હતું, તેમાં સંતો રહેતા હતા, ત્યાંથી વસંતનો

સોનાનો કળશ જીવા ખાચરે મસ્તક ઉપર લીધો. ૧૨. અને કેસરી રંગથી કેટલાક કળશ ભરી સાથે લીધા. પછી ઢોલ વગેરે વાજિંત્રો વગડાવીને નિપુણ જીવા ખાચર ગામ વચ્ચે ચાલ્યા. ૧૩.

દાદા ખાચરના દરબારમાં જે સુંદર ભવન છે, ત્યાં શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા. જીવા ખાચર ત્યાં આવ્યા. ૧૪. જ્યારે જીવા ખાચર આવ્યા ત્યારે તેને દેખીને શ્રીહરિ ઘણું રાજી થયા અને મુખથી મંદ મંદ હસવા લાગ્યા. ૧૫. જીવા ખાચરે માથા ઉપર લીધેલો કળશ શ્રીહરિની આગળ મૂક્યો અને કેસરયુક્ત ચંદન લઈને ઘણા પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. ૧૬. વસંત પૂજામાં જે જે વસ્તુઓની જરૂર જણાઈ તે તે બધી વસ્તુઓના થાળ ભરી ભરીને લાવ્યા હતા. પૂજાનો જેવો સમય હતો તેને જીવા ખાચર બધી રીતે જાણતા હતા. ૧૭. તેઓ સમય પારખવામાં ઘણા ચતુર હતા. તેમનામાં આ ગુણ અધિક દેખાતો. તેઓ જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે કેસરી રંગનો કળશ જે લાવ્યા હતા, તે શ્રીહરિના ઉપર ઢોળી દીધો અને શ્રીહરિએ તે સમયે પહેરેલાં બધાં વસ્ત્રોને કેસરી રંગના કરી દીધાં. તેઓ અલૌકિક અબીર અને ગુલાલ લાવ્યા હતા, તે શ્રીહરિનાં વસ્ત્ર ઉપર નાખ્યાં અને અદ્‌ભુત ખેલ જમાવ્યો. ૧૮-૧૯.

તે સમયે શ્રીહરિની મૂર્તિ રંગથી બધી રંગીલી બની હતી. શ્રીહરિની મૂર્તિ સ્વાભાવિક રીતે રંગીલી તો હતી જ, પણ રંગથી તેની શોભા અધિક દેખાઈ. ૨૦. જેટલા વસંતના દિવસ રહ્યા તેટલા દિવસ વસંત મૂર્તિમાન ત્યાં રહ્યો હતો અને શ્રીહરિની સેવા કરતો હતો. જે રસજ્ઞ હરિભક્તો હતા, તે વસંતને દેખતા હતા. ૨૧. જેને આવા ઉત્સવોમાં રસ નહોતો તેને વસંત દેખાતો નહિ. આવી તો અનંત વાતો છે. વરસ, મહિનો, પખવાડિયું, વાર અને તિથિ જે કાંઈ કહેવાતા હતા તથા સંક્રાંતિ અને ચોઘડિયા હતા, તે જેટલા વર્ષ શ્રીહરિ આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી રોજ રોજ રાત-દિવસ શ્રીહરિની સેવા કરતા હતા. અને તે પણ પોતાના ગુણોએ સહિત જેટલો અધિકાર હતો તે પ્રમાણે સેવા કરતા. તે વાતની કોઈ સામાન્ય માણસને ખબર પડતી નહિ. ૨૨-૨૪.

વર્ષ ઈત્યાદિકમાં જે જેટલા શ્રીહરિના ઉપયોગમાં આવ્યા તેટલી તેની સેવા સમજવી. બધું લખાતું નથી. મેં તો તેની સેવાનું આ દ્વાર ખોલી દીધું છે. ૨૫. જે જે બાબત હોય તે બધી બાબતોના દ્વાર ભિન્ન ભિન્ન હોય છે. ચાહે તેવો કોઈ પ્રવીણ મનુષ્ય હોય તોય દ્વાર ખોલ્યા સિવાય તે દેખી શકતો નથી. ૨૬. વાતના જે દ્વાર કહેવાય છે તેને ખોલવા કવિઓ ગ્રંથ કરતા હોય છે. દ્વાર ખોલ્યા સિવાયના ગ્રંથમાં હોય શું ? ૨૭. જેમ સૂર્યોદય થયા સિવાય સર્વત્ર અંધારું રહે છે, તેમાં કાંઈ જોઈ શકાતું નથી, તેમ વાતનું દ્વાર ન ખોલે તો વાતનું રહસ્ય છે તે ક્યારેય જોઈ શકાતું નથી. ૨૮. જે જે વાતના જેટલા દ્વાર હોય છે તે તેને માટે સૂર્ય જેવા હોય છે. જેમ નગર કે ભવનની શોભા દ્વાર ખૂલતા જોઈ શકાય છે તેમ રહસ્ય વાતો તેના દ્વાર ખૂલે તો જ પામી શકાય છે. ૨૯. કેટલીક પ્રિય અને અપ્રિય વાત કહેવાતી હોય, તે વાતો પણ દ્વાર ખોલ્યા સિવાય દેખાતી નથી અને કેટલીક વાતના દ્વાર બંધ રાખવામાં આવે તેમાં જ અપાર શોભા રહે છે. ૩૦.

ચોર, સિંહ, તલવાર અને સ્ત્રી, એ બધા કેદ જેવા બંધનમાં જ વધારે શોભે છે. ગમે તેવો પણ કોટ ન હોય તો નગર સારું શોભતું નથી. ૩૧. કેમ્પ અને લશ્કર જેવી બાબત વગર કોટે પણ શોભાસ્પદ દેખાય છે. જેવો સમય હોય તેવા દૃષ્ટાંત તેના સિદ્ધાંતને શોભાડે છે. ૩૨. વિવાહનો સમય મંગળમય કહેવાય છે અને તેમાં મંગળ વાતો સોહામણી લાગે છે. કોઈ અમંગળ દુર્ઘટનામાં અમંગળની વાત શોભાસ્પદ જણાય છે. ૩૩. આવા વિવેક વિનાની જે કોઈ છાતીના જોરે બળની વાતો કરે તો તેની તેટલી અપકીર્તિ થાય છે અને પોતાની બધી જ પ્રતિષ્ઠાને તે ખુએ છે. ૩૪. પોતાના દૂષણોને જાહેર કરીને જે લાજ રાખવા પ્રયત્ન કરે છે તેને તો નાક-કાન વિનાના જાણવા અને બીજા જે નાક-કાન વગરના હોય તે જ તેવા લોકોની પ્રશંસા કરે છે. ૩૫. સત્સંગમાં આવી તો અનેક પ્રકારની વાતો સમયને અનુસારે નિપુણ સંતો કહેતા રહેતા, તેને સાંભળીને ભક્તો સત્સંગ કરતા હતા. ૩૬. આવા જે સંતો અને હરિભક્તો એની અપાર સભા થઈ ત્યારે તેના ઉપર શ્રીહરિ ઘણા જ પ્રેમથી રંગ છાંટવા લાગ્યા. ૩૭.

દરબાર દાદાખાચર કેસરના અને પતંગના રંગોના ઘડા ભરી ભરીને લાવ્યા. તેને શ્રીહરિએ સહુ ભક્તજનોના ઉપર ઉડાડ્યા. ૩૮. બધા સંતો અને હરિભક્તોને રંગમાં તરબોળ કરી દીધા અને પછી ગુલાલ લીધો. તેને શ્રીહરિ ઉમંગભર ઉડાડવા લાગ્યા. ૩૯. શ્રીહરિ જ્યારે રંગ અને ગુલાલને ઉડાડી રહ્યા ત્યારે બધો ચોક રંગ રંગ થઈ ગયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ ગઢપુરમાં વસંતોત્સવ કર્યો' એ નામે ઓગણસીત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥

પૂર પંદરમું : તરંગ - ૭૦

ડભાણના જગન્નાથ વિપ્ર શ્રીહરિની પત્ર લેખનાદિ સેવામાં રહ્યા

બધા હરિભક્તો ગઢપુર વસંતપચંમીના ઉત્સવમાં આવ્યા ત્યારે ખારેક તથા ખજૂર વગેરે ફગવાઓના થાળ ભરી ભરીને લાવ્યા હતા. તે જોઈને કૃપાળુ શ્રીહરિ રાજી થયા. ૧. ટોપરુ, સાકર અને દ્રાક્ષના પણ કેટલાક થાળ ભર્યા હતા. તે બધા ફગવા શ્રીહરિએ સભામાં સહુને વહેંચ્યા. ૨. જ્યારે શ્રીહરિએ રંગ છાંટ્યો અને ફગવા વારંવાર વહેંચ્યા ત્યારે જે ભક્તો શ્રીહરિની સાથે બેઠા હતા તેનો તો રંગ રહી ગયો. ૩. જેને શ્રીહરિનો સંબંધ થયો તેનો રંગ તો અનેક યુગ સુધી રહ્યો, પણ શ્રીહરિના સંબંધવાળાનો પણ જેને સંબંધ થયો તેનો પણ રંગ રહી ગયો. ૪. જ્યારે શ્રીહરિ ફગવા વહેંચી રહ્યા ત્યારે ઉન્મત્તગંગા નદીએ ગયા. બધા સંતો અને હરિભક્તો સાથે હતા. આગળના ભાગમાં ઢોલ અને ત્રાંસાં ઉમંગથી વગાડતા હતા. ૫.

ઘેલા નદીમાં નાહીને શ્રીહરિ પુરમાં આવ્યા. પછી વાસંતી વસ્ત્ર અંગ ઉપર ધાર્યા અને જીવા ખાચરના દરબારમાં ગયા. ત્યાં સહુને દર્શન દઈને પાછા ગામમાં આવ્યા. ૬. મુખ્ય રાજમાર્ગે થઈને બહુનામી શ્રીસ્વામિનારાયણ ભગવાન દાદા ખાચરના દરબારમાં આવ્યા. પોતે થાળ જમી રહ્યા પછી સહુ સંતોને જમાડ્યા. ૭. તે સમયે સત્સંગ જે રીતે દૃઢ કરવો હોય તે બાબતના બધા પરમ પવિત્ર પત્ર શ્રીહરિ જગન્નાથ વિપ્રની પાસે લખાવતા હતા. ૮.

શ્રીહરિ મુખથી જે શબ્દ બોલતા હતા તેને તે વિપ્ર પત્રમાં લખી લેતા હતા. પછીથી તો શ્રીહરિએ પોતાના પત્ર લખવા માટે તે જગન્નાથ વિપ્રને પોતાની પાસે રાખ્યા હતા. ૯. તેઓ ડભાણ ગામના નિવાસી હતા. તેમને સંતોની સેવામાં ઉત્સાહ હતો. તેમને બચપણથી જ સત્સંગ થયો હતો. તેથી તેમણે સંસારનો માર્ગ છોડી દીધો હતો. ૧૦. તેઓ ભાઈ રામદાસજીસ્વામી અને મુક્તાનંદસ્વામી જેવા સંતોની વાતોને કાયમ સાંભળતા રહેતા. ભણવાના નિમિત્તે તેમને ગઢપુર લાવ્યા હતા. ૧૧. **તેઓ ભણવા આવ્યા તેથી તેમના માતા-પિતાના દિલમાં નિરાંત હતી, પણ તે જગન્નાથ વિપ્રના મનમાં તો સંસારનો ત્યાગ કરી દેવાનું જ નક્કી હતું. ૧૨.**

તેમને હૃદયથી શુદ્ધ દેખીને શ્રીહરિએ કાયમ પોતાની પાસે રાખ્યા હતા. કેમ જે, શ્રીહરિનાં મનુષ્યચરિત્રોને દેખીને પણ તે વિપ્રની બુદ્ધિમાં ક્યારેય ભ્રમ થાતો નહિ. ૧૩. નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને મુકુંદાનંદ વર્ણીની જેમ જ શુદ્ધ દિલના તે વિપ્ર શ્રીહરિની પાસે રહ્યા હતા. ૧૪.

શ્રીહરિનાં મનુષ્યચરિત્રોને દેખીને પણ જેની બુદ્ધિમાં ક્યારેય ભ્રમ થાય નહિ, એવી જેની બુદ્ધિ હોય તે શ્રીહરિનો એકાંતિક ભક્ત કહેવાય છે. ૧૫. રોગે કરીને ચિત્તભ્રમ થઈ શકે છે, પણ શ્રીહરિનાં ચરિત્ર દેખીને જેની મતિમાં ક્યારેય ભ્રમ ન થાય તે સત્સંગમાં ખરો શિરોમણિ ભક્ત છે. ૧૬. પાર્ષદોમાં પણ આવી જે અચળ બુદ્ધિના હતા તેને શ્રીહરિ પોતાની સેવામાં રાખતા હતા. જેની બુદ્ધિમાં થોડો પણ ભ્રમ થાય એવું હોય તો તેને શ્રીહરિ તત્કાળ જ ઓળખી લેતા હતા. ૧૭. પછી શ્રીહરિ તેને સમીપની સેવાથી તરત જ દૂર કરી દેતા હતા. ભાઈ રામદાસજીસ્વામી અને મુક્તાનંદસ્વામી બધા સંતો અને હરિભક્તો કરતાં ઘણી ઊંચી સમજણવાળા હતા. કેમ જે, તેમને શ્રીહરિનાં મનુષ્યચરિત્ર જોવામાં રુચિ રહેતી હતી. ૧૮-૧૯. જ્યારે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિના કાંઈ મનુષ્યચરિત્રની વાત તે બંને વડિલ સંતોને કહેતા, ત્યારે તે બંનેના મન વર્ણવી ન શકાય એવા અત્યંત પ્રફુલ્લિત થઈ જતા હતા. ૨૦.

✵ શ્રીહરિને મનુષ્યચરિત્ર કરવા તે દુર્લભ છે :

ચોપાઈ :

अलौकिक दिव्य चरित्र हि जेहू, करना हरि कु न अगम तेहू;
अलौकिक दिव्य मूर्ति रहाये, मनुष्य चरित्र करना ताये...२१
आश्चर्य में आश्चर्य हे एही, दुल्लभ में दुल्लभ रहे तेही;
भूमि पर विचरना आये, मनुष्य जेसे तन धरना ताये...२२

અલૌકિક દિવ્યચરિત્ર જે કરવા તે શ્રીહરિને માટે અશક્ય ન હતા. કારણ કે, શ્રીહરિની મૂર્તિ અલૌકિક અને દિવ્ય છે; એવા શ્રીહરિને મનુષ્યચરિત્ર કરવા તે જ આશ્ચર્યમાં અત્યંત આશ્ચર્યરૂપ છે અને દુર્લભમાં પણ દુર્લભ એ જ છે. ભૂમિ ઉપર આવીને વિચરણ કરવું, મનુષ્યના જેવું શરીર ધારણ કરવું, મનુષ્યના ખાન-પાનાદિક ભોગોને ભોગવવા, આવી બાબતના જે મનુષ્યચરિત્ર કરવા તે અત્યંત દુર્લભ છે. ૨૧-૨૩. અજ્ઞાનીમાં કોઈ માનવભાવ દુર્લભ નથી. કારણ કે, તે તો હંમેશાં કર્માધીન થઈને બધું ભોગવે છે. જેવું સંચિત અને પ્રારબ્ધકર્મ હોય છે, તેવા તે સુખ-દુઃખ ભોગવે છે. ૨૪. જે જીવ કર્મને આધીન છે, તેની વાત તો અલગ છે. ભગવાન તો સ્વતંત્ર છે એટલે એમની વાત તો થોડી હોય તોપણ ઝાઝી કહેવાય છે. ૨૫.

ભગવાન જે જે કાર્ય માટે જેવા શરીર ધારણ કરતા હોય છે, તે બધા શરીર તો દિવ્ય જ છે પરંતુ તે ભક્તજનને દેખવામાં આવે છે. ૨૬. **ભગવાનના જે કાંઈ પણ મનુષ્યચરિત્ર હોય એને મનમાં દિવ્યભાવે દેખે તે અનાદિભક્ત-મુક્ત છે. ૨૭. ભગવાન અનાદિ છે અને ભક્ત પણ અનાદિ છે. તેમની રીતને ઓળખીને જે તેમને શરણે થાય છે, તેનો તેઓ ઉદ્ધાર કરે છે. ૨૮.** પણ જે મિથ્યા ભગવાન થાય છે, તે બધાને કુકર્મને માર્ગે ચાલવામાં તાન રહે છે. જેમ બગલો હંસની દેશી કાઢે તોપણ તેના ચારા વખતે તે તરત દેખાઈ આવે છે. ૨૯. જ્યાં મોક્ષનું અને ધર્મ સ્થાપન કરવાનું તાન હોય અને અધર્મ ઉખાડવામાં આગ્રહ હોય, નિષ્કપટભાવે જ્યાં આવી રીત હોય ત્યાં ભગવાન નિવાસ કરીને રહે છે. ૩૦. ભગવાન જ્યાં જેવું કાર્ય કરવાનું હોય ત્યાં તેવું સામર્થ્ય જણાવે છે અને તે કાર્ય પૂરું થાય ત્યારે પોતે

પોતાના દિવ્ય ધામમાં જાય છે. ૩૧. ભગવાનને અવતાર ધરવાનું અને અંતર્ધાન થવાનું જે કાંઈ છે તે બધું અલૌકિક છે. તે ભગવાન આજ સુધી કોઈની કલ્પનામાં ક્યારેય આવ્યા નથી. ૩૨.

ભગવાનની રીત આ પ્રકારની અકળ છે, તેને ભક્ત સિવાયનો અન્ય મનુષ્ય ક્યારેય દેખી શકતો નથી. જે પહેલા તો છળ-કપટને છોડી દઈને ભગવાનનો ભક્ત થાય છે, તે ભાગ્યશાળી છે. ૩૩. સાચા સંતોના સમાગમ સિવાય કોઈ સાચો ભક્ત થઈ શકતો નથી. સત્સંગથી જ પ્રહ્લાદ, પ્રિયવ્રત અને જનક જેવા મોટા રાજાઓ પણ ભક્ત થયા હતા. ૩૪.

ભાઈ રામદાસજીસ્વામી અને મુક્તાનંદસ્વામીની સમજણ મહા અલૌકિક હતી. તે સમજણ વિષમ દેશકાળમાં પણ ફરતી નહિ. ૩૫. તે બંને સંતોની અપાર મોટાઈ દેખીને શ્રીહરિ મનુષ્યચરિત્ર કરતા પણ વિચાર કરતા. સહેજે જેમની માન-મર્યાદા રાખી શકીએ એવા પ્રતાપી તો કોઈક જ હોય છે. ૩૬. કોઈ સરકારી અધિકારી, ધનાઢ્ય મનુષ્ય, લોકપ્રતિષ્ઠિત, વિદ્વાન અને શસ્ત્રધારી તો પૂજ્ય ન હોવા છતાં પણ લોકમાં પૂજાય છે. ૩૭. કેટલાક પશુ, પંખી, વૃક્ષ, વેલીઓ અને ધાતુ-પથ્થર પણ સ્વાભાવિક રીતે પ્રતિષ્ઠિત ગણાય છે. ૩૮. કોઈ વસ્તુ કોઈપણ રીતે સાચા સંતના જોગમાં આવે તો તેનો તેવો પ્રતાપ રહ્યો છે કે તે પ્રતિષ્ઠિત થાય છે. ૩૯. કેટલાક પત્રો લખવાની રીત અને તેને સમજવા માટેનું શુદ્ધ જ્ઞાન તે શ્રીહરિ પરમ પ્રેમથી લખાવીને સમજાવતા હતા. આવું પાંચ વર્ષ સુધી શીખવાડતા રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ડભાણના જગન્નાથ વિપ્ર શ્રીહરિની પત્ર લેખનાદિ સેવામાં રહ્યા' એ નામે સીત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર પંદરમું : તરંગ - ૭૧

પત્રમાં સંતો, સંન્યાસી અને વર્ણીના નામ લખ્યા

પત્રમાં શ્રીહરિએ લખાવ્યું કે, સ્વસ્તિશ્રી મહાશુભ સ્થાને વિરાજમાન સત્સંગમાં સર્વ શુભ ગુણરૂપી ભૂષણથી શોભતા સંત-હરિભક્તમાં સુજ્ઞ, ૧. પોત પોતાના ધર્મ-નિયમમાં રહેવામાં તત્પર રહેવાના તાનવાળા, પ્રગટ પ્રભુના ઉપાસક, ઘણા બુદ્ધિમાન. ૨. મોક્ષમાર્ગના ઈચ્છુક એવા બધા સંત-હરિભક્તના પ્રત્યે અનિર્દેશથી લિખાવિતં, પરમ સુખરાશી સ્વામીશ્રી શ્રી,૭ સહજાનંદસ્વામી અમે મોક્ષરૂપ ફળ જેમાં રહ્યું છે એવો પત્ર લખાવીએ છીએ. ૩-૪.

સહુ પહેલા મોટેરા સંતો : જેમ કે, ભાઈરામદાસસ્વામી આદિક જે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ૫. ચૈતન્યાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, સુખાનંદસ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, ભાઈ આત્માનંદસ્વામી, ૬. નિષ્પાપ નિષ્કુળાનંદસ્વામી, અમાપ સમજણવાળા કૃપાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી, ભજનાનંદ સ્વામી, પૂર્ણાનંદસ્વામી, ૭. અખંડાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી, વ્રજાનંદસ્વામી, સાંખ્યાનંદસ્વામી, પરમાનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી, ૮. અક્ષરાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિર્લોભાનંદસ્વામી, ગુલાબાનંદસ્વામી, નરનારાયણાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી, ૯. કૈવલ્યાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, અમોઘાનંદસ્વામી, પ્રકાશાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, ૧૦.

અદ્વેતાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, અચ્યુતાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, અરિહંતાનંદસ્વામી, અનુભવાનંદસ્વામી, અપારાનંદસ્વામી, અરૂપાનંદસ્વામી, ૧૧. આધારાનંદસ્વામી, અષ્ટાવક્રાનંદસ્વામી, અચલાનંદસ્વામી, અમૂર્તાનંદસ્વામી, અખીલબ્રહ્માંડેશ્વરાનંદસ્વામી, અજન્માનંદસ્વામી, આદિત્યાનંદસ્વામી, ૧૨.

વૈષ્ણવાનંદસ્વામી, સર્વેશ્વરાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, વેદાંતાનંદસ્વામી, ૧૩. વિશ્વાસચૈતન્યાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, ૧૪. તત્ત્વાનંદસ્વામી, જીજ્ઞાસાનંદસ્વામી, નિજબોધાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ૧૫. ધીરવિર્યાનંદસ્વામી, ચિન્મયાનંદસ્વામી, સદાનંદસ્વામી, ભાગેશ્વરાનંદસ્વામી, ૧૬. બલભદ્રાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, સત્યાનંદસ્વામી, નરહર્યાનંદસ્વામી, યુક્તાનંદસ્વામી, દયાળાનંદસ્વામી, દયાનંદસ્વામી, ૧૭.

વિશ્વાસાનંદસ્વામી, રામાનંદસ્વામી, ધર્માનંદસ્વામી, મનોહરાનંદસ્વામી, ઈશ્વરાનંદસ્વામી, પરમેશ્વરાનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, નિઃસ્પૃહાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, નિઃસ્વાદાનંદસ્વામી, નિર્વિશેષાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, નિર્વિકારાનંદસ્વામી, નિર્દ્વંદ્વાનંદસ્વામી, નિરાલંબાનંદસ્વામી, નિરપેક્ષાનંદસ્વામી, ૧૮-૧૯. નિયમાનંદસ્વામી, નિઃસંદેહાનંદસ્વામી, નેમાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, પ્રકાશાનંદસ્વામી, માધવાનંદસ્વામી, જગત્પ્રકાશાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, ૨૦. દષ્ટિપ્રકાશાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી, ભાસ્કરાનંદસ્વામી, આકાશાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, પ્રભાનંદસ્વામી, વિશ્વરૂપાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી, ૨૧.

ત્રિવિક્રમાનંદસ્વામી, વિરાગાનંદસ્વામી, સર્વસત્યેશ્વરાનંદસ્વામી, વિજ્ઞાનાનંદસ્વામી, કેશવાનંદસ્વામી, કૌશિકાનંદસ્વામી, શિવાનંદસ્વામી, શંકરાનંદસ્વામી, ૨૨. લક્ષ્મણાનંદ સ્વામી, સજ્જનાનંદ સ્વામી, વિદેહાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, દીપ્તાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, ચિદાનંદસ્વામી, તદ્રૂપાનંદસ્વામી, ૨૩. મહાપુરુષાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, વિષ્ણવાનંદસ્વામી, યોગેશ્વરાનંદસ્વામી, દેવાનંદસ્વામી, સુખપ્રકાશાનંદસ્વામી, દેવદેવાનંદસ્વામી, ૨૪. એ આદિક અપાર સંતોના નામ કહ્યા.

હવે સત્સંગમાં જે શ્રીપાત દંડી સંન્યાસી કહેવાય છે તેના નિશ્ચિત નામ કહું છું. ૨૫. દેવાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, શ્રીધરાનંદસ્વામી, માધવાનંદસ્વામી, શિવાનંદસ્વામી, કેશવાનંદસ્વામી, ૨૬. નિત્યાનંદસ્વામી, પદ્મનાભાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, ૨૭. અનંતાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, જનાર્દનાનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, ૨૮.

હવે બ્રહ્મચારીના નામ કહું છું, જે બધા નિષ્કામ ઋષિઓ હતા. મુકુંદાનંદસ્વામી, જયાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, માધવાનંદસ્વામી, ૨૯. નારાયણાનંદસ્વામી, વૈકુંઠાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, અકુંઠાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, ગોપાલાનંદસ્વામી, શુકાનંદસ્વામી, ૩૦. પરમાત્માનંદસ્વામી, આત્માનંદસ્વામી, કેશવાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, ઈશ્વરાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, ત્રિક્રમાનંદસ્વામી, ગિરિધરાનંદસ્વામી, ૩૧. લક્ષ્મીનારાયણાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, ૩૨. રામચંદ્રાનંદસ્વામી, દેવાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, દયાનંદસ્વામી, સુવ્રતાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વિજયાનંદસ્વામી, ૩૩. યોગસિદ્ધાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, સુખાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, ભાવાનંદસ્વામી, ઉત્તમાનંદસ્વામી, ભોમાનંદસ્વામી, ૩૪.

સુધીર એવા સનાતનાનંદસ્વામી, મહાપુરુષાનંદસ્વામી, ગોવિંદપ્રિયાનંદસ્વામી, ગુણ-ગંભીર સુધર્માનંદસ્વામી, ૩૫. ભયહારી ભક્તિપ્રિયાનંદસ્વામી, સુખકારી હરિસેવાનંદસ્વામી, તદ્રૂપાનંદસ્વામી, સુખધામ હરિકૃષ્ણાનંદસ્વામી, ૩૬. ઉત્સાહી હરિવલ્લભાનંદસ્વામી, હરિચરણમાં વાસ કરનારા શુદ્ધાત્માનંદસ્વામી, આત્માનંદસ્વામી, અખંડાનંદસ્વામી, ધર્મસિદ્ધાનંદ સ્વામી, શાંતાનંદસ્વામી, ૩૭. કૃષ્ણપ્રિયાનંદસ્વામી, સુખપ્રકાશાનંદસ્વામી, ધર્મવલ્લભાનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, ૩૮. ઘનશ્યામાનંદસ્વામી, અનંતાનંદસ્વામી,

જ્ઞાનપ્રકાશાનંદસ્વામી, ધર્મસ્વરૂપાનંદસ્વામી, ૩૯. અનુપમાનંદસ્વામી, પાપ નાશ કરનાર કરુણાનંદસ્વામી, નિષ્કામી અનિરુદ્ધાનંદસ્વામી, બાલમુકુંદાનંદસ્વામી, ૪૦. નિર્દોષાનંદસ્વામી, જ્ઞાનસ્વરૂપાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, ઉદાર સ્વભાવના નિર્ગુણાનંદસ્વામી વગેરે બ્રહ્મચારીઓ છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'પત્રમાં સંતો, સંન્યાસી અને વર્ણીના નામ લખ્યા' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ||૭૧||

પૂર પંદરમું : તરંગ - ૭૨

શ્રીહરિએ શેષ નામ કહીને ભક્તિના સ્વરૂપનું નિરૂપણ કર્યું

આ સિવાયના બ્રહ્મચારીના જે નામ બાકી રહ્યા છે તેને સંભારવાને માટે હું સંભારીને લખું છું. ૧. નિરન્નમુક્તાનંદસ્વામી, શ્રીકૃષ્ણાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, નિલકંઠાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, ૨. પુરુષાનંદસ્વામી, રામકૃષ્ણાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, અક્ષરપુરુષાનંદસ્વામી, ૩. હરિરસનાનંદસ્વામી, નિર્મળ મનના વિશુદ્ધાનંદ સ્વામી, ધર્મપ્રિયાનંદસ્વામી, અતિ પવિત્ર ઈશાનંદસ્વામી, ૪. પતિતપાવનાનંદસ્વામી, ધર્મપ્રકાશાનંદસ્વામી, જગદીશાનંદસ્વામી, યોગાનંદસ્વામી, આનંદકારી માધવપ્રિયાનંદસ્વામી, ૫.

હરિપ્રકાશાનંદસ્વામી, મુકુંદપ્રિયાનંદસ્વામી, ગોવિંદપ્રિયાનંદસ્વામી, હરિસ્વરૂપાનંદસ્વામી, વલ્લભાનંદસ્વામી, વામનાનંદસ્વામી, ઋષભાનંદસ્વામી, ગૌતમાનંદસ્વામી, ઈત્યાદિક કેટલાક વર્ણી, સંન્યાસી અને પરમહંસ કહેવાતા હતા. ૬-૭. જે બધા સનાતન ઋષિઓ કહેવાય છે, ધર્મ-નિયમમાં જે નિપુણ રહ્યા હતા, યુગ યુગની વર્ણાશ્રમની સ્થિતિને જે જાણતા હતા. ૮. શ્રીહરિનાં ચરિત્રનાં દર્શન કરવા માટે ત્રણ વર્ણમાં જે ઋષિઓ દેહ ધરીને આવ્યા હતા, તેમના બધાના નામ લખું છું. ૯. અંગિરા,

અત્રિ, મરીચિ, ગૌતમ, ક્રતુ, પુલહ, પ્રચેતા, પુલસ્ત્ય, ગર્ગ, દુર્વાસા, કર્દમ, ૧૦. વસિષ્ઠ, જૈગિષવ્ય, દેવલ, સુખધામ કપિલ, સનંદન, સનાતન, વોઢુ, પંચશિખ, ૧૧. આસુરી, સૌભરી, વામદેવ, વિશ્વામિત્ર, વાલ્મીકિ, ઉતથ્ય, કશ્યપ, સંવર્ત, કચ, બૃહસ્પતિ, ભૃગુ, ૧૨. શુક્ર, ચ્યવન, નર, શક્રી, પરાશર, વ્યાસ, શુકદેવ, જૈમિનિ, ભગવાનના દાસ માર્કંડેય, ૧૩. લોમશ, કણ્વ, કાત્યાયન, આગસ્તિક, કણાદ, જરત્કારુ, ઋષ્યશૃંગ, પ્રમાદ વિનાના વિભાંડક, ૧૪. પૌલસ્ત્ય, શરદ્વાન, અગસ્ત્ય, અરિષ્ટનેમિ, બુદ્ધિમાન શમિક, માંડવ્ય, પૈલ, પાણિનિ, ૧૫. કણાદ, સુમતુ, શાકલ્ય, શાકટાયન, અષ્ટાવક્ર, વત્સ, જાબાલી, યતિ, હંસી, ૧૬. ભાગુરિ, યાજ્ઞવલ્ક્ય, દ્વૈપાયન, પિપ્પલાદ, મૈત્રેય, કરખ, ઉપમન્યુ, ગૌરમુખ, અરુણિ, ઔર્વ, ૧૭. કક્ષિવાન, ભરદ્વાજ, વેદશિરા, શંકુવર્ણ, શૌનક, પરશુરામ, ઇન્દ્રપ્રમદ, રૌર્વ, કવષ, ૧૮. ઈધ્મવાહ, મેધાતિથિ, આર્ષ્ટિષેણ, નારદ, અરુણ, વાલખિલ્યાદિક ઋષિઓના નામનો કહેતા કોઈ પાર આવે તેમ નથી. ૧૯.

આ બધા અપાર ઋષિઓ મુમુક્ષોઓનો ઉદ્ધાર કરવા માટે ભરતખંડમાં દેહધારી થયા હતા. કળિયુગના ભારે બળને સમજીને એ બધા સમર્થ ઋષિઓ સમજી વિચારીને આવ્યા હતા. ૨૦. પરમહંસ, સંન્યાસી, વર્ણી અને પાર્ષદ ઇત્યાદિક અનુપમ રૂપમાં તે ઋષિઓ પ્રકટ્યા હતા. અને જે ધર્મવંશ કહેવાય છે તે બધો વિપ્રને ઘેર પ્રગટ થયો હતો. ૨૧. વળી, ધામના નિવાસી બીજા મુક્તો પણ બાઈ-ભાઈ સત્સંગીના રૂપમાં પ્રગટ થયા હતા; આ વાત નિશ્ચિત છે. તેમાં રંચમાત્ર પણ મિથ્યા નથી. ૨૨. શ્રીહરિને શુભ વાત ઉપર તાન હતું અને તેને સંભારીને લખાવતા હતા. અનિર્દેશ સ્થાનમાં સદા રહેતા એવા જે અમે સ્વામિનારાયણ સહજાનંદસ્વામી એવે નામે કહેવાઈએ છીએ તે અમારા સર્વે સંત-હરિભક્તોએ જય સચ્ચિદાનંદ વાંચવા. ૨૩-૨૪.

❋ અખંડસ્મૃતિની મહત્તા :

दोहा : तेलधार सम अखंड हि, भगवान कि मूर्ति ताकि;
स्मृति अखंड जो रखना, भूलना न कदाकि...२६

હવે ભગવાનના ભક્તને ભગવાનનું ધ્યાન કરવાની વાત હું કહું છું. તેને સુજ્ઞજનો સાંભળજો. ૨૫. ભગવાનની મૂર્તિની સ્મૃતિ તેલની ધારાની જેમ અખંડ રાખવી. તે ક્યારેય ભૂલવું નહિ. ૨૬.

सोरठा : संशय ग्रंथी आदि, कहावत ग्रंथी जेती जो;
ग्रंथी रहेउ अनादि, सबके होत नास तेहि...२७
हरि की मूर्ति ताको, ध्यान करत जो तिन महिं;
आवर्ण होवत वाको, नास होई जावत तेहू...२८

તે ભગવાનનું અખંડ સ્મરણરૂપ ધ્યાન સંશય આદિ જેટલી અનાદિકાળથી રહેલી જે ગ્રંથીઓ છે તે બધી ગ્રંથીઓનો નાશ કરે છે. ૨૭. ભગવાનનું અખંડસ્મરણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા જે આવરણ કરે છે તેનો પણ નાશ કરે છે. ૨૮. ભગવાનની સ્મૃતિ વારંવાર સંભારીને રાખવી તે પ્રત્યક્ષ દર્શન તુલ્ય છે. તેમાં કોઈ ફેરફાર નથી. ૨૯. જેની આવી સમજણ હોય અને જે ભગવાનના ધ્યાનનો અભ્યાસ કરતા હોય, તેના સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ નામના જે ત્રણ પ્રકારના કર્મ તેનો નાશ થાય છે. ૩૦.

❋ સત્સંગનો મહિમા :

चोपाई :

परमात्मा जेहि भगवाना, सत्संग से सहज होत ज्ञाना;
सत्संग बिन अति कर बाता, देखात नहीं कबु साक्षाता...३१
बहुत जो बुद्धि करिके तेहू, प्राप्त कबहू न होवत एहू;
बहुत शास्त्र करीके ताहि, प्राप्त कबहू न होवत वाहि...३२

જેને પરમાત્મા કે ભગવાન કહેવાય છે, તેનું જ્ઞાન સત્સંગથી સહેજે થઈ જાય છે. સત્સંગ વિના ઘણી વાતો કરવામાં આવે તોપણ તે ભગવાનનો સાક્ષાત્કાર ક્યારેય થતો નથી. ૩૧. બહુ ઘણી વિશાળ બુદ્ધિએ કરીને પણ તે પરમાત્મા ક્યારેય પ્રાપ્ત થતા નથી અને ઘણા શાસ્ત્રોના અભ્યાસે કરીને પણ ભગવાન ક્યારેય મળતા નથી. ૩૨. **ભગવાનને સાક્ષાત્ મેળવવાનું સત્સંગ જ એક દ્વાર રહ્યું છે. સત્સંગ કરતાં કરતાં શરીરનો જીવનકાળ જે**

રીતે વીતે એમ ભગવાનના ભક્તએ વર્તન રાખવું જોઈએ. ૩૩. શ્રવણ, મનન અને નિદિધ્યાસનો અભ્યાસ કર્યા સિવાય ભગવાનના સ્વરૂપમાં અખંડસ્મૃતિ ક્યારેય રહેતી નથી. ૩૪.

ભગવાનના સ્વરૂપની અખંડસ્મૃતિ રહેવાના બાર સાધન ભક્તિ શબ્દે કરીને કહ્યા છે. ભક્તિ સિવાયનાં સાધનો નિર્જીવ કહ્યાં છે. ૩૫. વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ, અનવસાદ, અનુદ્ધર્ષ, નિઃસ્વાદ, નિષ્કામ, નિર્લોભ, નિઃસ્પૃહ અને નિર્માન એ સુખધામ બાર સાધનના નામ છે. આહારની શુદ્ધિ રાખવી તેનું નામ વિવેક કહેવાય છે. ૩૬-૩૭. સ્ત્રીએ પુરુષની અને પુરુષે સ્ત્રીની પરસ્પર ઈચ્છારૂપ કામથી નિત્ય રહિત વર્તવું તેને વિમોક કહેવાય છે, તેનાથી અંતરમાં શાંતિ રહે છે. ભગવાનના ભજનનું વારંવાર આલંબન રાખવું તેને અભ્યાસ કહેવાય છે.૩૮-૩૯. સત્સંગમાં નિત્ય નવીન ભાવના રાખવી અને અન્ય પર દયા રાખવી, તેને કવિઓ ક્રિયા કહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ શેષ નામ કહીને ભક્તિના સ્વરૂપનું નિરૂપણ કર્યું' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર પંદરમું : તરંગ - ૭૩

કલ્યાણકારી ગુણોનું તથા નિર્દંભતાનું પ્રતિપાદન

दोहा : साचे संत तिनकु जो, ब्रह्मवेत्ता कहंत;
ताकि रीत श्रीहरि आप हि, देखाई देत रहंत...०१
सत्य वचन बोलत रहत, कोमल अंतर रहेउ;
दया दान हिंसा रहित हि, अवगणना न करंत...०२

સાચા સંતને બ્રહ્મવેતા કે બ્રહ્મરૂપ કહેવાય છે તેની રીત સ્વયં શ્રીહરિ દેખાડી દેતા હતા. ૧. જે સત્ય વચનોને બોલે છે, જેનું અંતઃકરણ કોમળ હોય છે, દયા, દાન અને હિંસા રહિત છે, જે કોઈની અવગણના કરતા

નથી, ૨. જે અત્યંત કૃપાળુ કહેવાય છે, મન-વચનથી કોઈનો દ્રોહ કરતા નથી અને સુખ-દુઃખને સ્થિરતાથી સહન કરે છે, હંમેશાં સત્યનું બળ રાખે છે. ૩. હંમેશાં મનને નિર્મળ રાખે છે, બધા મનુષ્યોના ઉપર સમાન ભાવના રાખે છે, બધી જ જાતની કામનાઓથી દૂર રહે છે, કામનાઓથી જેની બુદ્ધિ હણાતી નથી, ૪. જે ચતુર, પ્રવીણ અને નિષ્કિંચન રહે છે, જે એક ભગવાનમાં જ પ્રીતિ રાખે છે, ભગવાન વિના જેટલી વસ્તુ છે તેને નાશવંત દેખે છે, ૫. હંમેશાં શરીરથી અયોગ્ય ચેષ્ટાનો ત્યાગ કરે છે, યોગ્ય આહાર કરે છે, જે વસ્તુ અશાંતિ કરે એવી હોય તેનો ત્યાગ કરે છે, ૬. સ્થિર મનથી મારે શરણે રહે છે,

વળી શ્રીહરિએ એવું કહ્યું કે, જે સદાને માટે શુભ વિચાર કરે છે એવાને અમે ચોક્કસ સાચા સંત કહીએ છીએ. ૭. શુભ વર્તનમાં હંમેશાં સાવધાન રહે અને તેમાં ક્યારેય માન દેખાડે નહિ, સુખ-દુઃખ આદિમાં મનને ગંભીર રાખે અને સદા ધીરજવાળો રહે, ૮. જેણે પોતે સહજ રીતે બધા રાગ-દ્વેષાદિક ગુણોના દ્વંદ્વને જીતી લીધા હોય, સ્વયં નિર્માની રહેતા હોય અને બીજાને માન આપતા હોય, ૯. જે ભાગ્યશાળી કંગાળપણાનો ત્યાગ કરીને સમર્થપણે વર્તતા હોય, સહુના ઉપર મિત્રભાવ રાખે અને હંમેશાં કરુણાએ યુક્ત વર્તે, ૧૦. શાસ્ત્રમાં જેટલી તાત્ત્વિક વાત આવતી હોય તેને દેખીને ગ્રહણ કરે, તેનું નામ કલ્યાણ કહેવાય છે. કલ્યાણ ગુણ જેમાં હોય છે તેને ફરીથી ભવભટકણ આવતુ નથી. ૧૧.

દેશ-કાળની વિષમતાએ કરીને કદાચ મનધારી વસ્તુ ન મળે તો જે રંચમાત્ર દીન થઈ જાય નહિ, જેના દિલમાં હંમેશાં જ્ઞાનરૂપી પ્રકાશ રહે છે તેને અનવસાદ કહે છે. હવે અવસાદનું લક્ષણ કહે છે. જેના અંતરમાં જ્ઞાનરૂપી પ્રકાશ નથી રહેતો, જેનામાં મોહ અને પ્રમાદ હોય છે, ૧૨-૧૩. જેના હૃદયમાં મારી મનોહર મૂર્તિનું બળ ન હોય, અંતરમાં મારી મૂર્તિ નહિ દેખાવાથી આદર વિનાનો થઈને દૂર રહેતો હોય તેને અવસાદ કહે છે.૧૪. અને જે ભજન કરવામાં મનથી મંદ રહેતો હોય તથા ભગવાનના ભજનમાં તુષ્ટિ કહેતા, સંતોષે યુક્ત રહેતો હોય તેને ઉદ્ધર્ષ કહેતા ગાફલ

કહીએ. ૧૫. અને જે દેશ-કાળ વિપરીત હોય તોપણ ભજન કરવામાં જેને ક્યારેય સંતોષ ન થાય તેને અનુદ્ધર્ષ કહેતા સાવધાન કહેવાય. ૧૬. અતિ સંતોષ કલ્યાણનો વિરોધી છે, એમ અમે કહીએ છીએ. અમે જે આ બાર સાધન કહ્યાં, તેમાં ભક્તોએ સાવધાન થઈને રહેવું, ૧૭.

ગોલોક, વૈકુંઠ આદિક જે ધામ છે તે બધાં દિવ્ય સ્થાન રહ્યાં છે. બધાં જ મારા ધામ કહેવાય છે, એમાં રંચમાત્ર પણ ફેરફાર નથી. ૧૮. તેમાં જે ફેરફાર કહે છે, તે મનમુખી ભક્ત કહેવાય છે અને જે મનમુખી વાત કરે છે તે ક્યારેય મારા ધામને પામતો નથી. ૧૯. પરંતુ મારા બીજા જે અપાર લોક છે, તેને તે નિશ્ચિત પામે છે. હું જે વાતને જે રીતે કહું છું, તેને જે મનુષ્ય તે રીતે સમજે છે અને જે નિર્દંભપણે વર્તે છે, તે મારા ધામને પામે છે. જે દંભી ભક્ત હોય છે, તે ક્યારેય પણ મને પામતો નથી. ૨૦-૨૧. મનુષ્ય દંભ પૂજાવા માટે થઈને કરે છે. તે સહુના દેખ્યામાં આવે છે. અન્ય લોકોને જે રીતે વિશ્વાસ આવે તે રીતે દંભી વર્તે છે. ૨૨. જે સત્યનું ઉલ્લંઘન કરીને વર્તે છે, તેને તેટલો દંભી જાણવો. દંભી લોકોમાં અપાર કળા રહી હોય છે, તે કોઈ મનુષ્યને કળ્યામાં આવતી નથી. ૨૩. દંભી લોકોને બીજા લોકો તરત કળી શકે એવું અમારે તાન રહે છે અને દંભીને ખુલ્લો પાડવા માટે જ અમે વારંવાર પ્રકરણ ફેરવીએ છીએ. ૨૪.

❋ નિર્દંભીને જ ભગવાન પોતાનું ધામ દેખાડે છે :

જે જેટલો સરળ ન હોય તે તેના વર્તનમાં દેખાય છે. વર્તન તો સુવર્ણ તોળવાના કાંટા જેવું છે. વર્તન ગુપ્ત રહેતું નથી, તે દંભીને ખૂલો કરી દે છે. ૨૫. જેનામાં જેટલી અધિક ન્યૂનતા વર્તતી હોય તે ભિન્ન ભિન્ન વાતે કરીને તરત દેખાય છે, માટે અમે વારંવાર પ્રકરણ ફેરવીએ છીએ. ૨૬. **નિર્દંભ ભક્તને મારું ધામ અમારે બતાવવું છે. તેટલા માટે તો અમે અવતાર લીધો છે. ૨૭.** મનુષ્યમાં નિર્દંભતા આવ્યા સિવાય ક્યારેય સમાધિ થતી નથી. નિર્દંભતા સિવાય કોઈ દિવસ લોકોને સાચી સમાધિ દેખાતી નથી. ૨૮. અમારી ઈચ્છાથી જે કોઈને સત્ય સમાધિ થતી હોય અને તે જ્યારે દુનિયાને દેખાડવા માંડે ત્યારે તરત તેની સમાધિ તૂટી જાય છે. ૨૯. સમાધિની જેટલી

વાત છે, તે લોકોને દેખાડવા માટેની નથી અને જે ભક્તો સમાધિ બીજા લોકોની આગળ દેખાડતા નથી, તેની તેટલી સમાધિ સત્ય રહે છે. ૩૦. હવે જે સત્ય સમાધિ થાય છે, તેની રીત કહું છું. જે બાઈ-ભાઈ સંત-હરિભક્તો છે, ૩૧. તેના દાસના પણ દાસ થઈને રહે છે, તેના અંતરમાં પ્રકાશ થાય છે અને તે પ્રકાશમાં જેવી અમારી મૂર્તિ રહી છે, તેવી યથાર્થપણે દેખાય છે. ૩૨. ષટચક્રના જે સ્થાનક છે તે બધાં શરીરની અંદર જ છે. તેમાં પ્રથમ જે મૂર્તિ દેખાય છે, તેમાં પણ કેટલાક કારણ રહ્યા હોય છે. ૩૩.

જે એકાંતિક ભક્તજન હોય છે, તે બધા હેતુઓની વાતને જાણે છે. જે જે સિદ્ધ યોગીઓ થઈ ગયા છે અને તેમની જે સમાધિની કળાઓ છે, તેને તે બધા ભિન્ન ભિન્ન રીતે દેખાડે છે. તેની કોઈ એક રીત હોતી નથી. અમે જેવા સંકલ્પ કરીએ છીએ તેવી રીતની ભક્તોને સમાધિ થાય છે. ૩૪-૩૫. ગોલોક આદિ ધામ છે તેમાં શ્રીદામા, રાધિકાજી, લક્ષ્મીજી, વિશ્વકસેન, જય-વિજય, પ્રબળ, નંદ-સુનંદ, આદિ બધા જ પાર્ષદ ભગવાનની સેવામાં છે. પ્રહ્લાદ, નારદ, શુકજી, પરાશર, પુંડરીક, વ્યાસ, અંબરીષ, શૌનક આદિક ભગવાનના દાસ છે. ૩૬-૩૭. ભીષ્મ, રુક્માંગદ, હનુમાનજી, વસિષ્ઠ, વિભીષણ, અર્જુન, અંગદ, જાંબુવાન, ઉદ્ધવ, અક્રુર, ઈત્યાદિક બધા ભક્તો ભક્તિના બળવાળા હતા. ૩૮.

મેં જે ઉપર ભક્તો કહ્યા તે બધા મારી મૂર્તિના ચરણકમળની સેવા કરતા રહે છે; એવી રીતે હું હંમેશાં રહ્યો છું. ૩૯. જે જે ભક્તની જેવી જેવી રુચિ હોય છે તેવી મૂર્તિને ધારણ કરીને મેં તેવા ધામો રચ્યા છે. ૪૦. જેની જેવી રુચિ હોય તે મૂર્તિની તે ભક્ત તેવી રીતે સેવા કરતા રહે છે અને તે સેવા યોગીને પણ દુર્લભ છે. ૪૧. જે મૂલાધાર ચક્ર છે તેમાં લાલ રંગની પાંખડીઓવાળું દિવ્ય કમળ છે, તેને ગણેશજીનું સ્થાનક કહ્યું છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કલ્યાણકારી ગુણોનું તથા નિર્દંભતાનું પ્રતિપાદન કર્યું' એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર પંદરમું : તરંગ - ૭૪

શ્રીહરિએ પત્રમાં ષટચક્રનું કરેલું વિસ્તૃત વિવરણ

પછી શ્રીહરિએ કહ્યું, જે મારો નિર્દોષ-નિર્મળ ભક્ત હોય છે તે મારી મૂર્તિનું ધ્યાન કરીને, તે ગણેશજીના સ્થાનકથી મૂર્તિ સાથે આગળ ચાલે છે. ૧. હવે તેની ગતિ કહે છે. લિંગ સ્થાનને વિશે પીળા રંગનું છ પાંખડીવાળું કમળ છે. તે સ્વાધિષ્ઠાન નામે બ્રહ્માનું સ્થાન કહેવાય છે. તેની રચના દેખીને મારી મૂર્તિ યુક્ત મારો ભક્ત એ સમયે અલક્ષ એવી સહજ સમાધિથી યુક્ત થાય છે. ૨-૩. તે ભક્તને મારી ઈચ્છાનું જ બળ હોય છે, બીજા કોઈ સાધનનું બળ હોતું નથી. તે મારા નિર્દોષ ભક્તને મારાથી અધિક કોઈ મહત્ત્વપૂર્ણ બાબત હોતી નથી. ૪. **સમાધિની સ્થિતિ કરતાં પણ આ વખતે મારો ભક્ત કરોડગણી અધિક સુખમય મારી મૂર્તિને જાણે છે. પછી એને સમાધિ થાય કે ન થાય, તે મારો ભક્ત શ્રેષ્ઠ કહેવાય છે. ૫.**

મારી મૂર્તિથી અધિક સમાધિનો જેને વધારે ભાર છે, તેવા ભક્તોને તેના મનોરંજન માટે જ હું સમાધિ કરાવીને બધું દેખાડું છું. ૬. જે સમાધિની કળા છે તે મારા સંકલ્પમાં જ રહે છે. મારી નખશિખપર્યંતની મૂર્તિ જે છે તે અનંત યોગકળાથી યુક્ત રહી છે. મારું ધામ, જેટલા જેટલા સ્થાનક, ધામમાં રહેલી જે મૂર્તિ અને ધામમાં રહેલી તે બધી વસ્તુઓ યોગકળા સિવાયની નથી, તેને જે પરમ વિવેકી ભક્ત છે તે જાણે છે. ૭-૮. જે જે બાબત કહેવાતી હોય છે, તેને મારી મૂર્તિને ધારી રહેલો ભક્ત યથાર્થ રીતે જાણે છે. એવા ભક્તને પરમ વિવેકી કહેવાય છે અને તેને સત્સંગ પણ અવશ્ય થાય છે. ૯. જે લોકો માયિક ભોગને માટે વારંવાર મનુષ્યદેહને ખોઈ દે છે, તેને ગબરગંડ અને અંધ કહેવાય છે. ૧૦. અને તે માયિક ભોગોને લીધે અપાર દુઃખને સહન કરે છે. તેની તેને કાંઈ ખબર હોતી નથી અને તેવા મનુષ્યને સત્સંગ થાતો નથી. દુઃખ ભોગવતાં ભોગવતાં જ અનેક જન્મને ખુએ છે. ૧૧.

મારા નિષ્પાપ ભક્તને હું જે મારો પ્રતાપ દેખાડું છું, તેમ તે બોલે છે. અમે ક્યારેય તેને લોકો આગળ દેખાડવાનું કહેતા નથી. ૧૨. જેની બુદ્ધિ

વિપરીત થઈ ગઈ છે તેને તે દેખ્યામાં આવતું નથી અને જેની સવળી બુદ્ધિ હોય તેને સાંભળવા માત્રથી જ તરત મનાય જાય છે. ૧૩. જેની સવળી સમજણ છે તેને માટે જ અમે સમાધિની વાત કહીએ છીએ અને જે કહીએ છીએ તે, તે ભક્તને પ્રત્યક્ષના જેવી દેખાય છે. ૧૪. જે બાળબુદ્ધિ જેવા હોય છે, તેને તેની કાંઈ ખબર હોતી નથી અને જેની બુદ્ધિ ઘણી અગાધ હોય છે, તે જ્યારે આવી વાત સાંભળે છે ત્યારે તેને તે વાતનો રંગ ચઢી જાય છે. ૧૫. જે મારો ભક્ત છે તે બ્રહ્માના સ્થાનને દેખીને મૂર્તિની સાથે તે વખતે ત્યાંથી આગળ ચાલતો થાય છે. ૧૬. નાભિને વિષે દસ પાંખડીવાળું શ્વેત રંગનું કમળ રહ્યું છે. તે સ્થાનક વિષ્ણુનું કહેવાય છે અને ત્યાં મણિપુર નામનું ચક્ર રહેલું છે. ૧૭. ત્યાંની જેવી રચના છે તેને ભક્તજન દેખે છે. પછી ભક્ત મૂર્તિની સાથે આગળ ચાલે છે. ૧૮.

હૃદયમાં જે કમળ રહ્યું છે તે બાર પાંખડીઓવાળું છે અને સ્ફટિકમણિના જેવા રંગનું છે અને તે શિવજીનું સ્થાનક છે. ૧૯. તેનું નામ અનાહત ચક્ર છે. ભક્તજન તે સ્થાનની રચનાને દેખે છે પછી મૂર્તિની સાથે તે ભક્ત ત્યાંથી ચાલે છે. ૨૦. હૃદયને વિષે જે કમળ રહ્યું છે તે સોળ પાંખડીવાળું છે. તેનો વિવિધ પ્રકારનો રંગ છે. તે શક્તિનું સ્થાનક ઘણું ઊંચું રહ્યું છે. ૨૧. તેની જે રચના છે તેને ભગવાનનો ભક્ત દેખે છે. તેનું નામ વિશુદ્ધિચક્ર છે. તેની અવિદ્યા નામે શક્તિ કહેવાય છે. ૨૨. જે અજ્ઞાનથી ઘેરાયેલા જીવો છે તે, તે સ્થાનકમાં રહે છે. પછી ત્યાંથી ભક્ત અને મૂર્તિ ચાલીને આગળ જાય છે. ૨૩. તાલું સ્થાનનું જે મૂળ છે, તેને ભક્ત ધીરે રહીને ભેદે છે. પછી આગળ ભ્રૂકુટીના મધ્યે શિવ અને જેટલી સિદ્ધિઓ છે તેમનું સ્થાન છે, તેને આજ્ઞાચક્ર કહેવાય છે. ત્યાં બે પાંખડીનું કમળ છે, તેનો શ્યામ રંગ છે. ૨૪-૨૫. અગ્નિના સમુદાય જેવું તે બધી દિશાઓમાં વ્યાપીને રહ્યું છે. તેનું તેજ લાલ રંગનું છે. તેને જ્યોતિર્લિંગ કહેવાય છે. ૨૬.

ત્યાંની બધી રચનાને દેખીને તે વખતે ભક્તજન આશ્ચર્યચકિત થઈ જાય છે અને સાત પ્રાણના માર્ગને રૂંધે છે. પછી અપેક્ષારહિત તે ભક્ત ત્યાંથી આગળ ચાલે છે. બ્રહ્મરંધ્રમાં હજાર પાંખડીનું કમળ રહ્યું છે. ૨૭-૨૮. મૂર્તિની

સાથે ચાલેલા તે મારા ભક્તને પદ્મના જેવા શ્વેતવર્ણનું તે કમળ દેખાય છે. ત્યાં લક્ષ્મીજીએ યુક્ત મહાવિષ્ણુને અતિ સમર્થના રૂપમાં જુએ છે. ૨૯. તે મહાવિષ્ણુના સ્થાનકને જોઈને ભક્ત ત્યાંથી આગળ ચાલે છે, ત્યારે મૂર્તિએ યુક્ત આકાશમાં તેને અતિ સૂક્ષ્મ નાદ સંભળાય છે. ૩૦. મૂર્તિએ યુક્ત ભક્ત જ્યારે નાદમંડળને ભેદીને આગળ ચાલે છે. બધા જીવને મોહ પમાડે એવી ત્યાં રોધના નામે શક્તિ રહી છે. ૩૧. જેમાં અનેક ગુણો રહ્યા છે. મૂર્તિએ યુક્ત ભક્ત, તે શક્તિને વશ કરીને તત્કાળ ત્યાંથી આગળ ચાલે છે. ત્યારે તેને મોટો નાદ સંભળાય છે. તે કાનને અતિ પ્રિય લાગે છે. ૩૨. તે નાદમંડળના મધ્યમાં ચાલીશ કરોડ ગાઉનું વિશાળ કમળ રહ્યું છે. સમાધિનિષ્ઠ ભક્ત તેને દેખે છે. ૩૩. તે કમળની વચ્ચે અપાર, અદ્‌ભુત અને ઉદાર એવું જ્યોતિર્લિંગ રહ્યું છે. ધ્યાનીભક્ત તેને જુએ છે. પછી ત્યાંથી આગળ ચાલે છે. ૩૪. ત્યારે તે ભક્તની સાથે મારી મૂર્તિ રહી હોય છે. પછી તે ભક્તને નાદનો લય દેખાડે છે. ત્યાં બ્રહ્મબિજ નામનું સ્થાનક રહ્યું છે. તેને સુજ્ઞ સમાધિનિષ્ઠ ભક્ત મારી કૃપાથી દેખે છે. ૩૫.

ત્યાંથી મૂર્તિની સાથે ચાલેલો મારો ભક્ત સુમના નામની શક્તિને ઉત્સાહથી પામે છે અને તે પછી તે મારો ભક્ત ઉન્મના નામની શક્તિને પામે છે. ૩૬. પૃથ્વી તત્ત્વરૂપ તે મૂલાધાર ચક્રથી લઈને ઉન્મના નામે શક્તિ સુધી એકતાર જે જે સ્થાનક રહ્યા છે, તે અપંચીકૃત પંચમહાભૂતરૂપ છે અને તેને શુદ્ધ સત્ત્વપ્રધાન કહેવાય છે. ૩૭-૩૮. તે સ્થાનકના જે જે દેવો છે તે બધા શુદ્ધસત્ત્વગુણ પ્રધાન રહ્યા છે. તેને મારો ભક્ત દેખે છે. પછી મૂર્તિની સાથે ચાલેલો મારો ભક્ત અવ્યાકૃત અને અદ્‌ભુત મહાશૂન્ય સ્થાનકને પામે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ પત્રમાં ષટચક્રનું કરેલું વિસ્તૃત વિવરણ' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર પંદરમું : તરંગ - ૭૫

ષટચક્રની વાત કહેતા ધામનું વર્ણન કર્યું

પછી શ્રીહરિ ફરીવાર કહેવા લાગ્યા, પછી તે મારો ભક્ત ઘોરતમ શૂન્યને ભેદીને મૂર્તિની સાથે ઉમંગપૂર્વક આગળ ચાલે છે. ૧. તે વખતે માયાના કારણરૂપ જે મહાપુરુષ કહેવાય છે, તેને તે પામે છે અને તેને દેખીને આનંદિત થાય છે. ૨. મૂર્તિની સાથે રહેલો તે મારો ભક્ત, તે વખતે તે પુરુષના હૃદયમાં પ્રવેશ કરે છે. ૩. અને તે ભક્ત પુરુષના હૃદયમાં ગોલોક સંબંધી લીલાનું ચિંતવન કરતો થકો તેને દેખે છે. ૪. મારો ભક્ત જે રીતે તે લીલાને દેખે છે, તેને કહું છું. બધા પુરાણો અને વેદો તેને કહેતા કહેતા પણ તેના પારને પામતા નથી. ૫. તે સ્થાન અસંખ્યકોટિ સૂર્યના સમાન તેજસ્વી છે. આદિ, મધ્ય અને અંતથી રહિત નિત્ય નવીન તથા અસંખ્યરૂપમાં છે. જેને સર્વ જગતનું કારણરૂપ કહેવાય છે. ૬.

❋ મૂર્તિની અલૌકિકતા :

આવા તેજના સમૂહને મારો ભક્ત ત્યાં દેખે છે. પરંતુ તેમાં મારી એક મૂર્તિ વિના બીજું કાંઈ જોઈ શકતો નથી અથવા તો જોતો નથી; એવો મારો પ્રતાપ રહ્યો છે. ૭. કેટલાક હઠયોગીઓ કહેવાય છે, તે બધા મારી મૂર્તિના ધ્યાન કર્યા સિવાય મારો જે અલૌકિક પ્રતાપ છે તેને ક્યારેય દેખી શકતા નથી. ૮. જેટલા નર-નારી મારા ભક્તજનો છે, તેમાંથી કેટલાક તો મારી મૂર્તિના યોગે કરીને મારો જેટલો પ્રતાપ છે તેને સહેજે જ દેખે છે. ૯. પરંતુ કહ્યા સિવાય હરિભક્તને ક્યારેય મારો પ્રતાપ સમજી શકાતો નથી, અને તે મારા પ્રતાપને જાણ્યા-સમજ્યા વિના અભાગિયા મનુષ્યને મોક્ષમાર્ગમાં ક્યારેય પ્રેમ થતો નથી. ૧૦. મોક્ષમાર્ગમાં પ્રેમ કરવા માટે ભાગ્યશાળી મનુષ્યને હું મારો પ્રતાપ કહું છું અને જે ભાગ્યશાળી મનુષ્ય છે તે જ મોક્ષના માર્ગમાં ચાલે છે. ૧૧.

અને તે અપાર તેજને મધ્યે અનુપમ અને અતિ રૂપવાળું ભગવાનનું સિંહાસન છે અને તે સો ધનુષ્ય(ચારસો હાથ) જેટલું વિશાળ અને ગોળાકારે

છે. ૧૨. તેના સ્તંભ ઉપર સાચા રત્નજડિત કળશ રહ્યા છે. જેટલા સ્તંભ છે તેટલા કળશ છે. ત્યાં એક પણ વસ્તુ રત્ન જડ્યા વિનાની નથી. ૧૩. સિંહાસનમાં મૂર્તિમાન ગોવાળો અને ગોપીઓ હોય તેવા સુંદર ચિત્રો કરેલા હતા. ૧૪. જેટલા શ્રેષ્ઠ પશુ, પંખીઓ છે અને જે સારા વૃક્ષ, વેલીઓ અને ફૂલ છે, તે બધાં ચિત્રમાં કરેલા હોય છે. પણ માનો તે બધાં સાચા હોય એમ જણાતા હતા. ૧૫. સિંહાસનને મધ્યે જે અપાર તેજ છે, તે આશ્ચર્યકારી છે. તેને અદ્‌ભુત જ્યોતિર્લિંગ કહેવાય છે. ૧૬.

અનેક બ્રહ્માંડમાં જે પુરુષ રહ્યાં છે, તેમાં તે તેજ વ્યાપીને રહ્યું છે અને સર્વ પુરુષના બીજરૂપ તે તેજ છે. ૧૭. તે તેજ સહુના ચક્ષુને રોકી શકે છે. સર્વ પુરુષોથી તે પર રહ્યું છે અને સાત તાડ જેટલું તે ઊંચું છે. ૧૮. **બધાં પુરુષોનું જેટલું તેજ છે, તેને આ તેજ ખેંચી લે છે. મૂર્તિ સાથે ગયેલો મારો ભક્ત, તે બાબતને પ્રત્યક્ષ દેખે છે. ૧૯.** તેજના મધ્યમાં નવીન મેઘનાં સમાન શ્યામ ભગવાન નારાયણ રહ્યા છે. તેને અત્યારે તમે જેમ મને દેખો છો, તે રીતે તે ભક્ત દેખે છે અને તે નારાયણના નેત્ર લાલ કમળની પાંખડી જેવા છે. ૨૦. શરદપૂનમના ચંદ્રને સમાન તેમનું મુખ કરોડો કામદેવની શોભાને હરતું દેખાય છે અને તે મુખ લીલાના ધામરૂપ છે. ૨૧.

તેમની બંને ભુજાઓ મનોહર છે અને મનોહર મૂરલીને મુખ ઉપર ધારણ કરીને બજાવી રહ્યા છે. મુખમાં મંદ મંદ સુંદર હાસ્ય રહ્યું છે. તેમણે ઉત્સાહથી પિતાંબર વસ્ત્ર પહેર્યાં છે. ૨૨. તે પ્રભુમાં અપાર ભક્તવત્સલતા છે. બીજા ગુણોનો તો કોઈ પાર નથી. તેમને પ્રેમનાં વસ્ત્ર, ભૂષણ, પ્રેમના ચંદન અને પુષ્પહાર વગેરે શોભે છે. ૨૩. નખથી શિખા પર્યંત તે સ્વરૂપ પ્રેમની મૂર્તિરૂપ છે. કસ્તુરી અને કુંકુમનું તિલક કર્યું છે. વક્ષઃસ્થલમાં શ્રીવત્સનું ચિહ્‌ન પ્રત્યક્ષ દેખાય છે. ૨૪. અત્યંત ઝગમગતો કૌસ્તુભમણિ કંઠની વચ્ચે શોભી રહ્યો છે અને જેટલા સર્વોત્તમ સાચા રત્નો કહેવાય છે એ રત્નથી જડીત મુકુટ મસ્તકે ધાર્યો છે. ૨૫. ભગવાનનું તે સ્વરૂપ છ ગુણ અને છ ઐશ્વર્ય યુક્ત સનાતન છે અને તે સ્વરૂપ પોતાની ઇચ્છામય છે અને સર્વનું આધારભૂત છે. ૨૬.

શ્રીહરિ કહે છે કે જે અમારું પરથી પણ પર સ્વરૂપ કહેવાય છે તેની સદા કિશોર અવસ્થા છે અને ભક્તજનના ચિત્તને ચોરનારો ગોપવેષ નિરંતર ધારી રહ્યા છે. ૨૭. કરોડો પૂર્ણચંદ્રની શોભા તે સ્વરૂપમાં વ્યાપી રહી છે અને પોતાના ભક્તના વૃંદોના ઉપર અત્યંત દયાવાળુ છે. ૨૮. ત્યાં જેટલી ગોપીઓ રહી છે, તે મારી મૂર્તિની સેવા કરતી રહી છે. ત્યાં સ્વામી - સેવકભાવ રહ્યો છે. ૨૯. તે સ્વરૂપ ગોવાળો અને ગાયોનું નિરંતર રક્ષણ કરે છે અને તે ગાયોની ગૌશાળામાં પણ રહે છે. અને તેને રાસના પણ ઈશ્વર કહ્યા છે. ૩૦. તે મારું સ્વરૂપ રાસને પણ કરનારું છે અને મારી મૂર્તિ તો સૌથી પર રહી છે તથા રાસેશ્વરી રાધા પણ મારી મૂર્તિની નિત્ય પૂજા કરે છે. ૩૧. અને ત્યાં રાસનો આનંદ ઉત્સવની સાથે ઘણો થઈ રહ્યો છે. ભક્તોને રાજી કરવા માટે ભગવાન રાસનો શ્રમ કરવા માટે તત્પર રહ્યા છે. ૩૨. તે મારી મૂર્તિનો જોગ એવો રહ્યો છે કે, માયિકભોગ ઝેર જેવા કરી નાખે છે. ધામમાં જેટલો રાસ રહ્યો છે, તે ભક્તના મનને રંજન કરનારો છે. ૩૩.

❋ કેવો ભક્ત ધામને પામે છે ? :

चोपाई :

काम बुद्धि तिहाँ लेश न रहाये, एसे सब तेहि भक्त कहाये;
मायिक विषय चित में रहे जाही, एह धाम कु न पावत ताही...३४
मायिक विषेइ जन जो ताके, एह धाम न रहाये वाके;
भगवान में प्रीति रहे अपारा, ता बिन सब देखत नकारा...३५

જેમાં લેશમાત્ર પણ કામબુદ્ધિ નથી એવા બધાં ભક્તો ત્યાં રહ્યાં છે અને જેના ચિત્તમાં માયિક વિષય રહ્યા હોય એવા લોકો તો તે ધામને ક્યારેય પામતા નથી. ૩૪. જેટલા માયિક અને વિષયી મનુષ્યો છે, તેને માટે આ ધામ નથી. ત્યાંના મુક્તો ભગવાનમાં અપાર પ્રીતિ રાખે છે અને ભગવાન સિવાય અન્ય બધા જ પદાર્થોને નકારા, નઠારા દેખે છે. ૩૫. આવા મનુષ્યો જ તે ધામને પામે છે એટલે ત્યાં વિષયનો લેશમાત્ર પણ ભાવ રહેતો નથી. ત્યાં ચતુર ગોપીઓ પણ રાસના ઉત્સવમાં જ લેલીન

રહે છે. ૩૬. **જે ભક્તને હૃદયમાં ભગવાનને રાજી કરવાનો જેવો ભાવ હોય, તે ભાવને જોઈને ભગવાન તે રીતે પોતાની મૂર્તિનું સુખ આપે છે.** ૩૭.

જેમ આ માયિક લોકમાં અપાર દુઃખ રહ્યું છે તેમ મારા ધામમાં અપાર સુખ રહ્યું છે. ૩૮. અહીંયાં લોકમાં જે કોઈ વસ્તુ રહી છે, તે બધી દુઃખ વિનાની નથી, છતાં મનુષ્યો તેમાં અતિ સુખ દેખીને મનને અત્યંત પરોવીને રહે છે. ૩૯. આશ્ચર્યમાં પણ વધારે પડતું આશ્ચર્ય એ દેખાય છે કે, લોકો દુઃખમાં થોડુંએ સુખ દેખીને બધા તેના તરફ દોડ લગાવે છે. ૪૦. માણસને બાહ્યદૃષ્ટિ જેવી રહે છે તેવી જ અંતરદૃષ્ટિ સંતોના જોગથી જો રહેવા માંડે તો તેનો પણ મોક્ષ થઈ જાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ષટચક્રની વાત કહેતા ધામનું વર્ણન કર્યું' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર પંદરમું : તરંગ - ૭૬

ભગવાનના દિવ્ય કલ્યાણકારી ગુણોનું વર્ણન

શ્રીહરિએ શુકમુનિ પાસે ફરીવાર પત્રમાં લખાવતા કહ્યું, અનંત બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તે મારી લીલા છે. ૧. તે બ્રહ્માંડોમાં વિવિધ પ્રકારનાં ભૂત-પ્રાણીઓના જે સમુદાય કહ્યાં છે, તે બધાં વિશેષપણે કરીને મને નમતા રહે છે. ૨. ભૂત-પ્રાણીમાત્રની જે રક્ષા કરવી અને તેને ઉપદેશ કરવો તે જ મારી દીક્ષા છે. વેદ અને ઉપનિષદોના શિર પર પણ મારું સ્વરૂપ શોભી રહ્યું છે, ૩. અને જે મારી મૂર્તિ લક્ષ્મીના નિવાસરૂપ છે અને જેમાં સ્વભાવથી સમગ્ર દોષોનો નાશ થઈ ગયો છે. ૪. અનવધિક-અસિમ, અતિશય, અસંખ્યેય જે કલ્યાણકારી ગુણો છે, તેના સમૂહો જેમાં રહ્યા છે એવું મારું સત્યસ્વરૂપ છે. ૫. તે મારી મૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે. આવા અનંત પ્રકારના ગુણો જેમાં કહ્યા છે, જેમાં કોઈ પણ જાતનું કલંક નથી, જેમાં કર્માધીન કોઈ પણ ક્રિયા નથી; એવું મારું સ્વરૂપ છે. ૬. જે મારું

સ્વરૂપ હંમેશાં અત્યંત શાંત રહ્યું છે, નિંદાસ્પદ દોષોથી રહિત રહ્યું છે અને નિરંજન કહેતા માયિક દોષોથી રહિત મારી મૂર્તિ કહેવાય છે તે સદા દર્શન કરવાને યોગ્ય છે. ૭.

✵ ભગવદ્ મહિમા :

चोपाई :

श्रवन करने जोग्य कहीता, बिचार करने जोग्य उचरीता;
अभ्यास करने जोग्य सदाई, ढुंढने जोग्य सदा रहाई...०८
जानने सदा रहेउ जोगा, वल्लभ अति रहे जो अरोगा;
वरनीय जोग्य जन सब ताकू, अति निर्मल कहत रहे जाकू...०९

જે મારું સ્વરૂપ સદા શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય, અભ્યાસ કરવા યોગ્ય તથા ખોળવાને યોગ્ય રહ્યું છે. ૮. જે સ્વરૂપ હંમેશાં જાણવા યોગ્ય, અત્યંત પ્રિય, સદા નિર્દોષ છે. તથા સર્વ મનુષ્યોએ પસંદ કરવા યોગ્ય અને અત્યંત નિર્મળ કહ્યું છે. ૯. જેનું બ્રહ્મ અને પરબ્રહ્મ નામ છે અને ચેતનમાત્ર તેના શરીર કહેવાય છે, તે કોઈનું વિશેષણ થતું નથી, પણ તે સ્વયં શુદ્ધ વિશેષ્ય જ કહેવાય છે. ૧૦. જે સ્વરૂપ ખાસ કરીને શોકે રહિત છે, લોભ ઇત્યાદિક અનેક દોષોથી રહિત છે, જે સદા એકરૂપે જ રહ્યું છે અને માયિક આકૃતિથી રહિત છે, જેમાં સર્વજ્ઞપણારૂપ અનુપમ ગુણો રહ્યા છે, ૧૧. આવા મારા સ્વરૂપને વારંવાર નિર્ગુણ(માયાના ગુણે રહિત) કહ્યું છે. તે અત્યંત સત્યસંકલ્પ છે, કેટલાક તેમને સત્યકામ કહે છે અને વેદો તેને સ્વયંપ્રકાશ કહે છે. ૧૨.

અંતર્યામીપણે કરીને જે બધા ભેદને ટાળે છે. જે સર્વ જગતનું કારણ છે, જેનો કોઈ અવધિ નથી અને અનેક જીવોનો ઉદ્ધાર કરનારા જેને કહ્યા છે. ૧૩. એનાથી કોઈ ઉપરવટ નથી. જેમને સદા સહુના એક કલ્યાણનું જ તાન છે. જેમાં અખંડપણે સહજ રીતે પૂજ્યપણું રહ્યું છે, ૧૪. જે મારું સ્વરૂપ જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ ઇત્યાદિક અનંત કલ્યાણકારી ગુણસમૂહના સમુદ્રરૂપ છે. ૧૫. તે સ્વરૂપમાં યૌવન ઇત્યાદિક

અપાર ગુણોનો ભંડાર નિત્ય રહ્યો છે અને ભક્તોના હિતને માટે દિવ્ય અલૌકિક મનોહર રૂપને ધારી રહ્યા છે. ૧૬. જે મારા સ્વરૂપમાં ચિત્ર વિચિત્ર વિવિધ પ્રકારના અવિનાશી અને અગણિત એવા અપાર આભૂષણો ધાર્યા છે, જેને દેખનારા ભક્તોના મન તેમાં લોભાઈ રહે છે. ૧૭. જે ચિંતવન કરવા છતાં ભક્તના ચિંતનમાં યથાર્થ આવતા નથી. કેમ જે, તેમાં અલૌકિકતા બહુ રહી છે. અને તેમણે કલ્યાણરૂપ આયુધો ધાર્યા છે અને તે સ્વરૂપનું નારાયણ એવું નામ છે. ૧૮.

✵ શ્રીહરિની ભક્તવત્સલતા :

ચોપાઈ :

प्रीति करन रहे सहज स्वभावा, कल्यानादिक गुन रहे भरावा;
अपरिमित मुक्त निरंतर जाके, चरनकमल रस चाखे वाके...१९
भोग्य पदार्थ दिव्य हि जितना, भोग्य स्थानक दिव्य हि तितना;
निरंतर हि सेवा जो तामें, दीनाधिन वरतत रहे यामें...२०

તે સ્વરૂપનો સહજ સ્વભાવ ભક્તોની સાથે હેત કરવાનો છે. તેમાં કલ્યાણ આદિક અનેક ગુણો ભરપૂર રહ્યા છે અને અગણિત મુક્તો જેના ચરણકમળનો રસ નિરંતર ભોગવી રહ્યા છે. ૧૯. જેટલા દિવ્ય ભોગ્ય પદાર્થો છે અને દિવ્યભોગ સ્થાન છે, તે બધા જેની આગળ દીન આધીન થઈને નિરંતર સેવામાં રહ્યા છે, ૨૦. જે કાંઈપણ રિદ્ધિ સિદ્ધિ કહેવાય છે તથા વિવિધ પ્રકારની અગણિત સમૃદ્ધિ, ઐશ્વર્યો અને વિભૂતિઓ છે, તે બધી મારા સ્વરૂપની સેવામાં સહજ રહી છે, ૨૧. જે નિરંતર શુદ્ધ અને અવિનાશી છે. જે અક્ષર અને ચિદાકાશના નામથી શોભે છે, જેનું સ્વરૂપ અતર્ક્ય રહ્યું છે, એવું જેમનું અનુપમ ધામ છે. ૨૨. બ્રહ્મા જેમાં પ્રથમ રહ્યા છે, અને તૃણ જેના અંતમાં રહ્યું છે, એવા જે સર્વે બ્રહ્માંડોનું સર્જન કરવાવાળા રહ્યા છે તે મારા સ્વરૂપે કરીને રહ્યા છે. અર્થાત્ હું સર્વમાં પ્રવેશ કરીને રહ્યો છું. બ્રહ્માદિક દેવોથી લઈને મનુષ્યપર્યંત જે કોઈ પણ કહેવાય છે, તે કોઈ મારા સ્વરૂપના પારને પામતા નથી. ૨૩-૨૪.

તે સ્વરૂપ બ્રહ્મા ઈત્યાદિકના ધ્યાનને અગોચર રહ્યું છે, અપાર કરુણાથી ભર્યું છે અને શુભ સ્વભાવથી યુક્ત છે, ૨૫. જે સ્વરૂપને પરબ્રહ્મ પુરુષોત્તમ અને નારાયણ સ્વરૂપ નિર્ધારિત કહ્યું છે, તે વાત્સલ્યતા અને ઉદારતાના અપાર સાગરરૂપ છે. ૨૬. મારા ભક્તો જ્યારે તે સ્વરૂપના ધ્યાનમાં પ્રવેશે છે ત્યારે તે સ્વરૂપનો અને મારા કહેલા પ્રતાપનો સાક્ષાત્કાર કરે છે. ૨૭. પરંતુ તે સિવાયનો ચાહે તેવો વિચક્ષણ હોય પણ જો તે જગતમાં ઓતપ્રોત રહેતો હોય તો તેને તે સ્વરૂપ ક્યારેય દેખાતું નથી. કારણ કે તેની રુચિ ઘણી જુદી છે. ૨૮. ભમરી કરતાં ગીંગો મોટો હોય છે છતાં તે વિષ્ઠામાં સુખ માને છે. તે ગીંગાઓ કમળના સુગંધમાં વિષ્ઠાના જેવું સુખ ક્યારેય માનતા નથી. ૨૯.

✻ ભગવાનના સુખની વિશેષતા :

ભગવાનના સંબંધ સિવાયના પ્રકૃત્તિ પુરુષ સુધીના ચાહે તેટલા મોટા સુખ હોય તોપણ તે ગીંગાની વિષ્ઠા જેવા છે. ૩૦. ભમરીની જેમ જે ભગવાનનું ધ્યાન કરનારા ભક્તો છે, તેને વિષ્ઠાના જેવા માયિક સુખમાં ક્યારેય રુચિ થાતી નથી. ૩૧. ભમરી જેમ કમળના ફૂલ સિવાય બીજા સુગંધને જિંદગીભર લેતી નથી તેમ ભગવાનનો ભક્ત ભગવાન સંબંધી જે વાત છે તેના ઉત્તમ સુંગધને જિંદગીભર લેતો રહે છે. ૩૨. આ દુનિયામાં જે જે વસ્તુ શુદ્ધ, પવિત્ર અને શ્રેષ્ઠ રહી હોય છે, તેમાં જે શુદ્ધ, પવિત્ર અને શ્રેષ્ઠ મનુષ્યો છે તે રુચિ કરે છે. ૩૩. જે મનુષ્યો પવિત્ર કે અપવિત્ર હોય છે, તે તેની રુચિ ઉપરથી ઓળખાય આવે છે. જગતમાં ભગવાનથી કોઈ વધારે પવિત્ર નથી તેમ જાણીને પવિત્ર મનુષ્યો ભગવાનને ભજે છે. ૩૪.

જે અપવિત્ર મનુષ્યો છે તેને અપવિત્ર વસ્તુ રુચે છે અને તે અપવિત્ર દેવતાઓને પૂજે છે. જે દેવતાઓની આગળ માંસ અને મદિરાઓનું નૈવેદ્ય થતું હોય, ૩૫. લીલાગર ભાંગ્ય અને ગાંજો ધરાવાતો હોય તેને અપવિત્ર દેવ કહેવાય છે. તે તેની પૂજા કરે ત્યારે દેખાઈ આવે છે. ૩૬. જે પવિત્ર મનુષ્યો છે તે ઉપર કહેલી અપવિત્ર વસ્તુઓને સહજ સ્વભાવે દૂરથી જ ત્યાગ કરી દે છે. ૩૭. અપવિત્ર વસ્તુઓને દેખીને જેના મનમાં ગ્લાનિ થતી હોય તે પવિત્ર મનુષ્ય છે, એમ પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૩૮.

सोरठा : मेरे संत हि ताकि, कछुक सेवा कोउ दीन;
करत भये जो वाकि, पवित्र होवत तेहि कर...३९
मेरे संत हि ताके, कोउ दिन हि द्रोह करेउ;
जानी करी जो वाके, अपवित्र होत हि तेहि...४०

જે અપવિત્ર લોકો છે તે જો કોઈ દિવસ મારા સંતોની કાંઈક સેવા કરે છે તો તે સેવાથી તે પવિત્ર થઈ જાય છે. ૩૯. જે પવિત્ર હોવા છતાં કોઈ દિવસ મારા સંતનો જાણી જોઈને દ્રોહ કરે છે, તો તે અપવિત્ર થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ભગવાનના દિવ્ય કલ્યાણકારી ગુણોનું વર્ણન કર્યું' એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર પંદરમું : તરંગ - ૭૭

સેવામાં રહેલ ગુણ, વિભૂતિ, ઐશ્વર્યો, પાર્ષદો અને શક્તિઓનું વર્ણન

પછી ફરીવાર શ્રીહરિએ કહ્યું કે, હું હવે જે વાત કહું છું તેને ભક્તજન કાનથી સાંભળે તો તેમાં રતીભાર પણ અજ્ઞાન રહે નહિ. ૧. અજ્ઞાનરૂપી અંધારાને ટાળવા માટે આ બધી વાત રહી છે અને તે બધી વેદ અને પુરાણોમાં વિશેષપણે કરીને કહી છે. ૨. જે અજ્ઞાની મનુષ્ય છે તેને તો ઉપર કહી તેવી વાત અગ્નિ સમાન લાગે છે અને તે જો કાને આ વાત સાંભળે તો પૂર્વના પાપને કારણે તેને શૂળીના જેવી લાગે છે. ૩. જેને અનીતિ ગમતી હોય તેની આગળ આ ગ્રંથની વાત કહેવી નહિ. કારણ કે અનીતિવાળાને માટે આ વાત ઝેર જેવી છે. ૪. જ્યારે વરસાદ વરસે છે ત્યારે આખી સૃષ્ટિની વનસ્પતિ ઈત્યાદિકમાં નવું જીવન આવે છે. પરંતુ વરસાદના પાણીથી જવાસો તો તત્કાળ જ સૂકાય જાય છે. ૫. જવાસા જેવા જે મનુષ્ય છે તેને ભગવાનની વાત સાંભળીને અંતરમાં તાપ લાગે છે અને લોઢું પથ્થર કરતાં કઠિન હોય છે તે સહુ મનુષ્યોને દેખાય છે, ૬. છતાં અગ્નિના યોગે કરીને

તે લોઢું પણ અગ્નિના જેવું લાલ થઈ જાય છે, તેમ જે પવિત્ર મનુષ્યો હોય છે તેને સત્સંગનો યોગ થતા નવો રંગ ચડે છે. ૭.

કરોડો વર્ષો કે કરોડો કલ્પ સુધી પથ્થરને પાણીમાં ડૂબાડવામાં આવે છતાં તે પથ્થર પાણીથી ક્યારેય નરમ પડતો નથી, તે રીતે જ અપવિત્ર માણસોને ક્યારેય સત્સંગનો રંગ લાગતો નથી. ૮. ભાંડ ભવાઈના જેવી જેટલી અપાર બાબતો છે તેમાં અપવિત્ર માણસો લેલીન થઈ જાય છે, તે દેખ્યામાં આવે છે. ૯. પવિત્ર માણસ તો હંસના જેવો છે. હંસ હોય તે મોતી સિવાય બીજો કોઈ ચારો ચરતો નથી. તેમ ભગવાનની જે બધી વાતો છે તે મોતી કરતાં પણ વધારે અમૂલ્ય રહી છે, ૧૦.

❋ સાચા ભક્તનું લક્ષણ :

મતવાલો ભગવાનનો ભક્ત રાત-દિવસ ભગવાનની વાતનો ચારો લે છે અને અખંડ કથા, કીર્તન કરતો રહે છે. તે ભક્ત કથા અને કીર્તન સિવાય એક પળ જેટલો સમય પણ વૃથા ગુમાવતો નથી. ૧૧. **હરિભક્ત હોવા છતાં તેનું ચિત્ત જો કથા, કીર્તન અને સેવામાં પરોવાતું ન હોય તો તેને રોગી અને બાળકના જેવો સમજવો અને તેની રક્ષા કરતા રહેવું. ૧૨. રક્ષા કરવાથી જ્યારે તેના બધા રોગ ટળી જાય ત્યારે તેને કથામાં રુચિ થાય છે. પછી તેની બાળબુદ્ધિ પણ જાતી રહે છે. ૧૩. જેને કીર્તન, સેવા અને કથામાં રુચિ ન હોય તો તેની દૃષ્ટિમાં સત્સંગનું મૂલ્ય નથી, તેવું અમને જણાય છે. ૧૪.** કોઈ રોગાદિકે કરીને પરાધીન હોય તો તેને માટે અમે આ વાત કહી નથી. પણ જેના બધાં જ અંગો સ્વસ્થ હોય તેને માથે સેવા કરવાની ફરજ છે. ૧૫.

❋ કથા-વાર્તા અને શ્રીહરિની દુર્લભતા :

सोरठा : थोरे पुन्य रहे जाहि, कथा कीर्तन सेवा जो तेहि;
होइ सकत नहि ताहि, दुर्लभ में दुर्लभ हि यह...१६

જેના પુણ્ય થોડા હોય તેનાથી કથા, કીર્તન અને સેવા થઈ શકતા નથી. કથા, કીર્તન અને સેવા તો અત્યંત દુર્લભ છે. ૧૬.

चोपाई :

अनेक ब्रह्मांड ही तामें, पोताके पार्षद जुत यामें;
रोम रोम हि जो प्रति ताके, कोटि सूर्य तेज रहे वाके...१७
भव ब्रह्मा विष्णु एसे रहेऊ, बहुत आदर करीके तेऊ;
चरन धरेके पिठ ही जेहा, सेवित रहे निरंतर तेहा...१८

અનેક બ્રહ્માંડોમાં પોતાના પાર્ષદોની સાથે રહેલા આવા ભગવાનના એક એક રોમમાં કરોડો સૂર્યના જેવું તેજ રહ્યું છે. ૧૭. ભવ, બ્રહ્મા અને વિષ્ણુ જેવા પણ તે ભગવાનનો ઘણો આદર કરે છે. તે ભગવાનનાં ચરણ મૂકવાના બાજોઠને પણ તે દેવતાઓ નિરંતર સેવે છે. ૧૮. એવા જે નારાયણ તે અમે અત્યારે પ્રગટ થયા છીએ અને મારી આ વાત એવી છે કે જે બ્રહ્માના માપમાં પણ આવતી નથી. ૧૯. તે મારી વાત સામાન્ય માણસના માપમાં ક્યાંથી આવે ? હું આ મારા મહિમાની થોડી જ વાત કરું છું અને મારી આ કરેલી થોડી વાતના ભોગી(સમજનારા) તો હરિભક્તો છે. ૨૦.

✵ ભગવદ્ મહિમા :

જે ભક્તને મારા સ્વરૂપનો યથાર્થ અને અડગ નિશ્ચય હોય તેને આ મારી કહેલી વાત અમૃત કરતાં પણ ઘણી વધારે સ્વાદુ લાગે છે. ૨૧. અક્ષરની ચારેબાજુ અપાર બ્રહ્માંડ રહ્યા છે તેનો પાર પમાતો નથી અને જેટલા બ્રહ્માંડો છે તેટલા વૈરાજપુરુષ રહ્યા છે. ૨૨. તે અક્ષર પોતાના પાર્ષદોથી યુક્ત હંમેશાં અમને સેવતા રહે છે અને જેના એક એક રોમમાં કરોડો કરોડ સૂર્યના સમાન તેજ ભરાઈને રહ્યું હતું, તેને વિરાટનારાયણ એવા નામથી કહેવાય છે. તે બધા ઈશ્વરો મુકુટના અગ્રભાગથી પ્રણામ કરીને મારી સ્તુતિ પ્રેમથી કરે છે. ૨૩-૨૪.

અનંત બ્રહ્માંડોને વિષે રોમ રોમના પ્રત્યે, કરોડો-કરોડો સૂર્ય સમાન જેમનું તેજ રહ્યું છે એવા મૂર્તિમાન સરસ્વતી, મહાલક્ષ્મી તેમજ મૂળ પ્રકૃત્તિ આદિક દેવીઓ છે. તે પોતાની દાસીઓની સાથે રહીને મારા ચરણકમળને સેવે છે અને મૃદંગ, વીણા, સરોદ, મોરચંગ(દાંત વચ્ચે રાખીને વગાડાતું

વાજું), કરતાલ, યંત્ર આદિક વાજિંત્રોને હાથમાં લઈને અદ્‌ભુત રીતે વગાડે છે અને મારા ચરિત્રોને સંભારીને સુંદર ગાન કરે છે. ૨૫-૨૮. વળી, તે જ્યારે પ્રેમરસ લાવીને નૃત્ય કરે છે ત્યારે પગમાં ઘૂઘરાઓ વાગતા રહે છે અને તે સર્વે દેવીઓના મનમાં મારી મૂર્તિને પ્રસન્ન કરવાનું તાન રહે છે. ૨૯. તેઓએ સાચા રત્નોથી જડિત નૂપુર અને ઝાંઝર પગમાં પહેર્યા હોય, હાથમાં કંકણ પહેર્યા હોય, તેનો ત્યારે સહજ રીતે મધુર ધ્વનિ થતો રહે છે. ૩૦.

સાચા રત્નના જડેલા કળશો મસ્તક ઉપર ધાર્યા હોય છે. તેમાં કેટલીક દેવીઓ તો પરમ અનુપમ કૃષ્ણનો વેશ ધરી રહેલી હોય છે. ૩૧. કેટલીક દેવીઓ રાધિકાજીનો વેષ ધરી રહી હોય છે. તે સહુને અમને રાજી કરવાનું તાન રહે છે. સુશીલા, શશિકલા, યમુના, માધ્વી, રતી, કદંબમાલા, જાહ્નવી, કુંતી, સ્વયંપ્રભા, ચંદ્રમુખી, પદ્મમુખી, શુભા, પદ્મા, પારીજાતા, સુમુખા, ગૌરી, સર્વમંગલા, કપિલા, કાલિકા, કમલા, દુર્ગા, ભારતી, સરસ્વતી, ગંગા, અંબીકા, મધુમતી વગેરે બધી સખીઓના નામ છે. ૩૨-૩૪.

બધી ચંપાના જેવા વર્ણની સુંદર કહેવાતી, કૃષ્ણની બધી પ્રિય, સતિ અને આનંદ આપનારી છે. તેમાં નંદના અને લલીતા આદિક જે ગોપીઓ છે, તે લાખો અને કરોડો છે. ૩૫. તે બધી આનંદભરી ગોપીઓ નૃત્યના વિવિધ ભેદથી અમને પૂજે છે. જેના એક એક રોમમાં કરોડો-કરોડો સૂર્યની કાંતી રહી છે, એવા વીરભાનુ, ચંદ્રભાનુ, સૂર્યભાનુ, વસુભાનુ, શક્રભાનુ, રત્નભાનુ એ અને જેને સારા પાર્ષદો કહેવાય છે એવા ભગવાનના પ્રિય સુદામા અને શ્રીદામા આદિક પાર્ષદો છે. ૩૬-૩૮. તેત્રીશ કરોડ ગોવાળો જેમના ચરણકમળને સેવી રહ્યાં છે; એવું અમારું અનુપમ સ્વરૂપ કહેવાય છે. ૩૯. વિવિધ પ્રકારના વર્ણ અને આકારવાળી આવી અલૌકિક અને અપાર મારી વિભૂતિઓ રહી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સેવામાં રહેલ ગુણ, વિભૂતિ, ઐશ્વર્યો, પાર્ષદો અને શક્તિઓનું વર્ણન કર્યું' એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર પંદરમું : તરંગ - ૭૮

શ્રીહરિએ દ્વારકાવાસી સ્ત્રીઓને મુખે સ્વસ્વરૂપનો મહિમા કહેવડાવ્યો

વળી, ફરીવાર શ્રીહરિએ જગન્નાથ વિપ્ર(શુકમુનિ) પાસે પત્રમાં લખાવ્યું કે, અમારું જે અપાર ઐશ્વર્ય છે તે હું મારા ભક્તને બતાવું છું. તેનો કોઈ પાર પામી શકતા નથી. ૧.

✵ શ્રીહરિની સર્વોપરિતા :

दोहा : सब ईश्वर के ईश्वर हि, दश हजार अंश तेहि;
ताके दश हजार अंश हि, अंश के अंश कर एहि...०२

सोरठा : यह विश्व सब हि जोउ, ताकु में रुंधकर रहे;
मेरे विषे हि सोउ, देह सम आत्मबुद्धि होत...०३
ब्रह्मलोक जो पर्यंत, एसे भक्त ताकु तब हि;
त्रनवंत आत देखंत, एसे वैराग्य होत तेहि...०४

હું સર્વે ઈશ્વરોનો પણ ઈશ્વર છું. જે મારા ઐશ્વર્યો છે તેનો દસ હજારમો ભાગ કરે, તેના એક અંશનો દસ હજારમો ભાગ કરે અને તેનો પણ ફરીને દસ હજારમો ભાગ કરે, તેટલા ઐશ્વર્યથી હું સમગ્ર વિશ્વને ધારી રહ્યો છું. એવો મારો મહિમા સમજે તે ભક્તોને મારે વિષે પોતાના દેહની સમાન આત્મબુદ્ધિ થાય છે. ૨-૩. પછી એવા જે ભક્તો છે તેને તે સમયે બ્રહ્માના લોકપર્યંત સર્વે તરણાં જેવા દેખાય છે, એવો તેમને વૈરાગ્ય થાય છે. ૪.

चोपाई :

मेरे भक्त एसे हि ताकू, जाग्रत के विषे जोउ वाकू;
सुषुप्ति जेसे देह तामें, वरतत भये सहज हि यामें...०५

આવા જે મારા ભક્ત છે તેને જાગ્રત અવસ્થામાં પણ સુષુપ્તિના જેવો સહેજે દેહમાં ભાવ રહે છે. ૫. અને એવા ભક્તને સુષુપ્તિ અવસ્થાની જેમ જ જાગ્રતમાં પણ જગતનો અભાવ રહે છે. પછી પોતાની વૃત્તિઓને વિશે હું ક્ષેત્રજ્ઞ છું, હું આત્મા છું, એવો ભાવ સદા જાગ્રતમાં પણ વર્તે છે. અને

પોતાના ક્ષેત્રજ્ઞ-આત્માની વૃત્તિઓને વિશે સદા અનિદ્રાપણું રહે છે. ૬-૭. એવા તે ભક્તો પુરુષોત્તમનારાયણ, શ્રીકૃષ્ણ અને સ્વામિનારાયણ એવા નામથી મારી ઘણી સ્તુતિ કરે છે. ૮. વળી જેટલી હસ્તિનાપુરની સ્ત્રીઓ છે તે બધીએ મળીને મારી સ્તુતિ કરી અને જેટલી બીજી સ્ત્રીઓ હતી તેમણે અલગ અલગ પણ મારી સ્તુતિ કરી, ૯. હવે હું તેની વાત કહું છું. કહ્યા વિના કોઈ બાબત દેખાતી નથી. જેમ આંખ વિના કાંઈ દેખાતું નથી, તેમ વાત કહ્યા વિના કાંઈ સમજાતું નથી. ૧૦.

જેમાં જેવું દૈવત રહ્યું હોય છે, તે વાત કહીએ ત્યારે દેખ્યામાં આવે છે. વાત કહેવા છતાં પણ જે સમજતા નથી તે તો આંધળા અને બહેરા છે એમ જાણવું. ૧૧. મનુષ્ય થયા તોપણ શું થયું ? જ્ઞાન વિના તો તે પશુના જેવા કહેવાય છે. જ્ઞાનમાં એટલું સુખ રહ્યું છે કે તેનાથી આખા બ્રહ્માંડનું સુખ તરણા જેવું દેખાય છે. ૧૨. શ્રીકૃષ્ણ ભગવાન ચાતુર્માસમાં દ્વારકા ધામથી હસ્તિનાપુર આવ્યા હતા. ૧૩. ત્યાં પાંડવોના ભવનમાં રહ્યા અને પછી પાછા દ્વારકા આવ્યા. નગરના રાજમાર્ગમાં સવારી ઘણી શોભતી હતી. ૧૪. શ્રીકૃષ્ણ ભગવાન હાથીની અંબાડીમાં બેઠા હતા. આગળના ભાગમાં અપાર વાજિંત્રો વાગતા હતા અને વિવિધ પ્રકારનાં નિશાન શોભતાં હતાં. ૧૫. રાજમાર્ગ ઉપર જે ભવનો હતા, તેના ગોખ અને અટારીમાં સ્ત્રીઓના ટોળેટોળા શ્રીકૃષ્ણનાં દર્શન કરવાં માટે બેઠાં હતાં. ૧૬.

દર્શન કરીને તે સ્ત્રીઓ પરસ્પર જેવો ભાવ હતો તેવું બોલતી હતી. તેઓ એવાં વચનો બોલતી હતી કે, તે શ્રુતિ અને પુરાણોમાં પણ પ્રમાણભૂત ગણાય. ૧૭. બધી સ્ત્રીઓ વેદ અને પુરાણોના સાર જેવાં વચન બોલતી હતી. સત્ત્વાદિક ગુણોના ઉદય થયા પહેલા આત્યંતિક પ્રલય હતો. તે સમયે જગતના વિવિધ પ્રકારના તમામ જીવો છે, તે બધા અક્ષરને વિષે જ્યારે લીન હતા ત્યારે, ૧૮-૧૯. સત્ત્વગુણથી લઈને જેટલી શક્તિઓ હતી, તે બધી આપના સ્વરૂપમાં લીન થઈ ગઈ. તે સમયે જગતના પ્રપંચથી રહિત એવાં આપના સ્વરૂપને એક પુરુષ કહેવાય છે. ૨૦. તે સ્વરૂપને પુરાતન, અનાદિપુરુષ કહેવાય છે. તે નિશ્ચિત શ્રીકૃષ્ણસ્વામી રહ્યા છો. તે આપના

સ્વરૂપને અચ્યુતરૂપ જે રહેવું તે આપની સ્થિતિ છે. ૨૧. આવા બહુનામી અને સર્વેના સ્વામી એવા શ્રીકૃષ્ણ ભગવાન જે આપ તે આપના પ્રતાપે કરીને આપની કાલશક્તિએ કરીને ફરીવાર જગતની સૃષ્ટિ કરવા પ્રેરણા કરી. ૨૨. આપના અંશભૂત જીવ તેને મોહનું કારણ બનતી આવી માયા શબ્દથી કહેવાતી પ્રકૃત્તિમાં આપે સૃષ્ટિ કરવાની ઈચ્છા કરી. ૨૩. પ્રલય અવસ્થામાં નામ અને રૂપ રહિત રહેલા આત્માને જીવ કહેવાય છે. તેને સુખધામ એવા આપે નામ અને રૂપ કરવાની ઈચ્છા કરી. ૨૪. શાસ્ત્રના કર્તા અને શાસ્ત્રને ગ્રહણ કરનારા, શ્રીકૃષ્ણસ્વામી તે આપ નિશ્ચિત છો, એમ તમારે જાણવું જોઈએ. ૨૫.

તે પછી બીજી સ્ત્રીઓ પોતાની સખીને કહેવા લાગી, ઈન્દ્રિયોના જીતનાર, પ્રાણાયામ કરીને પ્રાણ-આહાર જીતનારા, ભક્તિએ યુક્ત, નિર્મળ મન બુદ્ધિવાળા જે મોટાપુરુષો થયા. તે સહુ મોટાપુરુષો આ જગતમાં નામ અને રૂપ ધારણ કરનારા સર્વેના સ્વામી પરમ પુરુષ શ્રીકૃષ્ણ આપ સ્વયં છો, તેમ સહુને બતાવે છે. માટે આપ નિશ્ચિત ભગવાન છો અને સત્ત્વગુણ આપની બુદ્ધિ છે. ૨૬-૨૮. ચારેય વેદ અને શાસ્ત્રોને વિષે જેને ગુહ્ય અને ગોપ્ય કહ્યા છે તે શુદ્ધ કરવાને યોગ્ય એવા આપ ક્યાં ક્યાં ઘૂમીને અહીં આવ્યા ? ૨૯. જે ગુહ્યવાદી રહસ્યનું નિરૂપણ કરનારા છે એવા સત્પુરુષો પણ આપની શ્રેષ્ઠ કથાઓનું અતિશય ગાન કરે છે. ૩૦. એવા જે પુરુષોત્તમ છે તે જ આપ એક સમર્થ શ્રીકૃષ્ણસ્વામી નિશ્ચિત છો. અને એવા આપ જ આપની લીલારૂપ માયાએ કરીને આ જગતનું સર્જન, રક્ષણ અને પ્રલય સહજ રીતે કરો છો. આપ એવી અપાર સહજ ક્રિયાઓને કરો છો, છતાં તેમાં લગાર પણ બંધાતા નથી. ૩૧-૩૨. આવી આવી અનેક વાતો સ્ત્રીઓ કરતી હતી. તેનો કહેતા કહેતા અંત આવતો નથી. આવા પુરુષો જેમ કૃતાર્થ હતા તેમ તેવી સ્ત્રીઓ પણ કૃતાર્થ થઈ હતી. ૩૩.

❋ ઉત્તમ ભક્તની સ્થિતિ અને રીતિ :

चोपाई :

सत्संग दृढ रहेउ जाही, ताकी समझ एसी रहाही;
पंचभूत के देह ताकू, नर्क सम देखत रहे वाकू...३४

पुरुष बायु के जीय एसे, रहे जो कहत हे अब तेसे;
कोटि कोटि सूर्य सम हि ताके, तेज जो रहे एसे वाके...३५
देह मरे मानत नहि मरना, देह बरे मानत नहि बरना;
देह सडे मानत नहि सडना, निरभे होई रहत विचरना...३६

જેમને દઢ સત્સંગ થયો હતો તેની સમજણ આવી હતી અને તેઓ પંચભૂતના દેહને નરક સમાન દેખતા હતા. ૩૪. તેવા પુરુષો અને સ્ત્રીઓના જે જીવ હતા, તેને હવે હું કહું છું. તેના આત્માનું તેજ કરોડો કરોડો સૂર્યના સમાન હતું. ૩૫. તેઓ દેહના મરણને પોતાનું મરણ માનતા નહિ. દેહના બળવાને પોતાનું બળવું માનતા નહિ. દેહના સડવાને પોતાનું સડવું માનતા નહિ અને નિર્ભય થઈને વિચરણ કરતા હતા. ૩૬.

હું તો ભગવાનનો ભક્ત છું અને નિત્ય પરમ સુખમય છું એમ માને, પણ નાશવંત શરીરને પોતાનું રૂપ માનતા નહિ. ૩૭. જેઓ દેહાભિમાની હોય છે, તે બધા વારંવાર પશુ-પંખીના જન્મને પામે છે. ૩૮. તે દેહાભિમાનીઓ વારંવાર લખચોરાશીમાં દેહને ધારણ કરે છે અને તેની ઘણી દુર્ગતિ થાય છે અને છેલ્લે તેમને જમના દૂત દેખાય છે. ૩૯. એટલા માટે નર-નારી બધાં જ હરિભક્તોએ ખબરદાર અને તત્પર થઈને સત્સંગના વ્રતમાન નિયમોને સારી રીતે દઢ કરીને રાખવા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ દ્વારકાવાસી સ્ત્રીઓને મુખે સ્વસ્વરૂપનો મહિમા કહેવડાવ્યો' એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર પંદરમું : તરંગ - ૭૯

કળિયુગથી બચવા માટે સાંખ્યયોગી, કર્મયોગી સ્ત્રીઓના વ્રતમાન કહ્યા

ફરીવાર શ્રીહરિએ જે પત્ર લખાવ્યો એ વાત કહું છું. તે વાતને મુક્તાનંદસ્વામીએ દાદા ખાચરને કહી હતી તેને હું સાક્ષાત્ કહું છું. ૧. શ્રીહરિએ કહ્યું, વિમુખ મનુષ્યમાં ઘણો કળિયુગ આવે છે, તે પ્રત્યક્ષ દેખાય છે. ૨. જેટલી અનીતિ છે તેટલી વર્તન ઉપરથી દેખાય આવે છે. જેટલી અનીતિ છે, તેટલો કળિયુગ છે અને જેટલી નીતિ છે તેટલો સત્યુગ છે. ૩. સત્યનિષ્ઠ રાજા સિવાય કોઈને નીતિ ઉપર રુચિ રહેતી નથી અને નીતિ રાખ્યા સિવાય ક્યારેય પ્રજાને સુખ થાતું નથી. ૪. પ્રજાને જેટલી સુખી કરવામાં આવે છે તેટલો રાજા પણ સુખી થાય છે અને પ્રજાને જેટલી દુઃખી કરે છે, રાજાને તેટલું સુખ થાતું નથી. ૫. શરીરમાં જેટલું દુઃખ હોય તેટલું દુઃખ જીવમાં પણ દેખાય છે. જે પ્રજા કહેવાય છે તે બધી રાજાનું શરીર છે. ૬.

જેને એવી દૃઢ સમજણ હોય તે રાજા ઈન્દ્ર કરતાં પણ વિશેષ મહાન ગણાય છે. સંતોના સમાગમ વિના તે રાજાનું ભાગ્ય ક્યારેય ઉદય પામતું નથી. ૭. અને જે સંતોથી અપાર ભાગ્ય ઉદય થાય છે તે સંતોનો દિલમાં થોડોએ ભાર ન રહે તો માણસ પૂર્વમાં જવું હોય અને પશ્ચિમમાં ચાલે તેવો થઈ જાય છે. કેમ જે, સંતોના જોગ વિના એવું બને છે. ૮. મનુષ્ય જ્યારે સાચા સંતને આવીને મળે છે ત્યારે તેની કીર્તિ સમગ્ર લોકમાં છવાઈ જાય છે. જે સંત સ્ત્રી,ધનનો ત્યાગ રાખે છે. અરે ! તેને મળની સમાન તજી દીધા છે. ૯. અને જેટલા ફેલ અને વ્યસન કહેવાય છે તેનો ત્યાગ મળની જેમ કરી દીધો છે. જેને ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુનો લોભ રહેતો નથી તે સાચા સંત છે. ૧૦. પરંતુ જેનો ત્યાગ લોકોને દેખાડવા માટેનો જ છે, તેવા સંત તો કપટી સંત છે અને તેનો ત્યાગ ગધેડાના શબ્દ જેવો વૃથા છે. ૧૧.

આપણા સત્સંગમાં અમે વ્રતમાન નિયમરૂપ મજબૂત કોટ કર્યો છે. તેમાં કળિયુગને પ્રવેશવાના નાના મોટા જે દ્વારો છે તેને બરાબર જોઈને

પ્રયત્નપૂર્વક વારંવાર બંધ કર્યા છે. જ્યાં સુધી મનુષ્ય નિયમમાં રહે ત્યાં સુધી તેમાં કળિયુગનું લેશ પણ ઊપજતું નથી, તે ચાહે તેટલું બળ કરે તોપણ નિયમ વ્રતમાનના કોટમાં પ્રવેશ કરી શક્તો નથી. ૧૨-૧૪. જેટલા ચોરો છે તે ગાફલ માણસને લૂંટે છે, પણ સાવધાન માણસની પાસે ક્યારેય તે આવી શકતા નથી. ૧૫. અમે કરેલા જે નિયમો છે તે ચોકીદાર અને પહેરેદાર રહ્યા છે. તે હોય ત્યાં સુધી ક્યારેય લગાર પણ કળિયુગ પ્રવેશ કરી શકતો નથી. ૧૬. છતાં પણ કળિયુગ તો વેરી છે, તે કુસંગમાં પ્રવેશ કરી જાય છે અને તે અનેક રૂપ ધારીને ક્યારેક સત્સંગમાં આવવાનું દ્વાર ખોળે છે. ૧૭. જ્યારે તે પ્રવેશ કરવાનું મનમાં ધારે છે ત્યારે અમે તે વખતે નિયમ પ્રકરણ ફેરવી દઈએ છીએ. નિયમ અને કાયદો ભલે એક કહેવાય છે, છતાં તે બંનેનું ફળ અલગ અલગ હોય છે. ૧૮. નિયમ પાળવાનું ફળ મોક્ષ છે અને કાયદો પાળવાનું ફળ આલોકનું સુખ છે, છતાં જેટલા તમે અમારા ભક્ત છો તેમણે ક્યારેય કળિયુગનો વિશ્વાસ કરવો નહિ. ૧૯.

જે કર્મયોગી અને સાંખ્યયોગી બાઈઓ સત્સંગી કહેવાય છે અને પ્રભુનું ભજન કરે છે તેને વર્તવાના નિયમો હવે કહું છું. ૨૦. સ્ત્રીઓએ પોતાના સગા ભાઈની સાથે પણ રસ્તો ઇત્યાદિક હર કોઈ સ્થળમાં એકલા ક્યારેય ચાલવું નહિ. ૨૧. પોતાના સગા બાપ, કાકા, સસરા, જેઠ, દેર, પુત્ર વગેરે સંબંધીઓ સાથે પણ બાઈઓએ એકલા પુરુષ સાથે એકાંતમાં ક્યારેય રહેવું નહિ. ૨૨. જે એકાંત સ્થાન કહેવાય છે, તેમાં કળિયુગ વાસ કરીને રહે છે તથા જુગાર રમતા હોય તથા મદ્ય-માંસનું ભક્ષણ થતું હોય ત્યાં કળિયુગ વાસ કરીને રહે છે. ૨૩. કામ, ક્રોધ અને લોભાદિક જે અધર્મ સર્ગના દોષો કહેવાય છે તેમાં કળિયુગ વાસ કરીને રહે છે, પરંતુ જે વ્રતમાન નિયમ પાળે છે, તેની પાસે કળિયુગ આવતો નથી. ૨૪. જે હરિભક્ત સ્ત્રીઓ હોય તેમણે કોઈ પુરુષોને આંખ માંડીને જોવા નહિ. ૨૫.

આંખ, કાન અને સ્પર્શ દ્વારા કળિયુગ અંતરમાં તત્કાળ જ પ્રવેશ કરે છે. ૨૬. જ્યારે વ્યક્તિમાં કળિયુગ પ્રવેશ કરે છે ત્યારે શ્વપચ પર્યંતના તમામ માણસો કોઈનીય અદબ રાખતા નથી અને ન કરવાના જેટલા કામો

હોય છે તે બધા જ કરે છે. ૨૭. નવખંડ ધરતીમાં જે ભરતખંડ છે, તે ઘણો જ પવિત્ર રહ્યો છે. બીજા બધા ખંડો ધર્મ રહિત છે. ૨૮. ભરતખંડમાં ભગવાન વારે વારે અગણિત અવતારોને ધારણ કરે છે અને ભરતખંડમાં જ વેદ અને પુરાણ રહ્યા છે. ૨૯. ભરતખંડમાં જ તીર્થ, વ્રત, દાન, જે કોઈ પણ પુણ્ય તથા વર્ણાશ્રમના બધા ધર્મો, યોગ, યજ્ઞ અને મોક્ષ આદિક બધી શુભ વાતો રહી છે. ૩૦. અને મનુષ્યનો મોક્ષ કરે એવા સાચા સંત પણ ભરતખંડમાં વિશેષ રહ્યા છે અને તેમાં સત્સંગ પણ રહ્યો છે. ૩૧. પાપ અને પુણ્યોનું ફળ જે છે તે પણ ભરતખંડમાં કરેલા કર્મનું જ કહેવાય છે અને સ્વર્ગમાં જે દેવો છે તે બધાં ભરતખંડમાં મનુષ્યજન્મ ધરવાની ઈચ્છા કરે છે; આવો પવિત્ર ભરતખંડ છે. તેમાં ચાર ધામોને મધ્યે ભરતખંડ કર્મભૂમિ કહેવાય છે. ૩૨-૩૩.

ભરતખંડમાં જેવું પુણ્ય કરવામાં આવે છે તેનું તેવું ફળ મળે છે અને તે ફળ બીજા ખંડમાં જઈને ભોગવે છે. એમાં રતીભાર પણ ખોટું જાણવું નહિ. ૩૪. ભરતખંડમાં રહીને મનુષ્ય પોતે જેવા પાપ કરે છે, તેવું ફળ તેને જમપુરીમાં તત્કાળ મળે છે. ૩૫. જે અત્યંત પુણ્યવાળા જીવ છે તે બધાને ભરતખંડમાં મનુષ્ય શરીર પ્રાપ્ત થાય છે અને પછી તે મોક્ષમાર્ગમાં રુચિ કરે છે, તો તેને તત્કાળ મોક્ષરૂપી ફળ મળે છે. ૩૬. જે મનુષ્ય પાપમાં રુચિ કરે છે તેને તે પાપનું તેવું ફળ મળે છે. જીવને જેટલું સુખ મળે છે તે પુણ્યનું ફળ જાણવું અને જીવને જેટલું દુઃખ મળે છે તે પાપનું ફળ જાણવું. ૩૭.

જેટલી કર્મયોગી સત્સંગી બાઈઓ હોય તેમણે પોતાના પતિ વિના બીજા કોઈમાં જાણીને હેત કરવું નહિ. ૩૮. સ્ત્રીઓ પોતાના પતિ સિવાય અન્ય પુરુષ ઉપર હેત રાખે છે તેટલું તેને બંધન થાય છે, એમ સ્ત્રીઓ પરસ્પર કહે છે. ૩૯. આગ અને કૂવા જેવી વસ્તુની સાથે માણસો જેવી રીતે પોતાને સાચવીને સાવધાનપણે પ્રસંગ રાખે છે તેવી રીતે નારીઓએ પરપુરુષની સાથે સાવધાનીથી પ્રસંગ રાખવો. ૪૦. પરપુરુષ સાથે કોઈ પણ જાતનો વ્યવહારિક પ્રસંગ રાખવો નહિ. કુમાર્ગે ચાલવાથી મન દૂષિત

થાય છે. માટે મર્યાદા રાખીને વ્યવહાર કરવો. ૪૧. સ્ત્રીઓએ પરપુરુષની સાથે નીચી દૃષ્ટિ રાખીને વ્યવહારનું કામ કરવું, પણ ક્યારેય તેનો વિશ્વાસ કરવો નહિ. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કળિયુગથી બચવા માટે સાંખ્યયોગી, કર્મયોગી સ્ત્રીઓના વ્રતમાન કહ્યા' એ નામે ઓગણએસીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર પંદરમું : તરંગ - ૮૦

સ્ત્રી-પુરુષનો નિકટ પ્રસંગ ત્યાજ્ય કહીને ખપની આવશ્યકતા કહી

શ્રીહરિએ પત્ર આગળ લખાવ્યો તેની વાત કહું છું. હરિભક્તોનો મોક્ષ કરવા માટે જ શ્રીહરિએ પત્રમાં મોક્ષનો રસ ભર્યો હોય તેવી વાત કરી. ૧. **મોક્ષરૂપ જેટલો રસ કહેવાય છે, તે શ્રીહરિનાં એક એક વચનમાં રહ્યો છે.** ૨. કળિયુગનું ઘણું જોર છે, તે ગાફલ માણસને ખોળતો ફરે છે. કુસંગમાં ઠેકઠેકાણે નર-નારીઓ અધર્મપરાયણ થઈ ગયા છે. ૩. બ્રાહ્મણ જ્ઞાતિની કેટલીક સ્ત્રીઓ પોતાના પતિનો ત્યાગ કરીને મુસલમાનને પતિ કરવા લાગી છે. ૪. કેટલાક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કહેવાય છે તે પોતાના ગોત્રની સ્ત્રીની સાથે ભ્રષ્ટ થતા હોય છે અને કેટલાક ગામ તો તેમાં પ્રસિદ્ધ છે. તેઓ વારંવાર તેમાં ફજેત થાય છે, છતાં અંતરમાં થોડીએ લાજ આવતી નથી. જ્યારે વાત જાહેર થઈ જાય છે ત્યારે તીર્થ કરવા નીકળી જાય છે. ૫-૬. અથવા તો તે પોતાનું વતન છોડીને ચાલ્યા જાય છે. કળિયુગનું બળ ઘણું રહ્યું છે એટલે સગો પિતા પુત્રીની સાથે ભ્રષ્ટ થાય છે. ૭. કેટલાક સગી બહેનની સાથે ભ્રષ્ટ થાય છે અને તે જગતમાં જાહેર થઈ જાય છે. પછી ચાહે તેટલા ઉપાય કરે તોપણ પાપ છાનું રહેતું નથી. ૮.

પશ્ચિમ દેશમાં મૂળજી નામે એક કુસંગી વણિક હતો. તે પોતાની પુત્રી સાથે ભ્રષ્ટ થયો. ૯. અઢાર વર્ષની પુત્રીની સાથે ભ્રષ્ટ થવાથી પછી તેને ગર્ભ રહ્યો. તેમાંથી દીકરીનો જન્મ થયો. ૧૦. તે બાળક પોતાના પિતાના

સંબંધથી થયું છે એમ વણિકની પુત્રીએ કહ્યું. પિતા કે પુત્રી કોઈ મર્યા નહિ. જેવી વાત પ્રસિદ્ધ થઈ તેવી કહી છે. ૧૧. દંઢાવ્ય દેશમાં મોચીનો ગોર કરીને એક વિપ્ર હતો. તે સગી બહેનની સાથે ભ્રષ્ટ થયો. તે પણ જીવિત રહ્યા. ૧૨. ભાઈના સંબંધથી જે થયું તે બધું પ્રસિદ્ધ દેખાણું.

ભાલ દેશમાં બે રજપૂત ભાઈ રહેતા હતા. તેમાં મોટા ભાઈની પુત્રીની સાથે તેનો નાનો ભાઈ અર્થાત્ પુત્રીનો કાકો ધર્મભ્રષ્ટ થયો અને તેને ગર્ભ રહેતા તેને પેટ પુત્રનો જન્મ થયો. ૧૩-૧૪. કાકાના નજીકના પ્રસંગથી આ વ્યભિચાર થયો અને તે રીતે જ મામા અને મામાના પુત્રની સાથે પણ ભ્રષ્ટ થાય છે. ૧૫. સંબંધી પુરુષના પ્રસંગથી પણ ભ્રષ્ટ થઈ તે વાત કહી. તેમજ બીજા પુરુષના પ્રસંગથી પણ સ્ત્રી ભ્રષ્ટ થયા સિવાય ક્યારેય રહેતી નથી. ૧૬. કર્મયોગી બાઈઓની જે વાત હતી તે અમે કહી. હવે સાંખ્યયોગી બાઈઓની વાત કહીએ છીએ. ૧૭. **સાંખ્યયોગી બાઈઓએ જ્યારે કોઈ આવશ્યક કામ પ્રસંગ આવે ત્યારે પોતાના સંબંધી પુરુષની સાથે બોલવું. ચાહે તેવો કોઈ સંબંધી હોય તોપણ તેની સાથે એકાંતમાં ક્યારેય ભૂલથી ગાફલપણે પણ લગારેય બોલવું નહિ. એમાં જે જેટલી ગાફલતા રાખે છે તે તેટલી સત્સંગમાં ટકી શકતી નથી. ૧૮-૧૯.**

જે હરિભક્તો બાઈઓ છે તેને પુરુષમાત્રનો પ્રસંગ મોટામાં મોટું વિઘ્ન છે, તે અમે ગ્રંથમાં વિચારીને જોયું છે. ૨૦. જેટલા હરિભક્ત પુરુષ કહેવાય છે તેને સ્ત્રીમાત્રના પ્રસંગમાં મોટામાં મોટું વિઘ્ન રહ્યું છે. જેણે પ્રસંગ રાખ્યો તે ભ્રષ્ટ થયા વિના રહ્યા નથી. ૨૧. જે કોઈએ સ્ત્રીનો જેટલો દુષ્પ્રસંગ રાખ્યો હોય તેને સત્સંગથી બહાર કરવો. બહેનો સાથે દુષ્પ્રસંગ રાખવો તે હરિભક્તોની રીત નથી. ૨૨. કોઈ હરિભક્ત સ્ત્રી છાની રીતે પરપુરુષની સાથે પ્રેમ રાખે અને તેનું તે છિદ્ર જાહેર થાય તો પછી તરત તેનો સત્સંગમાંથી ત્યાગ કરી દેવો. ૨૩.

चोपाई :

मोक्ष के खप होव हि जाहि, जाके जो नियम में वरत ताहि;
नियम बिन जितनी जो बाता, दैवत बिना तितनी रहाता...२४

જેને જેટલો મોક્ષનો ખપ હોય છે તેટલા તે પોતાના વ્રતમાન નિયમમાં રહે છે. નિયમ વિનાની જેટલી વાતો છે તે તો દૈવત વિનાની ગણાય છે. ૨૪. જે કોઈ પણ હરિભક્ત બાઈ-ભાઈ પોતાના નિયમોમાં યથાર્થ રીતે રહેતા હોય છે, તેના અંતકાળે અમે તેને વિમાન લઈને તેડવા ચોક્કસ આવશું. ૨૫. જે હરિભક્તો અમારા આજ્ઞા-વચનમાં વર્તશે તેને અમે અવિનાશી સુખ આપશું. પછી તે ભક્ત ક્યારેય ફરીને દુઃખ પામશે નહિ. ૨૬. **સત્સંગ કરવા માટે, ભગવાન માટે અને પોતાના મોક્ષને માટે જીવે જગતના લોકોએ કરેલા અપમાન સહન કરવા. ૨૭.**

❋ ખપવાળો અપમાન સહી શકે :

જેને જેટલો સત્સંગનો ખપ હોય,અને જેટલો ભગવાનનો ખપ હોય તે અપમાનના પ્રસંગે દેખાય છે. તથા મોક્ષનો જેટલો ખપ હોય તેને જગતના લોકો અપમાન કરે ત્યારે દેખવામાં આવે છે, **જે જેટલું સહન કરે છે તેટલી તેની મોટાઈ વધે છે.** ૨૮-૨૯.

अपमान कष्ट कु सहे जितना, देखेमें खप हि आवत तितना;
अपमान कष्ट कु सहत जबही, प्रसन्न होत हरि तापर तबहि...३०

ભગવાનનો ભક્ત જેટલાં અપમાનના દુઃખને સહન કરે છે, તેટલો તેનો ખપ જણાય છે અને જેટલું અપમાનનું દુઃખ સહન કરે છે તેટલાં તેનાં ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. ૩૦. જે મરજીવો જીવવાની આશા રાખે છે તે ક્યારેય સાચા મોતીને પામતો નથી અને જે નટ દોર ઉપર ચાલે છે તે જીવવાની આશા છોડીને જ ચાલે છે. ૩૧. નટ જ્યારે દોર ઉપરથી પડતો નથી ત્યારે તેને સન્માનની સાથે પુરસ્કાર મળે છે અને ચોર પણ જીવવાની આશા છોડી દઈને જ ચોરી કરવા જાય છે. ૩૨. વહાણમાં બેસીને જેટલા દેશાવરમાં જાય છે, તે બધા જીવતા જ સમુદ્રના પારને પામતા નથી. છતા જીવવાની આશા છોડીને જે સમુદ્ર પાર કરે છે, તે વેપાર-ધંધામાં કરોડપતિ થઈ શકે છે. ૩૩.

વહાણ બૂડવાથી કેટલાક લોકો મરી જાય છે, તેનો ભય સમુદ્રયાત્રા કરનારો ક્યારેય રાખતો નથી અને જે ભય રાખે છે તેનાથી કોઈ વાત સિદ્ધ

થાતી નથી. ૩૪. અંગ્રેજોની બુદ્ધિ દેવતાઓ કરતાં પણ ઘણી વધારે હોય છે. મનમાં જે વાત ધારે છે તેને સ્થિર બુદ્ધિથી તેઓ વિચારે છે. ૩૫. અંગ્રેજો જે સમયે જે કામ કરે છે ત્યારે બધા એક મત થઈ વિચારીને કરે છે. માટે તેઓ જે કોઈ પણ કામ કરે છે, તેમાં તેને સહેજે જ મોટાઈ વધતી રહે છે. ૩૬. જે રીતે કોઈની સાથે વેર ન બંધાય તે રીતે તેઓ રાજ્ય કરે છે. સ્વાયંભુવ મનુની નીતિને દેખીને અંગ્રેજો રાજ્ય કરે છે. ૩૭.

પ્રજા જો પ્રસન્ન રહે તો અંગ્રેજ સરકાર પ્રસન્ન રહે છે અને જેટલું પ્રજાને દુઃખ થતું તેટલું તેમને પણ દુઃખ થતું હતું. ૩૮. જેને તે અનીતિ માનતા હતા, તેનો તરત જ નાશ કરતા હતા. તેમની આવી સહજ બુદ્ધિ - સમજણ હતી. તેઓ કોઈથી ડર રાખતા નહિ. ૩૯. સપ્તાહમાં રવિવારના દિવસને તેમણે ઈષ્ટ માન્યો હતો. તે દિવસ તે કાંઈ કામકાજ કરતા નહિ. ૪૦. તેના જેટલા નિયમ હતા અને તેઓ પોતાના ઈષ્ટદેવની સ્તુતિ કરતા હતા, તેમાં દેશકાળને અનુસારે તેઓ ક્યારેય ચૂક પડવા દેતા નહિ. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સ્ત્રી-પુરુષનો નિકટ પ્રસંગ દુઃખરૂપ છે એમ કહીને ખપની આવશ્યક્તા કહી' એ નામે એસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર પંદરમું : તરંગ - ૮૧

કળિયુગના પ્રભાવથી દુર્બુદ્ધિ મનુષ્યના દુઃખ વગેરે કહ્યા

શ્રીહરિએ ફરીને હરિભક્તોના ઉપર હેત કરીને કહ્યું કે, માણસ મિથ્યા સુખ મેળવવા માટે અગણિત દુઃખ સહન કરે છે, ૧. **અને સાચા સુખને માટે તેટલું દુઃખ સહન કરતો નથી. વાસ્તવમાં દુઃખ સહન કર્યા સિવાય ક્યારેય સુખ મળતું નથી. ૨. મોક્ષરૂપી ફળને મેળવવા માટે પહેલા તો બધા ભૌતિક સુખનો ત્યાગ કરે. પછી જેટલો એ ધર્મ-મર્યાદામાં ચાલે તેટલું તેને અવિચળ સુખ મળે. ૩. મહેનત કર્યા સિવાય નાની એવી બાબત પણ સિદ્ધ થતી નથી, તેને ડાહ્યા માણસો જાણે છે. તે રીતે જ મોક્ષ પણ મહેનત કર્યા**

સિવાય સિદ્ધ થતો નથી. ૪. મોક્ષને માર્ગે જે ચાલવું તે મનુષ્ય દેહ મળ્યાનું સાચું ફળ છે. ઘણા મનુષ્યો અપાર બુદ્ધિમાન હોવા છતાં પણ મોક્ષને માર્ગે થોડુંએ ચાલતા નથી. ૫.

ચાહે તેવી મોટી મોટી વાતો કરે, પણ તેને મનુષ્યદેહ મળ્યો તે ન મળ્યા બરાબર છે. મોક્ષ સિવાયની જેટલી મોટી મોટી વાતો કરે છે, તે માણસ અવિચળ મોક્ષના સુખથી દૂર થયો છે. ૬. મનુષ્યની રૂડી બુદ્ધિનું ખરું ફળ એટલું જ છે કે, મોક્ષરૂપ અવિચળ સુખ સિદ્ધ કરવું. વેદ અને પુરાણ ઈત્યાદિક સર્વે શાસ્ત્રો વિવિધ વાતો દ્વારા ઉપર કહેલી મોક્ષ પ્રાપ્તિને જ કહે છે. ૭. જે અનંત પ્રકારની વાતો કહેવાય છે, તેનું જીવન મોક્ષ કરવો તેટલું જ કહેવાય છે. જે મોક્ષરૂપી અવિચળ માર્ગ ઉપર જ્યાં સુધી ચાલતો નથી ત્યાં સુધી તે બીજા ગમે તેટલા ઉદ્યમ કરે, છતાં તે એકેય લેશમાત્ર પણ કામમાં આવતા નથી. ૮-૯. જેમ કોઈને પુષ્કળ ધન પ્રાપ્ત થયું હોય અને તેને થોડુંએ વાપરે નહિ તો તેના જીવને વજ્ર કરતાં પણ કઠણ કહેવાય છે. લોકમાં કોઈ તેનાં વખાણ કરતાં નથી અને મર્યા પછી પણ તે લોભી માણસ (સર્પ થઈને) ધનમાં નિવાસ કરે છે અને જે તેનું ધન લેવા જાય તેનો તે નાશ કરે છે. ૧૦.

મોક્ષભાગી જે મનુષ્ય છે તે ક્યારેય ધનમાં બંધાતો નથી. જેટલું ધન મળે છે તેટલું તેને તે ધનમાં બંધન દેખાય છે. ૧૧. મોક્ષના માર્ગમાં જે પોતાના ધનને દાન દ્વારા નિરંતર પ્રવાહની જેમ વહેતું રાખે છે; એવા મુમુક્ષુને તેનું ધન કાંઈ બાધ કરતું નથી. તેને તો બધું જગત નિર્બાધ કહે છે. ૧૨. મોક્ષભાગી જીવનો આવો જે સ્વભાવ છે તે ક્યારેય ઢાંક્યો ઢંકાયો રહેતો નથી અને એવા મુમુક્ષુના મુખની જે વાતો છે તે ઘણા દૈવતથી ભરેલી હોય છે. ૧૩.વગર મહેનતે જેને અપાર ધન મળે છે, તેવાને પણ મોક્ષને માર્ગે ચાલતા ક્લેશ થાય છે. અથવા તો તેનું ધન મોક્ષમાર્ગે વપરાય તોય એને ક્લેશ થાય છે. ૧૪. આવા લોભી માણસને દેખીને તેની પાસે રહેલું ધન છે તે પોતાને પરાધીન દેખીને રાત-દિવસ રડ્યા કરે છે. ૧૫. લોભી બ્રાહ્મણના ધનને લેવા માટે જ્યારે કોઈ રાજા ઈચ્છા કરે છે ત્યારે તે ધન

પોતાના મનમાં ધ્રૂજવા લાગે છે અને ભગવાનની પ્રાર્થના કરવા લાગે છે (કે, હે ભગવાન ! અમને તમારે અર્થે વાપરોને...) ૧૬.

જે રૂડી બુદ્ધિવાળો રાજા પોતાનું દીર્ઘ આયુષ્ય ચાહતો હોય છે તે, બ્રાહ્મણના ધનને દૂરથી જ વંદન કરે છે. ૧૭.હિંદુ રાજા થઈને પણ મુસલમાન બાદશાહને માર્ગે જે ચાલે છે, તો તે બ્રાહ્મણનું ધન લેવા ઈચ્છા કરે, તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી. ૧૮. જે રાજા પોતાના કુળનો વિનાશ કરવા ચાહતો હોય તે જ બ્રાહ્મણના ધનને લે છે અને બ્રાહ્મણનું ધન લેવું તે કળિયુગના પ્રવેશનું ચિહ્ન છે. ૧૯. પરીક્ષિત રાજામાં જ્યારે કળિયુગે પ્રવેશ કર્યો ત્યારે તેણે શમિક ઋષિના કંઠમાં મરેલો સર્પ તત્કાળ નાખ્યો. ૨૦. જ્યારે મનુષ્યને રાજ્યનો મદ ચઢે છે ત્યારે તે ન કરવાનું કામ પણ કરે છે. પછી તેનો ન્યાય કે અન્યાયનો વિવેક સંપૂર્ણ નાશ પામે છે. ૨૧.

કોઈ અન્યાયી રાજાને હાથે જેવું કોઈ કુકર્મ થાય તેવું પરીક્ષિત રાજાને હાથે થયું. પછી તો પાંડવોનો પૌત્ર છે એમ જાણીને શુકદેવજીએ હેતથી તેનો મોક્ષ કર્યો. ૨૨. સહસ્રાર્જુન, વેન, ઈન્દ્ર અને નહુષરાજાને જેમ દુઃખ આવ્યું હતું, એમ જે રાજ્યમદથી ઉન્મત્ત થાય છે તે રાજાઓને પણ વિપરીત દુઃખ થાય છે. ૨૩. આ કળિયુગમાં જેટલા દુઃખરૂપ મદોન્મત્ત રાજાઓ થયા છે તે બધાનો ગર્વ ઉતારવા (તેને રાજા મટાડી આઝાદ ભારતની રચના) માટે દયા કરીને પ્રગટ થયેલા ભગવાને આજે અંગ્રેજ સરકારને પ્રેરણા કરી છે. તેમણે જેટલા ઉન્મત્ત રાજાઓ હતા, તે બધાંને પોતાને વશ કરી લીધા છે અને જેણે તેનો સામનો કર્યો તેને ઉડાડી દીધા છે. (પછી વલ્લભભાઈ પટેલ વગેરે દ્વારા રજવાડાનું એકીકરણ થયું. ભારત આઝાદ થયું.) ૨૪-૨૫. ભગવાન જ્યાં જેટલું યોગ્ય હોય ત્યાં તે પ્રમાણે કોઈના દ્વારાએ પોતાનો અગણિત પ્રતાપ ઠેકઠેકાણે દેખાડે છે. ૨૬. જે અંતરાત્મા સન્મુખ દેખતો નથી તે મનુષ્ય તો આંધળો છે જ, પરંતુ જે ભગવાનના પ્રતાપને દેખતો નથી તે તો અત્યંત આંધળો છે. ૨૭.

✵ જેવો સંગ તેવો રંગ :

વિમુખ લોકો શાસ્ત્ર વાંચતા નથી અને સાચા સંતનો સંગ રાખતા

નથી અને તેનાં વચન પણ ઢંગધડા વગરના હોય છે. તેથી તેનો કોઈ વિશ્વાસ કરતા નથી. ૨૮. જેનાં વચનમાં ક્યારેય વિશ્વાસ આવતો નથી તો તેને મનુષ્ય જ કહેવાય નહિ. તો તે રાજા થયો હોય તોએ શું ? ૨૯. બાળપણાથી જ માણસને જેવો સંગ રહે છે તેવો તેને રંગ લાગી જાય છે, તેમાં કોઈ ફેરફાર પડતો નથી. ૩૦.

चोपाई :

सत्पुरुषके करत जो संगा, तेसे गुन तामें आत उतंगा;
सत्शास्त्र कहावत जो जेता, तामें रुचि करत हि सो तेता...३१
तीर्थ व्रत कु सत मानत तबहु, असत में पाव भरत न कबहू;
असत शास्त्र के करत त्यागा, सतशास्त्र मानत बडभागा...३२

જે મનુષ્ય સત્પુરુષોનો સમાગમ રાખે છે, તેમાં તેવા ઉજ્જવળ ગુણ આવે છે. પછી જે સચ્છાસ્ત્ર કહેવાય છે તેમાં તેને રુચિ થાય છે. ૩૧. પછી તે તીર્થ અને વ્રતોને સાચા માને છે અને ખોટે માર્ગે ક્યારેય ડગલું ભરતો નથી. અસચ્છાસ્ત્ર ત્યાગ કરી દે છે અને ભાગ્યશાળી તે સચ્છાસ્ત્રોનાં વચનો સત્ય માને છે. ૩૨. આવા ભાગ્યશાળીને બધા અસત્ય મતપંથો દેખવા સમજવામાં આવે છે. અને જે ભગવાનની પ્રતિમાઓ હોય છે તે પણ તેને સાચી છે તેમ જીવમાં દેખાય છે. ૩૩. પછી તેને અધર્મ તથા અસત્‌માર્ગ છે તે હૃદયમાં જણાઈ આવે છે. એટલે તે સંત અને અસંતને જોતાની સાથે જ તેના વર્તન ઉપરથી ઓળખી લે છે. ૩૪. આવો ભક્ત જેટલા મોક્ષમાર્ગ દેખાય છે તે બધાનું પોષણ-પ્રતિપાદન કરે છે અને જે અસત્ય માર્ગ દેખાય છે તેનો તે ઉચ્છેદ કરી નાખે છે. ૩૫.

તે ભક્ત ભગવાનને અંતર્યામી જાણે છે અને સાચા સંત તથા વિપ્રનો સંગ રાખે છે અને તેની સાથે અખંડ બેઠઊઠ રાખે છે. ૩૬. જેટલી અસત્ય વાતો કહેવાય છે તેને જોઈને તરત તેનો ત્યાગ કરી દે છે; આવા સજ્જન મનુષ્યોનું જ્યારે મરણ થાય છે ત્યારે તેનો મોક્ષ થાય છે. ૩૭. જે માણસ બાળપણથી અસત્પુરુષનો સંગ રાખે છે, તો તે સંગ રાખનારામાં અસત્‌ પુરુષના દુર્ગુણ આવે છે. ૩૮. હવે જે દુર્ગુણ આવે છે તેની વાત શ્રીહરિ

સાક્ષાત્ કહે છે. કારણ કે, કહ્યા વિના કોઈને તેની ખબર પડતી નથી. ૩૯. દુર્ગુણી માણસને મોક્ષનો માર્ગ ગમતો નથી અને તેની તે ઠઠ્ઠામશ્કરી કરે છે, તેથી તેની બુદ્ધિ અસત્ થઈ જાય છે. ૪૦. **આમ અસત્પુરુષના યોગે કરીને તેની સુબુદ્ધિ નાશ થઈ જાય છે અને જેટલા જ્ઞાનના દ્વાર છે તે દ્વારા કુબુદ્ધિ આવીને વાસ કરે છે. ૪૧.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કળિયુગના પ્રભાવથી દુર્બુદ્ધિ મનુષ્યના દુઃખ વગેરે કહ્યા' એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર પંદરમું : તરંગ - ૮૨

અંગ્રેજોની નીતિ અને ભારતમાં ગુજરાતની શ્રેષ્ઠતા ઇત્યાદિક કહ્યું.

શ્રીહરિ ફરી કહેવા લાગ્યા, અમે જે પત્રોમાં વાત લખાવી છે તે મુમુક્ષુઓને માટે ઘણી જ રસરૂપ છે. ૧. અસત્પુરુષના જોગે કરીને મનુષ્યની અસત્બુદ્ધિ થઈ જાય છે. પછી અસત્બુદ્ધિવાળો પુરુષ તીર્થ અને વ્રત ઈત્યાદિકને પણ ખોટા કહેવા લાગે છે. ૨. પછી તે ક્યારેય સન્માર્ગમાં ડગલું માંડતો નથી અને ઘણી આસક્તિથી અસત્માર્ગે દોડતો રહે છે. ૩. તે અસત્માર્ગનું જ પોષણ કરતો રહે છે. મિથ્યા બોલતો રહે છે અને તેણે કરીને પછી તેની અસદ્ગતિ થાય છે. ૪. જે ઝેરના ઝાડને વાવે છે તે ઝેરરૂપ ફળને પામે છે અને જે અમૃતના ઝાડને વાવે છે તે અમૃતરૂપ ફળને પામે છે. ૫. તે જે જે બાબતમાં આગળ જાય છે તેમાં તેની અપકીર્તિ જ થાય છે. આવું જે બને તેને ઝેરનું ઝાડ કહેવાય છે. અને તેમાં જે અપકીર્તિ મળે છે તે ઝેરરૂપ ફળ છે. ૬.

✵ જેવી વાત કરે તેવું ફળ મળે :

ચોપાઈ :

जो बात किये कीर्ति अपारा, ठोर ठोर होवे वार न पारा;
अमृत वृक्ष एसी बात कहावे, शुभ कीर्ति अमृत फल रहावे...०७

જે કાર્ય કરવાથી ઠેકઠેકાણે અપાર કીર્તિ થાય છે તે અમૃતમય વૃક્ષની વાત કહેવાય છે, અને જે શુભ કીર્તિ મળે છે તે અમૃતવૃક્ષનું ફળ છે. ૭. **જે જે શુભ વાત કહેવાય છે તેમાં સુખ અને શાંતિ રહી છે અને જે અશુભ વાત કરવી તેમાં તેટલું દુઃખ રહ્યું છે. ૮.** સુખનો માર્ગ ત્યાગ કરીને જે અસત્‌માર્ગે ચાલવા લાગે છે અને અસત્પુરુષનો સંગ કરે છે, તેનું ફળ દુઃખરૂપ રહ્યું છે. ૯. આવી રીતે જે જે મનુષ્યો અન્ય લોકોને દુઃખનું કારણ બનતા હોય છે, તેઓ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તેને પોતાને કે લોકોને ક્યારેય સુખ થતું નથી. ૧૦. **મનુષ્યને સુખ આપવા માટે તો અમે આજે સત્સંગમાં વિચરીએ છીએ. આજે જેટલા લોકોએ સત્સંગ સ્વીકાર્યો છે તે અત્યંત સુખી થઈ ગયા છે. ૧૧.**

ભગવાનની જ્યારે ઈચ્છા થઈ ત્યારે સદ્‌બુદ્ધિવાળા અંગ્રેજ આ દેશમાં આવ્યા છે. અને તેમના આવવાથી જે દુર્બુદ્ધિ લોકો છે, તે બધા ચૂપચાપ બેસી ગયા છે. ૧૨. અંગ્રેજો જે કોઈ નિયમ વિરુદ્ધ ચાલતા હોય છે તેને સતત દેખતા રહે છે. ધર્મમર્યાદા લોપનારા કોણ રાજા ? કોણ ગુરુ ? કોણ પ્રજા ? શું વર્ણ ? શું આશ્રમ ? કોણ મુસલમાન ? તેમાંથી જે કોઈ કાયદા બહાર ચાલતા હોય તો તેઓ તરત તેને કાયદા-મર્યાદામાં ચલાવે છે. ૧૩-૧૪. ધર્મમર્યાદામાં રહેનારા માણસો બેકાબુ લોકોના બળથી અને તેજથી ડરતા નથી. ધન અને કિલ્લાથી ડરતા નથી. તોપની તો સન્મુખ જાય છે. મરવાનો તો લેશમાત્ર ડર નથી. દિલમાંથી બધો જ ડર ત્યજી દીધો છે. તેને જગતનો લેશમાત્ર સ્વાર્થ નથી. તેમને તો એક ધર્મમર્યાદા રાખવાનો સ્વાર્થ છે. ૧૫-૧૬.

પરમેશ્વરની પ્રેરણાથી ધર્મમર્યાદાવાળાની બુદ્ધિ એવી થઈ હતી, તે ખરેખર આશ્ચર્યની વાત છે. પરમેશ્વર કરે તો શું ન થાય ? ૧૭. પરમેશ્વરનું આ સામર્થ્ય છે. તેમણે વર્ણ અને આશ્રમ ઉત્તમ કર્યા છે, છતાં પણ તેમાં જેટલા ઉત્તમ વર્ણાશ્રમવાળા છે, તે બધાએ પોતપોતાના ધર્મનો ત્યાગ કરી દીધો છે. ૧૮. જેનો જેવો ધર્મ હોય તે પ્રમાણેની વાત જ્યારે પરમેશ્વરના સંતો કરવા લાગ્યા ત્યારે તેને તે ધર્મવિરુદ્ધ લોકો મારવા લાગ્યા. ૧૯. તેઓ ઉપરથી તો ભારે ધર્મ દેખાડતા હતા, પણ અંદરથી તેઓ બધા અધર્મમાં

એકાકાર થઈ ગયા હતા. ઉત્તમ જાતિના અપાર લોકો પણ પ્રેમથી માંસ, મદિરા ખાતાં પીતાં હતાં. ૨૦. જેને ધનનો મદ હતો, તે બધા છાની રીતે દુરાચાર કરવા લાગ્યા અને ઉપરથી તો વૈષ્ણવ અને શૈવ જણાતા હતા, પણ તેઓ છાની રીતે દારૂ અને માંસ પીતા ખાતા હતા. ૨૧.

આ ભરતખંડમાં કેટલાય દેશો છે. તેમાં ચાર ધામની વચ્ચેનો જે ભાગ છે તેને ઉત્તમ દેશ કહેવાય છે. આટલા વચ્ચેના ભાગમાં જ ભગવાનને ભજવાની રીત ઠેકઠેકાણે દેખાય છે. વેદો અને પુરાણોની વાતો પણ આટલા ભાગમાં વિશેષ મનાય છે અને પવિત્ર તીર્થો પણ આટલા ભાગમાં જ દેખાય છે. ૨૨-૨૩. તે બધા દેશોમાં જે ગુજરાત છે તે સર્વોત્તમ છે. પાવાગઢથી લઈને દ્વારકા સુધી આ પ્રદેશ રહ્યો છે. ૨૪. તે પ્રદેશમાં તીર્થવાસીઓને માટે સદાવ્રત કર્યા હતા, એટલી તીર્થવાસી ઉપર દયા રહી હતી. દયા વિના અન્ન ક્યારેય અપાતું નથી. ૨૫. અન્ન આપવાની જે દયા જ્યાં જેટલી હતી તે નિઃસ્વાર્થ ભાવની હતી. માટે આવો કોઈ બીજો દેશ નથી; આવો અમે નિશ્ચય કર્યો છે. ૨૬. એટલી દયા કરી છે કે કોઈ દિવસ મનુષ્ય મોક્ષને માર્ગે ચાલે અને પછી તેનો મોક્ષ થાય. ૨૭. ભગવાન પ્રગટ થઈને કોઈવાર સાધુનું રૂપ ધરીને એકાકી તીર્થોમાં ફરતા રહે છે. ૨૮.

❋ મુમુક્ષુ માટે પ્રભુ પધારે :

અને તે સંતરૂપે એકલા ફરતા ભગવાન મુમુક્ષુઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. કારણ કે, જ્ઞાન વિના કોઈની મુક્તિ થાતી નથી. ૨૯. અમે તીર્થ કરવાને માટે ઘણા દેશોમાં ફર્યા. પરંતુ અમે અહીંયાં ઘણા મુમુક્ષુઓ દેખ્યા તેથી આ દેશમાં પ્રેમથી આવ્યા. ૩૦.

बाई रु भाई मुमुक्षु जितना, भगवान के कहावत तितना;
मुमुक्षु के भगवान कहाते, एक एक कु संबंध रहाते...३१
देह जिय कु संबंध रहे जेसे, भगवान मुमुक्षु कु तेसे;
संबंध रहे सहज स्वभावा, तिन करी यह आवत देखावा...३२

જેટલા મુમુક્ષુ બાઈ-ભાઈ છે, તે બધા ભગવાનના કહેવાય છે અને ભગવાન મુમુક્ષુના કહેવાય છે. આમ, મુમુક્ષુઓ અને ભગવાનનો પરસ્પર

સંબંધ રહ્યો છે. ૩૧. દેહ અને જીવનો જેવો સંબંધ છે તેવો ભગવાન અને મુમુક્ષુનો સહજ સ્વભાવે સંબંધ રહ્યો છે. તે સંબંધે કરીને આ પ્રાપ્તિ દેખ્યામાં આવે છે. ૩૨. જે કોઈ બાઈ-ભાઈ હરિભક્ત થઈને લોકોને દેખાડવા માટે જ ઉપર ઉપરથી ધર્મને પાળે અને છાની રીતે ચોરી તથા વ્યભિચાર કરતા રહે. ૩૩. દારૂ અને માંસ ન ખાવા પીવા ઈત્યાદિક નિયમ રાખતા નથી. તેને તો અંતકાળે લાલ લાલ આંખોવાળા મહાભયંકર યમદૂત લેવા આવશે. ૩૪. તે જમદૂતો ભયંકર આયુધોને ધારી રહ્યા છે અને તે બધાના મુખ ક્રોધથી ભરેલા હોય છે. જે મનુષ્ય કપટી, અધર્મી, દગાખોર, વિશ્વાસઘાતી, લોક અને વેદની મર્યાદાનો ત્યાગ કરનારા, અનીતિ કરવામાં રાગવાળા અને મનમુખી થઈને વર્તનારા હોય છે, તથા જે ગમાર લોકો હોય છે તેનું હૃદય ઉપર કહેલા જમદૂતોને દેખીને થરથર કાંપવા લાગે છે. બિલાડીની આગળ ઉંદર અને સિંહની આગળ બકરાની સ્થિતિ થાય છે તેવી સ્થિતિ તે જીવોની જમદૂતોની આગળ થાય છે. તેનું કાંઈ જોર ચાલતું નથી. ૩૫-૩૭.

ઘણીવાર રાજા, રાજાના કર્મચારીઓ, સુબેદારો અને દીવાનો વગેરે કારભાર કરનારા હોય છે, તે બધા વગર વાંકે ગરીબને દુઃખવતા હોય છે. ૩૮. જેને જે રીતના નીતિ-ધર્મ કહ્યા હોય છે તે પ્રમાણે જે નથી ચાલતા તે બધાને જમદૂત તેના કર્મ પ્રમાણે દુઃખ દે છે. ૩૯. ગુરુ અને ગુરુના શિષ્યો, જેઓ નીતિને છોડીને જેટલું વર્તે છે તેટલા તે પરમેશ્વરના ચોર ગણાય છે. ૪૦. જેટલા જે ગુનેગાર હોય છે તેને જમદૂતો જોઈને પછી ધર્મરાજાની આગળ પકડીને લઈ જાય છે. ૪૧. મજબૂત લોઢાની સાંકળથી તેના પગને જકડીને બાંધી દે છે, ત્યારે તે અપરાધી જીવ પોતાના પાપોને સંભારીને આંખોમાંથી અતિ આંસુને પાડે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'અંગ્રેજોની નીતિ અને ભારતમાં ગુજરાતની શ્રેષ્ઠતા ઈત્યાદિક કહ્યું' એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર પંદરમું : તરંગ - ૮૩

તામિસ્ર, અંધતામિસ્ર અને રૌરવાદિક નરકકુંડનું દુઃખ કહ્યું

શ્રીહરિએ ફરીને જમપુરીની વાત કહી કે, મનુષ્ય આ લોકમાં જેવું પાપ કરે છે તેવું તેને ત્યાં જમપુરીમાં દુઃખ મળે છે. ૧. ત્યાં તે જીવને સ્થૂળ શરીરની ભાવનાથી યુક્ત સૂક્ષ્મદેહ મળે છે; એમ શુકદેવજીએ પરીક્ષિત રાજાની આગળ સ્પષ્ટ કહ્યું છે. ૨. અઠ્યાવીશ જેટલા નરકના કુંડ છે, તેના નામ પહેલા કહું છું. એ નરકસ્થાનો અત્યંત ભયંકર રહ્યાં છે. જે પાપી જીવોને દુઃખ દેવા માટેના છે. ૩. તેમાં (૧) અંધતામિસ્ર, (૨) તામિસ્ર, (૩) રૌરવ, (૪) મહારૌરવ, (૫) કુંભીપાક, (૬) કાલસૂત્ર, (૭) અસિપત્ર વન, (૮) શૂકરમુખ, (૯) અંધકૂપ, (૧૦) કૃમિભોજન, (૧૧) સંદશન, (૧૨) તપ્તસૂર્મિ, (૧૩) વજ્રકંટક, (૧૪) શાલ્મલી, (૧૫) વૈતરણી, (૧૬) પૂયોદ, (૧૭) પ્રાણરોધ, (૧૮) વૈશસન, (૧૯) લાલાભક્ષ, (૨૦) સારમેયાદન, (૨૧) અવિચી, (૨૨) અયઃપાન, (૨૩) ક્ષારકર્દમ, (૨૪) રક્ષોગણ, (૨૫) શૂલપ્રોત, (૨૬) દંદશૂક, (૨૭) અવટરોધ (પર્યાવર્તન), (૨૮) સૂચીમુખ, ઈત્યાદિક નરકકુંડના નામ કહ્યાં છે. ૪-૭. અઠ્યાવીશ પ્રકારના નરકકુંડના નામ કહ્યા. હવે તેમાં જે દુઃખ હોય છે તે કહું છું.

(૧) **તામીસ્ર** નામના નરકમાં કેવા પાપી જીવને નાંખવામાં આવે છે? તો, જે પારકું દ્રવ્ય, બાળક, સ્ત્રી, ઈત્યાદિક વસ્તુઓને અનાડી થઈને ચોરે છે, તેને અત્યંત ભયંકર જમના દૂતો દેખાય છે અને કાળના પાશથી એના હાથને પરાણે બાંધી લે છે. ૮-૯. એવા પાપી મનુષ્યને જમદૂતો ક્રોધ કરીને તામિસ્ર નામના નરકમાં નાખે છે. અને જે મનુષ્યે જેવાં જેવાં પાપ કર્યા હોય તે ધર્મરાજ તેને પૂછીને તેના મોઢે જ કબૂલ કરાવે છે. તેમાં કોઈ ફેરફાર રાખતા નથી. જે જીવ જેવાં પાપ કરે છે તેવાં પાપ તે જીવની સાથે જાય છે. ૧૦-૧૧.

❋ દંભીઓની લાક્ષણિક્તા :

કદાચ જીવ ખોટું બોલે તો તેને જ મુખે તે પાપને કબૂલ કરાવે છે. સત્પુરુષો અને શાસ્ત્રોએ વારંવાર તેને ઘણી શિખામણ આપેલી હોય છે. ૧૨.

તે શિખામણને ઉલ્લંઘન કરીને મન ફાવે તેમ જેટલું વર્તે છે તેટલું તેને પ્રત્યક્ષ દુઃખ દેવામાં આવે છે. ૧૩. સત્પુરુષના સમાગમ અને શાસ્ત્રના વચન વિના જેટલા લોકો છે તે ઉન્મત્ત વર્તન કર્યા સિવાય ક્યારેય રહી શકતા નથી. ૧૪. કોઈ મનુષ્ય ઉન્મત્ત ભલે હોય પણ શાસ્ત્રના માર્ગે ચાલે છે ત્યારે તેને દંડ દેતા રાજા અને ધર્મ પણ કાંઈક ડરે છે. ૧૫.

(૨) **અંધતામિસ્ર** નામના નરકમાં કેવા પાપી જીવને નાંખવામાં આવે છે ? તો, જેટલા દુષ્ટજનો છે તે ગૃહસ્થ લોકોને ઠગતા રહે છે તેવાને અંધતામિસ્ર નામના નરકમાં નાંખવામાં આવે છે. તે કેવી રીતે ઠગે છે ? તો, ગૃહસ્થને હેત કરીને કહે છે કે, અમે તમારા ઘરને સાચવશું. ૧૬. તમારે કોઈ ઘરનું કામ હોય, ગામમાં, ખેતરમાં, દેશમાં કે પરદેશમાં કાંઈ કામકાજ હોય તો તમે સુખે જઈને કરો. ૧૭. જેમ તમે તમારા ઘરને સાચવો છો તેમ હું પણ તમારા ઘરને ચોક્કસ સાચવીશ. હું અને તમે બંને મિત્રો જ છીએ. એક મિત્રે બીજા મિત્રની રક્ષા કરવી જોઈએ. ૧૮. જરૂર પડે ત્યારે જો મિત્ર કામમાં ન આવે તો તે મિત્ર ઠગ કહેવાય છે. હું કહું છું કે એવા ઠગ મિત્રોનો વિશ્વાસ તમારે ક્યારેય કરવો નહિ. ૧૯. બધા મિત્ર એકસરખા નથી હોતા. ઘણા મિત્રો પ્રીતિ કરીને પછી ઠગે છે. આવા ઠગોનો વિશ્વાસ ન કરવો અને જે ઠગ હોય છે તેને ઓળખવા. ૨૦.

ઓળખ્યા વિના ઠગ મિત્રનો ક્યારેય વિશ્વાસ ન કરવો. તેવા ઠગના જે પિતા, ભાઈ, કાકા, પુત્ર, ભત્રીજા, જે કોઈ કહેવાતા હોય તે કોઈનો પણ ક્યારેય વિશ્વાસ કરવો નહિ. આવા લોકો સમય પ્રમાણે વર્તતા રહેતા હોય છે. (આવી રીતે વાત કરીને વિશ્વાસ દૃઢ કરાવીને પછી તેનું ઘર લૂંટે છે. માટે) આવી જે વાત કરતા હોય છે તેનો બધા ગૃહસ્થ લોકો વિશ્વાસ કરતા હોય છે. ૨૧-૨૨. પછી ભોળા લોકો એવા ઠગ મિત્રથી ઘરની કોઈ પણ વસ્તુ છુપાવી રાખતા નથી અને પછી દેશ પરદેશ જ્યારે જાય છે ત્યારે તેઓ પોતાનું ઘર તેને સોંપી દે છે. ૨૩. તે ગૃહસ્થો જ્યારે દેશ પરદેશમાં જાય છે ત્યારે એવા ઠગને બોલાવીને ઘરની બધી સંપત્તિ તેને સોંપી દે છે અને પછી તે ઠગ તે ઘરનો માલિક બનીને રહે છે. ૨૪.

તે ગૃહસ્થ જેટલા દિવસ દેશમાં કે પરદેશમાં બહાર રહે છે તેટલા દિવસ તે ચતુર ઠગ પોતાનું ધાર્યું બધું કરે છે. ૨૫. પછી તે ગૃહસ્થની પત્ની, દીકરી અને દીકરાની પત્ની એ બધાને સ્વાધીન કરીને તે ઠગ ભોગવે છે. ૨૬. આવી રીતના જેટલા ઠગ હોય છે, તેને કોઈ પારખી શકતું નથી; એવા ઘણા ઠગ હોય છે, તેને અંતકાળે જમદૂત આવીને પકડી જાય છે અને બાંધીને જમપુરીમાં લઈ જાય છે અને ત્યાં મુદગરનો માર મારે છે. ૨૭-૨૮. અને ધર્મરાજા તેને દેખીને તેનાં કરેલાં પાપ કહી સંભળાવે છે. પછી જમદૂતની પાસે તેને અંધતામિસ્ર નરકમાં નખાવે છે. ૨૯.

(૩) **રૌરવ** નામના નરકમાં કેવા પાપી જીવને નાંખવામાં આવે છે? તો, જે મનુષ્ય દેહ અને કુટુંબીજનોને માટે રાત્રી-દિવસ પાપ કરે છે તથા કુટુંબીઓનું પોષણ કરવા માટે બીજા જીવોનો અપાર દ્રોહ કરે છે. ૩૦. આવાં જે પાપ કરે છે, તેને વિકરાળ જમના દૂતો પકડીને જમપુરીમાં તત્કાળ લાવે છે. ૩૧. જે નિર્દય થઈને પોતાના દેહનું અને કુટુંબીઓનું પોષણ કરવા માટે વારંવાર બીજાને ડરાવે છે અને તેનો દ્રોહ કરે છે, તેને ધર્મરાજા રૌરવ કુંડમાં નખાવે છે. ૩૨.

(૪) **મહારૌરવ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે દુર્ભાગી મનુષ્ય દેહ તથા કુટુંબીઓના પોષણ માટે અહીં જીવને મારે છે, તે જ્યારે અહીંથી કુટુંબનો ત્યાગ કરીને જાય છે ત્યારે ત્યાં જમપુરીમાં અપાર દુઃખને પામે છે. ૩૩. વીંછી અને સર્પ કરતાં પણ ભારે ઉગ્ર એવા ભારે દુઃખદ જંતુઓ ત્યાં હોય છે તેઓ જ્યારે નિર્દય જીવને દેખે છે ત્યારે ચારેબાજુથી દોડીને તેની પાસે આવે છે. ૩૪. તે વીંછી આદિક જંતુઓ મનમાં રીસ લાવીને તે પાપીને કરડે છે. તેણે મનુષ્યજન્મમાં જે રીતે બીજા જીવને માર્યા હોય છે તે પ્રમાણે તેને ત્યાં અપાર દુઃખ દે છે. અને તે હાય... હાય... હું મરી ગયો એમ મુખથી પોકાર કરે છે. ૩૫. જે મનુષ્ય સારાં ભોજન અને મેવાઓથી કેવળ પોતાના શરીરનું જ રાત-દિવસ ભરણપોષણ કરે છે, પણ બીજા કોઈને આપવાની મનમાં દયા રાખતો નથી, ૩૬.

બીજા કોઈ ભૂખ્યા મનુષ્યને લેશમાત્ર પણ ખાવા દેતો નથી, હંમેશાં એકલો જ ખાતો રહે છે, એવો મનુષ્ય જ્યારે મરે છે ત્યારે તેને લેવા જમદૂત આવે છે. ૩૭.અને તેવા પાપીને ધર્મરાજા મહારૌરવ નામના નરકમાં નખાવે છે. તેમાં રુરુ નામના અપાર જંતુઓ હોય છે. ૩૮. જેઓ માંસનો જ આહાર કરે, એવા જે જંતુઓ હોય છે તેને રુરુ કહેવાય છે અને તે પાપી જીવને ખાય છે. ૩૯. જે જે કુંડમાં પાપી પડે છે ત્યાં તેમને છેલ્લી કોટિનું દુઃખ અપાય છે અને ત્યાં વર્ણ અને આશ્રમની ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ જે રીત છે તેને દેખીને ધર્મરાજ તેને તેવી રીતે દંડ દે છે. ૪૦-૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'તામિસ્ર, અંધતામિસ્ર અને રૌરવાદિક નરકકુંડનું દુઃખ કહ્યું' એ નામે ત્યાસીમો તરંગ સમાપ્ત ।।૮૩।।



પૂર પંદરમું, તરંગ - ૮૪

કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન અને શૂકરમુખ નરકકુંડોનું વર્ણન

શ્રીહરિ કહે છે, જે મર્યાદા છોડીને સ્વચ્છંદ રીતે ચાલ્યા હોય, તેના જમપુરીના દુઃખની વાતને હું ફરીને કહું છું. ૧. જે લોકો નિર્દય થઈને અતિ ઉગ્રપણે ઘોર પાપકર્મ કરે છે તેની નિંદા તો રાક્ષસો પણ પોતાને મુખે વારેવારે કરે છે. ૨.

(૫) **કુંભીપાક** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે? તો, જે મનુષ્ય પશુ, પંખી, હરણ અને તેતર આદિ ઘણા પ્રાણીઓને મારે છે અને તેને રાંધીને ખાય છે, આવા નિર્દય લોકો જ્યારે મરે છે ત્યારે તેને લેવા અનેક જમદૂતો આવે છે અને તેને જમપુરીમાં લઈ જાય છે. ૩-૪. ધર્મરાજા તેને જોઈને કુંભીપાક નામના નરકમાં ઊકળતા તેલની કડામાં તેવા પાપી જીવને નખાવે છે. ૫.

(૬) **કાળસૂત્ર** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે? તો, જે મનુષ્ય માતા, પિતા, વિપ્ર, વેદ અને પુરાણો, આ બધાનું

અપમાન તથા દ્રોહ કરે છે, તે મનુષ્ય જ્યારે મરે છે ત્યારે જમના દૂતો આવીને તેના બંને હાથ બાંધીને તેને જમપુરીમાં લઈ જાય છે. ધર્મરાજ તેને દેખીને તે વખતે કાળસૂત્ર નામના નરકમાં જોર કરીને ફેંકાવે છે. દસ હજાર યોજન જેટલો, ચારેબાજુ પહોળો તે નરકકુંડ રહ્યો છે. ૬-૮. તાંબાના મોટા પાટિયા જેવી તે કુંડની બધી ભૂમિ રહી છે. તેની નીચે અગ્નિનો તાપ કરી તેને તપાવે છે અને ઉપર સૂર્યના તાપથી તપે છે. ૯. પછી તે પશુના જેટલા રૂંવાડા હોય છે તે એક એક રોમના હજાર હજાર વર્ષ સુધી પાપીને ત્યાં અત્યંત દુઃખ સહન કરવું પડે છે. ૧૦. તે પાપીને આળોટતા, સૂતા, ઊભા રહેતા કે આમતેમ વારંવાર દોડતા બહાર અગ્નિથી શરીર બળતું રહે છે અને અંદરથી ભૂખની પીડા હોય છે. ૧૧. જેમ ધાણી ફૂટે છે તે રીતે તે પાપીનું શરીર તપીને તૂટતું રહે છે.

(૭) **અસિપત્રવન** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે મનુષ્ય આપત્કાળ વિના પણ પોતાના વૈદિક ધર્મમાર્ગથી અને વર્ણાશ્રમના ધર્મમાંથી દ્રવ્યના લોભે કરીને પડી જાય છે અને જે પાખંડરૂપી ધર્મવાળો હોય છે, ૧૨-૧૩. તે જ્યારે મરે છે ત્યારે જમદૂતો તેને જમપુરીમાં લઈ જાય છે અને અસિપત્રવન નામના નરકમાં નાખે છે. ૧૪. ત્યાં જમદૂતો ઘણા જોરથી બાંધીને તેના ઉપર પ્રહાર કરે છે. ત્યારે તે જીવ આમતેમ દોડતો રહે છે અને તાડના જેવા પાંદડાં કે જેની બંને બાજુ તલવારના જેવી તીક્ષ્ણ ધાર હોય, એવા ઝાડની ચારેબાજુ દોડે છે ત્યારે તેની ત્વચા અને અંગ કપાતા રહે છે. ૧૫-૧૬. હાય... હાય... હું મરી ગયો એમ તે મુખેથી ઉંચા સ્વરે પોકાર કરે છે અને વેદનાએ કરીને વારંવાર તે ઘણી મૂર્છાને પામે છે. ૧૭. જે પોતપોતાની ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરીને વર્તે છે તે ઉપર કહેલા નરકમાં ડગલે ને પગલે ચાલતા પડી જાય છે અને તેને કશી સૂધ રહેતી નથી. ૧૮. જેણે પાખંડધર્મ આચર્યો છે તેનું ફળ તે જમપુરીમાં તેવું પામે છે.

(૮) **શુકરમુખ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, રાજા, રાજાના કર્મચારીઓ, નોકરો, દીવાનો, સલાહકાર આદિક

બધા નિરપરાધીને હૂકમ કરીને દંડે છે. ૧૯. તથા જે બ્રાહ્મણ જ્ઞાતિ દંડને યોગ્ય નથી તેનાં શરીર ઉપર પણ દંડ કરે છે તે સૌથી વધારે પાપી કહેવાય છે. આવા જુલમી લોકો જ્યારે મરે છે ત્યારે ભયંકર જમદૂતો તેને લેવા માટે આવે છે અને તેને બેહાલ કરીને મુશ્કેટાટ(બંને હાથ પાછળ રાખી મજબૂત બાંધવા) બાંધીને લઈ જાય છે અને તેના મસ્તક ઉપર વારંવાર લોઢાના મુદ્ગર મારે છે અને તે ધૂળમાં રગદોળાય છે. ૨૦-૨૨. જમદૂતો તેને કહે છે કે, તમે હવે અમારી ઉપર હુકમ અને જુલમ કરો, અમારી જેવા અત્યાર સુધી તમને કોઈ મળ્યા નથી. ૨૩. તમારો જેટલો જોર, હુકમ હોય તે હવે અમારી ઉપર કરો, એમ કહીને યમદૂતો તેને તત્કાળ જમપુરીમાં પહોંચાડે છે. ૨૪. સિંહના મોઢામાં જે આવે છે તેને બોલવાની પણ સૂધ રહેતી નથી, તેમ જમદૂતો આગળ આ પાપી-અધર્મીની દશા થાય છે. ૨૫.

दोहा : राजमद हि धनमद हि सम, ओर मद नहीं कोउ;
मद जो ताके केप में, अंध हो जावत सोउ...२६

રાજ્યના અને ધનના મદ જેવો બીજો કોઈ મદ હોતો નથી. જેમાં તે મદનો નશો છે તે અંધ થઈ જાય છે. ૨૬.

✻ નીતિ એ જ સાચા નેત્ર છે :

सोरठा : भूप के नेन न नेन, भूप के नेन नीति रहेउ;
चाय तिमि रहे चेन, नीति बिन जीय बिन रहेउ...२७

રાજાની બહારની જે આંખો છે તે ખરેખર આંખો નથી. રાજાની આંખ તો નીતિ છે. ચાહે તેટલી ચેતના હોવા છતાં નીતિ ન હોય તો તે રાજા જીવ વિનાનો છે. ૨૭. જે રાજાઓ વગર નીતિએ ચાલે તે મૂર્તિમાન જુલમ છે, એમ સુજ્ઞ મનુષ્યો કહે છે. જેનામાં નીતિ છે તે જુલમ કરતા નથી. ૨૮. વગર નીતિએ જે રાજ્ય કરે છે તે રાજા મૂર્તિમાન અનીતિ છે અને જે રાજા જેટલો અનીતિમાં ચાલે છે તેને તેટલાં દુઃખ જમપુરીમાં ભોગવવા પડે છે. કેમ જે, એવા અધર્મી માટે જ જમપુરી રચી છે. ૨૯. રાજા, રાજાના નોકર,

દીવાન અને સલાહકાર આદિક જેટલા અનીતિમાં ચાલે છે, તે બધાને દંડ દેવાને માટે શૂકરમુખ નામના નરકમાં નાખે છે. ૩૦.

ત્યાં તે પાપી જીવ અપાર દુઃખોને સહન કરે છે અને હાયઓયના ઘણા પોકારો કરે છે. જેનાં જેવાં કર્મ હોય તેને તે જાતના દુઃખ દેવા માટે પરમેશ્વરે તે દેખીને તે જાતની આજીવિકાવૃત્તિ કરી હોય છે. જેને બીજાની પીડાની કોઈ ગમ નથી તેવાં ચાંચડ, માંકડ, જૂ વગેરે છે. અને મૃગલાં, સસલાં, બકરાં, મચ્છ તથા પંખીઓ જેવાં ઘણાં જંતુઓ છે, તે બધાની અનાજ સિવાયની બીજી આજીવિકા કરી છે. તેને પણ બીજાની પીડા વિશે જ્ઞાન નથી. ૩૧-૩૩. તથા જેને બીજાની પીડાની ગમ નથી એવા અપાર ભૂતપ્રાણીઓ છે અને જેને પારકી પીડાની ગમ છે એવી તો એક મનુષ્યની જાતિ જ છે, ૩૪. શ્રીહરિએ વિવિધ પ્રકારનું અનાજ અને જેનો ગણે પાર આવતો નથી એવાં ફળ, ફૂલ, મેવા તથા પકવાનો વગેરે મનુષ્યના હિત માટે અનેક પ્રકારના બનાવ્યા છે. ૩૫. ઘી, સાકર, ખાંડ, ગોળ, દૂધ, દહીં, કેટલીક પ્રકારના રસ, વિવિધ પ્રકારનાં વસ્ત્રો, સુવર્ણના આભૂષણો, હિરા, મોતી વગેરે મનુષ્યને માટે છે. ૩૬. પાંચેય જ્ઞાનેન્દ્રિયોના એક એક વિષય માટે અનેક નિષ્પાપ ભોગ રચાયા છે, તે જેને વિવેક છે તે જાણે છે. ૩૭. પરંતુ જે અવિવેકી માણસ છે તે હુકમ અને મદના જોરથી હિંસક પશુ, પંખી અને જંતુઓની આજીવિકાને તોડી નાખે છે. ૩૮. પશુ, પંખી અને અન્ય જે હિંસક જંતુઓ છે તે ભૂખ્યા રહીને મરી જાય તોપણ બીજો ચારો ચરતા નથી. ૩૯. માંસાહારી પશુ ચાહે તેવું પકવાન હોય તોપણ તે તેને ક્યારેય ઈચ્છતું નથી.પશુ-પંખીઓની ટેક અચળ રહી છે. પરંતુ મનુષ્યોને કોઈ પણ પ્રકારની ટેક નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન અને શૂકરમુખ નરકકુંડોનું વર્ણન કર્યું' એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર પંદરમું : તરંગ - ૮૫

અંધકૂપ, કૃમિભોજન અને સન્દંશ નરકકુંડોના દુઃખોનું વર્ણન

શ્રીહરિ ફરીથી જમપુરીની વાતને કહે છે. કેમ જે, વાત કહ્યા વિના કોઈ દોષ ક્યારેય દેખાતો નથી. ૧. લોક અને શાસ્ત્રમાં નિંદિત જેટલા દોષ કહેવાય છે, તેને મનુષ્ય જો જાણે તો ત્યજી દે છે. ૨. શાસ્ત્રમાં નિષિદ્ધ દોષોને મળની જેમ ત્યાગ કરે તો તે મનુષ્ય કહેવાય છે અને નિષેધ કરેલ દોષને ગ્રહણ કરે તો તે પશુ કહેવાય છે. ૩. લાકડી લઈને મારવું તે પશુનો દંડ કહેવાય છે, પણ જે ડાહ્યા માણસો છે તે તેવા નિષેધ કરેલા દંડનો ત્યાગ કરે છે. ૪.

(૯) **અંધકૂપ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, નિષેધ કરેલા દોષોનો ત્યાગ ન કરવામાં આવે તો તેને અનીતિ કહેવાય છે અને તે પશુના જેવા અનીતિવાળા મનુષ્યને તે પાપથી છૂટવાને માટે ધર્મરાજા અંધકૂપ નામના નરકમાં નાખે છે. અને જ્યારે તે જીવ પાપથી છૂટે છે ત્યારે તે નરકના કુંડનું બધું દુઃખ જીવને દૂર થઈ જાય છે. ૫-૬.

❋ સ્મૃતિ એટલું સુખ :

चोपाई :

भगवान को संभारत जबही, एक मन होईके तबही;
तिन करी पाप कहावत जेते, दुःख ताके दूर होवत तेते...०७
जिहाँ लग ही भगवान तिनके, नाम नहि लेवत मुख ईनके;
तिहाँ लग नर्क कुंड मांहीं, दुःख सहत अति पापी तांही...०८

મનુષ્ય મનને એકાગ્ર કરીને જ્યારે ભગવાનને સંભારે છે ત્યારે તેનાથી જે બધાં પાપો તથા દુઃખો કહેવાય છે તે સર્વે દૂર થઈ જાય છે. ૭. જીવ જ્યાં સુધી ભગવાનનું નામ મુખથી નથી લેતો ત્યાં સુધી તે અતિ પાપી નરકકુંડમાં બધા દુઃખોને સહન કરે છે. ૮. જ્યાં સુધી જીવ ભગવાનનું નામ નથી લેતો ત્યાં સુધી તે લખચોરાશીમાં ભમ્યા કરે છે અને જ્યાં સુધી ભગવાનને શરણે નથી જતો ત્યાં સુધી તેનો જન્મ વૃથા વગોવે છે. ૯. જે હરિભક્ત થાય

છે તે તો દેવો કરતાં પણ અધિક છે, તેમ અમે દેખીએ છીએ. અમે **જેનાં જેવાં નિયમ પાળવાનાં કહ્યાં હોય છે તેને તે રીતે જે પાળે છે તે સર્વોપરિ ભક્ત કહેવાય છે. ૧૦. જે મનુષ્ય ભગવાનને સર્વોપરિ જાણે છે તે પોતે સર્વોપરિ મુક્ત થઈ જાય છે. જે મનુષ્ય જેવી રીતે ભગવાનને સમજે છે તેવો તે પોતે થઈ જાય છે.** ૧૧.

પાત્ર, દિવેલ અને વાટ, એ ત્રણેયનો જેવો જોગ રહે છે તેટલો દિવામાં પ્રકાશ થાય છે અને અંધારાનો નાશ થાય છે. તેમ જે જેટલો આજ્ઞા, ઉપાસનામાં દૃઢ રહે છે તેટલું તેમાં સાચું જ્ઞાન પ્રકાશે છે. ૧૨. અને **નિષ્કપટભાવે જેટલો સત્સંગ કરવામાં આવે છે, તે તેટલો ભગવાનના ધામમાં બેઠો છે તેમ દેખાય છે.** ૧૩. સત્સંગની સમજણમાં જેટલો દંભ રખાય છે, તે દંભવાળાને ભગવાન ક્યારેય ચાહતા નથી. ૧૪. ભગવાન જીવના અંતકાળે તે દંભનો ત્યાગ કરાવે છે અને તેનું અભિમાન રહેવા દેતા નથી. દંભનો ત્યાગ કરાવવો તે ભગવાનના હાથની વાત છે. ૧૫. ભગવાનની રુચિ પ્રમાણે જ્યારે મનુષ્યનું વર્તન થાય છે ત્યારે ભગવાન તેને માન આપે છે. પાત્ર વિના ભગવાન કોઈને ક્યારેય માન આપતા નથી. ૧૬.

અનાજ ઇત્યાદિક જે કોઈ પણ ખાવાની વસ્તુ કહેવાય છે, તે જ્યારે મળે ત્યારે ઓચિંતા કોઈ અભ્યાગત(ભિક્ષા માગનાર) આવે તો તેને આપ્યા સિવાય જે ખાવા લાગે છે તથા અભ્યાગતને જોઈને જેને દયા નથી આવતી અને તે દેખતા રહે તેમ જે અનાજ ખાય છે, તે તો અત્યંત નિર્દય કહેવાય છે. ૧૭-૧૮. અભ્યાગતને આપ્યા સિવાય જે અન્ન ઇત્યાદિક ખાય છે, તે તો પાસે શબ પડ્યું હોય ને કોઈ ખાતો હોય તેવું કહેવાય છે. ૧૯. ગૃહસ્થોએ રોજ પાંચ મહાયજ્ઞ (જપયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ અને મનુષ્યયજ્ઞ) કરવા જોઈએ. તે યજ્ઞ કર્યા વિના જે ખાય છે, તેને પાંચ પ્રકારની હિંસાનું પાપ રહે છે. ૨૦. ગૃહસ્થોને રોજ પાંચ પ્રકારનાં પાપ થતાં હોય છે. તે ગૃહસ્થનું ચાહે તેવું ઘર હોય તોપણ થાય છે. તે કહ્યા સિવાય દેખાતા નથી. ૨૧. ચૂલો, ઘંટી, સાવરણી, પાણિયારું અને ખાંડણિયો, એ પાંચમાં રોજ સહજભાવે પાંચ પ્રકારનાં પાપ થતાં હોય છે. ૨૨. જે કોઈ પણ નવી

વસ્તુ આવે તે ભગવાનને ધરાવ્યા વિના જે ખાય, પીવે, ઓઢે, પહેરે, ઘરેણાં-ચંદન ઈત્યાદિકને ધારે, વાહન અને ઘર વગેરે ભગવાનને અર્પણ કર્યા સિવાય જો વાપરે છે, તો તે ઉત્તમ હોવા છતાં પણ માંસાહારીના જેવો પાપી કહેવાય છે. ૨૩-૨૪.

શાસ્ત્રમાં જે કલ્યાણકારી વચન કહ્યાં હોય તેને જે માને છે, તેનો મોક્ષ અવશ્ય થાય છે, તેમાં કોઈ સંદેહ નથી. ૨૫. પાપ કરવા છતાં પણ મોક્ષ થાય છે, આવું કહેનારું શાસ્ત્ર કદાચ મેરું કરતાં પણ ઊંચું હોય તોપણ તેને અસચ્છાસ્ત્ર જાણવું. ૨૬. ભગવાન સદા સાકાર છે, મૂર્તિમાન છે અને સુંદર દિવ્ય આકારવાળા છે અને તેમનું ધામ પણ તેવું જ સુંદર દિવ્યાકાર છે. ૨૭. એવા સાકાર ભગવાનને જે નિરાકાર કહે છે, તેને કશી ખબર પડતી નથી. તેઓ તો દેખાદેખીથી કહે છે. ૨૮.

(૧૦) **કૃમિભોજન** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, આવી રીતે ભગવાનને જે નિરાકાર કહે છે અને જે સત્સંગ કરતા નથી, તે જ્યારે મરે છે ત્યારે તેના અંતકાળે જમદૂત આવીને તેને જમપુરીમાં લઈ જાય છે. ૨૯. ધર્મરાજા આવા પાપીને દેખીને કૃમિભોજન નામના નરકમાં નાખે છે. જમદૂતો તેનું અપમાન કરે છે. અને ત્યાં તેને જોઈને કાગડાઓ ખુશ થઈ જાય છે. ૩૦. ત્યાં સેંકડો કે હજારો યોજનના વિસ્તારવાળો તે કુંડ રહ્યો છે. આવા જે હજારો પાપી હોય છે, તે ત્યાં કૃમિના દેહને પામે છે. ૩૧. તેવા જ કૃમિના દેહને પામીને પરસ્પર એકબીજાને ખાવા દોડે છે. જ્યારે તે ભગવાનને સંભારે છે ત્યારે તે કૃમિભોજન નામના નરકના કુંડના દુઃખથી છૂટે છે. ૩૨. જ્યાં સુધી જીવ સમર્થ એવા ભગવાનને સંભારતા નથી અને ભગવાનથી વિમુખ રહે છે ત્યાં સુધી તે નરકના કુંડમાં રહ્યા રહ્યા દુઃખને સહન કરે છે. ૩૩.

(૧૧) **સન્દંશ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, આપત્કાળ પડ્યા વિના પણ જે બ્રાહ્મણ કે બ્રાહ્મણ સિવાયનાનું ધન ચોરીને કે બળાત્કારે કરીને લૂંટી લે છે, તેને અંતકાળે જમદૂતો જમપુરીમાં લાવે છે અને અગ્નિમાં તપાવેલા લોઢાના સાણસાથી તેની ચામડીને ઠેકાણે

ઠેકાણેથી તોડે છે. તેને સન્દંશ નામનું નરકકુંડ કહેવાય છે. તેમાં જીવ અપાર દુ:ખને સહન કરે છે. ૩૪-૩૬.

(૧૨) **વૈતરણી** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તસસો, રાજા અને રાજાના જે કર્મચારીઓ જેટલી ધર્મની મર્યાદાઓ કહેવાય છે તેને જુલમ કરીને ભાંગી નાખે છે, ૩૭. ધર્મના દ્વેષી એવા તે રાજા અને તેના કર્મચારીઓને દેખીને જમદૂતો તેમને વૈતરણી નદીમાં નાખે છે. ૩૮. વૈતરણી નદીમાં વિષ્ઠા, મૂત્ર, પરું, લોહી, મેદ, રૂંવાડાં, હાડકાં, માંસ અને મજ્જા વગેરે અપવિત્ર વસ્તુ ભરી હોય છે. તેમાં જીવને પ્રવેશ કરાવે છે. ૩૯. તે સમયે ત્યાં તેને રોમેરોમ કૃમિ નામના જંતુઓ ખાય છે અને સર્પ, વીંછી, મગર પણ ખાય છે ત્યારે તે પાપી દુ:ખથી ચીસો પાડે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'અંધકૂપ, કૃમિભોજન અને સન્દંશ નરકકુંડોના દુ:ખોનું વર્ણન' એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર પંદરમું : તરંગ - ૮૬

તપ્તસૂર્મિ અને પૂયોદ આદિ નરકકુંડોના દુ:ખોનું વર્ણન

શ્રીહરિએ જમપુરીની જે વાત કહી તેને જો કોઈ મનુષ્ય સાંભળે તો તે બધા પાપથી મુક્ત થાય છે. ૧.

(૧૩) **તપ્તસૂર્મિ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે પુરુષો પરનારી સાથે અને સ્ત્રીઓ પરપુરુષ સાથે વ્યભિચાર કરે છે તો તેને જમદૂતો ઉમંગથી દુ:ખ દે છે. ૨. વ્યભિચાર કરનાર સ્ત્રી-પુરુષને લોઢાના તપાવેલા સ્તંભની સાથે અનેકવાર બાથ ભરાવે છે. તે તપ્તસૂર્મિ નરક કહેવાય છે. ૩.

(૧૪) **પૂયોદ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, આ જગતમાં જે પુરુષ વેશ્યાનો પતિ હોય છે તેને જ્યારે જમપુરીમાં પૂયોદ નામના નરકમાં નાખે છે ત્યારે તે અતિ રુદન કરે છે. ૪. પરુ, રૂધિર,

મૂત્ર, વિષ્ઠા અને લીંટ એ આદિક અપાર અપવિત્ર વસ્તુઓ સાગરની જેમ આ નરકકુંડમાં ભરી હોય છે. તેમાં તે વ્યભિચારીને અપાર દુઃખ દેવામાં આવે છે. ૫.

(૧૫) વૈશસન નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, કેટલાક દંભી લોકો દંભે કરીને યજ્ઞ કરે છે અને તેમાં જાતજાતના પશુઓને મારે છે અને તેના માંસને પ્રેમથી ખાય છે, આવા દંભી લોકો જ્યારે મરે છે ત્યારે જમદૂતો આવીને તેને જમપુરીમાં લઈ જાય છે. અહીં જે રીતે પશુ માર્યા હોય તે રીતે જ ત્યાં જમદૂતો તેને દંડ દે છે. ૬-૭. મનુષ્યે આ લોકમાં જેટલા પશુઓને માર્યા હોય છે તે બધાં પશુઓ ત્યાં હાથમાં છરા લઈને ઊભા હોય છે. અહીંયાં તેણે જેટલું માંસ ખાધું હોય છે, તેવાં પાપી જ્યારે જમપુરીમાં જાય છે ત્યારે તેને વૈશસન નામના નરકમાં નાખે છે. અને તેને મારીને તેનું માંસ તે પશુઓ ખાય છે. જે દંભે કરીને યજ્ઞ કરે છે, તેને તેનું ફળ ઉપર કહ્યું તેવું મળે છે. ૮-૯.

(૧૬) લાલાભક્ષ નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, પોતાના કુળની સ્ત્રીઓ સાથે જે વ્યભિચાર કરે છે, તે જ્યારે મરે છે ત્યારે જમદૂત તેને જમપુરીમાં લઈ જાય છે, આવા ગોત્રગામી જીવને લાલાભક્ષ નામના કુંડમાં નાખે છે અને તેના પાપને અનુસારે તેને ત્યાં વીર્ય પીવડાવે છે. ૧૦-૧૧.

(૧૭) વજ્રકંટક શાલ્મલી નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, ગોત્ર સિવાયની ચાંડાળી સુધીની સ્ત્રીઓનું જે ગમન કરીને ખુવાર થાય છે તથા જે મ્લેચ્છ, પશુ અને પુરુષમાં વ્યભિચાર કરે છે, ૧૨. એવો પાપી જ્યારે મરે છે ત્યારે તેને જમદૂત જમપુરીમાં લઈ જાય છે અને ત્યાં વજ્રના જેવા કાંટાવાળા શાલ્મલિના વૃક્ષ ઉપર ફેંકે છે. ૧૩. પછી જમદૂત તેને પગથી પકડીને તે વજ્રકંટક ઝાડ ઉપર દબાવીને ખેંચે છે અને તેનાથી તેની બધી જ ચામડી વૃક્ષની સાથે લપેટાય જાય છે. તેનાથી પીડિત જીવ ચીસો પાડે છે. ૧૪.

(૧૮) **પ્રાણરોધ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે માણસ વાંદરની જેમ કરમૈથુન કરી વીર્યપાત કરે છે, તો તેને જ્યારે ભૂખ લાગે છે ત્યારે જમદૂત વીર્ય પિવરાવે છે. ૧૫. જે મનુષ્ય બ્રાહ્મણ હોવા છતાં જ્યારે સર્વગામી થઈને શ્વાન, ગર્દભ સુધી પહોંચીને નિર્લજ્જ થઈને તેનો સંગ કરે છે, ૧૬. અને જે મનુષ્ય, પશુ અને પંખી ઈત્યાદિક હરકોઈને જાણી જોઈ, પ્રાણ રુંધી મૂંઝવીને મારે છે અને બંદૂક કે બાણથી પણ મારે છે, એવા જે રાજા અને રાજાના નોકર-ચાકર હોય તેને તથા દેવમંદિર અને વિપ્ર ઈત્યાદિકની આજીવિકાને છળ-બળે કરીને જે ખૂંચવી લે છે, તેવા અધર્મીની બધી દુનિયા ઘણી નિંદા કરે છે અને તેની પુત્રીઓ પણ તરત વિધવા થઈ જાય છે. તે ઉપર કહ્યા તેવા બધાં અધર્મીનો જ્યારે અંતકાળ આવે છે ત્યારે જમના દૂત તેને લઈ જાય છે, પ્રાણરોધ નામના નરકમાં નાખે છે. અને તેને નિશાન બનાવીને મારે છે. ૧૭-૨૦. અને ત્યાં જમદૂતો તેને બંદૂક અને બાણનું નિશાન બનાવીને અતિ રોષથી વીંધી નાખે છે અને તેના શરીરને ચારણીના જેવું છીદ્રવાળું કરી દે છે. ૨૧.

(૧૯) **સારમેયાદન** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે લોકો ચોરી કરે છે, અગ્નિથી ગામને સળગાવી દે છે, બીજાને ઝેર આપે છે, છળ-કપટથી બીજાને મારી નાખે છે અને રાજા તથા રાજાના નોકરો ગામને કે કોઈ યાત્રિક સંઘને લૂંટે-લૂંટાવે છે તેવા બધા લૂંટારાઓને વજ્રના સમાન દાઢવાળા સાતસોને વીશ શ્વાન જ્યાં રહે છે, તેવા સારમેયાદન નામના નરકકુંડમાં નાખે છે અને ત્યાં જેટલું તેણે પાપ કર્યું હોય છે તે પ્રમાણે રોષભર્યા શ્વાનો તેને ખાય છે. ૨૨-૨૪. જે કોઈપણ બાબતની સાક્ષીમાં ખોટું બોલે છે, તે જ્યારે મરે છે ત્યારે જમદૂત તેને લેવા આવે છે. ૨૫. પછી જૂઠું બોલનારાને અને વિશ્વાસઘાતી મનુષ્યોને જમદૂતો આવીને જમપુરીમાં લઈ જાય છે. ૨૬.

(૨૦) **અવિચિ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે માણસ જે તે વાતમાં ખોટા સોગંદ ખાય છે. જેવા કે, લેણ-

દેણ, વેપાર કે કારભારમાં તે ખોટું બોલીને સોગંદ ખાતો હોય છે. એ રીતે બીજાને વિશ્વાસ આપીને છેતરતો હોય તેને અને બે જણ ભેળી ખેતી-ધંધો કરતા હોય, તેમાં બીજા ન જાણી શકે તેમ જે એકલો ચોરીને ધન ખાતો હોય તેને જમદૂતો જાણે છે. ૨૭-૨૮. એવા પાપી માણસને અવિચિ નામના નરકમાં નાખવામાં આવે છે. ત્યાં એક અનેક યોજન સુધી ઊંચો જમપુરીમાં જે પહાડ છે અને તેની નીચે જમીન ઉપર અસ્ત્રાના જેવી ધારવાળા ઘણા પથ્થર રહ્યા છે. તે પહાડને અવિચિ કહેવાય છે અને તેના ઉપર તે પાપીને ચઢાવવામાં આવે છે. ૨૯-૩૦. તે પાપીને પહાડના શિખર ઉપરથી જમદૂત નીચે ફેંકી દે છે ત્યારે તે અસત્ય બોલનારના શરીરના તલ તલ જેટલા ટૂકડા થઈ જાય છે. ૩૧.

(૨૧) **અયઃપાન** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, વિપ્ર કે વિપ્રની જે સ્ત્રી તે જો દારૂ પીવે તો તેને અને બીજા વર્ણના જે મનુષ્ય હોય તે જો વ્રતાદિકના દિવસે દારૂ પીવે તો તેને જ્યારે તેનો અંત સમય આવે ત્યારે જમદૂત દેખાય છે અને તેને જમપુરીમાં લઈ જાય છે. ૩૨-૩૩. તથા ક્ષત્રિય અને વૈશ્ય પ્રમાદથી જો આનંદ માણવા સોમવલ્લીનું પાન કરે છે તો તેને અયઃપાન નામના નરકમાં જમદૂતો ઘણું દુઃખ આપે છે. ૩૪. અને તે નરકમાં જમદૂતો લોઢાને ગરમ કરીને તેનો રસ તે પાપીના મુખમાં છાતી ઉપર પગ દઈને પાય છે. ત્યારે તે પાપી રડતો રહે છે. ૩૫. લોઢાના રસના કડછા ભરી ભરીને માનો સદ્ભાવ હોય તેમ વારંવાર તેને પાતા રહે છે. તે ઉકાળેલા લોઢાના રસમાંથી વારંવાર ગરમીની જ્વાળા નીકળે છે અને તેથી તેનું મુખ અને છાતિ વારંવાર બળી જાય છે. ૩૬.

(૨૨) **ક્ષારકર્દમ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, કોઈ પણ મનુષ્ય પોતે અધમ હોવા છતાં આદરણીય શ્રેષ્ઠ માણસ કરતાં પણ પોતાને ઘણો શ્રેષ્ઠ માને અને તેવું અભિમાન કરે, ૩૭. તો તેવો નીચ અભિમાની જ્યારે મરે છે ત્યારે જમદૂત તેને તત્કાળ જમપુરીમાં

લઈ જાય છે અને ક્ષારકર્દમ નામના નરકમાં નાખે છે. ૩૮. તે ક્ષારકર્દમ નામનું નરક અપાર ઊંડું છે અને તે સ્થાન અત્યંત ભયંકર છે. તે અધમ માણસને તેમાં ઊંધે માથે ફેંકવામાં આવે છે. ૩૯. તે પાપી જ્યારે મનને એકાગ્ર કરીને ભગવાનને સંભારે છે ત્યારે તે નરકના દુઃખથી છૂટે છે તે વિના તે દુઃખથી ક્યારેય છૂટતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'તપ્તસૂર્મિ અને પૂયોદ આદિ નરકકુંડોના દુઃખોનું વર્ણન કર્યું' એ નામે છાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥

પૂર પંદરમું : તરંગ - ૮૭

શ્રીહરિએ પત્રમાં પરમેશ્વરનું સર્વશક્તિમાનપણું કહ્યું

વળી ફરીને શ્રીહરિ જમપુરી બાબતની વાત કહે છે. તે વાતને જે કોઈ કાનથી સાંભળે છે તો તેની બુદ્ધિ શુદ્ધ થઈ જાય છે. ૧. આ જમપુરીની વિગત સાથેની વાત સાંભળ્યા સિવાય માણસની બુદ્ધિ ક્યારેય શુદ્ધ થતી નથી. તેથી બુદ્ધિને શુદ્ધ કરવા માટે શ્રીહરિ તે વાત કરે છે. ૨. પરોક્ષપણે વાત કહ્યા સિવાય મોક્ષની વાત ક્યારેય સમજાતી નથી. જેટલા સમર્થ મોટા પુરુષો રહ્યા છે તે બધા તેથી જ પરોક્ષપણે વાત કહે છે. ૩. પરોક્ષ બાબત કહેવા સાંભળવામાં જે રસ ભર્યો હોય, તેવો પ્રત્યક્ષમાં હોતો નથી, તે બુદ્ધિ માનને દેખાય છે. ૪. જેવો સમય હોય તે પ્રમાણે બુદ્ધિશાળી તેને સમજી શકે છે. મોક્ષ બાબતની જે બુદ્ધિ છે તે જ ખરી બુદ્ધિ છે અને મોક્ષ સિવાયની બીજી બુદ્ધિ છે તે તો કુબુદ્ધિ કહેવાય છે. ૫.

ઇન્દ્ર અને બ્રહ્માને તુલ્ય કોઈ થાય તો એમાં શું થયું ? તેમાં કોઈ આશ્ચર્યની બાબત નથી અને તેમાં જો આશ્ચર્ય મનાય તો તે બુદ્ધિમાન હોવા છતાં તેટલો અંધ છે. ૬. વિમાનમાં બેસીને ચાલવું તે કોઈ આશ્ચર્યની વાત નથી અને જ્યાં સુધી બ્રહ્માંડ રહે ત્યાં સુધી આ દેહને ધારી રાખવો, તે પણ આશ્ચર્યની વાત નથી. કેટલાક એવા પણ હોય શકે છે કે, બ્રહ્માંડમાં જેટલી

વાત થતી હોય છે તેને અહીં બેઠા બેઠા કહી શકે છે, ૭-૮. પરંતુ એવા મનુષ્ય તો કોઈક જ હોય છે. તેમ છતાં તે પણ આશ્ચર્યની વાત નથી. પંખીઓ આકાશમાં ઊડતા રહે છે તેમાં જે કેટલીક કળાઓ હોય છે, તે મનુષ્યમાં દેખાતી નથી. ૯. ચકોર પક્ષી છે તે આગને પણ ખાઈ શકે છે. કેમ જે, ઈશ્વરે જેને જેવી શક્તિ આપી છે, તેવી તેમાં દેખી શકાય છે. ૧૦.

ઈશ્વરથી શું ન થાય ? તેવો ચાહે તે કરે છે. દૂધ, દહીં, માખણ અને ઘી જેવી ઉત્તમ વસ્તુઓને પણ પશુના શરીરમાંથી કરે છે. ૧૧. વળી, પરમેશ્વરે ગોળ, ખાંડ અને સાકરમાં કેવો સરસ રસ મૂક્યો છે ? તે પણ પ્રભુ વનસ્પતિમાંથી બનાવે છે અને વિવિધ પ્રકારનાં જે અનાજ છે, તે પણ વનસ્પતિમાંથી બનાવતા રહે છે. ૧૨. જાત જાતનાં ફળ અને ફૂલ હોય છે, તેમજ વિવિધ પ્રકારનાં જે વસ્ત્ર હોય છે, તે પણ વનસ્પતિમાંથી ઊપજે છે તેમ દેખાય છે. તે બધાનું કારણ પરમેશ્વર છે. ૧૩. જે જે કાંઈ પણ વસ્તુ પદાર્થ દેખવા-સાંભળવામાં આવે છે, તે બધા પાંચ ભૂતોમાંથી પેદા થાય છે, એમ સહુને દેખાય છે. ૧૪. જમીન, પથ્થર, બધી ધાતુઓ અને ઘણી જાતના હીરા, માણેક આદિ ઝવેરાત, બધું અત્યંત જડ દેખાય છે. ૧૫.

પરમેશ્વર તો ઘણા સમર્થ છે. તેમણે તો દહીં-દૂધના સાગર કર્યા છે અને જાંબુનદથી તો મીઠાની જેમ સોનું થાય છે. ૧૬. મેરુ પર્વત ઉપર જાંબુ, વડ, કદંબ અને આંબાના સુખકારી ચાર વૃક્ષ ચારે દિશાઓમાં એક એક રહ્યાં છે. તેમાં અપાર ઐશ્વર્ય રહ્યું છે. ૧૭. લોકાલોક પર્વતથી પણ મેરુ પર્વતની ભૂમિ જેટલી રહી છે તે બધી સોનાથી રચેલી છે. આવી રચના કરનાર પરમેશ્વરને તુલ્ય કોઈ દેખાતા નથી. આ આશ્ચર્યની વાત છે. ૧૮. જે પરમેશ્વરની સમાનતા કરવા જાય છે તે તો કહેવા માત્રનો જ માણસ રહે છે. સૂર્યના ચાહે તેટલા કરોડો ચિત્ર કરો, પણ આકાશમાં જે સૂર્ય રહ્યો છે તેની તુલનામાં તો તે ચિત્રામણના સૂર્ય અણું ભાગ જેટલા પણ કહેવાતા નથી. તેમ બીજો ગમે તેટલો મહાન હોય તોપણ ભગવાનની તુલનામાં અણું ભાગ જેટલો પણ કહેવાતો નથી. પરમેશ્વરમાં જેવી કળાઓ રહી છે, તેવી કળા કોઈમાં દેખાતી નથી. આ વાત આશ્ચર્યકારી છે. ૧૯-૨૦.

બીજામાં કોઈ પરમેશ્વરની થોડી ઘણી કળા દેખાતી હોય, તો તે પણ પરમેશ્વરની ઈચ્છાએ કરીને જ દેખાય છે. આ રીતે જે મનુષ્ય સમજે છે તે વાસ્તવમાં મનુષ્યજાતિનો કહેવાય છે. ૨૧. અને તેણે વેદ અને પુરાણાદિ અપાર વિદ્યાઓ ભણી લીધી છે. કેમ જે, મનુષ્યશરીરનું ફળ એટલું જ છે અને તે બધું જ તે પામી ગયો છે. ૨૨. શુદ્ધ વેદાંતના નાના મોટા જે ગ્રંથો કહેવાય છે તેમાં લખ્યું છે કે, એક પરમેશ્વર જ સર્વ કર્તા છે, પરમેશ્વરે જે જે મર્યાદા બાંધી છે તેનું જે ઉલ્લંઘન કરે છે તે બધાં નર-નારીઓને જમપુરી અને લખચોરાશીમાં વારંવાર અપાર દુઃખ પ્રાપ્ત થાય છે. ૨૩-૨૪. જમપુરીના જે દુઃખ છે તેને હજારો જન્મ સુધી કહ્યા કહીએ તોપણ તેનો પાર આવતો નથી, એવા તે અપાર છે. ૨૫. જે કવિઓ છે તે જમપુરીના બધા દુઃખને સંક્ષેપે કરીને કહે છે. અગ્નિનો તણખો થોડો હોય છે તોપણ તેમાં અપાર અગ્નિ રહ્યો છે. ૨૬.

✵ દુઃખ ટાળવાનો ઉપાય ભજન છે :

सोरठा : अपार से हि अपार, हरि रहे साक्षात हि जोउ;
भजत हि ताकु लगार, फेर जन्म न होत तेहि...२७
दुःख जेते रहेउ, हरि भजत नहीं जिहाँ लग;
वेर वेर होवत तेउ, भजत तब नहीं दुःख रहत...२८

જે સાક્ષાત્ પરમાત્મા છે તે અપારથી પણ અપાર છે. તેમનું થોડું પણ ભજન કોઈ કરે છે તો તેને ફરીવાર જન્મ લેવો પડતો નથી. ૨૭. જેટલું દુઃખ કહેવાય છે તે જીવ જ્યાં સુધી ભગવાનનું ભજન નથી કરતો ત્યાં સુધી વારંવાર આવે છે. જ્યારે તે ભગવાનને ભજે છે ત્યારે દુઃખ રહેતું નથી. ૨૮.

चोपाई :

दुःख बिन हरि भजत नहि केहा, जो जो जन कहावत हि तेहा;
दुःखकर हरि भजत ही कबहू, सुखकर कबहु न भजत जनहू...२९

જે જે મનુષ્યો કહેવાય છે તે બધાં દુઃખ આવ્યા સિવાય કોઈ ભગવાનનું ભજન કરતા નથી અને દુઃખ આવે તો ક્યારેક ભગવાનનું ભજન કરે છે,

પરંતુ તે માણસો સુખ આવવાથી તો ક્યારેય ભજન કરતા નથી. ૨૯. મોટા મોટા જે ધનાઢ્ય(માયાના પાત્ર) કે સત્તાધીશો છે, તે વિષયમાં ભરપૂર પડ્યા રહે છે અને તેઓ ભગવાન કરતાં કોટિગણું વધારે સુખ વિષયમાં માને છે. ૩૦. ભાગવત જેવા પુરાણો એવાને પશુથી પણ હલ્કા પશુ કહે છે. જે જે શરીરને જીવ ધારણ કરે છે તેમાં તેને વિષય સિવાય બીજી કોઈ વસ્તુ દેખાતી નથી. ૩૧. પથ્થર અને લોઢા સુધીમાં વિષયનો નિવાસ છે તે જોવામાં આવે છે. વિચાર કરીને અમે જ્યારે જોઈએ છીએ ત્યારે એવું જણાય છે કે, વિષયની કોઈ દુર્લભતા નથી. ૩૨. મનુષ્યો બીજી જાતના અપાર વિચારો કરે છે, પણ માયાના બંધનથી છૂટવા માટેનો લગાર પણ વિચાર કરતા નથી અને બંધનમાં જ સુખ દેખતા રહે છે. એવા બુદ્ધિમાન જે કોઈ કહેવાય છે, તેવા મનુષ્યોને સાચો સત્સંગ કર્યા સિવાય ક્યારેય અંતરમાં પ્રકાશ થતો નથી અને તે અંતરમાં પ્રકાશ થાય એટલા માટે ભાગવત અને ગીતા જેવા સદ્ગ્રંથોની રચના કરવામાં આવી છે, ૩૩-૩૪.

❋ પ્રગટ હરિ કે સંતથી જ મોક્ષ :

चोपाई :

तोहू भगवान प्रगट बिन हि, मोक्ष मारग न देखात किन हि;
वा भगवान के साचे संता, जेहि जन कु मिलत ही रहंता...३५
ताके जोग कर जन जितना, भव बंधन छूटत रहे तितना;
संत के जितने करत न जोगा, ताको रहत भवदुःख जो रोगा...३६

તેમ છતાં પ્રગટ ભગવાન મળ્યા સિવાય કોઈને મોક્ષનો માર્ગ દેખાતો નથી અથવા ભગવાનના સાચા સંત જેને મળે છે અને તેનો જેટલો સંગ રાખે છે તેટલું તેનું ભવબંધન છૂટે છે અને સંતોનો જે જેટલો જોગ નથી કરતા તેને તેટલો સંસારનો દુઃખરૂપી રોગ રહે છે. ૩૫-૩૬. ભવબંધનમાં જ જમપુરી અને લખચોરાશીનું દુઃખ રહેલું છે. પરંતુ તે જેના ભાગ્ય ઉદય થયા હોય તેને જ દેખાય છે. ૩૭. જેમ સાક્ષાત્ ભોજન કર્યા સિવાય કોઈની ભૂખ ભાંગતી નથી, તેમ જમપુરીના જેટલાં દુઃખ છે તે સાંભળ્યા વિના તેનું

જ્ઞાન થતું નથી. ૩૮. જે કોઈ પણ નર-નારીઓ મનુષ્યની હિંસા કરીને દેવીને કે કાળભૈરવને પૂજે છે અને મનુષ્યનું માંસ ખાય છે તથા મસ્તીમાં આવી જઈને જગતના ગીત તથા વાજિંત્ર વગાડે છે, તેવાનો જ્યારે અંતકાળ આવે છે ત્યારે તેને જમદૂત દેખાય છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ પત્રમાં પરમેશ્વરનું સર્વશક્તિમાનપણું કહ્યું' એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર પંદરમું : તરંગ - ૮૮

રક્ષોગણભોજન, શૂલપ્રોત આદિક નરકકુંડોના દુઃખોનું વર્ણન કર્યું

શ્રીહરિએ વળી જમપુરીની વાત કરી. તેને જે મનુષ્ય કાનથી સાંભળે છે તે મનુષ્ય જમપુરીમાં જાતો નથી. ૧.

(૨૩) **રક્ષોગણભોજન** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે કોઈ નર-નારી મનુષ્યને મારીને તેને ખાય છે, તેને જમદૂતો જમપુરીમાં લઈ જાય છે. ૨. અને તેને રક્ષોગણભોજન નામે જે નરકકુંડ કહેવાય છે, તેમાં નાખે છે. અને તે એવા નરકના કુંડમાં જઈને તેમાં ઘણા કાળ સુધી પડ્યો રહે છે. પછી એ નરકના કુંડમાં નાખેલા પાપી જીવને જમદૂતો મારીને ખાય છે તેથી તે પાપી જીવ બૂમો પાડે છે, ત્યારે જમદૂતો વાજિંત્ર વગાડીને નૃત્ય સાથે ગાન કરે છે. ૩-૪.

(૨૪) **શૂલપ્રોત** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે? તો, જે કોઈ પણ મનુષ્ય અપરાધરહિત માણસને વનમાં કે ગામમાં મારે છે અને જે વિશ્વાસ કરીને જીવવા ચાહતો હોય, તેને મારે છે વળી, જે વિશ્વાસુ માણસને લોભને વશ થઈને વગર વિચાર્યે મારે છે, તે જ્યારે મરે છે ત્યારે જમદૂતો તેને લેવા આવે છે. ૫-૬. આવા વિશ્વાસઘાતી મનુષ્યને જમદૂતો લઈ જાય છે અને શૂલપ્રોત નામના નરકમાં નાખે છે. ત્યાં કેટલીએ જાતની શૂળીઓ રહી હોય છે. ૭. તે પાપી જીવને શૂળી ઉપર ચડાવી વીંધી

નાખે છે. પછી તે પાપી જીવ કેટલાએ વર્ષ સુધી જ્યારે ત્યાં ભગવાનને સંભારે છે ત્યારે તેનું દુઃખ ટળે છે. ૮. તે પાપી જીવ આવું પાપ હું ક્યારેય નહિ કરું, હું ભૂલ્યો હું ભૂલ્યો એમ વારંવાર બોલે છે અને હવે હું તત્પર થઈને ભગવાન ભજીશ, એમ કહે છે ત્યારે તે દુઃખથી છૂટે છે. ૯.

❋ વચનમાં રહે એટલું સુખ :

ચોપાઈ :

भगवानकु भजत न जिहाँ लगहू, जनकु दुःख न मिटत तिहाँ लगहू;
भगवान के बचन जो तिनमें, जितने सुख सो रहाये इनमें...१०
बचन से जिहाँ लग चलत बारे, तिहाँ लग रहत दुःख हि अपारे;
जमपुरि में न जावत जिहाँ लगही, अज्ञान तम न मिटत तिहाँ लगही...११

જ્યાં સુધી જીવ ભગવાનનું ભજન નથી કરતો ત્યાં સુધી તેનાં દુઃખ મટતાં નથી. જે જીવ જેટલો ભગવાનના વચનમાં વર્તે છે તેટલો તે સુખી થાય છે, ૧૦. અને જ્યાં સુધી વચનથી બહાર વર્તે છે ત્યાં સુધી તેને અપાર દુઃખો આવે છે. જ્યાં સુધી જીવ જમપુરીમાં નથી જાતો ત્યાં સુધી તેનું અજ્ઞાનરૂપી અંધારું ટળતું નથી. ૧૧. જીવ જ્યાં જ્યાં ગર્ભવાસમાં જાય છે ત્યાં ત્યાં તેને જમપુરી કરતાં પણ અધિક દુઃખ ભોગવવું પડે છે. પરમેશ્વરની દૃષ્ટિ થવાથી તે જે યોનિમાં ગયો હોય ત્યાં કાળે કરીને એક પાણીના બિંદુમાંથી તેવું શરીર બંધાય છે. અને તે શરીરમાંથી જ્યારે નિકળી જાય છે ત્યારે કોઈને દેખાતું નથી. તેમ જીવ આવતા જતા કોઈને દેખાતો નથી. ૧૨-૧૩. જ્યાં સુધી તે જીવ ભગવાનનું શરણું નથી લેતો ત્યાં સુધી તે આ સંસારમાં ભટકતો રહે છે અને તેનું મન અધમ રહે છે. ૧૪. સત્સંગ કર્યા સિવાય મનુષ્યનું મન ક્યારેય શુદ્ધ થતું નથી અને કોઈ દિવસ દુઃખ ટળતું નથી. માટે ગમે ત્યારે સત્સંગ તો કરવો જ પડશે. ૧૫.

(૨૫) દંદશૂક નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે જીવ રાત-દિવસ ભરપૂર ક્રોધમાં રહેતો હોય તેના નેત્ર અને વાણી કાળા નાગના જેવા ઝેરથી ભર્યા હોય છે. ૧૬. ક્રોધથી પોતે દુઃખી થાય

છે અને બીજા બધાને પણ દુઃખી કરે છે. એવો ક્રોધી મનુષ્ય જ્યારે મરે છે ત્યારે તેને જમ લેવા આવે છે. તેવા અપાર ક્રોધી માણસને તેઓ જમપુરીમાં લઈ જાય છે. પછી તેને દંદશૂક નામના નરકમાં નાખે છે. ૧૭-૧૮.

તે નરકમાં દંદશૂક(સર્પ) નામના જંતુઓ રહે છે. તે એક એક દંદશૂકને પાંચ પાંચ સાત સાત મુખ હોય છે, ૧૯. તે જ્યારે ક્રોધી માણસને દેખે છે ત્યારે તેને બેહાલ કરીને તત્કાળ ગળી જાય છે. ગમે તેવા મોટા માછલા હોય તોપણ મોટા મગરની આગળ તે લેશમાત્ર ટકી શકતા નથી. ૨૦. મોટા હાથી જેવા પ્રાણીઓને પણ ગળી જાય તેવા મગર સાગરમાં રહે છે. દંદશૂક તો તેનાથી પણ મોટા છે. તે ગમે તેવા મોટા મગર હોય તોપણ તેને એક ગ્રાસમાં ગળી જાય છે, એવા તેના મોટા મુખ હોય છે. તેવા દંદશૂકોની આગળ આવેલો ક્રોધી માણસ તો ખસખસના દાણા જેવડો લાગે છે. ૨૧-૨૨.

શ્રેષ્ઠ રાજા, શ્રેષ્ઠ ગુરુઓ અને ઉત્તમ જ્ઞાતિ જેની હોય તેની નીતિ પણ શુભ હોય છે. તે ક્યારેય નિંદિત કર્મ કરતા નથી. ૨૩. તે રાજા, ગુરુ અને ઉત્તમ વર્ણનો મનુષ્ય હોય પરંતુ તે શુભ નીતિને ત્યાગીને નિંદિત માર્ગે ચાલે છે અને આવી રીતે જે નિરંકુશ થાય છે તે દંદશૂક નરકમાં પડે છે. ૨૪.

(૨૬) અવટરોધ નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે કોઈ પણ મનુષ્યને કે પશુને અંધારામાં રુંધી રાખે છે અને તેનો શ્વાસ રોકીને ક્રોધે કરીને મારી નાખે છે અથવા મોઢું અને નાક દબાવીને પાણીમાં ડૂબાડી દે છે, ફાંસીએ કરીને અથવા ઝેર દઈને જે મનુષ્ય મારે છે, ૨૫-૨૬. એવા પાપી મનુષ્ય જ્યારે મરે છે ત્યારે જમદૂત આવીને તત્કાળ તેને જમપુરીમાં લઈ જાય છે. ૨૭. પછી અવટરોધ નામના ભયંકર નરકમાં નાખે છે અને ત્યાં તેને ઝેરી ધૂમાડો દેવામાં આવે છે. ૨૮.

તેનું મોઢું અને નાકનો શ્વાસ જે રીતે બંધ થઈ જાય તે રીતે તોબરા(પાવરા)માં ઝેર ભરીને તેને મોઢે બાંધી દેવામાં આવે છે. ૨૯. ગૃહસ્થાશ્રમમાં રહેલા ચાર વર્ણના મનુષ્યને ઘેર જ્યાં ઘણું અન્ન અને ધન મળતું હોય તેવા ઘરે અભ્યાગતો પ્રેમથી, અન્ન માગવા આવે છે. અને

જેઓ છળ-કપટ રહિત હોય છે અને જે અન્ન વેચીને પૈસા નથી બનાવતા માત્ર એને તો પોતાનું પેટ ભરવાનો મતલબ હોય છે તેવા યાચકો ગૃહસ્થને આંગણે અન્ન માગવા આવે તો તેને રાજી થઈને આપવું જોઈએ. ૩૦-૩૧. અને જેને નશો અને વ્યસન કહેવાય છે, તે બધાનો જેણે ત્યાગ કર્યો હોય તથા સ્ત્રીના પ્રસંગનો પણ ત્યાગ કર્યો હોય, એક ભગવાનમાં જ પ્રેમ રાખતા હોય, ૩૨.

એક ભગવાનની કથા, વાર્તા અને કીર્તનને જે કરતા હોય, વળી ભગવાનનું ધ્યાન, સ્મરણ અને ચિંતન કરતા હોય, તેમજ જેણે ભાંડ, ભવાઈ જેવા તમાશાને જોવાનો પણ ત્યાગ કરી દીધો હોય, આવા સજ્જનોને કોઈ અજ્ઞાની લોકો ગાળો દે છે, મારે છે, છતાં જે ગંભીર મન રાખી તેને સહન કરે છે, જે વિચારવાળા અને ઘણા ધીરજવાળા છે, દતાત્રેય અને જડભરત જેવું જેનું શ્રેષ્ઠ વર્તન હોય, ૩૩-૩૫ અને તેમનાં જેવાં સાદાં આભૂષણ અને વસ્ત્ર અંગે ધાર્યા હોય, સાંસારિક બધાં જ સુખનો જેણે ત્યાગ કર્યો હોય, આવાં ગૃહસ્થ હોય કે એવા સંત હોય, તેમને દેખીને જે ક્રોધ કરે છે, ૩૬. કઠોર, કડવાં વચન બોલે છે, પણ અન્ન નથી આપતા, એવાં મનુષ્ય જ્યારે મરે છે ત્યારે જમદૂત ત્યાં આવે છે, ૩૭. તે પાપી જીવોને જમપુરીમાં લઈ જાય છે અને

(૨૭) **પર્યાવર્તન** નામના નરકમાં નાખે છે અને ત્યાં તે કટુવચન બોલનાર જીવ અત્યંત દુઃખને સહન કરે છે. ૩૮. જે ગૃહસ્થ અભ્યાગતને અન્ન નથી આપતા, તેને લોખંડ જેવી ચાંચવાળા ગીધ પક્ષીઓ ત્યાં ખાઈ જાય છે. ૩૯. તેણે અભ્યાગતનો દ્રોહ કર્યો હોવાથી પાપી જીવની જીભ અને આંખોને તે ગીધ ચાંચથી ખેંચી લે છે, છતાં તેના પ્રાણ નીકળતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'રક્ષોગણભોજન, શૂલપ્રોત આદિક નરકકુંડોના દુઃખોનું વર્ણન કર્યું' એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર પંદરમું : તરંગ - ૮૯

અમૃત જેવા સન્માર્ગ અને ઝેર જેવા કુપંથની વાત કરી

શ્રીહરિ વળી આગળ જમપુરીની વાત કહે છે. તેને જે શુદ્ધભાવે કાનથી સાંભળે છે, તેની બુદ્ધિ પવિત્ર થઈ જાય છે. ૧.

(૨૮) **સૂચિમુખ** નામના નરકમાં કેવા પાપી જીવને નાખવામાં આવે છે ? તો, જે લોકો અપાર ધન ભેળું કરતા જ રહે છે અને પુણ્ય કે પરમાર્થમાં જે રતીભાર પણ ક્યારેય વાપરતા નથી, ૨. આવા મનુષ્યો યક્ષના જેવા લોભી કહેવાય છે. તે જ્યારે જમપુરીમાં જાય છે ત્યારે અત્યંત દુઃખને પામે છે. ૩. ત્યાં સૂચીમુખ નામના નરકમાં જમદૂતો જોરે કરીને તેના શરીરને વારંવાર ચીરે છે અને તેને સુયાથી ફરીવાર સીવે છે. ૪. અઠ્યાવીશ પ્રકારના નરક મેં કહ્યા. આવા તો અનંત અનંત પ્રકારના નરકકુંડ છે. મનુષ્ય આ લોકમાં જેવાં જેવાં પાપ કરે છે તેવા તેવા જમપુરીમાં નરકકુંડ રહ્યા છે. ૫. કોઈ આંખથી જેવું પાપ કરે તેને માટે તેવા નરકકુંડ રહ્યા છે. કાને કરીને જેવું પાપ કરે છે તેને પણ તેને અનુરૂપ નરકકુંડ રહ્યા છે. ૬.

તેમજ નાકથી, મુખથી અને ત્વચાથી જેવું પાપ કરવામાં આવે છે તે પ્રમાણે તેના તેવા નરકકુંડ રહ્યા હોય છે, તેનો ગણતા પાર આવતો નથી. ૭-૮. આ મેં જ્ઞાનેન્દ્રિયોની જે વાત કહી તેવી જ બાબત કર્મેન્દ્રિયોની છે. વળી, ચાર અંતઃકરણોની પણ આ રીતની જ વાતો છે. ૯. જે ઈન્દ્રિયો, અંતઃકરણ દ્વારા જેણે જેવું કર્મ કર્યું હોય તેને માટે તેવા નરકકુંડ કર્યા છે અને જેવા કર્મ કર્યા હોય તેવું શરીરમાં પણ દુઃખ પ્રગટ થતું દેખાય છે. ૧૦. આ રીતે કર્મવિપાક નામના ગ્રંથમાં પાપી જીવોની ગતિઓ વિસ્તારથી કહી બતાવી છે. માણસ જ્યારે સત્સંગ કરે છે ત્યારે તરત જ તેનો ઉદ્ધાર થઈ જાય છે. ૧૧.

❋ મોક્ષનો રાજમાર્ગ સત્સંગ :

સત્સંગ સિવાય ઉદ્ધારનો કોઈ ઉપાય નથી. સત્સંગનો તો એવો ઘણો પ્રતાપ છે. માણસ જ્યાં સુધી બાળબુદ્ધિ(અજ્ઞાન) રાખે છે ત્યાં સુધી

તેને સંસારનું ભટકણ મટતું નથી. ૧૨. **મનુષ્યદેહમાં આવીને પણ જેટલી બાળબુદ્ધિ રહે છે તેને સત્સંગ કરીને ઓળખવી અને પછી તેનો ત્યાગ કરી દેવો. ૧૩. મોક્ષના માર્ગને છોડીને બીજા માર્ગ ઉપર જેટલું તાન રહે છે અને જે સન્માર્ગ ઉપર ચાલતો નથી તેટલી તેમાં બાળબુદ્ધિ રહી છે. ૧૪.** મનુષ્ય જ્યાં સુધી વ્યવસ્થિત રીતે સન્માર્ગમાં ચાલતો નથી ત્યાં સુધી તે પરમેશ્વરનો ચોર મટતો નથી. ૧૫. અમને સંતો અને હરિભક્તોના ઉપર ઘણું હેત છે. હવે અમે ઘણા પ્રેમથી શુભ વાતનો પત્ર લખીએ છીએ. ૧૬. અમે જે વાત લખીએ છીએ તે સંતો અને હરિભક્તોના હિતની વાત છે. તેને જે કોઈ ચિત્ત દઈને સાંભળશે તે બ્રહ્મમહોલ-અક્ષરધામને પામશે. ૧૭.

❋ ભગવાનના ચરિત્રોની વિશેષતા :

ચોપાઈ :

हम बात लिखत कहत हि जितनी, ब्रह्ममोहोल मगकि हे तितनी;
हमारे चरित्र कहावत जितने, खावत पिवत चलत हि तितने...१८
हमारि जो जो क्रिया हे जेती, मोक्ष करनरुप सब हे तेती;
मायिक याकु देखत रहाते, जमपुरि जावत मार हि खाते...१९

અમે જેટલી વાત લખીએ અને કહીએ છીએ તે બ્રહ્મમહોલમાં જવાના માર્ગની છે. અમારાં બધાં ચરિત્રો ખાવું, પીવું, ચાલવું વગેરે અમારી જે જે ક્રિયાઓ છે, તે બધી સર્વે જીવોને મોક્ષ કરવાના કારણરૂપ છે. તે અમારાં ચરિત્ર ઈત્યાદિકને જે માયિક માને છે, તે જમપુરીમાં જાય છે અને જમનો માર ખાય છે. ૧૮-૧૯. **પછી તે લખચોરાશીમાં વારંવાર ભટકતો રહે છે. અમારે તો જેટલા કુમાર્ગ કહેવાય છે તે બધાને છોડાવવાનું તાન રહે છે. ૨૦.**

ચોપાઈ :

हमारे तान रहाये जेसे, तुमारे तान सब रखना तेसे;
हित दे जन को करना बाता, जिन करीके होवे सुख साता...२१
अमृत विष बचन में रहाये, विषके त्याग करना कहाये;
जेहि बचन कर होवे विरोधा, तरत जिनमें सुँ होवे क्रोधा...२२

અમારે જેવું તાન છે તેવું તમારે સહુએ રાખવું. અમે જે આ વાત કહી, તે વાત લોકોની આગળ હેતથી કરવી. જેનાથી સહુને સુખ અને શાંતિ થાય. ૨૧. અમૃત અને ઝેર આ બંને વાણીમાં રહેલા છે. માટે ઝેર જેવી વાણીનો ત્યાગ કરવો. જે વચન બોલવાથી વિરોધ થાય અથવા જે વચનમાંથી તરત ક્રોધ થાય તેનો ત્યાગ કરવો. ૨૨. વળી, જે વચન બોલવાથી હૃદયમાં ઘણી અશાંતિ થાય, ઉદ્વેગ થાય, જેના પ્રત્યે પ્રેમ હોય તે ટળી જાય અને ઘૃણા થાય, આવી જે વાણી કહેવાય છે, ૨૩.

☀ અમૃતમય વચનોની ગરિમા :

તે બધી વાણી સાગરના જેટલી હોય તોપણ તેને ઝેરનો સાગર સમજવો. ચાહે તેવી અરુચિ રહી હોય, રાત-દિવસ માથું કાપવા ચાહતો હોય, ચાહે તેવો ઉદ્વેગ હોય અને અપાર અશાંતિ હોય છતાં અમૃતમય વાણીનું એક જ વચન સાંભળવાથી તે બધા વિકારો દૂર થઈ જાય છે. ૨૪-૨૫. તેવાં અમૃતમય વચન સાંભળવાથી માણસને અપાર પ્રેમ થાય છે અને પ્રેમ થયા વિના ધર્મમાર્ગમાં દઢતાથી માણસને ક્યારેય ચલાવી શકાતો નથી. કેમ જે, તેને આપણામાં પ્રેમ થાય તો જ આપણા વચન મનાય. ૨૬.

☀ સહન કરવાની મહત્તા :

सोरठा : जितने प्रीत हि जूत, वचन रहे मुख में जेहि;
अमृत यह अदभूत, सिंधु रहे विध विध तेहि...२७
संत रु हरिजन मांहिं, बडे में बडे हे यह;
सहन हि जितनो जाहि, विष वचन करे सहन जेहि...२८

જેના મુખમાં જેટલાં પ્રેમભર્યા વચન રહે છે, તે વચન અદ્‌ભુત અને અમૃત ભરેલા વિવિધ પ્રકારના સાગર કહેવાય છે. ૨૭. સંતો અને હરિભક્તોમાં જે ઝેર ભરેલા વચનોને જેટલા સહન કરે છે, તે તેટલા મોટામાં પણ મોટા છે. ૨૮. **જેટલા ઝેર ભરેલા વચનોને સહન કરે છે, તે સંત મૂર્તિમાન અમૃત કહેવાય છે.** આ ભૂમિ ઉપર તો શુભ અને અશુભ એવી અપાર ક્રિયાઓ વારંવાર થાય છે. ૨૯. અને **સામર્થ્ય હોવા છતાં પણ જે**

વિષમ વચનને સહન કરતા રહે છે, તેવા સંતો-ભક્તો તો સ્થાવર-જંગમ બધા જગતને ધારી રહ્યા છે.

સાત દ્વીપ અને સાત સમુદ્ર, તેને ચારેબાજુ લોકાલોક પર્વત વીંટાયેલો છે. ૩૦. તે એટલો ઊંચો અને ફરતો પહોળો છે કે તેનો કોઈ ચાલીને પાર પામતો નથી. સાડાબાર કરોડ યોજન જેટલો તો તેનો વિસ્તાર છે. ૩૧. સાત દ્વીપ, સાત સમુદ્ર અને સાત પર્વતો, એ બધા લોકાલોક પર્વતના અંદરના ભાગમાં પોતાના અવકાશે સહિત રહ્યા છે. ૩૨. સાત દ્વીપોમાં જંબુદ્વીપ સહુની વચ્ચે રહ્યો છે અને જંબુદ્વીપના મધ્યે મેરુ નામે પર્વત રહ્યો છે. ૩૩. એક લાખ યોજન ઊંચો મેરુ પર્વત છે અને તેને ફરતો એક લાખ યોજનના વિસ્તારવાળો જંબુદ્વીપ છે. તે જંબુદ્વીપમાં નવ ખંડ છે. ૩૪. તેમાં આ ભરતખંડ છે. તે કર્મભૂમિનું સ્થાન કહેવાય છે. તે ભરતખંડમાં ભગવાન વારંવાર અનંત અવતારો ધારણ કરે છે. ૩૫.

જેટલી મોક્ષની વાતો છે, તે બધી આ ભરતખંડમાં રહી છે. તીર્થ, વ્રત અને બધા સચ્છાસ્ત્ર પણ આ ભરતખંડમાં રહ્યા છે. ૩૬. યજ્ઞ, જપ, તપ, યોગ, શુભનીતિ અને જેટલી શુભ બાબતો છે તે બધી ભરતખંડમાં રહી છે. ૩૭. ભરતખંડ ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, મા-બેન અને દીકરી વગેરેની વિગત, જેવા અપાર આભૂષણોથી શોભે છે. ૩૮. જે માણસને અધર્મ માર્ગમાં ચાલતા ઘણી લાજ આવતી હોય અને નિંદારૂપ જેટલાં વ્યસન હોય તેમાં જે ક્યારેય એક ડગલું ભરતો ન હોય, ૩૯. અને અધર્મમાં પણ પગલું માંડતો ન હોય તેવાને શાસ્ત્ર મનુષ્ય કહે છે અને જેને અધર્મના ઉપર પ્રેમભાવ હોય છે તેને તો પશુઓમાં પણ અધમ પશુ કહેવાય છે. ૪૦. અધર્મમાં રુચિવાળા ગુરુઓ અને એવી રુચિવાળા જગતના એના ચેલાઓ ભેળા થઈને અત્યંત અધર્મ કરે છે. પછી તે અધર્મમાં પણ ધર્મ માને છે તથા ધર્મમાં અધર્મ માને છે. ૪૧-૪૨. કેટલાક મતોમાં તો એવા કુપંથો ચાલેલા હોય છે કે તેમાં જ તેઓ મોક્ષ માને છે અને દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર, વ્યસન, નશો, અપાર ફેલ, ભાંડ-ભવાઈ, વેશ્યાના રાગ-રંગ વગેરે આવી જેટલી નિંદિત બાબતો કહેવાય છે, તે બધીને મોક્ષકારક માને છે. ૪૩-૪૪.

આવી રીતવાળા જે મતો હોય છે તેને શાસ્ત્રો કુપંથ(કુમત) કહે છે. એવા કુપંથને મોક્ષકર્તા માનીને તેમાં નર-નારી બંધાય જાય છે. તેનાથી એવા નર-નારીઓને છોડાવવાને માટે ભગવાન પોતે અવતાર લઈને બહુ વાર સાધુરૂપે પણ થાય છે. ૪૫-૪૬. જે સુમત અથવા સનાતન મત છે તેને નિર્વિકાર મત કહેવાય છે. વેદ, પુરાણો અને ધર્મશાસ્ત્રના જે શુભ વચનો છે તે તેની સાંખ્ય પૂરવા માટે સતત હાજર રહે છે અને તેવા સનાતન સુમતનું ભારે બળ હોય છે, એટલે શુદ્ધ બુદ્ધિના જે પંડિતો અને શુદ્ધ બુદ્ધિના નર-નારીઓ છે, તે બધાં શુદ્ધ સનાતન મત તરફ આકર્ષાય છે અને બળપૂર્વક કુપંથનો ત્યાગ કરી દે છે. કારણ કે શુદ્ધ બુદ્ધિવાળાઓ વિચારે છે કે અમૃત મળે તો ઝેર કોણ ખાય ? ૪૭-૪૯.

જે કુબુદ્ધિવાળા કુપંથમાં પડ્યા છે તેને એક પણ વ્રતમાન, નિયમ રહ્યા નથી. કુબુદ્ધિવાળાને જે નિયમ પાળવા તે તો વિષ કરતાં પણ અધિક વિષરૂપ લાગે છે. ૫૦. જેઓ વેદ અને પુરાણોને ભણ્યા હોય અને સંસારનો પણ ત્યાગ કર્યો હોય, પરંતુ જેની પાસેથી સ્ત્રી, ધન અને અન્નાદિક મળે તેને ઈશ્વરથી પણ અધિક માનતા હોય છે, આવી રીતના જે છે તે બધાને કુપંથ કહેવાય છે. બધા સંતો અને હરિભક્તોને વાત કરીને આ બધું દેખાડવાનું છે. ૫૧-૫૨. જે નિર્બાધ વાત કરવી તે જ ખરી વાત કહેવાય છે અને તેવી નિર્બાધ વાતને સાંભળીને માણસને તેમાં હેત થાય છે. ૫૩. કુપંથને દેખીને માણસ જેટલો ડર રાખે છે, તેના ઉપર અમે વારંવાર અપાર પ્રસન્ન રહીએ છીએ. ૫૪. હરિભક્ત હોવા છતાં જેને કુપંથનો ડર નથી, તે વાસ્તવમાં હરિભક્ત નથી અને અમે તેના ઉપર રાજી પણ નથી. ૫૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'અમૃત જેવા સન્માર્ગ અને ઝેર જેવા કુપંથની વાત કરી' એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર પંદરમું : તરંગ - ૯૦

કલ્પતરુ અને ચિંતામણિના સમાન ભગવાનનો મહિમા કહ્યો

ફરી શ્રીહરિએ સંતો અને હરિભક્તો આગળ વાત કહી કે એકાદશીનું જાગરણ આખી રાત કરવું. ૧. બધા હરિભક્તોએ ભેળા મળીને કથા, કીર્તન ગાવા. જે રીતે તમને જોવામાં આવ્યા હોય તેવાં અમારાં ચરિત્ર સંભારવાં. ૨. **સર્વે વાતોમાં દુર્લભમાં દુર્લભ વાત અમારાં ચરિત્રો સંભારવાં તે છે. સુલભમાં સુભલ અને સર્વોપરિ રસ ચરિત્ર સંભારવામાં છે.** ૩. જે વિષયી નર-નારી મનુષ્યો છે તે જ્યાં ભાંડ-ભવાઈ થતી હોય ત્યાં અતિ પ્રીતિએ કરીને જોવા જાય છે. ૪. ગામ કે પરગામ દોડીને જોવા જાય છે. રોકે તેના વચનને પણ માનતા નથી. કોળી કે હરિજનોના ભાંડ-ભવાયા હોય તોપણ ત્યાં જઈને તેને જુએ છે. ૫.

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આદિક પણ સર્વે મનુષ્યો દોડીને તેને જોવા જાય છે. અને તરસ તથા લઘુશંકાને રોકી રાખીને સવાર સુધી આનંદભર ત્યાં બેસે છે. ૬. કેટલાક તો લઘુશંકા બંધ રાખવાથી મરી પણ જાય છે, છતાં ભાંડ-ભવાયા જોવા જવામાં કોઈને અભાવ આવતોનથી અને જે ત્યાં જતા રોકે છે તેનો અભાવ લે છે; આવું લોકોને ભાંડ-ભવાઈ જોવાનું તાન છે. ૭. ભાંડ-ભવાઈ જોવા જાય ત્યાં તેને કોઈ માન આપતું નથી, છતાં તેનો અભાવ આવતો નથી. જેવી તેવી બેસવાની જગ્યા મળે તોપણ પોતાને ધન્યભાગી માને છે. ૮. તે જોનારો એક પળવાર પણ ઊંઘ લેતો નથી અને ભૂંડા શબ્દો સાંભળતો રહે છે અને એવા માણસના ઘરમાં પેસીને ચોર લોકો ઘણીવાર ઘણું ધન તથા વસ્ત્ર લઈ જાય છે. ૯. એવા વિષયી લોકો દાતા બનીને ભવાયાને વસ્ત્ર, ધન તથા પશુ દેતા રહે છે. એવા માણસો જ્યારે મરે છે ત્યારે જમદૂત તેને જમપુરીમાં લઈ જાય છે. ૧૦. જેને ભગવાન તરફ લગારેય તાન હોતું નથી એવા લોકોને જમદૂત વિવિધ પ્રકારે મારે છે.

જે ભગવાન તરફ તાન નથી રાખતા તેવા લોકો જેટલાં દુઃખ કહેવાય છે, તે બધાંને પામે છે. ૧૧. તેવા લોકોના હિત માટે જ ભગવાને જન્મ,

મરણ અને લખચોરાશી કર્યા છે અને તેમને ભૂતપ્રેતાદિ અનેક જાતના અપાર દુ:ખ દે છે. ૧૨. છતાં જે અજ્ઞાની મનુષ્યો છે તે અજ્ઞાનનો ત્યાગ કરતા નથી અને તેમાં આવતા દુ:ખને લેશમાત્ર પણ ગણકારતા નથી તથા વિષયમાં જ અનુરાગ રાખે છે. ૧૩. **તે રીતે જ જે ભગવાનના ભક્તો હોય છે તે ભગવાનનું જ તાન રાખે છે અને તેમાં જ પ્રેમ કરે છે. તેથી જ તેનો યશ જગતમાં થાય છે અને તેટલું જ તેને સુખ મળે છે. ૧૪. હરિભક્તો દિનપ્રતિદિન ભગવાનમાં અપાર સુખનો લોભ કરે છે. અને જગતના સુખમાં ઘણું દુ:ખ દેખીને તેની આસક્તિનો ત્યાગ કરે છે. ૧૫.**

જગતના સુખમાં દુ:ખ દેખ્યા સિવાય ક્યારેય જગતનો અભાવ આવતો નથી, એવું સમજીને જેટલા વિચક્ષણ ભક્તો છે તે ભગવાનમાં જ પ્રેમ કરે છે. ૧૬. જેટલા લોકોએ ભગવાનમાં પ્રીતિ કરી હતી, તેઓ અપાર યશ અને સુખને પામ્યા હતા. પ્રિયવ્રત, પ્રહ્લાદ અને ધ્રૂવ આદિક મહાન રાજાઓ થયા, ૧૭. તે પૂર્વે જે મોટા મોટા રાજાઓ અને મોટા મોટા ઋષિમુનીઓ થયા તેમણે ખૂબ ભગવાનનું ભજન કર્યું હતું. ૧૮. ભગવાને જેટલા અવતારો ધાર્યા અને જે ચરિત્રો કર્યા તેને વ્યાસમુનિએ પ્રેમપૂર્વક સંભારીને લખ્યા છે, તે પાપનાશક ચરિત્રો પુરાણોમાં પ્રગટ રહ્યા છે. ૧૯.

✵ જેવી સમજણ તેવો મોક્ષ :

ચોપાઈ :

ताके महिमा जाने जेसा, ताके मोक्ष होवत भये तेसा;
महिमा तेसे मोक्ष रहाये, वृक्ष तितनी वेलि बढत देखाये...२०

તે ચરિત્રોનો જે જેવો મહિમા સમજે છે તેનો તેવો મોક્ષ થાય છે. જેમ ઝાડ જેટલું ઊંચું હોય તેટલી વેલી ઊંચી ચઢેલી દેખાય છે, તેમ **જેવો મહિમા હોય તેવો મોક્ષ થાય છે.** ૨૦. ભગવાનના અવતાર તો કલ્પતરુ અને ચિંતામણિ સમાન છે. જે ભક્તને જે અવતાર મળ્યા તેને તે સર્વોપરિ જાણતા હોય છે. ૨૧.

मोक्ष होत सर्वोपरि ताके, समझ कहे सर्वोपरि वाके;
बाई भाई हरिजन जेता, पढवे कु सिखना सब तेता...२२

જેની સમજણ સર્વોપરિ હોય છે તેનો મોક્ષ પણ સર્વોપરિ થાય છે. જેટલા હરિભક્ત બાઈ-ભાઈ છો, તે સહુએ ભણવાનું શીખવું. ૨૨. જેટલા સાંખ્યયોગી બાઈ-ભાઈ છે, તે સહુએ અવશ્ય ભણવું, ભણ્યા વિના કોઈએ રહેવું નહિ. ૨૩. જે અભણ રહે છે તેનું મનરૂપી ભૂત સંકલ્પ વિકલ્પરૂપ સૃષ્ટિને કરતું જ રહે છે. એક ક્ષણ પણ તે વિરામ પામતું નથી. ૨૪. ભક્તોએ જ્યારે ધ્યાન, ભજન અને ભગવત્ સ્મરણ કરવું હોય ત્યારે આંખના મટકાને પણ જીતીને નેત્ર સ્થિર કરવા. ૨૫. વળી, ભક્તોએ જેટલી વાર શ્વાસ, ઉશ્વાસ ઉઠે છે તેટલી વાર તેના ઉપર સુરત રાખીને સતત ભગવાનનું નામ ઉચ્ચારવું. ૨૬. જ્યારે ઉપર કહ્યા પ્રમાણે હરિભક્ત ભજન કરે છે, ત્યારે તેના મનના બધા જ સંકલ્પો તેટલી વાર બંધ થઈ જાય છે. ૨૭. દેહરૂપ, ઈન્દ્રિયો-અંતઃકરણરૂપ, વિવિધ પ્રકારના વિષયરૂપ અને ચોવીસ તત્ત્વોરૂપ માયા કહી છે. ૨૮.

ભગવાનના સંબંધ વિના એ બધાં તત્ત્વ જડરૂપ રહે છે. જેમ લોહચુંબકના યોગ વિના લોઢું જડરૂપ રહે છે, ૨૯. તેમ તે તત્ત્વો જડરૂપ રહ્યા છે અને જીવને ચિદ્ગ્રંથી કહેવાય છે તથા ચિદ્-અચિદ્રૂપ બંને પ્રકારની માયા પરમેશ્વરની યોગકળા કહેવાય છે. ૩૦. **બંને પ્રકારની માયા પરમેશ્વરના સંકલ્પને આધીન રહે છે અને પરમેશ્વર પોતાના સંકલ્પથી જડને ચેતન કરી દે છે અને ચેતનને જડ કરી દે છે. ૩૧.** પરમેશ્વર સદા સ્વતંત્ર છે. કર્તાપણું અને અકર્તાપણું તેમની કળા રહી છે. તે જીવના તર્કમાં આવતા નથી. પરમેશ્વરની બાબતમાં તો બ્રહ્મા જેવા પણ ગૂંચવાઈ જાય છે. ૩૨. પુરુષ અને પ્રકૃત્તિથી લઈને અક્ષર પર્યંત સહુ કોઈ પરમેશ્વરની યોગકળાને યથાર્થ રીતે જાણી શકતા નથી. ૩૩. પરમેશ્વર જેટલું જણાવે છે તેટલું જ સહુને જાણ્યામાં આવે છે. વેદ અને પુરાણો ભણવાથી પણ પરમેશ્વરનું સંપૂર્ણ સામર્થ્ય સમજી શકાતું નથી. ૩૪.

કેટલાક લોકો યોગકળા સાધીને દેવની આરાધના કરે છે. તેમને પણ પરમેશ્વરનું જેટલું સામર્થ્ય છે તે બધું યથાર્થરૂપમાં કળ્યામાં આવતું નથી. ૩૫. ભગવાન દેવકીના પુત્રરૂપે જ્યારે પ્રગટ થયા હતા ત્યારે જન્મ સમયના

બાળસ્વરૂપે જ પોતાનું દિવ્યરૂપ બતાવ્યું હતું. ૩૬. માતા-પિતાને કંસનો ઘણો ભય હતો. તે ભય ટાળવાના હેતુથી ભગવાને દિવ્યસ્વરૂપ બતાવ્યું હતું. ૩૭. તે ભગવાન દિવ્યપણામાંથી બાળકરૂપે થયા. ત્યારે પિતા વસુદેવને ધીરજ રહી નહિ. ત્યારે ભગવાને તેને ગોકુળ લઈ જવા માટેની પ્રેરણા કરી. પછી વસુદેવ તેમને લઈને ચાલ્યા. ૩૮. જેલ તથા નગરના દરવાજાઓમાં લોખંડના તાળા લાગેલા હતા અને બધા ચોકીદારો ગાઢ નિદ્રામાં સૂઈ રહ્યા હતા. ૩૯. વસુદેવજી વિચારી રહ્યા, અહીંયાં બીજો કોઈ ઉપાય જ નથી. પણ જ્યાં હાથથી દબાવી જોયું તે વેળાએ હાથ અડાડવા માત્રથી દરવાજાઓ ખૂલી ગયા તેથી તેમને ઘણું આશ્ચર્ય થયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'કલ્પતરુ અને ચિંતામણિના સમાન ભગવાનનો મહિમા કહ્યો' એ નામે નેવુમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર પંદરમું : તરંગ - ૯૧

ભગવાનની યોગકળા કહેતા શ્રીકૃષ્ણ ચરિત્ર કહ્યું

શ્રીહરિ ફરીને જે પત્ર લખ્યો હતો, તેની વાત કહેવા લાગ્યા. તે વાતમાં ઘણું રહસ્ય હતું. તેનાથી અણસમજણ રહેતી નથી. ૧. જેટલી અણસમજણ છે, તેટલું અજ્ઞાનરૂપ ગાઢ અંધારું રહે છે અને ભગવાનની જેટલી વાતો છે તે ગાઢ અજ્ઞાનરૂપ અંધારાનો નાશ કરનારી છે. ૨. અનંત જન્મથી જીવના હૃદયમાં અણસમજણનું ગાઢ અંધારું રહ્યું છે. તે અંધારું ટાળવા માટે ભગવાન સંબંધી વાત જાદુ જેવી છે. ૩. ક્યાં અંધારું અને ક્યાં સૂર્યોદય ? અર્થાત્ જીવનું અજ્ઞાનરૂપી અંધારું શ્રીહરિની સૂર્ય સમાન જ્ઞાનવાર્તા ઉદય થાતા ક્ષણપણ ટકી શકતું નથી. અંતર્યામી પરમેશ્વર જીવના અનંત જન્મોની વાતને જાણે છે. તેમના જેવા કોઈ સર્વજ્ઞ નથી. ૪. ભગવાન સિવાય અર્થાત્ શ્રીહરિ, શાસ્ત્રો અને સંતો-ભક્તો સિવાય જે કોઈ વાતો કરે છે, તે ગાઢ અંધારા જેવી છે. તે અંધારામાં વસ્તુનું યથાર્થ

સ્વરૂપ ક્યારેય સમજાતું નથી. ૫. એટલા માટે શ્રીહરિની જેટલી વાત છે, તે બધી અજ્ઞાનરૂપી ગાઢ અંધારાનો નાશ કરનારી છે. વાતમાં એવો પ્રતાપ રહ્યો છે કે તેને જે સાંભળે છે તેનો તે મોક્ષ કરે છે. ૬.

શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ્યા તે દિવસ શ્રાવણ વદિ અષ્ટમીનો હતો. મધ્યરાત્રિ થવા આવી હતી. માથા ઉપર વરસાદના એક એક બિંદુઓ પડતા હતા. ૭. વસુદેવ ગોકુળ જવા નીકળ્યા. શ્રીકૃષ્ણને માથા ઉપર લીધા હતા. વચમાં ભરપૂર યમુના નદી આવી. તેણે શ્રીકૃષ્ણને દેખ્યા. ૮. તરત જ યમુનાનું પાણી બંને બાજુ થંભી ગયું. ત્યારે વસુદેવજી એક શ્વાસે ઉતાવળા યમુનાને પાર કરી ગયા. છાની રીતે નંદજીના ઘેર આવ્યા. તાજી જન્મેલી કન્યાને ત્યાંથી ઉઠાવી લીધી. ૯. શ્રીકૃષ્ણને યશોદાજીની શૈયામાં રાખી દીધા. આ વાતને યશોદા તથા નંદજી પણ જાણતા ન હતા. વસુદેવજી તરત યમુનાજીએ આવ્યા, ત્યાં સુધી નદીનું જળ થંભી ગયેલું હતું. ૧૦. અને જ્યારે મથુરા નગરને દરવાજે આવ્યા ત્યારે તેના દ્વારો ખૂલેલા જોયા. વસુદેવના ઘર આગળ કંસે પહેરો રાખ્યો હતો. તે પહેરેદાર ગાઢ નિદ્રામાં સૂઈ રહ્યા હતા. ૧૧. કન્યા જ્યારે વસુદેવના ઘરમાં આવી ત્યારે તે અત્યંત રડવા લાગી. તે સાંભળીને બધાં ચોકીદારો જાગી ગયા અને દોડીને કંસની આગળ ગયા. ૧૨.

ચોકીદારની વાત સાંભળીને તરત કંસ દોડી આવ્યો. તેના મનમાં ભય હતો કે પરમેશ્વર મને જરૂર મારશે. તે ક્યારેય ખોટું નહિ પડે, ૧૩. છતાં મને દૈવે(ભાગ્યે) જેટલું પરાક્રમ આપ્યું છે તેટલું બળ કરીને હું મરું તો મારા ઉપર દૈવ પ્રસન્ન થાય. ૧૪. દૈવને ખુશી કરવાનું મને તાન છે. દૈવનો એક કાંકરો પણ મેરુને પછાડી દે છે. જે કોઈ પણ વાત હોય તે દૈવ કરે તેમ જ થાય છે. દૈવથી કોઈ વધારે સમર્થ નથી. કંસ પોતાના મનમાં આવું માનતો હતો. ૧૫-૧૬. તેને દૈવની ઓળખાણ ન હતી, દૈવ જ સમર્થ છે એવું તેણે શીખી રાખ્યું હતું. તેણે મનમાં આંધળું માન રાખ્યું હતું, તેણે કરીને દૈવને સર્વથી અધિક માનતો હતો. ૧૭. આવો કંસ વસુદેવના ઘેર આવ્યો અને કન્યાને પટકાવવા માટે ઉઠાવી લીધી. ૧૮. જ્યારે કન્યાના બંને પગ પકડીને

પછાડવા તેણે કન્યાને ઊંચી કરી ત્યારે તે કંસના હાથમાંથી છટકી ગઈ. ૧૯. પછી તે કન્યામાંથી દેવી બની ગઈ અને આકાશમાં દૂર જઈને દર્શન દીધાં. તેની આઠ ભુજાઓમાં આયુધ ધારેલા હતા. પછી તે કન્યા બોલી, હે કંસ ! તું જેને શત્રુ માને છે, તે કોઈ પણ સ્થળે પ્રકટ થઈ ચૂકેલ છે અને તે તને જરૂર મારશે, તેમાં તલભાર પણ ખોટું નથી. ૨૦-૨૧. આટલું કહીને દેવી આકાશમાં તરત અદશ્ય થઈ ગઈ. પછી કંસ ફિક્કે મોઢે પોતાને ઘેર આવ્યો. સૂવા છતાં એક પળવાર પણ ઊંઘ ન આવી. ૨૨.

કંસની માનેલી બહેન પૂતના હતી. વળી, બીજા જે બંધુઓ અને મિત્રો હતા, તે બધાએ કંસને હાથ જોડીને કહ્યું, તમે કોઈ જાતની ચિંતા ન કરો. ૨૩. તમારી રક્ષા કરવા માટે તો અમે આવા દેહ ધર્યા છે. અમે બધા તમારે માટે મરી જઈશું, પણ ક્યારેય પાછો પગ ધરશું નહિ. ૨૪. તમારે માટે મરવાનો અમે કોલ આપીએ છીએ. તમે બધી ચિંતાને છોડી દો. અમારા આટલાના મર્યા પછી દૈવે જે ધાર્યું હોય અને જે થવાનું હોય તે ભલે થાય. ૨૫. ચાણૂર આદિક જે મલ્લ હતા, તે સહુએ હાથ જોડીને કંસને કહ્યું, અમે તમારી સમિપે રહીને મરશું. અમારાથી વધારે બળવાન કોઈ નથી. ૨૬. ત્યારે કંસે પ્રસન્ન થઈને તેમને ગામ આપ્યા. અને પછી કંસના હૃદયમાં કાંઈક આરામ થયો. તેના જેવા મિત્રો હતા, તેની યોગ્યતા પ્રમાણે તેવી પહેરામણી કરી. ૨૭.

પૂતનાએ કહ્યું નગરમાં દસ પંદર દિવસના જેટલા બાળકો છે તેને હું પહેલા જઈને મારી નાખું છું. જે કોઈ બાળક મને મારે તો તેમાં દૈવત રહ્યું છે, તે મારા મર્યા પછી વિચારીને યોગ્ય જણાય તેમ તમે કરજો. ૨૮-૨૯. આવું કંસને કહીને પૂતના ચાલી હતી. ગામેગામમાં જઈને જેટલા બાળકો હતા, તેને તે મારવા લાગી. ૩૦. કેટલાક પુર ફરતી ફરતી પૂતના ગોકુળમાં આવી અને ત્યાં નિધડક મનથી નંદજીના ભવનમાં આવી. ૩૧.માનો વૈકુંઠલોકમાંથી ચાલીને લક્ષ્મીજી આવ્યા હોય તેમ લક્ષ્મીના જેવું સ્વરૂપ ધારણ કર્યું અને શ્રીકૃષ્ણને પોતાના ખોળામાં લીધા. ૩૨. પછી પૂતના સ્તનપાન કરાવવા લાગી. ભગવાન તેના આશયને જાણતા હતા. તેમણે

સ્તનપાન એવી રીતે કર્યું કે, સ્તનપાન કરતાની સાથે પૂતનાના પ્રાણ પણ ખેંચી લીધા. ૩૩. તેથી તેણે મુખથી ભયંકર ચીસ પાડી. તે ભયંકર શબ્દ આકાશ અને પાતાળમાં બધે છાઈ ગયો. મરેલી પૂતનાનું શરીર સાત કોશ જેટલા ભાગમાં ભયંકર થઈને પડ્યું. ૩૪.

તરુ અને પુર જેટલા વચમાં આવ્યા, તે બધાનો કચ્ચરઘાણ નીકળી ગયો. હળની હાલ જેવા તો તેના દાંત હતા. કૂવાના જેવી ઊંડી આંખો હતી. બંને સ્તન પર્વત જેવા હતા અને પેટ સરોવર જેવું હતું. બાલકૃષ્ણ તે પૂતનાની છાતી ઉપર ક્રીડા કરી રહ્યા હતા. ૩૫-૩૬. કોઈ એક ગોપીએ દોડીને શ્રીકૃષ્ણને લઈ લીધા. પછી યશોદા માતાએ તેને વારંવાર કંઠે લગાવ્યા અને ગોવાળોએ પૂતનાના શરીરને કૂવાડાઓથી કાપીને તેના ટૂકડા કર્યા. ૩૭. પછી તેને કાષ્ઠમાં નાખીને સળગાવી દીધા. બધા ગોવાળો ઘણું આશ્ચર્ય માનવા લાગ્યા. ત્યારે કંસે પોતાના મનમાં નિશ્ચય કર્યો પછી જે જે પોતાના મિત્રો હતા તેને કૃષ્ણ પાસે મોકલ્યા. જેમ પતંગિયા દોડીને દીવા ઉપર પડે છે અને મરે છે તેમ જેટલા દૈત્યો શ્રીકૃષ્ણને મારવા આવ્યા તે બધા ઠાર મૃત્યુ પામ્યા.

પછી શ્રીકૃષ્ણે માતા યશોદાને પોતાના મુખમાં અમાપ એવું બ્રહ્માંડ દેખાડ્યું. ૩૮-૩૯. જેટલી આશ્ચર્યકારી બાબતો છે તે બધી શ્રીકૃષ્ણમાં રહી હતી, તેને દૈવી મનુષ્યો જાણતા હતા, પણ અસુરોને તે દેખાતું નહિ. ૪૦. અસુરોના સમાજમાં પણ પ્રહ્લાદજી, બલીરાજા, વિભીષણ અને વૃત્રાસુર જેવા ભક્ત થયા હતા અને જે અસુર બાળકોએ પ્રહ્લાજીનો સંગ રાખ્યો હતો, તે પણ ભક્ત થયા હતા. બધામાં સંગ જ બળવાન છે. ૪૧-૪૨. જેવું સંગનું બળ હોય તેવો માણસ થઈ જાય છે; આવું અમને દેખાય છે માટે વિચાર કરીને સંગ કરવો. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ભગવાનની યોગકળા કહેતા શ્રીકૃષ્ણ ચરિત્ર કહ્યું' એ નામે એકાણુમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર પંદરમું : તરંગ - ૯૨

ભગવાન અને સત્પુરુષના જોગથી વિષમ સ્થિતિમાં પણ મોક્ષ કહ્યો

વળી, શ્રીહરિએ શુકમુનિ પાસે પત્રમાં જેવી વાત લખાવી હતી તે ફરીને કહી. તેને સંભારવા માટે સંભારીને હું કહું છું. ૧. **સાક્ષાત્ ભગવાન અને ભગવાનને પ્રાપ્ત કરાવનારા સત્પુરુષ, એ બેનો નિરંતર સમાગમ અને તેમની વાત અત્યંત દુર્લભ છે. ૨. અને જો તે ગ્રંથમાં લખવામાં આવે તો તે બંને વાત નિરંતર મૂર્તિમાન રહે છે અને તે વાત યુગ યુગ સુધી નિરંતર ટકે છે. ૩. પરમાત્મા સત્યસંકલ્પ હોવાથી એ હરિ જ્યારે સહાયમાં રહે છે ત્યારે હરિની જે જે વાતો હોય છે તે લખી શકાય છે. ૪.** જીવને અલૌકિક વાત લખવામાં શ્રદ્ધા રહેતી નથી. કારણ કે જીવની બુદ્ધિ થોડી છે અને થોડી થોડી વાતમાં અવરાઈ જાય છે. ૫. નાની વાતમાં અવરાઈ જવાથી તેનો જન્મ નિષ્ફળ જાય છે તેને કશી ગમ રહેતી નથી. જેના ઉપર ભગવાન અને સંતો પ્રસન્ન હોય તે ઘણો નાનો માણસ હોય, છતાં તે ભગવાનની જેટલી વાત કહેવાય છે તેને પોતાના દિલમાં સંઘરી લે છે અને તેના દ્વારાએ જ ભગવાનની વાત લખાય છે. કેમ જે, સંઘરેલી ભગવાનની વાતને લખ્યા વિના તેના દિલમાં શાંતિ થતી નથી. ૬-૭.

ભગવાનની પ્રસન્નતા છે તે જ તેમના ચરિત્રની વાતો લખવામાં પ્રેરણા આપે છે અને કોઈ બાબત બાધયુક્ત છે કે નિર્બાધ છે તેને યથાર્થ રીતે તો પરમેશ્વર જ જાણે છે. ૮. સામાન્ય જીવની બુદ્ધિ તો એવી છે કે તેને નિર્દોષ વસ્તુમાં પણ દોષ દેખાય છે. જ્યારે બુદ્ધિમાં પરમેશ્વર વસે છે ત્યારે તેના હૃદયમાં યર્થાથ પ્રકાશ થાય છે. ૯. ઘુવડને અજવાળામાં યથાર્થ વસ્તુ ક્યારેય દેખાતી નથી, તેમ જેને પ્રગટ ભગવાનની ઓળખાણ નથી એવા બુદ્ધિમાન હોય તોપણ તે ઘુવડના જેવા છે, તેને ક્યારેય યથાર્થ સમજાતું નથી. ૧૦. ભગવાનના અભિપ્રાય સામે જેને તાન રહેતું હોય છે તેને બાધ-નિર્બાધનું જ્ઞાન યથાર્થ રીતે થાય છે. ૧૧. ભગવાન જેવા નિર્દોષ છે તેવા જ તેમનાં સર્વે ચરિત્રો પણ નિર્દોષ છે. તે ચરિત્રોને જેવી ભાવનાથી

સાંભળવામાં આવે છે તેવું ફળ તે સાંભળનારાને મળે છે. ૧૨. **જે ભક્તો ભગવાનના ચરિત્રને નિર્બાધ-નિર્દોષ જાણીને સાંભળે છે તેટલા તે ભક્તો નિર્દોષ થઈ જાય છે, તેમાં કોઈ સંદેહ નથી. ૧૩. જે લોકો ભગવાનના ચરિત્રમાં બાધ-દોષ માનીને તેને સાંભળે છે, તો તેટલા તેમાં દોષ આવે છે. કારણ કે, ભગવાન તો સદા નિર્બાધ રહ્યા છે. ૧૪.**

જે સાંખ્યયોગી બાઈ-ભાઈ હરિભક્ત છે, તેને વર્તવાની બધી રીત જે શ્રીહરિએ કહી છે, તેને હવે હું કહું છું. ૧૫. સ્વપ્ન અવસ્થામાં આઠ પ્રકારનું મૈથુન કહેતાં અષ્ટપ્રકારે સ્ત્રીનો યોગ થાય, તો તેમાં અંગસંગ થયાનો એક ઉપવાસ કરવો તેવી તેની રીત છે. ૧૬. અંગસંગ સિવાયના સાત પ્રકારના મૈથુનમાં થોડો પણ ભંગ થાય તો ચાર ઘડી સુધી તેણે ભગવાનની મૂર્તિ અંતરમાં ધારીને ભજન કરવું. ૧૭. અને પછી કોઈ સંતની પાસે જઈ તેમને ઘણા હેતથી દસ દંડવત્ કરવા અને જો કોઈ સંતનો જોગ ન હોય તો કોઈ હરિભક્તની આગળ આવીએ ત્યારે તત્કાળ દસ દંડવત્ કરવા. તેનાથી તે સ્વપ્નમાં થયેલા સ્ત્રીસંગ દોષનું નિવારણ થાય છે. આ સત્સંગ સમાજમાં જે સંતો-હરિભક્તો બેઠા હોય અર્થાત્ સભા હોય, ૧૮-૧૯.

ત્યાં બીજા હરિભક્તો સાંભળે એ રીતે મોટા અવાજે જેનો મળદ્વારથી વાયુ છૂટે તો તેણે પચીસ દંડવત્ કરવા. ૨૦. દંડવત્ કર્યા પછી ચાર ઘડી સુધી સ્વામિનારાયણ નામ મુખથી બોલીને ધૂન કરવી. અને ભગવાનનું નામ તો વારંવાર લેતા જ રહેવું. ૨૧. આ વાત તો સભાસમાજની કહી છે, પણ તે સિવાય બીજા સાંભળે તે રીતે વાછૂટ થાય તો તેનો કોઈ બાધ નથી. ૨૨. દંડવત્ અને સ્મરણ આ બે વચન જે અમે કહ્યા, તેને જો કોઈ ત્યાગી ન માને તો તેને સત્સંગી કહેવા નહિ. ભલે તે સત્સંગમાં સુખે રહે. ૨૩. કોઈ માંદાં કે વૃદ્ધ દેખાય તો તેને માટે તે કાંઈ બાધરૂપ નથી. નિઃસંશયપણાનું અંગ જેટલું હોય તેટલું હરિભક્તોએ અવશ્ય જાણવું જોઈએ ને કેળવવું જોઈએ. ૨૪. નિઃસંશયનું અંગ શીખ્યા વિના હરિભક્તને પ્રગટ ભગવાન કે સત્સંગ મળ્યો હોય તોપણ સંશય જાતો નથી. ૨૫.

❋ શ્રીહરિ અને સંતની મહાનતા :

दोहा : भगवान मिले संत जेहि, एसे हरिजन जेते;
चाय तेसी रीत हि जोउ, देह छूटे हि तेते...२६

सोरठा : चाय तेसी जो रीत, देह छूटे हरिजन के तोउ;
उत्तम रहे सब रीत, संशय रखे हरिजन नहि...२७
संत अरु भगवान, ताके भये न जोग जेहि;
ताके कबु कल्यान, होवत नहि निश्चे यह...२८

જેને ભગવાન મળ્યા હોય અને સંત મળ્યા હોય, તેવા હરિભક્તનો ચાહે તે રીતે દેહ છૂટે, ૨૬. તોપણ તે સર્વ ઉત્તમ રીતે જ દેહ છૂટ્યો છે એમ માનવું. માટે હરિભક્તોએ તેમાં તેના કલ્યાણમાં સંશય રાખવો નહીં. ૨૬-૨૭. જેને ભગવાન અને સંતનો યોગ ન થયો હોય તેનું ક્યારેય કલ્યાણ થાતું નથી, એ વાત ચોક્કસ છે. ૨૮. જેને સત્સંગ થયો નથી એવા જગતમાં જે લોકો છે તે ગમે તેવા તીર્થમાં રહે, ગમે તેવા યોગ - યજ્ઞ કરે અને શાસ્ત્રમાં કહેલા બધા વિધિ-વિધાન પાળે તથા તે નિર્બાધ રીતે દેહ છોડે, તોપણ તેમાં કેટલાએ બાધ કહ્યા છે. તે બાધરૂપ દોષ તેના માથેથી છૂટતા નથી. ૨૯-૩૦.

❋ અજ્ઞાનીની લૌકિક અને જ્ઞાનીની અલૌકિક રીત :

લૌકિક રીતમાં અલૌકિકપણું ન જોવું અને સત્સંગની અલૌકિક રીતમાં લૌકિકપણું ન માનવું. સત્સંગની જેટલી રીત છે તે અલૌકિક છે.

चोपाई :

तिहाँ लग तितने रहे कुसंगा, कुसंग तिहाँ लग फिरत न अंगा;
जेते हरिजन नकी भयेऊ, ताकि समझ अलौकिक रहेऊ...३२
अलौकिकसमझनजिहाँलगहू,सत्संगकेसुखनआततिहाँलगहू;
गमे तेसे देह छूटे एहा, अलौकिक रीत समझे तेहा...३३

તેને લૌકિક દેખવામાં આવે ત્યાં સુધી તેમાં કુસંગ રહ્યો છે અને જ્યાં સુધી આવો કુસંગ રહ્યો હોય ત્યાં સુધી તેનું અંગ બદલાતું નથી. જે પાકા

હરિભક્ત છે તેની સમજણ તો અલૌકિક રહી છે. ૩૧-૩૨. **જ્યાં સુધી અલૌકિક સમજણ નથી આવતી ત્યાં સુધી સત્સંગનું સુખ આવતું નથી. જે ભક્ત સત્સંગની અલૌકિક રીતને સમજતો હોય તે ભક્તનો દેહ ગમે તે રીતે છૂટે, છતાં મોક્ષને પામે છે. જે પાકો હરિભક્ત હોય તેની ઉપર કહી તેવી પાકી સમજણ હોય છે. ગમે તેવો બુદ્ધિમાન હોય તોપણ તેને કહ્યા સિવાય તે દેખાતું નથી.** ૩૩-૩૪. જે પાકા હરિભક્ત થયા હોય તે તો સત્સંગના પ્રતાપથી જ દેખવામાં આવે છે અને તે જેવી રીતે બોલે છે તેવી રીતે અમે કહીએ છીએ. ૩૫. **સત્સંગ થયા પછી આ શરીરને તેઓ અનિત્ય માને છે. પછી તેનું શરીર ગમે તે રીતે છૂટે, તોપણ તેને તે બાબતમાં કશો સંશય થાતો નથી. ૩૬.**

શરીર કાશી કે ગંગાને કિનારે પડે, મગધ દેશમાં કે બ્રાહ્મણના ઘરમાં છૂટે, ૩૭. કર્મને વશ થઈને ચંડાળને ઘેર પડે, આર્ય કે અનાર્ય દેશમાં પડે, વન કે નગરમાં પડે કે પરદેશમાં શરીર પડે, ૩૮. આજ એક પળવારમાં જ પડે, કેમ જે શરીર તો અનિત્ય છે, અને જીવ ક્યારેય મરતો નથી. જ્ઞાનીને તેમાં કોઈ જાતનો સંદેહ રહેતો નથી. ૩૯. આ શરીર લાંબા સમય સુધી રહે, ઘણા યુગ સુધી રહે કે અત્યારે જ છૂટે, પણ જ્ઞાની તો સાચી સમજણના બળે મનમાં ખુશ રહે છે. ૪૦. ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર અને વસંતઋતુમાં આ શરીર છૂટે, દક્ષિણાયનના કે ઉત્તરાયણના સૂર્ય હોય ત્યારે છૂટે, ૪૧. સર્પ, સિંહ અને વીજળી આદિ કોઈપણ દ્વારા કોઈપણ પ્રકારે શરીર છૂટે, તેમાં પણ જ્ઞાનીને તેના કલ્યાણમાં રંચમાત્ર તલભાર પણ સંદેહ રહેતો નથી. ૪૨. કોઈ વનમાં કે પહાડમાં જઈને શબને મૂકવામાં આવે અને ત્યાં ચાહે તેવા કોઈપણ પશુ કે જંતુ આવીને તેને પ્રસન્ન મનથી ખાઈ જાય, છતાં જ્ઞાનીને તેનો કોઈ સંદેહ રહેતો નથી. ૪૩. સમુદ્ર, સરોવર, કૂવો, નદી કે અગ્નિ આદિમાં પડીને આ દેહ છૂટે, પછી તેને અગ્નિદાહ કરે કે જમીનમાં દાટે, છતાં પણ જ્ઞાનીને કોઈ જાતનો મોક્ષમાં સંદેહ રહેતો નથી. ૪૪.

વળી, આ શરીરને અગ્નિદાહ કરે ત્યારે ચંદન, તુલસીના કાષ્ઠ અને શ્રીફળ ચિતામાં મૂકવામાં આવે અને તેના ઉપર ઘીને પણ હોમે, ૪૫. ચાહે

આટલો બધો વિધિ કરે, છતાં જો સત્સંગ ન હોય તો તે ન કર્યા જેવો છે અને એક સત્સંગ કરવામાં આવે તો બધો વિધિ થયો માનવો. સત્સંગ કર્યા વિના તો જેટલો વિધિ કહ્યો હોય તે બધો કરે અને મહિને મહિને શ્રાદ્ધ કરવામાં આવે. ૪૬. એ બધા ઉપચારો તો લોકાચારના કહેવાય છે, તેને જ્ઞાની પ્રથા પ્રમાણે બની શકે એટલા રાખે છે. દેહનો આદર કે અનાદર અપાર થાય, ૪૭. છતાં જ્ઞાનીને તેનો લેશમાત્ર શોક થતો નથી. કારણ કે, જ્ઞાનીએ તો અંતરથી બધા કલેશને તજી દીધા છે. જ્યાં શરીર છૂટ્યું હોય ત્યાં કોઈ સોનાનું મંદિર બનાવે અને ચાહે તેવા તેમાં હિરા જડાવે, ૪૮. અથવા તો આ શરીરને માટે અપરંપાર સુખ-સંપત્તિ મેળવવામાં આવે અને આ શરીરને સમગ્ર જગત પૂજે કે વંદન કરે, તેના સમાગમથી લોકો સુખ માનતા રહે, ૪૯. શરીરને હાથીએ બેસાડે કે પગે ચલાવે, તેને ગામ આપે કે હોય તે ઝૂંટવી લે, પણ જ્ઞાની તો તે શરીરને અનિત્ય દેખે છે અને તેથી તે કાયમ સુખની નિદ્રા લે છે. ૫૦.

પણ જે અજ્ઞાની છે તેમની તો એવી રીત છે કે, જ્યારે પોતાનું મનનું ધાર્યું ન થાય ત્યારે તે એક પળવાર પણ ઊંઘ લેતો નથી અને ધાર્યું કરવા ધનને પણ ખૂએ છે. ૫૧. અજ્ઞાની માણસ પોતાની બધી સંપત્તિને ખૂએ છે, પણ પોતાનું મમત્વ છોડતો નથી, તે કામ પડે ત્યારે દેખાય છે. પ્રસંગ આવે ત્યારે સમજણ છુપાવી છુપાતી નથી. ૫૨. જ્ઞાની મનુષ્ય મિથ્યા મમત્વને છોડી દે છે અને જે અજ્ઞાની છે તે તો મરતા સુધી મમત્વને છોડતો નથી. ૫૩.

❋ સત્સંગથી કલ્યાણ :

सोरठा : धन त्रिय जेहि त्याग, मोक्ष के खप रहे दृढ जेहि;
हरि में रहे अनुराग, एसे संत के जोग बिन...५४
सुमति होत कुमति, जडभरत हरि पुत्र रहेउ;
त्याग किये संपत्ति, संत जोग विन विघ्न भयेउ...५५

જેણે ધન અને સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, મોક્ષનો દઢ ખપ હોય અને ભગવાનમાં દઢ પ્રેમ હોય, એવા સંતના જોગ વિના સદ્‌બુદ્ધિ પણ કુબુદ્ધિ

થઈ જાય છે. જડભરત તો ભગવાનના પુત્ર હતા, રાજ્ય-સંપત્તિનો ત્યાગ કર્યો હતો, છતાં સંતના યોગ વિના તેના કલ્યાણના માર્ગમાં વિઘ્ન થયું હતું. ૫૪-૫૫. દેહ નીરોગી રહે કે અપાર રોગી રહે, પણ જ્ઞાની તો મનમાં ખૂબ ખુશ રહે છે. કારણ કે તે અપાર આત્મવેત્તા છે. ૫૬. આ શરીર હિમાલયમાં ગળે, છતાં કોઈ સંદેહ ન રહે. તેને જો સત્સંગ થયો હોય તો એનો સર્વોપરિ વિધિ થયો જાણવો. ૫૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ભગવાન અને સત્પુરુષના જોગથી વિષમ સ્થિતિમાં પણ મોક્ષ કહ્યો' એ નામે બાણુમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર પંદરમું : તરંગ - ૯૩

શ્રીહરિએ પોતાની રહસ્યમય વાત જીવના કલ્યાણ માટે કહી

શ્રીજીમહારાજને સંતો અને હરિભક્તોના ઉપર ઘણું હેત હતું, એટલે તેમણે ઘણા ભાવથી તેમના ઉપર એક બીજો પત્ર પણ લખાવ્યો હતો. ૧. હૃદયમાં જેટલું હેત હતું તેવી જ બધી વાત પત્રમાં લખાવતા અને તેમાં તેમનું જે જ્ઞાતાપણું હતું, તે પ્રત્યક્ષ દેખાતું હતું. ૨. સ્વસ્તિશ્રી સત્સંગ મહાશુભ સ્થાને પૂજ્યારાધ્ય સર્વોત્તમ સર્વશુભોપમાલાયક પરમહંસ મુક્તાનંદસ્વામી અને ભાઈ રામદાસજીસ્વામી આદિક જગતવંદ્ય મોટેરા સંતો તથા સમસ્ત પરમહંસો, તેમજ સહુથી વડિલ શ્રીપાત્ દેવાનંદસ્વામી વગેરે નિષ્કામી સમસ્ત શ્રીપાત્ સંન્યાસીઓ, ૩-૫. તથા જયાનંદ અને મુકુંદાનંદ આદિ સમસ્ત બ્રહ્મચારીઓ તથા કર્મયોગી નાનાભાઈ વગેરે વિપ્ર અને બીજા પણ કર્મયોગી પુરુષો તથા કર્મયોગી સમસ્ત બાઈઓ, જીવુબાઈ, રાજબાઈ આદિ સમસ્ત ત્યાગી બાઈઓ અને જે જે સત્સંગી કહેવાતા હોય તે બધાના પ્રત્યે, ૬-૭.

અત્ર શ્રીઅનિર્દેશથી શુભ પત્ર લિખાવીતમ્ સ્વામીશ્રી-૭ સહજાનંદસ્વામીના સર્વે સંતો-ભક્તોએ વારંવાર જય જય સચ્ચિદાનંદ વાંચવા. તમારા સહુના લખચોરાશીના ફેરાને મટાડવા માટે જે લખવાનું કારણ છે

તે હવે અમે સાક્ષાત્ કહીએ છીએ. ૮-૯. તમારે સહુએ પ્રથમ તો મનને એકાગ્ર કરીને આ મારા પત્રમાં લખેલી વાતને સાંભળવી. માખણના જેવું કોમળ હૃદય થયા સિવાય ક્યારેય હૃદયમાં આ મારી કહેલી વાત નિવાસ કરશે નહિ. ૧૦. જમીન જેટલી ઊંડી હોય તેટલું તેમાં પાણી ભરાય છે. સાગર અપાર ઊંડો છે એટલે તેમાં અપાર અને અખંડ પાણી રહે છે. ૧૧. જેનું સાગર જેવું ઊંડું હૃદય હોય તેમાં મારી કહેલી વાત દૃઢતાથી રહે છે. અને જેનું પૃથ્વીના જેવું હૃદય હોય ત્યાંથી મારી વાત પાતાળમાં જતી રહે છે. ૧૨. **જેનું જેવું અંતઃકરણ હોય તેવી તેમાં વાત ઠેરાય છે. અને તે વાતમાં પણ બહુ ઊંડી મોક્ષદાયક વાત સમજવાની રહી છે. ૧૩. અમારા હૃદયમાં જેટલું રહસ્ય રહ્યું છે અને જે અમને રુચે છે તે બધું તમને સહુને કહેવા માટે અમે આ માનવશરીર ધારણ કર્યું છે. ૧૪.**

सोरठा : रहस्य हि केवे हित, कोउ वेर हम न आये इहा;
परम रसकर प्रीत, रहस्य करत प्रसिद्ध हि...१५

કોઈ વખત અમે આવા રહસ્યની વાત કહેવા માટે અહીં ધરતી ઉપર પ્રગટ્યા નથી. માટે ઘણા પ્રેમરસથી તરબોળ થઈને, આ રહસ્યની વાતને પ્રસિદ્ધ કરીએ છીએ. ૧૫. અમારી વાતને શીખીને કેટલાક શઠ લોકો પોતાનો મત બાંધવા માંડ્યા છે, પણ તે શીખવાથી કાંઈ આવડતું નથી. ઐશ્વર્ય તો પરમેશ્વરમાં રહે છે. ૧૬. ભગવાન રામચંદ્ર ઘણા સમર્થ રાજા થયા હતા. તેમણે પોતાના સામર્થ્યે કરીને અપાર સાગરના ઉપર સેતુ બાંધ્યો હતો. ૧૭. વળી તેઓ કોઈની સહાય વિના વનમાં રહ્યા અને પાસે કાંઈ પણ ધન રાખ્યું ન હતું. ધન રાખીને તો સામાન્ય માણસ પણ ધારે તેવું ઘણું કામ કરી શકે છે. ૧૮. ધનથી અને રાજ્યસત્તાથી મનુષ્ય મનમાં ધારે તેવી સહાય લઈ શકે છે, પણ જો પરમેશ્વરની પ્રસન્નતા ન હોય તો ધન અને રાજ્યસત્તાથી પણ કાંઈ બની શકતું નથી. ૧૯. શ્રીરામચંદ્રજી પાસે ધનાદિક ન હતું છતાં તેમણે સેતુ બાંધ્યો, પછી લંકા ગયા. ત્યાં રાવણને મારીને સીતાને પાછા લાવ્યા. આ રીતે તેમણે અદ્ભુત સામર્થ્ય દેખાડ્યું. ૨૦.

જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા ત્યારે જન્મ લીધો ત્યારથી પોતામાં જેટલું અદ્‌ભુત સામર્થ્ય રહ્યું હતું, તે સમય આવ્યો ત્યારે તેટલું લોકોને જણાવતા હતા. ૨૧. ભગવાને તે વખતે પોતાની અલૌકિક અને લૌકિક, એવી બધી રીતો દેખાડી હતી, પરંતુ બુદ્ધિહિન અસુર ગુરુઓ અને તેના જેટલા શિષ્ય હતા, તે આજ સુધી ભગવાનનું ભજન કરતા નથી અને તેઓ ભગવાનને પણ મનુષ્ય કહે છે. અસુર ગુરુઓની જેવી સમજણ હોય છે તેવી તે પોતાના શિષ્યની પણ કરી દે છે. ૨૨-૨૩. અમૃત જેવું ભોજન હોય પણ તેમાં થોડુંએ ઝેર ભળે તો, તે અપાર રહેલું ભોજન પણ બધું ઝેરના જેવું થઈ જાય છે. ૨૪. મિથ્યા ગુરુઓના હૃદયમાં જીવનો મોક્ષ કરવાનો લેશમાત્ર પણ પ્રતાપ નથી. તેઓ કેવળ મોક્ષની વાતો ઉપલક શીખીને શિષ્યોને ઉપદેશ કરતા રહે છે. ૨૫. કોઈ જીવને સત્સંગના માર્ગથી જે પાડે છે, તેને માથે બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ લાગે છે. ૨૬.

જેણે સ્ત્રી અને ધનનો ત્યાગ ન કર્યો હોય અને એક પણ નિયમ પાળતા ન હોય અને જેનું લાગ આવે તે લઈ લેતા હોય, સ્ત્રી અને ધનાદિક લેવા માટે જેનું મન અત્યંત મલિન થઈ ગયું હોય તેવા અસુરો ભગવાન થઈ બેસે છે. ૨૭-૨૮. પણ હરકોઈ જીવના નાડી પ્રાણને સંકેલવા તે બહુ જ કઠિન છે. અષ્ટાંગયોગ સાધ્યા વિના શરીરની અંદર ષટચક્ર બીજાને દેખાડવા તે ઘણી કઠિન વાત છે, એવું અમારા જોવામાં આવે છે. ૨૯. પોતાની નેત્રવૃત્તિ દ્વારાએ સામેની વ્યક્તિની વૃત્તિને સંકેલી લેવી અને પછી તે વૃત્તિમાં મૂર્તિનો પ્રવેશ કરાવી દેવો. ૩૦.

પછી એ મૂર્તિ બ્રહ્માંડની જેટલી અલૌકિક રચના છે, તે સર્વને બતાવે છે. આવી યોગકળાની વાત તેવા પાખંડીમાં હોતી નથી. ૩૧. તેવા પાખંડીને જમદૂત, ભૂતપ્રેત, પાપ અને કાળનો ભય ક્યારેય મટતો નથી. તેવા પાખંડીઓ તો જમદૂત અને કાળના પાશથી બંધાયેલા રહે છે. ૩૨. સ્વયં કાળપાશથી બંધાયેલા જે હોય તે બીજાને છોડાવે, એવું આજ સુધી ક્યાંય દેખવામાં આવ્યું નથી. આ પત્ર લખવાનું જે કારણ છે તે હવે હું

તમને કહું છું. ૩૩. ભજન કરવાવાળો હોંશિયાર જીવ ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર છે, સૂક્ષ્મ છે, જ્ઞાતા છે અને શુદ્ધ રહ્યો છે. ૩૪. અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, અખંડ, અવિનાશી કહેવાય છે. સદા નીરોગી-નિર્દોષ જીવમાં બાળ, યૌવન, વૃદ્ધાવસ્થા અને રોગ ક્યારેય રહેતા નથી. ૩૫.

પરિણામ આદિ છ વિકાર અને ગુણ જે કાંઈ કહેવાય છે તે બધા માયિક શરીરના છે. જીવમાં દેહનો એક પણ ગુણ નથી. જીવ અનેક રીતે દેહથી જુદો છે. ૩૬. **જે કોઈ પણ મનુષ્ય જીવ અને શરીરના ગુણધર્મ એકસરખા છે એમ જ્યાં સુધી સમજે છે ત્યાં સુધી તે સુખ-દુઃખને પામતો રહે છે. ૩૭. વિષયોએ કરીને જીવ જ્યાં સુધી અપાર સુખ માને છે ત્યાં સુધી તેને દેહબુદ્ધિ રહે છે અને સંસારથી લગાર પણ છૂટતો નથી.** ૩૮.

सोरठा : दिव्य मति जीय देन, हमकु रहेउ भाव अति;
विचार करत दीन रेन, ता हित बात लिखत हम...३९
दिव्य मति विन जोउ, दिव्य गति न होत कबु;
भगवान दिव्य रहे सोउ, तेहि कर मति दिव्य होत...४०

જીવને દિવ્યબુદ્ધિ આપવા માટે અમારા મનમાં ઘણો ભાવ રહ્યો છે અને તે બાબત જ અમે રાત-દિવસ વિચારીએ છીએ અને આ વાત પણ તેટલા માટે જ લખીએ છીએ. ૩૯. **દિવ્યમતિ થયા વિના ક્યારેય દિવ્યગતિ થાતી નથી.** ભગવાન સ્વયં દિવ્ય છે. તેને લીધે બુદ્ધિ પણ દિવ્ય થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ પોતાની રહસ્યમય વાત જીવના કલ્યાણ માટે કહી' એ નામે ત્રાણુમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર પંદરમું : તરંગ - ૯૪

ધ્યાન દ્વારા ઇન્દ્રિયાદિને મૂર્તિમાં લીન કરીને થયેલા લક્ષની વાત

વળી, પછી શ્રીહરિએ જે પત્ર લખાવ્યો, તેની વાત હવે હું તમને કહું છું. જે વાત સાક્ષાત્ મોક્ષકારી છે. ૧. શ્રીહરિએ કહેલી આ વાત તો ઘણી સમજમાં ન આવે તેવી અગ્રાહ્ય છે, છતાં તેનું સ્મરણ કરાવવા માટે હું(સિદ્ધાનંદમુનિ) લખી રહ્યો છું. ૨. જેણે અષ્ટાંગયોગ સાધ્યો હોય, એવા સિદ્ધયોગીને માટે પણ આ વાત ઘણી દુર્લભ છે અરે.. તેમણે પણ કોઈ જન્મમાં આ વાત સાંભળી નહિ હોય. ૩. પરમેશ્વર અને પરમેશ્વરની સાથે આવેલા સત્પુરુષ, પોતાના પ્રતાપથી ષટચક્રને ભેદે છે, તે પ્રત્યક્ષ પ્રમાણથી સત્ય છે. ૪. આપણા સત્સંગમાં જે બાઈ-ભાઈ હરિભક્તો કહેવાય છે તે ભગવાનની આજ્ઞાથી જ્યારે ભજન કરવા બેઠા હોય છે, ૫. ત્યારે પ્રત્યક્ષ પરમેશ્વર શ્રીહરિની મૂર્તિનું હૃદયમાં તેઓ ચિંતન કરતા હોય છે અને તેથી તેમની અંતરવૃત્તિ જ્યારે મૂર્તિને આકારે થઈ જાય છે ત્યારે તેમને શરીરનું ભાન રહેતું નથી. ૬.

પછી જ્યારે દિવ્યમૂર્તિ દેખાય છે ત્યારે પોતાનો આત્મા પણ દિવ્ય જોવામાં આવે છે અને તેટલીવાર જે બધા આવરણ કહેવાય છે, તે રહેતા નથી. ૭. અને પછી જ્યારે પાછું શરીરનું ભાન થાય છે ત્યારે પાછા તે બધા આવરણ થઈ આવે છે. જેટલી અલૌકિક વાતને જીવે દેખી હોય છે, તેને કહેવા તે સમર્થ થાતો નથી. ૮. યથાર્થરૂપમાં જે વાત જોવામાં આવી છે, તેવી તે વાતને કહી શકતો નથી. ભક્તના પ્રત્યેક રોમમાં જે જે છીદ્ર રહ્યા છે તેમાં જ્યારે મૂર્તિ પ્રવેશ કરે છે ત્યારે જો સરલ બુદ્ધિના તે ભક્તજન હોય તો તેને તેમાં અનંતકોટિ બ્રહ્માંડો દેખાડે છે. ૯-૧૦. અને જે મનુષ્ય ચંચળ બુદ્ધિવાળો હોય તેને અંતરમાં તે મૂર્તિનાં દર્શન થતા નથી અને રજોગુણ, તમોગુણપ્રધાન બુદ્ધિવાળો જે રીતે મૂર્તિ દેખાય તે રીતે ધ્યાનનો પ્રયત્ન કરે છે. ૧૧.

જેની અંતર્વૃત્તિ હંમેશાં એકસરખી રહેતી હોય છે, તે ભક્ત જ્યારે મૂર્તિનું ધ્યાન કરે છે ત્યારે મૂર્તિ સાક્ષાત્ દેખાય છે. નટ ઘણા હોય છે, પણ

તે બધા દોર ઉપર ચાલી શકતા નથી. ૧૨. નેત્ર, શ્રોત્ર, મન અને પગ, એ ચારેયની વૃત્તિ જ્યારે એક થઈને દોરમાં મળી જાય છે ત્યારે તે નટ દોર ઉપર ચાલી શકે છે. ૧૩. તે રીતે જ ભક્તને જ્યારે મૂર્તિમાં વૃત્તિઓને એક કરતા આવડે છે ત્યારે તેને સમાધિ થાય છે; એવો તેમાં વિવેક રહ્યો છે. ૧૪. મનોવૃત્તિ, બંદૂકનું મુખ અને નિશાન, આ ત્રણેય જ્યારે એક થઈ જાય છે ત્યારે છૂટેલી બંદૂકની ગોળી નિશાન ઉપર લાગે છે. ૧૫. ભગવાનની મૂર્તિ તે નટનો દોર અને ગોળીનું નિશાન કહેવાય છે. જ્યારે તેમાં વૃત્તિ એક થાય છે ત્યારે જીવ મૂર્તિમાં ચોંટી જાય છે. ૧૬.

જ્યારે મનોવૃત્તિ મૂર્તિમાં ચોંટી જાય છે ત્યારે મનુષ્યને દેહની સ્મૃતિ રહેતી નથી. શરીરની બહાર જ્યારે મૂર્તિમાં મનોવૃત્તિ ચોંટે છે ત્યારે બંને નેત્ર મટકાએ રહિત થઈને ખુલ્લા જ રહે છે અને તે વખતે નેત્રની વૃત્તિ દંડાકારે થઈ જાય છે. ૧૭-૧૮. જ્યાં સુધી મૂર્તિ બહાર દેખાતી હોય છે ત્યાં સુધી તેના નેત્ર થંભી જાય છે. નેત્રની વૃત્તિ દ્વારાએ જ્યારે મૂર્તિ દેહમાં પ્રવેશ કરે છે ત્યારે થંભી ગયેલા નેત્ર મળીને બંધ થઈ જાય છે. પછી અંતરમાં તેને પ્રકાશ દેખાય છે અને જેના અંતરમાં મૂર્તિએ પ્રવેશ કર્યો હોય છે તે ભક્ત મૂર્તિ પાછળ ચાલતો રહે છે. ૧૯-૨૦.

પછી જ્યાં ગણપતિનું સ્થાનક રહ્યું છે તેને ત્યાં મૂર્તિ દેખાડે છે. તે ગણપતિ ભગવાનના ધ્યાનમાં તત્પર થઈને જોડાયેલા ચતુર્ભુજરૂપે દેખાય છે. ૨૧. લક્ષ અને લાભ નામના તેમના બે પુત્રો સેવામાં તત્પર રહ્યા હોય છે. તે બંને ગણપતિને ચામર ઢોળતા હોય છે અને નિરંતર તેમની અનુવૃત્તિમાં રહે છે. ૨૨. શુદ્ધિ અને બુદ્ધિ નામે બે ગણપતિજીની પત્નીઓ છે. તે ગણપતિજીના ગુણોનું ગાન કરે છે. તેમની સાથે કેટલીક દાસીઓ પણ રહી હોય છે. ૨૩. તે બધાને ભગવાનને રાજી કરવાનું એક તાન હોય છે. જ્યારે ગણપતિ તે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરે છે ત્યારે તેઓ તેમની સેવા-પૂજા કરે છે. ૨૪. સાથે રહેલો ભક્ત ત્યાં મૂર્તિના પ્રતાપને દેખે છે. પછી કમળના મધ્યમાં એ મૂર્તિ જ્યારે બેસે છે ત્યારે તે ભક્ત મૂર્તિનાં નખશિખ દર્શન કરે છે. ૨૫.

જ્યારે એ ભક્તને મૂર્તિમાં ઘણું હેત થાય છે ત્યારે બહાર નેત્રની વૃત્તિ મૂર્તિમાં લીન થઈ જાય છે અને તે વખતે કેવળ નેત્રના ગોલક જ રહે છે. ૨૬. તે ગોલકમાં ઈન્દ્રિયોના દેવ અને ચેતનાત્મક વાયુ રહેતો નથી. એક જડ અંશ જ રહે છે, ચિદ્ અંશ રહેતો નથી. ૨૭. જે જે ઈન્દ્રિયોની વૃત્તિ મૂર્તિમાં વધારે વધારે ખેંચાય છે ત્યારે એક જડ ગોલક જ રહે છે. ૨૮. જ્યારે મૂર્તિમાં શ્રોત્ર ઈન્દ્રિયની વૃત્તિ ખેંચાઈ જાય છે ત્યારે શ્રોત્ર ઈન્દ્રિયના દેવ અને વાયુ એક પણ રહેતા નથી. ૨૯. પછી તે શ્રવણ ઈન્દ્રિયના ગોલકમાં એક માત્ર જડ અંશ રહે છે, એમાં કોઈનો નિવાસ હોતો નથી, ત્યારે ભક્તજન નાદ સાંભળે છે. ૩૦.

જેને પ્રણવનો ધ્વનિ કહેવાય છે તેને તે ભક્તજન સાંભળે છે. ત્યાં કમળને મધ્યે તે મૂર્તિ રહે છે. તે પછી ચલાયમાન થઈ જાય છે. ૩૧. તેના પછી જે વૃત્તિને પામે છે, તેને અહંવૃત્તિ કહેવાય છે અને તે અહંવૃત્તિ એક જ છે. તે અહંવૃત્તિ ચૌદે ઈન્દ્રિયોના દેવના રૂપમાં થઈ હોય તેમ દેખાય છે. પછી તે ચૌદે ઈન્દ્રિયોના જે દેવ છે તે અહંવૃત્તિમાં અહંભાવ કરી રહ્યા છે. ૩૨-૩૩. ઈન્દ્રિયોના દેવ જેના આશ્રિત થઈને રહ્યા છે આવી અહંવૃત્તિ રહી છે. ચૌદ ઈન્દ્રિયો, દસ પ્રાણ, પંચભૂત અને પંચતન્માત્રા, એ અહંવૃત્તિને આશરે રહ્યા છે, તેને ભક્તજન દેખે છે. એ મૂર્તિનું ધ્યાન કરીને સુજ્ઞ ભક્તજન તે અહંવૃત્તિને જ્યારે ચલાયમાન કરે છે ત્યારે પરમેશ્વરની ઈચ્છાથી અહંવૃત્તિને આશરે જે દેવો રહ્યા છે તે બધા ચલાયમાન થઈ જાય છે. ૩૪-૩૬.

પછી કમળને મધ્યે જે મૂર્તિ રહી છે ત્યાં અહંવૃત્તિ જે કહી તેમાં પરમ ઉદાર ભક્તજન પ્રણવ-નાદને સાંભળે છે. પછી દૃષ્ટિના દ્વારાએ તે ભક્ત કમળમાં રહેલી મૂર્તિને વારંવાર ઉપર નીચે ફેરવે છે એમ મૂર્તિને વારંવાર ફેરવે છે ત્યારે ભક્તનું લક્ષ દૃઢ થાય છે. ૩૭-૩૮. જ્યારે ભક્તને લક્ષ દૃઢ થાય છે ત્યારે તેની અહંવૃત્તિ પરમેશ્વરની ઈચ્છાથી ચલાયમાન થઈ જાય છે. ૩૯. તે અહંવૃત્તિના અભિમાની દેવો જે કાંઈ વ્યષ્ટિ - સમષ્ટિ રૂપે રહ્યા છે, તે બધા ચલાયમાન થઈ જાય છે. ૪૦. પછી વિરાટના સ્થૂળદેહના બધા પ્રાણ, સર્વે ઈન્દ્રિયો અને દેવો ચલાયમાન થઈ જાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'ધ્યાન દ્વારા ઈન્દ્રિયાદિને મૂર્તિમાં લીન કરીને થયેલા લક્ષની વાત કહી' એ નામે ચોરાણુમો તરંગ સમાપ્ત ॥૯૪॥

પૂર પંદરમું : તરંગ - ૯૫

શ્રીહરિએ લક્ષ્યમાં ગણપતિ અને બ્રહ્માના સ્થાનનો લય કહ્યો

પત્રમાં જે લખાવી હતી, તે વાત ફરીને શ્રીહરિએ કહી. આ વાતો શ્રીહરિના સિવાય બીજા કોઈને કહેતા આવડે નહિ. ૧. શ્રીહરિ સમાધિ કઈ રીતે થાય છે તે પોતે જોઈને કહે છે માટે તે વાત સત્ય છે. તેને સાંભળીને સાધક લક્ષ્યરૂપ મૂર્તિને ધારે છે. ૨. પછી તે સાધક જે રીતે સંકલ્પ કરતા હોય, તે રીતે તેને સંભારીને શ્રીહરિ પોતે જ તેની સ્મૃતિરૂપ ધારણ કરે છે. ૩. જેમ વેદ અને પુરાણોનું સહુ સ્મરણ કરીને સાખ્ય લે છે તેમ ભગવાન શ્રીહરિની વાત પણ તેટલી જ સત્ય પ્રમાણરૂપ રહે છે. ૪.

❋ વાતની અસર થાય તો કસર જાય :

જેનાં હૃદયમાં શ્રીહરિનાં સ્વરૂપનો પરમેશ્વરપણાનો નિશ્ચય હોય છે, તે જ્યારે વાતને કાનથી સાંભળે છે ત્યારે તેના હૃદયમાં પ્રકાશ થાય છે. કારણ કે દૃઢ નિશ્ચયરૂપી વાતમાં જ મૂર્તિ નિવાસ કરીને રહી હોય છે. ૫.

चोपाई :

हरि की बात रहायेउ जेती, चमत्कार सब रहेउ तेती;
हरि के संबंधमें आये जेते, जड चैतन वस्तु जो तेते...०६
मोक्ष करे एसे भयेउ तेहा, हरि की बात एसे रहे एहा;
एसी बातके अंतर में जबहू, साचे वेग लागत हे तबहू...०७

શ્રીહરિ જે વાત કરતા હતા, તે વાતમાં બધા ચમત્કારો રહેતા હતા અને જડ કે ચેતન કોઈ પણ વસ્તુ શ્રીહરિના સંબંધમાં જે આવતી હતી તે મોક્ષ કરે એવી થઈ જતી, શ્રીહરિની આવી વાત છે. આવી વાતનો હૃદયમાં જ્યારે સાચો વેગ લાગે છે ત્યારે મનુષ્ય જે રીતે જે ધારે છે તેવું

તેના અંતરમાં થાય છે પરંતુ હૃદયમાં જેટલો નાસ્તિકભાવ રહે છે, તેટલી મૂર્તિ દૂર રહે છે. ૬-૮. મુખથી ગમે તેવી વાત ભલે કરે તોપણ જેટલી મૂર્તિ દૂર રહે છે તેટલો તેના મોક્ષમાં વિલંબ થાય છે અને જેટલી બુદ્ધિમાં આસ્તિકતા રહે છે તેટલી તેના ઉપર શ્રીહરિની પ્રસન્નતા થાય છે. ૯. અને જેટલી પ્રસન્નતા થાય છે તેટલો તે ભક્ત શ્રીહરિની સમીપ રહે છે પરંતુ નાસ્તિક ભગવાનની સમીપ આવતો નથી. જેટલું હૃદય કઠોર હોય છે તે તેટલો સત્સંગરૂપી સમુદ્રમાં નાહી શકતો નથી. ૧૦.

મનુષ્યનું જેવું અંતઃકરણ હોય, તેવું જ તેના ઇન્દ્રિયો અને દેહનું વર્તન હોય છે. દેહના વર્તન ઉપરથી અંતઃકરણનું વર્તન દેખાય છે. ૧૧. જેવું અંતઃકરણ કોમળ હોય તેવો તેને સત્સંગ રહે છે. અંતઃકરણમાં જેવી કોમળતા હોય તેવાં તે કોમળ વચનોને ઉચ્ચારતો દેખાય છે. ૧૨. ગુરુઓ અને રાજાઓના અંતઃકરણમાં જેટલી કોમળતા હોય છે તેટલા તેમાં ભગવાન નિવાસ કરીને રહે છે. ૧૩. જે ગુરુઓ અને રાજાઓ જેટલા અનીતિથી ડરતા રહે છે તેટલી ભગવાન તેની સહાય કરતા રહે છે. ૧૪. જે ગુરુ કે રાજાને અનીતિ કરવામાં જેટલી રુચિ હોય છે તેટલો તેમાં પ્રતાપ રહેતો નથી. કેમ જે, તેના પ્રતાપને ભગવાન ખેંચી લે છે. ૧૫. પછી જીવ વિનાના દેહની જેવી શોભા હોય છે તેવી નીતિ વિનાના રાજા અને ગુરુની શોભા થાય છે. ૧૬.

ભગવાનના ભક્તને જ્યારે લક્ષ્ય થાય છે ત્યારે તે ચિદ્અંશ માત્ર કહેવાય છે. ભક્તજન તે ચિદ્અંશને આકર્ષિત કરીને અલગ અલગ દેવોનું જે ચૈતન્ય છે તે તેને વહેંચી દે છે. બ્રહ્માનું જે ચૈતન્ય છે તે બ્રહ્માને તરત વહેંચી દે છે. ૧૭-૧૮. વિષ્ણુનું જેટલું ચૈતન્ય છે તે વિષ્ણુને વહેંચી દે છે અને શિવનું જેટલું ચૈતન્ય છે તે શિવને વહેંચી દે છે, કેટલાક આવો લક્ષ્ય કરે છે. ૧૯. પછી બ્રહ્માંડ સંબંધી જે દેવતાઓ છે તે તે ભક્તના સ્થૂળ દેહને વિષે અંશરૂપે થઈને વ્યાપીને રહે છે. ૨૦. જ્યારે ચિદ્અંશ માત્ર રહે છે ત્યારે સુજ્ઞ ભક્ત સહુના ચૈતન્યને અને સહુના પ્રાણને પાછા વહેંચી દે છે પછી ભક્તના જીવની ચેતનાઓનો ઘણો વિસ્તાર થાય છે. ૨૧. પોતાની

ચૈતન્યવૃત્તિઓ પોતાના આત્મામાં તે લીન કરી દે છે અને સ્થૂળ દેહમાં તો માત્ર જડઅંશ રહે છે. ૨૨.

પછી તે ભક્ત વિરાટને વિશે જેટલો કાર્ય-કારણરૂપ જડઅંશ રહ્યો છે તેને માયામાં લીન કરી દે છે. ૨૩. વિરાટમાં જેટલો કાર્ય-કારણરૂપ ચિદ્અંશ રહ્યો છે તેને મહાપુરુષમાં લીન કરી દે છે. ૨૪. તે પછી કમળમાં જે ગણપતિજીની મૂર્તિ રહી છે તેને બ્રહ્માના સ્થાનમાં સ્થાપન કરી દે છે. ૨૫. તે પછી અહંકારવૃત્તિના પગમાં જે આકાશ અને વાયુ છે, તેને ગણપતિના સ્થાનમાં, ૨૬. જે આકાશ અને વાયુ રહ્યો છે તેને બ્રહ્માના સ્થાનમાં રહેલા આકાશની સાથે એક કરી દે છે. ૨૭. તે પછી અપાન વાયુની સાથે તત્કાળ પ્રાણવાયુને જોડી દે છે અને ગણપતિને લઈને બ્રહ્માની સાથે જોડી દે છે. ૨૮. આ રીતે જ્યારે આ ભક્ત તે સ્થાનકથી વૃત્તિઓ સંકેલી લે છે ત્યારે માંસના આકારથી અંકિત ગણપતિનું ચક્ર રહે છે પછી તે ભક્ત જ્યારે બ્રહ્માના માંસચક્રમાંથી પ્રાણને ખેંચે છે ત્યારે બ્રહ્માના ચક્રની સાથે ગણપતિનું ચક્ર ચોંટી જાય છે. ૨૯-૩૦. આ રીતે બે સ્થાન એક કરી દેવામાં આવે ત્યારે બંને આકાશ પણ એક થઈ જાય છે. આવી રીતે બધા જ સ્થાનોની ધારણા રહી છે. ૩૧.

ચક્ર ભેદવાની પણ આ કહી તેવી રીત છે, તે બે ચક્રના ભેદવાની રીતથી કહી છે અને ચક્રને મધ્યે જે દેવ રહે છે તેને એક કરવાની રીત પણ આ રીતે સમજવી. ૩૨. વાયુને ખેંચવાની પણ આ કહી તેવી જ સ્પષ્ટ રીત છે. જ્યારે પ્રાણવાયુ માંસના ચક્રને ભેદીને ખેંચાય છે ત્યારે છએ માંસના જે ચક્ર છે તે આકાશ અને વાયુ વિશેષથી રહિત થઈ જાય છે અને તત્કાળ બધા ચક્ર ચોંટી જાય છે. ૩૩-૩૪. તે વખતે પ્રત્યેક ચક્રમાં આકાશ અને વાયુ રહેતા નથી અને પછી તો આ શરીરને તત્કાળ અગ્નિમાં બાળી દેવામાં આવે છે. ૩૫. ત્યારે રજ અને વિરજરૂપ જે સ્થૂળ શરીર છે, તેનો નાશ થયો કહેવાય છે. વિશ્વાભિમાની જે આત્મા તેના સ્થૂળ દેહની પણ આવી જ રીત કહી છે. ૩૬.

વૈરાજપુરુષના સ્થૂળ શરીરને વિરાટ કહેવાય છે. તે વિરાટ સંકર્ષણના અગ્નિથી નાશ પામે છે. ૩૭. બ્રહ્માના સો વર્ષ વીતે તે પછીના સમયને કલ્પાંતકાળ કહેવાય છે. આ બધી વ્યવસ્થા આ રીતની છે, તેને સમજવા માટે વાત કહી છે. ૩૮. ગોપીઓ અને ઉદ્ધવ જેવા જે ભગવાનના ભક્તો થયા છે તેને વેદ અને પુરાણોમાં ઠેર ઠેર બ્રહ્મવેત્તા કહ્યા છે. ૩૯. ગણપતિનું જે ચક્ર છે તેમાં મુખ્યપણે કરીને પૃથ્વીતત્ત્વ પ્રધાન રહ્યું હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ લક્ષ્યમાં ગણપતિ અને બ્રહ્માના સ્થાનનો લય કહ્યો' એ નામે પંચાણુમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર પંદરમું : તરંગ - ૯૬

સમાધિમાં પ્રકૃતિથી પર વૈકુંઠ અને ગોલોકધામનું વર્ણન

શ્રીહરિએ લખાવેલા પત્રમાં અનુપમ વાત કહી. એ વાત એટલી અદ્‌ભુત કહી હતી કે સંસારના દુઃખસાગરને ટાળનારી હતી. ૧. વિરાટ-બ્રહ્માના સ્થાનમાં જળતત્ત્વ મુખ્ય રહ્યું છે એમ ધ્યાનીભક્ત દેખે છે. ૨. અને વિષ્ણુનું જે સ્થાનક છે તેમાં વિશેષપણે કરીને તેજતત્ત્વ મુખ્ય રહે છે. ૩. અને શિવનું જે સ્થાનક છે તેમાં વિશેષપણે કરીને વાયુતત્ત્વ પ્રધાન રહ્યું છે. ૪. કંઠસ્થાન અને ભ્રૂકુટિસ્થાનમાં આકાશતત્ત્વ પ્રધાન છે અને બ્રહ્મરંધ્રને મધ્યે એક હજાર પાંખડીવાળું કમળ રહેલું છે. ૫. તે સ્થાનક જ્યોતિસ્વરૂપ છે અને તેમાં વિશેષપણે કરીને ચિદાકાશ રહ્યો છે, તેને ધ્યાનીભક્ત વારંવાર દેખે છે. ૬. બીજાં જે સ્થાનક છે તેને વિષે ચિદાકાશ સામાન્યરૂપે રહે છે અને જ્યોતિસ્વરૂપ સ્થાનકમાં ચિદાકાશ વિશેષપણે કરીને રહ્યો છે. ૭.

તે ચિદાકાશ, જે કુટસ્થમુક્ત કહેવાય છે તેને રહ્યાનાં સ્થાનક રૂપ છે અને એ ચિદાકાશને જ અક્ષર કહેવાય છે. તે પણ એક કહેવાની કળા છે. ૮. લક્ષ્યની વાત કહેવા અને જોવા દ્વારાએ અનેક પ્રકારની કહેવાય છે અને લક્ષ્ય પણ અનેક પ્રકારનો છે અને તેની ગતિ પણ ભિન્ન ભિન્ન

પ્રકારની છે. ૯. અને જે બદ્ધ જીવો કહેવાય છે તેને રહેવાનું સ્થાન તો આ ભૌતિક આકાશ છે. તે હૃદયાકાશરૂપે રહે છે અને તે બધા જીવોને ધારી રહ્યો છે. ૧૦. પરમેશ્વરે નિર્માણ કરેલો ચિદાકાશ બધા જ મુક્તોને ઘણા જ ઉત્સાહથી ધારી રહ્યો છે અને તે ચિદાકાશ અપરંપાર વિશાળ છે. ૧૧. તે કારણથી તેનું નામ ચિદાકાશ છે. તેમાં તેજોમય મુક્તો રહ્યા છે. મુક્તોને રહેવાને માટે જ ભગવાને ચિદાકાશની ભૂમિ પ્રેમથી રચી છે. ૧૨.

ષટચક્ર ભેદે પછી તે રીતે જ બ્રહ્માંડને ભેદે છે. પછી ધ્યાની સુષુમ્ણા નાડીને વિષે દૃઢ ચિત્ત કરીને રહે છે. ૧૩. ધ્યાન કરનારો યોગી સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરીને પ્રણવની ધારણા કરે. પછી પરમેશ્વરની ઈચ્છાથી તે તાલુને ભેદે છે. ૧૪. તે તાલુ ભેદે પછી વૈકુંઠધામની ધારણા કરે. તેના અંગ કહ્યાં છે. તેમાં પ્રથમ અંગ નૈષ્કર્મ્ય ભક્તિ છે. ૧૫. વૈકુંઠધામનું પરમ અનુપમ લક્ષ્મીવિષ્ણુ સ્વરૂપ છે, તેનું અત્યંત પ્રેમ લાવીને વારંવાર વર્ણન કરવું. ૧૬ વૈકુંઠધામમાં લક્ષ્મીજીની સાથે ભગવાન વિષ્ણુ રહ્યાં છે અને તેમાં રહેલા બધા પાર્ષદો ચતુર્ભુજ છે. ૧૭. સહુના મસ્તક ઉપર મુકુટ ધારણ કરેલો છે અને સહુએ પીતાંબર વસ્ત્ર પહેર્યાં હોય છે. અને તે દિવ્ય વિમાનમાં બેસીને ધામમાં વિચરણ કરે છે. ૧૮. તે બધા પાર્ષદો ભગવાન લક્ષ્મીનારાયણના નિરંતર ગુણ ગાય છે. તેમને સહુને ભગવાનમાં અપાર હેત રહ્યું છે. તે કોઈથી કહિ શકાતું નથી.૧૯. તે ભગવાનના પાર્ષદોને ભગવાનના સ્વરૂપમાં વધારેમાં વધારે હેતની વૃદ્ધિ થતી રહે છે. તેમાં ક્યારેય ઊણપ દેખાતી નથી. તે મુક્તો સોળ વર્ષની વયના દિવ્ય શરીરને ધારી રહ્યા છે. તેમના અંગમાં કોઈ પણ જાતનો વ્યાધિ ક્યારેય દેખાતો નથી. ૨૦.

✵ મુક્તની દિવ્યતા :

ચોપાઈ :

एक एक के आवे अभावा, एसे कोउ में न रहे स्वभावा;
स्वभाविक स्वभाव रहे एसे, एक एक पर भाव बढे तेसे...२१
एक एक के भोग अपारा, देखी क्षोभ मन होत न लगारा;
एक एक पर हित बढे जेसा, मुखसे बचन उचरेउ तेसा...२२

તે મુક્તોમાં પરસ્પર એકબીજાનો અભાવ આવે એવો કોઈમાં સ્વભાવ નથી રહ્યો. તેમનો સ્વાભાવિક સ્વભાવ જ એવો છે કે પરસ્પર પ્રેમભાવ વધતો રહે છે. ૨૧. પરસ્પર એકબીજાના અપાર ભોગને દેખીને કોઈના મનમાં થોડોએ ક્ષોભ થતો નથી અને પરસ્પર હેત વધે એવાં જ વચન તેઓ મુખથી બોલે છે. ૨૨. તે મુક્તોને કોઈ ખાન-પાનને માટે પણ ક્યારેય કલેશ થતો નથી. પરસ્પર કોઈને દુઃખ આપે એવા વિમુખ તો ત્યાં ટકી શકતા નથી. ૨૩. નિરાપરાધિનો દ્રોહ કરનારા જીવો તો જમપુરીમાં રહે છે. પરંતુ જે ભગવાન અને ભગવાનના ભક્તોને પ્રસન્ન કરતા રહે છે, તેઓ તો ભગવાનના દિવ્યધામમાં રહે છે. માટે જેટલા ભગવાનના ભક્ત કહેવાય છે તેમણે આવી વાતો નિરંતર કર્યા કરવી. ૨૪-૨૫.

વૈકુંઠથી પર ગોલોકધામ રહ્યું છે. તેની ધારણા કરીને હરિભક્ત તે દેખે છે. ૨૬. જે ગોલોકધામ રહ્યું છે અને તેનું જેવું સ્વરૂપ છે તેને ઘણી ભાવનાથી વિસ્તારીને કહેવું. ૨૭. સદ્‌ભાવના વિનાની જે વાત છે તે કોઈને ગમતી નથી. મિષ્ટાન્ન ભોજન હોય તે પણ જો ભાવ વિના આપવામાં આવે તો ઝેર જેવું લાગે છે. ૨૮. ગોલોકધામમાં જે સિંહાસન છે તેમાં ચિત્ર વિચિત્ર પ્રકારના મણિઓ જડેલા છે અને તેમાં જે અતિ તેજ રહ્યું છે તેની વાત વિસ્તાર કરીને કહેવી. ૨૯. એ તેજોમય સિંહાસનને મધ્યે જે ભગવાનની મૂર્તિ રહી છે, તેમના સૌંદર્યને દેખીને તો કરોડો કામ થંભી જાય છે. તે ભગવાનની મૂર્તિ નવીન મેઘના સમાન શ્યામ રહેલી છે. તે ભગવાન મસ્તક ઉપર સુંદર મોરમુકુટ ધરી રહ્યા છે. ૩૦.

ભગવાનના બંને કાનમાં મકરાકૃતિ કુંડળ શોભી રહ્યા છે. સ્વરૂપ દ્વિભુજ છે અને મોરલી ધારી રહ્યા છે અને મુખથી મંદ મંદ હાસ્ય કરી રહ્યાછે. ૩૧. હોઠ પાકા ઘીલોડાના જેવા લાલ છે. ચિબુક મનોહર છે. નાસિકા દીપક અને પોપટની ચાંચને લજાવે છે. શંખના જેવો કંઠમાં કૌસ્તુભમણિ શોભી રહ્યો છે. વિશાળ છાતીને દેખતા મન લોભાય છે. ૩૨. શ્રીવત્સનું ચિહ્ન અને ભૃગુલાંછન શોભી રહ્યા છે. સ્વરૂપ ઉપર કેસરયુક્ત ચંદન શોભે છે. ફૂલના હાર અને બાજુબંધ ધારણ કર્યા છે. અનંત ભક્તજનોએ પૂજા

કરી હોય છે. ૩૩. કમર ઉપર નવું પીતાંબર પહેર્યું હોય છે અને સોનાની કટિમેખલા તે કમર ઉપર બાંધી છે. સોનાના નૂપુર ચરણમાં ધાર્યા છે અને ચરણના સોળ ચિહ્ન ભક્તજનને બહુ પ્યારા લાગે છે. ૩૪. નખમણિનું તેજ ઝગમગી રહ્યું છે. ચરણો ઉપર ભક્તજનોએ કુંકુમ ચરચ્યું છે. કેસરયુક્ત ચંદનથી લલાટમાં અર્ચા કરી છે. તેને મધ્યે કુંકુમનો સુંદર ચાંદલો કર્યો છે. ૩૫. નેત્રકમળ ચંચળ અને અણીયાળા છે, તે અપાર અમૃતથી ભર્યા છે. વળી, સોનાનાં આભૂષણો અને સોનાનાં વસ્ત્રો સુંદર રીતે ધાર્યા છે. ૩૬.

તે ભગવાનની મૂર્તિની એટલી શોભા છે કે તે મુખથી કહી શકાતી નથી. તેમનો અપાર મહિમા કહેવા છતાં તેનો અંત આવતો નથી. ૩૭. કવિ જેટલો વધારે મહિમા કહે છે તેનાથી તે થાકી જાય છે. શેષજી પણ હજારો મુખથી નિરંતર ભગવાનના મહિમાને કહેતા રહે છે, છતાં પણ તે તેમના મહિમાના પારને પામતા નથી. ભગવાન તો અપારના અપાર જ રહે છે. કવિઓ અપાર મહિમા ગાય છે, છતાં ભગવાન અપારના અપાર રહે છે. ૩૮-૩૯. આ રીતે મહિમાનો ઘણો વિસ્તાર કરીને ઘણા પ્રેમરસથી પૂર્ણ બની વારેવારે કહેવો. તે મહિમા પરમાત્માથી પર નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'સમાધિમાં પ્રકૃત્તિથી પર વૈકુંઠ અને ગોલોકધામનું વર્ણન કર્યું' એ નામે છન્નુમો તરંગ સમાપ્ત ॥૯૬॥

પૂર પંદરમું : તરંગ - ૯૭

નામીએ સહિત સ્વામિનારાયણ નામનો મહિમા કહ્યો

વળી શ્રીહરિએ જે પત્રમાં વાત લખાવી હતી તેને ફરીને કહેતા. તે વાત પરમ તત્ત્વરૂપ છે. જે સાંભળે તેનાં સંસારનાં બંધન તોડનારી છે. ૧. મનુષ્યના શરીરમાં રહેલો જીવ અને જીવના સ્થૂળ શરીરને વિશે રહેલા ચાર અંતઃકરણ, તેના દેવતાઓ, પાંચ ભૂતો, દસ ઇન્દ્રિયો, પાંચ તન્માત્રાઓ, પાંચ પ્રાણ, શરીરની સાત ધાતુઓ, એ બધાની વાત વિસ્તારથી નિરૂપણ

કરવી. ૨-૩. સાતેય ધાતુઓની વાત બધા હરિભક્તોએ કરવી કે જે વાત પહેલા અમે ફરેણી ગામમાં કરતા હતા. ૪. અમે ત્યાં વાલજી સુતારની આગળ જે નિત્ય વાત કરતા હતા, તેને જે કોઈ પણ મનુષ્યો સાંભળતા, તેને તે સાંભળ્યા પછી ખાધેલું અનાજ પેટમાં ટકતું નહિ. ૫.

અરે ! પીધેલું પાણી પણ પેટમાં ટકતું નહિ, બીજી તો શી વાત કહેવી? જેવો ચમારનો કુંડ હોય તેવો આ દેહ, વાત સાંભળનારાને જણાતો હતો. ૬. માંડવી બંદરની બજારમાં ચોમાસાનાં વરસાદનાં પાણીને લીધે વિષ્ઠાની દુર્ગંધ અત્યંત ફેલાતી હતી. ૭. બીજાં પણ જેટલાં શહેર કહેવાય છે, તેની બજારોમાં પણ ચોમાસામાં દુર્ગંધનો કોઈ પાર રહેતો નથી. ૮. એ રીતે જ્યારે અમે શરીરના અંદરની વાત દેખાડતા ત્યારે તેને લીધે શરીરનો નિરંતર અભાવ રહેતો. જેમ કોઈ પશુના શરીરમાં રૂંવાડે રૂંવાડે કીડા પડ્યા હોય, તેને દેખીને જે અભાવ આવે તેવું જ આ શરીર દેખાતું. રસી, રુધિર, માંસ, મજ્જા, નખ, હાડકાં, રૂંવાડાં અને લીંટ, આ બધાના કુંડ ભર્યા હોય તેવું નર અને નારીનું શરીર દેખવામાં આવતું. આ માનવદેહ ઉપર કહ્યા તેવા મૂર્તિમાન નાના-મોટા કુંડોનો બનેલો છે. ૯-૧૧.

આવી વાતને જે મનુષ્યો સાંભળતા તેના પેટમાં ખાધેલું અનાજ ટકતું નહિ. પછી જ્યારે તેવા શરીરનો વિચાર કરતા કે તેની વાત સાંભળતા ત્યારે તરત ઊલટી થઈ જાતી હતી. ૧૨. **આવા ઘૃણાસ્પદ શરીરને ચૈતન્ય જીવ ધારે છે ત્યારે તે પોતે પોતાને દેહરૂપ માનવા લાગે છે. અન્નથી થતી વિષ્ઠાના રસથી આ સંપૂર્ણ શરીર ભર્યું રહ્યું છે. આવા શરીરમાં નર-નારી સહુ સદા સુખ માને છે. જેને સત્સંગ નથી, આવા બધા લોકો નરકરૂપ શરીરમાં ચોંટી રહ્યા છે અને શરીરને જ સહુથી વિશેષપણે દેખે છે. ૧૩-૧૫.** ભગવાનના ભક્ત સિવાયના અન્ય લોકો બ્રહ્માંડમાં જે મલિન વસ્તુ રહી છે તેને સૌથી વિશેષપણે કરીને માને છે. ૧૬.

ભગવાનનો ભક્ત ભગવાનની અને સંતોની સેવામાં જે કોઈ પદાર્થ ઉપયોગી ન થાય, તે પદાર્થ કદાચ ચિંતામણિ અને કલ્પતરુ સમાન હોય

તોપણ તેને કુસંગ સમાન દેખે છે. ૧૭. જેને પાકો સત્સંગ થયો હોય છે તેવા ભક્તો બધી ભૂમિ સોનાની હોય, બધા શહેર સોનાના હોય, પણ તે જો ક્યારેય ભગવાનની સેવામાં ઉપયોગી ન થયા હોય તો તેવા હીરા, માણેક, મોતી આદિ સર્વ વસ્તુઓને નરકના જેવી દેખે છે અને સત્સંગથી રહિત સ્વર્ગ સુધીનાં બધા ભોગસ્થાન કે ભોગ્ય પદાર્થોને નરકતુલ્ય દેખે છે. ૧૮-૧૯. **જ્યાં સુધી સત્સંગની ગમ ન હોય અને તે સ્વર્ગાદિ લોકમાં વિમાનમાં બેસીને ફરતો હોય, તોપણ જ્યારે તેનું પુણ્ય ખૂટી જાય છે ત્યારે તે મૃત્યુલોકમાં આવીને રહે છે. (गीता : अ/९ क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति) ૨૦.**

મનુષ્યનું જે આ સ્થૂળદેહ છે, તે જાગ્રત અવસ્થા પ્રધાન છે તેમ દેવલોકમાં દેવતાના સૂક્ષ્મદેહ છે અને તે સ્વપ્ન અવસ્થા પ્રધાન છે. તેમના બધા ભોગો વાસનામય દેખાય છે. મનુષ્યદેહમાં જે બ્રાહ્મણો છે, તે દેવજાતિ કહેવાય છે. ૨૧-૨૨. ચાંડાળોનું જે મનુષ્યશરીર છે તે હીનજાતિ કહેવાય છે તેમ દેવસૃષ્ટિમાં ભૂત, પ્રેત અને પિશાચ બધા હીન કહેવાય છે. ૨૩. દેવતાઓ અને ભૂત આદિકની સ્વપ્નસૃષ્ટિ રહી છે. જેને જેવી વાસના રહી હોય તેને તેવાં સુખ અને દુઃખ પ્રાપ્ત થાય છે. ૨૪. **જેટલા વિવેકી હરિભક્તો સમજણથી સમર્થ થયા હોય છે તે પોતાના દેહને અસત્ય માને છે અને જીવને સત્ય માને છે. ૨૫. પરબ્રહ્મ ભગવાન પુરુષોત્તમના જોગે કરીને તે હરિભક્તો પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણે છે અને શરીરને આત્માથી અલગ દેખે છે. ૨૬.**

ષટ્ચક્રોને ભેદીને જ્યારે યોગી બ્રહ્માંડને ભેદે છે ત્યારે તેને ગોલોકમાં અત્યંત તેજ દેખાય છે. જે તેજને દેખે છે, તેને સહુ ચિદાકાશ કહે છે અને જેમને ભગવાન પુરુષોત્તમ કહેવાય છે તેઓ તે ચિદાકાશમાં રહે છે. ૨૭-૨૮. જે ભક્તો હંમેશાં સ્વામી-સેવકભાવથી ભગવાનની ઉપાસના કરે છે તેનું મુખ્ય સાધન તો ભગવાનનું 'નારાયણ' એવા નામનો જપ કરવો તે જ રહ્યું છે. ૨૯.

❋ સ્વામિનારાયણ મંત્ર મહિમા :

चोपाई :

स्वामिनारायण रहे नामा, सब पर मंत्र रहे सुखधामा;
कलि में नारायण नाम ताको, सब पर महिमा कहे वाको...३०
उठत बेठत चलत जो तामें, खावत पिवत सोवत हि यामें;
जो जो क्रिया करत रहाई, कबहु देह परवश हो जाई...३१
स्वामिनारायण नाम तिनके, जिह्वाये उचार रखत इनके;
सब जन श्रवन सुनत हे जेसे, स्वास उस्वास उचरत हि तेसे...३२

અને 'સ્વામિનારાયણ' એવું જે નામ છે, તે સુખધામ નામ બધા મંત્રોથી પર રહ્યું છે. આ કળિયુગમાં તે 'સ્વામિનારાયણ' નામનો મહિમા સૌથી પરમ શ્રેષ્ઠ કહ્યો છે. ૩૦. માટે ઊઠતાં, બેસતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સૂતાં, જે જે બીજી પણ ક્રિયા કરતા હોઈએ ત્યારે 'સ્વામિનારાયણ' નામ રટવું. કદાચ શરીર પરાધીન થઈ જાય તોપણ જીભથી 'સ્વામિનારાયણ' એવું નામ રટતા રહેવું. સહુ લોકો કાનથી સાંભળે તે રીતે શ્વાસ-ઉચ્છ્‌વાસ એ નામ જપતા રહેવું. ૩૧-૩૨. (નામ લેવામાં તાળીનો કાંઈ નિયમ નથી.) તાળી પાડીને નામનું ઉચ્ચારણ તો સંધ્યા સમયે કરવું. તે સિવાય તો હાથમાં માળા રાખીને સતત નામરટણ કરવું. બીજા બધા મિથ્યા સંકલ્પોનો ત્યાગ કરીને સૂતા સૂતા પણ સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું. ૩૩.

'સ્વામિનારાયણ' એવું જે નામ તેનો જે અતિશય આગ્રહ કરીને જપ કરશે, તેને તે નામના નામી જે પ્રત્યક્ષ પરમેશ્વર છે તે તેના જીવને સુષુમ્ણા નાડીને વિશે પ્રવેશ કરાવશે. પછી ષટ્‌ચક્રને ભેદાવીને તેને વૈકુંઠલોકનાં તરત દર્શન કરાવશે. ૩૪-૩૫. અને વૈકુંઠથી પર જે ગોલોકધામ કહેવાય છે તેને પણ પરમેશ્વર સહજ સ્વભાવે દેખાડશે. પછી તે ભક્તના સામર્થ્યનો કોઈ પાર પામતું નથી. ૩૬. પછી તે ગોલોકના મધ્યે જે અક્ષરધામ રહ્યું છે, તેમાં તે ભક્તને શ્રીહરિ સહજ સ્વભાવે પ્રવેશ કરાવે છે. ૩૭. સ્વામિનારાયણ એવા નામનો જપ નામીની સાથે આગ્રહ રાખીને કરે છે, તે ભક્તજનને અદ્‌ભુત સુખની પ્રાપ્તિ થાય છે. ૩૮.

सोरठा : नामी विन जो नाम, फल विन हि पुष्प जिमि;
नारि रहे रूपधाम, पुत्र विन वांझनी कहत जग...३९
नाम नामि जुत जेह, पुष्प रहे जिमि फल जूत;
पुत्र जुत नारी तेह, सफल भाग्यवंति जग कहत...४०

જેમ ફળ વિનાનું ફૂલ અને સુંદર સ્ત્રી પણ પુત્ર વિનાની હોય તો વાંઝણી કહેવાય છે, તેમ નામી સિવાયનું જે નામ તે વાંઝિયું છે. ૩૯. અને નામીથી યુક્ત નામ તે ફળ આપનારું ફૂલ અને પુત્રવાળી સ્ત્રીની જેમ સફળ છે અને ભાગ્યવાન છે; એમ દુનિયામાં કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'નામીએ સહિત સ્વામિનારાયણ નામનો મહિમા કહ્યો' એ નામે સત્તાણુમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર પંદરમું : તરંગ - ૯૮

પત્રનો પાઠ અને એકાદશીનું જાગરણ કરવાની આજ્ઞા કરી

શ્રીહરિએ પત્રમાં જે સારરૂપ વાત કહી હતી, તેને હું ફરીને હવે કહું છું. જે અપાર દુઃખને ટાળનારી છે. ૧. જે ભક્ત નામીથી યુક્ત સ્વામિનારાયણ નામને ઉચ્ચારે છે, તેમાં જેવી ભાવનાથી તે નામ જપે છે તેવું તેને ફળ શ્રીહરિ આપે છે. ૨.

सोरठा : बोत बोत ही नाम, लेव हि जो अति भाव कर;
पुरुषोत्तम के धाम, देह छते देख हि तेहि...०३
थोरो नाम लेवहि, मुवे समे देखही यह;
नामी जुत न केवहि, नाम तितने हरिजन नहि...०४

જે ભક્તો આગ્રહ રાખીને અતિ ભાવથી ખૂબ ખૂબ ભગવાનનું નામ જપે છે, તે છતાં દેહે ભગવાન પુરુષોત્તમના ધામને દેખશે. ૩. અને જે થોડાં નામ લેશે, તે મરણ સમયે ધામને દેખશે. અને જે નામીની સાથે નામ નથી લેતા, તે પૂરો ભક્ત કહેવાતો નથી. ૪. જે નામીએ સહિત

નામનું પ્રતિપાદન નથી કરતા, તેને તો દેહરૂપ જાણવા. અમે તેને ગુરુદ્રોહી, વચનદ્રોહી અને સંતદ્રોહી કહીએ છીએ અને જે જેટલો નામીએ સહિત નામ લે છે, તેને તેટલા આત્મદર્શી માનવા. ૫-૬. **વળી, તેને ગુરુભક્ત કહેવા, વચન પ્રમાણે વર્તનારા કહેવા. નામીએ સહિત નામ લેનારાને સંતના સાચા સેવક કહેવા; એવા ભક્ત અક્ષરધામમાં રહેશે. ૭.**

અમે આ પત્ર લખ્યો છે, તેનો સહુએ પ્રચાર કરવો. કેમ જે, ભગવાન પુરુષોત્તમનારાયણે અમને સ્વપ્નમાં આવીને આજ્ઞા કરી છે તે રીતે અમે આ પત્ર લખ્યો છે. તમને સહુને આત્મદર્શી કરવા માટે અમારા મનમાં ઘણો પ્રેમ રહ્યો છે. ૮-૯. જેને આત્મદર્શી થવું હોય તેણે અમારા આ પત્રને માનવો અને જેને દેહરૂપ રહીને વારંવાર સંસારરૂપી સાગરમાં ભટકવું હોય તેણે આ પત્ર ન માનવો. ૧૦. અને તેણે દેહરૂપ થઈને નિરંતર દેહનું ભજન કરવું. બસ એ જ, સમસ્ત હરિભક્તોએ અમારા જય સચ્ચિદાનંદ વાંચવા. ૧૧.

બધા પરમહંસોએ આ પત્રનો સવારમાં પાઠ કરવો, એકવાર બપોરે પાઠ કરવો અને એક વખત ત્રીજા પહોરમાં પાઠ કરવો. ૧૨. અને સૂર્યાસ્ત સમયે એકવાર પાઠ કરવો અને સૂતી વખતે પણ આ રીતે જ એકવાર પાઠ કરવો. ૧૩. જે પરમહંસને વાંચતા ન આવડતું હોય તેણે વાંચનારની સમીપે જઈને પાંચવાર આ પત્ર સાંભળવો. ૧૪. બીજું, જે સાંખ્યયોગી બાઈ-ભાઈ ભણેલા હોય, તેમણે ઘણા હેતથી આ પત્રનો પાંચ વખત પાઠ કરવો. ૧૫. જે ભણ્યા ન હોય, તેણે ભણેલાની પાસે જઈને પાંચ વખત પ્રેમભાવથી પાઠ સાંભળવો. ૧૬. જે ગૃહસ્થ બાઈ-ભાઈ ભણેલા હોય, તેમણે પણ રોજ પાંચ વખત આ પત્રનો પાઠ કરવો. ૧૭.

વેદો અને પુરાણો જે કહેવાય છે, તે બધાના જીવનરૂપ આ પત્ર લખ્યો છે. એટલા માટે આ પત્રનું અતિશય પ્રતિપાદન કરજો. ૧૮. આ પત્રનું જેટલું પ્રતિપાદન કહેતાં પ્રચાર-પસાર કરશો તેટલા ભગવાન તમારા ઉપર પ્રસન્ન થાશે. દિવાળી પહેલા પાંચ દિવસે અન્નકોટ ઉપર અમે વડતાલ ગામ જરૂર આવશું. તેમાં લેશમાત્ર ખોટું નથી અને સુરત બંદરના ભક્તોને પત્ર લખીને તે ખબર આપવી. ૧૯-૨૦. વળી, ધરમપુરમાં કુશળકુંવરબાઈ

નામે હરિભક્ત રાજરાણી છે, તેને જરૂર ખબર આપવી અને દેશોદેશમાં બીજા પત્ર લખવા. ૨૧. બધા પરમહંસોને અને ગામેગામ બાઈ-ભાઈને એવા ખબર આપવા કે મહારાજ અન્નકોટ ઉપર વડતાલ આવશે. ૨૨. વળી, સહુ અંદરોઅંદર આ પત્રને ઘણા સ્નેહથી લખી લેજ્યો. શ્રીમદ્‌ભાગવતનો ‘જન્માદ્યસ્ય યતોઽન્વયાદિ’ અને જયદેવની અષ્ટપદીનો ‘વેદાનુદ્ધરતે’ એ બે શ્લોકનો ભાવ વિસ્તારથી આ પત્રમાં અમે લખાવેલ છે. ૨૩-૨૪.

ભગવાન સંબંધી એકાદશી ઇત્યાદિક જેટલા વ્રત છે, તેમનું જાગરણ કરવું. ૨૫. જાગરણમાં કથા, વાર્તા અને કીર્તન વગેરે આખી રાત કરવા. તેનાથી ભગવાન અત્યંત રાજી થાય છે. તેની વાત કહી શકાતી નથી. ૨૬. મુખ્યપણે ભગવાનના નામની ધૂન કરવી અને વ્યર્થ કામોને છોડી દેવા અને દિવસે કે રાતે વ્યર્થ સૂવું નહિ. ૨૭. લોકો વિવાહ અને ભાંડ-ભવાઈમાં તથા ચોર અને કામી લોકો પણ આળસ છોડીને આખી રાત જાગતા હોય છે. ૨૮. આળસને છોડી દઈને ભગવાનના સંબંધ સિવાયની પ્રવૃત્તિમાં જેટલા લોકો જાગતા રહે છે, તેનું ફળ તો જમપુરી, જન્મ-મરણ અને લખચોરાશી છે. ૨૯.

પરંતુ ભગવાનને રાજી કરવા માટે જે હરિભક્તો શ્રદ્ધા રાખીને જાગરણ કરે છે, તેનું ફળ હરિભક્તને અવિચળ અક્ષરધામ મળે છે. ૩૦. જે ભક્તથી એકાદશીના ચાર પહોરનું જાગરણ ન થઈ શકતું હોય તો તેણે ત્રણ પહોરનું જાગરણ કરવું અને તેમાં શ્રદ્ધાયુક્ત થઈ ભગવાનના નામની ધૂન કરવી. ૩૧. **જેનાથી ત્રણ પહોરનું જાગરણ ન થઈ શકે તેણે બે પહોર સુધી જાગરણ કરવું અને બે પહોરનું પણ ન થઈ શકે તો તેણે એક પહોરનું જાગરણ તો જરૂર કરવું.** ૩૨ અને જે એક પહોરનું પણ જાગરણ ન કરી શકે, તેને તો ગુણબુદ્ધિવાળો ભક્ત જાણવો. જે મનુષ્ય ધર્મ નિયમમાં જે રીતે રહેતો હોય, તેને તેવી રીતનો હરિભક્ત કહેવો. વર્તન ઉપરથી તેને ઓળખી લેવો.

જે મનુષ્ય સંતો કે હરિભક્તોને પાછા પાડવા, પોતાની જીત કરવા માટે પોતાનું વર્તન વધારે સારું દેખાડે છે, ૩૩-૩૪. તો તે કાળનેમિ અને રાવણ

જેવો છે, એમ વર્તન ઉપરથી તરત પારખી લેવો. સત્સંગમાં આવીને પણ જે લોકો અસુરભાવને જ્યાં સુધી રાખશે ત્યાં સુધી તેના મરણ વખતે ભગવાન તેને તેડવા માટે આવશે નહિ. **અને ભગવાન અને મોટા સંતોની મરજી પ્રમાણે જે વર્તે છે, તેને અંતે શ્રીહરિ તેડવા આવે છે. ૩૫-૩૬.**

ભગવાન, સંત તથા હરિભક્તને રાજી કરવાની જેને ભાવના હોય, તેણે ભગવાન, સંત અને હરિભક્તના દાસ થઈને વર્તવું જોઈએ. ૩૭. જેની બુદ્ધિ સરળ હોય, હૃદયમાં લેશમાત્ર પણ કપટ ન હોય, કોઈથી ઉથડકમતિ ન હોય, કોઈની સાથે દ્વેષ ન હોય તે નક્કી ભક્ત છે. ૩૮. અને પોતાને બીજા કરતાં સરસ દેખાડવા માટેનું જેનું વર્તન હોય, તેને બધાએ વિમુખ કરતાં પણ અપાર વિમુખ જાણી લેવો. ૩૯. અને જે પોતે સહુથી સરસ રીતે વર્તતો હોય છતાં પણ પોતાને બીજા કરતાં અતિ કનિષ્ઠ સમજે અને બીજા સંતો અને હરિભક્તોને મોટા દેખે અને એવી જ રીતે મોટા કહે. ૪૦. આવા સંતોની જગતમાં લેશ મોટપ ન હોય છતાં તે મોટા છે. કેમ જે, તેઓ લૌકિક મોટપને કલંકરૂપ જુએ છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'પત્રનો પાઠ અને એકાદશીનું જાગરણ કરવાની આજ્ઞા કરી' એ નામે અઠ્ઠાણુમો તરંગ સમાપ્ત ॥૯૮॥

પૂર પંદરમું : તરંગ - ૯૯

શ્રીહરિએ ભગવાનના સ્વરૂપનું ગૌરવ કહ્યું

શ્રીહરિએ હરિભક્તો ઉપર હેત લાવીને ફરીને કહ્યું કે સર્વે ભક્તોએ એક પહોર સુધી તો અવશ્ય એકાદશીનું જાગરણ કરવું. ૧. જેને લોકવ્યવહારે કોઈનો ભય રહેતો હોય તો તેણે ગુપ્ત રીતે જાગરણ કરવું અને કોઈ ન જાણે તે રીતે મનમાં ભજન કરવું. ૨. પરમહંસો અને સાંખ્યયોગી જે બાઈ-ભાઈ છે, તેમણે તો ચાર પહોર સુધી અવશ્ય જાગરણ કરવું. ૩. જે આ અમારાં વચનને ન માને તેને દેહાભિમાની જાણવો, પણ બ્રહ્મરૂપ ન

માનવો અને તે જરૂર નરકને પામશે. ૪. શ્રીમદ્‌ભાગવતમાં પંચમસ્કંધમાં છવ્વીશમા અધ્યાયમાં વ્યાસ ભગવાનના પુત્ર શુકદેવજીએ જમપુરીમાં જેટલાં નરક કહ્યાં છે, તે સહુ નરકકુંડના નામ ગદ્યમાં કહ્યા છે. તેને અમે જોઈને આ પત્રોમાં લખ્યા છે. ૫-૬.

સત્સંગના જે ધર્મ-નિયમો છે તેમાં તત્પર થઈને રહેવું. ભાગવત દશમસ્કંધના પૂર્વાર્ધમાં ગોકુળ અને વૃંદાવનમાં શ્રીકૃષ્ણભગવાન જે રીતે વિચર્યા હતા, તે મૂર્તિનું **'बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं'** એ શ્લોકમાં વર્ણન કર્યું છે. ૭-૮. જે ભક્તજન ભજન-સ્મરણ કરશે, તેમને ઉપર કહી તેવી મૂર્તિરૂપે ભગવાન પ્રગટ દર્શન આપશે અને વ્યાસમુનિએ ભાગવતમાં **'एते चांशकला...'** તે શ્લોકમાં જે વાત કહી છે તે હવે તમને કહું છું. કહ્યા સિવાય શાસ્ત્રનું રહસ્ય છૂપાઈ રહે છે. જે મોટા મોટા આચાર્યો થયા છે, તે બધા કળિયુગમાં થયા છે. ૯-૧૦.

વ્યાસમુનિએ વિભાજિત કરેલા વેદો અને પુરાણોને જોઈને જે આચાર્યોની જેવી રુચિ હતી અને જેમાં જેવો જ્ઞાનાંશ હતો તે પ્રમાણે તેમણે સમજણ ગ્રહણ કરી હતી. ૧૧. તે આચાર્યો ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, તેનું પ્રતિપાદન પણ પોતાની સમજણ પ્રમાણે જ કરતા રહ્યા છે. અમારામાં જેવો જ્ઞાનાંશ રહ્યો છે, તે કહીએ છીએ. અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન પ્રસન્ન થઈને પ્રગટ પ્રમાણ અમારા હૃદયમાં વિરાજમાન છે. જ્યારે અમે ચોવીશ તત્ત્વ અને જીવને દેખીએ છીએ ત્યારે ભગવાન પુરુષોત્તમની નખશિખ મૂર્તિ અખંડ શરીરમાં દેખીએ છીએ અને ધામ પણ અમને અખંડ દેખાય છે. ૧૨-૧૪. ભગવાનનું ધામ અને ભગવાનની મૂર્તિ, એ સિવાય જે બ્રહ્માંડો રહ્યા છે તે અમને અલગ દેખાય છે અને ક્યારેક મૂર્તિમાં પણ દેખાય છે. ૧૫.

ભગવાન ક્યારેય બ્રહ્માંડ, દેવ અને જીવરૂપે થતા નથી. આ રીતે ભગવાનની અનુપમ યોગકળા એક અલગ રીતે જ રહી છે. ૧૬. ભવ અને બ્રહ્મા ઈત્યાદિક પણ ભગવાનની યોગકળાના પારને પામતા નથી, તો પછી બીજા દેવ અને મનુષ્યના તો શા લેખા ? ૧૭.કેટલીક અતર્ક્ય વાતો હોય છે તે બધી જીવને તર્કમાં લાવવી તે અતર્ક્ય-અલૌકિક સ્થિતિને પામ્યા

સિવાય શક્ય નથી. અલૌકિક સ્થિતિ વિના અતર્ક્ય બાબત દેખાતી નથી. ૧૮. અમે અતર્ક્ય વાતો કહીએ છીએ, તે વાતો વેદના રહસ્યરૂપ છે. જેને પરબ્રહ્મ પુરુષોત્તમ અને પરમાત્મા કહેવાય છે, ૧૯.તેનાં બે સ્વરૂપો છે અને તે બન્ને સ્વરૂપો યોગકળારૂપ છે. તે જે જીવ જેવો અધિકારી હોય, તેને તે રીતે દેખાય છે. ૨૦.

નવરસના જેવા અપાર રસો ભગવાનમાં રહ્યા છે. જ્યારે જે કોઈ વાતને દેખવી હોય ત્યારે તેની દૃષ્ટિએ કરીને તે વાતને જોવી જોઈએ. ૨૧.જ્યારે અપાર સાગરને તરવો હોય ત્યારે નાવ વિના કરોડ ઉપાય કરે તોપણ તરી શકાતું નથી. તેમ ભગવદાકારે દૃષ્ટિ થયા વિના ભગવાનને જાણી-માણી શકાતા નથી. ૨૨. પાંખ ન હોય તો આકાશમાં ક્યારેય ગતિ થઈ શકતી નથી. પંખી તો મનુષ્ય કરતાં અલ્પ કહેવાય છે, તોપણ પાંખને લીધે આકાશમાં તેની ગતિ થાય છે. ૨૩.

આવી વાતો તો ઘણી છે. જેની જેવી ગતિ હોય તેનાથી તે બની શકે છે. જેટલી બ્રહ્મવિદ્યાઓ કહેવાય છે, તે બધી યોગકળાથી યુક્ત રહી છે. ૨૪. જેણે યોગકળા સાધી ન હોય તે ચાહે તેવો પંડિત હોય તોપણ શાસ્ત્રમાં જેવી રીતે વાત કહી હોય, તેવી રીતે તે માપ કાઢી શકતો નથી. ૨૫.તેથી યોગકળા વિના શાસ્ત્રને ભણે છે, તે પછીથી નાસ્તિક થઈ જાય છે અને તેને કોઈની શ્રદ્ધા રહેતી નથી. પછી તે મનુષ્યશરીરને નિષ્ફળ ખોવે છે. ૨૬. જે નાસ્તિકો ભણીને પંડિતો થાય છે, તેને જો સત્સંગ ન હોય તો મરીને તે બ્રહ્મરાક્ષસના દેહને પામે છે. ૨૭. ભણેલી વિદ્યાનું ખરું ફળ તો એ જ છે કે, નાસ્તિકતા ભરેલી બુદ્ધિનો તત્કાળ નાશ થાય અને શુદ્ધ સત્સંગનો યોગ થાય. ૨૮.

सोरठा : सत्संग जोग वीन, ब्रह्मा जेसे होय तोउ;
मोक्ष न होत कोउ दिन, निश्चे रहाये बात इमि...२९

चोपाई :

ईश्वर ताकि बात जो जाकू, दृढ विश्वास हि आये ताकू;
विद्या जो जो कहावत जितना, सब हि पढ चूके सो तितना...३०

બ્રહ્મા જેવો મોટો હોય તોપણ સત્સંગના યોગ સિવાય તેનો ક્યારેય મોક્ષ થતો નથી, આ અમે ચોક્કસ વાત કહીએ છીએ. ૨૯. પરમેશ્વર અને પરમેશ્વરે કહેલી વાતમાં જેને દૃઢ વિશ્વાસ આવ્યો હોય, તે જે જે વિદ્યા કહેવાય છે, તે બધી ભણી ચૂક્યો છે. ૩૦. વળી, તેને વેદોમાં આસ્થા થઈ ગઈ. તેમજ તે અંગ અને ઉપાંગોએ સહિત વેદો પણ ભણી ચૂક્યો છે. જેને દૃઢ સત્સંગ થાય છે તેને આસ્થા અને મોક્ષ બંને સાથે રહે છે. ૩૧. આ જગતમાં જેટલી અસત્ વસ્તુ છે, તેનો સમજીને ત્યાગ કરવો. જેટલી સત્ય અને સારરૂપ વસ્તુ છે, તે બધી જીવના મોક્ષમાં સહાયતા કરે છે. ૩૨.

સત્ય વસ્તુને સ્વીકારી લેવી અને અસત્ય વસ્તુને છોડી દેવી, આનું જ નામ સત્સંગ છે અને જે સત્યને માર્ગે ચાલ્યા છે તે જ મોક્ષને પામ્યા છે. ૩૩. મનુષ્યને જ્યાં સુધી અસત્ય વસ્તુના ઉપર દોડ રહે છે ત્યાં સુધી તેને તેટલો કુસંગ રહ્યો છે અને તેટલું જ તેમાં ભવભટકણ રહ્યું છે. ૩૪. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનના જે જે ચરિત્ર છે, તે બધાં જ હંમેશાં નિર્ગુણ કહેતાં માયિક ગુણોથી રહિત છે. તે ચરિત્રમાં લેશમાત્ર પણ માયાના ગુણ નથી. ૩૫. તેમાં જેટલા માયિક ગુણ સમજવામાં આવે છે તેટલું તેને માયાનું આવરણ નડે છે. શુકદેવજી, સનકાદિક, નારદ, વ્યાસ, ઉદ્ધવ અને પ્રહ્લાદ જેવા ભક્તો, ૩૬. તે બધા ભગવાનને જેવા અક્ષરધામમાં રહ્યા છે તેવા મનુષ્યશરીરમાં પણ દેખે છે અને ભગવાનને માયાના કોઈ પણ ગુણ બાધ કરતા નથી, એમ દેખે છે. ૩૭.

નિર્ગુણપણું અને સગુણપણું, તે બે તો ભગવાનની યોગકળાઓ છે અને ભગવાનને તો નિર્ગુણપણું અને સગુણપણું, તે બંનેના કારણ કહ્યા છે. ૩૮. સમગ્ર બ્રહ્માંડોનો જ્યારે પ્રલય થાય છે ત્યારે જેટલા જીવ છે, તે બધા માયામાં લીન થઈ જાય છે. ૩૯. જેને અવ્યાકૃત અને અંધકારરૂપ કહેવાય છે તે માયા અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈને રહે છે. ૪૦. ત્યારે જેટલા મુક્તો હોય કે જેટલા ભગવાનના ભક્તો થયા હોય છે, તે બધા અક્ષરધામમાં જઈને નિવાસ કરીને રહે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ ભગવાનના સ્વરૂપનું ગૌરવ કહ્યું' એ નામે નવ્વાણુમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર પંદરમું : તરંગ - ૧૦૦

શ્રીહરિએ સગુણ અને નિર્ગુણભાવ વગેરેની કલ્યાણકારી વાત કરી

શ્રીહરિએ વળી પાછી વાત કરી કે પ્રલય સમયે જે રહે છે એવા ભગવાન, ભક્તો અને ભગવાનના ધામને અમે નિર્ગુણ કહીએ છીએ. ૧. પછી ઉત્પત્તિ સમયે ભગવાનની ઈચ્છાથી જ્યારે માયા અને મહાપુરુષ દ્વારા બ્રહ્માંડમાં જે જીવો ઉત્પન્ન થાય છે ત્યારે તેમને વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રો, એ બધા સગુણ કહે છે અને ભગવાન તો કર્તા થકા અકર્તા તથા સદાય શુદ્ધ રહે છે. ૨-૩. ભગવાનની અનુલોમ દૃષ્ટિ તે સગુણ સ્થિતિ કહી છે અને પ્રતિલોમ દૃષ્ટિને નિર્ગુણ સ્થિતિ કહી છે. ૪. અનુલોમ દૃષ્ટિ અને પ્રતિલોમ દૃષ્ટિ, એ બંને પ્રકારની જે દૃષ્ટિ છે તે ભગવાનની એક લીલા છે અને તે બીજા જીવોને ઐશ્વર્ય બતાવવાને માટે ભગવાને રાખી છે. ૫.

નિર્ગુણરૂપ અને સગુણરૂપ આ બંને પ્રકારની લીલાના કર્તા શ્રીહરિ જ છે. પરંતુ જે જીવને જેવી રીતે સમજ્યામાં આવે છે અને જેના ઉપર રુચિ બેસે છે, ૬. તેને કર્તા માને છે. તેમજ અપાર લોકોને પણ ભૂલા પાડે છે. પછી તે પોતે ભૂલા પડેલા બીજાને પણ ભૂલા પાડીને ઘણા નર-નારીઓને નરકમાં લઈ જાય છે. ૭. ભૂલેલાને સાચો રસ્તો દેખાડવા માટે ભગવાન વારે વારે આવીને પ્રગટ થાય છે અને મુમુક્ષુઓને ભવસાગરમાંથી તારતા રહે છે. ભગવાનને ક્યાંય આવવા જવાનું હોતું નથી પરંતુ પ્રગટ થાવું અને અંતર્ધાન થાવું એવી લીલા સહુને દેખાડે છે. ૮. વેદ અને પુરાણોનાં વચનોને સત્ય કરવાને માટે સ્વયં ભગવાન વારંવાર પ્રગટ થાય છે અને શાસ્ત્રોમાં કહ્યું તે રીતે અનેક અસુરોનો નાશ કરે છે છતાં પોતે રંચમાત્ર પણ અનીતિ કરતા નથી. ૯.

સર્વમાં નિયંતાદિકપણે વ્યાપીને રહેવું તે ભગવાનનું અન્વયપણું છે અને સહુમાં હોવા છતાં સહુથી જુદા-નિર્લેપ રહેવું તે વ્યતિરેકપણું છે. આ રીતે ભગવાનની બે પ્રકારની લીલા છે. તેનો પાર પમાતો નથી. પણ તે લીલાના મર્મને જ્યાં સુધી અંતઃકરણમાં પામ્યા ન હોય, ઉતાર્યો ન હોય ત્યાં સુધી તે લીલાને કહેવા-સાંભળવામાં પૂરો રસ આવતો નથી. આ લીલામાં અપાર રસ રહ્યો છે. પરંતુ જેટલી અગાધ વાતો રહી છે, તેને જીવ પોતાના અંતઃકરણમાં પ્રવેશ કરાવી શકતો નથી. ૧૦-૧૧. અગાધ એવા ભગવાનને ચરિત્રોએ કરીને સમજવામાં જીવને બળ રહે છે. જ્યારે જીવનું તેવું બળ છૂટી જાય છે ત્યારે તે નિર્બળ થઈને બેસી રહે છે. ૧૨. **આવા નિર્બળ મનુષ્ય જે વાતને સાંભળીને ફરીને બળિયા થાય તેવી અપાર વાતો સંતોએ કરવી, જેનાથી તેનો ઉદ્ધાર થાય છે. ૧૩.** જેનાથી જીવનો ઉદ્ધાર થાય તેને જ ખરા અર્થમાં વાત કહેવાય. જીવના ઉદ્ધાર સિવાયની બીજી જેટલી વાતો કહેવાય છે, તે બધી ઉત્પાતરૂપ કહેવાય છે. ૧૪. સંતોએ જે ઉત્પાતરૂપ વાતો છે તેનાથી જીવને પાછો વાળીને સન્માર્ગ તરફ ફેરવી દેવો. તે જીવને જ્યારે સન્માર્ગની વાતો પ્રિય લાગશે ત્યારે તે કુમાર્ગની વાતોને છોડી દેશે. ૧૫.

જીવ અજ્ઞાને કરીને ઠેક ઠેકાણે કુમાર્ગની વાતને સન્માર્ગ સમજી બેસે છે અને સન્માર્ગની વાતોને કુમાર્ગ સમજી બેસે છે. ૧૬. પછી તે નઠારો જીવ અજ્ઞાનને જ્ઞાન માને છે અને જ્ઞાનને અજ્ઞાન માને છે. દિવસને અંધારું માને છે અને અંધારાને દિવસ માને છે. ૧૭. માટે સંતોએ એવી વાતો કરવી કે કુમાર્ગે ચાલેલો મનુષ્ય પણ સન્માર્ગે ચાલે. જેમ અજામિલ અપાર કુમાર્ગે ચાલ્યો હતો. પછી જ્યારે સંતો તેની પાસે આવ્યા, ત્યારે તેના દ્વારા તેને સુમાર્ગ સમજાયો હતો. ૧૮. સુજ્ઞ સંતોએ અધમ અજામેલનો જે રીતે ઉદ્ધાર થાય તે રીતની વાતો કરી અને તેનો તત્કાળ ઉદ્ધાર કર્યો હતો. ૧૯.

चोपाई :

भगवान के शरण भये बिनही, उद्धार जनके होत न किनही;
भगवान कि प्रतिमा ताकी, नव प्रकार कि भक्ति वाकी...२०

ભગવાનને શરણે ગયા સિવાય કોઈ પણ મનુષ્યનો ઉદ્ધાર થાતો નથી. શરણે થયા પછી ભગવાનની પ્રતિમાની નવ પ્રકારે ભક્તિ કરવી. ૨૦.

मूर्ति प्रगट होई बोलत ताई, भक्तजन प्रति हित हि लाई;
एसे भक्त मरत हे जबहू, दिव्य तन कु पाईके तबहू...२२

જ્યારે તે શરણાગત ભક્ત પ્રતિમાને પ્રત્યક્ષ માની પ્રેમને કારણે નિત્ય ગદ્ગદ કંઠ થઈ જાય છે, ત્યારે અંતર્યામી બહુનામી પરમેશ્વર તેના ઉપર હેત કરીને પ્રતિમામાંથી પ્રગટ થાય છે, તેને હેતથી બોલાવે છ; આવો ભક્ત જ્યારે શરીર છોડે છે ત્યારે તે દિવ્ય ભાગવતી તનુ પામે છે. ૨૧-૨૨. પછી મેરુ પર્વત ઉપર રહેલું ભગવાનનું વૈકુંઠધામ, તેને તે ભક્ત પામે છે. ત્યાં રહેલી ભગવાનની મનોહર મૂર્તિ ચતુર્ભુજ છે અને ભક્તોને મનોવાંછિત ફળ આપનારી છે. ૨૩. જે ભક્તજન પોતાના મનમાં એ મૂર્તિની નિત્ય માનસીપૂજા કરે ત્યારે તે કારણે તે મૂર્તિ ભક્તના હૃદયમાં બોલતી, ચાલતી દેખાય છે. ૨૪.

તે ભક્ત જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે તે દિવ્યદેહ પામીને રમાવૈકુંઠધામને પામે છે. જે ગોલોકધામમમાં મૂર્તિ રહી છે તે દ્વિભુજ એવા શ્રીકૃષ્ણની છે. ૨૫. જ્યારે ભક્તજન ગોલોકધામસ્થ તે મૂર્તિને હૃદયમાં ધારી, ગદ્ગદ કંઠ થઈને પ્રેમથી તેની પૂજા કરે છે ત્યારે તેનું મન નિર્મળ થઈ જાય છે. ૨૬. પછી જે ભક્તની સાથે મૂર્તિ બોલતી ચાલતી હોય છે, તેવો ભક્ત દેહ છોડે છે ત્યારે તે ગોલોકધામને પામે છે; તેમાં કોઈ સંદેહ નથી. ૨૭. જે અતિ પરોક્ષ ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિમાં અત્યંત સ્નેહ રહેતો હોય છે, તેમના માટેની આ પ્રાપ્તિ કહી છે. ૨૮. સમજણ દ્વારાએ જે ભક્ત પિંડ અને બ્રહ્માંડને મિથ્યા દેખે છે ત્યારે તે નિષ્કામ કર્મયોગ દ્વારા ભગવાનનું ભાવથી ભજન કરે છે. ૨૯. **આવો જે ભક્ત છે, તે અક્ષરધામ સિવાયના બીજા જેવા ધામની ઈચ્છા કરે છે તેવા ધામને પામે છે.**

અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ કરવી, નાશ કરવો અને સ્થિતિ રાખવી તેને માટે જેટલા બ્રહ્માંડો છે તેટલા ભગવાનના અવતારો અપરંપાર રહ્યા છે. ૩૦-૩૧. બ્રહ્માંડોનું પાલન, પોષણ અને સંહાર કરવા માટે અવિનાશી પરમાત્માના જુદા જુદા વિભૂતિ અવતારો થાય છે અને તેમના જુદા જુદા

નામ કહેવાય છે. ૩૨. અને આ ભૂમિ ઉપર ભગવાનના જે જે અવતારો થાય છે તે મુમુક્ષુઓનું પ્રેમથી એક કલ્યાણ કરવા માટે થાય છે. ૩૩. તે ભગવાન જે જે ચરિત્ર કરે છે, તે બધાં કલ્યાણરૂપ જ છે. તે બધાં ચરિત્ર કીર્તન અને ધ્યાનરૂપ છે અને તેમાં સર્વોત્તમ રસ રહ્યો છે. ૩૪. એ ચરિત્રરૂપી સર્વોત્તમ રસની આગળ બીજા બધા રસ તો સંસૃતિરૂપ છે. ભક્ત સાક્ષાત્ પ્રગટ ભગવાનનું પ્રેમથી ભજન કરે છે. હવે તેની વિગત અમે કહીએ છીએ. કારણ કે હરિભક્તના ઉપર અમને સૌથી અધિક હેત રહ્યું છે અને હરિભક્તોના ઉપર અમને જેવું હેત છે તેવી વાત અમે કરીએ છીએ. ૩૫-૩૬.

પ્રગટ ભગવાન જે કાંઈ ક્રિયાને કરે છે, તે સર્વે ભક્તની નજરમાં દેખાય ત્યારે તેણે તે બધી ક્રિયાઓને કલ્યાણરૂપ જાણવી. કારણ કે ભગવાન બધી ક્રિયા તે ભક્તોના હિત માટે જ કરે છે. ૩૭. અને તે ભગવાનની ક્રિયાઓ જે નર-નારી ભક્તો ભગવાનનું ભજન કરે છે તેના અનંત જન્મોના કર્મને ટાળવા માટે જ છે. ૩૮. તેથી ભક્તજનોના રંજન માટે ભગવાન જે કાંઈ પણ ક્રિયા કરે છે, તેને જે ભક્ત નિર્દોષ ગણે છે તે ભક્ત શ્રેષ્ઠ છે. ૩૯.

सोरठा : भगवान जो ताकु, असंगि निरदोष जानी कर;
भजत भक्त ही वाकु, समझ रहे कहत हम...४०
मिथ्या जाने देह, आत्मा जाने सत्य एक;
अक्षरधाम में तेह, भगवान के अखंड सुख लहत...४१

આ રીતે જે ભક્ત તે ભગવાનને અસંગી અને નિર્દોષ જાણીને ભજે છે, તેવા ભક્તની સમજણને અમે કહીએ છીએ. આવો ભક્ત પોતાના દેહને મિથ્યા સમજે અને એક આત્માને સત્ય સમજે છે, તે ભક્ત અક્ષરધામમાં ભગવાનનાં અખંડ સુખને પામે છે. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ નિર્ગુણ અને સગુણભાવ વગેરેની કલ્યાણકારી વાત કરી' એ નામે સોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર પંદરમું : તરંગ - ૧૦૧

શ્રીહરિએ મધ્યમ અને કનિષ્ઠ ભક્તની રીતિ અને પ્રાપ્તિ કહી

શ્રીહરિએ ફરીને પ્રસન્ન થઈને વાત કરી કે મેં આગળ ઉત્તમ ભક્તની વાત કહી અને હવે મધ્યમની સાક્ષાત્ વાત કહું છું. ૧. ભગવાનનો મધ્યમ ભક્ત ઘણા હેતથી ભગવાનને ભજે છે અને ભગવાનની નટવર મૂર્તિને હૃદયમાં ધારે છે. ૨. ભક્ત જ્યારે ભગવાનનું ધ્યાન કરે છે ત્યારે વચમાં સ્થાવર જંગમ સૃષ્ટિના આકારો મૂર્તિમાન સહેજે ધારણામાં આવે છે. ૩. પછી તેનો પશ્ચાતાપ કરીને ફરીવાર ભગવાનને ધારે છે, તેમાં વચ્ચે કોઈ આવરણ આવે તો તે ભક્ત વિલાપ કરે છે. ૪. **જ્યારે મૂર્તિનું ધ્યાન કરતા હોય ત્યારે વચ્ચે ધન તથા સ્ત્રી આદિક પદાર્થ તેમાં વિઘ્ન કરવા આવે ત્યારે ભક્તના હૃદયમાં તેના ઉપર ઘણી દાઝ થાય છે. ૫.**

છતાં મૂર્તિના ધ્યાનને છોડે નહિ અને બધા ઘાટ-સંકલ્પોને ખોટા કરતો રહે; આવા ભક્તજનને દેહ છૂટ્યા પછી ગોલોકધામની પ્રાપ્તિ થાય છે. ૬. જે ભક્તને ભગવાનમાં અસાધારણ હેત હોય, પરંતુ આત્મા અનાત્માનો કાંઈ વિવેક જાણતો ન હોય, ૭. ભગવાનની સાથે હેતથી બંધાયેલી જે ગોપીઓ હતી, તે જ્યારે ભગવાનને ન દેખતી ત્યારે ઘણી પાગલ જેવી થઈ જતી હતી. ૮. એ રીતે જે ભક્ત ભગવાનની મૂર્તિમાં હેત કરતો હોય, વળી, તે મૂર્તિનાં દર્શન કરવા માટે ચિત્ત ઉન્મત્ત થઈ જતું હોય, ૯. તેવો ભક્ત મુખથી કીર્તન ગાય છે અને વૃત્તિઓમાં મૂર્તિને ચોંટાડી રાખે છે તથા અંતઃકરણની વૃત્તિરૂપી સુંદર મંદિર બનાવી રાખે છે. ૧૦. તે વૃત્તિરૂપી મંદિરમાં મનોહર સુંદર મૂર્તિને પધરાવે છે. તેવો જે ભક્ત છે, તેના દેહત્યાગને સમયે દેહ અને આત્મા જુદા છે, એવો વિવેક થાય છે. ૧૧.

चोपाई :

आवत हे अहंकार हि एसा, में हुँ ब्रह्मस्वरूप हि तेसा;
गोलोक से पर अक्षरधामा, एसे भक्त रहत तेहि ठामा...१२

અને પછી તેને હું બ્રહ્મસ્વરૂપ છું એવો અહંકાર આવે છે. તે મધ્યમ ભક્ત હોવા છતાં ગોલોકથી પર અક્ષરધામ છે, તે સ્થાનમાં રહે છે. ૧૨.

અને જે કનિષ્ઠ ભક્ત છે તે ભગવાનની ભક્તિને ગૌણપણે કરે છે અને તેને જગત્વ્યવહાર મુખ્ય રહે છે. ૧૩. તેને ભગવાનનો નિશ્ચય તો હોય છે, પણ દેહાત્મબુદ્ધિ રહે છે અને જગતમાં અતિ આસક્ત રહે છે, તોપણ જો તેનું ચિત્ત સંતોમાં ઠરે છે, વિશ્રાંતિ પામે છે. ૧૪. અને તે ભક્તને સંતોને જમાડવા, પૂજન કરવું, વસ્ત્ર ઓઢાડવાં અને સેવા કરવી, તેમાં ઘણા ઉત્સાહે સહિત ભાવના રહેતી હોય, ૧૫. તો આવો ભક્ત જ્યારે દેહત્યાગ કરે છે ત્યારે વૈકુંઠમાં જઈને રહે છે અને ત્યાં તેને મનોવાંછિત ભોગ-સુખ મળે છે. ૧૬.

પરોક્ષ ભક્ત ભગવાનની પ્રતિમાની પ્રેમથી સેવા કરે છે, જગતમાં અને દેહમાં આસક્ત નથી રહેતો. તેનું ચિત્ત મુખ્યપણે ભગવાનની મૂર્તિમાં ચોંટ્યું હોય છે. ૧૭. જ્યારે તે ભક્ત મૂર્તિને નજરોનજર દેખે છે ત્યારે ગદ્ગદ કંઠ થઈ જાય છે અને પછી તે મૂર્તિની માનસીપૂજા કરે છે તેવા ભક્તને પરોક્ષ ભક્ત કહેવાય છે. ૧૮. તે પરોક્ષ ભક્તને ભગવાનમાં જેવું હેત રહે છે તેવું પ્રત્યક્ષ ભક્તને ભગવાનમાં રહેતું નથી અને પરોક્ષ જેવો પ્રત્યક્ષનો મહિમા રહેતો નથી. તે કારણે તેને વૈકુંઠમાં વાસ કરાવે છે. ૧૯.

भक्त की रुचि रहाये जेसे, भगवान जानत रहेउ तेसे;
रुचि जेसी भक्त जो ताकू, प्राप्ति तेसी भगवान हि वाकू...२०

ભક્તની જેવી રુચિ હોય છે તે રુચિને ભગવાન જાણે છે અને ભક્તની જેવી રુચિ હોય તેવી પ્રાપ્તિ પરમ કૃપાળુ ભગવાન તેને કરાવે છે. ભગવાન તો ભક્તજનના પ્રતિપાલક છે. ભક્તને ભગવાનમાં જેવું હેત હોય છે તે રીતે ભગવાનનું ધ્યાન કરે છે. ૨૦-૨૧. પછી તે વખતે સ્ત્રી આદિક પદાર્થ વગર ચિંતવે જેને દેખાઈ આવે છે, તેવા ભક્તને ભગવાન ગોલોકધામની પ્રાપ્તિ કરાવે છે. પરમ સુખકારી ભગવાન ભક્તજનની રુચિ પ્રમાણે તેને પ્રાપ્તિ કરાવે છે. ભગવાન સિવાય જેને બીજી ઈચ્છા ન હોય તેવો ભક્ત ઉત્તમ કહેવાય છે. ૨૦-૨૩.

ભગવાન સિવાયની ઇચ્છા રહિત એવા જે ઉત્તમ ભક્ત હોય છે તે અક્ષરધામમાં ભગવાનના સુખને પામે છે. જેને પુરુષોત્તમ, પરબ્રહ્મ અને

પરમાત્મા કહેવાય છે, ૨૪. તેવા ભગવાનનો જેને સત્સંગ થયો હોય, એવો જે ભક્ત છે તે પોતાના આત્મસ્વરૂપને બ્રહ્મરૂપ માને છે. ૨૫. પછી તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ભગવાનની સેવા કરે છે. તે ભક્ત સેવા સમાન બીજી કોઈ પ્રાપ્તિને દેખતો નથી. ૨૬.

सोरठा : भगवान कि सेवा कु, प्रवृत्ति कहत हे जेही;
एसे भक्त जो ताकु, निवृत्ति धाम तामें रखत...२७
बद्रिवन श्वेतद्वीप, एसे स्थानक ते रहेउ;
हरि कु धारी समीप, अखंड ध्यान करत रहत...२८

પરંતુ જે ભક્ત ભગવાનની સેવાને પ્રવૃત્તિ કહે છે, એવા ભક્તને ભગવાન નિવૃત્તિપ્રધાન ધામમાં રાખે છે. ૨૭. પછી તે બદરીકાશ્રમ અને શ્વેતદ્વીપ જેવા ધામમાં તે ભક્ત ભગવાનને સમીપમાં ધારીને અખંડ ધ્યાન કરતો રહે છે. ૨૮. ભક્તિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને એવા જે જે સચ્છાસ્ત્રો છે તેના સારભૂત જે વાત છે તેને હું કહું છું. ૨૯.

શુકજી આદિ સર્વે સંતો એવું કહે છે કે, સર્વ શાસ્ત્રનો એક જ સિદ્ધાંત છે કે, પોતાના સ્વરૂપને બ્રહ્મરૂપ સમજીને મહાસુખ દેનારા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના દાસ થઈને તેમની સેવા કરવી અને સંતો-ભક્તોનો સંગ ક્યારેય ન છોડવો તથા દેહ, ઈન્દ્રિયો અને મન તે કુસંગરૂપ છે, માટે તેનો સંગ ક્યારેય ન કરવો. ૩૦-૩૧. કેમ જે, જે દેહાદિકનો સંગ કરે છે, તો તેની બુદ્ધિ તે વિપરીત કરી નાખે છે. એ બધા સત્સંગ કરવા દેતા નથી અને ચોરાશીમાં ભટકાવે છે. ૩૨. ભગવાન જીવને ભજન કરવા માટે શરીર આપે છે. પરંતુ જો કુસંગ કરે તો કુસંગને લીધે તે શરીર વિપરીત થઈ જાય છે. જેની બુદ્ધિને જેટલી ભગવાન તરફ દોડ નથી તેટલો તેને કુસંગ કહેવાય છે. ૩૩.

'परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया।' ઇત્યાદિક ભાગવતના તથા ગીતાના કેટલાક શ્લોક શ્રીહરિએ અહીં લખાવ્યા. ૩૪. શ્રીહરિ જીવના મોક્ષને માટે જે કાંઈ પણ વાત કરતા હતા તેના ઉપર કેટલાક શ્લોક અને શ્રુતિઓને પુષ્કળ પ્રમાણમાં બોલતા હતા. ૩૫.

અને જ્યારે શ્રીહરિ ધર્મની વાત કરતા હોય ત્યારે ધર્મની પુષ્ટિ કરે તેવા શ્લોકો અને શ્રુતિઓની અમૃતમય વર્ષા કરતા હતા. ૩૬. જ્યારે નવ પ્રકારની ભક્તિની વાત કરતા હોય ત્યારે તેની પુષ્ટિ થાય તેવા શ્લોકો અને શ્રુતિઓ શ્રીહરિ બોલતા હતા. ૩૭. જ્યારે વૈરાગ્યની વાતો કરતા હતા ત્યારે શ્રીહરિ વૈરાગ્યની પુષ્ટિ કરે તેવા અમૃતરસથી સભર શ્લોકો અને શ્રુતિઓ બોલતા હતા. ૩૮. જ્યારે શ્રીહરિ જ્ઞાનની વાત કરતા હતા ત્યારે જ્ઞાનની પુષ્ટિ થાય તેવા શ્લોક અને શ્રુતિઓની અમૃતરસ ગંગા વહાવતા હતા. ૩૯. **શ્રીહરિ જ્યારે જેવી રીતે જે વાત કરતા હતા ત્યારે તેવી તે બાબત પ્રત્યક્ષ મૂર્તિમાન દેખવામાં આવતી હતી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચદશ પૂરમાં 'શ્રીહરિએ મધ્યમ અને કનિષ્ઠ ભક્તની રીતિ અને પ્રાપ્તિ કહી' એ નામે એકસો એકમો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે પંચદશ પૂર સંપૂર્ણ ॥૧૫॥

સંવત્ ૧૯૧૯, જેઠ સુદિ પાંચમ અને શુક્રવારે
(તા.૨૨-૫-૧૮૬૩) વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં
શ્રીહરિચરિત્રામૃતસાગરનું પંદરમું પૂર પૂરું થયું છે.



INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૬

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર સોળમું, તરંગ - ૧

ગઢપુરમાં હુતાશનીનો ઉત્સવ કરવાની તૈયારી કરી

दोहा : श्रीसहजानंद स्वामि हि, चरनकमल चित्त प्रोय;
शिर हि नामि कर जोरिके, वंदन करत हुँ जोय...०१
सहाय तुमारी करिके, श्रीहरि धर्मकुमार;
चरित्र तुमारे कहत हे, जेसे करे अब वार...०२

ભગવાન શ્રીસહજાનંદસ્વામીના ચરણકમળમાં ચિત્ત પરોવી, હાથ જોડી, હું સિદ્ધાનંદમુનિ મસ્તક નમાવીને વંદન કરું છું. ૧. હે ધર્મકુમાર શ્રીહરિ ! આ વખતે જે આપે ચરિત્રો કર્યાં છે, તેને આપની સહાયતાથી હું કહું છું. ૨. **આપનાં ચરિત્રો કહેવામાં મને નવી ને નવી શ્રદ્ધા થાય છે. હું જ્યારે વિચારીને જોઉં છું ત્યારે મને એમ જણાય છે કે, આ આપનો જ પ્રતાપ છે. ૩. હે સુખદાયક શ્રીહરિ ! આ શરીર ક્ષણભંગુર છે, છતાં મેં આ વિશાળ ગ્રંથનો આરંભ કરી દીધો છે, તો આપની જેટલી મરજી હશે તેટલો ગ્રંથ લખાશે. હવે હું આપની મૂર્તિ ઉરમાં ધારીને સોળમા પૂરને લખવાનો**

આરંભ કરું છું, તો આપ મારા હૃદયમાં નિવાસ કરીને રહો. ૪-૫. જ્યાં આપ નિવાસ કરો છો ત્યાં બધી જાતનાં મંગળ રહે છે. અમંગળનો નાશ થાય છે અને બધાં વિઘ્નોનો પણ નાશ થાય છે. ૬.

વિક્રમ સંવત્ ૧૯૧૯ ના વર્ષમાં, જેઠ સુદિ છઠને દિવસ આ સોળમા પૂરનો આરંભ કરું છું. ૭. આજે વિઘ્ન હરનારા હનુમાજીનો શનિવાર છે, માટે જેમ લંકા બાળી દીધી હતી, તેમ મારાં બધાં વિઘ્નોને પણ બાળી દો. ૮. જેટલા પૂરનો મેં આરંભ કર્યો તે દરેક પૂર વખતે, ગણપતિજી અને હનુમાનજી વિઘ્નોની શાંતિ કરવા માટે આવીને રહ્યા હતા. ૯. ગણપતિજી અને હનુમાનજી, તેમનાં દર્શન થતાની સાથે જ જે વિઘ્નો આવ્યાં હોય તે બધાં પોકાર કરીને ભાગી જાય છે. ૧૦. દરબાર દાદા ખાચરે મુક્તાનંદસ્વામીને કહ્યું કે, સંતો તથા હરિભક્તો ઉપર દયા લાવીને અમારે ભુવન શ્રીહરિ રહ્યા. ૧૧.

સંત-હરિભક્તોનું હિત કરવા માટે સહુના ઉપર અનેક મનોહર પત્રો લખ્યા. શ્રીહરિએ ભવ, બ્રહ્માદિક પાર ન પામે એવી વાતો પત્રોમાં લખી. ૧૨. ભગવાન સ્વામિનારાયણનો જે યથાર્થ મહિમા છે, તે તેમના પોતાના સિવાય બીજું કોઈ જાણતું નથી. માટે પોતાને પોતાની વાત કરતા જેવી આવડે તેવી બીજાને કહેતા ન આવડે. શ્રીહરિ એવા મહાન સમર્થ છે. ૧૩. આકાશ જેવી બીજી કોઈ વસ્તુ નથી, એવો આકાશ છે. તે આકાશ જેવો પૃથક અને શુદ્ધ રહ્યો છે તેવો જ સહુમાં વ્યાપીને રહ્યો હોવા છતાં પૃથક અને શુદ્ધ છે. ૧૪. તે આકાશની દૃષ્ટિ પામ્યા સિવાય તે આકાશની વાત કોઈના કહ્યામાં આવતી નથી. જે જે કાંઈ વાત કહેવી હોય, તે તેની દૃષ્ટિ પામ્યા સિવાય નિર્બાધપણે જે વાત કહેવી, તેમાં ઘણી જાતના બાધ આવે છે. નિર્બાધ વાતને સ્પષ્ટપણે કહેતા તો એક શ્રીહરિને જ આવડે છે. ૧૫-૧૬.

दोहा : श्रीहरि ताकी दृष्टि जो, निरलेप ही रहाय;
निरलेप दृष्टि बिन हि जो, जथार्थ कहे न जाय...१७
सबके कारन हि तिनसे, बात अगाध न कोउ;
बात में आवत परख हि, एसे बात रहे सोउ...१८

શ્રીહરિની દૃષ્ટિ તો સદા નિર્લેપ છે. તે દૃષ્ટિ નિર્લેપ થયા સિવાય યથાર્થ વાત કહી શકાતી નથી. ૧૭. જે શ્રીહરિ સહુના કારણ છે, તેનાથી કોઈ બાબત અગાધ નથી. વાતમાં પારખું થઈ જાય છે. એવી તે શ્રીહરિની વાત રહી છે. ૧૮. અમારે ઘેર રહેલા શ્રીહરિ હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ વારે વારે કરતા હતા. તે ઉત્સવ કેવા કર્યા ? તે હે મુનિ ! અમને કહો. ૧૯. જે વરસમાં શ્રીહરિએ સંત-હરિભક્તના ઉપર પત્ર લખ્યા તે વરસમાં જ શ્રીહરિએ હુતાશની કરી હતી. ૨૦.

પછી મુક્તાનંદસ્વામીએ દરબાર દાદા ખાચર પ્રત્યે કહ્યું, જ્યારે શ્રીહરિ બધા પત્ર લખાવી રહ્યા, ત્યારપછી પોતે ઘણા પ્રસન્ન થયા. તે સમયે શ્રીહરિની પ્રસન્નતા જોઈને જીવુબા, લાડુબા, સુરબાઈ, સોમાબાઈ, અમરબાઈ અને અમૂલાબાઈ વગેરેએ હુતાશનીનો ઉત્સવ ગઢપુરમાં કરાવવો, એવો મનમાં સંકલ્પ કર્યો. પછી સહુએ અતિશય વિવેકપૂર્વક હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપની પાસે અમારે માગવું છે. જો આપ વચન આપો તો અમે માગીએ અને અમારી જે ભાવના છે તે આપને કહીએ. ૨૧-૨૪. આપે વડતાલમાં જે રીતે દિવાળીનો ઉત્સવ કર્યો હતો, તેવો હુતાશનીનો ઉત્સવ હવે અહીંયાં કરો. ૨૫

જે જે દેશમાં બાઈ-ભાઈ સહુ હરિભક્ત રહે છે, તે બધાને પત્ર લખીને અહીં બોલાવો અને ઉત્સવ કરો. અમે આપને પગે લાગીને કહીએ છીએ. ત્યારે શ્રીહરિ તે સહુના વચનને સાંભળીને મનમાં ઘણું રાજી થયા અને પછી સહુને પત્ર લખ્યા. ૨૬-૨૭. હુતાશની આડા દસ દિવસ હતા, ત્યારે સહુ સંતો ગઢપુર આવ્યા. દરબાર જીવા ખાચરે સહુ સંતોને પોતાના દરબારગઢમાં ઉતારા અપાવ્યા. ૨૮. સંતો બધા શ્રીહરિને મળ્યા અને ઘણા પ્રેમભાવથી પગે લાગ્યા. સહુ ઉતારો કરીને આવ્યા ત્યારે ત્યાં સભા થઈ. ૨૯.

પછી જીવા ખાચરે બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, સહુ સંતોને માટે હું દરરોજ ઘણા પ્રેમથી રસોઈ આપીશ. ૩૦.

મારા ઘરમાં જે કાંઈ પણ સંપત્તિ છે, તે બધી આપની આપેલી જ છે. આપ જે આપો છો તેને અમે ખાઈએ છીએ. ૩૧. મહારાજ ! હું આ સાચી વાત કહું છું. આમાં રંચમાત્ર પણ મિથ્યા નથી. પરંતુ જ્યારે કુસંગનો

યોગ થાય છે ત્યારે મારી એક સરખી બુદ્ધિ રહેતી નથી. ૩૨. અમે જેટલી કુસંગની મહોબત રાખીએ છીએ તેટલો કુસંગ અમારી બુદ્ધિમાં પેસી જાય છે. પછી અમે જ્યારે આપની પાસે આવીએ છીએ ત્યારે આપ તે કુસંગને તરત બતાવી દો છો. ૩૩. અમારો બધો વ્યવહાર કુસંગીઓની સાથે છે એટલે આપ જેટલો સત્સંગ રખાવો છો તેટલો રહે છે. ૩૪.

મુક્તાનંદસ્વામી દાદા ખાચરને કહે છે કે તે વખતે તમે નાના હતા એટલે તે વાતમાં તમારું ધ્યાન ન રહ્યું, પણ જીવા ખાચરની વાત સાંભળીને જીવુબા બોલ્યાં, સંતો જેટલા દિવસ અહીંયાં રહેશે તેટલા દિવસ તેમને રસોઈ દેવાને માટે અમે બધો સામાન તૈયાર કરાવ્યો છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે બંને સંપ રાખો અને વારાફરતી રસોઈ આપો. ૩૫-૩૬. તેમાં દિનપ્રતિદિન તમારા બંનેનો ભાવ અમારામાં અધિક અધિક અપાર વધતો રહેશે. અને ત્યાં સુધી અમારો અને તમારો એક નિવાસ રહેશે. ૩૭.

✵ શ્રદ્ધા એ જ જીવન છે :

આ એક દિવસનું કામ નથી. શ્રદ્ધા ટકવી જોઈએ. શ્રદ્ધા વિનાનું જીવન તો નિર્જીવ છે. જ્યારે અમને શ્રદ્ધામાં નિર્જીવપણું દેખાય છે ત્યારે અમે તેનો તરત ત્યાગ કરી દઈએ છીએ. ૩૮. શ્રદ્ધા ન દેખાય તો અમે ઉત્સવ કરવાનું ધાર્યું હોય તોપણ કોઈ ન જાણે તે રીતે ત્યાંથી ચાલી નીકળીએ છીએ. બધા સંતો અને હરિભક્તો ત્યાં ભેળા થયા હોય તોપણ અમે તત્કાળ ત્યાંથી ચાલી નીકળીએ છીએ અને ફરીવાર ક્યારેય ત્યાં જતા નથી. જ્યારથી અમે કચ્છને છોડી દીધું છે ત્યારથી હરિભક્તો પત્ર લખ્યા કરે છે. ૩૯-૪૦. સુંદરજીભાઈ જ્યાં સુધી હતા ત્યાં સુધી અમે કચ્છમાં ઘણા દિવસ રહ્યા છીએ, પણ અમે ફરીથી કચ્છ ગયા નથી. ૪૧.

હવે સોરઠમાં પર્વતભાઈ અને ઝીણાભાઈ માટે થઈને વરસમાં એકવાર જઈએ છીએ. કારણ કે તે બંને શ્રદ્ધાવાળા છે. ૪૨. અહીંયાં ગઢપુરમાં અમે શ્રદ્ધા તોડાવવા માટે વારંવાર ઘણી પ્રકારના ઉપાયો જેમ જેમ કરીએ છીએ, તેમ તેમ શ્રદ્ધા વધતી જ રહે છે. ૪૩.

પછી શ્રીહરિની મરજી જોઈને જીવા ખાચરે અને દાદા ખાચરે વારાફરતી રસોઈ આપવાનું લખીને પાંચ પાંચ રસોઈ ઠેરાવી. (પછી જે દિવસે જેની રસોઈ હોય તેમાં જેટલો ખર્ચ થયો હોય તે આનંદથી આપી દેતા હતા.) ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ગઢપુરમાં હુતાશનીનો ઉત્સવ કરવાની તૈયારી કરી' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર સોળમું, તરંગ - ૨

હુતાશનીના સમૈયામાં શ્રીહરિની પત્ર લખાવવા વગેરે દિનચર્યા

મુક્તાનંદસ્વામીએ દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જેવી પોતે દેખી હતી તેવી શ્રીહરિની વાત કહેવાની ફરી શરૂઆત કરી. ૧. હુતાશનીના ઉત્સવ ઉપર હરિભક્તો લગાતાર આવવા લાગ્યા. તેમાં કેટલાક હરિભક્તો ગામમાં ઊતર્યા ને કેટલાક ગામ બહાર ઊતર્યા. ૨. જે હરિભક્તો આવતા તે પહેલા તો શ્રીહરિનાં દર્શન કરતા. શ્રીહરિ તે હરિભક્તોને જોઈને ઘણા રાજી થાતા હતા. ૩. જે હરિભક્તો આવતા તે બધા વારાફરતી એક એક કરીને શ્રીહરિને પગે લાગતા હતા. શ્રીહરિના ઉપર સહુને પ્રેમભાવ હતો. ૪. તે બધા એક એક શ્રીફળ અને ફૂલના હાર પ્રેમથી લાવતા હતા. ફૂલના હાર શ્રીહરિને પહેરાવીને શ્રીફળ આગળ ધરતા હતા. ૫. ક્યારેક તો હરિભક્તના હાથમાં રહેલા ફૂલના હારને સ્વયં લઈ લેતા હતા.

શ્રીહરિ જેવો સમય દેખતા તેવાં ચરિત્ર કરતા હતા. ૬. જ્યારે જેવો સમય હોય ત્યારે તે રીતે શ્રીહરિ સાવધાન રહેતા હતા. ક્યારેય કોઈ વાતમાં આળસ, પ્રમાદ રાખતા નહીં. શ્રીહરિ તો બધી બાબતમાં સાવધાન રહેતા. ૭. શહેરના જે હરિભક્તો આવતા હતા, તે બધા જાતજાતનાં મેવા અને મીઠાઈ લાવીને શ્રીહરિની આગળ ધરતા હતા. શ્રીહરિ તેમાંથી જમતા હતા. ૮. હરિભક્તોને પ્રસન્ન કરવામાં જ શ્રીહરિને પ્રસન્નતા રહેતી. વળી, જેટલી હરિભક્ત બાઈઓ આવતી હતી, તે બધી પણ શ્રીહરિને પગે લાગતી હતી. ૯.

હરિભક્તો જે ઉતારા કરીને આવતા તે બધા સભામાં બેસતા હતા. સંતો ભેળા સંતો બેસતા, બ્રહ્મચારી ભેળા બ્રહ્મચારી બેસતા અને સંન્યાસીઓની સાથે સંન્યાસીઓ આવીને બેસતા હતા. બ્રાહ્મણોની સાથે બ્રાહ્મણો બેસતા હતા. આમ સુખરૂપ સુંદર સભા થતી હતી. ૧૦-૧૧. ક્ષત્રિયો ભેળા ક્ષત્રિયો, વૈશ્ય ભેળા વૈશ્યો અને શૂદ્ર ભેળા શૂદ્ર બેસતા હતા. સભામાં સંતો વસંત અને હોરીનાં પદ ગાતા હતા. ૧૨. બ્રહ્મરસનો સ્વાદ લેનારી સાંખ્યયોગી બાઈઓ સાંખ્યયોગીમાં બેસતી અને કર્મયોગી બાઈઓ કર્મયોગીમાં બેસતી હતી. ૧૩. વાજિંત્ર વગાડનારા સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને વસંતનો ઉત્સવ કરવા લાગ્યા. ૧૪. સાંજ પહેલા એક પહોર સુધી સંતો ઉત્સવ કરતા અને આરતી તથા ધૂન કર્યા પછી શ્રીહરિ સભામાં વાતો કરતા હતા. ૧૫.

જેટલા પત્રો લખાવ્યા તેમાં ઘણી જુદી જુદી વાતો હતી. તે વાતોને સમજાવ્યા વિના તો પંડિતોને પણ સમજાતી નહીં. ૧૬. ડભાણ ગામના વિપ્ર જગન્નાથ(શુકમુનિ) હતા, તે નાના હતા. આ વખતે તેમની ઉંમર અઢાર વર્ષની થઈ હતી. ૧૭. તેઓ ઘણા સુશીલ અને સાધુ સ્વભાવના હતા. તેમના આવા સદ્ગુણો જોઈને શ્રીહરિએ તેને પોતાની સેવામાં રાખ્યા. શ્રીહરિને ગમે તેવું તેમનું સઘળું વર્તન સહેજે જ સરળ હતું. ૧૮. શ્રીહરિના જેટલા પત્રોમાં જે જે વાત લખવાની હોય તેને શ્રીહરિ જે સ્થાનમાં જ્યાં સુધી રહ્યા ત્યાં ગાદી-તકિયા ઉપર બેસીને લખાવતા અને તે બધા પત્રો જગન્નાથ વિપ્ર એકલા લખતા. તેનાથી તેમનું દિલ શ્રીહરિ સાથે મળી ગયું હતું. શ્રીહરિ જે બોલે તેટલા અક્ષર ધ્યાન દઈને લખતા હતા. ૧૯-૨૦. વિપ્રને જેટલી વાત સમજવામાં ન આવતી, તે વાત પૂછીને ફરી પાકી કરતા.

શ્રીહરિ ક્યારેક ભૂત, ભવિષ્ય અને વર્તમાનની કેટલીક વાત લખાવતા. ૨૧. વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રનાં જેટલાં વચન હતાં, તે બધાં શ્રીહરિના અંતરમાં એકરસ થઈ મળી ગયેલાં હતાં. ૨૨. વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રની જેટલી વાત કહેવાય છે તે શ્રીહરિના અંતરની રહી છે, એમ તે વિપ્રને દેખાતું હતું. ૨૩. **જગન્નાથ વિપ્ર શ્રીહરિના વચનમાં રહેતા અને તેથી તેમણે સંસારના બંધનને તોડી નાખ્યું હતું. શ્રીહરિની વાત સિવાય હૃદયમાંથી**

બીજી બધી મલિન વાતોને બહાર કાઢી નાખી હતી. ૨૪. જેવો જીવાત્મા શુદ્ધ હોય તેવું જ તેમણે અંતઃકરણને શુદ્ધ કર્યું હતું. શ્રીહરિના શુદ્ધ મુખકમળનું નેત્ર દ્વારા રોજ રોજ પાન કરતા હતા. ૨૫. શ્રીહરિ રોજ તે વિપ્રની પાસે એકેએક પત્રને વંચાવતા હતા અને પછી શ્રીહરિ જે કહે તે પત્રને જગન્નાથ વિપ્ર સભામાં પણ વાંચતા હતા. ૨૬. તે વિપ્રનો ઉચ્ચાર સ્પષ્ટ અક્ષરવાળો હતો. તેથી બધી સભાને તે ઘણા પ્રિય લાગતા હતા. પત્રમાં જ્યાં કઠિન બાબત હોય તેના ઉપર શ્રીહરિ પોતે વાતો કરતા હતા. ૨૭.

અને વાત કરતા કરતા રાત દસ ઘડી જ્યારે વીતે ત્યારે શ્રીહરિ પલંગ ઉપર પોઢી જતા હતા. ૨૮. બે ઘડી રાત બાકી હોય ત્યારે ઊઠીને શ્રીહરિ શૌચ કરવા જતા. પછી હાથ-પગ ધોઈને દાતણ કરતા. ૨૯. ઘનશ્યામ શ્રીહરિ બાજોઠ ઉપર બેસીને દાતણ કરતા. આગળ પિત્તળનું કે એવું કાંઈક વાસણ ધર્યું હોય તેમાં દાતણ કરતા. ૩૦. પાણી લઈને વારંવાર મુખને ધોતા અને તે પછી પાસે જે રૂમાલ હોય તેનાથી મુખને લૂછતા હતા. ૩૧. તે વખતે માણકી નાની વછેરી હતી. તેના ઉપર રોજ પલાણ તૈયાર કરાવતા. પરમ દયાળુ અને ભક્તજનપ્રતિપાલક શ્રીહરિ તે માણકી ઉપર બેસીને તેને દરરોજ ફેરવતા હતા. ૩૨.

દરબારગઢમાં વચ્ચે જે ચોક હતો ત્યાં નિત્ય ઘોડીને ફેરવતા. ચોકની વચ્ચે એક સુંદર લીંબડાનું વૃક્ષ હતું. ૩૩. તે લીંબડાને ફરતા ઘોડી ફેરવતા. તે વખતે ઘોડી ઉપર રહેલી નટવર મૂર્તિની અત્યંત શોભા બનતી હતી. ૩૪. ધર્મકુમાર શ્રીહરિએ નવો રંગેલો ગૂઢો રેટો પહેર્યો હતો અને કસુંબી રંગનો રેટો મસ્તકે બાંધ્યો હતો અને એવો જ એક રેટો કમરે કસ્યો હતો. ૩૫.

સોનાનાં બે કડાં હાથમાં હતાં અને બીજા સોનાનાં ઘરેણાં છાતી ઉપર ધાર્યાં હતાં. ડાબા હાથમાં મોતીની સુંદર છડી ધારણ કરી હતી. કેટલાક હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે ચારે બાજુ ઊભા રહ્યા હતા. આમ બે-ત્રણ ઘડી સુધી ઘોડીને ફેરવતા હતા અને તે પછી સભા કરાવતા હતા. ૩૬-૩૭. પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેસતા. ત્યારે ભક્તજનો પૂજા

કરવા આવતા. જેનો જેવો ભાવ હોય તે પ્રમાણે સહુ શ્રીહરિની પૂજા કરતા. ૩૮. દિવસ દોઢ પહોર ચડે ત્યાં સુધી પૂજા થતી રહેતી. અનેક રીતે ઢોલ અને તાંસાં વાગતાં હતાં. લોકોની ખૂબ ભીડ થતી, તેથી ક્યાંય સમાતા નહીં. ૩૯. જ્યારે રસોઈ તૈયાર થઈ જતી ત્યારે શ્રીહરિ જમતા. પછી સહુ સંતોને જમવા બોલાવતા. ૪૦.

સંતોની પંક્તિમાં સંતો બેસતા અને પાર્ષદોની પંક્તિમાં પાર્ષદો બેસતા હતા. ૪૧. **જે જે ભોજન કર્યાં હોય, તે બધાં લઈને શ્રીહરિ સંતો અને પાર્ષદોને નિત્ય ખૂબ પીરસતા રહેતા. કારણ કે શ્રીહરિને સહુની મતિ ધર્મમાં દૃઢ કરાવવી હતી. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને આત્મનિષ્ઠા, તેમાં સહુને તાન રહે એટલા માટે શ્રીહરિ તેવાં ચરિત્ર કરતા હતા. ૪૨-૪૩.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'હુતાશનીના સમૈયામાં શ્રીહરિની પત્ર લખાવવા વગેરે દિનચર્યા કહી' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર સોળમું, તરંગ - ૩

રંગોત્સવ પ્રસંગે અમૃતમય ઉપદેશ

મુક્તાનંદસ્વામીએ હરિભક્તોના પ્રત્યે કહ્યું કે શ્રીહરિની જે વાતો છે તે સંસારનાં દુઃખોને ટાળનારી છે. ૧. શ્રીહરિ સંતો અને પાર્ષદોને ઉત્સવ-સમૈયામાં પણ રોજ રોજ પીરસતા હતા. તેમની આ એક અલૌકિક રીત હતી. ૨. બંને દરબારગઢમાં વારાફરતી જમતા અને સભા કરતા હતા. તેટલામાં હુતાશની આવી ગઈ. ૩. હુતાશનીને દિવસ શ્રીહરિએ કેસરી રંગ કરાવ્યો હતો, તેવા રંગનાં બધાં વસ્ત્ર પહેર્યાં હતાં. ૪. હરિભક્તો ખારેક, ખજૂર અને શ્રીફળના થાળ ભરી ભરીને લાવતા અને શ્રીહરિની આગળ તે ધરતા. કારણ કે તે દિવસે તેનું માહાત્મ્ય હોય છે. ૫. જે ભક્ત જેવો થાળ ભરીને લાવતા તેમાંથી અડધી પ્રસાદી થાળમાં પાછી આપતા. જે પ્રસાદને ભવ અને બ્રહ્મા પણ ચાહતા હતા. ૬.

કેટલાક હરિભક્તો સાકરના મોટા હારડા કરીને પ્રેમથી લાવતા અને શ્રીહરિને પહેરાવતા હતા. એ રીતે સહુ હુતાશની, દિવાળી વગેરે પર્વનો લાભ લેતા હતા. ૭. તેઓ માનતા કે હુતાશનીના આ પર્વનો લાભ મળે છે. આવો ફરીવાર જોગ આવે નહીં, એમ સમજીને આખો દિવસ હરિભક્તો આ રીતે પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા રહેતા હતા. ૮. કેટલાક સરસ પ્રેમવાળા ભક્તો ગુલાલનો થાળ ભરીને લાવતા ત્યારે શ્રીહરિ તે થાળને હાથમાં રાખીને ગુલાલ ઉડાડતા હતા. ૯. સંતો અને હરિભક્તોની સભાને આ રીતે ગુલાલથી ગુલાલમય કરી દેતા હતા. કેટલાક હરિભક્તો ગુલાલના ગોટા લાવતા હતા, તેને પણ શ્રીહરિ ઉડાડતા રહેતા હતા. ૧૦.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિ વીશ-પચીસ સંતોનો સમૂહ ઝાંઝ-મૃદંગ હાથમાં લઈને સવારથી જ અનુપમ ઉત્સવ કરવા લાગતા અને વસંત, હોરી તથા ધુમારના રાગની ખૂબ જ ધૂમ મચાવી દેતા હતા. ૧૧-૧૨. ભોજન જમે તેટલી વાર જ ઉત્સવ બંધ રહેતો હતો. અને જમ્યા પછી ચાર ઘડી સમય ગયો ત્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૧૩. બંને દરબારગઢના ચોકમાં રંગમંડપ કરાવ્યા હતા. મંડપને પ્રત્યેક થાંભલે કેળના સ્તંભ રોપાવ્યા હતા. ૧૪. રંગે રમવાને માટે બબ્બે હોજ બનાવ્યા હતા. વિચિત્ર શોભાએ યુક્ત તે હોજને દેખીને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા હતા. ૧૫. સંતો અને હરિભક્તોએ તે સમયે પિચકારીઓ તૈયાર કરી રાખી હતી કે જેમાંથી બંબાની જેમ રંગની ધારા ચાલી શકે. ૧૬.

ફૂલદોલને દિવસ પણ વિવિધ પ્રકારનો રંગ બનાવ્યો અને તેનાથી કેટલાંક મોટાં વાસણો અને હોજ ભરી દીધાં અને ગુલાલના મોટા પર્વત જેવા ઢગલા કરી દીધા. ૧૭. પછી લીમડાની ડાળે ફૂલનો હિંડોળો બાંધ્યો. દિવસ બે ઘડી ચડ્યો ત્યારે અવિનાશી શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા અને જ્યારે સભા થઈ ત્યારે સુખરાશિ શ્રીહરિએ સંતો અને હરિભક્તોને કહ્યું, ૧૮-૧૯. જગતમાં બુદ્ધિહીન લોકો ધૂળેટીને દિવસે ઘણું તોફાન કરે છે. કોઈની મર્યાદા રાખતા નથી અને તે લોકો પાગલ જેવા થઈ જાય છે. ૨૦.

તમે જે સંતો અને હરિભક્તો છો તે મર્યાદામાં રહીને આ રંગક્રીડાની રીત અલૌકિક સમજી એકબીજાનું માહાત્મ્ય જાણજો. ૨૧.

અલૌકિક ભાવ રાખીને રંગે રમશે તો તેને માટે આ રંગ અલૌકિક રહેશે. જે મનુષ્ય જેવો ભાવ રાખે છે તેને તેવું ફળ મળે છે. ૨૨. જેટલાં હરિભક્ત બાઈ-ભાઈ છે, તેમણે સહુએ પોતપોતાના ગામમાં મર્યાદા રાખ્યા સિવાય કુસંગીઓની સાથે ક્યારેય હોળી ન રમવી. ૨૩. કુસંગી લોકો ભાંડ, ભવાઈ, વિવાહ તથા હોળીના દિવસોમાં ભાભી, મામી વગેરેની સાથે મર્યાદા રાખ્યા સિવાય બોલતા હોય છે. ૨૪. ઉપર કહેલી બાબત દારૂ અને લીલાગર ભાંગ્યના જેવી છે. હરિભક્તોએ હરિભક્તોની રીત સિવાય મર્યાદા બહાર જઈને ક્યારેય અનીતિ કરવી નહીં. ૨૫. મા, બહેન, પુત્રી, કાકી, ફઈ અને માસી સિવાયની સ્ત્રી સાથે પુરુષ એકાંતમાં બોલે છે ત્યારે તે બેચેન જેવો થઈ જાય છે. ૨૬. જે હરિભક્તો છે તેમણે જેનાથી મતિભ્રમ થઈ જતો હોય, તે બાબતમાં પહેલેથી સાવધાન રહેવું અને પછીથી ઉપર કહ્યું તે રીતે ઉપર કહેલી સ્ત્રીઓની સાથે વાત કરવી. ૨૭. હરિભક્ત અને કુસંગીમાં દિવસ-રાત જેટલો ફરક હોય છે. જેનામાં સદ્‌બુદ્ધિ હોય છે તેને મોક્ષની રીત દેખાય છે. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'રંગોત્સવ પ્રસંગે અમૃતમય ઉપદેશ કર્યો' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥

પૂર સોળમું, તરંગ - ૪

બંને દરબારગઢમાં શ્રીહરિએ રંગક્રીડા કરી

શ્રીહરિ સંતો અને હરિભક્તોની આગળ સુંદર વાત કરીને રંગક્રીડા કરવા માટે તૈયાર થયા. ૧. શ્રીહરિએ જેટલા હરિભક્તો હતા, તેને પોતાની સાથે રાખ્યા અને જે સંતો હતા તેનું જૂથ સામી બાજુએ રાખ્યું. ૨. ઢોલ, તાંસાં, શરણાઈ, તુરાઈ, રણશિંગી, ભેરી, નોબત, નગારાં અને ચોઘડિયાં વગેરે વાજિંત્રો સારી રીતે વાગતાં હતાં અને તેના ધ્વનિથી આકાશ ભરાઈ

ગયું હતું. ૩-૪. શ્રીહરિ હિંડોળા ઉપર ઊભા થઈ ગયા અને તેમણે કેસર રંગની ભરેલી પિચકારી પહેલા ચલાવી. તે વખતે ભક્તજનો હોરી...હે.. હોરી... એમ પોકાર કરતા હતા. ૫.

જ્યારે શ્રીહરિએ પિચકારી ચલાવી તેની સાથે જ અનેક પિચકારીઓ લગાતાર ચાલવા લાગી અને તે વખતે તેની અદ્‌ભુત શોભા થઈ. ૬. શ્રીહરિ અને બધા હરિભક્તોએ સંતો તરફ પિચકારીથી રંગ નાખ્યો અને સંતો તો અપાર હતા. તેમણે રંગની અનેક પિચકારીઓ ચલાવી. ૭. સંતોએ શ્રીહરિને અને હરિભક્તોને રંગ રંગ કરી દીધા. જે જે ધામના મુક્તો હતા તે બધા શ્રીહરિની સાથે રંગે રમવા આવ્યા અને શ્રીહરિના ઉપર રંગ નાખવા લાગ્યા. જ્યારે રંગક્રીડા ખૂબ જામી ત્યારે મુક્તોનું બળ ઘણું થવાથી શ્રીહરિ રંગની ધારાઓને સહન ન કરી શક્યા. ૮-૯. તે વખતે શ્રીહરિ હિંડોળાનું દોરડું પકડીને લીંબતરુ ઉપર ચડી ગયા. સંત-હરિભક્તો ન જાણે તે રીતે શ્રીહરિએ આ ખેલ કર્યો. જ્યારે સંતોએ હિંડોળા પાસે આવીને જોયું ત્યારે શ્રીહરિને લીંબતરુ ઉપર ચઢી ગયેલા દેખ્યા. ત્યારે સંતોએ બીજા સંતોને વાત કરી કે, શ્રીહરિ હિંડોળા ઉપર તો દેખાતા નથી. ૧૦-૧૧.

શ્રીહરિ લીંબતરુ ઉપર ચઢીને છુપાઈ ગયા છે એવું સહુના ધાર્યામાં આવ્યું. પછી સહુ સંતોએ તે લીંબતરુના ઉપર રંગની પિચકારીઓ ચલાવી. ત્યાં કોઈની ચતુરાઈ ચાલી નહીં. ૧૨. જ્યાં સુધી બધો રંગ ખૂટી રહ્યો ત્યાં સુધી સહુ પિચકારીઓ ચલાવતા રહ્યા. જ્યારે રંગ ખૂટી ગયો ત્યારે પિચકારીઓ બંધ થઈ ગઈ. ૧૩. પછી જેટલો ગુલાલ હતો તેટલો બધા સંતો અને હરિભક્તો પરસ્પર ખૂબ જ ઉડાડવા લાગ્યા. ૧૪. તેનાથી જમીન અને આકાશ બધું રંગથી રંગાઈ ગયું. સંતો અને હરિભક્તો પણ રંગ રંગ થઈ ગયા હતા. તેની શોભા કહી શકાતી નથી. ૧૫. શ્રીહરિ હસતા હસતા રંગમાં રસબસ થઈ ગયેલા હતા, તેનાં દર્શન કરનારાને કોઈ જાતનો સંતાપ રહ્યો નહીં.

પછી શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા ત્યારે જેટલા દેવતાઓ હતા, તે વિમાનમાં બેસીને દેવાંગનાઓની સાથે અપાર સંખ્યામાં આવ્યા. ૧૬-૧૭. ચારે બાજુ આકાશ વિમાનોથી છવાઈ ગયું હતું. ગુલાલ અને રંગથી તે બધાં

વિમાનો પણ વિવિધ પ્રકારે રંગાઈ ગયાં હતાં..! જેટલા દેવ અને ગાંધર્વો હતા તે બધા વાજિંત્રો લઈને આવ્યા અને પ્યારથી તેને વગાડવા લાગ્યા. ૧૮-૧૯. અપ્સરાનાં વૃંદો આવ્યાં હતાં, તે સર્વે નૃત્ય કરવા લાગ્યાં. જેવી રીતે તે નૃત્ય કરતા હતા તેવી રીતે પગમાં ઘૂઘરા વાગતા હતા. ૨૦. દેવો ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરતા હતા અને દેવોનાં જે વિચિત્ર પ્રકારનાં વાજિંત્રો હતાં તે પણ વાગવાં લાગ્યાં. ૨૧. તે સુંદર પ્રકારના શબ્દોને સાંભળતા લોકોને તૃપ્તિ થતી ન હતી. શ્રીહરિનાં ચરિત્રો જે પ્રકારનાં હતાં અને જેવી શોભાઓ હતી તેવી પ્રત્યક્ષ દેખીને દેવતાઓ મુખથી ગાન કરતા હતા અને તે ગાતા તૃપ્તિ થતી ન હતી. ભગવાનનાં ચરિત્રો એવાં રસમય હતાં કે તેને કહેતા કોઈ પણ તૃપ્તિ પામે નહીં. ૨૨-૨૩.

શ્રીહરિનાં ચરિત્રોને કહેતા શરીરનું ભાન ન રહે એવો રસ તેમાં ભર્યો હતો. શ્રીહરિ દરબારમાં રંગે રમ્યા. એ રંગનો પ્રવાહ દરબારમાંથી બહાર નીકળ્યો, ૨૪. અને પૂરના રાજમાર્ગમાં થઈને ઉન્મત્તગંગામાં ભળી ગયો. પછી શ્રીહરિ મનમાં ઘણું હેત લાવીને જીવા ખાચરના દરબારગઢમાં ગયા. ૨૫. ત્યાં અપાર રંગ તૈયાર કર્યો હતો, તેથી શ્રીહરિ ખૂબ જ રંગે રમ્યા. તેને સંપૂર્ણ રીતે કહેતા કોઈ પાર પામતું નથી. માટે હું સંક્ષેપથી કહું છું. ૨૬. જીવા ખાચરના દરબારનાં ભવનો ઘણી ઊંચી ઊભણીનાં હતાં, એટલે શ્રીહરિ આવી તેની ઓસરીમાં બેઠા. ૨૭. જીવા ખાચરે જે રંગ બનાવી રાખ્યો હતો, તે લાવ્યા અને પછી શ્રીહરિ, સંતો અને હરિભક્તોના ઉપર ઉમંગથી રંગ ઉડાડવા લાગ્યા. સંતો અને હરિભક્તો પણ રંગમંડપમાં આવીને ઊભા રહ્યા. ત્યાં જે રંગના હોજ ભર્યા હતા, તેમાંથી પિચકારીઓ ભરીને ઉડાડવા લાગ્યા. ૨૮-૨૯.

રંગ ખૂટ્યો ત્યાં સુધી સંતો અને શ્રીહરિ રંગે રમ્યા. તે પછી અપાર ગુલાલ ઉડાડ્યો. ૩૦.ભવનની ઓસરી ઉપર જ્યાં શ્રીહરિ હતા ત્યાં નિત્યાનંદસ્વામી દોડી આવ્યા. સંતોની જીત કરવાને માટે સ્વામીએ શ્રીહરિને પ્રેમથી પકડી લીધા. ૩૧. શ્રીહરિના હાથમાં જે સોનાનાં કડાં પહેર્યાં હતાં તેને સ્વામીએ બળ કરીને કાઢી લીધાં. ત્યારે શ્રીહરિ બોલ્યા, સંતો ! તમે બધા જીત્યા. હરિભક્તો અને અમે સહુ તમારાથી ડરતા રહીએ છીએ..! ૩૨.

તમે સંતો સર્વ જગતના પૂજ્ય છો. રાજાઓ અને દેવતાઓ પણ તમારાથી ડરે છે. જે કોઈએ તમારું લગાર પણ અપમાન કર્યું હોય, તે બધાનું દુનિયામાં અપાર અપમાન થયું છે; તેનો ગણતાએ પાર આવતો નથી. જે સનાતન ઋષિમુનિઓ છે તે બધા અત્યારે તમે સંતરૂપે થયા છો. ૩૩-૩૪.

चोपाई :

प्रगट भये जन करन उद्धारा, तुमकु जो पूज ही अब वारा;
ताके भाग्य कहे में न आवे, तुम पर भाव भाग्य बिन नावे...३५

તમે સંતો જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટ્યા છો. આ સમયે જે તમારી પૂજા કરે છે, તેનું ભાગ્ય તો મુખથી કહી શકાતું નથી અને જે ભાગ્યહીન હોય તેને તમારા ઉપર ભાવ થતો નથી. ૩૫. **ત્યારે સંતોએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! અમે આપનો અપરાધ કર્યો છે કે આપનાં કાંડાંમાંથી કડાં કાઢી લીધાં છે. અમે તો આપને આધીન છીએ. ૩૬.**

આવું સમજીને આપ પ્રસન્ન રહેજો. આપના સમાન અન્ય કોઈ અમને મહાન દેખાતા નથી. કરોડો કલ્પ પર્યંત તપ કરે તોપણ આપની સાથે રંગક્રીડા કરવાનું ક્યાંથી બને ? ૩૭. તેટલું તપ કરવા છતાં સ્વપ્નમાં પણ આપનાં એકવારેય લગારેય દર્શન થતાં નથી. આવા આપ અત્યંત દુર્લભ છો. તે અત્યારે અમારી સાથે સાક્ષાત્ રંગક્રીડા કરી રહ્યા છો..! ૩૮. આપની સાથે રંગે રમવું તે આવું દુર્લભ છે, એમ સમજીને અમે કડાં લઈ લીધાં હતાં. આમ બોલીને શ્રીહરિના હાથમાં તે કડાં ફરીને પહેરાવી દીધાં. ૩૯. પછી રંગમાં રસબસ રહેલા શ્રીહરિ સહુ સંતોને ઘણા પ્રેમભાવથી ભેટ્યા અને અલૌકિક લાભ આપ્યો. ૪૦. જ્યારે ધર્મકુમાર શ્રીહરિ સંતોને ભેટી રહ્યા, પછી તરત ચાલ્યા. આગળ વાજિંત્રો વાગતાં હતાં. ૪૧. શ્રીહરિ અને સંતો જે રંગે અપાર રમ્યા હતા તેનો પ્રવાહ બજારમાં થઈને ઉન્મત્તગંગાએ પહોંચ્યો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'બંને દરબારગઢમાં શ્રીહરિએ રંગક્રીડા કરી' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર સોળમું, તરંગ - ૫

શ્રીહરિએ ખરડમાં સંતોને ખીચડીમાં પુષ્કળ ઘી જમાડ્યું

શ્રીહરિ, સંતો અને હરિભક્તો, સહુ ઉન્મત્તગંગામાં સ્નાન કરીને પૂરમાં આવ્યા ત્યારે લોકોની ઘણી ભીડ થઈ હતી. ૧. શ્રીહરિ જ્યારે દાદા ખાચરના દરબારમાં આવ્યા ત્યારે ત્યાં રસોઈ તૈયાર થઈ ગઈ હતી, એટલે શ્રીહરિ તે જમ્યા. ૨. તે પછી જલેબી અને મોતીચૂર વગેરે વિવિધ પ્રકારનાં જે ભોજન બનાવ્યાં હતાં, તેનાથી સંતો અને પાર્ષદ વગેરે સહુને જમાડ્યા. ૩. તે પછી એક દિવસ વડતાલના નારાયણગિરિ નામના ગોસાઈએ શીરાની રસોઈ અતિ ભાવથી કરાવી હતી. ૪. જ્યારે શ્રીહરિ તે રસોઈ જમી રહ્યા, પછી સંતોની પંગત કરાવી અને તેમાં પોતે પીરસવા આવ્યા. શ્રીહરિ ઘણી પ્રસન્નતાથી પીરસતા હતા. ૫.

સંતો જમી રહ્યા એ વખતે તે ગોસાઈ બોલ્યા, સંતોએ જમવામાં કાંઈ કસર રાખવી જોઈએ નહીં. ૬. શ્રીહરિ કહે, સંતોને ખૂબ જમાડ્યા છે. હવે કાંઈ કસર રહી નથી. હવે તમને જો કાંઈ કસર દેખાતી હોય તો તેટલો શીરો હું આપું. એવું શ્રીહરિએ વ્યંગમાં કહ્યું. ૭. આમ કહીને શ્રીહરિ પીરસવા આવીને ગોસાઈ સાથે રમૂજ કરવાને માટે તેની પાછળ દોડ્યા. એક જણ જમે તેટલો શીરો લઈને ગોસાઈની પાછળ દોડતા દોડતા રમૂજ કરતા ઉડાડવા લાગ્યા. ત્યારે તે તો આગળ ભાગવા લાગ્યા. શ્રીહરિ જ્યારે બહુ પ્રસન્ન હોય ત્યારે આવાં ચરિત્રો કરતા હતા. ૮-૯. શ્રીહરિ દરરોજ દિવસમાં આવી બે-ત્રણ રમૂજ તો કરતા જ. હરિભક્તોને રોજ સંભારવાને માટે આવાં નવાં અને નવાં ચરિત્રો કરતા રહેતા. ૧૦.

બીજા મતોમાં જે જે દૂષણો ચાલતા અને જે બાબત શાસ્ત્રમાં પણ ન મળતી હોય, આવા દૂષણોને દેખાડવા માટે શ્રીહરિ પોતે જાતજાતની દેશી(રીતભાત) બોલવામાં લાવતા અને સમય વિચારીને હરિભક્તોની પાસે તે દેશી કઢાવતા. પણ જ્યારે યોગ્ય સમય ન હોય ત્યારે રમૂજને ભૂલી જતા. અર્થાત્ રમૂજ કરતા નહીં. ૧૧-૧૨. સમૈયો પૂરો થયા પછી ચરોતર અને

ગુજરાતના સંઘો તેમજ જે સંતો હતા, તે ગઢપુરથી ચાલતા થયા. ૧૩. તે બધા સંઘોની રક્ષા કરવા માટે શ્રીહરિ તેમની સાથે અશ્વ ઉપર બેસીને ચાલ્યા, તે ભાલ દેશ સુધી ગયા. ૧૪. દિવસના પાછલે પહોરે ચાલ્યા એટલે **ઝીંઝાવદર** સાંજે પહોંચ્યા અને નદીને કિનારે રાત રહ્યા. પછી ત્યાંથી સવારમાં **કારિયાણી** ગયા. ૧૫. ત્યાં રસોઈ જમ્યા અને બપોર પછી ચાલ્યા તે સંધ્યા સમયે **કુંડળ** આવ્યા. ઉતાવળી નદીના કિનારે રાત રહ્યા. ૧૬. ચંદ્રનું અજવાળું થયું ત્યારે મધરાતે ત્યાંથી ચાલ્યા, તે **રોજીદ** થઈને **ચોકડી** આવ્યા. પછી ત્યાંથી **ખરડ** ગામ આવીને રોકાયા. ૧૭.

તળાવની પાળે જ્યાં છાયા હતી ત્યાં શ્રીહરિ તથા બધા સંઘ ઊતર્યા. તે સંઘમાં નાનાભાઈ વિપ્ર અને કાશીદાસ મુખ્ય હતા. ૧૮. ચારસો જેટલા સંત હતા, તેમને જમાડવાને માટે ત્રણ મણની ખીચડી કરાવી, પણ તેમાં આઠ મણની તૂટ રહી. ૧૯. વધારે ખીચડી મળી નહીં. વાસણ મળવાની પણ ખામી રહી હતી. કુંભારને ઘેર જઈને ચોખ્ખાં રામપાત્ર લાવ્યા. ૨૦. બધા સંતો ચોક્કસ ભૂખ્યા રહેશે. આવો વિચાર શ્રીહરિના મનમાં થયો. હરિભક્તો બે મણ ઘી તો લાવ્યા હતા, પણ તોએ અડધી તૂટ તો શ્રીહરિને દેખાણી. ૨૧.

શ્રીહરિ ગાડા ઉપર બેઠા હતા, ત્યાંથી તરત નીચે ઊતર્યા અને મસ્તક ઉપર પાઘ બાંધતા બાંધતા દોડ્યા. ૨૨. વાણિયાની દુકાનેથી બે મણ ઘી તો પહેલા મળ્યું હતું. પછી લોકોને ઘેર ઘેર જઈને જેટલું ઘી મળે તેટલું ધન આપીને લેવડાવ્યું. ૨૩. છતાં શ્રીહરિનું મન માન્યું નહિ એટલે ભરવાડોને ઘેર ગયા. ત્યાંથી છ મણ ઘી મળ્યું ત્યારે શ્રીહરિનું મન માન્યું. ૨૪. પછી શ્રીહરિ ઉતારે આવ્યા અને સંતોની પંગત કરાવી. બધાને દોઢ દોઢ પાશેર(આશરે ૧૬૫ ગ્રામ) જેટલી ખીચડી અપાવી. ૨૫. પછી દયાળુ શ્રીહરિએ કમર કસી, હાથમાં લાલ રૂમાલ લીધો હતો અને સંતોના ઉપર ખૂબ પ્રસન્ન થઈને ઘી પીરસવા આવ્યા. ઘી સારી રીતે સમાઈ તે રીતે ખીચડીને પહોળી કરાવી અને પછી શ્રીહરિ ઘણા પ્રેમથી થીણું ઘી આપવા લાગ્યા. પાત્રમાં જેટલું સામે તેટલું ઘી આપવા લાગ્યા. બે ત્રણ વખત ફર્યા. જેમ દહીં જમાડે તેમ શ્રીહરિએ ઘી જમાડ્યું. ૨૬-૨૮.

આ રીતે સંતોને ઘીથી તૃપ્ત કર્યા. જમીને શ્રીહરિ ખરડના તળાવેથી તરત ચાલતા થયા અને સહુની પાસે પાણીનાં સાધનો ભરાવી લીધાં. ૨૯. શ્રીહરિએ કહ્યું, તડકાની ઋતુમાં ભાલમાં જ્યારે ચાલવાનું થાય અને પાણી ન પીવું હોય તોપણ સહુ સંતો અને હરિભક્તોએ સાથે પાણી રાખ્યા સિવાય ક્યારેય ચાલવું નહીં. સહુ સંતો અને હરિભક્તોએ અમારું આવું વચન માનવું. રાતમાં ચાલવું હોય તો કોઈ બાધ નથી, છતાં રણમાં તો તેનું ધ્યાન રાખવું. ૩૦-૩૧. આમ વાતો કરતા કરતા શ્રીહરિ **રોજકા** આવ્યા. ત્યાં સાંજ પડી ગઈ એટલે ગામના બધા લોકો દર્શન કરવાને માટે આવ્યા. ૩૨.

શ્રીહરિ તળાવને કાંઠે અશ્વ ઊભો રાખીને અશ્વ ઉપર જ બેઠા હતા. અંગ ઉપર બધાં વસ્ત્ર અને આભૂષણો સુવર્ણમય ધારણ કર્યાં હતાં. ૩૩. તે તળાવમાં કૂવો હતો, પણ તેમાં પાણી ન દેખાયું એટલે જે પાણીનાં સાધનો ભરી રાખ્યાં હતાં તે સહુને ત્યાં ઘણા પ્રિય લાગ્યાં. ૩૪. બહુનામી સહજાનંદસ્વામી શ્રીહરિ **પચ્છમ**નો માર્ગ પૂછીને ત્યાંથી ચાલ્યા. વચ્ચે સાત કોશનું રણ હતું અને તેમાં એક નાની તળાવડી આવતી હતી. ૩૫. શ્રીહરિ તે તળાવડી સુધી સંઘની સાથે આવ્યા. જેટલા સંતો સાથે હતા, તે ઠંડી રાતે આગળ ચાલતા થયા. ૩૬.

ભાઈ રામદાસજીસ્વામી સંઘની સાથે હતા. તેમની ભેળા પાંચ સંત હતા અને તેઓ બળદગાડીમાં બેઠા હતા. ૩૭. પછી ભાઈસ્વામી શ્રીહરિની પાસે રજા માગવા આવ્યા ત્યારે અવિનાશી શ્રીહરિ બોલ્યા, હવે અમે અહીંથી તુરંત પાછા વળીએ છીએ. અહીંયાં સુધી તો અમે સંઘની રક્ષા કરવા માટે આવ્યા હતા. હવે પછી અમે જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માટે વડતાલ આવશું. તે વાત ચોક્કસ કહીએ છીએ. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ ખરડમાં સંતોને ખીચડીમાં પુષ્કળ ઘી ખવડાવ્યું' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર સોળમું, તરંગ - ૬

સુંદરિયાણાના હેમરાજ શાહને પરિવારે સહિત સત્સંગ કરાવ્યો

ભાઈ રામદાસજીસ્વામીને દર્શન આપીને શ્રીહરિએ બધા સંઘને ત્રણ પ્રદક્ષિણા કરી. ૧. શ્રીહરિની સાથે પંદર ઘોડેસવાર હતા. અલૈયા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, માત્રા ધાધલ, વસ્તા ખાચર, વેલા ખાચર, વિસામણ ખાચર, રાઠોડ ધાધલ, ઘેલા ધાધલ, નાન ખાચર, નાજા જોગિયા, ગોદડ ખાચર, મેરામણ ખાચર, દાહા ખાચર અને મસ્તી મુસલમાન વગેરે સાથે હતા. પછી શ્રીહરિએ ઘણા હેતથી સહુ સંઘને જય સચ્ચિદાનંદ કહ્યા અને ચાલતા થયા. ૨-૪. શ્રીહરિનું અપાર હેત દેખીને જે નરનારી હરિભક્તો હતાં, તેમની આંખોમાંથી હેતના વહેતા આંસુને તેમણે રોક્યાં પણ હૃદયમાં ધીરજ રહી નહીં. ૫.

કેટલાક સંતો સંઘની આગળ ઉતાવળા ઉતાવળા ચાલ્યા ગયા હતા. તેઓ શ્રીહરિનાં છેલ્લાં દર્શન વિના રહી ગયા. જ્યારે તેમને ખબર પડી ત્યારે મનમાં દાઝ થઈ. ૬. વળતા શ્રીહરિ **સુંદરિયાણા** આવ્યા અને ત્યાં એક દિવસ અને રાત રોકાયા. ત્યાંના દરબાર ડોસા ખાચરને ઘેર શ્રીહરિ ઊતર્યા હતા. ૭. ત્યાં હેમરાજ નામે શેઠ વૈષ્ણવ હતા. તેમણે ગોકુળ અને મથુરા તીર્થમાં જઈને યમુનાના જળનું પાન કર્યું હતું અને શ્રીનાથજીનાં દર્શન પણ કર્યાં હતાં. ૮. તેમણે પુષ્ટિમાર્ગની સાત ગાદીના બધા આચાર્યોનાં દર્શન કર્યાં હતાં અને ધંધુકાના વૈષ્ણવસમાજમાં તેમનું ઘર મુખ્ય કહેવાતું હતું. ૯. વલ્લભાચાર્યે વર્ષના જેટલા ઉત્સવો બાંધ્યા હતા, તે બધા જ ઉત્સવોને શેઠ પ્રેમથી કરતા હતા અને તેઓ વલ્લભાચાર્યના વચનમાં વિશ્વાસ રાખતા હતા. ૧૦.

હેમરાજ શેઠનું હૃદય અપાર વિશ્વાસુ અને ઘણું નિર્મળ હતું. તેમને ડોસા ખાચરે જઈને કહ્યું, જેને તમે વિઠ્ઠલનાથજી કહો છો, તે આજ મારે ઘેર આવ્યા છે. તેઓ સ્વામિનારાયણ નામે કહેવાય છે. તમારા અંતર્યામી તમને જો પ્રેરણા કરે અને અમે તમને કહીએ તે જો દિલમાં રુચે તો તમે તેમને શરણે થજો. તમે તો ચતુર વેપારી કહેવાઓ છો. તેથી નુકશાનીનું કામ

કરો નહીં. ૧૧-૧૩. તમે નુકશાનીના માર્ગનો ત્યાગ કરો તેવા વિચક્ષણ છો. એવું સમજીને હું કહું છું. તમે આવીને જુઓ તો ખરા ! ૧૪.

ડોસા ખાચર સુંદરિયાણાના ગામધણી હતા. તેમના વચનને સાંભળીને તેઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા, છતાં શ્રીહરિની પાસે આવ્યા. ૧૫. શ્રીહરિને પગે લાગ્યા. દૃષ્ટિ માંડીને દર્શન કર્યાં અને અંતરમાં જોયું તો તે સમયની મૂર્તિ અંતરમાં ચોંટી ગઈ. ૧૬. શ્રીહરિએ કાંઈ વાત કહી નહિ, પણ મુખથી મરક મરક હસતા રહ્યા. વનાશા શેઠના પુત્ર હતા. તેઓને તો શ્રીહરિનાં દર્શન થતાની સાથે જ નિશ્ચય થઈ ગયો. ૧૭. પછી તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, જેને હું ચાહતો હતો તે આપ મને આજે મળ્યા. અમે એટલા દિવસ સુધી વૈષ્ણવની નાતવાળા રહ્યા. ૧૮. તેને લીધે કેટલાય દિવસ ગયા, પણ આજ દી સુધી અમે આપના દર્શને ન આવ્યા. જ્યારે તમારે દર્શને આવ્યા ત્યારે તમારો નિશ્ચય થયો.

શ્રીહરિએ તેને શૂરવીર અને મુમુક્ષુ જાણીને ઘણા હેતથી સત્સંગના નિયમ ધરાવ્યા. ૧૯. હેમરાજ શાહના કુટુંબીજનો બધા શૂરવીર હતા. તેઓ સહુએ શ્રીહરિને હાથે નિયમ વર્તમાન ધાર્યાં, એવા તેઓ મહાન ભાગ્યશાળી હતા; પણ હેમરાજ શાહે ધરાવ્યાં નહીં. ૨૦. સત્સંગ કર્યો એટલે તરત તે બધા શાહ કુટુંબને સત્સંગમાં મોક્ષ પ્રત્યક્ષ દેખાયો. સત્સંગ વિનાના જે માર્ગો હતા, તે બધા તો ધર્મ-નિયમ વગરના હતા. ૨૧. જેને પ્રત્યક્ષ ભગવાનમાં તાન નથી ત્યાં મોક્ષ દેખાતો નથી. જેની બુદ્ધિમાં વિવેક આવે છે તે કુમાર્ગનો અત્યંત ત્યાગ કરી દે છે. ૨૨.

ધંધુકામાં જેટલા વૈષ્ણવ, વણિક કહેવાતા હતા, તે બધા હેમરાજ શાહની નાતના હતા અને તેઓ વૈષ્ણવ તો કહેવા માત્રના જ હતા. ૨૩. તેઓ એક પણ નિયમ-ધર્મ રાખતા નહીં. મનમાં ફાવે તેમ રહેતા. વૈષ્ણવનો તો ખાલી વેષ જ રાખ્યો હતો અને વિષયભોગમાં બધા તત્પર રહેતા હતા. ૨૪. તે વૈષ્ણવ સમાજ હેમરાજ શાહના પરિવારને સત્સંગી દેખીને સહજ સ્વાભાવિક રીતે હૃદયમાં બળી ઊઠ્યા. ૨૫. જેઓ પાંચે ઇન્દ્રિયોને નિયમમાં રાખતા હોય, પરસ્ત્રીમાત્રને માતા સમાન દેખતા હોય અને પારકું ધન કે ધાતુમાત્રને

જે પથ્થરની ભાવનાથી દેખતા હોય, તેઓ જ સાચા વૈષ્ણવ કહેવાય છે. ૨૬-૨૭. હરિભક્તો જ્યારે ઉપર કહી તેવી વાત કહેતા ત્યારે જે અનીતિમાં ચાલતા હતા, તેઓ તે વાતને સાંભળીને તેમનો દ્વેષ કરવા લાગતા હતા. ૨૮.

❋ નીતિ રાખે તેને મહાનતા મળે :

જેની ભૂમિ હોય તેમાંથી તેને ધન મળે તેનો તેને દોષ નથી, છતાં પણ લુચ્ચા માણસો તે બાબતને છાની રીતે રાજાને સંભળાવે છે. પરંતુ જે રાજા ધર્મને અધિક જાણતા હોય છે, તેવા ધર્મવાળા જેટલા રાજા છે તેની રીત એવી છે કે, તેઓ ક્યારેય અન્યાય કરતા નથી. ૨૯-૩૦. જે રાજા ન્યાયને માર્ગે જેટલો ચાલે છે તેનું રાજ્ય તેટલું વધી જાય છે અને જે રાજા ન્યાયમાર્ગે ચાલે છે ત્યાં સુધી તે રાજા પણ આગળ વધી જાય છે. ૩૧.

જેમાં જેટલો ન્યાય હોય તેટલા તે રાજ્યનાં મૂળ ઊંડાં છે અને જેમાં જેટલો અન્યાય હોય તેટલું તે રાજ્ય મૂળ વિનાનું કહેવાય છે. ૩૨. અને જે ન્યાયવાળા રાજાઓ છે, તેઓ તો મૂળ વગરના રાજ્યનાં પણ મૂળ છે. મૂળ વિનાનાં વૃક્ષ કે પહાડનો પણ નાશ થયા વિના રહેતો નથી. ૩૩. મૂળ વગરનું જે કાંઈ પણ છે તે બધું નિર્જીવ છે. સોનાના વિચિત્ર મહેલ હોય, પણ જો તેને પાયો ન હોય તો તે ટકતા નથી. ૩૪.

चोपाई :

सत्संग करत रहे जो जाई, सुधि समझ पावत सो रहाई;
सुधी समझ रहे हि सत्संगा, उंधी समझ रहे सो कुसंगा...३५
निरभय मारग रहेउ जेसा, सत्संग सो रहाये तेसा;
भय दुःख जुत मारग जेसे, कुसंग मारग रहाये तेसे...३६

જે સત્સંગ કરે છે તેને સવળી સમજણ મળે છે. સવળી સમજણ રહે તે જ સત્સંગ છે અને ઊંધી સમજણ રહે તે જ કુસંગ છે. ૩૫. જે નિર્ભય માર્ગ કહેવાય છે તે સત્સંગ છે તથા ભય અને દુઃખવાળો જે માર્ગ છે તે કુસંગ કહેવાય છે. ૩૬. (પછી ગોપાળાનંદસ્વામી દ્વારા હેમરાજ શાહને સત્સંગ થયો હતો.)

ત્યાર બાદ ઉપર કહ્યા પ્રમાણે સમજીને હેમરાજ શેઠ સત્સંગ કરતા હતા. તેની નાતના લોકો તેને જેમ જેમ દુઃખ આપવા લાગ્યા તેમ તેમ તેને સત્સંગનો રંગ ચઢતો રહ્યો. ૩૭. હેમરાજ શાહ શેઠ સંતો અને હરિભક્તોને પોતાના આત્માની નાત માનતા હતા અને તે સિવાયના બધાને પરનાત જાણતા હતા. ૩૮. સંસારનો વ્યવહાર ચલાવવા માટે નાતની સાથે ઔપચારિક સંબંધ રાખતા હતા અને પરંપરાનો સંબંધ તો સત્સંગની સાથે રાખતા હતા. ૩૯. જે રીતે શ્રીહરિએ કહ્યું હતું તે રીતે ખૂબ જ પ્રેમ રાખીને સહુ વર્તતા હતા અને સહુ અંતે ભગવાનનાં ધામમાં ગયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'સુંદરિયાણાના હેમરાજ શાહને પરિવારે સહિત સત્સંગ કરાવ્યો' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર સોળમું, તરંગ - ૭

જીવા ખાચરની સમજણ તથા શ્રીહરિનું પુરુષોત્તમપણું

શ્રીહરિ સુંદરિયાણાથી જ્યારે ચાલ્યા ત્યારે **સારંગપુર** આવ્યા. ત્યાં રંગસપ્તમી કરી અને પછી **બોટાદ** આવ્યા. ૧. હમીર ખાચરના ભવનમાં શ્રીહરિ પાંચ દિવસ રહ્યા. પછી **નાગડકા** જઈને **ગઢપુર** આવીને રહ્યા. ૨. સુખદાયક શ્રીહરિએ ગઢપુરમાં રામનવમી, ભીમએકાદશી કરીને અષાઢ માસ પૂરો કર્યો અને અડધો શ્રાવણ માસ પણ વીતી ગયો. ૩. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં કાયમ રહેતા. ત્યાં પુરાણોની કથા વંચાવતા અને તેનું રહસ્ય લખાવી લેતા. ૪. શ્રીહરિ દસ-પંદર દિવસે ઘણી કરુણા કરીને જીવા ખાચરના દરબારમાં પહોર-બેપહોર દર્શન દેવા જતા. ૫.

ત્યાં શ્રીહરિ અનેક બાબતની રમૂજ કરતા રહેતા. જેવો સમય હોય તેવી રમૂજ કરતા. ૬. રમૂજની સાથે સાથે મોક્ષની વાત પણ એક-બે ક્યારેક કરી દેતા અને તે રીતે મોક્ષની વાત કરવાને માટે જ વારંવાર રમૂજ કરતા હતા. ૭. જેમ કોઈ અનાજની અંદર ઔષધ મેળવીને આપે તેમ શ્રીહરિ વાત

કહેતા હતા. શ્રીહરિ જેનું મોક્ષ ઉપર તાન ન દેખતા, તેની સાથે શ્રીહરિ તેવી વાત કરતા હતા. ૮. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં નિરંતર રહ્યા હતા. તે સમયમાં જીવા ખાચર શ્રીહરિનાં દર્શન કર્યા સિવાય એક દિવસ પણ ખાલી રાખતા નહીં. ૯. જીવા ખાચરના ભાઈ મૂળુ ખાચર હતા. તે ક્યારેક દર્શન કરવા આવે, ક્યારેક ન આવે. તેમને શ્રીહરિમાં સાધારણ હેત હતું અને જગતવ્યવહારમાં તો સંપૂર્ણ પ્રેમ હતો. ૧૦. **મૂળુ ખાચર મૃત્યુ સમીપ આવ્યું ત્યાં સુધી ક્યારેક ભગવાનનું ભજન કરતા અને ક્યારેક ન કરતા એવા હતા, છતાં શ્રીહરિ તેમને બોલાવતા રહેતા. કારણ કે શ્રીહરિમાં ઘણી મોટાઈ રહી હતી. ૧૧.**

જેમ જીવ પોતાનો સ્વભાવ છોડતા નથી તેમ શ્રીહરિ પણ પોતાનો ઉત્તમ સ્વભાવ છોડતા નથી. દરબાર જીવા ખાચર શ્રીહરિની આગળ હાથ જોડીને નિત્ય કહેતા રહેતા કે, જીવની બુદ્ધિ તો થોડી છે. ૧૨.

❋ સ્વભાવ છોડે તે શ્રેષ્ઠ :

चोपाई :

दोष मात्र कहावत जितना, जीय में भर रये हे तितना;
गुन मात्र कहावत हे जेता, भगवान में भर रये हे तेता...१३

દોષમાત્ર કહેવાય છે તે બધા જ જીવમાં ભર્યા છે અને જેટલા સદ્‌ગુણ કહેવાય છે તે બધા આપ ભગવાનમાં ભર્યા છે. ૧૩.

दोहा : अवगुन रहे निशि रूप हि, गुन रहे सूर्य रूप;
सूर्य के उदे होत जब, निशि होइ जात चूप...१४

અવગુણ રાતના જેવા છે અને સદ્‌ગુણ સૂર્યના જેવા છે. સદ્‌ગુણરૂપી સૂર્ય જ્યારે ઉદય થાય છે ત્યારે અવગુણરૂપી રાત ચૂપ થઈ જાય છે. ૧૪. હે હરિ ! જ્યાં સુધી જીવ આપની સન્મુખ રહે છે ત્યાં સુધી તેના દોષ લેશમાત્ર પણ દેખાતા નથી. ૧૫. જ્યારે મનુષ્ય આપનો ગુણ ત્યાગ કરી દે છે ત્યારે તત્કાળ જ તે કોઈ અવગુણ વિનાનો રહેતો નથી. ૧૬. જ્યારે શરીરમાંથી જીવ નીકળી જાય છે ત્યારે તે શરીર કંઈ ઉપયોગનું રહેતું નથી અને તેમાં

અંતઃકરણ કે કોઈ ઇન્દ્રિયોના દેવ પણ રહેતા નથી. ૧૭. અંતઃકરણ, દેવ અને આત્મા એ આપના ઉત્તમ ગુણો જેવા છે અને તમારો અવગુણ આવે તે શરીર જેવા છે. આવું મને દેખાય છે, અર્થાત્ આપનો અવગુણ આવતાની સાથે જ અમારામાંથી સર્વે સદ્‌ગુણો જતા રહે છે. ૧૮. **માટે મને ક્યારેય આપનો અવગુણ ન આવે એવું હું વારંવાર માગતો રહું છું અને જેટલા દોષ છે તે બધા ગામ-ગરાસ, ધન અને નારીમાં રહ્યા છે. ૧૯.** ગરાસ, ધન અને નારીમાં કુસંપ સહેજે જ રહ્યો છે. એ પ્રત્યક્ષ નજરે જોવામાં આવે છે અને જ્યાં સુધી દેહમાં અહંબુદ્ધિ રહે છે ત્યાં સુધી સંતોમાં પણ પરસ્પર કુસંપ વર્તતો હોય તેવું દેખાય છે. પછી ભલે ઉપરથી હેત-પ્રીત દેખાડતા હોય. જ્યાં સુધી અમારામાં દોષ રહ્યા છે ત્યાં સુધી આવું દેખાય છે. ૨૦-૨૧. **દેહ અને બ્રહ્માંડમાં જ્યાં સુધી ઉત્તમતાની મતિ રહે છે ત્યાં સુધી મતિ ગુણદોષરૂપ રહે છે. જ્યારે દેહ અને બ્રહ્માંડથી અલગ થવાની કળાને પામે છે ત્યારે તેમાં માયિક દોષ રંચ પણ રહેતા નથી.** ૨૨.

❋ જેવી મતિ તેવી ગતિ :

जिहाँ लग अलोकिक समझ ताकी, पांख पाये बिन ही वाकी;
गुन दोष तेहि आये बिनही, रहत नहीं जीय मति किनही...२३

જ્યાં સુધી અલૌકિક સમજણની પાંખ ન આવે ત્યાં સુધી કોઈ જીવની બુદ્ધિમાં ગુણદોષ આવ્યા સિવાય રહેતા નથી. ૨૩. અમારી જેવી બુદ્ધિ વર્તે છે એ પ્રમાણે અમે આપને કહીએ છીએ. ૨૪. અલૌકિક મતિ(સમજણ) રાખીને વર્તવું તે અમારે માટે અત્યંત દુર્ઘટ છે. અમે તો આપની બાંય પકડી છે, એટલે આપ જ્યાં ચાહો ત્યાં અમને પહોંચાડી દેજો. ૨૫. આ રીતે જીવા ખાચર રોજ આવીને શ્રીહરિ આગળ રમૂજમાં બોલતા હતા અને શ્રીહરિ ક્યારેક પોતાનો પ્રસાદીનો થાળ તેમને આપતા હતા. ૨૬. ભક્તવત્સલ કૃપાળુ શ્રીહરિ વીશથી પચીશ વર્ષ પર્યંત દાદા ખાચરને સવારે તથા સાંજે થાળની પ્રસાદી આપતા હતા. ૨૭. જે પ્રકારે ભગવાન પુરુષોત્તમ નારાયણના અવતાર થાય છે, તે બધી વાત સંતો અને હરિભક્તોને સમજવાને માટે શ્રીહરિ પત્રમાં લખાવતા હતા. ૨૮.

❊ અવતારોના પ્રાગટ્યની રીત :

જેને પરમ આનંદસ્વરૂપ પુરુષોત્તમ કહેવાય છે, તેનાં ધામમાં ઈશ્વર-સમર્થ પુરુષો રહ્યા છે. ભગવાન પુરુષોત્તમના અનુસંધાનરૂપે પ્રત્યેક બ્રહ્માંડમાં તે પુરુષોના અગણિત અવતારો થાય છે. ૨૯-૩૦. હવે હું તેની વિગત સ્પષ્ટ રીતે કહું છું, જેણે કરીને વાત સમજાય જાય. કોઈ પુરુષ બ્રહ્માંડરૂપે પરમ અનુપમ રીતે પ્રગટ થાય છે, ૩૧. અને કોઈ વિષ્ણુરૂપે પ્રગટ થાય છે, કોઈ શિવરૂપે પ્રગટ થાય છે, કોઈ ઈન્દ્રરૂપે પ્રગટ થાય છે, કોઈ સૂર્યનું રૂપ ધારણ કરે છે, ૩૨. કોઈ ચંન્દ્રનું રૂપ ધારણ કરે છે. કોઈ પ્રકૃતિરૂપે થાય છે, કોઈ મહત્તત્ત્વરૂપે થાય છે, કોઈ અહંકારરૂપે થાય છે. ૩૩. અને કેટલાક પુરુષ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશરૂપે પ્રગટ થાય છે, કેટલાક પુરુષ સપ્તર્ષિરૂપે પ્રગટ થાય છે અને કોઈ નવ પ્રજાપતિના રૂપમાં પ્રગટ થાય છે. ૩૪-૩૫.

કોઈક ચૌદ મનુના રૂપમાં પ્રગટે છે. તેનો ગણતા પાર આવતો નથી. પરંતુ પુરુષોત્તમ ભગવાન તો એક જ છે. તે એક જ મૂર્તિ પ્રગટ થાય છે અને પુરુષો તો અનેક પ્રગટ થાય છે. ૩૬. તે બધા પુરુષો પુરુષોત્તમને આધારે જ અનેક બ્રહ્માંડોની ક્રિયાઓને વારંવાર કરતા રહે છે અને તેમાં તેને લગારેય બાધ લાગતો નથી. ૩૭. તે પુરુષોને જ્યારે જ્યારે કાંઈક કષ્ટ આવે છે ત્યારે તેઓ ભગવાન પુરુષોત્તમનું ધ્યાન કરે છે. તે પછી ભગવાન પુરુષોત્તમ અવતાર ધારે છે અને પુરુષોના કષ્ટનું તરત જ નિવારણ કરે છે તથા અનેક બદ્ધ જીવોનો ઉદ્ધાર કરે છે. ૩૮-૩૯. તે અલૌકિક ભગવાન પુરુષોત્તમનું નિર્ગુણપણું અને સગુણપણું છે તે તેમની અનુપમ લીલા છે. તે લીલા મનુષ્યને શુદ્ધ કરવા માટેની છે. ૪૦.મનુષ્યોને શુદ્ધ કરવા માટેના ભગવાનમાં અનેક પ્રકારનાં ઐશ્વર્યો રહ્યાં છે; જેને વેદો 'નેતિ' 'નેતિ' કહે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'જીવા ખાચરની સમજણ તથા શ્રીહરિનું પુરુષોત્તમપણું કહ્યું' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર સોળમું, તરંગ - ૮

આત્યંતિક પ્રલયને અંતે પ્રથમ સૃષ્ટિનો ક્રમ કહ્યો

મુક્તાનંદસ્વામી કહે છે કે શ્રીહરિએ ફરીને જે વાત કહી હતી, તે વાતને હું કહું છું. તે વાત ભાવિક ભક્તજનોને પણ ઘણી દુર્લભ છે. ૧. ભગવાન પુરુષોત્તમનારાયણનાં અપાર ઐશ્વર્ય છે. તેની અપાર રીતો કહેવાય છે. તેનો કોઈ એક નિર્ધાર નથી. ૨. જેમ ઝાડનું થડ એક હોય, તેની નાની-મોટી ડાળીઓ, પાંદડાં, ફૂલ અને ફળ અનેક હોય છે, પરંતુ તે બધાનું થડ તો એક જ હોય છે. ૩. ઝાડ ભૌતિક વસ્તુ છે અને ભગવાન દિવ્ય છે. તે બંનેની તુલનાત્મક એક રીત કહી શકાય નહિ, પણ લૌકિક દૃષ્ટાંત આપ્યા સિવાય સમજાવી શકાતું નથી. ૪. સિદ્ધાંતની વાત એ છે કે ભગવાનને સમાન કોઈ થતું નથી. માટે અનેક સિદ્ધાંતના ગ્રંથો જોવામાં આવે છતાં સિદ્ધાંત વાત ક્યારેય ફરતી નથી. ૫.

જેટલી જેટલી અપાર બાબતો સાંભળે તે બધી બાબતોને ભગવાનનું જ ઐશ્વર્ય સમજવું જોઈએ. તે ભગવાનનાં ઐશ્વર્યો એટલાં બધાં અધિક છે કે તેનો પાર ભગવાન પણ પામતા નથી, ૬. તો પછી અક્ષરપુરુષો તે ભગવાનનાં જે જે અનંત ઐશ્વર્યો રહ્યાં છે તેનો પાર ક્યાંથી પામે ? ભગવાન તો એવા સમર્થ છે. ૭. જે વેદ અને પુરાણાદિ શાસ્ત્ર કહેવાય છે તે ભગવાનના ઐશ્વર્યને કહે છે. ભગવાન જેની બુદ્ધિમાં જેટલો પ્રકાશ પ્રેરે છે તેટલી તે વાત સમજે છે. ભગવાનની પ્રેરણા વિના કરોડો ગ્રંથ ભણે અને ભણાવે તોપણ તેની બુદ્ધિમાંથી અંધકારનો નાશ ક્યારેય લગાર પણ થતો નથી. ૮-૯.

✵ પ્રગટના યોગથી જ ભવરોગ જાય :

चोपाई :

भगवान प्रगट के बिन जोगा, माया आवर्न के मिटत न रोगा;
प्रथम जथार्थ माया ताका, सामृथ जाने में न आवत वाका...१०

પ્રગટ ભગવાનના યોગ સિવાય માયાના આવરણરૂપ રોગ ક્યારેય મટતો નથી. પહેલા તો માણસને માયાનું યથાર્થ સામર્થ્ય જ જાણ્યામાં આવતું નથી. ૧૦. જેને જે બાબત યથાર્થ રીતે સમજાઈ હોય તેને જ તે બાબતનું જ્ઞાન

કહેવાય છે અને મનુષ્ય જ્યારે જેવી વાત સાંભળે છે ત્યારે તેનું અંતઃકરણ પણ તેવું થઈ જતું હોય તો ત્યાં સુધી તેને બુદ્ધિમાં અજ્ઞાન રહ્યું છે. જે બુદ્ધિમાન હોય છે તેને આ બાબત જણાય છે. માણસમાં તળાવમાં તરવાની શક્તિ ન હોય અને સમુદ્ર તરવાનો આરંભ તે કરી દે છે. ૧૧-૧૨. એક શેર જેટલો વજન પણ ઉઠાવવાની શક્તિ ન હોય અને આખા બ્રહ્માંડને ઉઠાવવાની મનમાં ઉમેદ કરે છે. ૧૩. જીવની જે બુદ્ધિ છે તેનાથી તે ભગવાનના ઐશ્વર્યને પૂરી રીતે ક્યારેય સમજી શક્તો નથી, તે હકીકત છે. ૧૪.

જીવ જ્યાં સુધી ભગવાનને શરણે ગયો નથી ત્યાં સુધી માયાનું તેટલું આવરણ રહે છે અને ત્યાં સુધી તેને વિઘ્ન રહે છે. ૧૫. જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે માયા અને મહત્તત્ત્વ આદિક જગતના કારણરૂપ જે બધી શક્તિઓ છે તે પુરુષમાં લીન થઈ જાય છે અને તે પુરુષ પણ પરબ્રહ્મ પુરુષોત્તમમાં લીન થઈ જાય છે. ૧૬-૧૭. પુરુષનો પુરુષોત્તમમાં લય થાય છે ત્યારે ભગવાન પુરુષોત્તમ સ્વતંત્ર એકલા જ રહે છે. પછી જ્યારે ફરીથી જગતની ઉત્પત્તિનો સમય આવે છે, ત્યારે પરમ દયાળુ, ૧૮. પુરુષોત્તમનારાયણે પોતાના સ્વરૂપમાંથી તરત જ પુરુષને જુદો પાડ્યો. ત્યારે પુરુષને મનમાં સંકલ્પ થયો જે, અત્યારે હું એકલો જ દ્દષ્ટા છું. ૧૯. અને મારા સિવાય અત્યારે બીજું કાંઈ જ રહ્યું નથી. ત્યારે પુરુષનો આવો સંકલ્પ, તે જ માયા કહેવાય છે. પુરુષની દ્દષ્ટિમાં ભગવાન પુરુષોત્તમે પ્રવેશ કરીને પ્રેરણા કરી. ૨૦.

પછી પુરુષરૂપે ભગવાન જ્યારે માયાની સન્મુખ દ્દષ્ટિ કરે છે ત્યારે તત્કાળ માયામાંથી કરોડો કરોડ સૂર્યના સમાન તેજસ્વી મહત્તત્ત્વની ઉત્પત્તિ થાય છે. ૨૧. આવું જે મહત્તત્ત્વ છે તે શુદ્ધ સત્ત્વમય કહેવાય છે. અને જે નિવૃત્તિપરાયણ એવા જે મુક્તો છે તે શુદ્ધ સત્ત્વમય કહેવાય છે. ૨૨. તે મુક્તપુરુષો ઊર્ધ્વરેતા કહેવાય છે તે પ્રલયના સમયે ભગવાનની આજ્ઞાએ કરીને સુખની સ્થિતિમાં મહત્તત્ત્વમાં રહે છે. ૨૩. પછી જ્યારે સૃષ્ટિનો સમય આવે છે ત્યારે તે મહત્તત્ત્વમાંથી ઉત્પન્ન થાય છે, તેને ચોક્કસરૂપમાં મહત્સૃષ્ટિ કહેવાય છે. ૨૪. જે જે પ્રવૃત્તિપરાયણ કહેવાય છે તે જગતના પ્રલય વખતે

બદ્ધ સ્થિતિમાં આવીને અવિદ્યામય અંધકારરૂપ માયામાં વારંવાર લીન થઈને રહે છે. ૨૫-૨૬

તે મહત્તત્ત્વમાંથી જેટલાં કાળ, કર્મ અને ગુણ ઉત્પન્ન થયાં છે, તેને શુદ્ધ કરીને કહ્યાં છે. ૨૭. મહત્તત્ત્વમાંથી ઉપજેલા રજોગુણને શુદ્ધ રજોગુણ અને સત્ત્વગુણને શુદ્ધ સત્ત્વગુણ કહ્યા છે. એમ મોટા મોટા જ્ઞાનીપુરુષો કહે છે. ૨૮. અહંકારમાંથી જે મલિન ગુણ ઉપજ્યા તે બધા મલિન સત્ત્વ, મલિન રજ અને મલિન તમ કહેવાય છે એમ માનવું. ૨૯. પંચભૂત, પંચતન્માત્રા, દસ ઈન્દ્રિયો, કાળ, માયા, સ્વભાવ, કર્મ અને જીવ તે જીવ એટલે પુરુષપ્રકૃતિનો અધિષ્ઠાતા. તે દરેકના સ્વભાવ જુદા જુદા છે. આ બધા જ મુક્ત કહેવાય છે. તે બધાએ ભેળા મળીને જગતની સૃષ્ટિ કરવા પ્રવૃત્તિ કરી, છતાં જ્યારે જગત કાંઈ ઉત્પન્ન ન થયું ત્યારે તે સહુએ ભગવાનની સ્તુતિ કરી. ૩૦-૩૨.

સપ્તર્ષિઓ, ચૌદ મનુ, પ્રિયવ્રત, ઉત્તાનપાદ, ઈન્દ્રાદિક દેવો અને મરીચિ આદિક પ્રજાપતિઓ, એ બધા ભગવાનની કળા કહેવાય છે. બધા અત્યંત સમર્થ છે. અને જે બ્રહ્માંડને ભેદે એવા છે તે વિરાટપુરુષ કહેવાય છે. ૩૩-૩૪. અને તે જળમાં સૂતેલા જે પુરુષ છે તે જ જગતનું કારણ વિરાટપુરુષ કહેવાય છે અને આ બધા મળીને સર્ગ કહેવાય છે. એ બધા પરમાત્મા નારાયણના સામર્થ્ય અને સત્તાને આશ્રયે રહ્યા છે તથા તે સહુ જીવનમુક્ત છે અને અત્યંત સામર્થ્યથી યુક્ત છે. ૩૫-૩૬. ભગવાનની આજ્ઞાથી એ બધા મહત્તત્ત્વમાં રહે છે. અને પોતાનો જે લક્ષ્ય તે તો પુરુષોત્તમને વિશે છે. એને માયા આવરણ કરવા સમર્થ થાતી નથી. ૩૭-૩૮. કારણ કે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણ એ સહુના આશ્રય છે. તે મુક્તોને કુટસ્થબ્રહ્મ પણ કહે છે. ૩૯. વળી, જળમાં જે સૂતેલા છે તેને વિરાટ કહેવાય છે. તે જળમાંથી ઊઠવાને માટે પણ સમર્થ થયા નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'આત્યંતિક પ્રલયને અંતે પ્રથમ સૃષ્ટિનો ક્રમ કહ્યો' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર સોળમું, તરંગ - ૯

શ્રીહરિએ પ્રાકૃત, વૈકૃત સર્ગ અને અવતારોની વ્યવસ્થા કહી

શ્રીહરિએ તે પછી શુદ્ધ જ્ઞાનની વાત કરી. જે શુદ્ધ જ્ઞાનને સાંભળ્યા પછી તરત જ સંસારનું બંધન છૂટી જાય છે. ૧. મનરૂપી ઈન્દ્રિયે સહિત તેના દેવ જે ચંદ્ર તે વિરાટના દેહમાં પ્રવેશ કરીને આવ્યા, છતાં તે વિરાટ ઊભા ન થયા. ૨. બુદ્ધિરૂપી અંતઃકરણના દેવ બ્રહ્મા હૃદયમાં અદ્ભુત રીતે પ્રવેશ્યા, તોપણ વિરાટ જાગ્રત ન થયા. ૩. અહંકારના દેવ રુદ્ર અહંમતિ સહિત હૃદયમાં આવ્યા, તોપણ વિરાટ ઊઠ્યા નહીં. ૪. દસ ઈન્દ્રિયોએ સહિત તેના દેવ ઈન્દ્ર, વરુણ, સૂર્ય અને વિષ્ણુ વગેરે સહુએ વિરાટ શરીરમાં પ્રવેશ કર્યો, છતાં પણ તે વિરાટ ઊભા ન થયા. ૫. પછી જ્યારે ચિત્તે સહિત ચિત્તના દેવતા એવા પરમાત્મા વાસુદેવે પ્રવેશ કર્યો ત્યારે તે વિરાટ તત્કાળ ઊઠ્યા. કશો વિલંબ ન થયો અને તેનાં બધાં અંગ સચેત થઈ ગયાં. ૬.

હવે દસ પ્રકારનો સર્ગ અને ત્રણ પ્રકારનો પ્રલય, તેને હું અનુક્રમે કહું છું; જેનાથી યથાર્થ જ્ઞાન થાય છે. ૭. પ્રથમ સર્ગ મહત્તત્ત્વનો છે. તેનું લક્ષણ કહીએ છીએ. ત્રણ ગુણોની વિષમતા તે મહત્તત્ત્વ કહેવાય છે. ૮. આવી રીતનું તે વિષમપણું ભગવાનને લીધે છે. ભગવાનમાં એવી કળા રહી છે કે તે કોઈને દેખાતી નથી. બીજો સર્ગ અહંકારનો છે. તેમાં દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિ થાય છે. ૯. ત્રીજો સર્ગ ભૂતસર્ગ કહેવાય છે, તે તન્માત્રરૂપ છે, તે દ્રવ્યરૂપ છે એમ કહેવાય છે. જ્ઞાની લોકો જ તેને સમજી શકે છે. ૧૦. ચોથો ઈન્દ્રિયોનો સર્ગ કહેવાય છે, તે જ્ઞાન અને ક્રિયારૂપ છે. પાંચમો દેવસર્ગ કહેવાય છે, તે સત્ત્વગુણપ્રધાન મનયુક્ત છે. ૧૧. છઠ્ઠો તામસ સર્ગ છે. તે તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર નામે અવિદ્યામય કહેવાય છે. ૧૨. ઉપર જે છ સર્ગ કહ્યા તે પ્રકૃતિ સંબંધી પ્રાકૃતસર્ગ કહેવાય છે.

હવે સાતમો વૈકૃતસર્ગ કહું છું. ૧૩. તેમાં પ્રથમ સ્થાવર પદાર્થનો સર્ગ છ પ્રકારનો છે. પશુનો સર્ગ આઠમો છે અને તેના અઠ્યાવીશ ભેદ છે. ૧૪. મનુષ્યના સર્ગને બધા મુનિઓ નવમો સર્ગ કહે છે. તે એક પ્રકારનો છે. આ ત્રણ સર્ગને વૈકૃતસર્ગ કહેવાય છે. ૧૫. ઈન્દ્રાદિક દેવોને પણ વૈકૃતસર્ગ

કહેવાય છે. જે કશ્યપ પ્રજાપતિથી ઉત્પન્ન થયેલ છે તેને વિસર્ગ કહેવાય છે. ૧૬. દેવોનો સર્ગ આઠ પ્રકારનો છે. તેને જ્ઞાન દ્વારા જાણી શકાય છે અને સનકાદિકો તો પ્રાકૃતમાં અને વૈકૃતસર્ગમાં બેયમાં કહેવાય છે. ૧૭.

કાળે કરીને જે પ્રલય થતો હોય તેને નિત્યપ્રલય કહેવાય છે. સંકર્ષણના મુખમાંથી નીકળતા અગ્નિએ કરીને જે પ્રલય થાય છે, તેને રાત્રીપ્રલય કહેવાય છે. જેને જ્ઞાન હોય છે તે આ સમજી શકે છે. ગુણોએ કરીને જે પ્રલય થાય છે, તેને પ્રાકૃતપ્રલય કહેવાય છે. ૧૮-૧૯. જે ગુણ મહત્તત્ત્વમાં અને અહંકારમાં રહેલા હોય છે, તે જેવી રીતે પોતપોતામાંથી ઉપજ્યા હોય તેવી રીતે તે પોતપોતાના કાર્યને ગળી જાય છે. એવી એમાં કળા રહી છે, જે કોઈના તર્કમાં આવતી નથી. જેમ કે, મહત્તત્ત્વ અહંકારને સહેજે ગળી જાય છે, અર્થાત્ લીન કરી દે છે. ૨૦-૨૧. પ્રકૃતિ એ મહત્તત્ત્વને પોતામાં સમય આવ્યે લીન કરી દે છે અને પુરુષ પ્રકૃતિને પોતામાં સહેજે લીન કરી દે છે. ૨૨. અને પુરુષ જે છે તે પરમાત્માને આશરે રહે છે. આવી રીતે પુરુષનું પરમાત્માને આશરે જે રહેવું તેને પ્રાકૃતપ્રલય કહે છે. ૨૩

(૧) આ બ્રહ્માંડ જ્યારે ઉત્પન્ન થયું ત્યારે પુરુષોત્તમ ભગવાનનો પહેલો **વરાહ,** અવતાર થયો. ૨૪. પુરુષોત્તમ ભગવાને વારાહરૂપે પ્રગટ થઈને પૃથ્વીની રક્ષા કરી અને જીવોનો ઉદ્ધાર કર્યો, એમ વેદ કહે છે. અને પૃથ્વી તે ભાગવત ભક્તપુરુષરૂપે જાણવી. અને વારાહ અવતારરૂપે પુરુષોત્તમ જાણવા. આ વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે. ૨૫-૨૬. પછી પુરુષોત્તમ ભગવાનનો (૨) **હરિ,** એવે નામે બીજો અવતાર થયો અને તે સમયે સ્વાયંભુવ મનુને ભાગવતપુરુષ કહ્યા છે. પછી (૩) **કપિલદેવજી,** રૂપે પુરુષોત્તમ ભગવાનનો ત્રીજો અવતાર થયો. તે સમયે આસુરિ ઋષિને ભાગવતપુરુષ કહ્યા છે. ૨૭-૨૮. પછી ભગવાન પુરુષોત્તમનો (૪) **દત્તાત્રેય,** નામે ચોથો અવતાર થયો. તે સમયે યદુરાજાને ભાગવતપુરુષ કહ્યા છે. તે વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે. ૨૯. પાંચમો (૫) **સનતકુમાર,** રૂપ પુરુષોત્તમનો અવતાર થયો. તેમણે જેને ઉપદેશ કર્યો તે ભાગવતપુરુષ કહેવાયા છે. ૩૦. ભગવાન પુરુષોત્તમનો બદરિપતિ (૬) **નારાયણ,** રૂપ છઠ્ઠો અવતાર થયો. તે સમયે નરઋષિને ભાગવતપુરુષ

કહ્યા છે. ૩૧. પછી ભગવાન પુરુષોત્તમનો સાતમો (૭) **સુયજ્ઞ,** અવતાર થયો. તે સમયે ધ્રુવને ભાગવતપુરુષ કહ્યા છે. આ વાત નિશ્ચિત છે. ૩૨.

(૮) **પૃથુ,** એ ભગવાન પુરુષોત્તમનો આઠમો અવતાર થયો ત્યારે વેન ભાગવતપુરુષ કહેવાયા. (૯) **ઋષભદેવ,** ભગવાન પુરુષોત્તમનો નવમો અવતાર થયો અને તે સમયે નવ યોગેશ્વરો ભાગવતપુરુષ કહ્યા છે. આવી વાત તો અનંત છે. (૧૦) **હયગ્રીવ,** (૧૧) **મચ્છ,** (૧૨) **કૂર્મ,** (૧૩) **નૃસિંહ**, (૧૪) **હરિ,** (૧૫) **વામન,** (૧૬) **હંસ** વગેરે અને ૩૩-૩૪. (૧૭) **ચૌદ મનુઓને** પણ ભગવાનના અવતાર કહ્યા છે. (૧૮) **ધન્વંતરિ,** (૧૯) **પરશુરામ,** (૨૦) **રામચંદ્ર,** (૨૧) **શ્રીકૃષ્ણ,** (૨૨) **વ્યાસ,** (૨૩) **બુદ્ધ** અને (૨૪) **કલ્કિ,** આ સર્વ જગતના ઈશ્વર એવા ભગવાન પુરુષોત્તમના ચોવીસ અવતારો છે અને તેમનો જેને મુખ્ય યોગ થયો તે બધા ભાગવતપુરુષ કહેવાયા છે. ૩૫-૩૬.

વેદઋષિ, સત્યવ્રતરાજા, સપ્તર્ષિઓ, ઈન્દ્ર, પ્રહ્લાદ, ગજેન્દ્ર, બલિ, નારદ, ચૌદ મનુઓ, એ બધા જે કહેવાય છે તેમના જન્મ-મરણના રોગો મટી ગયા છે. ૩૭-૩૮. જમદગ્નિ ઋષિ, લક્ષ્મણજી, બળદેવજી, ઉદ્ધવજી, અર્જુન, શુકદેવજી, અંજન, વિષ્ણુયશ, એ બધા ભાગવતપુરુષ કહેવાય છે. નવ યોગેશ્વરો અને મરીચિ આદિ ઋષિઓને પણ ભાગવતપુરુષ કહ્યા છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ પ્રાકૃત, વૈકૃતસર્ગ અને અવતારોની વ્યવસ્થા કહી' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર સોળમું, તરંગ - ૧૦

ભાગવતના વિવિધ પ્રશ્નો અને તેના ઉત્તર પત્રમાં કહ્યાં

પછી શ્રીહરિએ ઘણી સરસ વાત કરી, જે સાંભળવાથી પરમ કૃપાળુ પરમાત્મા રાજી થાય છે. ૧. ભાગવતના નવમા સ્કંધમાં 'ઈશાનુકથા' (રાજાઓની કથા) કહી છે અને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ આદિ રાજાની

કથા કહી છે. ૨. જે ભાગવતપુરુષો છે, તે જેને ભજે છે એ ભગવાન પુરુષોત્તમ છે, એવી કેટલીક બધી વાત કહી છે. ૩. જે શિવજી કહેવાય છે તેને ભાગવતપુરુષ કહ્યા છે અને રામચંદ્રજીને પુરુષોત્તમ કહ્યા છે. ૪.

एषां स एव भगवान् दययेदनन्तः सर्वात्मनाश्रित पदोयदिनिर्व्यलिकं।
ते दुस्तरामति तरन्ति च देव माया नैषां माहमिति धीः श्वशृगालभक्ष्ये ।।१।।

ઈત્યાદિક પત્રમાં અહીંયાં ચોત્રીસ શ્લોક લખ્યા છે. આધ્યાત્મિક રામાયણમાં એવી વાત કહી છે. હવે ભાગવતમાં જે પ્રશ્ન છે તે પત્રમાં લખીએ છીએ. ૫. ઓગણસાઠ જેટલા પ્રશ્ન છે, જેમાં કેટલુંક જ્ઞાન રહ્યું છે.

(૧) આ જે જીવ છે તે સપ્તધાતુથી રહિત છે, પણ તેનું શરીર સાત ધાતુઓમાંથી રચાયું છે. ૬. તે ઈશ્વરઈચ્છાથી થયું છે કે સહજ થયું છે ? પ્રથમ એ પ્રશ્ન કહ્યો છે.

(૨) જેની નાભિમાંથી કમળ થયું છે, તેને પુરુષ કહેવાય છે. ૭. તેમનો જે દેહ છે તે જેટલાં તત્ત્વોનો છે તેટલાં જ તત્ત્વોનો આ જીવનો દેહ રહ્યો છે. ૮. માટે જીવ અને નારાયણના દેહમાં કેટલો ભેદ રહ્યો છે? પરીક્ષિત રાજાએ શુકદેવજી પાસે પ્રશ્ન પૂછ્યા, તેમાં આવો પ્રસંગ કહ્યો છે. ૯. તત્ત્વો બરાબર છે કે અધિક છે ? બીજો પ્રશ્ન એ છે.

(૩) પુરુષ જ્યાં સૂવે છે, તેનો ઉત્તર કહો, તે ક્યાં સૂવે છે ? ૧૦.

(૪) લોકના અવયવથી પુરુષ છે કે નહિ અને પુરુષના અવયવથી લોક છે કે નહિ ? ૧૧.

(૫) મહાકલ્પ કોને કહેવાય છે ?

(૬) અને વિકલ્પ કઈ રીતે રહે છે ?

(૭) ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણે કાળને કઈ રીતે સમજવા ? ૧૨.

(૮) બ્રહ્માંડની આવરદા કેટલી છે ? તેનું જેવું માપ હોય તે મને કહો.

(૯) ઝીણી અને મોટી જે કાળની પ્રવૃત્તિ તે કઈ રીતે થઈ ? ૧૩.

(૧૦) સુખદાતા હે મુનિવર ! કર્મની ગતિ કેટલી છે ? તે કહો.

(૧૧) અને તે જેવી હોય તેવી કહો. ૧૪.

(૧૨) સત્ત્વાદિક ત્રણ ગુણોના પરિણામરૂપ જે દેવાદિક છે તેની ઉત્પત્તિ કયા ગુણના પરિણામે છે ? અને એમાંથી જીવ કોને ચાહે છે ? તે વાત મને સ્પષ્ટ કહો. ૧૫. કેવા ગુણના પરિણામે કેવો કર્મનો સમુદાય થાય છે અને તે કર્મ સમુદાયને ભોગવવા કેવા કેવા દેહને ગ્રહણ કરે છે ? તે વાત કહો.

(૧૩-૨૦) પૃથ્વી, પાતાળ, આકાશ, દિશાઓ, ગ્રહો, નક્ષત્રો, પર્વત, નદીઓ, તેની ઉત્પત્તિ કેમ થાય છે ? તે સર્વે વાત અલગ અલગ કહો.

(૨૧-૨૩) સમુદ્રની ઉત્પત્તિ, દ્વીપોની ઉત્પત્તિ અને તેમાં ઉત્પન્ન થતાં પ્રાણીઓની ઉત્પત્તિની વાત પરમ ઉત્સાહથી આપ કહો. હે મુનિ ! આપ બધું જાણો છો. ૧૬-૧૮.

(૨૪) બ્રહ્માંડની અંદરનું અને બહારનું જે માપ હોય તે કહો અને

(૨૫) મહાપુરુષનાં પુનિત ચરિત્રો પણ પૃથક્ પૃથક્ કહો. ૧૯.

(૨૬) હે કૃપાળુ મુનિવર ! વર્ણાશ્રમ ધર્મના નિશ્ચિત ધર્મ કહો,

(૨૭) ભગવાનના અવતારોનાં ચરિત્રો કહો અને

(૨૮-૨૯) દરેક યુગ અને તેનું માપ કહો. ૨૦.

(૩૦) યુગયુગમાં જે ધર્મો હોય તે કહો અને

(૩૧) મનુષ્યના સામાન્ય ધર્મો હોય તે કહો. ૨૧.

(૩૨) હે મુનિવર ! વેપારીના જે ધર્મ હોય તે કહો,

(૩૩) રાજર્ષિઓના જે યથાર્થ ધર્મ હોય તે પણ કહો. આ મારા મનના સંશયોને આપ છેદો. ૨૨.

(૩૪) દુઃખમય સ્થિતિ આવે એવા આપત્કાળના મનુષ્યના ધર્મ હોય તે કહો.

(૩૫-૩૭) તત્ત્વોની સંખ્યા, તેનું સ્વરૂપ અને તેમનાં લક્ષણોને પણ સારી રીતે કહો. ૨૩.

(૩૮) પુરુષની આરાધનાનો યથાવત્ વિધિ બતાવો.

(૩૯) વળી, હે શુકમુનિ ! યોગનો જે વિધિ હોય તે પણ યથાર્થ રીતે કહો. ૨૪

(૪૦) અધ્યાત્મ યોગનો જે વિધિ હોય તે કહો અને

(૪૧) યોગેશ્વરનાં ઐશ્વર્યોની જે ગતિ હોય તે પણ કહો. ૨૫.

(૪૨) યોગીઓના વાસનામય કારણ શરીરનો ભંગ કેમ થાય છે ? તેનો ઉત્તર સારી રીતે આપો.

(૪૩-૪૪) વેદ અને ઉપવેદના આધારે જેવી રીતે વિધિ-વિધાન કહ્યાં હોય તે કહો. ૨૬.

(૪૫-૪૭) ધર્મશાસ્ત્ર, ઇતિહાસ અને પુરાણોમાં જે ભિન્ન ભિન્ન પ્રકારના વિધિ કહ્યા છે, તે તમે જેવી રીતે જાણતા હો તે રીતે મને કહો. ૨૭.

(૪૮-૫૦) ભૂતપ્રાણીમાત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને, જે રીતે સંદેહ ન રહે તે રીતે કહો. ૨૮.

(૫૧-૫૩) ઇષ્ટકર્મનો વિધિ, કામ્યકર્મનો વિધિ અને ત્રિવર્ગનો વિધિ જે હોય તે સ્પષ્ટ રીતે કહો; જેથી કરીને સિદ્ધિ થાય. ૨૯.

(૫૪) અનુશાયિ (પાપી) જીવનો સર્ગ(ઉત્પત્તિ) જેમ હોય તેમ કહો. આપ અનાદિસિદ્ધ છો, એટલે તેનું જ્ઞાન આપને હોય જ છે. ૩૦.

(૫૫-૫૮) પાખંડની ઉત્પત્તિ અને જીવના બંધ અને મોક્ષનું સ્વરૂપ તથા તેની વ્યવસ્થા કહો. તમે તેનાથી અજાણ્યા નથી. ૩૧.

(૫૯) ભગવાન સ્વતંત્ર છે. તે જેમ સ્વતંત્ર રહેતા થકા, પોતાની માયાએ કરીને રમીને પાછો એ માયાનો ત્યાગ કરીને, ૩૨.

પ્રલય સમયને વિશે અત્યંત પવિત્ર અને પરમાનંદ સ્વરૂપ એવા ભગવાન સહુના સાક્ષી કેવી રીતે રહે છે ? તે કહો. આ તમામ પ્રશ્નનો ઉત્તર હવે શુકદેવજી કહે છે. ૩૩. પરમેશ્વરની ઇચ્છાથી જેમાં ગુણોનો ક્ષોભ થાય છે તેને અવ્યાકૃત કહેવાય છે. તેમાંથી મહત્તત્ત્વ, અહંકાર, પંચતન્માત્રા, પંચભૂત, અને ઇન્દ્રિયોનો જે જન્મ, તેને સર્ગ કહેવાય છે. ૩૪.

અને પુરુષ જે સ્થાવર-જંગમની ઉત્પત્તિ કરે છે, તેને વિસર્ગ કહેવાય છે. તેમાં જે સૂર્ય-ચંદ્રાદિક બધા ભગવાનની આજ્ઞાને પાળતા થકા રહે છે,

તેને સ્થાન કહેવાય છે. એ જે પુરુષ છે તે બ્રહ્માંડની શક્તિએ સહિત જે શયન કરે છે, તેને નિરોધ કહે છે. અન્યથારૂપ જે પ્રત્યેક બ્રહ્માંડ અને બ્રહ્માંડની શક્તિઓ, ૩૫-૩૭. તે પોતાની શક્તિઓને છોડીને સ્વસ્વરૂપે રહેવું તે બ્રહ્મસ્વરૂપ કહેવાય છે અને તેને મુનિઓ મુક્તિ કહે છે. તેના ઉપર એક શ્લોક છે. ૩૮.

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ।।

(भागवत : २/१०/१)

(**૧.સર્ગઃ** - મહત્તત્ત્વથી લઈને વૈરાજપુરુષ સુધીની સૃષ્ટિ. **વિસર્ગઃ** - બ્રહ્માએ કરેલી સૃષ્ટિ. **સ્થાનમ્** - ભગવાનની શત્રુવિજયાદિરૂપ સ્થિતિ. **પોષણમ્** - ભગવાનનો જગતના રક્ષણરૂપ અનુગ્રહ. **ઊતયઃ** - કર્મવાસના. **મન્વંતરકથા** - ભગવાને અનુગ્રહ કરેલા મન્વંતરાધિપોનો ધર્મ. **ઈશાનુકથા** - ભગવાનનાં અવતારચરિત્રોની કથા તથા એકાંતિક ભક્તોનાં આખ્યાનોવાળી સત્કથા. **નિરોધઃ** - જીવસમુદાયનું પોતપોતાની કર્મશક્તિઓની સાથે પ્રકૃતિમાં લીન રહેવું તે. **मुक्तिक्तः** - મુક્ત સ્વરૂપથી રહેવું તે)

શ્રીહરિ ઘણી અગાધ અગાધ બાબતોના ઘણા પત્ર લખાવતા હતા. જન્માષ્ટમીના ઉપર **વડતાલમાં** આવીને રહ્યા. ૩૯. સંતો અને હરિભક્તોને પત્ર લખીને જે બોલાવ્યા હતા, તેમાં સર્વે સંતો પહેલા આવ્યા અને તેઓ શ્રીહરિને પગે લાગ્યા. ૪૦. **શ્રીહરિનાં દર્શન કરતા સંતોને તૃપ્તિ થતી ન હતી. સંતોને શ્રીહરિના ઉપર અત્યંત હેત હતું. શ્રીહરિનું મુખારવિંદ પૂર્ણચંદ્રના જેવું હતું અને સંતો ચકોરની જેમ શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૪૧. શ્રીહરિ દર્શન આપતા અને જાતજાતના પ્રશ્નો કરતા હતા. પોતાના સંતોને સનાથ કરવા માટે અદ્‌ભુત વાતો કરતા હતા. ૪૨.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ભાગવતના વિવિધ પ્રશ્નો અને તેના ઉત્તર પત્રમાં કહ્યા' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર સોળમું, તરંગ - ૧૧

બંગાળના કાયસ્થ લાલાબાબુને સુખાનંદસ્વામી વૃંદાવનમાં મળ્યા

તે સમયે અવિનાશી શ્રીહરિ સભા કરીને ઊંચા આસને બેઠા. સર્વે સંતો પણ સભા કરીને શ્રીહરિ પાસે બેઠા. અને મનમાં પરમ આનંદ છાઈ રહ્યો. ૧. તે વખતે સંતો શ્રીહરિની પૂજા કરવા આવ્યા અને અલબેલા શ્રીહરિનાં અંગ ચરચવા માટે અત્તરની શીશી લાવ્યા. ૨. પછી સર્વ જગતના નાથ શ્રીહરિ મરક મરક હસતા થકા હાથમાં અત્તરની શીશી લઈને સંતો પાસે આવ્યા અને સંતોના નાક ઉપર અત્તર ચરચ્યું. ૩. ત્યારે સવારનો સમય હતો. જોબનપગીના ભવનના ચોક વચ્ચે સભા કરી હતી અને પ્રભુ શ્રીહરિએ કમર ઉપર કંદોરો પહેર્યો હતો. ૪. બીજા હરિભક્તો કરતાં સુરતના જે હરિભક્તો પહેલા આવ્યા હતા, તેમણે ત્યારે સુંદર શ્વેત રંગનો સુરવાળ શ્રીહરિને પહેરાવ્યો. ૫.

ચરણમાં ઝાંઝર અને તોડા ધરાવ્યાં. કમર ઉપર કંદોરો બંધાવ્યો. વિચિત્ર પ્રકારનું શ્વેત અંગરખું પહેરાવ્યું, તેની અતિશય શોભા થઈ હતી. ૬. મસ્તક ઉપર કસુંબલ રેટો બંધાવ્યો. બીજો રેટો ખભે રાખ્યો. ફૂલના તોરા મસ્તક ઉપર ધરાવ્યા અને બે ગુચ્છ બંને કાન ઉપર ધરાવ્યા. ૭. મોગરાના ફૂલના હાર છાતી ઉપર પહેરાવ્યા. તે સમયે જેટલા સંતો સભામાં હતા તે સહુને પણ એક એક મોગરાનો હાર શ્રીહરિએ આપ્યો. તેથી મોગરાના પુષ્પનો સુગંધ ચારે બાજુ છવાઈ ગયો હતો. ૮. સંવત્ ૧૮૬૯ માં મોટા સુખાનંદસ્વામી જેતલપુરથી એકલા નીકળીને ગ્વાલિયર પ્રદેશમાં ગયા હતા. ૯. તે પ્રદેશ સ્વામીની જન્મભૂમિ હતી. ત્યાં પોતાની જ્ઞાતિના જે લોકો હતા, તેમની આગળ સત્સંગની વાતો કરી અને હજારો લોકો હરિભક્ત થયા. ૧૦.

બંગાળ પ્રદેશમાં એક કાયસ્થ લાલાબાબુ કરોડપતિ રહેતા હતા. તેઓ ગોકુળ-વૃંદાવનમાં આવ્યા. અને ત્યાં આરસનું એક સારું શિખરબંધ મંદિર કરાવ્યું. તેમાં રાધાકૃષ્ણની સુંદર મૂર્તિ પધરાવી અને સુંદર સુવર્ણ કળશ ચઢાવ્યો તથા ઘણા પ્રકારના વિપ્રોને જમાડ્યા. ૧૧-૧૨.

(લાલાબાબુ કોણ હતા ને કેવી રીતે વૃંદાવનમાં આવ્યા ? જ્યારે શ્રીહરિ વર્ણિવેશે વનવિચરણ કરતા હતા ત્યારે કલકત્તામાં ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સના દીવાન ગંગાગોવિંદસિંહજી હતા. તેમણે ગર્વનર વતી કલકત્તામાં અદ્‌ભુત કોઠી સ્થાપી હતી. વળી, પ્રેમથી તીર્થવાસીઓને સદાવ્રત આપતા. તેમનો પોતાનો ત્યાં એક સુંદર બગીચો હતો. તેમાં ઘણી એકાંત જગ્યા હતી. વનવિચરણ કરતા નીલકંઠવર્ણી ગંગાગોવિંદસિંહજીનું શ્રેય કરવા ધારીને તે બગીચામાં આવીને બેઠા હતા. એવા સમયે ગંગાગોવિંદસિંહજી નિજબાગમાં ફરવા ગયા. ત્યારે તેમને જેમના મુખમાંથી અલૌકિક તેજ નીકળતું હતું અને જેઓ ગુટકાનો પાઠ કરતા હતા એવા અદ્‌ભુત નીલકંઠવર્ણીને જોઈને આશ્ચર્ય પામ્યા. તે જોઈને દીવાન ગંગાગોવિંદસિંહજીએ વિચાર્યું કે, 'ઘણા સંન્યાસી, તપસ્વી, બ્રહ્મચારી, વૈરાગી અહીં સદાવ્રત લેવા આવે છે; પણ આજ આ વર્ણીને આંખે દેખીને મારું દિલ ખેંચાયું છે.'

પછી ગંગાગોવિંદસિંહને વિચાર આવ્યો કે, આ વર્ણિરાજને મારે જમાડવા છે અને તેમની પૂજા કરીને અલૌકિક લાભ લેવો છે. તે માટે તેમણે તેમના ગુણધામ પૌત્ર પંડિત કૃષ્ણચંદ્ર ઉર્ફે લાલાબાબુને વર્ણિરાજને બોલાવવા મોકલ્યા. લાલાબાબુએ વર્ણી પાસે જઈને પ્રણામ કર્યા. પોતાને ઘેર ભોજન કરવા પધારવા વિનંતી કરી. વર્ણી કહે, 'અમે વસ્તીમાં નહીં આવીએ, મારી પાસે વિષ્ણુ (શાલીગ્રામ) છે. માટે જે ફળ-ફૂલ હાજર હોય, તે લાવો.' વર્ણીરાજનાં વચન સુણી લાલાબાબુએ તાજાં ફળ લાવી શ્રીહરિને આપ્યાં. હાથ જોડી શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. વિષ્ણુને નૈવેધ ધરી શ્રીહરિ જમીને રાજી કર્યા. ત્યાંથી શ્રીહરિ જગન્નાથપુરી ગયા.

ગંગાગોવિંદસિંહના પૌત્ર કૃષ્ણચંદ્ર (લાલાબાબુ) વસૂલાતના કામમાં પૂરા લાયક થયા. ઈ.સ.૧૮૦૩ (સં.૧૮૬૦) ના વર્ષે ગવર્નર જનરલે વસૂલાતના કામ માટે પસંદ કર્યા. જ્યારે ગવર્નરે ઊડીસા પ્રાંત સ્થાપ્યો, ત્યારે (ખંડણી) વસુલ કરવા દીવાનનો ચાંદ રાજા કૃષ્ણચંદ્રને આપ્યો. આ લાલાબાબુ એ જ રાજા કૃષ્ણચંદ્ર હતા. દીવાનપદની નોકરીમાં તેમને રુચિ ન હતી તેથી રાજીનામું આપી નોકરીનો ત્યાગ કર્યો હતો સ્વતંત્ર જીવન ગાળવા હૈયે

હિંમત કરી. પોતાની જમીનદારીનો વહીવટ કરવા જતાં એકવાર બીજા ગામથી સંધ્યા સમે પાછા પોતાના ગામમાં આવતા હતા. તે સમયે હોડીવાળાએ કહ્યું, ‘વેલા હો ગઈ હૈ, દીપક પ્રગટે હૈ !, હૈ કોઈ ભી આનેવાલા ? યહ મેરા છેલ્લા ફેરા હૈ.’

તે સાંભળી લાલાબાબુએ મનમાં વિચાર કર્યો. મારે પણ વેળા થઈ ગઈ, છતાં હજી તનમાં દીપક પ્રગટ્યો નથી. મેં આટલો સમય વ્યર્થ મોજ-શોખમાં વિતાવ્યો. આ વિચારે જ તેમના અંતરમાંથી જગત ખોટું થઈ ગયું. પછી તે પોતાનું સમૃદ્ધિમાન ઘર અને પદ-પ્રતિષ્ઠાનો ત્યાગ કરી વૃંદાવનમાં આવ્યા અને ત્યાં બાંકેબિહારીનું મંદિર બંધાવ્યું.)

બ્રાહ્મણોને વિવિધ પ્રકારનાં દાન આપતા. પછી તે કાયસ્થ લાલાબાબુ રોજ ગંગા(યમુના)સ્નાન કરવા માટે પોતે ત્યાં રહ્યા. તીર્થ કરવા માટે જેટલા યાત્રિકો આવે તેમને વિવિધ પ્રકારનાં પકવાન કરાવીને રોજ જમાડતા હતા, ૧૩-૧૪. અને પોતે તો લૂખું અનાજ ખાતા હતા. સુખાનંદસ્વામી તેમને મુમુક્ષુ જાણીને મળ્યા. એક માસ સુધી સુખાનંદસ્વામી તેમની પાસે રહ્યા અને સત્સંગની વાતો કરી, પણ તે સાધનના નિયમમાં બંધાયેલા હતા. ૧૫-૧૬.

તે કાયસ્થ લાલાબાબુ એક પહોર દિવસ ચઢે ત્યાં સુધી સ્નાન કરતા. પછી એક પહોર દિવસ ભગવાનની સેવા-પૂજા કરી તેમાં વિતાવતા હતા. ૧૭. અને એક પહોર દિવસ જમવામાં, સૂવામાં તથા જાગવામાં વિતાવતા. વળી, સાંજે ગંગા(યમુના)સ્નાન કરવામાં એક પહોર દિન જતો રહેતો. ૧૮. પછી સંધ્યા આરતી કરીને દોઢ પહોર રાત્રી જાય ત્યાં સુધી ભાગવતની કથા સાંભળતા હતા. ત્યાં સુધી કોઈ પણ બીજી વાત સાંભળતા નહીં. ૧૯. તે પછી ચાર ઘડી માળા ફેરવતા. એક પહોર પર્યંત સૂવામાં કાળ વિતાવતા હતા. એક પહોર સુધી શ્રીકૃષ્ણ ભગવાનનાં સુંદર પદોનું ગાન કરતા હતા. ઉપર કહેલ ભગવાનમય પ્રવૃત્તિમાં ચિત્તને પરોવી દીધું હતું. જે વ્યસનો અને ફેલ કહેવાય છે, તે બધાનો તેમણે ત્યાગ કરી દીધો હતો. ૨૦-૨૧.

તે લાલાબાબુએ હાંસી અને ઠઠ્ઠા-મશ્કરી વગેરે સર્વેનો ત્યાગ કરી દીધો હતો અને ભગવાનની વાતમાં જ અનુરાગ રાખતા. આપણા સત્સંગમાં

જેટલા નિયમો ધરાવે છે તે બધાને તેઓ સહેજે જ પાળતા હતા. ૨૨. બધી જ એકાદશીઓએ ફલાહાર સિવાય ઉપવાસ કરતા અને જે જે વ્રત કરે તેમાં પણ ફલાહાર કરતા નહીં. અર્થાત્ ઉપવાસને દિવસે કાંઈ જમતા નહીં. ૨૩. આખી રાત જાગરણ કરીને વ્રત-ઉત્સવને વિધિ પ્રમાણે કરતા હતા. તેમણે સુખાનંદસ્વામીના મુખથી સત્સંગની વાત સાંભળી, ત્યારે તેમને તે વાત હૃદયમાં ઘણી પ્રિય લાગી. ૨૪. સ્વામીએ ત્રણ મહિના સુધી રોકાઈ વાતો કરીને શેઠને મહારાજનો નિશ્ચય કરાવ્યો.

दोहा : भगवान के अवतार हि, जिहाँ हि होत हे जब;
अलोकिक कहे रीत तिहाँ, देखे में आवत तब...२५
संसारीक सुख हि जितनो, ब्रह्मांड के सुख जेहि;
देखत तामें दुःख जोउ, चमत्कार रहे तेहि...२६

જ્યારે જ્યાં ભગવાનના અવતારો થતા હોય છે, ત્યારે ત્યાં તેમની અલૌકિક રીત કહી હોય છે, તે સમજુને દેખવામાં આવે છે. ૨૫. સંસારનાં જેટલાં સુખો છે અને બ્રહ્માંડનાં જેટલાં સુખો છે તેમાં જે દુઃખને દેખતા રહે છે, તે ખરેખર ચમત્કાર છે. ૨૬.

सोरठा : संसारिक सुख तामें, ब्रह्मांड सुख में जोउ;
जिहाँ लग लुब्ध यामें, तिहाँ लग रहे जन्म तेहि...२७
भगवान मिलत जाहि, भगवान सम कोउ महीं;
रस नहीं रहत ताहि, भगवान में देखत रस एक...२८

સંસારનાં અને બ્રહ્માંડનાં સુખમાં મનુષ્યનું મન જ્યાં સુધી લોભાયેલું રહે છે ત્યાં સુધી તેને જન્મ-મરણ રહે છે. ૨૭. જેને ભગવાન મળે છે તેને ભગવાનના જેવો બીજા કોઈમાં રસ રહેતો નથી. એક ભગવાનમાં જ રસ દેખાય છે. ૨૮. આવા ભક્તની પાસે ભગવાન રહે છે. પ્રત્યક્ષ ભગવાન મળવા તે તો દુર્લભ છે. પ્રગટ ભગવાનની સાથે બેસવું, ઊઠવું અને પ્રગટનું સુખ લેવું, તેના સમાન બીજી કોઈ મહત્ત્વની વાત રહી નથી અને તેનું ભાગ્ય મુખથી કહી શકાતું નથી. સામાન્ય માણસને ભગવાન મળવા અને ભગવાનનાં દર્શન થવાં તે અત્યંત દુર્લભ છે. ૨૯-૩૦.

કાયસ્થ લાલાબાબુએ સુખાનંદસ્વામીને કહ્યું, તમે પ્રગટ ભગવાનને મળેલા મને મળ્યા છો. માટે હવે જ્યારે તમે તે ભગવાન શ્રીહરિની સમીપે જાઓ ત્યારે આટલી વિનંતી કરજો. ૩૧. આપ મુમુક્ષુઓને માટે ખજાના સમાન છો. આપને પ્રત્યક્ષ મળવું તે હવે મારે કઠિન છે. હવે આપ જ્યારે રાજી થાઓ ત્યારે મને પ્રત્યક્ષ દર્શન આપજો. ૩૨.

મને પ્રગટરૂપ આપના સંત મળ્યા છે ત્યારથી જ હું આપના શરણમાં આવ્યો છું. આપના પ્રગટપણાની બધી વાતો મેં સાંભળી છે, પણ મારે આપને પ્રત્યક્ષ મળવું દુર્લભ રહ્યું છે. ૩૩. હું શ્રીકૃષ્ણની મૂર્તિમાં આપને ધારું છું. આપ નિશ્ચિત શ્રીકૃષ્ણ જ પ્રગટ્યા છો. મને આપ જ્યારે બોલાવશો ત્યારે તત્કાળ આવીશ. હવે આપની ઢીલે ઢીલ રહી છે. ૩૪. મારે આપની પાસે આવવામાં લગારેય વિલંબ નથી. આપની આજ્ઞા સિવાય હું મનનું ધાર્યું કરીશ નહીં. **જેટલું મનનું ધાર્યું કરવામાં આવે છે તેટલું તેમાં દુઃખ રહ્યું છે.** ૩૫.

તે લાલાબાબુએ આટલી વાત કરી. સુખાનંદસ્વામીએ તે વાતને સત્ય માની. પછી લાલાબાબુએ એક પત્ર લખી આપ્યો તે સુખાનંદસ્વામીએ લીધો અને તરત ત્યાંથી ચાલવા તૈયાર થયા, ૩૬. ત્યારે પ્રવીણ શેઠે મથુરાના પેંડા લાવીને સ્વામીને આપ્યા અને કહ્યું, હે સંતો ! આ પેંડા તમે ભગવાનને હાથોહાથ આપજો. ૩૭. અને તેણે એક અત્તરની શીશી પણ આપી હતી. પછી સ્વામી ત્યાંથી ગ્વાલિયર પ્રદેશમાં આવ્યા. અને ત્યાં મોટા સુખાનંદસ્વામીએ તેમના મનમાં જે રીતે ઇચ્છા રહી હતી તે રીતે પોતાનો દેહ છોડી દીધો. ૩૮. સુખાનંદસ્વામીના બે ભાઈઓ હરિભક્ત થયા હતા. તેમણે તેમની સેવા કરી હતી. પછી તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાંથી ચાલ્યા. ૩૯. તેઓ વડતાલમાં આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. તે બંનેને શ્રીહરિએ પાસે બોલાવ્યા અને બધા સમાચાર પૂછ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'બંગાળના કાયસ્થને સુખાનંદસ્વામી વૃંદાવનમાં મળ્યા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર સોળમું, તરંગ - ૧૨

સંતોની નાસિકાએ અત્તર ચરચીને સંતોની લાજ વધારી

સુખાનંદસ્વામીના તે બે ભત્રીજાઓ પરમ નિપુણ શ્રીહરિને એકાંતમાં મળ્યા. અને કાયસ્થ શેઠ લાલાબાબુનો પત્ર આપ્યો. શ્રીહરિએ તે પત્ર ખોલીને પૂરો વાંચ્યો અને પછી બોલ્યા, ૧. કરોડોપતિ ધનાઢ્ય મનુષ્યથી અમે અતિશય દૂર રહીએ છીએ. કારણ કે તેમની મરજી પ્રમાણે અમારાથી ક્યારેય વર્તી શકાય નહીં. ૨. તેથી તેના હિત માટે પ્રતિમા ઠીક છે. મૂર્તિ તેની ઈચ્છા મૂજબ ક્યારેય ન રહે છતાં તેમાં કુહેત થાય નહીં. તેમને મૂર્તિમાં એકસરખો ભાવ રહે. ૩. ઘણા લોકો કોઈ લૌકિક પદાર્થને માટે મૂર્તિમાં ઘણો ભાવ કરે છે, પણ કદાચ તે પદાર્થ ન મળે તો પછી ભાવ જરાય રહેતો નથી. ૪. લાલજી(બાલમુકુંદ) એના જે ગોસ્વામી છે તેને તે લાલજીમાં ઘણો ભાવ રહેતો દેખાય છે. જેવો સમય આવે તે પ્રમાણે તે ઉત્સવ પણ કરે છે. ૫.

તે ગોસ્વામી પોતાના શિષ્યોને મૂર્તિમાં ઘણો ભાવ દેખાડતા રહે છે, પણ તેના હૃદયમાં કોઈ બીજી જ જાતનો ભાવ હોય છે, તેનો ભાવ તેના વર્તનમાં દેખાઈ આવે છે. ૬. પરસ્ત્રીને ભોગવવા માટે તે અનેક વાતોનો યોગ રચે છે અને તેના જે શિષ્યો હોય છે, તે બધા તેને લાલજી માનીને સેવે છે. ૭. અને એમ કહે છે કે, લાલજી જેમ ચાહે તેમ કરે તેમાં લાલજીનો રતીભાર પણ દોષ નથી. વૈષ્ણવો લાલજીને જેટલું ધન આપે છે તેટલો તેનો મોક્ષ થાય છે. ૮. જે ભક્ત સ્ત્રીઓ તેમની જેવી સેવા કરે છે, તેવો તેનો મોક્ષ થાય છે અને જે લાલજીનો દોષ લે છે તે જમપુરીમાં જાય છે એમ પણ કહે છે. ૯.

તે લોકો આવી આવી વાતો કરીને લોકોને ભરમાવે છે અને પોતે તેનાથી વિરક્ત હોય તેમ દેખાડે છે. સત્સંગના જેવી શુદ્ધ વાતો આજ બીજા કોઈ મતમાં રહી નથી. ૧૦. જેટલાં મોક્ષભાગી મનુષ્યો છે, તેટલાં સત્સંગ કરે છે. વડોદરા શહેરમાં એક ગોસ્વામી હતા. તેની સ્ત્રી જ્યારે મરી ગઈ ત્યારે પોતાના લાલજી(બાલમુકુંદ)ને ગાળો દેવા લાગ્યા અને તેને કૂવામાં ફેંકવા ચાલ્યા. બીજા વૈષ્ણવોએ ગોસ્વામીના હાથમાંથી લાલજીને લઈ લીધા. આમ તેની જેવી સેવા-ભક્તિ હતી તે જાહેર થઈ ગઈ. ૧૧-૧૨.

✵ ધનવાનોની લાક્ષણિકતા :

જેના હૃદયમાં જેવો ભક્તિભાવ હોય તે સમય આવે ત્યારે દેખાઈ આવે છે, પણ હરિભક્ત સિવાયના જે મનુષ્ય છે તેને દેખવામાં આવતું નથી. ૧૩. પોતાના મનમાં જે ધારી રાખી હોય તેટલી શિખામણ ગરીબોને અપાય છે, પણ જે કરોડપતિ ધનાઢ્ય છે તેને તેવી શિખામણ ક્યારેય આપી શકાતી નથી. ૧૪. કરોડપતિ તો આ લોકમાં વગર ઈશ્વરે ઈશ્વર કહેવાય છે અને તે મોટા રાજાને પણ સહજ રીતે પકડી રાખે છે. ૧૫. આવી બધી વાત સ્પષ્ટ છે, છતાં તેને કોઈ ક્યારેય સમજતા નથી અને કોઈને ક્યારેય કહી શકાતું પણ નથી. આવી જે ખામી છે તે કહ્યા સિવાય બ્રહ્મા સુધીનાને પણ દેખાતી નથી. ૧૬. જીવપ્રાણીમાત્ર પોતાની જેટલી ક્રિયા છે તે સર્વેને નિર્દોષ દેખાડે છે અને આવી જ મનુષ્યની રીત રહી છે. ૧૭. જીવની હિંસા કરવી તેના સમાન બીજું કોઈ પાપ દેખાતું નથી, પરંતુ જે અમલદાર-સત્તાધીશ બને છે તેને જીવહિંસામાં રતીભાર પણ દોષ દેખાતો નથી. ૧૮.

જ્યાં સુધી તેને હિંસામાં દોષ દેખાતો નથી ત્યાં સુધી મનમાં ચાહે તેમ તે તરત કરે છે. આ દુનિયામાં જે અમલદારો અને અપાર ધનાઢ્યો હોય છે તેના મુખમાંથી નીકળેલાં વચન છે તે વગર ન્યાયે ન્યાય ગણાય છે. અમલદારો અને ધનાઢ્યો કરોડો છે, પણ તેમાંથી એકેય સત્સંગ કરતા નથી. ૧૯-૨૦.

✵ કેવા ધનવાનને સત્સંગ થાય ? :

પ્રિયવ્રત, ધ્રુવ, પ્રહ્લાદ જેવા ભગવાનના ભક્ત અગાઉ થયા હતા. તે રીતના એક માણેકચંદ નામે ધનાઢ્ય વૈષ્ણવમાં સારા હરિભક્ત થયા હતા. મુમુક્ષુપણાની આ એક રીત છે કે ચાહે તેટલો ધનાઢ્ય હોય કે ચાહે તેટલો અમલદાર આ જગતમાં રહ્યો હોય,

પણ તે ધન અને અધિકારને જે બંધન જાણે છે તેને જ સત્સંગ થાય છે. સત્તામાં અને ધનમાં જે મોટાઈ માની રહ્યા છે, તેવાને સત્સંગ થતો નથી. કારણ કે તેઓ દેહાત્મબુદ્ધિવાળા હોય છે અને આ બ્રહ્માંડમાં જેટલી મોટપ દેખાય છે, તે બધી કાળના કોળિયા છે, એમ જે દેખે છે, ૨૧-૨૪.

※ ભાગ્યશાળીને ભક્તના ઘેર જન્મ આવે છે :

એવા અમલદાર અને એવા ધનાઢ્ય જે હોય તે ક્યારેક ચોક્કસ સત્સંગ કરે છે. ૨૫. પછી શ્રીહરિ કહે, જો સુખાનંદસ્વામી હોત તો આપણે કાયસ્થને બોલાવત. હવે આવી જ ભાવનાની સાથે દેહનો ત્યાગ કરશે તો તે બીજો જન્મ હરિભક્તને ઘેર લેશે.' ૨૬ હરિભક્તના ઘરમાં જન્મ ધારણ કરીને જો સત્સંગ કરે અને નિયમ પાળે તો તે દેવતાઓ કરતાં પણ ઘણી અધિક વાત છે. ૨૭. હરિભક્તને ઘેર જન્મ લીધા પછી પણ જે સત્સંગ ન કરે, નિયમ-ધર્મ ન પાળે તો તે ચંદનના વનમાં બાવળિયા જેવો અતિ અભાગિયો છે. ૨૮. ભગવાનથી વિમુખના ઘેર દેહ ધારણ કર્યા પછી જે મનુષ્ય હરિભક્ત થાય છે તે તો બાવળના જંગલમાં ચંદનનાં વૃક્ષ જેવો ઉત્તમ ગણાય છે. ૨૯.

ભગવાનના ભક્ત સિવાયના જે લોકો છે તે તો બાવળના જંગલ જેવા છે. જેની આવી સાચી સમજણ હોય તે જ મનુષ્યની જાતિમાં રહ્યા છે. ૩૦. શ્રીહરિએ આ રીતની વાતો કરી. પછી સભામાં ગ્વાલિયર દેશમાંથી જે બે હરિભક્ત આવીને બેઠા હતા. તેમને શ્રીહરિએ તરત જ પરમહંસની દીક્ષા આપી અને બંનેના (રામાનુજાનંદસ્વામી અને બાલમુકુંદાનંદસ્વામી) નામ પાડી દીધાં. તે બંને જે અત્તરની શીશી લાવ્યા હતા, તેના ઉપર આટલી વાત કરી. ૩૧-૩૨. તે અત્તર બધા સંતોની નાસિકા ઉપર ઘણા પ્રેમથી જ્યારે ચરચી રહ્યા ત્યારે સંતોની સભા પ્રત્યે શ્રીહરિ એમ બોલ્યા કે, ૩૩.

※ નિયમ-ધર્મ તો ઘરેણાં તુલ્ય છે :

તમારા સિવાયના જેટલા ભેખધારીઓ છે તેઓ ધર્મ-નિયમને રાખતા નથી અને નિયમ નહિ પાળવાથી તેઓ ધૂળધાણી થઈ ગયા છે. કેમ જે, તેમનું નિષ્કામીપણારૂપ નાક રહ્યું નથી. ૩૪. નિયમ-ધર્મોને પાળવાને લીધે એક તમારા સહુ સંતોનું નાક રહ્યું છે. અમૂલ્ય નિયમ-ધર્મ તમારા સહુનું ઘરેણું છે. ૩૫.

सोरठा : अन विश्वास रहेउ, कहे ईतनी वस्तु महिं;
त्याग जो तुम हि तेउ, कराये दोष विचार कर...३७

बंधन डर हि जेतो, इतने में रहेउ अधिक;
त्याग कराये तेतो, निरभे करे अपार कर...३८

સોનું, ચાંદી, સ્ત્રી અને સ્વાદુ ભોજન, તેમાં જેટલાં લાંછન કહેવાય છે, તે બધાં સહેજે જ રહ્યાં છે. ઉપર જે વસ્તુ કહી તેમાં સહેજે અવિશ્વાસ રહ્યો છે, એટલે તેના દોષોનો વિચાર કરીને તમને તે બધી વસ્તુનો ત્યાગ કરાવ્યો છે. ૩૬-૩૭. તે ચારે વસ્તુમાં સૌથી અધિક બંધન અને ભય રહ્યો છે. અને એટલા માટે જ તે વસ્તુઓનો ત્યાગ કરાવીને તમને અપાર નિર્ભય કર્યા છે. ૩૮.

પછી સંતો સરોદ, દોકડ, સિતાર ઇત્યાદિ વાજિંત્રો વગાડીને કીર્તનગાન કરવા લાગ્યા. તે કીર્તનગાન સાંભળીને ભગવાન શ્રીહરિ ઘણા રાજી થયા અને માથા ઉપરથી પાઘ ઉતારીને આપી દીધી. ૩૯. તે સોનેરી કસુંબી પાઘ મુક્તાનંદસ્વામીને ઓઢાડી દીધી. પછી કોઈ હરિભક્ત કેવડાની ટોપી બનાવીને લાવ્યા હતા, તે શ્રીહરિના મસ્તક ઉપર પહેરાવી. ૪૦. અને કેસરયુક્ત ચંદન શ્રીહરિના લલાટમાં ચરચ્યું અને ફૂલના મોટા હાર પહેરાવ્યા તથા ફૂલનાં બાજુબંધ અને પહોંચી બંને હાથે બાંધ્યાં. ૪૧. મુક્તાનંદસ્વામી ઉપર શ્રીહરિએ રાજી થઈને તેમના મસ્તક ઉપર કેવડાની ટોપી પહેરાવી દીધી. કારણ કે સ્વામી ઉપર શ્રીહરિને ઘણો સ્નેહ હતો. ૪૨. બીજા સંતોમાં જેઓ કીર્તનગાન કરતા હતા, તે બધાને સર્વજ્ઞ એવા ભગવાન શ્રીહરિએ ફૂલના હાર આપ્યા.

તે પછી સુરત બંદરના જે હરિભક્તો બધા આવ્યા હતા, ૪૩. તેઓ બધા શ્રીહરિને પગે લાગ્યા. સહુના હૃદયમાં ઘણો જ પ્રેમ છવાયેલો હતો. તેઓ સોનાનાં હાર, કડાં, બાજુબંધ, વેઢ અને કુંડળ વગેરે ઘરેણાં લાવ્યા હતા. ૪૪. તેમણે શ્રીહરિની સન્મુખ આવીને સુરવાળ, જરિયાની જામો અને શાલ શ્રીહરિને ઓઢાડી. અગરબત્તીનો ધૂપ કર્યો, દીવો પ્રગટાવ્યો અને કપૂરની આરતી કરી. ૪૫. પૂજાના જેટલા ઉપચારો હતા તે લઈને ભક્તોએ પ્રાણઆધાર શ્રીહરિની પૂજા કરી અને તે પછી બંને હાથ જોડી, શ્રીહરિના ચરણકમળમાં મસ્તક નમાવ્યું. ૪૬. સંતોએ વડતાલમાં તળાવના પૂર્વ કિનારે જે આંબાનું વૃક્ષ હતું, તેની ડાળે અદ્‌ભુત હિંડોળો બાંધ્યો. ૪૭. છેલછબિલા

શ્રીહરિ આવીને તે હિંડોળા ઉપર બેઠા. અત્યંત પ્રેમભાવથી તેમાં ઝૂલવા લાગ્યા અને તે વખતે શ્રીહરિએ પાઘ ઉપર છોગાં મેલ્યાં હતાં. ૪૮. તે વખતે બધા સંતો અને હરિભક્તો તથા સંન્યાસીઓ આવ્યા. તેમની ત્યાં અદ્‌ભુત સભા થઈ. તે ઘણી શોભી રહી હતી. જે જે ધામમાં સંતો અને હરિભક્તોની જે સભા થાતી હતી તેના કરતાં આ સભા ઘણી વધારે શોભતી હતી. ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'સંતોની નાસિકાએ અત્તર ચરચીને સંતોની લાજ વધારી' એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર સોળમું, તરંગ - ૧૩

શ્રીહરિએ સંતોને જમાડ્યા પછી વિવિધ પ્રકારે સંતોને સુખ આપ્યું

વડતાલમાં છેલછબીલા શ્રીહરિ ભીનેવાને હિંડોળામાં શોભતા હતા. પછી જ્યારે સંતો ગરબી ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ તેમની સાથે તાન તોડતા હતા. ૧. હાથથી તાળી પાડીને સુંદર રીતે લટકાં કરતા હતા. કોઈ દી ન દેખ્યા હોય તેવાં લટકાં જોઈને દર્શન કરનારની છાતી ઠરતી હતી. ૨. જ્યારે ગરબી બોલાતી હતી ત્યારે શ્રીહરિ હિંડોળાની બંને થાંભલી પકડી ઊભા હતા અને બંને પગે કરીને હિંડોળાને ઠેલ દીધો એટલે હિંડોળો ચાલવા લાગ્યો. ૩. ધર્મના લાલ આ રીતે જ્યારે હિંડોળામાં ઝૂલતા હતા ત્યારે ભક્તજનો 'જય જય' 'જય જય' એવું બોલતા હતા. આ રીતે ભક્તવત્સલ ભક્તપ્રતિપાલક શ્રીહરિ ભક્તોને નિત્ય નવાં નવાં સુખ આપતા હતા. ૪.

શ્રીહરિ આવી અપાર લીલાઓ કરતા હતા અને તે વખતે વિવિધ પ્રકારનાં અપાર વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજનો શ્રીહરિનાં વારંવાર દર્શન કરતા હતા. દર્શન કરતા સહુને ઘણો જ આનંદ વધતો હતો. ૫. શ્રીહરિને રાજી કરવાને માટે સંતોએ સરોદ અને દોકડ વગેરે વાજિંત્ર લીધાં. અને કોઈ ભાતનાં કીર્તનગાન કરવા લાગ્યા. ત્યારે તે સંતોને શરીરની પણ કાંઈ સૂધબૂધ રહી ન હતી. ૬. સંતો તે વખતે તાલની સાથે નાચવા લાગ્યા. ત્યારે ધર્મકુમાર

શ્રીહરિ પ્રસન્ન થયા. પછી શ્રીહરિ પ્રત્યેક સંતને બાથમાં લઈને ભેટ્યા. આવું સુખ કદાચ ક્યારેય નહિ આપ્યું હોય. ૭. તે સમયે સંતો ચંદન ઘસીને લઈ આવ્યા. મહાપ્રભુને તે ચંદન ચરચ્યું. ચંદન ચરચ્યા પછી ઘણા પ્રેમથી સહુએ એક એક ફૂલનો હાર પહેરાવ્યો. ૮. ચરણો ઉપર ચંદન ચરચ્યું. પછી એક એક સંત આવીને તે ચરણોને છાતીમાં ચાંપતા હતા. કેટલાક સંતો તો છાતી અને મસ્તક ઉપર ધારણ કરતા હતા અને કોઈ તો છાતી, મુખ અને શિર પર ચરણને ધારતા હતા. ૯.

કેટલાક સંતો તો શ્રીહરિનાં ચરણોને બે વાર, ત્રણ વાર કે ચાર વાર છાતીમાં લેવા લાગ્યા. અવસર જોઈને સંતો ચરણને લેતા હતા. યોગ્ય સમય વિના તો તે ચરણ અત્યંત દુર્લભ રહેતાં. ૧૦. શ્રીહરિની મરજી વિના વારંવાર આવાં ચરણ મળતાં નથી અને મરજી હોય ત્યારે તો શ્રીહરિ સામેથી બોલાવીને ચરણ આપતા હતા. આવી તો કેટલીએ રમૂજ કરતા. તેનો કહ્યે પાર આવે તેમ નથી. ૧૧. વિવિધ પ્રકારની રમૂજમાં દિવસ પસાર થઈ જતો હતો. તેમાં શોકને તો ક્યારેય માગ જ મળતો નહીં. શ્રીહરિને પોતાના ભક્તોને આજ્ઞામાં વર્તાવતા જેવું આવડતું તેવું તો બીજા કોઈ શીખે તોપણ આવડે નહીં. ૧૨.

✵ મૂર્તિ અલૌકિક સુખનું મૂળ છે :

दोहा : अलोकिक आनंद सुख हि, रस गंध उत्तम जोउ;
शब्द स्परश रूप तिनकी, मूर्ति बने यह सोउ...१३
मूर्ति बिन जितने सुख जो, मूर्ति बिन हि आनंद;
शब्द स्परश रूप रस ही, मूर्ति बिन जितने गंद...१४

सोरठा : जीय बिन जेसे तन, मूर्ति के सबंध बिन सब;
आवत हे देखन, मूर्ति के सबंध भये तेहि...१५
मूर्ति एसी कहाय, मूर्ति में जो जो सार सब;
आवत सहज रहाय, मूर्ति रहेउ इस विध ही...१६

શ્રીહરિની મૂર્તિ અલૌકિક આનંદ અને સુખરૂપ હતી. માનો તે ઉત્તમ રસ, ઉત્તમ ગંધ, ઉત્તમ શબ્દ, ઉત્તમ સ્પર્શ અને ઉત્તમ રૂપનું સાક્ષાત્ સ્વરૂપ બનેલું હોય તેવી આ મૂર્તિ હતી. ૧૩. ભગવાનની મૂર્તિ વિનાનાં જેટલાં સુખ,

જેટલો આનંદ તથા મૂર્તિના સંબંધ સિવાયનાં જે જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે, તે બધાં જીવ વિનાના દેહ જેવાં છે. જેને ભગવાનની મૂર્તિનો સંબંધ થયો હોય તેને તે દેખાય છે. ૧૪-૧૫. ભગવાનની મૂર્તિ જ એવી છે કે અનંત બ્રહ્માંડમાં જે જે સાર કહેવાય છે તે મૂર્તિમાં સહેજે આવીને રહે છે. આવી જ શ્રીહરિની મૂર્તિ છે. ૧૬. ઉપર કહ્યા પ્રમાણે સંતો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. પછી શ્રીહરિ પહેલા થાળ જમ્યા અને તે પછી સંતોની પંગત કરાવી. ૧૭. માનો માનસરોવરમાંથી હંસો આવ્યા હોય તેવી સંતોની પંગત સોહામણી લાગતી હતી. સંતો એક એકથી અધિક શોભતા હતા અને મુખથી 'નારાયણ' આવું નામ ઉચ્ચારતા હતા. ૧૮.

પછી મહારાજાધિરાજ શ્રીહરિ હાથમાં લાડુ લઈને પંગતમાં પીરસવા આવ્યા. જ્યારે એકવાર પીરસી રહ્યા ત્યારે સંતોને જમવા માટેની આજ્ઞા કરી. ૧૯. સંતો જ્યારે જમવા લાગ્યા ત્યારે શ્રીહરિ ફરીને પીરસવા માટે પંગતમાં ફરવા લાગ્યા. ઘણી જાતનાં ભોજન કરાવ્યાં હતાં, તે સંતોને જમાડીને શ્રીહરિ રાજી થયા. ૨૦. શ્રીહરિની સાથે જે પાર્ષદો અને કાઠી હરિભક્તો હતા, તે બધાને પણ જમાડ્યા. આ રીતે શ્રીહરિ પોતાના આશ્રિતોને અપાર સુખ આપતા હતા. તેનો કહેતા પાર આવતો નથી. ૨૧.

હરિભક્તો પોતાના તરફથી જે થાળ કરાવતા હતા, તેને પરમ દયાળુ શ્રીહરિ જમતા હતા અને પછી સંતોને પણ જમાડતા હતા. આ રીતે પોતે અલૌકિક લીલા કરતા હતા. ૨૨. સંતો જ્યારે જમીને બેઠા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ત્યાં સંતોની સભા કરી. પછી સભા વચ્ચે શ્રીહરિ આવીને બેઠા. ૨૩. **સંતોમાં કેટલાક તો ઘણા શૂરવીર હતા. શ્રીહરિએ કહ્યું, આત્માનંદસ્વામીની જેમ કઠિન વ્રતમાનમાં જે પૂરા રહેતા હોય તે બોલો. ૨૪.**

※ ભગવત્ કૃપાની મહત્તા :

ત્યારે બધા સંતો બે હાથ જોડીને ઊભા થયા અને મસ્તક નમાવીને બોલ્યા, હે સ્વામી ! હે નાથ ! આપ જેમ કહેશો તેમ અમે કરશું. ૨૫. આપે અમને ઘણા શરીર આપ્યાં હતાં, પણ તેમાંથી કોઈ આપની સેવામાં

ઉપયોગી ન થયાં. હવે તો અમે આ શરીર આપને અર્પણ કરી દીધું છે. માટે આ શરીરમાં અમે કોઈ જાતની લાલચ રાખતા નથી. ૨૬.

આપે અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે, જેનો કહેતા પાર આવે તેમ નથી. હવે અમે દ્ઢ નિર્ધાર કર્યો છે કે, જેમ આપ કહો તેમ અમારે કરવું છે. ૨૭. આપ જે રીતે અમારા ઉપર રાજી રહો તે રીતે અમારે દ્ઢપણે કરવું છે. કેમ જે, આપને અમારું સર્વે પ્રકારે હિત કરવાનું જ તાન રહે છે. ૨૮.

चोपाई :

तुमारो तान हे हम पर जितना, प्रसन्नता हम मानत तितना;
तुम वरतावो वरतना तेसे, कोईकु जोग न मिलत एसे...२९
तुमारी अति क्रपा होवे जबही, एसे जोग हि मिले तबही;
जिस रीत मन कहत रहाये, अनंत जुग से तिस रीत कराये...३०

આપનું અમારા ઉપર જે હિત કરવાનું તાન છે, તેને અમે આપની પ્રસન્નતા માનીએ છીએ. આપ જેમ વર્તાવો તેમ અમારે વર્તવું છે. બીજા કોઈને આવો યોગ મળ્યો નથી ! ૨૯. જ્યારે તમારી અતિ કૃપા થાય છે ત્યારે જ તેને આવો યોગ મળે છે. જે રીતે મન કહે તે રીતે તો અમે અનેક યુગ સુધી કરતા રહ્યા છીએ. ૩૦. મનનું ધાર્યું કરવાનું ફળ જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીમાં ફરવાનું મળ્યું છે. જો અત્યારે પણ તમે મળ્યા ન હોત તો ઉપર કહ્યું એવું ને એવું ફળ જ ફરી મળવાનું હતું. ૩૧. આપે જ કૃપા કરીને અમારા જન્મ-મરણ આદિકનો નાશ કરી દીધો છે. માટે હવે આપ જેમ કહેશો તે પ્રમાણે અમે ઉત્સાહથી કરશું. હે બહુનામી સ્વામી ! આપ અમારું હિત જ કરો છો, એમ અમે સમજીએ છીએ. ૩૨.

❋ શ્રીહરિએ સંતોને ચૈતન્યરૂપ માનવાની વાત :

જ્યારે સંતો એમ બોલ્યા ત્યારે શ્રીહરિ ઘણા રાજી થયા. શ્રીહરિએ કહ્યું, જેટલા શૂરવીર સંતો છે તે અમને અત્યારે ઓળખાયા. તમે બધા સંતો સાચું જ બોલ્યા છો. તેથી તે અત્યારે સ્પષ્ટપણે દેખાય છે. તમે સહુ એક એકથી અધિક છો, તેમ અમે સમજીએ છીએ. ૩૩-૩૪. અમે તમને સહુને

એક વાત કહીએ છીએ કે તમે દેહ નથી, તમે તો આત્મા છો. તમે પોતાના આત્માને ચૈતન્યરૂપ જાણો. દેહ તો દુઃખનો કૂવો છે. ૩૫. ચૈતન્યને હિસાબે જડ ચેતન દેખાય છે. જ્યારે ચેતન આત્મા નીકળી જાય છે ત્યારે જડ શરીર જડ જ રહે છે. જ્યારે તેમાંથી ચેતન આત્મા નીકળી જાય છે ત્યારે પડ્યા રહેલા જડ શરીરમાં કોઈને મોહ થતો નથી. ૩૬.

શ્રીહરિ કહે, કોઈ વ્યક્તિમાં ચાહે તેવું રૂપ હોય, કોઈ ગમે તેવો ધનવાન હોય, ગમે તેવો સત્તાધીશ હોય, કોઈ ગમે તેવો બુદ્ધિમાન હોય કે, ગમે તેવો કલા-ઉદ્યોગમાં કુશળ હોય, જે કાંઈ ગુણ છે તે આત્મા ભેગા જ રહ્યા છે. જડ શરીરમાં તો જડતા રહી છે, આવું પ્રસિદ્ધ દેખાય છે. ૩૭-૩૮. માટે હે સંતો ! તમે જડ દેહને જડરૂપ સમજો અને આત્માને અનુપમ ચેતનરૂપ સમજો. વર્ણાશ્રમની જેવી દૃઢતા છે તેવી આત્માને સમજવાની અર્થાત્ માનવાની દૃઢતા કરો. ૩૯. શ્રીહરિ આ રીતે રોજ વાતો કરતા હતા. તેવામાં જન્માષ્ટમીનો દિવસ આવી ગયો. તે વખતે દેશદેશના હરિભક્તો વડતાલ આવ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ સંતોને જમાડ્યા પછી વિવિધ પ્રકારે સંતોને સુખ આપ્યું' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર સોળમું, તરંગ - ૧૪

ઉદાસ થઈને જેતલપુર આવેલા શ્રીહરિની સુરબાઈએ ક્ષમા માગી

સં.૧૮૭૨ જન્માષ્ટમીને દિવસ સવારના પહોરમાં શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા. સુંદર સભા થઈ હતી. ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૧. સંતો ઝાંઝ, મૃદંગ લઈને ઉત્સવ કરવા લાગ્યા અને તેમાં શ્રીકૃષ્ણજન્મનાં પદ ગાતા હતા. ૨. શ્રીહરિ રોજ ધનાતલાવડીમાં જઈને સંતો અને હરિભક્તોની સાથે સ્નાન કરતા હતા અને તેને પરમ તીર્થરૂપ કરી હતી. ૩. શ્રીહરિ જ્યારે **વલાસણ** ગામથી આવ્યા ત્યારે સંતો અને હરિભક્તોએ

સહિત ટાડણ તળાવમાં નાહ્યા હતા. ૪. જન્માષ્ટમીને દિવસ જે જે હરિભક્તો આવતા હતા, તે બધા શ્રીહરિને માટે વસ્ત્ર અને આભૂષણ લાવતા રહેતા હતા. પછી તેમણે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. ૫.

અધરાત થઈ ત્યાં સુધી ભક્તો પૂજા કરતા રહ્યા હતા અને સંતોએ આખી રાત ઉત્સવ કર્યો હતો. નવમીને દિવસ હરિભક્તોએ શ્રીહરિ અને સંતોને પારણાં કરાવ્યાં. ૬. એકાદશીનો ઉત્સવ પણ વડતાલમાં કર્યો. જેઓ ફરાળ કરતા હતા, તેમને તે દિવસે ફરાળ કરાવ્યું. પછી બારસના દિવસે પ્રથમ સુરતના હરિભક્તોની રસોઈ જમ્યા. ૭. પછી એક દિવસ કાનમના હરિભક્તોએ રસોઈ કરાવી. અને એક દિવસ વડોદરાના હરિભક્તોએ રસોઈ આપી. તે પછી એક દિવસ ચરોતરના હરિભક્તોએ સુંદર રસોઈ કરાવી. અને પછીના એક દિવસ અમદાવાદના હરિભક્તોએ રસોઈ હેતથી આપી હતી. ૮-૯. વળી, જેતલપુર અને ગામડી ગામના જે હરિભક્તો આવ્યા હતા તેમણે એક દિવસ રસોઈ કરાવી. તે સર્વે ભક્તોની રસોઈ શ્રીહરિ અને સંતો ઘણા હેતથી જમ્યા હતા. ૧૦.

વિશનગરના બધા હરિભક્તોએ રસોઈ આપી અને એક દિવસ દંઢાવ્ય(ઉત્તર ગુજરાત)ના હરિભક્તોએ રસોઈ આપી. ૧૧. જે દિવસે જે હરિભક્તોની રસોઈ હોય, તેઓ તે દિવસે ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. કેસરયુક્ત ચંદન અને અપરંપાર ફૂલના હાર લાવતા હતા. ૧૨. શ્રીહરિને અત્યંત ભાવથી પૂજીને અલભ્ય લાભ લેતા હતા અને જે હરિભક્તને જેવો મનોરથ હોય તે રીતે તેઓ શ્રીહરિની પૂજા કરતા હતા. ૧૩. તે સહુ ધૂપ અને દીવો કરીને કપૂરની આરતી કરતા હતા. પછી સહુ ભક્તો પ્રેમભાવથી સ્તુતિ કરીને મનમાં ખૂબ જ પ્રસન્ન થતા. ૧૪. પછી ભક્તોએ સંતોને ચંદનની અર્ચા કરી, ફૂલના હાર પહેરાવ્યા. પછી પ્રેમભાવથી વસ્ત્રો ઓઢાડ્યાં અને પોતાનો જન્મ સફળ કરી લીધો. ૧૫.

શ્રાવણ વદિ છઠથી લઈને વદિ ચૌદશ સુધી રસોઈઓ લીધી. અને પછી શ્રીહરિએ સંતોને સત્સંગમાં વિચરવા માટે રજા આપી. ૧૬. આ રીતે શ્રીહરિએ વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. પછી ત્યાંથી ચાલ્યા. આ

જન્માષ્ટમીનો ઉત્સવ વડતાલમાં જોબનપગીએ કરાવ્યો હતો. ૧૭. જેટલા સંતો હતા તે બધા ગુજરાતમાં રહ્યા અને શ્રીહરિ ત્યાંથી **ગઢપુર** આવ્યા. ત્યાં જળઝીલણીનો ઉત્સવ કરાવ્યો. ૧૮. તે પછી વામન દ્વાદશી અને શ્રાદ્ધપક્ષ ગઢપુરમાં રહ્યા. તેમજ દશેરા, શરદપૂર્ણિમાં, દિવાળી અને અન્નકૂટ, એ બધા મહાઉત્સવ ગઢપુરમાં કર્યા. અને તે વખતે કેટલાક સંતો અને હરિભક્તો ગઢપુર આવ્યા હતા. તેનો કહ્યે પાર આવતો નથી. ૧૯-૨૦.

સં.૧૮૭૨ માગશર મહિનામાં શ્રીહરિ કાંઈ ઉદાસ થઈ ગયા અને ગઢપુરથી ચાલી નીકળ્યા. ભગુજી વગેરે દસ બાર પાર્ષદો સાથે લીધા. ૨૧. બહુનામી શ્રીહરિ વેલમાં બેઠા અને પહેલા **સારંગપુર** આવ્યા. ત્યાંથી **ધંધુકા**, **હડાળા** થઈને કોઈ ન જાણે તે રીતે **કોઠ** ગામ આવ્યા. ૨૨. પછી **ધોળકા** થઈને સાંજને સમયે મોડેથી શ્રીહરિ **જેતલપુર** ગામ આવ્યા. કોઈ ન જાણે તે રીતે જેતલપુરના ગંગામાના જૂના ઘરરૂપ મંદિરમાં શ્રીહરિ ગુપ્ત રહ્યા. ૨૩. જ્યારે બે ત્રણ દિવસ ગયા ત્યારે ગઢડાથી સુરબાઈ અને જીવુબાઈ વેલમાં બેસીને પાછળ પાછળ જેતલપુર આવ્યા. ૨૪. તે સિવાય સોમલા ખાચર, ઘેલા ધાધલ અને રાઠોડ ધાધલ, જેમણે શ્રીહરિનો ઘણો લાભ લીધો હતો, તે બધા સાથે આવ્યા. ૨૫.

શ્રીહરિએ જ્યારે રાજી થઈને તેમને દર્શન આપ્યાં. તે પછી ગઢપુરથી આવેલા તે સહુ અન્ન જમ્યા. ત્યાં સુધી તો ભૂખ્યા રહીને રુદન કરતા હતા. ૨૬. ગઢપુર વગેરેના હરિભક્તોનું ઘણું હેત દેખીને શ્રીહરિના હૃદયમાં બહુ દયા આવી અને બોલ્યા કે, હવે અમે ચોક્કસ ગઢપુર આવશું. ૨૭.

※ અલૌકિકભાવ સૌથી સહુથી શ્રેષ્ઠ છે :

અલૌકિક જે ફળનો રસ છે તે શ્રદ્ધા અને આદરભાવે સહિતની પ્રીતિમાં રહ્યો છે. તે પ્રીતિ સરસથી પણ અતિ સરસ છે અને ઉત્તમમાં પણ સર્વોત્તમ છે. અને ભગવાનમાં જેટલો અલૌકિક ભાવ છે તેટલો તે શ્રેષ્ઠમાં પણ અધિક શ્રેષ્ઠ છે અને ભગવાનમાં જેટલી લૌકિક બુદ્ધિ છે તેટલી તે કનિષ્ઠમાં પણ અતિ કનિષ્ઠ છે. ૨૮-૨૯.

ચોપાઈ :

अलोकिक में लोकिक भावा, हमकु जब आवत देखावा;
तरत उदासी होवत तबहू, समझावत तब समझत न कबहू...३०

શ્રીહરિ કહે છે કે, જ્યારે કોઈ અલૌકિકમાં લૌકિકભાવ લાવે છે અને તે જ્યારે અમને દેખાય છે ત્યારે અમે તરત ઉદાસ થઈ જઈએ છીએ. પછી કોઈ અમને સમજાવે તોપણ અમે ક્યારેય સમજતા-માનતા નથી. ૩૦. ત્યારે સુરબાઈ હાથ જોડીને બોલ્યાં, મહારાજ ! અમારી બુદ્ધિ તો અતિ થોડી છે. આ બ્રહ્માંડ અને પિંડમાં આપના સિવાય જેટલી અને જે જે કાંઈ વસ્તુ કહેવાય છે તથા જે કાંઈ દેખવા-સાંભળવામાં આવે છે તે બધી વસ્તુ આપે માયિક કહી છે અને તે માયિક વસ્તુ-પદાર્થમાં લેશમાત્ર પણ સુખ નથી. ૩૧-૩૨.

✵ શ્રીહરિનો સંબંધ બંધનોથી છોડાવે છે :

અલૌકિક એવો જીવાત્મા જ્યાં સુધી માયિક પદાર્થમાં બંધાયો છે ત્યાં સુધી અલૌકિક સ્થિતિ થતી નથી. અને અલૌકિક સ્થિતિ ન થાય ત્યાં સુધી તેને બાળબુદ્ધિનો જ કહેવાય. ૩૩. **જ્યારે માયિક પદાર્થોનું બંધન નહિ રહે ત્યારે ભક્તના જીવનમાં બીજું કોઈ વિઘ્ન નહિ રહે અને અમારાં માયિક બંધન આપને જેટલાં જોવામાં આવે તે બધાં બંધનોને હવે આપ દૂર કરો. આપ જરૂર સમર્થ છો. આપ તો સાક્ષાત્ નારાયણ કહેવાઓ છો, જેના પુત્ર બ્રહ્મા છે. ૩૪-૩૫.** આ બ્રહ્માંડમાં બ્રહ્માના જેવું કોઈ સમર્થ નથી. જે કોઈ મનુષ્ય અને દેવ કહેવાય છે તે બધા બ્રહ્માને પૂજે છે. ૩૬. બ્રહ્મા જ્યારે આ સૃષ્ટિના કામ ઉપર રહે છે ત્યારે તેને માયા આવરણ કરે છે. જ્યારે તે તમારું શરણ લે છે, પ્રાર્થના કરે છે ત્યારે તેને માયા આવરણ કરતી નથી. અર્થાત્ તમે જ તેને માયાથી બચાવો છો. ૩૭.

શંકરના જેવા કોઈ સમર્થ કહેવાય નહીં. અને નારદજી પણ સમર્થ છે, છતાં જ્યારે તેને માયા આવરણ કરે ત્યારે તેમનું મન સ્થિર રહેતું નથી. ૩૮. તે બધાનું વૃતાંત્ત દેખતા આપના દાસ એવા જે અમે તે અમારી કાંઈ જ ગણતરી નથી. અમે ધર્મમાં દૃઢ રહ્યા છીએ, છતાં શરીરની સાથે ભળી ગયા છીએ. ૩૯. તમે જે અલૌકિક ભાવની વાત કરો છો તે અમને સમજાતી

નથી અને તેથી તેમ અમે વર્તી શકતા નથી. તેમાં તો આ શરીર જ વિઘ્નરૂપ બને છે. તેથી આપ ઉદાસ થઈ જાઓ છો. ૪૦. મહારાજ ! હવે જ્યાં સુધી આ અમારો દેહ રહેશે ત્યાં સુધી અમારાં તન, મન અને ધન આપને અર્પણ કર્યાં છે. અમે આપને પરાધીન છીએ. અંત સમયે દિવ્ય શરીર આપવું તે તો આપના હાથમાં છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ગઢપુરથી ઉદાસ થઈને જેતલપુર આવેલા શ્રીહરિની સુરબાઈએ માફી માગી' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર સોળમું, તરંગ - ૧૫

ભાઈ રામદાસજીસ્વામીના કહેવાથી શ્રીહરિની ઉદાસીનતા ટળી

ત્યારે સુરબાઈના શબ્દ સાંભળીને શ્રીહરિએ કહ્યું, તે સમજણ તો અલૌકિક છે. તે દિવ્ય શરીર રહ્યું છે તે જ સત્ય કહેવાય છે. ૧. **જેટલી લૌકિક સમજણ રહે છે તેટલું લૌકિક શરીર રહે છે. જેટલાં દુઃખો રહ્યાં છે તે સર્વે દુઃખ લૌકિક સમજણમાં રહ્યાં છે. ૨.**

सोरठा : जितने सुख रहे जेतो, अलोकिक समझ ताहिमें;
अपार दुःख हि तेतो, लोकिक हि समझ में रहेउ...०३
समझ अलोकिक माहिं, श्रद्धा आदर जिनकु हम;
जब हि देखत हि नाहि, तरत तिहाँसे उदास होत...०४

જેટલાં અને જે જે સુખો રહ્યાં છે તે બધાં અલૌકિક સમજણમાં રહ્યાં છે અને લૌકિક સમજણમાં તો અપાર દુઃખ જ રહ્યાં છે. ૩. અને કોઈના જીવનમાં અલૌકિક સમજણ, અલૌકિક શ્રદ્ધા, અલૌકિક આદર અમને જ્યારે ન દેખાય ત્યારે અમે તરત જ ત્યાંથી ઉદાસ થઈએ છીએ. ૪. બહુનામી સર્વેના સ્વામી શ્રીહરિ આવી વાતો કરતા થકા જેતલપુરમાં પાંચ દિવસ રહ્યા. સુરબાઈ દાદા ખાચરનાં માતા હતાં. અને જીવુબાઈનાં માતા સોમબાઈ હતાં. તે બંનેને શ્રીહરિમાં અપાર હેત હતું, જે કહી શકાતું નથી. તેમને રાજી કરવા માટે શ્રીહરિજી જેતલપુરથી પાછા **ગઢપુર** આવીને રહ્યા. ૫-૬.

ગઢપુરમાં દસ-બાર દિવસ રહ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ભાલ અને બારા દેશમાં થઈને પછી **વડતાલ** આવ્યા. ૭. શ્યામસુંદર શ્રીહરિએ કૃપા કરીને બધા હરિભક્તોને દર્શન દીધાં. તે વખતે જેટલા સંતો હતા, તે પણ તરત શ્રીજીમહારાજ પાસે દર્શન કરવા આવ્યા. ૮. શ્રીહરિના ચરણમાં સહુએ મસ્તક નમાવ્યાં. 'શ્રીહરિ ઉદાસ છે' એવું સાંભળીને સહુના દિલમાં દુ:ખ થયું હતું. ફરતા બધા ગામના હરિભક્તો પણ વારાફરતી શ્રીહરિ પાસે આવતા હતા. ૯. ઉદાસપણાનાં જે કીર્તનો હતાં, તેને યાદ કરીને શ્રીહરિ બોલાવતા હતા અને સભામાં ઉદાસપણાની વાતો પણ કહેતા હતા. વળી, સંતોને એમ કહેતા કે, ૧૦. તમે મને ખુશીથી રજા આપો. હું તમારી પાસે રજા માગું છું. ત્યારે સંતો કહેતા કે, હે પ્યારા શ્રીહરિ ! આપના સિવાય અમારા દિવસો કેમ જાશે ? ૧૧. આટલા દિવસ સુધી આપે અમને ઘણું સુખ આપ્યું છે. અમારા જેવો કોઈએ લાભ લીધો નથી. આપ મુખથી જે વચન કહેશો તે રીતે અમે તત્પર થઈને રહેશું. ૧૨.

હે ભગવન્ ! આપે સહુ હરિભક્તોને વારંવાર અત્યંત સુખ આપ્યું છે અને તે સહુને આપને રાજી કરવાનું વધારેમાં વધારે તાન રહે છે. ૧૩. હવે આપ જેમ કહેશો તે રીતે અમે સહુ સંતો કરશું. જો અમે આપના કહ્યામાં ન વર્તીએ તો પછી આપની ખુશી પ્રમાણે કરજો. ૧૪. આપ જાઓ આવો શબ્દ અમારાથી ક્યારેય કહી શકાશે નહીં. અમને આપનો વિયોગ થાય એથી કોઈ મોટો દુ:ખદ ઉત્પાત નથી. ૧૫. તે વખતે ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા, આપ ભગવાન હોવા છતાં બાળકના બાળક જ રહ્યા છો. ૧૬. આપ વારે વારે ઉદાસ થઈ જાઓ છો અને અમને ચોખી વાત કહેતા નથી. **આપને સર્વોપરિ ભગવાન જાણીને અમે આપનું ભજન કરીએ છીએ. ૧૭.**

❋ સર્વ અવતારોનું કારણ શ્રીહરિ જ છે :

जो जो भगवान भये जेहा, सब कारन माने तुमकु तेहा;
संत कु नियम तुम कहे जेसे, तत्पर होई वरतत हे तेसे...१८
हरिजन के नियम कहे जिस रीता, तत्पर होई वरतत तिस रीता;
वरतन में नहिं श्रद्धा जाहि, कोटि उपाय करत हि ताहि...१९

જે જે ભગવાનના અવતાર થયા છે તે સર્વ અવતારનું કારણ આપ છો એમ આપને માનીએ છીએ. અને સંતોને તમે જે જે નિયમ કહો છો તે પ્રમાણે તત્પર થઈને બધા સંતો વર્તે છે. ૧૮. અને જે રીતે આપ હરિભક્તોના નિયમ કહો છો તે રીતે બધા ભક્તો તત્પર થઈને વર્તે છે. વર્તનમાં જેને શ્રદ્ધા ન હોય તે સંત કે હરિભક્તને રાખવા કરોડ ઉપાય કરીએ તોપણ તે સત્સંગમાંથી ભાગી જશે. જે સંતો અને હરિભક્તોમાં મુખ્ય ગણાતા હોય, તેમને પણ જો શ્રદ્ધા ન રહે ત્યારે તે પણ માગ કરી દે છે. અર્થાત્ સત્સંગ છોડી દે છે. ૧૯-૨૦. જે અનંત લોકોને શ્રદ્ધા કરાવતા હોય એવું અમે જોયું છે; પણ દેશકાળ બદલાતા જે બીજાને શ્રદ્ધા કરાવતા હોય તે પોતે જ શ્રદ્ધારહિત થઈ જાય છે. ૨૧. અને જે મોટા હોય તેમને અમારા જેવા ગરીબ સાધુની વાત લેશમાત્ર પણ નજરમાં-દિલમાં આવતી નથી. ત્યારે જે નાનાથી પણ નાના હોય તેની વાત તો કેવી રીતે મનાય ? ૨૨.

અને જ્યારે મનનું ધાર્યું ન થાય ત્યારે તો સત્સંગ છોડવો કાંઈ કઠણ નથી. પરંતુ જેને સત્સંગમાં લાભ દેખાય છે, તે ક્યારેય સત્સંગનો ત્યાગ કરતા નથી. ૨૩. સત્સંગમાં જ અપાર લાભ છે, એમ જે વારંવાર દેખતા હોય, એવા મનુષ્ય પણ જ્યારે ઉદાસ થઈ જાય છે ત્યારે જાણે તેને સત્સંગનો કોઈ પાસ જ લાગ્યો નથી, એવું લાગે છે. ૨૪. જ્યાં પાણી ન હોય ત્યાં આગ લાગે તો તે આગને પાણીથી ઓલવી શકાય; પણ જ્યારે પાણીમાં જ આગ લાગે ત્યારે તેને ઓલવવાનો બીજો કોઈ ઉપાય નથી. ૨૫. હે મહારાજ ! જ્યારે આપ એક ઉદાસ થઈ જાઓ છો, ત્યારે જેટલા આપના આશ્રિતો છે, તે બધા ઉદાસ થઈ જાય છે. આવી આ બાબત છે. ૨૬.

सोरठा : एसो न जेहि विचार, बालक ताकु कहत हम;
थिर शांत हि उदार, बडेकी रहे रीत यह...२७
सिंधु अरु आकाश, बडेकी रीत रहाये इमि;
सदा रहे सवकाश, त्याग करत न गुन तेहि...२८

આવો જેને વિચાર નથી આવતો તેને અમે બાળક કહીએ છીએ. **મોટાની રીત તો એવી છે કે તેણે સ્થિર, શાંત અને ઉદાર રહેવું જોઈએ.** ૨૭.

સાગર અને આકાશ જેવી વિશાળ અને ગહેરાઈ જેવી મોટાની રીત છે. એ સદા વિશાળ દિલ રાખે છે. વિશાળતાના ગુણને ક્યારેય છોડતા નથી. ૨૮.

ભાઈ રામદાસજીસ્વામીએ આ રીતે શ્રીહરિને વિનંતી સભર ઠપકો આપ્યો. ત્યારે શ્રીહરિએ કહ્યું, હે સ્વામી ! આપ જેવા વૃદ્ધ સંત જ્યાં સુધી હાજર છો ત્યાં સુધી અમે લાડ કરીએ છીએ. ૨૯. વૃદ્ધોની આગળ બાળક હોય છે તે લાડ કરતા હોય છે. અમે જે ઉદાસ થઈએ છીએ તેમાં તો ઘણી બાબત સમાયેલી હોય છે. ૩૦. અમે જ્યારે ઉદાસ થઈએ છીએ ત્યારે અમારા આશ્રિતોમાં જેની જેવી સમજણ હોય તે પ્રગટ દેખાઈ આવે છે. એક તલભાર પણ છૂપી રહેતી નથી. ૩૧. કેટલાક હરિભક્તો તો અમારા જોગમાં રહીને જ્યારે અમારો દોષ જુએ છે ત્યારે અમને તરત જ ઉદાસી આવે છે. ૩૨.

અને તે હરિભક્તના દિલમાં જ્યારે અમારે વિષે ગુણ આવે છે ત્યારે અમારી ઉદાસીનતા તરત જ મટી જાય છે. પછી તલભાર પણ ઉદાસી રહેતી નથી. ૩૩. ઉદાસ થયા સિવાય બીજો કોઈ ઉપાય ન હોય ત્યારે અમે ઉદાસ થઈએ છીએ. શ્રીહરિએ જ્યારે સંતોની આગળ આવી વાત કહી ત્યારે બધા સંતોના દિલમાં ઘણી શાંતિ થઈ. ૩૪. શ્રીહરિએ પોતાની જેવી મરજી હતી તે ભાઈ રામદાસજીસ્વામીને કહી. પછી ભાઈ રામદાસજીસ્વામીએ કહ્યું, હે મહારાજ ! આપ સત્ય વાત કહો છો. એટલી અમારામાં ભૂલ છે, તે તમે બતાવી. ૩૫. સોનાના મહેલમાં લોઢાની મેખ શોભે નહીં. તેમાં જ્યારે કોઈ લોઢાની મેખ દેખાડે ત્યારે તેને એક કરી દે છે. અર્થાત્ કાઢી નાખે છે. ૩૬.

પછી શ્રીહરિએ સોનાના મહેલ જેવા સત્સંગમાં પોતે રહેવાનું કહીને સોનાની મેખ મારી. અને તેથી બધા સંતો અને હરિભક્તો ઘણા રાજી થયા અને જયજયકાર બોલાવ્યો. ૩૭. પછી શ્રીહરિ સંતોને સાથે લઈ એક દિવસ **ડભાણ** ગયા. ત્યાં એક રાત રહી બીજે દિવસે **વડતાલ** આવ્યા. ૩૮. શ્રીહરિ વડતાલમાં દસબાર દિવસ રહ્યા અને રોજ નવી નવી વાતો કહેતા હતા. જે વાતો પહેલાં ક્યારેય સાંભળી ન હતી. ૩૯. ધરમપુરનાં રાણી કુશળકુંવરબાઈ નામે હતાં. તેમને પરમચૈત્યાનંદસ્વામીના યોગથી સત્સંગ થયો. ત્યારે તેમણે પત્ર લખીને શ્રીહરિની ઉપર મોકલ્યો હતો. ૪૦.

(ધર્મપુર કોણે વસાવ્યું ? તથા કુંશળકુંવરબાઈનો પરિચય : દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લામાં આ ધરમપુર નામનો તાલુકો છે. પહેલાં આ સ્વતંત્ર રાજ્ય હતું. તેના મુખ્ય ચાર પરગણાં હતાં. (૧) તોરણવેરા (૨) હનમતમહાલ (૩) કપરાડા અને (૪) નાના પોંઢા. અહીંયાં પહેલાં ભીલોની વસ્તી વધારે હતી. તે જ આ પ્રદેશના રાજા હતા. તેથી હાલ ધરમપુર છે તે પહેલાં 'નિશાદ' નામથી ઓળખાતું.

રાણાપ્રતાપના પૂર્વજ સિસોદરિયા રાજપૂતનો એક 'રામશાહ' ઉર્ફે 'રામરાજ' નામનો રાજકુમાર ચિત્તોડગઢથી અહીં આવ્યો. અને તેણે નાથોરાત નામે ભીલ રાજા રાજ્ય કરતો હતો તેને જીતીને ઈ.સ.૧૨૬૨ માં અહીં પોતાનું રાજ્ય સ્થાપ્યું અને પોતાના નામ ઉપરથી તે શહેરનું નામ 'રામનગર' પાડ્યું. તેમણે ત્યાં ૨૩ વર્ષ રાજ્ય કર્યું. પછી તે સ્વર્ગવાસી થયો. તેની નવમી પેઢીએ ઈ.સ.૧૫૬૬ માં 'જગશાહ' (બીજા) નામે રાજા થયા. તેમના રાજ્યકાળમાં ઈ.સ.૧૫૭૩ માં સમ્રાટ અકબરના વજીર ટોડરમલે રાજ્ય પર ચડાઈ કરી. આ જગશાહ સૂર્યભક્ત હતા. તેમણે તે સમયે સૂર્યની ખૂબ આરાધના કરી. તેથી સૂર્યદેવની સહાયથી તેમનો વિજય થયો. પછી પોતાના ઈષ્ટદેવની હંમેશાં યાદી રહે તેવા હેતુથી તેમણે પોતાનું નામ જગશાહ ફેરવી 'જયદેવ' ઠરાવ્યું. ત્યાર પછી તેમની પેઢીમાં જે જે રાજાઓ થયા તે બધાના નામની પાછળ 'દેવ' રાખવું એવો રીવાજ પડ્યો. તે હજી સુધી તેમની પરંપરામાં ચાલુ છે.

આ જયદેવની પાંચમી પેઢીએ ઈ.સ.૧૭૧૧ માં રામદેવજી (બીજા) રાજા થયા. તે વખતે તેમની રાજધાની ફતેપુરનગરમાં હતી. મરાઠાઓએ તે સમયે ચડાઈ કરી તેમનું અમુક રાજ્ય કબજે કર્યું હતું. આ રામદેવજી સ્વર્ગવાસી થયા એટલે ઈ.સ.૧૭૬૪ માં તેની ગાદીએ તેમના પુત્ર 'ધરમદેવજી' આવ્યા. આ રાજા ધરમદેવે પોતાના નામ પરથી 'ધરમપુર' શહેર વસાવ્યું અને તેમણે જ રાજ્યનો વિસ્તાર કર્યો હતો અને ખૂબ લોકચાહના પ્રાપ્ત કરી. **આ ધરમપુર પ્રદેશનાં નાના-મોટા ૫૦૦ ગામ ગણાતાં**. તેનો વિસ્તાર પશ્ચિમમાં સમુદ્રકિનારા સુધી, પૂર્વમાં સહ્યાદ્રિ પર્વતો, નાસિક-

ત્રંબક સુધી, ઉત્તરમાં વાંસદા અને ચીખલી સુધી, દક્ષિણમાં દમણ સુધી હતો. આ પ્રાંતને કોંકણ પ્રાંત કહેવાતો. અને તે પરશુરામની ભૂમિના નામથી જૂના જમાનાથી પ્રસિદ્ધિ પામેલો. તેમાં દમણગંગા, પાર, માન અને તાન, કોકલ અને ખરેરા આ પાંચ મુખ્ય નદીઓ છે. અહીં જંગલ વિસ્તાર વિશેષ હોવાથી ઈમારતી લાકડાંઓ બને એવાં પુષ્કળ ઝાડો છે. નિકોરડો, બોડિયો, કુંભઘાટ, બાલંભણ, પંગાબરી, પિંડવળ વગેરે ડુંગરાઓ છે. અને સહ્યાદ્રિ પર્વતમાળાની શાખાઓ પણ આ પ્રદેશમાં છે.

તેઓ ધર્મપ્રિય, પ્રજાવત્સલ અને સાધુ-સંતોને આદર દેનારા હતા. તેમને કોઈ પુત્ર ન હતો. તેઓ જ્યારે સ્વર્ગવાસી થયા ત્યારે તેમની વિધવા રાણીએ તેમના ભાયાત **સબળસિંહજીના** પુત્ર **અભયસિંહજીને** ઉદયપુરથી ધરમપુર બોલાવ્યા અને ઈ.સ.૧૭૭૭ માં **'સોમદેવજી'** નામ ધારણ કરી ગાદીએ બેસાડ્યા. તેમનાં લગ્ન આણંદ જિલ્લાના ધર્મજ ગામમાં **'કેસરીસિંહ'**ની પુત્રી **'કુશળકુંવરબા'** સાથે ધામધૂમથી થયાં હતાં. આ કુશળકુંવરબાઈનું આગલા જન્મે 'રૂડબાઈ' નામ હતું. ત્યારે તેમણે પોતાના મોક્ષ માટે અડાલજની વાવ બંધાવી હતી. 'કુશળકુંવરબા' પૂર્વજન્મનાં સંસ્કારી હોવાથી નાનપણથી જ ભજન-ભક્તિ પરાયણ હતાં.

ધરમપુરમાં સુખે રહેતાં કુશળકુંવરબાઈને ૨૧ વર્ષની વયે એક પુત્ર થયો. **'રૂપદેવ'** નામ રાખ્યું. રાજ્યમાં આનંદ છવાયો. પરંતુ ત્યારબાદ અમુક સમય જતા ઈ.સ.૧૭૮૭ સોમદેવ મૃત્યુ પામ્યા. તમામ રાજકાર્ય રાણી કુશળકુંવરબાના શિરે આવી પડ્યું. સમય જતા રાજકુંવર રૂપદેવને પરણાવી રાજ્ય સોંપ્યું. તેમને **'વિજયદેવ'** નામનો પુત્ર થયો. ત્યાં ઈ.સ.૧૮૦૭ માં રૂપદેવ સ્વર્ગવાસી થયા. ફરી રાજમાતા રાજકારભાર કરવા લાગ્યાં, પણ સંસારમાંથી મન ઊઠી ગયું. એક ભગવાન જ સત્ય જણાયા. તેથી અખંડ ભજન-સત્સંગ અને ધર્મકાર્ય કરવા લાગ્યાં. તેમને સાંભળવા મળ્યું કે, 'ભેખમા ભગવાન હોય' તેથી નગરમાં જે કોઈ સાધુ-સંન્યાસી આવે તેને રાજી કરવા લાગ્યાં. તે માટે એક સારી ધર્મશાળા બંધાવી. ત્યાં સદાવ્રત ખોલ્યું. જે કોઈ આવે તેને ભાવથી સાચવે. સેવકો દ્વારા બધી જ સંભાળ

રખાવે. વળી પોતે દરબારમાં રોજ બ્રાહ્મણ પાસે એક પહોર ભાગવત સાંભળે. તેમાં એકવાર વાત સાંભળી કે, રુક્મણીએ શ્રીકૃષ્ણને પામવા માટે પ્રતિજ્ઞા કરી જે,

વરું તો શ્રીકૃષ્ણને વરું, નહિ તો જીભ કરડીને મરું.

આવી તેની ટેક જાણી સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન આવીને તેને લઈ ગયા. આ વાત સાંભળતા જ પ્રભુને પામી જવાની તાલાવેલી ઉપડી અને રાત-દિવસ પ્રાર્થના શરૂ કરી. તેની પ્રાર્થના પ્રભુએ સાંભળી અને પરમચૈત્યાનંદસ્વામીને ત્યાં મોકલ્યા. તેમના દ્વારા તેમને સત્સંગ થયો. પછી મુક્તાનંદસ્વામી સાથે પરમચૈત્યાનંદસ્વામી ગઢપુર આવ્યા. બન્ને સંતોએ મહારાજને બાઈની મુમુક્ષુતા તથા ભક્તિ-ભાવના વિષે બહુ વાતો કરી. પછી તેમનો લખેલો આમંત્રણપત્ર આપ્યો. બાઈનો શુદ્ધ પ્રેમ અને ખપ જોઈ મહારાજ રાજી થયા અને જવાની હા પાડી. પણ લાડુબા-જીવુબાને એટલે દૂર સુધી મહારાજને જવા દેવાની ઈચ્છા નહીં, તેથી મહારાજને ધરમપુર જવામાં વિલંબ થયો.

આ બાજુ કુશળકુંવરબાઈની ધીરજ ખૂટી ગઈ. તેથી ફરી એક પ્રાર્થનાપત્ર લખ્યો. તે પત્ર સાથે મ. માટે પોતે બનાવેલો કેરીનો સાકરિયો મુરબ્બો તથા હાથે ફોતરી ઉખાડેલા ચોખા અતિ હેતથી મોકલ્યા. આ પ્રેમ ભરેલી વસ્તુઓ અને પત્ર લઈ પાંચ અસ્વારો ગઢડા આવ્યા. અને મહારાજને હાથોહાથ અર્પણ કર્યાં. બાઈની ભાવના તથા વિનંતિ પણ સંભળાવી. પછી તે અખંડિત ચોખા હાથમાં લઈ મહારાજે સભામા કહ્યું કે, “કુશળકુંવરબાઈ રાજરાણી છે, છતાં અખંડ અમારું ભજન કરે છે. વળી છેલ્લા ૪૦ વર્ષથી રાજ્ય કરે છે તોપણ તેનાથી ઉદાસ છે. એક પ્રભુને જ પ્યારા રાખ્યા છે. અમારામાં તેને અપાર હેત છે. જુઓ, આ પોતાના હાથે શાળ ઉખેડી અમારા વાસ્તે ચોખા મોકલ્યા છે.” એમ કહીને બોલ્યા કે, “આ ચોખા જેવા તમે ચોખા થાશો ત્યારે અક્ષરધામને પામશો.” પછી પેલા માણસોને બે દિવસ રોક્યા. ત્યારબાદ કુશળકુંવરબાઈ માટે મહારાજે પોતાની ચાખડી, એક રૂમાલ અને રાજીપાનો પત્ર તે માણસો સાથે મોકલાવ્યાં.

શ્રીહરિની આવી કૃપાપ્રસાદી પામતા જ બાઈને હર્ષનાં આંસુ આવી ગયાં; પણ પ્રગટ પ્રભુને પધારવાનો કોઈ નિશ્ચિત સમય ન મળ્યો હોવાથી વિરહ વધવા લાગ્યો. થોડા દિવસ પછી મ. ગઢડાથી વડતાલ પધાર્યા. ત્યાં ફરી પાછો ત્રીજો કુશળકુંવરબાઈનો આમંત્રણ પત્ર લઈ પાંચ ક્ષત્રિયો વડતાલમાં આવ્યા. મહારાજને મળ્યા. તેમાં કુશળકુંવરબાઈએ લખેલું કે, “હે કૃપાનાથ ! હે સ્વામી ! જન્મોજન્મથી આપને પામવાની રાહ જોઉં છું. આ વખતે પણ મારા દેહની ઉંમર બહુ થઈ ગઈ છે. માટે હે વહાલા ! કાળરૂપી શીશુપાળ મને લેવા આવે તે પહેલા જ રુક્મિણીની જેમ આપ મને સ્વીકારી લ્યો તો બહુ જ સારું. એક આપની જ આશાએ જીવું છું. માટે કૃપા કરી વહેલા-વહેલા ધરમપુર પધારો..! આ દાસીને સ્વીકારો..!”

વળી વિશેષ ભલામણ લખી કે, “આપના વહાલા સંતો-ભક્તોને સાથે લેતા આવશો. અમે બધી જ સગવડતા રાખી છે. ગઢડાવાળાં મોટીબા વગેરે બહેનોને ખાસ લાવશોજી, જેથી અમને તેના દર્શન-સમાગમનો લાભ મળે. હે પ્રભુ ! આવવા-જવાનો જે કાંઈ ખર્ચ થશે તે અમે આપીશું. નર્મદામાં ઘોડાનું દાણ ન બેસે તેવું ગોઠવ્યું છે. હવે કૃપા કરી વહેલા પધારશોજી.”)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં ‘ભાઈ રામદાસજીસ્વામીના કહેવાથી શ્રીહરિની ઉદાસીનતા ટળી’ એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર સોળમું, તરંગ - ૧૬

ધરમપુર જવા નીકળેલા શ્રીહરિ ગવાસદ ગામ આવ્યા

ધરમપુરનાં રાણી કુશળકુંવરબાઈએ ઉપર મુજબ શ્રીહરિને અપાર વિનંતિ કરીને તે વખતે ધરમપુર બોલાવ્યા હતા. ૧. તેણે લખ્યું હતું કે બધા સંતો, વર્ણી, સંન્યાસીઓ, પાર્ષદો અને હરિભક્તો, આપને જેટલા ગમે તેટલા બધાને સાથે લાવજો. ૨. જીવુબાઈ નામે હરિભક્ત બહેન ઘણાં મહાન ત્યાગી છે. તેમને અમારા હિતનો વિચાર કરીને સત્સંગની વાતો કરવા માટે બીજી

હરિભક્ત બાઈઓની સાથે જરૂર લાવજો. અમારા દિલમાં આવી અભિલાષા છે એટલા માટે આપને આટલી વિનંતિ લખી છે. ૩-૪. આપને અહીંયાં આવતા અને જાતા જે કાંઈ ધનનો ખર્ચ થશે તે અમે આપને જરૂર આપશું. અમે ક્ષત્રિય લોકો ક્યારેય ખોટું બોલીએ નહીં. ૫.

રાજા થઈને જ્યારે પોતાને મુખે જો ખોટું બોલે તો તે નિર્વંશ થઈ જાય છે. અને પછી કોઈ મુખથી તેના ગુણને વખાણતા નથી. ૬. અમે સૂર્યવંશી છીએ. જેવું કહીએ તેવું કર્યા વિના ક્યારેય રહીએ નહીં. તો અંતર્યામી એવા હે સ્વામી ! આપ પ્રસન્ન થઈને જરૂર આવજો. ૭. પરમ દયાળુ શ્રીહરિ પત્ર વાંચીને તત્કાળ તૈયાર થઈ ગયા. અને વડતાલથી ચાલ્યા, તે **બોચાસણ** આવ્યા. એક સુંદર વૃક્ષ જોઈ તેની નીચે ઉતારો કર્યો. ૮. શ્રીહરિએ કાશીદાસભાઈની વાડી જોઈને તેમાં વિશ્રાન્તિ લીધી. વિપ્રોમાં નાનાભાઈ ભટ્ટના ભાણેજ નથુભાઈ સાથે હતા. ૯. તથા મુકુંદાનંદ અને જયાનંદ વર્ણી શ્રીહરિની સાથે હતા. મુનિવર આનંદાનંદસ્વામી, પરમ ચૈતન્યાનંદસ્વામી, સંન્યાસી પદ્મનાભાનંદસ્વામી, સેવાનંદસ્વામી, વડોદરાના નાથભક્ત, તે સિવાયના બીજા પાંચ ક્ષત્રિયોને સાથે લીધા હતા. જે કુશળ કુંવરબાઈના પીયરના સંબંધી થતા હતા તથા જે તેમનો પત્ર લઈને આવ્યા હતા, તે ક્ષત્રિયો પણ સાથે હતા. ૧૦-૧૨.

ભગુજી, અલૈયા ખાચર, કરીમભાઈ, રતનજી, સુંદરપગી, તખાપગી, જુસાપગી, વખતાપગી અને (જોબનપગી) વગેરે સહુ સાથે હતા. બાઈઓમાં પ્રભુ સિવાય અન્ય વ્યક્તિ જેને હરામ હતી એવા જીવુબા નામે મોટીબા હતાં. તે સિવાય મીણબાઈ, અમૃતબાઈ, મોટાં રામબાઈ, ઝમકુબાઈ, તે પાંચ બાઈ હતી. તથા બીજી પણ બે ક્ષત્રિય અને ત્રણ વિપ્ર વિરક્ત બહેનો સાથે હતા. ૧૩-૧૫. તે સહુને માટે સોનાથી મઢેલા અનુપમ રથ હતા. પરંતુ તે સહુમાં શ્રીહરિ જે રથમાં બેઠા હતા તે તો સૌથી અધિક શોભતો હતો. ૧૬. બોચાસણ ગામના પાટીદાર મુખ્ય હરિભક્ત હતા. તેઓ પ્રસન્ન મનથી શ્રીહરિની ઘણી સેવા કરતા હતા. ૧૭. ભક્તજનોના ચિત્તને ચોરનારા શ્રીહરિ ત્યાં એક દિવસ રહ્યા. બીજે દિવસ ત્યાંથી ચાલ્યા. બોરસદ ગામનો વિઠ્ઠલ નામે વાળંદ પાકો હરિભક્ત હતો. ૧૮. શ્રીહરિએ તેને સેવામાં ઘણો ચતુર

જાણીને સાથે લીધો. પોષ મહિનાના દિવસો ચાલતા હતા. દિવસ ઊગતામાં શ્રીહરિ **ગાજણા** ગામ આવ્યા. ૧૯.

ત્યાં પર્વતસિંહ અને અભયસિંહ નામે બંને ક્ષત્રિય રાજાઓ સારા હરિભક્ત હતા. તેઓ શ્રીહરિની સામે આવ્યા. ૨૦. તેઓ આવીને ઘણા આદરથી શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. પછી તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા. જ્યારે શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૨૧. ગામમાં જેટલાં નરનારી લોકો હતાં, તે બધાએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને રાજાએ શ્રીહરિને પોતાને ભવન પધરાવીને પૂજા કરી. ૨૨. પછી ધૂપ, દીપ કરીને આરતી કરી. અને પરમ અલૌકિક લાભ લીધો. તે સમયે તેમણે સાકરના મોટા મોટા થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ અર્પણ કર્યા. ૨૩. પછી ભક્તજનોને રાજી કરનારા પરમ દયાળુ શ્રીહરિ ત્યાંથી તત્કાળ ચાલ્યા. તેઓ દેશકાળને બરાબર જાણતા હતા. મહી નદીને ઊતર્યા. ૨૪. ઊતર્યા પછી શ્રીહરિ શૌચ કરવા ગયા. આવીને દાતણ કર્યું. પછી સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી આગળ ચાલ્યા. **ચોકારી** ગામની સીમમાં આવ્યા. ૨૫.

ત્યાં એક નાની તલાવડી હતી. તેનાં નિર્મળ શુદ્ધ પાણીને જોઈને, જે સાથે હતા તે સહુની સાથે ત્યાં જ ટીમણ કર્યું. ૨૬. ત્યાં બારૈયા અને મુસલમાનના બે છોકરા આવ્યા. તેને દેખીને શ્રીહરિ હસવા લાગ્યા. તે વાત હવે હું કહું છું. ૨૭. શ્રીહરિએ એક છોકરાને કહ્યું, પાણીમાં જે થાય તે જળડોડીને તું ખા છો ? મોઢેથી સાચી વાત કહેજો. તારી બારૈયાની જાત છે. ૨૮. ત્યારે તે છોકરો બોલ્યો, 'હું જળડોડી ઓળખતો નથી, પણ ડોડી(ખરખોડી)ને જાણું છું અને તેનું શાક કરીને અમે ખાઈએ છીએ. ૨૯. શ્રીહરિ કહે છે, 'પૂર્વદેશમાં જેટલા લોકો છે, તે તમે જેને માછલી કહો છો તેને તેઓ જળડોડી કહે છે. ૩૦. ત્યારે બારૈયાના છોકરાએ કહ્યું, 'અમે માછલીને ક્યારેય ખાતા નથી. અમારા સગાઓ હરિભક્ત થયા છે. તેમણે અમને દારૂ અને માંસ હરામ કરાવ્યાં છે. ૩૧. તથા ચોરી અને અવેરી(વ્યભિચાર) ને અમે કરતા નથી. અમે આપની આગળ સત્ય વાત કહીએ છીએ. અમે

સ્વામિનારાયણના આશ્રિત થયા છીએ, એટલે અમે બધા અધર્મ અને પાપને છોડી દીધાં છે. ૩૨.

અમે દૂધ અને પાણીને ગાળીને વાપરીએ છીએ. તેમજ સ્વામિનારાયણનું ભજન કરીએ છીએ. અમારા ગામના દરબાર દાજીબાવા કહેવાય છે. ૩૩. અને બીજા એક દરબાર જાલમસિંહજી છે, તેમણે પણ બધાં ફેલ અને વ્યસનોનો ત્યાગ કરી દીધો છે. શ્રીહરિ ટીમણ કરી રહ્યા પછી બીજા જે સાથે હતા તેઓ પણ ટીમણ કરી રહ્યા. ત્યારે વધેલા જેટલા સુખડીના લાડુ હતા, તે બધા શ્રીહરિએ બંને છોકરાઓને અપાવ્યા. પછી ત્યાંથી ચાલતા થયા. ૩૪-૩૫. **ચોકારી** ગામને નજીક જ્યારે આવ્યા ત્યારે હરિભક્તોને ખબર આપ્યા. તે સાંભળીને બધા હરિભક્તો સન્મુખ દોડી આવ્યા અને બધા એકદમ ચરણમાં પડ્યા. ૩૬.

તેમણે શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા અને તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવ્યાં. ગામમાં જેટલા લોકો હતા, તે બધાએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૭. જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરાવી. અત્યંત પ્રેમરસથી પૂજા કરી અને આરતી ઉતારી. ૩૮. સહુએ સાકરના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ ધર્યા. તે પછી તરત જ શ્રીહરિ ચાલતા થયા અને **ગવાસદ** ગામમાં રાત રહ્યા. ૩૯. વસો ગામના ઈચ્છારામ નામે જે વિપ્ર હતા, તે ગવાસદ ગામમાં રહીને ગામના કારકુનનું કામ કરતા હતા. ૪૦. તેઓ સારા હરિભક્ત હતા. તેણે શ્રીહરિની સેવા કરીને ઘણો લાભ લીધો અને શ્રીહરિને રાજી કર્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધરમપુર જવા નીકળેલા શ્રીહરિ ગવાસદ ગામ આવ્યા' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર સોળમું, તરંગ - ૧૭

શ્રીહરિ ગવાસદથી નીકળીને સુરત નજીક કોસાડ પહોંચ્યા

શ્રીહરિ ગવાસદમાં તળાવ કાંઠે ઊતર્યા હતા. ત્યાંથી ધર્મકુમાર શ્રીહરિ સવારે ચાલ્યા, તે **સોખડા** ગામ આવ્યા. ૧. ત્યાં એક ઢાઢર નામે નદી છે. તેને ઊતરીને શ્રીહરિએ સ્નાન કર્યું અને થોડીવાર વિશ્રામ કર્યો. ૨. ત્યાં ખીચડી બનાવી, તેને પહેલા શ્રીહરિ જમ્યા. તે પછી સંતો અને પાર્ષદોની પંગત કરી. ૩. જે જમવા બેઠા તે બધાને શ્રીહરિએ ખીચડીમાં ઘી પીરસ્યું. તે જોઈને ગામના લોકો મનમાં ઘણું આશ્ચર્ય પામ્યા. ૪. પોષ મહિનો હતો. ઠંડી ઘણી હતી એટલે ઠંડી નિવારવા માટે થઈને શ્રીહરિએ ગામમાંથી નવાં કપડાં મગાવ્યાં. જેને જેવાં જોતાં હતાં તેવાં તેને અપાવ્યાં. ૫. અને પાર્ષદોએ જેવાં વસ્ત્ર માગ્યાં તેવાં શ્રીહરિએ તેમને મગાવીને આપ્યાં.

આટલું કામ કરીને શ્રીહરિ ચાલ્યા, તે આગળ **માતર** ગામ આવ્યું. ૬. દોરા અને માતર ગામની વચ્ચે જ્યારે શ્રીહરિ પહોંચ્યા, ત્યારે **સુઠોદરા** ગામના ક્ષત્રિય **મોલેસલામ** ઘોડે બેસીને માતર ગામ આવતા હતા. તેઓને રસ્તામાં જ શ્રીહરિ મળ્યા. તેથી તેમણે પૂછ્યું, આ રથમાં બેઠા છે તે મોટા માણસ કોણ છે ? ૭-૮. તેઓ ક્યાંથી આવે છે ? અને હવે ક્યાં જાય છે ? તે વાત સાચી કહો. અમારી આગળ ચોરી રાખશો નહીં. કોઈ મોટા રાજા હોય તેવો તેમનો ચહેરો દેખાય છે. ૯. આ કોઈ મોટા શેઠ-શાહુકાર નથી, એમ અમે ચોક્કસ પારખી લીધું છે. આ અમારું ગામ છે. અહીંયાં જો આપ સહુ આવો તો આપની મરજી પ્રમાણે ઊતરવા માટે જગ્યા આપશું અને કોઈ ન જાણે તે રીતે રાખશું. તેમાં કોઈ જાતનો લેશ પણ સંદેહ રાખશો નહીં. ૧૦-૧૧.

હું આ ગામનો જમીનદાર છું અને આ રસ્તા સુધી અમારું ખેતર છે. ત્યારે નાનાભાઈ ભટ્ટ બોલ્યા, આ અમારા સુરતના ગોવિંદભાઈ નામે શેઠ કહેવાય છે. તેઓ અમદાવાદથી આવે છે. અમે તે વાત સત્ય કહીએ છીએ. ૧૨-૧૩. આમ વાત કરતા કરતા ક્ષત્રિય મોલેસલામ સાથે અડધો કોશ સુધી આવ્યા. પછી તેણે અશ્વ દોડાવ્યો અને પોતાના ખેતરમાંથી કૂણાં કૂણાં ચીભડાં

લઈ આવ્યા, ૧૪. અને શ્રીહરિને આપ્યાં. શ્રીહરિએ તે ભાવથી લઈ લીધાં. પછી તે પોતાના ગામ ગયા અને શ્રીહરિ **દોરા** ગામ આવ્યા. ૧૫. ત્યાં હરિભક્તોને દર્શન દઈ **ટંકારિયા** ગામમાં રાત રહ્યા. ત્યારે દોરા ગામના જે હરિજન હતા, તે ત્યાં આવ્યા. ૧૬.

કાશીરામ નામે એક વિપ્ર હરિભક્તોમાં મુખ્ય ગણાતા હતા. તેઓ શ્રીહરિને માટે અડધી રાત્રે (દૂધ-પૂરીનો) થાળ લઈને આવ્યા. ૧૭. શ્રીહરિ તે વિપ્રનો ભાવ જોઈને પ્રેમથી તે થાળ જમ્યા અને જ્યારે જમી રહ્યા ત્યારે પાર્ષદોને થાળની પ્રસાદી આપી. ૧૮. પછી ત્યાંથી સવારમાં ચાલ્યા તે **હળદર** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્ત હતા, તે બધાને દયાળુ શ્રીહરિએ દર્શન આપ્યાં. હરિભક્તોએ તત્કાળ શ્રીહરિની પૂજા કરી. ૧૯. ત્યાંના હરિભાઈ નામે જે એક હરિભક્ત હતા. તેમણે ગાડું જોડીને શ્રીહરિને નર્મદા નદીને કીનારે **ઝાડેશ્વર** ગામ સુધી પહોંચાડ્યા ૨૦. પછી શ્રીહરિએ કહ્યું, જે પાર્ષદો છે તે બધા ગઢપુર પાછા જાઓ. પરદેશમાં તમારું કામ નથી. ભગુજી ભારે અડબંગ છે. ૨૧. અહીંયાં સુધી તો અમે સહન કરીને સાથે લાવ્યા છીએ. એ લેશમાત્ર પણ અમારાથી ડરતા નથી. આમ કહીને ધર્મકુમાર શ્રીહરિ તરત જ ત્યાંથી નાવમાં બેઠા. ૨૨.

નર્મદા નદીને સામે કિનારે ગયા. ત્યારે શ્રીહરિએ નાવિકને એક દુપટ્ટો આપ્યો. બીજું જે નાવ હતું તેમાં પાછળ રહ્યા હતા, તે બધા બેઠા હતા. ૨૩. તેની સાથે જે પાર્ષદો બેઠા હતા તેમને શ્રીહરિએ કહ્યું, તમે પાછા વળો. પછી તે પાર્ષદો શ્રીહરિ પાસે આવ્યા. તેમાં નવ જણ તો બંદૂકવાળા હતા. તેનાં નામ : ભગુજી, અલૈયા કહર, કરીમજી, મિયાંજી, રતનજી, જેહાજી, ભીમભાઈ, ગુમાનજી અને હમીરભાઈ, એ સર્વને દેખીને શ્રીહરિ બોલ્યા, તમે ક્યાં જાઓ છો ? લગારે પણ શરમ નથી ? ૨૪-૨૬. ત્યારે ભગુજી બોલ્યા, હે મહારાજ ! અમે એક આપના માટે જ છીએ. તેથી આપ જેમ કહેશો તેમ કરતા રહેશું. બીજા કોઈ કહેશે તેમ અમે ક્યારેય કરશું નહીં. ૨૭. આપના વચનમાં જ અમે મોક્ષ માન્યો છે. આપનાં વચન સિવાય અમે કાંઈ બીજું દેખતા નથી અને આપનો વિયોગ અમારાથી સહન નહિ થાય. ૨૮.

❋ શ્રીહરિએ ભગુજીને ગઢપુર પાછા મોકલ્યા :

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમારો એક સ્વભાવ જ અમારો વિયોગ કરાવતો રહે છે. અને વળી, એ તમારો સ્વભાવ જ તમારી સાથે રહેનારા બધાને પણ અમારો વિયોગ કરાવે છે. આવો તમારો સ્વભાવ રહ્યો છે. એમ કહી શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા અને ખુશ કરી દીધા. પછી તેમને ભેટીને રજા આપતા કહ્યું, ગઢપુરમાં દાદા ખાચરની તમે બધા સંભાળ રાખજો. તે દાદા ખાચરની સંભાળ રાખવા માટે જ અમે તમને સહુને પાછા વાળીએ છીએ. ૨૯-૩૧. અમારા વિયોગથી દાદા ખાચરના જીવમાં અતિ દુઃખ રહે છે. તમને દેખીને તેમના દેહમાં પ્રાણ આવશે. તમને આવતા દેખીને અમે આવ્યા તેમ તે જાણશે. ૩૨. **દાદા ખાચર તમને સહુને પોતાના દેહ અને પ્રાણ કરતાં પણ અધિક માને છે. અમે અમારા હિત માટે તમને મોકલીએ છીએ. ગઢપુર મોકલવા માટે તમારા જેવો બીજો કોઈ અમને દેખાતો નથી.** ૩૩.

અમે જો પાછા આવવાના ન હોત તો તમને બધાયને સાથે રાખત. પરંતુ અમે ધરમપુર જઈને તત્કાળ પાછા ગઢપુર આવશું. માટે તમે અત્યારે પાછા જાઓ અને નિત્યાનંદસ્વામી આદિક જે સંતો છે તે સહુને તમે ધરમપુર મોકલજો. સંતમંડળમાં જેટલા મહંતો છે તે એક એક સંતોની મૂર્તિને સાથે લાવે. ૩૪-૩૫. હવે ધરમપુર જેને આવવું હોય તેને આવવાની છૂટ છે. રસ્તામાં જાતા જે ભક્તો મળે તેને આ વાત કહેવી અને અમે જે વાત કહી છે તે ભક્તોએ હૃદયમાં ધારવી. ૩૬.

આમ કહીને શ્રીહરિ આગળ ચાલ્યા અને જે પાર્ષદો હતા તે મનમાં ધીરજ રાખીને નાવમાં આવીને બેઠા. ૩૭. શ્રીહરિ **મીણપુર** ગામ આવીને રાત રહ્યા. (આ મીણપુર ગામનું નામ અત્યારે ગડખોલ (તા.અંકલેશ્વર, જિ.ભરુચ) છે. ત્યાં પુરાતની સિદ્ધેશ્વરી માતાનું મંદિર છે. ત્યાં રાત રહેવા મહારાજ સંઘ સહિત ઊતર્યા. તેમાં ઘણો પહોળો એક ઓટલો હતો, તે ઉપર ઉતારો કરીને મહારાજ વિરાજમાન થયા. તે સમે ગામના લોકો સર્વે માતાજીના મંદિરે દર્શને આવ્યા. તેમણે એમ કહ્યું જે, “તમે કોણ છો ?” ત્યારે મહારાજે કહ્યું જે, “આ દેવળ કેનું છે ?” ત્યારે લોક કહે, “માતાજીનું છે.”

ત્યારે મહારાજ કહે, "માતા પરણેલી છે કે કુંવારી છે ?" ત્યારે તે કહે જે, "પરણેલી છે." ત્યારે મહારાજ કહે જે, "અમે એ માતાના વર છીએ. તે તમો ગામમાં જઈને કહો." ત્યારે તેમણે ગામમાં જઈને કહ્યું જે, "માતાના વર આવ્યા છે, જેને દર્શન કરવાં હોય તે જાઓ." એવું સાંભળીને ગામનાં સર્વે મનુષ્ય મહારાજને દર્શને આવ્યાં. તે સમે મહારાજે સર્વેને તેજોમય ચતુર્ભુજરૂપે; શંખ, ચક્ર, ગદા, પદ્મ ચારે આયુધ સહવર્તમાન દર્શન દીધાં. તેને જોઈને તે સર્વે લોક કહે જે, "આ તો માતાના વર સાચા, માતાના વર સાચા." એમ કહેવા લાગ્યાં, ને મહારાજની ચાકરી સારી રીતે કરી.) પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા અને **કીમચોકી** ગામમાં આવીને રાત રહ્યા. ૩૮. સવારે ઊઠીને ત્યાંથી ચાલ્યા, તે બપોરે **કોસાર** ગામ પહોંચ્યા. ત્યાં વાડીમાં ઊતર્યા અને રસોઈ કરીને જમ્યા. ૩૯. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને તાપી નદી ઊતર્યા અને સુરતની સમીપે આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધરમપુર જવા નીકળેલા શ્રીહરિ રસ્તામાં ગવાસદથી સુરત નજીક કોસાડ પહોંચ્યા' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર સોળમું, તરંગ - ૧૮

શ્રીહરિ સુરતના ભક્તોનો ભાવ સ્વીકારી આગળ ચાલ્યા

શ્રીહરિ લાલદરવાજા પાસે થઈને કોટની સમીપે ચાલતા ચાલતા સુરત શહેરની પૂર્વ દિશાએ આવેલા લખનૌ દરવાજે આવ્યા. ૧. ત્યાંથી ધર્મકુમાર શ્રીહરિ બુરાનપુર દરવાજા થઈ ધરમપુર દરવાજે આવ્યા અને ત્યાં આવી **ઊધના**માં આવ્યા. ૨. અને સુરતના હરિભક્તોને ખબર આપ્યા. તે સાંભળતા સહુના શરીરમાં ઉત્સાહ વધ્યો અને સહુ દોડતા આવ્યા. ૩. સુરતથી ઊધના સુધીના માર્ગમાં હરિભક્તો લગાતાર આવતા હતા. જેને જેવો ભાવ હતો તેવી તેઓ હાથમાં પૂજા લઈને આવ્યા હતા. ૪. એક પણ હરિભક્ત બરફી

અને ફૂલના હાર સિવાયના ન હતા. અને જે મોટા મોટા હરિભક્તો હતા તે તો જેટલી પ્રકારના મેવા કહેવાય છે, તે બધા મેવા લઈને આવ્યા હતા. ૫.

શ્રીહરિ એક રૂપરામ દેસાઈના ભવનમાં ઊતર્યા હતા. તેનો ચોક ઘણો વિશાળ હતો. પછી ભક્તજનપ્રતિપાલક તે ચોકમાં બેઠા. ૬. તે ભવનની આગળ એક મોટું ઝાડ હતું. તેની એક ડાળીએ પલંગ બંધાવ્યો. તેની ઉપર ગાદી-તકિયા બિછાવ્યાં હતાં. સુખદાયક શ્રીહરિ તેના ઉપર બેઠા. ૭. જેટલા હરિભક્તો આવતા હતા તે હરખભેર શ્રીહરિનાં દર્શન કરતા હતા. જેટલા ભક્તો ફૂલના હાર લાવતા હતા તેને શ્રીહરિ પોતાના હાથથી લેતા હતા. ૮. પછી જેનો હાર હોય તેને તે પાછો પ્રસાદીનો આપતા હતા. પોષ મહિનાની ઘણી ઠંડી હતી. બરફીનાં ભરેલાં વિવિધ પ્રકારનાં પાત્ર શ્રીહરિની આગળ ભક્તો પ્રેમથી મૂકતા હતા. ૯. સોના અને ચાંદીનો વરખ બરફીના ઉપર લગાવેલો હતો. તેનાથી તે બરફીના ચકતાં જાણે કે સોના-રૂપાનાં હોય એવાં નજરે દેખવામાં આવતાં હતાં ! ૧૦.

સાકરનાં રમકડાં જેવાં કે, શીશી, અબખોરા, શ્રીફળ, સીતાફળ અને કેટલાંક મેવાના જેવા આકારનાં બનાવીને રમકડાં લાવતા હતા. તેનો કહેતા પાર આવતો નથી. ૧૧. કેટલાંક રમકડાંને સોના-ચાંદીનો વરખ લગાડેલો હતો. શ્રીહરિ જે દિવસે ઊધના આવ્યા તે દિવસ મકરસંક્રાતિ હતી. ૧૨. શ્રીહરિ તે દિવસ ત્યાં રાત રહ્યા અને બધા સંતો ત્યાં આવીને શ્રીહરિને મળ્યા. શ્રીહરિનાં દર્શન કરીને સહુને ઘણો આનંદ થયો. ૧૩. ત્યાં સંતો અને હરિભક્તોની વિશાળ સભા થઈ. તેની અપાર શોભા બની હતી અને તેમાં કીર્તન બોલાતાં હતાં. ૧૪. હરિભક્તો આખી રાત ધોળ અને ગરબી ગાતા રહ્યા હતા. આનંદમાં ને આનંદમાં સવાર થવા આવ્યું. રાત માનો એક ક્ષણવારમાં વીતી ગઈ..! ૧૫. ધર્મકુમાર શ્રીહરિએ સવાર થયું ત્યારે નાહીને પૂજા કરી અને પછી પલંગ ઉપર આવીને બેઠા. ૧૬. સુરત અને ઊધના પાસે પાસે હતા. ત્યાંના જે જે ભાવિક ભક્તજનો હતા, તેમણે જમ્યા પછી વાહન તૈયાર કર્યાં અને તેમણે સારાં વસ્ત્ર તથા ઘરેણાં પહેર્યાં. ૧૭.

સોના-રૂપા જેવાં ચમકતાં રથ, મ્યાના, બગી અને અશ્વ, જેની પાસે જે વાહન હતાં, તેમાં બેસીને શહેરનાં લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતાં-જતાં હતાં. ત્યારે તે માર્ગમાં સમાતાં ન હતાં. લોકો જ્યારે શ્રીહરિની પાસે આવતાં-જતાં હતાં ત્યારે શહેર કરતાં પણ વધારે ભીડ જણાતી હતી. ૧૮-૧૯. તે વખતની શોભા ઘણી અપાર હતી. હજારો-કરોડો લોકો આવતાં હતાં. કોઈ દિવસ નજરે જોયાં કે સાંભળ્યાં ન હોય એવાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો લઈને આવ્યા. તે વાજિંત્રો વગાડવા લાગ્યા. તે ક્યારેય સાંભળ્યા નહોતા. તે જોઈને શ્રીહરિ મરક મરક હસવા લાગ્યા. હીરા-મોતી જડિત ઘરેણાં અને સારાં વસ્ત્ર શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ધાર્યાં હતાં. તેનું તેજ છવાઈ ગયું હતું. જે શ્રીહરિનાં દર્શન કરતા તે લોકો થંભી જતાં હતાં.

સુરતમાં કરોડો લોકો હતાં. કેટલાક મોટા ધનવાન હતા, ૨૦-૨૨. જે લોકો શ્રીહરિને નજર ભરીને દેખતા હતા તેને ધનનો ગર્વ રહેતો નહીં. શ્રીહરિની મૂર્તિમાં તેટલો સહજ પ્રતાપ હતો કે તેનાથી ધનિક લોકો ધનહીનની જેમ નિર્માની રહેતા હતા. ૨૩. શ્રીહરિ જેવું મનમાં ધારતા હતા તેવું તે કાર્ય તરત જ થઈ જતું હતું અને જ્યારે જેવું કાર્ય કરવાનું હોય ત્યારે તેટલું ધન વગર માગ્યે આવતું હતું. ૨૪. જેટલી રિદ્ધિ અને સિદ્ધિ કહેવાય છે, તે બધી શ્રીહરિના વચનમાં હાજર રહેતી હતી. ૨૫. શ્રીહરિ તે રિદ્ધિ-સિદ્ધિને ક્યારેય ચાહતા નહીં, પણ જ્યારે કામ પડે ત્યારે વગર ચાહે રિદ્ધિ-સિદ્ધિ હાજર રહેતી હતી. ૨૬. **જે જે ધામના મુક્ત, સ્વર્ગના દેવ અને ભૂમિના રાજાઓમાં દૈવત દેખાતું હતું, તે બધું આ મૂર્તિને કારણે છે એમ દેખાતું હતું. ૨૭.**

એવી આ શ્રીહરિની મૂર્તિનાં જે ભક્ત દર્શન કરતા હતા તેમને ક્યારેય તૃપ્તિ થતી ન હતી. એવો મૂર્તિમાં સહજ પ્રતાપ રહ્યો હતો. ૨૮. રૂપરામ દેસાઈનું ભવન ઉત્તરાદા બારનું હતું. તે ભુવન બરફી અને મેવાઓથી ભરાઈ ગયું હતું. તેમાં થોડી પણ જગ્યા રહી નહીં. ૨૯. તે સમયે ત્યાં સંતો, વર્ણી, સંન્યાસી અને હરિભક્તો જેટલા આવ્યા હતા, તે વારંવાર જમતા હતા તોપણ બરફી વગેરે લગાર પણ ખૂટતાં નહીં. ૩૦. હરિભક્તોને તો જમ્યા ઉપર

તેટલી જ પ્રસાદી બંધાવી દેતા. અને બીજા જે બાઈભાઈ આવતાં હતાં, તે બધાને પણ પ્રસાદી આપતા હતા. ૩૧. ઊધના ગામમાં જેટલાં લોકો હતાં, તે બધાને ઘેર-ઘેર પ્રસાદી અપાવી. જે કોઈ પણ આવ્યા, તે બધાને બરફીની પ્રસાદી આપી, છતાં બરફી ઘણી વધી. ૩૨.

હરિભક્ત સિવાયના સુરતના જે કોઈ પણ આવ્યા હતા તેમને જેટલી જોઈએ તેટલી અપાર બરફી આપી. ૩૩. શ્રીહરિ ત્યાં એક દિવસ અને એક રાત રહ્યા. જે જે મોટા માણસો હતા તે બધાએ ઘણા ભાવથી દર્શન કર્યા. ૩૪. પણ જેને સાર-અસારનો વિવેક ન હોય અને જે નિરસ-શ્રદ્ધા રહિત હોય તેટલા દર્શન વિનાના રહ્યા અને કેટલાક તો ખબર વિનાના રહી ગયા. ૩૫. જે લોકો આવતા અને શ્રીહરિને કાંઈ પૂછતા તો તેમને શ્રીહરિ તેને અનુકૂળ તરત ઉત્તર આપતા હતા. શ્રીહરિને ભારે પ્રતાપી દેખીને આવેલાં નરનારીઓ ખૂબ જ પ્રશંસા કરતા હતા. ૩૬.

આખો દિવસ શ્રીહરિ રહ્યા. અને તે દિવસે સાંજ સમયે ચાલ્યા, તે દસબાર કોશ રાતે ચાલ્યા ત્યાં અડધી રાત ગઈ. ૩૭. પછી નદી ઊતરીને શેરડીના ખેતરમાં ઉતારો કર્યો. ત્યારે ઠંડી ઘણી હતી એટલે શેરડીના વાઢને ઓથે રહ્યા. ૩૮. ત્યારે ચંદ્ર આથમી ગયો, તેથી રાત ઘણી અંધારી થઈ અને સિંહનો ભય હતો તેથી શ્રીહરિએ કહ્યું, 'આગની ધૂણી અખંડ રાખજો. ૩૯. જ્યાં આગ દેખાય ત્યાં સિંહ ક્યારેય આવતો નથી. આ વાત અમે જાણીએ છીએ. કારણ કે વનમાં અમે ઘણું રહ્યા છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ સુરતના ભક્તોનો ભાવ સ્વીકારી આગળ ચાલ્યા' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર સોળમું, તરંગ - ૧૯

શ્રીહરિ ધરમપુર પધાર્યા ત્યારે રાજા સામૈયું લઈને આવ્યા

શ્રીહરિની સાથે જેટલા સંતો આવ્યા હતા, તે બધાને જ્યારે શ્રીહરિ ઉધનાથી ચાલ્યા તે વખતે ત્યાં રાખ્યા અને એમ કહ્યું કે, આ બરફી પડી છે, તે જમ્યા પછી તમે અમારી પાછળ આવજો. ૧. સંતોએ કહ્યું કે, શહેરની માયાએ વિઘ્ન કર્યું. બરફીને નિમિત્તે શ્રીહરિનો એક દિવસનો વિયોગ કરાવ્યો. ૨. રાત્રે શ્રીહરિ રથમાં સૂતા હતા, ત્યારે દક્ષિણ દિશામાં ચીબરી બોલી. ત્યારે શ્રીહરિએ સુંદરજી પગીને પોતાની પાસે બોલાવ્યા. ૩. અને કહ્યું કે, પશુ અને પંખીની બોલી ઉપરથી શુકન થશે કે અપશુકન ? એમ શુકનાવલીને તમે જાણો છો, તો અમને તે કહો કે આ ચીબરી બોલી તેનું ફળ શું આવશે ? ૪. ત્યારે સુંદરપગી હસીને બોલ્યા, બીજા પંખી બોલે છે તેમ આ બોલી છે અને તમે તો ભગવાન છો. તમારી આગળ પંખીની બોલી શા લેખામાં ? ૫.

જેટલાં વિઘ્નો છે તે બધાં આપની આગળ તો દૂરથી ભાગતાં રહે છે. આપના નામનો પ્રતાપ જ એવો છે કે ભૂત, પ્રેત, મૂઠ, ચોટ અને જમ જેવાં પણ જ્યાં આપનો સ્વામિનારાયણ નામનો જપ થતો હોય ત્યાં ક્યારેય આવતાં નથી, તો પશુ-પંખીની બોલી તો શું લેખામાં હોય ? ત્યારે શ્રીહરિએ કહ્યું, તે વાત સાચી છે, તેમાં તલભાર પણ ખોટું નથી. ૬-૭. છતાં તમે જે રીતે જાણતા હોવ તે અમારી આજ્ઞાથી કહો. તમારા કહેવા પ્રમાણે શુકન મળે છે કે નથી મળતા, એ અમારે જાણવું છે. ૮. તેટલા માટે તમે આ ચીબરી બોલી તેનું શું ફળ મળશે ? તે કહો તો અમને ખબર પડે. ત્યારે સુંદરપગી બોલ્યા, હે મહારાજ ! હું જ્યાં સુધી કુસંગમાં હતો ત્યાં સુધી શુકન જોતો હતો, ૯. પણ અમે જ્યારથી હરિભક્ત થયા છીએ ત્યારથી તે બધી બાબત છોડી દીધી છે. હવે અમારે શુકન જોવાનું કોઈ કામ પડતું નથી. મુખથી આપનું નામ લઈએ છીએ. ૧૦.

❋ સર્વે દુઃખની દવા હરિનામ છે :

આપનું નામ બધા વિઘ્નને દૂર રાખે છે અને આપનાં નામ સિવાય બીજી બધી વાતોને અમે મિથ્યા માનીએ છીએ. જે જેટલા આપનાં નામ જપ

સિવાય બીજાને અધિક માને છે તેટલા તેને સંત-હરિભક્ત કહેવાય નહીં. એમ સંતો કહેતા. ૧૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, સંતોની વાત સાચી છે. ભગવાન સિવાયની અન્ય વસ્તુમાં જીવ ચોંટી જાય છે, પણ જ્યારે ભૂખ લાગે છે ત્યારે અનાજ વિના ભગવાનના નામથી ક્યારેય ભૂખ ભાંગતી નથી. ૧૨.

વળી, ઘણાં નામ જપો છતાં રાતમાં ચંદ્ર અને દીવા સિવાય ક્યારેય કાંઈ દેખાતું નથી. એ વાત ચોક્કસ છે. ૧૩. જ્યાં નામનું કામ હોય ત્યાં નામ કામ કરે છે અને જ્યાં જુદી જાતનું કામ હોય ત્યાં તે પ્રમાણે કરવું પડે છે. ૧૪. આને વિવેક કહેવાય છે. અને વિવેકમાં જીવ લપટાયેલો છે. સંતો તો મોટા કહેવાય. માટે તે ભગવાન સિવાય અન્ય વસ્તુમાત્રને ખોટી કહે છે. ૧૫.

❋ એક ભગવાન જ સત્ય છે :

सोरठा : भगवान रहत हि सत, महाप्रले होवत हि जब;
ओर होइ जात असत, सुषुपति मृत्यु में असत रहे...१६

જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે ભગવાન જ સત્ય રહે છે. બીજું બધું નાશ પામી જાય છે અને સુષુપ્તિ અવસ્થામાં તથા મૃત્યુમાં બધું અસત્ય થઈ જાય છે. ૧૬.

चोपाई :

पिंड ब्रह्मांड रहे जिहाँ लगहू, असत तोउ सत रहे तिहाँ लगहू;
एसे विवेक बिन जन जेते, एक बात पकरत हे तेते...१७

જ્યાં સુધી આ પિંડ અને બ્રહ્માંડ રહે છે ત્યાં સુધી અસત્ય હોવા છતાં તેને સત્ય માનવું પડશે. આવા વિવેક વિનાના જે મનુષ્ય છે તે એક વાતને જ પકડી રાખે છે. ૧૭. જ્યાં જેનું જેટલું કામ હોય ત્યાં તેને તેમ ચાલવું પડે એવું દેખાય છે. માટે એક ભગવાન ઉપર જ બધી વાત ન રાખવી. અને ઉપર કહી તે વાતને મિથ્યા ન માનવી. ૧૮. ત્યારે સુંદરજી પગી હાથ જોડીને બોલ્યા, સહુની જીવનદોરી તો આપના હાથમાં જ છે. છતાં હું કહું છું, પશુ અને મનુષ્ય, એ બંને આપણને ભય દેખાડશે. ૧૯. એવું આ ચીબરી આવીને બોલી છે. આપે કહ્યું તેથી હું કહું છું. ત્યારે શ્રીહરિએ કહ્યું, આપણે જેટલા છીએ તે સહુએ જાગવું અને સાવધાન રહેવું. ૨૦.

જે સાવધાન હોય છે, તેને કોઈ વિઘ્ન આવતું નથી. સહુને મનમાં ભય તો રહ્યો જ હોય છે. એમ કહીને શ્રીહરિ રથથી નીચા ઊતર્યા. અને લઘુશંકા કરવા માટે દૂર જઈને બેઠા. ૨૧. લઘુશંકા કરીને આવ્યા પછી જ્યારે રથમાં સૂતા, હજી આંખ મળી ન મળી હતી, અને શ્રીહરિની પાસે જેટલા માણસો હતા તે બધા સાવધાન થઈને બેઠા હતા. ૨૨. રસ્તાને નજીક આવીને છુપાયેલો જે સિંહ બેઠો હતો, તેને કોઈએ દેખ્યો ન હતો. પછી કોઈ એક જણ અજાણતા તે સિંહની પાસે ગયો. ૨૩. તે વખતે સિંહે તત્કાળ ગર્જના કરી અને અચાનક એક બળદ પર તરાપ મારી ઊછળી ભાગ્યો. અંધારી રાત હતી તેથી પૂરેપૂરો તેને કોઈએ દેખ્યો નહીં. ૨૪. તેથી રથે જોડેલા બળદને ભય લાગ્યો અને તે અચાનક જ માનો તેને મોત આવ્યું હોય તેમ તે ભાગ્યો. બીજા જે લોકો હતા, તે બધાને પણ અત્યંત ભય લાગ્યો. ૨૫.

માનો હવે સિંહ આવીને કોઈ એકાદને ચોક્કસ માર્યા વિના રહેશે નહીં, એમ સહુ દેખતા રહ્યા. ૨૬. સહુએ બળદની સામે જોયું તો તે હેમખેમ હતો. ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, ચીબરી જે બોલી તે વાત સાચી થઈ. ૨૭. પછી શેરડીના ખેતરમાં એક માચડો હતો. તેમાંથી બળતણનાં લાકડાં લઈને આખી રાત તે લાકડાં સળગાવ્યાં. ૨૮. તે માચડાનો ધણી જ્યારે આવ્યો ત્યારે માચડામાં એક પણ લાકડું દેખ્યું નહીં; તેથી તે ગાળો બોલતો બોલતો આવ્યો. ૨૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, ચીબરી જે બોલી તે બધું જ અપશુકન મળતું આવ્યું છે. આમ કહીને તરત ત્યાંથી રથ ચલાવ્યો અને **ચીખલી** ગામે આવ્યા. ૩૦.

ત્યાં રાત રહીને ચાલ્યા તે **પણજ** ગામ આવ્યા. એ પણજ ગામ ધરમપુર રાજ્યનું હતું અને ત્યાં કરમસદના શ્યામળભાઈ નામે પાટીદાર કેટલાક વર્ષથી રહેતા હતા. તેના ભવનનો ચોક ઘણો વિશાળ હતો. ૩૧-૩૨. ત્યાં જઈને એક રાત રહ્યા. શ્યામળભાઈ પટેલે શ્રીહરિની ઘણી સેવા કરી. સાકરનો કંસાર કરાવ્યો અને તેમાં બમણું ઘી નખાવ્યું. ૩૩. સૂરણ, રતાળુ, ફણસ અને કેળાં, તેનાં ભજિયાં અને શાક જુદી જુદી રીતે બનાવડાવ્યાં અને સરસ કેરીનું અથાણું લાવ્યા. ૩૪. રોટલી, ભાત અને તુવેરની દાળ કરાવી. શુદ્ધ દહીં જમાવી રાખ્યું હતું. તે જમીને શ્રીહરિ ઘણું રાજી થયા. ૩૫.

જેટલા સંતો પાછળ રહ્યા હતા, તે પણજ ગામમાં આવીને મળ્યા. શ્રીહરિએ જમ્યા પછી તે સંતોને દિલના ઘણા ભાવથી જમાડ્યા. ૩૬. ત્યાં રાત રહીને સવારે ચાલ્યા ત્યારે ધરમપુર અગાઉ ખબર આપી દીધા. રાણીના ઘોડેસ્વારોની રસ્તામાં ચોકી હતી. તે સમાચાર આપતા રહેતા હતા. ૩૭. શ્રીહરિ જે રસ્તામાં આવતા હતા તેના ઘડીએ ઘડીના ખબર પહોંચાડતા હતા. શ્રીહરિ ધરમપુરથી પાંચ કોશ (૧૫ કી.મી.) જ્યારે દૂર રહ્યા ત્યારે ઘણા ઘોડેસ્વારો સામે આવ્યા. ૩૮. ધરમપુરથી અડધા કોશ સુધી તો ત્યાંના રાજા વિજયદેવ બધી સવારી લઈને આવ્યા હતા. તે સવારીમાં પાલખી, ઘોડા, હાથી, ડંકા, નોબત અને વિવિધ પ્રકારનાં વાજાં લાવ્યા હતા. જરિયાની નિશાનો હતાં અને તેની અપાર શોભા કરી હતી. ૩૯-૪૦. જેટલા અશ્વ અને હાથી હતા, તે બધાને પણ સોનેરી શણગારથી શણગાર્યા હતા. અને રાજ્યના દીવાન તથા વજીર વગેરે અધિકારી હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ ધરમપુર પધાર્યા ત્યારે રાજા સામૈયું લઈને આવ્યા' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥

પૂર સોળમું, તરંગ - ૨૦

હાથીની અંબાડીમાં બેઠેલા શ્રીહરિ ધામધૂમથી રાજદરબારમાં પધાર્યા

ધરમપુરના રાજા વિજયકુમાર અઢાર વર્ષની ઉંમરના હતા. તેઓ આવીને શ્રીહરિના ચરણમાં નમી પડ્યા અને દીવાન તથા વજીર વગેરે માનો હરિભક્તો હોય તેમ શ્રીહરિના ચરણમાં પડ્યા. ૧. શ્રીહરિના ચરણમાં શ્રીફળ મૂક્યું અને રાજા બે હાથ જોડીને બોલ્યા, 'હે ધર્મકુમાર ! આપે આ દેશ અને અમારા પુરને કૃતાર્થ કર્યાં છે !' ૨. તેના એક મરાઠી દીવાન હતા. તે અતિ શુદ્ધ વિપ્ર હતા અને ઘણા બુદ્ધિમાન હતા. તેમના મનમાં ધર્મ ઉપર ઘણો ભાવ હતો. ૩. તે દીવાને શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યું. પછી રાજકુંવર અને દીવાન, બંનેએ અપાર વિનંતિ કરી શ્રીહરિને હાથી ઉપર બેસાર્યા. ૪.

શ્રીહરિ જ્યારે હાથી ઉપર બેઠા ત્યારે રાજા વિજયકુમાર ચામર કરવા બેઠા અને શ્રીહરિ પધાર્યા તેના આનંદમાં પાંચ તોપના અવાજ કર્યા. ૫. તે વખતે બંદૂકોના અવાજ તો અપરંપાર થયા. બધા સંતો અને ભક્તજનો 'જય જય' 'જય જય' એમ બોલતા હતા. ૬. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને 'જય જય આ રીતે નેકી પોકારતા હતા. વાજાવાળા જેટલા સન્મુખ આવ્યા હતા, તે બધા વિવિધ પ્રકારે વાજા વગાડતા હતા. ૭. તે વાજિંત્રોનો ધ્વનિ પૃથ્વી, પાતાળ અને આકાશ, એ બધામાં વ્યાપી ગયો હતો. વળી, મોટા મોટા સંતો, વર્ણી અને સંન્યાસીઓ હતા, તે બધાને જેમ ઘટે તેમ મ્યાના, સુખપાલ અને રથમાં બેસાડ્યા હતા. પરમ ચૈતન્યાનંદસ્વામી રાજાની રીતને સમજતા હતા. ૮-૯.

❋ શુભવર્તન એ જ સાચી શોભા છે :

શ્રીહરિએ તેમને અગાઉથી કહી રાખ્યું હતું કે તમે જે જાણતા હો તેમ તમારે સંતોને કહેવું. તમારા કહેવા પ્રમાણે સંતો કરશે. કહ્યા વિના કાંઈ ખબર પડતી નથી. ૧૦. શ્રીહરિએ સંતોને કહ્યું કે, તમે બધા ઘણા બુદ્ધિમાન છો, પણ અત્યારે પરમ ચૈતન્યાનંદસ્વામી જેમ કહે તે રીતે તમારે સહુએ કરવું. ૧૧. પછી બધા સંતો પરમ ચૈતન્યાનંદસ્વામીના કહ્યા પ્રમાણે કરતા હતા અને તેનાથી બધા સંતો અત્યંત શોભતા હતા.

જેટલું શુભવર્તન છે તે સંતોનું ખરું ભૂષણ છે. ૧૨. **શુભ વર્તનરૂપ ઘરેણામાં અપાર શોભા રહી છે. શુભ વર્તનરૂપી આભૂષણની આગળ બીજાં બધાં આભૂષણ અને વસ્ત્રો તો ફિક્કાં લાગે છે. ૧૩.** ક્યાં અમૃત ? અને ક્યાં ઝેર ? શુભ વર્તનરૂપી ભૂષણ અમૃત છે અને બીજાં બધાં આભૂષણો ઝેર જેવાં છે, એમ શ્રીહરિ વાત કરતા હતા. ૧૪. પંચવિષયરૂપ બીજ જેમાં છુપાયેલું હોય એવા બધા પદાર્થો ઝેરરૂપ કહેવાય છે. ૧૫. જેમાં એકસરખી રીતે આવી સમજણ નિરંતર રહેતી હોય તે ક્યારેય અન્ય પદાર્થમાં પતંગિયાની જેમ અંજાઈને પડતા નથી. ૧૬. ભગવાનના સંબંધ સિવાયના બીજા પદાર્થરૂપી જે મોટો જળપ્રવાહ, તેને જે મિથ્યા સમજે છે, તેવા સંતો વિષયના પ્રવાહમાં ક્યારેય તણાતા નથી. ૧૭.

જે લોકો જેટલા વિષયી પદાર્થના પૂરમાં તણાતા નથી તેટલા તે સાચા અર્થમાં સંત થયા છે. અને જે સંત જેટલા પદાર્થના પૂરમાં તણાતા રહે છે તેટલી તેની સાધુતામાં ખામી છે. એવું પ્રત્યક્ષ દેખાઈ આવે છે. જેના અંતરમાં જેવું વર્તતતું હોય તેવું તેનું વર્તન કહી બતાવે છે. ૧૮-૧૯. ચોરનું જે અંદરનું વર્તન છે, તેને તેનું બાહ્ય વર્તન આપોઆપ કહી દે છે. જે માણસમાં જેવા ગુણો હોય છે તેને તેનું વર્તન કહી દે છે. ૨૦. શ્રીહરિ વારંવાર આવી અપાર વાતો સંતોને કહેતા હતા. શ્રીહરિની વાતને દિલમાં ધારતા હતા, એવા જેટલા સંતો હતા તેટલા સંતોને શ્રીહરિ સાથે લાવ્યા હતા. તેનાથી ઘણી શોભા થઈ હતી. પુરમાં જે કોઈ પણ બાઈભાઈ રહેતાં હતાં, તે બધાં શ્રીહરિની સન્મુખ સામૈયામાં આવ્યાં હતાં. ૨૧-૨૨.

જેટલા લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા, તે બધાનું ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં ચોંટી જાતું હતું. આવનારા બધાના હાથમાં ફૂલના હાર હતા. અડધા કોશ સુધી તે બધા પુરથી બહાર આવ્યા હતા. ૨૩. ધરમપુરથી અડધા કોશ સુધી બધા લોકો લગાતાર ઊભા હતા અને જેટલા પુરુષો હતા, તે બધા રસ્તાની એક બાજુએ ઊભા હતા. ૨૪. અને બીજી બાજુએ બધી સ્ત્રીઓ આવીને ઊભી હતી. શ્રીહરિની જમણી બાજુએ બધા પુરુષો ઊભા હતા. ૨૫. અને શ્રીહરિની ડાબી બાજુએ બધી સ્ત્રીઓ ઊભી હતી. પ્રજાના તે વિવેકને જોઈને શ્રીહરિ તેનાં ઘણાં વખાણ કરવા લાગ્યા. ૨૬ શ્રીહરિ બોલ્યા, અમારી જેવી રુચિ છે તે રીતે આ બધા લોકો વર્તી રહ્યા છે. કોઈ ચતુર માણસે તેમને શિક્ષણ આપ્યું છે. ૨૭.

આવી રીતને દેખીને અમે ઘણું પ્રસન્ન થઈએ છીએ. જ્યાં જેનું ચલણ હોય ત્યાં તેનો શિક્ષણનો અધિકાર રહ્યો છે. ૨૮. જ્યાં જેનો અધિકાર હોય ત્યાં તેવી રીતે તેના લોકો વર્તે છે. અધિકાર વગર ઠેર ઠેર આવું વર્તન કરાવી શકાતું નથી. ૨૯. જ્યારે શ્રીહરિ ધરમપુર આવ્યા ત્યારે માનો ફૂલનો બગીચો હોય, તેવો તે માર્ગ ફૂલોથી ખીલેલો સુશોભિત લાગતો હતો. ૩૦. શ્રીહરિ જ્યારે હાથી ઉપર બેઠા ત્યારે અંગ ઉપર બધાં વસ્ત્ર અને ઘરેણાંઓ સોનાનાં પહેર્યાં હતાં. તેમાં વિવિધ પ્રકારના અનેક હીરા જડ્યા હતા. તે

અત્યંત શોભાદાર હતા. ૩૧. ત્યાંના રાજા વિજયદેવ હતા. તે હાથમાં ચામર લઈને શ્રીહરિના મસ્તક ઉપર ઢોળતા હતા. આ રીતે સવારી ચાલી. ૩૨.

આ રીતે સવારી પુરના દરવાજે આવી. શહેરના રાજમાર્ગ જેટલા હતા તે અને બધી દુકાનોને ચિત્ર-વિચિત્ર રીતે શણગારેલી હતી. ૩૩. બધી બજારોને સ્વચ્છ કરાવીને તેમાં સુગંધી પાણી છંટાવ્યું હતું. જ્યારે દિવસનો પાછલો પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ **ધરમપુર** નગરમાં આવ્યા. ૩૪. તે વખતે બંને બાજુ સોનેરી કેળોને બજારમાં રોપાવી દીધી હતી અને તે કેળના સ્તંભની વચ્ચે શ્રીફળનાં ઝાડ પણ રોપ્યાં હતાં. ૩૫. બજારની દુકાનો ઉપરના જે માળ હતા તેમાં, ગોખમાં, અગાશી ઉપર અને ધાબામાં નગરનાં બધાં બાઈ-ભાઈ દર્શન કરવા માટે ઊભાં હતાં. ૩૬.

સુંદરશ્યામ શ્રીહરિને મોતીના થાળ ભરી ભરીને સ્ત્રીઓ વધાવતી હતી અને કેટલીક સ્ત્રીઓ સોના-રૂપાનાં ફૂલ લઈને વધાવતી હતી. ૩૭. અપાર ફૂલના હાર લઈને બધા એકધારા તેની વૃષ્ટિ કરી રહ્યા હતા. જેટલા પુરુષો હતા એટલા ફૂલના હાર લીધેલા હતા. ૩૮. તે બધા શ્રીહરિના મસ્તક ઉપર ફૂલહારની વૃષ્ટિ કરતા હતા. અને મુખથી 'જય જય' 'જય જય' ધ્વનિ કરતા હતા. તેની શોભા અતિશય થઈ હતી. ૩૯. જેટલા દેવો કહેવાય છે તે બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા અને કેસરી ચંદન તથા ફૂલોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૪૦. શ્રીહરિ રાજદરબારની અંદર આ રીતે આવ્યા અને તે પછી હાથી ઉપરથી ત્યાં નીચે ઊતર્યા. ૪૧. ત્યાં અત્યંત અદ્‌ભુત રાજાનો જે બંગલો હતો તેમાં શ્રીહરિને રાજાએ ઉતારો આપ્યો. શ્રીહરિ સહુ સંતોની સાથે તે બંગલામાં ઊતર્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'હાથીની અંબાડી ઉપર બેઠેલા શ્રીહરિ ધામધૂમથી રાજદરબારમાં પધાર્યા' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર સોળમું, તરંગ - ૨૧

ધરમપુરમાં કુશળકુંવરબાઈએ પ્રગટ કરેલો ભક્તિભાવ

વિજયદેવ રાજાના પિતા રૂપદેવની માતા કુશળકુંવરબાઈ નામે હતાં. તેમને માટે જ શ્રીહરિ ધરમપુર આવ્યા હતા. ૧. ધરમપુરથી પંદર કોશ દૂર વાંસદા નામનું ગામ છે. કુશળકુંવરબાઈ તે દિવસે ત્યાં હતાં. ત્યાં તેમનાં ભત્રીજી રહેતાં હતાં. ૨. જીતબા તેમનું નામ હતું. તેઓ પણ પાકા હરિભક્ત હતાં. તેઓ ઘણાં બીમાર તથા દુઃખી હતાં અને ભગવાનના ધામમાં જવા તૈયાર થયાં હતાં. ૩. શ્રીહરિ ધરમપુર આવ્યા, તે વાત જ્યારે સાંભળી ત્યારે કુશળકુંવરબાઈ તરત ત્યાંથી મ્યાનામાં બેસીને ચાલતાં થયાં. ૪. એક ઘડીમાં બે કોશ ચાલે તેવા મ્યાનાને ઉપાડનારા માણસોની સાથે કુશળકુંવરબાઈ ચાલ્યાં હતાં. એક પહોર સમયમાં તેઓ ધરમપુર આવી ગયાં. ૫.

જ્યારે સંધ્યા આરતીનો સમયે થયો ત્યારે કુશળકુંવરબાઈ ધરમપુરમાં પહોંચ્યાં. તેમણે આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. તે સમયે તેમની ઉંમર એંસી વર્ષની હતી. ૬. (સં. ૧૮૭૨ પોષ વદ એકાદશી સોમવારે) શ્રીહરિનાં દર્શન કરીને કુશળકુંવરબાઈ પરમ સુખને પામ્યાં. તેઓએ કહ્યું, ‘આજ તો મારા પ્રાણોના પણ પ્રાણ આવા ભગવાન મારે ઘેર પધાર્યા છે, એટલે મારાં અપાર ભાગ્ય છે! ૭. જ્યાં સુધી આપ શ્રીહરિ મને મળ્યા ન હતા ત્યાં સુધીનાં મારાં તમામ વર્ષો, દિવસો તથા અત્યાર સુધીનું મારું સર્વે આયુષ્ય નકામું ગયું છે. આજ મારું બધું જીવન લેખામાં આવ્યું છે, ધન્ય બન્યું છે.’ ૮. શ્રીહરિ કહે, ‘અમે તમારે માટે થઈને જ અહીં આવ્યા છીએ. અહીં આવવાનું બીજું કોઈ કામ ન હતું. જો તમે આજ ન આવ્યાં હોત તો આવતી કાલે અમે અને બધા સંતો તરત જ ચાલી નીકળત. તેમાં કોઈ વાર લાગત નહીં. તમારું મનોબળ ઘણું અપાર છે.’ ત્યારે કુશળકુંવરબાઈએ કહ્યું, ‘જો આપ આજે જ આવશો તેવી ખબર હોત તો હું ક્યારેય વાંસદા જાત નહીં, કારણ કે અહીંયાં રહેવામાં મારું હિત હતું.’ ૯-૧૦.

શ્રીહરિએ કહ્યું, ‘જીતબાનું જો મૃત્યુ થયું હોત તો તમે શું કરત ?’ ત્યારે તે બાઈએ કહ્યું, ‘હું તેને છોડીને તરત જ અહીં ચાલી આવત. ૧૧.

આપના સિવાય મેં અન્ય કોઈમાં વધારે હેત રાખ્યું નથી. તેમાં હું જરાય અસત્ય બોલતી નથી.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આવું સમજીને જ અમે તમારા સ્નેહને લીધે અહીંયાઘ્ન આવ્યા છીએ. ૧૨. તમે જે રીતે કહ્યું હતું, તે રીતે જીવુબાને પણ સાથે લાવ્યા છીએ. તમે નિત્ય કહ્યા કરતાં હતાં, પણ તેમણે આ પ્રદેશ ક્યારેય દેખ્યો ન હતો. ૧૩. અમે બધા સંતો, વર્ણી, સંન્યાસીઓ, સહુને લાવ્યા છીએ અને હરિભક્તો પણ પાછળ આવે છે. ૧૪. જે હરિભક્તો છે તે બધા કામ-ધંધાવાળા છે અને ફૂલદોલ ઉપર એ બધા વડતાલ આવશે. ૧૫.

સોરઠ દેશ અને કચ્છ દેશ તો ઘણો દૂર છે, પણ ત્યાંના હરિભક્તો શૂરા છે અને અમારા ગુરુ રામાનંદસ્વામીને મળેલા છે. ૧૬. અહીંયાં આવ્યા છે તેમાંથી કેટલાક સંતો, સંન્યાસીઓ અને વર્ણીમાં તો એવા છે કે તેઓ સદ્‌ગુરુ રામાનંદસ્વામીને મળેલા છે.' ૧૭. એમ કહી શ્રીહરિએ રામાનંદસ્વામીને મળેલા સહુ સંતોને અલગ અલગ દેખાડ્યા. પછી કહ્યું, અમને પણ તે સદ્‌ગુરુ રામાનંદસ્વામી મળ્યા હતા. ૧૮. તેઓ ઉદ્ધવનો અવતાર હતા. તેમણે ધર્મનું સ્થાપન કરવા માટે દેહ ધાર્યો હતો. આ સંતો, વર્ણી અને સંન્યાસી જે છે તેઓ પણ ધર્મનું સ્થાપન કરવા માટે પ્રગટ્યા છે. ૧૯. તેઓએ અહીં પૃથ્વી પર મનુષ્યદેહ ધરીને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો છે. અને ગોલોકવાસી શ્રીકૃષ્ણ ભગવાન અમારા હૃદયમાં નિવાસ કરીને રહ્યા છે. ૨૦.

તેમની જેવી ઈચ્છા રહી હોય તે પ્રમાણે તેઓ અમારા દ્વારાએ કામ કરાવે છે. ત્યારે તે કુશળકુંવરબાઈએ કહ્યું, 'પરમેશ્વર તો આપ જ છો. પોતાની ઈચ્છામાં આવે તેમ આપ અનંત પ્રકારે વાતો કહો છો. હવે અમને લગારે પણ ભ્રાંતિ રહી નથી. પૂર્વે જે જે અવતારો થયા છે તે તે બધા આપના સ્વરૂપમાં જ અમને દેખાય છે. ૨૧-૨૨.

❋ અનંત અવતારોનું મૂળ કારણ શ્રીહરિ છે :

चोपाई :

तुमारे यह तन रहे जोऊ, अनंत अवतार के मूल रहे सोऊ;
वेदपुरान स्मृति जितने, ज्योतिष शास्त्र कहावत तितने...२३

नीति योगकला रहे जेते, तंत्रकला जो रहाये तेते;
ओर में कथन मात्र देखाते, तुम में कला यह सत्य रहाते...२४

આપનું આ જે સ્વરૂપ છે તે અનંત અવતારોનું મૂળ છે. વેદ, પુરાણ, ધર્મશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, યોગકળા અને તંત્રોમાં બીજી જે કળાઓ કહી છે, તે તો બીજા અવતારોમાં કથનમાત્ર દેખાય છે. અને આપમાં તો બધી જ કળાઓ યથાર્થરૂપમાં રહી છે. ૨૩-૨૪.

दोहा : एक एक हि रोम में, ब्रह्मांड रहे अपार;
एसे रहे अक्षर जोउ, तिनके तुम आधार...२५

एसे अक्षर अपार हि, एक एक हि तुमार;
रोम में रहे देखात नहि, आश्चर्य बात हमार...२६

જેના એક એક રોમમાં અનંત બ્રહ્માંડો રહ્યાં છે એવું અક્ષરબ્રહ્મ છે અને આપ તો તે અક્ષરના પણ આધાર છો. ૨૫. અને એવા અપાર અક્ષર આપના એક એક રોમમાં રહ્યા છે, પણ તે દેખાતા નથી. તે અમારે માટે આશ્ચર્યકારી વાત છે..! ૨૬.

सोरठा : बडे बडता जो ताकि, निज मुख से न कहत कबहु;
यह बडता रहे वाकि, यामें बडता रहे सबहि...२७

જે મોટાઓ છે તે પોતાના મુખથી પોતાની મોટાઈને ક્યારેય કહેતા નથી. એ જ તેમની ખરી મોટાઈ કહેવાય છે અને એ મોટાઈમાં જ સર્વે મોટાઈ રહી છે. ૨૭. જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે કોઈ ઘેરઘેર કહેવા જાતું નથી, પણ તે તેના પ્રકાશથી દેખાઈ આવે છે. એ રીતે મોટાઓની જે મોટાઈ છે તે તો તેમના પ્રતાપ ઉપરથી જ દેખાઈ આવે છે. ૨૮.

રાતનું જે અંધારું છે તેને તો સૂર્ય ટાળી શકે છે, પણ અજ્ઞાનરૂપ અંધારું છે તેને સૂર્ય ક્યારેય ટાળી શકતો નથી. ૨૯. હૃદયનું અજ્ઞાનરૂપી જે અંધારું છે, તેમાં જ્ઞાનરૂપી સૂર્ય તો આપની વાતો છે. તે આપની વાતો અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરી રહી છે. ૩૦. **જેના કાનરૂપી નેત્ર બંધ થઈ ગયાં છે તેનું અજ્ઞાનરૂપી અંધારું ક્યારેય ટળતું નથી. વળી, આપના ઉપયોગમાં આવેલાં જે**

કોઈ પણ વસ્તુ-પદાર્થ હોય છે, તે દર્શન અને પૂજન કર્યા જેવાં થઈ જાય છે. એવો આપનો પ્રતાપ છે. બીજામાં જેટલો પ્રતાપ છે, તે તો આપનો આપેલો હોય તેમ મને દેખાય છે. ૩૧-૩૨.

હે નાથ ! કોઈ આ વાત જાણે કે ન જાણે પરંતુ હું જે રીતે આપને જાણું છું એવી વાત મેં કહી છે. હવે આપને જાણવામાં મારે કોઈ ખામી હોય અને તે જો આપને દેખવામાં આવે તો નિઃશંકપણે મને કહેજો. આપ તો સર્વેના સ્વામી અને ભક્તોના અંતર્યામી છો. હવે પછીથી મારે ફરીને ક્યારેય જન્મ-મરણરૂપી સંસારના સંકટનો રોગ ન રહે, એવી કૃપા કરજો ! ૩૩-૩૪.

भवसंकट रोग कहावत ताकि, तुमारे हाथ हे नाडी वाकि;
उषद्ध अब देना ताके एसा, तुम रहाये वैद हि जेसा...३५

ભવભટકણરૂપ જે રોગ કહેવાય છે તેને ટાળનારા આપ જ ખરા વૈદ્ય છો. મારી નાડી આપના હાથમાં છે. હવે તેનું યોગ્ય ઔષધ આપો. ૩૫. હવે આપનો વિયોગ ક્યારેય ન થાય, એવું ઔષધ મને આપો. ત્યારે શ્રીહરિએ કહ્યું, તેવું ઔષધ આપવા તો અમે પ્રેમથી અહીં આવ્યા છીએ. ૩૬. **ભગવાન સિવાય આ પિંડ અને બ્રહ્માંડમાં જે કાંઈ નામ અને રૂપ છે, તે બધામાં સંસાર સંકટરૂપી રોગનું બીજ રહ્યું છે. ૩૭. અમારે જ્ઞાનરૂપી અગ્નિથી તે બધાં બીજોનો નાશ કરવો છે. જ્ઞાનરૂપ અગ્નિ સિવાય તે સંસાર સંકટરૂપ રોગનો ક્યારેય નાશ થતો નથી. ૩૮.** અહીંયાં રોજ રોજ જે રીતે સંતોની સભા થાય છે તે ઘણી જ શુદ્ધ રહી છે અને તે જ્ઞાનના અગ્નિરૂપ છે. ૩૯. આ સંતોની સભા વચ્ચે અમે જે રીતે વાત કરીએ છીએ, તે બધી અમારી આંખે દેખેલી હોય છે. માટે તે વાતોને તમારે હૃદયમાં ઉતારવી. ૪૦.

(પછી મહારાજ પોઢી ગયા. બીજે દિવસે સવારે નિત્યનિયમ વગેરે કર્યું. શ્રીહરિ સંતો-ભક્તો સાથે રાજદરબારમાં વાતો કરે છે. કુંવર વિજયદેવ મહેલના સાતમા માળે બેઠા હતા. તેમના મનમાં સંકલ્પ થયો કે, મોટાં રાણીબા તો આ સહજાનંદસ્વામીને ભગવાન કહે છે. તે જો સહજાનંદસ્વામી ભગવાન હોય તો મને અહીં દર્શન આપે. શ્રીહરિએ તેમનો આ સંકલ્પ

અંતર્યામીપણે જાણ્યો. પછી સાતમા માળે દિવ્યરૂપે વિજયદેવને દર્શન આપ્યાં. તેથી આ શ્રીહરિ ખરેખર મહાપુરુષ છે એવો તેમના મનમાં નિશ્ચય થયો. અને શ્રીહરિ રહ્યા ત્યાં સુધી ખૂબ શ્રદ્ધાભાવથી તેમની સેવા કરી હતી. આ રીતે રાજપરંપરામાં વાત ચાલી આવે છે.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધરમપુરમાં કુશળકુંવરબાઈએ પ્રગટ કરેલો ભક્તિભાવ' એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર સોળમું, તરંગ - ૨૨

ધરમપુરમાં શ્રીહરિ હાથી ઉપર બેસીને હનુમાનજીનાં દર્શને ગયા

શ્રીહરિ ધરમપુર ગયા તે સમાચાર પાર્ષદ ભગુજીએ ગઢપુરમાં આવીને કહ્યા, ત્યારે ત્યાં રહેલા સંતોએ જાણ્યું. ૧. પછી જે ગુજરાતમાં ગયેલા હતા, તે બધા સંતોને બોલાવીને કહ્યું, તમે પણ વહાણમાં બેસીને ધરમપુર જાઓ, એમ શ્રીહરિએ કહ્યું છે. ૨. તે સમયે મુક્તાનંદસ્વામી ગોંડલથી ગઢપુર આવ્યા અને તરત જ પ્રેમાનંદસ્વામીને સાથે લઈ ચાલતા થયા. ૩. દેવાનંદસ્વામી અને ગવૈયા સંતોનું જે મંડળ હતું તે બધા સંતો મુક્તાનંદસ્વામી સાથે ધરમપુર જાવા ચાલ્યા અને બ્રહ્માનંદસ્વામી ગોંડલથી ચાલીને સીધા ભુજ ગયા હતા. ૪. મુક્તાનંદસ્વામી સંતમંડળ સાથે તળાજાથી વહાણમાં બેઠા અને નવસારી ઊતર્યા. સાથે રાઠોડ ધાધલ તથા સોમલા ખાચર હતા. ૫.

પછી મુક્તાનંદસ્વામી ધરમપુર આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. તેમને જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા અને બોલ્યા કે અમે તમને સંભારતા હતા, ત્યાં તમે આવ્યા. ૬. મુનિવર નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ભણનારા જે બધા સંતો હતા અને લાધારામ ઠાકર તથા બેચરજી વગેરે ચાર બ્રાહ્મણો સાથે હતા. અને તે બધા ભાવનગરથી વહાણમાં બેઠા. ૭-૮. તેઓ પણ નવસારી બંદરે ઊતર્યા અને ધરમપુર આવ્યા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને શ્રીહરિ પણ તેમને જોઈને ઘણું રાજી થયા. ૯. સુરતનાં આબાલવૃદ્ધ

બાઈભાઈ જે હરિભક્ત હતાં, તે સહુ (આનંદાનંદસ્વામીની સાથે) શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં આવ્યાં. ૧૦. શ્રીહરિ ધરમપુરમાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી રોજ નવી નવી પૂજા થતી હતી. જે અલગ અલગ બધા હરિભક્તો હતા, તે ઘણા પ્રેમથી પૂજા કરતા હતા. ૧૧. શ્રીહરિ ધરમપુરમાં એક મહિનો રહ્યા. મુખે ન કહી શકાય એવું સહુને સુખ આપ્યું. ધરમપુરમાં બધા આશ્રિતોને જેવું સુખ આપ્યું તેવું સુખ ક્યારેય બીજાએ લીધું નહિ હોય ! ૧૨.

❋ શ્રીહરિએ રાણીવાસમાં દર્શન દઈ પોતાનું નિર્વિકારપણું કહ્યું :

(કુશળકુંવરબાઈના પતિ સોમદેવને અનેક રાણીઓ હતી. તેમાં કુશળકુંવરબા સહુથી મોટાં હતાં. અને તેમને જ એક રૂપદેવ નામે પુત્ર હતા. અન્ય રાણીઓને કોઈ દીકરા ન હતા. અને રૂપદેવની પણ રાણીઓ હતી. તેમાં મોટી રાણી રાજપીપળાના મહારાજા અજબસિંહજીની રાજકુમારી ગુમાનબાઈ હતાં. આ બધી ઓઝલવાળી રાજકીય નારીઓને મહારાજ દર્શન આપે તો સારું એવી કુશળકુંવરબાઈને ઇચ્છા હતી.

પછી મહા સુદ ત્રીજે મહારાજે પ્રભાતે વહેલા ઊઠીને દંતધાવન કર્યું. પછી સ્નાન, સંધ્યા ને પૂજા કરી. ને સર્વે સંત ને હરિજનની સભા બેઠી હતી. ત્યારે કુશળકુંવરબાઈએ મહારાજને પ્રાર્થના કરી, "હે મહારાજ ! તમે અમારા રાજદરબારમાં રહેલા અંતઃપુરમાં પધારો. ને ત્યાં તે ધનના કોશ-ભંડાર છે ને અન્નના કોઠાર છે તેને દૃષ્ટિપ્રસાદી કરો. અને ત્યાં રાણીવાસમાં બાઈઓ જે વહુવારુંઓ છે તેને દર્શન આપો, તેથી તે સર્વેનો મોક્ષ થાશે. તે સારુ તમે પધારો, કેમ જે તે બાઈઓ સર્વે ઓઝલમાં છે."

તેથી મહારાજ ને તેનો દીવાન ને તેનાં સંબંધીજન વૃદ્ધ પુરુષ ને તેના પુરોહિતાદિક અને સોમલા ખાચર આદિક મહારાજના સખા ને મુકુંદાદિક વર્ણી ને નાનાભાઈ આદિક દ્વિજ ને મોટેરા સંતે સહિત મહારાજ તેના દરબાર મધ્યે પધાર્યા. ત્યાં શ્રીજીમહારાજને ભારે પલંગ ઉપર પધરાવ્યા. પછી તે સમે સર્વે બાઈઓ આવી ને સલજ્જ-મુખ આડાં પટ ઢાંકીને બેઠી. ત્યારે કુશળકુંવરબાઈએ તે સર્વે બાઈઓને એમ કહ્યું જે, "અરે મૂર્ખીઓ! આવા જે

આદિપુરુષ ને સર્વેના સ્વામી ને પુરુષોત્તમ તેનાં તો દર્શન ને સ્પર્શ કરવા યોગ્ય છે. તેના દર્શને કરીને અંતરમાં રાખ્યા જેવા આ મહારાજ છે. વળી દોહ્યલી વેળા જે અંતકાળે રક્ષા કરે તેવા આ મહારાજ છે." તેમ કુશળકુંવરબાઈએ સર્વે બાઈઓને કહ્યું. ત્યારે તે સર્વેએ મહારાજનાં દર્શન કર્યાં.

પછી શ્રીજીમહારાજે તેના દીવાન કૃષ્ણરાવ પ્રત્યે એમ વાત કરી જે, "જેમ ખંભાત આદિક ગામના મૃતિકાનાં પાત્ર ઘણાંક શોભાયમાન થાય છે; તે કેટલાંક તો સ્થૂળ ને કેટલાંક તો સૂક્ષ્મ ચિત્રવિચિત્ર ઘડે છે, પણ તેનો ઘડનારો તેમાં લોભાતો નથી. અને એ પાત્ર સર્વે લોકને આપી દે છે ને સર્વે વિષયી જીવને આનંદ પમાડે છે પણ પોતાના ઘરમાં નથી રાખતો. કેમ કે તેનો ઘડનારો પોતાના મનથી એમ સમજે છે જે, આ તો મૃતિકાનાં પાત્ર જે મેં ઘડ્યાં છે તે તુચ્છ છે. એમ બ્રહ્માદિક પ્રજાપતિએ સ્ત્રીયાદિકના આકાર તે અનંત સ્ત્રીયાદિકનાં રૂપને ઉપજાવ્યાં છે, પણ તેનાં તુચ્છ રૂપને વિષે તે આસક્ત નથી થાતા. અને અગ્નિ ને વાયુ આદિક સર્વે ભગવાનની વિભૂતિ છે તે પણ તેમાં આસક્ત નથી થાતા.

અને જ્યારે સ્વરૂપવાન સ્ત્રી મૃત્યુને પામે છે ત્યારે તેને અગ્નિ અસંગી થકો બાળીને ભસ્મ કરી નાખે છે છતાં તે નિર્વિકારી છે; તેમ અમે નિર્વિકારી છીએ. કેમ જે, અમે સ્ત્રીની સાથે બોલતે ચાલતે ને તેની સાથે વાત કરવે કરીને તેના પાપને બાળીને ભસ્મ કરી નાંખીએ છીએ. હે બાઈ ! સર્વે વાસના બાળીને તમ જેવા નિર્વિકારી ને વળી અત્યંત ત્યાગી કરીએ એવો અમારો સ્વભાવ છે." એમ શ્રીહરિએ કુશળકુંવરબાઈ પ્રત્યે વાત કરીને સર્વે જનને સમજાવ્યા.

વળી, તે સમે ઘણી કીડીઓની હાર ચાલી જાતી હતી. તેને જોઈને શ્રીજીમહારાજ તેના દીવાન તથા સર્વે પુરુષ પ્રત્યે એમ બોલ્યા જે, "આ સર્વે જે કીડીઓ ચાલી જાય છે તેનું તમે અનુમાન કરી દેખાડો જે, આમાં સ્ત્રી કોણ છે ? પુરુષ કોણ છે ? અને જોબને યુક્ત કોણ છે ? વૃદ્ધપણે કોણ છે ? સ્વરૂપવાન કોણ છે ? કુરૂપવાન કોણ છે ? અને કેણે વસન ને અલંકાર ધાર્યાં છે ? કેણે નથી ધાર્યાં ? તેમ તમે તેની વિક્તિ કરી દેખાડો." ત્યારે તે

સર્વે એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ તો અતિ સૂક્ષ્મ છે. તેનું રૂપ ને અવયવ તે કાંઈ નથી જણાતું." પછી તે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "આ પિપીલિકાને વિષે તમારે જેમ સમભાવ છે તેમ જ અમારે વૃદ્ધ ને જોબન, રૂપ ને કુરૂપવાન જે સ્ત્રી તેને વિષે સમપણે સદાય વર્તે છે." તેમ ઘણીક વાત કરી. પછી ત્યાંથી શ્રીજીમહારાજ "જય સચ્ચિદાનંદ" કહીને ઉતારે પધાર્યા. તે પોતાનો થાળ વિપ્ર મોટીબા ને મીણબાએ કર્યો હતો, તે રાજી થઈને જમ્યા. પછી સંતો-ભક્તોને પીરસીને જમાડ્યા.)

ત્યાંના વિજયદેવ નામે રાજાને અઠવાડિયામાં એક વખત હનુમાનજીનાં દર્શને જવાનું નિયમ હતું. ૧૩. શ્રીહરિ ધરમપુરમાં રહ્યા ત્યારે દર અઠવાડિયે એકવાર, એમ ત્રણ વખત હનુમાનજીના દર્શને ગયા હતા. જવું હોય ત્યારે હાથીની અદ્‌ભુત સવારી તૈયાર કરતા હતા. ૧૪. અનુપમ જરિયાની સાજથી ઘોડાને અને હાથીને શણગાર્યાં. તેમાં રાજા અશ્વ ઉપર બેઠા અને શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. ૧૫. ભક્તના ભાવને પૂરા કરવા માટે ધર્મકુમાર શ્રીહરિ અપાર નંગથી જડિત સોનાની અંબાડીવાળા હાથી ઉપર બેઠા. ૧૬. જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે બધી સવારી તૈયાર થઈ.

ધરમપુર નગરને મધ્યે રાજાનો કિલ્લાવાળો દરબારગઢ હતો. ૧૭. તેના ઉત્તર તરફના દરવાજાથી ભક્તના ચિત્તને ચોરનારા શ્રીહરિ હાથી ઉપર બેસતા. પહેલા આથમણી બજારે ચાલતા. આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં. ૧૮. રાજાના જે નૃત્યકાર હતા તે સવારીમાં આગળ નૃત્ય કરતા હતા. અને ચોપદારો હતા તે હાથમાં સોનાની છડી લઈને મુખથી ઊંચે અવાજે 'જય જય' 'જય જય' એમ બોલતા હતા. તેની શોભા અપરંપાર હતી. જેટલા સંતો અને હરિભક્તો હતા, તે બધાને શ્રીહરિએ દર્શન કરવા બોલાવ્યા હતા. ૧૯-૨૦. સૌને હાથીની આગળ અને પાછળ રાખ્યા. હાથી ઘણો મસ્ત હતો. શ્રીહરિ કહે, જો કોઈ હાથીની સૂંઢમાં આવશે તો તે બચી શકશે નહીં. હાથીની આસપાસમાં ભાલાવાળા માણસો હતા, છતાં પણ સૌના મનમાં ભય રહેતો હતો. પુરના જે મનુષ્યો હતાં, તે બધાં શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૨૧-૨૨.

શ્રીહરિ જ્યારે બજારમાંથી નીકળતા ત્યારે લોકો ફૂલના હારની વારંવાર વૃષ્ટિ કરતા હતા. તેની અદ્‌ભુત અને અપાર શોભા બનતી હતી. ૨૩. રાજાના કૃષ્ણરાવ નામે દીવાન હતા તે શ્રીહરિના મસ્તક ઉપર મોરપીછનું ચામર ઢોળતા હતા. તેને શ્રીહરિને વિશે ઘણું હેત હતું. શ્રીહરિ જેટલી વખત હાથી ઉપર બેઠા તેટલી વખત દીવાને મોરપીછનું ચામર કર્યું હતું. આ રીતે તેણે બહુ લાભ લીધો હતો. ૨૪-૨૫. પશ્ચિમ મુખે રહેલા હનુમાનજી હતા ત્યાં સવારી આવી. રાજાએ તેનાં દર્શન કર્યાં. તે પછી તેણે અનુપમ રીતે અશ્વને દોડાવ્યો. ૨૬. દોડતા ઘોડાએ રાજા વિજયદેવ બંદૂક ભરતા હતા અને ફોડતા હતા. અને જમીન ઉપર જે વસ્તુ પડી હોય તેને વેગથી દોડતા ઘોડે લઈ લેતા હતા. દોડતા ઘોડે તે ઊભા થઈ જતા અને પાછા બેસી જતા. તે જોઈને શ્રીહરિ તેના ઉપર ઘણું રાજી થતા હતા. ૨૭-૨૮.

(શ્રીહરિએ પણ તે હનુમાનજીનાં દર્શન કર્યાં. પછી દીવાન વગેરેની ભાવનાથી શ્રીહરિએ ત્યાં બે પીપળાનાં વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું. તે પૈકીનું એક પ્રસાદીભૂત પીપળાનું વૃક્ષ આજે પણ વિદ્યમાન છે. આ પીપળાના વૃક્ષના એક જ થડમાં લીંબડો, પીપળી, મીઠી આંબલી, વડ વગેરે નવ પ્રકારનાં વૃક્ષો છે. ત્યાંના લોકો ખૂબ ભાવથી તે વૃક્ષ નિમિત્તે સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મહિમાને યાદ કરે છે. આ મંદિરની બાજુમાં જ એક નાની વાવ છે. તેમાં સ્વામિનારાયણ ભગવાન તથા પરમહંસો ઘણીવાર નાહ્યા હતા. ગામમાં રાજમહેલની સમીપમાં જ કુંશળકુંવરબાઈએ બંધાવેલું રાધાકૃષ્ણનું મંદિર છે. અને બીજું કાળારામજીનું મંદિર છે. આ બંને મંદિરોમાં સ્વામિનારાયણ ભગવાન દર્શનાર્થે ગયા હતા. આ રીતે શ્રીહરિ ધરમપુર રોકાયા ત્યારે ત્યાંના લોકોનાં કલ્યાણ માટે અનેક પ્રસાદીભૂત તીર્થો બનાવ્યાં હતાં.)

ત્યાંથી જ્યારે પાછા વળે ત્યારે શહેરની સીધી બજારે દરવાજા સુધી ચાલતા. આગળના ભાગમાં નોબત અને ડંકા વાગતાં રહેતાં. તેમજ આગળના ભાગમાં જરિયાની જે નિશાનવાળા હતા, તે સુશોભિત રીતે ચાલતા હતા. ધરમપુરના પૂર્વ દરવાજે આવતા ત્યારે ત્યાં દરવાજા બહાર એક ફૂલવાડી હતી. તેની વચ્ચે એક સારો બંગલો હતો. ૨૯-૩૦. રાજા વિજયદેવના

પ્રપિતામહ અને કુંશળકુવરબાઈના સસરા ધર્મદેવ કહેવાતા હતા. તેને માટે આ બંગલો બનાવ્યો હતો. બંગલાની જે સુંદર રચના હતી તે રાજા વિજયદેવે શ્રીહરિને બતાવી. બધા સંતોની બંગલામાં પધરામણી કરી અને તેમાં થયેલો બધો ખર્ચ લેખે લગાડ્યો. ધરમપુર શહેરથી ઉત્તર દિશામાં પાન નદી હતી. તે શ્રીહરિને બતાવી. ૩૧-૩૨.

નદીને કિનારે કેળના અને આંબાનાં ઘણાં વન રહ્યાં હતાં. શહેરની ચારે બાજુ અપાર વૃક્ષોએ યુક્ત અનેક નાના-મોટા પહાડો હતા. ૩૩. તે પહાડોમાં આદિવાસી ભીલનાં ઘણાં ગામો હતાં. તે બધા ભીલ લોકો રાજાને ભગવાનની જેમ માનતા હતા. તે રાજા સિવાય બીજા કોઈ ઠેકાણે ભગવાન છે એવું માનતા નહીં. તે લોકો રાજાને નવી નવી વસ્તુ લાવીને અર્પણ કરતા હતા. ૩૪-૩૫. રાજ દરબારમાં રોજ રોજ નવી નવી અગણિત વસ્તુઓ આવતી રહેતી હતી. તે પ્રજાનો તેવો ભાવ જોઈને તેના ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા હતા. ૩૬.

શ્રીહરિ જ્યારે પાછા શહેરમાં આવ્યા ત્યારે બે ઘડી રાત વીતી ગઈ હતી. તે સમયે અપાર મશાલો પ્રગટી હતી. ત્યારે શ્રીહરિ રાજદરબારમાં આવ્યા. ૩૭. જ્યારે શ્રીહરિવર હાથી ઉપરથી નીચે ઊતર્યા ત્યારે રાજા વિજયદેવ ઘણા પ્રેમથી શ્રીહરિના ચરણમાં નમી પડ્યા. ૩૮. એક દિવસ શ્રીહરિ રાતના સમયમાં સભા કરીને બેઠા હતા. પછી ત્યાં ધૂન અને આરતી કરી. ફરીવાર શ્રીહરિ ઊંચી પાટ ઉપર બેઠા. ૩૯. આગળના ભાગમાં મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી વગેરે સંતો સરોદ અને દોકડ લઈને કીર્તનગાન કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધરમપુરમાં શ્રીહરિ હાથી ઉપર બેસીને હનુમાનજીનાં દર્શન કરવા ગયા' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર સોળમું, તરંગ - ૨૩

ગાયકો અને સંતોનું સંગીત સાંભળ્યું. શ્રીહરિ વાંસદા પધાર્યા

રાજા વિજયદેવ શ્રીહરિની પાસે બેઠા હતા ત્યારે રાજાના બધા ગવૈયાઓ વિવિધ પ્રકારનાં વાજિંત્ર લઈને ત્યાં આવ્યા. ૧. તેમની પાસે શ્રીમંડળ, જળતરંગ જેવાં વિવિધ પ્રકારનાં વાજિંત્ર હતાં. તે વખતે તેઓ બધા જાત જાતના રાગ-રાગણીથી ગાવા લાગ્યા. ૨. રાજાએ પોતાના તે ગવૈયાઓનાં વખાણ કર્યાં અને એવું બોલ્યા કે, 'હે મહારાજ ! આટલામાં સો કોશના વિસ્તારમાં આવા કોઈ ગાયક નથી.' ૩. પછી રાજાએ પોતાના કાંડામાંથી સોનાનાં કડાં કાઢીને તે ગાયકને આપ્યાં. અને પ્રત્યેક ગાયકને એક એક રૂપિયો નિત્ય પુરસ્કારના રૂપમાં આપતા. ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, રાજાઓ ઘણા બુદ્ધિમાન હોય છે, પણ સત્સંગના યોગ વિના કરવાની આવશ્યક બાબતને તેઓ જાણતા નથી. ૫. પ્રિયવ્રત, ધ્રુવ, પ્રહ્લાદ, સ્વાયંભુમનુ, ઉત્તાનપાદ, પૃથુ, ઋષભદેવ, ભરત, ગોપીચંદ, વિભીષણ, ઉદ્ધવ, પાંડવો અને અંબરીષ, એ બધા રાજાઓ સત્સંગના યોગે કરીને પોતાને જે આવશ્યક કરવાનું હતું, તે બધું કરી ગયા છે. તેથી તેમની કીર્તિ બધે પ્રસિદ્ધ રહી છે. ૬-૭.

✵ સત્સંગ ભવસિંધુ તરવાનું નાવ છે :

चोपाई :

करवे की बात जिहाँ लगहू, न भये जीय से तिहाँ लगहू;
इंद्र भये ब्रह्मा भये तोऊ, विषय तामें मति रहत प्रोउ...०८

जिहाँ लग जाकू विषय तामें, परम सुख मनात रहे यामें;
तिहाँ लग मति यह बाल रहेऊ, चाय तेसे तेहि बडे भयेऊ...०९

सत्संग बिन कछु न करेऊ, भव सिंधु कु कबहु नहि तरेऊ;
भवसिंधु जन कु तरने हीता, मनुष्य तन हरि दीने प्रीता...१०

જીવ જ્યાં સુધી જે કરવાનું છે તે નથી કરતો ત્યાં સુધી તે કદાચ ઈન્દ્ર થાય કે બ્રહ્મા થાય તોપણ શું ? તેની બુદ્ધિ તો વિષયમાં પરોવાયેલી રહે છે.૮.

અને મનુષ્યની બુદ્ધિ જ્યાં સુધી વિષયમાં સાચું સુખ માને છે ત્યાં સુધી તે ચાહે તેવો મોટો હોય, તોપણ તે બાળબુદ્ધિ જ છે. ૯. તેણે સત્સંગના યોગ સિવાય કાંઈ કર્યું હોતું નથી અને તેવો વિષયી માણસ સંસારસાગરને ક્યારેય તરી શકે નહીં. માણસને સંસારસાગર તરવાને માટે જ ભગવાને પ્રેમથી મનુષ્યશરીર આપ્યું છે. ૧૦. પરંતુ જ્યાં સુધી સંસારસાગર તરવાની આવી સમજણ ન આવી હોય ત્યાં સુધી તેઓ પોતપોતાના મનમાં ચાહે તેવા મોટા હોય, તોપણ તેના બધા જન્મ વૃથા રહ્યા છે. ૧૧.

मोक्षभागी बडे कहत न तेहि, पशु सम कहत हे सब हि एहि;
सब बात सुद्धरत हे ताकी, सत्संग जब करत जो वाकि...१२

મોક્ષભાગી મોટાપુરુષો ઉપર કહેલાને મોટા કહેતા નથી. તેઓ તો તેને પશુ જેવા કહે છે. જ્યારે તેઓ સત્સંગ કરે છે ત્યારે તેની બધી જ બાબતો સુધરી જાય છે. ૧૨. **સત્ય વાત તો આટલી છે કે મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેણે કશું જ કર્યું નથી. ૧૩. સત્સંગ કર્યા સિવાય અપાર કલ્પો સુધી ભટકે છતાં જીવને સંસારના દુઃખનો અંત આવતો નથી. એવી આ વાત છે. ૧૪.**

सोरठा : सत्संग करने हीत, कथा कीर्तन बात जो जेहि;
करना बात उचित, सेवा करना एहि हीत...१५
जो जो करना बात, सत्संग करने हि जोउ;
समझ यह ठिक कहात, सत्संग बिन न समझ कछु...१६

કથા, કીર્તન અને ભગવદ્વાર્તા એ બધું સત્સંગ કરવા માટે જ છે અને સેવા પણ સત્સંગ કરવા માટે જ કરવાની હોય છે. માટે હંમેશાં એવી વાતો કરવી. ૧૫. જે જે કાંઈ બાબત કરવી તે સત્સંગ કરવા માટે જ છે, એમ સમજવું તે સમજણ સાચી છે. સત્સંગ સિવાયની બીજી કોઈ ઉત્તમ સમજણ નથી. ૧૬. ગ્રંથો, વાર્તાઓ, મતમતાંતરો, એ બધા અનંત કહેવાય છે અને હજી અનંત થશે. તેનો ક્યારેય પાર આવે તેમ નથી. ૧૭.

સત્સંગ સિવાય જે કાંઈ પણ તાન છે તે બધું સંસારસાગરમાં ડુબાડનારું છે. અને તીર્થ, વ્રત ઈત્યાદિક જે કરવાનું કહ્યું છે, તેનું તાન પણ સત્સંગ કરવો

તે જ છે. ૧૮. કોઈ મનુષ્ય દાન, તપ, યજ્ઞ અને જપ કરે છે, છતાં સત્સંગ સિવાય તેનો ઉદ્ધાર થતો નથી. આવી જે સમજણ છે તેને સર્વોપરિ સમજણ કહેવાય છે. ૧૯. કોઈને બ્રહ્માંડનાં રાજ્યનું સુખ મળે, પણ જો તેને સત્સંગ ઉપર તાન હોય તો તે સાર્થક છે. અને જેને સત્સંગ ઉપર તાન ન હોય તેની ચાહે તેટલી મોટાઈ હોય તોપણ તેનું સુખ એક પળવારનું જ દેખાય છે. પછી તેને દુઃખનો તો કોઈ પાર રહેતો નથી. શ્રીહરિએ આટલી વાત કરી અને પછી પ્રસન્નતાથી તે ગવૈયાઓને કહ્યું, ૨૦-૨૧. 'તમે આ સંતોની સભામાં જે ગાન કર્યું, તેથી તમારો સંગીતનો ગુણ આજ લેખે લાગ્યો.

આ સંતોનો તો એવો પ્રતાપ છે કે તે અપાર દુઃખોનો નાશ કરી દે છે. ૨૨. સમૃદ્ધિ આપનારા તો અપાર મળી રહે છે. એ મળવા એ વાતમાં લગાર પણ આશ્ચર્ય નથી. આશ્ચર્યકારી વાત તો એટલી જ છે કે આવા સંતોનો યોગ મળવો..! ૨૩. હવે અમારા સંતો ગાન કરશે, તો તમે તેમાં વાજિંત્ર વગાડો.' આમ કહીને શ્રીહરિએ દેવાનંદસ્વામીને ગાવાની આજ્ઞા કરી. ૨૪. ગવૈયા દેવાનંદસ્વામીએ શ્રીહરિની આજ્ઞા માથે ચડાવી. અને પછી મારતે તાલમાં કાનડા રાગનું પદ ગાવા લાગ્યા. ૨૫. 'નદિયા નદિયા' અને 'અબરી તું ચંદ છીપાવે' એ પદ જ્યારે ગાયાં ત્યારે દોકડ વગાડનારને તાલની કોઈ ગમ રહી નહીં. ૨૬.

लागी लगन नहीं छूटे लालसुं, जेसे हीरा फोर्‌यो नहीं फूटे...लाल० टेक
लगनी लागी लालसुं रे जेसे चंद चकोर;
रूप सुधानिधि सांवरे रे लीनो हे चित्तचोर...लाल० १
रोम रोम रंग छाय रह्यो रे दुरमति भई सब दूर;
बिरहा व्याप्यो अंगमा रे हो गई चकनाचूर...लाल० २
लीगत लागत लग गई रे, अब छुटनकी नाहीं;
प्रेमानंद छबी श्यामकी रे आय बसी द्रग मांही...लाल० ३

દેવાનંદસ્વામી એ બે પદ બોલ્યા ત્યારે રાજગાયકો મૂર્છિત જેવા થઈ ગયા. તેઓ પ્રશંસા કરવા લાગ્યા અને શ્રીહરિ સ્વામી ઉપર ઘણું રાજી થયા. ૨૭. શ્રીહરિએ જરિયાની જામો પહેર્યો હતો તે ઉતાર્યો અને દેવાનંદસ્વામીના

મસ્તક ઉપર ફેરવીને ગાયકોને આપ્યો. ૨૮. પછી મુનિવર દેવાનંદસ્વામીના ધર્મમાં લેશમાત્ર પણ ક્યારેય બાધ ન આવે તે રીતે એક શ્વેત ડગલી પ્રસાદીની હતી. ૨૯. શ્રીહરિએ ઘણી વાર તે પહેરેલી હતી. આવી ડગલી ઘણા હેતથી દેવાનંદસ્વામીને આપી.

સુરતના ભાઈચંદભાઈ નામે હરિભક્ત હતા. તેમણે એક અમૂલ્ય મુગટ કરાવ્યો હતો. તેની શોભાનો કોઈ પાર ન હતો. તે મુગટ શ્રીહરિના મસ્તક ઉપર બે વખત ધરાવ્યો અને સંતો તથા હરિભક્તોએ તેવા મુગટધારી શ્રીહરિનાં દર્શન ત્યાં કરેલાં હતાં. ૩૦-૩૧. તે સમયમાં જેટલા સંતો ધરમપુર આવ્યા હતા, તે સહુએ શ્રીહરિની પૂજા કરી. તેમજ વાંસદા શહેરના રાજા રાયસિંહ નામે હતા. ૩૨.

(**આ વાંસદા શહેર કોણે વસાવ્યું ?** તો, મૂળરાજ સોલંકીએ ૧૧મી સદીમાં અણહિલપુર-પાટણમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેમના વંશજ ધવળદેવ સોલંકીએ ઈ.સ.૧૧૦૪ માં ધોળકાની સ્થાપના કરી. આ ધવળદેવની દસમી પેઢીએ તેમના જ વંશજ મૂળદેવજી સોલંકીએ વાંસદામાં પોતાની ગાદી સ્થાપી. તેમની પ્રશસ્તિ લખતા કવીઓ કહે છે,

સુરત ઈલાકે વાંસદા, સુહામણું સ્વસ્થાન; ભડ સોલંકી ભૂપનું, દીપે દિવ્ય નિશાન.
વિક્રમ સંવત સોળસેં, મધ્ય ભાગ મુલવાન; મહારાજા મુળદેવજી, સ્થાપ્યું રાજ મહાન.
વીરસિંહ સોહામણા, પુન્યવંત પરિવાર; ગુણી બિરાજ્યા ગાદીએ, શુભ મહુરત મોઝાર.
નારસિંહ સોહામણા, રાયસિંહજી બેશ; સ્નેહ વળી સરકારશું, વિગતે કર્યો વિશેષ.

એ પરંપરામાં ૧૨મી પેઢીએ વાંસદાના રાજા નારસિંહ સોલંકી થયા. તેમનાં લગ્ન કુંશળકુંવરબાઈની ભત્રિજી એવા ધર્મજના મહિડા રાજપુતની રાજકુંવરી જીતબા સાથે થયાં હતાં. તેમણે ત્યાં ત્રીકમરાયજીનું મંદિર બંધાવી ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમના પુત્ર રાયસિંહજી હતા. ઈ.સ.૧૭૯૧ માં નારસિંહજી સ્વર્ગવાસી થતા તેમના પુત્ર રાયસિંહજી ગાદીએ આવ્યા. આ રાયસિંહજીએ ઈ.સ. ૧૭૯૧ થી ૧૮૧૫ આમ ૨૫ વર્ષ સુધી વાંસદાનું રાજ્ય કર્યું હતું. રાયસિંહનાં ધર્મપત્ની વાંસિયાનાં રાજકુંવરી

તેજકુંવરબાઈ હતાં. તેમણે ત્યાં શ્રીકૃષ્ણરાયનું મંદિર બંધાવ્યું હતું. તે સાસુ-વહુ બંનેને કુશળકુંવરબાઈએ પાકો સત્સંગ કરાવ્યો હતો. તેથી તેઓ પણ સારા ભક્ત થયા હતા.)

અને રાયસિંહ રાજા પણ ઘણા સારા હરિભક્ત હતા. તેમણે પત્ર લખીને સુખકારી શ્રીહરિને સંતો અને હરિભક્તોએ સહિત વાંસદા બોલાવ્યા. પત્રમાં વિનયના ઘણા શબ્દો લખ્યા હતા. ૩૩. પછી શ્રીહરિ સંતો અને હરિભક્તોની સાથે પ્રેમથી વાંસદા જવા નીકળ્યા. ત્યારે ધરમપુરના રાજા વિજયદેવે પોતાની બધી સવારી તૈયાર કરાવી. ૩૪. અંબાડી મૂકેલો એક હાથી લાવ્યા. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. જ્યાં સુધી ઘણી ઘાટી ઝાડી આવી ત્યાં સુધી શ્રીહરિ હાથી ઉપર બેઠા. ૩૫.

પછી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા અને રાજાને પાછા વળવાની રજા આપી. શ્રીહરિ ચાલ્યા અને આગળ જતા એક (પીપલખેડ) ગામમાં રાત રોકાયા. રાત રહીને પછી ત્યાંથી આગળ ચાલતા થયા. ૩૬. માર્ગમાં રમૂજ કરતા ચાલતા હતા. ઝાડી અને પર્વતો ઘણાં ઘાટાં લાગતાં હતાં. જ્યારે વાંસદા અડધો કોશ દૂર રહ્યું ત્યારે ત્યાંના રાજા રાયસિંહજી સામે આવ્યા. ૩૭. તેની જેટલી સવારી હતી તે બધી શણગારીને લાવ્યા હતા. હાથી અને બધા અશ્વોને શણગાર્યા હતા. તેનો બધો સામાન સોનાનો હતો. ૩૮. નોબત, ડંકા અને નિશાન વગેરેને ઘણા પ્રેમથી લાવ્યા હતા. જાત જાતનાં વાજિંત્ર પણ લાવ્યા હતા, તેથી તેનો ગણતા પાર આવતો નહીં. ૩૯.

રથ, મ્યાના અને સુખપાલ, એ બધાને સોનામય કરીને લાવ્યા હતા. ચોપદાર જે હતા તે શ્રીહરિની સમીપે આવ્યા. ૪૦. રાજા રાયસિંહજી શ્રીહરિના ચરણમાં નમી પડ્યા. શ્રીફળ આગળ મૂક્યું અને ફૂલના હાર ઘણા પહેરાવ્યા અને મનમાં અપાર રાજી થયા. ૪૧. મહારાજ ! આપે અમને ભલે દર્શન આપ્યાં ! આપનું નામ તો દયાસિંધુ છે, તેથી પર્વતો અને વૃક્ષોની ઝાડીમાં આવીને આપે અપાર કરુણા કરી છે. ૪૨. મહારાજ ! આ રીતે આપ અમારી અંતવેળાએ પણ પરમ પ્રેમથી તરબોળ થઈને આવજો. તે હું અગાઉથી વિનંતિ કરું છું. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ગાયકો અને સંતોનું સંગીત સાંભળીને શ્રીહરિ વાંસદા પધાર્યા' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર સોળમું, તરંગ - ૨૪

વાંસદા નરેશે શ્રીહરિને માન્યા-પૂજ્યા તથા પોતાનું મંતવ્ય કહ્યું.

વાંસદા નરેશ રાયસિંહજીએ ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિને વિનંતિ કરી અને સંતોના ચરણમાં પડ્યા. પછી રાજાનો ભાવ જોઈને શ્રીહરિ બોલ્યા, ૧. સત્સંગી જે થયા હોય તેમને ભગવાન, સંતો અને હરિભક્તોના ઉપર જ્યારે જેવી ભાવના હોય ત્યારે તેવાં અમારાં દર્શન થાય છે. અધિક-ન્યૂનતા તો ભાવમાં રહે છે. જેનો જેવો ભાવ જોઈએ છીએ તેને તેવાં દર્શન આપીએ છીએ. ૨-૩. સુદિ અને વદિ, જેવું પખવાડિયું હોય તેવી ચંદ્રની વધ-ઘટ થાય છે, તેમ જે જેવી રીતે સત્સંગ કરે છે તેવી તેની ભાવના રહે છે. ૪. પણ બંને પખવાડિયામાં સૂર્યની ક્યારેય વધ-ઘટ થતી નથી. પરંતુ ગ્રહણનો જે યોગ આવે છે, તે તો ચંદ્ર અને સૂર્ય બંનેને વિઘ્ન કરે છે. ૫.

ધ્રુવ અને સપ્તર્ષિઓના જેટલા તારાઓ જ્યોતિષશાસ્ત્રમાં કહ્યા છે, તે બધા તારાઓ પુણ્યે કરીને થયા છે. તેથી તેમનો ક્યારેય નાશ થતો નથી. ૬. જે પુણ્યે કરીને તારાઓ થયા હોય છે તેનો ક્યારેક નાશ થતો દેખાય છે, પરંતુ તેનો હકિકતે નાશ થતો નથી. તેમ જે ભગવાનના ભક્ત છે તેનો આ લોકમાં નાશ થતો દેખાય છે, પરંતુ તેનો ક્યારેય નાશ થતો નથી. તે તો સદા અવિનાશી થઈને જ ધામમાં રહે છે. ૭.

❋ સત્સંગથી જ માયિકભાવ ટળે છે :

चोपाई :

सत्संग के प्रताप रहे जेतो, इहाँ देखे न आवत तेतो;
मायिक इहाँ देखावत भावा, तेहि करिके आवत अभावा...०८
अंत समय आवत हे जबहू, सत्संग प्रताप कर हि तबहू;
मायिक भाव नाश होई जाते, दिव्य भाव आवत देखाते...०९

प्रथम होत सत्संग जेसे, ताकी मति देखावत तेसे;
तिनसे शुद्ध मति होत ताकी, सत्संग पर निष्ठा रहे जाकी...१०

તેવી જ રીતે સત્સંગનો જે પ્રતાપ રહ્યો છે તે બધો અહીં દેખાતો નથી અને ભક્તો જ્યાં સુધી આ જગતમાં છે ત્યાં સુધી માયિકભાવ દેખાય છે અને તેને લીધે જ અભાવ આવે છે. ૮. જ્યારે અંત સમય આવે છે ત્યારે સત્સંગના પ્રતાપે કરીને માયિકભાવનો નાશ થઈ જાય છે અને દિવ્યભાવ આવતો દેખાય છે. ૯. જ્યારે પહેલો-વહેલો સત્સંગ થાય છે ત્યારે જેની જેવી બુદ્ધિ હોય તેવી દેખાય છે. પછી જેની સત્સંગ ઉપર નિષ્ઠા રહે છે તેથી કરીને તેની બુદ્ધિ શુદ્ધ થાય છે. ૧૦.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે તેને સાંભળીને રાજા રાયસિંહજી મનમાં ખુશી થયા. શ્રીહરિને સુખપાલમાં બેસાડ્યા. અને ચોપદાર આગળ જય જય બોલી રહ્યા હતા. ૧૧. આગળના ભાગમાં વાજિંત્ર વાગી રહ્યાં હતાં અને પાછળ શ્રીહરિ પુરમાં ચાલ્યા આવતા હતા. પુરના લોકો ઘણા ભાવનાથી યુક્ત હતા. તેઓ શ્રીહરિને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ૧૨. પુરમાં જેટલા લોકો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ હાથમાં ફૂલના હાર લીધા હતા, તેની અપાર શોભા થઈ હતી. ૧૩. ફૂલનો બગીચો નહિ હોવા છતાં ફૂલના બગીચા જેવી શોભા બની હતી..! જ્યારે શ્રીહરિ પુરના દરવાજામાં આવ્યા ત્યારે સહુ લોકો 'જય જય' 'જય જય' બોલતા હતા. ૧૪. તે સમયે બંદૂકોના અપાર અવાજ થયા અને તોપના પણ અવાજ થયા. જેટલી રાજબજાર હતી તે બધી ચિત્ર-વિચિત્ર શણગારી દીધી હતી. ૧૫.

બજારમાં ફળ સહિતની કેળો રોપાવી હતી. તે રીતે જ શ્રીફળના રોપ પણ મૂક્યા હતા, તેની ઘણી શોભા થઈ હતી. ૧૬. બજારોમાં જેટલી દુકાનો હતી અને જેટલા માળનાં મકાનો હતાં, ત્યાં સર્વ સ્થળે ઊભા રહીને નરનારીઓ શ્રીહરિનાં દર્શન અતિ હેતે કરીને કરતાં હતાં. ૧૭. મોતીના થાળ ભરીને ઊભેલી સ્ત્રીઓ શ્યામસુખકારી શ્રીહરિને વધાવતી હતી. અને કેટલીક સ્ત્રીઓ પ્રેમમગ્ન બની સોના-રૂપાનાં પુષ્પોથી વધાવતી હતી. ૧૮. જેટલા પુરુષો હતા તે બધા શ્રીહરિના ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરતા હતા.

અને આગળના ભાગમાં ક્યારેય સાંભળ્યાં ન હોય તેવાં અદ્‌ભુત રીતે વાજિંત્રો વાગતાં હતાં. ૧૯. સંપૂર્ણ આકાશમંડળ ગર્જના કરી રહ્યું હતું. તેનો પડછંદો પહાડ અને વૃક્ષોમાં છવાઈ રહ્યો હતો. મનુષ્યો જે રીતના 'જય જય' 'જય જય' શબ્દોને બોલતા હતા, તે રીતે તેના પડછંદાના રૂપમાં પર્વત અને વૃક્ષો પણ બોલતાં જણાતાં હતાં. ૨૦. અને પશુઓ તથા પક્ષીઓ પણ તે રીતે જ 'જય જય' 'જય જય' શબ્દ બોલતાં જણાતાં હતાં.

વિમાનમાં બેસીને સર્વ દેવો આવ્યા હતા. તેઓ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા હતા. ૨૧. તે સમયે તેઓ કેસરયુક્ત ચંદન તથા પુષ્પોની વૃષ્ટિ કરતા હતા. તેમને શ્રીહરિના ઉપર અપાર હેત હતું, તેથી મુખથી વારંવાર 'જય જય' 'જય જય' શબ્દ બોલતા હતા. ૨૨. જેટલા દેવગાંધર્વો આવ્યા હતા, તે બધા વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડતા અને ગુલતાન થઈને શ્રીહરિનો યશ ગાતા હતા. અને જે અપ્સરાઓ હતી તે નૃત્ય કરતી હતી. ૨૩. શ્રીહરિને રાજી કરવાનું સૌને તાન હતું. શ્રીહરિના ગુણોનું ગાન કરતા બધા શરીરના ભાનને ભૂલી ગયા હતા. જે વખતે શ્રીહરિનાં દર્શન કરતા હતા ત્યારે તે સહુ ઉન્મત્ત થઈ જતા હતા. ૨૪. રાજાના દરબારગઢના દરવાજાની પાસે જે અનુપમ જગ્યા હતી, ત્યાં શ્રીહરિની સંમતિ લઈને તેમને ત્યાં ઉતારો આપ્યો. ૨૫.

શ્રીહરિ વાંસદામાં ત્રણ દિવસ રહ્યા. તે ત્રણે દિવસ રાજાએ શ્રીહરિને રાજદરબારમાં પધરાવ્યા હતા. ૨૬. રોજ નવી નવી મહાન અનુપમ રસોઈ કરાવીને રાજા ઘણા પ્રેમથી શ્રીહરિને બે વખત જમાડતા હતા. ૨૭. રોજ રોજ તે શ્રીહરિની પૂજા કરતા. આરતી ઉતારતા અને નિત્ય નવાં વસ્ત્ર તથા આભૂષણ ધરાવતા હતા. ૨૮. સોનું અને મોતી સિવાયનાં એક પણ આભૂષણ ધરાવ્યાં ન હતાં. રાજા શ્રીહરિના અત્યંત મહિમાને જાણતા હતા. તેથી તેમણે અપાર સેવા-પૂજા કરી. તેનો લખતા પાર આવતો નથી. ૨૯. સંતોને પણ જમાડ્યા, પૂજ્યા અને ઘટિત રીતે અગણિત વસ્ત્ર ઓઢાડ્યાં. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા, સોમલા ખાચર, રાઠોડ ધાધલ, નાજા જોગિયા, ભોજાભાઈ ગઢવી, તે સહુને યોગ્ય રીતે જમાડ્યા અને વસ્ત્ર ઓઢાડ્યાં. ૩૦-૩૧.

શ્રીહરિની સાથે જે વર્ણી અને વિપ્રો હતા, તે સહુની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. રાજાએ બ્રાહ્મણોને દાન આપ્યાં. આમ વિધિપૂર્વક સહુની પૂજા કરતા હતા. ૩૨. પછી રાજા રાયસિંહે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'સહુની જીવનદોરી આપના હાથમાં છે. દેવો, રાજાઓ અને બીજા મનુષ્યો જે છે, તે બધા આપનું આપેલું જ ખાય છે. ૩૩. ભૂત, પ્રાણી અને દેવ, તે બધાંને તમે પોતાના જાણીને હેતથી બધું આપી રહ્યા છો, છતાં જે લોકો 'આ બધું મારું છે' એમ કરી બેઠા છે, તે તેટલા તમારા ગુનેગાર રહ્યા છે. ૩૪. તે ગુનેગારો જ્યારે મન, કર્મ અને વચને કરીને 'સર્વસ્વ આપનું છે' એમ જાણે છે અને આપને શરણે આવે છે ત્યારે તેનો આપ ઉદ્ધાર કરો છો. તેમાં લેશમાત્ર પણ સંશય રહેતો નથી. દેશકાળ ફરી જાય તોપણ આવી એક સરખી સમજણ હંમેશાં રહે અને તે સમજણ ક્યારેય બદલે નહીં, એવી કૃપા કરો..! ૩૫-૩૬.

❋ સત્સંગમાં રહેલા સર્વે મુક્તો છે :

જે પાકા શરણાગત થયા છે, જેની પાકી સમજણ થઈ છે તથા જે પાકા સત્સંગી થયા છે, તે સિવાયના લોકો તો શુભ માર્ગે ચાલ્યા છે. ૩૭. જે શુભ માર્ગે ચાલ્યા છે, તેને અપાર વિઘ્નો આવે છે; પણ જેની સમજણ પાકી થઈ છે તેને તલભાર પણ વિઘ્ન રહેતું નથી. ૩૮. **આવી સમજણ રાખવી તે તો અત્યંત દુર્લભમાં પણ દુર્લભ છે. સત્સંગમાં રહેલાં કેટલાંક બાઈભાઈઓની અક્ષરધામના મુક્તના જેવી સમજણ રહી હોય છે. તે વાત જ્યારે તપાસીને જોઈએ છીએ ત્યારે દેખવામાં આવે છે. ૩૯-૪૦.** પરંતુ આવી સમજણ વિનાના જેટલા છે, તે બધા હરિભક્તો સાધારણ રહ્યા છે. અને જે સંતો, વર્ણી તથા પાર્ષદો ધન અને સ્ત્રીના ત્યાગી રહ્યા છે. ૪૧. તેઓ આપ સ્વામિનારાયણ ભગવાનના કરતાં કોઈને અધિક પ્રતાપી જોતા નથી અને કોઈ હરકોઈ બાબતમાં આપનાથી અધિક પ્રતાપ દેખાડે, તો તેને જોયા પછી ભૂલથી પણ ધર્મકુળભૂષણ આપનો ત્યાગ ક્યારેય કરતા નથી. તેવી સમજણવાળા સંત, વર્ણી અને પાર્ષદ, એ બધા સત્સંગનું પ્રખ્યાત મૂળ કહેવાય છે. ૪૨-૪૩.

સર્વોપરિ અને બહુનામી એવા આપ શ્રીહરિએ આ ઘોર કળિકાળમાં પણ ત્યાગીના ધર્મની એક સડક બાંધી દીધી છે. તે આપનું સર્વોપરી સામર્થ્ય છે. ૪૪. **જે સંસારી લોકો સત્સંગ કરે છે, તેઓ કુડ, કપટ, દગો તથા હત્યા ઈત્યાદિકનો જો ત્યાગ કરે છે, તો તત્કાળ જ સમાજમાં તેની પ્રતિષ્ઠા અત્યંત વધી જાય છે. ૪૫. કેટલાક લોકો સત્સંગનું બહાનું(નિમિત્ત) રાખે છે અને છાની રીતે અનીતિને કરે છે, પણ તે ક્યારેય પ્રસિદ્ધ થયા સિવાય રહેતું નથી અને પછી તેના આત્મામાં સત્સંગનું બળ-પ્રકાશ રહેતો નથી. ૪૬.** એવા મનુષ્યનો મોક્ષ કેમ થતો હશે ? મને તો તેમાં સંદેહ રહે છે.

છતાં તેઓ જો સંતોને જમાડતા રહે, સ્વામિનારાયણ નામનું ભજન કરતા રહે, ૪૭. સત્સંગ સિવાય બીજે ક્યાંય આસ્થા ન રાખે, અન્ય કોઈ ઠેકાણે મોક્ષને ન માને, ધર્મવાળા જે સંતો તથા હરિભક્તો છે તેમને મહિમાથી અધિક માનતા રહે અને ક્યારેય હરિભક્તોની સાથે લેશ પણ દગો ન કરે, પણ કુસંગમાં તો કુસંગીની રીતે હંમેશાં ચાલે, તો તેવાનો મોક્ષ થાય કે નહીં ? ૪૮-૪૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, હરિભક્તોની રીતે વર્તવામાં જેટલી ખામી રહે છે તેટલી ખામી કહેવાય છે. તે દેખીતી વાત છે. ૫૦.

सोरठा : जेसे वरतन जाके, तेसे पावत मोक्ष तेहि;
एसि हि रीत रहाते, अधिक कु अधिक मोक्ष रहे...५१
समझ वरतन हि जेसे, तेसे उँच पद लहत तेहु;
जथार्थ बात हे तेसे, अजान हरि कु न लेश रहत...५२

જેનું જેવું વર્તન હોય તેવો તે મોક્ષને પામે. આવી સત્સંગની રીત છે. અધિક સારી સત્સંગની રીતે જે રહે તેનો અધિક મોક્ષ કહેવાય છે. ૫૧. જેટલી સમજણ અને વર્તન ઊંચાં હોય તેવું તે ઊંચ પદ પામે છે. યથાર્થ વાત તો એ છે કે ભગવાનથી કાંઈ લેશ માત્ર પણ અજાણ્યું રહેતું નથી. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'વાંસદા નરેશે શ્રીહરિ અને સહુને માન્યા-પૂજ્યા તથા પોતાનું મંતવ્ય કહ્યું' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર સોળમું, તરંગ - ૨૫

વાંસદામાં શ્રીહરિએ સૌ પ્રથમ ચરણારવિંદ છાપી આપ્યા

શ્રીહરિએ વાંસદા નરેશ રાયસિંહજીને કહ્યું, જે મનુષ્ય જેવો ઉદ્યમ કરે છે તેને તેવું ફળ મળે છે. ૧. ઉદ્યમ, વર્તન, ભાવ, ઈચ્છા, રુચિ, સંગ અને અભ્યાસ, એ બધાં એક જ અર્થને કહે છે, પણ વાત કહેવાનો જેવો પ્રસંગ હોય તેવો અર્થ લેવાય. ૨. પ્રસંગ જાણ્યા સિવાય ચાહે તેવો ચતુર કે કાર્યકુશળ હોય તોપણ યથાર્થ વાત સમજાતી નથી. ૩. અને યથાર્થ વાત જાણ્યા સિવાય તેમાં રુચિ થાતી નથી. કેટલીક તો એવી વાત હોય કે તે જાણ્યા સિવાય અંધારી રાત જેવી લાગે છે. ૪.

❋ બુદ્ધિરૂપી નેત્રથી અમાયિક જ્ઞાન મેળવવું :

કલ્પતરુ, ચિંતામણિ, પારસમણિ અને સ્યમંતકમણિ, એ બધી વસ્તુઓ ઘણી અમૂલ્ય કહેવાય છે. ૫. જો તેને ઓળખતા ન હોઈએ અને તે મળી જાય તો તેનાથી કાંઈ આશ્ચર્ય થતું નથી. તેમ જેને ગમ નથી તેવાને મોક્ષની વાત મળે તોપણ તેને લેશ આશ્ચર્ય થતું નથી. ૬.

બધા મનુષ્યોને બુદ્ધિરૂપી એક નેત્ર રહ્યું છે. જ્ઞાન વિનાનું બધું અંધારું છે. બુદ્ધિરૂપી નેત્રથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાન જ સર્વોપરિ રહ્યું છે. ૭. જ્ઞાન માયિક અને અમાયિક, એમ બે પ્રકારનું છે. તે બંનેનાં ફળ પણ ભિન્ન ભિન્ન છે. માયિક જ્ઞાનનું ફળ સંસાર છે અને તેનાં દુઃખોનો પાર દેખાતો નથી. ૮. આધિ(માનસિક દુઃખ) તથા વ્યાધિ(રોગ)નું જે દુઃખ છે, તેટલું જ જમપુરીનું દુઃખ રહ્યું છે. તે બધું માયિક જ્ઞાનમાં રહ્યું છે. અમાયિક જ્ઞાન સિવાય તે દેખાતું નથી. ૯. **ભગવાન, ભગવાનનું દિવ્યધામ, ભગવાનનું ભજન કરનારાં બાઈભાઈ બધા ભક્ત અને જીવનાં મોક્ષ તથા ધર્મ સંબંધી વાતો, એ બધું અમાયિક જ્ઞાન કહેવાય છે. તેમાં સંસારનું દુઃખ નથી, પણ અપાર સુખ રહ્યું છે. ૧૦-૧૧.**

આ માયિક લોકમાં તો જે માયિક મનુષ્યો છે તે દુઃખમાં પણ સુખ દેખાડે છે અને સાંસારિક સુખના લોભે કરીને મનુષ્ય જાણી જોઈને તેમાં દુઃખને માનતો નથી. ૧૨. **સંસારી માણસ દુઃખને ક્યારેય દેખતો નથી, તેથી**

તે દુઃખને પામે છે. તેને સાંસારિક સુખ ઉપર ઘણું તાન રહે છે, એટલે તે દુઃખની દશામાં જ મરણ પામે છે. ૧૩. માણસ માયિક સુખને માટે અપાર દુઃખને સહન કરે છે અને દુઃખને પણ સુખના રૂપમાં દેખે છે. આવો આ સંસાર છે. ૧૪. અફીણ, દારૂ, માંસ અને ચોરીમાં શું સુખ રહ્યું છે ? તેમાંથી તો મરણ થાય છે અને પરસ્ત્રી-સંગ પણ મરણ થાય છતાં ત્યાગ કરતો નથી. ૧૫. અપલક્ષણ અને અનીતિને લીધે માણસ પ્રાણને ખૂએ છે, ઘણો ફજેત થાય છે, નાક-કાન કપાય છે, આ બધું વારંવાર નજરે દેખાય છે, છતાં તેને ક્યારેય ત્રાસ થતો નથી. ઘણા ફજેત થાય છે તોપણ તે અનીતિને માર્ગે જ બધા લોકો ચાલે છે. ૧૬-૧૭.

❋ સત્સંગ સહુથી શ્રેષ્ઠ છે :

चोपाई :

सत्संग से होत सुख अपारा, दुःख कबहु नहीं होत लगारा;
वेद पुरान सत्पुरुष जेता, सत्संग करे जो भूप हि तेता...१८
बडे बडे देव रहे जेते, सत्संग कु सब हि जो तेते;
अधिक सबसे कहत हे तेहा, एसे बडे सत्संग रहे एहा...१९

સત્સંગથી અપાર સુખ થાય છે. તેનાથી ક્યારેય લગાર પણ દુઃખ થાતું નથી. વેદ, પુરાણો, સત્પુરુષો અને મોટા રાજાઓએ પણ સત્સંગ કર્યો છે. મોટા મોટા જે દેવો છે તે બધા પણ સત્સંગને સૌથી શ્રેષ્ઠ કહે છે. આ સત્સંગ આવો મહાન છે. ૧૮-૧૯. જે મનુષ્યને આવા સત્સંગ ઉપર તાન નથી, તે તો પશુના જેવા છે. જ્યારે ત્યારે કોઈ પણ દિવસ મૃત્યુ તો થવાનું છે. મર્યા વિના કોઈ રહેતું નથી. ૨૦. શ્રીહરિની વાત સાંભળીને રાજા રાયસિંહે સત્સંગને સર્વોપરિ જાણ્યો. તેની માતા જીતબા હતાં. તે ઘણાં પાકાં હરિભક્ત હતાં. ૨૧. તેમના મનમાં જેવી ભાવના હતી તે પ્રમાણે તેમણે શ્રીહરિની સેવા-પૂજા કરી અને રાજાનાં રાણી વાંસિયાનાં તેજકુંવરબા હતાં. તેણે પણ શ્રીહરિની સેવા-પૂજા કરી. ૨૨.

કોઈથી ન બની શકે એવી સેવા કરીને શ્રીહરિને તેમણે પ્રસન્ન કર્યા. પછી કેસરયુક્ત ચંદન ઘણું ઘસ્યું, તે અતિશય સુગંધીદાર હતું. તે શ્રીહરિનાં

ચરણોમાં ચરચીને ઉમદા વસ્ત્ર જેવા કાગળમાં મનમાન્યાં ચરણારવિંદ છપાવી લીધાં. આવાં તે ઘણાં સમજદાર હરિભક્ત હતાં. ૨૩-૨૪. રાજા રાયસિંહજી ચંદ્રવંશી હતા. તેમણે પોતાની બધી રાજ્યસંપત્તિ શ્રીહરિને બતાવી. ૨૫. ત્યાં શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા અને ચોથે દિવસે ચાલ્યા. તે વખતે રાજાએ જેટલી પોતાની સવારી હતી, તે બધી તૈયાર કરી. ૨૬. શ્રીહરિ રસોઈ જમીને ચાલ્યા. આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. તે સમયે બધા નગરજનો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. ૨૭. શ્રીહરિની જેવી અલૌકિક મૂર્તિ હતી તેવી સહુ ભક્તોએ નખશીખ સુધી નિત્ય હેતે કરીને ચિંતવન કરવા માટે હૃદયમાં ધારી લીધી. ૨૮. પુરથી બહાર અડધા કોશ સુધી સહુ આવ્યા. ત્યારે શ્રીહરિએ ગામજનોને ત્યાં ઊભા રાખ્યા. પછી શ્રીહરિ સુખપાલમાં બેઠા. તેની અદ્‌ભુત શોભા બની હતી. ૨૯. શ્રીહરિએ જ્યારે રાજાને પાછા વળવાની રજા આપી ત્યારે તે ચતુર રાજા રાયસિંહજી બોલ્યા, હે ભગવન્ ! આપે તો કહ્યા વિના જ તૈયારી કરી. આપ કોઈની લગાર મહોબત રાખતા નથી. ૩૦.

✵ શ્રીહરિ જ દેવોના દેવ છે :

चोपाई :

भूपन के तुम भूप रहाते, देवन के तुम देव कहाते;
देव भूप ब्रह्मांड के जितना, जन जो तितने कहावत तितना...३१
सबकु अर्थ रहाये तुमारे, तुमकु अर्थ तिनके न लगारे;
एसे बडे कु केवत कछु बाता, अंतर अति हि रहत सकुचाता...३२

આપ તો રાજાઓના પણ મહારાજા છો ! દેવોના પણ દેવ છો ! બ્રહ્માંડના જેટલા દેવો અને રાજાઓ છે અને બીજા પણ જે કોઈ મનુષ્ય કહેવાય છે, તે સહુને આપની પાસે સ્વાર્થ રહ્યો છે. આપને તેમની કોઈની પાસે લગાર પણ સ્વાર્થ નથી. આવા મોટા આપની આગળ કાંઈક વાત કહેવામાં મારું અંતર અતિ સંકોચાયેલું રહે છે. ૩૧-૩૨. આપને એક માસ સુધી રાખવાનો અમારા મનમાં અણધાર્યો મનોરથ હતો. પરંતુ મરજી જાણ્યા વિના બોલવું તે વચન કદાચ મંજૂર ન પણ થાય. ૩૩. **આપની સાથે જ્યારે દિલ થોડું મળી**

ગયું હોય તોપણ બોલવું કઠિન છે. જ્યારે જેની સાથે પરસ્પર દિલ એક થઈ જાય ત્યારે તેની સાથે મરજી ન હોય તોપણ કહેવા માટે મન ઉત્સાહિત રહે છે. દિલ મળે ત્યારે મન કહેવા માટે ચોખ્ખું રહે છે અને મન ચોખ્ખું હોય તો આપને ક્યારેય ન રહેવું હોય તોપણ હું અહીંથી પાછા લઈ જાઉં. ૩૪-૩૫.

આપની સાથે આટલી વાત કહેતા પણ મનમાં અતિશય ડર લાગે છે. અને આપને પ્રસન્ન કરવા માટે અમારા દિલમાં પરમ રસ અને પ્રેમ રહે છે. ૩૬. અને આપને રાજી રાખવા માટે અમારા દિલમાં ઘણો પ્રેમભાવ છે. કેમ જે, તમે વારે વારે આ દેશમાં ક્યાંથી આવો ? ૩૭. હું ધરમપુર સુધી સવારી લઈને આપની સાથે આવીશ. આવો સુયોગ વારે વારે ફરીથી ક્યારે મળે ! ૩૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, જેટલા વાજિંત્રવાળા છે તેટલાને પાછા મોકલો. અને બધી સવારી છે તેને સાથે લઈને તમે સુખેથી આવો. ૩૯. આટલું કહીને શ્રીહરિ ત્યાંથી તત્કાળ પાછા ધરમપુર તરફ ચાલતા થયા અને જે ગામ પહેલા રાત રહ્યા હતા, તે **પીપલખેડ** ગામમાં જ ફરીને રાત રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'વાંસદામાં શ્રીહરિએ સૌ પ્રથમ ચરણારવિંદ છાપી આપ્યાં' એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર સોળમું, તરંગ - ૨૬

ધરમપુર રાજ્ય શ્રીહરિને અર્પણ કરવું, તેવો રાણીના મનનો સંકલ્પ

જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ત્યાંથી તરત ચાલ્યા. તે બપોરે **ધરમપુર** આવ્યા, તેથી ત્યાંના રાજા ખુશી થયા. ૧. બધી સવારી તૈયાર કરાવી અને સોનાની અંબાડી હાથી ઉપર કસીને બંધાવી. ૨. રાજા વિજયદેવ સવારી લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. પાસે આવીને ચરણમાં પડ્યા. પછી શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. ૩. જેટલાં વાજિંત્ર આવ્યાં હતાં, તે બધાં અદ્‌ભુત રીતે વાગતાં હતાં. અને જે નગરજનો આવ્યા હતા તે બધા 'જય જય' 'જય જય' શબ્દ બોલતા હતા. ૪. રાજાના જે ચોપદારો આવ્યા હતા તે બધા સોનાની

છડી લઈને આવ્યા હતા, તે બધા ‘જય જય’ ‘જય જય’ આવો શબ્દ બોલતા હતા. તે વખતે તોપ અને બંદૂકો ફૂટવા લાગી. ૫. રાજા વિજયદેવ ઘોડે સવાર થઈને શ્રીહરિની સમીપે ચાલતા હતા. ધરમપુર અને વાંસદાના બંને રાજાઓ શ્રીહરિની બંને બાજુ ઘણા આનંદથી ચાલ્યા આવતા હતા. ૬.

રાજાના દીવાન હતા તે શ્રીહરિને ચામર ઢોળતા હતા. અને જેટલા મોટા મોટા સંતો હતા, તે બધાને રથ અને મ્યાનામાં બેસાડ્યા હતા. ૭. બધી સોનેરી સવારી માનો સોનાની નદી ચાલતી હોય, તેમ ચાલતી હતી..! એ વખતે એવી શોભા બની હતી કે તેનું વર્ણન કરતા કોઈ પાર આવતો નથી. ૮. શ્રીહરિ આ રીતે ધરમપુર નગરમાં આવ્યા. બજારમાં અગણિત મનુષ્યો ઊભાં હતાં. તેઓ હેતથી દર્શન કરતાં અને શ્રીહરિ માટે ફૂલના હાર જે લાવ્યા હતા, તેનાથી શ્રીહરિનું વારંવાર પૂજન કરી અર્પણ કરતાં હતાં. અને કેટલીક શહેરની જે સ્ત્રીઓ આવી હતી, તે શ્રીહરિનાં દર્શન કરીને પરસ્પર એમ બોલતી હતી કે, ૯-૧૦. **અપાર દેવતાઓ અને મનુષ્યો છે, તે ઘણા બુદ્ધિશાળી છે, પરંતુ આ શ્રીહરિની મૂર્તિની તુલનામાં તો તેઓ કશા લેખામાં આવતા નથી..! ૧૧.**

આ મૂર્તિ એવી રહી છે કે સહેજે અંતરમાં તેનાં દર્શન થાય છે. જેટલા તારાઓ છે તે કોઈ સૂર્યની આગળ શોભા પામતા નથી. ૧૨. આ મૂર્તિ તો સૂર્યના સમાન છે. અરે ! સૂર્ય કરતાં પણ અધિક છે. સર્વે લોકોનું આ મૂર્તિ જીવન હોય તેમ દેખાય છે. એવી તે સ્ત્રીઓ વાતો કરતી. ૧૩. પૂર્વે જેટલા અવતારો થયા છે તે બધાનું બીજ આ મૂર્તિમાં દેખાય છે. તે જે જન તેમને દેખે છે ત્યારે તેને ખબર પડે છે. આવી આ વાત રહી છે. ૧૪. રસ્તામાં જેટલી સ્ત્રીઓ હતી તે બધીએ શ્રીહરિને જેવા દેખ્યા તેવા પરસ્પર કહેતી હતી. આ બધી વાતમાં ઘણું આશ્ચર્ય દેખાતું હતું. ૧૫. શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને હાથી ઉપરથી ઊતર્યા. થોડીવાર પાટ ઉપર બેઠા. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે તે જમ્યા. ૧૬

શ્રીહરિ જમ્યા અને સંતોને જમાડ્યા. પછી વસંતપંચમીનો ઉત્સવ ધરમપુરમાં કરવાનું ઠરાવ્યું. કારણ કે કુશળકુંવરબાઈની તેવી ઘણી ઇચ્છા

હતી. ૧૭. સહુ હરિભક્તોને તેડાવવાને માટે શ્રીહરિને કહીને પ્રેમથી પત્ર લખાવ્યા. કુશળકુંવરબાઈના મનમાં એવો વિચાર હતો કે વસંતપંચમીનો ઉત્સવ કરીને પોતાનું બધું રાજ્ય ઘણા આનંદ-ઉત્સાહથી શ્રીહરિને અર્પણ કરવું અને શ્રીહરિને રાજા બનાવવા. અને પોતાના જીવનકાર્યને સુધારી લેવું. ૧૮-૧૯. કુંવર વિજયદેવને શ્રીહરિ જેટલું આપશે તેનાથી તે ખાશે-પીશે અને મોજ કરશે. તેણે મનમાં વિચાર કરીને જોયું કે જેટલા દેવો અને મોટા રાજાઓ કહેવાય છે, તે બધા ભગવાનનું આપેલું જ ખાય છે; એ વાત નિશ્ચિત છે. મોટા ચક્રવર્તી રાજાઓ છે તેના જેવા બીજા કોઈ રાજા કહેવાતા નથી. ૨૦-૨૧. તે ચક્રવર્તી રાજાને પણ ભગવાન જો પુત્ર આપે તો તે પછી તે રાજ્યને ભોગવે છે અને ભગવાન જો પુત્ર ન આપે તો પાછળથી તેનું રાજ્ય ક્યાંથી રહે ? ૨૨.

ભગવાનની ઈચ્છા સિવાય કોઈ ગમે તેવો મોટો હોય તોપણ પુત્ર આપવા માટે સમર્થ નથી. તો પછી ક્ષૂદ્ર દેવ કે તુચ્છ માણસ હોય તે તેને પુત્ર ક્યાંથી આપી શકે ? ૨૩. જે ભગવાનથી વિમુખ મનુષ્ય છે તે ભગવાનને છોડી દઈને ફકીર-ફકરાની પાસે જઈને પુત્ર માગે છે. તેવાને તો લેશમાત્ર પણ બુદ્ધિ નથી. ૨૪. ચિત્રકેતુ નામે ચક્રવર્તી રાજા હતો. તેણે પુત્રને માટે કરોડ સ્ત્રી કરી હતી, ૨૫. તોપણ તેને પુત્ર થયો નહીં. તેને પુત્રની ઘણી આશા હતી અને તેને માટે તેણે અનંત ઉપાય કર્યા, છતાં તેમાં તે નિરાશ થયા ન હતા. ૨૬. એકવાર રાજાને ત્યાં નારદમુનિ અને અંગિરાઋષિ પધાર્યા. તેમણે રાજાને બહુ દુઃખી જોઈને તેને સમજાવવા ઘણી વાતો કરી, પણ રાજા તો પુત્ર...પુત્ર...એવી ઝંખના કરતો રહ્યો. ૨૭. ચક્રવર્તી રાજ્યનું સુખ પણ ચિત્રકેતુ રાજાને પુત્ર વિના ઝેર જેવું જણાયું. પછી તે રાજાના દુઃખને દેખીને મુનિઓના દિલમાં દયા આવી. ૨૮.

❋ ભગવાન સિવાય બીજે સુખ મનાય તે મોહ છે :

નારદજીએ રાજાને કહ્યું, ‘ભગવાનની ઈચ્છા નથી, છતાં પણ તમારે પુત્ર થશે. તેનું નામ હર્ષશોક રાખવું. પુત્ર દુઃખનું ધામ બનશે. ૨૯. **ભગવાન સિવાયનું જેટલું સુખ માનવું તેટલું દુઃખને માર્ગે ચાલતા હોઈએ છીએ. સત્સંગ**

થયા સિવાય મોહનો ફેર ક્યારેય ઊતરતો નથી. ૩૦. સત્સંગ કરવા છતાં ભક્તજનને જેટલો મોહ રહે છે તેટલો તેને કુસંગ રહ્યો છે, તેમ જાણવું. સત્સંગ કરવાથી તો સમજણ ઘણી ઊંચી થઈ જાય છે. ૩૧. આ રીતે નારદ અને અંગિરામુનિ ચિત્રકેતુ રાજાને કહીને ચાલતા થયા.

સમય જતા પુત્રનો જન્મ થયો. તેનો અપાર આનંદ થયો. તે સમયે અપાર તોપો ફૂટી. ૩૨. જે રાણીને પેટ પુત્રનો જન્મ થયો તે રાણીને રાજા વશ થઈ ગયો. તેનાથી બીજી રાણીઓને તે અંગે રોષ થયો. પછી પુત્રને મારી નાખવારૂપી પાપ કરવામાં તેમણે કોઈ દોષ ગણ્યો નહીં. ૩૩. બીજી રાણીઓએ હેત કરીને ઘણા પ્રેમભાવપૂર્વક રાજપુત્રને વસ્ત્ર અને ઘરેણાં પહેરાવી શણગાર્યો. તેનાથી રાજા અને પુત્રની માતા વગેરે આનંદ પામ્યાં. ૩૪.

વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં રહેતાં. સહુના દિલમાં આનંદ સમાતો નહીં. અને બધી રાણીઓ વારાફરતી સોનાનાં વસ્ત્રાભૂષણ કુંવરને પહેરાવતી હતી. સહુ બીજી રાણીઓનો વિશ્વાસ કરવા લાગ્યા. છેલ્લે જે રાણીએ વસ્ત્ર પહેરાવ્યાં, તે કોઈના કળ્યામાં આવ્યું નહીં. ૩૫-૩૬. તે વસ્ત્રમાં ગુપ્ત રીતે ઝેર રાખેલું હતું. વસ્ત્ર પહેરાવીને પુત્રને સુવડાવી દીધો. તે પુત્ર સૂતો તે સૂતો જ રહ્યો ! જઈને દાસીએ જોયું તો તે રાજપુત્રના શરીરમાં પ્રાણ ન હતા. તેથી દાસી રડવા લાગી. એટલે બધી રાણીઓ દોડીને આવી અને રાજકુંવરને મરેલો જોઈને તેઓ પણ રડવા લાગી. ૩૭-૩૮. ચિત્રકેતુ રાજા ચક્રવર્તી હતો, છતાં કોઈ વાત ધારી થઈ નહીં. તો પછી જે બીજા તુચ્છ લોકો છે તેનું બધું ધાર્યું ક્યાંથી થાય ? ૩૯. ધાર્યું તો એક શ્રીહરિનું જ થાય છે. એમ વિચારીને કુશળકુંવરબાઈએ બધું રાજ્ય શ્રીહરિના હાથમાં અર્પણ કરવાનું નક્કી કર્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધરમપુર રાજ્ય શ્રીહરિને અર્પણ કરવું, તેવો રાણીના મનનો સંકલ્પ કહ્યો' એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર સોળમું, તરંગ - ૨૭

રાજ્યના પ્રત્યે શ્રીહરિની અરુચિ અને રાણીને ઉપદેશ

કુશળકુંવરબાઈને શ્રીહરિને રાજ્ય અર્પણ કરવાની જે ભાવના હતી તેની શ્રીહરિને ખબર પડી, ત્યારે શ્રીહરિએ તે બાઈને બોલાવ્યાં. ૧. પછી શ્રીહરિએ તેને કહ્યું, 'અમે અહીંયાં રાજ્ય કરવા આવ્યા નથી. એ વાતને તમે ચોક્કસ સમજો. ૨. વસંતપંચમીનો ઉત્સવ કરવા હરિભક્તોને જે બોલાવવા હતા, તે હવે અમે બંધ કરીએ છીએ. ૩. હવે અમે અહીંયાં એક દિવસ પણ નહિ રહીએ. અમે તત્કાળ ચાલશું. તમારું રાજ્ય તમે સંભાળો.' ૪. ત્યારે કુશળકુંવરબાઈએ હાથ જોડીને કહ્યું, 'મહારાજ ! અમારી બુદ્ધિ તો ઘણી થોડી છે ! આપ જેમ કહેશો તેમ કરીશ. હે સ્વામીનાથ ! આપ તો અંતર્યામી છો ! ૫. આપ જેવું જાણો છો તેવું અમે કંઈ જ જાણતા નથી. અમારા મનમાં તો એક આપને પ્રસન્ન કરવાનું જ દૃઢ તાન રહે છે. ૬. અમે અમારું ધાર્યું જેટલું કરીએ તેનાથી આપ પ્રસન્ન થતા નથી.'

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમને પૂછ્યા વિના તમારે એક પણ વાત કોઈને કરવી નહીં. ૭. તેવા જે ભક્ત હોય છે તેના ઉપર અમે પ્રસન્ન રહીએ છીએ. અને તેવાના વચનમાં અમે બંધાઈએ છીએ. જો અમે કહીએ તેમ તમે કરશો તો અમે અહીંયાં વસંતપંચમીનો ઉત્સવ કરશું.' ૮. ત્યારે તે બાઈએ કહ્યું, 'જેમ આપ કહો તેમ અમે કરશું. એવો સિદ્ધાંત અમે રાખ્યો છે.' ત્યારે શ્રીહરિ કહે, 'તો પછી અમે અહીં રહેશું અને વસંતપંચમી કરીને અહીંથી નીકળશું. ૯. અમે વિચારીને જોયું છે કે, બધા જ બંધનમાં સૌથી મોટું બંધન રાજ્યનું છે. ભગવાનના જેટલા મહાન ભક્ત થયા છે, તેમાં એક ધ્રુવના સિવાય કોઈએ રાજ્ય માગ્યું નથી. અને ધ્રુવે પણ પછીથી ઘણો પશ્ચાત્તાપ કર્યો કે અરે, મેં તો કુબુદ્ધિએ કરીને ભગવાનની પાસે રાજ્યરૂપી પાશ(બંધન) માગ્યો છે. ૧૦-૧૧. અરે, ચક્રવર્તી સમ્રાટ અને ઈન્દ્ર સુધીના જેટલા રાજ્ય કરી રહ્યા છે, તેમાં જે જેટલું રાજ્ય કરવામાં સુખ માને છે તેટલી તેને ભગવાનના સુખની ગમ પડતી નથી. ૧૨.

❋ અક્ષરધામની સર્વોત્તમતા :

મહાભારતના મોક્ષધર્મ પર્વ અને બીજાં જે પુરાણો છે તે ભગવાનના ધામની આગળ જે કોઈ પણ સ્થાનો છે, તથા પાતાળથી પ્રકૃતિપુરુષના લોક સુધીનાં જે જે સ્થાનકો છે, તે તે સ્થાનકોને એક એકથી દસ દસગણા મોટા અને ઉત્તમ કહ્યાંછે. ૧૩-૧૪ અને જે પ્રધાનપુરુષ છે તેથી પર પ્રકૃતિપુરુષનું સ્થાન છે. તે સ્થાન પ્રધાનપુરુષના સ્થાન કરતાં અપાર ગુણવાન અને શ્રેષ્ઠ છે. પ્રકૃતિપુરુષનો લોક છે તેના કરતાં પર અક્ષરધામ રહ્યું છે. તે તો તેથી પણ અપાર અને અનંતગણું મહાન, શ્રેષ્ઠ છે..! **અક્ષરધામના સમાન બીજું કોઈ સ્થાનક નથી.** ૧૫-૧૬.

चोपाई :

अक्षरधाम के आगे जेहा, जेते स्थानक कहेउ तेहा;
ताके सुख रहायेउ जितना, दुःख भयजुत रहेउ सब तितना...१७

બીજાં જે જે સ્થાનકો કહ્યાં છે અને તેનાં જેટલાં સુખો કહ્યાં છે તે બધાં જ સ્થાનકો અને તેનાં સુખો અક્ષરધામનાં સુખ અને શ્રેષ્ઠતાની આગળ તે સર્વે દુઃખથી અને ભયથી ભર્યાં છે. ૧૭.

भगवान के भक्त होवत जेता, तामें मोह न पावत तेता;
यामें मोह पावत हि जितने, माया के भक्त कहावत तितने...१८
मायामय सब वस्तु जो तामें, हम कबहु न बंधावे यामें;
पिंड ब्रह्मांड तिनसे जोऊ, अति जुदे हम वरतत सोऊ...१९

જે ભગવાનનો ખરો ભક્ત છે તે અક્ષરધામ સિવાય અન્ય કોઈ સ્થાનમાં મોહ પામતો નથી. અને અન્ય સ્થાનમાં જેટલો મોહ પામે છે તેટલો તે માયાનો ભક્ત કહેવાય છે. ૧૮. માયામય જે જે વસ્તુ છે, તેમાં અમે ક્યારેય બંધાયા નથી. આ પિંડ અને બ્રહ્માંડથી અમે અત્યંત પૃથક્ વર્તીએ છીએ. ૧૯. પિંડ અને બ્રહ્માંડનું જે કાર્ય છે તેમાં જે ભગવાનના ઉપયોગમાં આવે છે તે તેટલું અમાયિક-દિવ્ય જ બની જાય છે. પછી તે કોઈ જાતનું બંધન કરતું નથી. ૨૦. **જેટલી વસ્તુ ભગવાનના ઉપયોગમાં નથી આવતી તે બધી નિરર્થક કહેવાય છે. ભલેને તે ચાહે તેવી મહત્ત્વપૂર્ણ હોય..!** ૨૧.

જેટલા અજ્ઞાની માણસો છે, તે બધા પોતાના શરીરના પોષણ માટે અને પોતાના કુટુંબના પોષણ માટે રાતદિવસ અધર્મ કરતા રહે છે. ૨૨. તે અધર્મનો તેના મનમાં ત્રાસ થતો નથી. ઉલટા અધર્મ કરીને તો તે ફુલાય છે. જે મનુષ્ય જેટલો અધર્મ કરે છે તેનો ભાર તેને માથે છે. ૨૩. જે પાપનો ભાર માથે ઉઠાવે છે, તેનો પછીથી ક્યારેય ઉદ્ધાર થતો નથી. તેને તો જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનાં દુઃખો અત્યંત ભોગવવાં પડે છે. ૨૪. તેમાં લખચોરાશીનાં કેટલીએ પ્રકારનાં દુઃખો છે, તેનું વર્ણન કરતા પાર આવતો નથી. અમે તેને મોટો બોજ ગણીએ છીએ. જ્યાં સુધી તે સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે પાપના બોજથી રતીભાર પણ છૂટતો નથી. અને જ્યારે તે સત્સંગ કરે છે ત્યારે તેનો પાપનો બોજ દૂર થઈ જાય છે. ૨૫-૨૬.

જેને તે પાપના બોજને ઉઠાવવાનું ઘણું સામર્થ્ય હોય તે સત્સંગ નથી કરતા. પછી તે અધર્મના માર્ગે ચાલે છે. ૨૭. માણસ જ્યાં સુધી અધર્મ કરતો રહે છે ત્યાં સુધી તે સત્સંગથી છેટો રહે છે. માણસ જેમ જેમ ધર્મની સન્મુખ ચાલે છે તેમ તેમ તેને તેટલું સુખ થાય છે અને તે તેટલો સત્સંગની નજીક જાય છે. ૨૮-૨૯. માણસને જે દિવસથી ધર્મના ઉપર જેટલી રુચિ થાય છે તે દિવસથી તેને સત્સંગમાં તેટલી રુચિ થાય છે. તેમાં લેશમાત્ર સંદેહ નથી. ૩૦. જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનું અપરંપાર દુઃખ રહ્યું છે. તેનો પાર પમાતો નથી. તે દુઃખમાંથી સત્સંગ કરીને ઉદ્ધાર કરવાનો છે. ૩૧.

❋ સત્સંગ મોક્ષનું દ્વાર છે :

જેટલો ધર્મનો માર્ગ કહેવાય છે, તે બધો સત્સંગનો રાહ છે. સત્સંગ મોક્ષનો દરવાજો છે અને તે દરવાજાથી ઘણા લોકો સંસારના પારને પામી ગયા છે. ૩૨. શ્રીહરિ કહે, 'હે કુશળકુંવરબાઈ ! સત્સંગ કરીને તમને રાજ્ય ખારું લાગ્યું છે. તમને રાજ્યમાં દુઃખ મનાયું છે અને સત્સંગમાં સુખ મનાયું છે. માટે તમારાં ભાગ્ય અપાર છે ! ૩૩. જેટલું સત્સંગમાં સુખ મનાયું છે તેટલું તમને હવે પછી તત્કાળ સુખ મળશે અને મોહનું બધું જાળું તૂટી જાશે. ૩૪. પાતાળથી લઈને પ્રકૃતિપુરુષ સુધીના લોકના સુખમાં મોહજાળાનો

વિસ્તાર છે; એમ તમારે દઢપણે નિર્ધાર કરવાનો છે. ૩૫. આવી સમજણ દઢ કરવી તેનું જ નામ સત્સંગ છે, એવું પ્રત્યક્ષ દેખવામાં આવે છે. **જે મનુષ્ય જેટલો સત્સંગ કરે છે, છતાં તે સંસારમાં મોહ રાખે છે, તો તેને તેટલો સત્સંગમાં કુસંગનો ભાગ રહ્યો છે. જ્યાં સુધી જેટલો કુસંગ રહે છે ત્યાં સુધી તેને સત્સંગમાં વારે વારે દેહ ધરવો પડે છે. અને તે જ્યારે અતિ શુદ્ધ થાય છે ત્યારે અક્ષરધામમાં જાય છે, એમાં કોઈ વિલંબ લાગતો નથી.'** ૩૬-૩૮.

❋ સર્વનું કારણ શ્રીહરિ જ છે :

ત્યારે કુશળકુંવરબાઈએ કહ્યું કે, 'સત્સંગ કરતા લેશમાત્ર પણ કુસંગનો ભાગ ન રહે, એવી રીતે અમે હંમેશા સત્સંગ રાખશું. ૩૯. આપ શ્રીહરિ અમને મળ્યા તો હવે અમે પોતાના અંતરમાં લગાર પણ કુસંગ નહિ રાખીએ, તે અમે નિર્ધાર કરીને કહીએ છીએ. ૪૦.

सोरठा : मूर्ति रहे जो तुमारि, अक्षर के कारन अनंत;
अंतर में रख हि धारि, मूर्ति से अब न अधिक रहे...४१
अक्षरधाम के मांहिं, संत हरिजन की सभा रहे;
तेजोमय हि रहाहि, तेजोमय मूर्ति रहे तव...४२

અપરિમિત એવા અક્ષરનું કારણ પણ આપની મૂર્તિ છે. એ અંતરમાં અમે ધારી રાખશું. હવે અમને મૂર્તિ કરતાં કોઈ અધિક રહ્યું નથી. ૪૧. અક્ષરધામમાં સંતો અને હરિભક્તોની સભા અત્યંત તેજોમય રહી છે અને તેને મધ્યે આપની તેજોમય મૂર્તિ રહી છે. (તેને જ અંતરમાં રાખીશ.) ૪૨.

❋ ધનાદિ ખજાનો આપનાર રાણીને શ્રીજી વઢ્યા :

(પછી વળી, બાઈએ કહ્યું જે, "હે મહારાજ ! મારું દ્રવ્યાદિક શુદ્ધ કરવા પધારો." ત્યાર પછી મહારાજને મેના ઉપર બેસાડી તે પર્વત ઉપર લઈ ગયા. ત્યારે મહારાજની સાથે મોટેરા હરિભક્ત, તેના દીવાન કૃષ્ણરાવ, સંત પરમચૈતન્યાનંદ ને તેના અમાત્ય હતા. બીજા મેનામાં બેસી ખજાનાની ચાવી લઈ રાણી ગયાં. ત્યાં જઈ રાણી તથા મહારાજ ગઢમાં ગયાં. ને ત્યાં જે દ્રવ્યનો ખજાનો હતો તેની ચોકીમાં ઘણાક રાજપુરુષો હતા. ને તે સાત

દ્વાર, સાત કમાડ અને સાત તાળાએ જુક્ત હતો. તેને ઉઘાડીને તેમાં દીપક કરાવીને દ્રવ્યનો ખજાનો દેખાડ્યો. તે ઘણાક રૂપિયા બંગાળીની પહોળી તિજોરીઓમાં ભર્યા હતા. જેમ વેપારી લોકો કાલાંના ગંજ કરી મૂકે છે તેમ તે ઢગલો લોહપંજર મધ્યે પડ્યો હતો તે જોયો. પછી અંદર ખજાનો ઉઘાડી સોનું, હીરા, મોતી અને રૂપિયાના ઢગલા બતાવ્યા.

પછી શ્રીજીમહારાજને કુશળકુંવરબાઈએ એમ કહ્યું જે, “હે મહારાજ ! આ રાજ્યની સમૃદ્ધિ તે સૂતકી છે. તેને તમારી દૃષ્ટિએ કરીને તમે પવિત્ર કરો. તે કેવી રીતે ? તો આ સર્વે સમૃદ્ધિ હું તમને અર્પણ કરું છું. તમને આપ્યે મારે અખંડ રહેશે, એમ મારો સંકલ્પ છે.

હે સર્વ નિધિના સ્વામી ! અષ્ટસિદ્ધિ ને નવનિધિ તે તો તમારી દાસીઓ છે ને તમારે દ્વારે ભીખ માંગે છે ને ઝાડું કાઢે છે, એવા હું તમને જાણું છું; તોય પણ તમે મારી પૂજાને ગ્રહણ કરો. તે કેમ ? તો આ જે તમારા સંત ને હરિજન ને ઘણાક વિપ્ર તેને તેડાવીને ઘણાક દિવસ સુધી તમે આ સ્થળને વિષે બિરાજીને ભારે ઉત્સવ ને સમૈયો કરો. વળી ભારે યજ્ઞાદિક કારજ કરો ને આંહીં સદાય બિરાજો. ને આ જે સર્વે દ્રવ્ય તે હું તમને જ અર્પણ કરું છું.” અને વળી કહે, “હે પ્રભુ, જો તમે આ રાજ ન કરો તો આ સર્વે ખજાનો લઈ જાઓ. અને તમને યોગ્ય લાગે ત્યાં વાપરજો.” તેમ તે બાઈ તે સમે બોલ્યાં.

મહારાજ કહે, “ડોસી ! આ ધનના નહિ પણ પાપના ઢગલા છે. તમારે આ ખજાના પાછળ કેટલું પાપ છે તે જોવું છે ? તો તેની સામે જુઓ.” પછી રાણીને અનંત જીવની હત્યા તથા ક્રૂર યમદૂતો દેખાયા. આવાં અનેક પ્રકારનાં પાપ કર્યાં પછી આ ધન ભેગું થાય છે. માટે તે પાપ જ છે.” એમ મહારાજે તે બાઈને દેખાડ્યું, તેથી રાણી ડરી ગયાં. અને પ્રાર્થના કરી, “હે નાથ ! મને આનાથી મુક્ત કરો.” પછી મહારાજની મૂર્તિ દેખાણી તેથી સુખ થયું.

પછી મહારાજે વાત કરી કે, “આ ખજાનો તમારો છે જ નહિ. અને તમે આ દેહ નથી, સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છો; એમ માનો અને પછી તેમાં પરબ્રહ્મ પુરુષોત્તમ એવા અમને અખંડ ધારો અને તે સુખમાં ડૂબેલા રહો.”

ત્યારે તે રાણી કહે, "હા મહારાજ, આમાં મારું કાંઈ જ નથી. હવે તો આપની મરજી હોય તેમ રાખો અને ધામમાં લઈ જવી હોય તો અત્યારે જ જાઓ, હું તૈયાર છું." પછી વળી મહારાજ બોલ્યા જે, "રાજ્ય છે તે તો નરકરૂપ છે તેમ સર્વ શાસ્ત્ર ને સંત કહે છે. તે રાજ્યરૂપ જે નરકનો સૂંડો(ટોપલો) તે તમારે માથે પડ્યો છે. તે સૂંડો તમે કોકને માથે મૂકવાને ઈચ્છો છો, તે કોણ ગ્રહણ કરશે? સંતપુરુષ હશે તે તો ગ્રહણ નહિ કરે ને જે અસત્પુરુષ હોય તે તો ગ્રહણ કરે ખરા." વળી, શ્રીજીમહારાજે કહ્યું, "જેમ ઝાંપડો હોય તે પોતાની દીકરીનો વિવાહ કરીને રીઝે, ત્યારે તેને ભારે કોઈ શાહુકારનાં પાયખાનાનાં દાન કરે. ત્યારે તે ઝાંપડાં રાજી થાય ને તે ગ્રહણ કરે, પણ પવિત્ર બ્રાહ્મણાદિક હોય તે શું ગ્રહણ કરે ? ન કરે." એમ કહીને તે બાઈને મહારાજ તિરસ્કાર કરીને વઢ્યા, તેમ છતાં બાઈ રાજી થઈને સહન કરતાં હવાં.

પછી શ્રીજીમહારાજે તે સમે બાઈને એમ કહ્યું જે, "તમારા અંતરને વિષે રાજ્ય, દ્રવ્ય ને સરબંદી દેખાતાં હશે." ત્યારે તે બાઈએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! મારા અંતરમાં તો એક તમારી જ મૂર્તિ છે, ત્યાં એ પીટ્યા શું દેખાશે !" તેમ તે બાઈ બોલ્યાં. ત્યારે મહારાજ તે બાઈના વચનની દૃઢતા સાંભળીને રાજી થયા. પછી કુશળકુંવરબાઈ, તેના દીવાન ને તેના સર્વે અમાત્ય આદિક પ્રત્યે આ સાખી બોલ્યા જે,

નહિ લોભી નહિ લાલચી ને વળી કાળ વિના હતી કાયા;
પણ જે હોંશ રે'તી તે જે આદિ પુરુષ મારી નજરે આયા.

પછી મહારાજ અને રાણી મહેલમાં પાછાં આવ્યાં. પછી મહારાજ થાળ જમીને ઉતારે જઈને પોઢી રહ્યા ને પોતાને સુખે કરીને સુખિયા થયા. તે દિવસ મહા સુદિ ચોથનો હતો.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'રાજ્યના પ્રત્યે શ્રીહરિની અરુચિ અને રાણીને ઉપદેશ' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર સોળમું, તરંગ - ૨૮

વસંતોત્સવ અને સંતોનું ભોજન કહ્યું

શ્રીહરિએ કુશળકુંવરબાઈ રાણીને નિત્ય ધ્યાન કરવા માટે ત્યાં પ્રેમથી વસંતપંચમીનો ઉત્સવ કર્યો. ૧. હવે વસંતપંચમીના ઉત્સવની થોડીક વાત કહું છું. તેને જે ભક્તિભાવથી સંભારે તે ક્યારેય સંસારના ભટકણમાં આવે નહીં. ૨. **આ ગ્રંથમાં જે જે શ્રીહરિની વાત કહેવાય છે તે સાક્ષાત્ ભવસાગરને તરવા માટે સેતુના જેવી છે. ૩. જેટલો સાગર વિશાળ હોય તેટલો લાંબો સેતુ હોય એવું ક્યાંય સાંભળ્યું નથી. પરંતુ આ હરિચરિત્ર સેતુરૂપ છે અને આ ચરિત્રરૂપી સેતુ અહીંથી અક્ષરધામ સુધીનો છે.** ૪. જે આવી સુદૃઢ સમજણ કરીને આ શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથને સાંભળશે, તેનો તત્કાળ ઉદ્ધાર થશે અને તેનો સર્વોપરિ યશ થાશે. ૫.

આજ સુધી કોઈ મનુષ્યને જે યશ મળ્યો નથી તે યશ આ ગ્રંથ સાંભળનારને મળશે. માટે આ વખતે જેટલા માણસો સત્સંગ કરતા રહેશે તેટલો યશ તેને મળશે. ૬. અત્યારે જે સત્સંગ કરતા નથી અને પોતાને મનમાં ડાહ્યો સમજે છે, પણ આગળ શું ફળ મળશે તેની તેને લેશમાત્ર ગમ નથી. ૭. સત્સંગ વિના આવી બુદ્ધિ થઈ જાય છે અને તે બુદ્ધિ બગડ્યા પછી વારંવાર તેને જન્મ ધરીને અને જમપુરીમાં જઈને દુઃખ ભોગવવાં પડે છે. ૮. સત્સંગ વિના ગમે તેવો નિપુણ માણસ હોય તોપણ તે અભાગિયો કહેવાય છે. અને જે મનુષ્ય સત્સંગ કરે છે તેની નિપુણતા સૌથી અધિક ગણાય છે. ૯.

❋ સર્વ સાધનનું ફળ સત્સંગ છે :

चोपाई :

मनुष्य तन कु पाये जन इतने, सत्संग कु करत जो तितने;
तीर्थ व्रतादिक साधन जेहा, अपार करवे कु कये हे तेहा...१०
सब साधन के फल हे एता, सत्संग ही कु करना तेता;
जिहाँ लग सत्संग न कियेऊ, साधन वेर वेर करत रहेऊ...११
साधन के फल तिहाँ लग न पाये, साधन के फल सत्संग कहाये;
साधन ताके कलश हि जेहू, सत्संग ताकू कहे तेहू...१२

જે મનુષ્ય સત્સંગ કરે છે તે જ વાસ્તવમાં મનુષ્યદેહને પામેલો છે. મનુષ્યને તીર્થ અને વ્રત આદિ અનેક સાધન કરવાનાં કહ્યાં છે, ૧૦. તે બધાં સાધનનું ફળ એટલું જ છે કે સત્સંગ કરવો. જ્યાં સુધી સત્સંગ નથી કર્યો હોતો ત્યાં સુધી વારંવાર કરેલાં સાધનોનું ફળ તેને મળ્યું હોતું નથી. કારણ કે સાધનોનું ફળ સત્સંગ કહેવાય છે. અને સાધનમાત્રનો જે કળશ છે તે પણ સત્સંગ કહેવાય છે. ૧૧-૧૨.

શ્રીહરિ આવી રીતે ધરમપુરમાં રોજ સત્સંગની અપાર વાતો કરતા હતા. અને જેમાં જેટલો પ્રતાપ રહ્યો હતો તેટલો પ્રેમથી બતાવતા હતા. ૧૩. વસંતપંચમીનાં દિવસે ધર્મકુમાર શ્રીહરિ સંતો, વર્ણી અને હરિભક્તોની વિશાળ સભા કરીને બેઠા હતા. ૧૪. એક સુવર્ણકળશના મુખ ઉપર શ્રીફળ રાખ્યું અને વસંતની બધી વસ્તુઓથી તે કળશને શણગાર્યો. ૧૫. શ્રીહરિને રાજી કરવા માટે રાજા વિજયદેવે તે કળશને પોતાને મસ્તકે ધાર્યો અને શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. તે વખતે નગરજનોની ઘણી ભીડ રહી હતી. ૧૬. શ્રીહરિની પાસે રહીને રાજાએ વસંતની પૂજા કરી. તે સમયે મુક્તાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક મુનિમંડળો ઝાંઝ, મૃદંગ વગેરે વાજિંત્રો વગાડીને ઘણા પ્રેમથી વસંત વધાઈનાં પદ ગાતા હતા. બધે અલૌકિક ઉત્સવ છવાઈ રહ્યો હતો. ૧૭-૧૮.

પછી રાજાએ તે સમયે શ્રીહરિને ભારેમાંયલાં વસંતી શ્વેત વસ્ત્ર ધરાવ્યાં. કેસર, પતંગ અને કેસુડાના રંગથી કેટલાક મોટાં માટલાંઓ ભરાવ્યાં. ૧૯. તે સમયે અપરંપાર ગુલાલ લાવ્યા અને તે જ રીતે ઘણા પ્રકારના ફગવા લાવ્યા. રંગ બધો શ્રીહરિની આગળ મૂક્યો અને મંડપની શોભા ઘણી કરી હતી. ૨૦. તે સમયે ઢોલ, તાંસાં, પડઘમ, ભેરી, રણશિંગી, તુરાઈ ઇત્યાદિક વાજિંત્રો વાગવા લાગ્યાં. શ્રીહરિએ રાજા વિજયદેવને જે રીતે કહ્યું તે રીતે તે કરતા રહ્યા. ૨૧. જેટલા હરિભક્તો અને નગરજનો હતા, તેટલો રંગ કરાવ્યો હતો. રાજા, રાજાના દિવાન કૃષ્ણરાવ અને એક રાજાના માનીતા અનુપસિંહ તથા રાજાના જેટલા માન્યકારી વ્યક્તિઓ હતા, તે બધા મળીને પરસ્પર અપાર રંગ ઉડાડવા લાગ્યા. સહુને શ્રીહરિને રાજી કરવાનો જ વિચાર હતો. ૨૨-૨૩.

❋ વસંતપંચમીએ શ્રીહરિએ ગરીબોને દાન આપ્યાં :

(વસંતપંચમીને દિવસે તે બાઈએ ઘણીક ધનાદિની ભેટ મૂકી. પછી મહારાજ પ્રત્યે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારી નજરમાં આવે તેને આપી દો. મેં તો તમને જ અર્પણ કર્યા છે." ત્યારે શ્રીજીમહારાજે તેના સર્વે માણસને ચોબદાર મોકલીને તેડાવ્યા. તે સર્વે આવ્યા, ત્યારે મહારાજે તે બાઈ પ્રત્યે એમ કહ્યું જે, "આ સર્વે તમારા ચાકર છે ?" ત્યારે બાઈએ એમ કહ્યું જે, "હા." ત્યારે મહારાજે તે સર્વે ચાકરના પૃથક્ પૃથક્ જે જે કામના અધિકાર તે બાઈ પાસે પૂછ્યા. પછી કરુણાની દૃષ્ટિએ તે સર્વેને જોયા. વળી તેને મધુર વચને કરીને બોલાવ્યા અને તેમની જન્મમૃત્યુથી રક્ષા કરવા સારુ પોતાની મૂર્તિની સ્મૃતિ કરાવી. પછી ધનને દેવે કરીને પોતાને સંભારશે તેથી તેના જીવનો મોક્ષ થશે. તેવા હેતુથી સર્વે મનુષ્યોને ખોબે ને ધોબે ધનાદિ વહેંચવા લાગ્યા.

તે સમે એક દ્વિજ ટેલિયો હતો તે ઘણાક માસથી ટેલ નાંખતો હતો. તે ખબર સાંભળીને આવીને એમ બોલ્યો જે, "હે ગરીબનિવાજ ! હું ટેલિયો છું ને દુર્બળ એવો હું વિપ્ર છું. ને મારે દીકરી પરણાવવી છે ને છોકરાને યજ્ઞોપવિત દેવાની છે; તે સારુ ઘણા દિવસથી હું ટેલ નાખું છું, પણ મારું ગરીબનું કામ તમ વિના બીજો કોણ કરવા સમર્થ છે ? અને હે મહારાજ ! તમે તો બ્રહ્મણ્યદેવ છો તેથી મારા દારિદ્રને કાપો."

ત્યારે શ્રીજીમહારાજે તે વિપ્ર પ્રત્યે એમ કહ્યું જે, "તારે કેટલા રૂપિયા જોઈએ છે ?" ત્યારે તે વિપ્રે એમ કહ્યું જે, "હે મહારાજ ! મારે તો એક હજાર રૂપિયા જોઈએ છે." ત્યારે શ્રીજીમહારાજે તેને એક હજાર રૂપિયા આપ્યા ને તેને કોઈની પાસે માગવું ન પડે એવો અયાચક કર્યો. પછી તે બાઈએ મહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! તમારાં સર્વે માણસોને હું પહેરામણી કરાવું તેવી તમે મને રજા આપો. કેમ જે, તમે અમારાં મનુષ્યને ઘણા રૂપિયા વહેંચી દીધા ને તમારાં મનુષ્યને તો તમે એક કોડી પણ આપી નહીં. તે કેમ ?"

ત્યારે શ્રીજીમહારાજે બાઈ પ્રત્યે એમ કહ્યું જે, “આવું માયિક સુખ તો તુચ્છ છે. તેમાં તે અમે શું આપીએ ? જેમ કોઈ અણસમજુ બાળને રાજી કરવું હોય ત્યારે તેને મૃતિકાનાં હાથી, પાત્ર, કાષ્ટનાં રમકડાં ને ખોટી ધાતુનાં રમકડાં તે આપીને તેને રાજી કરે; પણ બુદ્ધિવાન અને વૃદ્ધ પુરુષને જ્યારે રાજી કરવા હોય ત્યારે તે બાળકનાં રમકડાં આપ્યાથી તે રાજી કેમ થાય ? તે ન થાય. તેમ અમારાં જે મનુષ્ય છે તે જ્ઞાને કરીને વૃદ્ધ છે. તેને તો અમાયિક એવું જે ભગવાનના ધામનું અખંડિત સુખ તે આપવું છે. તે સુખથી જ રાજી થાય તેવા આ અમારાં સર્વે હરિજન છે.” ત્યારે બાઈએ બહુમૂલી વસ્તુઓ શ્રીજીમહારાજની આગળ મૂકી. અને હાથ જોડીને કહ્યું જે, “હે મહારાજ ! આ જે સર્વે વસ્ત્ર છે તે તમારાં મનુષ્યને પહેરામણી કરવા સારુ મેં મંગાવ્યાં છે. તે તમે મારી ઉપર કૃપા કરીને યથાયોગ્ય જેવાં મનુષ્ય તેવાં વસ્ત્ર આપો. તેથી મારું સારું દેખાશે. હે પૂરણકામ ! તમારે તો કાંઈયે નથી જોઈતું, પણ આટલું તો ગ્રહણ કરો!” તેમ ઘણી પ્રાર્થના કરી. ત્યારે શ્રીજીમહારાજે પોતાનાં સર્વે માણસ તેને પોતાના હાથે કરીને તેનાં નામ લઈ લઈને આપ્યાં. તે અષાઢી મેઘ જેમ અમૃતનો વરસે તેમ વરસ્યા. તે સમે શાસ્ત્રી લક્ષ્મીરામ ત્યાં હતો. તેને પણ શ્રીજીમહારાજે કૃપા કરીને શેલું ને પાઘડી આપ્યાં.)

શ્રીહરિ જેટલા દિવસ ધરમપુરમાં રહ્યા તેટલા દિવસ રોજ નવા નવા ઉત્સવ થયા અને તે ઉત્સવમાં શ્રીહરિ ઘણા હેતથી સંતોને જમાડતા હતા. ૨૪. રોજ રોજ નવી નવી રંગની રંગોળીઓ ત્યાં પ્રેમથી પૂરાતી હતી અને તેના ઉપર બાજોઠ મુકાતા હતા. જેટલા સંતો હતા તેટલા બાજોઠ મુકાતા હતા અને પહેલા જળનાં પાત્ર પણ ભરી દેવાતાં હતાં. ૨૫-૨૬. ભોજન કરવા માટે જેટલી પત્રાવળીઓ અને પડિયાઓની જરૂર હોય, તે બધાં પહેલેથી જ પીરસીને મૂકી રાખવામાં આવતાં હતાં. ૨૭. અને તેટલી જ અગરબત્તીઓનો ધૂપ ત્યાં કરવામાં આવતો હતો કે જેની અનુપમ સુગંધ રહેતી હતી. ત્યાં શ્રીહરિ પહેલા થાળ જમી લેતા હતા. ૨૮.

તે પછી જેટલા સંતો હતા તે એક એક બાજોઠ ઉપર બેસતા. પછી પહેલા વિપ્રો આવીને શ્રીહરિની કેસરચંદન લઈને અતિ હેતથી પૂજા કરતા

અને ફૂલના હાર પહેરાવતા. તે પછી તે રીતે જ સંતોની પ્રેમથી કેસરચંદનથી પૂજા કરી ફૂલના હાર પહેરાવતા. ૨૯-૩૦. જ્યારે વિપ્ર બધા સંતોની પૂજા કરી રહેતા ત્યારે શ્રીહરિ ત્યાં બેઠેલા બધા સંતોને જમવાની આજ્ઞા કરતા હતા. ૩૧. સંતો અન્નને મેળાવીને જમતા હતા અને કોળિયે કોળિયે ભગવાન 'નારાયણ'નું નામ બોલતા હતા. બધા અષ્ટાંગ બ્રહ્મચર્યને પાળનારા નિષ્કામી સંતો હતા. ૩૨. બધા સંતો સનકાદિક અને શુકદેવજીની રીતે અતિ નિષ્પૃહીપણે પ્રેમથી રહેતા હતા. સહુ સંતોમાં નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ જેવા ગુણો અત્યંત હતા. ૩૩. ધાતુમાત્રનો તેઓ સંગ રાખતા નહીં. સંતોનું બધું જ વર્તન સર્વોચ્ચ હતું. સંતો અને હરિભક્તોની જેટલી વાતો હતી, તેને નગરજનો પ્રમાણ કરતા અને કહેતા, ૩૪.

પૂર્વે જેટલા જેટલા આચાર્યો થઈ ગયા તે કોઈએ આવો ધર્મ ચલાવ્યો ન હતો. અને જેટલા અવતાર થઈ ગયા તેમણે પણ આવો ધર્મ ચલાવ્યો ન હતો. ૩૫. લોક અને શાસ્ત્રમાં કોઈ બાધ ન આવે અને નીતિમાન લોકો જેને પ્રમાણ કરે એવો મત સૌથી ઉત્તમ કહેવાય છે. આવો શ્રેષ્ઠ ધર્મ સ્થાપનાર આ અવતાર તો ઘણો સમર્થ દેખાય છે. ૩૬. કોઈ પણ જાતના બાધ વિનાનું વર્તન જેમાં રહેલું હોય, તે મત જ સર્વશ્રેષ્ઠ છે અને તે મત જ સર્વમાન્ય છે. ૩૭. જે મતમાં વર્તનનો જેટલો બાધ હોય અને જે લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ હોય તેટલો તે મત બાધરૂપ છે. ૩૮. ધરમપુરના જે બુદ્ધિમાન ધર્મવાળા નાગરિકો(તથા કુશળકુંવરબાઈ અને અમાત્યો) હતા, તે સંતોને(પરમચૈતન્યાનંદસ્વામી વિગેરેને) દેખીને ઉપર કહ્યા પ્રમાણે વાતો કરતા હતા. ૩૯. શ્રીહરિ ગઢપુરથી જે દિવસ નીકળ્યા તે દિવસથી ત્યાં એક સંત(સચ્ચિદાનંદસ્વામી) ધ્યાનમાં બેસી ગયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'વસંતોત્સવ અને સંતોનું ભોજન કહ્યું' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર સોળમું, તરંગ - ૨૯

આદિવાસી ભીલોના કલ્યાણનું વચન અને રાજાની સમજણ

શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા અને જે જે ગામ જઈને રાત રહ્યા અને ત્યાં જેવો થાળ જમ્યા હોય તે થાળના ભોજનની વાત, તે સંત સચ્ચિદાનંદસ્વામી ગઢપુરમાં રહ્યા થકા બીજા ભક્તોની આગળ કરતા હતા. ૧. તે પછી શ્રીહરિ ધરમપુર અને વાંસદામાં જે રીતે ગયા અને ત્યાં જેવાં ચરિત્ર કર્યાં હોય તેને યથાર્થરૂપમાં પરમ પ્રેમથી કહેતા હતા. ૨.

सोरठा : मुनि हि सच्चिदानंद, नाम रहे प्रसिद्ध तेहि;
सदा रहत आनंद, निरावर्ण भये वृत्ति जेहि...०३
मुनिवर मगन रहेउ, मूर्ति जेंवत जेंवत तिहाँ;
बात करत हि रयेउ, बिचरत रहत हे हरि जिमि...०४

તે સંતનું નામ સચ્ચિદાનંદસ્વામી પ્રસિદ્ધ છે. તેઓ સદા આનંદમાં રહેતા અને તેમની દૃષ્ટિ નિરાવરણ થઈ હતી. ૩. મુનિવર સદાય મૂર્તિમાં મગ્ન રહેતા. જ્યાં ભગવાન થાળ જમતા ત્યાં તેમની સાથે પોતે જમતા અને ભગવાન શ્રીહરિ જે રીતે વિચરણ કરતા હતા, તેની વાત પણ કરતા. ૪. જેવી તેમની દૃષ્ટિ નિરાવરણ હતી, તેવું જ તેમનું શરીર પણ નિરાવરણ થયું હતું. સ્વામી અહીં શરીરે ધ્યાનમાં બેઠા હોય, પરંતુ શ્રીહરિ ત્યાં વન પર્વતમાં જે રીતે ફરતા તે રીતે સ્વામીનું શરીર અહીં ભમતું રહેતું હતું.(આવી શ્રીહરિ સાથે એકાત્મતા થઈ હતી) ૫.

જે રીતે શ્રીહરિની મૂર્તિ ધ્યાનમાં તેમને દેખાતી હતી તે રીતે સચ્ચિદાનંદસ્વામીનું અહીં આચરણ-હલનચલન થતું હતું. પછી જ્યારે તેમનું શરીર કોઈ નિયમમાં ન રહ્યું ત્યારે તેમને ઘરમાં પૂરી દીધા. ૬. બારણાં બંધ કરીને તેને તાળાં દીધાં. બારણા બહાર લોકો ચોકી કરવા બેઠા, છતાં પણ તે સ્વામીનું શરીર બહાર નીકળી ગયું. ચોકી કરનારાને તે લગાર પણ દેખાયું નહીં. ૭. બધા લોકોએ આશ્ચર્યકારી વાત તો એ દેખી કે તાળાં અને બારણાં બંધ હોવા છતાં મુનિને વન, વૃક્ષો અને પર્વતમાં ફરતા દેખ્યા. ૮. જ્યારે તે સંત વનમાં નીકળી જતા ત્યારે બીજા ભક્તો તેને ગામમાં લઈ આવતા હતા.

એક દિવસ ધરમપુરના દીવાન કૃષ્ણરાવે શ્રીહરિ અને સંતોને વિધિ પ્રમાણે જમાડ્યા. અને તે વખતે શ્રીહરિ તથા સંતોની પૂજા કરી. (તે દિવસ સં.૧૮૭૨ મહા સુદી ચોથ તા. ૨/૨/૧૮૧૬ નો હતો.) વળી, અનુપસિંહ નામે એક ક્ષત્રિય હતા અને તે સાચી ભાવનાવાળા જાહેર રીતે એક પાકા હરિભક્ત થયા હતા. ૯-૧૦. તેઓ રાજાના માન્ય રાજપુરુષ હતા. તેમણે એક દિવસ શ્રીહરિ અને સંતોને રસોઈ આપી. શ્રીહરિ તથા સંતોની પ્રેમથી પૂજા કરીને ઘણા હેતથી આરતી ઉતારી. ૧૧. એક દિવસ પોતાના જેટલા આદિવાસી ભીલો હતા, તેમને રાજા વિજયદેવે બોલાવ્યા. તે દેવાજી અને દાજી નામે આદિવાસીઓમાં એ બે મોટા આગેવાનો હતા. ૧૨. તેમણે માથા ઉપર પાઘ બાંધી હતી. પહોળી કોપીન પહેરી હતી અને એક વસ્ત્રભર રહેનારા તે આદિવાસીના હાથમાં ધનુષ્ય હતું. ૧૩. જે ગામના જે આદિવાસી હોય તે સહુ પોતાના જૂથમાં રહેતા અને તે બધા એક એક નગારું લાવ્યા હતા અને તેને વગાડતાં વગાડતાં આવ્યા હતા. ૧૪.

કેટલાકે પોતાના કાનમાં સોનાનું આભૂષણ પહેરેલું હતું. જે આગેવાન દેવાજી અને દાજી હતા, તેમણે શરીર ઉપર સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૧૫. તે બંને આગેવાનો પહેલા આવીને શ્રીહરિને પગે લાગ્યા અને તેણે એક એક સોનામહોર શ્રીહરિને અર્પણ કરી. ૧૬. તે સિવાયના જે બીજા આદિવાસીઓ હતા, તે બધાએ શ્રીહરિને મસ્તક નમાવ્યું અને પગે લાગ્યા. સહુએ એક એક રૂપિયો શ્રીહરિને ભેટ આપી, પૂજા કરી. ૧૭. દસ હજાર આદિવાસીઓ આવ્યા હતા. તેઓ શ્રીહરિનાં દર્શન કરી ઘણા રાજી થયા. રાજાએ કહ્યું, 'હે પ્યારા શ્રીહરિ ! આ અમારી સેના છે. તેના ઉપર આપની અમૃતમયી દૃષ્ટિ કરાવવી છે. ૧૮.

※ ભાગ્યશાળીને સંત મળે છે :

મહારાજ ! આ બધાનો આપ ઉદ્ધાર કરજો. આટલી મારી વિનંતિને દિલમાં ધારો..!' શ્રીહરિએ કહ્યું, 'આ બધા આદિવાસીઓ જો એકવાર સંતોને હાથ જોડીને પગે લાગે, તો આ બધાનો હવે પછી ઉદ્ધાર થાય. એમાં લગાર પણ સંશય નથી. આ સંતોને જે એકવાર પણ પૂજે છે, જમાડે છે, સેવા કરે છે, ૧૯-૨૦.

चोपाई :

परम मुक्ति कु पावत एहि, संभारत धनभाग्य रहे तेहि;
वेर वेर अंतर जो तामें, संभारत यह संत कु यामें...२१

पाप रहाये चाये तितना, भस्म होई जावे सद्य तितना;
अनल करीके तन जरि जावे, पाप जेते के तेते रहावे...२२

अनल से यह संत हे ताके, अपार प्रताप रहाये वाके;
भाग्य उदे अति होवत जाहि, ताकु मिलत हे संत याहि...२३

તે પરમ મોક્ષને પામે છે. આ સંતોને જે સંભારે છે, તે ધન્યભાગ્યશાળી થાય છે. **આ સંતોને હૃદયમાં જે વારંવાર સંભારે છે, તે ગમે તેવા પાપી હોય તોપણ તેનાં બધાં જ પાપ તત્કાળ ભસ્મ થઈ જાય છે.** કોઈ માણસ કદાચ આગથી પંચાગ્નિ તાપીને બળી જાય, છતાં તેનાં જે પાપ છે તે તેવાં ને તેવાં રહે છે. ૨૧-૨૨. આ સંતોનો પ્રતાપ અગ્નિ કરતાં પણ ઘણો વધારે છે. જેનાં મહાન ભાગ્ય ઉદય થયાં હોય તેને જ આવા સંત મળે છે. ૨૩.

જેના હૃદયમાં આવા સંતનો અભાવ રહેતો હોય, તેવા મનુષ્યો મરીને ફરીવાર મનુષ્યદેહને પામતા નથી.' (પછી ભીલો સંતોને પગે લાગીને ગયા.) ૨૪. આ રીતે શ્રીહરિએ રાજાની આગળ ઘણી વાતો કરી. તે સમયે રાજાએ શ્રીહરિ અને સંતોને અનેકવાર જમાડ્યા અને પૂજ્યા. ૨૫. જે દિવસે શ્રીહરિએ ધરમપુરથી ચાલવાની તૈયારી કરી, તે દિવસે રાજાએ શ્રીહરિ અને સંતોને જમાડ્યા. પછી પૂજા કરવા આવ્યા. ૨૬.

મોટા મોટા રૂપિયાના ભરેલા થાળ શ્રીહરિ આગળ મૂક્યા. તે બધા રૂપિયાને કુંકુમવાળા કર્યા હતા. પછી શ્રીહરિની પૂજા કરી. ૨૭. અને ત્યારે સોનેરી વસ્ત્ર, સોનાનાં ઘરેણાં અને અમૂલ્ય મોતીનો હાર શ્રીહરિને પહેરાવ્યો. ૨૮. શ્રીહરિને મસ્તકે પાઘમાં શિરપેચ બાંધીને કલગી મૂકી અને તેમાં કિંમતી મોતીના તોરા ધરાવ્યા. કાનમાં મકરાકાર કુંડળ પહેરાવ્યાં. ૨૯. શ્રીહરિના હાથમાં સોનાનાં બાજુબંધ, કડાં, વેઢ, અંગૂઠી ઇત્યાદિક ધરાવ્યાં. લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને તેની વચ્ચે કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ૩૦. કેસરયુક્ત ચંદન ચરણો ઉપર ચરચીને રાજાએ તેને પોતાની છાતી ઉપર

ચાંપ્યાં. પછી કપૂરથી આરતી ઉતારી અને રાજા વિજયદેવ બોલ્યા, 'હે મહારાજ ! અમે તો હવે આપના થયા છીએ. ૩૧.

જે જીવનો જેવો સ્વભાવ હોય છે, તે બધું તો આપ જાણો જ છો. જીવ જેવા સ્થાનમાં રહેતો હોય, જેવા શરીરમાં આવ્યો હોય, તેવું સહેજે જ તેનું આચરણ થાય છે અને તેને તેવી જ સોબત મળે છે. અને જેવી સોબત થાય તેવો સ્વભાવ બધા દેહધારીઓનો થાય છે. ૩૨-૩૩. જ્યાં સુધી અમારાં માજી હયાત છે ત્યાં સુધી અમારું ધાર્યું કાંઈ થતું નથી. તેમની જેવી મરજી હોય તેટલું જ અમારાથી થઈ શકે છે. ૩૪. પિતાજીની એટલી મર્યાદા રહેતી ન હતી. અત્યારે હું પિતા કરતા વધારે માજીની મર્યાદા રાખું છું. જો તેમનો પ્રભાવ ન હોય તો આવી મર્યાદા ન રહે. અને મર્યાદા વિના તો કેટલાક ખુવાર થઈ ગયા છે. ૩૫.

સિંહ, સર્પ, હાથી, જેટલા પ્રકારનું કહેવાતું ઝેર, અગ્નિ, ચંદનઘો, તે બધાના જેવા સ્વભાવવાળા બધા રાજાઓ હોય છે. ૩૬. તેની મરજીને સાચવતા રહીએ તોપણ એક પળવારમાં તે ફરી જાય છે. અને જ્યારે તેની મરજી ફરી જાય ત્યારે તેઓ પોતાની મરજીને આધીન થઈ જાય છે. ૩૭. નીતિ ભણ્યા વિનાના જેટલા રાજાઓ રહ્યા છે, તે તો આંધળા અને બહેરાના જેવા દેખવામાં આવે છે. ૩૮. પેશવા જેવો કોઈ રાજા(સૂબો) નહિ, પણ નીતિ વગર તેનું કાંઈ મૂલ્ય ન રહ્યું. રાજાનું મૂલ્ય તો નીતિ છે અને નીતિ છે તે પરમેશ્વરનું સ્વરૂપ છે. ૩૯. જેટલા અંગ્રેજો છે તે બધા નીતિરૂપ પરમેશ્વરની મરજી મુજબ રાજ્ય કરે છે. જે રાજા નીતિ ભણીને તે પ્રમાણે રાજ્ય કરે છે તે રાજા દેવથી પણ અધિક છે. ૪૦. જેટલા રાજાઓ અપાર પ્રમાદ કરે છે, તેઓ રાજ્યથી ખુવાર થયા છે અને નીતિ વિના નિર્જીવ જેવા રહ્યા છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'આદિવાસી ભીલોના કલ્યાણનું વચન અને રાજાની સમજણ કહી' એ નામે ઓગનત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર સોળમું, તરંગ - ૩૦

શ્રીહરિએ રાજાને ભલામણ કરીને ધરમપુરથી વિદાય લીધી

શ્રીહરિએ રાજા વિજયદેવને કહ્યું, 'રાજ્ય, સ્ત્રી અને ધન, તે તો કાજળનો કોટ કે પર્વત છે. તે ત્યાગીને પણ વિઘ્ન કરનારો છે. ૧. ઘણા સારા જેટલા વિષયો છે, તે રાજ્યમાં સહેજે રહ્યા છે. અને તે વિષય દારૂ અને લીલાગર ભાંગ્ય કરતાં પણ વધારે નશો ચઢાવનારા છે. ૨.

✵ સત્તા ઉપર રહી નિર્દોષ રહેવું કઠણ છે :

सोरठा : त्यागी जितने जोउ, राज में रही न बचत कोउ;
चाय तेसे जो होउ, ग्रंथ में लिखे बात यह...०३
त्यागी होइके जेह, बंधन में बंधात जेहि;
गज पतंग मिन तेह, मृग भ्रंग जिमि नाश होत...०४

શાસ્ત્રમાં એવી વાત લખી છે કે ચાહે તેવો મોટો ત્યાગી હોય તોપણ રાજ્યમાં રહીને તે નિર્દોષ રહી શકતો નથી. ૩. ત્યાગી થઈને જો બંધનમાં આવી જાય છે, તો હાથી હાથણીથી, પતંગિયું અગ્નિથી, માછલું માંસથી, હરણ સંગીતથી અને ભમરો પુષ્પની સુગંધ લેવા જતા જેમ નાશ થાય છે તેમ ત્યાગી નાશ થાય છે. ૪. જે રાજા સાંસારિક વિષયભોગમાં સુખ માને છે તે તો પ્રાકૃત રાજા કહેવાય છે અને તે અત્યંત તુચ્છ બુદ્ધિનો કહેવાય છે. ૫. જે મનુષ્યની બુદ્ધિ પ્રાકૃત(વિષયી) છે તે મરણ પછી અથાગ દુઃખ પામે છે અને પછી પણ તે દુઃખનો અંત આવતો નથી. તે પ્રાકૃતબુદ્ધિના મનુષ્યને તેની ખબર નથી. ૬. આ દુનિયાનું જેટલું સુખ કહેવાય છે, તે બધું સુખ એક પલકમાત્ર જ રહે છે અને તે સુખમાં જ્યારે દુઃખ મનાય છે ત્યારે તેવી સમજણવાળો અથાગ સુખને પામે છે. ૭. સંસારના સુખમાં મનુષ્ય જ્યાં સુધી સુખ માનતો રહે છે ત્યાં સુધી તેની પ્રાકૃતબુદ્ધિ રહે છે અને ત્યાં સુધી તે અપાર દુઃખને પામતો રહે છે. ૮. આ ભૌતિક સુખને જે મનુષ્ય દુઃખરૂપ દેખે છે, તે અનુપમ અપ્રાકૃત(અલૌકિક) બુદ્ધિનો થાય છે અને તેને અનુપમ સુખ મળે છે. પછી કોઈ દિવસ તેની નજરે દુઃખ દેખાતું નથી.' ૯.

ત્યારે રાજા વિજયદેવે કહ્યું, 'સંતો સિવાય કોઈની તેવી અપ્રાકૃત-અલૌકિક મતિ થતી નથી અને જે રાજાની બુદ્ધિ અલૌકિક થાય છે તે તો સંતોના યોગથી થાય છે. ૧૦. જો સંતોનો યોગ ન રહે તો હરિભક્તોના યોગે કરીને પણ અમારી બુદ્ધિ ક્યારેક થોડી સત્સંગ સન્મુખ રહેશે.' ૧૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'રાજા, તમને તમારા માજીનો યોગ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તમારી બુદ્ધિ સત્સંગ બહાર નહિ જાય. ૧૨. તમારા માજી ધામમાં ગયા પછી તમારી બુદ્ધિ જેવી અમારા દેખવામાં આવશે, તે પ્રમાણે અમે તમારું ધ્યાન રાખશું. ૧૩. જેટલા ઢોંગી ભેખધારીઓ છે અને જેટલા ઢોંગી ફકીર છે, તે બધા પુત્ર વગરના રાજા અને શાહુકારને ખોળતા ફરે છે. ૧૪. જેટલા રાજાઓ અને શાહુકારો છે તે બધા સત્સંગ કરતાં પણ પુત્ર ઉપર વધારે પ્રેમ રાખે છે. અને તેઓ પુત્રને માટે તો સત્સંગનો પણ ત્યાગ કરી દે છે. ૧૫.

જે રાજાઓ અને શાહુકારો છે, તેઓ તો દીકરાને માટે પાખંડી હોય તોપણ તે જેમ કહે તેમ કરે છે. અને તેની કોઈ પત્નીઓ તો તેનું ખવરાવ્યું મળ પણ ખાય છે. ૧૬. દીકરા માટે થઈને જે કાંઈ કહેવામાં આવે તેને ગૃહસ્થો ઉત્સાહથી કરવા લાગે છે અને તેમાં લેશમાત્ર પણ શંકા કરતા નથી. સાંસારિક લોકોની આવી સમજણ હોય છે. ૧૭. જે સંસારી લોકો કહેવાય છે, તે બધાને સંસાર ઉપર જ દોડ રહે છે. ધન, સ્ત્રી અને પુત્ર, આ ત્રણ વસ્તુ સંસારીને માટે મુખ્ય રહી છે. ૧૮. ગામ, ગરાસ અને ધન, આ બધું પરિવારને માટે જ છે, એમ બુદ્ધિમાન લોકો પણ માને છે. જ્યારે શરીર નહિ રહે ત્યારે તેમાંથી એક પણ વસ્તુ નહિ રહે. એ સહુ લોકોને દેખવામાં આવે છે. ૧૯. આવું બધું દેખે છે છતાં મનુષ્ય તત્કાળ ભૂલી જાય છે. એવી મનુષ્યને મોહજાળ રહે છે, પણ સંસાર અને આ શરીર તે બધું જેના હાથમાં છે એવા ભગવાન તો સહુથી સમર્થ છે ! સહુના નાથ છે. ૨૦.

જેટલા ઢોંગી છે તેને ભગવાનનો વિશ્વાસ નથી અને તેથી તેનો ક્યારેય મોક્ષ થતો નથી. તે ઢોંગી માણસ પણ જ્યારે ભગવાનમાં વિશ્વાસ કરવા લાગશે ત્યારે તેનો મોક્ષ થશે. તે સિવાય તેનો મોક્ષ થશે નહીં. આ અમે કહી તે વાત ચોક્કસ અને સત્ય છે. ગમે તે દિવસ પણ આ વાત સમજવી પડશે.' ૨૧-૨૨.

શ્રીહરિની કરેલી આટલી વાત સાંભળીને રાજા વિજયદેવ ઘણું ખુશી થયા. તેણે શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! આપની વાત તો વેદ અને પુરાણોના રહસ્યરૂપ છે.' ૨૩. આમ કહીને તે ચતુર રાજાએ સંતોની પૂજા કરી, સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. પાણી પીવા માટેનું કાષ્ઠનું એક એક પાત્ર પણ સંતોને આપ્યું. ૨૪. શ્રીહરિની સાથે જે વિપ્રો હતા, તેમને માથે પાઘ બંધાવી અને સોમલા ખાચર આદિક દરબારોને ભારે પોષાક અપાવડાવ્યો. ૨૫. તે સિવાયના જે પાર્ષદો હતા, તેમની પૂજા કરી અને બધાને વસ્ત્ર ઓઢાડ્યાં. અને બ્રાહ્મણોને દક્ષિણા આપી. ૨૬.

પછી શ્રીહરિએ રાજાના જે નોકર-ચાકર હતા, તે બધાને બોલાવ્યા. અને થાળમાં જે રૂપિયા ભર્યા હતા, તે સહુને વહેંચી દીધા. ૨૭. ધરમપુર ગામના જે વિપ્રો શ્રીહરિની પાસે આવ્યા હતા, તે બધા વિપ્રોને પોશ ભરી ભરીને નગદ રૂપિયાનું દાન દીધું. ૨૮. શ્રીહરિએ ત્યાંથી નીકળવાની જ્યારે તૈયારી કરી ત્યારે રાજા બધી સવારી લઈને આવ્યા. શ્રીહરિને હાથીની સોનાની અંબાડીમાં બેસાડ્યા. ૨૯. રાજાના દીવાન શ્રીહરિને ચામર કરવા બેઠા. જ્યારે સવારી રાજબજારમાં ચાલી ત્યારે બધા નગરજનો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. ૩૦. નગરજનો બોલતા હતા કે, આ શ્રીહરિનાં દર્શન આપણને ફરીથી થશે નહીં. આજ આપણાં ધન્યભાગ્ય છે કે આટલા દિવસો શ્રીહરિનાં દર્શન થયાં..! ૩૧.

આમ બજારમાં જેટલા નગરજનો ઊભા હતા તે બોલતા હતા. તે સમયે આગળના ભાગમાં અપાર વાજિંત્રો વાગવા લાગ્યાં અને હજારો લોકો 'જય જય' 'જય જય' બોલવા લાગ્યા. ૩૨. કુશળકુંવરબાઈએ પોતાના હૃદયમાં શ્રીહરિની મૂર્તિ ધારી લીધી. મૂર્તિ સિવાય હૃદયમાં કાંઈ રાખ્યું નહીં. તે મૂર્તિમાં જ જીવને જોડી દીધો. ૩૩. પછી તેમનો દેહ છૂટ્યો ત્યાં સુધી મૂર્તિ સિવાય બીજું કાંઈ સંભાર્યું નહીં. શ્રીહરિ ધરમપુરથી એક કોશ સુધી આગળ ચાલ્યા, પછી હાથી ઉપરથી તરત ઊતરી ગયા. ૩૪. તે વખતે શ્રીહરિ રાજાને ભેટ્યા અને તેને પ્રસાદીનો સારો અમૂલ્ય પોશાક આપ્યો.

પછી શ્રીહરિએ કહ્યું, 'જ્યારે તમે પત્ર લખશો ત્યારે અમે સંતોને અહીં મોકલશું. ૩૫. પત્ર લખ્યા વિના જો અમે મોકલીએ તો તે સમયમાં દેશકાળ કેવો હોય, તેની કેમ ખબર પડે ? માટે હે રાજા વિજયદેવ! તમારે જ્યારે ભાવ થાય ત્યારે તેવો પત્ર લખજો. અમે તમારા પત્રની વાટ જોઈશું. ૩૬. તમારો પત્ર આવ્યા સિવાય અમે સંતોને મોકલશું નહીં. તમે તો બુદ્ધિમાન છો, એટલે જ્યારે ભાવ થાય ત્યારે પત્ર લખજો.' ૩૭. આમ કહીને શ્રીહરિ ચાલતા થયા અને અશ્વ ઉપર બેઠા. અશ્વ ઘણા વેગથી ચલાવ્યો. પછી રાજા ત્યાંથી પાછા વળ્યા. ૩૮. અને સુરતના જે મોટા મોટા હરિભક્તો શ્રીહરિવરની સાથે હતા, તે બધા બળદગાડીમાં બેઠા હતા. તેઓ ચિખલી ગામમાં ગયા. ૩૯. અને શ્રીહરિ તો સીધા ચાલતા થયા. બીજે ગામ જઈ રાત રહ્યા. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિની સાથે હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ રાજાને ભલામણ કરીને ધરમપુરથી વિદાય લીધી' એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર સોળમું, તરંગ - ૩૧

શ્રીહરિ નર્મદા તથા મહીસાગર ઊતરીને બામણગામ આવ્યા

શ્રીહરિ પ્રથમ જ્યાં રાત રહ્યા હતા ત્યાં ભારે માંયલા સફેદ શેલાં હતાં, તે મનમાં રાજી થઈને સંતોને આપ્યાં. ૧. મુક્તાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, આત્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, એ બધાને શ્રીહરિએ એક એક શેલું આપ્યું. ૨-૩. આમ શ્રીહરિએ પોતાનો બોજ ઓછો કર્યો અને સંતોને મહાન પ્રસાદી મળી. પછી પરમ નિપુણ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **ઝાડેશ્વર** ગામ તરફ આવ્યા. સવારના પહોરમાં નાવમાં બેસીને નર્મદા નદીને ઊતર્યા. ઝાડેશ્વર ગામમાં એક હરિભક્ત વિપ્ર રહેતા હતા. ૪-૫. તે શ્રીહરિને ઘણી ભાવનાથી પોતાને ઘેર લઈ ગયા. શ્રીહરિને પલંગ ઉપર બેસાડ્યા અને પોતે રસોઈ કરવા લાગ્યા. ૬.

ગામમાં જે ભાવનાવાળા પાટીદારો હતા, તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યાં. શ્રીહરિએ તેમને ઘણા હેતથી વાત કરી. ૭. ત્યાં એક બ્રહ્માનંદ નામ ધારણ કરીને અને એક મુક્તાનંદ નામ ધારીને આપણા સાધુ જેવા થઈ નિવાસ કરી રહેતા હતા. તેઓ ઝોળી ફરતા ફરતા શ્રીહરિની પાસે આવ્યા. ૮. જે રીતે સંતો બોલતા હોય, તે રીતે તેઓ ઝોળી માટે શબ્દ બોલ્યા. ત્યારે તે સાંભળીને શ્રીહરિએ કહ્યું, 'તમે કોના સંત છો ? અને અહીંયાં કેટલા દિવસથી રહો છો ?' ૯. ત્યારે તેમણે કહ્યું કે, 'અમે અહીંયાં છ મહિનાથી રહીને નિત્ય ઝોળી માગીએ છીએ. અમે સહજાનંદસ્વામીના સંત છીએ અને તે સહજાનંદસ્વામી અમારા ગુરુ છે.' ૧૦. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'તે સહજાનંદસ્વામી છે તે ક્યાં રહે છે ? તે શરીરે કેવા દેખાય છે ? તમે જોયા હોય તો બોલો. ૧૧. તમારો ધર્મ કેવો છે ? લોકો આગળ તમે વાતો કેવી કરો છો ? તમે બંને કયા ગ્રંથને ભણ્યા છો ? તે કહો તો અમે તે બાબતે કાંઈક જાણીએ.' ૧૨.

ત્યારે તે બંને શ્રીહરિ પાસે બોલ્યા, 'અત્યારે તો અમે ઝોળી ફેરવીએ છીએ. પ્રસાદ લઈને આવશું ત્યારે તરત ઉત્તર દેશું. ૧૩. જેના ઘરની જે વાત હોય તે તો બધી જાણતા જ હોય. તેમાં તમે શું પૂછો છો ?' એમ કહીને તેઓ બંને ચાલતા થયા. ૧૪. પછી ગામના લોકોને શ્રીહરિએ કહ્યું, 'તે બંનેએ અમને જોયા પણ નથી, આ તો ઠગ છે. તેણે સાધુનો વેષ લીધો છે. ૧૫. અમારા જે સંતો છે તે ક્યારેય એકલા ન ફરે. ધન અને સ્ત્રીનો તેઓ દૂરથી જ ત્યાગ કરે છે. ૧૬. અને જે મુક્તાનંદસ્વામી નામે સંત છે, તે અમારા સાધુઓમાં એક જ છે અને બ્રહ્માનંદસ્વામી પણ એક જ છે. અને તે અત્યારે કચ્છ દેશમાં છે. ૧૭. અને અમે પોતે સહજાનંદસ્વામી છીએ. અમને આ બંનેએ કોઈ રીતે જોયા નથી. અમારા સંતનું નામ લઈને સ્ત્રીને અથવા તો ધનને લઈ જશે. ૧૮. પછી તમે વાત કહેશો કે સહજાનંદસ્વામીના સંત ખરાબ છે. આ બંને અમારા સંત નથી, એ વાત અમે તમને સ્પષ્ટ કહીએ છીએ.' ૧૯.

ત્યારે ગામ ઝાડેશ્વરના લોકો બોલ્યા, આપે સાચું કહ્યું છે. આપે વાત ન કરી હોત તો અમને ખબર પડત નહીં. હવે અમે તેમનો ક્યારેય વિશ્વાસ

કરશું નહીં. તેવાના વિશ્વાસમાં તો ધન અને નારીનો વિનાશ થાય છે. ૨૦. જો તમે અમને સાવધાન ન કર્યા હોત તો અમે પછી તમારું જ નામ લેત. કેમ જે, ત્યારે કોણ નક્કી નિર્ધાર કરે ? જ્યારે શ્રીહરિએ આવી વાત કરી ત્યારે તે બંને નકલી સાધુ ચાલ્યા ગયા. ૨૧. પાટીદારોએ જ્યારે તપાસ કરી ત્યારે તેઓ ક્યાં ગયા તેની કાંઈ ખબર મળી નહીં. પછી શ્રીહરિ ઝાડેશ્વરથી ચાલ્યા તે **ટંકારિયા** ગામે રાત રહ્યા. ૨૨. પછી **ભોજગામ** થઈને **એકલબારા** આવ્યા. તે એકલબારા ગામથી નાવમાં બેસીને મહી નદીને ઊતર્યા. ત્યાં નદીને કાંઠે કેટલીક બળદગાડીઓ છૂટેલી હતી. ૨૩.

તેમાં કેટલાક પાટીદાર હતા, તેમણે બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી. તેમાં કંસાર અને ખીચડી તૈયાર કરાવી. અને એટલી જ તુવેરની દાળ કરાવી હતી. ૨૪. તે સમયે પાટીદારોને ભાવ થયો એટલે શ્રીહરિની પાસે આવીને બોલ્યા કે, રસોઈ તૈયાર થઈ છે. અમે તરત લાવીએ છીએ. ૨૫. આમ કહીને ગયા અને વિપ્રની પાસે થાળ ભરાવીને લાવ્યા. ત્યારે શ્રીહરિ સવારથી ભૂખ્યા હતા, એટલે ભાવથી જમ્યા. ૨૬. તે બધા પાટીદારો મોગરી પાસેના નાવલી ગામના હતા. ૨૭. તે વખતે આનંદાનંદસ્વામી શ્રીહરિને માટે ભોજનનો બધો સામાન લઈને આવતા હતા, પણ તેઓ રસ્તો ભૂલી ગયા તેથી પાછળ રહી ગયા હતા. ૨૮. જ્યારે શ્રીહરિ કંસાર અને ખીચડી જમી રહ્યા તે પછી આનંદાનંદસ્વામી ત્યાં આવ્યા. શ્રીહરિએ જમી લીધું છે, એમ જાણીને તેઓ મનમાં ઘણું દિલગીર થયા કે અમે ઘણી મહેનત કરી, પણ તે કાંઈ કામ ન લાગી..! ૨૯.

ત્યારે આનંદાનંદસ્વામીનો શોક ટાળવા માટે શ્રીહરિએ પ્રેમથી તેમને કહ્યું, આનંદાનંદસ્વામી ! અત્યારે તમે આગળ બામણગામમાં જાઓ અને ભોજન બનાવો, અમે આવીને જમશું ! ૩૦. પછી આનંદાનંદસ્વામી આગળ ચાલ્યા. અને રઘુનાથ નામના હરિભક્તને ઘેર આવ્યા. જયાનંદ વર્ણી સાથે હતા. તેમણે ત્યાં આવીને રસોઈ બનાવી. ૩૧. બામણગામના જેટલા વિપ્ર, પાટીદાર અને બારોટ વગેરે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ ચાલીને આવ્યા હતા. ૩૨. આગળ ઢોલ, તાંસાં, ભૂંગળ, રણશિંગી, દુંદુભિ

આદિક વાજિંત્રો ઘણાં વાગતાં હતાં. અને બધાં નરનારી હરિભક્તો શ્રીહરિની સન્મુખ ચાલ્યાં. ૩૩. સહુ ભક્તોએ શ્રીફળ અને ફૂલના હાર હાથમાં લીધા હતા. મહી નદીના ભાઠામાં જ્યાં આવ્યા ત્યારે તે સહુને શ્રીહરિનાં દર્શન થયાં. ૩૪. ધર્મકુમાર શ્રીહરિ પગે ચાલીને આવતા હતા. સંતો કીર્તન ગાતા હતા. શ્રીહરિએ જરિયાની કસુંબલ રેટો મસ્તકે બાંધ્યો હતો. બીજો એક કસુંબલ રેટો કમર ઉપર બાંધેલો સુંદર સોહામણો લાગતો હતો. હરિભક્તો જેટલા સન્મુખ મળતા હતા, તે બધા શ્રીહરિને દંડવત્-પ્રણામ કરતા હતા. ૩૫-૩૬.

ભક્તજનો દંડવત્ કરીને ફૂલહાર પહેરાવતા હતા અને શ્રીફળને આગળ ધરતા ત્યારે તે શ્રીફળ તરત તે ભક્તને પ્રસાદીરૂપમાં પાછું આપતા હતા. ૩૭. જ્યારે શ્રીહરિ ગામની નજીક આવ્યા ત્યારે સોનેરી સાજથી શણગારેલો અશ્વ હતો, તેના ઉપર શ્રીહરિ બેઠા અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. તે વખતે હાથમાં સોનાની છડી લઈને જે ચોપદાર સાથે હતો, તે 'જય જય' 'જય જય' નાથ ! આપ તો ભક્તજનોને આનંદ કરાવનારા છો ! એમ બોલતો હતો. ૩૮-૩૯. આ રીતે શ્રીહરિ **બામણગામ**માં આવ્યા ત્યારે બધી રાજબજાર વિવિધ રીતે શણગારેલી હતી..! ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ નર્મદા તથા મહીસાગર ઊતરીને બામણગામ આવ્યા' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર સોળમું, તરંગ - ૩૨

બામણગામથી સત્સંગીઓના ગામમાં થઈને શ્રીહરિ વડતાલ આવ્યા

રઘુનાથ બારોટના ઘરની આગળ વિશાળ ચોક હતો. શ્રીહરિ ત્યાં ઊતર્યા હતા. ૧. ગામના જે પાટીદાર અને વિપ્ર હરિભક્તો હતા, તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. ૨. સહુએ કપૂરથી આરતી કરી, ઘણા ભાવથી પૂજા કરી. બધા હરિભક્તો ચતુર હતા. થાળમાં સાકર ધરાવતા હતા. વરાણસી નામે એક લુવાર સત્સંગી હતા. તે સંતોની સેવા કરતા હતા. તે જ રીતે એક

જગન્નાથ નામે વિપ્ર હરિભક્ત હતા. તે પણ સંતોની સેવા કરતા હતા. ૩-૪. સહુએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. રઘુનાથ બારોટને ઘેર જ્યાં શ્રીહરિ ઊતર્યા હતા, ત્યાં પલંગ બિછાવી દીધો હતો. ૫. પછી શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બેઠા. આગળના ભાગમાં સંતોની સભા થઈ. જે હરિભક્તો આવ્યા હતા તેમાંથી કેટલાક શ્રીહરિની સેવા કરવા લાગ્યા. ૬.

ત્યાં ભગવાન મીર નામે એક પાકા હરિભક્ત હતા. તેણે શ્રીહરિનાં દર્શન કરીને તત્કાળ જ શ્રીહરિનું એક સરસ કવિત બનાવ્યું. ૭. તેઓ પ્રેમરસભર્યા બધા શબ્દો બોલ્યા. તેણે શ્રીહરિનાં ચરિત્ર જેવાં દેખ્યાં હતાં, તે પ્રમાણે બોલવામાં ઘણો પ્રેમરસ રહ્યો હતો. તે સાંભળીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા, જે કહી શકાતું નથી. ૮. તે વખતે શ્રીહરિના મસ્તક ઉપર જરિયાની રેટો બાંધેલો હતો અને તેમાં ફૂલના હાર ભર્યા હતા. શ્રીહરિએ હારની સાથે તે રેટો તે ભક્તની છાતી ઉપર ફેંક્યો, તેને તે ભક્તે પકડી લીધો. ૯. બીજો એક રેટો કમરે બાંધ્યો હતો, તે પણ છોડીને તેને આપ્યો.

પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ થાળ જમ્યા. ૧૦. સંતો અને પાર્ષદ વગેરે સહુ જમ્યા. કોઈ જમ્યા સિવાય બાકી રહ્યા નહીં. જ્યારે સંધ્યા આરતીનો સમય થયો ત્યારે તરત મશાલો પ્રગટી. ૧૧. ત્યારે ચમારા ગામના જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં આવ્યા. શ્રીહરિએ સહુનાં નામ લઈને હેતથી બોલાવ્યા. ૧૨. વળી બામણગામમાં જેટલા હરિભક્તો હતા, તે સહુનાં નામ બ્રહ્માંડાધિપતિ શ્રીહરિએ પૂછ્યા. ૧૩. પછી આરતી અને ધૂન કરી. વળી, કીર્તન ગવડાવ્યાં અને તે પછી શ્રીહરિએ ધરમપુરની બધી વાત કરી. ૧૪. પછી દોઢ પહોર રાત ગઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા. એક પહોર રાત રહી ત્યારે વહેલી સવારે જાગ્યા. ૧૫.

જગન્નાથ નામે વિપ્ર હરિભક્તને ભોમિયા તરીકે સાથે લીધા અને બધા સંતોને કહ્યું, હવે તમે બધા અમારાથી પાછળ રહો. ૧૬. હવે અમે વડતાલ જઈને ગુપ્ત રહેશું. જો અમે જાહેરમાં રહીએ તો ફરતા ગામના જેટલા હરિભક્તો છે તે બધા ભેગા થઈ સંઘ લઈને તત્કાળ ત્યાં આવે. અને તેને લીધે અમારે પછી જે સમૈયો કરવો છે, એનો કોઈ તાલ ન રહે. અને

કોઈ સંતો પણ તાલ-બેતાલનું કાંઈ ધ્યાન રાખતા નથી. ૧૭-૧૮. **અમારી મરજી, નામરજીને કોઈક જ જાણે છે. તેથી અમે ગુપ્ત રહીએ છીએ. કેટલીક દેશકાળની વાતો એવી હોય છે કે તેની સુરત રાખ્યા વિના સુખ રહેતું નથી. ૧૯. જે કોઈ પણ બાબત હોય તેનું અગાઉથી જો ધ્યાન રાખવામાં આવે તો તે બાબત સુધરે છે. એમાં રંચમાત્ર સંદેહ નથી. ૨૦.**

જે આવી બધી બાબતને સમજતા નથી, એ બધાને તો અમે અંધ અને બહેરા જેવા કહીએ છીએ. જે સાચા ગુરુ અને રાજા હોય છે તે દેશકાળની જે સ્થિતિ હોય તેને તલ તલ જેટલી જાણતા હોય છે. તેઓ જો દેશકાળને ન સમજે તો તે કાચા છે. જે બુદ્ધિમાન અંગ્રેજો છે તે બધા દેશકાળને જાણે છે. ૨૧-૨૨. તે અંગ્રેજો રાજાઓની માથે પણ રાજા થઈ બેઠા છે. તે બીજા દેશી રાજાઓને દેખાતું નથી. તમે બધા સંતો અમારા વચનમાં વિશ્વાસ રાખીને ઉત્સાહથી જે વર્તો છો, તેનાથી દુનિયાના લૌકિક ગુરુઓ કરતાં તમારી મોટાઈ ઘણી વધી છે. તમારી મોટપ અલૌકિક છે અને શુક, સનકાદિકના સમાન કહેવાય છે. ૨૩-૨૪.

✵ અલૌકિકબુદ્ધિ મોક્ષનું દ્વાર છે :

दोहा : लोकिक जन हि जितने जो, मानत तुमकु जेते;
अलोकिक मति होत तेहि, देखावत सद्य तेते...२५
अलोकिक मति रहे जितनी, मोक्ष के रहे तेहि द्वार;
लोकिक मति रहे जितनी जो, नर्क रहे द्वार उघार...२६

આ દુનિયાના લૌકિક એવા પણ જેટલા લોકો તમારી વાતને માને છે, તે બધા અલૌકિક બુદ્ધિવાળા થઈ જાય છે, તે તત્કાળ દેખાય છે. ૨૫. જેટલી અલૌકિક બુદ્ધિ રહે તેટલું તે મોક્ષનું દ્વાર છે અને જો લૌકિકબુદ્ધિ રહે તો તે ઉઘાડું નરકનું દ્વાર છે. ૨૬.

सोरठा : भगवान ताके धाम, संत हरिजन जितने जोउ;
चरित्र हरि के नाम, हरि के बचन जितने जेहि...२७

ભગવાનનું ધામ, બધા સંતો અને હરિભક્તો, ભગવાનનાં ચરિત્રો, નામ અને જેટલાં ભગવાનનાં વચનો છે, તે બધાં અલૌકિક દ્વાર છે. તે

સિવાયની બીજી બધી બાબતો છે તે લૌકિકબુદ્ધિ કહેવાય છે અને તે સંસૃતિનું દ્વાર છે. ૨૭-૨૮. આટલી વાત કરીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **ઝીલોર** ગામમાં આવીને રાત રહ્યા. ઝીલોર ગામમાં મનજી નામે એક પાટીદાર પાકા સત્સંગી રહેતા હતા. ૨૯. તે શ્રીહરિને માટે બળદગાડી જોડીને લાવ્યા. શ્રીહરિ ગામથી બહાર હતા. તેનાં ઘરનાં જે મનુષ્યો હતાં, તે બધાંએ પણ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૦. ગાડીએ જોડેલા બળદ એટલા સુંદર હતા કે તેને દેખીને શ્રીહરિ રાજી થઈ ગયા. મનજીભાઈએ પોતાના પુત્રને ગાડીની સાથે મોકલ્યો હતો. ૩૧.

શ્રીહરિ જ્યારે ગાડીમાં બેઠા ત્યારે મનજીભાઈ બોલ્યા, આ બળદ આપની નજરમાં આવી ગયા છે, તે તો અમારાં ધન્ય ભાગ્ય છે. ૩૨. બંને બળદ અથવા કોઈ એક બળદ તમને સારા લક્ષણવાળો દેખાય, તે તમે રાખજો. એમ કહીને પછી બળદગાડું ચાલતું કરી દીધું. પછી શ્રીહરિ **કોસીંદરા, બોદાલ, પામોલ, નાપાડ, કરમસદ** ગામ આવ્યા. અને ત્યાંથી તરત ચાલ્યા. તે વલાસણ નજીક જ્યારે આવ્યા ત્યારે બળદગાડીમાંથી તરત નીચે ઊતર્યા. ૩૩-૩૪. તે પછી રંગભીના શ્રીહરિએ એક પાર્ષદને સાથે લીધા અને **વલાસણ** ગામ ગયા અને ત્યાંથી પછી ગુપ્ત રીતે પ્રસન્ન મને **વડતાલ**માં આવ્યા. ૩૫. વડતાલમાં વાસણ સુથારને ઘેર છાની રીતે રહ્યા. પછી ગઢપુર એક પત્ર લખી મોકલ્યો. તે ત્રણ દિવસે ત્યાં પહોંચ્યો. ૩૬.

(શ્રીજીમહારાજ વડતાલ આવી ગુપ્ત શા માટે રહ્યા ? તો, તે જ દિવસે એક પહોર વાંસેથી મોટીબાની ગાડી વડતાલ પહોંચી. તે સમે બ્રહ્મચારી મુકુંદ ને જેરામ બે જણને કૂવા ઉપર જળ પીતા દીઠા. ત્યારે તેમણે એમ જાણ્યું જે, શ્રીજીમહારાજ આંહીં આવ્યા હશે ખરા ! તેમ મોટીબા ને મીણબાએ લક્ષણા કરી. પછી કહ્યું જે, “હે મહાયોગી ! શ્રીજીમહારાજ ક્યાં ગયા છે ?” ત્યારે તે બંને બ્રહ્મચારી ઉતાવળા થઈને એમ બોલ્યા જે, “આંહીં તો મહારાજ નથી ને અમારું નામ કોઈ લેશો નહીં. અમે મ. દીઠા નથી. માટે અમે તો ચોખી ના પાડીએ છીએ.” તેથી તેમણે એમ જાણ્યું જે, આંહીં શ્રીજીમહારાજ આવ્યા છે ખરા ! પછી તે ગામમાં જઈને જોબનપગીના ફળિયામાં ગાડું

છોડ્યું. એટલાકમાં મહારાજને ખબર થયા. પછી એમ બોલ્યા જે, "તેમને સુરત બંદરેથી વાણ મધ્યે બેસીને કાઠિયાવાડમાં દુર્ગપુરે શીઘ્ર જવાની આજ્ઞા હતી ને કેમ આંહીં આવ્યા ?" એમ કહીને શ્રીજીમહારાજ રીસ કરીને ખૂબ વઢ્યા; પણ તે મોટા હરિજન તેથી જ સહન કરે, બીજાથી સહન ન થાય. પછી પોતે મનુષ્ય ચેષ્ટા દેખાડીને શાંત થયા. ત્યારે તેઓ બોલ્યા જે, "તમારું વચન ન માન્યા તે અમારી ભૂલ; પણ વિયોગ સહન થાય તેમ ન હતો." ત્યારે શ્રીહરિએ એમ કહ્યું જે, "હવે રહો.")

પછી વડતાલમાં શ્રીહરિ એક દિવસ જ છાના રહી જાહેર થઈ ગયા. ભાઈ રામદાસજીસ્વામી વડતાલ આવ્યા. ૩૭. તે પછી બીજા બધા સંતો પણ આવ્યા. તળાવથી પૂર્વ દિશામાં જે આંબલાનું ઝાડ હતું, ત્યાં આવીને શ્રીહરિ પાટ ઉપર બેઠા. ૩૮. રોજ ત્યાં સભા થતી. સંતો ગરબીનાં કીર્તન ગાતા હતા. પછી શ્રીહરિ ઘણી પ્રેમરસથી ભરેલી વાતો કરતા હતા. ૩૯. શ્રીહરિ પોતે ધરમપુર ગયા, ત્યાં સામૈયું લઈને સવારી આવી, પછી જે રીતે નગરમાં ગયા અને રાજાનો જે પ્રેમભાવ હતો, તે બધી વાત સભામાં કહેતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'બામણગામથી સત્સંગીઓના ગામમાં થઈને શ્રીહરિ વડતાલ આવ્યા' એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર સોળમું, તરંગ - ૩૩

શ્રીહરિ વડતાલથી ગોરાડ આવ્યા અને ત્યાં સત્સંગનો મહિમા કહ્યો

શ્રીહરિ વડતાલમાં ચાર દિવસ રહ્યા અને બે દિવસ **બામરોલી** રહ્યા. ત્યાં તખાપગીની રાયણે બાંધેલા હિંડોળા ઉપર શ્રીહરિ બેઠા. ૧. બોચાસણ ગામના હરિભક્ત કાશીદાસભાઈ ઉત્સાહથી ગાડી ભરીને ગુલાલ શ્રીહરિની આગળ લાવ્યા. ૨. વસંતઋતુના દિવસો હતા. શ્રીહરિએ ગુલાલ ઉડાડ્યો. બધા સંતોની સભા કરી હતી અને કેટલાક હરિભક્તો ત્યાં બેઠા હતા. ૩. હિંડોળો, રાયણ અને શ્રીહરિ ગુલાલ ગુલાલ થઈ ગયા. ૪. શ્રીહરિનો લખેલો

પત્ર જ્યારે ગઢપુર પહોંચ્યો ત્યારે દાદા ખાચરે તરત જ સાકર વહેંચીને દુંદુભિ વગડાવ્યાં. અને જીવા ખાચરે પણ તે રીતે સાકર વહેંચીને દુંદુભિ વગડાવ્યાં. ૫.

શ્રીહરિ વડતાલ હતા એટલે દાદા ખાચર અને જીવા ખાચર, બંને રાજાઓએ અતિ હર્ષ લાવીને વડતાલ સવારી મોકલી. તે સવારી બે દિવસે વડતાલ આવી. તે બંને રાજાઓનો ઘણો ભાવ જોઈને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. પછી શ્રીહરિ બે દિવસ ત્યાં રહીને તરત ચાલતા થયા. ૬-૭. કુશળકુંવરબાઈએ ગઢપુરની જે બાઈઓને બોલાવ્યા હતા, તે સહુની તેમણે પૂજા અને પહેરામણી કરીને પોતાના શ્રેયનું કાર્ય સુધારી લીધું હતું. ૮. તે બાઈઓ વડતાલથી ચાલતા થયા. ઝીલોર ગામના મનજીભાઈના બંને બળદ શ્રીહરિએ રાખી લીધા હતા. શ્રીહરિ વડતાલથી નીકળી અને બારા પ્રદેશમાં **ગોરાડ** ગામે આવ્યા. ત્યાં કાંધાજી નામે ક્ષત્રિય હરિભક્ત રહેતા હતા. ૯. બીજા મુખી પટેલ ગોવિંદભાઈ પાટીદાર સારા હરિભક્ત હતા. તેણે શ્રીહરિને ત્યાં રાત રોક્યા અને શ્રીહરિની ઘણી ઘણી સેવા કરી. ૧૦. શ્રીહરિની સાથે વિપ્ર અને વર્ણી જે આવ્યા હતા, તેમણે સાકરનો કંસાર કર્યો અને પુષ્કળ ઘીમાં ખૂબ પકવ્યો. ૧૧.

બારા પ્રદેશનું ઘી શ્રીહરિને ઘણું પ્રિય લાગતું હતું. તુવેરની દાળ અને ભાત બનાવ્યાં હતાં. ત્યારે પહેલા શ્રીહરિ જમ્યા. ૧૨. સમગ્ર ગામનું દૂધ લાવી, ગાળી અને ગરમ કર્યું હતું. તેમાં ઘણી સાકર નાખી હતી. તે શ્રીહરિએ ખૂબ પીધું. ૧૩. જે સવારો અને પાર્ષદો પાછળ રહ્યા હતા, તેમની પંગત બેસાડી. સહુને કંસાર જમાડ્યો. ૧૪. જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે હરિભક્તોને રાજી કરવા શ્રીહરિએ અતિ ભાવ કરીને ભાતમાં દૂધ પીરસ્યું. ૧૫. શ્રીહરિ સહુને જમાડીને પછી પલંગ ઉપર આવીને બેઠા. ગામના સહુ ભાવિકજનો દર્શન કરવા માટે આવ્યા. ૧૬.

બુધેજ, મોરજ, ગુડેલ, તામસા, નવી આખોલ વગેરે ગામના જે હરિભક્તો બાઈભાઈ હતાં, તે આવ્યાં. ૧૭. ઊંટવાડા, આંબલિયા, ઝીસકા આદિ સહુ ગામોના હરિભક્તો ત્યાં આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરીને સહુ

સુખી થયા. ૧૮. બધા હરિભક્તો કીર્તન ગાતા ગાતા આવ્યા. શ્રીહરિ તો ગામની બહાર હતા. પછી ગામના હરિભક્તોના જેટલાં ઘર હતાં ત્યાં બધે શ્રીહરિની પધરામણી કરી. ૧૯. હરિભક્તોએ ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી અને સેવા કરી. તે કહી શકાતી નથી. ઢોલ, તાંસાં, ભેરી, વગેરે વાજિંત્ર વગડાવ્યાં અને સુંદર મશાલો પ્રગટાવી હતી. ૨૦. હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા પછી શ્રીહરિ ગામની બહાર આવ્યા અને પલંગ ઉપર બેઠા. મરક મરક મુખથી હસી રહ્યા હતા. ૨૧.

શ્રીહરિએ ભક્તજનોની આગળ એવી વાત કરી કે તેનાથી કોઈનું ચિત્ત સંસારમાં ચોંટે નહીં. સત્સંગ નિત્ય નવો રહે અને ક્યારેય સત્સંગ ક્ષીણ ન થઈ જાય. ૨૨. **કેમ જે, જ્યારે સત્સંગ ક્ષીણ પડી જાય ત્યારે અંતરમાં સુખ રહે નહીં. આવી પાકા હરિભક્તની રીત છે, તે શ્રીહરિએ પ્રગટ બતાવી. ૨૩. સત્સંગની વાતનો જોગ જો ન રહે તો સત્સંગનો ફેર રહેતો નથી અને તેને દિનપ્રતિદિન સંસારનો ફેર ચઢતો રહે છે. ૨૪.** જીવને સંસારના ફેર એવા ચઢી ગયા છે કે, તે જે જે યોનિમાં જાય છે ત્યાં તે ફેર ક્યારેય ઊતરતા નથી. એવા તે ઝેરીલા અને બળવાન છે. ૨૫. સત્સંગના યોગ વિના સંસારરૂપી જે ઝેર છે, તે ક્યારેય ઊતરતું નથી. આ વાત ચોક્કસ છે. ૨૬. એટલા માટે હરિભક્તોએ તત્પર થઈને જિંદગીભર સત્સંગનો બળવાન નિત્ય યોગ રાખવો. ૨૭. દેવ કે મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતા નથી ત્યાં સુધી તેઓ કાયમને માટે સૂતકી રહે છે. ૨૮.

चोपाई :

मरिके सत्संग रहे सदाई, शिवजी जेसे मागत हि ताई;
दैवत प्रताप हि जो जितना, सत्संग में रहाये तितना...२९
सत्संग गये तब कछु न रहेऊ, जीय के जिवन सत्संग रयेऊ;
तन धन जावो वेर हि वेरी, सत्संग रहे तब सब हि रयेरी...३०

શિવજી જેવા મોટા યોગીઓ પણ મરણ પછીએ નિરંતર સત્સંગને માગતા રહે છે. જેટલું દૈવત અને પ્રતાપ કહેવાય છે, તે બધું સત્સંગમાં રહ્યું છે. ૨૯. જીવનું જીવન સત્સંગ કહેવાય છે. જો સત્સંગ ગયો તો કંઈ

જ બાકી રહેતું નથી. શરીર અને ધન ભલે વારે વારે જાય, પણ સત્સંગ જો રહ્યો તો બધું જ રહ્યું છે. ૩૦. આ રીતે સત્સંગને જે જાણે છે તે હરિભક્ત અને સંત મોટા કહેવાય છે. અને આવા ભક્તોને માટે જ ભગવાન વારંવાર અવતાર લે છે. ૩૧. સત્સંગ સિવાય અન્ય વસ્તુમાં જે મોટપને દેખે છે, તે તો તુચ્છમાં પણ અત્યંત તુચ્છ છે અને તેવા લોકો લખચોરાશીમાં વારંવાર ભટકતા રહે છે. ૩૨. અને તેને જન્મ-મરણ ક્યારેય મટતું નથી. તેમજ તેને માથે જમપુરીનું દુઃખ રહે છે. આવું સમજીને સત્સંગ કરવો જોઈએ. સત્સંગ સિવાય ઉદ્ધાર નથી. ૩૩.

જ્યારે સત્સંગ કરવામાં આવે છે ત્યારે તેને બીજું કોઈ સાધન બાકી રહેતું નથી. જેમ કે, મહાસાગરમાં ગંગા આદિક બધાં જ તીર્થ આવી જાય છે. તેમ સત્સંગમાં સર્વ સાધન આવી જાય છે. ૩૪.

समझ बिन जन जो सिंधु ताको, महिमा लेश न समझत वाको;
महिमा जाने बिन जन जोऊ, ठोर ठोर हि भटकत सोऊ...३५
सत्संग से जन्म मरन छूट जावे, तीर्थ करे तीर्थ फल पावे;
तीर्थ में करे पाप हि जितनो, वज्रलेप ही होवत इतनो...३६

સમજણ વિનાના લોકો સાગરના મહિમાને લેશ પણ જાણતા નથી અને મહિમા જાણ્યા વગરના તે બધા ઠેકઠેકાણે ભટકતા ફરે છે. ૩૫. સત્સંગ કરવાથી તો મનુષ્ય જન્મ અને મરણથી છૂટી જાય છે. તીર્થ કરે તો તીર્થનું ફળ મળે છે, પણ તીર્થમાં જો પાપ કરે તો તે બધાં વજ્રલેપ થઈ જાય છે. ૩૬. **જે પાપ વજ્રલેપ થઈ ગયું હોય તે સત્સંગના પ્રતાપથી તત્કાળ છૂટી જાય છે. એવો સત્સંગનો અમાપ મહિમા છે. ૩૭. સત્સંગ કરતા કરતા પણ જે પાપ કરે છે તેને પાપથી છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી. તેને માટે તો એક ભગવાનનું શરણ જ છે. તે ભગવાન ચાહે તેવો તેને દંડ આપે છે. ૩૮.** સત્સંગ કરતા કરતા પણ જે પાપ કરે છે, તેનો દંડ શ્રીહરિએ મંદબુદ્ધિના લોકો ઉપર દયા કરીને શ્રીમુખે કહ્યો છે; જે શાસ્ત્રમાં લખ્યો છે. ૩૯. શ્રીહરિ આટલી વાત કરીને પછી પોઢી ગયા. જ્યારે સવાર થયું ત્યારે તરત જ ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ વડતાલથી ચાલીને ગોરાડ આવ્યા અને ત્યાં સત્સંગનો મહિમા કહ્યો' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર સોળમું, તરંગ - ૩૪

ગોરાડથી ચાલેલા શ્રીહરિ પીપળી થઈને ગાંફ પધાર્યા

જગદાધાર જગત્‌પતિ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને જે સવારી હતી તે પણ તત્કાળ ચાલતી થઈ. ૧. શ્રીહરિ **મીતલી** ગામ આવ્યા. તે વખતે જે ભાવિક ભક્તો હતા, તે બધા સન્મુખ આવ્યા અને તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨. કેટલાક ભક્તો શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિને અર્પણ કર્યાં. પછી શ્રીહરિ આગળ ચાલતા રહ્યા અને સાબરમતી નદીને ઊતર્યા. ૩. ત્યાં સાબરમતીમાં સ્નાન કરીને તરત બધો પૂજાવિધિ કરી લીધો. પછી અનંત ભુવનોના પતિ દેવાધિદેવ શ્રીહરિએ ત્યાં તરત ટીમણ કર્યું. ૪. અને સાથેના સહુ ભક્તો જ્યારે ટીમણ કરી રહ્યા ત્યારે શ્રીહરિ આગળ ચાલતા થયા. પછી આગળ ચાલતા શ્રીહરિ **પીપળી** ગામ આવ્યા. ત્યાંના જે હરિભક્તો હતા તે બધા સન્મુખ દોડી આવ્યા. ૫. તે બધા આવીને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા.

ગામના હરિભક્તોમાં દાદાભાઈ મુખ્ય હતા. તેઓ ગામના રાજા હતા અને સર્વોત્તમ અનુપમ હરિભક્ત હતા. ૬. તે સિવાય દાદાલીલા નામના એક ગઢવી હતા. તે સિવાયના પણ કેટલાક હરિભક્તો હતા. દરબાર દાદાભાઈની સમજણ તો સર્વોપરિ હતી. ૭.

માણસના દિલમાં જેટલો ખપ હોય છે તેવી તેની બુદ્ધિ હંમેશા રહે છે. જેને ખપ મંદ હોય તો તેની બુદ્ધિ પણ સત્સંગના માર્ગમાં મંદ રહે છે. મંદબુદ્ધિવાળાને ક્યારેય ઉત્સાહ આવતો નથી. ઉત્સાહ વિનાની જેટલી બાબતો હોય છે, તે બધી દૈવત વિનાની દેખાય છે. દરબાર દાદાભાઈ ગામમાં જેમ કહેતા હતા, તે પ્રમાણે બધા લોકો વર્તતા હતા. ૮-૯.

શ્રીહરિએ કહ્યું કે, પીપળીમાં જે બધા રહે છે તે જનક વિદેહી જેવા છે અને દાદાભાઈ તથા તેમના ભત્રીજા ગામના લોકોના જીવનરૂપ છે. ૧૦. તે બંનેને આધારે જ પીપળી ગામનો સત્સંગ ખૂબ આનંદપૂર્ણ દેખાય છે. ઘાટા અંધારામાં પડેલું રત્ન પણ પ્રકાશ સિવાય દેખાતું નથી. તેમ તે બંનેના સત્સંગથી બધો સત્સંગ ઉજ્જવળ છે. સમુદ્રમાં જે સ્થળે મોતી હોય તે ઘણું બળ કરવાથી હાથમાં આવે છે. સમુદ્રના મોતી સહેજે મળતા નથી, તેમ સત્સંગમાં પણ કેટલાંક એવાં ગામ હોય છે અર્થાત્ ઘણી મહેનતે તેમાં સત્સંગ ટકે છે. ૧૧-૧૨.

કેટલાંક મોતી ઘણાં કિંમતી હોય છે અને કેટલાંક ઓછી કિંમતનાં પણ હોય છે. તેમ સત્સંગમાં જે ખપવાળા છે તે ઘણા કિંમતી છે અને ખપ વિનાના તો ઘણાય હોય છે. ૧૩. **ખપ વગરનાને ખપવાળા કરવા તે બુદ્ધિ વિના થઈ શકે નહીં. બુદ્ધિમાનમાં તે ગુણ રહ્યો હોય છે, પણ બુદ્ધિહીનમાં તેવા ગુણ રહ્યા નથી હોતા. ૧૪.** શ્રીહરિએ જ્યારે આવી વાત કહી ત્યારે દરબાર દાદાભાઈએ કહ્યું, મહારાજ ! આપ સાચું કહો છો, બુદ્ધિ વગરના લોકો તો પશુ જેવા છે. ૧૫. ચિંતામણિ તો ઘણો અમૂલ્ય છે, પણ પશુને ક્યારેય તેની ગમ પડતી નથી. ઓખર કરનારા પશુ (માનવમળને ખાનારા) ચિંતામણિને ક્યારેય ઓખર તુલ્ય પણ ગણતા નથી. ૧૬.

चोपाई :

भगवान सत्संग बिन जेहा, जितनी वस्तु कहावत तेहा;
यह ब्रह्मांड के भोग जितना, ओखर सम रहाये तितना...१७

ભગવાન અને સત્સંગ સિવાયની જે કાંઈ પણ વસ્તુ-પદાર્થ કહેવાય છે અને આ બ્રહ્માંડનાં જે ભોગ-સુખો છે, તે બધાં સત્સંગની દૃષ્ટિએ ઓખર જેવાં છે. ૧૭. પશુ જેવા મનુષ્ય તો ઓખર જેવા વિષયમાં અપાર સુખ માને છે અને સત્સંગને નઠારો દેખે છે. કેટલાક લોકો સત્સંગ કરે છે, પણ તેને સત્સંગમાં વિષયનો જોગ મળતો નથી. ૧૮. તેવા તો જ્યારે કુસંગ કરે છે ત્યારે તે મનમાં ઘણો આનંદ પામે છે. કેમ જે, તે કુસંગમાં તેને વારંવાર ધન અને સ્ત્રીનો જોગ થાય છે, અર્થાત્ વિષયાદિક ખૂબ મળે છે. ૧૯. અને

તે કુસંગીઓ એવા કુસંગીઓને પોતાના ગુરુ કરે છે, પણ મૃત્યુ પછી પોતાનું શું થશે ? એ વાતને વિચારતા નથી, પણ છોડી દે છે અને કુસંગમાં ઘણો પ્રેમ કરે છે. ૨૦.

चोपाई :

हरि कहत धन्यभाग्य हे ताके, सत्संग में रुचि करत वाके;
सत्संग में रुचि करत न जेहि, एहि सम अभागी न केहि...२१

શ્રીહરિ કહે છે કે, જે લોકો સત્સંગમાં રુચિ કરે છે, તેનાં ઘણાં ધન્યભાગ્ય છે અને સત્સંગમાં જેને પ્રેમ નથી તેના જેવા બીજા કોઈ અભાગિયા નથી. ૨૧. આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. દાદાભાઈએ શ્રીહરિને રોકવા માટે ઘણી તાણ કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, અમે તો અહીંયાં ફરી ફરીને ઘણીવાર રહીએ છીએ. ૨૨. આજ અમોએ ગાંફ ગામમાં રહેવા ધાર્યું છે. તમે પણ અમારી સાથે ચાલો. ગાંફના રાજા મનુભા ઠાકોરના આજ મહેમાન થવું છે. ૨૩. ત્યારે દરબાર દાદાભાઈ શ્રીહરિની સાથે ચાલ્યા. શ્રીહરિની સાથે તેઓ રમૂજ કરતા હતા. એમ રમૂજ કરતા કરતા શ્રીહરિ **ગાંફ** ગામ આવ્યા. અને મનુભા ઠાકોરે શ્રીહરિ આવ્યા તે વાત સાંભળી. ૨૪. તેઓ સવારી લઈને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. તે ગામની બહાર આવતા શ્રીહરિને મળ્યા. શ્રીહરિના ચરણમાં તેમણે મસ્તક નમાવ્યું અને જે શ્રીફળ લાવ્યા હતા તે ચરણ સમીપે ધર્યું. ૨૫.

ગાંફ ગામમાં દસ-વીસ વિપ્રો પાકા હરિભક્ત હતા. કણબીમાં લવજી પટેલ હરિભક્ત હતા. માવા ગઢવી પણ હરિભક્ત હતા અને હિમરાજ નામે સોની હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. અને પોતાનું મોક્ષનું કામ સુધારી લીધું. ૨૬-૨૭. સહુ શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિનાં ચરણોમાં ધર્યાં. શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈને સહુને બોલાવ્યા. ૨૮. પછી હાથ જોડીને મનુભા ઠાકોરે શ્રીહરિને કહ્યું, આપ કહો તે રીતે અમે જગ્યાને સાફ કરીને ઉતારાની વ્યવસ્થા કરીએ. ૨૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, ગામથી પશ્ચિમ દિશામાં જે સ્વચ્છ તળાવ છે ત્યાં અમે ઉતારો કરશું. એમ અમે અગાઉથી ધારી રાખ્યું છે. ૩૦. અને પાછલો એક પહોર રાત રહે ત્યારે અમારે ચાલતા થઈને રણ

પાર કરવું છે. ત્યારે ઠાકોર મનુભાઈએ કહ્યું, અમારે તો આપને ઘણા રાજી કરવા છે. ૩૧. આપ પાંચ દિવસ જ્યારે અહીંયાં રહો, ત્યારે અમારું મન માનશે. આપની મરજી જાણ્યા સિવાય કહેવું તે યોગ્ય નથી. અમને આપની ઘણી અદબ રહે છે. ૩૨.

ત્યારે શ્રીહરિએ કહ્યું, તમારો પ્રેમભાવ જોઈને અમે અહીં રાત રહેવા આવ્યા છીએ. આવું કહીને શ્રીહરિ ગાંફ ગામ વચ્ચે ચાલ્યા અને કેટલીક મશાલો તે વખતે કરી હતી. ૩૩. તે વખતે ઢોલ, તાંસાં ઇત્યાદિક ઘણાં વાજિંત્રો વાગતાં હતાં. બધી બજારને સ્વચ્છ કરાવી હતી અને દુકાનોને ચિત્ર-વિચિત્ર રીતે શણગારી હતી. ૩૪. જેટલા ગામવાસી લોકો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. સહુએ હાથમાં શ્રીફળ લીધાં હતાં અને ભાવિક ચતુરજનો શ્રીફળ શ્રીહરિના ચરણમાં ધરતા હતા. ૩૫. જેટલી ભાવનાવાળી સ્ત્રીઓ હતી, તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી અને લોકો 'જય જય' 'જય જય' બોલતા હતા. ૩૬.

ધર્મકુમાર શ્રીહરિને પ્રસન્ન કરવા માટે બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતા. વસંતના દિવસો હતા, તેથી કેટલાક ભક્તો ગુલાલ ઉડાડતા હતા. ૩૭. મનુભા ઠાકોરે ગુલાલ મગાવ્યો. તેને હરિભક્તો ઉડાડવા લાગ્યા. તે સમયે શ્રીહરિની સવારી રાજદરબારને સમીપે આવી ગઈ હતી. ૩૮. પછી રાજાએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવ્યા અને વિનંતિ કરીને સોનેરી પલંગ ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૩૯. સોનાના થાળમાં ભાત ભાતનો પૂજાપો લાવ્યા અને સોનાનો હાર ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યો. ૪૦. જેમાં ઘણું જરીકામ હતું તેવી એક સારી શાલ ઓઢાડી. સરસ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિના લલાટમાં અર્ચા કરી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ગોરાડથી ચાલેલા શ્રીહરિ પીપળી થઈને ગાંફ પધાર્યા' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર સોળમું, તરંગ - ૩૫

ગાંફના દરબાર મનુભાને સત્સંગનો મહિમા કહ્યો

વિચક્ષણ દરબાર મનુભાના દિલમાં જેવી ભાવના હતી, તે પ્રમાણે તેણે શ્રીહરિની પૂજા કરી અને કપૂરથી આરતી કરી. પછી તેમણે વિનંતિ કરી. ૧. દરબારના જેટલા પુત્ર હતા, તે સહુએ પણ ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરી, અપાર લાભ લીધો અને પોતાનું મોક્ષરૂપી કાર્ય સુધારી લીધું. ૨. ઘણા ચુડાસમા રાજાઓ આ ગાદી ઉપર થઈ ગયા, પણ તેમાં આ મનુભા એવા અનુપમ રાજા થયા કે, જેને ઘેર શ્રીહરિ પધાર્યા હતા. ૩. શ્રીજીમહારાજ બે ત્રણ વખત મનુભાને ઘેર પધાર્યા હતા અને તેમણે ઘણા પ્રેમભાવથી પૂજા કરી હતી. જોકે ગામમાં તો દસ વખત આવ્યા હતા. ૪. પછી દરબારગઢમાંથી જ્યારે શ્રીહરિ નીકળ્યા ત્યારે હરિભક્તોએ પોતાને ઘેર ઘેર પધરાવ્યા અને હેતથી પૂજા કરી. ૫.

હરિભક્તોનું શ્રીહરિના ઉપરનું હેત હતું, તે કહી શકાતું નથી, એટલું બધું સહુ હેત રાખતા હતા. જે ગામમાં હરિભક્તો રહેતા હતા, તે શ્રીહરિને અને સંતોને દેખતા ત્યારે પુત્રનો જન્મ કે પુત્રના વિવાહના જેવો તેમના હૃદયમાં અપાર આનંદોત્સવ થતો હતો. અને તે વખતે ભાવિક ભક્તો શ્રીહરિને ઘેર પધરાવતા હતા. ૬-૭. ભક્તજનો જેવી ભાવનાથી પૂજા કરતા હતા, તેને શ્રીહરિ તેવું ફળ આપતા હતા. તે પછી શ્રીહરિ ગાંફ ગામની બહાર આવ્યા ત્યારે ત્યાં વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. ૮. શ્રીહરિએ આવીને ઉતારો કર્યો અને ગરમ પાણીથી સ્નાન કર્યું. નાહ્યા પછી તરત જ ભોજન જમ્યા. તે સમયે કંસારની રસોઈ કરી હતી. ૯. સાકર નાખીને કંસાર કર્યો હતો. તેમાં અપાર તાજું ઘી નાખ્યું હતું. શ્રીહરિ કંસાર અને દાળ જ્યારે જમી રહ્યા ત્યારે ભાત અને દૂધ જમ્યા. ૧૦.

ધોયેલી સાકર દૂધમાં નાખી હતી. તેને પ્યારા શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. શ્રીહરિની સાથે જે બધા સંતો અને હરિભક્તો હતા, તે બધા પણ પછી જમ્યા. ૧૧. શ્રીહરિ દૂધ પીરસવા લાગ્યા. જમનારા ના કહે તોપણ આપતા હતા. જ્યારે બધા ભક્તજનો જમી રહ્યા, તે વખતે શ્રીહરિ પલંગ

ઉપર બેઠા. ૧૨. દરબાર મનુભા પણ જમીને ત્યાં આવ્યા. ગામના બીજા હરિભક્તો પણ આવ્યા અને અનુપમ સારી સભા થઈ. ત્યારે દરબાર મનુભા બોલ્યા, ૧૩. મહારાજ ! આપ ધરમપુર ગયા હતા તેની વાત કહો. ત્યાં કુશળકુંવરબાઈ સારા હરિભક્ત છે, તે વાત અમને મનાતી નથી. ૧૪. એ તો કોંકણ દેશ છે. ત્યાં જઈને તે બાઈને સત્સંગની વાત કોણે કરી હશે ? આ તો એક આશ્ચર્યકારી વાત છે ! અહીંના લોકો તે બાબતને સમજતા નથી. ૧૫.

સત્સંગ કરવો એ તો પૂરા ખપ વિના ક્યારેય બને નહીં. અમે બધા જે રાજાઓ છીએ, તે તો બધા પાપના મેરુ જેવા છીએ. ૧૬. અને રાજાના આશ્રિત જેટલા બ્રાહ્મણો છે, તે બધા આગળ રહીને રાજાની પાસે પાપ કરાવે છે અને કહે છે કે મૃગયા કરવી એ તો ક્ષત્રિયોનો સનાતન ધર્મ છે. ૧૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, મૃગયા કરવી તે તો અધ્યાત્મ વાત છે, એમ કહીને બ્રાહ્મણોએ રાજાને હિંસાનું પાપ કરવાનું ઠેરાવી દીધું. જ્યાં સુધી ઋષિમુનિઓ નિર્લોભી રહ્યા ત્યાં સુધી ક્યાંય હિંસાનો પ્રવેશ થયો ન હતો. ૧૮. જ્યારે ઋષિઓમાં લોભે આવીને પ્રવેશ કર્યો ત્યારે જે અધ્યાત્મ વાત કહેવાતી હતી, તે પ્રગટ હિંસાના રૂપમાં ઠેરાવી દીધી. ૧૯. રાજાની રુચિ જોઈને જ્યારે તે ઋષિઓ તેને અનુસારે બોલવા લાગ્યા ત્યારે તેને અપાર ધન મળવા લાગ્યું. બૃહસ્પતિ ઈન્દ્રના ગુરુ કહેવાતા હતા, ૨૦. તેઓ ઈન્દ્રની રુચિને અનુસારે ચાલ્યા, તેથી તેને અપાર દાન-દક્ષિણાનું ધન મળ્યું.

વળી, કશ્યપ પ્રજાપતિને બે પુત્ર હતા. તેમાં એકનું નામ હિરણ્યાક્ષ હતું. ૨૧. અને બીજા એકનું નામ હિરણ્યકશિપુ હતું. તે બંને અસુરોનું ધામ બન્યા. શાસ્ત્રમાં જેટલી જાતનાં પાપ કહ્યાં છે, તે બધાં પાપોને તેઓ ઉન્મત્ત થઈને કરવા લાગ્યા. ૨૨. તે બંનેના ગુરુ શુક્રાચાર્ય થયા હતા. તે બંને શિષ્યોની રુચિ પ્રમાણે બોલતા હતા. ત્યારથી આરંભીને જેટલી જાતનાં પાપ કહેવાય છે, તે બધાં પ્રવર્ત્યાં. ૨૩.

चोपाई :

पाप ताके मूल लोभ रहाते, अपराध से मति मलिन हो जाते;
असुर होई नीति चले जेता, बडे के अनुग्रह रहेउ तेता...२४

બધા જ પાપનું મૂળ લોભ રહ્યો છે. અપરાધથી બુદ્ધિ મલિન થઈ જાય છે. અસુર થઈને પણ જેટલા નીતિમાં ચાલે છે, તેટલો મોટાપુરુષનો અનુગ્રહ કહેવાય. ૨૪. પછી શ્રીહરિએ ધરમપુરમાં કુશળકુંવરબાઈને સત્સંગ જે રીતે થયો, તે બધી વાત ઘણા ઉત્સાહથી કહી. ૨૫. તેને બાળપણાથી જ ધર્મ ઉપર પ્રેમભાવ હતો. તેનો જન્મ ધર્મજ ગામમાં થયો હતો અને તે ધરમપુરમાં પરણ્યા હતાં. જ્યારે કુશળકુંવરબાઈની ચાળીશ વર્ષની ઉંમર થઈ ત્યારે પોતાના પતિ સોમદેવ ગુજરી ગયા. ત્યારે તેનો એક જ પુત્ર છ વર્ષનો રૂપદેવ હતો. જે નાનો હતો, એટલે બાઈ પોતે રાજ્ય ચલાવવા લાગ્યા. ૨૬-૨૭. પોતાના પુત્રને એકવીશ વર્ષની વયે પુત્ર થયો. પછી પોતાના સગા પુત્ર રૂપદેવ પણ ત્રણ વર્ષ બાદ ગુજરી ગયા. ત્યારે કુશળકુંવરબાઈએ ધર્મ પ્રમાણે રાજ્ય ચલાવ્યું. તેમની બુદ્ધિ ધર્મપરાયણ અને અતિ શુદ્ધ હતી. ૨૮.

ચાળીશ વર્ષ પર્યંત રાજ્ય કરતાં રહ્યાં. રાજ્ય કરવું તેને પોતાને માટે તેઓ અકાર્ય માનતાં હતાં. તેઓ એક પહોર(ત્રણ કલાક) સુધીમાં જેટલું રાજ્યનું કામ હોય, તે બધું દીવાનને બરાબર કહી દેતાં. ૨૯. અને તે પછીનો એક પહોર ભાગવતની કથાનું શ્રવણ કરતાં હતાં અને એક પહોર સુધી દેવસેવામાં મનની વૃત્તિ પરોવીને રહેતાં હતાં. ૩૦. એક પહોર સુધી દૈહિક ક્રિયા કરતાં હતાં. આ રીતે આખો દિવસ ગાળતાં. જ્યારે કોઈ પરમહંસ કે સિદ્ધ આવતા ત્યારે તેઓ દાસીના દ્વારાએ તે પરમહંસ કે સિદ્ધોની સિદ્ધાઈનો અને તેના જ્ઞાનનો અંત લઈ લેતાં. અને તે પછી ખોટા હોય તેને રજા આપતાં. અમારા જે પરમચૈતન્યાનંદ સંત કહેવાય છે, તે ભગવાનની ઈચ્છાથી, ત્યાં ધરમપુરમાં ગયા. બાગમાં જઈને રહ્યા. તેઓ સ્ત્રી અને ધનનો પ્રસંગ રાખતા નહિ અને તેમનું વર્તન અત્યંત શુદ્ધ હતું. ૩૧-૩૩.

જ્યારે તે સંતની પાસે કોઈ પુરુષ આવતા ત્યારે તેની આગળ તેઓ ધર્મ અને અધર્મની વાતો કરતા હતા તથા સંત અને અસંતનાં લક્ષણ દેખાડતા હતા. ૩૪. ફેલ અને વ્યસનોમાં તેઓ દોષ બતાવતા હતા. ભગવાનનું જે ભજન કરવું, તેને જ મનુષ્યદેહનું ફળ બતાવતા. ૩૫. જેઓ મનુષ્યદેહને પામીને ભગવાનનું ભજન નથી કરતા અને તીર્થ, વ્રત અને પુણ્યને નથી

કરતા, પણ ફેલ અને વ્યસનને જે કરે છે. અને જે મનુષ્ય ભગવાનનું ભજન નથી કરતા તેને મૃત્યુકાળે જમદૂત આવીને જમપુરીમાં લઈ જાય છે અને અત્યંત દુઃખ આપે છે. ૩૬-૩૭. મનુષ્યે આ લોકમાં જેવું પાપ કર્યું હોય છે તેવું તેને જમપુરીમાં દુઃખ દે છે અને તે પછી લખચોરાશીમાં વારંવાર અનેક પ્રકારના જન્મને પામે છે. ૩૮. જે ભગવાનનું ભજન નથી કરતો, તેનું વારંવાર મૃત્યુ થાય છે. તેને સતત કાળ ખાતો રહે છે, તે દેખાતું નથી. ૩૯. આ સમયમાં જે સત્સંગ કરે છે, તેનો તરત મોક્ષ થાય છે. કુસંગ બધો મટી જાય છે અને તે જીવ તત્કાળ હરિભક્ત થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ગાંફના દરબાર મનુભાને સત્સંગનો મહિમા કહ્યો' એ નામે પાત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર સોળમું, તરંગ - ૩૬

શ્રીહરિએ પોતાના સંત ધરમપુર સત્સંગ કરાવવા રહ્યા તે કહ્યું

દરબાર મનુભાએ પૂછ્યું એટલે શ્રીહરિએ ફરીવાર ધરમપુરની વાત કહી. પૂછેલી બાબતનો યોગ્ય જવાબ મળે તો તે વાત સાચી મનાય છે. ૧. એકની એક બાબતને જેવો વક્તા અને જેવો શ્રોતા હોય, તેને આધારે ઘણી રીતે કહી શકાય છે. ૨. ધરમપુરમાં આપણા સંત જે સ્થળે બેઠા હતા અને શ્રોતાઓ આગળ શ્રીહરિની વાત કહેતા હતા ત્યાં કુશળકુંવરબાઈની એક દાસી દોડીને તે સંતને પગે લાગવા આવી. ૩. ત્યારે તે સંત તત્કાળ ત્યાંથી ઊભા થઈ ગયા અને બીજા પુરુષો આગળ કહ્યું, અમે અહીંયાં નહિ રહીએ. કારણ કે અમે નારી જાતિથી દૂર રહીએ છીએ. ૪. અમારા બધા સંતો સ્ત્રી સાથે ક્યારેય બોલતા નથી. ભૂલથી કદાચ એકાદ વાર બોલાય જાય તો તે દિવસે તેઓ ઉપવાસ કરે છે. ૫.

જો સ્ત્રીનું મુખ જાણીને જોવાઈ જવાય, તોપણ તે દિવસ ઉપવાસ કરે છે. ચાલતી વખતે પહોળા માર્ગમાં પાંચ હાથની અંદર સ્ત્રીને નજીક જો

ચલાઈ જાય તો એક દિવસ ઉપવાસ કરે છે. ત્યારે તેનો દોષ નાશ પામે છે. સ્વપ્નમાં પણ નારીનો સંગ થઈ જાય તો તે દિવસ અન્ન ખાતા નથી. ૬-૭. સ્વપ્નમાં પણ સ્ત્રીને જોવાથી ક્યારેક સ્વપ્નદોષ થઈ જાય તો એક દિવસ ઉપવાસ કરે છે. ૮. મૈથુનાસક્ત કોઈ પશુ કે પક્ષી, તેને જાણીને તેની સામે જોઈ રહે તોપણ એક ઉપવાસ કરે છે. ૯. નિષ્કામશુદ્ધિ અને ધર્મામૃતમાં સ્ત્રીના સંબંધથી ત્યાગીને જે ઉપવાસ કરવાના કહ્યા છે, તેવી રીતના તે બધા ઉપવાસોની વાત પરમચૈતન્યાનંદસ્વામીએ ધરમપુરમાં પોતા પાસે બેઠેલા પુરુષોની આગળ કહી. ૧૦.

ત્યારે તે દાસીએ કુશળકુંવરબાઈ પાસે જઈને તે સંતની બધી વાત કહી અને વધારે કહ્યું, આવા સિદ્ધ આજ સુધી કોઈ આવ્યા નથી..! તેને સ્ત્રીનો સંબંધ કોઈ પ્રકારે નથી. આ સંત એવા નિષ્કામવ્રતને ધારણ કરી રહ્યા છે. ૧૧. ત્યારે કુશળકુંવરબાઈ બોલ્યા કે, જે સંત આવ્યા છે તે ચોક્કસ ભગવત્પરાયણ ભગવાનના એકાંતિક ભક્ત છે. આ બ્રહ્માંડના એ સંત નથી. ભગવાનના ધામના જ એ સંત છે. ૧૨. હવે તે સંત અહીંથી ચાલ્યા ન જાય તેવું ધ્યાન આપણે રાખવું અને તેમની જે મરજી હોય તે પ્રમાણે આપણે કરવું. ૧૩. આ બ્રહ્માંડમાં સ્ત્રી અને ધનથી બધા જ બંધાયેલા છે તેમ દેખાય છે; પણ આ સંત તો તેનાથી અત્યંત નિર્બંધ છે. ૧૪. **ભગવાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે તેઓ ધારે તેમ કરે છે. સાક્ષાત્ ભગવાન સિવાય ભવ અને બ્રહ્મા આદિક દેવથી પણ ક્યારેય આવું થઈ શકતું નથી. ૧૫.**

નારદાદિક ઋષિઓથી પણ આવો ત્યાગ ક્યારેય પાળી શકાતો નથી. માટે એ વાત ચોક્કસ છે કે બીજાથી આવો સ્ત્રી અને ધનનો ત્યાગ થતો નથી. ૧૬. અહીં આવેલા સંત શુકદેવજી, સનકાદિકો અને જડભરતના જેવા મહાન ત્યાગી છે. ભગવાન જેવો મોક્ષ કરે છે તેવો જ મોક્ષ આવા સંતથી પણ થાય છે. ૧૭. ભગવાને આપણો મોક્ષ કરવાને માટે પ્રેમથી આવા સંતને અહીં લાવ્યા છે. પછી કુશળકુંવરબાઈએ એક પુરાણી વિપ્રને સ્વામી પાસે મોકલ્યા. તે પુરાણી વૃદ્ધ અને ઘણા ચતુર હતા. ૧૮. કુશળકુંવરબાઈએ જે કાંઈ કહેવાની વાત હતી, તે બધી પુરાણીને કહી. અને પુરાણીને કહ્યું, તમે તત્કાળ તે સંતને

જઈને કહો, જે રીતે અમારો મોક્ષ થાય તે રીતે આપ અમને કહો. ૧૯. જો અમે આપ કહો તે રીતે ન કરીએ, તો ખરેખર અમારી માતામાં ખોટ છે. આજ સુધી અમે કોઈને ગુરુ કર્યા નથી. અમારી ઓળખાણમાં આપના સમાન કોઈ સાચા સંત આવ્યા નથી. ૨૦.

❋ જેવા ગુરુ મળે તેવું જ્ઞાન થાય :

સત્યને પારખ્યા સિવાય રાજવંશની ઘણી રાણીઓ ગુરુ કરે છે, પણ ખરેખર તે ગુરુને ઓળખતી નથી હોતી. ૨૧. તેથી તેઓ સ્ત્રી અને ધનમાં બંધાયેલાઓને ગુરુ કરે છે અને તેનાથી જ મોક્ષ માને છે. હું તો તે બાબતને ઘણી આશ્ચર્યરૂપ માનું છું. ૨૨.

चोपाई :

बंधे कु बंधे छोरे तेसे, देखे नहि कोउ हम एसे;
शिष्य अंध गुरु अंध मिलेऊ, दोउ मिल मारग हि चलेऊ...२३
भवसागर बडे कूप मांहीं, फेर यह पड हि संदेह नाहीं;
बंधन बिन गुरु मिले जबही, बंधन से जीयकु छोरे तबही...२४

જે પોતે બંધાયો હોય તે બીજાને બંધનથી શું છોડાવે ? બંધાયેલો કોઈ બંધાયેલાને છોડાવે એવું અમે દેખ્યું નથી. અંધ શિષ્યને અંધ ગુરુ મળ્યા પછી બંને મળીને રસ્તે ચાલે, તો બંને આ સંસારરૂપી મોટા કૂવામાં ફરીથી પડે છે. તેમાં કોઈ સંદેહ નથી. જ્યારે સ્ત્રી-ધનનાં બંધન રહિત ગુરુ મળે ત્યારે તેવા ગુરુ જીવને બંધનથી છોડાવે છે. ૨૩-૨૪. મોટો કૂવો, સરોવર, નદી અને સમુદ્ર તેમાં કોઈ ડૂબતો હોય, તે ડૂબતાને બચાવવો તથા અગ્નિમાં બળતો હોય એને બચાવવો, તેને અપાર(મોટો) ધર્મ કહ્યો છે. ૨૫.

તમે બધી જાતના નિર્બાધ ધર્મને જાણો છો, તો મારો ઉદ્ધાર કરો. તમને આમાં કોઈ પ્રકારનો બાધ નહિ આવે. ૨૬. માટે હે સંતપુરુષ ! આપ નિર્બાધ રહીને મારો ઉદ્ધાર કરીને પછી જ અહીંથી જાઓ. એમ અગાધ બુદ્ધિમાન કુશળકુંવરબાઈએ પુરાણી વિપ્રને કહ્યું. પછી તે પુરાણી ઘણા ઉત્સાહથી સંતની પાસે આવ્યા અને તેમના ચરણમાં પ્રણામ કર્યા. ૨૭-૨૮. પછી પુરાણીએ સંતની આગળ હાથ જોડીને કહ્યું, “આપના જેવા

કોઈ સંત હજી સુધી અહીં આવ્યા નથી. જે બીજા વર્ણી, સંન્યાસી અને પરમહંસ આવે છે, તે બધા વ્યસન અને ફેલ વગરના નથી હોતા. સ્ત્રીને દેખીને ખુશી થાય છે. કોઈ ધન આપે તો પોતાની પાસે રાખે છે અને જાત જાતના તમાશા જૂએ છે. ૨૯-૩૦. કોઈ નૃત્ય કરવા આવે તો તેના નાચને ત્યાગી જોવા આવે છે. કોઈ વેશ્યા આવીને તેના ગળામાં હાથ નાખે, તો મનમાં પોતાને ધન્ય માને છે. ૩૧. કોઈ ગૃહસ્થ તેને નીરસ અન્ન આપે તો તે ઘરને કાયમને માટે છોડી દે છે. જ્યાં સ્ત્રી પોતાની સાથે બોલે નહિ અને પીરસે નહીં, તે ઘરનું તે અન્ન ખાતા નથી. ૩૨.

કેટલાક જ્યારે મૌનવ્રત ધારીને રહ્યા હોય છે ત્યારે પોતાના હાથથી ખાતા નથી અને પુરુષના હાથે પણ ખાતા નથી. કોઈ સ્ત્રીને હાથે તે ખાય છે. ૩૩. આવાને લોકો મોટા સિદ્ધ માને છે, પણ કેટલાક તો સ્ત્રીને લઈને જતા રહે છે; છતાં તેવાનો અભાવ આવતો નથી અને તેને સિદ્ધોમાં પણ શ્રેષ્ઠ સિદ્ધ માને છે. ૩૪. જે સ્ત્રીને પુત્ર ન હોય અથવા તો ધણી ન રહ્યો હોય તેવી જે સ્ત્રીઓ હોય છે, તે તેવા સિદ્ધોની સેવામાં રાતદિવસ તત્પર રહે છે. ૩૫. જે સિદ્ધ કહેવાતા હોય છે તેઓ સ્ત્રીને જ પરમપદ માને છે. આવા સિદ્ધો તો જગતમાં અનેક ફરતા રહેતા હોય છે. જેનો કોઈ પાર નથી. ૩૬. તેવા સિદ્ધો તો ગામેગામ અને ઠેરઠેર દેખાય છે. તમારા જેવા સંત તો બ્રહ્માંડમાં પણ દેખાતા નથી. ૩૭. અમારાં રાજમાતા આપને કહેવડાવે છે કે, હે સ્વામી ! આપ પોતાના ધર્મને રાખીને અધમોનો ઉદ્ધાર કરવા માટે અમને મોક્ષની બાબત કહો. ૩૮. વ્યાસમુનિએ તો શાસ્ત્રમાં કહ્યું છે કે કળિયુગમાં ભગવાનનું નામ-કીર્તન અને પૂજન-વંદન જ જીવને મોક્ષ આપે છે." ૩૯. ત્યારે પુરાણીની આગળ સંતે કહ્યું, "વ્યાસજીએ કહેલાં વચન સત્ય છે, પણ ધર્મ પાળ્યા વિના તે વચન લગારેય ફળીભૂત થતાં નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ પોતાના સંત ધરમપુર સત્સંગ કરાવવા રહ્યા તે કહ્યું' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર સોળમું, તરંગ - ૩૭

ધરમપુરથી આવેલા શ્રીહરિને ગઢપુર વગેરેના બધા હરિભક્તો કુંડળમાં મળ્યા

પછી પુરાણીએ સંતને કહ્યું, "ધર્મ તો વિવિધ પ્રકારના છે. એક ધર્મમાં બધા ધર્મ આવી જાય એવો કયો ધર્મ છે ?" ૧. ત્યારે પરમચૈતન્યાનંદસ્વામીએ પુરાણીને કહ્યું, "ભગવાન અને સત્પુરુષ જે સદાચારને માને છે તે શ્રેષ્ઠ ધર્મ છે. ૨. સહુ લોકો પોતપોતાની રુચિ પ્રમાણે ધર્મ માને છે, પણ તે તો રુચિનો ધર્મ છે. તેનાથી કાંઈ મોક્ષ ન થાય. ૩. પોતાની રુચિ પ્રમાણેનો ધર્મ તો કહેવામાત્રનો જ છે. તેમાં ઘણી રીતે અધર્મ રહ્યો હોય છે. તે સત્સંગ સિવાય દેખાતો નથી. ૪. **જેટલી સત્ય સત્ય બાબતો હોય, તેને દેખી વિચારીને સ્વીકારવી જોઈએ. અને તે સ્વીકારેલા સંગ્રહનું નામ જ સત્સંગ છે. ૫. અને જેટલી અસત્ય વાતો છે, તેનો જે સંગ્રહ કરવો તેનું જ નામ કુસંગ કહેવાય છે. વિવેકી મનુષ્યો તે કુસંગની વાતનો ત્યાગ કરાવે છે. ૬.**

❋ સત્યનો સ્વીકાર વિવેકપૂર્ણ કરવો :

ઊલટી કરી નાખેલા અન્નને તો શ્વાન સ્વાદ કરીને ખાય છે. તેમ જેટલી અસત્ વાતો છે, તે બધી ઊલટી કરેલા અન્નના જેવી છે. એમ જોવું. ૭. અને વિવેકપૂર્વકના સત્યનો જે સંગ્રહ કરવો, તેનું જ નામ સત્સંગ કહેવાય છે." તે પુરાણી સંતના મુખથી આવી વાત સાંભળીને ગયા. અને પછી તો રોજ સત્સંગ કરતા હતા. ૮. સંતે પુરાણીને જેટલાં વ્રતમાન નિયમ ધરાવ્યાં, તે બધાને તેણે યાદ રાખ્યા. સંતે પુરાણીને કહ્યું, 'શ્રીકૃષ્ણને ઉદ્ધવજી મળ્યા અને શ્રીકૃષ્ણનો ઉપદેશ સાંભળીને તેમના અનન્ય દાસ થયા. ૯. પછી તે ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી કળિયુગમાં અયોધ્યાપુરીમાં બ્રાહ્મણને ઘેર રામાનંદસ્વામી નામે હમણા પ્રગટ થયા હતા. અમે બધા તેમના શિષ્યો છીએ. ૧૦. અપાર જીવોનો મોક્ષ કરવા માટે તે ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ પ્રગટ સંપ્રદાય ચલાવ્યો છે. બીજા જેટલા મિથ્યા સંપ્રદાય હતા, તે આ ઉદ્ધવ સંપ્રદાયની નીતિને જોઈને બધા નિર્જીવ જેવા થઈ ગયા છે. તેથી તે પાખંડ

ધર્મવાળા ઉદ્ધવ સંપ્રદાયના સત્યને ઉખાડી નાખવા માટે ઘણા પ્રયત્નો કરી ચૂક્યા છે. ૧૧-૧૨.

તે પાખંડીઓનું પોષણ કરનારા રાજાઓનું જ્યાં સુધી જોર રહ્યું ત્યાં સુધી તે પાખંડી ધર્મનું ઠેકઠેકાણે બળ રહ્યું છે. ૧૩. સત્યસ્વરૂપ ધર્મની અભિવૃદ્ધિ માટે જ્યારે ભગવાન શ્રીહરિ પ્રગટ થયા, ત્યારે રાજાઓ પણ સત્યધર્મવાળા થવા માંડ્યા છે. ૧૪. બધા તે પાખંડ ધર્મીઓએ સંવત્ ૧૮૬૩ માં ભેળા મળીને સત્યધર્મવાળા ઉદ્ધવ સંપ્રદાયને બહુ દુઃખ દીધું. ૧૫. સંવત્ ૧૮૬૪ ના વર્ષમાં જ્યારે શ્રીહરિએ યજ્ઞ કર્યો ત્યારે આ દેશમાં નીતિવાળા રાજાનું આગમન થયું અને બધા અધર્મી રાજાઓ તેનાથી ડરી ગયા. ૧૬. સંવત્ ૧૮૬૫ થી ૧૮૬૬-૬૭ સુધીમાં શ્રીહરિએ યજ્ઞો કર્યા. ત્યાં સુધીમાં તો નીતિવાળા રાજાનું રાજ્ય સારી રીતે દૃઢ થઈ ગયું. ૧૭. તે નીતિવાળા રાજાનું રાજ્ય જેમ જેમ મજબૂતાઈથી જામતું ગયું તેમ તેમ શુદ્ધ સત્સંગ(ઉદ્ધવ સંપ્રદાય) પણ જામી ગયો. અને બીજા બધા અશુદ્ધ મતો છુપાઈ ગયા. ૧૮.

જે મતમાં ઘણાં દૂષણો હતાં અને તેને જે મોક્ષરૂપ કરીને માનતા હતા, તે બધાં દૂષણો વિશુદ્ધ સત્સંગે કરીને લોકોને યથાર્થરૂપમાં ઓળખાયાં. ૧૯. તેમાં જે સદ્‌બુદ્ધિવાળા ડાહ્યા માણસો હતા, તે દૂષિત મતોનો ત્યાગ કરીને શુદ્ધ સત્સંગના આશ્રિત થયા અને તેમાં તેમને પોતાનો મોક્ષ થતો પણ દેખાયો.' ૨૦. તે સંતના મુખની ઉપર કહેલી વાત સાંભળીને પુરાણી સારા પાકા સત્સંગી થયા. પછી તો પુરાણી ઘણા પ્રેમથી તે સંતની પાસે રોજ વાતો સાંભળવા માટે આવવા લાગ્યા. ૨૧. વાતો સાંભળ્યા પછી પુરાણી રાજમાતા કુશળકુંવરબાઈ પાસે જઈને તે વાતો તેમને સંભળાવતા હતા. તેથી રાજમાતા પણ સત્સંગી થયાં. ત્યાર બાદ અમે મુક્તાનંદસ્વામીને ઉપદેશ કરવા માટે ત્યાં મોકલ્યા. ૨૨. મુક્તાનંદસ્વામી ધરમપુરમાં રહી, કથા-વાર્તા કરીને જ્યારે આવ્યા તે પછી અમને કુશળકુંવરબાઈએ બોલાવ્યા અને અહીંથી અમે ત્યાં ગયા. અને તેમણે અમારું ઘણું જ સન્માન કર્યું. ૨૩.

રાજ્યની જેટલી સવારી હતી, તે બધી લઈને રાજમાતાના પૌત્ર વિજયદેવ પોતે સન્મુખ આવ્યા હતા. સવારીમાં ડંકા, નિશાન અને અનેક વાજિંત્રને તે પ્રેમભાવથી લાવ્યા હતા. ૨૪. હાથી ઉપર અંબાડી મૂકીને સન્મુખ લાવ્યા અને તેમાં અમને બેસાડીને પુરમાં લઈ ગયા. ૨૫. અમારી સાથે મોટા મોટા સંતો અને મોટા હરિભક્તો જે હતા, તે સહુને સારા ઉતારા આપ્યા હતા. ૨૬. ત્યાં થોડા દિવસ રહીને અમે વાંસદા ગયા અને ત્યાં ત્રણ દિવસ રહ્યા. તે પછી અમે પાછા ધરમપુર આવ્યા અને ત્યાં વસંતપંચમી કરી. ૨૭. રાણી પોતાનું બધું રાજ્ય અમને આપવા તૈયાર થયા. તે અમને ખબર પડી એટલે અમે તરત ત્યાંથી ચાલતા થયા. ૨૮. પછી દરબાર મનુભા બોલ્યા, 'આવી બાબત તો આપ ભગવાનથી જ બને ! અને માયાને આધીન જે લોકો છે, તે તો માયાને મેળવવા માટે જ્યાં ત્યાં દેશ-પ્રદેશમાં ઘૂમતા રહે છે. માયા માયા કરતા તે બધા મરી જાય છે, પણ સત્સંગ કર્યા સિવાય તેઓને માયાનું બંધન છૂટતું નથી.' ૨૯-૩૦.

શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને તે રાજા મનુભાએ સત્સંગનાં વ્રતમાન નિયમ ધારણ કર્યાં અને તેના જે પુત્ર હતા તેને પણ નિયમ ધરાવ્યા. તે સમયે મદ્ય અને માંસ તેમને હરામ કરાવ્યાં. ૩૧. તેમણે ચોરી તથા પરનારીનો ત્યાગ કરીને ભગવાન શ્રીહરિના ચરણમાં પ્રેમ કર્યો. જેટલા ચુડાસમા તેમના ભાઈઓ હતા, તે બધાએ મોટા ભાઈ મનુભાની મર્યાદાને કારણે, ૩૨. દારૂ અને માંસ વગેરે બધું જ છોડી દીધું અને કેટલાક સત્સંગી થયા. પછી શ્રીહરિ ત્યાં પોઢી ગયા અને રાજા શ્રીહરિના ચરણમાં પ્રણામ કરીને ગામમાં ગયા. ૩૩. પછી પાછલી રાતે ગાંફથી ચાલતા થયા. તે **કુંડળમાં** આવીને રાત રહ્યા. તે સમયે ગઢપુરના દરબારો કુંડળમાં આવ્યા. ૩૪.

શ્રીહરિ તે સહુનો અત્યંત ભાવ દેખીને તેમને હેતથી મળ્યા. કરિયાણા, વાંકિયા, ગુંદાળા વગેરે ગામના બધા દરબારો પણ ત્યાં આવ્યા. જેણે જેણે શ્રીહરિના આવ્યાની વાત સાંભળી હતી, તે નાગડકા અને બોટાદ વગેરેના હરિભક્ત દરબારો પણ ત્યાં આવ્યા. ૩૫-૩૬. બોટાદના ભગાશેઠ, ભવાનજી, મૂળચંદ, ચકુભાઈ, કેશવજી, હિરાશેઠ, કૃષ્ણજી, હકાભાઈ અને

અદાશેઠ, રામા પારેખ, અમરસિંહ કંસારા અને જે સોની અને વિપ્ર હરિભક્ત હતા, તે સિવાયના પણ જે પ્રેમી હરિભક્ત હતા તથા સારંગપુરના દરબાર હરિભક્તો હતા, તેઓ બધા કુંડળ આવ્યા. ૩૭-૩૯. ઝીંઝાવદર અને કારિયાણીના દરબારો પણ કુંડળ આવ્યા અને શ્રીહરિને મળીને ચરણમાં નમી પડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધરમપુરથી આવેલા શ્રીહરિને ગઢપુર વગેરેના બધા હરિભક્તો કુંડળમાં મળ્યા' એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર સોળમું, તરંગ - ૩૮

કુશળકુંવરબાઈની ઉચ્ચ સ્થિતિ અને શ્રીહરિની મરજીની સર્વોત્તમતા કહી

કુંડળ ગામમાં મામૈયા પટગીર તથા અમરા પટગીર પાકા હરિભક્ત હતા. તેઓ ત્યાંના રાજા હતા. તેણે શ્રીહરિની ઘણી સેવા કરી હતી. ૧. શ્રીહરિ તેમને પોતાના જાણીને કેટલીએ વાર અહીં આવતા-જતા રહેતા હતા. ૨. શ્રીહરિ વારે વારે આવતા છતાં તે દરબારોમાં ઉત્સાહ ઘણો વધતો રહેતો હતો. તેઓ શ્રીહરિની બહુ રીતે સેવા કરતા હતા. તે બધી સેવા લખી શકાતી નથી. ૩. તે દરબારો શ્રીહરિની જેવી મરજી હોય તેને જાણતા હતા અને વગર કહ્યે મરજી પ્રમાણે સેવા કરતા રહેતા. ૪. જે જે ગામના જેટલા હરિભક્ત દરબારો કુંડળમાં આવ્યા હતા તે બધા ગામમાં શ્રીહરિ વારંવાર જાતા હતા. ૫. એ બધા ગામને શ્રીહરિએ પોતાના માન્યા હતા અને તે બધા દરબારો શ્રીહરિની સેવા કરતા રહેતા અને તેમણે શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ માન્યા હતા. ૬.

શ્રીહરિ ધરમપુરમાં ગયા હતા અને ત્યાં જે જે વાતો થઈ, તે બધી કુંડળમાં આવેલા દરબારો આગળ શ્રીહરિએ કહી હતી અને કુશળકુંવરબાઈનો જે ઘણો ભાવ હતો, તે પણ કહ્યો. ૭. શ્રીહરિ કહે, રાજબાઈ, જીવુબાઈ,

લાડુબાઈ, અમરબાઈ, અમૂલાબાઈ અને મીણબાઈ વગેરેને અમારા ઉપર જેવો ભાવ રહે છે, ૮. તેવો ને તેવો જ ભાવ કુશળકુંવરબાઈને અમારામાં છે. એમાં કોઈ ફરક નથી. જ્યાં સુધી તેઓ પ્રેમથી અમારાં દર્શન કરતાં રહે છે ત્યાં સુધી તેમની આંખોનાં મટકાં પણ તે મારતાં નથી. તેઓ એક ઘડી અમારાં ચરણોનું ધ્યાન કરતાં રહે છે. અને તેને પોતાના હૃદયમાં હરખથી ધારણ કરે છે. ૯-૧૦. અમારી પિંડી, ઘૂંટણ અને સાથળ, તેને તેઓ એક એક ઘડીવાર ચિંતવે છે. વળી, કમર, પેટ અને સુખકારી છાતી, તેને તે વારંવાર ચિંતવતા રહે છે. ૧૧.

તેઓએ અમારી ભુજાઓ અને મુખકમળને વારંવાર ચિંતવીને હૃદયમાં ઉતારી લીધાં છે. કપિલદેવજીનાં માતા દેવહૂતિની જેવી કુશળકુંવરબાઈની વૃત્તિ છે. ૧૨. તેમનું પોતાનું જે રાજ્ય છે, તે અમને આપવા માટે તેમણે મનમાં નિશ્ચિત ઠરાવ્યું. તેની અમને ખબર પડી એટલે તરત અમે પાછા ચાલી નીકળ્યા. કારણ કે, રાજ્યના સુખને અમે શૂળી કરતાં પણ વધારે દુઃખ માનીએ છીએ. ૧૩-૧૪.

❋ મરજીમાં રહેવું તે સારનું પણ સાર છે :

सोरठा : एक घडी हरि ध्यान, जें मूर्ति कु धार कर;
ताकि होत न प्रमान, त्रिलोकि के राज जोउ...१५
हरि की मूर्ति तामें, अपार अपार सुख रहे;
मूर्ति से बचन यामें, सुख रहेउ अपार कर...१६

એક ઘડીવાર મૂર્તિ ધારીને ભગવાનનું જે ધ્યાન કરવું, તેના સમાન ત્રિલોકીનું રાજ્ય પણ થતું નથી. ૧૫. **ભગવાનની મૂર્તિમાં ઘણું ઘણું સુખ રહ્યું છે અને મૂર્તિના કરતાં પણ વચનમાં અપાર સુખ રહ્યું છે.** ૧૬.

चोपाई :

देहिक दुःख सम दुःख नहि केहा, भगवान की मर्जि होय तेहा;
भगवान के धाम से मर्जि तामें, अपार सुख मानत जे यामें...१७
एहि भक्त सम भक्त न केहू , एहि मुक्त सम मुक्त न तेहू;
एहि प्रेमी सम प्रेमी न केऊ, एहि सिद्ध सम सिद्ध न तेऊ...१८

દૈહિક દુઃખ જેવું બીજું કોઈ દુઃખ નથી; છતાં તેમાં જો ભગવાનની મરજી હોય તો મરજીપરાયણ ભક્ત તેને સહી લે છે. દૈહિક દુઃખ જેવું બીજુ કોઈ દુઃખ નથી. જે ભગવાનના ભક્ત એવું માનતા હોય કે, ભગવાનની મરજી હોય તે પ્રમાણે રહેવામાં તો ભગવાનના ધામ કરતાં પણ અપાર સુખ રહ્યું છે. ૧૭. એવા મરજીપરાયણ ભક્ત સમાન કોઈ ઉચ્ચ ભક્ત નથી અને મરજીમાં રહેનારા મુક્ત સમાન બીજો કોઈ મુક્ત નથી અને મરજીમાં રહેનારા પ્રેમી સમાન અન્ય કોઈ પ્રેમી નથી અને મરજીમાં રહેનારા સિદ્ધ સમાન અન્ય કોઈ સિદ્ધ નથી. ૧૮. **મરજીમાં રહેનારા અક્ષરના સમાન બીજું કોઈ અક્ષર નથી અને મરજીમાં રહેનારા બ્રહ્મને સમાન બીજું કોઈ બ્રહ્મ નથી. ભગવાનની મરજીમાં જે ભક્ત સુખ માને છે, તેને રતીભાર પણ દુઃખ રહેતું નથી. ૧૯. એવો જે ભગવદ્ મરજીપરાયણ ભક્ત છે તેને શૂળીએ ચડાવો કે પૂજા કરો, છતાં પણ તે ભગવાનની મરજીમાં જ આનંદ માને છે અને ભગવાનને જ સદા સર્વોપરિ માનતો રહે છે. ૨૦.**

આવા ભક્તથી ભગવાન એક પળવાર પણ અલગ રહેતા નથી. જેમ આંખમાં કીકી રહે છે અથવા જેમ જીવમાં તેનું જીવન રહે છે, તે રીતે પ્રગટ ભગવાન તેના હૃદયમાં રહે છે. ૨૧. જેટલું જેટલું સુખ કહેવાય છે, તે બધું સવળી સમજણમાં રહ્યું છે અને અવળી સમજણમાં તો દુઃખમાત્ર અપરંપાર રહ્યું છે. ૨૨.

જેને ભગવાનની મરજીમાં રહેવાનું જ તાન છે, તેણે તો શાસ્ત્ર માત્રનું રહસ્ય ભણી લીધું છે, જાણી લીધું છે. જે જે સમજણો અને સાધનો કહેવાય છે તે બધાં મરજીમાં આવી ગયાં છે. ૨૩. **વેદો, ઉપનિષદો અને તેમનાં ભાષ્યો, તે બધાં ભગવાનની મરજીમાં આવી જાય છે. વ્યાસસૂત્રો અને તેનાં ભાષ્યોના બધા અર્થો ભગવાનની મરજીમાં આવી જાય છે. જે ભગવાનની મરજીમાં નથી ચાલતા તેઓ ચાહે તેટલા ગ્રંથો ભણ્યા હોય તથા અપાર તીર્થ કરે, ઘણા યજ્ઞ કરે, પુષ્કળ વ્રત અને દાન કરે, પણ તે બધાં ભગવાનની મરજીથી બહારનાં છે. ૨૪-૨૬.** ભગવાનની મરજી બહાર રહીને કદાચ કોઈ અપાર બ્રહ્માંડની રચના કરે, તોપણ તે ભગવાનના શત્રુ જેવા છે. ભગવાનના એકાંતિક ભક્તને

તે બ્રહ્માંડના રચનારાઓનો ભાર રહેતો નથી. ૨૭. જે ભક્તે ભગવાનની મરજીમાં રહેવાનું જ નક્કી ઠેરાવ્યું હોય અને તેવી જ જેની સમજણ હોય, તે તો જેમ આકાશ સર્વથી ઉપર છે, તેમ તે ભક્ત પણ સર્વોપરિ છે. ૨૮.

ઉપરથી દેખવામાં ભલે તે મોટા ન હોય, પણ તે સહુથી મોટા છે. જેને મરજીરૂપી નેત્ર છે તેની જ સાચી સમજણ દેખાય છે. ૨૯. જેનામાં ભગવાનની મરજીરૂપી નેત્ર ન હોય અને જ્યાં સુધી તે ભગવાનની મરજી પાળવાનો ગુણ નથી પામતો ત્યાં સુધી તે આવાં બ્રહ્માંડ કરે, તોપણ બાળબુદ્ધિ છે. ૩૦. **જે મરજીને ઓળખે છે તેણે જ સત્સંગ કર્યો છે અને જેને મરજીનું જ્ઞાન નથી, તેણે કશું જ કર્યું નથી. સત્સંગના પ્રતાપે કરીને જય-વિજય અને શ્રીદામા વૈકુંઠાદિ લોકને પામ્યા હતા. અનેક કલ્પો સુધી તે ભગવાનના ધામમાં રહ્યા અને ભગવાનના હજૂરી પાર્ષદ થયા. તેમને ઘણો મોટો અધિકાર મળ્યો હતો. ૩૧-૩૨.**

(કેવી રીતે તે અધિકાર મળ્યો ? તો, જય-વિજય પૂર્વ જન્મે ક્ષત્રિય હતા. શિકાર માટે વનમાં ગયેલા. ત્યાં કોઈ સંતોને ભીલો લૂંટતા હતા. તેના પક્ષે કરીને મૃત્યુ પામ્યા. તેથી સંતકૃપાએ વૈકુંઠને પામ્યા.)

તે અધિકાર સંતોની સેવાથી મળ્યો હતો, પણ તેમને તેની લગાર પણ યાદી ન રહી. અને જે સંતો દ્વારા તે અધિકાર પ્રાપ્ત થયો હતો, તે સંતો જ્યારે ત્યાં પ્રેમથી આવ્યા, ૩૩. ત્યારે તે પાર્ષદોએ સંતોને રોક્યા અને તોછડી વાણી બોલ્યા અને ભગવાનની મરજીને ઓળખી શક્યા નહીં. તેઓ સત્સંગ કરીને ધામને પામી ત્યાં રહેતા હતા, છતાં તે નિયમ પ્રમાણે તરત જ નીચે પડ્યા. ૩૪.

જય વિજયે ભગવાનની અપાર સેવા કરી હતી, પણ તે કરેલી સેવાએ તેની કોઈ મદદ ન કરી અને ત્રણ જન્મ સુધી અસુર થવું પડ્યું. ૩૫. એટલા માટે સત્સંગ કરીને ભગવાનની મરજીનું ખૂબ જ ધ્યાન રાખવું. જે જે વાત કહેવાય છે, તે બધી સૂરત રાખ્યા સિવાય સુધરતી નથી. ૩૬. કોઈનું અવિચળ રાજ્ય હોય, જ્યાં તોપની પણ કારી ફાવતી ન હોય, તેવા રાજ્યમાં પણ વારંવાર ધ્યાન દેવામાં ન આવે તો તે રાજ્ય ઊડી જાય છે અને પછી તે કયાંય દેખાતું નથી. ૩૭. સત્સંગનો જે રંગ લાગ્યો હોય તે કાયમને માટે જે રીતે એવો

ને એવો એકસરખો રહે, તેવું વર્તન કરવું જોઈએ. ૩૮. પર્વતભાઈ, ઝીણાભાઈ, મયારામ ભટ્ટ, સુંદરજીભાઈ, ગંગારામ મલ, અદાભાઈ, રામસિંહજી, શિવા જાની, શિવરામ ભટ્ટ અને અખાભાઈ, તેઓ સત્સંગના એકસરખા રંગવાળા છે. ૩૯-૪૦. તે ભક્તોની જેમ જે મરણપર્યંત દિનપ્રતિદિન વધારે ને વધારે સત્સંગનો રંગ રાખવાનું જેનું અંગ હોય, તે હરિભક્તોમાં અને સંતોમાં મોટેરા છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'કુશળકુંવરબાઈની ઉચ્ચ સ્થિતિ અને મરજીની સર્વોત્તમતા કહી' એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર સોળમું, તરંગ - ૩૯

શ્રીહરિએ કુંડળમાં દાસપણાની વાત કરી અને કારિયાણી પધાર્યા

વળી, શ્રીહરિએ સહુ દરબારોની આગળ વાત કહી, "મનુષ્ય જેવો સંગ રાખે છે, તેવી તેની બુદ્ધિ થઈ જાય છે. ૧. વધારે ને વધારે સત્સંગનો રંગ જેનાથી ચઢતો રહે એવા સંત અને હરિભક્તનો સમાગમ રાખવો જોઈએ. ૨.

❋ દાસભાવ રહે તેટલો નીરોગી રહે :

સંત અને હરિભક્ત થઈને જેટલું માન રાખે છે, તેટલો તેને ક્ષયરોગના સમાન કુસંગ રહ્યો છે. ૩. અને જે સંતો-ભક્તો નિર્માની અને સરળ છે, તેટલો તેમનો સત્સંગ શુદ્ધ અંગવાળો નીરોગી છે. ૪. આ જીવ જેવી રીતે વર્તે છે, તેવાં વચન તે ઉચ્ચારે છે. મનુષ્ય રોગી છે કે નીરોગી છે, તે તેના બોલેલા વચનમાં પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૫.

❋ જેને સંતમાં પૂજ્યબુદ્ધિ રહે છે તે મોટા છે :

चोपाई :

संत हरिजन की बडता जाकू, देखिके अंतर ठरे जो ताकू;
बडे से एहि बडे रहाये, पूज्य से एहि पूज्य कहाये...०६
एसी मति रहेउ जिहाँ लगहू, विघ्न ताकु नहीं तिहाँ लगहू;
पुरान वेद पढे सब तेहा, जिहाँ लग मति दास रहे तेहा...०७

સંતો અને હરિભક્તોની મોટાઈને દેખીને જેનું અંતર ઠરતું હોય, તે જ મોટામાં મોટો અને પૂજ્યમાં પણ પૂજ્ય કહેવાય છે. આવી બુદ્ધિ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તેને કોઈ પણ વિઘ્ન આવતું નથી. જ્યાં સુધી મતિમાં દાસપણું રહે છે ત્યાં સુધી તેણે બધાં વેદો અને પુરાણો ભણી લીધા છે. ૬-૭.

दास मति न रहावेउ जाही, चाय तेसे पढे होय ताही;
मेरु सम गुन ही ताकु पाये, दासमति बिन कबु न सोहाये...०८
दासमति न रहे जिहाँ लगही, जितने गुन पाये तिहाँ लगही;
विष सम सब तिनके गुन रहाये, ध्यान धारना अनंत कराये...०९

જેનામાં દાસપણાની ભાવના ન રહી હોય, તે ચાહે તેટલો ભણેલો હોય અને મેરુના જેવા ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા હોય, છતાં તે દાસપણાની ભાવના સિવાય ક્યારેય શોભતા નથી. ૮. જ્યાં સુધી દાસપણાની મતિ નથી રહેતી ત્યાં સુધી મેળવેલા બધા જ ગુણ ઝેર જેવા બની જાય છે. તે અનંત રીતે ધ્યાન-ધારણા કરે, અનંત જીવોના અંતરની વાતને જાણે, અનંત લોકોના નાડીપ્રાણને ખેંચે, તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાતોને કહે તેવો હોય, અનંત પ્રકારનાં પરાક્રમ કરી દેખાડે, પણ જ્યાં સુધી તેનામાં દાસપણાની મતિ નથી આવતી ત્યાં સુધી તેના બધા જ ગુણો એકડા વગરનાં મિંડાં જેવાં હોય છે, તે બધાં મિંડાંનાં મિંડાં જ કહેવાય છે !! ૯-૧૧. રામ અને કૃષ્ણ - એ બે અવતારો સર્વોપરિ કહેવાય છે. તેઓ ભૂપોના પણ ભૂપ અને દેવોના પણ દેવ રહ્યા છે. ૧૨. જ્યારે જ્યારે મોટા અસુરો ભક્તોને પીડતા હતા ત્યારે તે ભગવાને તેવા અવતારોને ધરીને તે અસુરોનો સંહાર કર્યો છે. ૧૩.

ભગવાન બીજા બધા અપરાધોને સહન કરે છે, પણ જ્યારે અસુરો પોતાના દાસને પીડે છે ત્યારે તેને ક્યારેય સહન કરતા નથી. ૧૪ **જે ભક્ત સહુનું સારું ચાહે છે, કોઈનું બૂરું ચાહતા નથી, ઊલ્ટાનું શત્રુનું પણ કલ્યાણ કરવાનું મનમાં વારંવાર ઈચ્છે છે; ૧૫. આવા દાસપણાથી યુક્ત ભક્તના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.** જેમ શરીરમાં જીવ રહ્યો છે તેમ તે ભક્તમાં ભગવાન રહે છે. તેમાં તલ જેટલું પણ ખોટું નથી. ૧૬. સાધુતાના જે ત્રીશ ગુણ કહ્યા છે, તે ગુણો જે ભક્તમાં જેટલા રહ્યા હોય છે તેટલા

પ્રમાણમાં ગુણરૂપે ભગવાન તેમાં રહે છે. ૧૭. શુભગુણ સ્વરૂપ ભગવાન તે ભક્તના હૃદયમાં સદાય રહે છે. જેમ આકાશ અચળ રહ્યો છે તેમ તેનો ક્યારેય નાશ થતો નથી. ૧૮. આકાશને કોઈ છિન્ન-ભિન્ન કરે છતાં આકાશ છેદાતો-ભેદાતો નથી. ચાહે તેવો પ્રલય થાય પણ આકાશ તો તેવો ને તેવો જ રહે છે. ૧૯.

ભગવાન તો આકાશના પણ આત્મા છે, ભગવાનના ગુણ તે આકાશમાં આવ્યા છે. આકાશમાં ભલે કાંઈ દેખાતું નથી પરંતુ તેમાં અપાર આશ્ચર્ય રહ્યાં છે. ૨૦. છતાં યોગ્ય સમયે જેટલાં આશ્ચર્ય છે, તે બધાં આકાશમાં પ્રગટ થઈ આવે છે. તે રીતે જ ભગવાનમાં જેટલાં આશ્ચર્ય છે તે બધાં યોગ્ય સમય પર દેખાય છે. ૨૧. ભગવાનમાં અપરંપાર સામર્થ્ય અપારરૂપમાં રહ્યું છે. બીજામાં જેટલું સામર્થ્ય છે તે ભગવાનની દૃષ્ટિએ કરીને રહ્યું છે. ૨૨. **બીજાના સામર્થ્યને ખેંચી લેવું તેમાં ભગવાન સ્વતંત્ર છે, પણ ભગવાન કોઈને આધીન નથી; એટલે ભગવાનના જેવા બીજા કોઈ સમર્થ નથી. ૨૩.** ભગવાનના સામર્થ્યને લઈને બીજાનું જે સામર્થ્ય કહેવું તે ઘટિત-યોગ્ય વાત ગણાય. સર્વનું કારણ એવા ભગવાન જ્યારે મનુષ્યશરીરને ધારણ કરે છે ત્યારે દાસની માફક પણ વર્તતા હોય છે. લેશમાત્ર પણ માન રાખતા નથી. જેને ઈન્દ્રાદિ દેવતાઓ પણ નમે છે, તે ભગવાન જેમ ભક્ત કહે તેમ કરે છે. ૨૪-૨૫.

પચાસ કરોડ યોજનના વિસ્તારવાળી ભૂમિ કરતા સાગર ઘણો નીચો છે. તે ઈન્દ્ર જેટલો વરસાદ કરે છે, તે બધા પાણીને ખેંચી લે છે. ૨૬. છતાં સાગરને તેનું માન નથી અને તેનાથી સાગરની મોટાઈ કહેવાય છે. ભૂમિ કરતાં સાગર અધિક છે અને ભૂમિ કરતાં દસગણું પાણી તેમાં રહ્યું છે. ૨૭. જેટલા સરોવર છે તે બધાં ભૂમિ કરતાં નીચાં રહ્યાં છે અને વૃષ્ટિનું પાણી છે તે જેટલાં સરોવર ઊંડાં હોય છે તેટલું તેમાં ભરપૂર રહે છે. ૨૮. **તે રીતે જ ભગવાન તો સાગર જેવા છે. બધા જ શુભગુણોનો તેઓ ખજાનો છે. સંતો અને હરિભક્તો તો સરોવર જેવા છે, તેમાં શુભગુણો તો થોડાક ટકે છે. ૨૯. પુરાઈ ગયેલા સરોવરમાં જેમ ઝાઝું પાણી ટકતું નથી તેમ જે સંતો-ભક્તો માનરૂપી**

કાદવથી જેટલા ભરાઈ ગયા હોય છે, તેમનામાં તેટલા શુભગુણ ઝાઝા ટકતા નથી. ૩૦. અનીતિ જેમાં મુખ્ય છે એવા કામ, ક્રોધ, લોભ, અભિમાન વગેરે જેટલા અશુભગુણ રહ્યા હોય તેવો તેનો જીવ કહેવાય છે. ૩૧.

અનીતિ અને અધર્મ એક જ છે, ખાલી તેનાં નામ અલગ-અલગ કહેવાય છે. અધર્મસર્ગ તો એટલો અપાર છે કે તેને ગણતા પણ છેડો આવતો નથી. ૩૨. જેટલો અધર્મસર્ગ છે તેનો ત્યાગ કરી દે તેને સંતો અને હરિભક્તો કહેવા. અને તેવા સંતો-ભક્તોનો સમાગમ કરતા રહેવું. ૩૩. પોતે સંતો અથવા હરિભક્તો હોવા છતાં પણ મુખથી સંતો કે હરિભક્તોનું કોઈ ઘસાતું બોલે અને તેની તલભાર પણ મર્યાદા ન રાખે, ૩૪. તો બ્રહ્મવેત્તા સંત કે હરિભક્તની હત્યા કરવાનું જે પાપ હોય છે, તે તેને લાગે છે. અમને તો આવું દેખાય છે, એટલા માટે કોઈ સંતો કે હરિભક્તોનો લેશમાત્ર પણ દ્રોહ કરવો નહીં. ૩૫. **સંતો અને હરિભક્તોના દ્રોહ જેવું બીજું કોઈ પાપ નથી. અને શાસ્ત્રમાં તેનું પ્રાયશ્ચિત પણ કહ્યું નથી.** એટલે સહુએ પોતપોતાના મનમાં રાત-દિવસ દ્રોહ ન થાય તેવો તપાસ કરતા રહેવું. ૩૬.

दोहा : संत हरिजन के गुनकू, मुख हि उचरने दीन;
दोष मुख उचरत जितना, सत्संग यह न कीन...३७

સંતો અને હરિભક્તોના ગુણોને દીન થઈ મુખથી કહેવા જોઈએ. અને જે લોકો મુખેથી તેમના દોષ કહે છે, તેમણે સત્સંગ જ કર્યો નથી." ૩૭. શ્રીહરિ આટલી વાત કહીને પછી પોઢી ગયા. સવારમાં તૈયાર થઈને કુંડળથી ચાલ્યા. ૩૮. પછી શ્રીહરિ **કારિયાણી** પધાર્યા. અને બધા હરિભક્તોએ ઘેરઘેર શ્રીહરિની અત્યંત ભાવથી પધરામણી કરી. ૩૯. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. અને જે બધા હરિભક્તો હતા, તેમણે શ્રીહરિની ભક્તિભાવથી પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ કુંડળમાં દાસપણાની વાત કરી અને ત્યાંથી કારિયાણી પધાર્યા' એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર સોળમું, તરંગ - ૪૦

ઝીંઝાવદરમાં શ્રીહરિ તથા ભક્તોએ પરસ્પર નિશ્છળતાથી વાત કરી

કારિયાણીમાં સહુ હરિભક્તો જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા તે પછી શ્રીહરિ સહુ ભક્તોને રાજી કરીને તરત ત્યાંથી અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. ૧. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. અને અંગેઅંગમાં બધા સોનેરી શણગાર ધાર્યા હતા, તેની ઘણી શોભા થઈ હતી. ૨. તે વખતે દરબાર દાદા ખાચર માણકી ઘોડીને બધો સોનેરી સાજ સજાવીને લાવ્યા, એટલે શ્રીહરિ તેના ઉપર બેઠા. ૩. અશ્વ ઘણા હતા. બધા દરબારો પોતપોતાની સવારી લાવ્યા હતા. રસ્તામાં એક કોશ સુધી એકલા અશ્વો જ દેખાતા હતા. ૪. શ્રીહરિની સાથે એટલા બધા ઘોડેસવારો હતા કે તે ગામમાં સમાતા નહીં. પછી શ્રીહરિ **ઝીંઝાવદર** ગામ આવ્યા. ત્યાંના દરબાર અલૈયા ખાચર તો શ્રીહરિની સાથે જ હતા. ૫. તેમણે સહુને માટે રસોઈ તૈયાર કરાવી. તેમાં સાકરનો શીરો બનાવ્યો અને ગામમાં જેટલું દૂધ, દહીં હતું તે અને બીજાં ગામોમાંથી પણ દૂધ, દહીં હતું તે મંગાવ્યું. ૬.

અલૈયા ખાચર વગેરે હરિભક્તોએ શ્રીહરિને તે વખતે ગામમાં પધરાવ્યા. જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. અને તેના ધ્વનિથી આકાશ છવાઈ ગયું હતું. ૭. તે સમયે ઘણો જ ગુલાલ લાવ્યા હતા તેને સહુ ઉડાડતા હતા. બધી દુકાનો અને બજારો ગુલાલથી વિચિત્ર રીતે રંગાઈ ગયા હતા. ૮. ગામના બધા જ મનુષ્યો હાથમાં શ્રીફળ લઈને ઊભા રહ્યા હતા. તે શ્રીહરિની આગળ ધરી દેતા હતા અને હાથ જોડીને ‘જય જય...’ ‘જય જય...’ એમ બોલતા હતા. ૯. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરીભરીને આવી હતી. તે બધી શ્રીહરિને વધાવતી હતી. આ રીતે અલૈયા ખાચરના દરબારમાં શ્રીહરિ પધાર્યા. ૧૦.

દરબારનાં બધાં ભવન ચારેય બાજુ હતાં અને વચ્ચે વિશાળ ચોક હતો. અને તે સમગ્ર ચોકમાં મંડપ કરાવ્યો હતો. તેમાં શોભા કરી તે વર્ણવી શકાતી નથી. ૧૧. મંડપમાં જેટલા સ્તંભ હતા તે બધાને સોનાનો વરખ લગાવ્યો હતો. તેમાં ગોળાકારે કમાનો રચાવી હતી. તેને વિવિધ રીતે

સજાવી હતી. ૧૨. મંડપ ઘણો ઊંચો હતો અને તેમાં સરસ જરિયાની ઊલેચ બંધાવ્યા હતા. તે બધા ચિત્ર વિચિત્ર ભાતના હતા. અને તેમાં કેટલીક શોભા કરી હતી. ૧૩. મંડપમાં ખંડે ખંડે વિચિત્ર પ્રકારનાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં. અને મંડપની ચારે બાજુ મોતીનાં તોરણ બંધાવ્યાં હતાં. ૧૪. મંડપની ઉપર સુંદર સોનાનાં કળશ પ્રત્યેક થાંભલા ઉપર ત્રણ ત્રણ એકી સાથે મૂક્યાં હતાં. ૧૫. તે ત્રણ કળશમાં નીચેનો કળશ મોટો રહેતો, તેથી પછી વચ્ચેનો મધ્યમ રહેતો અને તેથી ઉપરનો કળશ તો બન્નેથી ઘણો નાનો હતો. ૧૬. તે પ્રત્યેક કળશ ઉપર સોનાનો એક એક મોર મૂકવામાં આવ્યો હતો, તે જાણે કે સાચો મોર ન હોય..! ૧૭. મંડપની બરાબર વચ્ચે એક ભારે પારાવાર સુંદર વેદિકા કરાવી હતી. તે વેદિકાની ઉપર અનેક રીતે ભારે સુંદર સોનેરી પલંગ બિછાવ્યો હતો. ૧૮.

શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બેઠા. બીજા બધા દરબારો ગામમાં જઈને ઊતર્યા હતા. અને દરબારગઢમાં જેટલી બાઈઓ રહેતી હતી, તે બધી જ હરિભક્ત હતી. ૧૯. તેઓ શ્રીહરિને પગે લાગી અને અપાર હેતથી કહેવા લાગી, 'તમે અમારા ઉપર પહેલાં ઘણું હેત રાખતા હતા અને વારે વારે અહીં આવતા હતા. ૨૦. મહિના કે બે મહિના સુધી અહીંથી ક્યાંય જતા નહીં. અમે તો સમજતા હતા કે જેવું હેત છે તેવું ને તેવું હેત કાયમ રાખશો. ૨૧. અમે તો જીવ છીએ એટલે હેતને ટકાવી રાખવાનું જાણતા નથી અને નિર્દોષ એવા આપમાં પણ દોષ ઠેરાવીએ એવા અમારામાં ઘણા દોષ હોવા છતાં, અહીં આવીને આપ અમને બોલાવો છો. ૨૨. **આપ અમને પોતાના કુટુંબી માનનારા ભગવાન છો. અમે હેત તોડી નાખીએ તોપણ આપ પરાણે હેતને જોડો છો. ૨૩.**

ક્યાં જીવ ને ક્યાં ભગવાન ! સમજણમાં બહુ ફેર રહી જાય છે. અમે માનતા હતા કે અમારા દોષને લીધે આપ અમને છોડીને જતા રહ્યા છો. ૨૪. હવે ફરીવાર ક્યારેય આવશો નહીં. આવું મનમાં નક્કી કરી રાખ્યું હતું. અમારા હિતને માટે જેટલું આપ અમને વઢો છો, તેટલા અમને પ્યારા લાગો છો..! ૨૫. આપના જેવું કોઈને વઢતા આવડે નહીં.

આપના વઢવામાં પણ ઘણું હેત રહ્યું છે. આવું વઢવાનું તો આપને એકને જ આવડે છે. આપનામાં ઘણો વિવેક રહ્યો છે. ૨૬. જેમ શરીરમાંથી પ્રાણ નીકળી ગયા હોય તે પાછા આવે તેવી અત્યારે અમારી સ્થિતિ થઈ છે. માટે હે મહારાજ ! આપ અત્યારે ભલે પધાર્યા..! ૨૭. આપ પધાર્યા તેથી આ દેશમાં જેટલા હરિભક્તો રહ્યા છે તેમને જાણે ગયેલા પ્રાણ ફરી આવ્યા હોય તેટલો આનંદ થયો છે.' ૨૮.

❋ જે દોષો જોવે તેની બુદ્ધિ દૂષિત થઈ જાય છે :

ત્યારે શ્રીહરિ બોલ્યા, 'અમારે ક્યારેય ફરીને પાછું આવવું નથી, એવો નિર્ધાર કર્યો હતો, પણ વિચાર કરતા અમે ઉદાસ થઈ ગયા. ૨૯. અરે, અમારા કેટલાય હરિભક્તો છે. અમને પ્રસન્ન કરવા માટે તો કેટલાએ સંસાર તજી દીધો છે, એટલે અમે જો ન આવીએ તો તે ભક્તોને કાંઈ આધાર નહિ રહે. ૩૦. અમારા મનમાં જ્યારે આવો સંકલ્પ થયો ત્યારે અમે સત્સંગ સન્મુખ ચાલીને આવ્યા છીએ. જ્યારે અમે હરિભક્તોનો ગુણ ગ્રહણ કર્યો ત્યારે અમને તેમાં તલભાર પણ દોષ દેખાયો નહીં. ૩૧. અમે સત્સંગનો પ્રતાપ વિચાર્યો ત્યારે બધા દોષ ભુલાઈ ગયા અને અંતઃકરણમાં અજવાળું થયું. **જેટલો હરિભક્તોનો દોષ જોવામાં આવે છે તેટલું અંતરમાં અંધારું રહે છે.** જ્યારે હૃદયમાં અંધારું થઈ જાય છે ત્યારે કાંઈ દેખાતું નથી. જ્યારે બહુ જ સમજણપૂર્વક વિચારીએ છીએ ત્યારે આવું દેખાય છે. ૩૨-૩૩. **સત્સંગ તો અમારા જીવનનો પ્રાણ છે. સમજણ વિના કાંઈ ઠેકાણું રહેતું નથી. હરિભક્તોનો દોષ જોવાથી બધી સમજણ ફરી જાય છે. ૩૪.** અને પછી જ્યારે મતિ દૂષિત થઈ જાય છે ત્યારે નિર્દોષમાં પણ દોષ દેખાય છે.' ત્યારે હરિભક્તોએ કહ્યું, 'અમને હરિભક્તોને સમજાવવા માટે આપ આવી બધી વાતો કહો છો. ૩૫.

❋ પોતાના દોષ જોવે તે મોટાની રીત છે :

ચોપાઈ :

बडे कहत हे बात हि जितने, आपमें दोष लईके तितने;
बडे रहायेउ सूर्य समाना, उजारे सबकु करत रहाना...३६

મોટાપુરુષો વાત કરતા હોય છે ત્યારે તેઓ પોતા ઉપર દોષ લઈને

વાત કહે છે. કારણ કે મોટા તો સૂર્ય સમાન છે. તે તો સહુને માટે અજવાળું કરતા રહે છે. ૩૬. બહાર અને અંદર અજવાળું કરવું, તે તો બહારની અને અંદરની જેટલી બાબતો છે, તે જેના હાથમાં રહી છે, તેવા ભગવાન સિવાય કોઈથી થતું નથી. ૩૭. જેને યથાર્થ રીતે સમજાતું હોય, દેખાતું હોય, તેમનાથી જ નિર્દોષ વાત થાય છે. અંદર અને બહારનું જેટલું યથાર્થ રીતે નથી દેખાતું, તે તો રાજસ, તામસ ગુણને લીધે છે. ૩૮. રાજસ અને તામસ ગુણોની બે મોટી નદીઓ વહે છે. તે મોટાં મોટાં જહાજોને પણ તરત ડુબાડી દે છે. ૩૯. રજોગુણ અને તમોગુણની નદીઓમાં અનંત બ્રહ્માંડના લોકો ડૂબી રહ્યા છે. આપ જ્યારે બાંય ગ્રહણ કરો છો, ત્યારે તે લોકોનો ઉદ્ધાર થાય છે. ૪૦. આટલી વાત જ્યારે થઈ ત્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ. પછી શ્રીહરિ જમ્યા અને બધા રાજાઓની પંગત કરી. ૪૧. શ્રીહરિ જમી રહ્યા પછી દરબારોને પીરસવા લાગ્યા. જ્યારે દૂધ અને દહીં પીરસવા લાગ્યા, તે સમયે મહાન ઉત્સવ છવાઈ ગયો..!

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ઝીંઝાવદરમાં શ્રીહરિ તથા ભક્તોએ પરસ્પર નિશ્છળતાથી વાત કરી' એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર સોળમું, તરંગ - ૪૧

જેઠસૂર ખાચરની સમજણ અને તેને શ્રીહરિએ કહેલી સત્સંગની ભલામણ

બધા દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે અલૈયા ખાચરે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ૧. શ્રીહરિનાં અંગ ઉપર તે કેસરચંદન ચરચીને ફૂલના હાર પહેરાવ્યા અને તે વખતે સોનાનાં કડાં બંને હાથમાં પહેરાવ્યાં. ૨. કેસર નામની એક સર્વોત્તમ ઘોડી બધા સોનાના સાજથી સજાવીને શ્રીહરિને અર્પણ કરી. ૩. અલૈયા ખાચરના મોટા ભાઈ જેઠસૂર ખાચર હતા. તેમણે પણ કેસરચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ૪. ધૂપ, દીપ કરીને આરતી કરી.

શ્રીહરિનાં ચરણારવિંદ છાતીમાં ચાંપ્યાં અને શ્રીહરિને વારંવાર ભેટ્યા. તેમને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. ૫.

પછી તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'અમે બધા કાઠીઓ માની હોઈએ છીએ. અને જે માની હોય તેમાં રજોગુણ અને તમોગુણ સહજ સ્વભાવે વર્તતા હોય છે. અને તે બધો અધર્મસર્ગ છે. એટલે માણસ જેવાં કર્મ કરે છે, તેને તેવા દેહ પ્રાપ્ત થાય છે. ૬-૭. બધાં પુરાણોમાં આવી વાત છે અને તેને સંતો મુખથી કહે છે. સત્સંગ કરવાથી ત્રણેય પ્રકારનાં કર્મ ઘટી જાય છે. ૮. કુસંગ રાખવાથી દિનપ્રતિદિન કર્મ વધતાં જાય છે અને જેટલું ભગવાનના વચનમાં વર્તાય છે, તેટલો સત્સંગ કહેવાય છે. ૯. એવા સત્સંગનો જેટલો સંગ કરે છે, તેટલાં વિપરીત કર્મ ઘટી જાય છે. ભગવાનના આજ્ઞાવચનથી જેટલું ઊલટું વર્તાય તેટલું વિપરીત કર્મ સમજવું. ૧૦.

જન્મ, મૃત્યુ, લખચોરાશી અને જમપુરીનું જે અનેક પ્રકારનું દુઃખ કહેવાય છે, તે બધું સત્સંગથી મટી જાય છે. ૧૧. અને સત્સંગથી જેટલાં કર્મ ટળી જાય છે, તે કર્મ ફરીવાર ક્યારેય ઊગતાં નથી. કુસંગ કરવાથી જે નવાં કર્મ લાગે છે તે જન્મમરણરૂપ સંસારમાં ભટકાવે છે. ૧૨. અને જીવ જમપુરી અને લખચોરાશીનાં દુઃખોને વારે વારે ભોગવતો રહે છે. જીવ માન માટે સત્સંગનો ત્યાગ કરી દે છે. ૧૩. પરંતુ ક્યાં સત્સંગ અને ક્યાં માન ? ક્યાં સોનું અને ક્યાં પિત્તળ ? ક્યાં ચિંતામણિ અને ક્યાં કાચનો ટૂકડો ? છતાં દોષને લીધે તે દેખાતું નથી. ૧૪. જાતજાતનાં પકવાન પણ બીમાર માણસને માટે ઝેરરૂપ ગણાય છે. તેમાં પકવાનનો કાંઈ દોષ નથી. બીમારમાં તે દોષ રહ્યો છે. ૧૫.

❋ કુસંગ રાખે તેને નિર્દોષમાં પણ દોષ દેખાય છે :

सोरठा : संत हरिजन जेते, दोष रहित रहेउ सदा;
कुसंग रखत तेते, दोष जुत देखत तेहि...१६

તેમ જ સંતો અને હરિભક્તો સદા દોષ રહિત જ હોય છે, પણ જે કુસંગ રાખે છે તે સંતોને અને હરિભક્તોને દોષયુક્ત દેખે છે. ૧૬. ઘણો

બુદ્ધિશાળી માણસ હોય, પણ તે જો દારૂ કે લીલાગર ભાંગને પીવે, તો તે વિચાર્યા વગર બોલવા લાગે છે. કેમ જે, નશામાં એવો ગુણ રહ્યો છે. ૧૭. નશીલી વસ્તુમાં જેવા દોષ રહ્યા છે, તેવા દોષ કુસંગમાં પણ રહ્યા છે. જે માણસ જેટલો કુસંગ કરે છે તેના મુખમાંથી તેટલી વિપરીત બોલી નીકળે છે. ૧૮. નશાખોર પોતાનું મનમાન્યું બોલતો હોય છે. જેટલા નશો કરનારા લોકો હોય છે તેઓ નશાખોર બોલતા હોય, તેને 'તે બધું બરાબર છે.' એમ પ્રમાણ કરે છે. ૧૯. હે પ્યારા ભગવન્ ! જે લોકો કેફ નથી કરતા તેઓ આપ જે સત્ય વાત કહો છો તેને પ્રમાણ કરે છે. સત્સંગ કરતા કરતા પણ અમારામાં ક્યારેય વિપરીત ભાવ ન આવે, ૨૦.

એમ અમે હાથ જોડીને આપની પાસે માગીએ છીએ. વળી, અમારો બધો પરિવાર પણ સત્સંગ કરે. તેમની બુદ્ધિ સત્સંગ સિવાયના કુસંગમાં ક્યારેય પરોવાય નહીં.' ૨૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જેને જેવો ખપ હોય છે તે તેવા માર્ગે ચાલે છે. જેને મોક્ષનો ખપ હશે, તે ક્યારેય સત્સંગને નહિ છોડે. ૨૨. જેને મોક્ષનો ખપ નહિ હોય, તેવા લોકો ક્યારેય સત્સંગ નહિ કરે. ધર્મને રાખીને ભગવાનનું ભજન કરે તેવા લોકો તો બહુ થોડા હોય છે. ૨૩. માણસ જેવો ધનની પાછળ દોડે છે તેવો સત્સંગ પાછળ દોડતો નથી. માણસ ધનને માટે તો મરવાનું કબૂલ કરે છે, પણ ધનનો છક નરમ પડતો નથી. ૨૪.

ચારણ અને ભાટ જેવા લોકો ગરાસને માટે થઈને પોતે ચિતા સળગાવીને તેમાં બળી જાય છે. તેને માટે મરવાનો મનમાં લેશમાત્ર ડર નથી રાખતા. આવી રીતે મરવામાં તેઓ ઘણી મોટાઈ માને છે. ૨૫. ગરાસ જાય અને જીવવું, તેમાં તો તે મરવા કરતાં પણ વધારે દુઃખ માને છે. કેટલાય લોકો ધનને માટે થઈને ચોરી કરે છે, પણ એવા ચોરો ઠેકઠેકાણે પકડાઈ જાય છે અને કેદ પડે છે. ૨૬. તે ચોર લોકો સરકારથી કે જેલથી લેશમાત્ર પણ ડરતા નથી. અને ચોર કેદમાંથી છૂટે તો તરત બીજે જ દિવસે ચોરી કરવા માટે જાય છે. ૨૭. જેમ ખોટાને માટે મમત્વ કરે છે તેના વીશમાં ભાગ જેટલું પણ સત્સંગમાં મમત્વ રાખે, તો તે પરમસુખને પામે છે. ૨૮. માટે અતિ સુખ પ્રાપ્ત થાય તેને અર્થે જ બધું કરવું જોઈએ. તેમાં કાંઈક દુઃખ પડે

છતાં તે કરતો રહે તેને અમે મનમાં મહાપ્રવીણ માનીએ છીએ. ૨૯. તેવાને આલોકમાં અને પરલોકમાં અંતરમાં સુખ રહે છે અને લેશમાત્ર પણ દુઃખ ક્યારેય આવતું નથી. ૩૦.

ભગવાન, ગુરુ અને રાજાના કોઈ રીતે ચોર ન થવાય, એ જ અનેક વાતોની મૂળભૂત વાત છે. મૂળ વિનાની વાતની તો કાંઈ ગણતરી નથી. ૩૧. આવી વાત સિવાયની બીજી જે વાતો છે, તે તો બધી દુઃખ કરનારી છે. ઝેર ખાવું હોય ત્યારે પહેલા તો તે ઘણું સુગમ દેખાય છે. ૩૨. પણ જ્યારે શ્વાસ રુંધાવા લાગે ત્યારે ઝેર ખાનારાને અપાર દુઃખ થાય છે, પણ ઝેર ખાધા પછી તો કાંઈ ઉપાય ચાલતો નથી. પછી મર્યા વિના કાંઈ છૂટકો જ નથી. ૩૩. જે સત્સંગ નથી કરતા તેને આગળ કે પાછળ કોઈ ઠેકાણે સુખ હોતું નથી અને તે ભગવાનના ચોર બને છે. જ્યારે મનુષ્ય સત્સંગ કરે છે ત્યારે તે ભગવાનના ચોર મટી જાય છે. ૩૪. જે મનુષ્ય સત્સંગ કરે છે તેનાં જન્મમરણ ટળી જાય છે. અને જે મનુષ્ય સત્સંગ કરે છે તે ક્યારેય જમપુરીમાં જાતો નથી. ૩૫.

ચોપાઈ :

सत्संग करत हे जन जब ही, चोरासी मिट जावत हे तबही;
सत्संग करत हे जन तामें, दुःख कबु न आवत हे यामें...३६
जो जो सुख कहावत तिनके, सत्संग सिंधु रहाये इनके;
सत्संग में विवेक रहेऊ, बाल बुद्धि के काम न तेऊ...३७

જે મનુષ્ય સત્સંગ કરે છે તેને લખચોરાશી મટી જાય છે અને તેને ક્યારેય દુઃખ આવતું નથી. ૩૬. જે જે સુખ કહેવાય છે તેનો સાગર તો સત્સંગ છે. સત્સંગ કરવામાં વિવેક હોવો જોઈએ. તેમાં બાળબુદ્ધિ કામ લાગતી નથી. ૩૭. સત્સંગ કરતા કરતા પણ જો બાળબુદ્ધિ રાખે, તો તેનાથી સંસારસાગર તરાતો નથી. જેને સત્સંગની લાજ-મર્યાદા હોય તેને પોતાનું મન સોંપવું જોઈએ. ૩૮. મન અને ઈન્દ્રિયો કાફરમાં પણ કાફર છે અને ચોરમાં પણ ચોર છે. કારણ કે તેમનું વર્તન એ રીતનું જ હોય છે. ૩૯. મન અને ઈન્દ્રિયોની સ્વાભાવિક દોટ પંચવિષય તરફ હોય છે. તેઓ

જોરદાર હિતેચ્છુ થઈને જીવને નરકમાં નાખે છે. ૪૦. **સત્સંગ, સત્સંગના સંત, સત્સંગનાં શાસ્ત્ર અને ધર્મ, એ બધાં મોક્ષપ્રધાન છે. ૪૧. ઉપર કહ્યાં તે ચારનું મુખ્ય પ્રયોજન 'જીવનો મોક્ષ કરવો' એ જ છે. તે માટે સત્સંગ કરવો તે તેનું આવશ્યક કામ કહેવાય છે. ૪૨.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'જેઠસુર ખાચરની સમજણ અને તેને શ્રીહરિએ કહેલી સત્સંગની ભલામણ' એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર સોળમું, તરંગ - ૪૨

ઝીંઝાવદરથી ગઢપુર જતા શ્રીહરિ ઉગામેડી આવ્યા

શ્રીહરિએ આ રીતે ઝીંઝાવદરમાં જેઠસુર ખાચરને સત્સંગના વિવેકની વાત કહી અને પછી તરત ગઢપુર જવા તૈયાર થઈને અશ્વ ઉપર બેઠા. ૧. જેટલા ગઢપુરવાસી ભક્તો હતા, તે બધાને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું. તેમનાં ચિત્ત પ્રેમથી ભીંજાયેલાં હતાં. તેથી તેઓ ગઢપુરથી નીકળી ઝીંઝાવદર સુધી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨. ગઢપુરથી ભક્તો જ્યાં શ્રીહરિ હતા ત્યાં સુધી એકસરખી વ્યવસ્થાથી આવ્યા. અને સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા. ૩. તેમાં કેટલાકે શ્રીફળ અને હાર બંને અત્યંત પ્રેમથી લીધાં હતાં. માર્ગમાં અપાર શોભા બની હતી, તે શોભાનો કોઈ પાર ન હતો. ૪. સહુ શ્રીહરિની સન્મુખ જ્યારે ચાલ્યા ત્યારે સહુએ ભેટમાં ગુલાલ લીધો હતો. અને શ્રીહરિ જ્યારે ઝીંઝાવદર ગામથી બહાર આવ્યા ત્યારે બધી સવારી સાથે હતી. ૫.

રસ્તામાં જે જે ભક્તજનો આવ્યા હતા, તેમને શ્રીહરિએ દેખ્યા અને તે ભક્તજનોનો અપાર ભક્તિભાવ જોઈને શ્રીહરિ તે સમયે તેમના ઉપર અપાર પ્રસન્ન થયા. ૬. જેમ જેમ ભક્તો પાસે આવતા હતા તેમ તેમ સહુ શ્રીહરિનાં ચરણોમાં નમી પડતા હતા. અને તેઓ જ્યારે ફૂલહાર પહેરાવતા હતા ત્યારે શ્રીહરિ તેને પ્રેમથી લેતા હતા. ૭. ભક્તજનોને રાજી કરવા માટે શ્રીહરિ ઘણા પ્રેમથી બોલ્યા, 'તમે બધા ગઢપુરથી ઘણું દૂર ચાલ્યા આવ્યા. તમે બધાએ

ઘણો પરિશ્રમ કર્યો. ૮. આમ કહીને શ્રીહરિએ તે સહુને પ્રસાદીના ફૂલહાર આપ્યા. ફૂલહાર મળવામાત્રથી બધા ભક્તો રાજી થયા. અને એમ માનવા લાગ્યા કે, બહુ લાભ લીધો. ૯. ઘરમાં બેસી રહ્યા હોત તો આવો લાભ ક્યાંથી મળત..! ઘરમાં બેસી રહ્યા હોત તો મનમાં ઘણો પસ્તાવો થાત. જો કદાચ ઘેર બેઠા દર્શન થાય તોપણ અંતરમાં આવી પ્રસન્નતા ન થાય. ૧૦. ટાણાં-કટાણામાં તો ઘણો ફેર હોય છે. તેમ ભાવિક ભક્તો પરસ્પર રસ્તામાં વાતો કરતા હતા. ૧૧.

બધા હૃદયમાં એટલા બધા પ્રફુલ્લિત હતા કે જાણે તેઓ ઘરથી અડધો કોશ જ આગળ નીકળ્યા ન હોય..! શ્રીહરિ જ્યાં હતા ત્યાંથી લઈને ગઢપુર સુધી, ફૂલના હારોથી ફૂલના બાગ જેવી શોભા બની હતી..! બધા ભક્તોનાં મન ઘણાં હરખભર્યાં હતાં. અને સહુ શ્રીહરિની સાથે ચાલ્યા આવતા હતા. ૧૨-૧૩. આગળ ચાલતા **નિંગાળા**ની નદી આવી. ત્યાં અશ્વોને પાણી પાઈને ચાલ્યા. પછી શ્રીહરિએ પણ પાણી પીધું. કારણ કે વર્ણી તો પાણી સાથે જ રાખતા હતા. ૧૪. શુદ્ધ ચાંદીની અમૂલ્ય સુરાહી (કૂંજાના ઘાટનું સાંકડા ગળાનું વાસણ) અને ચાંદીનો રમણીય અનુપમ અબખોરો હતો. ૧૫.

दोहा : अधशेर से कम कछु जो, पिवत रहे हरि नीर;
अधिक नीर जब पितहि, शर्दि होत तब अचीर...१६

અડધા શેરથી થોડું ઓછું પાણી શ્રીહરિ પીતા હતા. જો તેનાથી વધારે પીવે, તો તરત જ શરદી થઈ જતી હતી. ૧૬. અડધો શેર પાણી પણ ન સમાઈ તેવડો અબખોરો હતો, તેથી વધારે પાણી પીવાતું નહિ અને તેથી ત્યાં સુધી શરદી પણ થતી નહીં. ૧૭.

પછી શ્રીહરિ **ઉગામેડી** ગામ આવ્યા. તે વખતે ગામના પટેલો ઘણા હરખથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૮. તેઓ શ્રીફળ લાવ્યા હતા અને શ્રીહરિનાં ચરણોમાં ધર્યાં અને ઘણા પ્રેમથી પગમાં પડ્યા. તેમાં જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા તેના ગળામાં દ્રાંઠની કંઠી બાંધી હતી. ૧૯. શ્રીહરિએ તે વૈષ્ણવ પટેલોને કહ્યું, ‘તમે તો વૈષ્ણવ છો, ગળામાં ઘણી કંઠીઓ પહેરી છે. વૈષ્ણવોને તુલસી અથવા ચંદન એ બેમાંથી એકની કંઠી પહેરવાનું કહ્યું છે. ૨૦.

વેદ અને પુરાણ વગેરેમાં ધ્રાંઠની કંઠી કહી નથી. વેદ અને પુરાણની બહારનાં જે ચિહ્નો છે, તે તો કલ્પિત કહેવાય છે. ૨૧. પશુ અને પંખીઓના ધર્મથી અલગ કરવા માટે ભગવાને વર્ણાશ્રમની મર્યાદા વિચારીને બાંધી છે. ૨૨.

જે લોકો ભગવાનના તાત્પર્યને બરાબર રીતે સમજતા નથી, તેવા મતો તો વર્ણ અને આશ્રમના ધર્મને એક કરી રહ્યા છે. ૨૩. ભગવાન કરતાં પણ વધારે બુદ્ધિમાન હોય, એવું દેખાય છે. ક્યાં ભગવાન અને ક્યાં અલ્પ જીવ તે કોઈ વાત આપણા હાથમાં નથી. ૨૪. જ્યાં સુધી ભગવાન સહન કરે છે ત્યાં સુધી માણસની બુદ્ધિ ચાલે છે. ભગવાને બાંધેલી મર્યાદાનો જે લોકો લોપ કરે છે, તેને ભગવાન દેખતા રહે છે. ૨૫. જે લોકો ભગવાનના આજ્ઞાવચનને લોપે છે, તે બધા ભગવાનના ચોર થાય છે. તેઓ ચાહે તેવા બુદ્ધિમાન હોય, તોપણ આજ્ઞાવચન લોપનારા તો ભગવાનના ચોર જ રહે છે. ૨૬. રાજાના ગુનેગાર થઈને કોઈ ચોરને શરણે જાય, તો તે કઈ રીતે સુખી થઈ શકે ? તે મનુષ્યે મનમાં તપાસ કરવી જોઈએ. ૨૭.

જે રાજાનો ગુનેગાર હોય છે, તે તો તોપને મોઢે અથવા ફાંસીને માચડે ચડે તેવું પ્રત્યક્ષ દેખાય છે. તેમ જે ભગવાનની બાંધેલી મર્યાદા તોડે છે, તે તો જમનો માર ખાય છે. ૨૮. માણસ જેટલી અધર્મની બાબતો છે, તેનો જ્યારે ત્યાગ કરે અને ધર્મનીતિ પ્રમાણે વર્તે, બધી ઇન્દ્રિયોને નિયમમાં રાખે, ૨૯. પરસ્ત્રીમાત્રને માતા સમાન દેખે, ગાળ્યા વિનાનાં દૂધ અને પાણીને દારૂ માંસ જેવાં દેખે, ૩૦. જ્યાં ભાંડ-ભવાઈ થતી હોય ત્યાં વૈષ્ણવ ક્યારેય દોડીને જાય નહીં, અને જ્યાં વૈષ્ણવો હોય ત્યાં રાતદિવસ પંચવિષયનું ખંડન થતું હોય છે, ૩૧. વૈષ્ણવ થઈને જે પંચવિષયની વાતો કરે છે તે વૈષ્ણવ નથી, તે તો ઠગ છે. જે વૈષ્ણવ થઈને પરસ્ત્રીનો સંગ કરે છે અને પોતાને મનમાં ઘણો શ્રેષ્ઠ માને છે, એવા વૈષ્ણવને તો શાસ્ત્ર અવૈષ્ણવ કહે છે. ભગવાને જે મર્યાદા બાંધી હોય તેમાં વૈષ્ણવે દાસભાવે રહેવું જોઈએ. ૩૨-૩૩.

મોક્ષ થાય તે માટે ત્યાગી અને ગૃહસ્થની ઘણા જતનથી ભિન્ન ભિન્ન મર્યાદાઓ બાંધી છે. ૩૪. ભગવાનની બાંધેલી મર્યાદાને જે તોડે છે તેને શાસ્ત્ર અસુર કહે છે. નાક વિનાના અને જીવ વિનાના શરીરને ચાહે તેવી

શોભા કરો, તો શું કામની ? ૩૫. નીતિ અને ધર્મ વિનાની જે વાત છે, તે સમજણરૂપી આંખ વગરનાને દેખવામાં આવતી નથી. જમીન બધી સરકારની ગણાય છે. તેમાં ક્યારેય ફેરફાર થતો નથી. ૩૬. જેટલા ખેડૂત લોકો છે, તે બધા સરકારના ખેડૂત કહેવાય છે. તેમાં કોઈ ફરક નથી. જે વિવેકથી સમજે છે તેમાં શોભા રહી છે. ૩૭.

ગામેગામ જેટલા ખેડૂત રહે છે તે બધા જમીનના નિયમ પ્રમાણે ખેતી કરે છે. તે બધે ફરીને તેની તપાસથી આકારણી કરી દીધી છે. ૩૮. અને તેની ચાલુ કરવેરાની કિંમત અદલ બાંધી દીધી છે. અને તેનાથી બધા ખેડૂતોને રતીભાર પણ દુઃખ રહ્યું નથી. ૩૯. જે જે વસ્તુ હોય તેમાં દાણ લાગતું રહે છે, ત્યારે તેમાં બધી પ્રજા બહુ પીડાતી રહે છે. ૪૦. **પ્રગટ પરમેશ્વરે નીતિમાન રાજામાં પ્રવેશ કરીને તે બધું દાણ મીઠાના ઉપર નાખ્યું હતું. ૪૧.** તેનાથી પ્રજાને ઘણું સુખ થઈ ગયું, કશું દુઃખ રહ્યું નહિ, પણ તે મૂઢ માણસને દેખાતું નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ઝીંઝાવદરથી ગઢપુર જતા શ્રીહરિ ઉગામેડી આવ્યા' એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર સોળમું, તરંગ - ૪૩

શ્રીહરિ ઉગામેડીથી ગઢપુર પધાર્યા અને ભક્તો સન્મુખ આવ્યા

શ્રીહરિ ઉગામેડીમાં વૈષ્ણવ પટેલની આગળ કેટલીક ભવિષ્યમાં બનવાની વાતોને પણ કહેતા હતા. કારણ કે, શ્રીહરિ જેટલી વાત કહેતા હતા, તેને સાક્ષાત દેખતા હતા. ૧. આગળ પાછળની વાત બદ્ધ જીવોને દેખાતી નથી, પણ પરમેશ્વર બધી વાત દેખે છે. ૨. ત્યારે તે વૈષ્ણવ પટેલે કહ્યું, 'અમારા ગુરુએ એમ કહ્યું છે કે જે નરનારી ગળામાં કંઠી બાંધે છે તેને જમદૂત દુઃખ દેતા નથી.' ૩. પછી શ્રીહરિએ કહ્યું, 'દૂધ ઘણી જાતનું હોય છે. તેની વિચારપૂર્વક વારંવાર તપાસ કરવી. શુદ્ધ સારું દૂધ હોય તો જ તેનું

દહીં થાય છે. ૪. દૂધની જેમ મોક્ષ સિવાયની જેટલી વાતો છે તેમાં મનુષ્ય વારંવાર તપાસ કર્યા કરે છે, પણ મોક્ષની વાતમાં તપાસ રાખતો નથી. અને મોક્ષની બાબતમાં તો તેની બુદ્ધિનો નાશ થયો હોય છે. ૫.

મનુષ્યને વ્યાવહારિક વાતનો જેટલો ખપ છે તેટલો ખપ મોક્ષની વાતનો નથી, પરંતુ જેટલી વ્યાવહારિક વાતો છે તે ક્યારેય અચળ રહેનારી નથી. ૬. મનુષ્ય જીવે છે ત્યાં સુધી વ્યાવહારિક વાતોનો નિર્ધાર કરતો રહે છે અને તે વ્યવહારમાં તેને બીજો કોઈ સમય મળતો નથી. પરંતુ જ્યારે અચાનક કાળ આવીને ગળી જાય છે ત્યારે મનના બધા સંકલ્પો અધૂરા રહી જાય છે, લટકી પડે છે. ૭. જીવ મોક્ષની સત્ય વાત સિવાય બીજી અપાર વાતો કરતો રહે છે, પણ તેમાંથી એક પણ વાત તેને લેશમાત્ર કામ આવતી નથી. તેથી અંતે તો તે અતિ ક્લેશને પામે છે. ૮. ગયેલો સમય ફરીવાર ક્યાંથી આવે ? અને પછી તો તેનો અતિ વિલંબ થાય છે. જ્યારે તેણે કરેલાં પાપોનું દુઃખ જમપુરીમાં તલ તલ જેટલું ભોગવી રહે, ૯. તે પછી વિમુખ જીવને લખચોરાશીનાં દુઃખ પણ તલ તલ જેટલાં ભોગવવાં પડે છે. કરોડો કલ્પ વીતી જાય ત્યારે ફરીને આ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. ૧૦.

चोपाई :

भरतखंड में मिलना तनहि, अति जो बात कठिन हे इनहि;
उत्तम वर्ण कहावत तामें, तन मिलना कठिन हे यामें...११
प्रगट हरि वा संत ताके, जोग होना कठिन हे वाके;

તેમાં પણ ભરતખંડમાં મનુષ્યજન્મ મળવો, તે અતિ કઠણ વાત છે. અને ભરતખંડમાં પણ ઉત્તમ વર્ણમાં જન્મ મળવો તે તો તેથી પણ ઘણું કઠણ છે. ૧૧. અને ઉત્તમ વર્ણમાં મનુષ્યદેહ મળ્યા પછી પણ સાક્ષાત્ ભગવાન કે તેમના સંતનો યોગ મળવો, તે તો ઘણું કઠણ અને દુર્લભ છે..!' ત્યારે તે વૈષ્ણવ પટેલે કહ્યું, 'અમે આપની સન્મુખ આવ્યા છીએ અને આવીને આપને મસ્તક નમાવી પગે લાગ્યા છીએ. ૧૨. આપના જે સંતો છે તેની જેટલી બની શકે તેટલી અમે સેવા કરતા રહીએ છીએ. બસ, એટલો અમારો નિયમ છે. ૧૩. મહારાજ ! આપ જે કહેશો તે અમે હરખભેર સેવા કરશું,

પણ વ્યસનોને છોડવાં તે તો ઘણું કઠણ છે. ૧૪. કોઈ દુઃખને માગતું નથી. સહુ લોકો સુખને માગે છે, છતાં જેટલું અત્યંત દુઃખ આવે છે તેને સહુ સહન કરે છે. ૧૫. મનુષ્ય સહેજે મળતું અમૃત પીતો નથી અને પરાધીન થઈને હળાહળ ઝેરને પણ પીવે છે. તે રીતે જ વિમુખ મનુષ્યને તેનું ચિત્ત ઘણું દુઃખ આપે છે. ૧૬. ચિત્ત દુઃખ આપે છે તોપણ તેનો અભાવ આવતો નથી. ચિત્ત જીવની સાથે એકરસ થઈને મળી ગયું છે.

ભગવાન અને જેટલા સાચા સંતો છે તે સુખ થાય એવી વાતોને બતાવે છે; ૧૭. છતાં ચિત્ત અને ઈન્દ્રિયોને તે વાત ગમતી નથી. પરંતુ જીવ તેની સાથે બંધાઈ ગયો છે. જીવને જ્યારે તે ચિત્ત અને ઈન્દ્રિયોનો અભાવ આવે છે, પછી તો તે તરત સત્સંગ કરે છે. ૧૮. ઈન્દ્રિયો-અંતઃકરણનો અભાવ આવવો તે ઘણું કઠિન છે. જીવ પરાધીન ન થાય તો તે માનતો નથી. અને જીવને પરવશ કરવો તે ભગવાનના હાથની વાત છે. ૧૯. મહારાજ ! આપની ઈચ્છા હશે તો કોઈ દિવસ આપે કહેલી વાત સફળ થશે. જીવનું ધાર્યું ક્યાં સુધી ચાલશે ? સત્પુરુષોનું ધારેલું સફળ થાય છે. ૨૦. **ઉગામેડીમાં** આટલી વાત થઈ પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા.

ગઢપુર જ્યારે અડધો કોશ દૂર રહ્યું ત્યારે દરબાર જીવા ખાચર સન્મુખ આવ્યા. ૨૧. જીવા ખાચરની સાથે તેના બધા કારભારીઓ પણ આવ્યા હતા. દરબાર ફૂલના હાર સાથે લાવ્યા હતા, તે ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. ૨૨. જે શ્રીફળ લાવ્યા હતા તેને શ્રીહરિના ચરણમાં ધર્યાં. ઘણા હરખથી પગે લાગ્યા અને વારંવાર ઘણા દંડવત્ કર્યા. ૨૩. **શ્રીહરિએ જીવા ખાચરનો હાથ પકડીને ઉઠાવી લીધા અને તેને પરમ હેત લાવી બાથમાં લઈને ભેટ્યા. શ્રીહરિનો તો એવો સરળ સ્વભાવ છે કે, કોઈ મન, કર્મ, વચનથી પ્રણામ કરે છે તો તેને ભેટે છે. ૨૪. શ્રીહરિનો સ્વભાવ નિર્મળ જળના જેવો છે. કદાચ કોઈએ કરોડો અપરાધ કર્યા હોય અને પછી તે ચરણમાં આવીને મસ્તક નમાવે, તો તેના બધા જ અપરાધોને તત્કાળ માફ કરી દે છે..!** ૨૫. દરબારના જે કારભારીઓ હતા, તેઓ પણ ફૂલના હાર લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવીને તેમણે ચરણમાં મસ્તક ઝુકાવ્યું. ૨૬.

શ્રીફળ મૂકી, હાથ જોડીને તે બધા ઊભા રહ્યા. ત્યારે શ્રીહરિએ દરબારને કહ્યું, 'હવે તમે અશ્વ ઉપર બેસો.' ૨૭. ત્યારે દરબાર જીવા ખાચરે કહ્યું, 'આપ અશ્વ ઉપર સવારી કરો. હું તો ચાલ્યો આવું છું. આપની આગળ ચાલવું તે અમારે માટે યોગ્ય છે.' ૨૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે જો ચાલશો તો અશ્વ ઉપર કોણ બેસશે ? તમે રાજા થઈને નીચે ચાલવાનું પસંદ કરશો તો બીજા બધાને ઘોડેથી ઊતરીને નીચે ચાલવારૂપ ફેરફાર કરવો પડશે. માટે ભક્તજને તો એવું ઇચ્છવું જોઈએ કે, કોઈને તેમાં લેશમાત્ર પણ ફેરફાર કરવો ન પડે. ૨૯. લોટમાં જેટલું મીઠું નખાય તેટલો વ્યવહાર રાખવો પડે છે, માટે ઘોડે બેસો. ચેતન આત્મા સિવાય જડ શરીર શોભતું નથી અને જડ શરીર સિવાય આત્મા શોભતો નથી. અર્થાત્ આત્માએ પણ દેહનો વ્યવહાર રાખવો પડે છે, ૩૦. **પણ જ્યાં સુધી માયિક સંબંધ રહે ત્યાં સુધી તેને ઉપર ઉપરથી રાખવો જોઈએ. જે ઉપરથી સંબંધ પણ નથી રાખતો તેને દુનિયા મૂર્ખ કહે છે. ૩૧.**

લૌકિક અને અલૌકિક, બંને બાબતને યોગ્ય રીતે રાખ્યા વિના તે ક્યારેય શોભતી નથી. લૌકિક બાબતને તો પ્રયોજન પૂરતી રાખવી, એમ જ્ઞાનીજનો જાણે છે. ૩૨. અને જે અજ્ઞાની લોકો છે તે તો કેવળ એક લૌકિક વાતને જ સમજે છે અને તેઓ અંતરમાં અલૌકિક વાતને કોઈ જન્મે ઉતારતા નથી. ૩૩.

તે બધાને એવા લૌકિક ગુરુઓ મળ્યા હોય છે એટલે તે શિષ્યોને તેવી લૌકિક વાતો જ શિખવાડે છે. જો ગુરુએ પણ અલૌકિક વાત ન સાંભળી હોય, તો તે ગુરુ શિષ્યને ક્યાંથી સંભળાવે-શિખવાડે ? ૩૪. અલૌકિક વાતને સાંભળ્યા સિવાય કોઈનો મોક્ષ ક્યારેય થવાનો નથી.' ત્યારે દરબાર જીવા ખાચર બોલ્યા, 'મહારાજ ! અમારાં તો ધન્યભાગ્ય છે કે અમને આ વખતે અલૌકિક એવા આપ મળ્યા છો..! ૩૫. આપ અમારી આગળ જેટલી અલૌકિક બાબત છે તેને દયા કરીને દેખાડો છો. તે અંગેનો અમે જેટલો અભ્યાસ નથી કરતા તેટલી અમારામાં ખોટ રહી જાય છે. ૩૬. પછી શ્રીહરિએ દરબાર જીવા ખાચરને અશ્વ ઉપર બેસાડ્યા. જ્યારે તેઓ અશ્વ

ઉપર બેઠા ત્યારે શ્રીહરિ પણ આગળ ચાલતા થયા. ૩૭. વર્ણીના હાથમાં જે ચામર હતું, તે દરબાર જીવા ખાચરે માગી લીધું અને શ્રીહરિની નજીક ચાલ્યા. ૩૮. તેઓ તે ચામર શ્રીહરિના મસ્તક ઉપર કરવા લાગ્યા. શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને મરક મરક હસતા રહ્યા. ૩૯. તે વખતે વાળા કાઠીઓ, બીજા આહિરો અને વિશળ નામે ગઢવી, એ બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૦. ભાવનગરના ઠાકોર સાહેબના કારભારી વિપ્ર જીવનરામ નાગર નામે હતા, તેઓ પણ સામે આવ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ ઉગામેડીથી ગઢપુર પધાર્યા અને ભક્તો સન્મુખ આવ્યા' એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર સોળમું, તરંગ - ૪૪

શ્રીહરિ ગઢપુર પધાર્યા અને કાઠી ભક્તોને વિદાય આપી

દરબાર જીવા ખાચરના ભાઈનું નામ મૂળુ ખાચર હતું. તેઓ પોતાના પુત્રની સાથે બહારગામ ગયા હતા. તે તરત જ ત્યાં શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧. તે અશ્વ ઉપરથી તત્કાળ ઊતરી ગયા અને શ્રીહરિના ચરણમાં પડ્યા. શ્રીહરિએ તેમને હેતે કરીને અમૃત જેવાં મીઠાં વચનથી બોલાવ્યા. ૨. પછી જ્યારે ઘોડા ઉપર બેઠા ત્યારે મૂળુ ખાચર બોલ્યા, 'અમે ખોપાળા ગામ ગયા હતા, ત્યાં સમાચાર સાંભળ્યા. ૩. ઉગામેડીથી કોઈ માણસ ખોપાળા આવેલો અને તેણે સમાચાર આપ્યા. તે સાંભળીને અમે રાજી થયા અને તરત જ દોડતે ઘોડે અહીં આવ્યા છીએ. ૪. અમે એક શ્વાસે અહીં આવ્યા અને આપનાં દર્શન થયાં, તેથી બધો થાક ઊતરી ગયો છે. ગામની બંને પાટીમાં જે વાજિંત્ર વાગતાં હતાં, તે સાંભળ્યાં. ૫.

બધા વાજિંત્રવાળાને કારભારીએ બોલાવ્યા હતા. ઢોલ, તાંસાં, રણશિંગાં, શરણાઈ, તે સિવાયનાં જેટલાં વાજિંત્રો કહેવાય તે બધાં વાગતાં હતાં. ૬. કાઠીના જે રાવળ હતા તે બધા રવાજ અને તાલ લઈને આવ્યા.

ગામમાં જેટલા વાળંદ રહેતા હતા, તે બધા મશાલો લઈને આવ્યા. ૭. ગામમાં જેટલો ગુલાલ મળ્યો, તે બધો કારભારીએ મગાવી લીધો. જ્યારે શ્રીહરિ ગઢપુર ગામમાં પ્રવેશ્યા ત્યારે બધી બજારો સ્વચ્છ કરાવી હતી. ૮. દાદા ખાચરના દરબારગઢની પાછળ પશ્ચિમ તરફ શ્રીહરિ પહેલા ચાલ્યા. પછી જીવા ખાચરની રાજબજારમાં આવ્યા, તે વખતે ભારે શોભા કરી હતી. ૯. બજારમાં કેળના સ્તંભ રોપાવી દીધા હતા અને અપરંપાર દીવાઓ કર્યા હતા. તેથી દિવાળીની જેવી રાત થઈ હતી. ૧૦. વાજિંત્ર કોઈ ભાતનાં વાગતાં હતાં. અને તે વખતે બંદૂકો ફૂટવા લાગી. એકધારો ગુલાલ ઊડતો રહ્યો અને તેનાથી બધી સવારી રંગાઈ ગઈ. ૧૧.

ગામમાં જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવવા લાગી. સહુના હૃદયમાં પ્રેમરસ છવાઈ ગયો હતો..! ૧૨. ગઢપુરના બધા મનુષ્યો બજારમાં આવીને ઊભા હતા અને તેઓ જયજયકાર કરતા હતા. તેનો ગણે પાર આવતો નથી. ૧૩. તે બાજુ જેટલા આયર હતા તેમણે શ્રીહરિને ઘણા ભાવથી પોતાના ઘરમાં પધરાવ્યા અને ઘણા ઉત્સાહથી પૂજા કરી. ૧૪. અને ત્યાં આયરની સ્ત્રીઓએ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવ્યા અને તે સમયે સહુ વારંવાર શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૧૫. શ્રીહરિ જ્યારે આહિરવાસ તરફથી પાછા ફર્યા ત્યારે દરબાર જીવા ખાચરે ઘણું હેત કરીને શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! અમારા દરબારગઢમાં સહુ આપને સંભારે છે. સહુની અત્યારે આપનાં દર્શન કરવાની ઇચ્છા છે અને તેથી તેઓ ક્યારના રાહ જોઈને ઊભા છે. ૧૬-૧૭.

તે વાત સાંભળીને તત્કાળ શ્રીહરિ જીવા ખાચરના દરબારગઢ તરફ ચાલ્યા અને કૃપાળુ ત્યાં આવ્યા. જીવા ખાચરના પરિવારે શ્રીહરિને હરેક ભવનમાં પધરાવ્યા. ૧૮. સોનેરી પલંગ ઉપર શ્રીહરિને બેસાડીને સહુએ ઘણા હેતથી પૂજા કરી. અને બરફી તથા પેંડાના થાળ આગળ ધર્યા અને કુમારીકાઓએ મોતીના થાળ ભરીને શ્રીહરિને વધાવ્યા. ૧૯. ત્યાં ધૂપ, દીપ કરીને આરતી કરી અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. હૃદયમાં જે ભાવના હતી તેને ત્યાં શ્રીહરિએ આવીને પૂરી કરી. ૨૦. જીવા ખાચરના પરિવારને

રાજી કરીને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને મોટી બજારે ચાલ્યા. જ્યાં બજારમાં અનેક દુકાનો હતી, ૨૧. તેને ચિત્ર વિચિત્ર રીતે શણગારી હતી. બજારમાં ગુલાલ ઊડતો હતો. આગળ ચાલતા માણેકચોકમાં જ્યારે આવ્યા ત્યારે ત્યાં અપાર લોકો ઊભા હતા. ૨૨. માણેકચોકમાં કોઈ અદ્ભુત રીતે દીપમાળા કરી હતી. તેની સુંદર શોભા થઈ હતી. બધી બાજુ ત્રણ ત્રણ દરવાજાઓ કર્યા હતા. અને તેમાં ઊંચી પહોળી કમાનો બાંધી હતી. ૨૩. તે દરવાજાઓની ઉપર સોનાનાં કળશ મૂક્યાં હતાં.

શ્રીહરિ ધીરે રહીને ત્યાંથી ચાલ્યા. પછી આગળ ચાલતા દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૨૪. ધર્મકુમાર શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા. દાદા ખાચરના સુંદર ભવનમાં સોનેરી પલંગ ઉપર બેઠા. ૨૫. બીજા બધા દરબારો ઉતારો કરીને શ્રીહરિ પાસે આવીને બેઠા. દાદા ખાચરના બધા પરિવારે અવિનાશી શ્રીહરિની પૂજા કરી. ૨૬. મોતીના થાળ ભરી ભરીને દીનબંધુ દયાળુ શ્રીહરિને વધાવ્યા. અને શ્રીહરિએ તેમને પોતાના દીનભાવવાળા ભક્તો જાણીને તેમના ઉપર દયા કરી. ૨૭. દરબારમાં જે હરિભક્ત વિપ્ર બાઈઓ રહેતી હતી, તેમણે તત્કાળ જ સાકરનો કંસાર તૈયાર કર્યો. ૨૮. શ્રીહરિ સહુ પહેલા થાળ જમ્યા. પછી દરબારોની પંગત કરી. સહુને પ્રથમ કંસાર જમાડ્યો અને પછી ભાત પીરસ્યો. ૨૯. સાકર અને દૂધ મનમાની રીતે શ્રીહરિએ પીરસ્યા. શ્રીહરિને દૂધ અને દહીં પીરસવામાં બહુ ઉત્સાહ રહેતો..! ૩૦.

શ્રીહરિ દૂધ અને દહીંમાં પોશ ભરી ભરીને ધોયેલી સાકર પીરસતા હતા અને હરિભક્ત કાઠી દરબારોને વારંવાર પીરસવામાં તેમને ઘણો ઉત્સાહ રહેતો હતો. ૩૧. કાઠી ભક્તોને દૂધ, દહીં પીવું તે સૌથી વધારે પ્રિય લાગતું હતું. અને તેમાં પણ જો ધોયેલી સાકર ભળે તો કોઈ જાતની ખામી રહેતી નહિ. ૩૨. શ્રીહરિ કાઠીઓની સાથે ખૂબ રહ્યા હતા, તેથી તેમની રુચિને જાણતા હતા. જેનો સારો વઘાર કરીને ખૂબ મશાલા નાખ્યા હોય, તેવી દહીંની કઢી ઉપર કાઠી દરબારોને બહુ ભાવ રહેતો. ૩૩. કાઠી હરિભક્તોને જ્યાં સુધી શ્રીહરિ સાથે રાખતા ત્યાં સુધી કાઠીઓને ભાવે તેવાં એક બે ભોજન

તો રોજ કરાવતા હતા. વળી, સવાર સાંજ તેમની સંભાળ રાખતા અને જે કાંઈ મેવા-મીઠાઈ આવતાં તે કાઠી દરબારોને આપતા રહેતા. ૩૪-૩૫.

જ્યારે કોઈ મોટો સમૈયો કે ઉત્સવ કરવાનો હોય ત્યારે શ્રીહરિ જેટલાની જરૂર હોય તેટલા કાઠી હરિભક્તોને બોલાવતા અને બોલાવતાની સાથે તેઓ તરત જ આવતા હતા. ૩૬. વગર બોલાવે કોઈ કાઠી ક્યારેય આવતા નહીં. જ્યારે બોલાવે ત્યારે તરત આવતા. અને કાઠી દરબારો જ્યારે આવે ત્યારે સવારી અપાર શોભતી હતી. ૩૭. જ્યારે શ્રીહરિ કોઈ મોટો સમૈયો કરે ત્યારે સવારી માટે થઈને જ શ્રીહરિ સંભારીને કાઠી હરિભક્તોને બોલાવતા હતા. ૩૮. જ્યાં સુધી અંગ્રેજોનું રાજ્ય સ્થિર થયું નહોતું ત્યાં સુધી શ્રીહરિ સવારી કાઢતા હતા. ૩૯. બીજે દિવસે દરબાર જીવા ખાચરે સારી રસોઈ આપી અને ઘણા ભાવથી શ્રીહરિને જમાડ્યા. ૪૦. બધા કાઠી દરબારોને જમાડીને તે પછી તેમને વિદાય આપી અને હેત કરીને કહ્યું કે, 'અમે જ્યારે બોલાવીએ ત્યારે સહુ પાછા આવજો.' ૪૧. ત્યારે કાઠી દરબારોએ કહ્યું, 'મહારાજ ! આપ જ્યારે અમને બોલાવશો ત્યારે અમે તૈયાર થઈને તરત જ આપની પાસે આવશું.' ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુર પધાર્યા અને કાઠી ભક્તોને વિદાય આપી' એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર સોળમું, તરંગ - ૪૫

શ્રીહરિએ હરિભક્તોની સભામાં સિદ્ધાંતરૂપ વાત કહી

શ્રીહરિ ગઢપુરમાં આવ્યા પછી પંદર દિવસ રહ્યા. ત્યારે દરબાર જીવા ખાચર રોજ દર્શન કરવા આવતા હતા. ૧. શ્રીહરિ દાદા ખાચરના ભવનમાં રોજ સભા કરતા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૨. ભવનોમાં સુંદર પલંગો હતા. તેના ઉપર ગાદીતકિયા બિછાવેલાં હતાં. તેની ઉપર સર્વ શોભાનું મૂળ આવા શ્રીહરિ બેસતા હતા. ૩. જ્યારે દરબાર જીવા ખાચર

ધરમપુરની વાત પૂછતા હતા ત્યારે શ્રીહરિ ત્યાં જે રીતે રહ્યા હતા, તે બધી વાત તેમની આગળ સાક્ષાત્ કહેતા હતા. ૪. મનુષ્યમાત્રને માયા વારેવારે આવરણ કરે છે. માયા જે પ્રકારે આવરણ કરે છે તે બધું ધર્મકુમાર શ્રીહરિ તેમને કહી દેખાડતા હતા. ૫. સભામાં જે વાત કરવી, તેમાં ઘણો વિવેક રહ્યો છે. અને જો વિવેક વિનાની વાત કરવા જાય તો તે વાત બુદ્ધિમાનને પ્રીતિ ઉપજાવતી નથી. ૬.

चोपाई :

मोक्ष के खप बिन बुद्धि जितना, मोक्ष के अर्थ न आवत तितना;
मोक्ष के अर्थ में जितना आवे, तितना तेहि बुद्धि कहावे...०७
मनुष्य तनकु पाई कर जेता, मोक्ष के मग न चलत तेता;
मन में मानत महाप्रवीना, प्रवीन होई कछु न कीना...०८

મોક્ષના ખપ વિનાની જે બુદ્ધિ છે તે મોક્ષના ઉપયોગમાં આવતી નથી અને તે બુદ્ધિ મોક્ષના ઉપયોગમાં જેટલી આવે તેટલી જ તે ખરી બુદ્ધિ કહેવાય છે. ૭. મનુષ્ય-શરીર મળ્યા પછી જે મોક્ષના માર્ગ ઉપર નથી ચાલતા, તેઓ મનમાં તો પોતાને મહાપ્રવીણ માને છે; પરંતુ ડાહ્યા થઈને તેણે કાંઈ જ કર્યું હોતું નથી. ૮. ચિંતામણિ જેવો મનુષ્યદેહ હાથમાં આવ્યો, તેને વિષયના અલ્પ સુખને માટે ખોઈ નાખ્યો. જેટલાં માયા રચિત સુખો છે તે બધાં અલ્પ સુખ જ કહેવાય છે. ૯. તે માયિક સુખો દેખાવમાં સુખ લાગે છે, પણ ખરેખર તે દુઃખ હોય છે. જેમ પતંગિયું આગમાં પડીને મરે છે તેમાં તેને અગ્નિથી શું સુખ મળ્યું ? વિમુખ જીવો પણ તેવું જ કરે છે. ૧૦. અનેક કલ્પ વીતી ગયા, છતાં વિમુખ જીવ તો ફરીને તેને તે જ માર્ગે ચાલ્યો જાય છે.

મનુષ્ય-શરીર તો અમૂલ્ય છે. વિમુખ જીવના સંગથી તે શરીરને વારંવાર નિરર્થક કરી દે છે, છતાં પોતે પોતાને ઘણો બુદ્ધિમાન માને છે. જે મોક્ષભાગી જીવો છે તે તેવા મૂર્ખની નિરર્થક સમજણ તરફ દેખીને, અત્યંત શોક કરે છે. તેમને બીજો કોઈ શોક હોતો નથી. પરંતુ જે લોકોની નિરર્થક સમજણ છે તેઓ તેનો રતીભાર પણ શોક કરતા નથી. ૧૧-૧૩.

મનુષ્યદેહથી જે કરવું જોઈએ તે જો ન કરીએ તો તે મોટામાં મોટું અજ્ઞાન છે અને વધારેમાં વધારે તે મોહ કહેવાય છે. ૧૪. બ્રહ્માંડનાં જેટલા અંધારાને લીધે અંતર અવરાયેલું રહે છે. તેથી જીવને સાચો માર્ગ દેખાતો નથી અને તે લખચોરાશીમાં ફરતો રહે છે. ૧૫. જીવ ઘણીવાર લખચોરાશીમાં ફરતો રહ્યો છે, છતાં તેને સત્ય વાત દેખાતી નથી. તેને પાપે ઘેરી લીધો છે, તેથી પાપ ઉપર પાપ કરતો જ રહે છે. ૧૬. જીવ જમપુરીમાં પણ અપાર દુઃખ પામે છે. તે જ રીતે દેહમાં પણ અપાર દુઃખ થાય છે, એવું દેખાય છે. ૧૭. કેટલાક જીવો સંસારમાં બહુ દુઃખ પામે છે. તેનો વિચાર કરતા મનમાં ત્રાસ ઊપજે છે, છતાં તે જીવને લેશમાત્ર દુઃખ દેખાતું નથી. કારણ કે તે ખુદ પાપનો પહાડ રહ્યો હોય છે. ૧૮. જેના આવા ગાઢ પાપ હોય, તે પાપ ઉપર પાપ કરતો રહે છે. તેનો ક્યારેય ઉદ્ધાર થતો નથી. આમ તે સંસારમાં ડૂબ્યો રહે છે. ૧૯.

भगवान वा भगवान के संता, दया जन पर लाये अतंता;
उद्धार करे तब होत उधारा, ता बिन बंध भये सब द्वारा...२०

પછી જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેવા પાપી ઉપર જ્યારે ઘણી દયા કરીને તેનો ઉદ્ધાર કરે ત્યારે તેનો ઉદ્ધાર થાય છે. તે સિવાય બીજાં બધાં મોક્ષનાં બારણાઓ તેના માટે બંધ રહે છે. ૨૦. માયામાં બંધાયેલા પોતાની મેળે છૂટ્યા હોય એવા આજ દિવસ સુધી અમે દેખ્યા નથી. સિંહ જેવો કોઈ બળવાન નથી, છતાં તે લોઢાની અજાડી(પીંજરા)માં પડ્યો રહે છે. તે ચાહે તેટલા ઉપાય કરે છતાં તેનું પોતાનું બળ ચાલતું નથી. તેમ પાપના અજ્ઞાનરૂપી અંધારિયા કૂવામાં પડેલો જીવ ચાહે તેટલા ઉપાય કરે પણ પાપને લીધે તે પોતાના બળથી બહાર આવી શકતો નથી. ૨૧-૨૨. **પાપના અજ્ઞાનરૂપી અંધારામાં પડેલા જીવને સાચા સંત સિવાય બીજો કોઈ બચવાનો ઉપાય નથી.** પરંતુ ઉગ્ર પાપી જીવ રાતદિવસ એવા સંતોથી ડરતો રહે છે. તેથી પોતાના જેવા ગુરુ કરે અને તેને પરમમિત્ર માને છે. ૨૩. તે જીવ જેટલાં તીર્થ, વ્રત, દાન અને પુણ્ય રાતદિવસ કરતો રહે છે, તેટલું બંધન વધારે થાય છે અને એનું એ કર્યા કરે છે પણ પાછું વળીને જોતો નથી. ૨૪.

જીવ જે દિ' તે દિ' સાચા સંતનો અતિશય વિશ્વાસ કરશે ત્યારે તે સંત તેને બંધનથી છોડાવશે. ૨૫. આ વાત જ સિદ્ધાંતની છે. તે વિનાના બીજા જે સિદ્ધાંત છે, તે બધા જીવને માટે બંધનરૂપ છે. તેમાં તલભાર પણ ફેર નથી. ૨૬. અગણિત જીવોનો મોક્ષ કરવાને માટે આ વખતે જેટલા સાચા સંતો છે, તેમને ઘણી રીતે અલગ રાખ્યા છે. ૨૭. મિથ્યા સંતની અંદર સાચા સંત જો મળી જાય, તો બધાનું એક મૂલ્ય થઈ જાય. પછી મિથ્યા સંત કોને ગણવા ? ૨૮. દિવસમાં રાત ભળી શકે નહિ અને રાતમાં દિવસ ક્યારેય ભળે નહીં. આ વખતે હવે અમે આ રીતનો વિચાર કર્યો છે. ૨૯. મિથ્યા સંતો અને મિથ્યા મતોને અમે અજ્ઞાનરૂપ અંધારાને ઠેકાણે રાખ્યા છે. સાચા સંત અને સાચા સત્સંગને, અમે સર્વોચ્ચ દિવસને ઠેકાણે રાખ્યા છે. ૩૦.

રાત અને દિવસ જે રીતે અલગ અલગ રહ્યા છે, તેમ સત્સંગ અને કુસંગ જુદા જુદા રહ્યા છે અને તે જુદા છે ત્યાં સુધી ભગવાન સત્ય વર્તનના રૂપમાં રહ્યા છે. ૩૧. **જ્યાં જેટલું સત્ય વર્તન રહે છે ત્યાં તેટલો ભગવાનનો વાસ છે અને જ્યાં જેટલું અસત્ય વર્તન રહે છે ત્યાં તેટલો અધર્મનો નિવાસ રહે છે. ૩૨.** આમાં એક રતીભાર પણ ફેર નથી. આ સિદ્ધાંત વાત નિર્ધારિત કરી છે. બ્રહ્મા જેવા અપાર આવે તોપણ જે બાબત લગારેય ફરે નહીં. ૩૩. આવી જે વાત હોય તેને સિદ્ધાંત કહેવાય છે, પણ જે ફરી જાય તેને સિદ્ધાંત ન કહેવાય. **સત્સંગના નિયમમાં જ્યાં સુધી જે માણસ વર્તશે ત્યાં સુધી તેનો મોક્ષ અમારા વચને કરીને થશે.'** આ રીતની શ્રીહરિ વાતો કરતા હતા અને હરિભક્તો તેને સાંભળતા હતા. ૩૪-૩૫.

નિયમ વિનાના જેટલા મત છે તે ભેળાયા સિવાય રહેતા નથી. વર્ણાશ્રમના નિયમ વગરના જે છે, તેઓ બધા એકાકાર વર્તે છે. ૩૬. તેને લીધે પશુ અને મનુષ્યની રીત એકાકાર થઈ ગઈ છે. તેથી નિયમ છે તે જ વર્ણાશ્રમના વર્તનનો ખરો વિવેક છે. નિયમ વિના તો અધર્મનું બળ અત્યંત વધી જાય છે. ૩૭. **જ્યાં નિયમ છે ત્યાં અધર્મનો પ્રવેશ થઈ શકતો નથી. જ્યાં નિયમ છે ત્યાં જ ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જ ભગવાન રહ્યા છે.** ૩૮.

दोहा : धर्म तिहाँ भगवान रहे, भगवान तिहाँ धाम;
धाम तिहाँ अविचल सुख हि, अपार हे यह ठाम...३९
अधर्म तिहाँ रहे पाप हि, पाप तिहाँ जमपूरि;
जमपूरि रहे तिहाँ दुःख हि, चोराशि रहे मूरि...४०

અને જ્યાં ભગવાન હોય છે ત્યાં અવિચળ ધામ હોય છે અને જ્યાં ધામ હોય છે ત્યાં જ અપાર અવિચળ સુખ હોય છે. ૩૯. જ્યાં અધર્મ હોય છે ત્યાં પાપ રહે છે અને જ્યાં પાપ હોય છે ત્યાં જમપુરી હોય છે અને જ્યાં જમપુરી હોય છે ત્યાં દુઃખ હોય છે. અને દુઃખનું મૂળ લખચોરાશી રહી છે. ૪૦. અને જ્યાં લખચોરાશી હોય ત્યાં જન્મમરણ રહેલા હોય છે. જેટલા નિયમ વિનાના ચાલે છે તેને દુઃખનો પાર રહેતો નથી. ૪૧. જીવ જે રીતે અજર, અમર અને અછેદ્ય રહ્યો છે તે રીતે જ તેની સાથે કારણ શરીર એકરસ થઈને રહ્યું છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ હરિભક્તોની સભામાં સિદ્ધાંતરૂપ વાત કહી' એ નામે પીસ્તાલીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર સોળમું, તરંગ - ૪૬

શ્રીહરિએ નિર્માનીપણાની મહત્તા કહી

સભામાં બેઠેલા શ્રીહરિ હરિભક્તોની આગળ ફરીવાર વાત કહેવા લાગ્યા, 'સાચા સત્સંગના યોગ વિના ખરી વાત સમજાતી નથી. ૧. એ એક સિદ્ધાંતની વાત કહું છું કે પરબ્રહ્મ ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના જીવ કોઈ દિવસ કોઈ રીતે બ્રહ્મરૂપ થતો નથી. ૨. કદાચ કોઈ વેદાંત શાસ્ત્રને ભણેલો હોય, પણ જ્યાં સુધી માયિક પંચવિષયમાં ભરપૂર આસક્તિ રહે છે ત્યાં સુધી તે મિથ્યા જ્ઞાની છે. ૩. મિથ્યા જ્ઞાનીઓ વિષયને અસત્ય કહે છે. બધા જગતને અસત્ય કહે છે. એક બ્રહ્મને જ સત્ય કહે છે. બ્રહ્મ સિવાય કોઈ બાબતનું અસ્તિત્વ સ્વીકારતા નથી. ૪. પરબ્રહ્મ પરમાત્માની ઉપાસના

સિવાય કોઈની બ્રહ્મસ્થિતિ થતી નથી અને જેને બ્રહ્મસ્થિતિ સિદ્ધ થઈ હોય તે તો ચાહે તેમાં પ્રવેશ કરી શકે છે. ૫.

અહીં બેઠા બેઠા આખા જગતની વાતોને પ્રત્યક્ષની જેમ દેખી શકે છે. લોકોના નાડીપ્રાણને જેમ ચાહે તેમ ખેંચી લે છે. ૬. ગમે તેના હૃદયની બધી વાતને કહી શકે છે. પ્રહ્લાદજી જ્યારે બ્રહ્મસ્થિતિને પામ્યા ત્યારે તેનો સ્થૂળ દેહ અછેદ્ય બન્યો હતો. ૭. દુર્વાસા જ્યારે બ્રહ્મસ્થિતિને પામ્યા ત્યારે બધી ગોપીઓના થાળ જમી ગયા, તોપણ ઉપવાસી કહેવાયા. આવી તો બ્રહ્મસ્થિતિની અપાર વાતો છે. ૮. કોઈને બ્રહ્મસ્થિતિ જે રીતે પ્રાપ્ત થતી હોય, તે બધી રીતિ વ્યાસજીએ કહી છે. બ્રહ્મસ્થિતિ અને યોગકળા બંનેની એક જ રીત છે. ૯. બંનેનાં નામ અલગ અલગ છે, પણ બંનેની રીત એક પ્રકારની છે. પ્રહ્લાદની ફઈ હોલિકા હતી. તે યોગકળાને જાણતી હતી. ૧૦. તે અગ્નિથી લેશમાત્ર ડરતી નહીં. રોજ અગ્નિમાં સ્નાન કરતી, પણ જ્યારે તેણે પ્રહ્લાદને બાળી મૂકવાનું ધાર્યું ત્યારે તે પોતે જ તત્કાળ બળી ગઈ. ૧૧.

ભગવાનના જે ભક્ત હોય છે, તેનો તે પ્રસંગમાં અત્યંત પ્રતાપ દેખાડ્યો છે. જેને લગાર પણ માન આવે છે તેને ભગવાન લગાર સહન કરતા નથી. ૧૨. અંતર્યામી પરમેશ્વર હર કોઈના દ્વારા તેનું માન હરી લે છે. જ્યાં સુધી મનુષ્ય માન નથી દેખાડતો ત્યાં સુધી તેને આગળ વધવા દે છે. તે જ્યાં સુધી નિર્માની રહે છે ત્યાં સુધી વધતો રહે છે, પરંતુ જે વખતે માન આવે છે ત્યારે તરત જ તે ઘટવા લાગે છે. ૧૩-૧૪. લૌકિક કે અલૌકિક જે કોઈ પણ બાબત છે, તેમાં જ્યારે માન આવે છે ત્યારે તેની નજીક મૃત્યુ આવી જાય છે. ૧૫. અપાર અધિકારને પામ્યો હોવા છતાં માની મનુષ્ય તત્કાળ ઘટવા લાગે છે. તેમાં લગારેય વિલંબ થતો નથી. એવા કેટલાયને અમે દેખતા રહીએ છીએ. ૧૬.

चोपाई :

निर्मान गुन रहे जामें जितना, हरिजन तामें बडे रहे तितना;
जितना मान रखत रहे जाही, तितना नुन रहायेउ ताही...१७
मानरूप रोग महा रहाये, जीय कु उदवेग देत कराये;
मानी कु होत न जब मन धारे, विमुख तरत होत तेहि वारे...१८

मन के धारे करत हि जेतो, भगवान के कोप भये तेतो;
हलाहल विष पिवत रहे तेहू, मन में मानत बडाई एहू...१९

જેમાં જેટલો નિર્માનીપણાનો ગુણ રહે છે તેટલો તે હરિભક્તોમાં મોટો રહે છે. અને જેટલું તે માન રાખે છે તેટલો તે ન્યૂન થઈ જાય છે. ૧૭. માનરૂપી જીવને મહારોગ થયો છે. તે જીવને ઘણો ઉદ્વેગ કરાવી દે છે. જ્યારે માની મનુષ્યનું મનધાર્યું નથી થતું ત્યારે તે તરત જ વિમુખ થઈ જાય છે. ૧૮. જેટલું મનનું ધાર્યું કરે છે તેટલો ભગવાનનો તેના ઉપર કોપ થયો છે. જે મનુષ્ય મનમાં મોટપ માને છે તે હળાહળ ઝેર પી રહ્યો છે. ૧૯.

આ દુનિયામાં અફીણ ઈત્યાદિક વ્યસન રાખવામાં લોકો પોતાની મોટાઈ માને છે અને એમાં જ તે લોકો તો ગરાસ અને ધન, એ બધું ખોઈ બેઠા હોય છે. છતાંએ એમાં મોટાઈ માની રહ્યા હોય છે. ૨૦. **માનમાં એવી રીતની મોટાઈ રહી છે કે, તેમાં દુઃખ હોવા છતાં લેશમાત્ર મનાતું નથી. માન જીવને દુઃખમાં સુખ જ મનાવતું રહે છે અને એ જ ભગવાનનો મોટો કોપ સમજવો. ૨૧. ભગવાનનાં આજ્ઞાવચન પ્રમાણે જે લોકો પોતાનો જીવનનિર્વાહ કરે છે, તેના સમાન બીજો કોઈ સુખી નથી. અને તેવો આજ્ઞાપાલક મનુષ્ય ભગવાનને પ્રિય લાગે છે.** ૨૨.

निर्मान गुन वरतत रहे जेता, भगवान की क्रपा भये तेता;
निर्मान सम बडता नहि केहा, बडता में अति बडता रहे एहा...२३
निर्मानपना ब्रह्म गुन ताके, बडे तात हि रहाये वाके;
निर्मान गुन बिन गुन अपारा, कलंकरुप रहाये सारा...२४

માણસમાં જેટલો નિર્માનીપણાનો ગુણ વર્તતો હોય તેટલી તેના ઉપર ભગવાનની કૃપા થઈ કહેવાય. કેમ જે, નિર્માનીપણાને સમાન બીજી કોઈ મોટાઈ નથી. સર્વ પ્રકારની મોટાઈમાં નિર્માનીપણું તે અતિ મોટપ છે. ૨૩. નિર્માનીપણાનો ગુણ બ્રહ્મરૂપ થવારૂપ મોટા ગુણનો પણ પ્રપિતા છે. અર્થાત્ નિર્માનીપણારૂપ ગુણમાંથી બીજા અનંત ગુણો જન્મે છે. અને તે અનંત ગુણોમાંથી બ્રહ્મરૂપપણું જન્મે છે. માટે નિર્માનીતા પ્રપિતાની જગ્યાએ થઈ. નિર્માનીપણા સિવાયના બીજા અપાર સારા ગુણો હોય, તોપણ તે કલંકરૂપ ગણાય છે. ૨૪.

નિર્માણીપણાનો ગુણ ભૂમિમાં રહ્યો છે અને તેને લીધે જ ભૂમિ ચૌદલોકના આધારરૂપ રહી છે. ૨૫. ભૂમિ બધા જ લોકોનું ભરણ-પોષણ કરે છે અને લોકાલોક પર્વતને પણ ભૂમિ ધારી રહી છે. ૨૬. ભગવાન પણ વારે વારે ભૂમિ ઉપર અવતાર ધારણ કરે છે. તેઓ ચરિત્રને કરતા થકા આ ભૂમિ ઉપર વિચરે છે, તેનો ગણે પાર આવતો નથી. ૨૭. **જેનામાં ભૂમિના જેવો નિર્માનીપણાનો ગુણ આવે છે, તે ખરા અર્થમાં હરિભક્ત થાય છે અને તેમાં ભગવાન નિવાસ કરીને રહે છે અને જેમાં જ્યારે ભગવાન નિવાસ કરીને રહે છે ત્યારે તે ભક્ત બ્રહ્મરૂપ થયો ગણાય.'** ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ નિર્માનીપણાની મહત્તા કહી' એ નામે છેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર સોળમું, તરંગ - ૪૭

બ્રહ્મસ્થિતિને કહીને અંગ્રેજની નીતિની પ્રશંસા કરી

શ્રીહરિ ભક્તજનોની સભામાં ફરીને કહેવા લાગ્યા, 'ભગવાનના યોગ વિના કોઈ બ્રહ્મ થતો નથી. ૧.

दोहा : देह की स्मृति रहे सब, ब्रह्म मानत रहे आप;
साधन सब करत त्याग हि, आई मिले यह पाप...०२

सोरठा : भगवान मिले तोउ, देह स्मृति रहे जाहिं लग;
साधन न त्यागत कोउ, पुरे ब्रह्म रहे तेहि...०३

દેહની બધી સ્મૃતિ રહેતી હોય અને પોતાને બ્રહ્મ માનીને બધા સાધનનો જે ત્યાગ કરી દે છે તેમાં તો બધાં પાપ આવીને રહે છે. ૨. જે ભક્તને ભગવાન મળે તોપણ દેહનું ભાન રહે ત્યાં સુધી જો તે સાધનોનો ત્યાગ નથી કરતો તો તે સંપૂર્ણ બ્રહ્મરૂપ છે. ૩. ભગવાનનું ધ્યાન કરીને જીવ ખરા અર્થમાં બ્રહ્મરૂપ થાય છે. ધ્યાન વિનાનું બ્રહ્મરૂપપણું અસત્ છે અને આજ્ઞારૂપ સાધનમાં રહ્યા વિનાનું બ્રહ્મરૂપપણું પણ અસત્ છે. ૪. જ્યાં સુધી દેહનું

ભાન રહે ત્યાં સુધી કોઈ સાધનનો ત્યાગ ન કરે. ભગવાનનું ધ્યાન, વંદન અને પૂજન, તેને કાયમ કરતો રહે. ૫. ભગવાનના જન્મોત્સવ, એકાદશી આદિકનું વ્રત, તીર્થ તથા ભગવાનના વ્રતને વિધિએ સહિત જે કરતો રહે છે, ૬. તે જ સાચો બ્રહ્મરૂપ થયો છે અને તેમાં બીજો કશો પ્રપંચ રહ્યો નથી. તે ભક્ત દેહનું સ્મરણ રહે ત્યાં સુધી માન અને અધર્મથી ડરતો રહે છે. ૭. વિષય અને વ્યસનોનો ત્યાગ કરે છે, એક ભગવાનના સ્વરૂપમાં પ્રેમ રાખે છે.

અને એવું માને છે કે, **ભગવાન અને ભગવાનનાં જે સનાતન દિવ્ય ધામ છે તે આત્યંતિક પ્રલયમાં પણ કાયમ રહે છે. પ્રકૃત્તિનું જેટલું કાર્ય છે તે ભગવાનની ઈચ્છાએ કરીને પ્રકૃત્તિમાં લીન થઈ જાય છે.** આવાં ચરિત્રો ભગવાન કરે છે. વળી, ભગવાનનાં વિવિધ પ્રકારનાં જે અપાર ચરિત્રો છે, ૮-૧૦. જેનો અનેક શેષ જેવા પણ યથાર્થ રીતે પારને પામતા નથી, તો અલ્પ જીવ તેનો પાર કેમ પામે ? શાસ્ત્રમાં તો તે ચરિત્ર કિંચિત્માત્ર કહ્યાં હોય છે. જેટલાં ભગવાનનાં ચરિત્રો અને મહિમા છે તેમાંથી સાગરની આગળ વાછરડીના પગલામાં ભરાયેલા પાણીની જેમ કિંચિત્માત્ર ભગવત્ચરિત્રો અને મહિમા વ્યાસજી જેવા કવિઓથી માંડ માંડ લખ્યામાં આવે છે. ૧૧-૧૨. વ્યાસજી સિવાયના જે બીજા કવિઓ આ જગતમાં થયા છે, તેને તો ભગવાનનાં સ્વરૂપનું જેટલું જ્ઞાન હતું તેટલું જ લખ્યું છે. ૧૩.

જ્ઞાનમાં ઘણી તારતમ્યતા રહી છે. અપાર રાજાઓ રાજ્ય કરે છે, પણ તેઓ અંગ્રેજની તુલનામાં આવતા નથી. ૧૪. અંગ્રેજનું રાજ્ય દિવસના જેવું ઉજ્જવળ છે. તેની કોઈ પણ વાત માપ બહાર હોતી નથી. ૧૫. તેની એક પણ વાત નિર્જીવ અર્થાત્ તથ્ય વિનાની હોતી નથી. તે લેશમાત્ર પણ પ્રમાદ રાખતા નથી. પોતાની સ્વાધીનતા સિવાયની એક પણ વાત તેમાં હોતી નથી. ૧૬. રાજ્ય કરવાની બાબતમાં તો તેની અગાધ બુદ્ધિ રહી છે. જે રીતે ભગવાન રાજી થાય તે રીતે તેમની રાજ્ય કરવામાં બુદ્ધિ રહી છે. ૧૭. રાજ્યને પ્રાપ્ત કરવાના આરંભમાં તેને પ્રજાને સુખી કરવાનું જ એક તાન રહેતું હતું. તેણે પ્રજાને સુખી કરવાનું જ એક નિશાન રાખ્યું હતું. તે પ્રજા દુઃખી થાય તેને સહન કરી શકતા નથી. ૧૮.

જે લોકો નીતિ ઉપર જેટલું ચાલે છે તેના ઉપર તેઓ દિન-પ્રતિદિન રાજી રહે છે. અને જેટલા અનીતિમાં ચાલતા હોય તે બધા ભલે ગમે તેવા રાજા હોય, તોપણ તેના મૂળને ઉખાડીને સમુદ્રના મધ્યમાં(અંદામાન-નીકોબાર જેવા બેટમાં) મૂકી દે છે. અને જે પ્રજાને દુઃખ દેતા હોય, તેને તો એક પળવારમાં જ પકડી લે છે. ૧૯-૨૦ ચાહે તેવા રાજાના રાજ્યમાં તે રહેલ હોય તોપણ તેને તરત જ પકડી લે છે અને મોટા ભૂપથી પણ તે ડરતા નથી. ૨૧. જે અંગ્રેજની સાથે હળીમળીને રહે છે, તે રાજાને ખાધા-પીધાની બધી સગવડતા આપે છે અને જે અંગ્રેજોની સામે લડવા માટે તૈયાર થયા તેને ભીખારી કરી દીધા છે. ૨૨.

જ્યાં જેટલી નીતિ દેખાય છે ત્યાં ભગવાન તેટલી સહાયતા કરે છે અને જ્યાં અનીતિ હોય છે ત્યાં અધર્મ રહે છે. અને તે અધર્મ બુદ્ધિમાં અંધકાર કરાવી દે છે. ૨૩. અંધ વ્યક્તિનું રાજ્ય ક્યાંથી રહે ? અને તેવા રાજ્યમાં પ્રજાને સુખ ક્યાંથી મળે ? નીતિ વિનાના જેટલા રાજાઓ છે તે બધા ગાઢ અંધારા જેવા છે. ૨૪. **જ્યાં જેટલી નીતિ રહે છે ત્યાં તેટલું અંધારું નથી હોતું અને જ્યાં જેટલી અનીતિ રહે છે ત્યાં તેટલું અંધારું રહે છે. ૨૫. તે રીતે જ સંપ્રદાયોમાં પણ જ્યાં જેટલો ધર્મ રહે છે ત્યાં તેટલા ભગવાન રહે છે અને મોક્ષનો પણ ત્યાં નિવાસ હોય છે. ૨૬.**

અને જે મતપંથમાં જેટલો અધર્મ વસીને રહે છે ત્યાં ક્યારેય ભગવાન નિવાસ કરીને રહેતા નથી. ૨૭. જોકે કળિયુગમાં અધર્મનું બળ મુખ્ય રહ્યું હોય છે, પણ ભગવાનની આગળ તેનું કાંઈ બળ ચાલતું નથી. કારણ કે ભગવાનથી કોઈ સમર્થ નથી. ૨૮. કળિયુગ અને અધર્મનું જે બળ છે, તેને ભગવાને વિચાર્યું અને નીતિમાન રાજા આવે તેવો વિચાર કર્યો. કારણ કે નીતિવાળા રાજા સિવાય અધર્મ સત્સંગના પગને ટકવા દે નહીં. ૨૯. સત્સંગની જેવી રીત છે, તેવા નીતિમાન રાજા થયા છે. ભગવાન કરે તો શું ન થાય ? કળિયુગ અને અધર્મ, એ બધા તો રડી રહ્યા છે. ૩૦. કળિયુગના અધર્મમાં જેની રુચિ હોય તેવા રાજાઓ, ગુરુઓ અને તેના અનુયાયી મનુષ્યો છે, તે બધાઓ અત્યારે ગુપચુપ બેસી રહ્યા છે. ૩૧.

જે લોકો નીતિ બહાર ચાલવા જાય તેને તરત જ અંગ્રેજ કેદ કરી લે છે. જે લોકો જમપુરીને માનતા નથી તેને અંગ્રેજોના દંડરૂપ જમપુરી પ્રત્યક્ષ બતાવી દીધી છે. તેમાં કોઈ ફેરફાર નથી. આ બધી ભગવાનના હાથની વાત છે. તે ભૂમિથી આકાશ સુધી આવી વાતો થતી હતી. ક્યાં ભગવાન અને ક્યાં જીવ ? તેની શક્તિ અને સામર્થ્યના કોઈ લેખા નથી. ગરુડની આગળ અણુની કાંઈ ગણતરી નથી. બધા મનુષ્યો તો ભગવાનની આગળ અણુ જેવા છે. ૩૨-૩૪. પ્રત્યેક બ્રહ્માંડમાં બ્રહ્માના જેવા જે દેવતાઓ રહ્યા છે તે બધા મળીને ભગવાનના સામર્થ્ય આગળ તો અણુ જેવા રહ્યા છે. ૩૫. સામાન્ય મનુષ્ય બ્રહ્માની આગળ અણુના જેવો અલ્પ ગણાય છે, તો તે ભગવાનના મહિમાને યથાર્થ ક્યાંથી સમજી શકે ? ૩૬.

दोहा : सत्संग सतशास्त्र हि जो, एक एक के तेहि;
सहाय करी ततखेव हि, सबुद्धि होवत एहि...३७
सबुद्धि होवत जबहि, तब होवत सत्संग;
सत्संग होवत तबहि, ब्रह्म हि होत अभंग...३८

સત્સંગ અને દરેક સચ્છાસ્ત્રો હરેક વ્યક્તિને સહાય કરે છે. તેનાથી મનુષ્યને તત્કાળ સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે. ૩૭. જ્યારે સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે તે સત્સંગી થાય છે અને જ્યારે સત્સંગી થાય છે ત્યારે તે અખંડ બ્રહ્મરૂપ થાય છે. ૩૮. અપાર વેદાંત શાસ્ત્રને ભણે તોપણ તેને ક્યારેય સદ્બુદ્ધિ મળતી નથી. યોગ્ય અધિકારી બન્યા સિવાયનો ભણેલો પણ બ્રહ્મરૂપ નહીં, પણ બ્રહ્મઘાતકી બને છે. ૩૯. જે સ્વયં બ્રહ્મભાવે કરીને પરબ્રહ્મની સેવા કરે છે તે જ સાચા બ્રહ્મરૂપ કહેવાય છે. બીજા તો બધા બ્રહ્મદ્રોહી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'બ્રહ્મસ્થિતિને કહીને અંગ્રેજની નીતિની પ્રશંસા કરી' એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર સોળમું, તરંગ - ૪૮

સમજણરૂપી સુદર્શનચક્રનો મહિમા

શ્રીહરિએ હરિભક્તોની સભામાં ફરીવાર જે વાત કહી, તેને જે કોઈ પણ હરિભક્ત સંભારે તો તેનો સાક્ષાત્ મોક્ષ થઈ જાય છે. ૧. શ્રીહરિ અનેક જીવોનો મોક્ષ કરવા માટે હરિભક્તોની આગળ વિવિધ રીતે નિત્ય વાતો કહેતા હતા. ૨. શ્રીહરિને હરેક વાતમાં જીવોનો મોક્ષ કરવાનું વારે વારે રાતદિવસ એક જ તાન રહેતું હતું, પણ બધા લોકોને તેની ખબર હોતી નથી. ૩. કદાચ કોઈના ચિત્તમાં આ મોક્ષકારી વાત ચોંટી જાય, તે માટે થઈને જીવ ઉપર ઉપકાર કરવા અનેક રીતે વાતો કરતા હતા. ૪. શ્રીહરિએ કહેલી વાત ચિત્તમાં ચોંટ્યા સિવાય જીવનો મોક્ષ ક્યારેય થતો નથી અને જગતની જેટલી વાતો છે તે તો નરકની ખાણ છે. ૫.

જ્યાં સુધી જગતની વાતમાં રાગ રહે છે ત્યાં સુધી જીવ લખચોરાશીમાં ફરતો રહે છે, જમપુરીમાં જાય છે અને જન્મમરણ પણ તેને રહે છે અને તે ક્યારેય મોક્ષની વાતને સમજતો નથી. ૬. મોક્ષની વાત સમજાવવા માટે તો શ્રીહરિ વારે વારે વાતો કહેતા હતા. તે વાતોથી જીવનો કોઈક દિવસે ક્યારેક તો મોક્ષ થશે. ૭. શ્રીહરિ પ્રગટ થયા ત્યારથી લઈને સ્વધામ પધાર્યા ત્યાં સુધી જીવોના ઉપર ઘણી દયા કરી હતી. આવી દયા પહેલા કોઈ દિવસ કરી ન હતી. ૮.

શ્રીહરિએ જેટલાં ચરિત્ર કર્યાં, વિચરણ કર્યું, ક્રિયાઓ કરી અને તે સિવાય રાતદિવસ જે કાંઈ કર્યું અને યત્કિંચિત્ જે કાંઈ વાત કરી, તે બધું જીવનો મોક્ષ કરનારું છે. ૯. જેનાં અપાર ભાગ્ય ઉદય થયાં હોય તે શ્રીહરિની વાત ઉપર પ્યાર કરે છે. અને જે ભગવાનની વાતમાં પ્યાર કરે છે તેના જેવો બ્રહ્માંડમાં કોઈ મનુષ્ય ઉત્તમ કહી શકાતો નથી. ૧૦. ભગવાનની જે માયા છે તે વાદળા જેમ સૂર્યને ઢાંકી દે છે તેમ જીવને આવરણ કરી દે છે. ૧૧. માયાનું બળ વાદળાની જેવું છે. તે વારે વારે આવરણ કરે છે. તેણે કરીને જીવમાં બળ આવતું નથી અને તે માયામાં લપટાયેલો રહે છે. ૧૨. જીવને

ભગવાન સિવાયના જેટલા ઘાટ હૃદયમાં થાય છે તેટલી તે માયા કહેવાય છે, આવી વાત મનુષ્યના સમજવામાં આવતી નથી. ૧૩. જ્યાં સુધી માયાને ઓળખવામાં નથી આવતી ત્યાં સુધી ભગવાનનો ભક્ત થયો હોય તોપણ હૃદયમાં સુખ રહેતું નથી. ૧૪.

મનુષ્યને અપાર સુખ મળે, છતાં તેમાં સુખ દેખાતું નથી અને માયાના આવરણને લીધે તેને વિક્ષેપ રહ્યા કરે છે. ૧૫. **જેને તેની સમજણ હોય તેને તે અવશ્ય કામ લાગે છે અને જેટલી સમજણ આવે છે તેટલું અપાર સુખ પામે છે. ૧૬.** પ્રહ્લાદજી, ધ્રુવજી અને ચાર સનકાદિકો, એ બધા પાંચ પાંચ વર્ષના જ હતા, છતાં સમજણે કરીને માયાને તરી ગયા છે. ૧૭.

चोपाई :

समझ रूप सुदरशन हि जेहा, तिक्षन चक्र रहाये तेहा;
ताके दरशन होत तेहि वारा, माया तिहाँ न रहत लगारा...१८

સમજણરૂપી તીક્ષ્ણ સુદર્શનચક્ર રહ્યું છે. તેને દેખતાની સાથે જ લગાર પણ માયા ત્યાં રહેતી નથી. ૧૮. હવે સમજણરૂપી સુદર્શનચક્રમાં કરોડો કરોડ સૂર્યના સમાન પ્રબળ પ્રકાશ રહ્યો છે. ૧૯. જેણે માયાને તરવી હોય તેણે સમજણરૂપી સુદર્શનચક્ર રાખવું જોઈએ. પૂર્વે જે જે ભક્ત થયા તેમણે રાજ્યસુખનો ત્યાગ કર્યો હતો. ૨૦. અને કેટલાક ભક્તોએ તો રાજ્યમાં તથા ઘરમાં રહીને ભગવાનને માટે કષ્ટ સહન કર્યું હતું. જો ભગવાનમાં સુખ ન હોય તો તેઓ શા માટે દુઃખ સહન કરે ? ૨૧.

ભગવાનમાં તો અવિચળ અને અપરંપાર સુખ રહ્યું છે..! આ બ્રહ્માંડમાં જે કાંઈ સુખ છે, તે તો કથનમાત્ર જ છે. ૨૨. અને તે બ્રહ્માંડના સુખમાં કેટલુંએ દુઃખ રહ્યું છે. તેનો ભોગવતા પાર આવતો નથી અને આ લોકનું જે સુખ છે, તે તો બધું જ બંધનરૂપ રહ્યું છે. ૨૩.

भगवान के सुख सत रहावा, एसी समझ जितनी कहावा;
सुदरशन चक्र एह कहाते, ब्रह्मांड के सुख दुःख देखाते...२४

'ભગવાનનું સુખ તે જ સાચું સુખ છે.' આટલી જે સમજણ છે તે સુદર્શનચક્ર કહેવાય છે અને તે બ્રહ્માંડના સુખને દુઃખરૂપ દેખાડે છે. ૨૪.

જ્યારે માયા આવરણ કરે ત્યારે સમજણરૂપી સુદર્શનચક્રને યાદ કરવામાં આવે તો તે ચક્ર તત્કાળ માયાના આવરણને કાપી નાખે છે. ૨૫. **આપણા સત્સંગમાં જે હરિભક્ત છે તેણે સહુએ સમજણરૂપી સુદર્શનચક્રને કાયમ રાખવું જોઈએ. ૨૬. તે સમજણ જેટલી રાખવામાં નથી આવતી, હરિભક્તને તેટલી માયા વિક્ષેપ કરે છે. તેમ દેખાઈ આવે છે. ૨૭.**

ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સંબંધી વાતોરૂપી સૂર્ય જે રીતે ઉદય થાય તેવી શ્રીહરિ નિત્ય વાતો કહેતા હતા. ૨૮. તે સિવાય સત્સંગ અને કુસંગ સંબંધી અનેક પ્રકારની વાત કરવામાં સરસ છટા લાવતા હતા. શ્રીહરિના જેવી છટા તો એક શ્રીહરિમાં જ રહી હોય છે. ૨૯. શ્રીહરિ જે જે વાત કરતા હતા, તેમાં અલૌકિક છટા આવતી હતી અને જે જે ચરિત્ર કરતા હતા, તેમાં પણ અનેક પ્રકારની છટા દેખાડતા હતા. ૩૦. છટા વિનાની એક પણ વાત હતી નહીં. શ્રીહરિની વાતો તો અનેક પ્રકારની હતી. તેમાંથી એક વાતમાં પણ પ્રતાપ, શોભા અને દૈવત, તે બધું દેખાડી દેતા હતા. ૩૧. શ્રીહરિની મૂર્તિમાં સહજ સ્વાભાવિક રીતે અપાર પ્રતાપ રહ્યો હતો. જે જે વાત કહેતા હતા તે અપારની અપાર રહેતી હતી. ૩૨.

શ્રીહરિનું જે અક્ષરધામ છે તે ઘણું અપાર રહ્યું છે. જે માયિક મનુષ્ય છે તે અપાર ધામના પારને માત્ર શાસ્ત્ર સાંભળવાથી કઈ રીતે પામી શકે ? ૩૩. સાચી સમજણનું જ્યારે દ્વાર મળે છે ત્યારે વાતને સમજવી કાંઈ કઠણ લાગતી નથી. બધી વાતો સમજણની સમીપે રહે છે. સમજણથી અણુ જેટલી પણ તે દૂર રહેતી નથી. ૩૪.જ્યાં સુધી સમજણનું દ્વાર મળતું નથી ત્યાં સુધી ભગવાન તેનાથી ઘણા દૂર રહ્યા છે. ભગવાન એટલા દૂર રહ્યા છે કે ત્યાં મન કે વાણી કોઈ ક્યારેય પહોંચી શકતાં નથી. ૩૫.

सत्संग कर समझना इतना, दूर सो समीप रहे हरि तितना;
समझ शुद्ध पाये तब द्वारा, दूर न रहे हरि तब हि लगारा...३६
सत्संग बिन समझ रहे एसे, दूर से दूर हरि रये तेसे;
नेति नेति वेद करत रहाई, तोउ पार नहीं पावत ताई...३७

સત્સંગ કરીને આટલી વાત સમજવી જોઈએ કે, શ્રીહરિ દૂર હોવા છતાં

સમીપ જ રહ્યા છે. જ્યારે શુદ્ધ સમજણનું દ્વાર પ્રાપ્ત થાય છે ત્યારે ભગવાન લગારેય દૂર રહેતા નથી. ૩૬. સત્સંગ વિનાની સમજણ એવી છે કે, તેનાથી શ્રીહરિ દૂરથી પણ દૂર રહે છે. ભગવાનને વેદો 'નેતિ' 'નેતિ' કહીને પોકારે છે, તોપણ તેના પારને પામતા નથી..! ૩૭. જો વેદ અને ઉપનિષદો પાર પામી શકતાં નથી તો પુરાણો અને વેદાંતનાં ભાષ્ય વગેરે ગ્રંથો ક્યાંથી પાર પામે ? ૩૮. સ્મૃતિ, જ્યોતિષ અને તર્કશાસ્ત્ર વગેરે ભગવાનનો પાર પામી શકતાં નથી. કેમ જે, શ્રીહરિ તર્કથી તો અપાર રહ્યા છે, પણ શુદ્ધ સમજણ છે તે ભગવાનને પામવાનું દ્વાર છે. ૩૯. ભગવાનને કલ્પતરુ અને ચિંતામણિ કહેવાય છે, પણ તેનું પ્રમાણ થઈ શકતું નથી. જેની જેવી મતિ હોય તેવું તેને દેખાય છે. ૪૦. જેના એક એક રોમમાં અનંત કોટિ કોટિ બ્રહ્માંડ રહ્યાં છે તેવું તો અક્ષરધામ છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'સમજણરૂપી સુદર્શનચક્રનો મહિમા કહ્યો' એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર સોળમું, તરંગ - ૪૯

વડતાલના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં ફૂલદોલ કરવા માટે ભક્તોને પત્ર લખ્યા

ભક્તજનોની સભામાં શ્રીહરિએ વળી આગળ વાત કહી કે, 'ભગવાન પુરુષોત્તમના એક રોમમાં કરોડો અક્ષર રહ્યા છે. ૧. આવા ભગવાન મહાન છે. તેનો પાર કોણ પામે ? આવા હોવા છતાં પણ એ અમાપ ભગવાનને ભક્તના માપમાં આવતા વાર લાગતી નથી. ૨. ભક્ત જ્યારે અંર્તદષ્ટિ દ્વારા દેખે છે ત્યારે ભગવાન ભક્તજનથી લગાર પણ દૂર નથી. ભગવાન ધામે સહિત સમીપ જ રહે છે. ૩. પણ સ્થૂળ દષ્ટિએ કરીને જ્યારે અનુક્રમે કરીને દેખવામાં આવે છે, ત્યારે તે ભૂમિ વગેરે એક એક કરતાં દસગણાં અધિક રહે છે. ૪.

चोपाई :

अक्षरधाम में हरि रहे जेहा, ताकु जब देखना होय तेहा;
समझ रूप द्वार हे दोऊ, सनातन यह रहाये सोऊ...०५

અક્ષરધામમાં જે ભગવાન રહ્યા છે તેમનાં જ્યારે દર્શન કરવાં હોય ત્યારે બાહ્યદષ્ટિ અને અંતર્દષ્ટિ એ બે સમજણરૂપી સનાતન દ્વાર રહ્યાં છે. ૫. ભક્તજનની જેવી રુચિ હોય તે રીતે તે દેખે છે. ભક્તને જ્યારે ભગવાનનું ધામ સમીપ દેખવું હોય ત્યારે અંર્તદષ્ટિ કરે છે. અને જ્યારે અંતર્દષ્ટિ કરે છે ત્યારે ધામ જે પ્રકારે રહ્યું છે તેને જાણપણારૂપ દરવાજાએ કરીને દેખે છે. ૬-૭. જે ભક્ત બાહ્યદષ્ટિએ કરીને કે અંતર્દષ્ટિએ કરીને જેવું શ્રવણ, મનન કરે છે તેવી રીતે તે ધામને દૂર અથવા નજીક દેખે છે. અર્થાત્ જે ભક્ત બાહ્યદષ્ટિએ જ્ઞાનને પામીને એવો અભ્યાસ કરે છે તો તે ભક્ત અષ્ટ આવરણથી પર રહેલા અક્ષરધામને દેખે છે. ૮. **અષ્ટ આવરણથી પર રહેલા ધામને ભગવાનનો જે ભક્ત તે જ્યારે અંતર્વૃત્તિએ એટલે કે અંતર્દષ્ટિની સમજણે કરીને મૂર્તિનું ધ્યાન કરે છે ત્યારે માયિક દષ્ટિ પલટીને અલૌકિક દષ્ટિ કહેતા અંતર્દષ્ટિ થાય છે. અર્થાત્ મારો આત્મા જ અક્ષરબ્રહ્મ છે અને મારામાં જ સાક્ષાત્ મૂર્તિમાન ભગવાન રહ્યા છે એવું જ્ઞાન પામે છે. ૯.** ત્યારે અષ્ટાવરણની પાર જે અક્ષરધામ અને શ્રીહરિ છે તે તેના અંતરમાં જ દેખાઈ આવે છે. એક અણુમાત્રય છેટા રહેતા નથી, પણ જેને અંતર્વૃત્તિ થતી હોય કહેતા જેને અંતર્દષ્ટિની સમજણ હોય તે જ આવી કળાને જાણે છે, અર્થાત્ આવું અનુભવે છે. ૧૦. અંતર્દષ્ટિની કળાને જાણ્યા સિવાય સમજ્યામાં ન આવે, એવી આ વાત છે.' આવી વાતો શ્રીહરિ કરતા હતા.

ત્યારે વડતાલના એક હરિભક્ત પત્ર લઈને શ્રીહરિ પાસે આવ્યા. પછી તે ભક્ત શ્રીહરિના ચરણમાં પડ્યા અને હાથમાં પત્ર આપ્યો. ત્યારે પ્રસન્ન મુખે શ્રીહરિએ પત્ર વાંચ્યો. ૧૧-૧૨. પત્રમાં લખ્યું હતું કે, 'હે પ્રિયતમ મોહન ! હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ વડતાલમાં કરવા માટે અમારા ઉપર કૃપા કરી વડતાલ પધારો. ૧૩. વડતાલના બધા જ પાટીદારો તથા વૃદ્ધ, જુવાન અને બાળક, એ સહુ આપ વડતાલ ઉત્સવ કરો તેવું ચાહે છે. ૧૪.

જોબનપગી, સુંદરપગી આદિ હરિભક્તો અને નારાયણગિરિ ગોસાઈને પણ ઘણો પ્રેમભાવ છે. ૧૫. હુતાશની ઉપર બધા ખેતરમાં કાંઈ મોલાત નહિ હોય તેથી જેટલા સંઘો આવે તે ખુલ્લી જગ્યામાં ઊતરી શકશે. ૧૬. જે સંઘ ગામમાં સમાઈ શકશે તે ગામમાં ઊતરશે અને જે ગામમાં સમાશે નહિ તે ખેતરમાં ઊતરી શકશે. ૧૭.

ગામની ચારે બાજુ અપાર ખેતર છે અને દરેક ખેતરમાં સારા કૂવાઓ રહ્યા છે, તેથી કોઈને પાણીનું દુઃખ રહેશે નહિ અને ચોકી-પહેરો તો બધા પગી કરશે. ૧૮. પગી હરિભક્તોના કહેવાથી જ અમે સમૈયાનો આદર કરીએ છીએ. અને વડતાલ તો અત્યારે અંગ્રેજોની રાજસત્તામાં આવ્યું છે. ૧૯. અંગ્રેજોનું રાજ્ય થવાથી કોઈ જાતનો ભય રહ્યો નથી. આવા રાજા તો ક્યારેય સાંભળ્યા નથી. કદાચ કોઈ આવીને જોર-જુલમ કરે તો અંગ્રેજ આવીને તત્કાળ તેને કબજે કરે છે. ૨૦. ખેડાના સાહેબે સમૈયો કરીએ છીએ તેવું સાંભળ્યું અને તેમાં પણ આપનું નામ જ્યારે સાંભળ્યું ત્યારે તે ઘણા ખુશી થઈને બોલ્યા હતા કે, ‘સ્વામિનારાયણના જે શિષ્યો છે તે આજ્ઞાવચનની મર્યાદામાં રહે છે. તેઓ કરોડો લોકો ભેળા થાય તોપણ કોઈ ફેલફિતૂર કરતા નથી. ૨૧-૨૨. તેઓ સરકારના ગુનામાં આવે તેવું કામ ક્યારેય કરતા નથી અને સ્વામિનારાયણના ભક્ત સિવાયના બીજા લોકો જ્યાં જ્યાં ભેળા થાય છે, ૨૩. ત્યાં ન કરવાના ફેલ કરે છે અને તે ફેલ કરવાથી મનમાં ડરતા નથી. જેના ગુરુ જેવા હોય તે શિષ્યને પણ તેવો જ બોધ આપે છે. ૨૪.

સરકારને જેમાં ફેલ દેખાય છે તેને તે વ્યક્તિ તુચ્છ દેખાય છે. જેમ ઝાઝા ગધેડા ભેળા થયા હોય તેવી દૃષ્ટિથી ફેલીને નઠારા દેખે છે. ૨૫. સ્વામિનારાયણના સત્સંગી સિવાયના અમુક લોકો ભેળા થાય છે, તે તો ફેલ કરવા માટે ભેળા થાય છે. ૨૬. સરકાર તો જેનું જેવું વર્તન હોય તેને જાણે છે. સરકાર ફેલી એવા ગુરુ અને શિષ્યનો કાંઈ જ વિશ્વાસ કરતા નથી. ૨૭. સરકાર ફેલી લોકોને માટે ઉપરથી તો લોકલાજ દેખાડે છે, પણ મનમાં તેના પ્રત્યે દાઝ રાખે છે. સરકાર નીતિના ઉપર ખુશ રહે છે. ૨૮.

કોઈ માણસની પાસે ઘણું ધન હોય, સારાં ખાનપાન હોય, પણ જો તેમાં લગારેક પણ ફેલ દેખાય તો સરકારને તેવા ધનાઢ્યનો કાંઈ ભાર રહેતો નથી. ૨૯. જેમાં જેટલી નીતિ રહી હોય છે, તેવા ધનાઢ્યને પણ સરકાર જૂએ છે અને જેમાં ફેલ ન રહ્યા હોય તેવા ગુરુ, પંડિત અને બુદ્ધિમાન લોકોને પણ જાણે છે. ૩૦.

આ લોક અને પરલોક, તે બંને સુધરે તેવી નીતિમાં જે લોકો ચાલતા હોય છે, તેઓ પુત્ર, મિત્ર કે શિષ્યને નીતિનો ઉપદેશ કરે છે. ૩૧. તેઓ રાતદિવસ મનમાં ઈશ્વરનો ડર રાખે છે. કેમ જે, કોઈ સન્માર્ગમાં કે અસન્માર્ગમાં જેટલાં ડગલાં ભરે છે અને મનમાં જેટલા સંકલ્પ કરે છે, તે બધું ઈશ્વર જાણે છે. પછી જે જેવા માર્ગે ચાલે છે તેને તેવું ફળ લગારે લગાર આપે છે. આ રીતે માનવીએ કરેલા કર્મના ફળને તે માનવી પામે છે.' ૩૨-૩૩. આટલું બોલીને અંગ્રેજ સાહેબે કહ્યું કે, 'તમે સ્વામિનારાયણને વડતાલ બોલાવો.' આટલી વાત અમે નક્કી કરીને આવ્યા છીએ, તેમાં રંચમાત્ર ખામી રહી નથી. ૩૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'હરિભક્તોના હિત માટે અતિ પવિત્ર સારું રાજ્ય થયું છે અને હવે કળિયુગ, અધર્મ અને અસુરો, તેનું બળ લેશમાત્ર રહ્યું નથી. ૩૫.

અમે યજ્ઞો કર્યા, સંતોની પાસે ઘણું તપ કરાવ્યું, તે પાછળ હરિભક્તો સુખે ભગવાનને ભજે એવો અમારા મનમાં સંકલ્પ હતો. ૩૬. જેવો સંકલ્પ હતો તે અત્યારે સફળ થયો છે. બધા અસુરોનો ડર પણ જતો રહ્યો છે. કળિયુગ અને અધર્મનું બળ રહ્યું નથી. સહુ પોતપોતાની હદમાં ચાલે છે. ૩૭. હવે જે હરિભક્તો છે તે સુખેથી ભગવાનનું ભજન કરે. બધા અસુરોનો ડર ચાલ્યો ગયો છે અને અસુર ગુરુઓ ક્ષીણ થઈ ગયા છે. ૩૮. હવે જેટલા સમૈયાઓ છે તે વર્ષોવર્ષ વધારે ને વધારે નિર્વિઘ્નપણે થાશે.' ૩૯. આટલું બોલીને શ્રીહરિએ તે વખતે સંભારીને દેશેદેશમાં રહેનારા હરિભક્તોનાં ગામ ઉપર પત્રો લખાવ્યા. ૪૦.

હરિભક્તોમાં જે મુખ્ય બાઈભાઈ હતાં, તેનાં નામ સંભારીને શ્રીહરિએ લખાવ્યાં. ૪૧. જે જે દેશમાં જેટલા ગામોના જે હરિભક્તો રહેતા હતા તે

તે ગામ શ્રીહરિએ હરિભક્તો ઉપર દયા કરીને અલગ અલગ પત્ર મોકલ્યા. ૪૨. આ વખતે વડતાલમાં ફૂલદોલનો મોટો ઉત્સવ કરશું. શ્રીહરિએ બધા હરિભક્તોનાં નામ પોતે લખાવ્યાં. ૪૩. પત્રમાં મહારાજે લખાવેલું પોતાનું નામ સાંભળીને હરિભક્તો ઘણા ઉત્સાહિત થયા. **જે ભગવાન અનંત બ્રહ્માંડના ઈશ્વર છે તેઓ આવા સમૈયા ઉપર આપણને સંભારે છે..! અહો ! ભવબ્રહ્માને પણ જે દુર્લભ છે તેવું સદ્‌ભાગ્ય આપણે માટે સુગમ થયું છે..! ૪૪-૪૫.**

પત્ર વાંચીને હરિભક્તો ઉપર કહ્યા પ્રમાણે પરસ્પર બોલતા હતા. તે પત્રને દરેક હરિભક્તોએ પોતાને માથે ચડાવ્યો. ૪૬. કેટલાકે પત્રને છાતીએ ચાંપ્યો. કોઈએ આનંદથી નેત્ર ઉપર દબાવ્યો. સાક્ષાત્ શ્રીહરિ પોતાને ઘેર આવ્યા હોય તેવો આનંદ-ઉત્સાહ તેમને પત્ર આવવાથી થયો. ૪૭. હરિભક્તોએ પરસ્પર સાકર વહેંચી. હરખથી ગરબીઓ ગાવા લાગ્યા. વિવાહમાં જેવો ઉત્સાહ હોય તેવો ઉત્સાહ વધારે ને વધારે થવા લાગ્યો. ૪૮. સમૈયા પહેલા પંદર દિવસ અગાઉ પત્ર આવ્યો હતો. તેથી જેના મનમાં શ્રીહરિની સેવા કરવાનો જેવો પ્રેમભાવ હતો, તે પ્રમાણે લાભ લેવા માટે ગામેગામના તે હરિભક્તો સેવાનો સામાન ભેળો કરવા લાગ્યા. ૪૯-૫૦. **બીજા તો અનેક પ્રકારના લાભ હોય છે, પણ તે સહુ કરતાં શ્રીહરિની સેવા કરવામાં નરનારી હરિભક્તોએ અતિ અપાર લાભ દેખ્યો. ૫૧.** શ્રીહરિની સેવામાં જેટલું ધન ઉપયોગી થાય તે અપાર લાભ મળ્યો, તેમ સહુ હરિભક્તો માનતા હતા. ૫૨. તેથી કોઈ હરિભક્તે સોનેરી વસ્ત્ર, તો કોઈએ રૂપેરી વસ્ત્ર અને કોઈ હરિભક્તે સોનાનાં વિવિધ આભૂષણો તૈયાર કર્યાં. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'વડતાલના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં ફૂલદોલ કરવા માટે ભક્તોને પત્ર લખ્યા' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર સોળમું, તરંગ - ૫૦

ફૂલદોલની પૂર્વતૈયારી અને ભક્તોએ શ્રીહરિને માટે કરાવેલાં વસ્ત્રાલંકાર

કેટલાક હરિભક્તો ઉત્તમ રંગબેરંગી રેશમી વસ્ત્રો શ્રીહરિને માટે લેતા હતા. ૧. કેટલાક હરિભક્તો કિનખાબનાં સારાં વસ્ત્ર લેતા હતા. તેનો ગણે પાર આવતો નથી. ૨. અને કેટલાક હરિભક્તો સુતરાઉ, વિચિત્ર રંગવાળાં અને ઘણાં કિંમતી એવાં અપાર વસ્ત્ર લેતા હતા. ૩. કેટલીએ જાતની શાલો અને રંગીન મખમલનાં ગાદીતકિયા બનાવીને મનના ઘણા ઉત્સાહથી બનાવતા હતા. ૪. કેટલાક હરિભક્તો મોતી, પરવાળા અને સોનાના હાર બનાવતા હતા અને કેટલાક તો સોના-મોતીના તોરા અને ગુચ્છ સરસ બનાવી લાવતા હતા. ૫. વિવિધ પ્રકારનાં નંગ જડેલ શિરપેચ, કલગી, બીજા સુંદર હાર, બાજુબંધ, કુંડળ અને કડાં કરાવીને લાવતા હતા, તે ભક્તો ધન્યભાગ્યશાળી હતા. ૬. કેટલાક હરિભક્તો મોતી જડેલી સોનારૂપાની વિવિધ પ્રકારની છડી ખરીદતા હતા. વળી, ભારે વજનનો સોનારૂપાનો વિવિધ પ્રકારનો કંદોરો પણ કરાવતા હતા. ૭.

તેમજ વિચિત્ર પ્રકારના હાથમાં પહેરવાના અનેક સોનાનાં ઘરેણાંઓને કરાવતા હતા. તેને કહેતા કોટી કવિઓ પણ પાર લઈ શકતા નથી. ૮. શેષ, મહેશ અને શારદા આદિક અપાર દેવતાઓ જેનું વર્ણન કરીને પાર પામતાં નથી એવા ચરણોમાં પહેરવાનાં સોનાનાં ઝાંઝર આદિક ઘણાં ઘરેણાંઓને કરાવતા હતા. ૯. સોના-ચાંદીથી મઢેલી કેટલાક પ્રકારની ઘૂઘરી જડેલી ચાખડીઓ કેટલાક હરિભક્તો કરાવતા હતા. તેનો કહ્યે પાર આવતો નથી. ૧૦. કેટલીક ચાખડીઓ વિચિત્ર રંગેલી હતી અને કોઈ સાદી પણ હતી. કેટલીક મોજડીઓ મોતી જડિત હતી તો કોઈ મખમલની હતી. ૧૧. તે મોજડીઓમાં જડેલા નંગ લાલ, પીળા, કેસરી, નીલા અને શ્વેત રંગના હતા. કેટલીક મોજડીઓ તો એકદમ સોનેરી હતી. કેટલીક રૂપેરી બનાવી હતી. ૧૨.

કેટલાક ભરત ભરેલી મોજડીઓ કરાવતા હતા. તે પણ કહ્યે પાર આવે તેમ નથી. કાનમાં પહેરવાનાં કેટલીએ જાતનાં સોનાનાં ઘરેણાં બનાવતા

હતા. ૧૩. જેના જેવા મનોરથો હતા, તેવાં સેવા માટે અપાર વસ્ત્ર-અલંકાર ઘણા પ્રેમથી કરાવતા હતા. ૧૪. કેટલાક હરિભક્તો અબદાગીરી, ચામર અને છત્ર સોનાનાં બનાવતા હતા. કેટલાક હરિભક્તોએ થાળ, લોટો અને અબખોરો ચાંદીના બનાવરાવ્યા હતા. ૧૫. વસંતપંચમી, હુતાશની અને ફૂલદોલના ઉત્સવમાં રંગ ઉડાડવા માટે ઉપયોગી પિચકારીઓને પણ હરિભક્તો કરાવતા હતા. ૧૬. અને કેટલાક હરિભક્તો સોનારૂપાની પિચકારીઓ બનાવતા હતા અને જ્યારે તેઓ ઉત્સવમાં વારેવારે આવતા ત્યારે વારાફરતી લાવતા રહેતા. ૧૭.

ભાઈ રામદાસજીસ્વામી ચરોતર દેશમાં હતા. તેમના ઉપર શ્રીહરિએ પત્ર લખ્યો કે અમે ઉત્સવથી અગાઉ પાંચ દિવસે વડતાલ આવશું. હુતાશનીને દિવસે પહેલા ક્યારેય કર્યો ન હોય તેવો મોટો રંગોત્સવ કરવો છે. ૧૮-૧૯. પતંગ અને કેસુડા, વીસથી પચીસ ગાડાં ભરાવીને મગાવજો. મોડું કરશો નહીં. અને ખાખરાનાં ઝાડ હોય ત્યાં પત્ર લખજો. ૨૦. ઘોડાસરથી ઠાસરા સુધીમાં કેસુડા થાય છે, તે મગાવજો અને દસ ગાડાં ગુલાલ સંભારીને મગાવજો. ૨૧. પિચકારીઓ બનાવવાને માટે નવા સુંદર વાંસનાં પાંચ ગાડા મગાવજો અને વધારે જોશે તો અમે પછી મગાવશું. ૨૨. હે દયાળુ સ્વામી ! તમે જ્યાં જ્યાં જે જે સંતનાં મંડળ રહ્યાં હોય, તેમને પત્ર લખીને તત્કાળ બધાને વડતાલ બોલાવજો. ૨૩. બીમાર અને વૃદ્ધ, બધા જ સંતો આવે. આ વખતે અદ્‌ભુત ઉત્સવ થશે..! દ્વારકા, કચ્છ, મારવાડ વગેરે દેશોમાં પણ પત્ર લખ્યા છે. કોઈ સંદેહ રાખ્યો નથી. ૨૪.

ગ્વાલિયર સુધી પત્ર લખીને મોકલ્યા છે. નિમાડ અને ખાનદેશમાં પણ અમે પત્ર લખ્યા છે. ૨૫. સુરતથી આગળ મુંબઈ સુધી, ઉના અને દીવ સુધી તથા માંગરોળ બંદર સુધી અમે પત્ર લખ્યા છે. ૨૬. ઉપર લખેલા દેશોની વચ્ચેના જેટલા પ્રદેશો છે, તે બધી જગ્યાએ અમે સંભારીને પત્ર લખ્યા છે. ૨૭. **અનેક મનુષ્યોનો મોક્ષ કરવાને માટે અમે મનમાં ધાર્યું છે. અને એટલા માટે જ ઉત્સવ કરીએ છીએ. ૨૮. હર કોઈ પ્રકારે અમને જે યાદ કરશે તો તેનો ઉદ્ધાર થશે. આવું ઉત્સવનું શ્રેષ્ઠ ફળ છે. ૨૯.** સંસારી નરનારીઓ

જ્યાં ત્યાં મેળાઓમાં ભેળાં થાય છે ત્યારે તેઓ જમપુરીની નજીક થાય એવી તેમની ભાવનાઓ હોય છે. ૩૦. **તેઓએ તીર્થ અને ઉત્સવનું બહાનું લીધું હોય છે, પણ મનમાં વિષયની વાત રહેલી હોય છે. એવા એકસરખી રુચિવાળા ગુરુ અને શિષ્યો બધા ભેળા થાય છે. તેમાં વિષયની અરુચિ કોઈ કરતા નથી. ૩૧.** જ્યાં સુધી વિષય તરફ લોકોની દોટ રહે છે ત્યાં સુધી તેને સંસારનું ભટકણ રહે છે. વિષય અને ધન ઉપર જીવને જેવી દોડ રહે છે તેવી દોડ, ૩૨.

चोपाई :

सत्संग ताकु करने हीता, एसे दोर करे जन चीता;
जन ताके तब होत उद्धारा, संशय तामें नहीं लगारा...३३

જ્યારે માણસના ચિત્તમાં સત્સંગ કરવાને માટે થાય છે ત્યારે તેનો ઉદ્ધાર થાય છે, એમાં લગાર પણ સંશય નથી. ૩૩. રાતને લીધે દિવસનો પ્રતાપ વધારે દેખાય છે. જ્યાં જેટલો કુસંગ રહે છે તેટલું ત્યાં રાતનું ઘાટું અંધારું રહે છે. ૩૪. જ્યારે માણસ સત્સંગ કરે છે ત્યારે તેના અંતરમાં અજવાળું થાય છે અને દિવસ કરતાં પણ અધિક પ્રકાશ થાય છે. અને સત્સંગના અજવાળાથી કુસંગરૂપી રાતનો નાશ થઈ જાય છે. ૩૫.

અમે જે ઉત્સવ કરીએ છીએ તેનાથી કુસંગનું બળ ઘટી જાય છે અને સત્સંગનું બળ વૃદ્ધિ પામે છે અને ઉત્સવ કરવાથી સત્સંગની ઘણી વૃદ્ધિ થાય છે. ૩૬. ઉત્સવમાં સત્સંગનું વર્તન દેખીને મુમુક્ષુ મનુષ્યોને સત્સંગને સ્વીકારવાની મનમાં ભાવના થાય છે. ૩૭. જેટલા કુસંગવાળા ગુરુ હોય છે તેમને વિષય અને ધન તરફ દોડ હોય છે. એટલે વિષય અને ધનના લોભને લીધે શુભમતિને તેઓ તોડી નાખે છે. ૩૮. જેટલા ગૃહસ્થો છે તેની બુદ્ધિ શુભ હોય છે, પણ જેવા ગુરુ મળે છે તેવી તેની મતિ કરી નાંખે છે. ૩૯.

જેટલા ગૃહસ્થો છે તે તો શુદ્ધ સોનાના જેવા છે. તેને જેવા ગુરુ મળે છે તેવી તેની બુદ્ધિ કરી નાંખે છે. ૪૦. વિષયી ગુરુઓ પથ્થરની નાવ જેવા છે અને અવિવેકી ગૃહસ્થો તેવા નાવને પણ સત્ય-સારું જાણે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ફૂલદોળની પૂર્વતૈયારી અને ભક્તોએ શ્રીહરિને માટે કરાવેલાં વસ્ત્રાલંકાર' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર સોળમું, તરંગ - ૫૧

ઉત્સવ પહેલા સીધું-સામાન વગેરેની વ્યવસ્થા અને સેવાની રીત

વડતાલના હરિભક્તોને ફૂલદોળના ઉત્સવમાં આવશું, તેવી વિગતનો પત્ર લખીને આપ્યો. પછી તેઓ શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને ચાલતા થયા. ૧. તે દિવસોમાં ભાઈ રામદાસજીસ્વામી વડતાલ આવ્યા હતા. ત્યારે ગઢપુરથી આવેલા ભક્તોએ તત્કાળ તેમને શ્રીહરિનો પત્ર આપ્યો. ૨. ભાઈસ્વામીએ શ્રીહરિના પત્રને મસ્તક ઉપર ચઢાવ્યો. મનમાં ઘણા રાજી થયા અને ગામના બધા પાટીદારોને બોલાવ્યા. ૩. જોબનપગી, નારાયણગિરિ ગોસાઈ વગેરેને તરત બોલાવ્યા અને તે સહુને રામદાસસ્વામીએ પત્ર બતાવ્યો. ૪. પત્રમાં વડતાલના આગેવાન જે ભક્તો હતા, તે સહુનાં નામ શ્રીહરિએ લખ્યાં હતાં. અને લખ્યું હતું કે, રામદાસજીસ્વામી જે રીતે કહે તે રીતે બધા હરિભક્તો કરજો. ૫.

એ રીતે પત્રમાં જેટલી વાત લખી હતી, તે બધી હરિભક્તોને સંભળાવી. હુતાશનીનો ઉત્સવ વડતાલમાં કરવાનું ઠેરાવ્યું હતું. ૬. વડતાલનાં બાઈભાઈ જે બધાં હરિભક્તો હતાં, તેઓ ખૂબ ખૂબ ઉત્સાહિત થઈ ગયાં અને ભાઈ રામદાસજીસ્વામીને કહેવા લાગ્યા, ૭. 'આપ જેમ કહેશો તે પ્રમાણે અમે બધા કરશું. અમારા મનમાં જેવો ભાવ હતો તે પ્રમાણે જ શ્રીહરિએ કર્યું છે. ૮. **અત્યારે જો અમે સેવા ન કરીએ તો અમારામાં તેટલી ખોટ છે.' આવું બોલીને વડતાલના હરિભક્તો સેવા કરવામાં સાવધાન અને તત્પર થઈ ગયા. ૯.** ભાઈ રામદાસજીસ્વામીએ આનંદાનંદસ્વામીને બોલાવીને પંદર દિવસ સુધી સંતો જમે તેટલો રસોઈનો સામાન તેમની પાસે મગાવ્યો. તેમને સેવા કરવામાં ઘણો જ ઉત્સાહ હતો. અને તેમના કહેવાથી ચરોતરના

જે મોટા મોટા પાટીદાર હરિભક્તો હતા, ૧૦-૧૧. તેઓ ગોળ, ખાંડ અને સાકર ગાડાં ભરી ભરીને લાવ્યા. કેટલીક તુવેરની દાળ લાવ્યા. ચણા અને વાલ પણ ભેગા કરાવ્યાં. ૧૨.

બારા અને ભાલના જે હરિભક્તો હતા, તેમની પાસે ઘઉં અને ઘાસના મનમાન્યાં ગાડાં ભરાવીને લાવ્યા. ૧૩. બારકોશી વિસ્તારના હરિભક્તો ઘણી સુંદર જાતની કમોદ(ચોખાની એક જાત)નાં ગાડાં ભરીને લાવ્યા. ૧૪. દંઢાવ્ય દેશના હરિભક્તો ગાડામાં ભરીને ઘી લાવ્યા. ૧૫. ઠાસરા અને ઘોડાસર પ્રદેશના હરિભક્તો પોતાની શક્તિ કરતાં વધારે મહેનત કરીને કેસુડાનાં ગાડાં ભરીને લાવ્યા. ૧૬. શ્રીનગર, વડોદરા, સુરત અને મુંબઈના હરિભક્તો પતંગ અને ગુલાલ લાવ્યા, તેથી તેના મોટા ગંજના ગંજ ભરાઈ ગયા. ૧૭. નર્મદા નદીને કાંઠે ભદામ ગામના હરિભક્ત પાટીદાર દાલજીભાઈ અમીન પટેલ કહેવાતા હતા. ૧૮. તેઓ પિચકારીઓ કરવા માટે વાંસ લઈને આવ્યા. તેમના દિલમાં ઘણો જ હરખ હતો. હરિભક્તો જે સેવા કરતા હતા, તે પોતાને ધન્યભાગ્ય માનતા હતા. ૧૯.

શ્રીહરિની સેવા કરવામાં ભક્તોને દિનપ્રતિદિન હરખ રહેતો હતો. જ્યારે તેઓ જેટલી વાર સેવા કરતા હતા ત્યારે તેમને પોતાના શરીરને સંભાળવાનું ભાન પણ રહેતું નહીં. ૨૦. ઉત્સવની જ્યારે તૈયારી થતી હતી ત્યારે વડતાલની ફરતે સાત સાત કોશ સુધી શ્રીહરિની મૂર્તિ સહુને નેત્રની આગળ ફરતી હોય તેમ દેખાતી હતી. ૨૧. પાટીદાર હરિભક્ત બાઈઓ સંતોને માટે પ્રેમથી જ પાપડ, વડી અને સેવ બનાવવા લાગી. ૨૨. ઉમરેઠ, મહેમદાવાદ, વડથલ, નડિયાદ, ડભાણ, પીજ, વસો, સોજીત્રા, પીપળાવ અને ચાંગા, એ બધા ગામની વિપ્ર હરિભક્ત બાઈઓ શ્રીહરિ અને વર્ણીઓને માટે પાપડ, વડી અને સેવ બનાવવાની સેવા કરતી હતી. અને તે બધી વસ્તુ બનાવવાની રીત જાણતી હતી એવી એ ઘણી ચતુર હતી. ૨૩-૨૪.

બધા બ્રાહ્મણો બ્રાહ્મણોની રીતને જાણતા હોય છે અને હરિભક્ત બ્રાહ્મણો વિશેષ જાણતા હોય છે. તેમાં ક્યારેય ફરક પડતો નથી. ૨૫. ઉત્સવના પંદર દિવસ અગાઉથી શ્રીહરિ, સંતો અને વર્ણીની સેવામાં જે

હરિભક્તો રહ્યા હતા, ૨૬. તેમાં મુખ્ય પગી હરિભક્ત હતા અને અગણિત હરિભક્ત બાઈઓ હતી. તેઓ નાહી-ધોઈને પવિત્ર રહેતી તથા પુરુષના સંસર્ગથી દૂર રહેતી હતી. ૨૭. તે બધા શૂરવીર હતા. ધર્મને મુખ્ય રાખનારા ક્ષત્રિયો હતા. કેટલાક વડતાલ અને કેટલાક બામરોલી ગામના હતા. ૨૮. જાલમસિંહજી વગેરે કેટલાક મોટા મોટા પગી ઠાકોર પાકા હરિભક્ત થયા હતા. જેનો ગણતા પાર આવતો નથી. ૨૯. મહી નદીને બંને કાંઠે, બંને પ્રકારના બારૈયા અને પગી ઠાકોર રહેતા હતા. તેઓ ગામેતી અને જમીનદાર કહેવાતા હતા. ૩૦.

તે જમીનદારો જાડેજા ક્ષત્રિયોની સાથે પુત્રીનો સંબંધ કરતા હતા. અને તેમાં કેટલાક હરિભક્તો હતા, તે મોટા ઉમરાવ ગણાતા હતા. ૩૧. તેમાં કેટલાક તો ચોપદાર, સુખપાલ, ચામર, છત્ર, ડંકા અને નિશાન ઈત્યાદિક રાજચિહ્નોને ધારણ કરનારા મોટા ઠાકોર કહેવાતા હતા. ૩૨. તેમાં જેટલા હરિભક્તો થયા, તે બધાએ દારૂ, માંસ, ચોરી અને પરસ્ત્રીનો ત્યાગ કર્યો હતો અને તે જ્ઞાતિની બાઈઓ પણ તેવી જ સારી હરિભક્ત થઈ હતી. ૩૩. વડતાલ, જોળ, સંજાયા અને બામરોલી ઈત્યાદિક ગામોમાં પગી જ્ઞાતિની કહેવાતી બાઈઓ શ્રીહરિ અને સંતોને માટે ઘઉં દળીને લાવતી હતી અને કમોદને ઓઘાવીને સાફ કરતી હતી. ૩૪. બધી જાતના અનાજને તે સત્સંગી બાઈઓ સાફ કરતી હતી. અને તે વખતે જે બધા ગુજરાતીમાં ગ્રંથ હતા, જેમ કે, **શિક્ષાપત્રી** આદિક, **ઉદ્ધવગીતા**, **સતીગીતા**, છૂટક **કીર્તનો** અને **વચનામૃત** વગેરેને તેઓ વાંચતી હતી અને સેવા કરતા કરતા કીર્તન ગાતી હતી. એક પળવાર પણ શ્રીહરિની મૂર્તિ ભૂલતી ન હતી. ૩૫-૩૬.

શ્રીહરિના અક્ષરધામમાં રહેલા મુક્તો જે રીતે આનંદમાં રહેતા હોય છે. તે રીતે વડતાલમાં આવેલા સેવાભાવી હરિભક્તોના હૃદયમાં સતત આનંદ રહેતો હતો. ૩૭. ઉત્સવની સેવાના પ્રતાપથી અહીંનો સત્સંગ અને અક્ષરધામ, બંને એક દેખાતાં હતાં. ૩૮. શ્રીહરિ ગઢપુરમાં હતા ત્યાંથી વડતાલ જવા તૈયાર થયા. જેટલા કાઠી હરિભક્ત કહેવાતા હતા તે સહુને

સાથે લીધા. ૩૯. ગઢપુરના દાદા ખાચર તથા જીવા ખાચરના મોટા દીકરા દેહા ખાચર અને તેમના ભાઈ મુળુ ખાચરના દીકરા રામ ખાચર, તે શ્રીહરિની સાથે તૈયાર થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ઉત્સવ પહેલા સીધું-સામાન વગેરેની વ્યવસ્થા અને સેવાની રીત કહી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર સોળમું, તરંગ - ૫૨

શ્રીહરિ ગઢપુરથી નીકળીને વડતાલ જતા પીપળાવ પહોંચ્યા

નિમ્ન લિખિત સર્વ ગામના હરિભક્તોને શ્રીહરિએ બોલાવ્યા. તેથી કરિયાણા, ખંભાળા, ગુંદાળા, ઝીંઝાવદર, કારિયાણી, બોટાદ, સારંગપુર, બગડ, નાગડકા, કોટડા, સુંદરિયાણા વગેરે ગામના ખાચર દરબારો, કુંડળના પટગીર દરબારો, એ બધા શ્રીહરિની સાથે વડતાલના સમૈયામાં જવા માટે તૈયાર થઈને ફાગણ સુદિ નવમીની તિથિએ ગઢપુર આવ્યા. ૧-૫.

શ્રીહરિ પછી ગઢપુરથી વડતાલ જવા ચાલતા થયા. સાથે ઘણી મોટી સવારી હતી. તે વખતે શ્રીહરિ વારાફરતી ત્રણ ઘોડીઓ ઉપર, ૬. બેસતા હતા. તે ત્રણેય ઘોડીનાં અલગ અલગ નામ હતાં : એક માણકી, બીજી કેસર અને ત્રીજી ભૂતડી; ભૂતડી ઘોડી સફેદ રંગની હતી. ૭. તે બધા જ અશ્વોમાં ઊંચી અને લાંબી હતી. તેના ઉપર સોનેરી પલાણ મૂક્યું હતું. શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા ત્યારે તેના ઉપર બેઠા અને ખૂબ ખુશ હતા. ૮. બહુનામી શ્રીહરિ પહેલા **કારિયાણી** આવ્યા. ત્યાં રસોઈ જમ્યા. ત્યાંથી **કુંડળ**માં આવીને રાત રહ્યા. મધરાત પછી ત્યાંથી ચાલતા થયા. ૯. આગળ ચાલતા **ખરડ** ગામ આવ્યું. સુખધામ શ્રીહરિ ત્યાં રસોઈ જમ્યા.

તે વખતે સોરઠ, વાળાક, હાલાર, ગોહિલવાડ, એ બધા પ્રદેશોના હરિભક્તો બાઈભાઈ બધાં, ગાડાં જોડી જોડીને ગઢપુરમાં ભેળાં થયાં. ૧૦-૧૧. કાઠિયાવાડનાં બધાં જે ભક્તો બાઈભાઈ કહેવાતાં હતાં, તે બધાં રથ અને

ગાડાં જોડીને શ્રીહરિ ચાલ્યા તેમની પાછળ પાછળ તરત જ ચાલતાં થયાં. ૧૨. હરિભક્તોનો અમાપ સંઘ પહેલા કારિયાણી આવ્યો અને ત્યાં રાત રહ્યો. ૧૩. તે બધો સંઘ મધરાતે ચાલતો થયો. ઝીંઝરમાં આવી તેમણે ટીમણ કર્યું અને આગળ ગાંફમાં આવ્યા. ૧૪.

શ્રીહરિ ખરડથી **પીપળી** ગામમાં આવ્યા અને ત્યાં રાત રોકાયા. પછી સાંજે રસોઈ જમીને પલંગ ઉપર પોઢી ગયા. ૧૫. પીપળીમાં ભવાયા આવ્યા હતા. વસંત અને હોરીનાં ગીત વાજિંત્ર વગાડીને ગાતા હતા. તે ગીતને શ્રીહરિ સાંભળતા રહ્યા. ૧૬. ભવાયાઓએ આખી રાત ગીત ગાયાં. પછી શ્રીહરિએ સવારે તેને પૂછ્યું, 'તમે ગામેગામ રમતા રહો છો. તેમાં તમને શું મળે ?' ૧૭. ત્યારે ભવાયાએ કહ્યું, 'આ કણબીઓના ગામમાં પેટનું ગુજરાન કરીએ છીએ અને જોઈએ તેટલાં તેમાં વસ્ત્ર મળી રહે છે. ૧૮. કણબીના ગામમાંથી પાંચ-દસ રૂપિયા મળે છે અને મુખથી કાંઈ હલકા શબ્દ બોલીએ છીએ ત્યારે કોઈ માણસ અમને પૈસા આપે છે. ૧૯. કરોડો કલ્પ વીતી જાય તોપણ અમે પાપથી ક્યારેય છૂટશું નહીં..! પાપથી છોડાવવાનું તો આપના હાથમાં છે. હે નાથ ! આપ તો મહાન સમર્થ છો. ૨૦.

હવે અમે પાપથી છૂટવા માટે આપની આગળ આજ ગીત ગાશું. બીજા પદાર્થો તો ઘણા મળે છે, તેનો કોઈ પાર રહેતો નથી. ૨૧. અમને પાપથી છોડાવવા, તે આપને માટે સહજ છે અને અમારે માટે ઘણું અશક્ય છે.' ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'જે લોકો સત્સંગ કરે છે અને જે અત્યારે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારને છોડવારૂપ ચાર નિયમોને રાખે છે તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે. તે ઉપરાંત જે જેટલો ભાવ રાખે છે તેટલો તેને વધારે લાભ મળે છે.' ૨૨-૨૩. તે ભવાયાને આમ કહીને તેને વસ્ત્ર તથા ધન આપ્યું. પછી પીપળીથી પોતે ચાલતા થયા.

શ્રીહરિ આગળ **મીતલી** ઉપર થઈને ચાલ્યા અને બધો સંઘ સાબરમતી નદીએ રોકાયો હતો ત્યાં આવ્યા. ૨૪. અને સંઘ બધો ગાંફ હતો તે ત્યાંથી અધરાતે ચાલ્યો અને સૂર્યોદય થતા સાબરમતી આવીને અટક્યો. ૨૫. ત્યાં શ્રીહરિએ સંઘને કહ્યું, 'અમે મોરજ ગામ જઈને રાત રહેશું. તમે બધા

ધીરા ચાલજો.’ ૨૬. શ્રીહરિ સાથેના જે બંદૂકધારી પાર્ષદો હતા, તેમને સંઘની સાથે મૂક્યા અને પછી શ્રીહરિ ચાલતા થયા. ૨૭. એકાદશીને દિવસે બધો સંઘ નદીને ઊતર્યો અને જ્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું ત્યાં સહુ હરિભક્તોએ સ્નાન કર્યું. ૨૮. શ્રીહરિ અને સહુ સંતોએ સ્નાન કર્યું. તે પછી માનસીપૂજા કરી અને તેમાં ભગવાનને નૈવેદ્યમાં બરફી, પેંડા અને શ્રીફળ વગેરે ધરાવ્યાં. ૨૯. ફરાળમાં ખજૂર સહુ લાવ્યા હતા. કેટલાક ભક્તો ફરાળ કરતા હતા અને કેટલાક સાંખ્યયોગી ભક્તો હતા તે ક્યારેય ફરાળ કરતા ન હતા. ૩૦.

ફરાળ કરીને તે વખતે તત્પર થઈને સહુ ચાલતા થયા. **ગુડેલ** ગામ આવ્યા. ત્યાં રાત રહ્યા અને જાગરણ કર્યું. ૩૧. મધરાત સુધી સહુએ જાગરણ કર્યું. પછી સહુ સૂઈ ગયા. દિવસ ઊગ્યો ત્યારે સ્નાન કરીને સહુએ માનસીપૂજા કરી લીધી. ૩૨. ત્યાં પારણાં કરીને સહુ ચાલ્યા. આગળ પીપળાવ ગામ જઈને ત્યાં રાત રહ્યા. પરમ સુખદાયક શ્રીહરિ **પીપળાવ** આવીને સંઘની સાથે રાત રહ્યા. ૩૩. શ્રીહરિએ ફરાળનાં પારણાં તો **મોરજ** ગામમાં કર્યા હતા. તે જ્યારે **પીપળાવ** ગામ આવ્યા, ત્યારે ગામના બધા પાટીદારો ઢોલ, તાંસાં, ભૂંગળ, ભેરી, રણશિંગી, ઘણી શરણાઈઓ વગેરેને વગડાવતાં વગડાવતાં શ્રીહરિની સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરીને પરમ સુખ પ્રાપ્ત કર્યું. ૩૪-૩૫.

નારાયણદાસ નામે વીરસદના એક અમીન પાટીદાર હતા. તેનું પીપળાવ વતન હતું, તેથી તેઓ પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૬. ઈસણાવના મુખી પટેલને શ્રીહરિ ઉપર ખૂબ જ પ્રેમભાવ હતો, એટલે તેઓ પણ શ્રીહરિની સન્મુખ આવ્યા અને તેમણે ઘણો લાભ લીધો. ૩૭. તેઓ પોતાની સાથે ઢોલ અને તાંસાવાળાને લાવ્યા હતા. તેમણે આવીને શ્રીહરિના ચરણમાં શ્રીફળ ધર્યાં. પછી શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા. ૩૮. જે સન્મુખ આવ્યા હતા, તે બધા ફૂલના સુંદર હાર લાવ્યા હતા. તેઓએ ઘણા પ્રેમભાવથી તે હાર શ્રીહરિને પહેરાવ્યા. ૩૯. પછી પીપળાવ ગામની વચ્ચે થઈને શ્રીહરિ ચાલ્યા. તે વખતે બધી સવારી સાથે હતી અને અંગ ઉપર સોનેરી વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરથી નીકળીને વડતાલ જતા પીપળાવ પહોંચ્યા' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥પર॥



પૂર સોળમું, તરંગ - ૫૩

વડતાલ જતા શ્રીહરિ સંઘ સાથે પીપળાવમાં રાત રોકાયા

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ પીપળાવ ગામમાં આવ્યા. અપાર મશાલો કરી હતી, તેથી અત્યંત શોભા થઈ હતી. ૧. ગામમાં જેટલા મનુષ્યો હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુએ ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨. ગામની જેટલી ભાવનાવાળી બાઈઓ હતી, તેમણે મોતીના થાળ ભરી ભરીને ધર્મના લાલ સુંદરશ્યામ શ્રીહરિને ઘણા જ પ્રેમભાવથી વધાવ્યા હતા. ૩. તે રીતે જ જે ભાવિક પુરુષો હતા, તેમણે બધાએ ફૂલના હાર અત્યંત પ્રેમભાવથી શ્રીહરિને પહેરાવ્યા. ૪. ઈસણાવ અને પીપળાવ, બંને ગામની બજારમાં જે ભાવિક ભક્તજનો હતા, તેઓ ગુલાલના થાળ ભરી ભરીને લાવ્યા હતા અને સવારી ઉપર ઉડાડતા હતા. ૫. શ્રીહરિ ગામથી બહાર નીકળ્યા ત્યાં સુધી ગુલાલ ઉડાડતા હતા. તેથી સવારી, બજાર અને બીજા બધા લોકો ગુલાલ ગુલાલ થઈ ગયા હતા. ૬.

શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તે સવારીની આગળના ભાગમાં બંદૂક ભરી ભરીને હેતથી અવાજ કરતા હતા. ૭. વનમાં રહેલાં વૃક્ષો અને બધું આકાશ બંદૂકના અવાજથી ગર્જી રહ્યું હતું. આવી રીતે શ્રીહરિ સંઘની પાસે આવ્યા અને સંઘની એક બાજુએ ઊતર્યા. ૮. સરોવરની પૂર્વ તરફના ભાગમાં શ્રીહરિ ઊતર્યા. ત્યાં વડલાની છાયા હતી અને માથોડું(પાંચ-છ ફૂટ) ઊંચો એક ચોતરો હતો. ૯. તે ચોતરા ઉપર એક પલંગ બિછાવી દીધો. પછી શ્રીહરિ તે ચોતરા ઉપર બેઠા. જે પાટીદારો બધા ભક્તિભાવવાળા હતા, તેમણે વિપ્ર હરિભક્તોની પાસે કંસારની રસોઈ ઘણા ઉત્સાહથી કરાવી. ત્યાં પ્રભાશંકર અને લક્ષ્મીરામ તથા બીજા પણ વિપ્ર હરિભક્તો હતા. ૧૦-૧૧.

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ત્યાં આવીને જમ્યા. કંસાર, ભાત અને દાળ પહેલા જમ્યા. પછી દૂધ, ભાત અને સાકર જમ્યા. ૧૨. તે પછી કાઠી-દરબારો અને બધા પાર્ષદો જમ્યા. આ રીતે પીપળાવ ગામના હરિભક્તોએ શ્રીહરિની ઘણી સેવા કરી. ૧૩. આ રીતે જ શ્રીહરિ જ્યારે આવતા ત્યારે બે-ચાર વાર ત્યાં રાત રહ્યા હતા અને ગામના ભાવિક ભક્તજનોએ ઘણી સેવા કરી હતી. ૧૪. શ્રીહરિ પીપળાવમાં ઘણીવાર આવ્યા હતા. બધું લખી શકાતું નથી. ભક્તોએ શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા હતા. તેનો લખતા પાર કોણ લઈ શકે? ૧૫. સંક્ષેપથી આ વાત કહું છું. ક્યારેય બધું લખી શકાતું નથી. જેટલી બુદ્ધિ અને શક્તિ હોય તેટલી વાત લખાય છે. ૧૬. **શ્રીહરિ, સંતો અને હરિભક્તોની વાતો એક એકથી અપાર છે. અપારનો પાર અલ્પ હોય તે લઈ શકે નહીં. ૧૭.**

કરોડો પ્રાકૃત પ્રલય થાય, તેટલું આયુષ્ય મળે તોપણ તે આયુષ્યથી શ્રીહરિ, સંતો અને હરિભક્તોની વાત લખી શકાય નહીં. ૧૮. આટલી વાત આ વખતની જે બાકી હતી તે પીપળાવની વાત સંક્ષેપમાં કહી. શ્રીહરિ જે વખતે પીપળાવમાં આવ્યા, ૧૯. ત્યારે વડતાલમાં સંતો અને ભક્તોને શ્રીહરિ પધાર્યાના સમાચાર મળ્યા. એટલે તેઓ બધા વડતાલથી ચાલતા થયા અને જ્યાં શ્રીહરિ હતા ત્યાં બધા આવ્યા. ૨૦. જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે સહુએ શ્રીહરિનાં દર્શન પીપળાવમાં કર્યાં. તે સમયે જમીન ઉપર પલંગ બિછાવ્યો હતો અને તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. ૨૧. ત્યારે ચંદ્રમાનો પ્રકાશ સૂર્યના જેવો ઘણો ઉજ્જવળ હતો. તે સમયે શ્રીહરિએ જામનગરનો ભારે ગૂઢો રેટો પહેર્યો હતો. ૨૨. ગુલાબી રંગનો જરિયાની થોડો નાનો ફેંટો મસ્તક ઉપર પ્યારા શ્રીહરિએ બાંધ્યો હતો અને જામનગરની વિચિત્ર ભાતોવાળી બોરી તે વખતે ઓઢી હતી. ૨૩.

આનંદાનંદસ્વામી જેમાં મુખ્ય હતા, તેવા બધા સંતો શ્રીહરિના ચરણમાં પડ્યા અને જેટલા હરિભક્તો આવ્યા હતા, તેઓ પણ બધા શ્રીહરિના ચરણમાં પડ્યા. ૨૪. જે ફૂલના હાર લાવ્યા હતા તે બધા શ્રીહરિને પહેરાવ્યા અને એક એક હાર શ્રીહરિએ સંતોને અપાવડાવ્યા. ૨૫. બીજા જે વધારાના હાર હતા

તે બધા હરિભક્તોને આપ્યા. તે પછી સુંદર અમૃતમય મધુર વચન બોલ્યા. ૨૬. પછી શ્રીહરિએ આનંદાનંદસ્વામીને પ્રેમભાવથી કહ્યું, 'અમે તમને જે કહ્યું હતું, તે બધું તમે કર્યું હોય તો તે કહો.' ૨૭. ત્યારે સ્વામીએ કહ્યું, 'આપે જે લખ્યું હતું તે બધું અમે કરી દીધું છે. કોઈ વાત બાકી રહી નથી. હવે જેમ આપ કહેશો તેમ અમે કરશું.' ૨૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આપણા જે બધા સંતો છે તે બધા કર(હાથરૂપી)પાત્ર રાખે છે. ત્યાગી સાધુની આ ઘણી ઉત્તમ રીત છે. કોઈ વસ્તુનો સંગ્રહ ન કરવો, તે ત્યાગીને માટે ઉચિત છે. ૨૯.

चोपाई :

त्यागी होई संग्रह रखत जितना, बंधन कलेश तामें रहे तितना;
कलेश तितनो रहे अज्ञाना, सब जन कु नहि आवत जाना...३०
भगवान बिन जो वस्तु तामें, जितनो सुख मनावत यामें;
देखावत सुख तितनो जोऊ, मूर्तिमान कलेश रहे सोऊ...३१
भगवान बिन ओर वस्तु ताके, अभाव जिहाँ लग भये न वाके;
तिहाँ लग बालबुद्धि रहे ताई, सत्संग एक दिन न करत रहाई...३२

ત્યાગી થઈને જેટલો સંગ્રહ રાખે છે તેટલું તેને તેમાં બંધન અને કલેશ રહે છે. અને જેટલો કલેશ થાય છે તેટલું તેમાં અજ્ઞાન રહ્યું છે. પરંતુ બધા લોકોને તેની ખબર પડતી નથી. ૩૦. **ભગવાન સિવાયની વસ્તુમાં જેટલું સુખ મનાય છે અને સુખ દેખાય છે તેટલો તેમાં મૂર્તિમાન કલેશ રહ્યો છે. ૩૧. ભગવાન સિવાય બીજી વસ્તુનો જ્યાં સુધી અભાવ નથી થયો ત્યાં સુધી તે બાળબુદ્ધિ છે. અને તેણે એક દિવસ પણ સત્સંગ કર્યો નથી. ૩૨.**

જ્યારે ભગવાનથી અધિક કોઈ વસ્તુ મનમાં ન રહે ત્યારે તે માયાને તરી ગયો છે. આવી સમજણ સિદ્ધ કરવા માટે જ તો અપાર સાધન કહ્યાં છે. ૩૩. અને આવી સમજણ જ્યારે પ્રાપ્ત થઈ જાય છે ત્યારે સત્સંગનું ફળ તેને મળ્યું ગણાય છે. તેમજ ભગવાન સિવાય અન્ય જે પદાર્થ છે, તેનાથી ચિત્તમાં જો વિક્ષેપ ન થાય તો તેને સમજણનો છેડો આવી ગયો માનવો. એમ અમે ઘણું શોધી વિચારીને આટલો સાર મેળવ્યો છે. મન અને બુદ્ધિની જેટલી દોડ છે તે બધી ભગવાનમાં આવીને અટકી રહે, એમાં જ

જીવનું હિત છે.૩૪-૩૫. તેથી ભગવાનમાં મન અને બુદ્ધિને રોકવા માટે અમે હેતથી ઉત્સવ કરીએ છીએ. અમે નવીન નવીન અપાર ઉત્સવ કરીએ છીએ. તેનો કોઈ પાર પામતા નથી. ૩૬.

दोहा : संत हरिजन की वृति में, भगवान बिन जेतो;
उलक मल अरु विष सम ही, देखावे सत्य तेतो...३७
हमारे जन्म धरनके, चरित्र करनके जोउ;
अभिप्राय रहे इतने, एहि बिन रहे न कोउ...३८

અમે સંતો અને હરિભક્તોની વૃત્તિમાં ભગવાન સિવાયના વિષયોને ઊલટી, મળ અને ઝેરના જેવા દેખાડવાનું સત્ય ધાર્યું છે. ૩૭. અમારો જન્મ ધરવાનો અને ચરિત્ર કરવાનો અભિપ્રાય પણ એટલો જ છે કે ભક્તોના હૃદયમાં ભગવાન સિવાયનું ઝેર જેવું લાગે. તે સિવાય બીજો કોઈ હેતુ નથી. ૩૮. કહ્યા વિના તો બ્રહ્મા જેવા બુદ્ધિશાળીને પણ કોઈ દિવસ ખબર પડતી નથી. કેમ જે, મનુષ્યો તો માયાને આધીન છે. તે તો પોતાના જેવા જ બીજાને સમજી લે છે.' ૩૯. શ્રીહરિ કહે, 'અમે જે જે વાતો કરીએ છીએ તે સહુ લોકોને માયાના આવરણથી પાર કરવા માટે કરીએ છીએ; પણ લોકોને તે દેખાતું નથી. તેથી અમારી વાતને વ્યાવહારિક વાત સમજે છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'વડતાલ જતા શ્રીહરિ સંઘ સાથે પીપળાવમાં રાત રોકાયા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥

પૂર સોળમું, તરંગ - ૫૪

શ્રીહરિએ બ્રહ્મભાવે ભગવાનની ભક્તિ કરવી, તેવું શાસ્ત્રનું રહસ્ય કહ્યું

વળી, શ્રીહરિએ આનંદાનંદસ્વામીની આગળ ફરીવાર વાત કરી, 'બધા સંતો અમને રાજી કરવા માટે આટલો બધો ત્યાગ રાખે છે. ૧. **ભગવાનને રાજી કરવા માટે જે સંતો ત્યાગ રાખે છે તે સંતો તેટલા ભગવન્નિષ્ઠ છે અને સહુથી શ્રેષ્ઠ છે. ૨. જેઓ ત્યાગનિષ્ઠ, યોગનિષ્ઠ અને જ્ઞાનનિષ્ઠ હોય છે,**

તે બધા ભગવન્નિષ્ઠ સંતોથી ન્યૂન ગણાય છે. ૩. જે તેજનિષ્ઠ છે તે તેજ વિનાના આકારમાત્રને માયિક કહે છે અને બધા વિધિનિષેધને કલ્પિત કહે છે. ૪. જે મૂર્તિ વગર એકલા તેજને જ કહે છે, તે તો અજ્ઞાનીઓમાં પણ અતિશય અજ્ઞાની છે. તારા, ચંદ્ર અને સૂર્યમાં જેટલું તેજ દેખાય છે, તે તેજ મૂર્તિ વગરનું નથી, પણ દૂરથી મૂર્તિ દેખાતી નથી. કેટલીક માયિક બાબતો પણ બુદ્ધિના તર્કમાં ક્યારેય આવતી નથી, તો અમાયિક વાત તો ક્યાંથી સમજ્યામાં આવે ? ૫-૬.

શરીરમાં નખથી શિખા પર્યંત જીવ રહ્યો છે, તે રોમેરોમમાં જણાય છે અને સામાન્યપણે તથા વિશેષપણે જે રહ્યો છે તે બુદ્ધિમાનને દેખાઈ આવે છે. ૭. જ્યારે કોઈ રૂંવાડાને ઉખાડી નાખવામાં આવે તો તેનાથી જીવને કાંઈ દુઃખ થતું નથી. જ્યાં સુધી હાથ-પગ કપાઈ જાય ત્યાં સુધી તો જીવ શરીરમાં રહે છે, પણ કંઠ કે હૃદય જો કપાય તો તરત જ જીવ શરીરનો ત્યાગ કરી દે છે. જીવ કંઠ અને હૃદયમાં વિશેષપણે રહ્યો છે, તે સહુને દેખાઈ આવે છે. ૮-૯. કેટલીક વાત દૃષ્ટાંત આપીને યથાર્થરૂપમાં જોઈ જાણી શકાય છે. દૃષ્ટાંતથી પણ જે ન સમજે તે મનુષ્ય હોય તોપણ પશુ જેવો છે. ૧૦. જે માણસ પશુ જેવો હોય છે તેને શાસ્ત્રનો ઉપદેશ લાગતો નથી. તે પશુ જેવા મનુષ્યને શાસ્ત્રે કહેલો સવળો ઉપદેશ, ૧૧. સત્સંગના જોગ વિના અવળો સમજાય છે. વેદ અને પુરાણ વગેરે અપાર શાસ્ત્રને ભણવામાં આવે, પણ સત્સંગના જોગ વિના ગમે તેવી વાત હોય તે બધી નિષ્ફળ રહે છે; તેવું જોવામાં આવે છે. ૧૨-૧૩.

दोहा : भगवान अरु सत्संग हि, जीवन दोउ रहेउ;
श्रोत्र नेत्र रहे दोउ यह, दो बिन कछु न भयेउ...१४

ભગવાન અને સત્સંગ એ બંને મનુષ્યનું જીવન છે. તે બંને મનુષ્યજીવનમાં શ્રોત્ર અને નેત્ર જેવા રહ્યા છે. આ બે વિના જીવનમાં કશું હોતું નથી. ૧૪. વ્યાવહારિક બાબતમાં તો અંગ્રેજોની બુદ્ધિ અગાધ રહી છે. બીજા મનુષ્યોમાં તેટલી દેખાતી નથી. ૧૫. આ જગતમાં કોઈ પરમેશ્વર છે. તેના સત્યસંકલ્પથી આ જગતની સૃષ્ટિ થઈ રહી છે અને તે પરમેશ્વર સિવાય

કાંઈ બનતું નથી, ૧૬. આટલી પરમેશ્વર બાબતની આવી વાતને જે સમજે છે, તેમાં અગાધ બુદ્ધિ રહી છે. આટલી વાત જોયા પછી તે પરમેશ્વરને પ્રસન્ન કરે છે, ૧૭. એટલામાં શ્રીહરિ તેમને વ્યવહારિક બાબતમાં સૂજબૂજ આપે છે અને પરમેશ્વરનું આટલું જ્ઞાન જેને નથી રહેતું, તેની દૃષ્ટિને પરમેશ્વર હરી લે છે. ૧૮. **પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના કરવી. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને જે સંસારના દુઃખને હરનારા એવા શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન નથી કરતો તે કૃતઘ્નીમાં પણ મોટો કૃતઘ્ની છે. જેમાં શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના કહેવામાં આવે છે તેટલા વેદાંતના ગ્રંથ સાચા છે. ૧૯-૨૦.**

જેમાં શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસનાવાળી વાત ન હોય તેવા વેદાંતના ચાહે તેવા ગ્રંથ હોય અથવા ચાહે તેવા શ્રુતિ અને સ્મૃતિના પ્રમાણવાળાં ભાષ્યો હોય, તોપણ જીવ અને પરમેશ્વરને એક કહેતાં હોય એવા શ્રુતિ અને સ્મૃતિમાં શ્રીરામચંદ્રજી અને વસિષ્ઠના ભલે ચાહે તેવા સંવાદ હોય, તોપણ આપણા સત્સંગમાં જે સંતો, હરિભક્તો, વર્ણી અને સંન્યાસીઓ છે તેમણે તેવા જીવ અને પરમેશ્વરને એક કહેનારા વેદાંતના ગ્રંથોને ક્યારેય સાંભળવા નહીં. આટલું અમારું વચન તમારે સહુએ, અત્યંત દૃઢ કરીને રાખવું. આ વાત અમે તમને હેતથી કહીએ છીએ. એક પણ નિયમ-ધર્મ રાખ્યા વિના મોક્ષ બતાવનારા અનેક પાખંડી ગુરુઓ છે. ૨૧-૨૪.

ઘણા અત્યંત વૃદ્ધ જે આત્માનંદસ્વામી હતા, તેઓ છએ ચક્રોમાં મૂર્તિમાન ધારણા કરતા હતા. ૨૫. તેમનો જેટલો પ્રતાપ હતો, તે તેમણે ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીને ઘણા પ્રેમથી બતાવ્યો હતો. ૨૬. આત્માનંદસ્વામીમાં જેટલી સારભૂત વાત હતી, તેને રામાનંદસ્વામીએ ગ્રહણ કરી હતી અને સારહીન વાતોનો ત્યાગ કર્યો હતો. ૨૭. શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં જે મુક્તો રહ્યા છે તેનાં સ્વરૂપ બ્રહ્મમય છે અને તે બધા દિવ્ય સુખ-શાંતિવાળા છે. ૨૮. વેદાંતના ગ્રંથોમાં ભલે અપાર જ્ઞાન રહ્યું હોય, પણ તે જો અનંત યુક્તિઓ લાવીને જીવ અને ઈશ્વરને એક કહેતા હોય અને અનંત યુક્તિઓએ કરીને ભગવાન અને બીજા દેવતાઓનું ખંડન કરતા હોય, ૨૯.

ભગવાનનાં મુખથી તે ખંડનની વાતો કહેતા હોય, તેવા શબ્દોને જે કાનથી સાંભળવામાં આવે છે, તો સાંભળનારાનું અંતઃકરણ તેવું થઈ જાય છે. ૩૦.

જગતમાં કોઈને કોઈ ગાળ દે કે અપમાનજનક શબ્દ કહે તો તે અપશબ્દમાં એવો ગુણ રહ્યો છે કે સાંભળનારાનું અંતર તેવું થઈ જાય છે. ૩૧. કદાચ કોઈ વિશુદ્ધ શ્રેષ્ઠ શબ્દ સાંભળવામાં આવે તો સાંભળનારાનું મન ઘણું ખુશ થઈ જાય છે. **જે શબ્દમાં જેવા ગુણ રહ્યા હોય છે, તે સાંભળનારના અંતરને તેવું કરી દે છે.** ૩૨. જે ગ્રંથોમાં ઠેક ઠેકાણે ભગવાન કે મોટાપુરુષને નામે વિષય, માંસ અને દારૂની વાત ખુલ્લી કહેવામાં આવી હોય, તેવા ગ્રંથને ક્યારેય સાંભળવા નહિ અને ક્યારેય વાંચવા નહીં. અને જે સદ્‌ગ્રંથને વાંચવા કે ભણવાથી ધર્મ અને ભક્તિમાં મતિ સ્થિર થતી હોય, ભગવાનનાં સ્વરૂપ સંબંધી જ્ઞાનમાં દિનપ્રતિદિન મતિ સ્થિર થતી હોય, વળી ભગવાનમાં અત્યંત પ્રેમ થાય, જગતમાંથી વૈરાગ્ય થાય એવી રીત તે ગ્રંથોમાંથી સંતો તથા હરિભક્તોએ શીખવી. અને તેવા ગ્રંથો જ વાંચવા, સાંભળવા. આ અમારા વચનને ક્યારેય ભૂલવું નહિ અને આ મારું વચન જો તમે ભૂલી જશો તો તમારું કર્યું તમે જાણો..! ૩૩-૩૬.

જે ગ્રંથોમાં પોતપોતાના વર્ણાશ્રમની મર્યાદાનો કોઈ લોપ ન થાય, એવા સદ્‌ગ્રંથોનાં વચનોને અમૃતથી અધિક જાણી પાન કરવાં તથા તેવા મનુષ્યોનો સંગ કરવો. ૩૭-૩૮. જે સત્સંગને ભવબ્રહ્માદિક પણ ઈચ્છે છે, એવો સત્સંગ થવો તે મનુષ્ય શરીરનું સૌથી શ્રેષ્ઠ આભૂષણ છે. ૩૯. આવો સત્સંગ મળ્યા પછી પણ જેનું મન ઉત્સાહહીન રહેતું હોય તો તેને કોઈ પૂર્વે મોટાપુરુષનો ઘોર અપરાધ થયો હશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ બ્રહ્મભાવે ભગવાનની ભક્તિ કરવી તેવું શાસ્ત્રનું રહસ્ય કહ્યું' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ||૫૪||



પૂર સોળમું, તરંગ - ૫૫

શ્રીહરિએ સંતોને પીરસવું, ભેટવું અને અંત સમે ભક્તને દર્શન દેવા એ પોતાના નિયમોની વાત કહી

☀ શ્રીહરિ સંતો માટે પ્રગટ થાય છે :

दोहा : भगवत निष्ठ हि संत जो, हरि संग रहे तान;
हरि कहे एसे संग हि, करत यह बुद्धि मान...०१
भगवत निष्ठ संत से, कोउ न अधिक बात;
भगवान एसे हित जो, प्रगट होवत रहात...०२

ભગવન્નિષ્ઠ જે સંતો છે તેમને એક ભગવાનમાં જ તાન રહે છે. શ્રીહરિ કહે, આવા સંતોનો જે સમાગમ કરે છે તે બુદ્ધિમાન છે. ૧. ભગવાનપરાયણ સંતથી કોઈ પણ બાબત વિશેષ ઉત્તમ નથી. આવા સંતોને માટે જ ભગવાન પ્રગટ થતા રહે છે. ૨. **અને તેવા ભગવન્નિષ્ઠ સંતની સેવા કરવા માટે અમને અત્યંત ભાવ રહે છે અને તેવી સેવા કરવાનો અમે અવકાશ શોધતા રહીએ છીએ. ૩. શોધતા શોધતા સંતોની સેવાનો અમને એક(૧) અવકાશ મળ્યો છે કે, જિંદગીભર અમારે હરેક સમૈયામાં સંતોને જમાડવા માટે કોઈ હરિભક્ત જ્યારે પ્રેમથી રસોઈ આપે ત્યારે અમારે ભાવથી સંતોને પીરસવું. ૪-૫.**

☀ શ્રીહરિએ પોતાના ત્રણ નિયમો કહ્યા :

અમે જ્યારથી સત્સંગમાં આવ્યા છીએ ત્યારથી તે નિયમ રાખ્યો છે અને તે પણ શ્રદ્ધાપૂર્વક રાખ્યો છે. કોઈ દિવસ તેને ભૂલતા નથી. ૬.શરીરમાં જ્યારે કાંઈ ઘણી બીમારી હોય ત્યારે તે નિયમનો નિર્ધાર રહેતો નથી અને કોઈ વિષમ દેશકાળ આવે તો તે અમારા નિયમને તોડી નાખે છે. ૭. સંતોને પીરસવાનો અમારો નિયમ જ્યારે તૂટે છે ત્યારે મનમાં કાંઈ સુખ રહેતું નથી. ઘણું દુઃખ થાય છે. આવો જે અમારો નિયમ છે, તે અમે આજ અમારા મુખથી જાહેર કર્યો છે. ૮. (૨) આ સિવાય અમારો બીજો નિયમ એ છે કે 'દરેક સમૈયામાં અમારે સંતોને એકવાર તો બાથમાં લઈને ભેટવું.' તે આજ સુધી કોઈની આગળ અમે કહ્યું નથી. ૯.

चोपाई :

धर्मकुल आश्रित भये जितना, विप्र से अंतज लग हि तितना;
अंत समे देना दरशन ताई, देशकाल यामें न देखत रहाई...१०
चाय तिहाँ देह छूटे वाके, समीप मूर्ति मम जावत ताके;
स्मृति रहो न रहो ताकू, मूर्ति मेरी न भूलत वाकू...११

(૩) જે કોઈ પણ મનુષ્ય, બ્રાહ્મણથી લઈને અંત્યજ સુધીનો ધર્મકુળનો અમારો આશ્રિત થયો હોય, તો તેના અંત સમયે જઈને અમારે દર્શન આપવું. તેમાં કોઈ દેશકાળને અમે જોતા નથી. ૧૦. મારા ભક્તનો દેહ ગમે ત્યાં છૂટે, મારી મૂર્તિ તેની પાસે જાય છે. તે ભક્તને દેહનું ભાન હોય કે ન હોય, પણ મારી મૂર્તિ તે ભક્તને ભૂલતી નથી. ૧૧. **ઉપર કહ્યો તે અમારો ત્રીજો નિયમ છે. તે નિયમને અમે ક્યારેય ભૂલી જતા નથી. અમારા શરીરમાં તનની સ્મૃતિ ન રહે એવો ચાહે તેવો કોઈ વ્યાધિ હોય, તોપણ અમે તે નિયમને ભૂલતા નથી. એ વાત ચોક્કસ અમે તમને કહીએ છીએ. જેવા અમે અહીંયાં છીએ તેવા ધામમાં રહ્યા છીએ અને જેવા ધામમાં રહ્યા છીએ તેવા અહીંયાં રહ્યા છીએ, તેમાં તલભાર પણ મિથ્યા કહેતા નથી. આ બાબતને જે મિથ્યા કહે છે તેને અત્યંત પાપ લાગે છે. ૧૨-૧૪.** જે ખોટું બોલે છે તેનો કરોડો કલ્પ સુધી નરકથી ઉદ્ધાર થતો નથી. તેને જમદૂતો ઘણું દુઃખ દે છે ત્યારે તે મુખથી પોકાર કરતો રહે છે. ૧૫.

❋ અલૌકિક ભાવ સાથે કરેલી સેવા સાર્થક છે :

सोरठा : हरि हि संत के हीत, जितनी सेवा करत जेहि;
करी के परम प्रीत, सहाय तितनी करत हि हरि...१६
सेवा करत जो जेति, मन में अलोकिक भाव रख;
निर्थक हि होत न तेति, अर्थ में आत तेति तेह...१७

ભગવાન અને સંત માટે જે જેટલી પરમ પ્રેમથી સેવા કરે છે, તેને ભગવાન તેટલી મદદ કરે છે. મનમાં અલૌકિક ભાવ રાખીને જે ભક્ત જેટલી સેવા કરે છે તે ક્યારેય નિરર્થક જાતી નથી. તે બધી જ તેને ઉપયોગી થાય છે. ૧૬-૧૭. અમે ભગવાન અને ભગવાનના ભક્ત બાબતના સંકલ્પો

વારે વારે અમારા મનમાં કરતા રહીએ છીએ અને તે સિવાયના બીજા સંકલ્પોને અમે નઠારા દેખીએ છીએ. ૧૮. **ભગવાન અને ભગવાનના ભક્ત સિવાયના જેટલા સંકલ્પ થાય છે તેને અમે તેટલી સંસૃતિ(જન્મમરણ વગેરે) માનીએ છીએ. અને તેટલો સમય વૃથા ગયો એમ માનીએ છીએ.** ૧૯. કથા, વાર્તા, કીર્તન અને ભજન-સ્મરણ વગેરે કરવામાં તથા પ્રેમથી ભગવાનની સેવા-પૂજા કરવામાં, ૨૦. તેમજ ઉત્સવ તથા સમૈયા કરવા અને તેમાં સંતોનો સમાગમ કરવો, હરિભક્તોએ પરસ્પર મંદિરમાં ભેળા થવું, ત્યાં અત્યંત હરખથી ભક્તિભાવ સહિત આનંદથી ભગવાનનાં ગુણ-કીર્તન ગાવાં, આ ઉપર કહેલી બાબતોમાં જેટલો સમય વપરાય છે, તે બધો સમય જ લેખે(સફળ) ગયો જાણવો. અને તે સિવાયનો જેટલો સમય છે તે અલેખે(નિષ્ફળ) ગયો જાણવો. ભગવાનના સંબંધ વિનાનો જેટલો સમય જાય છે તે બધો સમય નિષ્ફળ જાય છે. અને જે માણસ મોહ અને મદમાં બેહાલ જેવો થઈને ફરે છે, તેનો અંતકાળ આવે ત્યાં સુધી તેનો મોહ અને મદ ઊતરતા નથી. ૨૧-૨૪.

પછી તે મનુષ્ય જમપુરીમાં જઈને વારંવાર જમના હાથનો ઘણો માર ખાય છે, તેમજ વારંવાર લખચોરાશીનું અત્યંત દુઃખ સહન કરે છે. ૨૫. છતાં પણ સત્સંગના યોગ વિના તેનો અપાર મોહ અને મદ ઊતરતા નથી. આવી તો તે બાબતની કરોડો વાતો છે. ૨૬. સત્સંગ સિવાય ક્યારેય જીવના મોહ અને મદ ઊતરતા નથી. સત્સંગની સમાન તથા અધિક બીજુ કોઈ નથી. આ વાત ચોક્કસ રહી છે. ૨૭. વધારે ને વધારે સત્સંગ કરવા-કરાવવા માટે અમે વારંવાર નવા નવા ઉત્સવ-સમૈયાઓ કરતા રહીએ છીએ. ૨૮. હરિભક્તો રસોઈ આપે છે ત્યારે અમે સંતોને પીરસીએ છીએ, પણ સંતો તે પીરસણને હાથમાં લે છે; તેને જોઈને હરિભક્તોને મનમાં ક્ષોભ થાય છે. ૨૯. હરિભક્તો જે રસોઈ આપે છે તે અમને વારંવાર કહે છે, 'હે હરિ ! જે હરિભક્તોની રસોઈ હોય તેમના મનમાં એવા મનોરથો હોય છે કે સંતો પત્રાવળાં લઈને આગળ મૂકે અને બીજા પડિયાઓ આગળ રાખે, તેમાં આપ પીરસો તો તે જોઈને અમને આનંદ થાય..! ૩૦-૩૧.

તે પછી ભલે સંતોની રીત પ્રમાણે ભોજનને મેળવીને બધા જમે. કેમ જે, બધા સંતો વચનમાં સ્વાદ માને છે અને વચન બહાર રહેવું, તેમાં કુસ્વાદ માને છે.' ૩૨. હરિભક્તો સંતોને રસોઈ આપવામાં અપાર ખર્ચો કરે છે અને અમે અલગ પીરસીએ તે તેમને ગમે છે. તેથી હરિભક્તોના મનને રાજી રાખવા માટે અમે સંતોને પીરસવા આવીએ છીએ. ૩૩. અમે તો જુદું જુદું પીરસીએ છીએ. પછી તમારે સંતોની રીતે જમવું. તમારે સહુએ પોતપોતાનાં પાણીના તુંબડાં ભરીને બેસવું. ૩૪. દુનિયામાં તો ઘણો અનાચાર રહ્યો છે. તેથી આપણે ઉત્સવમાં સાચવીને રહેવું. જ્યારે તમે મંડળ લઈને સત્સંગમાં ફરવા જાઓ ત્યારે હાથમાં ભોજનનો ગોળો લઈને જમવું. ૩૫.

ત્યારે સંતોએ કહ્યું, 'હે મહારાજ ! આપ જે રીતે કહો તે રીતે અમારે અત્યારે કરવું છે..! આપ જ્યાં સુધી અમને મળ્યા ન હતા ત્યાં સુધી અનેક કલ્પમાં જ્યાં જેવું શરીર હતું તેવું અમે કર્યું છે, છતાં પણ તેમાં જીવનું કાંઈ સારું થયું નથી. માટે હે હરે ! હવે આપ મળ્યા છો તો અમારે તમે જેમ કહો તેમ કરવું છે. ૩૬-૩૭. આપ શ્રીહરિ જેમ કહો તેમ અમારે કરવું છે, અમે વારંવાર વિચારીને તેવો નિશ્ચય કર્યો છે. આપના વચનમાં રહેવું તેમાં અમે અપાર ભાગ્ય માનીએ છીએ..! ૩૮. **મહારાજ ! આપ મળ્યા છો તેનાથી અમારા સદ્‌ભાગ્યનો કોઈ પાર રહ્યો નથી..! કરી કરીને જે કરવું જોઈએ તેનો અત્યારે અમને અવસર મળ્યો છે.' ૩૯.** આટલી વાત થઈ રહી પછી શ્રીહરિ પોઢી ગયા. અને જ્યારે સવાર થયું ત્યારે બધો સંઘ તત્કાળ તૈયાર થયો. ૪૦. બધી સવારી પાછળ રહી ગઈ અને સંઘ બધો આગળ ચાલ્યો, તેથી ઘણી ધૂળ ઊડતી રહી હતી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ સંતોને પીરસવું અને ભેટવું વગેરે પોતાના નિયમોની વાત કહી' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર સોળમું, તરંગ - ૫૬

શ્રીહરિ ધામધૂમથી વડતાલ પધાર્યા અને સંતોને દેશકાળ પૂછ્યા

જ્યારે બધો સંઘ મહેળાવ ગયો ત્યારે સવારી તૈયાર થઈ અને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તેની અપાર શોભા થઈ હતી. ૧. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર બધાં વસ્ત્ર અને આભૂષણો સોનેરી ધારણ કર્યાં હતાં, તેની શોભા અસીમ બની હતી. ૨. માણકી ઘોડીના જેટલા સોનેરી સાજ હતા, તેનાથી તેને શણગારી હતી અને શ્રીહરિ તેના ઉપર સવાર થયા હતા. ૩. બીજા કાઠી દરબારોએ પોતપોતાના અશ્વ ઉપર પલાણ મૂક્યાં અને તે બધાં સોનેરી હતાં. ૪. બધા કાઠી દરબારોએ પોતાનાં શરીર ઉપર સોનેરી કવચ કસીને બાંધ્યાં હતાં. અને જેટલાં સોનેરી અને વિચિત્ર શસ્ત્ર હતાં, તે પણ અંગ ઉપર ધારણ કર્યાં. તે રીતે બધાં ઘરેણાંઓ અને વસ્ત્ર પણ સોનેરી હતાં. ૫. તે બધા પાર્ષદો માનો અક્ષરધામમાંથી અત્યારે જ ન આવ્યા હોય ! તેવા દેખાતા હતા. અને તેમના બધા અશ્વ તે માનો અક્ષરધામનાં વિમાન હોય તેવા જણાતા હતા. એવા અશ્વો ઉપર દરબારો બેઠા હતા. ૬.

પ્રિયવ્રત, ધ્રુવ, પ્રહ્લાદ, સ્વાયંભુમનુ, ઉત્તાનપાદ, માંધાતા, નાભિ, અંબરીષ, દક્ષ, સગર, આગ્નિધ્ર, નિમિષ, ચિત્રકેતુ, જનક, દશરથ, ખટ્વાંગ, મહાસમર્થ વિભીષણ, પાંડુ, પાંડવો, ભીષ્મ, જયદ્રથ, નળ, સત્યવ્રત, બળવાન રૈવત, ભગીરથ, કર્ણ, મુચુકુન્દ, શિબિ, ભરત, નંદ, હરિશ્ચંદ્ર વગેરે પૂર્વે એ જે મોટા મોટા રાજાઓ થયા હતા, તેમણે ભગવાન અને સંતોની પૂજા કરી હતી. તે પુણ્યને પ્રતાપે આ વખતે શ્રીજીને લાડ લડાવવા માટે ક્ષત્રિયકુળમાં દેહ ધારીને તે બધા કાઠી દરબારો આવ્યા હતા. અલર્ક અને ગોપીચંદ આદિ રાજા પણ તે રીતે જ દેહ ધારીને આવ્યા હતા. ૭-૧૦. આ બધા દરબારોએ આ વખતે શ્રીહરિની સાથે રહીને સેવાનો ઘણો લાભ લીધો છે. તે લાભને યથાર્થ રીતે કહી શકાતો નથી. જેટલો લાભ લીધો છે તેના કરતાં કરોડમાં ભાગ જેટલું કહેવાયું હોય તેમ લાગે છે. ૧૧.

❋ સિદ્ધાનંદસ્વામીએ ગ્રંથ લખવામાં પોતાના અનુભવ કહ્યા :

चोपाई :

बुद्धि सब कवि से न्युन रहाये, ब्रह्मांड जो ताकु बाथ लेवाये;
हरि मूर्ति चिंतामनि जोऊ, प्राप्त एक भये दृढ सोऊ...१२

हरि के प्रताप के बल पाई, लववेश हि जो लिखत रहाई;
संत हरिजन समर्थ रहेऊ, एसे समर्थ कबहु न भयेऊ...१३

બીજા બધા કવિઓ કરતાં મારી બુદ્ધિ ઓછી છે અને બ્રહ્માંડને બાથ લેવાની હિંમત કરી છે, પણ મને તો એક ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિ ચોક્કસ પ્રાપ્ત થયો છે. ૧૨. તેથી હું તો ભગવાનના પ્રતાપનું બળ પામીને લવલેશ-થોડુંઘણું લખી રહ્યો છું. મારે માટે તો સંતો અને હરિભક્તો મહાસમર્થ છે કે તેમના જેવા બીજા કોઈ સમર્થ નથી. ૧૩. તે સંતો અને હરિભક્તોની કૃપાથી શ્રીહરિનાં ચરિત્રોનો એકાદ અંશ થોડોઘણો લખી રહ્યો છું..!

શ્રીહરિ ઉપર ધારેલું છત્ર વિવિધ ભાતવાળું સુવર્ણનું હતું. તેના ઉપર સુંદર સોનાનો કળશ રહ્યો હતો. ૧૪. આવું સોનાના દંડવાળું છત્ર શ્રીહરિના શિર ઉપર સેવકે ધારણ કર્યું હતું અને આગળના ભાગમાં સોનાની છડી લઈને ચોપદાર નેકી પોકારતો હતો. ૧૫. તેમજ સોનાનાં નિશાનો હતાં. ડંકાઓ વાગતા હતા અને ઊંટ ઉપર નોબત વાગતી હતી તથા તેની આગળ પાર્ષદો હતા. ૧૬. શ્રીહરિ **મહેળાવ** ગામ આવ્યા. ગામના ભાવિક લોકો સન્મુખ આવ્યા અને બધા શ્રીહરિના ચરણમાં પડ્યા. ૧૭. પછી શ્રીહરિ **રાવલી** ગામ આવ્યા. પછી ત્યાંથી ચાલતા જ્યારે વડતાલને નજીક પહોંચ્યા ત્યારે અપાર હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૮. વડતાલથી લઈને શ્રીહરિ જ્યાં હતા ત્યાં સુધી સંતો અને હરિભક્તોનો લગાતાર પ્રવાહ ચાલતો હતો. હરિભક્તો ફૂલના હાર લાવ્યા હતા. તે જાણે ફૂલનો બગીચો ખીલ્યો હોય તેમ ત્યાં અત્યંત શોભા થઈ હતી ! જે હરિભક્તો શ્રીહરિને હાર અર્પણ કરતા હતા, તેને શ્રીહરિ સ્વયં સ્વીકારી લેતા હતા. ૧૯-૨૦.

શ્રીહરિ જેમ હાર લેતા હતા તેમ પ્રસાદીના પાછા પણ આપતા હતા. હરિભક્તો વસંતનાં પદ ગાતા હતા અને કેટલાક હરિભક્તો ગુલાલ લાવ્યા હતા તેને પ્રેમરસથી ઉડાડતા હતા. ૨૧. ઢોલ, તાંસાં, પડઘમ, ભેરી, રણશિંગી, શંખ વગરે વાગતાં હતાં. જેટલા વિલાયતી વાજાઓ હતાં, તે પણ સારી રીતે વાગતાં હતાં. ૨૨. બંદૂકધારી જે પાર્ષદો હતા તે બંદૂકો ફોડતા હતા.

તેનાથી વન, વૃક્ષો અને આકાશ ગાજી રહ્યા હતાં. લોકો 'જય જય...જય જય...' એમ હરખથી બોલતા હતા. ૨૩. જે ચોપદારો હતા, તે 'જય જય... જય જય...' બોલતા હતા. કેટલાક ઝાંઝ અને મૃદંગ બજાવતા હતા અને સંતો વસંત તથા હોરીનાં પદ ગાતા હતા. ૨૪. દયાળુ ભાઈરામદાસજીસ્વામી તત્કાળ શ્રીહરિની સન્મુખ આવ્યા અને તેઓ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ત્યારે શ્રીહરિએ ઘણા હેતથી તેમને બોલાવ્યા. ૨૫.

વડતાલના જેટલા પાટીદારો હતા તે, નારાયણગિરિ ગોસાઈ, બધા હરિભક્ત પગી અને વનમાળી નામે એક વિપ્ર, એ બધા શ્રીહરિની સન્મુખ ભાવથી આવ્યા. ૨૬. તે સહુ ભક્તો સુખદાયક સુંદરવર શ્રીહરિના ચરણમાં પડ્યા. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા અને પછી પુરજનોએ શ્રીહરિને પ્રેમથી વડતાલમાં પધરાવ્યા. ૨૭. વડતાલ પુરની જે બજારો હતી, તેમાં અપાર શોભા કરી હતી. ફળવાળી કેળના સ્તંભોને ત્યાં રોપ્યા હતા. ૨૮. શ્રીહરિની બંને બાજુએ ઘણા ઉત્સાહિત મનથી ચામર કરનારા હરિભક્તો ખુશખુશાલ થઈ ગયા હતા. ૨૯. લોકોને દર્શન દેતા શ્રીહરિ સંતોએ સહિત જોબનપગીને ભવન આવ્યા અને અશ્વ ઉપરથી ત્યાં નીચે ઊતર્યા. ૩૦.

તે ભવનની આગળ ચોકમાં સુંદર એક પાટ ગાદીતકિયા મૂકીને બિછાવી હતી. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૩૧. તે સ્થળે સંતો, વર્ણી અને હરિભક્તોની ઘણી ભીડવાળી સભા થઈ. વળી, તે વખતે બધા સંન્યાસીઓ શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવીને ત્યાં બેઠા. ૩૨. સંતનાં મંડળો આવ્યાં હતાં, તેમાં જે જે મંડળના મહંત હતા તેમને બોલાવીને તેઓ જે જે ગામમાં ફર્યા હોય તે વિશે શ્રીહરિ અલગ અલગ પૂછતા હતા. ૩૩. શ્રીહરિ પૂછતા કે, 'તમે ક્યાં ક્યાં ફરીને આવ્યા છો ? ત્યાં કેટલા લોકોએ સત્સંગ કર્યો છે ? અને જે ભગવાનથી વિમુખ હોય તેઓ મુખથી કેવું કેવું બોલે છે ? તે કહો.' ૩૪. ત્યારે સંતમંડળના આગેવાન જે સંત હતા તે ઉત્તર આપતા હતા. જે બુદ્ધિમાન સંતો હતા તેઓ શ્રીહરિ રાજી થાય તે રીતે તપાસ કરીને બોલતા હતા. પરંતુ જે ભોળા સંતો હતા તે ઉતાવળા થઈને બોલતા હતા, તેને સભા વચ્ચે પૂછવાનું શ્રીહરિને તાન રહેતું હતું. ૩૫-૩૬. જે ભોળા હોય

છે તેમને દેશકાળની રીતનું તલભાર પણ ભાન નથી હોતું. જેટલાં ઉત્કૃષ્ટ વચન હોય તે જ સભામાં બોલવા જોઈએ. ૩૭. શ્રીહરિને મનમાં ઉત્કૃષ્ટ વચન બોલાવવા માટેનું તાન હોય છે. તેથી જે દેશકાળને અનુસારે બોલતા, તે શ્રીહરિને ઘણા પ્રિય લાગતા. ૩૮. **જે લોકો દેશકાળને અનુસારે બોલે છે તે મનુષ્ય ગુરુ, રાજા અને શ્રીમંતને પણ પ્રિય લાગે છે. ૩૯. જે પ્રિય વચન બોલે છે તેને વારે વારે રાજીપારૂપી મોજ મળતી રહે છે. ૪૦.** જે ભોળા મનુષ્ય હોય છે તેમને કરોડવાર દેશકાળની રીતને શિખવવામાં આવે તોપણ દેશકાળ સમજીને ક્યારે શું બોલાય ? તેની પૂરતી ગમ ક્યારેય પડતી નથી. ૪૧. **ભલે મોક્ષના માર્ગમાં ચાલ્યા હોય તોપણ જેને જેવા પ્રકારના સંસ્કાર બુદ્ધિમાં હોય છે તે તેવા જ રહે છે. ૪૨.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ ધામધૂમથી વડતાલ પધાર્યા અને સંતોને દેશકાળ પૂછ્યા' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર સોળમું, તરંગ - ૫૭

શ્રીહરિએ વડતાલ ગામથી બહાર પૂર્વ તરફ આંબલે સભા કરી

જેની જેવી બુદ્ધિ હોય તેને શ્રીહરિ બોલવામાત્રમાં જ તત્કાળ પારખી લેતા હતા. તેની બીજા કોઈને ગમ પડતી નહીં. ૧. **પ્રશ્નઉત્તર કરવામાં અને સામાન્ય વાતચીત કરવામાં, જેની જેવી બુદ્ધિ હોય તેને પારખી લેતા હતા. ૨.** સંતોની જગ્યામાં જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ત્યાં આવીને જમ્યા. તે કંસારની રસોઈ કરી હતી. ૩. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતો, પાર્ષદો અને કાઠી દરબારોની પંગત કરાવી અને પોતે ઘણા સ્નેહભાવથી પીરસવા લાગ્યા. ૪. વાસણ નામે એક સુતાર પાકા હરિભક્ત હતા. શ્રીહરિનો ઉતારો તેમના ઘેર હતો. તેથી શ્રીહરિ પીરસી રહ્યા પછી તેને ઘેર જઈ પોઢી ગયા. ૫. દિવસનો પાછલો એક પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ઊઠ્યા અને વડતાલના પૂર્વ દરવાજાની સમીપે એક સરોવર છે, ૬. તે સરોવરને ચારે

તરફ પીપર અને વડનાં વિશાળ વૃક્ષો હતાં. સરોવરના પૂર્વ કાંઠાની પાસે ગામ જેવો વિશાળ એક સુશોભિત ચોક હતો. ૭. તેમાં રાયણ અને આંબા વગેરે જાતજાતનાં અપાર વૃક્ષો હતાં. માનો મૂર્તિમાન વૃંદાવન હોય ! તેવી તે જગ્યા સ્વચ્છ દેખાતી હતી. ૮. બધાં વૃક્ષોની વચ્ચે એક આંબાનું વૃક્ષ હતું. જોકે ચરોતરમાં અનંત વૃક્ષો રહ્યાં છે, પરંતુ આ આંબો દરેક વૃક્ષનો રાજા હતો. તે મેરુ પર્વત જેવો અનુપમ દેખાતો હતો. શ્રીહરિની સભા ત્યાં થાય એટલા માટે તો તે આંબાના વૃક્ષે જન્મ લીધો હતો. ૯-૧૦.

✵ અજ્ઞાનીને દિવ્યભાવ દેખાતો નથી :

चोपाई :

अनादि यह सब मुक्त रहाते, हरि बिचरने हित तिहाँ आते;
प्राकृत जन नहि देखत हि ताई, मायिक ताकि मति जो रहाई...११
प्राकृत मति रहत जिहाँ लगहू, प्राकृत जन न देखत तिहाँ लगहू;
हरि के जन होवत हे जाही, जथार्थ बात देखत रहे ताही...१२

આ બધા અનાદિકાળના મુક્તો હતા. તેથી શ્રીહરિ વિચરણ કરવા માટે ત્યાં આવતા હતા. તેને અજ્ઞાની મનુષ્ય દેખી શકતા નહીં. કારણ કે તેમની બુદ્ધિ માયિક હોય છે. ૧૧. જ્યાં સુધી અજ્ઞાન ભરેલી પ્રાકૃત મતિ રહે છે ત્યાં સુધી તે અજ્ઞાની માણસને દિવ્યભાવ દેખાતો નથી, પણ જે ભગવાનનો ભક્ત થાય છે તે યથાર્થ વાતને દેખે છે. ૧૨. આંબાના થડથી પૂર્વ તરફના ભાગમાં એક ગજ જેટલી ઊંચી વેદિકા કરી હતી અને તેના ઉપર પાટ રાખી હતી. ૧૩. અને તે વેદિકા ઉપર ઢાળેલી પાટ પર ઘણા ભાવથી ગાદીતકિયા બિછાવ્યાં હતાં. ૧૪. શ્રીહરિ ત્યાં પાર્ષદોની સાથે આવ્યા અને પાટ ઉપર બેઠા. ત્યારે ભક્તજનો 'જય જય...જય જય...' કરવા લાગ્યા. ૧૫. શ્રીહરિ પશ્ચિમ મુખે બેઠા ત્યારે તેમના ડાબે પડખે બધા સંતોની સભા થઈ. માનસરોવરમાં હંસોની જેમ સંતો સભામાં બેઠા હતા. ૧૬.

વર્ણી અને સંન્યાસીઓ પણ આવ્યા અને પોતાની યોગ્યતા પ્રમાણે સર્વે બેઠા. ચારે વર્ણના જે પુરુષો હતા, તે બધા પણ જ્યાં જેની યોગ્યતા હતી તે પ્રમાણે આવીને સહુ બેઠા. અને શ્રીહરિના જમણે પડખે બાઈઓનાં ઘણાં

વૃંદો આવીને બેઠાં હતાં. ૧૭-૧૮. જે હરિભક્ત બહેનો હતી તેમણે બધા પ્રકારનો કુસંગ છોડી દીધો હતો. તેમાં જેની જેવી યોગ્યતા હતી, તે પ્રમાણે તેમની પણ સભા થઈ. ૧૯. બધી સાંખ્યયોગી બહેનોની સભા ભેગી થતી હતી અને જેટલી ગૃહસ્થ બાઈઓ હતી, તે બધાની ભેળી સભા થતી હતી. ૨૦. બાઈઓની જે સભા હતી તેની સામે કોઈ પુરુષ દેખતા નહિ અને પુરુષોની જે સભા હતી તેને કોઈ બાઈઓ દેખતી નહીં. ૨૧.

સભા એવી અલૌકિક થતી હતી કે ત્રિલોકીમાં આવી બીજે ક્યાંય થતી નહીં. જેટલાં દેહધારી દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ, વેલી, પથ્થર અને લોઢા સુધીના બધાને વિષયનો સંબંધ રહ્યો છે. વિષય, રાગ, સ્નેહ, પ્રીતિ અને કામ, એ બધાં એક જ વસ્તુનાં નામ છે. ૨૨-૨૩. સ્થૂળ દેહનો જ્યારે ત્યાગ કરે છે ત્યારે વિષયનો રાગ સૂક્ષ્મ દેહમાં રહે છે અને દુનિયાના નર કે નારીને વધારે પડતો વિષયમાં રાગ હોય છે ત્યારે તે મરીને પણ ભૂતપ્રેતના જન્મને પામે છે. આવો તે રાગ છે. જીવની વૃત્તિ જેમાં જેવી ચોંટે છે તેવા તે દેહને ધારે છે. ૨૪-૨૫. જીવ જ્યાં સુધી ભગવાનના શરણે થતો નથી ત્યાં સુધી જીવ માયિક વસ્તુમાં પોતાના જન્મને ખૂએ છે. ૨૬. **જીવ જે જે યોનિમાં જાય છે ત્યાં તેને દુઃખ, દુઃખ અને દુઃખ જ રહે છે. તે સહુને પ્રત્યક્ષ દેખાય છે, છતાં ક્યારેય વૈરાગ્ય થાતો નથી. ૨૭.**

જીવ જ્યાં સુધી ભગવાનને શરણે નથી થતો ત્યાં સુધી તે અત્યંત દુઃખ પામે છે, છતાં અજ્ઞાનવશાત્ તેને તેનાથી ત્રાસ ઉત્પન્ન થાતો નથી. ૨૮. સાચા સંત અને સાચો સત્સંગ, તે બંનેનો મનમાં જે અભાવ રહે છે, તે પાપનું ફળ એવું રહ્યું છે કે, જીવને જેમાં દુઃખ પામે છે તેમાં જ સ્નેહ થાય છે. ૨૯. દુઃખમાં પણ સુખ માને છે, તેનાથી અધિક બીજો કોઈ કોપ કહેવાય નહીં. પછી જીવ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર જેવાં અપાર પ્રસિદ્ધ પાપોને કરતો રહે છે. ૩૦. અને કેટલાક તો પોતાની બુદ્ધિથી પાપને પાપના રૂપમાં માનતા જ નથી. એટલે જ્યાં સુધી માણસ કુસંગ કરતો રહે છે ત્યાં સુધી તેમાં કુમતિ રહે છે. ૩૧. અને જ્યાં સુધી મનુષ્યમાં કુમતિ રહી છે ત્યાં સુધી તે પાપને પાપના રૂપમાં દેખતો નથી. જમપુરીમાં જમનો માર ખાવા છતાં તેની મતિ સવળી થતી નથી. ૩૨.

एही सम कोप नहि हे केहा, कुमति कु सुमति मानत हि तेहा;
धन राज मिलत हे वेर वेरा, सुमति नहि मिलत कोउ फेरा...३३
संत से दूर रहत जिहाँ लगही, कूमति जो रहत तिहाँ लगही;
सत्संग कु करत जेहि वारा, कुमति तब न रहत हे लगारा...३४

તેના જેવો બીજો કોઈ ભગવાનનો કોપ નથી કે મનુષ્ય દુર્બુદ્ધિને પણ સદ્‌બુદ્ધિ માને. જીવને ધન અને રાજ્ય વારંવાર મળી શકે છે, પણ સદ્‌બુદ્ધિ ક્યારેય મળતી નથી. ૩૩. જ્યાં સુધી મનુષ્ય સંતોથી દૂર રહે છે ત્યાં સુધી તેમાં કુબુદ્ધિ રહે છે અને જ્યારે તે સત્સંગ કરવા લાગે છે ત્યારે તેમાં કુબુદ્ધિ લગાર પણ રહેતી નથી. ૩૪. **પરમેશ્વરનાં સ્વરૂપમાં જેવું સુખ રહ્યું છે તેવું સુખ બીજે ક્યાંય ન દેખે, ત્યારે તેની કુબુદ્ધિનો નાશ થઈ જાય છે અને તેમાં સદ્‌બુદ્ધિનો પ્રકાશ થાય છે. ૩૫. જ્યારે મોટો રાજા, ઈન્દ્ર, બ્રહ્મા અને પ્રકૃત્તિપુરુષ સુધી સહુને કાળનું ચવાણું દેખે ત્યારે તેની સદ્‌બુદ્ધિ થઈ છે, તેમ જાણવું. ૩૬.**

દેશકાળની વિપરીતતામાં પણ ભગવાનથી કોઈને ક્યારેય અધિક ન માને ત્યારે તેની સદ્‌બુદ્ધિ દૃઢ થઈ છે એમ જાણવું. ૩૭. સત્સંગ કરવામાં જ્યારે કોઈ પણ જાતનો ફરક ન રાખે ત્યારે સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે, પણ સત્સંગ વિના ક્યારેય સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. ૩૮. માણસ સત્સંગ કરે છે, તેમાં કોઈ ફેર રહેતો નથી. તેને બધું જ જ્ઞાન થઈ જાય છે. મોટા સંતોનો સમાગમ મળે ત્યારે સહુથી પોતે અધિકપણે વર્તતો થાય છે. તેની પોતાની સહુથી શ્રેષ્ઠ સમજણ થઈ જાય છે અને તેને સહુ શ્રેષ્ઠ માણસો પ્રમાણ કરે છે. અને તે પણ પોતે શ્રેષ્ઠ થવાને માટે તે સારી સર્વે સમજણ શીખી રાખે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ વડતાલ ગામથી બહાર પૂર્વ તરફ આંબલે સભા કરી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર સોળમું, તરંગ - ૫૮

શ્રીહરિએ દાસપણાની વાત કહી અને બધા મુખ્ય પગીઓને ચોકી સોંપી

दोहा : सत्संग के प्रताप कर, सत्संगहु के गून;
आवत नहि विलंब कछु, जिरवना कठिन तून...०१
सत्संग मिलना सुगम रहे, पात्र होना कठीन;
सत्संग के पावे गुन जिमि, तिमि रहावे दीन...०२

સત્સંગના પ્રતાપથી સત્સંગના ગુણો આવતા જરાય વાર લાગતી નથી, પણ તે ગુણોને જીરવવા કઠિન છે. ૧. સત્સંગ મળવો સુગમ છે, પણ પાત્રતા આવવી કઠણ છે. મનુષ્યમાં જેમ જેમ સત્સંગના ગુણ આવે તેમ તેમ દીનભાવ આવવો જોઈએ. ૨. **મોટા સંતોની આગળ તો સહુ દીન થઈને સહેજે રહે છે, ભાવથી પગે લાગે છે અને નમ્રભાવે સેવા પણ કરે છે; ૩. પણ નાના સંતને ઘણા તુચ્છ સમજે છે. સંતને તુચ્છ ગણવાથી પોતે તુચ્છ થઈ જાય છે. તેની તેને ગમ નથી રહેતી. ૪.** જે સંતો અને હરિભક્તો દિનપ્રતિદિન સત્સંગમાં આગળ વધતા રહેતા હોય, તેમની રીતને શ્રીહરિ વારંવાર કહેતા. વાત કરીને ફરી ફરીને સમજાવતા. ૫.

શ્રીહરિ કહેતા કે, "ભક્તોને સમજાવવામાં અમે કસર રાખતા નથી, પણ તે વાત સાંભળનારના દિલમાં ઠરતી નહીં. જીવ અજ્ઞાનવશાત્ સારભૂત ને જીવનરૂપ વાતોનો ત્યાગ કરી દે છે. ૬. સંતો અને હરિભક્તોમાં મેરુના સમાન ઘણા ગુણો હોય છે, પરંતુ તેઓ જો સારભૂત અને જીવનરૂપ વાતને ગ્રહણ ન કરે તો આંકડાના તૂરની જેમ તે બધું છિન્નભિન્ન થઈ જાય છે. ૭. જે મુક્ત અક્ષરધામમાંથી આવ્યા હોય તેની વાત તો આશ્ચર્યકારી છે. તે અમારી સેવાને દુર્લભ માને છે અને તે સેવાથી મનમાં આશ્ચર્ય સમજે છે. ૮. આ બધા સંતોની સેવા થોડા પુણ્યે મળતી નથી. આ સેવા તો ઘણી આશ્ચર્યકારી અને દુર્લભ છે. એમ જે માનતા રહે છે તેઓ જ જીવનરૂપ વાતને સમજ્યા કહેવાય. ૯. ભગવાનનું માહાત્મ્ય જેવું યથાર્થપણે સમજવું ઘટે તેવું સમજવું જોઈએ. ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણ્યા વિના સત્સંગમાં નભાતું નથી. ૧૦.

✵ સંતો-ભક્તોને જાણે તે જ શ્રીહરિને જાણી શકે છે :

चोपाई :

संत हरिजन रहाये जेसे, जथार्थ जाने बिन ही तेसे;
भगवान के निश्चे होय पूरा, तोउ हो जावे अतिशय दूरा...११
भगवान संत हरिजन तामें, समझवे में तिलभर यामें;
कसर रतीभर होय न तोऊ, परमाद जितनो रखत कोऊ...१२

સંતો અને હરિભક્તોને પણ મહિમાએ સહિત યથાર્થરૂપમાં જેવા જાણવા ઘટે તેવા ન જાણ્યા હોય તો ભગવાનનો પાકો નિશ્ચય હોય તોપણ તે ભગવાનથી ઘણો દૂર થઈ જાય છે. ૧૧. ભગવાન, સંતો અને હરિભક્તોને સમજવામાં કદાચ તલભાર પણ કસર ન રાખી હોય તોપણ જો કોઈ પ્રમાદ રાખે તો, ૧૨. નિશ્ચય રાખતા રાખતા પણ ક્યારેક ઊડી જાય. કારણ કે માયાનું બળ અપાર છે. ઈન્દ્ર, ભવ, બ્રહ્મા આદિક અને ભગવાનના મન જેવા નારદ, એ બધા ભગવાનની સાથે જે રીતે વર્ત્યા છે તે બધું વ્યાસજીએ પોતાના અને બીજાના ગુણ અને દોષોની પરીક્ષા કરીને કહ્યું છે. ૧૩-૧૪. પોતામાં જેટલા દોષ છે એની વાતને કોઈ જાણતું નથી, પણ જે પ્રસિદ્ધ રીતે બધું ખોલીને કહે છે તે પોતે (વ્યાસ) અપાર મોટા રહે છે. ૧૫. અને પોતાનામાં જે દોષ છે તે તો મનુષ્યશરીરના ગુણને લીધે છે. દેવતાઓનાં શરીર સુધી ગુણદોષ તો દેખાય જ છે. ૧૬. **હીન માણસની એવી રીત છે કે જેમ પોતાની મોટપ વધે તેવી જ વાત નિત્ય કરે, પણ તુચ્છ હોય તે તુચ્છ જ રહે છે. ૧૭.**

चोपाई :

संत हरिजन में मति रहे जेसी, आप की मति हो जावत तेसी;
संत हरिजन भगवान जेहा, चिंतामनि कल्पवृक्ष तेहा...१८
देह स्वभाव देखिके ताके, पल पल दोष देखावत वाके;
आप के दोष रहाये जितना, गुन करी के देखावत तितना...१९
सत्संग में यह रहत तोऊ, अति मोटप कु न पावत सोऊ;
नुन्य से सो नुन्य हि रहाता, संत के जिहाँ लग दास न कहाता...२०

સંતો અને હરિભક્તો પરત્વે જેવી મતિ રહે છે તેવી પોતાની મતિ થઈ જાય છે. કેમ જે, ભગવાન, સંત અને હરિભક્તો તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ જેવા છે. ૧૮.દેહાભિમાની મનુષ્ય બીજાના દૈહિક સ્વભાવ દેખીને પળપળવારમાં દોષ દેખાડતો રહે છે, પણ પોતામાં જે દોષ રહ્યા હોય છે તેને તો તે ગુણના રૂપમાં દેખાડે છે. ૧૯. તેવો માણસ સત્સંગમાં રહે તોપણ તે વધારે મોટપને પામતો નથી. જ્યાં સુધી તે સંતનો દાસ નથી થતો ત્યાં સુધી તે ન્યૂનનો ન્યૂન જ રહે છે. ૨૦. જે સંતોના દાસ થઈને રહે છે તે કહેવાતા મોટા મનુષ્યો કરતાં મોટો જ રહે છે; પણ કેટલાક તો એવા હોય છે કે કોઈ પાંચ-દસ સંતો અને પાંચ-પચીશ હરિભક્તો જો તેના ગુણનાં વખાણ કરે તો તે પોતાના મનમાં પોતાને સમાન કોઈને ગણે નહીં. ૨૧-૨૨. ભગવાન તો ગર્વગંજન અને અંતર્યામી છે. માટે જે સંતો અને હરિભક્તોમાં જેવી ભાવના રાખે છે, ભગવાન તેને તેવો કરી દે છે. ૨૩.

જે સંતો અને હરિભક્તોમાં નિર્દોષ મતિ રાખે છે તે સ્વયં નિર્દોષ થઈ જાય છે અને જો દૂષિત મતિ રાખે છે તો તે દૂષિતમતિવાળો થઈ જાય છે અને તેના અંતરમાં સુખ રહેતું નથી. અને જે વગર દોષે દોષ લેતો રહે છે તે, પછી વગર અગ્નિએ તેના શરીરમાં અપાર બળતરા થાય છે. હૃદયમાં થતી વ્યથા કહી શકાતી નથી. દંભી માણસ તે વ્યથાને ક્યાં સુધી છુપાવી રાખે ? ૨૪-૨૫. અપાર લોકો અપરંપાર સત્સંગ કરે છે, પણ જેટલા નિષ્કપટ વર્તનવાળા હોય છે તેટલા સંસારના પારને પામે છે. ૨૬. **અને જે કપટી છે તેનો વિનાશ થવામાં થોડીયે વાર લાગતી નથી. અંતર્યામી પરમેશ્વરની આગળ કાંઈ અંધેર ચાલતું નથી. ૨૭. જે નિષ્કપટ રહે છે એવા જીવનો જ સત્સંગ ટકી રહે છે. અને તેનો જ મોક્ષ થાય છે. અને સત્સંગમાં કેટલાક કપટી જીવો પણ સુધરી જાય છે. ૨૮.** ચાહે તેવો મનુષ્ય હોય, પણ તે જો સત્સંગ કરે છે તો સુધરી જાય છે અને સત્સંગ કર્યા સિવાય સુધરતો નથી. ૨૯.

જેને મનમાં સુધરી જવાની ઈચ્છા હોય તેણે મન, કર્મ, વચનથી અહોનિશ સત્સંગ કરતા રહેવું જોઈએ. કારણ કે વારે વારે મનુષ્યશરીર મળતું નથી. ૩૦. સત્સંગ અને મનુષ્યશરીર આ જીવને વારે વારે મળવું દુર્લભ છે.”

શ્રીહરિ ભક્તોના ઉપર ઘણી કૃપા કરીને આવી વાતો વારંવાર કરતા હતા. ૩૧. શ્રીહરિ જ્યાં સુધી વડતાલમાં રહ્યા હતા ત્યાં સુધી તેમની પાસે સંધ્યા સમય થાય ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી આદિક દસવીસ સંતો ઝાંઝ-મૃદંગ વગાડીને, વસંત તથા ધુમારનાં નવાં નવાં પદ ગાતા હતા. અને જે ઉત્સવ થતો તે મુખથી કહી શકાતું નથી. વળી, કેટલાક હરિભક્તો ગુલાલ લાવતા હતા તે શ્રીહરિની આગળ મૂકતા હતા. ૩૨-૩૪.

શ્રીહરિ સંતો અને હરિભક્તો ઉપર તે સમયે ગુલાલ ઉડાડતા રહેતા હતા. તે સમયે દેશેદેશના હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. ૩૫. કેટલાક હરિભક્તો ગામમાં ઊતર્યા અને ગામમાં જે ન સમાયા તે ગામના ફરતે ખેતરમાં અડધો અડધો કોશ સુધીના વિસ્તારમાં ઊતર્યા. ૩૬. જેટલાકમાં સંઘો ઊતર્યા હતા ત્યાં બધે કેટલાક પ્રકારના સામાનને વેચવાની અપાર દુકાનો થઈ હતી. તેનો કહ્યે પાર આવતો નથી. ૩૭. જેના મનમાં જે વસ્તુ લેવાનો ભાવ હોય તે વસ્તુ ત્યાં મળી જાતી હતી. હરિભક્તો ઘર કરતાં પણ શ્રીહરિની પાસે વધારે સુખી થતા હતા. ૩૮. ફરતા ગામના જે મુખી પગીઓ હતા, તેમને શ્રીહરિએ બોલાવીને કહ્યું, 'તમારે આ બધા સંઘોની ચોકી કરવાની છે. ૩૯. જેટલો ચરોતર પ્રદેશ છે તે બધું તમારું ઘર છે, તેમ સમજીને અમે આ દેશમાં ઉત્સવ કરીએ છીએ. ૪૦. દેશદેશના હરિભક્તો સંઘ લઈને જે અહીંયાં આવ્યા છે, તે તમારે પોતાને ઘેર જ આવ્યા છે. માટે હવે લાજ-આબરૂ તમારા હાથમાં છે.' ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ દાસપણાની વાત કહી અને બધા મુખ્ય પગીઓને ચોકી સોંપી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર સોળમું, તરંગ - ૫૯

વડતાલ અને આસપાસના મુખ્ય પગીઓએ ચોકીની જવાબદારી લીધી

ગામેગામના જેટલા મુખ્ય પગીઓ હતા તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! આપ અહીં જેટલા ઉત્સવસમૈયા કરશો તેમાં સહુ હરિભક્તો એકલા કે સંઘમાં આવે કે જાય, ૧-૨. ત્યારે આ આખા ચરોતરમાં જે પગીઓ રહે છે તેઓ આપણા હરિભક્તોને દેખીને ક્યારેય તેનું નામ લેશે નહીં. ૩. હરિભક્ત જાણીને જો ક્યારેક તેમનાં કપડાં કે વસ્તુ પદાર્થને લઈ લેશે અને તે અમારી જાણમાં આવશે તો અમે તરત જ પાછાં અપાવડાવશું. ૪. અમે બધા પગીઓમાં એવી ખબર કરી દીધી છે કે સમૈયાઓમાં ક્યારેય પણ હરિભક્ત આવે તો પગી કે તેમના કોઈ પણ વંશજ તે હરિભક્તનું ક્યારેય નામ લેશે નહીં. ૫. જાણી જોઈને હરિભક્તોનાં કોઈ કપડાં-લતાં લઈ લેશે તો તરત તેને ઘરમાંથી કાઢી મૂકશે.' બધા મુખ્ય પગીઓનું આવું વચન સાંભળીને પરમ દયાળુ શ્રીહરિ તે સમયે પ્રસન્ન થયા. ૬.

પછી શ્રીહરિએ પ્રસાદીના ફૂલના હારની સહુને મોજ આપી અને જમ્યા પછી થાળની પ્રસાદી પણ ચોકી રાખનારા મુખ્ય પગીઓને આપી. તેથી તેઓએ ચોકી કરવાનો જબરો તાલ રાખ્યો. ૭. જે વખતે શ્રીહરિ સભા કરતા હતા તે વખતે હરિભક્તોમાં કોઈ ઉતારે રહેતા નહીં. ખાલી ખેતરમાં તેમનાં સામાન, કપડાં અને પાત્રો વગેરે ખુલ્લાં પડ્યાં રહેતાં હતાં. ૮. જેટલા દિવસ સમૈયો રહ્યો, કોઈ પણ ભક્તજનની તલભાર પણ વસ્તુ ઉતારામાંથી ગઈ નહીં. શ્રીહરિ પગીઓને એ રીતે બોલાવતા કે માનો તેનો જીવ પોતાની મૂર્તિમાં ખેંચાઈ જાય ! ૯. જેટલા આગેવાન કાઠી અને કોળી હતા તે બધાને શ્રીહરિએ પોતાને વશ કર્યા હતા અને તેમના જીવનમાં જે કાંઈ અનીતિ હતી, તે હેતે કરીને છોડાવી દીધી હતી. ૧૦.

મનુષ્યને મારી નાખવામાં કાઠી અને કોળીને દયા આવતી નહીં. મનુષ્યને મારી નાખવો તેને તો તેઓ પોતાનો ધર્મ માનતા હતા. ૧૧. એક પૈસા જેટલા ધનને માટે પણ તરત મનુષ્યને મારી નાખતા હતા. જેટલા

નીતિ વગરના રાજાઓ હતા, તે બધા આ લૂંટ વગેરેથી દૂર રહીને કાઠી અને કોળીના દ્વારા ધનને માટે વારંવાર પોતે ખુલ્લા ન પડે તે રીતે પ્રજાને લૂંટાવતા હતા. ૧૨-૧૩. તેમની અત્યંત અનીતિને દેખીને શ્રીહરિએ સંકલ્પ કર્યો હતો કે કોઈ નીતિપ્રિય રાજા આવે. ૧૪. તે આવનારા રાજાએ નીતિ વગરના રાજાઓને નીતિ વડે કરીને પોતાને કબ્જે કરી લીધા. નીતિથી કબ્જે કરવા, એ તેમની સહજ કળા હતી. તેમાં શ્રીહરિ તેના નીતિ આવવારૂપ સહાય બન્યા. તેથી તે રાજામાં નીતિ આવી હતી. આ તો શ્રીહરિની અલૌકિક રીત હતી. જે કોઈ દિવસ કાને સાંભળી ન હતી. ૧૫-૧૬.

શ્રીહરિની કોઈ વાત આશ્ચર્ય વગરની નથી હોતી, તે પ્રત્યક્ષ દેખાય છે. આવનારા રાજાને કોઈ વર્ણ કે આશ્રમ હતો નહીં, છતાં નીતિથી વર્ણ અને આશ્રમને ઉલ્લંઘી ગયા હતા. ૧૭. શ્રીહરિની મરજી ઉલ્લંઘીને જે કોઈ કાર્ય કરવા ગયા, તેણે પોતાના મનુષ્યદેહને વૃથા ખોયા અને અનંત જન્મ બગાડ્યા. અંતર્યામી પરમેશ્વર પોતાની મરજીથી વિરુદ્ધ ચાલનારાનો યશ થવા દેતા નથી. ૧૮. જે કોઈ પણ માણસ જે કાંઈ પણ કામ કરતા હોય છે તે પોતાના યશને વધારવા માટે કરતા હોય છે. યશ ગયો એટલે બધું ગયું. પાછળ કાંઈ બાકી રહેતું નથી. ૧૯. પ્રિયવ્રત, ધ્રુવ, પ્રહ્લાદ, બલિ, અંબરીષ, એ બધાએ યશ સંપાદન કર્યો હતો કે જેનાથી પોતાના આત્માનું શ્રેયરૂપી કાર્ય સુધારવાનું હતું. ૨૦. આવી સમજણ સમાન બીજી કોઈ મોટી વાત નથી.' શ્રીહરિ હરિભક્તોની સમજણમાં કાંઈ કસર ન રહે તેટલા માટે આવી વાત વારે વારે કરતા હતા. ૨૧. વળી, કહેતા કે, સમજણમાં જેટલી કસર રહી જાશે તેને મટાડવાનો પછી કોઈ ઉપાય મળશે નહીં. ૨૨.

चोपाई :

मनुष्य तन चिंतामनि पाई, सत्संग जेते करत न जाई;
कसर में कसर एहि अपारा, आपके अर्थ न सरे लगारा...२३
मनुष्य तन पाई कर जेहू, सत्संग हि करत भये तेहू;
जो जो अर्थ कहावत जितना, सुधारी लीने सब हि तितना...२४

ચિંતામણિ જેવો મનુષ્યદેહ મળ્યા પછી જે સત્સંગ નથી કરતા, તેને

મોટામાં મોટી કસર એ રહી જાય છે કે, પોતાનો મોક્ષરૂપ પુરુષાર્થ લગારેય સિદ્ધ થતો નથી. ૨૩. મનુષ્યદેહ મળ્યા પછી જે સત્સંગ કરે છે, તેણે જે જે પુરુષાર્થ કહેવાય છે તે સુધારી લીધા છે. ૨૪.

જ્યાં સુધી નિત્ય નવાં કથા, વાર્તા અને કીર્તન થતાં હોય છે અને નિત્ય નવા ઉત્સવો થતા હોય છે તેટલા જ દિવસ સાર્થક ગયા છે. ૨૫. જ્યાં શ્રીહરિ દર્શન દેતા હોય છે અને જ્યાં સંતોનાં મંડળ હોય છે ત્યાં સતત આનંદની વૃષ્ટિ થતી હોય છે. ૨૬. જેના ચિત્તમાં ભગવાન સંબંધી એક દિવસનું પણ સુખ લેવાની ઇચ્છા થઈ તેમણે સર્વોત્તમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપી આનંદને અને સમૃદ્ધિને છોડી દીધી હતી. ૨૭-૨૮. **કોઈ જીવ અનંત કોટિ બ્રહ્માંડની જેટલી સમૃદ્ધિ કહેવાય છે, તેને કરોડો કલ્પ સુધી સતત ભોગવે તોપણ તેના કરતાં ભગવાનનાં દર્શનનું એક દિવસનું સુખ છે તે અપાર રહ્યું છે, તેમ બુદ્ધિમાનને દેખાઈ આવે છે. ૨૯-૩૦.**

એક ભગવાનનું જ સુખ યથાર્થરૂપમાં જેટલું અનુભવવામાં આવે તેટલું જ તેની બુદ્ધિનું અને મનુષ્યદેહનું ફળ છે. ૩૧. કદાચ કોઈએ જેટલાં સાધનો છે તે કર્યાં હોય, યોગ સાધ્યો હોય, દેશવિદેશમાં અપાર ફર્યો હોય અને ચાહે તેવો કોઈ પરાક્રમી હોય તોપણ ભગવાનના ભક્તને તે ભગવાન સમાન દેખાતો નથી. ૩૨. કેમ જે, ભગવાનનો ભક્ત એવું માને છે કે, ભગવાન પોતે ક્યારેય પરાક્રમને ન દેખાડે તેનાથી કાંઈ ભગવાન મટી જતા નથી અને ભગવાન ક્યારેય વધતા-ઘટતા નથી. ભગવાન તો એવા સર્વ જગતના આધાર છે. ૩૩. તેઓ જેવા ધામમાં રહ્યા છે, એવા જે તેમને પ્રેમથી સંભારે છે એવા પ્રેમી ભક્તોમાં પણ રહ્યા છે. અવિનાશી ભગવાન એવા અલૌકિક છે. ૩૪. **જે માણસની સમજણનો એક નિર્ધાર ન રહેતો હોય, જેનું ચિત્ત એક ક્ષણવારમાં અનેક રીતે વિખાઈ જતું હોય તેવા ભક્તથી ભગવાન ઘણા દૂર રહે છે. ૩૫.**

જ્યારે શુદ્ધ મનથી સત્સંગ કરવામાં આવે ત્યારે ચિત્ત એકાગ્ર થઈ જાય છે. અને જે મનની શુદ્ધિ વિના સત્સંગ કરે છે તેને ક્યારેય સત્સંગનો રંગ લાગતો નથી. ૩૬. કેટલાય લોકો વર્ષો સુધી સત્સંગ કરતા રહે છે, પણ

મનની શુદ્ધિ વિના તેને જગતના ફેર ઊતરતા નથી. ૩૭. જીવને રાતદિવસ લગાતાર દેહની મમતા જેમ રહે છે તેમ વારંવાર સત્સંગની મમતા જેને રહેતી હોય તેવા સંત અને હરિભક્તને નિષ્કપટ થઈને પોતાનું કુટીલ મન સોંપી દેવું. મન અર્પણ કર્યા સિવાય મોક્ષમાર્ગમાંથી પતન થાય છે. ૩૮-૩૯. સત્સંગમાં રહેતા રહેતા પણ મન અર્પણ કર્યા વિના કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે, તેવા કેટલાય નજરે દેખાય છે.' આવી વાતો શ્રીહરિએ કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'વડતાલ અને આસપાસના મુખ્ય પગીઓએ ચોકીની જવાબદારી લીધી' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥

પૂર સોળમું, તરંગ - ૬૦

સમૈયામાં પૂજાનો ઉત્સવ અને સત્સંગનું ગૌરવ

હુતાશનીના દિવસ સુધી ઉત્સાહભર્યા મનવાળા હરિભક્તોના સંઘ રોજ રોજ વડતાલમાં આવતા હતા. ૧. હરિભક્તોનું શ્રીહરિમાં હેત અત્યંત અલૌકિક રહ્યું હતું. જગતમાં આવું કોઈ અલૌકિક હેત કોઈનું કહી શકાય નહીં. ૨. **શ્રીહરિ અલૌકિક છે. તેના બધા સંતો અલૌકિક છે અને હરિભક્તો પણ અલૌકિક છે. તેને મુખથી કહી શકાતું નથી.** ૩. ઉત્સવના દિવસોમાં સવારથી સાંજ સુધી બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે લગાતાર આવતા હતા. ૪. જે હરિભક્તના મનમાં જેવા મનોરથો હતા તેવા પૂજાના પદાર્થોના થાળ ભરી ભરીને તેઓ લાવતા હતા અને જેના મનમાં જેવા મનોરથો હતા, તે પ્રમાણે ઘણા હેતથી પૂજા કરતા હતા. ૫.

વસ્ત્ર અને આભૂષણ જે લાવતા હતા, તેમાં સોના વગરનાં કોઈ પણ ન હતાં. ધર્મકુમાર શ્રીહરિ ભક્તજનોને પોતામાં અપાર હેત થાય એમ જાણીને તથા તેમનો સત્સંગ દૃઢ કરાવવાને માટે હેત લાવીને પૂજાને સ્વીકારતા હતા. શ્રીહરિ એકવાર પણ કૃપાદૃષ્ટિ કરીને જે દેખતા હતા, તેને હરિભક્તો જિંદગીભર ક્યારેય ભૂલતા નહીં. ૬-૭. હરિભક્તો જ્યારે પૂજા કરતા ત્યારે ધૂપ, દીપ આદિ કરીને તરત જ કપૂર પ્રગટાવીને આરતી કરતા, તે પાંચ

આંટા મારીને આરતી ઉતારતા હતા. ૮. તે પછી બધા સંતો અને વર્ણીઓની પૂજા કરતા હતા. તેમ આખો દિવસ પૂજામાં વીતતો હતો. વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં ભગવાન જેમ અખંડ રહ્યા છે, ૯. તે રીતે શ્રીહરિ વડતાલમાં રહ્યા હતા. એક ઉત્સવ પછી બીજો ઉત્સવ થતો રહેતો હતો. અને સમય સમય પ્રમાણે ઢોલ, તાંસાં, નોબત, ભેરી રણશિંગી, તુરાઈ વાગતાં રહેતાં હતાં. તેમજ પડઘમ વગેરે વિલાયતી વાજિંત્રો પણ વાગતાં રહેતાં હતાં. તે વાજિંત્રોના શબ્દ ત્રિલોકી સુધી છવાઈ ગયા હતા અને તેનાથી અત્યંત આનંદ રહેતો હતો. ૧૦-૧૧.

શ્રીહરિની સમીપે રાતદિવસ જેવો આનંદ રહેતો હતો તેવો અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈ ઠેકાણે આનંદ રહેતો નહીં. ૧૨. તે આંબાની પૂર્વ તરફના ભાગમાં રંગમંચ બનાવ્યો હતો અને તે રંગમંચની સમીપે રંગના બે હોજ કર્યા હતા. ૧૩. પિચકારીઓ અપાર કરી હતી. જેટલા સંતો હતા તે સહુએ બબ્બે પિચકારી લઈને તૈયાર કરી રાખી હતી. ૧૪. રંગનો સમય વિચારીને રંગે રમવા માટે જેટલા હરિભક્તો હતા, તેટલી પિચકારીઓ કરી હતી. ૧૫. મોટા મોટા મુનિવરોની સાથે રંગે રમવું, તે ઘણું દુર્લભ છે. કરોડો કરોડ જન્મ વીતી જાય તોપણ આવો રંગ ક્યાંથી મળે ? ૧૬. પ્રગટ શ્રીહરિની સાથે રંગે રમવું તે ઘણું દુર્લભ છે. કરોડો કલ્પ વીતે તોપણ વારે વારે આવો સુયોગ ક્યારેય મળતો નથી. ૧૭. કરોડો કલ્પ સુધી તપ કરે તોપણ ક્યારેય આવો ગયો અવસર ફરીને આવતો નથી. સંતોના સમાગમથી હરિભક્તો આવું સમજતા હતા. ૧૮.

જીવનું કલ્યાણ કરવું તે જ વાત અત્યંત દુર્લભ છે. તે વાત સંતોના સમાગમ કર્યા સિવાય કોઈને સમજ્યામાં આવતી નથી. ૧૯. જે લોકો સંતોનો સમાગમ નથી કરતા તેઓ ધન અને સ્ત્રીને દુર્લભ માને છે. અનંત કોટિ બ્રહ્માંડમાં જે દેહધારી બધા કહેવાય છે, તેઓ ધન અને સ્ત્રીમાં બંધાઈને રહ્યા છે. તેઓ છૂટવાનો ક્યારેય કોઈ ઉપાય કરતા નથી અને જે જે સાધન કરે છે તે અધિક બંધન થાય તેવાં જ કરે છે. ૨૦-૨૧. **જ્યાં સુધી સત્સંગ નથી થતો ત્યાં સુધી જીવ બંધનમાં પણ સુખ માને છે. જે કોઈ પણ મનુષ્ય**

કહેવાય છે, તેને મુખ્ય ધનનું બંધન રહે છે. ૨૨. મનુષ્ય મનમાં જે જે ચિંતવે છે તે વિવિધ પ્રકારના બધા વિષય ધનમાં રહ્યા છે. પ્રાણી જે જે યોનિમાં કહેતા દેવ યા મનુષ્યમાં જાય છે ત્યાં ધન અને સ્ત્રીને સુખની ખાણ માને છે. ૨૩.

ધન અને સ્ત્રીને માટે થઈને અપાર દુઃખને સહન કરે છે, તેનું વર્ણન કર્યે પાર આવતો નથી. દુઃખ સહન કરવા છતાં પણ તે સતત તેનું ચિંતવન કર્યા કરે છે અને તેમાં લેશમાત્ર પણ દુઃખ દેખતો નથી. ૨૪. આનાથી કોઈ વધારે અજ્ઞાન કહેવાય નહીં. સત્સંગ મળ્યા વિના એ દુઃખને ક્યારેય તરી શકાતું નથી. ૨૫. વિમુખ પ્રાણી હરિભક્તોના દ્રોહના ફળરૂપે દુઃખમાં મોક્ષ કરતાં પણ અધિક સુખ માને છે. એ રીતે દ્રોહનું ફળ ભોગવે છે. ૨૬. છતાં પણ કૃપાળુ, દીનબંધુ અને અશરણશરણ એવા સંતો અત્યંત દયા લાવીને તેવા જીવને સતત ઉપદેશ કરતા રહે છે. ૨૭. સાચા સંતનો જોગ થયા સિવાય ચાહે તેટલા ગ્રંથ ભણે છતાં ઉપદેશ લાગતો નથી અને માણસને લેશમાત્ર પણ ગમ પડતી નથી. ૨૮.

જગતમાં જેટલી શાળાઓ રહી છે અને ઝવેરી સુધીના અપાર વેપારીઓનો ગણતા પાર આવે તેમ નથી, એ બધા વ્યાવહારિક રહ્યા છે. ૨૯. મોક્ષ પ્રાપ્ત કરવા માટેની ચતુરતા સિવાય બીજી અપાર ચતુરતા રહી છે. તેવી અકલ્પ્ય અને આશ્ચર્યકારી ચતુરતા અપરંપાર રહી છે. ૩૦. માણસનું તત્કાળ મરણ થાય તેવી તો કેટલીયે ચતુરતા રહી છે. મનુષ્ય તે બધી ચતુરતાને ઉત્સાહથી શીખે છે. મરણ સુધી શીખતા પણ તેને કોઈ શંકા રહેતી નથી. ૩૧. **માતા અને પિતા એકનો એક પુત્ર હોય તોપણ તેને તેવી ચતુરતા શીખવા માટે અત્યંત ઉત્સાહથી પ્રેરણા કરતા રહે છે, પણ મોક્ષના માર્ગમાં તે આગળ વધે તેવું કોઈ ચાહતું નથી.** ૩૨. ધ્રુવ, અલર્ક અને ગોપીચંદ, તેમની માતાઓ ભાગ્યશાળી હતી કે જેમણે તત્કાળ મોક્ષની શાળા તરફ પોતાના પુત્રોને પ્રેરણા કરી હતી. ૩૩.

વિરાટપુરુષનાં પચાસ વર્ષ થઈ ગયાં છે. તેના ઉપર સવા પહોર વિરાટનો દિવસ અત્યારે ચઢી રહ્યો છે. ૩૪. વિરાટના એક દિવસમાં હજાર કળિયુગ(ચતુર્યુગ) વીતી જાય છે અને તેના એક દિવસમાં ચૌદ ઈન્દ્ર રાજ્ય

કરીને મરણ પામે છે. ૩૫. એક ઈન્દ્ર એકોતેર ચતુર્યુગ જેટલો સમય સ્વર્ગનું રાજ્ય કરીને મરણ પામે છે. જેવડો તે દિવસ છે તેવડી જ રાત રહી છે. ૩૬. આ બ્રહ્માંડનો પ્રલય કેટલીયે વાર થઈ ગયો છે. પરંતુ ક્યારેય કોઈ પિતાએ પોતાના પુત્રને મોક્ષમાર્ગમાં પ્રેરણા કરી નથી. ૩૭. **મનુષ્યથી લઈને દૈત્ય, દેવ અને બ્રહ્મા સુધી કોઈએ આજ સુધી પોતાના પુત્રને મોક્ષના માર્ગમાં પ્રેરણા કરી નથી. ૩૮. આ સમયે તો આપણા સત્સંગમાં અપાર એવાં માતાપિતાઓ રહ્યાં છે કે જેમણે એક, બે કે ચાર ચાર પુત્રોને મોક્ષના માર્ગમાં પ્રેરણા કરી છે. ૩૯.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'સમૈયામાં પૂજાનો ઉત્સવ અને સત્સંગનું ગૌરવ કહ્યું' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર સોળમું, તરંગ - ૬૧

બાર બારણાના હિંડોળાનું વર્ણન અને સંતો વગેરેનું પૂજન

શ્રીહરિ હરિભક્તોને જે કાંઈ કહેતા, તે હરિભક્તોના આનંદ માટે કહેતા. શ્રીહરિ હરિભક્તોના સાચા મિત્ર બનીને બધી વાતો કરતા રહેતા. ૧. શ્રીહરિમાં જે આશ્ચર્યકારી ઐશ્વર્ય છે તે તો તેમનામાં સહેજે જ રહ્યું છે અને બીજી બધી બાબતોથી પણ શ્રીહરિ સૌથી અધિક કહેવાય છે. ૨.

सोरठा : मायिक कर कोउ बात, हरि कु जानत अधिक जोउ;
बाल मति कहात, ब्रह्मा जेसे रहे तोउ...०३
मायिक जितने देव, मायिक जितने जन रहेउ;
ताकु करन हरि भेव, मायिक वस्तु ग्रहन करत...०४

કોઈક માયિક બાબતને લીધે જો કોઈ શ્રીહરિને અધિક જાણતા હોય તો તે ભલેને બ્રહ્મા જેવા હોય છતાં તે બાળમતિના કહેવાય છે. ૩. જેટલા માયિક દેવો અને માયિક મનુષ્યો છે, તેનો ઉદ્ધાર કરવા માટે શ્રીહરિ માયિક વસ્તુઓને સ્વીકારતા હતા. ૪.

चोपाई :

निर्गुन अमायिक हरि रहेऊ, आपके सबंध कर मायिक तेऊ;
जो जो वस्तु रहाये जितना, निर्गुन अमायिक होवत तितना...०५

શ્રીહરિ તો નિત્ય નિર્ગુણ અને અમાયિક છે. તેમના પોતાના સંબંધથી જે કોઈ પણ માયિક વસ્તુઓ છે, તે પણ નિર્ગુણભાવને અને દિવ્યતાને પામે છે. ૫. પશુ, પક્ષી, વૃક્ષ કે પર્વત વગેરે જે કોઈ પણ સ્થાવર-જંગમ છે તે બધા ભગવાનના સંબંધમાં આવતા તેમના સંબંધે નિર્ગુણ અને બ્રહ્મરૂપ કહેવાય છે. ૬. સાક્ષાત્ શ્રીહરિનાં જેટલાં વચન છે તે વિશેષરૂપમાં નિર્ગુણ અને બ્રહ્મમય છે. તેથી ભક્તો વચનરૂપી સડકનો ત્યાગ કરીને ક્યારેય ચાલતા નથી. ૭. વડતાલ ગામના જે હરિભક્તો હતા, તેમણે શ્રીહરિની મરજી લઈને શ્રીહરિને પધરાવવા માટે એક સુંદર હિંડોળો બનાવ્યો હતો. ૮. તે અલૌકિક હિંડોળો સેવાભાવી હરિભક્તોએ મુનિવર નિષ્કુળાનંદ સ્વામીની પાસે બનાવડાવ્યો હતો. તેની અપરંપાર અલૌકિક શોભા હતી. ૯. તે હિંડોળામાં વિવિધ પ્રકારના સુંદર સોનેરી સ્તંભ કર્યા હતા અને તેને ચારેકોર ચિત્તને ખેંચે તેવાં ત્રણ ત્રણ દ્વાર કર્યાં હતાં. ૧૦.

હિંડોળાની વચ્ચે ઘુમટ કર્યો હતો. તેના ઉપર સોનાનો કળશ મૂક્યો હતો. તેની સુંદર શોભાનું વર્ણન કરતા મારી તો બુદ્ધિ ડૂબી જાય છે. ૧૧. હિંડોળાની ચારે બાજુ છજાં કર્યાં હતાં અને છજાંની વચ્ચે એક એક ઘુમટ રચ્યો હતો. તે બધા ઘુમટ ઉપર ભારે વિચિત્ર સોનાનાં કળશ રાખ્યાં હતાં. ૧૨. સુંદર સોનાના જે બધા ઘુમટ હતા, તેનાં છજાં ઉપર સોનેરી વસ્ત્રની ઝાલર લગાવી હતી. ૧૩. તે છજાંઓની ચારે તરફ વિચિત્ર પ્રકારના સોનાનાં કેટલાંક લોલક બનાવીને લટકાવી દીધાં હતાં. ૧૪. કળા પૂરેલા સોનાના મોર કર્યા અને તે મોરનાં વૃંદ છજાંઓ ઉપર બેસાડી દીધાં. ૧૫. એક એક મોતીની નાની માળા મોરના મુખમાં આપી હતી. તેનો તાલમેળ એવો થયો હતો કે વિમાન કરતાં પણ તેની શોભા અધિક બની હતી. ૧૬.

આ ભૂમિ ઉપરના વિવિધ અમૂલ્ય જેટલા મણિઓ હતા, તે બધા હિંડોળાના સ્તંભમાં સુંદર રીતે લગાવી દીધા હતા. ૧૭. મોતીનાં તોરણ

બનાવીને હિંડોળાની ચારે બાજુ બંધાવ્યાં હતાં અને સોનાની વિશાળ ઘૂઘરમાળા હિંડોળાની નીચે લટકાવી હતી, તેને કોઈ જાણી શકતા નહીં. તે હિંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો હતો. તેની અદ્‌ભુત શોભા બધે છવાઈ ગઈ હતી. ૧૮-૧૯. ઓટાથી સો પગલાં જેટલે દૂર અગ્નિખૂણા તરફ એક આંબો હતો. પ્યારા શ્રીહરિ હુતાશનીને દિવસે નિત્યવિધિ કરી, રસોઈ જમી, ગામની બહાર ત્યાં આંબલે આવીને બેઠા. અને શરીર ઉપર અમૂલ્ય અને અનૂકુળ કેસરી રંગનાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૦-૨૧.

અમદાવાદના હરિભક્ત જે કેસરી વસ્ત્ર લાવ્યા હતા, તે શ્રીહરિએ પહેર્યાં હતાં અને દામોદર નામે અમદાવાદના હરિભક્ત કપૂરના હાર લાવ્યા હતા. ૨૨. તે સિવાય કપૂરનાં તોરા, બાજુબંધ, કડાં, પહોંચી અને કુંડળ જે કરાવીને લાવ્યા હતા, તે ઉત્સાહપૂર્વક શ્રીહરિને ધરાવ્યાં હતાં. ૨૩. સંતો અને હરિભક્તોની જે સભા થઈ, તે જાણે સરોવરમાં કમળ ખીલ્યાં હોય તેવી દેખાતી હતી ! તે વખતે સંતો ઝાંઝ-મૃદંગ આદિ વાજિંત્રો લઈને હોરીનાં પદ ગાતા હતા. ૨૪. પ્રેમભાવથી યુક્ત થયેલા સંતો જ્યારે ઉત્સવ કરતા હતા ત્યારે આ ભૂમિ ઉપર હોવા છતાં પણ અક્ષરધામમાં બેઠા હોય તેવી તે સભા દેખાતી હતી..! ૨૫. જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિને એક એક સાકરનો હારડો લઈને અર્પણ કરતા હતા. તેનો ગણે પાર આવતો ન હતો. ૨૬. સહુ હરિભક્તો ખજૂર અને ખારેકના થાળ ભરી ભરીને લાવતા હતા તથા સુંદર ટોપરાના થાળ ભરી ભરીને લાવતા હતા. ૨૭.

જે સંતો, વર્ણીઓ અને સંન્યાસીઓ હતા, તે બધાની શ્રીહરિએ પૂજા કરી અને સહુને હાર આપ્યા. ૨૮. કંઠમાં સમાય અને ઊપડે તેટલા બધા હાર સહુને શ્રીહરિએ આપ્યા-પહેરાવ્યા અને પાર્ષદોને પણ ઊપડે તેટલા હાર આપ્યા. ૨૯. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો આવ્યા હતા, તે બધા જેટલા હારથી રાજી થાય તેટલા હાર તેમને આપ્યા. ૩૦. નિત્ય ચોકી કરનારા જેટલા પગી હતા, તે સહુને પણ શ્રીહરિએ બોલાવીને ઘણા હેતથી તેઓ મુખથી 'ના...ના...' કરતા હતા તોપણ હાર આપ્યા. ૩૧. બધા પગી વિવેકી હતા. તેઓ 'ના...ના...' કરતા, છતાં શ્રીહરિ તેમને જમાડતા. તેઓ પોતાના

યશને વધારવા માટે જ નિત્ય આવીને ચોકી કરતા હતા. ૩૨. **તે બધા પગી અપાર યશના ભૂખ્યા હતા. તે સિવાય મનમાં બીજી લગાર પણ આશા ન હતી. યશને માટે કામ કરવા છતાં પણ કોઈ ભાંગલું વચન બોલે ત્યારે તેમને ક્યાંય ચેન પડતું નહીં.** ૩૩.

તે બધા પરસ્પર ભાઈઓ જ હોય તોપણ ક્યારેય પરસ્પર કટુવચન સહન કરતા નહીં. કદાચ કોઈ કડવું વેણ કહે તો તેના માટે તો તરત મરી જાય. આ તેમનો સહજ જાતિગુણ હતો. ૩૪. પણ શ્રીહરિ તે સહુના નાડીવૈદ્ય હતા. નાડી દેખીને ઔષધ આપતા રહેતા. તેથી જ તો સુખના ધામ અને સુંદરશ્યામ શ્રીહરિનું ધન્વંતરિ એવું નામ પડ્યું હતું. ૩૫. રોગ જુદો હોય અને ઔષધ જુદું આપે તેવા તો શ્રીહરિ સિવાયના લોકો ઠેકઠેકાણે પડ્યા છે અને તેનાથી લોકો રોગી રહે છે અને તેમના રોગ વધતા રહે છે. ૩૬. ઔષધ એકનું એક જ હોય છે, પણ રોગનું નિદાન કરનારમાં જો ફરક પડે તો તે ઔષધ રોગીને નુકશાન કરે છે. ૩૭. ઔષધ, પથ્ય અને રોગ, આ ત્રણેયનો જો એક રાગ થાય તો તરત જ મનુષ્ય નીરોગ થઈ જાય છે. જો મનુષ્યનું આયુષ્ય ન હોય તો તે ત્રણેય નકામાં થઈ જાય છે. ૩૮. જે હરિભક્ત થયા છે તેને મરવાનો ડર નથી. કારણ કે, સહુને જમપુરી, જન્મમરણ અને લખચોરાશીનો રોગ મટી ગયો છે. ૩૯. સત્સંગરૂપી ઔષધનું પાન કરીને બધા હરિભક્તો નીરોગી થઈ ગયા છે. અને તે સંસારનો ફરીવાર રોગ ન થાય એટલા માટે વ્રતમાન નિયમરૂપી જિંદગીભર ચરી રાખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'બાર બારણાંના હિંડોળાનું વર્ણન અને સંતો વગેરેનું પૂજન કર્યું' એ નામે એકછઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર સોળમું, તરંગ - ૬૨

રંગોત્સવ ઉપર આવેલા સંતોને શ્રીહરિએ સેવ જમાડી

અમદાવાદના એક ગંગાદાસ નામે કણબી હરિભક્ત હતા. તેણે સરસ રસોઈ બનાવડાવી. ૧. ઝીણી ઊજળી સેવ રસોઈમાં જ્યારે તૈયાર થઈ

ત્યારે સંતોની પંગત કરાવવા માટે સારી રંગોળી પુરાવી. ૨. રંગના હોજને નજીક ઉત્તર દિશામાં ઘણા ઉત્સાહથી સંતોની પંગત કરાવી હતી. ૩. પહેલા કેસરચંદન લઈને શ્રીહરિની પૂજા કરી અને તે પછી ઘણા આદરભાવથી સંતોની પૂજા કરી. ૪. બધા સંતોને એક એક ફૂલનો હાર પ્રેમથી પહેરાવ્યો. સહુ સંતોની આગળ પત્રાવળાં અને પડિયાંઓ મૂક્યાં. ૫. પ્રત્યેક સંતની આગળ અગરબત્તીનો ધૂપ કર્યો. સહુ સંતો 'સ્વામિનારાયણ' નામની ધૂન બોલતા હતા. ૬. તે ધૂનનો શબ્દ એકતાર થતો હતો. તે 'સ્વામિનારાયણ' શબ્દને જે સાંભળે તેનો ઉદ્ધાર થતો હતો. જ્યાં સુધી ભોજન પીરસાતું રહ્યું ત્યાં સુધી તે 'સ્વામિનારાયણ' નામની ધૂન થતી રહી. ૭.

નાનાભાઈ ભટ્ટ નામે જે વિપ્ર હતા તે સંતોને સેવ પીરસવા લાગ્યા અને સાકરનું ધોયેલું બૂરું શ્રીહરિ પીરસવા લાગ્યા. ૮. બંને હાથની પોશમાં જેટલી સાકર સમાય તેટલી લઈને શ્રીહરિ આપતા હતા અને તે વખતે મુકુંદાનંદ વર્ણી તાંબડીમાં ઘી ભરી ભરીને સહુ સંતોને પીરસતા હતા. પિરસાઈ ગયા પછી શ્રીહરિએ 'હરે...' એમ કહ્યું. પછી સંતો જમવા લાગ્યા. સહુ શ્રીહરિનાં નામ ઉપર સુરત રાખતા હતા. ૯-૧૦.

चोपाई :

ग्रास ग्रास नाम हरि ताके, वेर वेर उचरत रहे वाके;
जेंवत संत तब तितनी वारा, नाम बिन नहि करत उचारा...११

સંતો કોળિયે કોળિયે શ્રીહરિનું નામ વારંવાર બોલતા હતા. સંતો જમતા હતા તેટલી વાર સ્વામિનારાયણ નામ સિવાય બીજું કાંઈ બોલતા નહીં. ૧૧. સંતો જમતા હતા તેટલી વાર ઘણા હરિભક્તો દર્શન કરતા હતા. સંતો અન્નને ભેળવી ઉપર જળનું પ્રોક્ષણ કરીને આનંદથી તે ભોજન જમતા હતા. ૧૨. **સંતો શ્રીહરિના આજ્ઞાવચનમાં જ અમૃત કરતાં પણ વિશેષ સર્વોપરિ સ્વાદ માનતા હતા, પણ આજ્ઞાવચનથી વિરુદ્ધ જે હોય તેને અસાર સમજતા હતા. ૧૩. કારણ કે, જે શ્રીહરિનાં વચન સિવાયનો જેટલો સ્વાદ લે છે તે તેટલો શ્રીહરિથી દૂર રહે છે. એવું સંતોને દેખાતું હતું. ૧૪.**

જે માછલાંઓ છે તેને રસાસ્વાદ તરફ ઘણી દોડ રહે છે અને રસાસ્વાદે કરીને તે મરે છે, છતાં તે રસને છોડતાં નથી. ૧૫. જે મનુષ્યો જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેને કુસંગ રહે છે અને વિષયમાં લોભાયેલા રહે છે. ૧૬ **મનુષ્ય વિષયને માટે જેટલું દુઃખ કહેવાય છે તે બધા દુઃખને સુખદ માનીને સહન કરે છે. વિષયસુખમાં દુઃખ તો અપરંપાર થાય છે, તોપણ મનુષ્ય તે દુઃખમાં અપાર સુખ દેખે છે. ૧૭. સત્સંગ કરતાં કુસંગનું અપાર બળ રહ્યું છે અને તેને લીધે તે દુઃખમાં પણ ઘણું સુખ માને છે અને તે દુઃખનો અનુભવ લેશમાત્ર પણ સ્વીકારતો નથી. ૧૮.** જેટલાં સચ્છાસ્ત્રો છે તે સંસારને દુઃખમય કહે છે. તે ફક્ત કહેવામાત્રની વાત નથી, પણ સંસાર ખરેખર દુઃખમય છે. ૧૯. જીવ પાપ કરવામાં પાપ દેખતો નથી અને તેણે કરીને તે નિષ્પાપ થાતો નથી. જ્યાં સુધી દુઃખમાં સુખ મનાય છે, એ બધું પાપનું ફળ છે. ૨૦.

જ્યાં સુધી જીવ કુસંગ કરે છે ત્યાં સુધી તેના ઉપર ભગવાનનો અતિશય કોપ રહે છે. પાપથી છૂટ્યા વિના તે પાપનું જેટલું દુઃખ છે તેને તે પરમસુખ માનતો રહે છે. ૨૧. સત્સંગ કર્યા સિવાય ક્યારેય પાપનું દુઃખ તત્કાળ દેખાતું નથી. અનેક યુગોથી અજ્ઞાનના મોટા પર્વત રહ્યા છે. ૨૨. અજ્ઞાનરૂપી લોઢાના લોકાલોક પર્વત જેવા મોટા પર્વત છે. તે સત્સંગરૂપી જડીબુટ્ટીએ કરીને તત્કાળ ભસ્મ થઈ જાય છે. ૨૩. જ્યારે પાપમય બુદ્ધિનો અભાવ આવે છે ત્યારે સંતોની તરફ આગળ વધાય છે. માયાનાં જેટલાં બીજ છે તે બધાં વિષથી પણ અધિક વિષરૂપ છે. ૨૪. સત્સંગની જેટલી વાતો છે તે તો બ્રહ્મવિદ્યા છે. અને માયામય જે અવિદ્યા છે તેનો તે નાશ કરી દે છે. ૨૫. મનુષ્યને નીતિ ઉપર જેટલું તાન રહે છે, એવા જે મનુષ્ય છે તે બધા ધર્મસભાના સભ્યો કહેવાય અને તે હંમેશાં સત્ય જ બોલે છે. ૨૬.

જેટલી સત્ સત્ બાબતો છે અને જેટલું મોક્ષ ઉપર તાન છે તેટલો જ સત્સંગ કહેવાય છે. જ્યારે નિંદિત બાબતોને કુસંગ કહેવાય છે. ૨૭. ઇન્દ્રિયો અને અંતઃકરણને વિષય ઉપર તાન રહે છે. અને વિષય છે તે તો સળગતો અગ્નિ છે. ઇન્દ્રિયો અને અંતઃકરણને વશ વર્તનારા નિયમરહિત

થઈને ધર્મનો નાશ કરીને પતંગિયાની જેમ વિષયાગ્નિમાં પડીને મરે છે. ૨૮. સ્થાવર-જંગમ જેટલા દેહધારીઓ છે, તે બધાનું વિષય ઉપર જ એક તાન રહે છે અને વિષય ન મળે તો પ્રાણ છોડી દે છે. ૨૯. સ્થાવરથી લઈને પ્રકૃતિપુરુષ સુધીના જે કોઈ પણ છે તે બધા પંચવિષયરૂપી અગ્નિથી અંજાઈ રહ્યા છે. ૩૦. પંચવિષયને આધારે દેહમાં પ્રાણ રહે છે અને તે વિષય વિના તરત પ્રાણ છૂટી જાય છે. ત્યાગીનો ધર્મ જે રીતે રહે તે રીતે ભગવાને પ્રેમે કરીને, ૩૧.

જે વખતે જેવો યુગ હોય ત્યારે તેવા ત્યાગીના ધર્મ બાંધ્યા છે. જેનાથી જેનો નિભાવ થાય તે બધું ભગવાન સ્વયં જાણે છે. ૩૨. ગૃહસ્થાશ્રમીનો જે રીતે મોક્ષ થાય તે રીતે તેના ધર્મ ભગવાને બાંધ્યા છે અને વિષયભોગ કરવાના પણ નિયમ બાંધી આપ્યા છે. ૩૩. ચાર વર્ણ અને ચાર આશ્રમના અલગ અલગ ધર્મ ભગવાને બાંધી આપ્યા છે. જે મનુષ્ય જેટલો નિયમમાં વર્તે છે તેટલો તેનો મોક્ષ થાય છે. ૩૪. મનુષ્યોનો મોક્ષ થાય તેટલા માટે જ શ્રીહરિને એક સુદૃઢ તાન રહે છે. શ્રીહરિ સિવાયના જે ધર્મ કહેવાય છે તેનાથી તો બંધન થાય છે. ૩૫.

શ્રીહરિ એકના જ એવા મોક્ષકારી ધર્મ રહ્યા છે કે જેણે કરીને જીવના આલોક અને પરલોક સુધરે. ૩૬. શ્રીહરિના આશ્રિત જેટલા ત્યાગી સંતો છે તે શ્રીહરિએ કહેલા વિવિધ નિયમોથી સમસ્ત જગતમાં શોભી રહ્યા છે. ૩૭. શોભા, કીર્તિ, સુયશ અને જેટલી શુભ બાબતો છે, એ બધી શ્રીહરિએ કહેલા નિયમોમાં રહી છે. તેવા તે નિયમો છે. ૩૮. શાંતિ, સુખ, રિદ્ધિ અને સિદ્ધિ, આ બધી જે નિર્ભય રહેવાની વાતો છે તે શ્રીહરિએ કહેલા નિયમોમાં રહી છે. ૩૯. શ્રીહરિએ કહેલા નિયમોથી બહાર કોઈ અધિક વાત નથી. નિયમથી સર્વે વાત રાખવી જોઈએ. જેમાં અપાર દુઃખ રહ્યું છે, એ વાત ન રાખવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'રંગોત્સવ ઉપર આવેલા સંતોને શ્રીહરિએ સેવ જમાડી' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર સોળમું, તરંગ - ૬૩

હિંડોળામાં બિરાજેલા શ્રીહરિની સંતો અને ભક્તોએ પૂજા કરી

એક વાતમાં અનેક વાતના પ્રસંગો જે રીતે શ્રીહરિ જેવી પ્રેરણા કરે છે તે રીતે હું મનથી ઉત્સાહિત થઈને લખી રહ્યો છું. ૧. ગંગાનો પ્રવાહ અને ભગવદ્‌વાર્તા, એ બંનેની રીત એકસરખી છે. જેમ નદીનો વહી ગયેલો પ્રવાહ પાછો આવતો નથી તેમ ગયેલી વાતો ફરી યાદ આવતી નથી. ૨. કાળ અને આયુષ્યનો પ્રવાહ રાતદિવસ વહ્યો જાય છે, તે સત્સંગના યોગ સિવાય દેખાતો નથી. ૩. સત્સંગનો પ્રકાશ સૂર્યના પ્રકાશથી પણ ઘણો અધિક છે. કેમ જે તે અનેક જન્મના ગાઢ અંધકારનો પણ નાશ કરે છે. ૪. બ્રહ્મા અને ભવ, દેવો અને મનુષ્યોના ઈશ્વર કહેવાય છે. તેઓ પણ સદાને માટે સત્સંગ માગે છે, માટે સત્સંગને તુલ્ય કોઈ ન થઈ શકે. ૫.

જેની બુદ્ધિમાં કુટિલતા નથી તેને જ સત્સંગનો યોગ રહે છે. જેની બુદ્ધિમાં કુટિલતા હોય તેને સત્સંગ રહેતો નથી. કારણ કે કુટિલથી તો સત્સંગ દૂર રહે છે. ૬. કુટિલ મનુષ્ય સત્સંગ કરી શકતો નથી. કારણ કે તેના દિલમાં ખળતાઈ ભરી હોય છે. જેટલા ખળ પુરુષો સત્સંગ કરે છે, તેઓ કપટનો ત્યાગ કર્યા સિવાય પાર પડતા નથી. ૭. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. બધા હરિભક્તો રસોઈ કરવા ઉતારે ગયા અને સહુ સંતો રંગ તૈયાર કરવા લાગ્યા. ૮. અપાર કોઠીઓ રંગથી ભરી. તેમજ કેસુડા અને પતંગનો તો કોઈ પાર નહોતો. તે રંગથી બંને હોજ ભરી દીધા અને ભારે સુંદર રંગમંડપ બનાવ્યો. ૯.

ખેંગાર અને ચાંપસી નામે મુંબઈના બે ભાવસાર ભાઈઓ સત્સંગી હતા. વળી ત્યાં એક રૂડા સુતાર પણ હતા. ૧૦. તેઓ કેટલોક ગુલાલ લાવ્યા હતા. તેમણે તે ગુલાલ સંતોને આપ્યો અને ભાઈચંદભાઈ આદિક જે સુરતના હરિભક્તો હતા, તેઓ પાર વગરનો ગુલાલ લાવ્યા હતા. તેના મોટા ગંજ ખડકી દીધા. અને વડોદરાના નાથભક્ત પણ ઘણો ગુલાલ લાવ્યા હતા. ૧૧-૧૨. સોજીત્રા, વસો, પીજ, ખેડા, મહેમદાવાદ, મહુધા, વડથલ, ઉમરેઠ, નડિયાદ, ડભાણ, ઉત્તરસંડા, નરસંડા, પીપલગ, કણજરી, આણંદ,

ગાના, દાઓલ, આંકલાવ, બામણગામ, બોચાસણ, વહેરા, બોરસદ, ખંભાત, પેટલાદ, પંડોળી, નાર, તારાપુર, બુધેજ, જોળ, ગુડેલ, ગોરાડ, વરસડા, મોરજ, સીંજીવાડા, પીપળાવ આદિક જે ચરોતરનાં ગામ હતાં, તે સહુ ગામના હરિભક્તો ગુલાલ લાવ્યા હતા. તેના મોટા ગંજ ખડકી દીધા હતા. ૧૩-૧૬.

કાનમ પ્રાંતમાં ડભોઈ, જંબુસર, ભરૂચ વગેરે નર્મદા કિનારાનાં ગામ તથા ભાલ, કાઠિયાવાડ, વાળાક, સોરઠ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, વઢિયાર, નિમાડ, ખાનદેશ આદિકના જે ઉદાર દિલના ભાવિક ભક્તો હતા, તે સહુ ગુલાલ લાવ્યા હતા. તેનો ગણતા પાર આવતો નથી. ૧૭-૧૮. અને શ્રીનગરના જે ભાવિક હરિભક્તો હતા, તે બધા ગુલાલ લાવ્યા અને ગુલાલગોટા ઘણા લાવ્યા હતા. ૧૯. વડનગર, વિસનગર, સિદ્ધપુર અને પાટણ, ત્યાંના બધા હરિભક્તો પણ ગુલાલ લાવ્યા. તેના મોટા ગંજ થઈ ગયા. ૨૦. મેઉ, વિજાપુર, ઉંઝા, ઉનાવા આદિ ગામોના હરિભક્તો અત્યંત ઉમંગભર્યા ગુલાલ લાવ્યા હતા. ૨૧. માણસા, પ્રાંતિજ, કડી, વિરમગામ, ધોળકા, વહેલાલ આદિક બધા ગામના હરિભક્તો ગુલાલ લઈને આવ્યા. શ્રીહરિએ તે આવીને જોયું અને ઘણું પ્રસન્ન થયા. પછી આંબલા નીચે બેઠા. ૨૨-૨૩.

જ્યારે ચાર ઘડી દિવસ રહ્યો ત્યારે ભાઈ રામદાસજી સ્વામીએ શ્રીહરિ પાસે આવીને કહ્યું, કે 'હે નાથ ! હવે આપ હિંડોળે બેસો.' ૨૪. જ્યારે ભાઈ રામદાસજીસ્વામીએ આવીને કહ્યું ત્યારે શ્રીહરિ હિંડોળામાં બેઠા. તે વખતે હરિભક્તો 'જય જય...જય જય...' એમ બોલતા હતા. તેની શોભા એટલી અદ્‌ભુત થઈ કે તે કહી શકાતી નથી. ૨૫. બધાં જે વાજિંત્રો હતાં તે વાગવા લાગ્યાં અને તેનાથી બધો આકાશ ગાજવા લાગ્યો અને ત્રણ ત્રણ કોશ સુધીનાં બધાં જે વૃક્ષો હતાં, તે 'જય જય...જય જય...' શબ્દ બોલવાં લાગ્યાં.

સંતો અને હરિભક્તોની સુંદર સભા થઈ. તેમાં સંતોને પૂજા કરવા માટે બોલાવ્યા અને શ્રીહરિ ગાદીતકિયા ઉપર બેઠા હતા. ૨૬-૨૭. શ્રીહરિ ઉત્તરમુખે બેઠા હતા. સંતો પૂજા કરવા આવ્યા ત્યારે સહુ એક એક શેર ગુલાલ, કપડાના ટૂકડામાં બાંધીને લાવ્યા હતા. ૨૮. તે ગુલાલ શ્રીહરિની આગળ

રાખીને તેમાં સુખદાયક ચરણને પધરાવતા હતા. આ રીતે ગુલાલથી ચરણોને પૂજતા હતા અને એક એક સાકરનો ગાંગડો સંતો જેટલા પૂજા કરી રહે તે શ્રીહરિને મુખમાં આપતા હતા. આ રીતે શ્રીહરિ સહુની આપેલી સાકરને જમ્યા. પછી વર્ણીઓએ શ્રીહરિની પૂજા કરી. ૨૯-૩૦. જ્યારે મશાલો થઈ ત્યાં સુધી સંતોએ પૂજા કરી. પછી આરતી અને ધૂન કરી તેટલા સમયમાં રાત્રી બે ઘડી વીતી ચૂકી હતી. ૩૧.

પછી હરિભક્તો ફૂલના અપાર હાર લાવ્યા. શ્રીહરિ તે ભક્તોના અપાર હારને લેતા હતા. તેમાં અનંત ચાતુરી દેખાડતા હતા. ૩૨. જ્યાં સુધી હિંડોળો ચાલતો હતો ત્યાં સુધી શ્રીહરિ બંને હાથ લાંબા કરીને એક પળવારમાં હાર લઈ લેતા હતા. ૩૩. જ્યારે હિંડોળો વેગથી ચાલતો થયો ત્યારે શ્રીહરિ હિંડોળામાં ઊભા થઈ ગયા. જમણા હાથથી હિંડોળાની થાંભલી પકડી અને ડાબો હાથ છૂટો રાખ્યો હતો. ૩૪. શ્રીહરિનાં બંને ચરણ હિંડોળામાં સ્થિર હતાં અને પૂરી મૂર્તિ તો હિંડોળાની બહાર આવતી જણાતી હતી. ૩૫. શ્રીહરિ હાર લેતા હતા તેનાથી હિંડોળો ભરાઈ ગયો હતો. અપાર મશાલો પ્રગટી હતી ત્યારે પૂનમનો દિવસ હતો. ૩૬. જ્યાં સુધી નજર પડતી હતી તેટલે દૂર ભક્તજનોની સભા થઈ હતી. કેટલીક વાર તો શ્રીહરિ હાથમાં રહેલી છડીથી પણ ઘણા હાર લઈ લેતા હતા. ૩૭. શ્રીહરિએ બંને હાથે પાછળની થાંભલીઓને દૃઢતાથી પકડી હતી. પછી ડાબા અને જમણા એક ચરણથી વારાફરતી હાર લઈ લેતા હતા. ૩૮.

દોઢ પહોર રાત ગઈ ત્યાં સુધી ચિત્તચોર શ્રીહરિ હાર લેતા રહ્યા. તે ઉત્સવમાં લગભગ ત્રણ લાખ જેટલા હરિભક્તો ભેળા મળ્યા હતા. ૩૯. જેટલા હરિભક્તો હાર લાવતા હતા તે બધાને પછી બંધ કરી દીધા અને જે હાર હતા તે બધા સંતોને અને વર્ણીઓને આપ્યા. ૪૦. સંન્યાસી, પાર્ષદો અને કાઠી દરબારો જે હતા, તે સહુને પણ ફૂલહાર આપ્યા. તે સિવાયના જે બાઈ ભાઈ હરિભક્તો હતા તેમને પણ હાર આપ્યા. ૪૧. જાણે કોઈ ફૂલનો બગીચો પ્રફુલ્લિત થયો હોય તેવી સભાની શોભા થઈ હતી. પૂનમના દિવસનો મહિમા ઘણો મોટો છે, એવું વિચારીને સુરતના હરિભક્તો તે

વખતે અનુપમ મુગટ લાવ્યા હતા. આવા મુગટ પહેરેલા શ્રીહરિનાં દર્શન હરિભક્તોએ ક્યારેય કર્યાં ન હતાં. તે ભક્તો જે બધા જરિયાની વસ્ત્ર લાવ્યા હતા, તે શ્રીહરિને પહેલા ધરાવ્યાં. ૪૨-૪૩.

સુખના ધામ અને સુખના સાગર આવા શ્રીહરિએ જરિયાની સુરવાળ પહેલા પહેર્યો અને તે પછી જરિયાની જામો પહેર્યો. ૪૪. શ્રીહરિએ ભક્તજનનો ભાવ હોવાથી સુરવાળના ઉપર સુંદર ભાતીદાર સોનાનો કંદોરો બાંધ્યો. ૪૫. જરિયાની શેલાથી કમર કસી અને સોનાના વિચિત્ર પ્રકારના બાજુબંધ ભુજાઓ ઉપર ધારણ કર્યા. ૪૬. વળી હરિભક્તોનો ભાવ દેખીને સોનાનાં કડાં, સાંકળાં અને પહોંચી પોતાના હાથમાં પહેરી લીધાં. ૪૭. શ્રીહરિએ દસે આંગળીઓમાં સોનાના વેઢ ધારણ કર્યા અને બીજા પણ કેટલીક ભાતનાં સોનાનાં આભૂષણો કંઠમાં ધારણ કર્યાં. ૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'હિંડોળામાં બિરાજેલા શ્રીહરિની સંતો અને ભક્તોએ પૂજા કરી' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર સોળમું, તરંગ - ૬૪

શામળશાહ વેશે જીવોનાં ખાતાં બંધ કર્યાં અને રંગક્રીડાની તૈયારી

શ્રીહરિએ પોતાના ચરણમાં સોનાનાં ઝાંઝર અને તોડા ધારણ કર્યાં હતાં. મસ્તક ઉપર કલગીથી યુક્ત મુકુટ ધારણ કર્યો હતો. ૧. શ્રીહરિ હિંડોળા ઉપર જ્યારે ઊભા થયા ત્યારે મુકુટની કલગી ઉપરના ભાગમાં અડી જતી હતી. મુકુટની શોભા હિંડોળાથી ઢંકાઈ ગઈ હતી. ૨. પછી શ્રીહરિ બન્ને હાથથી મુકુટને પકડીને હિંડોળાથી ઊતરીને ત્યાં રહેલી પાટ ઉપર ઊભા રહ્યા. ૩. શ્રીહરિ પશ્ચિમ દિશામાં મુખ રાખીને ઊભા હતા ત્યારે મુક્તાનંદસ્વામી ત્યાં આવ્યા. અને તેમણે કેસરચંદનનું તિલક કર્યું અને તિલકને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. ૪. સ્વામીએ કુંકુમ લઈને એક અનુપમ ચાંદલો દાઢીની મધ્યે કર્યો. અને બન્ને ગાલ ઉપર કુંકુમની ટીબકડીઓ કરી. તે ટીબકડીઓ જાણે

તારા હોય તેવી શોભતી હતી ! ૫. તે વખતે શ્રીહરિએ બન્ને હાથને કમર ઉપર રાખ્યા. મૂર્તિ અત્યંત મનોહર જણાતી હતી. પૂર્વે જ્યારે ભગવાને વૃંદાવનમાં રાસ કર્યો હતો અને તે વખતે જેવી મૂર્તિ હતી તેવી આ મૂર્તિની શોભા હતી. ૬.

તે વખતે સુશોભિત જણાતા તે શ્રીહરિના રસભર્યા મુખારવિંદ ઉપર મરક મરક હાસ્ય છવાયેલું હતું. અને સંતોના ઉપર અપાર કરુણારસ છાયો હોય એમ દેખાતું હતું ૭. **જેટલાં દર્શન કરનારા ભક્તજનોની મનોવૃત્તિ તે વખતે મૂર્તિમાં ચોંટી ગઈ હતી. તેમને આલોકની અને અક્ષરધામની વિક્તિ રહી ન હતી. ૮. શ્રીહરિએ જ્યાં સુધી મસ્તક ઉપર મુગટ ધારણ કરી રાખ્યો ત્યાં સુધી દર્શન કરનારા બધા ભક્તોને સમાધિ થઈ ગઈ હતી. ૯.** શ્રીહરિની અલૌકિક મૂર્તિનાં દર્શન કરનારાઓની દૃષ્ટિ તે સમયે દિવ્ય થઈ ગઈ. તેથી જેને વૈકુંઠધામમાં રુચિ હતી તેને ત્યાં વૈકુંઠધામ દેખાયું. ૧૦. અને જેને ગોલોકધામની રુચિ હતી તેને ગોલોકધામ દેખાયું.

ભક્તજનના જેવા મનોરથ હતા તે પ્રમાણે તેમને મૂર્તિનાં દર્શન થતાં હતાં. ૧૧. કેટલાક ભક્તોને શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારી રહેલી શ્રીહરિની મૂર્તિ ચતુર્ભુજરૂપે દેખાઈ. અને કેટલાક ભક્તોને તે વખતે શ્રીહરિનાં દ્વિ ભુજરૂપે દર્શન થયાં. ૧૨. દ્વિભુજ સ્વરૂપે હોઠ ઉપર મોરલી ધારી હતી. અને ચરણોથી આંટીવાળીને મોરલી બજાવી રહ્યા હતા. ૧૩. મસ્તક ઉપર અપાર નંગથી જડેલો સુંદર મુકુટ ધારણ કર્યો હતો. અને તેના ઉપર ભવ્ય નંગ જડિત કલગી હતી. ૧૪. કેટલીય જાતના સુંદર સુંદર નંગ મુકુટમાં જડ્યા હતા. મણિ અને માણેક જડ્યા હતા. મોતી અને હીરા જેવી ઝવેરાત પણ હતી. ૧૫. વજ્રમણિ, રુચક, લાલમણિ, નીલમણિ, પીળા, શ્વેત અને શ્યામ આ બધા મણિઓનો સુંદર તાલ મળ્યો હતો. એની ચળકાટી આગળ સૂર્ય, ચંદ્રમા અને તારાઓની શી સ્થિતિ ! ૧૬. મુકુટનું તેજ વીજળીના તેજ કરતાં પણ અધિક હતું. શ્રીહરિએ મસ્તક ઉપર મુકુટ ધારણ કરીને સૌ હરિભક્તોને ચાર ઘડી સુધી દર્શન આપ્યાં. ૧૭.

પછી ત્યાં ઊભા ઊભા જ ચારે બાજુ ફર્યા. અને સૌ ભક્તોના ચિત્તને પોતાની મૂર્તિમાં ખેંચી લીધાં. ભક્તો જ્યારે સભામાં ન સમાયા ત્યારે કેટલાક તો વૃક્ષ ઉપર ચઢીને બેઠા હતા. ૧૮. જ્યારે બધા ભક્તો શ્રીહરિનાં દર્શન કરી રહ્યા ત્યારે પાછા પોતે આવીને હિંડોળે બેઠા. તે સમયે આનંદાનંદસ્વામીએ શ્રીહરિની આરતી કરી. ૧૯. તે સમયે ભવ અને બ્રહ્મા આદિ જે દેવતાઓ હતા, તે બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. અને શ્રીહરિના મસ્તક ઉપર કેસરયુક્ત ચંદન તથા પુષ્પો લાવીને હરખભેર તેની વૃષ્ટિ કરી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગડાવ્યાં અને આકાશમાં ઘણાં ઘાટાં વિમાનો રહ્યાં હતાં. અને બધા દેવતાઓ શ્રીહરિના ગુણોને ગાવા લાગ્યા. ૨૦-૨૧. તે વખતે શિવજીએ તાંડવ નામનું નૃત્ય કર્યું અને બ્રહ્મા સામવેદનું ગાન કરવા લાગ્યા. ૨૨. જેટલી અપ્સરાઓ હતી તે પણ ત્યાં આવીને નૃત્ય કરતી હતી. ગાંધર્વો શ્રીહરિનાં ચરિત્રોને પાપ નાશ કરનારાં જાણીને તેનું ગાન કરતા હતા. ૨૩.

चोपाई :

जितने हरि के चरित्र रहाते, अघहरन हि सब हि यह कहाते;
भजन स्मरन ध्यान ही जितने, कथा कीर्तन बात जो तितने...२४

શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે તે બધાં જ પાપોને નાશ કરનારાં કહેવાય છે. વળી શ્રીહરિનું ભજન, સ્મરણ, ધ્યાન, કથા, વાર્તા અને કીર્તન, એ બધાં પણ પાપોને નાશ કરનારાં છે. ૨૪.

दोहा : चाय तितनेउ जन्म के, अघ रहाये जेते;
हरन रहायेउ सद्य हि, ब्रह्म अनल हे तेते...२५
हरि के शरन भये जितने, सबंध भयेउ जाहि;
जंगम स्थावर तितने, अघ हरन रहे ताहि...२६

મનુષ્યનાં ચાહે તેટલાં પૂર્વ જન્મનાં પાપ રહ્યાં હોય પણ ઉપર કહ્યાં તે શ્રીહરિનાં ચરિત્ર અને ભજન-સ્મરણ વગેરે તત્કાળ જ પાપોને નાશ કરનારાં છે. કેમ જે, તે બધાં તો બ્રહ્મઅગ્નિ છે. ૨૫. જે કોઈ પણ શ્રીહરિને શરણે થયા હોય અને જેટલા સ્થાવર-જંગમને ભગવાનનો સંબંધ થયો હોય, તે

સહુના પાપને શ્રીહરિનાં ચરિત્રો અને ભજન-સ્મરણ નાશ કરે છે. ૨૬. જેને અગ્નિનો સંબંધ થાય છે તે જેમ અગ્નિરૂપ થઈ જાય છે તેમ ચાહે તેવા હોય પણ જો તેને શ્રીહરિનો સંબંધ થાય છે તો તે બધા તીર્થરૂપ થઈ જાય છે. ૨૭. ચિંતામણિ અને કલ્પવૃક્ષના જોગે કરીને જેનું ચિંતવન કરવામાં આવે તે ભોગ્ય પદાર્થ મળી જાય છે, પણ ચિંતવેલ પદાર્થ ચિંતામણિરૂપ થતું નથી. ૨૮. **કલ્પવૃક્ષના જોગથી પણ કોઈ વસ્તુ કલ્પવૃક્ષરૂપ થતી નથી પારસમણિના જોગથી લોઢું વગેરે સોનું થઈ જાય છે, પણ તે પારસમણિ બન્યા હોય તેવું ક્યાંય સાંભળ્યું નથી. પણ કલ્યાણકારી એવા શ્રીહરિના જોગને પામેલ બધી જ વસ્તુઓ તથા વ્યક્તિઓ શ્રીહરિના જેવી કલ્યાણકારી થઈ જાય છે. ૨૯.** ધર્મકુમાર શ્રીહરિએ જ્યારે પોતાના મસ્તક ઉપરથી મુકુટ ઉતાર્યો ત્યારે સુરતની જરિયાની પાઘ મસ્તક ઉપર ધારણ કરી. ૩૦. સોનેરી કલમ જમણા કાન ઉપર ધારણ કરી અને શામળશાહ શેઠનો સુખકારી વેશ ધારણ કર્યો. ૩૧ . તેથી અધમોદ્ધારક શ્રીહરિએ જીવોના પાપનાં બધાં ખાતાંને પળવારમાં માફ કરી દીધાં.

કારણ કે 'આ વખતે શ્રીહરિએ શરણાગતનાં બધાં જ પાપોનો નાશ કરવાની ટેક લીધી છે.' પછી શ્રીહરિ હરિભક્તોની આગળ વાત કહેવા લાગ્યા કે, 'જેટલા પુરુષ હરિભક્તો છો તે બધા પશ્ચિમ તરફના હોજ તરફ રહો. અને પૂર્વ તરફનો જે હોજ છે ત્યાં બધા સંતો રહે. ૩૨-૩૩. બધા હરિભક્તોએ સંતો ઉપર પિચકારીથી રંગ નાખવો અને હરિભક્તો ઉપર સંતોએ પિચકારી ભરીને રંગ નાખવો. ૩૪. જ્યાં સુધી રંગક્રીડા ચાલતી હોય ત્યાં સુધી સહુએ પરસ્પર ભળી ન જાવું. અજ્ઞાની મનુષ્યો જે રીતે રંગે રમે છે, તે રીતે સંતો અને હરિભક્તોએ રંગે રમવું નહીં. ૩૫. જ્યારે મનમાં લૌકિક ભાવ આવે છે ત્યારે તે સંત કે હરિભક્ત કહેવાતા નથી. હોળી, વિવાહ અને ભાંડ-ભવાઈના પ્રસંગમાં જેટલા અસુરો હોય છે, તે બાઈભાઈ બધામાં પ્રવેશ કરીને રહે છે; પણ અમે તો સંતો અને હરિભક્તોમાં એવા નિયમ કર્યા છે કે તેને લીધે તે અસુરો સંતહરિભક્તમાં ક્યારેય પ્રવેશ કરી શકતા નથી. ૩૬-૩૭. જે કોઈ મનુષ્યના મનમાં અસુર આવીને પ્રવેશ કરે

છે ત્યારે તેને મા, બેન અને દીકરીનો પણ વિવેક રહેતો નથી. ૩૮. અમારા કરેલા નિયમોને લીધે જ તે અસુરો હરિભક્તોમાં પ્રવેશ કરી શકતા નથી. અને તે ખરી હકીકત છે. ૩૯. જે મનુષ્ય શાસ્ત્રમાં કહેલા ધર્મ નિયમોને જીવનમાં રાખે છે, ત્યાં આવીને ભગવાન રહે છે. અને જે લોકો નિયમોને નથી પાળતા તો ત્યાં અધર્મ આવીને નિવાસ કરે છે. ૪૦. ત્યારે સહુ સંતો અને હરિભક્તોએ બન્ને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! અમે ક્યારેય નિયમોને છોડશું નહીં.' ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શામળશાહ વેશે જીવોનાં ખાતાં બંધ કર્યાં અને રંગક્રીડાની તૈયારી કરી' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર સોળમું, તરંગ - ૬૫

રંગક્રીડાની વ્યવસ્થા કરીને શ્રીહરિએ હોળી અંગેનો વિવેક શિખવાડ્યો

મોડી રાતે શ્રીહરિ વડતાલ ગામમાં જઈ ઉતારે પોઢી ગયા. સંતો અને બધા હરિભક્તો પણ સૂઈ રહ્યા. સહુ પ્રાતઃકાળે ઊઠ્યા. ૧. સવારે જ્યારે સહુ સંત હરિભક્તો સ્નાનાદિ નિત્યનિયમો કરી રહ્યા, ત્યારે શ્રીહરિ પણ કાઠી દરબારોની સાથે તૈયાર થયા. ૨. જે કાઠી દરબારો હતા તે સહુએ પોતપોતાના અશ્વ તૈયાર કર્યા અને ત્યાં લાવ્યા. અને બધા અશ્વ ઉપર બેઠા. ૩. શ્રીહરિ કમર કસીને નટવર બન્યા હતા. શ્રીહરિની સાથે સહુ હતા, તેમણે બોકાની વાળી લીધી હતી. ૪. તે સમે શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. મુખ ઉપર બોકાની વાળી લીધી. અને ઢાલ લીધેલા બધા પાર્ષદો શ્રીહરિની રક્ષા કરવા માટે સાથે ચાલ્યા. ૫.

શ્રીહરિએ પોતાના પાર્ષદોને કહ્યું કે, 'રંગની પિચકારી ભરીને કોઈ અમારા ઉપર રંગ નાખે ત્યારે તમારે સહુએ તેનો ખ્યાલ રાખવો. ૬. જે સહુ સંતો છે તેઓ પિચકારીમાં રંગ ભરીને અમારા ઉપર જરૂર નાખશે તેમાં લેશમાત્ર પણ ખોટું નથી. ૭. કોઈ મરે કે જીવે તેનો લેશમાત્ર વિચાર

કરતા નથી. બસ બધા રંગ નાખનારા જ છે, તમે મારી આડે ઢાલનો કોટ કરી દેજો. અને જે તે રીતે પણ મને રંગની પિચકારી થકી બચાવી લેજો. ૮. એક જણના ઉપર જ્યારે આટલા બધા સંતો રંગની પિચકારીઓ છોડે ત્યારે તરત માલૂમ પડે કે સ્થિતિ કેવી થાય છે ! ૯. અમે કહ્યું, તે રીતે તમે જ્યારે કરશો ત્યારે અમને આનંદ રહેશે. રંગની ભરેલી કોઈ પિચકારી અમારા ઉપર આવે ત્યારે તમારે રંગની પિચકારીને અમારી પાસે આવવા દેવી નહીં; પણ તેને દેખીને ઢાલથી રોકી રાખવી. કદાચ કોઈ જોર કરીને ધસી આવે તો તેની પિચકારી તેના હાથમાંથી ખૂંચવી લેવી. ૧૦-૧૧. તમે કોઈ આગળ જઈ સહુને સંભળાવી દો કે અમારા કહ્યા સિવાય કોઈએ રંગની પિચકારી ભરવી નહીં. અમે પછી આવીએ છીએ.' ૧૨.

પછી વિપ્ર નાનાભાઈ ભટ્ટ સંતોની પાસે આવ્યા. અને શ્રીહરિએ જે રીતે કહ્યું હતું તે બધું સહુને કહી સંભળાવ્યું. ૧૩. શ્રીહરિના કહ્યા સિવાય જેટલા સંતો અને હરિભક્તો રંગની પિચકારી ભરશે તે બધા અપરાધી ગણાશે. ૧૪. સંતો અને હરિભક્તોનો ખરો રંગ તો શ્રીહરિના વચનમાં રહ્યો છે. જે કોઈ વચન તરફ ધ્યાન નહિ રાખે તે તો બધા સંત કે હરિભક્ત ફક્ત વેશધારી ગણાશે. ૧૫. જે કોઈ કહ્યા સિવાય રંગની પિચકારી ભરીને શ્રીહરિ ઉપર રંગ નાખશે તો તેને વિમુખ કહ્યા છે. અને તેની પિચકારી ખૂંચવી લેવામાં આવશે. ૧૬. સંતો અને હરિભક્તોનો જે અલૌકિક રંગખેલ થશે, તેને શ્રીહરિ આવીને દેખશે. આવી શ્રીહરિની મરજી રહી છે. ૧૭. જે શ્રીહરિની મરજીને સાચવશે તે જ સંત અને હરિભક્ત સાચા છે. અને જે મરજીને નહિ સાચવે તે વિમુખ ગણાશે.

સંતોની તરફના ભાગમાં ભાઈરામદાસજીસ્વામીને બેસવા માટે મંચ બંધાવ્યો હતો. ૧૮. પછી રામદાસજીસ્વામી આવીને મંચ ઉપર બેઠા. અને જેટલા સંતો હતા તેમના પોતે જામીન થયા. ૧૯. પછી શ્રીહરિ બધા હરિભક્તોના જામીન થયા. પછી શ્રીહરિ ત્યાં આવી ગયા. ઢોલ, તાંસાં, નોબત ઈત્યાદિક જે બધાં વાજિંત્રો હતાં તે વાગવા લાગ્યાં. ૨૦. તુરાઈ, રણશીંગી, ભેરી, શરણાઈ એ વાજિંત્રો પણ વાગવા લાગ્યાં. પંચરંગી

નિશાનો ત્યાં હતાં. ત્યાં શ્રીહરિને બેસવા માટે એક મંચ પણ બાંધ્યો હતો. ૨૧. શ્રીહરિની જ્યાં બેઠક હતી તે સ્થળે મંચ કર્યો હતો. પછી ત્યાં આવેલા પ્યારા શ્રીહરિ અશ્વ ઉપરથી જયારે ઊતર્યા ત્યારે તરત મંચ ઉપર આવીને બેઠા. ૨૨. શ્રીહરિએ પહેલા સંતોની રંગક્રીડાની સેનાને દેખી. અને તે પછી જે બધા હરિભક્તોની રંગક્રીડાની સેના હતી તેને પણ દેખી. ૨૩.

चोपाई :

जितने धाम के मुक्त रहाये, ध्यान कु छोडि सब तिहाँ आये;
संत कि तरप मुक्त मिल गयेऊ, कोटान कोटि पार न रयेऊ...२४

ધામના જે બધા મુક્તો હતા તે બધા ધ્યાન છોડીને તે સ્થળે આવ્યા. અને સંતોના પક્ષમાં કરોડ કરોડ મુક્તો આવીને ભળી ગયા, તેનો કોઈ પાર ન રહ્યો. ૨૪. **જેટલા દેવો હતા તથા ધામના જે ભક્તો હતા તે કરોડો કરોડની સંખ્યામાં હરિભક્તોના પક્ષમાં ભળી ગયા. ૨૫. સહુને શ્રીહરિને રાજી કરવાનું જ એક તાન હતું. અને રંગક્રીડા તો તેનું એક નિમિત્ત હતું. એવી એ અલૌકિક વાત છે. ૨૬.**

બીજુ સંતો અને હરિભક્તોને આ લીલાનું વારંવાર ધ્યાન થાય અને મુમુક્ષુઓનો સંસારથી ઉદ્ધાર થાય એવું શ્રીહરિને તાન હતું. ૨૭. જે જગતના લોકો છે, તેને તો ધૂળેટીને દિવસે ફાગ બોલવા અને તોફાન કરવું તેવું જ મલિન તાન રહેતું હોય છે. ૨૮. સંસારના લોકો અને હરિભક્તોમાં તો દિવસ અને રાતના જેટલો તફાવત છે. જેટલા હરિભક્તો જે જે સમૈયાઓમાં ભેળા થાય છે, તે બધાને આત્માને શુદ્ધ કરવાનું તાન રહે છે. અને ભગવાન તથા ભગવાનના ભક્તોનું હૃદયમાં ધ્યાન રહે છે. અને તે પછી ભક્તોના મનમાં ભગવાન અને સંતોના ધ્યાનરૂપ રંગ ચઢી જાય છે. ૨૯-૩૦.

❋ અલૌકિક સમજણ, અલૌકિક રંગ :

हरि संत में गुन रहे जेसा, जिय तामें गुन आवे तेसा;
अलोकिक गुन रहे हे जितना, अलोकिक रंग रहेउ तितना...३१
जेहि जो रंग करिके जेहू, भगवान के धाम कु पावे तेहू;
एसे रंग रमत रहे जेही, संत जेतेउ हरिजन तेही...३२

ભગવાન અને સંતોનો જીવને જેટલો ગુણ આવે છે તેટલા ગુણ તે જીવમાં આવે છે અને જેટલા અલૌકિક ગુણ હોય છે, તેટલો તેમાં અલૌકિક રંગ રહે છે. ૩૧. જે રંગે-ઉત્સાહે કરીને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેવા રંગ-ઉત્સાહથી સંતો અને હરિભક્તો રમતા હોય છે. ૩૨. **આપણા સત્સંગમાં જે સધવા અને વિધવા બાઈઓ રહી છે, તે સહુને સમજણના અલૌકિક રંગથી ઉત્સાહપૂર્વક રાતદિવસ રમવું જોઈએ. ૩૩. જેને જેટલી અલૌકિક સમજણ રહે છે તેને તેટલો અલૌકિક રંગ રહે છે. અને તેવા ભક્તોમાં અલૌકિક સમજણરૂપ અનુપમ વસંત નિરંતર રહે છે. ૩૪.** જેને સત્સંગનું બિલકુલ જ્ઞાન નથી, આવાં નરનારીઓ સંસારમાં ભટકણ થાય તેવી હોળીની રમત રમે છે. ૩૫. જે સંસારી લોકો છે તેઓ જમપુરી અને લખચોરાશીનું ભ્રમણ જેટલું પોતાની નજીક આવે તેવી જ રીતે તે હોળીની રમત મનના ઉત્સાહથી રમતા હોય છે. ૩૬. ગામેગામમાં જેટલા ભગવાનથી વિમુખ મનુષ્યો હોય છે, તેઓ બધા હોળીના દિવસોમાં પશુના જેવું વર્તે છે. ૩૭. હોળી વખતે લોકો લોકની લાજ-મર્યાદાને તજી દે છે અને દારૂ પીધો હોય તેવા થઈને વિવાહમાં પણ મર્યાદા છોડી દે છે. ૩૮. જે ભગવાનથી વિમુખ છે તે લોકો અધર્મના બધા માર્ગ ઉપર ઉત્સાહથી ચાલે છે. અને તેને આનંદપૂર્ણ સુખરૂપ માને છે. ૩૯. જેવા જગતના લોકો છે, તેવા તેમના ગુરુઓ હોય છે. અને તેમનું જેવું મન રહે છે, તેવાં જ તેને ફળ મળે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'રંગક્રીડાની વ્યવસ્થા કરીને શ્રીહરિએ હોળી અંગેનો વિવેક શિખવાડ્યો' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥

પૂર સોળમું, તરંગ - ૬૬

રંગક્રીડા પછી મુક્તોએ કરેલી સ્તુતિ અને શ્રીહરિ જમ્યા

શ્રીહરિએ સહુ સંતો અને હરિભક્તોને કહ્યું, 'હવે તમે બધા રંગે રમો, અમે તે દેખીએ.' ૧. રંગના જે બે હોજ ભરેલા હતા, ત્યાં આવીને શ્રીહરિએ તેમાં પોતાના ઢીંચણ સુધી બંને ચરણ બોળ્યાં. ૨. શ્રીહરિ હરિભક્તોની સાથે

આવી ગયા અને તેમણે રંગથી પિચકારી ભરી. પછી સંતોની સન્મુખ ચલાવી. શ્રીહરિએ પિચકારી ચલાવી તેની સાથે અનંત પિચકારીઓ છૂટવા લાગી. ૩. જે હરિભક્તો હતા, તેમણે રંગની જડી મચાવી દીધી. તે મુખથી કહી શકાતી નથી. સામી બાજુએ સંતોએ પણ રંગની જડી મચાવી દીધી. ૪. રંગે રમતા પરસ્પર એકબીજાને કોઈ દેખતા નહીં. એ રીતે રંગની પિચકારીઓ વરસાવતા હતા. કેસુડા અને પતંગનો રંગ જે કોઠી(હોજ)માં ભરી રાખ્યો હતો, તે બધો બે ઘડી વારમાં ઉડાડી દીધો. પછી કૂવામાંથી પાણીનો મોટો પ્રવાહ બંને હોજમાં આવવા લાગ્યો. ૫-૬.

તે પાણીના પ્રવાહમાં ગુલાલ ભેળવીને રંગ બનાવતા હતા અને અનંત પિચકારીઓ ભરીને રંગખેલ ચાલતો હતો. તે રંગક્રીડા બે પહોર સુધી ચાલી. પછી શ્રીહરિએ તે બંધ કરાવી. ૭. શ્રીહરિ રંગમંચ ઉપર ઊભા રહ્યા. રંગમાં રસબસ થઈ ભીંજાઈ ગયા હતા. સંતો અને હરિભક્તો પણ રંગથી રસબસ હતા. પછી શ્રીહરિ ફરી તેમના ઉપર ગુલાલ ઉડાડવા લાગ્યા. ૮. સંતો અને હરિભક્તો જે હતા તે બધા શ્રીહરિની સન્મુખ ગુલાલની પોશ ભરી ભરીને ઉડાડવા લાગ્યા અને બધે આનંદ આનંદ છવાઈ ગયો. ૯. શ્રીહરિએ ગુલાલની જોળી ભરી હતી, તેમાંથી લગાતાર ગુલાલ ફેંકતા રહ્યા. આકાશ અને ભૂમિ, એ બધાં રંગ અને ગુલાલમય થઈ ગયાં. ૧૦.

શ્રીહરિના રંગખેલને જોઈને જે વસંતૠતુ કહેવાય છે તે પોતાનું કુટુંબ લઈને મૂર્તિમાન ત્યાં આવ્યો. ૧૧. પછી ૠતુરાજ વસંત દીનભાવે શ્રીહરિના ચરણકમળમાં પડ્યો અને બોલ્યો, 'આવો ખેલ ક્યાંય જોયો નથી' એમ હરખભેર શ્રીહરિની કીર્તિનું ગાન કર્યું. પછી હેત કરીને વિધિ પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ ગુલાલ ઉડાડીને જ્યારે રંગમંચ ઉપર બેઠા હતા ત્યારે જે મુક્તો આવ્યા તે શ્રીહરિને પૂજવા લાગ્યા. ૧૨-૧૩. તે રીતે જ જેટલા દેવતાઓ આવ્યા હતા, તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. પછી તે નિપુણ દેવો પોતપોતાના સ્થાનમાં ચાલવા તૈયાર થયા. ૧૪. ચાલતી વખતે વારંવાર શ્રીહરિના ચરણમાં પડીને વારંવાર સ્તુતિ કરવા લાગ્યા, 'મહારાજ ! આપે રંગે રમતા કોઈ જાતની ખામી રાખી નથી, એમ રંગે રમ્યા છો.' ૧૫. આ

શ્રીહરિની રંગક્રીડાને જે ભાવિક મનુષ્યો સાંભળશે તેના અંતરમાં આનંદની રંગરેલ થશે. ૧૬.

✵ ધન્યતાનો અનુભવ :

ચોપાઈ :

धन्य धन्य तुम धर्मकुमारा, धन्य धन्य खेल करेऊ अपारा;
धन्य धन्य खेल करत जेहि धामा, धन्य धन्य अचल रहे तेहि नामा...१७
धन्य धन्य रंग में आये जाही, धन्य यह बात सुनत जो ताही;
धन्य यह बात कहत जो तिनकू, धन्य यह सुनी प्रसन्न हो ईनकू...१८

આપ ધર્મકુમારને ધન્ય છે ધન્ય છે ! આપે જે રંગક્રીડા કરી તેને પણ ધન્ય ધન્ય છે ! જે ધામમાં આપે રંગક્રીડા કરી તેને પણ ધન્ય ધન્ય છે ! અને તેના નામને પણ ધન્ય છે કે જે કાયમ અવિચળ રહેશે..! ૧૭. જે આ રંગોત્સવમાં આવ્યા, તે સહુને ધન્ય છે ધન્ય છે ! જે ભક્તો આ રંગલીલાની વાતને સાંભળશે તેને પણ ધન્ય છે ! અને આ રંગક્રીડાની વાત કહેનારાને પણ ધન્ય છે ! અને આ રંગક્રીડા સાંભળીને જે પ્રસન્ન થાય તેને પણ ધન્ય છે..! ૧૮. આવા શ્રીહરિનાં ચરિત્રોને કહેવા તથા સાંભળવામાં જે મનુષ્યો આનંદ ન પામે તેના સમાન બીજા કોઈ અભાગિયા નથી. કેવળ ધન મળવાથી તેને કાંઈ ધન્યતા પ્રાપ્ત થતી નથી. ૧૯. અપરંપાર ધન મળે, પણ તે જો મોક્ષમાર્ગમાં લગાર પણ ઉપયોગી ન થાય તો તે ધન પાપમય કહેવાય છે. અંતે તો તે ધન રાજાના ઉપયોગમાં આવે છે. ૨૦. **આ બાબતમાં એક રતીભાર પણ ખોટું નથી.**

પૂરેપૂરો લોભી માણસ મોક્ષમાર્ગમાં ખર્ચ કરતો નથી. લોભીને ક્યારેય યશ મળતો નથી. છેવટે તો તે બધા નિર્વંશ થઈ જાય છે. ૨૧. એમ હોવા છતાં લોભી લોભને છોડતા નથી. લોભી માણસને તો બીજા લોભી લોકો જ અનુસરે છે અને લોભી માણસને તો પોતાના જેવા લોભી ગુરુ જ સારા લાગે છે. અને તેને નિર્લોભી મનુષ્ય શત્રુ સમાન દેખાય છે. ૨૨. ; લોભી મનુષ્યો ધન ભેગું કરે છે, પણ તેમાં પંદર જાતના અનર્થ રહ્યા છે. (જેવા કે, (૧) ચોરી, (૨) હિંસા, (૩) અસત્ય, (૪) દંભ, (૫) કામ, (૬) ક્રોધ,

(૭) માન, (૮) મદ, (૯) ભેદ, (૧૦) વૈર, (૧૧) અવિશ્વાસ, (૧૨) સ્પર્ધા, ત્રણ પ્રકારનાં વ્યસન, (૧૩) સ્ત્રી, (૧૪) દ્યૂત અને (૧૫) મદ્ય) અનર્થ કર્યા સિવાય ધન ભેગું થતું નથી અને પછી એક સાથે બધા ધનનો નાશ થાય છે. ૨૩.

નંદ નામે ઘણો ભારે લોભી રાજા થયો હતો. એક દમડી જેટલું પણ તેણે ક્યારેય પુણ્યકર્મ કર્યું નથી. કોઈ પુણ્યકર્મ કરવાનું નામ લે તેને પણ તે તરત રજા દઈ દેતો. ૨૪. પ્રજાના ઘરમાં જે ધાતુ, ઘરેણાં કે ધન હતું તેને લૂંટીને મનમાં અત્યંત રાજી થયો હતો. ૨૫. ભૂમિ ઉપરનું જેટલું ધન હતું, તે બધું પોતાને કબજે કરી લીધું. જેટલી પ્રજા હતી તે બધી રાંક અને દીન થઈ ગઈ. ૨૬. ભૂમિ ઉપર જેટલું ધન હતું, તે સમુદ્રમાં જઈને મૂક્યું. જે અગણિત નાણું હતું તે બધું સમુદ્રે લઈ લીધું. ૨૭. અત્યંત લોભ કરીને જે મનુષ્યો ધનને ભેગું કરે છે અને પુણ્યકર્મ કરતા નથી તેને અન્ય મનુષ્યોનો ત્રાસ અર્થાત્ નિસાસો લાગે છે. ૨૮.

જે સિદ્ધોના પણ સિદ્ધ કહેવાતા હોય તેમને પણ ધન મિથ્યા બોલાવરાવે છે. પ્રપંચ કર્યા વિના ક્યારેય ધન ભેગું થતું નથી. ૨૯. જ્યાં જેટલું ધન હોય છે ત્યાં તેટલો પ્રપંચ રહે છે અને જ્યાં પ્રપંચ રહે છે ત્યાં ક્યારેય ભગવાનનો નિવાસ રહેતો નથી. ૩૦. પરંતુ હે મહારાજ ! આપના નિયમોમાં જે વર્તે છે તેને માયા ક્યારેય બંધન કરતી નથી. આપના જે નિયમો છે તેનો જે લોકો ત્યાગ કરી દે છે તેને માયા બંધનકારી થાય છે અને તે સત્સંગ કરતો હોય છતાં પાછો પડી જાય છે. સત્સંગ કરવા છતાં જે જેટલો ઘટી જાય છે તેના કારણમાં તેટલો નિયમોનો ભંગ થયો હોય છે. ૩૧-૩૨. જે મનુષ્ય નિયમોની સાથે સત્સંગ રાખે છે તે ધનવાન કરતાં પણ અધિક ધન્યવાદને પાત્ર છે. જેને કોઈ પણ વાતના નિયમ ન હોય તે પોતાના ઉચ્ચપદથી નીચો પડી જાય છે. ૩૩.

આ દુનિયામાં જે નિયમરહિત માણસો હોય છે તે બધા ઘટી જાય છે. ભવ, બ્રહ્મા ઈન્દ્રાદિક દેવતાઓ અને ભલે સમર્થ મુક્ત કહેવાતા હોય તોપણ નિયમ વિના લાંછનને પામે છે અને તેટલા જ તે દુઃખી રહે છે. જે જે બાબતો

કહેવાય છે તે બધી નિયમે કરીને જ સારી લાગે છે. ૩૪-૩૫. જે મનુષ્યમાં જેટલા નિયમો રહ્યા હોય તેટલું તેમાં ઐશ્વર્ય અર્થાત્ મોટાઈ રહી છે અને જે લોકો જેટલા નિયમ વિનાના રહે છે, તેટલા તે ઐશ્વર્ય અર્થાત્ મોટાઈ વગરના રહે છે. ૩૬. આ રીતે બોલીને તેમણે શ્રીહરિના ચરણકમળમાં પોતાનું મસ્તક મૂકી દીધું. પછી તે મુક્તો ચાલ્યા ગયા. ૩૭.

પછી ત્યાં નજીકમાં મૂળજી પટેલનો જે કૂવો હતો ત્યાં રંગભર્યા શ્રીહરિએ જઈને સ્નાન કર્યું અને સંતો પણ ત્યાં આવીને નાહ્યા. ૩૮. પછી શ્રીહરિ શ્વેત વસ્ત્ર પહેરીને વડતાલ ગામમાં આવ્યા અને સારી રીતે ભોજન જમ્યા. પછી સંતો પણ ત્યાં આવ્યા. ૩૯. સંતોની જગ્યામાં વિશાળ ચોક હતો. ત્યાં રંગોળી પૂરી હતી અને તેમાં સંતોની પંગત થઈ. ૪૦. સુરતના જે બધા હરિભક્ત હતા તેમના તરફથી આજે બધાને રસોઈ હતી. તેથી તેમણે બધાએ પ્રસન્ન મનથી શ્રીહરિની પૂજા કરી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'રંગક્રીડા પછી મુક્તોએ કરેલી સ્તુતિ અને શ્રીહરિ જમ્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર સોળમું, તરંગ - ૬૭

શ્રીહરિ અને સંતોનું પૂજન, ભોજન તથા સત્સંગનું મહત્ત્વ

શ્રીહરિ ગાદીતકિયા બિછાવેલી પાટ ઉપર આવીને બિરાજમાન થયા. તે સમયે અપાર ભક્તજનો કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરવા લાગ્યા. ૧. સહુ હરિભક્તોએ શ્રીહરિની વિધિ પ્રમાણે પૂજા કરી અને તે પછી તેમણે સંતોની પૂજા કરી અને ત્યાં અગરબત્તીનો ધૂપ કર્યો. ૨. કેળનો બગીચો કર્યો અને તેમાં સંતો પંગત કરીને બેઠા. જેણે દર્શન કર્યાં હોય તે લોકો ઘણા ભાગ્યશાળી થયા. શ્રીહરિ તે પંગતમાં લાડુ પીરસવા લાગ્યા. ૩. લાડુ સાકરના કર્યા હતા, તેમાં ઘી ઘણું નાખ્યું હતું. શ્રીહરિએ બબ્બે લાડુ આપ્યા હતા અને સહુ સંતો 'નારાયણધૂન' કરતા હતા. ૪. લાડુ જ્યારે

પિરસાઈ ગયા ત્યારે ધર્મના દુલારા શ્રીહરિએ 'હરે...' એમ કહ્યું. તે વખતે સહુ સંતો જમવા લાગ્યા. પછી શ્રીહરિ પાર્ષદો અને કાઠી દરબારોની પંગતમાં ગયા. ૫.

તે સહુને જોઈએ તેટલા લાડુ શ્રીહરિએ પીરસ્યા અને જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૬. સંતો એક એક કોળિયે 'સ્વામિનારાયણ' આવું નામ મુખથી બોલતા હતા અને શ્રીહરિ પોતે સંતોનાં મુખ દ્વારે ભોજન આરોગતા હતા. ૭. જે બધા હરિભક્તો હતા, તે શ્રીહરિ અને સહુ સંતોનાં દર્શન કરતા હતા. સહુ સંતો હંસની જેમ શોભી રહ્યા હતા. ૮. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને બધા હરિભક્તો પોતપોતાના મુકામ ઉપર ગયા. ૯. શ્રીહરિ ચાર ઘડી પોઢ્યા અને પછી ગામથી બહાર આંબલે આવીને સભા કરી અને બધા સંતો પણ ત્યાં આવીને બેઠા. ૧૦.

આંબલે પલંગનો સરસ હિંડોળો બાંધ્યો હતો. તેના ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. દેશદેશના હરિભક્તો શ્રીહરિને માટે વસ્ત્રો અને ઘરેણાં કરાવીને લાવ્યા હતા. તેથી તેઓ પૂજા કરવા માટે આવ્યા. શ્રીહરિએ હરિભક્તોનો અપાર ભાવ દેખીને ઘણા પ્રેમથી તે પૂજા ગ્રહણ કરી. ૧૧-૧૨. હરિભક્તોના હૃદયમાં સત્સંગની વૃદ્ધિ કરાવવા માટેનું શ્રીહરિને મનમાં ચોક્કસ તાન રહેતું હતું. ૧૩. યત્કિંચિત્ માયિક વસ્તુ-પદાર્થ હોય તે બધાને શ્રીહરિ મળ સમાન દેખતા હતા. ૧૪. છતાં પણ હરિભક્તોનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પમાડવાને માટે શ્રીહરિ મનમાં અત્યંત ઉમંગ અને પ્રેમરસ દર્શાવીને તે પદાર્થોને ગ્રહણ કરતા હતા. ૧૫. તેનાથી દિવસે દિવસે સત્સંગની અત્યંત વૃદ્ધિ થતી હતી. તેટલા માટે ભક્તોને શ્રીહરિ સુખ આપવા તેવાં તેવાં ચરિત્રો કરતા હતા. ૧૬. જે લૌકિક મનુષ્ય હોય છે, તેઓ માયામાં બંધાયેલા રહે છે. માટે પોતાના મનમાં જેવી ભાવના હોય તેવા રૂપમાં શ્રીહરિનાં ચરિત્રોને દેખતા હતા. ૧૭. તે લોકો જેવું દેખતા તેવી વાતો કરતા, પણ તેમના દેખવામાં ઘણો ફરક રહેતો હતો. તેમને યથાર્થ વાત દેખાતી નહીં, તેનાથી તે વાત કરનારા લોકો જમપુરીમાં જાતા હતા. ૧૮.

મનુષ્યને જ્યાં સુધી સત્સંગ થાતો નથી ત્યાં સુધી તેઓ જન્મમરણ અને લખચોરાશીનાં દુઃખોને સમજણ નહિ હોવાથી સહન કરે છે. ૧૯. બ્રહ્મા કરતાં પણ અપાર બુદ્ધિમાન હોય તેવા લોકોને જન્મમરણ, જમપુરી અને લખચોરાશીનું જે દુઃખ આવે છે તે લગાર પણ ક્યારેય જાતું નથી. ૨૦. **જ્યાં સુધી પોતાના માથા ઉપર દુઃખ રહ્યું હોય ત્યાં સુધી તેમાં કાંઈ બુદ્ધિમત્તા કહેવાતી નથી. સત્સંગ વિના બીજા કોઈ ઉપાય કરવામાં આવે તો પણ દુઃખ ટળતું નથી. ૨૧. સત્સંગથી જેવું સુખ થાય છે તેવું બીજા કોઈ ઉપાયથી થતું નથી. આ કારણને લીધે સત્સંગની સમાન જગતમાં બીજું કોઈ નથી. ૨૨. અનેક બ્રહ્માંડનાં જે સુખ છે તે સત્સંગની આગળ લૂખા લાગે છે. સુખ માટેની જે અનંત વાતો કહેવાય છે, તેમાં સત્સંગ સહુથી અધિક રહ્યો છે.** ૨૩. સત્સંગથી કોઈ અધિક નથી. એવા મહાન સત્સંગને દૃઢ કરાવવા માટે થઈને શ્રીહરિ અપાર વાતો કરતા રહેતા. ૨૪. જે સત્સંગ કરતા તેને શ્રીહરિ બધી જાતની એવી વાતો કહેતા હતા કે તેમને કોઈ વાત પછી બાકી રહેતી નહીં. ૨૫.

दोहा : जिहाँ लग सत्संग हि जो, करे नहि तिहाँ लग;
सुख अलोकिक जितनो, सब हि रहे जो अलग...२६
सोरठा : बाई भाई जेते, अलोकिक अति भावकर;
हरि कु पूजे तेते, अलोकिक सुख पाये यह...२७

મનુષ્ય જ્યાં સુધી સત્સંગને સ્વીકારતો નથી ત્યાં સુધી જે અલૌકિક સુખ છે તે બધું તેનાથી અલગ રહે છે. ૨૬. જે બાઈભાઈ હરિભક્ત હતાં તેમણે અત્યંત અલૌકિક ભાવથી શ્રીહરિને પૂજ્યા અને અલૌકિક સુખ પામ્યાં. ૨૭. હરિભક્ત પુરુષોએ શ્રીહરિની પૂજા કરીને સહુ સંતો, વર્ણી અને પાર્ષદોની સંભારીને પૂજા કરી. ૨૮. જ્યારે પૂજા કરી રહ્યા પછી શ્રીહરિએ સહુને રજા આપી અને કહ્યું, '**સત્સંગમાં જેટલો દોષ દેખાય છે તેટલો કુસંગ રહ્યો છે.** ૨૯. ચાહે તેવા પંડિત કે સિદ્ધ હોય, પણ જ્યાં સુધી સત્સંગમાં દોષ બતાવે છે ત્યાં સુધી તેને અસુરોમાં પણ ભયંકર અસુર દેખવા. ૩૦. બોલવા માત્રમાં જ દેવ અને અસુરભાવ દેખાઈ આવે છે. તેમાં તે અસુરભાવ રતીભાર પણ

છુપાતો નથી. તેવા અસુરો ફેલ અને વ્યસનથી ભરપૂર હોય છે અને તેને અધર્મમાર્ગમાં ચાલતા દિલમાં ત્રાસ થતો નથી. ૩૧. વેદ અને પુરાણોમાં લખેલા જે વિધિ અને નિષેધ કહેવાય છે, તેને જે મિથ્યા કહે છે તે બ્રાહ્મણ હોય તોપણ તેને અસુર કહેવો. ૩૨. વિધિ અને નિષેધોને ગુરુ થઈને જે મિથ્યા કહે છે તેને અસુરગુરુ જાણવા અને તેનો જાણીને સમાગમ કરવો નહીં. ૩૩.

મનુષ્ય જેવો અધિકારી હોય તેને વારંવાર તપાસીને વેદ અને પુરાણોમાં, તેના વર્તનને ભિન્ન ભિન્ન રીતે લખેલા છે. ૩૪. રોગી માણસને જે જાતનો રોગ હોય, તેને તપાસીને ભગવાન ધન્વંતરિએ જાતજાતનાં ઔષધ લખ્યાં છે. ૩૫. વૈદ્યક, વેદો અને પુરાણોની સમજણ લગભગ એક સરખી રહી છે અને જ્યોતિષના ગ્રંથોમાં ભૂત અને ભવિષ્યની વાતો કહી છે. ૩૬. જો સત્સંગનો યોગ ન હોય તો સીધાં વચનોને પણ અસુરગુરુઓ ઊંધાં સમજાવી દે છે. ૩૭. નીતિના ગ્રંથોને જાણ્યા હોય તો જેટલી અનીતિ છે, તે તલ તલ જેટલી પણ દેખાય છે અને પછી કોઈ અજ્ઞાની રહેતું નથી. ૩૮. ભગવાન અવતાર લે છે ત્યારે અસુરો તો નિંદા કરતા રહે છે.' શ્રીહરિએ આટલી વાત કહી પછી હરિભક્તોને રજા આપી તેથી તેઓ ચાલતા થયા. ૩૯. જે બાઈભાઈ હરિભક્ત હતાં, તેમણે શ્રીહરિએ ઉડાડેલો પ્રસાદીનો રંગ હતો, તેને ઘણા પૂજ્યભાવથી પ્રસન્ન મને સાથે લઈ લીધો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિ અને સંતોનું પૂજન, ભોજન તથા સત્સંગનું મહત્ત્વ કહ્યું' એ નામે સડછઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર સોળમું, તરંગ - ૬૮

શ્રીહરિએ સંતોને લોકકલ્યાણકારી ઉપદેશ કરવાની પદ્ધતિ શીખવી

શ્રીહરિ સહુ સંતોને ઘણા હેતથી ભેટ્યા અને તેમને કહ્યું કે, 'તમે સત્સંગમાં ફરો અને કલ્યાણકારી વાતો કરો. ૧. સંસારી લોકોને તો સંસાર ઘણો સારરૂપ મનાય છે. તેમને દુઃખની કાંઈ ગમ હોતી નથી. ૨. સંસારી

લોકો સંતો અને શાસ્ત્રોના સંગ વિના દુઃખરૂપ સંસારને પણ અત્યંત શ્રેષ્ઠ સુખરૂપ માને છે. ૩. જેટલા વિપ્રો છે તે બધા સંસારના સુખને માટે શાસ્ત્રોને ભણે છે, પણ મોક્ષને માટે કોઈ ભણતા નથી. ૪.

चोपाई :

नारी धन संसार रहाते, ता हित जन सब उद्यम कराते;
दिन दिन अधिक खुतत ता मांहीं, तामें दुःख कबु देखत नाहीं...०५
संसार में दुःख देखन हीता, मनुष्य तन अमूल रचीता;
मनुष्य तन कु पाये तोऊ, दुःख में सुख मानत रहे सोऊ...०६
संसार में दुःख देखे बिनही, दुःख से कबु न छूटत किनही;
दुःख कु देखत न जिहाँ लगहू, जन्म मरण रहत तिहाँ लगहू...०७

સ્ત્રી અને ધન, તે બેમાં જ સંસાર રહ્યો છે અને તે બેને માટે જ બધા લોકો મહેનત કરે છે અને તેનાથી દિવસે દિવસે તેઓ વધારે પડતા સંસારમાં ખૂંતતા જાય છે, પણ સંસારમાં તેમને ક્યારેય દુઃખ દેખાતું નથી. ૫. જીવનું આ અમૂલ્ય મનુષ્યશરીર સંસારમાં દુઃખદૃષ્ટિ કરવા માટે જ પરમેશ્વરે રચ્યું છે. એવું મનુષ્યશરીર મળ્યું, છતાં જીવ દુઃખમાં પણ સુખ માનતો રહે છે. ૬. સંસારમાં દુઃખદૃષ્ટિ થયા સિવાય કોઈ મનુષ્ય દુઃખથી ક્યારેય છૂટતો નથી અને જીવ જ્યાં સુધી સંસારમાં દુઃખ દેખતો નથી ત્યાં સુધી તેને માથે જન્મમરણ રહે છે. ૭.

માણસ જ્યાં સુધી સંસારમાં સુખ માનતો રહે છે ત્યાં સુધી તે દુઃખમાં જ વસી રહ્યો છે અને તેને મનુષ્યશરીરનો કોઈ લાભ મળતો નથી. ૮. સંસારરૂપી સાગર અપાર છે. તેનો કોઈ છેડો આવતો નથી. ચાહે તેવો મનુષ્ય બુદ્ધિમાન હોય તોપણ તે સંસારના દુઃખમાં સુખ માન્યા કરે છે. ૯. માણસની સમજણને સવળી-શુદ્ધ કરવાને માટે સંસારસુખમાં જે દુઃખ દેખાડે છે, તેને સાંસારિક લોકો પાખંડી કહે છે. ૧૦. શરીરમાં જેને અસાધ્ય રોગ થયો હોય છે તેને કોઈ ઔષધ લાગું પડતું નથી અને અસાધ્ય રોગને મટાડવાને માટે જેટલા ઉપાય કરવામાં આવે છે તે બધા નિષ્ફળ થઈ જાય છે. ૧૧. જેને અસાધ્ય રોગ થયો હોય તે વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રને ભણે છે, તોપણ તેને મિથ્યા કહે છે.

એવા લોકો કાશી જેવા ક્ષેત્રમાં ભણે છતાં તેમની બુદ્ધિ અધિક દૂષિત રહે છે. ૧૨. કેટલાક વિપ્ર શાસ્ત્રોને ભણીને પણ અનીતિથી થોડુંયે ડરતા નથી. જેણે તે શાસ્ત્રોને કેવળ પેટ ભરવાનું જ સાધન માન્યું હોય તેને એક પણ શાસ્ત્ર કામ લાગતું નથી. ૧૩. જે જે બાબત હોય છે તેને પેટ ભરવા માટે જ ઉપયોગી માનતા હોય તેને અસાધ્ય રોગ થયો છે એમ સ્પષ્ટ રીતે જાણવું. ૧૪. જેમાં આસ્તિકપણાની જેટલી બુદ્ધિ હોય તેનો રોગ તેટલો સાધ્ય ગણાય. માટે તેવાના મરણનો ડર નથી અને એવાનું ઔષધ કરવું જોઈએ. ૧૫.

જીવને સંસારરૂપી રોગ ફરીવાર ન થાય તે રીતે વાતરૂપી ઔષધ આપવું. જેનાથી તે નીરોગી રહે તેવી દવા દયા કરીને આપવી. ૧૬. ચરી પાળ્યા સિવાય ક્યારેય ઔષધ લાભ કરતું નથી અને જો ચરી પળાતી હોય તો તત્કાળ જ સંસારનો દુઃખરૂપી રોગ ક્યારેય રહેતો નથી. ૧૭. જે માણસ અનીતિ કરીને સ્ત્રી અને ધનનો જેટલો સંગ્રહ કરી રાખે છે તેને તરત જ તેટલું મોટું દુઃખ આવે છે, જે મુખથી ક્યારેય કહી શકાતું નથી. ૧૮. જે સ્ત્રી અને ધનના અનુરાગથી અનીતિ કરે છે તે લોકો તેમાં પ્રાણનો પણ ત્યાગ કરે છે અને જે મનુષ્ય જેવી અનીતિ કરે છે તેને તેવું દુઃખ આવે જ છે. ૧૯. **મનુષ્ય જેટલો નીતિને માર્ગે ચાલે છે તેટલો તે સુખી રહે છે અને જે આવી રીતે સીધે માર્ગે ચાલે છે તે ક્યારેય દુઃખી થતો જ નથી.** ૨૦. **મોક્ષના સામર્થ્ય વિનાનો પુરુષ મોક્ષમાર્ગની પ્રથાને ક્યારેય બાંધી શકતો નથી અને તેવી પ્રથાને જે બાંધવી તે સમર્થ પુરુષ સિવાય ક્યારેય બની શકતું નથી. ૨૧.** મોક્ષમાર્ગની જે પ્રથા છે તે સર્વ માર્ગોથી શ્રેષ્ઠ છે. લોકો મોક્ષ સિવાયના માર્ગની અનેક પ્રકારની પ્રથાઓને બાંધતા હોય છે. ૨૨.

ધન અને સત્તાના પ્રભાવથી મોક્ષ સિવાયની ઘણી સારી પ્રથાઓને બાંધે છે, પણ મોક્ષની જે પ્રથા બાંધવી તે તો એક આશ્ચર્યકારી વાત છે. ૨૩. મોક્ષની પ્રથામાં મનુષ્ય જ્યારે ચાલે છે ત્યારે તે નિર્વિઘ્ન રહી શકતો નથી. કેમ જે, તેને લોકો વિઘ્ન કરે છે. માટે મોક્ષની પ્રથાને જે બાંધવી તે જ મોટું ઐશ્વર્ય કહેવાય છે. ૨૪. શ્રીહરિ કહે છે કે, 'આવી રીતે મુમુક્ષુ આગળ સહજ સ્વાભાવિક રીતે કલ્યાણકારી વાત કરવી, પણ તેમાં મુખથી કોઈનું

વ્યક્તિગત નામ લેવું નહીં. નામ લેવાથી ક્યારેક તેમાં અવિદ્યા પ્રગટ થઈ જાય છે. ૨૫. જેમાં કુબુદ્ધિ છે તે લોકોને સત્સંગની વાત ઝેર જેવી લાગે છે અને તેમને ક્યારેય તે વાત ગમતી નથી. ૨૬. જેમાં સદ્‌બુદ્ધિ રહી છે તેને સત્સંગની વાત અમૃત સમાન લાગે છે અને તેને સંતો સારા લાગે છે. ૨૭.

સંતોના જે ધર્મો છે તે બધા ભાગવતપુરાણ અને ગીતામાં સ્પષ્ટ રીતે કહ્યા છે. માટે તમારે તેની વિગતવાર વાત વારંવાર કહેવી. ૨૮. જે ગૃહસ્થ હરિભક્ત હોય, તેમની આગળ પ્રહ્લાદ, ધ્રુવ, પ્રિયવ્રત, ભરતજી, તેમના વર્તનની વાત કહેવી. ગોવાળો અને ગોપીઓનાં વર્તન પણ કહેવાં. ૨૯. **વેદ, પુરાણ, મહાભારત વગેરે ગ્રંથોના રહસ્ય-સિદ્ધાંતની વાત કહેવી અને વ્યાસમુનિએ જે ભાગવતપુરાણ કર્યું છે તેમાં રહેલી ભક્તોની વાત પણ કહેવી.** ૩૦. અત્યારે જે આપણા હરિભક્તો જે રીતે વર્તન રાખતા હોય તેના ધર્મોની પ્રેમથી વાત કરવી અને શાસ્ત્રોમાં જે દુરાચારનો નિષેધ કર્યો હોય, તેની વાતને પણ યાદ રાખીને કહેવી. ૩૧. આ ભરતખંડમાં રહેલાં બાઈભાઈ તમામ મનુષ્યોના શાસ્ત્રમાં લખેલા સામાન્ય અને વિશેષ ધર્મ કહેવા. ૩૨. **શાસ્ત્ર અને લોકની જે જેટલી મર્યાદા રાખે છે, તે તેટલો મનુષ્યજાતિનો કહેવાય છે અને તેવાનો ક્યારેક તો મોક્ષ થાય છે.** ૩૩. શાસ્ત્ર અને લોકની મર્યાદાનો જે લોપ કરે છે, તેને તો પશુજાતિમાં ગણ્યા છે. કેમ જે, મર્યાદા સિવાય કાંઈ જ મહત્ત્વનું નથી. ૩૪.

પશુ અને પક્ષીઓમાં પણ જે ટેકિલા છે, તે પણ વિષય ભોગવવામાં પોતાની જાતિનો ભંગ કરતા નથી, અર્થાત્ પરજાતિમાં વિષય ભોગવતા નથી. ૩૫. અનળ જેવા મોટા પક્ષીથી લઈને એક અલ્પ જંતુ સુધીનાં તમામ પશુપક્ષી, ધર્મની મર્યાદા આટલી રાખે છે અને તે મરણ પર્યંત એ ધર્મનો ક્યારેય ત્યાગ કરતા નથી. ૩૬. સિંહ જેવું બીજું કોઈ પ્રાણી સમર્થ નથી. તે ચાહે તેવું કરી શકે છે, પણ તે જંગલને છોડીને ક્યારેય નગરમાં ફરતો નથી, એટલો ધર્મ તો તે પણ રાખે છે. ૩૭. સહુમાં એક ધર્મ મુખ્ય રહ્યો છે. તેઓ ધર્મનો લોપ ક્યારેય કરતા નથી. જુઓ, વૃક્ષ, વેલી અને વન ઇત્યાદિક છે, તે સહુ સહુના સમય પ્રમાણે ફૂલે છે અને ફળે છે. ૩૮.

શાસ્ત્રની સમજણ વિનાના મનુષ્ય જેવો બીજો કોઈ નીચ ગણાતો નથી. તે એક પણ વાતનો ધર્મ રાખતો નથી. ૩૯. તે નીચ મનુષ્ય ચાહે તેવું ખાય છે, ચાહે તેવા વિષય ભોગવે છે, તે આ પોતાની નાત છે કે પરનાત છે, તેની મનમાં શંકા પણ રાખતો નથી. ૪૦. શાસ્ત્રના જ્ઞાન વિનાના મનુષ્યનો ધર્મ ઘસાઈ જાય છે, એમ જાણીને ભગવાને વેદ આદિ શાસ્ત્રોની રચના કરી છે. ૪૧. જેટલાં શાસ્ત્રો છે તે બધાનું બીજ વેદમાં રહ્યું છે. તે વેદોથી કોઈ અધિક નથી અને તે વેદ જ ધર્મનું મૂળ છે. ૪૨

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ સંતોને લોકકલ્યાણકારી ઉપદેશ કરવાની પદ્ધતિ શીખવી' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર સોળમું, તરંગ - ૬૯

ધીરજ, મનન અને નીતિમય વર્તનની શ્રીહરિએ વાત કહી

કેટલાક પ્રેમી સંતો શ્રીહરિની પૂજા કરવા માટે રતાંજળીના અને ચણોઠીના હાર લાવ્યા હતા. ૧. જેટલા સંતો હાર લાવ્યા હતા, તેને શ્રીહરિએ કંઠમાં ધાર્યા. કોઈએ સુંદર પ્રકારની ટોપીને મસ્તક ઉપર પહેરાવી અને કાનમાં કુંડળ ધારણ કરાવ્યાં. ૨. સુંદર કડાં અને બાજુબંધ બાંધ્યાં. પહોંચી બનાવીને પહેરાવી અને તોરા તૈયાર કર્યા. તેમજ ચણોઠીના ગુચ્છ તૈયાર કર્યા હતા, તે પહેરાવ્યા. ૩. કેટલાક સંતોએ છડી બનાવી હતી, કોઈએ છોગાં બનાવ્યાં હતાં. કેટલાઓએ પંખા કર્યા હતા, તે બધું શ્રીહરિએ સ્વીકાર્યું. ૪. કેટલાક સંતોએ ચણોઠીનો ખૂંપ(પરણવા જનારાની માથે લટકાવેલો ફૂલનો શણગાર) કર્યો હતો, તે શ્રીહરિને મસ્તકે ધરાવ્યો. શ્રીહરિ આ બધાં અલંકારોને ચાર ઘડી સુધી અંગ ઉપર રાખીને જેના જે બનાવેલા શણગાર હતા, તેને તે પ્રસાદીના પાછા આપ્યા. ૫.

કેટલાક સંતોએ ઉપર કહેલ પૂજાની વસ્તુ બનાવી ન હતી, છતાં લેવા આવ્યા. ત્યારે શ્રીહરિએ તેમને રોક્યા. જેણે જે પૂજાના પદાર્થ બનાવેલા હતા

તેને તે આપ્યા અને જેણે જે બનાવ્યા હતા તેણે તે લીધા. ૬. શ્રીહરિએ કહ્યું, 'મેં જે આ પ્રસાદીની વસ્તુ આપી છે, તેને મહિમાને લીધે પ્રસાદી જાણી કોઈ ભૂલથી પણ ખાશો નહીં. કેટલાક ભોળા એવા સંતો હોય છે કે કહ્યા વિના તેમને ખ્યાલ પડતો નથી. ૭. અમે આપેલી આ પ્રસાદીના દર્શનનું માહાત્મ્ય છે, ખાવાનું માહાત્મ્ય નથી. આવી તો ઘણી વાતો છે. તેમાં યથાયોગ્ય વિચાર કરવો જોઈએ. ૮.

✵ આશ્રય અને ધીરજની આવશ્યકતા :

चोपाई :

विचार बिन जितनो करे जाही, तितनो कलेश आवत ताही;
कलेश आये पिछे धिरज रखना, धीरज बिन नहि पार उतरना...०९
यह सब लोक रहायेउ एसा, समर्थ कु दुःख आवत तेसा;
धिरज रुप जहाज रहे तेहू, समर्थ दुःख उलंघत हे एहू...१०
धिरज सम समझ कोउ न रहाते, धिरज तितनेउ मरद कहाते;
धिरज नहि तेहि कछु न रहाये, धिरजता बहु सो बडि कहाये...११
क्षत्रिय कु जुद्ध होवे तामें, धिरज देखेमें आवत यामें;
संत ताकु साधुता तिनमें, धिरज देखे में आवत ईनमें...१२

વગર વિચાર્યે જે કોઈ પણ ક્રિયા કરવામાં આવે છે તેમાં તેટલો ક્લેશ થાય છે. ક્લેશ આવ્યા પછી તેમાં ધીરજ રાખવી જોઈએ. ધીરજ રાખ્યા સિવાય તે ક્લેશનો પાર આવતો નથી. ૯. આ દુનિયા જ એવી છે કે ઘણા સમર્થને પણ દુઃખ આવે છે. ધીરજરૂપ જહાજથી સમર્થ માણસો મોટા દુઃખને ઉલ્લંઘી જાય છે. ૧૦. ધીરજના જેવી કોઈ સમજણ નથી. જે જેટલી ધીરજ રાખે છે તે તેટલો મરદ કહેવાય છે. જેમાં ધીરજ નથી તેમાં કાંઈ જ નથી. માટે ધીરજતાને ઘણી મોટી કહી છે. ૧૧. ક્ષત્રિયને જ્યારે યુદ્ધનો પ્રસંગ આવે છે ત્યારે તેની ધીરજ દેખાઈ આવે છે અને સંતની ધીરજ સાધુતામાં દેખાઈ આવે છે. ૧૨. **હરિભક્તને તો ભગવાનનો આશરો મુખ્ય છે. તેથી દુઃખમાં પણ ધીરજ રહે છે. માટે આધિ, વ્યાધિ વગેરેમાં પણ ભગવદ્‌આશ્રિતે ક્યારેય ભગવાનના આશ્રયનો ત્યાગ કરવો નહીં. ૧૩.**

❋ મનનની મહત્તા :

સહુ સંતો રાતદિવસ જે રીતે સાધુતાની વાત સાંભળે છે તે રીતે તેનું મનન કરતા નથી. ૧૪. **મનન કર્યા વિનાનું શ્રવણ ક્યારેય પક્વ થાતું નથી. જિંદગીભર શ્રવણ કરે, પણ મનન ન કરે તો તે કરેલું શ્રવણ ખોવાઈ જાય છે. ૧૫.** જે કોઈ પણ વાત હોય છે, તેનું મનન જો ન કરવામાં આવે તો તેમાંથી એક પણ વાત ઠેરાતી નથી. જેમ દિવસ અને રાત ચાલ્યા જાય છે, તેમ શ્રવણ કરેલું બધું ચાલ્યું જાય છે. ૧૬.મનન કર્યા વિના સત્સંગ ક્યારેય વધતો નથી. રાતદિવસના શ્રવણ કરેલાનો પ્રસંગ પણ મનન કર્યા વગર ઘટી જાય છે. ૧૭. વ્યાવહારિક બાબત પણ મનન કર્યા વગર સફળ થાતી નથી. વાવેલા ખેતરને પણ વારે વારે નિંદી-પારવીને સાફ કરતા રહેવું પડે છે. ૧૮. ખેતરને સાફ રાખ્યા સિવાય અનાજ પાકતું નથી. તે જ રીત સત્સંગની છે. માટે મોક્ષની જેટલી વાત છે તેને સાંભળીને તેટલું તેનું મનન કરવું જોઈએ. ૧૯. **મનન વિનાની જેટલી મોક્ષસંબંધી વાતો સાંભળી હોય તોપણ તે ન સાંભળી હોય એવી થઈ જાય છે. અને જે નિયમો ધારણ કર્યા હોય છે, તે નિયમોનું મનન કરવામાં ન આવે તો તે નિયમ ધાર્યા ન ધાર્યા થઈ જાય છે.**

સંતો અને હરિભક્તો અમારાં વારંવાર ઘણાં દર્શન કરે છે, પણ જે જેટલું મનન કરતા નથી તેટલાં તેને કરેલાં દર્શન યાદ રહેતાં નથી. તે અમારાં દર્શનને યાદ રાખવા માટે તો અમે હુતાશની, રામનવમી, જન્માષ્ટમી, દશેરા, દિવાળી, અન્નકોટ અને વસંતપંચમીને યાદ કરીને વારંવાર ઉત્સવ કરતા રહીએ છીએ. ૨૦-૨૩. અમે જે દિવસથી સત્સંગમાં રહ્યા છીએ ત્યારથી ઉત્સવોને કરતા રહ્યા છીએ. અને કેટલાક ભીમ એકાદશીના ઉત્સવ પણ અમે કરીએ છીએ. ૨૪. તે ઉત્સવોમાં અમારી વિવિધ પ્રકારની અપરંપાર પૂજા થતી હોય છે અને કેટલાક યજ્ઞો તથા ચોરાશીને કરી છે. અને કેટલાંક વિપ્ર બાળકોને જનોઈ અપાવીએ છીએ. ૨૫. કેટલાક બ્રાહ્મણોને કન્યાદાન અપાવ્યાં છે, બ્રહ્મભોજન કરાવ્યાં છે અને કેટલાંક દાન પણ કરાવ્યાં છે. ૨૬. અમે મોક્ષસંબંધી વાત કેટલીય વાર કરતા રહીએ છીએ. તે બધું ભક્તોને યાદ રાખવા માટે કરીએ છે. તેમ અમારો સિદ્ધાંત છે. ૨૭.

મનન કર્યા સિવાય કોઈ બાબત સફળ થતી નથી. આ વાત અમે સિદ્ધાંતથી નક્કી કરી છે કે, **મનન કર્યા સિવાય કોઈ બાબતમાં વૃદ્ધિ થાતી નથી.** ૨૮. જે સંતો અને હરિભક્તો જેટલું મનન કરતા રહે છે તેટલું દિવસે દિવસે તેમનું સત્સંગનું અંગ વૃદ્ધિ પામે છે. ૨૯. પોતાના જીવમાં સત્સંગ જે રીતે વધારે વૃદ્ધિ પામે છે તે રીતે જે મનન કરતા રહે છે તેની દિનપ્રતિદિન સત્સંગમાં વૃદ્ધિ થાય છે. ૩૦.

જેની સત્સંગમાં વૃદ્ધિ થઈ હોય તેનું વર્તન છાનું રહેતું નથી. તે સહુ સંતો અને હરિભક્તોને જાણ્યામાં આવે છે. **જે સંતો તથા હરિભક્તો શુદ્ધ રહે છે તેમાં ભગવાન ગુપ્તપણે રહે છે.** ૩૧. અંતર્યામી પરમેશ્વર અંતઃસ્ફુરણા કરીને વર્તનને દેખાડી દે છે. વર્તન એ નિર્મળ કાચ જેવું છે. તેમાં એક તલ જેટલો પણ મેલ છૂપ્યો રહેતો નથી. ૩૨. નેત્ર અને કાન એ શુભ-અશુભ જ્ઞાનનાં દ્વાર છે. જે માણસ ચાહે તેવો બુદ્ધિમાન હોય તોપણ નેત્ર અને કાન ન હોય, તો પશુ કરતાં પણ તે નિરર્થક ગણાય છે. તેવો મનુષ્ય તો પૂતળા જેવો ગણાય છે. તેમાં તો ખાવું, પીવું, ચાલવું અને મળ-મૂત્રની ક્રિયા કરવી, તેટલું જ દૈવત હોય છે. માટે નેત્ર અને શ્રોત્ર હોવાથી મનુષ્યમાં વધારે દૈવત રહ્યું જણાય છે. ૩૩-૩૫.

ભગવાન અને સંત, તે બંને મુમુક્ષુ મનુષ્યનાં નેત્ર અને શ્રોત્ર છે. તે બે વિના તો ગાઢ અંધકાર રહે છે. તે સદ્‌બુદ્ધિવાળા મનુષ્યને દેખાઈ આવે છે. ૩૬. સૂર્ય, ચંદ્ર અને તારાથી મનુષ્યને જે સુખ થાય છે, તેના કરતાં પણ અધિક સુખ ભગવાન અને સંતરૂપી નેત્ર અને શ્રોત્રે કરીને થાય છે. તે બંને સિવાય કોઈ સુખી રહી શકતા નથી. ૩૭. પરસ્પર એકબીજાના આધારને લીધે અપાર સુખ દેખાય છે અને આધાર વિના લગાર પણ સુખ દેખાતું નથી. ૩૮. ભગવાન સૂર્ય છે, સંતો ચંદ્રમા છે અને બધા હરિભક્તો તારાઓ જેવા છે. તે ત્રણેયને લીધે જીવનમાં સુખ રહ્યું હોય છે. ૩૯. જે મનુષ્ય જેટલા નીતિમાં તત્પર થઈને ચાલે છે, તે સૌથી ઊંચા છે તેમ ખુદ ભગવાને કહ્યું છે. ૪૦. ભગવાનનું નીતિરૂપી સિંહાસન સૌથી વધારે ઊંચું છે અને તેના ઉપર સર્વોપરિ ભગવાન રહ્યા છે. માટે જ્યાં નીતિ છે ત્યાં ભગવાન રહે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'ધીરજ, મનન અને નીતિમય વર્તનની શ્રીહરિએ વાત કહી' એ નામે ઓગણસીત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર સોળમું, તરંગ - ૭૦

શ્રીહરિએ સંતોને શ્રવણ, મનન અને નિદિધ્યાસ વગેરેની રીત સમજાવી

શ્રીહરિએ સહુ સંતો પ્રત્યે વાત કરતાં કહ્યું કે, 'ચાર સાધનોમાં શ્રવણ મુખ્ય રહ્યું છે. ૧. મનન બીજું ગણાય છે. ત્રીજો નિદિધ્યાસ અને ચોથો સાક્ષાત્કાર છે. ૨. આ ચાર સાધનોમાં બીજાં અપાર સાધનો આવીને રહ્યાં છે. અને તે બધાં સાધનોમાં પણ આ ચાર સાધન મુખ્ય છે. ૩. શાસ્ત્રમાં બતાવેલી જેટલી નિષિદ્ધ વાતો છે, તેનું વારંવાર શ્રવણ કર્યા પછી મનન કરીને જે ત્યાગ કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરવો. ૪. **શાસ્ત્રમાં કહેલાં જે વિધિવાક્યો છે તે બધાં ગ્રહણ કરવા યોગ્ય છે અને તે આજ્ઞાવચનો જીવને માટે સુખ આપનારાં રહ્યાં છે. એવાં જે સુખકારી વચનો છે તેને જેટલાં ગ્રહણ કરવામાં આવે છે તેટલી તેને શાંતિ રહે છે. સુખકારી વચન નીરોગી છે અને તેમાં ઉદ્વેગ કે ભય રહેતો નથી. ૫-૬.**

જે મનુષ્ય સુખકારી વચન પ્રમાણે ચાલે છે તેને મોટા મોટા દેવો પણ પૂજતા રહે છે. આ બ્રહ્માંડમાં જે કાંઈ રિદ્ધિસિદ્ધિ કહેવાય છે, તે જે સુખકારી વચન પ્રમાણે ચાલે છે, તેમાં સહજ રીતે આવીને રહે છે. આ લોક અને પરલોકમાં જે કાંઈ સંપત્તિ કહેવાય છે, તે સુખકારી વચનમાં જે ચાલે છે તેને પરાણે આવીને પ્રાપ્ત થાય છે. ભગવાનના જે ભક્ત કહેવાય છે તેઓ ભગવાનના પ્રતાપથી બ્રહ્માંડની સંપત્તિને કાળના કોળિયા સમાન માને છે. જ્યારે મનનનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે મનનમાં બધી વાત આવીને રહે છે. ૭-૧૦.

☀ સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે :

चोपाई :

संत कहे तिमि करे जबही, अपार सुख को पावे तबही;
संत में लोभ देखत जावू, तिन करी मति दुषित होत तावू...११

संत के पीछे बचन जितने, अमृत से अधिक तोउ तितने;
हलाहल विष देखत रहाई, पान पीछे कबु करत न ताई...१२

જ્યારે સંતો જેમ કહે તેમ કરવામાં આવે તો અપાર સુખ મળે છે અને જે સંતોમાં લોભ દેખે છે તેની બુદ્ધિ દોષ દેખવાને લીધે દૂષિત થઈ જાય છે. ૧૧. બુદ્ધિ દૂષિત થયા પછી સંતનાં અમૃત કરતાં પણ ઉત્તમ વચન હોય છે, તેને હળાહળ ઝેર જેવાં દેખે છે. અને તે પછી તે વચનોનું પાન ક્યારેય કરતો નથી. ૧૨. જેમ જેમ સંતો તેને પ્રેમ આપે છે તેમ તેમ તે સંતોથી દૂર રહે છે અને પછી તે દૂષિત બુદ્ધિવાળો જે માણસ મળે તેને સંતોના દોષ સંભળાવે છે. ૧૩. જેને તાવ આવ્યો હોય તેને ઘણું સારું ભોજન પણ ઝેર જેવું લાગે છે અને તેનાથી મન ખુશ થતું નથી. ૧૪. તાવમાં દોષ દેખાય અને અન્નમાં દોષ ન દેખાય ત્યાં સુધી રોગ સાધ્ય રહ્યો છે અને ત્યાં સુધી ઔષધરૂપી ઉપાય લાગું પડે છે. તે રીતે સંતમાં દોષ ન દેખાય ને પોતાના સ્વભાવમાં જ દોષ દેખાય ત્યાં સુધી સંતનો ઉપદેશ લાગું પડે છે; ૧૫. પણ જેને વૈદ્ય, ઔષધ અને પથ્ય અન્ન મૃત્યુ સમાન લાગે છે તેને જો મનગમતું અન્ન આપવામાં આવે છે તો તેનો રોગ અસાધ્ય રહે છે. તેમ સંતનો ઉપદેશ જેને મૃત્યુ સમાન લાગે છે તેનો જન્મ-મરણ રોગ અસાધ્ય રહે છે. ૧૬. જે દર્દી વૈદ્ય, ઔષધ અને પથ્ય અન્નને અને જે મુમુક્ષુ સંત-ઉપદેશને અમૃત સમાન માને છે તેનો રોગ સાધ્ય ગણાય છે. પરિણામે તે સુખી થાય છે. ૧૭.

विधि बचन संत कहे जितना, अमृत सम लगे जिहाँ लग तितना;
तिहाँ लग साध्य मति तेहि रहेऊ, बढत रहत सत्संग में तेऊ...१८
निर्लोभ मति संत जो तामें, देखे आवत जिहाँ लग यामें;
तिहाँ लग जन की मति जितनी, दिन दिन अधिक बढत तितनी...१९

મનુષ્યને સંતોનાં આજ્ઞાવચનો જ્યાં સુધી અમૃત સમાન લાગે છે ત્યાં સુધી તેની બુદ્ધિ સાધ્ય રહે છે. અને તે સત્સંગમાર્ગમાં આગળ વધતો રહે છે. ૧૮. સંતો પ્રત્યે નિર્લોભપણાની બુદ્ધિ મનુષ્યને જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી તેની તે બુદ્ધિ સત્સંગમાં દિનપ્રતિદિન વધારે વધતી રહે છે. ૧૯. સંતોનું જે સદ્વર્તન છે તે ભગવાનનાં વચન પ્રમાણે રહ્યું છે. ભગવાનનું વચન પવન

જેવું છે અને જેવો પવન હોય છે તે પ્રમાણે સંતરૂપ ધજા ચાલે છે. ૨૦. **સંતનું વર્તન ધજા જેવું છે. તે શ્રીહરિનાં વચન પ્રમાણે ચાલે છે. ભગવાન તો સદાય નિર્દોષ છે અને અનંત ભક્તોને તે નિર્દોષ કરે છે. ૨૧.** ભગવાનને જે આવા સમજે છે તે સંતમાં કોઈ દોષ આવતા નથી. જેના ઉપર બીજો કોઈ ઉપરી રાજા ન હોય આવો જ્યારે સમર્થ રાજા થાય છે ત્યારે તે પોતાની જેવી મતિ હોય તે પ્રમાણે તે પોતાના પરમ ગમતાને મનાવે છે અને તે રીતે જ તે ધર્મશાસ્ત્રનું પૃથ્વી ઉપર સ્થાપન કરે છે. ૨૨-૨૩. પછી તે રાજાની રુચિ પ્રમાણે જેટલા નથી ચાલતા તેને રાજા ઘણું કષ્ટ આપે છે. અને તે વખતે તે રાજાની ઉપર દેશકાળનું કાંઈ બળ ચાલતું નથી. ૨૪.

ભગવાને બાંધેલી મર્યાદા પ્રમાણે જ્યાં સુધી રાજા ચાલે છે ત્યાં સુધી તેનો અનુપમ યશ થાય છે. ૨૫. **શ્રીહરિએ બાંધેલી મર્યાદા અને તેની મરજીને જે લોપે છે, તેની સમીપે રહેલા ભગવાન તરત તેના ઉપર કોપ કરે છે. ૨૬.** બ્રહ્માંડમાં અણુથી લઈને પ્રકૃતિપુરુષ અને અક્ષર સુધીના જેટલા જીવ રહ્યા છે તે બધાને ભગવાન દેખી રહ્યા છે અને તે સહુને ભૂમિની જેમ ક્ષમા આપતા રહે છે. જેમાં વધારે ક્ષમા હોય તે વધારે સમર્થ ગણાય છે. ૨૭-૨૮. **જેમાં જેટલી ક્ષમા રહી હોય છે તેટલા તે વધારે સમર્થ કહેવાય છે. ભૂમિ ઉપર અપાર પાપ થાય છે. તેનો નિર્ધાર કોણ કરે ? ૨૯. જે જેટલું સહન કરે છે તેટલી તેમાં મહાનતા રહી હોય છે.**

પૃથ્વી કરતાં જળ દસગણું વધારે રહ્યું છે, ૩૦. અને જળ કરતાં દસગણું વધારે તેજ છે. અને તેજ કરતાં દસગણો વાયુ કહેવાય છે. વાયુ કરતાં દસગણો આકાશ વિશાળ રહ્યો છે. ૩૧. તે પૃથ્વી આદિક સહુ એક એકથી દસગણાં વધારે સમર્થ રહ્યાં છે. આકાશથી દસગણો વધારે અહંકાર રહ્યો છે. ૩૨. અને અહંકારથી દસગણી માયા રહી છે. અને માયા કરતાં દસગણી વધારે મહામાયા રહી છે. અને જે મહામાયા છે તેથી જે અક્ષરધામ રહ્યું છે તે અનંતગણું અપાર છે. તે અક્ષરધામથી તો અપરંપાર ભગવાન પુરુષોત્તમ છે. તે સહુનો આધાર કહેવાય છે. ૩૩-૩૪.

ભગવાન પુરુષોત્તમમાં વધારે સામર્થ્ય હોવા છતાં તે કોઈ સામર્થ્ય દેખાડતા નથી. જેનાથી જે મોટા હોય તે અવશ્ય કામ વિના નિષ્પ્રયોજન પોતાનું સામર્થ્ય ક્યારેય દેખાડતા નથી. ૩૫. પોતામાં સામર્થ્ય હોવા છતાં તે સામર્થ્ય ક્યારેય ન દેખાડવું એ જ મોટાની મોટાઈ કહેવાય છે. ભરતખંડમાં મનુષ્યશરીર પામેલાને મનુષ્યજાતિ કહેવાય છે. ૩૬. નવખંડમાં જે ભરતખંડ રહ્યો છે તે મનુષ્યજાતિનો ઉદ્ધાર કરવા માટે ભગવાને રચ્યો છે. ૩૭. ભરતખંડ કલ્પતરુ અને ચિંતામણિ સમાન છે. તેના સમાન બીજો કોઈ ખંડ નથી. જે શ્વેતદ્વીપ કહેવાય છે તે તો ક્ષીરસાગરમાં રહ્યો છે. તે શ્વેતદ્વીપમાં બધા શ્વેતમુક્તો રહે છે અને તે બધા નિરન્ન રહીને તપ કરે છે. ૩૮-૩૯. અને જે બદરિકાશ્રમ છે તે હિમાલયમાં રહ્યો છે. શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમ, તે બંનેનો પ્રાકૃતપ્રલયમાં પણ નાશ થતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષોડશ પૂરમાં 'શ્રીહરિએ સંતોને શ્રવણ, મનન અને નિદિધ્યાસ વગેરેની રીત સમજાવી' એ નામે સીત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ષોડશ પૂર સંપૂર્ણ ॥૧૬॥

સંવત્ ૧૯૨૦ ના દ્વિતીય શ્રાવણ વદિ
જન્માષ્ટમી ને (તા.૫/૯/૧૮૬૩) શનિવારે
શ્રીહરિચરિત્રામૃતસાગરનું આ સોળમું પૂર પૂરું થયું છે.



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા
૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવમાહાત્મ્ય
૧૨. વિવેકચિંતામણિ
૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તનસહ ધ્યાન
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. કથામૃતમ્
- છપ્પનાવલી
- શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય
- ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત

૧૮. ભક્ત આખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- જોબન પગી - રૂડિયો રખડું
- મીણબાઈ - રાઈબા મા
- જાનબાઈ - સખુબાઈ
- શિવલાલ શેઠ અને ભગા દોશી

૧૯. સંત આખ્યાન(૧૨ સંતોના આખ્યાન)
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- મૂળજી બ્રહ્મચારી
- જેરામ બ્રહ્મચારી

૨૦. કીર્તન વિવેચન (૩૫ વિવેચનો)
- મારે ઘેર આવ્યા રે. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે...
- શ્રીજી બાવની...
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- કોઉ કામ ન આવે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે...
- ફગવા...
- પ્રભુ મને થાજે. . .
- શીલવંતા સાધુને. . .
- સંત સમાગમ કીજે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .

૨૧. નારાયણ અંગ ચિંતામણિ
૨૨. સવારનું ચિંતન (શિબિર ૭ થી ૨૧)

DVD

૧. સ્નેહગીતા
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. હરિસ્મૃતિ
૧૨. શિક્ષાપત્રી ભાષ્ય
૧૩. યુવાશિબિર
૧૪. ભાલદેશની લીલા
૧૫. કુંડળધામ દર્શન
૧૬. વિવેકશતક કથા
૧૭. મૂર્ખશતક કથા
૧૮. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૯. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૨૦. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૧. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૨. માધુરી મૂર્તિ-૧ *(કીર્તન દર્શન-૬)*
૨૩. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૪. શ્રીજીચાલીસા *(કીર્તન દર્શન-૯)*
૨૫. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૬. જોઈએ તારો પ્યાર *(કીર્તન દર્શન-૧૧)*
૨૭. ઘનશ્યામ ચાલ *(કીર્તન દર્શન-૧૨)*
૨૮. માધુરી મૂર્તિ-૨ *(કીર્તન દર્શન-૧૩)*
૨૯. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૩૦. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૩૧. શ્રીસ્વા.સત્સંગ શિબિર-૨૨, ૨૩
૩૨. સાગર કથા પૂર-૧ થી ૧૭

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. દાદા ખાચરના વિવાહ
૩. બુદ્ધિપ્રદીપ
૪. પંચરત્ન
૫. હરિસ્મરણ
૬. શ્રીમદ્‌ભાગવત

VCD

૧. મોક્ષનાં સાધનો
૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)
૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

हिन्दी प्रकाशन

१. टेलीफिल्म : केसर मियाँ VCD
२. टेलीफिल्म : शेख मियाँ DVD
३. टेलीफिल्म : डोसा ताई DVD
४. लाडला युवान (कीर्तन दर्शन-३)
५. हे नाथ ! (कीर्तन दर्शन-८)
६. घेर बेठा तीरथ भाग-३

USB AUDIO

પેનડ્રાઈવ USB 2.0 મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

ગુજરાતી પુસ્તક....

૧. **વચનામૃત** *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. શિક્ષાપત્રી
૧૬. હરિસ્મૃતિ
૧૭. હરિરસામૃત
૧૮. નિત્યનિયમ
૧૯. સંત આખ્યાન
૨૦. ભક્ત આખ્યાન
૨૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૨૨. સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીની મૂળવાતો
૨૩. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૨૪. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૨૫. સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામીની વાતો
૨૬. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ
૨૭. સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત
શ્રીહરિલીલામૃતગ્રંથ
૨૮. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત
લીલાચરિત્રની વાતો
૨૯. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૦. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૧. શ્રીપુરુષોત્તમલીલા
૩૨. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૩૩. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૪. સાગર સાર ભાગ : ૧ થી ૪

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી
વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ૨૨ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા “સત્સંગ સેવક” નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





સ્મૃતિ મંદિર, લક્ષ્મીવાડી-ગઢપુર



: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા
કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-29-1

